ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૬

મુઘલ કાલ

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન
અમદાવાદ-૩૮૦ ૦૦૯

સંશોધન ગ્રંથમાલા – ગ્રંથાંક ૭૫
શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૬

મુઘલ કાલ

સંપાદકો

રસિકલાલ છોટાલાલ પરીખ

અનુસ્નાતક અધ્યાપક, સંશોધન-માર્ગદર્શક અને નિવૃત્ત અધ્યક્ષ,
શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

અને

હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, એમ.એ., પીએચ.ડી.

અનુસ્નાતક અધ્યાપક, સંશોધન-માર્ગદર્શક અને અધ્યક્ષ,
શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

અમદાવાદ-૩૮૦ ૦૦૯

પ્રથમ સંસ્કરણ   વિ.સં. ૨૦૩૫   ઈ.સ. ૧૯૭૯

કિંમત રૂ. [redacted]

પ્રકાશક

હરિપ્રસાદ ગં. શાસ્ત્રી

અધ્યક્ષ

ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન

ર. છો. માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

મુદ્રક

કે૦ ભીખાલાલ ભાવસાર

શ્રી સ્વામીનારાયણ મુદ્રણ મંદિર

૬૧૨/૨૧, પુરુષોત્તમનગર,

નવા વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

પ્રસ્તાવના

ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસની ગ્રંથમાલાનો આ ગ્રંથ ૬ ઠ્ઠો મુઘલ કાલને લગતો છે.* ગુજરાતના ઇતિહાસમાં આ કાલ ઈ.સ. ૧૫૭૩ થી ૧૭૫૮ સુધીનાં ૧૮૫ વર્ષોના કાલને આવરી લે છે.

સલ્તનતની સરખામણીએ મુઘલાઈની હકૂમત દરમ્યાન ભારતમાં એકંદરે શાંતિ અને સમૃદ્ધિ વધી હતી. ગુજરાતમાં પણ એની સ્પષ્ટ અસર વરતાય છે, પરંતુ ગુજરાતની સલ્તનત સ્થપાતાં પહેલાં જેમ ગુજરાત પર દિલ્હીની સલ્તનતના નાઝિમોનો વહીવટ રહેલો તેમ ગુજરાતની સલ્તનત પછીના આ કાલ દરમ્યાન અહીં મુઘલ બાદશાહોના સૂબેદારોનો વહીવટ રહ્યો હતો. એમાં કેટલાક શાહજાદાઓ તથા ખંડિયા રાજાઓનો સમાવેશ થતો. ઔરંગઝેબના અવસાન પછી દિલ્હીમાં પાયતખ્ત માટે આંતરિક ઝઘડા થવા લાગ્યા ને ગુજરાતમાં મરાઠાઓનાં આક્રમણ થવા કર્યાં. એની શરૂઆત ઔરંગઝેબના અમલ દરમ્યાન શિવાજીએ સુરત પર કરેલી ચડાઈઓથી થઈ હતી. મરાઠા સરદારો અને પેશવાઓનાં સૈન્ય ધીમે ધીમે દક્ષિણ ગુજરાતથી માંડીને છેક સૌરાષ્ટ્ર સુધી પગપેસારો કરવા લાગ્યાં ને આખરે વડોદરામાં ગાયકવાડની સત્તા સ્થપાઈ. ૧૭૩૭ થી ૧૭૫૩ સુધી મુઘલોને ગુજરાતના વડા મથક અમદાવાદમાં મરાઠાઓનો સંયુક્ત વહીવટ સ્વીકારવાની ફરજ પડી. પછીનાં ત્રણેક વર્ષ તો ત્યાં મરાઠાઓની પૂરી સત્તા પ્રવર્તી. છેવટમાં ખંભાતના મોમીનખાન ૨ જાએ મુઘલ બાદશાહ વતી સત્તા હાંસલ કરી, પરંતુ એ પછી સવાદોઢ વર્ષમાં અહીં મુઘલ હકૂમતનો કાયમ માટે અંત આવ્યો ને ગુજરાતમાં મરાઠાઓની સળંગ સત્તા પ્રવર્તી.

આ કાલ દરમ્યાન ગુજરાતમાં પોર્ટુગીઝ વસાહતો ચાલુ રહી, પણ એમની સત્તાનાં વળતાં પાણી થયાં, પરંતુ વલંદાઓ અંગ્રેજો ફ્રેન્ચો અને ઑસ્ટ્રિયનોની

---

* બાબર અને એના વંશજોને ભારતના ઇતિહાસમાં મુઘલો તરીકે ઓળખવાનો રિવાજ છે. પરંતુ બાબરનો મુઘલો સાથેનો સંબંધ માતૃપક્ષે હતો. પિતૃપક્ષે તો એ તુર્ક જાતિના તીમૂરનો વંશજ હતો. એનું મૂળ નામ 'ઝહીર-ઉદ્-દીન મુહમ્મદ' હતું. વળી એ મોંગોલ-(મુઘલ) જાતિને ધિક્કારતો ને પોતાને તુર્ક તરીકે ઓળખાવવામાં ગૌરવ લેતો. આથી આ બાદશાહોને ખરી રીતે તુર્ક ગણવા જોઈએ. છતાં અહીં તેઓને મુઘલો તરીકે ઓળખાવ્યા છે તે ઇતિહાસમાં લાંબા કાલથી રૂઢ થયેલ પ્રચલિત પ્રથાને અનુસાર સમજવું.

પણ વસાહતો સ્થપાઈ. એ સહુમાં છેવટે અંગ્રેજો ફાવ્યા. મુઘલ બાદશાહ જહાંગીર તરફથી તેઓને વેપાર અને વસવાટની છૂટ ગુજરાતમાં મળી હતી. આ કાલ દરમ્યાન બંદર તરીકે સુરતની પડતી થઈ ને અંગ્રેજોએ એને બદલે મુંબઈને બંદર તરીકે વિકસાવવા માંડ્યું.

આ ગ્રંથના ખંડ ૧ : પ્રાસ્તાવિકમાં ફારસી–અરબી તવારીખો, ફારસી–અરબી અભિલેખો અને સિક્કા, હિંદુ–જૈન સાહિત્ય, સંસ્કૃત–ગુજરાતી અભિલેખો, ખતપત્રો અને ફરમાનો, પુરાવસ્તુકીય સાધનો—એ વિવિધ સાધન-સામગ્રીનો સામાન્ય પરિચય આપવામાં આવ્યો છે.

ખંડ ૨ રાજકીય ઇતિહાસને લગતો છે. એમાં પહેલાં ગુજરાત સાથેના મુઘલ બાદશાહોના પૂર્વસંપર્કોનો તથા ગુજરાતમાં થયેલી મુઘલાઈની સ્થાપનાનો ખ્યાલ આપીને, બાદશાહ અકબરથી માંડીને બાદશાહ આલમગીર ૨ જાના રાજ્યઅમલનો વૃત્તાંત નિરૂપાયો છે.

આ કાલ દરમ્યાન કચ્છ સૌરાષ્ટ્ર અને તળ-ગુજરાતમાં અનેક સમકાલીન રાજ્ય થયાં. એના રાજવંશોનો વૃત્તાંત પ્રકરણ ૫ માં આપવામાં આવ્યો છે. એમાં જાડેજા ઝાલા પરમારો ગૂહિલો ખીચી ચોહાણો અને સોલંકીઓની અનેક સમાંતર શાખાઓ પ્રવર્તી. જૂનાગઢ રાધનપુર પાલનપુર અને ખંભાતમાં નવાબી વંશ સ્થપાયા. વિદેશી વસાહતો અને મરાઠી સત્તાનો વૃત્તાંત આ પ્રકરણનાં પરિશિષ્ટોમાં અપાયો છે.

ગુજરાતનાં સૂબા સરકારો પરગણાં બંદરો નગરો અને ગામોનો વહીવટ મુઘલાઈમાં કેવી રીતે થતો એનો વિગતવાર પરિચય રાજ્યતંત્રના પ્રકરણમાં અપાયો છે. એના પરિશિષ્ટમાં કરેલું ગુજરાતની ટંકશાળોમાં પડાયેલા સિક્કાઓનું નિરૂપણ સિક્કાશાસ્ત્ર તથા રાજકીય ઇતિહાસ માટે મહત્ત્વનું છે.

સાંસ્કૃતિક ઇતિહાસને લગતા ખંડ ૩ માં મુઘલકાલીન ગુજરાતનાં સામાજિક સ્થિતિ, આર્થિક સ્થિતિ, ભાષા અને સાહિત્ય, લિપિ અને ધર્મસંપ્રદાયોનું નિરૂપણ કરાયું છે. એમાં સુરતના બંદર વિશે એક પરિશિષ્ટ આપવામાં આવ્યું છે. મુઘલાઈમાં અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરીનું કુટુંબ મહત્ત્વનું સ્થાન ધરાવતું હતું. ભાષાઓમાં ફારસી ભાષા રાજ્યવહીવટની ભાષા તરીકે હિંદુઓમાં પણ લોકપ્રિય નીવડી અને મધ્યકાલીન ગુજરાતી ભાષા એની અર્વાચીન ભાષાભૂમિ સુધી આવી પહોંચે છે. ગુજરાતમાં વિપુલ સાહિત્ય સર્જાયું. એમાં અખો પ્રેમાનંદ અને શામળનાં પ્રદાન અગ્રિમ સ્થાન ધરાવે છે. ફારસી સાહિત્યમાં હિંદુ તથા પારસી લેખકોએ પણ *ગણનાપાત્ર ફાળો આપ્યો. ઉર્દૂ સાહિત્યમાં*

વળી ગુજરાતીએ આપેલો ફાળો ગુજરાતે ગૌરવ લેવા જેવો છે. નાગરી લિપિમાં-થી હવે ગુજરાતી લિપિ ઘડાઈ. ફારસી શિલાલેખોમાં નસ્તાલીક શૈલીનો વપરાશ વધ્યો. ધર્મસંપ્રદાયોમાં પુષ્ટિમાર્ગ લોકપ્રિય થયો. વહોરાઓમાં સુલેમાની અને દાઉદી નામે પેટા ફિરકા પડયા. પારસી વસાહતોમાં નવસારી ઉપરાંત સુરતનું મહત્ત્વ વધ્યું. પારસીઓનો આતશ બહેરામ નવસારીથી ઉદવાડા ખસેડાયો. ગુજરાતના કેટલાક પારસીઓ હવે મુંબઈ જઈ ત્યાં પણ વસ્યા.

મુઘલકાલીન વસતિ-સ્તરોનું વ્યવસ્થિત ઉત્ખનન ભાગ્યેજ થયું છે, પરંતુ ઇમારતોનું અધ્યયન સારું થયું છે. નગરોમાં અમદાવાદ પાટણ અને સુરતનો વિકાસ થયો. સૌરાષ્ટ્રમાં ભાવનગર વસાવાયું. ગુજરાતમાં ગણનાપાત્ર બાગ-બગીચા અને જળાશયોનો ઉમેરો થયો.

દેવાલયોમાં ખંભાત કાવી શત્રુંજય પાટણ શંખેશ્વર કુંભારિયા નારાયણ-સરોવર દ્વારકા શામળાજી અમદાવાદ વગેરે સ્થળોએ સુંદર મંદિર બંધાયાં. અમદાવાદ સિદ્ધપુર સુરત વગેરે સ્થળોએ કેટલીક સુંદર ઇસ્લામી ઇમારતો બંધાઈ. શિલ્પકૃતિઓમાં પાષાણ ધાતુ તથા કાષ્ઠની કેટલીક સુંદર શિલ્પકૃતિઓ ઘડાઈ. એમાં જાળીકામના કેટલાક નમૂના કલાત્મક છે. ચિત્રકલામાં લઘુચિત્રોની પ્રાદેશિક કલાશૈલી વિકસતી રહી ને ક્યારેક ભિત્તિચિત્રોની કલા પણ પ્રગટતી રહી.

પ્રકરણોના અંતે યુરોપીય પ્રવાસીઓએ કરેલી ગુજરાતની નોંધોને લગતું પરિશિષ્ટ આપવામાં આવ્યું છે. પ્રકરણો પછી વંશાવળીઓ સંદર્ભસૂચિ અને શબ્દસૂચિ આપવામાં આવી છે.

આમ આ ગ્રંથમાં અગાઉના ગ્રંથોની આયોજના અનુસાર પ્રસ્તુત કાલના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસનાં વિવિધ પાસાં નિરૂપવામાં આવ્યાં છે.

૧૯૬૮ માં આ ગ્રંથમાલાના લેખન-સંપાદનનું કાર્ય શરૂ થયું ને દસેક વર્ષમાં એના પહેલા ૭ ગ્રંથ પ્રકાશિત થયા. આ દરમ્યાન અમને પહેલેથી ગુજરાત રાજ્ય સરકાર તરફથી ખર્ચના ૭૫ ટકા જેટલા અનુદાનની આર્થિક સહાય તેમજ ગુજરાતના ઇતિહાસના અનેક તજ્જ્ઞો તરફથી પ્રમાણિત લેખનની વિદ્યાકીય સહાય મળતી રહી છે. આ યોજનાની સફળતાનો યશ ઘણે અંશે એ સહુને ફાળે જાય છે.

અહીં એક બાબતની નોંધ લેવી જરૂરી લાગે છે. પ્રાચીન કાલની સરખામણીએ મધ્યકાલના ઇતિહાસના તજ્જ્ઞોની સંખ્યા ઘણી ઓછી છે. ભારતના મધ્યકાલના ઇતિહાસના અધ્યાપક ઘણા છે, પરંતુ જેઓને ભારતના અને એમાં વિશેષતઃ ગુજરાતના મધ્યકાલીન રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસનાં વિવિધ

પાસાંનાં મૂળ સાધનોનો સીધો અભ્યાસ થયેલો હોય તેવા વિદ્વાનોની ઘણી ખોટ સાલે છે. આવી ખોટ અર્વાચીન કાલના પ્રાદેશિક ઇતિહાસ માટે પણ વરતાશે એવો અમને ભય છે. કદાચ અરબી-ફારસી સાધનસામગ્રીનો સીધો પરિચય ધરાવનાર સંશોધકો કરતાંય પોર્ટુગીઝ-ડચ-ફ્રેન્ચ સાધનસામગ્રીનો પરિચય ધરાવનાર સંશોધકોની સંખ્યા જૂજ હશે. મૂળ સાધનોનાં અધ્યયન-સંશોધનમાં મધ્યકાલના તથા અર્વાચીન કાલના ઇતિહાસ અંગે વિશેષ પ્રેરણા પ્રોત્સાહન અને તાલીમ આપવામાં આવે એ અત્યંત આવશ્યક છે.

અહીં દસકાના અમારા સંપાદન-પ્રકાશન કાર્યના અનુભવમાંથી ફલિત થતા બીજા એેએક મુદ્દાઓની નોંધ લઈએ તો એ અસ્થાને નહિ ગણાય. ગુજરાતના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસની જેઓને સીધી જાણકારી થયેલી હોય તેવા વિદ્વાન આંગળીને વેઢે ગણાય તેટલા છે. તેઓ પૈકી કેટલાક વિદ્વાનોનો અમને હંમેશાં સક્રિય સહકાર મળતો રહ્યો છે. થોડાક વિદ્વાનોએ અન્ય રોકાણો વગેરેને લઈને પહેલેથી સહકાર આપવાની અશક્તિ દર્શાવી છે. પરંતુ કેટલાક સુહૃદ વિદ્વાનોને પોતાની અભિરુચિના વિષયોને લગતાં લખાણ તૈયાર કરતાં નિયત સમયમર્યાદાના કરતાં એટલો બધો વિલંબ થાય છે કે એનાથી તે તે ગ્રંથનું મુદ્રણ ખોરંભે પડે છે, એટલું જ નહિ, છેલ્લી ઘડીએ મળેલાં લખાણોના સંપાદન માટે પણ પૂરતો સમય રહેતો નથી. આ યોજના ગુજરાતની પ્રજા માટે ઘણી ઉપયોગી હોઈ તે તે વિષયના વિદ્વાનો એમાં અમને સક્રિય સહકાર આપે અને એ સહકાર સમયસર આપતા રહે તો આ ગ્રંથોના લેખનની ગુણવત્તા તથા પ્રકાશનની સમયસરતા જાળવવી શક્ય બને. આખો ગ્રંથ કોઈ એક વિદ્વાનના હાથે લખાય તેને બદલે વિવિધ વિષયોના અનેક તજ્જ્ઞોના સમૂહથી તૈયાર થાય તો એનાં વિવિધ પાસાંના નિરૂપણમાં અધિક ગુણવત્તા આવે છે. એ આ ગ્રંથમાલાની આયોજનામાં રહેલી વિશિષ્ટ દૃષ્ટિ છે.

અમારી બીજી મુશ્કેલી વહીવટી તંત્રની નીતિ તથા અટપટી પ્રક્રિયાને લગતી છે. છાપવાના કાગળ તથા આર્ટપેપર મુદ્રણાલય બ્લૉક બાઇન્ડિંગ વગેરેની પસંદગીમાં બધું સરકારી તંત્રને અધીન રહી કરવાનું હોઈ પ્રકાશક તરીકે અમારે આ સર્વની ગુણવત્તા અંગે ઘણી વાર ટીકાને પાત્ર થવું પડે છે. વળી છાપવાના કાગળ, મુદ્રણનાં ભાવપત્રક, નકશાઓના પ્રકાશનની મંજૂરી, બ્લૉક બનાવરાવવાની કામગીરી, વેચાણ કિંમતની આકારણી વગેરેને લગતી વહીવટી મંજૂરી મેળવતાં નહિ ધારેલો વિલંબ થયા કરે છે અને ગ્રંથમાલાના ગ્રંથોના

પ્રકાશનમાં થતા વિલંબ માટે સરકારને અમને તથા વાચકોને વસવસો રહ્યા કરે છે. રાજ્ય સરકારનું વહીવટી તંત્ર વહીવટી પ્રક્રિયા સરળ કરે તો એમાંનો ઘણો વિલંબ નિવારી શકાય. વસ્તુતઃ લેખન તથા પ્રકાશનમાં થતો વિલંબ અમારા હાથ બહારનાં પરિબળોને લીધે થતો હોય છે, છતાં અગાઉ જણાવ્યા મુજબ આ ગ્રંથમાલાની યોજનાની સફળતાનો યશ મુખ્યત્વે સરકારી અનુદાનને તથા વિદ્વાનોના સહકારને ફાળે જાય છે.

આ ગ્રંથના સંપાદન-કાર્યમાં તથા વંશાવળીઓ તૈયાર કરવામાં અમને ડૉ. પ્ર. ચિ. પરીખનો સતત સક્રિય સહકાર સાંપડ્યો છે. પ્રૂફવાચનમાં અધ્યાપક કે. કા. શાસ્ત્રીએ સતત સક્રિય સાથ આપ્યો છે. સંદર્ભસૂચિ તથા શબ્દસૂચિ કરવામાં ડૉ. ભારતીબહેન શેલતે ઘણી જહેમત લીધી છે. અમારા આ સર્વ સહ-કાર્યકરોની સેવાની અહીં સાભાર નોંધ લઈએ છીએ.

ગ્રંથના અંતે નકશા, આલેખો તથા વાસ્તુકલા શિલ્પકલા અને ચિત્રકલાની નમૂનેદાર કૃતિઓના ફોટોગ્રાફ આપવામાં આવ્યા છે, જેથી એને લગતાં પ્રકરણોનું લખાણ સમજવામાં સરળતા રહે. આ ચિત્રો માટેના ફોટોગ્રાફ તથા બ્લૉક જે સંસ્થાઓ તથા વ્યક્તિઓ તરફથી મળ્યા છે તે સહુનો અન્યત્ર ઋણ-સ્વીકાર કર્યો છે. વળી એ ચિત્રોના પ્રકાશનની પરવાનગી આપવા માટે અમે એ સર્વ સંસ્થાઓ તથા વ્યક્તિઓના સૌજન્યની અહીં કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઈએ છીએ.

અનેક તજ્જ્ઞ વિદ્વાનોના સમૂહ વડે લખાયેલો મુઘલ કાલને લગતો આ ગ્રંથ ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના અભ્યાસીઓને આ ગ્રંથ-માલાના અગાઉના ગ્રંથોની જેમ ઉપયોગી નીવડશે અને રાજ્ય સરકારના માતબર અનુદાનને લઈને ઘણી ઓછી કિંમતે મળતા આ દળદાર સચિત્ર ગ્રંથને ગુજરાતના ઇતિહાસમાં રસ ધરાવતી સર્વ સંસ્થાઓ તથા વ્યક્તિઓ ઉમંગભેર ખરીદીને આ ગ્રંથમાલાને સક્રિય પ્રોત્સાહન આપશે એવી આશા રાખીએ છીએ.

ભો. જે. વિદ્યાભવન
ર. છો. માર્ગ
અમદાવાદ
તા. ૩૦-૧૨-૧૯૭૮

રસિકલાલ છો. પરીખ
હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
સંપાદકો

અનુક્રમણી

પ્રસ્તાવના ૫
અનુક્રમણી ૧૦
નકશા અને ચિત્રોની સૂચિ ૧૭
ઋણસ્વીકાર ૧૮
સંક્ષેપસૂચિ ૧૯
મહત્ત્વની શુદ્ધિઓ ૨૧

ખંડ ૧

વાસ્તવિક

પ્રકરણ ૧

સાધન-સામગ્રી

૧ ફારસી–અરબી તવારીખો ૧
લે. રસિકલાલ છોટાલાલ પરીખ, એમ.એ., પીએચ.ડી.
અધ્યાપક, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

૨ ફારસી–અરબી અભિલેખો અને સિક્કા ૬
લે. ઝિયાઉદ્દીન અબ્દુલહૈ દેસાઈ, એમ.એ., ડી.લિટ.
સુપરિન્ટેન્ડિંગ એપિગ્રાફિસ્ટ ફોર અરેબિક ઍન્ડ પર્શિયન
ઇન્સ્ક્રિપ્શન્સ, આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, નાગપુર

૩ હિંદુ–જૈન સાહિત્ય ૧૧
લે. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા, એમ.એ., પીએચ.ડી.
નિવૃત્ત નિયામક, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા

૪ સંસ્કૃત–ગુજરાતી અભિલેખો ૧૯

૫ ખતપત્રો અને ફરમાનો ૨૨

૬ પુરાવસ્તુકીય સાધનો ૨૫
લે. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, એમ.એ., પીએચ.ડી.
અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

ખંડ ૨

રાજકીય ઇતિહાસ

પ્રકરણ ૨

મુઘલ બાદશાહોનો પૂર્વ સંપર્ક અને ગુજરાતમાં મુઘલાઈની સ્થાપના

લે. રસેશકાંત ગો. પરીખ, એમ.એ., પીએચ.ડી.
ઇતિહાસના રીડર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

બાબર અને ગુજરાત	૩૩
હુમાયૂંની ગુજરાત પર ચડાઈ	૩૪
અકબરની ગુજરાત પર પહેલી ચડાઈ	૩૬
બીજી ચડાઈ અને હકૂમતની દૃઢ સ્થાપના	૪૦

પ્રકરણ ૩

અકબરથી ઔરંગઝેબ

લે. રસેશકાંત ગો. પરીખ, એમ.એ., પીએચ.ડી.

૧ અકબરનો રાજ્ય-અમલ	૪૩
૨ જહાંગીરનો રાજ્ય-અમલ	૫૧
૩ શાહજહાંનો રાજ્ય-અમલ	૬૦
૪ ઔરંગઝેબનો રાજ્ય-અમલ	૬૯

પ્રકરણ ૪

મુઘલ હકૂમતની પડતી અને એનો અંત

લે. રસેશકાંત ગો. પરીખ, એમ.એ. પીએચ.ડી.

શાહઆલમ (૧ લો)–બહાદુરશાહનો રાજ્ય-અમલ	૮૯
જહાંદરશાહનો રાજ્ય-અમલ	૯૦
ફર્રુખસિયરનો રાજ્ય-અમલ	૯૧
રફી ઉદ્–દરજાતનો રાજ્ય-અમલ	૯૬
રફી–ઉદ્–દૌલા ઉર્ફે શાહજહાં ૨ જાનો રાજ્ય-અમલ	૯૭
મુહમ્મદશાહનો રાજ્ય-અમલ	—
અહમદશાહનો રાજ્ય-અમલ	૧૧૨
આલમગીર ૩ જાનો રાજ્ય-અમલ	૧૧૩

પ્રકરણ ૫

સમકાલીન રાજ્યો

લે. કેશવરામ કાશીરામ શાસ્ત્રી, વિદ્યાવાચસ્પતિ, મહામહિમોપાધ્યાય
માનાર્હ અધ્યાપક, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ
અને માનાર્હ અધ્યક્ષ, ગુ. સં. મંડળ, ગુજરાત શાખા, અમદાવાદ

૧ જાડેજા વંશ	૧૧૭	૯ ખીચી ચૌહાણ વંશ	૧૪૫
૨ જેઠવા વંશ	૧૨૬	૧૦ સોલંકી વંશ	૧૪૭
૩ ઝાલા વંશ	૧૨૭	૧૧ ધરમપુરના સિસોદિયા	૧૪૮
૪ પરમાર વંશ	૧૩૨	૧૨ પાટડીના કણબી દેસાઈ	૧૪૯
૫ ગૂહિલ વંશ	૧૩૫	૧૩ બાબી વંશ	
૬ ઓખામંડળનો વાઢેર વંશ	૧૩૮	૧૪ માંગરોળ(સોરઠ)ના કાઝી શેખ	૧૫૪
૭ જસદણનો ખાચર-કાઠી વંશ	૧૪૦	૧૫ પાલણપુરનો હેતાણી વંશ	
૮ ઈડરનો રાઠોડ વંશ		૧૬ ખંભાતનો નવાબી વંશ	૧૫૭

પરિશિષ્ટ ૧

ગુજરાતમાં વિદેશી વસાહતો

લે. સુમનાબહેન શશિકાંત શાહ, એમ.એ., પીએચ.ડી.
ઇતિહાસના અધ્યાપક, શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ
કૉમર્સ, અમદાવાદ

૧ પોર્ટુગીઝ વસાહતો	૧૬૮
૨ વલંદા (ડચ) વસાહતો	
૩ અંગ્રેજ વસાહતો	૧૭૦
૪ ફ્રેંચ વસાહતો	૧૭૪
૫ ઑસ્ટ્રિયન વસાહતો	૧૭૫

પરિશિષ્ટ ૨

ગુજરાતમાં મરાઠી સત્તાનો પ્રારંભ અને પ્રસાર ૧૭૬

લે. રમેશકાંત ગો. પરીખ, એમ.એ., પીએચ.ડી.

પ્રકરણ ૬

રાજ્યતંત્ર

લે. રમેશકાંત ગો. પરીખ, એમ.એ., પીએચ.ડી.

મુઘલ રાજ્યનું સ્વરૂપ	૧૯૨	પ્રાંતોમાં લશ્કરી સંગઠન	૨૦૨
ગુજરાત સૂબો અને એના પેટાવિભાગ	૧૯૩	જમીન-મહેસૂલ-વ્યવસ્થા	૨૦૩
પ્રાંતના અધિકારીઓ	૧૯૩	કાયદો અને ન્યાય	૨૦૭
સરકારનું વહીવટી તંત્ર	૧૯૭	ટપાલ	૨૧૧
પરગણું અને એના અધિકારીઓ	૧૯૮	દુષ્કાળ-વીમો અને	
અન્ય વહીવટી એકમો		ગરીબ માટે સહાય	

પરિશિષ્ટ

ગુજરાતની ટંકશાળોમાં પડાયેલા સિક્કા

લે. ઝિયાઉદ્દીન અબ્દુલ્લે દેસાઈ, એમ.એ., ડી.લિટ.

૧ અમદાવાદ	૨૧૪	૭ પ્રભાસ પાટણ	૨૩૪
૨ પાટણ	૨૨૩	૮ જામનગર	
૩ માલપુર	૨૨૪	૯ જેતપુર	૨૩૫
૪ સુરત	૨૨૫	૧૦ ભરૂચ	૨૩૬
૫ ખંભાત	૨૨૯	૧૧ વડોદરા	૨૩૭
૬ જૂનાગઢ	૨૩૨	૧૨ ઇતર ટંકશાળો	

ખંડ ૩

સાંસ્કૃતિક ઇતિહાસ

પ્રકરણ ૭

સામાજિક સ્થિતિ

(૧) હિંદુ સમાજ

લે. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા, એમ.એ., પીએચ.ડી.

(૨) મુસ્લિમ સમાજ

લે. શાંતિલાલ મંજુલાલ મહેતા, એમ.એ., એલએલ.બી.
અધ્યાપક, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ, રાજકોટ

પ્રકરણ ૮

આર્થિક સ્થિતિ ૨૬૩

લે. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા, એમ.એ., પીએચ.ડી.

પરિશિષ્ટ

સુરતનું બંદર ૨૭૮

લે. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, એમ.એ., પીએચ.ડી.

પ્રકરણ ૯

ભાષા અને સાહિત્ય

૧ ભાષા

સંસ્કૃત ૨૮૫

૨ સાહિત્ય

(અ) સંસ્કૃત–પ્રાકૃત ૨૮૭

લે. અંબાલાલ પ્રેમચંદ શાહ, વ્યાકરણતીર્થ
નિવૃત્ત સંયુક્ત પ્રધાન સંપાદક, લાલભાઈ દલપતભાઈ ગ્રંથમાલા,
લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ

૧ ભાષા

ફારસી ૨૮૫

૨ સાહિત્ય

(બ) અરબી, ફારસી અને ઉર્દૂ ૩૧૯

લે. છોટુભાઈ રણછોડજી નાયક, એમ.એ., પીએચ.ડી.

૧ ભાષા

મધ્યકાલીન ગુજરાતી કિંવા ગુર્જર ભાખા ૨૮૬

૨ સાહિત્ય

(ક) ગુજરાતી ૩૦૪

જૂની ગુજરાતીનું જૈન સાહિત્ય ૩૧૬

પુરવણી (સંસ્કૃત) ૩૩૪

લે. કેશવરામ કા. શાસ્ત્રી, વિદ્યાવાચસ્પતિ, મહામહિમોપાધ્યાય

પ્રકરણ ૧૦

લિપિ

૧. નાગરી લિપિ ૩૩૬

૨ ગુજરાતી લિપિ ૩૩૯

લે. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ, એમ.એ., પીએચ.ડી.

૩ અરબી લિપિ અને એની સુલેખન-શૈલીઓ ૩૪૮

લે. ઝિયાઉદ્દીન અબ્દુલ્હે દેસાઈ, એમ.એ., ડી.લિટ્.

પ્રકરણ ૧૧

ધર્મ-સંપ્રદાયો

૧ હિંદુ-જૈન ૩૬૧

(૧) **લે. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા**, એમ.એ., પીએચ.ડી.

૨ ઇસ્લામ ૩૭૭

(૨) **લે. શાંતિલાલ મણિલાલ મહેતા**, એમ.એ., એલએલ.બી.

૩ જરથોસ્તી ધર્મ ૩૮૫

(૩) **લે. ચિનુભાઈ જગન્નાથ નાયક**, એમ.એ., પીએચ.ડી.
ઉપાચાર્ય અને ભારતીય સંસ્કૃતિ વિભાગના વડા,
હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ખંડ ૪

પુરાવસ્તુ

પ્રકરણ ૧૨

સ્થળ-તપાસ અને ઉત્ખનન દ્વારા મળેલી માહિતી ૩૯૭

લે. રમણલાલ નાગરજી મહેતા, એમ.એ., પીએચ.ડી.
અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઑફ આર્કિયોલોજી એન્ડ એન્શ્યન્ટ હિસ્ટરી, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ,
મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા

પ્રકરણ ૧૩
સ્થાપત્યકીય સ્મારકો

૧ નાગરિક સ્થાપત્ય ૩૯૯

લે. પ્રભુભાઈ નાનાલાલ ભટ્ટ, એમ.એ., પીએચ.ડી.

અધ્યાપક, સ્કૂલ ઑફ આર્કિટેક્ચર, અમદાવાદ

પુરવણી ૪૧૨

લે. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ, એમ.એ., પીએચ.ડી.

૨. દેવાલયો ૪૨૧

લે. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, એમ.એ., પીએચ.ડી.

૩. ઇસ્લામી સ્થાપત્ય ૪૪૩

લે. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ, એમ.એ., પીએચ.ડી.

પ્રકરણ ૧૪
શિલ્પકૃતિઓ

લે. કિરીટકુમાર જેઠાલાલ દવે, એમ.એ., એલએલ.બી.

રજિસ્ટરિંગ ઑફિસર (એન્ટિક્વિટીઝ), પુરાતત્ત્વ ખાતું,

ગુજરાત રાજ્ય, અમદાવાદ વર્તુળ

લક્ષણો ૪૬૨

૧. હિંદુ-જૈન પાષાણ-શિલ્પો ૪૬૫

૨. હિંદુ-જૈન ધાતુ-શિલ્પો ૪૭૧

૩. હિંદુ-જૈન કાષ્ઠ-શિલ્પો ૪૭૪

૪. પથ્થર અને કાષ્ઠનું જાળીકામ ૪૭૯

૫. મુસ્લિમ રૂપાંકનો ૪૮૦

પ્રકરણ ૧૫
ચિત્રકલા

લે. ચિનુભાઈ જગન્નાથ નાયક, એમ.એ., પીએચ.ડી.

૧ લઘુચિત્રો ૪૮૩

૨ ભિત્તિચિત્રો ૪૯૧

પરિશિષ્ટ

યુરોપીય પ્રવાસીઓએ કરેલી નોંધો ૪૯૫

લે. રમેશકાંત ગો. પરીખ, એમ.એ., પીએચ.ડી.

વંશાવળીઓ ૫૦૭

સંદર્ભસૂચિ ૫૨૩

શબ્દસૂચિ ૫૪૫

નકશા અને ચિત્રો

નકશા

૧. મુઘલકાલીન ગુજરાત (રાજકીય)

૨. પુરાતત્ત્વ અંગેનાં સ્થળ

ચિત્રો

પટ્ટ	આકૃતિ	વિગત
૧	૧	નાગરી લિપિ
૨	૨	ગુજરાતી લિપિ
૩	૩અ	નાગરી સ્વરચિહ્નો અને સંયુક્ત વ્યંજનો
	૩આ	ગુજરાતી સ્વરચિહ્નો અને સંયુક્ત વ્યંજનો
૪	૪	અરબી લિપિની સુલેખન શૈલીનો નમૂનો
૫	૫–૬	અરબી લિપિની સુલેખન શૈલીઓના નમૂના
૬	૧૯	લાલ દરવાજો, સુરત
	૨૫	અમદાવાદની અમૃતવર્ષિણી વાવનું તલમાન
૭	૭–૧૬	મુઘલકાલીન સિક્કા
૮	૧૭	ખાન સરોવર, પાટણ (મોરી)
	૧૮	માંડવાના કૂવાનો પ્લૅન
૯	૨૦	ત્રણ દરવાજા, ખંભાત
	૨૪	વલંદા કબરો, અમદાવાદ
૧૦	૨૧	શાહીબાગમાંનો મહેલ, અમદાવાદ (અગ્રદર્શન)
	૨૨	શાહીબાગ મહેલ (પૃષ્ઠદર્શન)
૧૧	૨૩	આઝમખાનની સરાઈ, અમદાવાદ
૧૨	૨૬	શત્રુંજય પરનું મંદિરનગર
૧૩	૨૭	શત્રુંજયનું આદીશ્વર મંદિર
૧૪	૨૮	સોમનાથનું ખંડેર મંદિર, પ્રભાસપાટણ
૧૫	૨૯	દ્વારકાધીશનું મંદિર, દ્વારકા
૧૬	૩૦	બહુચરાજીનું મંદિર, બહુચરાજી
૧૭	૩૧	શામળાજીના ગદાધરમંદિરનું તલદર્શન
૧૮	૩૨	અબૂ તુરાબનો મકબરો, અમદાવાદ
૧૯	૩૩	શેખ વજીહુદ્દીનનો મકબરો, અમદાવાદ
૨૦	૩૪	જામી મસ્જિદ, સિદ્ધપુર

પટ્ટ	આકૃતિ	વિગત
૨૧	૩૫	સરદારખાનની મસ્જિદ, અમદાવાદ
૨૨	૩૬	શુજાતખાનની મસ્જિદ અને મકબરાનું તલમાન
૨૩	૩૭	નાના એદુસનો મકબરો, અમદાવાદ
	૩૮	બંગાળી શૈલીની બે દરગાહો, અમદાવાદ
૨૪	૩૯–૪૦	ગદાધર મંદિરની બે શિલ્પ-પટ્ટિકાઓ, શામળાજી
૨૫	૪૧	દશભુજ ગણેશ, નીલકંઠ મહાદેવ, અમદાવાદ
૨૬	૪૨	ત્રિવિક્રમ, ગોરોલ
	૪૩	લક્ષ્મી, ખંભાત
	૪૪	મહિષમર્દિની, ખંભાત
૨૭	૪૫–૪૭	લાલજી, વેણુગોપાલ અને રાધાકૃષ્ણ, અમદાવાદ
૨૮	૪૮	સહસ્રફેણા પાર્શ્વનાથ, સાબલી
	૪૯	મહાવીરસ્વામી, અમદાવાદ
૨૯	૫૦	વિમલનાથ (પંચતીર્થી પ્રતિમા), અમદાવાદ
૩૦	૫૧	ચામરધારી પુરુષ (વડોદરા મ્યુઝિયમ)
	૫૨	દીપલક્ષ્મી (,, ,,)
	૫૩	ચામરધારિણી સ્ત્રી (,, ,,)
૩૧	૫૪	સૌરાષ્ટ્રનો હાબંડો, નેશનલ મ્યુઝિયમ, દિલ્હી
૩૨	૫૫	પાટણના વાડી પાર્શ્વનાથ મંદિરના કાષ્ઠમંડપનું તોરણ
૩૩	૫૬	ગંધર્વ અને સુરસુંદરીઓ, અમદાવાદ
૩૪	૫૭	આઈના મહેલની જાળી, ભૂજ
૩૫	૫૮	અલીખાન કાજીની મસ્જિદની જાળી, અમદાવાદ
૩૬	૫૯	જહાંગીરના સમયનું વિજ્ઞપ્તિપત્ર પરનું ચિત્ર નં. ૧
૩૭	૬૦	,, ,, ,, પરનું ચિત્ર નં. ૨
૩૮	૬૧	વરાહ અવતારનું ચિત્ર

ઋણસ્વીકાર

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ, પુરાભિલેખ શાખા, નાગપુર,	આકૃતિ ૪થી ૬	ફોટોગ્રાફ
ડૉ. જે. પી. અમીન, ખંભાત	આકૃતિ ૨૦	ફોટોગ્રાફ
મ. સ. યુનિવર્સિટી. વડોદરા	આકૃતિ ૩૧	ફોટોગ્રાફ
વડોદરા મ્યુઝિયમ, વડોદરા	આકૃતિ ૫૧–૫૩	ફોટોગ્રાફ

આ ગ્રંથમાં પ્રકાશિત થયેલાં ચિત્રો પૈકી, ભારત સરકારના તથા ગુજરાત રાજ્ય સરકારના પુરાતત્ત્વ ખાતાએ પોતપોતાનાં રક્ષિત સ્મારકોને તથા નોંધેલી શિલ્પકૃતિઓને લગતાં ચિત્રો પ્રકાશિત કરવાની મંજૂરી આપી છે તે માટે અમે તે તે ખાતાના સૌજન્યની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઈએ છીએ.

સંક્ષેપસૂચિ

કા.સ.સં.	કાઠિયાવાડ સર્વસંગ્રહ
ગૂ.પા.	ગૂજરાતનું પાટનગર : અમદાવાદ
ભા.રા.મં.	ભારત રાજ્યમંડલ
AANG	Architectural Antiquities of North Gujarat
ARADN	Annual Report of the Archaeological Department of H.E.H. Nizam's Dominions
ARIE	Annual Report on Indian Epigraphy
BBMPG	Bulletin of the Baroda Museum & Picture Gallery
BMC	Catalogue of Indian Coins in the British Museum, London
EIAPS	Epigraphia Indica, Arabic and Persian Supplement
EIM	Epigraphia Indo-Moslemica
HG	History of Gujarat
JBBRAS	Journal of the Bombay Branch of the Royal Asiatic Society
JGRS	Journal of the Gujarat Research Society
JNSI	Journal of the Numismatic Society of India
LMC	Catalogue of Coins in the Provincial Museum, Lucknow

MAA	Muslim Architecture of Ahmedabad
MBAC	Catalogue of Coins of Mughal Emperors in the Department of Archaeology, Maharashtra State, Bombay
MMA	Muslim Monuments of Ahmedabad-through their Inscriptions
MTWI	Mandelslo's Travels in Western India
NC	Numismatic Chronicle
NMC	Catalogue of Coins in the Central Museum, Nagpur
NS	Numismatic Supplement
PMC	Catalogue of Coins in the Punjab Museum, Lahore
SYTAA	Some Years' Travels into Africa and Asia, the Great.
TPDV	The Travels of Pietro Della Valle
WCG	Wood Carving of Gujarat

મહત્ત્વની શુદ્ધિઓ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૨૫	અબૂલ ફઝૂલનું	અબુલ ફઝલનું
૬	૨૦	ફરૂંખસિયર	ફરુંખસિયર
૭	૨	મંજપુર	મુંજપુર
	૭	વિસરાવા	વસરાવી
	૧૭	સૂબેદાર સફીખાન	દીવાન સાફીખાન
૮	૧૬	મળે છે.[૨૬]	મળે છે.
૧૧	૮	ફરૂખાંસયર	ફરુંખસિયર
૧૩	૫	સૂરીએ	સૂરિએ
૧૪	૧૫	પદ્મસુંદરે	પદ્મસાગરે
૧૫	૨૧	કાવ્યાશ્રય	કાવ્યમય
૧૬	૨૩	ગ્રામના નગરના	ગ્રામ—નગરના
૧૭	૨૯	"ઇન્દ્રદૂત"	"ઇન્દુદૂત"
૧૮	૨૭	આનકુશલે	માનકુશલે
૨૪	૧૭	કરતું અને	કરતું
૨૫	૧૮	અલીલાબાદ	ખલીલાબાદ
૨૭	૬	India	Indian
	૭, ૧૭	E	C
	૮, ૧૦, ૧૩	D	C
	૧૬	(EIAPS)	(EIAPS),1965,
	૨૦	1969-68	1967–68
[illegible]	૨૧	1954-65	1964–65
	૨૨	89	87
	૨૩	ARIE,	ARIE, 1956–57
	૨૪	1969–70	1959–60
૩૦	૧૨	૩૭૯૫	૩૬૯૫
	૧૯	૩૮૭	૪૮૭
	૨૨	૩૦	306
	૨૫	171	117
૩૧	૩૧	XIXમાંનું	XIX. Plate XXI માંનું

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૧ ૪૨	૨૭] ૨]	Baylay	Bayley
	૩	Trans.	Ed.
૪૫	૨૮	દમાંમદ	મદદમાં
૪૮	૨૬	જસાજી	જસોજી
૫૦	૨૨	૧૬૦૦	૧૫૯૯
૫૮	૮	ડેહલા વેલ	ડેલા વાલે
૫૯	૨૩	જિત–	જીત–
૬૧	૧	તુર	તૂર
૭૪	૧૮–૧૯	પ્રગટાવવામાં... ..કરાવ્યો હતો	લાકડાં ઉપાડી જવા અને અપશબ્દો બોલવા મના ફરમાવી હતી.
૭૮	૧૯	સુરતના સૂબા	સુરતના મુત્સદ્દી
૮૫	૨૮	Vol. III	Vol. I
૯૫	૨	કરાવી	અમલ
૯૭	૪	૧૧૭૯	૧૭૧૯
૧૦૧	૩	૧૩૨૩	૧૭૨૩
૧૧૯	૧	પ્રાગજીમલ	પ્રાગમલજી
	૪	સૂતરુ	સૂતરું
૧૨૦	૧૬	ભાઈ	પુત્ર
	૨૧	સત્રસાલના	અજોજીના
૧૨૨	૩	મુહમ્મખાન	મુહમ્મદખાન
	૩૦	ભાણજીનો	ભાણજીને
૧૨૩	૩	હળધોળજી	હરધોળજી
૧૨૪	૨૬	મહોરામણજી	મહેરામણજી
૧૨૮	૧૯	રાજસિંહજી	ગજસિંહજી
૧૨૯	૨૦	અજોજી	રાજોજી
૧૩૨	૧૨	ભગરંતરાય	ભગવંતરાય
૧૩૭	૩	પાલીતાણાના	ગારિયાધાર (પાલીતાણા)ના
	૨૨	અમર–	અર્જુન–
૧૩૮	૫	એનો પુત્ર	(૨૬ કરો.)
૧૩૯	૨૧	સાંગણજી પછી	સાંગણજી પછી એનો પુત્ર સંગ્રામજી અને એના પછી એનો પુત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૪૧	૨૨	૧૬૭૫	૧૬૫૭
	૩૦	૧૬૮૫	૧૬૫૮
૧૪૫	૨૬	બીજા પુત્ર	મોટા પૌત્ર
૧૪૬	૮	પુત્ર	પૌત્ર
	૧૮	ગંભિરસિંહ	ગંગદાસ
	૨૭	કુમાર	પૌત્ર
	૩૧	સંગરામસિંહ	સંગ રામસિંહ
૧૪૮	૧૮	૩ જે	૨ જે
	૩૧	૧૭૭૧	૧૭૧૧
૧૪૯	૩૦	પુત્ર	પૌત્ર
૧૫૨	૨૩	બ્યંબકરાવ	ત્ર્યંબકરાવ
૧૫૫	૨૬, ૨૯, ૩૦	મુઝાહીતખાન	મુજાહિદખાન
૧૫૬	૫, ૬, ૯		
૧૫૭	૧૩	જવાંમર્દખાન ઉર્ફે	જવાંમર્દખાનના પુત્ર
૧૬૨	૨૩	પુત્રશ્રી જસવંતનું શાસન	કુમારશ્રી જસવંતનો નિર્દેશ છે.
	૨૪	આમ છતાં	(૨૬ કરો.)
૧૬૩	૨૬	ટાંકી	ઢાંકી
૧૬૪	૩	કોંઢાના	કોંઢના
	૩૧	અદાજીએ	અદોજીએ
૧૬૬	૧૩	૯	૮
૧૬૮	૩	હુમાયુંની	હુમાયૂંની
	૭	ફ્રાંસિસ્કન	ફ્રાંસિસ્કન
૧૬૯	૧૭	કરી	કરાઈ
૧૭૦	૪	હર્બર્ટે	હર્બર્ટે
૧૭૧	૨	હાકિન્સે	હૉકિન્સે
૧૭૨	૧૦,૧૩	ફ્રાયરે	ફ્રાયરે
૧૭૩	૩૧	પરિસ્થિતિ	એ પરિસ્થિતિમાં
૧૭૪	૩	સામે	નામે
૧૭૫	૪	ઓસ્ટેડ	ઓસ્ટ્રિયન
	૬, ૮	ઓરસ્ટેડ	ઓરસ્ટેન્ડ
૧૮૨	૧૨	અભયસિંના	અભયસિંહના
૧૮૪	૨૧	ટૂક	ટૂંક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૯૧	૬	Aitchision	Aitchison
૧૯૫	૨૦	પેશકર	પેશકાર
૨૧૨	૨૨	Roger	Rogers
૨૧૫	૧	મુઅજ્જમ	મુઅઝ્ઝમ
	૨૫	जलालोद्द	जलालोद्दु
૨૧૬	૧	ગાજી	ગાઝી
૨૧૭	૨૬	गाजी	गाज़ी
૨૧૮	૨૨	કક	કર્ક
૨૧૯	૧૩	निथार	निथार અથવા निसार
	૧૯	ખાની	રવાની
૨૨૦	૧૧	गाजी	गाज़ी
૨૨૨	૧૫	ज़ीनतु*	ज़ीनतु*
	૧૭	રફી ઉદ્દવલા	રફી ઉદ્-દૌલા
૨૨૩	૪, ૭	બીદર	બેદાર
	૯	सिक्का अे	सिक्क अे
૨૨૪	૧૭	પાદણના	પાટણના તાંબાના
	૨૧	जर्ब	ज़र्ब
૨૩૩	૨૫	રફી ઉદ્દવલા	રફી ઉદ્-દૌલા
૨૩૬	૧૮	सिक्का ए	सिक्क ए
	૧૯	मुबारके...गाजी	मुबारके...गाज़ी
૨૩૮	૧૮	शहे	शह्र
૨૩૯	૧૯	आजुर्मे	आज़ुर्मे
૨૪૦	૧૪	કેટેલોગેમાં	કેટલોગમાં
	૩૦	Memoires	Memoirs
૨૪૧	૫	अल्लाहा	अल्लाहो
	૧૬	I, p. 45	L, p. 49
૨૪૩	૭	એના	એવા
૨૪૫	૧૮	લેવાના	લેવાતા
૨૪૬	૧૭	ધેરાતખાનને	ધેરતખાનને
૨૪૯	૧૭	કરે છે.	કરે છે.૧૭
૨૫૦	૨૯	છબિલરામ	છબીલારામ
૨૫૨	૧૩	જગશ્રુતિમાં	જનશ્રુતિમાં
૨૬૦	૧૯	કુંદ	કુંદા

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૬૧	૧૧	૧૬૯૭	૧૬૯૯
૨૬૭	૧૧	તેમાં તો	તે ઞાં તો
	૨૬	એવી	એ
૨૬૯	૧૧	સસય	સમય
૨૮૧	૩	અનેરૂ પેરી	અને રૂપેરી
૨૮૬	૨૫	જેવાં	જેવાં)
૨૮૯	૧૦	કીર્તિકિલ્લોલિની	કીર્તિકલ્લોલિની
૨૯૦	૨૬	પોષણુ	પૌષધ
૨૯૧	૨૫	સખ્યમ્	સૌખ્યમ્
૨૯૨	૩૦	રામયણુ	રામાયણુ
૨૯૩	૧૦	ભક્તામક્ષર	ભક્તામર
	૨૪	પળી	વળી
૨૯૫	૧૪	આખ્યાત્મકલ્પતા	આખ્યાત્મકલ્પલતા
૨૯૮	૪	'સોમ ભાવના'… 'શાંત–	'સોળ ભાવના'… 'શાંતિ–
	૨૦	કલ્પદુમ	કલ્પદ્રુમ
૩૦૧	૧૨	૧૬૬૬	૧૬૬૧
૩૦૪	૧	ગુજરાતી[૪૪]	ગુજરાતી[૪૩અ]
૩૦૭ ૩૧૨	૨૮ ૨૪ ૨૭	બભ્રૂવાહન	બભ્રુવાહન
૩૧૩	૫	ઓતિહાસિક	ઐતિહાસિક
૩૨૦	૨૬	કુશાયસાનામા	કુર્શાયસનામા
૩૨૧	૧	મહમદનગર	અહમદનગર
	૧૬	તખ્લ્લુસ	તખલ્લુસ
	૨૨	કસીદ	કસીદા
૩૨૩	૧૮	હોમઝ	હોરમઝ
૩૨૫	૧	મુહમ્મદશાહ બીજાના	મુહમ્મદશાહના
૩૨૬	૮	લખલી	લખેલી
	૧૭	આલમનના… દુનિયત	આલમના.. કુનિયત
૩૩૦	૯	જકાત(કમાણી)ની	જકાતની
૩૩૨	૨૧	જિનચંદ્રસૂરિ	જિનદત્તસૂરિ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૩૩	૨૧–૨૨ની વચ્ચે	—	૪૩ જુઓ અં. પ્રે. શાહ, 'जैन साहित्यका बृहद् इतिहास', पृ. १८१.
	૨૨	૪૩	૪૩અ
૩૩૫	૧૧	દ્રાવ્ય	દ્રવ્ય
	૧૨	અંગ	અંગે
૩૩૬	૧૯	સામે	સાથે
૩૪૩	૧૦	ઈની	ઇની
	૨૪	ખ નો ઉચ્ચાર 'ષ'	ષ નો ઉચ્ચાર 'ખ'
૩૪૬	૩	ઘડતર	ઘડતરમાં
૩૪૭	૧	તરીકે છેડે	તરીકે
૩૪૮	૧૩	વગરનો	વગેરેનો
૩૫૦	૨૧	'બિસ્મિલ્લા'	'બિસ્મિલ્લાહ'
૩૫૧	૨૯	નીશાપુરીની...નઝીરીની	મહાન...નઝીરી નીશાપુરીની
૩૫૭	૯	ઊર	ઉપર
	૧૪	તરફ પડે	તરફ પ્રતિબિંબ પડે
	૨૨	૧૪	૩૪
૩૫૯	૧૨	*Epigrphia*	*Epigraphia*
	૧૩	b, e.	b, c.
	૨૭	XXVI e	XXVI c
૩૬૩	૧૦	ચુંવાળમાં	ચૂંવાળમાં
	૩૧	કવન તેમ	કવન
૩૬૪	૨	૧૫૮૪	૧૭૦૦
૩૬૬	૧૮	મુઘલાઈથી	મુઘલાઈની
૩૬૮	૧૯	આબુ,	આબુ
	૨૪	મંદિર[૩૪ ૩૫]	મંદિર[૩૪]
૩૬૯	૨૬	સમકાલીન અને	સમકાલીન
૩૭૦	૨૭	સ્થળો એ	સ્થળોએ
૩૭૯	૨૧	મની	માની
૩૮૨	૧૮	ઇબાદતખાનની	ઇબાદતખાનાની
૩૮૩	૨૭	અમદાવાદ	અમદાવાદમાં
૩૮૪	૧૮	પોતાના	પોતાનો
	૨૫	કુજ્જાતને	કુજ્જાતના
૩૯૩	૧૫	૫૯	૫૦
	૨૧	જે	જેથી
૩૯૫	૧૯	Farmans... Gujarat	*Mughal Farmans in Gujarat*

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૦૧	૨૬	મુસાફરો	મુસાફરોએ
૪૦૨	૨૬	બાહેધરી	બાંહેધરી
૪૦૭	૧	ખલિલાબાદ	ખલીલાબાદ
	૧૦	પ્રાંતીજ	પ્રાંતિજ
૪૧૦	૨	૧૫	૧.૫
	૩૦	પથથિયાં	પગથિયાં
૪૧૩	૧	એનો	એમનો
	૯	શહેરપનાહ	શહેરપનાહ
૪૧૪	૧૦	સારી....છે	હમણાં સુધી સારી..હતો.
	૨૦	ઘદ્રુસ	એદ્રુસ
	૨૧	છે.[૨૬]	છે.[૨૮]
૪૧૬	૫	વિક્રમાજિત	વિક્રમજિત
	૮	પ્રસિદ્ધ	પ્રસિદ્ધિ
૪૧૭	૨૩	ચાર–ચાર	એક–એક...
		...કરેલા	...કરેલો
૪૨૦	૧૭	સ્મારક	સ્મારકો
૪૨૨	૧૯, ૨૧	ફૂટ	ફૂટ
૪૨૪	૨૫	અમદાવાવાદમાં	અમદાવાદમાં
૪૩૨	૯	ભારિયા	ભા-ટિયા
	૧૬	શેરાના	શેરે
૪૩૪	૨૫	હતો.	હતો (આ. ૨૮).
૪૩૮	૧૦	દેવકીજી અને	દેવકીજીની,
	૨૯	ઝીલતુ	ઝીલતા
૪૪૨	૧૩	કરાવેલી	કરાવેલો
૪૪૪	૨૯	મક્કરપુરા	મકરપુરા
૪૪૭	૧૮	એ ઈ. સ.	ઈ. સ.
	૩૦	એ ઊંચું	ઊંચું
૪૪૮	૧૨	પીરાન	પીરાન પીરની
૪૫૧	૧	સુજાતખાન	શુજાતખાન
૪૫૨	૧૩	૧૬૯૦	૧૬૯૯
૪૫૬	૨૧,૨૨	પટેલ,	પટેલ, ઉપર્યુક્ત,
૪૫૭	૪	A. S. Gadre..of	Yazdani & Gyani..from
૪૫૮	૧૭	Temple..and	Temples...near
	૧૯	સંગ્રહ	સંગ્રહ
	૨૮	Kacchh	Kachh

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૬૦	૨૩	Muslim	Muhammadan
૪૬૨	૨૧	વિસંગનાઓ	વિસંગતતાઓ
૪૬૩	૧	પાનાકાર	પર્ણાકાર
૪૬૫	૨	માર્દવના	માર્દવ
૪૬૭	૧૪	જાડેલા	જોડેલા
	૧૮	આં આ...બીજા	આ......બીજા–
૪૬૯	૨૪	ભ્રમર	ભમર
૪૭૦	૨૩	શ્રી વિનયદેવસૂરિજીએ	શ્રી વિજયદેવસૂરિજીએ
૪૭૧	૬	પ્રતિમા	ધાતુપ્રતિમા
૪૭૨	૨૭	વડોદરા મ્યુઝિયમમાં	ખંભાતના ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરમાં
૪૭૩	૯	છે (આ. ૫૨).	છે.
	૨૮	રાખેલા છે	રાખેલા છે (આ. ૫૨).
૪૭૪	૨૨	પોળનું	પોળના
૪૭૮	૧૧	એટો	મેટ્ટા
	૧૪	તીથ	તીર્થ
	૨૯	ચણુતરા	ચબૂતરા
૪૮૧	૭	જેવું	જેવાં
	૧૯	Cultural	Art
૪૮૨	૧૭	*BBMPC*	*BBMPG*
	૧૮	*BCC*	*BCG*
	૨૬	pl.	p.
	૩૨	*ECG*	*WCG*
૪૮૬	૧૧	મોકલાયેલા	મોકલાવેલા
	૨૮	પેતાના	પોતાના
૪૮૮	૧૮	ર્મન	નૉર્મન
૪૯૧	૧૬	પ્રતો	સચિત્ર પ્રતો
૫૦૧	૮	અણે	એણે
	૨૩	બાદમે	બાદ મે
૫૦૨	૧૦	એરબૉસ	એમ્બ્રૉસ
૫૦૫	૨૧	Churchil	Churchill
૫૦૬	૧૯	નામે	માં

ખંડ ૧

પ્રાસ્તાવિક

પ્રકરણ ૧

સાધન-સામગ્રી

૧. ફારસી–અરબી તવારીખો

મુઘલ સમ્રાટ અકબરે ગુજરાત જીત્યું (ઈ.સ. ૧૫૭૩) ત્યારથી લગભગ ૧૮૫ વર્ષ સુધી ગુજરાત મુઘલોના તાબામાં રહ્યું. આ ગાળા દરમ્યાન તેઓ પોતાના સૂબેદારો મારફતે ગુજરાતનો વહીવટ ચલાવતા રહ્યા.

મુઘલ કાલમાં ફારસી રાજભાષા હતી. રાજ્ય તરફથી ફારસી ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ માટે ખાસ ઉત્તેજન અપાતું હતું. મુઘલ સમ્રાટો, સૂબેદારો અને અમીરો ફારસી ભાષાના વિદ્વાનોના આશ્રયદાતા હતા. આવા આશ્રિત વિદ્વાનોમાં ઇતિહાસ-લેખકોને સ્થાન મળ્યું હતું. ઉપરાંત કેટલાક સ્વતંત્ર ઇતિહાસ-લેખક પણ હતા, જેમને મુઘલો તરફથી પ્રોત્સાહન મળતું રહેતું. આથી આ કાલ દરમ્યાન મુસ્લિમ અને હિંદુ ઇતિહાસ-લેખકોએ મોટી સંખ્યામાં ઇતિહાસગ્રંથ લખ્યા છે. આમાંના ઘણાખરા ગ્રંથ પ્રસ્તુત કાલના ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ માટે વત્તેઓછે અંશે ઉપયોગી થાય છે.[૧]

અકબરના સમયમાં લખાયેલ અબુલફઝૂલ-કૃત 'અકબરનામહ', અબ્દુલકાદિર બદાઊની(મૃ. ઈ.સ. ૧૫૯૬)–કૃત 'મુન્તખબુત્ તવારીખ' અને ખ્વાજા નિઝામુદ્દીન અહમદ હરવી–કૃત 'તબકાતે અકબરી' મુખ્ય છે.

'અકબરનામહ'માં ઘટનાઓની વિગતો સાલવાર આપી છે. એમાં બાબર અને હુમાયૂં વિશેના વિગતવાર અહેવાલમાં ગુજરાત અંગે વિસ્તૃત માહિતી આવે છે,

જ્યારે એ પછીના ભાગમાં ગુજરાત અંગેની પ્રસંગોપાત્ત માહિતી આવતી રહે છે. લેખકે આમાં ગુજરાત અંગેની કેટલીક માહિતી ગુજરાતમાં રહી આવેલા લોકો પાસેથી એકત્ર કરી હોવાનું જણાય છે. આ ગ્રંથની સાલવારી વિશ્વસનીય છે; જોકે ગ્રંથમાં અકબર પ્રત્યે ખુશામતભરી ભાષા પ્રયોજી છે અને કેટલેક સ્થાને અત્યુક્તિ પણ કરેલી છે.

'મુન્તખબુત્ તવારીખ'નો લેખક મુલ્લાં અબ્દુલ્ કાદિર બદાઊની અકબરનો સમકાલીન હતો. ત્રણ ભાગોમાં લખાયેલી એની આ તવારીખમાં ગઝનવી વંશથી માંડીને ઈ.સ. ૧૫૯૫–૯૬ સુધીનો ઇતિહાસ છે. અબુલફઝલના અકબરનામહ'માં, અકબરની શેહ અને ખુશામતને કારણે જે કેટલીક હકીકતો દબાઈ ગઈ તેને આ તવારીખમાં પ્રકાશમાં લાવવાનો સ્તુત્ય પ્રયત્ન થયો છે. સંભવતઃ આ કારણે આ ગ્રંથ જહાંગીરના સમયમાં જાહેરમાં મૂકવામાં આવ્યો હતો. આ ગ્રંથના ત્રીજા ભાગમાં ગુજરાત વિશે રસપ્રદ માહિતી છે.

'તબકાતે અકબરી' હિંદના સળંગ ઇતિહાસોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ ગ્રંથમાં ઈ.સ. ૧૫૯૪ સુધીનો સૂબાવાર ઇતિહાસ અપાયો છે. એમાં ગુજરાતનો સળંગ ઇતિહાસ પણ સમાવેશ પામ્યો છે. તબકાતનો લેખક નિઝામુદ્દીન અહમદ હરવી ઈ.સ. ૧૫૮૫ થી ઈ.સ. ૧૫૮૯–૯૦ દરમ્યાન ગુજરાતના સૂબાનો બક્ષી હતો. મુઘલ કાલમાં બક્ષીની જગ્યાનું ઘણું મહત્ત્વ હતું. બક્ષીગીરીને લઈને એનામાં બનાવોની નોંધ કરવાની પદ્ધતિ ઇતિહાસ-લેખકોને શોભે તેવી આવી હતી. એણે આપેલ માહિતી ઘણી ઝીણવટભરી અને વિશ્વસનીય છે. લેખકે ગ્રંથલેખનમાં ખરી હકીકતો રજૂ કરવામાં કાળજી લીધી છે અને એ માટે એ રાગદ્વેષથી પર પણ રહ્યો છે. 'મિરાતે સિકંદરી' જેવી તવારીખોમાં પણ ઉપલબ્ધ ન હોય તેવી કેટલીક માહિતી એણે આપી છે, જેની ઉપેક્ષા થઈ શકે એમ નથી. પ્રસ્તુત કાલના ઇતિહાસમાં અકબરના સમયની કેટલીક વિશિષ્ટ માહિતી માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી છે.

મીર અબૂ તુરાબવલી(મૃ. ઈ.સ. ૧૫૯૪–૯૫)એ લખેલ 'તારીખે ગુજરાત'માં ઈ.સ. ૧૫૮૩ સુધીનો ગુજરાતનો ઇતિહાસ આલેખાયેલો છે, જેમાં છેવટના ભાગમાં અકબરના સમયની ગુજરાતની ઘટનાઓનું નિરૂપણ ઉપયોગી થાય એમ છે.

અબ્દુલબકી નેહાવદી–રચિત 'મઆસિરે રહીમી' અબ્દુર્રહીમ ખાનેખાનાન(મૃ. ઈ.સ. ૧૬૨૭)નું જીવનવૃત્તાંત ધરાવે છે. ઈ.સ. ૧૬૧૬માં લખેલા આ ગ્રંથમાં લેખકે એના આશ્રયદાતા અબ્દુર્રહીમ સાથે સંકળાયેલી બધી વિગતો

ઝીણવટથી આપી છે, અકબરે કરેલી ગુજરાત પરની ચડાઈઓમાં અબ્દુર્રહીમ હાજર હતો અને ચડાઈમાં તો એ સિપેહસાલાર પણ હતો. વળી એ ગુજરાતમાં સૂબેદાર તરીકે પણ રહ્યો હતો. એની સૂબેદારીની અને એણે ગુજરાતની બજાવેલી ઉત્તમ સેવાઓની નોંધ 'મઆસિરે રહીમી'માંથી મળે છે.

મુહમ્મદ કાસિમ ફિરિશ્તાએ એનો ગ્રંથ 'તારીખે ફિરિશ્તા' જહાંગીરના સમયમાં ઈ.સ. ૧૬૧૧ માં પૂરો કર્યો હતો. એમાં ઈ.સ. ૧૫૮૩ સુધીનો ગુજરાતનો સળંગ ઇતિહાસ આપ્યો છે; જોકે લેખકે કેટલીક પ્રાસંગિક માહિતી છેક ઈ.સ. ૧૬૧૧ સુધીની આપી છે.

જહાંગીરના સમયની માહિતી જહાંગીરની પોતાની આત્મકથા 'તુઝૂકે જહાંગીરી'માં મળે છે. એમાં જહાંગીરે પોતે લીધેલી ગુજરાતની મુલાકાત અને ગુજરાત અંગેના અનુભવોનું રસપ્રદ બયાન કર્યું છે, જે સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ ઘણું ઉપયોગી છે.

મુહમ્મદ હાદીએ 'તતિમ્મએ વાકેઆતે જહાંગીરી' લખી હતી, જેમાં એણે 'તુઝૂકે જહાંગીરી'માં વર્ણવેલા બનાવો પછીના બનાવોનું નિરૂપણ કર્યું છે. એમાં ગુજરાતને લગતા છૂટાછવાયા ઉલ્લેખો મળે છે. વળી છે. મૌ'તમદખાનની 'ઇકબાલનામ-એ જહાંગીર' અને કામગારખાનની 'મઆસીરે જહાંગીરી'માં પણ પ્રસંગોપાત્ત ગુજરાતના ઉલ્લેખો આવે છે. 'મઆસીરે જહાંગીરી' શાહજહાંના આદેશથી લખાયેલો જહાંગીરના સમયનો પૂરો ઇતિહાસ છે; જોકે એમાં છેક ઈ.સ. ૧૬૩૦-૩૧ સુધીની કેટલીક માહિતી મળે છે.

શાહજહાંના સમયનો ઈ.સ. ૧૬૫૪ સુધીનો વિગતવાર ઇતિહાસ અબ્દુલ્‌ હમિદ લોહારીએ લખેલા 'બાદશાહનામહ'માં મળે છે. આ ગ્રંથમાં ઈ.સ. ૧૬૩૦ માં ગુજરાતમાં પડેલા મહાદુકાળનું વર્ણન અને ઔરંગઝેબના ગુજરાતની સુબાગીરી દરમ્યાન બનેલા બનાવોનું વર્ણન વિશેષ અગત્યનાં છે. શાહજહાંના કાલના ઇતિહાસ માટે મુહમ્મદ સલિહ કમ્બુએ રચેલ 'અમલે સાલેહ' યા 'શાહજહાંનામહ' અને એ પુસ્તકને આધારે સુધારીલાલ નામના હિંદુએ લખેલી 'તોહફએ શાહજહાની' પણ ઉપયોગી છે. એમાં શાહજહાંના જન્મથી માંડીને મૃત્યુ સુધીની તવારીખ આપી છે, જેમાં પ્રસંગોપાત્ત ગુજરાતને લગતા મહત્ત્વના ઉલ્લેખ આવે છે.

ઔરંગઝેબના સમયના ગુજરાત વિશેની જાણકારીનું મુખ્ય સાધન ખાફીખાનનું પુસ્તક 'મુન્તખબુલ્લુબાબ છે. ખાફીખાન ઔરંગઝેબનો સમકાલીન હતો.

જોકે એણે પોતે જણાવ્યા અનુસાર એનું પુસ્તક હિ. સં. ૧૦૩૦(ઈ.સ. ૧૭૧૭)માં લખાયું હતું. ખાફીખાન મુઘલકાલીન ભારતના ઇતિહાસ-લેખકોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. છેક તીમૂરના વંશથી શરૂ કરીને એણે અકબરના સમય સુધીનો ઇતિહાસ અન્ય તવારીખોને આધારે આપ્યો છે, જ્યારે પછીનો ઇતિહાસ સાંભળેલી, જોયેલી અને જાતતપાસ કરેલી વિગતો પર આધારિત છે. ઔરંગઝેબના સમયના બયાનમાં એણે ગુજરાત અંગે ખૂબ ઝીણી ઝીણી વિગતો આપી છે, જેવી કે મુરાદબક્ષે અમદાવાદમાં સિક્કા પડાવ્યા અને પોતાના નામનો ખુત્બો પઢાવ્યો, સુરતના કિલ્લાને ઘેરો ઘાલ્યો અને એને સુરંગ વડે ઉડાવી દીધો, વગેરે.

ઔરંગઝેબ પછીના મુઘલ કાલ દરમ્યાનનો ઇતિહાસ રાય બિંદ્રાવને લખેલા 'લુબ્બુત્ તવારીખે હિંદ'માં મળે છે. આ પુસ્તકમાં ઈ.સ. ૧૬૮૯ સુધીનો વૃત્તાંત છે. એના ત્રીજા પ્રકરણમાં ગુજરાતના મુઘલ સૂબાઓને લગતો વૃત્તાંત છે. ઈ.સ. ૧૬૯૫માં લખાયેલ સુજાનરાય બટાલવી-રચિત 'ખુલાસતુત્ તવારીખ'ના એક પ્રકરણમાં પણ ગુજરાતના સૂબાઓના સમયની રાજકીય ઘટનાઓનું વિગતવાર અને પ્રમાણભૂત નિરૂપણ મળે છે. ઈ.સ. ૧૭૦૮ માં જગજીવનદાસે લખેલ 'મુન્તખબુત્ તવારીખ' નામના હિંદના ઇતિહાસમાં, ઈ.સ. ૧૭૧૯-૨૦માં મુહમ્મદ હાદી કામવરખાને લખેલ 'ગુલશને મુહમ્મદશાહી'માં, ઈ.સ. ૧૭૩૫-૩૬માં મુહમ્મદઅલીએ લખેલ 'બુરહાનુલફુતૂહ'માં, ઈ.સ. ૧૭૩૭ સુધીના 'કન્ઝુલમહફૂઝ' માં, ઈ.સ. ૧૭૭૯ સુધીના કુદ્રતુલ્લાહ સાદિકીના 'જામે જહાંનુમા'માં', ઈ.સ. ૧૭૯૨ માં મુનશી હિરમે લખેલા 'રાજ્સોહાવલી'માં હરસુખરાયે ઈ.સ. ૧૮૦૫ સુધી લખેલ 'મજમઉલ અખબાર'માં અને સદાસુખ દહેલવીના ઈ.સ. ૧૮૧૭ સુધીના બનાવોની નોંધ કરતા ઇતિહાસ 'મુન્તખબુત્ તવારીખ'માં ભારતના ઈતિહાસના વિગતવાર વર્ણનમાં ગુજરાતના ઇતિહાસને લગતા પ્રકરણનો પણ સમાવેશ થયો છે, જેમાંથી રાજકીય ઇતિહાસને લગતી માહિતી વિશેષ મળે છે.

અલી મુહમ્મદખાન-કૃત 'મિરાતે અહમદી' મરાઠા કાલમાં ઈ.સ. ૧૭૬૧માં લખાયેલો આધારભૂત ઇતિહાસ છે. તવારીખ-લેખક પોતે છેલ્લો બાદશાહી દીવાન હતો. હોદ્દાની રૂએ રાજ્યનાં દફતર એને હસ્તક હતાં. એણે ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરીને પોતાની નોંધો તૈયાર કરી ત્રણ ભાગોમાં આ પુસ્તક લખ્યું હતું. એના પહેલા બે ભાગોમાં ગુજરાત મુઘલ સામ્રાજ્યનો ભાગ બન્યું ત્યારથી માંડીને પાણીપતના ત્રીજા યુદ્ધ (ઈ.સ. ૧૭૬૧) સુધીનો વિગતપૂર્ણ ઈતિહાસ છે. બંને ભાગોમાં મુઘલ સૂબાઓ અંગે ઝીણવટભરી માહિતી છે. એમાં સૂબાઓ પર આવતાં હુકમો ફરમાનો પરવાના વગેરેનો સમાવેશ થયો છે તે અદ્વિતીય છે.

ત્રીજો ભાગ 'ખાતિમહ' એટલે કે 'પુરવણી' છે. આ પુસ્તકમાં મુઘલ કાલના રાજકીય ઇતિહાસ ઉપરાંત વહીવટી તંત્ર આર્થિક સ્થિતિ અને સામાજિક સ્થિતિ હિંદુ રીતરિવાજો અને ધાર્મિક સ્થાનો વગેરે વિશે પણ યથાર્થ વર્ણન થયું છે. ધર્મનિરપેક્ષ રહીને આવો પ્રમાણભૂત ઇતિહાસ લખવા માટે અલી મુહમ્મદખાન મુસ્લિમ ઇતિહાસ લેખકોમાં વિશિષ્ટ ભાત પાડે છે.

ઈ.સ. ૧૭૬૮માં મુહમ્મદ કાસિમ બિન અબ્દુર રહેમાને લખેલ 'સફીન-તુસ્સા'દાત' ગુજરાતના નામાંકિત સંતપુરુષોનાં ચરિત્રનું નિરૂપણ કરે છે.

જૂનાગઢના દીવાન રણછોડજી અમરજીએ લખેલ 'તારીખે સોરઠ વ હાલાર'નાં ઈ.સ. ૧૮૩૯ સુધીનો સોરઠ (હાલનો જૂનાગઢ જિલ્લો) અને હાલાર (હાલનો જામનગર જિલ્લો) નો વૃત્તાંત છે.

મુલ્લાં ફીરોઝ બિન કાઉસે લખેલ 'જ્યોર્જનામહ' નામના ત્રણ ભાગ ધરાવતા મહાકાવ્યમાં પોર્ટુગીઝોએ હિંદનો જળમાર્ગ શોધ્યો ત્યારથી માંડીને ઈ.સ. ૧૮૩૭ સુધીનો વૃત્તાંત છે. એમાં ફિરંગીઓ વલંદા ફ્રેન્ચો અને અંગ્રેજોની ભારતમાંની પ્રવૃત્તિઓના વર્ણનમાં પ્રસંગોપાત્ત ગુજરાતને લગતી ઉપયોગી માહિતી પણ મળે છે.

અમદાવાદના સારાભાઈ નાગરે ઈ.સ. ૧૮૪૭ના અરસામાં લખેલ 'મુખ્તસર તારીખે ગુજરાત' પણ આ કાલના મુઘલ સૂબાઓને લગતો ટૂંકો અહેવાલ છે. એમાં સૂબાઓ અને મરાઠાઓ સરદારો વચ્ચેના સંઘર્ષની વિગતો નોંધપાત્ર છે.

'દસ્તૂરુલ્ અમલ' એટલે કે વહીવટી દફતર પણ મુઘલ કાલના વહીવટી તંત્રનો ખ્યાલ મેળવવા માટેનું અનિવાર્ય સાધન ગણાય છે. મુઘલો દસ્તૂરુલ્-અમલ રાખવા પર ખાસ ધ્યાન રાખતા હતા. એમાં સૂબાઓ, એમના વહીવટી વિભાગો રાજ્યમાં આવતાં શહેરો અને તેઓની વચ્ચેનું અંતર, રાજ્યમાં થતાં આવક-ખર્ચ, અધિકારીઓના હોદ્દાઓનાં નામ, એમની ફરજો, એમનાં કાર્યોની વહેંચણી, એમણે દરબારમાં મોકલવાના અહેવાલો અંગેના નિયમ, તોલમાપ, સિક્કાઓ વગેરેને લગતી ઝીણી ઝીણી વિગતો ટૂંકમાં આપેલી હોય છે. અબૂલફઝલનું 'આઈને અકબરી' આ પ્રકારનું પુસ્તક છે. એમાંથી અકબરના સમયના અન્ય સૂબાઓની સાથોસાથ ગુજરાતના સૂબાનો વિસ્તાર, એના વહીવટી વિભાગ, એના કાયદા-કનૂન, આવક-જાવક, ખેતપેદાશ, હુન્નર-ઉદ્યોગ વગેરેની નોંધ છે. ટોડરમલે લખેલ દસ્તૂરુલઅમલમાં એ કાલની મહેસૂલ-પદ્ધતિ અંગે નવી વ્યવસ્થા ગોઠવવાને લગતી માહિતી મળે છે. શાહજહાંના સમયમાં (ઈ.સ. ૧૬૪૭ માં)

મુહમ્મદ લતીફ બિન મુહમ્મદ અલી બિન મુહમ્મદશાહ ભરૂચીએ લખેલ 'મિરઆતુલહિંદ'માં ગુજરાતનાં પરગણાં, તેઓનો વહીવટ અને તેઓની ઊપજની નોંધ ઉપરાંત વહાવટાને લગતી વિગતો છે.

ઔરંગઝેબના સમયમાં (ઈ.સ. ૧૬૭૮માં) જગતરાયે લખેલ 'ફરહંગે કારદાની'માંથી અને ઠાકોર મુનશીના ઈ.સ. ૧૭૪૮ સુધીની વિગતો નોંધતા 'દસ્તૂરુલઅમલે અકબરી'માંથી પણ કેટલીક પ્રસંગોપાત્ત માહિતી સાંપડે છે. મરાઠાકાલમાં લખાયેલ 'ખાતિમ એ મિરાતે એહમદી' એટલે કે 'મિરાતે એહમદીની પુરવણી' મુઘલકાલનાં તમામ દસ્તૂરુલઅમલ કરતાં પણ વધુ પ્રમાણભૂત મનાય છે. એમાં માત્ર ગુજરાત અંગેની ભૌગોલિક વહીવટી આર્થિક સામાજિક અને ધાર્મિક બાબતો અંગે વિગતવાર નોંધો થયેલી છે. અબૂલફઝલના 'આઈને અકબરી' અને ટોડરમલના 'દસ્તૂરુલઅમલ'માં આવતી ગુજરાતના વહીવટી વિભાગોની પુનર્રચના અને મહેસૂલ અંગેની વિગતોને ચકાસીને હકીકતો મેળવવા માટે આ પુસ્તક ઘણું ઉપયોગી પુરવાર થયું છે.

૨. ફારસી–અરબી અભિલેખો અને સિક્કા

અભિલેખો

ગુજરાતના મુઘલ સમયના લગભગ ૨૦૦ શિલાલેખ પ્રાપ્ત થયા છે. આ સંખ્યા આમ તો નાની કહેવાય અને એનું કારણ આ શિલાલેખોની શોધ જેવી થવી જોઈએ તેવી થઈ ન હોવાનું લેખી શકાય. આમાં બાદશાહોના નામનિર્દેશવાળા અકબરના સાત, જહાંગીરના ત્રણ, શાહજહાંના ૧૬, ઔરંગઝેબના ૧૩, શાહઆલમ ૧લાના બે, ફર્રુખસિયરના પાંચ, મુહમ્મદશાહના ત્રણ અને અહમદશાહના એક લેખનો સમાવેશ થાય છે. આ લેખોમાં મોટે ભાગે મસ્જિદો બંધાવવાના, મૃત્યુ તારીખો આપવાના અને વાવ–કૂવા વગેરે બંધાવવાના ઉલ્લેખ છે. કોઈ કોઈ લેખો રાજ્યાદેશ, ઐતિહાસિક બનાવ, ઉદ્યાન મદ્રસા કિલ્લા હમામ(સ્નાનઘર), પાણીનો અવાડો, આરો વગેરે વિશે પણ છે.

મુઘલકાલનાં લિખિત સાધન વિપુલ હોવા છતાં આ લેખોનું આગવું મહત્ત્વ છે. ગુજરાતના ઇતિહાસ માટે કાંઈ ને કાંઈ માહિતી એમાંથી મળી રહે છે. વિશેષ કરીને ગુજરાતના જુદા જુદા ભાગોના સ્થાનિક ઇતિહાસ માટે આ લેખોમાંથી ઠીક ઠીક સામગ્રી મેળવી શકાય છે, જે ગુજરાતના મુઘલકાલીન ઇતિહાસના પ્રમુખ અને અમૂલ્ય સાધન એવા 'મિરાતે અહમદી' પુસ્તકમાં પણ અપ્રાપ્ય હોઈ એનું મૂલ્ય ઘણું છે. અકબરના સમયના પાટણ (ઉ.ગુ.)[2] નવસારી પાસે અમલપુર[3]

સિદ્ધપુર[૪] ખંભાત[૫], જહાંગીરના સમયના માંગરોળ[૬], શાહજહાંના સમયના સુરત[૭], ડભોઈ[૮], માંગરોળ[૯], તેમજ બનાસકાંઠા જિલ્લાના મંજપુર,[૧૦] ઔરંગઝેબ કે એના અનુગામીઓના સમયના મહેસાણા[૧૧] મોડાસા[૧૨] પેટલાદ[૧૩] પાટણ[૧૪] કુતિયાણા[૧૫] ગોધરા[૧૬] વગેરે અધિકારીઓ અફસરો કે જાગીરદારો વગેરેનાં નામો અને એમના ચોક્કસ કાર્ય-સમયની માહિતીનું એકમાત્ર સાધન આ લેખો છે. જહાંગીરના સમયમાં સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના હાલ લગભગ નાના ગામ જેવા વિસરાવી ગામમાં શાહજહાંની જાગીર હતી એ પણ ત્યાંથી મળી આવેલ એક શિલાલેખ પરથી જાણવા મળે છે.[૧૭]

અમુક ઐતિહાસિક કે અર્ધ-ઐતિહાસિક બનાવો વિશે પણ બીજે ન મળતી માહિતી અમુક લેખોમાંથી મળે છે. અકબરના સમયમાં બનાસકાંઠાના થરાદના હિ.સ. ૧૦૧૧(ઈ.સ. ૧૬૦૨)ના એક મૃત્યુલેખમાં એ વર્ષના ડિસેમ્બરની ૧૫મી તારીખે થયેલી એક લડાઈનો ઉલ્લેખ છે, જેમાં અમીરખાન નામે એક (સ્થાનિક) અધિકારી—જેનું નામ સુદ્ધાં પણ એ લેખ સિવાય જાણવા મળત નહિ—મરાયો હતો એવો ઉલ્લેખ છે.[૧૮] માંગરોળના હિ.સ. ૧૧૬૨(ઈ.સ. ૧૭૪૯)-ના લેખ પરથી ત્યાં મરાઠાઓના ૧૨ વર્ષના વર્ચસ પછી ફરીથી મુસ્લિમ રાજ્ય સ્થાપવાની હકીકત પણ એક લેખ પરથી મળે છે.[૧૯] ઇતિહાસમાં નોંધાયેલા પ્રસંગો—હિ. સ. ૧૦૩૨ (ઈ.સ. ૧૬૨૩) માં જહાંગીરના ગુજરાતના સૂબેદાર સફીખાન અને બંડખોર શાહજહાંના માણસો વચ્ચે થયેલી બે લડાઈઓ[૨૦] અથવા ઉત્તર ગુજરાતમાં દૂદા કોળીના ઉપદ્રવ અને ગુજરાતના મુઘલ સૂબેદાર મહોબ્બતખાનની ચડાઈ[૨૧] વગેરે વિશે પણ માહિતી આ લેખો પરથી મળે છે. એ જ પ્રમાણે નવાનગર રાજ્ય પર મુઘલ વર્ચસ સ્થપાયાનો ખરો વર્ષકાલ નિશ્ચિત કરવામાં જામનગરનો એક લેખ ઉપયોગી નીવડ્યો છે.[૨૨]

આ શિલાલેખમાં રાજકર્મચારીઓ-દીવાન બખ્શી નાઝિર દારોગા ફોજદાર કોત(ટ)વાલ(ળ) સૂબેદાર વગેરે હોદ્દાઓનાં નામ મળે છે, જેમાંના મોટા ભાગના સલ્તનત કાલતના હોદ્દાઓથી જુદા હતા. અર્થ એ થયો કે મુઘલ કાલમાં ભારતવર્ષના બીજા પ્રાંતોની આ મુઘલ રાજ્યપ્રણાલી ગુજરાતમાં પણ અપનાવવામાં આવી હતી.

આમ તો મુઘલ કાલને લગતાં અનેક શાહી ફરમાનો અને રાજ્યાદેશોનો 'મિરાતે અહમદી'ના કર્તાએ ઉતારો આપ્યો છે, પણ આ લેખોમાંના અમુકમાં આપેલા રાજયાદેશો નવા હોઈ ઐતિહાસિક અગત્યના છે. ડભોઈ પરગણાના શાહજહાંના સમયના જાગીરદારે પ્રજા અને ખેડૂતોની જુદી જુદી તકલીફો દૂર કરવાનાં પગલાં

દર્શાવતો આદેશ ડભોઈના હિ. સ. ૧૦૫૪(ઈ.સ. ૧૬૪૪)ના લેખમાં મોજૂદ છે. બીજો આવો આદેશ, જેના પરથી રાજ્યાધિકારીઓ તરફથી વેપારીઓને કેવી કનડગત થતી એનો સહેજ ખ્યાલ આવી શકે છે તે સોરઠનાં માંગરોળ પ્રભાસ અને જૂનાગઢ શહેરોમાં શિલાલેખના રૂપમાં જાહેર સ્થાનોએ મૂકવામાં આવ્યો હતો.[૨૩] આ લેખ પ્રમાણે વેપારીઓને રાજ્યાધિકારીઓ–ફોજદારો વગેરેના ભાગોની ઊપજ ઊધડ લેવાની ફરજ પાડવામાં આવતી, જેથી એમને નુકસાન જતું ને આથી એ પ્રથાને દૂર કરવાનો સોરઠના ફોજદાર શાહવર્દીખાને હિ. સ. ૧૦૯૭(ઈ.સ. ૧૬૮૬)માં આદેશ આપ્યો હતો. આ લેખો પરથી એમ પણ જાણવા મળે છે કે મુઘલ કાલમાં પણ રાજ્યના જુદા જુદા કે અમુક ભાગોમાં શિલાલેખ પર કોતરાવેલા રાજ્યાદેશ મૂકવાની પ્રથા હતી.

રાજકીય ઇતિહાસ ઉપરાંત બીજી માહિતી આ લેખોમાંથી મળે છે, જે બીજે સ્થળે મળતી નથી. એક લેખમાં ખંભાતમાં હિ. સ. ૧૦૩૭(ઈ.સ. ૧૬૨૭–૨૮)માં કે એ પહેલાં થયેલા એક કોમી વિખવાદનો ઉલ્લેખ છે.[૨૪] પાટણ (ઉ. ગુ.) અને સરખેજના મહાન સંતોના રોજાઓના એમજ એમના વકફની દેખરેખ માટે ટ્રસ્ટીઓ પણ (દેખાતી રીતે રાજ્ય તરફથી) નિમાવા અંગેની માહિતી પણ લેખોમાંથી મળે છે.[૨૬]

મુઘલકાલની શિક્ષણસંસ્થાઓ વિશે નિર્દેશ કરતા અત્યાર સુધીમાં ચારેક લેખ મળ્યા છે, તેમાં ચાર મદ્રસાઓ–બે અમદાવાદ[૨૫] અને–એક પાટણ[૨૬] (ઉ.ગુ.) અને સુરત[૨૭] ખાતે શાહજહાં અને ઔરંગઝેબના સમયમાં બંધાઈ હોવાનો ઉલ્લેખ છે. મુસાફરો વેપારીઓ તેમજ યાત્રાળુઓ માટે રહેવાના પ્રબંધની જવાબદારી રાજ્યાધિકારી પર હતી એવું સરાઈનું બાંધકામ દર્શાવતા સુરત માંગરોળ અમદાવાદ વગેરે સ્થળોએ મળી આવેલા લેખો પરથી સમજાય છે. આવી સરાઈની આંતરિક વ્યવસ્થા કેવી હતી તથા એમાં કેવા પ્રકારની સગવડો અપાતી હતી એનો સુરતની મુઘલસરાઈમાંના (હાલ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં સંગ્રહાયેલા) શાહજહાંના સમયના લેખ પરથી સારી પેઠે ખ્યાલ આવે છે. આ સરાઈ માટે એક રસપ્રદ વાત એ છે કે એમાં સૈનિકોને ઊતરવાની મનાઈ કરવામાં આવી હતી.

ભાષાની દૃષ્ટિએ પણ બે ત્રણ દ્વિભાષી કે ત્રિભાષી લેખો ઉલ્લેખનીય છે. સિદ્ધપુરનો હિ. સ. ૧૦૫૬ (ઈ.સ. ૧૬૪૬–૪૭)નો[૨૮] અને પેટલાદના હિ. સ. ૧૧૧૧ (ઈ.સ. ૧૬૯૯–૧૭૦૦)નો લેખ[૨૯] ગુજરાતી ભાષાના નમૂના પૂરા પાડે છે

વડનગરના હિ.સ. ૧૦૪૨ (ઈ.સ. ૧૬૩૩)ના લેખમાં જગજીવનદાસ નામના કવિએ રચેલું હિંદી કવિત અરબી અને દેવનાગરી લિપિમા આપવામાં આવેલ છે. ફારસી ભાષા અને સાહિત્યમાં ગુજરાતના ફાળા વિશે આ લેખોમાં ઠીક ઠીક સામગ્રી મળે છે. ખાસ કરીને પદ્યમાં લખાયેલા લેખો પરથી યાહ્યા, ફાઈઝ, જલાલ, મુહમ્મદ બિન હૈદર નરાકી, હાદી, મઅમૂરી, નશ્રા વગેરે કવિઓનાં નામ મળે છે. પેટલાદના પદ્ય-લેખનો રચનાર રુદ્રજી નામનો એક નાગર ગૃહસ્થ હતો.[30]

ઉપરાંત લેખોમાંથી કેટલીક અન્ય માહિતી પણ મળે છે; જેમકે સિદ્ધપુરના ઉપર્યુક્ત હિ. સ. ૧૦૫૬ (ઈ.સ. ૧૬૪૬–૪૭)ના લેખ પરથી એ સમયે આજના માર્કેટિંગ યાર્ડ જેવી ખેતીની ઊપજના વેચાણ માટે રાજ્ય તરફથી વ્યવસ્થા હતી. વળી ધાર્મિક સ્થાનો મસ્જિદો અને રોજાઓ ઉપરાંત કૂવા વાવ ઉદ્યાન, કિલ્લાઓ કે શહેરના કોટની રાંગો, કચેરીઓ, પાણીના આરા, અવાડા વગેરેને લગતા લેખો પરથી બાંધકામની પ્રવૃત્તિનો ખ્યાલ આવી શકે. શિલ્પસ્થાપત્યના અભ્યાસ વિશે પણ આ લેખ ઇમારતોનો સમય નિશ્ચિત કરવામાં અગત્યના છે. ખાસ કરીને અમદાવાદના સરદારખાનના રોજા અને મસ્જિદ તેમજ જૂનાગઢમાં સરદાર બાગની મસ્જિદ વગેરેનાં વિશિષ્ટ સ્થાપત્ય-શૈલીના અભ્યાસ માટે તેઓનો નિશ્ચિત સમય આપતા ત્યાંના લેખ ઉપયોગી છે. એ પ્રમાણે અમુક ઇમારતો મહત્ત્વની વ્યક્તિઓ વિશે ખૂબ અગત્યની માહિતી પૂરી પાડે છે. દા. ત., ખંભાતની નવાબીના સ્થાપક મોમિનખાનની કબર અમદાવાદ ખાતે શિલાલેખ મળી આવ્યો ન હોત તો અજ્ઞાત હોત.[31]

કોંકણના સીદીએ ગુજરાતમાં રાધનપુર રાજ્યમાં નોકરી પર હતા એ પણ અમુક શિલાલેખો પરથી જણાય છે.

ઈરાનના નાદિરશાહના પ્રપૌત્રો ગુજરાતમાં આવી વસ્યા હોય કે ગુજરાતમાં એમની કામગીરી દરમ્યાન મૃત્યુ પામ્યા હોય એમ અમદાવાદમાં આવેલી એમની કબરોના લેખો પરથી જણાય છે.[32]

આ ઉપરાંત ગુજરાતમાં મુઘલ કાલ દરમ્યાન પ્રયોજાતા સંવતો, શહેરો કે ગામોનાં પાડવામાં આવેલાં નવાં નામ વગેરે વિશે પણ લેખોમાંથી જાણવા મળે છે.

કલાની દૃષ્ટિએ પણ આ લેખોમાં સુલેખન-કલાના ઉત્તમ નમૂનાઓ મળી આવે છે. બીજું આ લેખોમાં થોડા સુલેખનકારોનાં નામ પણ સચવાયાં છે, જે સાધનસામગ્રીની દૃષ્ટિએ મહત્ત્વનાં છે.

સિક્કા

સાધારણ રીતે મુઘલ સમ્રાટોના ગુજરાતના સિક્કા પણ વજન આકાર કિંમત ભાગો વગેરે બાબતોમાં ભારતના બીજા ભાગોના એમના સિક્કાઓ જેવા છે. ગુજરાતના એમના સિક્કાઓની કોઈ આગવી વિશેષતા નથી.

ગુજરાતસ્થિત મુઘલ ટંકશાળો જે શહેરોમાં હતી તેઓનાં નામ આ પ્રમાણે છે : અમદાવાદ પાટણ (ઉ ગુ.) માલપુર સુરત જૂનાગઢ ખંભાત પટ્ટનદેવ-(પ્રભાસપાટણ) ઈસ્લામનગર (જામનગર) જેતપુર અને ભરૂચ.[33] આમાં પાટણ અને માલપુરના માત્ર અકબરના સિક્કા જ મળે છે જ્યારે પટ્ટનદેવના માત્ર શાહજહાંના, ઈસ્લામનગરના માત્ર ઔરંગઝેબના, જેતપુરના માત્ર અહમદશાહના અને ભરૂચના માત્ર આલમગીર ૨ જાના મળે છે.

ગુજરાતના મુઘલ સિક્કાઓમાં સલ્તનતકાલીન સિક્કાઓ કરતાં પ્રમાણમાં વધુ માહિતી મળે છે. બાદશાહનું પૂરું નામ, ટંકશાળનું નામ અને સિક્કો પડ્યાનું વર્ષ હિજરી સન અને રાજ્યવર્ષ કે ઈલાહી વર્ષ (શાહજહાંના સમય સુધી જ ઈલાહી વર્ષ મળે છે.) – એ અમુક રીતે આપવામાં આવેલ હોય છે. અકબર, જહાંગીર અને શાહજહાંના સિક્કાઓ પર ઘણી વખત એક વર્ષમાં જે જુદા જુદા મહિનાઓમાં સિક્કો પાડવામાં આવ્યા હોય તે મહિનાનું નામ પણ દર્શાવવામાં આવેલું હોય છે. મુઘલ સિક્કાઓના લખાણમાં શાહજહાંના સમય સુધી કલમાનો પ્રયોગ થતો, પણ ઔરંગઝેબના સમયથી એ બંધ કરવામાં આવ્યો,

આ સિક્કાઓના ઐતિહાસિક મહત્ત્વ વિશે વધુ કહેવાનું રહેતું નથી. એ સમયના ગુજરાતની આર્થિક (વેપાર અને નાણાકીય) તેમજ રાજકીય સ્થિતિનો તેઓના પરથી આભાસ આવી શકે છે. તદુપરંત એ ઇતિહાસનાં પુસ્તકોમાં મળતી માહિતીના પૂરક કે અનુમોદક પણ બની રહે છે. કોઈ વખત તો પુસ્તકમાં ન મળતી હોય તેવી માહિતી પણ તેઓના દ્વારા મળી આવે છે. ઈરાનના રાજવી નાદિરશાહના નામના સિક્કા મુઘલ સમ્રાટ મુહમ્મદશાના સમયમાં ભારતની ટંકશાળોમાંથી બહાર પાડવામાં આવ્યા હતા એ વિશે અનુમોદન અમદાવાદમાં એના મળી આવેલા સિક્કાઓ પરથી મળે છે. ગુજરાતમાં મુઘલ સત્તાના અસ્ત પછી પણ મુઘલ સમ્રાટોનું નામનું પણ સાર્વભૌમત્વ સ્વીકારવામાં આવ્યું હતું એ બેદારબખ્ત અને મુહમ્મદ અકબર ૨ જાના સિક્કાઓ પરથી પુરવાર થાય છે.

આ સિક્કાઓની સંખ્યા પરથી ટંકશાળવાળાં શહેરોની અગત્ય તેમજ જાહોજલાલીનો તેમજ તેઓની શાં કારણોસર અગત્ય હતી એનો કાંઈ ખ્યાલ

આવી શકે. અકબર અને જહાંગીરના સમયમાં અમદાવાદની ટંકશાળ વધુ કાર્યશીલ હતી. સુરતની ટંકશાળમાં ઘણા ઓછા સિક્કા બહાર પાડયા હતા, પણ શાહજહાંના સમયથી સુરતની ટંકશાળ સૌથી વધુ કાર્યશીલ બની અને ઔરંગઝેબના સમય પછી અમદાવાદની ટંકશાળમાં બહુ ઓછા સિક્કા બહાર પાડવામાં આવ્યા હોય એમ લાગે છે, જ્યારે સુરતના સિક્કા લગભગ ઠેઠ સુધી મળી આવે છે બેદારબખ્ત અને મુહમ્મદ અકબર ૨ જાના સિક્કા આમ અપવાદરૂપ છે. જૂનાગઢ અને ખંભાતની ટંકશાળમાં શાહજહાંના સમયથી સિક્કા નિયમિત રીતે પડયા હોવાનું જણાય છે. ફરૂખસિયરના સમયમાં પછી જૂનાગઢની ટંકશાળ બંધ કરવામાં આવી હોય એમ લાગે છે, જ્યારે ખંભાતના સિક્કા લગભગ ૧૮મી સદીના અંત સુધી મળી આવે છે. આ પરથી જણાય છે કે સુરત અને ખંભાત જેવા બંદર શાહજહાંના સમયથી વધુ વિકસ્યાં હોવાથી ત્યાં નાણાકીય પ્રવૃત્તિઓ વધુ પ્રમાણમાં થવા લાગી હતી.

૩. હિંદુ-જૈન સાહિત્ય

પ્રસ્તુત કાલખંડની ઐતિહાસિક ઘટનાઓને એક અથવા બીજી રીતે વર્ણવતાં કે પ્રસ્તુત કરતાં હિંદુ-જૈન સાહિત્યિક સાધનોમાં જૈન કૃતિઓની બહુલતા છે; જૈનેતર લેખકોએ રચેલું ઐતિહાસિક સાહિત્ય તુલનાએ અલ્પ છે. એવી સાહિત્યકૃતિઓમાંથી પણ તત્કાલીન સંસ્કૃતિ અને અભ્યાસ માટેની સામગ્રી સ્વાભાવિક રીતે જ મળે છે એ એક જુદી વાત છે. ઈતિહાસનાં સાધન અનેકવિધ હોય છે, એમાં સૌથી મહત્ત્વનું અને વ્યાપક સાધન સાહિત્ય છે. સાહિત્ય કોઈ સમય-કાલમાં રચાયેલું હોય છે. આથી સાહિત્ય પ્રાયઃ એ સમય ઉપર પ્રકાશ પડે છે અને એ સમય કે કાલનો અભ્યાસ સાહિત્યને સમજવામાં ઉપકારક થાય છે. વિશિષ્ટ અર્થમાં ઐતિહાસિક સાધનો લેખાય નહિ એવી સાહિત્યકૃત્તિઓ પણ તત્કાલીન જીવનને સમજવામાં અગત્યનાં છે; જોકે આ ગ્રંથમાલાના આયોજનની મર્યાદામાં રહી અહીં મુખ્યત્વે ઇતિહાસપ્રધાન સાહિત્યની આપણે વાત કરીશું.

આ કાલખંડના જૈન-કૃત ઐતિહાસિક સાહિત્યમાં આચાર્ય હીરવિજયસૂરિના જીવન વિશે લખાયેલી કૃતિઓ નોંધપાત્ર છે. મુખ્યત્વે એ કૃતિઓનો આધાર લઈ અર્વાચીન કાળમાં મુનિશ્રી વિદ્યાવિજયજીએ 'સૂરીશ્વર અને સમ્રાટ' એ શીર્ષકના ગ્રંથ ગુજરાતી અને હિંદીમાં રચ્યા છે. પ્રસ્તુત ઐતિહાસિક કૃતિઓ સંસ્કૃત અને જૂની ગુજરાતીમાં છે. એના કેન્દ્રમાં હીરવિજયસૂરિ જેવા

પ્રભાવશાળી આચાર્ય છે, પણ પશ્ચિમ અને ઉત્તર ભારતમાં એમના અને એમના શિષ્યમંડળના સુદીર્ઘ વિહારો, સમાજના સામાજિક-ધાર્મિક જીવન પરત્વે એમની પ્રવૃત્તિઓનો વ્યાપ. અકબર પાદશાહ સમેત તત્કાલીન રાજશાસકો સાથેનો એમનો સંપર્ક તથા એ પૈકી કેટલાક ઉપર એમનો ઊંડો પ્રભાવ, ગુજરાતની વિદ્યાપ્રવૃત્તિને જીવંત અને સતેજ રાખવામાં એમનું કુશળ આયોજન, ગુજરાત અને રાજસ્થાનના પ્રધાનતઃ વેપારી વર્ગમાં સામાજિક આત્મવિશ્વાસની ભાવના વિકસાવવામાં એમનું કર્તૃત્વ—આ બધાં કારણોને લીધે એમના જીવનને કેન્દ્રમાં રાખીને રચાયેલી સર્વકૃતિઓ ગુજરાતના સામાજિક-ધાર્મિક જીવનના અભ્યાસમાં બહુ અગત્યની છે.

આવી કૃતિઓમાં સર્વપ્રથમ સ્થાન દેવવિમલગણિકૃત 'હીરસૌભાગ્ય કાવ્ય'નું છે.[૩૪] એ ઉપરની ટીકા પણ દેવવિમલગણિએ પોતે જ રચેલી છે. આ રચનાનું નામ સોમસુંદરસૂરિના જીવન વિશે અગાઉ પ્રતિષ્ઠાસોમે રચેલા 'સોમસૌભાગ્ય કાવ્ય'ની યાદ (ઈ.સ. ૧૪૯૮) આપે છે, જેનો ઉલ્લેખ આ ગ્રંથમાલાના પાંચમા ગ્રંથના પ્રથમ પ્રકરણમાં 'હિંદુ-જૈન સાહિત્ય' એ શીર્ષક નીચે કરેલો છે.

'સોમસૌભાગ્ય કાવ્ય' દસ સર્ગોનું છે, જ્યારે હીરસૌભાગ્ય કાવ્ય' ૧૭ સર્ગોનું છે અને સટીક છે, વળી સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના નિયમોને બને ત્યાં સુધી અનુસરી રચાયેલું મહાકાવ્ય હોવા સાથે ઐતિહાસિક પ્રસંગો અને વિગતોથી ભરપૂર છે. એની અતિસંક્ષિપ્ત રૂપરેખા અહીં જોઈએ. એમાં શરૂઆતમાં હીરવિજયસૂરિનાં જન્મ, દીક્ષા, આચાર્યપદ-પ્રાપ્તિ, સમ્રાટ અકબરના આમંત્રણથી ગંધાર બંદરથી ફત્તેહપુર સિકરી સુધીની પદયાત્રા કરી સમ્રાટને જઈ મળવું, વગેરે વિગતો આપી છે. ત્યાર પછી ફત્તેહપુર સિકરીનો વૃત્તાંત છે ત્યાં સંઘજનોએ વાગતેગાજતે એમનું સ્વાગત કર્યું. ત્યાં જગમાલ કછવાહ (જયપુરના રાજા બિહારીમલ્લના નાના ભાઈ)ના મહેલમાં એમણે વાસ કર્યો. 'આઈને અકબરી'નાં કર્તા શેખ અબ્દુલફઝલ સૂરિને પોતાને ઘેર લઈ ગયા અને ત્યાં અનેકવિધ શાસ્ત્રચર્ચા થઈ. અકબરે દરબાર ભરી, ગંધારથી સિકરી સુધી પગે ચાલીને આવનાર ગુરુ પાસે જૈનધર્મ અને એના આચારો વિશે માહિતી મેળવી. અકબરના પુત્ર શેખુજી (સલીમ જહાંગીર) પાસે પદ્મસુંદર નામે જૈન સાધુએ આપેલો હસ્તલિખિત પુસ્તકોનો ભંડાર હતો તે એણે હીરવિજયસૂરિને આપ્યો. સૂરિએ એ પુસ્તકો સુરક્ષિત રાખવા માટે આગ્રામાં જ્ઞાનભંડાર સ્થાપ્યો અને એ ચોમાસું (સં. ૧૬૩૯-ઈ.સ. ૧૫૬૩) આગ્રામાં ગાળ્યું. અકબરે એમને અશ્વ, હાથી વગેરેની ભેટ લેવા વિનંતિ કરી, પણ અપરિગ્રહી સાધુ તરીકે એવી ભેટો

પોતાને અસ્વીકાર્ય હોઈ એમણે પર્યુષણના આઠ દિન હિંસા ન થાય એમ કરવા પાદશાહને જણાવ્યું. પાદશાહે પોતાના પુણ્યાર્થે એમાં ચાર દિવસ ઉમેરી ૧૨ દિવસ સમસ્ત સામ્રાજ્યમાં 'અમારિ' પ્રવર્તાવનારાં ૭ ફરમાન કાઢ્યાં, અને એ પ્રસંગે હીરવિજયસૂરિને 'જગદ્ગુરુ'નું બિરુદ આપ્યું. અનેક ધર્મકાર્ય કરતાં કરતાં મથુરા અને ગોપગિરિ–ગ્વાલિયરની યાત્રા કર્યા પછી સૂરીએ ગુજરાત તરફ પ્રયાણ કર્યું અને શાંતિચંદ્ર ઉપાધ્યાયને પાદશાહ પાસે રાખ્યા. શાંતિચંદ્ર ઉપાધ્યાય, જેઓ અકબર પાસે રહીને એની પ્રશસ્તિરૂપે રચેલું 'કૃપારસકોશ' નામે કાવ્ય પાદશાહને સંભળાવતા હતા, તેમને હીરવિજયસૂરિના દર્શનની ઇચ્છા થતાં પોતાની જગ્યાએ ભાનુચંદ્રગણિને પાદશાહ પાસે મૂકીને તેઓ પાટણ આવ્યા. પાદશાહે એ સમયે સૂરિને ભેટ આપવા માટે ગુજરાતમાંથી જજિયાવેરો કાઢી નાખતું ફરમાન આપ્યું અને 'અમારિ' માટે અગાઉ પર્યુષણના ૧૨ દિવસ જાહેર કર્યા હતા તેમાં બીજા ઘણા દિવસ ઉમેર્યા. ભાનુચંદ્રગણિ અકબર પાદશાહની સાથે કાશ્મીર ગયા ત્યાં એમણે પાદશાહને સમજાવતાં શત્રુંજય તીર્થના યાત્રાળુઓને કરમુક્ત કરતું ફરમાન પાદશાહે હીરવિજયસૂરિને મોકલ્યું. હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિએ આથી પ્રસન્ન થઈ, વાસક્ષેપ મોકલી લાહોરમાં ભાનુચંદ્રગણિને ઉપાધ્યાયપદ અપાવ્યું. આ પછી અકબરને વિજયસેનસૂરિનાં દર્શનની ઇચ્છા થતાં હીરવિજયસૂરિએ એમને લાહોર મોકલ્યા.

સં. ૧૬૫૦(ઈ.સ. ૧૫૯૪)ની ચૈત્રી પૂર્ણિમાએ હીરવિજયસૂરિએ શત્રુંજયની મોટી યાત્રા કરી અને વિશાળ જિનમંદિરોની પ્રતિષ્ઠા કરી. એ પછી ઊનામાં ચાતુર્માસ કર્યાં. મક્કે હજ કરીને પાછા ફરેલા ગુજરાતના સૂબા આજમખાને ઊના આવી સૂરિ પાસે હજાર મહોરની ભેટ ધરી, પણ સૂરિએ એનો અસ્વીકાર કર્યો. વળી ત્યાં જામનગરના જામસાહેબ સાથેના તેમના કારભારી અબજી ભણસાળીએ સૂરિની અંગપૂજા અઢારસો સોનામહોરથી કરી. ઊનાના ખાન મહમદખાન પાસે સૂરિએ હિંસા છોડાવી. સં. ૧૬૫૨(ઈ.સ. ૧૫૯૬)ના વૈશાખ માસમાં એમણે મંદિરની પ્રતિષ્ઠા કરાવી. એ જ વર્ષના ભાદરવા સુદ અગિયારસ ને ગુરુવારે હીરવિજયસૂરિએ સ્વર્ગવાસ કર્યો.

'હીરસૌભાગ્ય કાવ્ય'ના ઇતિવૃત્તના કલેવરની આ અતિશય આછી રૂપરેખા માત્ર છે, પણ ગુજરાતના સમકાલીન ધાર્મિક–સામાજિક ઇતિહાસના એક અતિમહત્ત્વના ખંડ માટે એનું કેવું વિશિષ્ટ મહત્ત્વ છે એ એના ઉપરથી તુરત સમજાય એવું છે. મૂળ કાવ્યમાં તથા એના ઉપરની સ્વોપજ્ઞ ટીકામાં એવી કેટલીયે વિપ્રકીર્ણ અને કુતૂહલજનક માહિતી મળે છે, જે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ માટે ઘણી અગત્યની છે.[૩૫]

હીરવિજયસૂરિ વિશેના છતાં, ઉપર કહ્યું તેમ ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યના અન્ય મુખ્ય સાહિત્યનો ટૂંકો નિર્દેશ અહીં કરીએ. ખંભાતના શ્રાવક કવિ ઋષભદાસે 'હીરસૌભાગ્ય કાવ્ય'ને આધારે રચેલો 'હીરસૂરિરાસ'(સં. ૧૬૮૫–ઈ.સ. ૧૬૨૯) સંસ્કૃત મહાકાવ્યના પ્રતિવૃત્તિને લોકભોગ્ય બનાવવા માટે રચાયો છે એ સ્પષ્ટ છે.[૩૬] હીરવિજયસૂરિની શિષ્યપરંપરામાં થયેલા વિવેકહર્ષ ઉપાધ્યાયે સૂરિના નિર્વાણના વર્ષમાં જ વીજાપુરમાં રચેલો 'હીરવિજયસૂરિનો રાસ' તથા 'હીરવિજયસૂરિ નિર્વાણ સ્વાધ્યાય' તદ્દન સમકાલીન ગુજરાતી કૃતિઓ તરીકે નોંધ માગી લે છે.[૩૭] ગજરાજ પંડિત-કૃત 'હીરવિજયસૂરિ બારમાસ'ની રચના પણ એ વર્ષમાં થઈ છે.[૩૮] કુંઅરવિજયનો 'હીરવિજયસૂરિશલોકો' અને હીરવિજયપુણ્યખાણ' પછી તુરત રચાયેલાં જણાય છે.[૩૯] શ્વેતાંબર જૈનોના ગચ્છો વચ્ચેનો મતવિરોધ અટકાવવા માટે 'બાર બોલ' નામથી હીરવિજયસૂરિએ જાહેર કરેલ ૧૨ આજ્ઞાઓ વિશેનો 'હીરવિજયસૂરિના બારબોલનો રાસ' ઋષભદાસે સં. ૧૬૮૪(ઈ.સ. ૧૬૨૮)-માં રચ્યો છે.[૪૦]

અકબર બાદશાહને મળી હીરવિજયસૂરિ ગુજરાતમાં પાછા આવતા હોવાના સમાચાર જાણી મુનિ પદ્મસુંદરે ૨૩૩ શ્લોકનું સંસ્કૃત 'જગદ્ગુરુ કાવ્ય' સં. ૧૬૪૬(ઈ.સ. ૧૫૯૦)માં માંગરોળમાં રચીને સૂરિને અર્પણ કર્યું હતું.[૪૧] અકબરની અમારિઘોષણા અને દયાવૃત્તિની અત્યલંકૃત પ્રશસ્તિ ગાતું કાવ્ય શાંતિચંદ્રકૃત 'કૃપારસકોશ'–જેનો ઉપર નિર્દેશ કર્યો છે, તે સં. ૧૬૫૦(ઈ.સ. ૧૫૯૪)માં રચાયું છે.[૪૨]

ઉપર જણાવ્યું તેમ, શાંતિચંદ્ર ઉપાધ્યાય અકબરની રજા લઈ ગુજરાત ગયા પછી ભાનુચંદ્ર અકબરના દરબારમાં રહ્યા. ભાનુચંદ્રના શિષ્ય સિદ્ધિચંદ્ર હતા. આ ગુરુ–શિષ્ય મોટા વિદ્વાન હતા. મહાકવિ બાણભટ્ટ–કૃત 'કાદંબરી' ઉપરની પ્રમાણભૂત અને સૌથી વિખ્યાત ટીકા આ ગુરુ શિષ્યે રચેલી છે. સિદ્ધિચંદ્રે પોતાના ગુરુ ભાનુચંદ્રની જીવનકથાનું આલેખન 'ભાનુચંદ્રગણિ-ચરિત'[૪૩] એ નામના ગ્રંથમાં કર્યું છે. આ ગ્રંથ સંસ્કૃત સાહિત્યમાંની ઐતિહાસિક રચનાઓમાં વિશિષ્ટ હોવા સાથે એ સમયના ધાર્મિક સામાજિક અને રાજકીય જીવન માટે અસાધારણ મહત્ત્વનો છે. મુઘલ દરબારનું અને પાદશાહોના દૈનિક જીવનનું પ્રત્યક્ષ આલેખન એમાં છે. ભાનુચંદ્રે 'સૂર્યસહસ્રનામ'ની રચના કરી હતી અને અકબર દર રવિવારે એમની પાસે 'સૂર્યસહસ્રનામ' બોલતો.[૪૪] સિદ્ધિચંદ્રે ફારસી ભાષાનો અભ્યાસ કર્યો હતો અને ફારસી ભાષાના કેટલાક ગ્રંથ પાદશાહને એમણે ભણાવ્યા હતા. શાંતિચંદ્રની જેમ સિદ્ધિચંદ્ર પણ શતાવધાની હતા એમના પ્રયોગ જોઈ પ્રસન્ન થયેલ પાદશાહે એમને

'ખુશફહમ' (પ્રશસ્ત પ્રજ્ઞાવાન)ની પદવી આપી હતી. એ સમયે સિદ્ધિચંદ્ર જુવાન અને અત્યંત સ્વરૂપવાન હતા. એક વાર પાદશાહે બહુ સ્નેહથી એમનો હાથ પકડી કહ્યું : 'હું આપને પાંચ હજારની મનસબદારી અને મોટી જાગીર આપું છું તેનો આપ સ્વીકાર કરી રાજા બનો, લગ્ન કરો અને સાધુવેશનો ત્યાગ કરો', પણ સિદ્ધિચંદ્ર પોતાના આચારમાંથી ચલિત થયા નહોતા. ભાનુચંદ્ર ઉપાધ્યાય પ્રાયઃ અકબરના મરણ સુધી એના દરબારમાં રહ્યા હતા.

હીરવિજયસૂરિના પટ્ટધર વિજયસેનસૂરિ હતા, જેઓ લાહોરમાં અકબર પાદશાહને મળ્યા હતા એ ઉપર આવી ગયું. વિજયસેનસૂરિનું જીવનવૃત્ત હેમવિજયે 'વિજયપ્રશસ્તિ'ના ૧૬ સર્ગોમાં આલેખ્યું છે. હેમવિજયનો સ્વર્ગવાસ થતાં ગુણવિજયે એમાં પાંચ સર્ગ ઉમેરી કુલ ૨૧ સર્ગો ઉપર ટીકા રચી છે (સં. ૧૬૮૮ ઈ.સ. ૧૬૩૨).[૪૫] વિજયસેનસૂરિના પટ્ટધર વિજયદેવસૂરિ પણ પોતાના ગુરુઓની જેમ એક પ્રભાવશાળી આચાર્ય હતા. સં. ૧૬૭૪ (ઈ.સ ૧૬૧૮)માં એમની તપશ્ચર્યાથી આશ્ચર્ય પામી પાદશાહ જહાંગીરે માંડવગઢમાં 'જહાંગીરી મહાતપા'નું બિરુદ એમને આપ્યું હતું. એમનું ચરિત્રલેખન ખરતરગચ્છના શ્રીવલ્લભ પાઠકે સટીક 'વિજયદેવમાહાત્મ્ય' (સં. ૧૬૯૯-ઈસ. ૧૬૪૩માં કર્યું છે.[૪૬] ગુણવિજયકૃત 'વિજયદેવસૂરિપ્રબન્ધ'નો સાર આચાર્ય જિનવિજયજીએ 'પુરાતત્ત્વ' પુ. ૨, પૃ. ૪૬૦-૬૩ માં આપ્યો છે. વિજયદેવસૂરિના નિર્વાણની સજ્ઝાય મળે છે.[૪૭] વિજયદેવસૂરિ તેમજ એમના પટ્ટધર વિજયપ્રભસૂરિનું ચરિતવર્ણન સુપ્રસિદ્ધ વિદ્વાન મેઘવિજય ઉપાધ્યાયે 'દેવાનન્દ મહાકાવ્ય' (સં. ૧૭૨૭-ઈ.સ. ૧૬૫૬)માં[૪૮] કર્યું છે. એ જ વિદ્વાને રચેલા 'દિગ્વિજય મહાકાવ્ય'માં[૪૯] વિજયપ્રભસૂરિનું કાવ્યાશ્રય વિસ્તૃત જીવનવૃત્ત છે.

પ્રમોદમાણિક્યના શિષ્ય જયસોમ ઉપાધ્યાયે સં. ૧૬૫૦(ઈ સ. ૧૫૯૪)માં સંસ્કૃતમાં 'કર્મચંદ્રવંશાવલી પ્રબંધ' રચ્યો છે અને એ ઉપર સંસ્કૃત ટીકા એમના શિષ્ય ગુણવિનયે સં. ૧૬૫૫(ઈ.સ. ૧૫૯૯)માં લખી છે.[૫૦] પ્રબન્ધનો ગુજરાતી પદ્યાનુવાદ પણ ગુણવિનયે એ જ વર્ષમાં કર્યો છે[૫૧] મંત્રી કર્મચંદ્ર એ બીકાનેરનો ઓસવાળ વણિક હતો. એનું કુટુંબ રાજસ્થાનનાં રાજકુળોમાં અને મુઘલ દરબારમાં સારો પ્રભાવ ધરાવતું હતું. મંત્રી કર્મચંદ્ર અકબર બાદશાહના ગાઢ સંપર્કમાં આવ્યો હતો. ખરતર ગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિનો અકબર સાથે પરિચય એણે કરાવ્યો હતો. કર્મચંદ્ર અને એના વંશજોનું ગુણસંકીર્તન કરતા આ પ્રબંધમાંથી રાજસ્થાન અને ગુજરાતના રાજકીય અને ધાર્મિક ઇતિહાસની ઘણી મહત્ત્વની હકીકતો તેમ જ સામગ્રી પ્રાપ્ત થાય છે.

મુઘલ કાલીન ગુજરાતના એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી અમદાવાદ-નિવાસી શાંતિદાસ ઝવેરી હતા. બાદશાહના રાજ્યમાન્ય ઝવેરીઓમાંના તેઓ એક હતા. ભારતનાં અનેક વેપારી કેન્દ્રોમાં એમની શરાફી પેઢીઓ ચાલતી. જહાંગીરે એમને અમદાવાદની નગરશેઠાઈ વંશપરંપરાગત આપી હતી. શાંતિદાસે સં. ૧૬૭૮(ઈ.સ.૧૬૨૨)માં અમદાવાદના પરા બીબીપુર-હાલના સરસપુર-માં ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું. ધર્માંધ ઔરંગઝેબે ગુજરાતની ટૂંકી સૂબાગીરી દરમ્યાન એ મંદિરમાં મહેરાબ કરી એની મસ્જિદ બનાવી હતી, પણ એમાંથી મુસ્લિમોનો કબજો ઉઠાવી લેવા માટેનું ફરમાન પાદશાહ શાહજહાં પાસેથી શાંતિદાસે મેળવ્યું હતું; જોકે ભ્રષ્ટ અને અપૂજ્ય સ્થિતિમાં રહેલા એ મંદિર તરફ ઉપાસકો ફરી વાર ન જ વળ્યા. અમદાવાદની નગરશેઠાઈ શાંતિદાસના વંશજોમાં આજ સુધી ચાલતી આવી છે, અને એ વંશમાં પ્રભાવશાળી દાની, ધર્મપ્રેમી તથા રાજકીય અને વહીવટી કુશળતા ધરાવનારા અનેક નરવિશેષ થયા છે. ક્ષેમવર્ધનકૃત 'શાંતિદાસ શેઠનો રાસ' (સં. ૧૮૭૦-ઈ.સ. ૧૮૧૪)માં[૫૨] શાંતિદાસ અને એમના વંશજોનાં ધાર્મિક-સામાજિક કાર્યોનો વિસ્તૃત અને પરંપરા પ્રમાણભૂત વૃત્તાંત છે. ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરનો પ્રતિષ્ઠામહોત્સવ શાંતિદાસે ઉપાધ્યાય મુક્તિસાગરને હસ્તે કરાવ્યો હતો, જેઓ આચાર્યપદ પ્રાપ્તિ પછી રાજસાગરસૂરિ તરીકે ઓળખાયા. રાજસાગરસૂરિના સ્વર્ગવાસ પછી તુરત તિલકસાગરે રચેલા 'રાજસાગરસૂરિ નિર્વાણરાસ'. (સં. ૧૭૨૨-ઈ.સ. ૧૬૬૬)માં[૫૩] પ્રસ્તુત વર્ણન સાથે શાંતિદાસ અને એમના કુટુંબ વિશે સારી માહિતી મળે છે. અમદાવાદના સ્થાનિક ઇતિહાસ માટે પણ આ પ્રકારની કૃતિઓ ખૂબ અગત્યની છે એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. જુદાં જુદાં શ્રેષ્ઠીઓ આચાર્યો કે સાધુ-સાધ્વીઓ વિશે રચાયેલી નાની મોટી કૃતિઓ ધાર્મિક-સામાજિક ઇતિહાસ કે જે તે કુટુંબના વૃત્તાંત ઉપરાંત જે તે ગ્રામના નગરના સ્થાનિક ઇતિહાસ માટે વિવિધ રીતે ઉપયોગી છે એ સ્પષ્ટ છે. ઈસવી સનના સત્તરમા સૈકામાં થઈ ગયેલા વિખ્યાત જૈન દાર્શનિક અને ગ્રંથકાર ઉપાધ્યાય યશોવિજયજીનું જીવનવૃત્ત વર્ણવતી, કાંતિવિજયકૃત ગુજરાતી કૃતિ 'સુજશવેલી ભાસ' (સં. ૧૭૪૫-ઈ.સ. ૧૬૮૯)[૫૪] એમાંના ચરિત્રાલેખનને કારણે નોંધપાત્ર છે.

આ કાલના ઇતિહાસનું એક અગત્યનું સાધન વિજ્ઞપ્તિપત્રો છે. એ રચનાઓ જૈન સાહિત્યની-અને એમાંયે ગુજરાત અને રાજસ્થાનની વિશેષતા છે. વિજ્ઞપ્તિપત્રો બે પ્રકારનાં હોય છે : એક, સાધુશિષ્ય પોતાના ગુરુ કે આચાર્યને કાવ્યરૂપે વિજ્ઞપ્તિલેખ લખે તે અને બીજો, એક નગરનો જૈનસંઘ અન્યત્ર નિવાસ

કરતા આચાર્યને પોતાના નગરમાં ચાતુર્માસ કરવાની વિજ્ઞપ્તિ કરતો પત્ર લખે તે. આ પ્રકારના પત્ર સંસ્કૃત-ગુજરાતી કાવ્યમાં અથવા અલંકૃત ગદ્યમાં રચાયેલ હોય છે. સાધુઓએ લખેલા વિજ્ઞપ્તિપત્રોમાં ચિત્રાદિ ખાસ હોતાં નથી, સંઘ તરફથી લખાયેલા વિજ્ઞપ્તિલેખો ઓળિયા કે ટીપણારૂપે તૈયાર થયેલા હોઈ ચિત્રાદિથી ખચિત હોય છે.[૫૫] આ પ્રકાર જ એવો છે કે: રાજકીય સામાજિક ધાર્મિક વેપારી વગેરે મહત્ત્વની અનેકવિધ માહિતી એમાં હોય છે. સચિત્ર વિજ્ઞપ્તિપત્રોમાં જ્યાંથી એ પત્ર લખાયા હોય તે નગરનાં મહત્ત્વનાં સ્થાનો રાજમાર્ગો મંદિરો બજારો આદિનાં ચિત્ર પણ હોય છે, આથી આધુનિક સમયમાં એ ચિત્રોનો ઉપયોગ કાનૂની પુરાવા તરીકે પણ કોઈ વાર થયેલો છે. સ્થાનિક ઇતિહાસ, મહાજનો, ચિત્રકલા, વિવિધ કારીગરી, ધાર્મિક-સામાજિક રીતરિવાજો, ભાષા અને સાહિત્ય, એમ અનેક દૃષ્ટિએ વિજ્ઞપ્તિલેખોનું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે. વ્યક્તિવિશેષને ઉદ્દેશી રચાયેલી અને એમને ખાઠવવામાં આવેલી એ ઐતિહાસિક રચનાઓ હોઈ મધ્યકાલીન ભારતીય સાહિત્યમાં પણ નોંધપાત્ર છે.

વિજ્ઞપ્તિપત્રનો જૂનામાં જૂનો ઉપલબ્ધ નમૂનો પાટણના ગ્રંથભંડારમાંનું એક તાડપત્રીય પાનું છે. મૂળ વિજ્ઞપ્તિપત્રનો એ નાનકડો અવશેષ છે એ પાનું ૧૩ મી સદીમાં લેખાયેલું જણાય છે અને કાદંબરી જેવા અલંકૃત સંસ્કૃત ગદ્યમાં છે. વડઉદ્ર(વડોદરા)થી પ્રભાચંદ્રગણિ નામે એક સાધુએ ચંદ્રકુલના આચાર્ય ભાનુપ્રભસૂરિ ઉપર લખેલો એ પત્ર છે. વિજ્ઞપ્તિત્રિવેણિ' (સં. ૧૪૮૪-ઈ.સ.) ૧૪૨૮) એ ત્રણ ખંડમાં રચાયેલું એક સંસ્કૃત કાવ્ય છે, જેમાં સિંધના મલિકવાહણ નામે સ્થાનથી જયસાગર ઉપાધ્યાયે પોતાની વિહારયાત્રાનું કાવ્યમય છતાં વિગતપૂર્ણ નિવેદન પાટણમાં વિરાજમાન ખરતરગચ્છના આચાર્ય જિનભદ્રસૂરિને મોકલ્યું હતું. મુનિ સુંદરસૂરિકૃત અલંકૃત સંસ્કૃત કાવ્ય 'ગુર્વાવલી' (સં. ૧૪૯૬-ઈ.સ. ૧૪૪૦) તપાગચ્છના આચાર્ય દેવસુંદરસૂરિને એમણે પાઠવેલા ૧૦૮ હાથ લાંબા અને સેંકડો ચિત્રકાવ્યોથી ખચિત 'ત્રિદશતરંગિણી વિજ્ઞપ્તિ' નામે વિસ્તૃત વિજ્ઞપ્તિલેખનો ઉપલબ્ધ અંશમાત્ર છે.

આ તો વિજ્ઞપ્તિલેખના પ્રકારની આવશ્યક સંક્ષિપ્ત પૂર્વભૂમિકા થઈ આપણો અભ્યાસપાત્ર કાલખંડ જેમાં વિજ્ઞપ્તિલેખો અને પત્રો સારી સંખ્યામાં મળે છે તેની વાત કરીએ તો ૧૭ માં સૈકામાં થયેલ ઉપાધ્યાય વિનયવિજયજીએ મેઘદૂતની શૈલીએ તેમજ મેઘદૂતસમસ્યાપૂર્તિરૂપે રચેલ "ઇન્દ્રદૂત". સૌ પ્રથમ નોંધ માગી લે છે. વિનયવિજયજી એ સમયે જોધપુર હતા અને સુરતમાં નિવાસ કરતા તપાગચ્છના આચાર્ય વિજયપ્રભસૂરિને એમણે પાઠવેલો આ વિજ્ઞપ્તિલેખ છે. સુરત

જોધપુરથી પશ્ચિમે નહિ, પણ દક્ષિણે હોઈ કવિએ વર્ણવેલો ઇંદુનો પ્રવાસક્રમ ભૌતિક દૃષ્ટિએ યથાર્થ નથી. પણ જોધપુરથી જાલોર શિરોહી આબુ અચલગઢ સિદ્ધપુર રાજનગર–અમદાવાદ વડોદરા ભરૂચ અને તરણિ(સૂર્ય)નગર–સુરતનાં જે વર્ણન એમાં છે તે ઇતિહાસના અભ્યાસી માટે અગત્યનાં છે.[પ૬] વિનયવિજયજીનો બીજો વિજ્ઞપ્તિલેખ (સં. ૧૬૯૪–ઈ.સ. ૧૬૩૮) અમદાવાદ પાસેના બારેજા ગામથી ખંભાતમાં નિવાસ કરતા વિજયાનંદસૂરિની સેવામાં પાઠવેલો છે. એમનો ત્રીજો પત્ર દેવપત્તન–પ્રભાસપાટણથી અણહિલપુર પાટણમાં આચાર્ય વિજયદેવસૂરિને પાઠવેલો છે; એનો પૂર્વાર્ધ પ્રાકૃતમાં અને ઉત્તરાર્ધ સંસ્કૃતમાં છે. એમાં આચાર્યની સેવામાં રહેલા સાધુઓનાં નામ તથા એમને અનુવંદનાદિ છે. આચાર્યની આજ્ઞાથી અન્ય સ્થાનોમાં રહેલા સાધુઓને પણ તે તે સ્થાનના ઉલ્લેખ સાથે અનુવંદનાદિ લખેલાં છે.[પ૭] ઉપર્યુક્ત 'દેવનિન્દમહાકાવ્ય' અને 'દિગ્વિજયમહાકાવ્ય' ના કર્તા મેઘવિજય ઉપાધ્યાયે 'મેઘદૂતસમસ્યાલેખ'ની રચના કરી છે, જે એમણે ઔરંગાબાદથી ગચ્છપતિ આચાર્ય વિજયપ્રભસૂરિને દીવ ખાતે પાઠવેલું સુંદર વિજ્ઞપ્તિકાવ્ય છે. એમાં ઔરંગાબાદથી દેવગિરિ (દૌલતાબાદ), ઈલોરા તથા એની પાસેના અર્ણોકિરણ અને તુંગિયા પહાડ, સુરત, તાપી અને નર્મદા, ભરૂચ, હરિગૃહપુર, મહી અને સાબરમતી, શત્રુંજય અને પછી દીવનું વર્ણન કવિ કરે છે, અને ગુરુદર્શનની ઉત્સુકતા વ્યક્ત કરે છે.[પ૮]

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં રચાયેલા વિજ્ઞપ્તિપત્રોનો નિર્દેશ કરીએ. અંદાજે ઈ.સ.ની ૧૭ મી સદીની પૂર્વાર્ધનો એક ત્રુટક વિજ્ઞપ્તિપત્ર ક્યાંથી અને કોના ઉપર લખાયો એનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. પણ એમાંનાં ચિત્ર જોતાં એ સુરત અથવા દીવ જેવા કોઈ બંદરેથી લખાયાનું સંભવે છે. ઘોઘાથી મુનિ નયવિજયે જૂનાગઢમાં તપાગચ્છના આચાર્ય વિજયપ્રભસૂરિ ઉપર લખેલા વિજ્ઞપ્તિપત્ર (સં. ૧૭૧૭–ઈ.સ. ૧૬૬૧)માં ઘોઘાબંદર અને જૂનાગઢનું વર્ણન છે, અને ઘોઘામાં વસતા સર્વ સાધુઓના ધર્મચરણનિવેદન જેવો એ લેખ છે, એમાં કોઈ ચિત્ર નથી. સાબવાના દેવાસથી પાટણમાં વિજયપ્રભસૂરિ ઉપર મુનિલાભવિજયે સંસ્કૃત કાવ્યમાં લખેલો સચિત્ર વિજ્ઞપ્તિપત્ર સં. ૧૭૧૮ (ઈ.સ. ૧૬૬૨)નો છે. જૂનાગઢથી પંડિત દેવકુશલ અને જ્ઞાનકુશલે ઊનામાં આચાર્ય વિજયપ્રભસૂરિ ઉપર લખેલો વિજ્ઞપ્તિપત્ર સં. ૧૭૪૫ (ઈ.સ. ૧૬૮૯) નો છે. સિરોહીના જૈન સંઘે પાટણમાં આચાર્ય વિજયક્ષમાસૂરિ ઉપર, પોતાના નગરમાં ચાતુર્માસ કરવા માટે લખેલા સચિત્ર વિજ્ઞપ્તિપત્ર(સં. ૧૭૮૨–ઈ.સ. ૧૭૨૬)માંથી જાણવા મળે છે કે એ સમયે પાટણની વસતી ૪૮ હજાર માણસની ગણાતી હતી. આ સમયના

બીજા કેટલાક સચિત્ર વિજ્ઞપ્તિપત્રો મળ્યા છે.[૫૯] વિજ્ઞપ્તિપત્રો પાઠવવાની આ પરંપરા ત્યાર પછી ઠેઠ અર્વાચીન કાલના આરંભ સુધી ચાલુ રહેલી છે.

આ ઉપરાંત પટાવલીઓ ગુર્વાવલીઓ તીર્થમાલાઓ ચૈત્યપરિપાટીઓ રાજવંશાવલીઓ ગ્રંથપ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ દસ્તાવેજો આદિ જેવાં જે ઐતિહાસિક સાધનોનો ઉલ્લેખ પાંચમા ગ્રંથમાં 'હિંદુ-જૈન-સાહિત્ય' શીર્ષક નીચેના લેખના ઉત્તરાર્ધમાં કર્યો છે તે પ્રસ્તુત કાલખંડમાં પણ મળવા ચાલુ રહે છે.

આ કાલમાં રૂપાલનિવાસી વૈષ્ણવ વણિક ગોપાલદાસ કૃત 'વલ્લભાખ્યાન'[૬૦] કેશવદાસ વૈષ્ણકૃત 'વલ્લભવેલ'[૬૧] ગોપાલદાસ વ્યારાવાળાકૃત 'પ્રાકટ્યસિદ્ધાંત'[૬૨], મહાવદાસકૃત 'ગોકુલનાથજીનો વિવાહ'[૬૩] ઇત્યાદિ ઐતિહાસિક કાવ્યોમાંથી ગુજરાતમાં શ્રીમદ્વલ્લભાચાર્યના આગમન તથા પુષ્ટિમાર્ગના પ્રસાર વિશે ઘણી જાણવા જેવી માહિતી મળે છે. આમાંની પહેલી કૃતિ ઈ.સ.ના ૧૬ મા શતકના ઉત્તરાર્ધમાં, જ્યારે બાકીની ત્રણ ૧૭ મા શતકના પૂર્વાર્ધમાં રચાયેલી છે.

પ્રસ્તુત કાલખંડના ઉત્તરાર્ધમાં ભાટચારણોએ રચેલાં સંખ્યાબંધ ઐતિહાસિક પ્રશસ્તિકાવ્ય મળે છે. ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈના હસ્તલિખિત પુસ્તકસંગ્રહમાં આવું સાહિત્ય લિખિત સ્વરૂપે સારા પ્રમાણમાં સંઘરાયું છે.[૬૪] અમદાવાદનો કબજો લેતાં મરાઠાઓને અટકાવવાનો પ્રયત્ન કરનાર રુસ્તમકુલી અને અભરામકુલીનો શલોકો (સં. ૧૭૮૧-ઈ.સ. ૧૭૨૫) શામળ ભટ્ટે રચ્યો છે.[૬૫] ગુમાનબારોટકૃત વિવિધ પ્રશસ્તિકાવ્યો હજી અપ્રગટ છે[૬૬] આ સમયમાં રચાયેલાં કપૂરચંદનો રાસડો, વેણીભાઈનો રાસડો ભાણુનો સલોકો, તાપીદાસનો રાસડો ઇત્યાદિ ઐતિહાસિક ગીતકાવ્યો મળે છે.[૬૭]

આ તો મુખ્યત્વે ઐતિહાસિક કે ઇતિવૃત્તપ્રધાનકૃતિઓનું વિહંગાવલોકન થયું, પરંતુ સર્વસામાન્ય સાહિત્ય કે એવી સાહિત્યકૃતિઓમાંના નિર્દેશ સમકાલીન જીવન અને સંસ્કૃતિને સમજવામાં સહાય કરે છે એ સ્પષ્ટ છે. અખાના છપ્પા, પ્રેમાનંદના આખ્યાન, શામળની પદ્યવારતાઓ જેવી પ્રશિષ્ટ કૃતિઓ, જૈનરાસાઓ અને એ પ્રકારનું વિપુલ સાહિત્ય ગુજરાતના અતીત જીવનનું દર્શન કરવા માટે ઘણી વાર દર્પણની ગરજ સારે છે એ અભ્યાસીઓને વિદિત છે.

૪. સંસ્કૃત-ગુજરાતી અભિલેખો

સલ્તનત કાલની જેમ મુઘલ કાલના ઇતિહાસ માટે પણ સંસ્કૃત-ગુજરાતી અભિલેખોમાંથી કેટલીક મહત્ત્વની માહિતી પ્રાપ્ત થાય છે.

મુઘલ કાલની ઇસ્લામી ઇમારતોમાં કોતરેલા લગભગ ૧૯૮ જેટલા અરબી ફારસી શિલાલેખ પ્રસિદ્ધ થયા છે,[૬૮] જ્યારે આ કાલના પ્રસિદ્ધ સંસ્કૃત-ગુજરાતી શિલાલેખોની સંખ્યા લગભગ દોઢસો જેટલી છે;[૬૯] ને પ્રતિમાલેખોની સૂચિ ઈ.સ. ૧૭૦૦ સુધી તૈયાર કરવામાં આવી છે તે લેખોની સંખ્યા લગભગ સવાત્રણસો જેટલી છે.[૭૦] એમાં ઈ.સ. ૧૭૦૦ થી ૧૭૫૮ સુધીના પ્રસિદ્ધ પ્રતિમાલેખ ઉમેરવામાં આવે તો એ સંખ્યા લગભગ ચારસો સુધી પહોંચે. મુઘલ કાલ દરમ્યાનના સેંકડો પ્રતિમાલેખ હજી અપ્રસિદ્ધ રહ્યા લાગે છે. એવી રીતે પાળિયાઓ પર કોતરાયેલા અનેકાનેક લેખ હજી પ્રકાશિત થયા લાગતા નથી. અભિલેખોની સંદર્ભસૂચિઓમાં સમાયેલા પ્રસિદ્ધ સંસ્કૃત-ગુજરાતી અભિલેખોનોય વિગતે અભ્યાસ કરતાં એમાંથી ઇતિહાસને ઉપયોગી ઠીક ઠીક માહિતી સાંપડે છે.

રાજકીય ઇતિહાસની બાબતમાં આમાંના કેટલાક અભિલેખોમાં આવતા સમકાલીન મુઘલ બાદશાહો તથા સૂબેદારોના નિર્દેશ તત્કાલીન તવારીખમાં નોંધાયેલી હકીકતને સમર્થન આપે છે ને કેટલીક વાર વિગતોની કે સમયાંકનની પુરવણી કરે છે.[૭૧] વળી આ અભિલેખો, ખાસ કરીને સૌરાષ્ટ્રના, આ કાલનાં સ્થાનિક હિંદુ રાજ્યોના ઇતિહાસ માટે સવિશેષ ઉપયોગી નીવડે છે.[૭૨] વહીવંચાઓના ચોપડાઓમાં જણાવેલી રાજાઓની સાલવારીનું સંશોધન કરવામાં આ અભિલેખોમાંના સમયનિર્દેશ ઘણી સંગીન મદદ કરે છે.

આ કાલના અભિલેખોમાં શિલાલેખો, પાષાણ-પ્રતિમાલેખો અને ધાતુ-પ્રતિમા લેખોનો સમાવેશ થાય છે તામ્રપત્રો પર કોતરેલા દાનશાસન-લેખ ભાગ્યેજ મળે છે. શિલાલેખ મુખ્યત્વે પૂર્તકાર્યોના નિર્માણને લગતા છે એમાં કેટલાક લેખ વાપી(વાવ)ના નિર્માણની હકીકત નોંધે છે; જેમકે ધોલ્લાનો વિ.સં. ૧૬૩૪ (ઈ.સ ૧૫૭૮)નો લેખ અને અમદાવાદનો વિ.સં. ૧૭૭૯(ઈ.સ.૧૭૨૩)નો લેખ[૭૩]. કોઈ શિલાલેખ કૂપ(કૂવો) અને તડાક(તળાવ)ના નિર્માણને લગતા હોય છે[૭૪]

કેટલાક અભિલેખોમાં દેવાલયો તથા જિનાલયોના નિર્માણ કે જીર્ણોદ્ધારની હકીકત આપેલી છે.[૭૫] એમાં કેટલાક લેખ ખાસ નોંધપાત્ર છે; જેમકે ખંભાતના ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરનો વિ.સં. ૧૬૬૧(ઈ.સ. ૧૬૦૫)નો લેખ શત્રુંજય પર્વત પરનો વિ.સં ૧૫૮૭ ઈ.સ ૧૫૩૧)નો લેખ, આરાસણના નેમિનાથ મંદિરનો વિ.સં. ૧૬૭૫ (ઈ.સ. ૧૬૧૯)નો લેખ, શત્રુંજય પર્વત પરનો એ વર્ષનો લેખ, જામનગરનો વિ.સં. ૧૬૭૬(ઈ.સ. ૧૬૨૦)નો લેખ અને ભાવનગરનો વિ.સં. ૧૭૬૮(ઈ.સ. ૧૭૧૨)નો લેખ.

સલ્તનત કાલની મુઘલ કાલના પ્રતિમાલેખો પરથી અનેક જૈનપ્રતિમાઓના નિર્માણ વિશે તેમજ એની પ્રતિષ્ઠા વિશે માહિતી મળે છે. એમાં આપેલી સમયનિર્દેશની તેમજ ગચ્છ સૂરિ જ્ઞાતિ વગેરેની વિગત ધાર્મિક તથા સામાજિક દૃષ્ટિએ ખાસ ઉપયોગી નીવડે છે.

સમયનિર્દેશમાં લગભગ હમેશાં વિક્રમ સંવતનો જ ઉપયોગ જોવા મળે છે. એનાં વર્ષ મોટે ભાગે કાર્તિકાદિ અને એના માસ અમાંત ગણાતા હોવાનું માલૂમ પડે છે.[૭૬] ક્યારેક બાર્હસ્પત્ય સંવત્સરચક્રમાંના સંવત્સરનો પણ નિર્દેશ આવે છે. જેમકે મૂળી (જિ. સુરેન્દ્રનગર) ના વિ.સં. ૧૬૮૫(ઈ.સ. ૧૬૨૯)ના લેખમાં.[૭૭] કેટલીક વાર વિક્રમ સંવતની સાથે શક સંવતનું વર્ષ પણ આપવામાં આવતું, જેમકે અમદાવાદની અમૃતવર્ષિણી વાવના લેખમાં વિ.સ. ૧૭૭૯ અને શ.સં. ૧૬૪૪(ઈ.સ. ૧૭૨૩).[૭૮] આ કાલના પ્રકાશિત સંસ્કૃત-ગુજરાતી અભિલેખોમાં હિજરી સનના વર્ષનો નિર્દેશ થયો નથી, પરંતુ થોડા અભિલેખોમાં વિક્રમ સંવતના વર્ષની સાથે ઇલાહી સનનું વર્ષ આપવામાં આવ્યું છે.[૭૯] આ સન મુઘલ બાદશાહ અકબરે 'દીન-ઇ-ઇલાહી'ની સ્થાપના કર્યા પછી શરૂ કરી હતી (ઈ.સ. ૧૫૮૪)ને હિજરી સનની જગ્યાએ એ નવી સન પ્રચલિત કરી હતી. એનો આરંભ એના રાજ્યારોહણના વર્ષ ૧ (ઈ.સ. ૧૫૫૬)થી ગણવામાં આવતો. એનાં વર્ષ હિજરી સનની જેમ ચાંદ્ર નહિ, પણ જરસ્થોસ્તી સનની જેમ સૌર ગણવામાં આવતાં. એમાં અમુક મહિના ૨૯ દિવસના, અમુક ૩૦ દિવસના, અમુક ૩૧ દિવસના અને એક મહિનો ૩૨ દિવસનો ગણાતો. એ રીતે વર્ષ કુલ ૩૬૫ દિવસનું થતું. વળી દર ચોથે વર્ષે એક દિવસ ઉમેરવામાં આવતો. ઇલાહી સનના બાર મહિનાઓનાં નામ જરથોસ્તી સનના મહિનાઓ પ્રમાણે રાખવામાં આવ્યાં હતાં. એવી રીતે મહિનાના દરેક રોજનું પણ અલગ અલગ નામ પ્રયોજાતું. આ સનના વર્ષમાં ૧૫૫૫-૧૫૫૬ ઉમેરવાથી ઈ.સ.નું વર્ષ આવે છે. ઇલાહી સન અકબરના તથા જહાંગીરના રાજ્યકાલ દરમ્યાન પ્રચલિત રહી, પરંતુ શાહજહાંએ એને બદલે પાછી હિજરી સન ચાલુ કરી ને ઇલાહી સનનો લોપ થયો.[૮૦]

મુઘલ કાલના આ અભિલેખો પૈકી ઘણા સંસ્કૃત ભાષામાં લખાયા છે, કેટલાક લેખ અંશતઃ સંસ્કૃતમાં અને ગુજરાતીમાં લખાયા છે,[૮૧] તો કેટલાક લેખ એ કાલની ગુજરાતી ભાષામાં છે.[૮૨] શંખોદ્ધાર બેટમાંનો એક લેખ મરાઠીમાં છે.[૮૩] આ લેખોમાંના ગુજરાતી લખાણ પરથી એ ભાષાનું તત્કાલીન સ્વરૂપ જાણવા મળે છે.

ઘણા અભિલેખ ટૂંકા અને મુદ્દાસર હોઈ સાદા ગદ્યમાં લખાયા છે, તો કેટલાક લેખ લાંબા અને વિગતવાર હોઈ સુંદર પદ્યમાં રચાયા છે. પદ્યબદ્ધ પ્રશસ્તિઓમાં શત્રુંજયનો વિ.સં. ૧૬૫૦નો લેખ[84] તથા વિ.સં. ૧૬૭૫નો લેખ[85] તેમજ કોંઢ(જિ. સુરેન્દ્રનગર)નો વિ.સં. ૧૬૬૩નો લેખ,[86] નોંધપાત્ર છે. ક્યારેક ગદ્યમાં પણ વિગતવાર લખાણ અપાતું જેમકે ઊનાના વિ.સં. ૧૬૫૨ના લેખમાં[87] તથા ઘોઘા(જિ. ભાવનગર)ના વિ. સં ૧૬૭૨ના લેખમાં[88] ઘણી વાર લેખ અંશત: પદ્યમાં અને અંશત: લખાતા, જેમકે મૂળા(જિ. સુરેન્દ્રનગર)નો વિ.સં. ૧૬૮૫ નો લેખ.[89] આ વિવિધ લેખન-પ્રકારો પરથી એ કાલની લેખનશૈલીનો તથા પદ્યરચનામાં પ્રચલિત છંદોનો ખ્યાલ આવે છે. સાહિત્યિક દૃષ્ટિએ ઉચ્ચ છાપ પાડે તેવા લેખ હવે જવલ્લે જોવા મળે છે.

આ અભિલેખો પરથી ભાષાની જેમ લિપિના તત્કાલીન સ્વરૂપનો પણ પરિચય થાય છે. વર્ણમાલાના લગભગ સર્વ મૂળાક્ષરોમાં તથા અંતર્ગત સ્વર-ચિહ્નોમાં અર્વાચીન મરોડ ઘડાયો લાગે છે, જ્યારે કેટલાક સંયુક્તાક્ષરોમાં હજી જૂનો મરોડ જળવાઈ રહ્યો છે.[90] વર્ષાદિની સંખ્યાઓ સામાન્યતઃ અંક-ચિહ્નો દ્વારા દર્શાવતી. છતાં ક્યારેક, ખાસ કરીને પદ્યરચનામાં, એ અંગે શબ્દસંકેત પણ પ્રયોજાતા, દા.ત. ગગન-બાણ-કલા-મિતે અબ્દે(વર્ષ ૧૬૫૦)[91] અને સંવત્ નેત્રગજેરસેંદુસહિતે (વર્ષ ૧૬૮૨)[92] જિહ્વામૂલીય તથા ઉપધ્માનીય ચિહ્નનો ઉપયોગ ક્વચિત્ થતો, જેમકે શત્રુંજયના વિ.સં. ૧૬૫૦ ના લેખમાં.[93]

આમ સંસ્કૃત-ગુજરાતી અભિલેખો પરથી આ કાલના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસમાં ઉપયોગી નીવડે તેવી કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે. તત્કાલીન ભાષા લિપિ પૂર્તકાર્યો કાલગણના વગેરે અંગે આ માહિતી ઘણી મહત્ત્વની નીવડી છે.

૫. ખતપત્રો અને ફરમાનો

ખતપત્રો અને ફરમાનો ઇતિહાસનાં લિખિત સાધનોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. રાજ્યતંત્રનાં અધિકરણોમાં અગાઉ અક્ષપટલનું અધિકરણ હતું ને એ અધિકરણોનો વડો ઉચ્ચ કોટિનો અધિકારી ગણાતો, પરંતુ ગ્રંથોની જેમ ખતપત્રો તથા શાસનપત્રોની હસ્તલિખિત પ્રતો કાલબળે નષ્ટ થતી હોઈ, ગુજરાતમાં સોલંકી કાલ સુધીનાં ખતપત્રો કે શાસનપત્રો મોજૂદ રહ્યાં નથી, જ્યારે ગુજરાતની સલ્તનતના કાલના જૂજ દસ્તાવેજ ઉપલબ્ધ છે.[94]

સલ્તનત કાલ દરમ્યાન વિ.સં. ૧૫૩૩(ઈ.સ. ૧૪૭૬–૭૭)માં તૈયાર કરાયેલ લેખપદ્ધતિ ગ્રંથમાં ગુજરાતનાં ચાવડા તથા સોલંકી રાજ્યનાં તથા સલ્તનત કાલનાં પચાસેક પ્રકારનાં ખતપત્ર આપવામાં આવ્યાં છે, પરંતુ એ ઘણે અંશે એ પ્રકારનાં ખતપત્રોના દસ્તાવેજી સ્વરૂપના નમૂનારૂપે જ છે.

સલ્તનતમાં ખતપત્રને 'દફતરદાર' કહેતા ને દફતરખાતાના વડા અમલદારને 'દફતરદાર' કહેતા. શાહી શાસનના લખતને 'ફરમાન' કહેતા. મુઘલ કાલનાં જે ખતપત્ર પ્રકાશિત થયાં છે તે મુખ્યત્વે શાહી ફરમાનો છે ને એ ફરમાન ફારસી ભાષામાં લખાયેલા છે, પરંતુ ખાનગી મિલકતના વેચાણ કે ગીરોને લગતા દસ્તાવેજ મુખ્યત્વે પરંપરાગત સંસ્કૃત–ગુજરાતી ભાષામાં લખાયા છે. આવા દસ્તાવેજોના સંગ્રહ પ્રકાશિત થયા નથી.[૯૫]

પરંતુ અમદાવાદની ગુજરાત વિદ્યાસભાના હસ્તપ્રત-સંગ્રહમાં આ કાલના ૪૯ દસ્તાવેજ છે તેનો ઉલ્લેખ અહીં ઉપકારક છે. એ પૈકી ૨૨ વેચાણખત અને ૨૪ ગીરોખત છે. વેચાણખતો પૈકી ૧૬ ખત ઘરને લગતાં, ૪ ખત હાટને લગતાં અને ૨ ખત જમીનને લગતાં છે, જ્યારે ગીરોખતો પૈકી ૧૭ ઘરને લગતાં અને ૭ ખત હાટને લગતાં છે. ૨ દસ્તાવેજ મિલકતના ભાગ પાડવાને લગતા છે ને એક દસ્તાવેજ પલ્લાની ફારગતીને લાગતો છે. ખતપત્રોમાં આપેલી માહિતી વિવિધ ઉપયોગિતા ધરાવે છે. આ ખતો પૈકી ફક્ત બે ખત ફારસીમાં છે, બાકીનાં બધાં સંસ્કૃત–ગુજરાતીમાં છે. દરેક ખતમાં આરંભે તે તે સમયે રાજ્ય કરતા બાદશાહનો તથા એના સૂબા અને દીવાન તેમજ તે તે સ્થળના કાજી કોટવાળ વગેરે સ્થાનિક અમલદારોનો નામનિર્દેશ આવે છે તે રાજકીય તથા વહીવટી ઇતિહાસ માટે ઉપયોગી છે. સંસ્કૃત–ગુજરાતી ખતપત્રોમાં સમય-નિર્દેશ વિક્રમ સંવતના વર્ષમાં માસ પક્ષ તિથિ અને વાર સાથે આપવામાં આવે છે. ઘણી વાર વિક્રમ સંવતની સાથે શક સંવતનું વર્ષ પણ આપ્યું હોય છે. ફારસી ખતપત્રોમાં હિજરી સન અને/અથવા ઇલાહી સનનું વર્ષ મહિનો તથા રોજ સાથે આપવામાં આવે છે. મિલકતના ગ્રાહક (લેનાર) અને દાયક (દેનાર)ને લગતી વિગતોમાં એ કાલની જ્ઞાતિઓ, ધંધાદારી વર્ગો તથા મનુષ્યનામોની કેટલીક વિગતવાર માહિતી મળે છે. ઘર હાટ વગેરેના સ્થાનનિર્દેશની વિગતો પરથી એ નગર કે ગામનાં એ સમયનાં દરવાજા ચકલાં પોળો વગેરેનાં પ્રચલિત નામ જાણવા મળે છે, જ્યારે ઘર હાટ વગેરેના વર્ણનની વિગતો પરથી એના સ્થાપત્યકીય સ્વરૂપની તથા એનાં અંગ–ઉપાંગોની માહિતી મળે છે. વેચાણ ને ગીરોને લગતી રકમ પરથી એ સમયનાં પ્રચલિત નાણાં તથા ઘર હાટ ખેતર

વગેરેની કિંમતનો ખ્યાલ આવે છે. વળી દસ્તાવેજો તે તે સમયની પ્રચલિત ભાષાના તથા લિપિના પ્રત્યક્ષ નમૂના પૂરા પાડે છે. દસ્તાવેજી ખતોમાં વપરાતા વિવિધ પારિભાષિક શબ્દ પણ જાણવા મળે છે. મતું અને સાખના હસ્તાક્ષરોમાં નામોનું તથા અક્ષરોના મરોડનું વૈવિધ્ય વરતાય છે.

'મિરાતે અહમદી' (ઈ.સ. ૧૭૪૭–૬૧)ના લેખક અલી, મુહમ્મદખાન જે મુઘલ હકૂમત નીચેના ગુજરાતના છેલ્લા દીવાન હતા, તેમણે પોતાના એ ગ્રંથમાં અમદાવાદના દફતરખાનામાંનાં ઘણાં શાહી ફરમાન ઉતાર્યાં છે, જે સર્વ મુઘલ હકૂમતના કાલનાં છે. આ ફરમાન વિવિધ બાબતોને લગતાં છે, જેમકે કાલગણના માટે તારીખે ઇલાહી અપનાવવા માટેનું અકબરનું ફરમાન.[૯૬] અમુક ચીજો પર જકાત ન લેવા માટેનું અકબરનું ફરમાન.[૯૭] મિર્ઝા ઇસાતરખાનને સૂબેદારી સોંપવા માટે બાદશાહ શાહજહાંએ સૂબેદાર આઝમખાનને ફરમાવેલું ફરમાન,[૯૮] બાદશાહ મુરાદબક્ષનું શાંતિદાસના પુત્રો પાસેથી ઉછીની લીધેલી રકમ ચૂકવવા અંગેનું મુતમાંદખાનને ફરમાન,[૯૯] બાદશાહના ઔરંગઝેબનું રાજ્યમાં ભાંગનું વાવેતર ન કરવા વિશે દીવાન રહેમતખાનને ફરમાન,[૧૦૦] જમીન-મહેસૂલને લગતું ઔરંગઝેબનું ફરમાન[૧૦૧] ૩૩ કલમોનું ન્યાયને લગતું એનું ફરમાન[૧૦૨] માફ કરેલી જકાત નહિ લેવા માટેનું એનું ફરમાન[૧૦૩] અને સૂબેદાર તરીકે ઇબ્રાહીમખાનની નિમણૂક કરતું અને ફરમાન,[૧૦૪] બાદશાહ મુહમ્મદ ફર્રુખશિયરનું તખ્તનશીનીને લગતું સૂબેદાર શહામતખાનને ફરમાન,[૧૦૫] બાદશાહ મુહમ્મદ રફીનું જજિયાવેરાની નાબૂદી અંગેનું ફરમાન,[૧૦૬] બાદશાહ મુહમ્મદશાહ તરફથી ખુશાલચંદની નગરશેઠ તરીકે થયેલી નિમણૂક અંગેનો પરવાનો,[૧૦૭] જવાંમર્દખાન સાથેનો બાલાજીરાવનો કરાર[૧૦૮] વગેરે.

પ્રો. કોમિસરિયેતે મુઘલ શહેનશાહોનાં ગુજરાતને લગતાં ૨૧ ફરમાનોનો સંગ્રહ પ્રકાશિત કર્યો છે ને એની પ્રસ્તાવનામાં એ પ્રકારનાં બીજાં ૨૦ ફરમાનોનો સાર આપ્યો છે. એમાંનાં કેટલાંક રાજકીય ઇતિહાસની દૃષ્ટિએ પણ ઉપયોગી છે દા.ત. અકબરે પર્યુષણના પર્વદિનોમાં પ્રાણી-વધની મનાઈ અંગે હીરવિજયસૂરિને હિ.સ. ૯૯૨ (ઈ.સ. ૧૫૮૪)માં આપેલું ફરમાન [૧૦૯] અકબરે ઇલાહી સન ૩૫ (ઈ.સ. ૧૫૯૦)માં હીરવિજયસૂરિને આપેલું ફરમાન,[૧૧૦] અકબરે ઇલાહી સન ૩૭(ઈ.સ. ૧૫૯૨)માં જૈન શ્વેતાંબર તીર્થો અંગે હીરવિજયસૂરિને આપેલું ફરમાન,[૧૧૧] અકબરે ઇલાહી સન ૪૬ (ઈ.સ. ૧૬૦૧)માં વિજયસેનસૂરિને આપેલું ફરમાન,[૧૧૨] જહાંગીરે પં. વિવેકહર્ષને ઈ.સ. ૧૬૦૮માં આપેલું ફરમાન.[૧૧૩] જહાંગીરે ઈ.સ. ૧૬૧૦માં પં. વિવેકહર્ષને પર્યુષણપર્વ અંગે આપેલું ફરમાન[૧૧૪] જહાંગીરે ઈ.સ. ૧૬૧૬માં

વિવેકહર્ષને આપેલું ફરમાન,[૧૧૫] અને જહાંગીરે આપેલાં એવાં બીજાં ત્રણ ફરમાન[૧૧૬] શાહજહાંએ અમદાવાદના ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરનું પુનર્નિર્માણ કરવા ઈ.સ ૧૬૪૮માં ફરમાવેલું ફરમાન[૧૧૭] પણ મહત્ત્વનું છે. જહાંગીર શાહજહાં અને ઔરંગઝેબનાં બીજાં કેટલાંક ફરમાન પણ જૈનધર્મને લગતાં છે.[૧૧૮] મુરાદબક્ષે અમદાવાદના શાંતિદાસ ઝવેરીના કુટુંબ પાસેથી લીધેલી રકમ અંગેનાં મુરાદબક્ષનાં તથા ઔરંગઝેબનાં ફરમાન[૧૧૯] ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યનાં છે. શાંતિદાસ ઝવેરીના ધંધાને લગતાં તથા એમની માલમિલકતને લગતાં ફરમાન[૧૨૦] એમના અંગત ઇતિહાસ પર પ્રકાશ પડે છે.

અકબરે તથા જહાંગીરે નવસારીના પારસી દસ્તૂરોને[૧૨૧] તથા જીસસના અનુયાયીઓના ત્રીજા મંડળના પાદરીઓને[૧૨૨] આપેલાં ફરમાન તે તે સંપ્રદાયને મળેલા રાજ-પ્રોત્સાહન પર પ્રકાશ પડે છે.

મુઘલ હકૂમતના અંતભાગમાં ગુજરાતમાં મરાઠાઓ તથા અંગ્રેજોની સત્તા પણ જામતી જતી હતી, તેથી પેશ્વાઓ તથા ગાયકવાડોનો પત્રવ્યવહાર[૧૨૩] તેમજ અંગ્રેજ અમલદારોનો પત્રવ્યવહાર[૧૨૪] પણ આ બાબતમાં કેટલીક પ્રમાણિત માહિતી પૂરી પડે છે.

૬. પુરાવસ્તુકીય સાધનો

મુઘલ કાલ દરમ્યાન ગુજરાતમાં થોડાંક નવાં નગરોનું નિર્માણ થયું હતું. કડી રાણપુર આઝમાબાદ અને અલીલાબાદના કોટ તથા સુરતનો બહારનો કોટ આ કાલમાં બંધાયા. વળી આ કાલના અંતભાગમાં ગોહિલવાડમાં ભાવનગરનું નિર્માણ થયું. આ નગરોનાં ખંડેરોનું વ્યવસ્થિત પુરાવસ્તુકીય ઉત્ખનન ભાગ્યેજ થયું છે ગુજરાતનાં પ્રાચીન તથા મધ્યકાલીન નગરોના ખોદકામમાં મુઘલકાલીન સ્તરોના પુરાવશેષોનું અન્વેષણ તથા અધ્યયન નહિવત્ થયું હોઈ પુરાવસ્તુકીય ખોત્ખનનનું આ સાધન આ કાલની દટાયેલા અવશેષો અંગે હજી ખાસ ઉપયોગી નીવડયું નથી. નગર-આયોજન તથા દુર્ગ-વિધાનની દૃષ્ટિએ આ કાલનાં વિદ્યમાન નગરો તથા દુર્ગો પણ વિશિષ્ટ અભ્યાસ થયો નથી.

ભૂતલ પર મોજૂદ રહેલાં સ્થાપત્યકીય સ્મારકોમાં કેટલાંક સારી હાલતમાં જળવાઈ રહ્યાં છે. મુઘલ કાલ દરમ્યાન ગુજરાતમાં કેટલાક સુંદર બાગ કરાયા હતા; જેમકે સરખેજ પાસેનો ફતેહબાગ, અમદાવાદનો રુસ્તમબાગ, તથા શાહીબાગ, જેતલપુર પાસેનો જીતબાગ, જૂનાગઢનો સરદાર બાગ, ખંભાતનો લાલ બાગ

અને પાલણપુરનો દિલખુશ બાગ. એમાં બાગ તરીકેની એની જૂની જાહોજલાલી હાલ જળવાઈ રહી હોય કે ન હોય, એમાંના ઘણા બાગમાં એ સમયની મહેલાતો મોજૂદ રહી છે. એના પરથી એ કાલની વાસ્તુકલા તથા શિલ્પકલાની ઝાંખી થાય છે. આ કાલનાં જળાશયોમાં પાટણનું ખાન સરોવર અને પેટલાદની વાવ નોંધપાત્ર છે. નાગરિક સ્થાપત્યનાં અન્ય સ્મારકોમાં આઝમખાનની સરાઈ અને વલંદાઓની કબરો નોંધપાત્ર ગણાય.

ધાર્મિક સ્થાપત્યમાં સલ્તનત કાલથી હિંદુ તથા જૈન મંદિરોમાં વાસ્તુકલાની જાહોજલાલી ઓસરવા લાગી હતી. આ કાલ દરમ્યાન બંધાયેલાં હિંદુ મંદિરોમાં દ્વારકાનું દ્વારકાધીશ મંદિર ગણનાપાત્ર છે. માંડવી ગેડી જામનગર રામપર વગેરે સ્થળોએ પણ સુંદર મંદિર બંધાયાં. ગિરનાર તથા શત્રુંજય પર્વત પર તેમજ ખંભાત પાટણ અને અમદાવાદ જેવાં નગરોમાં સુંદર જૈન દેરાસર બંધાયાં. આ હિંદુ તથા જૈન મંદિરોમાં શિલ્પકલાની અનેક દર્શનીય કૃતિઓ નજરે પડે છે.

ઇસ્લામી સ્થાપત્યમાં સલ્તનત કાલની પ્રશિષ્ટ કલા ઓસરી ગઈ હતી. અમદાવાદ વડોદરા ભરૂચ દાહોદ વગેરે સ્થળોએ અનેક સુંદર મસ્જિદો તથા રોજાઓનું નિર્માણ થયું. એમાં ફૂલવેલનાં તથા ભૌમિતિક આકૃતિઓનાં રૂપાંકનોમાં નકસી કામની કારીગીરી જોવા મળે છે.

આ કાલ દરમ્યાન ખંભાતમાં ખ્રિસ્તી દેવળ બંધાયું

ચિત્રકલામાં મુઘલશૈલી વિકસી ને એની વ્યાપક અસર દેશભરમાં પ્રવર્તી. આ અસર ગુજરાતમાં આ કાલની મુખાકૃતિઓમાં તેમજ વેશભૂષામાં વરતાય છે હસ્તપ્રતોમાંનાં લઘુચિત્રો ઉપરાંત જૈન સંઘનાં વિજ્ઞપ્તિપત્રોમાં તેમજ બ્રાહ્મણોની જન્મપત્રિકાઓમાં સુંદર રંગબેરંગી ચિત્રો જોવા મળે છે. તદુપરાંત જામનગરના દરબારગઢ જેવાં સ્થળોએ કેટલાંક યુદ્ધોને લગતાં મનોહર ભિત્તિચિત્ર આલેખાયાં છે જેમકે ભૂચર મોરીમાં જામ સત્રસાલ અને મુગલ સૂબા અઝીઝ કોકાનાં સૈન્યો વચ્ચે ખેલાયેલું યુદ્ધ, હળવદ પર જામ જસાજીના સૈન્યની ચડાઈ અને સ્ત્રીઓના સ્વાંગમાં પ્રવેશ કરી કુમાર રાયસિંહજી અને એના સાથીદારો જામનગરના દરબારગઢ પર કરેલો હુમલો.

શિલ્પકલા તથા ચિત્રકાલીન આ વિવિધ કૃતિઓનું સૂક્ષ્મ અધ્યયન કરવામાં આવે તો મુઘલકાલીન ગુજરાતના રાજકીય ધાર્મિક તથા સામાજિક જીવન વિશે વિપુલ માહિતી સાંપડે તેમ છે.

પાદટીપ

૧. અહીં સમાવિષ્ટ ગ્રંથોના પ્રકાશનાદિની વિગતો માટે, જુઓ છોટુભાઈ ન 'ગુજરાતના ઇતિહાસ માટેની અરબી-ફારસીમાં ઉપલબ્ધ સામગ્રી', "બુદ્ધિપ્રકાશ" પુ. ૧૦૭, પૃ. ૨૬૫-૬૬, ૩૦૫-૩૦૭, ૩૧૩, ૩૪૪, R. C. Majumdar (Ed.), *The Mughal Empire*, pp. 129, ff.

૨ *Annual Report on India Epigraphy (ARIE), 1960-61*, No. D, 64

૩. *Ibid, 1952-53*, No. E, 36 ૪. *Indian Antiquary*, Vol. IV, p. 7

૫. *ARIE 1959-60*, No. D, 104 ૬. *Ibid, 1954-55*, No. D, 154-155

૭. *Ibid , Epigraphia Indo-Maslemica (EIM), 1925-26*, pp. 11-12

૮. *ARIE 1961-62*, No. D, 4 ૯. *Ibid., 1954-55*, No. D, p. 156

૧૦. *Ibid., 1960-61*, No. D, *68* ૧૧, *Ibid , 1964-65*, No. D, 36

૧૨. *Ibid., 1956-57*, No. D, 104 ૧૩. *Ibid, 1956-57*, No. D, *87*

૧૪. *Ibid., 1954-55*, No. D, 52-62 ૧૫ *Ibid.*, No. D, 134

૧૬. *Ibid., 1968-69*, No. D, 216 ૧૭. *Ibid., 1962-63*, D, 47

૧૮. *Ibid., 1968-69*, No. D, 192 ૧૯. *Ibid, 1954-55*, No. D, 145

૨૦. *Epigraphia India, Arabic, and Persian Supplement (EIAPS)*, pp. 7071

૨૧. *ARIE*, 1954-55, No. E, 101 ૨૨. *Ibid , 1954-55*, No. D, 116

૨૩. *EIAPS, 1955 and, 1956* P. 99 and f. n. 3

૨૪. *AIRE, 1954-45*, No. D, 46

૨૫. *Ibid., 1969-68*, No. D, 90, *1968-69*, No. D, 165

૨૬. *Ibid., 1945-65*, No. D, 61 ૨૬. *EIM, 1933-34*, Supplement, p. 40

૨૮. *ARIE, 1964-65*, No. D, 66 ૨૯. *Ibid., 1956-57*, No. D, *89*

૩૦. *ARIE*, No. D, No. *87* ૩૧. *Ibid* , 1964-65, No. D. 26

૩૨. *Ibid.. 1969-70*, No. 53-54

૩૩. R. B. Whitehead, *Catalogue of Coins in the Punjab Museum, Lahore* Vol. II p. CV

૩૪. 'હીરસૌભાગ્ય કાવ્ય'ની રચના સં. ૧૬૭૨ અને સં. ૧૬૮૫ ની વચ્ચે (એટલે કે ઈ.સ. ૧૬૧૬ અને ઈ.સ. ૧૬૨૯ ની વચ્ચે) થઈ જણાય છે (દેસાઈ, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૫૯૮). 'હીરસૌભાગ્ય કાવ્ય'નો ગુજરાતી અનુવાદ સાધ્વી સુલોચનાશ્રીજીએ કર્યો છે અને એ મૂલ સંસ્કૃત કાવ્ય અને એની ટીકા સહિત પ્રગટ થયો છે; ભાગ ૧, અમદાવાદ, ૧૯૭૨.

૩૫. એનાં એકાદ-બે ઉદાહરણ અહીં જોઈએ. તે તે રાજાના નામથી પ્રચલિત 'વીસલપ્રિય', 'ભીમપ્રિય' 'વીસલપુરી', 'ભીમપુરી' આદિ દ્રમ્મોના ઉલ્લેખ સોલંકી કાલમાં તો મળે છે. પણ 'હીરસૌભાગ્ય કાવ્ય' વર્ણવે છે કે (સર્ગ ૧, શ્લો. ૭૭) હીરવિજયસૂરિની જન્મભૂમિ પાલનપુરના પાર્શ્વનાથના મંદિરમાં દરરોજ પાંચસો 'વીસલપુરી' દ્રામ્મનો ખર્ચ પૂજાવિધિમાં થતો હતો.

એ બતાવે છે કે સોલંકી કાલના નિદાન અમુક સિક્કા મુઘલ કાલ સુધી પણ ચલણમાં પ્રચલિત હતા. સર્ગ ૧, શ્લોક ૮૦માં કહ્યું છે કે પાલનપુરના ધનાઢ્યો 'શીકરી' તરીકે ઓળખાતા વાહનમાં બેસી (श्रितशीकरीकाः) ઉપર્યુક્ત મંદિરમાં દર્શને જતા હતા, 'શ્રીકરી' અથવા 'શીકરી' એ સુખપાલ કે વાહનીથી ભિન્ન પ્રકારને છત્રયુકત વાહનવિશેષ હોય એમ અનેક પ્રાચીન ઉલ્લેખોથી અનુમાન થાય છે (ભોગીલાલ સાંડેસરા, 'श्रीकरी–सींकरी' "બુદ્ધિપ્રકાશ", પુ, ૯૬, પૃ. ૩૯૪-૯૬ વળી જુઓ 'શબ્દ અને અર્થ', પૃ. ૬૯-૪૧); પણ 'હીરસૌભાગ્ય કાવ્ય'ની ટીકામાં शीकर्यो...फिरङ्गदेशप्रसिद्धा: એમ કહ્યું છે; સંભવ છે કે ૧૬ મા ૧૭ મા શતકમાં ગુજરાતમાં ઠીક ઠીક પ્રસરેલા ફિરંગીઓ અથવા બીજા યુરોપવાસીઓ 'શ્રીકરી-શીકરી'-ને મળતું કોઈ વાહન કે આસન વાપરતા હોય,

૩૬. મુદ્રિત 'આનંદ કાવ્યમહોદધિ', મૌક્તિક ૫ માં.

૩૭. મોહનલાલ દેસાઈ, 'જૈન ગુર્જર કવિઓ.' ભાગ ૧, પૃ. ૩૧૧-૧૩

૩૮. એજન, પૃ. ૧૭૧

૩૯. મુદ્રિત : 'જૈન ઐતિહાસિક ગુર્જરકાવ્યસંચય', (સં. જિનવિજયજી), ભાવનગર, ૧૯૨૬

૪૦. મોહનલાલ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૪૩૯-૪૦. બાર બોલ વિશે જુઓ, 'જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ', ઐતિહાસિક અંક સને ૧૯૧૫ (સંયુકત અંક ૭-૯)

૪૧. મુદ્રિત 'યશોવિજય જૈન ગ્રંથમાળા', બનારસ, સં. પંડિત હરગોવિંદદાસ અને પંડિત બેચરદાસ

૪૨. મુદ્રિત સં. મુનિ જિનવિજયજી, ભાવનગર, ૧૯૧૭

૪૩. મુદ્રિત 'સિંઘી જૈન ગ્રંથમાલા', ગ્રંથ ૧૫, સં, મોહનલાલ દલીચંદ દેસાઈ, અમદાવાદ-કલકત્તા, ૧૯૪૧

૪૪. કાદંબરી' ટીકાની અંતિમ પ્રશસ્તિમાં તથા કાદંબરી-કથાના જૂની ગુજરાતી ગદ્યમાં કરેલા સંક્ષેપને અંતે ('પુરાતત્વ', પુસ્તક ૫, અંક ૪) સિદ્ધિચંદ્રે પોતાના ગુરુ ભાનુચંદ્ર વિશે पातासाहश्रीअकबरजल्लालदीनसुर्यसहस्रनामाध्यापक: એવું વિશેષણ પ્રયોજ્યું છે. ફારસી ઇતિહાસકાર બદાઊની આ હકીકતને ટેકો આપે છે.

૪૫. મુદ્રિત 'યશોવિજય જૈન ગ્રંથમાલા', ગ્રંથ ૨૩ (સંપાદકો-પં. હરગોવિંદદાસ અને પં. બેચરદાસ) બનારસ, વી. સં. ૨૪૩૭

૪૬. મુદ્રિત સં. જિનવિજયજી, અમદાવાદ, ૧૯૨૮

૪૭. મુદ્રિત શ્રી મોહનલાલ દેસાઇ સંપાદિત 'જૈન ઐતિહાસિક રાસમાળા', ભાગ ૧, પૃ. ૧૦૩-૧૦૭

૪૮. મુદ્રિત સિંધી જૈન ગ્રંથમાલા'. ગ્રંથ ૭ (સં. પં. બેચરદાસ), અમદાવાદ-કલકતા, ૧૯૩૭

૪૯. મુદ્રિત 'સિંધી જૈન ગ્રંથમાલા', ગ્રંથ ૧૪, સ. પંડિત અંબાલાલ પ્રેમચંદ શાહ મુંબઈ, ૧૯૪૫

૫૦. મોહનલાલ દેસાઈ, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'. પૃ. ૫૭૫

૫૧. મુદ્રિત 'જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય', સં. જિનવિજયજી, પૃ. ૧૦૬-૧૩૩

૫૨. મુદ્રિત, 'જૈન ઐતિહાસિક રાસમાળા', ભાગ ૧, સં. મોહનલાલ દેસાઈ, પૃ. ૧-૧૮૨

૫૩. 'મુદ્રિતજૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય', સં, જિનવિજયજી, પૃ. ૪૫-૬૭

૫૪. મુદ્રિત સં, મોહનલાલ દેસાઈ અમદાવાદ, ૧૯૩૪

ઐતિહાસિક વ્યક્તિવિશેષો પરત્વે રચાયેલી અન્ય કૃતિઓ માટે જુઓ દેસાઈ-સંપાદિત 'જૈન ઐતિહાસિક રાસમાળા', જિનવિજયજી સંપાદિત 'જૈન ઐતિહાસિક ગુર્જરકાવ્યસંચય', નાહટા-સંપાદિત, ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ,' 'વિજય-ધર્મસૂરિ-સંપાદિત ઐતિહાસિક રાસસંગ્રહ', ભાગ ૧-૪, ભોગીલાલ સાંડેસરા અને સોમાભાઈ પારેખ-સંપાદિત 'પ્રાચીન ફાગુ સંગ્રહ', ઇત્યાદિ. આ પ્રકારની અનેક કૃતિઓ હજી અપ્રગટ છે; જુઓ. દેસાઈ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૬૧૩-૧૪, ૬૬૮-૬૯

૫૫. વિજ્ઞપ્તિપત્રોના પ્રમાણભૂત પરિચય માટે જુઓ, શ્રી જિનવિજયજી-સંપાદિત 'વિજ્ઞપ્તિ ત્રિવેણિ (પ્રસ્તાવના) ભાવનગર, ૧૯૬૬, વિજ્ઞપ્તિપત્રોમાંના ચિત્રાદિના નમૂના માટે જુઓ હીરાનંદ શાસ્ત્રી *Ancient Vijnaptipatras*, વડોદરા, ૧૯૪૨.

૫૬. ભોગીલાલ સાંડેસરા, 'ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ', દીપોત્સવી અંક, સં. ૨૦૧૦, 'ઉપાધ્યાય વિનયવિજયકૃત ઇન્દુદૂતમાંનું સુરતનું વર્ણન એ લેખ.

૫૭. પોતાના ગચ્છના સાધુઓને વિવિધ સ્થાનોમાં ચાતુર્માસ કરવાનું સૂચવતા આદેશ આચાર્ય તરફથી નીકળતા, જેને 'ક્ષેત્રાદેશપટ્ટક કહેતા આવા કેટલાક ક્ષેત્ર દેશપટ્ટકો મળ્યા છે. ઐતિહાસિક ભૂગોળની દૃષ્ટિએ એ અભ્યાસપાત્ર છે.

૫૮. જિનવિજયજી 'વિજ્ઞપ્તિ ત્રિવેણિ', પ્રસ્તાવના

૫૯. હીરાનંદ શાસ્ત્રી *Ancient Vijnaptipatras*, પૃ. ૪૨ થી આગળ

૬૦. કેશવરામ કા. શાસ્ત્રી 'કવિચરિત' ભાગ ૨, પૃ. ૩૪૨-૪૫

૬૧. એજન. પૃ. ૪૯૪-૯૭ ૬૨. એજન, પૃ. ૪૯૮-૯૯ ૬૩. એજન. પૃ. ૫૦૦-૫૦૧

૬૪. અંબાલાલ જાની, 'શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ,' ભાગ ૧, મુંબઈ, ૧૯૨૩

૬૫. મુદ્રિત 'બુદ્ધિપ્રકાશ', પુ. ૧, સને ૧૮૫૪. આ શલોકાની ૧૧૯ કડીઓ એમાં છપાઈ છે. વળી જુઓ રત્નમણિરાવ, 'ગુજરાતનું પાટનગર-અમદાવાદ', પૃ. ૧૨૮-૩૩

૬૬. અંબાલાલ જાની, ઉપર્યુક્ત પૃ. ૩૦. ૬૭. એજન, પૃ. ૧૬૭ અને આગળ

૬૮. ચિ. અ. દેસાઈ, ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૬, લેખ ૩૨૧ થી ૫૧૮

૬૯. હ. ગં. શાસ્ત્રી? — ઇં. વિ. ત્રિવેદી, ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૪, લેખ ૨૯૫ થી ૪૪૨

૭૦. એજન, ખંડ ૫, લેખ ૩૩૭૩ ૩૩૯૫

૭૧. હ. વિ. ત્રિવેદી, ગુજરાતના મુસ્લિમકાલના સંસ્કૃત અભિલેખોમાંથી મળતી. માહિતી,' પૃ. ૫૩ થી ૯૨

૭૨. એજન. પૃ. ૯૩ થી ૧૬૫ ૭૩. એજન, પૃ. ૨૯૨ થી ૨૯૭

૭૪. એજન, પૃ. ૨૯૭ થી ૩૦૫ ૭૫. એજન, પૃ. ૩૩૬ થી ૩૬૩

૭૬. એજન, પૃ. ૪૬૮ થી ૪૮૪

૭૭. Diskalkar, *Inscriptions of Kathiawad* No. 125

૭૮ 'કુમાર', અંક ૩૮૭ પૃ. ૨૮૬-૨૮૮

૭૯. ઇં. વિ. ત્રિવેદી ઉપર્યુક્ત પૃ. ૫૬૦

૮૦ गौ. ही. ओझा, भारतीय प्राचीन लिपिमाला, पृ. १९३ , D. C. Sircar, *Indian Epigraphy*, p. 30

૮૧. દા.ત., Diskalkar, *op. cit.*, Nos. 103, 175

૮૨. દા.ત., *Ibid.*, Nos. 140, 154. 156, 157, 173, 174

૮૩. *Ibid.*, No. 172 ૮૪. *Ibid.*, No. 106 ૮૫. *Ibid.*, No. 171

૮૬. *Ibid.*, No. 111 ૮૭. *Ibid.*, No. 107 ૮૮. *Ibid.*, No. 115

૮૯. *Ibid.*, No. 125 ૯૦. ઈં. વિ. ત્રિવેદી પૃ. ૫૮૪

૯૧. Diskalkar, *op. cit.*, No. 106 ૯૨. *Ibid.*, No. 121

૯૩. *Ibid.*, No. 106

૯૪. ડા. ત. પાટણમાંથી મહમૂદશાહ ૧લા સમયનો એક દસ્તાવેજ વિ. સં. ૧૫૪૭નો અને એક બીજો વિ.સં. ૧૫૬૨ નો મળ્યો છે (જિનવિજયજી, 'પાટણના બે જૂના દસ્તાવેજો', "પુરાતત્ત્વ", પુ. ૪ પૃ. ૧–૯). બીજા કેટલાક દસ્તાવેજો માટે જુઓ ભો. જ. સાંડેસરા, 'ગુજરાતનાં જૂનાં ખતપત્રો અને દસ્તાવેજો, "ગ્રંથ અને ગ્રંથકાર", પુ. ૬, પૃ. ૪૩–૪૭.

૯૫. ભો. જ. સાંડેસરા, એજન, પૃ. ૪૭–૫૪. આ કાલના અન્યત્ર પ્રકાશિત થયેલા બીજા કેટલાક દસ્તાવેજો માટે જુઓ એજન, પૃ. ૪૨ અને P. C. Divanji, 'Three Gujarati Legal Documents of the Moghul Period,' *Journal of Gujarat Research society*, Vol. IV, pp. *18* ff,

૯૬. *Mirat-i-Ahmadi*, (Eng. tran.) pp. 136 ff

૯૭. *Ibid.*, pp. 148 ff. ૯૮. *Ibid*, pp. 191 ff. ૯૯. *Ibid.*, p. 211

૧૦૦ *Ibid.*, p. 219 ૧૦૧ *Ibid.*, pp. 240 ff. ૧૦૨ *Ibid.*, 248 ff

૧૦૩ *Ibid.*, pp. 256 f ૧૦૪ *Ibid*, p. 331 ૧૦૫ *Ibid.*, p. 352

૧૦૬ *Ibid.*, pp. *388* f; 'મિરાતે અહમદી', વૉ. ૨ (ગુજ. અનુ.), પૃ. ૩૧–૩૨

૧૦૭ *Ibid.*, p. *505*; એજન, પૃ. ૧૯૩–૧૯૪

૧૦૮ *Ibid.*, p. 745; એજન, પૃ. ૫૦૮–૫૦૯

૧૦૯ M. S. Commissariat, *Imperial Mughal Farmans in Gujarat*, Intr,. p. 9

૧૧૦ મુનિરાજ વિદ્યાવિજય, 'સૂરીશ્વર અને સમ્રાટ', પરિશિષ્ટ क

૧૧૧ M. S. Commissariat, *op. cit*, p. *10*

૧૧૨ મુનિરાજ વિદ્યાવિજય, ઉપર્યુક્ત, પરિશિષ્ટ ख

૧૧૩ M. S. Commissariat, *op cit* pp. *10–11*

૧૧૪ N. C. Mehta, *Studies in Indian Painting*, pp. 69 ff

૧૧૫ M. S. Commissariat, op. cit. pp. 26 ff. (plate I)

૧૧૬ મુનિરાજ વિદ્યાવિજય, ઉપર્યુક્ત, પરિશિષ્ટ ग, घ, અને ङ

૧૧૭ M S. Commissariat, *op*, *cit*, pp. 39 ff.

૧૧૮ *Ibid.*, Plates II, VII, XIII, XIV, XIV and XX; M.S. Commissariat, *Studies in the History of Gujarat*, pp. 64 ff.

૧૧૯ *Ibid.*, pp. 47 ff. (plptes XV–XVIII), આમાંનું પહેલું 'મિરાતે અહમદી'માં ઉતારેલું છે.

૧૨૦ *Ibid.*, Plates IV, V, VI, VIII, X, XI, XII and XIXમાંનું ફરમાન આ પ્રકારનું છે.

૧૨૧ Comissariat, *Imperial Mughal Farmans in Gujarat*, p 21

૧૨૨ *Ibid*, pp 22 f

૧૨૩ 'पेशवे दफ्तरांतून निवडलेले कागद' (સં. ગો. સ. સરદેસાઇ) ગ્રંથમાળાનો ગ્રંથ ૧૨ ડાભાડેઓ અને ગુજરાતની જીતને લગતો છે. વળી જુઓ लाटचे मराठी ऐतिहासिक लेख, ભા ૧–૨ તથા *The Gaikwads of Baroda : English Documents*, Vol. I (Ed. by Gense and Banaji)

૧૨૪ *A Collection of Treaties, Engagements and Sunnuds relating to India and Neighbouing Countries* (Ed. by C. W. Aitchison), Vol. VI

ખંડ ૨

રાજકીય ઇતિહાસ

પ્રકરણ ૨

મુઘલ બાદશાહોના પૂર્વ સંપર્ક અને ગુજરાતમાં મુઘલાઈની સ્થાપના

મુઘલ બાદશાહ અકબરે ઈ.સ. ૧૫૭૨–૭૩ માં ગુજરાત જીતી લઈ ત્યાં મુઘલાઈ હકૂમત સ્થાપી તે પહેલાં પણ મુઘલ બાદશાહોને ગુજરાત સાથે કંઈ ને કંઈ સંપર્ક થયા હતા.

બાબર અને ગુજરાત

બાબરે ઈ.સ. ૧૫૨૬ માં હિંદ પર આક્રમણ કર્યું તે સમયે ગુજરાતમાં સુલતાન મુઝફ્ફરશાહ ૨ જાનું શાસન (ઈ.સ. ૧૫૧૧–૨૬) ચાલતું હતું.

મુઝફ્ફરશાહના શાહજાદાઓમાં સૌથી વધુ શક્તિશાળી દ્વિતીય શાહજાદો બહાદુરખાન પિતા તરફથી મળેલી નાની જાગીરથી અસંતુષ્ટ બની મોટા ભાઈની પોતાની સામેની ખટપટોથી બચવા ગુજરાત છોડી દિલ્હી ગયો હતો (ઈ.સ. ૧૫૨૫). દિલ્હીનો સુલતાન ઇબ્રાહીમ લોદી (ઈ.સ. ૧૫૧૮–૧૫૨૬) આવા સમયે ઝહિરુદ્દીન બાબરનો દિલ્હી પાસે પાણીપતના મેદાનમાં સામનો કરવાની તૈયારીમાં હતો એમ છતાં એણે બહાદુરખાનને આવકાર આપી ત્યાં આદર સહિત રાખ્યો. બહાદુરખાન દિલ્હી પહોંચ્યો ત્યાં સુધીમાં સુલતાન ઇબ્રાહીમ અને બાબર વચ્ચે કેટલીક વાર અથડામણ થઈ હતી. બહાદુરખાનની દિલ્હીના અફઘાન અમીરો અને લોકોમાં વધેલી લોકપ્રિયતા અને શૂરવીરતા અંગે એક રસપ્રદ નોંધ જોવા મળે છે. એક વાર સુલતાન ઇબ્રાહીમ અને બાબરની એક ટુકડી વચ્ચે અથડામણ થતાં એમાં હારી ગયેલી સુલતાનની ટુકડીને યુદ્ધમેદાનમાંથી કેદ પકડી લઈ જવામાં આવી રહી હતી ત્યારે સુલતાન પોતે અને એના વીર યોદ્ધાઓ હાજર હોવા

છતાં કોઈ કશું કરી શક્યા નહિ ત્યારે બહાદુરખાનથી આ સહન ન થતાં એણે ખુલ્લી તલવારે મુઘલ સૈનિકો પર ધસી જઈ એમને હરાવ્યા અને અફઘાન કેદીઓને મુક્ત કરાવ્યા. સુલતાનનો વિજય થયો. બહાદુરખાનની આ વીરતાથી પ્રભાવિત થયેલા અમીરો, જે ત્યાં હાજર હતા અને સુલતાન ઇબ્રાહીમના શાસનથી અસંતુષ્ટ હતા, તેમણે સુલતાનને પદભ્રષ્ટ કરી, દિલ્હીની ગાદી પર બહાદુરખાનને બેસાડવાનું વિચાર્યું. અમીરોની આવી વૃત્તિની સુલતાનને ખબર પડતાં શાહજાદો બહાદુરખાન એની નજરમાં હલકો પડી ગયો. બહાદુરખાન આ બધું પામી જતાં, સુલતાનની પરવાનગી મેળવ્યા વગર, દિલ્હી છોડી ગુજરાત જતો રહ્યો.[1]

મુઘલ બાદશાહ બાબરે 'બાબરનામા'માં એક રસપ્રદ નોંધ કરી છે. એ જણાવે છે કે પિતા સાથે અણબનાવ થવાથી શાહજાદો બહાદુરખાન દિલ્હીના સુલતાન ઇબ્રાહીમ પાસે ગયો હતો. ત્યાંથી એણે પાણીપતના મેદાનમાં લડતા બાબરને મદદ માટે વિનંતિભર્યા પત્ર લખ્યા હતા, જેના બાબરે પ્રોત્સાહક અને ઉદાર ભાવે જવાબ આપ્યા હતા અને પોતાની સાથે જોડાવા બહાદુરખાનને નિમંત્રણ પણ આપ્યું હતું. પહેલાં બહાદુરખાને પાણીપતથી બાબરના આવવાની રાહ જોઈ, પણ પછીથી યોજના બદલીને સુલતાન ઇબ્રાહીમ પાસેથી છૂટો પડી એ ગુજરાત જતો રહ્યો. બહાદુરખાનને બાબરે 'લોહી તરસ્યો અને ઉદ્ધત' તરીકે ઓળખાવ્યો છે.[2] ગુજરાતના ઇમાદ-ઉલ્-મુલ્કે એક પત્ર લખીને ગુજરાતના આંતર સંઘર્ષમાં બાબરની સહાય માગી હતી[3] અને બાબર જો પોતાના લશ્કરના એક ભાગને મોકલી એને સહકાર આપશે તો ઇમાદ્-ઉલ્-મુલ્ક એને દીપ(દીવ ?)નું બંદર અને એક કરોડ ટંકા આપશે એવી તૈયારી બતાવી હતી, પરંતુ એનો પત્ર બાબરને ક્યારેય પહોંચ્યો ન હતો.[4]

હુમાયૂંની ગુજરાત પર ચડાઈ

સુલતાન મુઝફ્ફરશાહ ૨ જાના અવસાન પછી થોડા સમય બાદ બહાદુરશાહ (ઈ.સ. ૧૫૨૬-૧૫૩૭) સત્તાધીશ બન્યો. એના સમયમાં ગુજરાતનું રાજ્ય સમૃદ્ધ બનવા લાગ્યું. આ સુલતાને ગુજરાતની પૂર્વે માળવા, ઉત્તરે મેવાડ અને છેક બયાના સુધી વિજય મેળવ્યા, આથી એ મુઘલ બાદશાહ હુમાયૂં સાથે ઘર્ષણમાં આવ્યો.

ઈ.સ. ૧૫૨૬ માં દિલ્હીમાં મુઘલ સત્તા સ્થપાયા પછી લોદી વંશના ઘણા શાહજાદા ગુજરાતમાં આવ્યા અને સુલતાન બહાદુરશાહે એમને પોતાના દરબારમાં રાખ્યા. સુલતાન બહલૂલ લોદીનો પૌત્ર અને અલાઉદ્દીન લોદીનો પુત્ર તાતારખાન

ગુજરાતના દરબારમાં પોતાની દિલ્હીની ગાદી પુનઃ પ્રાપ્ત કરવા મદદ મેળવવા આવ્યો. બહાદુરશાહે એને પણ આવકાર્યો અને લશ્કરનો સેનાપતિ નીમ્યો.[૫] આ ઉપરાંત ફતહખાન કુતબખાન અને ઉમરખાન જેવા લોદી અફઘાનોને પણ બહાદુરશાહે આશ્રય આપ્યો હતો. બહાદુરશાહના આ કાર્યથી દિલ્હીના મુઘલ દરબારમાં એવી છાપ પડી કે આ સુલતાન દિલ્હી સામે મુખ્ય કેંદ્ર બની મોરચો ઊભો કરવા માગે છે. ઈ.સ. ૧૫૩૩માં હુમાયૂંનો બનેવી મુહમ્મદ ઝમાન મીરઝા જે ભારે ઝઘડાખોર હતો અને આગ્રા નજીક બયાનાના કિલ્લામાંની કેદમાંથી નાસી છૂટયો હતો તે, બહાદુરશાહને આશ્રયે આવતાં એને સુલતાને આશ્રય આપ્યો. આ બધાં કારણોથી હુમાયૂં રોષે ભરાયો અને એણે ઈ.સ. ૧૫૩૪ ના નવેમ્બરની મધ્યમાં ગુજરાત પર આક્રમણ કરવા જંગી તૈયારી સાથે કૂચ કરીને માળવામાં સારંગપુર ખાતે પડાવ નાખ્યો.

હુમાયૂંના આક્રમણ વખતે બહાદુરશાહ ચિત્તોડ પર બીજી વાર ઘેરો નાખવાની તૈયારીમાં હતો. હુમાયૂંએ બહાદુરશાહના ચિત્તોડ-વિજય સુધી સબૂરી રાખી હતી, પણ એ પછી એણે એની પૂંઠ પકડી ગુજરાતના એક અસંતુષ્ટ સેનાપતિ રૂમીખાનની સલાહ અનુસાર બહાદુરશાહનો પીછો કર્યો. બહાદુરશાહ ખંભાત થઈ દીવ તરફ નીકળી ગયો. હુમાયૂંએ ગુજરાતનું પાટનગર મુહમ્મદાબાદ (ચાંપાનેર) સર કરી લીધું ને બહાદુરશાહનું મહી નદી સુધીનું આખું રાજ્ય હુમાયૂંના તાબા નીચે આવી ગયું. આ સમયે હુમાયૂંનો સામનો કરવા માટે અમદાવાદમાં સુલતાન બહાદુરશાહ તરફી દીવાન ઇમાદુલ્–મુલ્ક અને મુજાહિદખાન ૨૨,૦૦૦ ની સેના સાથે તૈયાર થયા.

હુમાયૂંને આ સમાચાર મળતાં પાવાગઢનો કિલ્લો તરદીબેગખાનને સોંપ્યો અને પોતે લશ્કર લઈ અમદાવાદ તરફ જવા નીકળ્યો. પોતાના ભાઈ મીરઝા અસ્કરી અને મીરઝા યાદગાર નઝીર અને મીર હિંદુ બેગને એક દિવસ અગાઉ રવાના કર્યા.

નડિયાદ અને મહેમદાવાદ વચ્ચે બંને લશ્કરો વચ્ચે ઝપાઝપી થઈ; જેમાં ગુજરાતનું લશ્કર હાર્યું. હુમાયૂંના લશ્કરે અમદાવાદ તરફ કૂચ કરી અને એ કબજે કર્યું. પાછળથી હુમાયૂં પણ અમદાવાદ આવી પહોંચ્યો.

હુમાયૂં હવે સૌરાષ્ટ્ર સિવાય માળવા અને ગુજરાત પ્રદેશનો સ્વામી બન્યો. એણે અહીં વહીવટીતંત્ર સ્થાપવાનું કાર્ય શરૂ કર્યું. પોતાના ભાઈ મીરઝા અસ્કરીને ગુજરાતનો નાઝિમ નીમ્યો ને એનું વડું મથક અમદાવાદ રાખ્યું. અસ્કરીના તાબા નીચે હિંદુ બેગની પ્રધાન અને સરસેનાપતિ તરીકે નિમણૂક

કરી. તરદીબેગને ચાંપાનેર અને નાસિર મીરઝાને પાટણ—નહરવાલાનો હવાલો સોંપવામાં આવ્યો. અન્ય અધિકારીઓને ખંભાત મહેમદાવાદ વડોદરા ભરૂચ અને સુરતના હવાલા સોંપવામાં આવ્યા.

ત્યાર બાદ હુમાયૂં બહાદુરશાહની શોધમાં દીવ જવા નીકળ્યો, પરંતુ ધંધુકા પહોંચતાં જ એને મુઘલ સામ્રાજ્યમાં શેરખાન અફઘાને બંડ કર્યું હોવાના સમાચાર મળ્યા. આથી હુમાયૂંને ગુજરાતમાંથી પાછા ફરવાની ફરજ પડી.

હુમાયૂંએ જેવું ગુજરાત છોડયું કે તરત જ એની પાછળ ગુજરાતમાં બહાદુરશાહ તરફી ક્રાંતિ થઈ. સુલતાન બહાદુરશાહ પોતાના દીવના રહેઠાણમાંથી બહાર આવ્યો અને એણે મુઘલો સામેની લડતનો હવાલો સંભાળી લીધો. બહાદુરશાહ તરફથી દબાણ આવતાં મુઘલોએ ગુજરાતમાંથી પીછેહઠ કરી. બહાદુરશાહે ફરી વાર પોતાના રાજ્ય પર કબજો જમાવી દીધો.[6] આમ હુમાયૂંની ગુજરાત પરની હકૂમત એપ્રિલ ૨૫, ૧૫૩૫ થી મે ૨૪, ૧૫૩૬ સુધી અર્થાત્ તેર મહિના સુધી રહી.[૭]

અકબરની ગુજરાત પર પહેલી ચડાઈ

સુલતાન બહાદુરશાહના અવસાન (ઈ.સ ૧૫૩૭) પછી ગુજરાતની સલ્તનત નબળી પડી. જે જુવાન અને નબળા સુલતાન ગાદીએ આવ્યા તે મહત્ત્વાકાંક્ષી અને લગભગ અર્ધ-સ્વતંત્ર જેવા અમીર-ઉમરાવોના હાથમાં પૂતળા સમાન બની ગયા. સમગ્ર રાજ્યમાં વિખવાદો અને આંતરિક વિગ્રહોનું જોર વ્યાપી ગયું. આવા કપરા કાલમાં ગુજરાતમાં એક વધુ અનિષ્ટ તત્ત્વનો ઉમેરો થયો. વિદ્રોહી સ્વભાવના તીમૂરના વંશના મીરઝાઓને અકબરે ઉત્તમ હિંદુસ્તાનમાંથી હાંકી કાઢતાં તેઓ ગુજરાતમાં નાસી આવ્યા (ઈ.સ. ૧૫૬૬) અને ભરૂચ જઈ ત્યાંના ચિંગીઝખાનના આશ્રયે રહ્યા. આ મીરઝાઓએ ગુજરાતની સલ્તનત કથળતી જતી સ્થિતિમાં પોતાની સત્તા જમાવવા માંડી.

સુલતાન મુઝફ્ફરશાહ ૩ જો (ઈ.સ. ૧૫૬૧–૧૫૭૩), જે ઇતિમાદખાન નામના અગ્રણી અને ખટપટી રાજનીતિજ્ઞના રક્ષણ નીચે હતો, તેના સમયમાં અમીરોની અંદરોઅંદરની ખટપટ વધી પડી. ઉત્તર ગુજરાતમાં અફઘાન અમીર શેરખાન ફુલાદી, અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં જહૂજહારખાન અને અન્ય હબસીઓ તથા દક્ષિણ ગુજરાતમાં ચિંગીઝખાનની સરદારી નીચે મીરઝા ખૂબ જોરમાં આવ્યા. આ આંતર સંઘર્ષમાં ઇતિમાદખાન ફાવી નહિ શકતાં એણે મુઘલ બાદશાહ અકબરને ગુજરાતમાં પ્રવર્તતી રાજકીય અસ્થિરતાનો ખ્યાલ આપી ગુજરાત

પર ચડાઈ કરવા અને એ જીતી લેવા વિનંતી કરી. એણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત જીતી લેવામાં નહિ આવે ને અફઘાનોને ત્યાંથી કાઢવામાં નહિ આવે તો એ પ્રદેશ મીરઝાઓના હાથમાં પડશે.[૮]

અકબરને પોતાના સામ્રાજ્યના વિસ્તરણ માટે ગુજરાત પ્રદેશ ઘણો અગત્યનો લાગ્યો. ફળદ્રુપ જમીન, વિસ્તૃત દરિયાકાંઠા પર આવેલાં બંદરો અને સદીઓથી વિદેશી વેપારથી સમૃદ્ધ બનેલા આ પ્રદેશની ગણના હિંદભરમાં સમૃદ્ધ ગણાતા પ્રાંતોમાં થતી હતી. હિંદમાં સર્વોપરિ બનવાની મહેચ્છા સેવતા અકબરે આથી ગુજરાત પર ચડાઈ કરવા તૈયારી કરી. રાજધાની ફતેહપુર સીકરીમાંથી રાજસ્થાન થઈ ગુજરાત આવવા પ્રયાણ કર્યું (જુલાઈ ૨, ૧૫૭૨). ગુજરાતની સરહદમાં પ્રવેશી એ નહરવાલા-પાટણ આવ્યો અને પોતાના એક સમયના રક્ષક અને વાલી બહેરામખાનના ૧૬ વર્ષના પુત્ર અબ્દુર્રહીમખાનને બોલાવી, પાટણની જાગીર આપી એનો વહીવટ સૈયદ અહમદખાન બહીને સોંપ્યો. ત્યાંથી એ જેટાણા ગયો. ત્યાં સમાચાર મળ્યા કે સુલતાન મુઝફ્ફરશાહ શેરખાન ફુલાદીનું શરણું છોડી દઈ સોરઠ જતો રહ્યો છે. એને પકડવા અકબરે મીરખાન અને પેસાવલ નામના મુઘલ સરદારોને મોકલ્યા. છેવટે તેઓ મુઝફ્ફરશાહને પકડી અકબર પાસે લઈ આવ્યા (નવેમ્બર, ૧૫). અકબરે સુલતાન મુઝફ્ફરશાહને બીજી કોઈ શિક્ષા ન કરતાં કરમલખાનને સોંપ્યો અને કેદીની જેમ રાખવા ફરમાવ્યું.[૯] આ સ્થળે ગુજરાતના કેટલાક નામાંકિત અમીર અકબરને શરણે આવ્યા, જેમાં ગુજરાતના મુખ્ય સલાહકાર મીર અબુ તુરાબ અલી, સૈયદ હમીદ બુખારી, સીદી અમીરોમાં ઉલુઘખાન, જૂહૂજહારખાન ઇખ્તિયાર-ઉલ્-મુલ્ક તેમજ સ્થાનિક અમીરો વજિહ્-ઉલ્-મુલ્ક અને મુજાહિદખાન જેવાઓનો સમાવેશ થતો હતો.

સમ્રાટ અકબરે ગુજરાતમાં અમીરો પર વર્ચસ ધરાવનાર અને ખ્યાતનામ બનેલા ઇતિમાદખાનનો ટેકો મેળવવા એને કડી પાસે હાજીપુર મુકામે આવકાર્યો અને જાહેરાત કરી કે ગુજરાતનો વહીવટ ઇતિમાદખાનને સોંપવામાં આવશે અને એ જે જે અમીરોની સેવા માગશે તે બધાને એની સત્તા નીચે મૂકવામાં આવશે. વિચક્ષણ અકબરનું આ પગલું ગુજરાતના અમીરોની શુભ ભાવના તેમ ટેકો મેળવવાની દૃષ્ટિવાળું હતું. એ પછી અકબરે અમદાવાદ આવી (નવેમ્બર ૨૦) ૧૫૭૨) પંદરેક દિવસ રોકાઈ અમદાવાદની પ્રજા તરફથી આવકાર મેળવ્યો, કારણ કે લોકોનો લાંબા સમયથી ચાલુ રહેલા ત્રાસના વાતાવરણમાંથી છુટકારો થયો હતો. જૂનાગઢ (સોરઠ)ના હાકેમ અમીનખાન ઘોરીએ પણ અકબરને ભેટ-નજરાણાં મોકલાવી મુઘલ સત્તા તરફ આદરભાવના દર્શાવી.[૧૦]

અમદાવાદના પોતાના વસવાટ દરમ્યાન અકબરે ગુજરાતની વહીવટી વ્યવસ્થા ગોઠવી, અમદાવાદ તથા મહી નદીના ઉત્તર ભાગની ગુજરાત સરકારનો વહીવટ પોતાના દૂધભાઈ મીરઝા અઝીઝ કોકા ખાન-ઇ-આઝમને અને મહી નદીની દક્ષિણે આવેલો પ્રદેશ (દક્ષિણ ગુજરાત), જે બંડખોર મીરઝા અમીરોએ પચાવી પાડ્યો હતો, તેનો વહીવટ ઇતિમાદખાન અને ગુજરાતી અમીરોની સામાન્ય દેખરેખ નીચે સોંપ્યો. ઇતિમાદખાનને મુખ્ય અમીરની કામગીરી સોંપવામાં આવી.

પછી અકબરે ખંભાતની મુલાકાત લીધી, પ્રથમ વાર દરિયાનું દર્શન કરી ઘણો આનંદ અનુભવ્યો અને દરિયાની સહેલગાહ કરી. ખંભાતમાં રહેતા રૂમ સિરિયા ઈરાન અને તુરાનના તથા ફિરંગી જેવા વેપારીઓએ અકબરનું સ્વાગત કર્યું.

અકબર અમદાવાદથી ખંભાત જવા નીકળી ગયા બાદ એને માર્ગમાં જ સમાચાર આપવામાં આવ્યા કે અમદાવાદમાં જે અમીરોને રહેવાની પરવાનગી આપવામાં આવી હતી, તેઓ હવે બાદશાહ પ્રત્યેની વફાદારી ફગાવી દઈ, મીરઝાઓ સાથે મળી જઈ ખટપટ કરવાની તૈયારીમાં છે. મીર અબુ તુરાબ સિવાયના ઇતિમાદખાન સહિત ઘણા અમીર વફાદારી ફગાવી દેવા તત્પર બન્યા હતા. અકબરે ખંભાત પહોંચ્યા બાદ તરત જ મીરબક્ષી શાહબાજખાનને અમદાવાદ જઈ, વફાદારીમાં ડગમગી રહેલા અમીરોને કેદ કરી પોતાની સમક્ષ હાજર કરવા ફરમાન કર્યું. અકબરના આ હુકમનું પાલન કરવામાં આવ્યું. ઇતિમાદખાનને શિક્ષા ન કરતાં શાહબાજખાનના જાપતામાં સોંપવામાં આવ્યો. અકબર મીરઝાઓને હરાવી એમને તાબે લાવવા મક્કમ હતો. ખંભાતથી અકબરે પ્રયાણ કર્યાના સમાચાર જાણી, મીરઝાઓ ચાંપાનેર વડોદરા જેવાં મહત્ત્વનાં સ્થળ છોડી સુરત પહોંચી ગયા અને ત્યાં બાદશાહ અકબરનો પ્રબળ સામનો કરવા જંગી તૈયારી કરવા લાગ્યા હતા.

આ અરસામાં મીરઝા ઈબ્રાહીમ હુસેને ભરૂચનો ગઢ જીતી લઈ અકબરની છાવણીથી આઠ કોસ દૂર પડાવ નાખ્યો. મુઘલ સેનાએ દાસરાની પૂર્વે પાંચ માઈલ દૂર આવેલા સરનાલ નજીકમાં મીરઝાને સખત પરાજય આપ્યો (ડિસેમ્બર ૨૩) અને એ ત્યાંથી આગ્રા તરફ નાસી છૂટ્યો.[૧૨]

ત્યાર બાદ અકબરે સુરત પહોંચી (જાન્યુઆરી ૧૧, ૧૫૭૩), ગોપી-તળાવ કાંઠે પડાવ નાખી કિલ્લાને ઘેરો ઘાલ્યો, આરંભમાં બંને પક્ષો વચ્ચે જોરશોરથી આક્રમણ અને બચાવની રમઝટ ચાલતી રહી. ઘેરો કડક બનાવાયો. છેવટે ગઢના સરદાર હમઝાખાને શરણાગતિ માગી. સંપૂર્ણ વિજય મળવાની ખાતરી હોવા છતાં અકબરે લડાઈ બંધ કરી, સરદાર હમઝાખાન અને બીજા થોડાકને કેદ કરી, બીજાઓને માફી આપી છોડી મૂક્યા. આમ એક માસ અને ૧૭ દિવસ સુધી ચાલેલા ઘેરાનો અંત આવ્યો (ફેબ્રુઆરી ૨૬, ૧૫૭૩).

અકબરે સુરતના કિલ્લાની મુલાકાત લેતાં, ત્યાંની 'સુલેમાની, નામથી ઓળખાતી તોપો પસંદ પડતાં, કેટલીક આગ્રા મોકલી આપી. પોતાના સુરતના નિવાસ દરમ્યાન એ ત્યાં રહેતા પારસીઓના સંપર્કમાં આવ્યો લાગે છે, સુરતમાં જરથોસ્તી ધર્મ નો કોઈ ઊંડો જ્ઞાની ન મળતાં નવસારીથી દસ્તૂર મહેરજી રાણાને બોલાવવામાં આવ્યા હતા. દસ્તૂર મહેરજી રાણાને અકબરે ફત્તેહપુર સીકરીમાં યોજેલ ધર્મ-પરિષદમાં યાદ કરી, નિમંત્રણ આપી તેડાવ્યા હતા (ઈ.સ. ૧૫૭૬–૭૯), સુરતમાં બાદશાહ અકબરને ફિરંગીઓ પણ આવીને મળ્યા હતા, ગુજરાતની ખળભળી ઊઠેલી રાજકીય પરિસ્થિતિનો તેઓ લાભ લેવા આતુર હતા, પરંતુ અકબરની સમર્થ તાકાત જોઈ તેઓએ પોતાની યોજના બદલી નાખી અને અકબરના દરબારમાં ભેટસોગાદ સાથે પ્રતિનિધિમંડળ મોકલ્યું. અકબરે ભેટસોગાદો સ્વીકાર કરી ફિરંગીઓ સાથે સારા સંબંધ રાખવાની તૈયારી બતાવી હતી. આની પાછળ એ પણ કારણ હોઈ શકે કે ફિરંગીઓ પરદેશીઓ હતા અને એમનું વર્ચસ પશ્ચિમ હિંદના દરિયા પર હતું. દીવના યુદ્ધ પછી ગુજરાતનું કોઈ પણ વહાણ એમની પરવાનગી લીધા વગર દરિયાઈ સફર ખેડી શકતું નહિ. અકબરની સાથે જનાનખાનું પણ હતું. તેમાંની કેટલીક સ્ત્રીઓ, જેમાં અકબરની માતા હમીદાબાનુ બેગમ અને ફોઈ ગુલબદનબાનુનો સમાવેશ થતો હતો, તેમને મક્કાની હજ કરવા જવું હતું. ગુજરાતથી દરિયાઈ રસ્તે મક્કા જવા ફિરંગીઓ તરફથી કનડગત ન થાય એ પણ જરૂરી હતું, આથી અકબરે ફિરંગીઓ સાથે સારા સંબંધ બાંધ્યાનું ને ફિરંગીઓએ પરવાનો આપ્યાનું જણાય છે. બંને સત્તાઓ વચ્ચે એલચી–સંબંધ એ પછી સ્થપાયા હશે.

જે સમયે અકબર સુરતના કિલ્લાના ઘેરામાં રોકાયેલો હતો તે દરમ્યાન ઉત્તર ગુજરાતમાં મુહમ્મદ હુસેન અને શાહ મીરઝાએ અફઘાન અમીર શેરખાન ફુલાદી સાથે મળી જઈ પાટણ શહેરને ઘેરો ઘાલ્યો, પરંતુ અમદાવાદથી અઝીઝે તાબડતોબ આવીને માળવા તથા ચંદેરીથી આવેલી લશ્કરી સહાયથી બળવાખોરોને પાટણથી પાંચ કોસ દૂર લડાઈમાં સખત પરાજય આપ્યો (જાન્યુઆરી ૨૨, ૧૫૭૩). પરિણામે બળવાખોર નાસભાગ કરી વેરવિખેર થઈ ગયા. સુરતમાં અકબરને આના સમાચાર મળતાં બળવાખોરોનો પીછો કરવા એણે હુકમ કર્યો.

અકબરે સુરતથી અમદાવાદ આવી (એપ્રિલ ૩), ૧૦ દિવસ રોકાઈ ગુજરાતની પાકી વહીવટી વ્યવસ્થા કરી : મીરઝા અઝીઝ કોકાને ગુજરાતનો સૂબેદાર નીમી એને આખા સૂબા(પ્રાંત)નો વહીવટદાર બનાવ્યો. 'ખાન-ઇ-કલાન' મીર મુહમ્મદખાન પાટણ અને એના નાના ભાઈ કુત્બુદ્દીન મુહમ્મદખાનને ભરૂચ સોંપવામાં આવ્યું. નૌરંગખાનને વડોદરા સોંપવામાં આવ્યું. સૈયદ હમીદ બુખારીને

ધોળકા અને ધંધુકાની જાગીર આપવામાં આવી. અકબરે અમદાવાદમાં ઈદનો તહેવાર ઊજવી અમદાવાદથી પ્રયાણ કર્યું (એપ્રિલ ૧૩, ૧૫૭૩) અને પાટણ-જાલોરના માર્ગે એ ફત્તેહપુર સીકરી જઈ પહોંચ્યો.

બીજી ચડાઈ અને હકૂમતની દૃઢ સ્થાપના

ગુજરાતમાં હજુ મીરઝાઓની તાકાતને સંપૂર્ણ પણે કચડી નાખવામાં આવી ન હતી. કેદી બનેલો ગુજરાતનો માજી સુલતાન મુઝફ્ફર ૩ જો કેદમાંથી નાસી છૂટી, પોતાનું રાજ્ય પાછું મેળવવાનો ભગીરથ પ્રયાસ કરવાની તૈયારીમાં હતો. સૌરાષ્ટ્રનો વિભાગ હજુ જીતવાનો બાકી હતો. જૂનાગઢમાં અમીનખાન ઘોરીની સત્તા સર્વોપરિ હતી શેરખાન ફુલાદીના જૂના સાથીદાર અફઘાનો, મીરઝાઓ અને અસંતોષી હબસી અમીરોએ ભેગા મળી બંડ ઉઠાવવાનો નિશ્ચય કર્યો હતો. સૌરાષ્ટ્રમાં જામનગર અને કચ્છના રાજાઓ તથા બીજા રાજપૂત ઠાકોર ગુજરાતની એ ડામાડોળ રાજકીય સ્થિતિમાં જે પક્ષ લાભદાયક સ્થિતિમાં આવી પડે તેની સાથે જોડાઈને લાભ ઉઠાવવાની રમત ખેલી રહ્યા હતા. બીજી બાજુએ ગુજરાતમાં મુઘલ સત્તાવાળા પ્રદેશની પ્રજા અકબરની ઉદાર અને ધર્મસહિષ્ણુ નીતિને લીધે શાંતિનો અનુભવ કરી રહી હતી. આવી સ્થિતિમાં અશાંતિ ઊભી થઈ.

આવા વાતાવરણમાં મીરઝા મુહમ્મદ હુસેન, જે દૌલતાબાદ જઈને આશ્રય પામ્યો હતો તે, ઝડપથી સુરત આવ્યો અને એની આગેવાની નીચે બંડ શરૂ થયું. મુઘલ ફોજદાર કુલીઝખાન સુરતના કિલ્લામાં સપડાઈ ગયો, આથી મુહમ્મદ હુસેને ભરૂચ અને ખંભાત જીતી લીધાં અને અમદાવાદ તરફ કૂચ કરી. આ સમયે સૂબેદાર અઝીઝ કોકા ઈડર પ્રદેશમાં એક બંડખોર સીદી અમીરનો સામનો કરી રહ્યો હતો તે મુહમ્મદ હુસેનના અમદાવાદ આવી રહ્યાના સમાચાર સાંભળી ઝડપથી અમદાવાદ આવી પહોંચ્યો અને એણે આક્રમણખોરનો મજબૂત સામનો કરવાની તૈયારી કરી. ટૂંક સમયમાં જ બળવાખોરનાં લશ્કર અમદાવાદ આવી પહોંચ્યાં, જેમાં ઈડરથી આવેલ ઇખ્તિયાર-ઉલ્-મુલ્ક, જહૂજહારખાનનો પુત્ર વલીખાન, શેરખાન ફુલાદીના પુત્રો, રાજપૂતો, અસંતોષી મુસલમાનો વગેરેનો સમાવેશ થતો હતો. અમદાવાદમાં ઘેરાઈ રહેલા અઝીઝ કોકાએ બળવાખોરોનો સામનો ખુલ્લા મેદાનમાં આવીને કરવાનું ટાળ્યું. બીજી બાજુએ સમ્રાટ અકબરને આ સમાચાર મળતાં સમય ગુમાવ્યા વગર એ પોતે વીજળી-વેગે કૂચ કરી માત્ર નવ દિવસમાં ૬૦૦ માઈલનું અંતર કાપી અમદાવાદ આવી પહોંચ્યો.[૧૫] એણે બળવાખોરો પર પ્રબળ હુમલો કરી એમને સહુને ભયંકર પરાજય

આપ્યો (સપ્ટેમ્બર ૨, ૧૫૭૩). બંડખોરોના નેતા મુહમ્મદ હુસેનને કેદ પકડી પાછળથી એની હત્યા કરવામાં આવી. સીદી ઉમરાવ ઇખ્તિયાર–ઉલ્–મુલ્ક માર્યો ગયો. નાસી ગયેલ બળવાખોરોને કેદ કરવા વિશ્વાસુ અમલદારોને મોકલવામાં આવ્યા. ઈડરના રાવે બળવાખોરોને મદદ કરેલી તેથી એને શિક્ષા કરવા અને બીજા રાજપૂતોને મનાવી લઈ એમની વફાદારી મેળવવા પણ આદેશ આપ્યા.

વિજય મેળવ્યા બાદ ૧૧ દિવસમાં જ અકબરે ગુજરાતની વ્યવસ્થા નક્કી કરી. અઝીઝ કોકાના કાકા ખાન–ઇ–કલન પાસે પાટણની જાગીર ચાલુ રહેવા દેવામાં આવી. વજીરખાનને ધોળકા અને ધંધુકાની જાગીર આપવામાં આવી. ખ્વાજા ઘિયાસુદ્દીન અલીને 'અસફખાન'નો ખિતાબ આપી દીવાન અને બક્ષી નીમ્યો. આમ અસફખાન ગુજરાતના સૂબેદારનો પહેલો દીવાન બન્યો. જૂનાગઢ પર કબજો જમાવી બેઠેલા અમીનખાન ઘોરીને હરાવી એની પાસેથી એ પ્રદેશ લઈ લેવા આદેશ આપ્યો. એ પછી અકબર કડી સિદ્ધપુર શિરોહી અને અજમેરના માર્ગે આગ્રા પહોંચ્યો (ઑક્ટોબર ૫, ૧૫૭૩). આમ આ ચડાઈમાં ઝડપી કૂચ કરવી, વિજય મેળવવો, વહીવટી વ્યવસ્થા કરવી—એ બધું ૪૩ દિવસમાં આટોપી લેવા બદલ અકબરની કાર્યદક્ષતા અને કુનેહશક્તિની પ્રશંસા કરવામાં આવે છે ને આથી એ ચડાઈ 'ઝડપી ચડાઈ' તરીકે ઓળખાય છે.

ગુજરાતમાંથી પસાર થતાં સિદ્ધપુર ખાતે અકબરને વડનગરનો કિલ્લો જીતી લેવાયાના સમાચાર અપાયા. જયપુર રાજ્યમાં સંગનેર ખાતે મળવા આવેલા ટોડરમલને અકબરે ગુજરાતના જિતાયેલા પ્રાંતની જમીન–મહેસૂલની જમાબંધીનું કામ કરવા અને એની વિગતો પોતાની પાસે રજૂ કરવા ફરમાન કર્યું. આગ્રા પહોંચ્યા પછી અકબરને ઈડરના રાવ નારણદાસે અને ઉદેપુરના રાણાએ શરણાગતિ સ્વીકાર્યાના સમાચાર અપાયા. ટોડરમલે પણ ગુજરાતમાં જમાબંધીનું કાર્ય પતાવી, આગ્રા આવી બધી વિગત શાહી દફતરખાનામાં પેશ કરી.[૧૬]

આમ ગુજરાત સલ્તનતનો સત્તાવાર અંત ૧૫૭૩ આખરમાં આવી ગયો અને ગુજરાત મુઘલ સામ્રાજ્યનો સૂબો(પ્રાંત) બની ગયું.

પાદટીપ

૧. E. C. Baylay, *History of Gujarat*, p. 278 and note;-cited by M. S. Commissariat, *History of Gujarat*. Vol. I, p. 281

૨. Cited by Commissariat, *op. cit.*, p. 319.

૩. Cited by Baylay, *op. cit.*, p. 319.

૪. *Ibid.* p. 319 & note

૫. E. Denison Ross, (Trans.), *An Arabic History of Gujarat* (जफरुल्वालिह बे मुजफ्फर व आलिह), Vol. I, p. 229

૬. *Akbarnama*, (अबूल्फज़्ल-कृत अकबरनामा) (Eng. trans. by H. Beveridge), Vol. I, p. 320 f. જુઓ ગ્રં. ૫, પૃ. ૨૧૮–૨૨૦.

૭. Denison Ross, *op. cit.*, Vol. I, p. 260

૮. ૨. ભી. જોટ, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ: ઇસ્લામ યુગ', ખંડ ૪, પૃ. ૯૨૭

૯. *Akbarnama*, Vol. III, pp. 8 f.; *Tabakat-i-Akbari*, Trans. by H. M. Elliot and J. Dowson, *History of India*, Vol. V, p. 342માં કહેવામાં આવ્યું છે કે સુલતાન મુઝફ્ફરશાહ ૩ જો અકબર પાસે ખૂબ વિનયપૂર્વક ગયો હતો અને અકબરે એના પ્રત્યે માયાળુ વર્તન બતાવ્યું હતું.

૧૦ *Akbarnama*, Vol. III, pp 11 f.; Elliot & Dowson, *op. cit.*, Vol. V, p. 343; 'મીરાતે એહમદી' (ગુજ. અનુ.) ભા. ૧, પૃ. ૪

૧૧. *Akbarnama*, Vol. III, pp. 13 f.

૧૨. *Ibid.*, pp. 32 f.; 'મીરાતે અહમદી' (ગુજ. અનુ.), ભા. ૧, પૃ. ૧૧૧–૧૧૨

૧૩. J. J. Modi, *The Parsis at the Court of Akbar and Dastur Meherji Rana*, p. 185 f.–cited by Commissariat; *op. cit.*, Vol. I, p. 514n.

૧૪. *Akbarnama*, Vol. III, p. 37; F. C. Danvers, *The Portuguese in India*, Vol. II, p. 4

૧૫. *Akbarnama*, Vol. III, pp. 73 f.; Elliot and Dowson. *op. cit.*, Vol. V, pp. 365 f.; 'મીરાતે એહમદી' (ગુજ. અનુ.), ભા. ૧, પૃ. ૧૨૦–૧૨૧

૧૬. *Akbarnama*, Vol. III, pp. 10ff.

પ્રકરણ ૩

અકબરથી ઔરંગઝેબ

(૧) અકબરનો રાજ્યઅમલ (ઈ.સ. ૧૫૭૨-૭૩ થી ઈ.સ. ૧૬૦૫)

મુઘલ શહેનશાહ અકબરે એક વર્ષના ગાળામાં ગુજરાત પર બે વાર ચડાઈ કરી જીત મેળવી. છેવટે ગુજરાતને મુઘલ સામ્રાજ્યનો એક પ્રાંત બનાવ્યો (ઈ.સ. ૧૫૭૨–૭૩) ને ઈ.સ. ૧૬૦૫ સુધીમાં આઠ જેટલા મુઘલ સૂબેદારો દ્વારા ગુજરાતનો વહીવટ ચલાવ્યો.

મીરઝા અઝીઝ કોકા (ઈ.સ. ૧૫૭૩–૭૫)

ગુજરાત પર બીજી વાર જીત મેળવ્યા બાદ અકબરે તળ-ગુજરાતની પાકી વ્યવસ્થા ગોઠવી. મીરઝા અઝીઝ કોકા, જે 'ખાન આઝમ' તરીકે જાણીતો હતો, તેની સૂબેદાર તરીકે નિમણૂક કરી. 'મિરાતે અહમદી'નો લેખક કહે છે તે મુજબ ગુજરાતમાં જ્યારે મુસ્લિમ સુલતાનોની સત્તા સર્વોપરિ હતી ત્યારે એમના અંકુશ નીચે ૨૫ સરકાર અથવા જિલ્લા હતા. અકબરે જ્યારે ગુજરાત પર કાબૂ મેળવ્યો ત્યારે એમાંના ૧૬ જિલ્લાઓ પર મુઘલ સત્તા સ્થપાઈ હતી.[૧]

અઝીઝ કોકાની સૂબાગીરી દરમ્યાન જે સૌથી મહત્ત્વનો બનાવ બન્યો તે ગુજરાતમાં રાજા ટોડરમલના આગમનનો હતો. રાજા ટોડરમલે ગુજરાતમાં ૭ મહિના રહી, ૧૦ વર્ષ માટે મહેસૂલ-પદ્ધતિ નક્કી કરી. 'તબકાતે અકબરી'માં જણાવ્યા પ્રમાણે[૨] ગુજરાતમાં ઈ.સ. ૧૫૭૪–૭૫ દરમ્યાન ભારે દુકાળ અને પ્રાણઘાતક ચેપી રોગનો ઉપદ્રવ ફેલાયેલો હતો. ૭ માસ સુધી રહેલી આવી આપત્તિમાં ચીજોની અસહ્ય મોંઘવારી થઈ હતી. શ્રીમંત તેમજ ગરીબ લોક પોતાનાં મકાન છોડીને પરદેશ જતા રહ્યા હતા. આ દુકાળ અને રોગચાળા અંગે આ સમયના બીજા ઇતિહાસ લેખકોએ કંઈ નિર્દેશ કર્યો નથી.

મીરઝા અઝીઝ કોકાને ગુજરાતમાંથી પરત બોલાવવાની અકબરને ફરજ પડી હતી. એ સમયમાં એવી પદ્ધતિ હતી કે મનસબદારો પાસે રાજ્યની માલિકીના ઘોડા હોય તેઓના શરીર પર 'દાગ' (ડાઘ–નિશાન) પાડવા, જેથી કરીને ખોટી રીતે નોંધણી અને ગોટાળો અટકાવી શકાય. અકબરે આ 'દાગ ધારો' ગુજરાતમાં લાગુ કરવા ખાન આઝમને ફરમાન મોકલાવ્યું, પણ ગુજરાતના અમીરો, જેમના વિશેષાધિકારો અને હક્કોને આ ધારાથી અવળી અસર થતી હતી, તેઓએ એ ફરમાનનો સખત વિરોધ કર્યો. આઝમખાનને રૂબરૂમાં બોલાવીને પણ આનો અમલ કરવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ ફરમાનનો અમલ કરવાનો એ વિરોધી હતો તેથી અકબરે એને સૂબેદારપદેથી દૂર કર્યો.[૩]

મીરઝા અબ્દુર્રહીમખાન (ઈ.સ. ૧૫૭૫–૭૮)

અકબરે અઝીઝ કોકાની જગ્યાએ બહેરામખાનના પુત્ર અબ્દુર્રહીમખાનની સૂબેદાર તરીકે નિમણૂક કરી, પરંતુ એ કેવળ ૨૨ વર્ષનો હોવાથી એને રાજ્ય-વહીવટમાં મદદ કરવા નાયબ તરીકે વઝીરખાનને મોકલવામાં આવ્યો ને પ્રાગદાસ નામના એક અનુભવી હિંદુને દીવાન તરીકે નીમવામાં આવ્યો.

મીરઝા અબ્દુર્રહીમખાનના વહીવટ દરમ્યાન કેટલાક બનાવ બન્યા.

ઈ.સ. ૧૫૭૫ માં અકબરની માતા હમીદાબાનુ અને જનાનાની બીજી સ્ત્રીઓ મક્કા હજ જવા માટે નીકળી ને સુરત આવી તે વખતે ગુજરાતના દરિયાઈ જળ-વિસ્તાર પર ફિરંગીઓનું વર્ચસ હોવાથી સફર માટે એમનો પરવાનો લેવો પડ્યો.

ઈ.સ. ૧૫૭૬ સુધીમાં ગુજરાતમાં મુઘલો વિરુદ્ધ શિરોહી, ઈડર અને નાંદોદમાં થયેલાં બંડ સમાવી દેવામાં આવ્યાં ને વિરોધી હિંદુ રાજાઓને તાબે દાર બનાવવામાં આવ્યા. ગુજરાતની વહીવટી વ્યવસ્થા વઝીરખાન બરાબર ગોઠવી શક્યો ન હતો તેથી અકબરે ઈ. સ. ૧૫૭૭ માં રાજા ટોડરમલને મોકલ્યો. એણે ગુજરાતમાં આવી શિરોહી, ડુંગરપુર અને દક્ષિણ ગુજરાતના રામનગર (ધરમપુર) રાજ્યના રાજપૂત રાજાઓને મુત્સદ્દીગીરીથી વશ કરી, એમને મનસબદારોની વિવિધ કક્ષાઓ આપી મુઘલ સામ્રાજ્યના ટેકેદાર બનાવ્યા. ટોડરમલ ગુજરાતમાં હતો ત્યારે અહીં એક બંડ થયું. ૧૫૭૨માં ઠાસરાની લડાઈમાં હારી ગયેલા અને પંજાબ નાસી ગયેલા ઇબ્રાહીમ હુસેન મીરઝાની પત્ની ગુલરૂખ બેગમે પોતાના કિશોર વયના પુત્ર મુઝફ્ફરહુસેન સાથે ગુજરાતમાં પ્રવેશી બંડ કર્યું. રાજા ટોડરમલ, બાઝ બહાદુર, દીવાન પ્રાગદાસ વગેરેએ મળીને એ બળવાખોરોને

હરાવ્યા (ઈ.સ. ૧૫૭૭). મીરઝા કુટુંબે અવારનવાર મુઘલ સત્તાને પડકારી હતી છતાં અકબરે એ કુટુંબના સભ્યોને માફી આપી.

નાયબ સૂબેદાર વઝીરખાનનો વહીવટ અસંતોષકારક હોવાથી અકબરે હવે શિહાબુદ્દીન અહમદખાન(શિહાબખાન)ને સૂબેદાર તરીકે મોકલ્યો (ઈ.સ.૧૫૭૮).

શિહાબુદ્દીન અહમદખાન (ઈ.સ. ૧૫૭૮–૮૩)

શિહાબુદ્દીન અહમદખાને મોડાસા પ્રદેશમાં સાબરમતી અને મહી નદી વચ્ચેના કેટલાક ભાગોમાં તોફાની તત્ત્વોને લીધે પ્રજાની થતી કનડગત ધ્યાનમાં લઈ બંદોબસ્ત કરવા કિલ્લા બંધાવ્યા અને એમાં ઘોડેસવાર ટુકડીઓ સાથે થાણાં સ્થાપ્યાં. કેટલીક જગ્યાએ જમીનની માપણીથી લોકોમાં અસંતોષ વ્યાપ્યો હતો ત્યાં બીજી વાર માપણી કરાવી.

સૌરાષ્ટ્ર વિભાગમાં ઈ.સ. ૧૫૭૩ પછી અને લગભગ ત્યારથી ૨૦ વર્ષ સુધી મુઘલ સત્તા પૂરેપૂરી સ્થપાઈ ન હતી. ત્યાં અગ્રગણ્ય ગણાતાં જૂનાગઢમાંની સલ્તનત વખતની સૂબાગીરી અને નવાનગર (જામનગર)નું રાજ્ય હજુ સુધી સ્વતંત્ર હતાં. જૂનાગઢ બથાવી પડેલા અમીનખાન ઘોરીને તાબે કરવામાં વઝીરખાનનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. ઈ.સ. ૧૫૮૨ માં શિહાબુદ્દીન ગુજરાતનો સૂબો બનતાં અમીનખાનના એક સેનાપતિ ફત્તેહખાન શેરવાનીએ જૂનાગઢ કબજે કરીને મુઘલ સમ્રાટની સત્તા નીચે લાવવામાં મદદ કરવાની તૈયારી બતાવી. એની સાથે શિહાબુદ્દીને પોતાના ભત્રીજા મીરઝા જાનને ચાર હજારના લશ્કર સાથે મોકલ્યો. અમીનખાને નવાનગરના જામ શત્રુશલ્યની મદદ મેળવી સખત સામનો કર્યો. વળી આ સમયે ફત્તેહખાનનું અવસાન થતાં મીરઝા જાનને ઘેરો ઉઠાવી લેવાની ફરજ પડી. એ પછી એણે માંગરોળને ઘેરો ઘાલ્યો, પરંતુ છેવટે અમીનખાન અને જામનાં લશ્કરોએ એને કોડીનાર પાસે હરાવ્યો, જેમાં એ પોતે ઘવાયો અને ભારે મુશ્કેલીથી અમદાવાદ સુધી જઈ શક્યો.

ઇતિમાદખાન (ઈ.સ. ૧૫૮૩)

શિહાબુદ્દીખાનને પરત બોલાવ્યા પછી ગુજરાતના જૂના અને સૌથી વધુ વગદાર અમીર ઇતિમાદખાનની ગુજરાતના સૂબેદાર તરીકે નિમણૂક કરવામાં આવી (ઈ.સ. ૧૫૮૩). નિમણૂક સમયે ઇતિમાદખાન પાસે જાગીર તરીકે પાટણ જિલ્લો હતો અને ગુજરાતમાં શાહી જમીનોનો એ રખેવાળ હતો.[૪] એની દમાંમદ

અકબરે પોતાના ખાસ વિશ્વાસુ અમીર અબુ તુરાબને સૂબેદારના અમીન તરીકે અબૂલ્કાસીમ નામના અધિકારીને દીવાન તરીકે અને 'તબકાતે અકબરી'ના લેખક ખ્વાજા નિઝામુદ્દીન અહમદને બક્ષી તરીકે નીમ્યો. વળી મીર માસૂમ ભક્કરી નામના એક બીજા દરબારીને ઇતિમાદખાનની મદદમાં મૂકવામાં આવ્યો. આ બધી નિમણૂક સ્પષ્ટ બતાવી આપે છે કે અકબરને ઇતિમાદખાનની વહીવટી શક્તિમાં શ્રદ્ધા ન હતી અથવા તો એને એની વફાદારી વિશે શંકા હતી. ગમે તે કારણ હોઈ શકે, પરંતુ ઇતિમાદખાનની નિમણૂક થતાં અને એનું અમદાવાદમાં આગમન થતાં જ માજી સુલતાન મુઝફ્ફર ૩ જાના બંડનો આરંભ થયાના સંકેત શરૂ થયા.

અકબરે ૧૫૭૩ માં ગુજરાત જીત્યા બાદ સુલતાન મુઝફ્ફરને માનસહિત રાખ્યો હતો અને નાની જાગીર આપી ખ્વાજા શાહ મનસૂર નામના અધિકારીના જાપ્તા નીચે મૂક્યો હતો, પરંતુ ઈ.સ. ૧૫૭૮ માં લાગ જોઈને મુઝફ્ફર એ કેદમાંથી નાસી છૂટયો અને પહેલાં રાજપીપળા (જિલ્લો ભરૂચ)ના હિંદુ રાજા પાસે ને પછી રાજકોટ પાસે આવેલા ખેરડીના કાઠી મુખી લોમા ખુમાણના આશ્રયે ગયો. લગભગ ઈ. સ. ૧૫૮૩ સુધી મુઝફ્ફર ગુપ્ત વાસમાં રહ્યો. અકબરના અધિકારીઓ પણ એની અવગણના કરતા રહ્યા. મુઝફ્ફર ગાદી પુનઃ મેળવવાની યોગ્ય તકની રાહ જોતો હતો. ઇતિમાદખાનની નિમણૂક ગુજરાતના સૂબેદાર તરીકે થતાં બનાવોની પરંપરા શરૂ થઈ. મુઝફ્ફરે મુઘલ સત્તા સામે બંડ પોકાર્યું અને લશ્કરી તાકાત સંગઠિત કરવા માંડી.

બીજી બાજુએ બંડના સમાચાર સાંભળી ઇતિમાદખાને ગુજરાતમાંથી નિવૃત્ત થઈ, દિલ્હી તરફ જવા નીકળેલા શિહાબુદ્દીનનો સહકાર મેળવી એ બંડનો સામનો કરવા વિચાર્યું અને કડી (જિલ્લો મહેસાણા) જઈ એની સાથે સમાધાન કર્યું. આ અરસામાં મુઝફ્ફરે અમદાવાદનો કબજો કરી લીધો. ઇતિમાદખાન અને શિહાબુદ્દીન પૂરઝડપે અમદાવાદ ધસી આવ્યા, પરંતુ મુઝફ્ફરે એ બંનેનાં લશ્કરોને હરાવ્યાં ને વેરવિખેર કરી નાખ્યાં. એ પછી મુઝફ્ફરે ૧૧ વર્ષના ગાળા બાદ ગુજરાતના સુલતાનનું પદ ફરી ગ્રહણ કર્યું (સપ્ટેમ્બર ૪, ૧૫૮૩). એણે અમદાવાદની ઉત્તરે તથા દક્ષિણે આવેલાં શહેર અને જિલ્લા કબજે કરવા ખૂબ ઝડપી પગલાં લીધાં. બળ વાપરીને, ધાકધમકી આપીને કે કપટથી મુઝફ્ફરશાહે ખંભાત ભરૂચ અને વડોદરા જેવાં સમૃદ્ધ અને ધનવાન શહેર કબજે કર્યાં.

ગુજરાતમાં સર્જાયેલી કટોકટીના સમાચાર સાંભળી, અકબરે પાટણ નાસી ગયેલા ઇતિમાદખાનને ગુજરાતમાંથી પાછો બોલાવી ગુજરાત પુનઃ કબજે કરવા માટે મીરઝા અબ્દુર્રહીમખાનની સૂબેદાર તરીકે નિમણૂક કરી.

અબ્દુર્રહીમ ખાન ઉર્ફે 'મીરઝાખાન' (ઈ.સ. ૧૫૮૩-૮૯)

અબ્દુર્રહીમખાન 'મીરઝાખાન' તરીકે જાણીતો છે. મીરઝાખાનની મદદમાં માળવા અને અજમેરના મુઘલ સેનાપતિઓને પણ લશ્કર સહિત મોકલવામાં આવ્યા. મીરઝાખાને ગુજરાતમાં આવી અમદાવાદ પાસે સરખેજ નજીક મુઝફ્ફર-શાહને હરાવ્યો (૧૫૮૪, જાન્યુઆરી ૧૬)ને એને પહેલાં મહેમદાવાદ અને પછી ખંભાત જવાની ફરજ પડી. ખંભાત જઈ એણે પોતાની લશ્કરી તાકત સંગઠિત કરી. એનો પીછો કરતા મીરઝાખાને એને ફરી વાર રાજપીપળાના ડુંગરોમાં નાંદોદ (જિ. ભરૂચ) પાસે હરાવ્યો (માર્ચ ૧૦, ૧૫૮૪). મુઝફ્ફર ત્યાંથી નાસી જઈ છેવટે ઈડરના રાજાના આશ્રયે ગયો. અકબરે અબ્દુર્રહીમખાનના વિજય મેળવ્યાના સમાચાર જાણી ખુશાલી વ્યક્ત કરી એને 'ખાન-ઇ-ખાન' (ઉમરાવોનો ઉમરાવ) બિરુદ આપ્યું, જે અબ્દુર્રહીમખાનના પિતાને પણ અપાયું હતું.

ગુજરાતમાં બળવો શમ્યાનું જણાતાં બીજા શાહી અધિકારીઓ અમદાવાદ પરત આવ્યા. મીરઝાખાને ગુજરાતની વહીવટી વ્યવસ્થા ગોઠવવામાં મન પરોવ્યું, સાથોસાથ મુઝફ્ફરનો પીછો કરવાનું ચાલુ રાખ્યું.

મુઝફ્ફરનો એક જગ્યાએથી બીજી જગ્યાએ પીછો કરવાનું કાર્ય મુઘલ અધિકારીઓ માટે ઘણું ત્રાસદાયક અને દસ વર્ષ જેટલા લાંબા ગાળાનું રહ્યું.

મુઝફ્ફર ગુજરાતથી સૌરાષ્ટ્રમાં અને ત્યાં ન ફાવતાં પાછો ગુજરાતમાં નાસભાગ કરતો રહ્યો અને મુઘલ ટુકડીઓ એની પૂંઠ પકડતી રહી. મીરઝાખાનની તાકીદ અને ધમકીઓથી સ્થાનિક શાસકો મુઝફ્ફરને મદદ કરતાં ડરતા રહ્યા.[૫]

૧૫૮૯ માં મીરઝાખાનને દિલ્હી પાછો બોલાવવામાં આવ્યો. ટૂંક સમય માટે ઇસ્માઈલ કુલીખાનની સૂબેદાર તરીકે નિમણૂક કરવામાં આવી. એ પછી મીરઝા અઝીઝ કોકા ખાન આઝમની આ હોદ્દા પર બીજી વાર નિમણૂક થઈ.

મીરઝા અઝીઝ કોકા (બીજી વાર) (ઈ.સ. ૧૫૯૦-૧૫૯૩)

ખાન આઝમ ગુજરાતમાં આવ્યો ત્યારે ગુજરાતની સ્થિતિ અશાંત હતી. લશ્કરી સત્તા કુલીખાન અને શૈખ નિઝામુદ્દીન પાસે હતી. એમણે વારંવાર મુઝફ્ફરનો

પીછો કરી એને કોઈ જગ્યાએ સ્થિરતાથી રહેવા દીધો ન હતો. નિઝામુદ્દીને કચ્છના રાવને નમાવીને માફી મગાવી હતી. સામાજિક ક્ષેત્રે જોઈએ તો રાજા ટોડરમલે નક્કી કરેલું જમીન–મહેસૂલ દફતરોમાં નોંધાયેલું હતું, પરંતુ એનો અમલ ખાસ કરાયો ન હતો. રાજપૂતો અને કોળી ઠાકોરો, જેમને લશ્કરી વ્યવસ્થા માટે સલ્તનત કાલમાં સરકારી ભાગની જમીનો અપાઈ હતી, તેમણે આ સમય સુધીમાં જમીનો પચાવી પાડી હતી. મોટા જમીનદારોએ પણ જે હાથ લાગે તે જમીનો પચાવી પાડવાનું શરૂ કર્યું હતું. મુઘલ અમલદાર પણ મન ફાવે તેવી રીતે લાગા ઉઘરાવતા. આમ ગુજરાતની રાજકીય અને સામાજિક સ્થિતિ મુઝફ્ફરના છેલ્લી વારના બંડ માટે અનુકૂળ આવે એવી હતી. મુઘલ અધિકારીઓ અને વહીવટકારો લડાઈ–યુદ્ધોની દોડાદોડીમાં વહીવટી વ્યવસ્થા બરાબર જાળવી શકયા ન હતા એ હકીકત નોંધપાત્ર હતી.

મીરઝા અઝીઝ કોકાની નિમણૂક થતાં એ જૂન ૧૫૯૦માં ગુજરાત આવી પહોંચ્યો. એની મહેચ્છા સૌરાષ્ટ્રમાં આશ્રય મેળવી રહેલા મુઝફ્ફરને અને એને ટેકો આપી રહેલા એના સાથીઓને નમાવી, વશ કરી, કાયમ માટે શાંતિ સ્થાપી, સૌરાષ્ટ્રને મુઘલ સામ્રાજ્યનો ભાગ બનાવવાની હતી. એ માટે એણે જંગી તૈયારી કરી. એને ખબર મળ્યા કે સુલતાન મુઝફ્ફરની સેના સાથે એના ટેકેદારોની સેના મળી ગઈ છે અને એક મોટું સમવાયી મિત્રોનું લશ્કર મોટી સંખ્યામાં રચાઈ ગયું છે, જેમાં નવાનગરનો જામ, જૂનાગઢના સદ્‌ગત અમીનખાન ઘોરીનો પુત્ર દૌલતખાન અને કાઠી લોમા ખુમાણ હતા. આથી અઝીઝ કોકાએ પોતે જ મુઘલ સૈન્યની આગેવાની લીધી ને ભરચોમાસું હોવા છતાં નવાનગર તરફ કૂચ કરી. મુઝફ્ફર સહિતના બળવાખોરોનું લશ્કર લગભગ ત્રીસ હજારનું હતું, જ્યારે અઝીઝ કોકાનું લગભગ દસ હજારનું હતું. ચોમાસાને લીધે વાતા-વરણ પ્રતિકૂળ હતું અને મુઘલ સૈન્ય અનેક હાડમારી ભોગવતું હતું છતાં બંને પક્ષો વચ્ચે ધ્રોળ પાસે 'ભૂચર મોરી' નામે ઓળખાતા સ્થળે ભારે લડાઈ થઈ (જુલાઈ ૧૮, ૧૫૯૧), જેમાં રાજપૂત એમની પ્રણાલિકાગત રીતે વીરતા-પૂર્વક લડ્યા જામનો મોટો પુત્ર અજોજી અને પ્રધાન જસાજી એમાં ખપી ગયા. ઘવાયેલો દૌલતખાન ઘોરી પોતાની સેના સાથે રણમેદાન છોડી જૂનાગઢ તરફ જતો રહ્યો. કાઠીઓ પહેલેથી જ જતા રહ્યા હતા. સુલતાન મુઝફ્ફરે અને જામે બરડાના ડુંગરોમાં આશ્રય લીધો. આમ ભૂચર મોરીની લડાઈમાં મુઘલોનો જ્વલંત વિજય થયો. સૌરાષ્ટ્રની ભૂમિ પર લડાયેલી કેટલીક લડાઈઓ પૈકી

ભૂચર મોરીની લડાઈ ભારે સ્પર્ધાત્મક, લશ્કરી દૃષ્ટિએ નિર્ણાયક અને જંગી પાયા પર લડાયેલી મોટી છેલ્લી લડાઈ હતી, તેથી એની યાદ લોકકથાઓ અને લોકસાહિત્યમાં સચવાયેલી રહી છે.

મીરઝા અઝીઝ કોકાએ ભૂચર મોરીની લડાઈના બીજે દિવસે નવાનગર પર કૂચ કરી એ શહેર લૂંટ્યું. જૂનાગઢ કબજે કરવાનો પણ પ્રયત્ન કર્યો, પણ પ્રતિકૂળ સંજોગોના કારણે એ પ્રયાસ પડતો મૂક્યો, પરંતુ બીજે વર્ષે ૧૫૯૨ માં એ સમગ્ર સૌરાષ્ટ્ર જીતવાના નિર્ણય સાથે પૂરતી તૈયારી કરીને આવ્યો. ટૂંક સમયમાં જ ધોધા માંગરોળ સોમનાથ વગેરે સોરઠ તાબાનાં બંદર જીતી લીધાં. જૂનાગઢનો કિલ્લો ત્રણ મહિનાના ઘેરા બાદ કબજે કર્યો (ઑગસ્ટ ૨૭, ૧૫૯૨). જૂનાગઢના ઘેરા દરમ્યાન દોલતખાન અવસાન પામ્યો હતો, તેથી અઝીઝ કોકાએ ઉદારતા બતાવી એના બે સગીર પુત્રો અને બીજા ૫૦ આગેવાનોને જીવતદાન આપ્યું.[૬] એ પછી સમગ્ર સૌરાષ્ટ્રમાં મુઘલ સત્તા દૃઢપણે સ્થપાઈ. ઘણા રાજપૂત ઠાકોર મુઘલ સત્તાને અધીન થયા. જૂનાગઢ સહિત દક્ષિણ અને પશ્ચિમ સૌરાષ્ટ્રનો સમગ્ર દરિયાકાંઠો 'ખાલસા જમીન' તરીકે મુઘલ સામ્રાજ્યમાં જોડી દેવામાં આવ્યો. નવાનગરના જામે રાજ્ય ગુમાવ્યું હતું, તેથી એણે અઝીઝ કોકા સાથે વાટાઘાટો કરી, સમાધાન કરી, મુઘલ સત્તાના તાબેદાર બનવાનું સ્વીકારી, રાજ્ય પાછું મેળવ્યું. સૌરાષ્ટ્રના રક્ષણ માટે જૂનાગઢમાં ફોજદારની નિમણૂક થવા લાગી. જામનગર સૌરાષ્ટ્રમાં હોવા છતાં એને અલગ જમીનદારી રાજ્ય ગણવામાં આવ્યું ને એની ખંડણી નક્કી કરાઈ. જામનગર અને કચ્છનાં રાજ્ય મુઘલ સામ્રાજ્યમાં ખંડિયાં રાજ્યોનું સ્થાન ભોગવતાં રહ્યાં.

ભૂચર મોરીના મેદાનમાંથી નાસી છૂટેલા અને સંતાતા ફરતા મુઝફ્ફરનો પીછો કરી અઝીઝ કોકાએ એને કેદ કરવા શકય તેટલા પ્રયાસ કર્યા. મુઝફ્ફર દ્વારકા થઈ દરિયા-માર્ગે કચ્છ પહોંચી ગયો. કચ્છના રાવ ભારમલે એને આશ્રય આપ્યો, પણ અઝીઝ કોકાએ કચ્છ પર કૂચ કરવાની ધમકી આપતાં, રાવ ભારમલે મોરબી પરગણું પોતાને આપવામાં આવે તો મુઝફ્ફર સોંપી દેવાની તૈયારી બતાવી, જેનો અઝીઝ કોકાએ સ્વીકાર કર્યો. છેવટે મુઝફ્ફરને કેદી તરીકે પકડવામાં આવ્યો (ડિસેમ્બર ૨૩, ૧૫૯૨) અને મોરબી તરફ લઈ જવામાં આવ્યો. માર્ગમાં મુઝફ્ફરે ધમડકા ગામે આપઘાત કર્યો.[૭] મુઝફ્ફરના મોતની ખાતરી કરાવવા એનું શિર નિઝામુદ્દીન બક્ષી મારફતે અકબરના દરબારમાં મોકલી આપવામાં આવ્યું

મીરઝા અઝીઝ કોકાએ ગુજરાતમાં મુઘલ સત્તા સ્થાપવાની અને બંડખોર મુઝફ્ફરનો અંત લાવવાની જે યશસ્વી કામગીરી કરી તેની અકબરના દરબારમાં ભારે પ્રશંસા કરવામાં આવી. એને સંમાન માટે દરબારમાં બોલાવવામાં આવ્યો, પણ એણે આગ્રા નહિ જતાં વેરાવળ બંદરે થઈને મક્કા હજ જવાનું પસંદ કર્યું (માર્ચ ૨૫, ૧૫૯૩). અકબરને એનું વલણ ગમ્યું નહિ છતાં એણે એને ક્ષમ્ય ગણ્યું.

શાહજાદો મુરાદ (ઈ.સ. ૧૫૯૩-૯૯)

મીરઝા અઝીઝ કોકા મક્કાની હજે જતાં અકબરે પોતાના બીજા શાહજાદા મુરાદને ગુજરાતના સૂબેદાર તરીકે નીમ્યો. એને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો કે દખ્ખણના અહમદનગર રાજ્ય સામે ચડાઈ કરવા તારે ગુજરાત અને માળવામાંથી લશ્કર એકત્ર કરવાં. દખ્ખણની ચડાઈ માટે ૧૫૯૪ ના ડિસેમ્બરમાં મુરાદે અમદાવાદ છોડયું અને એ સુરત જવા નીકળ્યો. મુરાદ અમદાવાદ છોડે એ અગાઉ અકબરે ગુજરાતમાં વહીવટ ચલાવવા સૂબેદારના નાયબ તરીકે રાજા સૂરજસિંહની નિમણૂક કરી હતી. દખ્ખણની ચડાઈના કારણે મુઘલ અધિકારીઓની ગુજરાતમાં ગેરહાજરી થવાથી મરહૂમ સુલતાન મુઝફ્ફરના શાહજાદા બહાદુરે ૧૫૯૬ માં બંડ કર્યું. એનો લાભ લૂંટફાટ કરનારાં તત્ત્વોએ લીધો અને એમણે ગામડાં લૂંટયાં, પરંતુ રાજા સૂરજસિંહે બંડખોર બહાદુર સામે જઈને એને ખુલ્લી લડાઈમાં હરાવી નાસી જવા ફરજ પાડી[૮] અને બંડ શમાવી દીધું.

દખ્ખણમાં ગયેલા શાહજાદા મુરાદનું ૩૦ વર્ષની વયે ૧૫૯૯માં અકાળ અવસાન થતાં ગુજરાતના સૂબેદાર તરીકે ફરી વાર મીરઝા અઝીઝ કોકાને નીમવામાં આવ્યો.

મીરઝા અઝીઝ કોકા (ત્રીજી વાર) (ઈ.સ. ૧૬૦૦-૧૬૦૫)

એની ત્રીજી વારની સૂબેદારી દરમ્યાન એણે ગુજરાતનો વહીવટ આગ્રા રહીને ચલાવ્યો. એ માટે એણે વારાફરતી પોતાના નાયબ તરીકે શમ્સુદ્દીન અને શાદમાન નામના પોતાના પુત્રોને નીમ્યા હતા. એના વહીવટ દરમ્યાન ગુજરાતમાં કોઈ ખાસ નોંધપાત્ર બનાવ બન્યો ન હતો.

ગુજરાતમાં અકબરના અમલ દરમ્યાન ફિરંગીઓનું સ્થાન ગુજરાતના દરિયાઈ જળવિસ્તારમાં કેવું હતું એની ખાસ નોંધ લેવી જોઈએ. અકબરે ગુજરાત પર જીત મેળવી (૧૫૭૨-૭૩) ત્યાં સુધીમાં ફિરંગીઓ દરિયાઈ જળવિસ્તાર પર બિનહરીફ વર્ચસ ભોગવતા થઈ ગયા હતા. ગુજરાતનાં બંદરોએથી હંકારાતાં

વેપારીઓનાં કે પ્રવાસીઓનાં જહાજોને એમની પાસેથી અમુક રકમ (લાગો) આપી પરવાનો લેવો પડતો. મુઘલ સમ્રાટનાં વેપારી જહાજોને કે શાહી કુટુંબનાં યાત્રાએ જતાં પ્રવાસી જહાજોને પણ એમના તરફથી મુક્તિ અપાઈ ન હતી. એ સમયમાં દીવ દમણ અને વસઈ ફિરંગી તાબાનાં વેપારથી ધીકતાં બંદર હતાં. દમણ બંદર ૧૫૫૯ માં ફિરંગીઓએ ગુજરાતના સુલતાન પાસેથી મેળવ્યું હતું. 'અકબર-નામા'માં જણાવ્યું છે તે મુજબ અકબરે ફેબ્રુઆરી ૧૫૮૦માં મીરઝા અઝીઝ કોકાના કાકા કુત્બુદ્દીનખાન, જેને ભરૂચની જાગીર અપાઈ હતી, તેને દમણ પર આક્રમણ કરવા હુકમ આપ્યો હતો. હજ કરવા જતાં યાત્રીઓના માર્ગમાં અવરોધ ઊભા કરતા ફિરંગીઓને હાંકી કાઢવા માટેના શાહી લશ્કરને ગુજરાત અને માળવાના સૂબેદારોની તથા દખ્ખણના હાકેમોની પણ સહાય મળી.[૯] દમણ પર મુઘલોની ચડાઈનું પરિણામ શું આવ્યું એનો ઉલ્લેખ અબુલ ફઝલે કર્યો નથી, પરંતુ ફિરંગી આધારો પરથી જાણવા મળે છે કે મુઘલોના એ આક્રમણને ફિરંગી કપ્તાન માર્ટિન આલ્ફોન્સો-દ-મેલોએ નિષ્ફળ બનાવી દીધું હતું ને મુઘલ સેનાપતિને ઘેરો ઉઠાવી લેવાની ફરજ પડી હતી.[૧૦] એ નોંધપાત્ર વિજયની યાદગીરી દમણના કિલ્લાના દરવાજા પરની ફિરંગી ભાષામાં લખાયેલી તકતી પર જોવા મળે છે. એ પરથી સ્પષ્ટ જણાય છે કે અકબરને ફિરંગીઓ પાસેથી દમણ લેવામાં નિષ્ફળતા મળી હતી.

ગુજરાતમાં અકબરના અમલની એક નોંધપાત્ર ઘટના એ છે કે હિ. સ. ૯૮૦ (૧૫૭૨–૭૩)થી અમદાવાદની શાહી ટંકશાળમાં મુઘલ શહેનશાહોના સિક્કા પાડવાનો આરંભ થયો. આ સિક્કા હિ. સ. ૯૮૦ થી મુઘલ સત્તા ગુજરાતમાં ટકી ત્યાં-સુધી પાડવામાં આવ્યા હતા.

(૨) જહાંગીરનો રાજ્ય-અમલ (ઈ સ. ૧૬૦૫–૨૭)

મુઘલ બાદશાહ જહાંગીરના રાજ્ય-અમલ દરમ્યાન ગુજરાતમાં આઠ જેટલા મુઘલ સૂબેદાર આવી ગયા.

કુલીઝખાન અને રાજા વિક્રમજિત (ઈ.સ. ૧૬૦૫–૦૬)

જહાંગીરે પોતાના શાસનના આરંભમાં મોકલેલા સૂબેદારોમાં પ્રથમ સૂબે-દાર કુલીઝખાન હતો, જે ઉચ્ચ ઉમરાવ હતો અને અકબરના સમયથી ગુજરાત પ્રાંતની સેવામાં હતો. કુલીઝખાનની સૂબાગીરીનો સમય સામાન્ય રહ્યો. એમાં રાજા વિક્રમજિતે પણ કામગીરી બજાવી હતી. ૧૬૦૬ માં કુલીઝખાનને પંજાબમાં રોશની નામના ધર્મઝનૂની લોકો સામે લડવા મોકલવામાં આવ્યો. એ

વખતે ગુજરાતમાં માજી સુલતાન મુઝફ્ફરશાહ ૩ જાના શાહજાદા બહાદુરે અમદાવાદની આસપાસના વિસ્તાર પર હલ્લા કરી, લૂંટફાટ ચલાવી અને ઘણા શાહી અધિકારીઓની હત્યા કરી સનસનાટી મચાવી દીધી, આથી જહાંગીરે રાજા વિક્રમજિત અને અન્ય મનસબદારોને ૭ થી સાત હજારના હયદળ સાથે ગુજરાતમાં શાંતિ સ્થાપવા મોકલ્યા. રાજા વિક્રમજિતે ગુજરાતમાં આવી બહાદુરના હુલ્લડને શમાવી દીધું અને વ્યવસ્થા સ્થાપી; જોકે કુલીઝખાનની જેમ રાજા વિક્રમજિત પણ અમદાવાદ ખાતે થોડા સમય માટે જ સૂબેદારપદે રહ્યો.

મુર્તઝાખાન બુખારી (ઈ.સ. ૧૬૦૬–૦૯)

રાજા વિક્રમજિતની વિદાય પછી શેખ ફરીદ બુખારી, જેનું બહુમાન 'મુર્તઝાખાન' ખિતાબ આપીને કરવામાં આવ્યું હતું, તેને સૂબેદાર તરીકે મોકલવામાં આવ્યો. શેખ ફરીદે જહાંગીરને ગાદી પર લાવવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો હતો, તેથી એની કદરરૂપે જહાંગીરે ગુજરાતનું સૂબેદારપદ એને આપ્યું હતું. શેખ ફરીદે પોતાના અમલ દરમ્યાન અમદાવાદમાં ત્રણ દરવાજા પાસે બુખારી મહોલ્લો વસાવ્યો. કડી(જિ. મહેસાણા)નું વ્યૂહાત્મક મહત્ત્વ જણાતાં એણે ત્યાં કિલ્લો બંધાવ્યો (૧૬૦૯).[૧૧] એ કિલ્લાના દરવાજાની દીવાલ પરના લેખમાં મુર્તઝાખાનને લશ્કરી વીરતા અને વિદ્વાનોની સંગત એ બંનેમાં પ્રવીણ કહ્યો છે અને "એના ન્યાયી વહીવટથી ગુજરાત બુખારા જેવું બન્યું" હોવાની નોંધ છે. એણે અમદાવાદમાં ખાનપુર વિસ્તારમાં શાહ વજિહુદ્દીનની કબર પર રોજો બંધાવ્યો હતો અને ભરૂચમાં એક મસ્જિદ બંધાવી હતી (૧૬૦૯).

૧૬૦૮ના અંતમાં જહાંગીરે મુર્તઝાખાનને પરત બોલાવવા નક્કી કર્યું, કારણ કે મુર્તઝાખાનના સંબંધીઓ અને આશ્રિતોએ અમદાવાદની પ્રજાને રંજાડવાનું ચાલુ રાખ્યું હતું અને મુર્તઝાખાન પોતે એમને અટકાવી શકતો ન હતો. હવે જહાંગીરે ફરી વાર ગુજરાતની સૂબેદારી મીરઝા અઝીઝ કોકા-ખાનઆઝમને સોંપી.

મીરઝા અઝીઝ કોકા (૪થી વાર) (૧૬૦૯-૧૬૧૧)

નક્કી એ રીતે કરાયું હતું કે ખાન આઝમે મુઘલ રાજધાનીમાં રહેવું અને એના મોટા પુત્ર જહાંગીર કુલીખાને (મીરઝા શમ્સુદ્દીને) પિતાના નાયબ તરીકે ગુજરાતમાં જવું (નવેમ્બર ૧૩, ૧૬૦૮).[૧૨] જહાંગીર કુલીખાને ટૂંકા સમય માટે નાયબ સૂબેદાર તરીકે વહીવટ ચલાવ્યો. ૧૬૦૯માં ખાન આઝમના બીજા પુત્ર મીરઝા ખુર્રમને સોરઠ વિસ્તાર માટે જૂનાગઢ ખાતેની સરકારનો વહીવટ ચલાવવા મોકલવામાં આવ્યો.

૧૬૦૯ માં ગુજરાતની પૂર્વ સરહદે કેટલાક હિંદુ રાજાઓની બળવાખોર પ્રવૃત્તિઓને ડામી દેવા રાજા ટોડરમલના પુત્ર રાય ગોપીનાથને તથા જોધપુરના રાજા સૂરસિંહ અને બીજાઓને ગુજરાત મોકલવામાં આવ્યા. રાય ગોપીનાથે માળવા દ્વારા ગુજરાત આવી, સુરત જિલ્લામાં પ્રવેશી સ્થાનિક જમીનદારો પાસેથી ખંડણી ઉઘરાવી અને રેવાકાંઠામાં બાલપાડ(તા. બોરસદ, જિ. ખેડા)ના ઠાકોરને હરાવી કેદ કર્યો. બીજી બાજુએ ઘણા હિંદુ સરદારોએ કોળી લોકોને એકત્ર કરી, મોટું દળ જમાવી, રાજા સૂરસિંહ પર હલ્લો કરી, એના ઘણા રાજપૂત સૈનિકોને કાપી નાખ્યા. રાય ગોપીનાથે અમદાવાદ આવી, વધુ લશ્કર લઈ માંડવા(તા. ખેરાળુ, જિ. મહેસાણા)ના સરદારને હરાવી કેદ કર્યો. બીજી એક લડાઈમાં કાંકરેજ(જિ. બનાસકાંઠા)ના કોળીઓના ઠાકોરને પણ હરાવી કેદ કર્યો. એ ત્રણે કેદ પકડાયેલા ઠાકોરોને બાદશાહ જહાંગીરની આજ્ઞાથી કેટલોક વખત ગ્વાલિયરના કિલ્લામાં કેદ રખાયા. પરંતુ ભવિષ્યમાં સારો વ્યવહાર રાખવાનું વચન આપતાં એમને મુક્ત કરવામાં આવ્યા.[૧૩]

૧૬૦૯-૧૦ ના સમયમાં ગુજરાત પર દખ્ખણમાંથી આક્રમણ થયું. દખ્ખણ નિઝામશાહી સુલતાનના પ્રખ્યાત સેનાપતિ અને મંત્રી મલિક અંબર, જે એ સમયે દૌલતાબાદનો સૂબેદાર હતો, તેણે ૫૦ હજાર ઘોડેસવારના દળ સાથે આવીને સુરત અને વડોદરા જિલ્લાનાં ગામોમાં લૂંટફાટ મચાવી, જેવી ઝડપથી આવ્યો હતો તેવી ઝડપે, એ જતો રહ્યો.

મલિક અંબરના આક્રમણથી દક્ષિણ ગુજરાતનાં સંરક્ષણ અને સલામતી માટે પ્રાંતની પૂર્વ સરહદે રામનગર (ધરમપુર) ખાતે લગભગ ૨૫ હજારનું ઘોડેસવાર દળ રાખવામાં આવ્યું. એ દળ ઉપરાંત જરૂર પડે તો મુઘલ સૂબેદારને મદદ કરવા માટે ખંડિયા હિંદુ રાજાઓને પણ આદેશ અપાયો. એ દળમાં કોના તરફથી કેટલી સંખ્યામાં ઘોડેસવાર ટુકડીઓ મોકલવામાં આવી એની વિગત 'મિરાતે અહમદી'[૧૩]માં આપવામાં આવી છે. હિંદુ રાજાઓમાં કચ્છ નવાનગર ઈડર ડુંગરપુર વાંસવાડા રામનગર રાજપીપળા અલીરાજપુર તથા અલીમોહન (છોટાઉદેપુર)નો સમાવેશ થતો હતો.

અબ્દુલ્લાખાન ફીરોઝ જંગ (ઈ.સ. ૧૬૧૧-૧૬)

૧૬૧૧ માં મીરઝા અઝીઝ કોકાના સ્થાને ગુજરાતના સૂબામાં અબ્દુલ્લાખાન બહાદુર ફીરોઝ જંગ નામના વિશ્વાસુ અને છ હજારનું ઘોડેસવારદળ ધરાવતા મનસબદારની નિમણૂક સૂબેદાર તરીકે કરવામાં આવી, પરંતુ અબ્દુલ્લાખાનનો મોટા ભાગનો સમય નિઝામશાહી સેનાપતિ મલિક અંબરને કચડી નાખવાની

કામગીરી બજાવતા મુઘલ સેનાપતિઓ સાથે વીત્યો. અબ્દુલ્લાખાનની સૂબેદારીના છેલ્લા વર્ષમાં અમદાવાદ ખાતેની અંગ્રેજોની વેપારી કોઠી સાથેના નવા સ્થપાયેલા સંબંધ કેવા હતા એની કેટલીક વિગત સર ટૉમસ રોની નોંધમાંથી જાણવા મળે છે. એ મુજબ સૂબેદાર અબ્દુલ્લાખાને દખ્ખણની સવારીએથી પાછા આવ્યા બાદ, કોઠીના અધિકારીઓએ પોતાના ૫૦૦ રૂપિયા પાછા આપવા માગણી કરી ત્યારે એમના મકાનનો કબજો લશ્કરી બળથી લેવા એણે કોટવાલને મોકલ્યો. એ વખતે તેઓએ એનો સામનો કર્યો. સર ટૉમસ રોની વિનંતીથી દિલ્હીના દીવાન અસફખાને અબ્દુલ્લાખાન પર પત્ર લખી અંગ્રેજોને એમના નિવાસસ્થાનમાં સ્વતંત્રતાથી રહેવા દેવાની અને વેપાર કરવા દેવાની નીતિ અપનાવવાનો આદેશ આપ્યો.[૧૪]

૧૬૧૬ ના જ વર્ષમાં અબ્દુલ્લાખાનને એની કડક શાસનનીતિના કારણે જહાંગીરે પરત બોલાવી લીધો.

અબ્દુલ્લાખાનના સમયમાં અમદાવાદ કેવું હતું એનો હેવાલ વિલિયમ ફ્રિન્ચ નામનો એક અંગ્રેજ પ્રવાસી, જે ૧૬૧૧ માં અમદાવાદ આવીને ટૂંક સમય માટે રહ્યો હતો, તેની નોંધ પરથી અને ૧૬૧૩ માં અમદાવાદમાં ટૂંક સમય માટે રહેવા આવેલ અંગ્રેજ વેપારી નિકોલસ વિથિંગ્ટનની રોજનીશી દ્વારા જાણવા મળે છે.[૧૫] અબ્દુલ્લાખાનના સમયમાં ઈ.સ. ૧૬૧૬ માં અમદાવાદમાં શાહ સોમપાલના પુત્ર રૂપચંદની ત્રણે પત્નીઓ—રૂપશ્રી કમા અને કેસર—પતિ સાથે અગ્નિસ્નાન કરી સતી થઈ (એપ્રિલ, ૧૬૧૬). આ પ્રસંગની નોંધ એક કૂવાની દીવાલ પર જડેલી તકતીના લેખમાં જોવા મળે છે.[૧૬]

મુકર્રબખાન (ઈ.સ. ૧૬૧૬-૧૬૧૮)

અબ્દુલ્લાખાનના અનુગામી તરીકે મુકર્રબખાન નામના અમીરને પસંદ કરવામાં આવ્યો. મુકર્રબખાને સુરત અને ખંભાતનાં બંદરોના મુત્સદ્દી (ફોજદાર) તરીકે કામગીરી (૧૬૦૮-૧૫) બજાવી હતી અને એ કેટલાય સમયથી પોતાને ગુજરાતના સૂબેદાર તરીકે નીમવા વારંવાર આગ્રહભરી માગણી કરી રહ્યો હતો. બંદરોના સૂબેદાર તરીકેના વહીવટ દરમ્યાન મુકર્રબખાને જહાંગીરને યુરોપીય બનાવટની કિંમતી નાનીમોટી ભેટસોગાદો મોકલીને અને વૈદ્યકીય સારવાર કરીને ખુશ કર્યો હતો ૧૬૧૩ માં જહાંગીરે એને ફિરંગીઓ સામે લડીને બદલો લેવા હુકમ કર્યો હતો અને ૧૬૧૫ માં એનો મનસબનો હોદ્દો વધારી પાંચ હજાર ઘોડેસવાર દળનો કર્યો હતો. બીજા વર્ષે એટલે કે ૧૬૧૬ માં એને સૂબેદારપદ આપવામાં આવ્યું, પરંતુ એને વહીવટમાં રસ ન હતો અને યુદ્ધની કામગીરીનો પણ અનુભવ ન હતો. એ માત્ર જહાંગીરની કૃપાથી સૂબેદાર-પદે

આવ્યો હતો, તેથી એને મદદ કરવા મુહમ્મદ સાફીખાનને દીવાન અને બક્ષી તરીકે નીમવામાં આવ્યો. ૧૬૧૮ ના આરંભમાં સમ્રાટ જહાંગીરે અમદાવાદની મુલાકાત લીધી ત્યારે મુકર્રબખાન અમદાવાદમાં હતો અને એણે જહાંગીરના લાંબા સમય સુધીના અમદાવાદના નિવાસની તમામ વ્યવસ્થા કરી હતી.

મુઘલ બાદશાહ જહાંગીરે પૂરાં પાંચ વર્ષ અને ચાર મહિના (સપ્ટેમ્બર ૧૬૧૩ થી જાન્યુઆરી, ૧૬૧૯) સુધી રાજધાની આગ્રા છોડી અજમેર તેમ માળવા અને ગુજરાતના પ્રાંતોનો પ્રવાસ કર્યો, જે નોંધપાત્ર છે. પ્રવાસ દરમ્યાન એણે અજમેર માંડુ અને અમદાવાદમાં લાંબા સમય સુધી રહી જે પ્રવૃત્તિઓ કરી તેનો હેવાલ સર ટોમસ રોની નોંધપોથીમાંથી મળી આવે છે. સર રોને ઇંગ્લેન્ડના રાજા જેમ્સ ૧ લાએ પોતાના એલચી તરીકે મુઘલ બાદશાહ પાસે મોકલ્યો હતો. સર રો જહાંગીરને ૧૬૧૫ ના અંતમાં અજમેર ખાતે મળ્યો હતો અને પોતાના રસાલા સાથે એ જહાંગીરની સાથે સાથે સપ્ટેમ્બર ૧૬૧૮ સુધી ફર્યો હતો.

ગુજરાતનો પ્રવાસ કરવા જહાંગીર માંડૂથી નીકળી દાહોદ આવી પહોંચ્યો (ડિસેમ્બર ૧, ૧૬૧૭). ગુજરાતના પ્રવાસ માટે જહાંગીરે એના સંસ્મરણ ગ્રંથમાં નોંધ્યું છે કે પોતાને ગુજરાત પ્રાંતની મુલાકાત લેવાની તીવ્ર ઇચ્છા હતી. હાથીનો શિકાર જે પોતે કદી કર્યો ન હતો તે કરવો હતો અને ખારો સમુદ્ર જાતે જોવો હતો.[૧૭] જહાંગીર નડિયાદ અને પેટલાદ થઈ ખંભાત પહોંચ્યો (ડિસેમ્બર ૧૯, ૧૬૧૭), જ્યાં એ દસ દિવસ રહ્યો અને એણે દરિયાઈ સફરની મોજ માણી. ખંભાતથી નીકળી (ડિસેમ્બર ૩૦, ૧૬૧૭) જહાંગીરે પોતાના રસાલા સાથે માતર પરગણા અને બારેજા ગામ થઈને અમદાવાદ શહેર બહાર કાંકરિયા તળાવ પર મુકામ કર્યો. જહાંગીરે રાજધાની અમદાવાદમાં પ્રવેશ કર્યો તે દિવસે શાહજાદા શાહજહાંની એ ૨૩ મી વર્ષગાંઠ હતી. હંમેશની જેમ શાહજાદાને સુવર્ણ અને અન્ય ચીજો સામે જોખવામાં આવ્યો. એ પ્રસંગે જહાંગીરે શાહજહાંને ગુજરાતની જાગીર બક્ષિસ આપી અને એના સૂબેદાર તરીકે નીમ્યો (જાન્યુઆરી ૫, ૧૬૧૮).

શાહજાદો શાહજહાં (ઈ.સ. ૧૬૧૮-૨૩)

જો કે ૧૬૧૮ થી ૧૬૨૨ માં આંતરવિગ્રહ ફાટી નીકળતાં સુધી શાહજહાં ગુજરાતના સૂબેદાર તરીકે ઔપચારિક રીતે જ રહ્યો. એ એના પિતાની સાથે જ ગુજરાત છોડી ગયો હતો અને વહીવટી તંત્ર એના નાયબ તરીકે રુસ્તમખાને (૧૬૧૮-૨૨) અને પછીથી રાજા વિક્રમાજિતે (૧૬૨૨-૨૩) ચલાવ્યું હતું.

દાહોદનાં જંગલોમાં હાથીઓના શિકારની મોજ માણીને આગ્રા પાછા ફરવાના નિર્ધાર સાથે જહાંગીરે અમદાવાદથી પ્રયાણ કર્યું (ફેબ્રુઆરી ૧૦,

૧૬૧૮). વટવા મહેમદાવાદ બાલાસિનોર થઈને મહી નદીના કંઠે મુકામ કર્યો, જ્યાં નવાનગરના ખંડિયા રાજા જામે આવીને ૫૦ ઘોડાઓની ભેટ ધરી પોતાની વફાદારી બતાવી. એ પછી દાહોદ આવી (માર્ચ ૧૦, ૧૬૧૮), ત્યાં મુકામ કરી પંચમહાલનાં જંગલોમાં હાથીઓનો શિકાર કર્યો. અમદાવાદથી નીકળ્યા બાદ બાલાસિનોરમાં આવી પહોંચતાં જ એને સમાચાર મળ્યા કે કાશ્મીરમાં મરકીનો રોગ નીકળ્યો છે. દાહોદમાં એને સમાચાર આપવામાં આવ્યા કે એ રોગ આગ્રામાં પણ શરૂ થયો છે, આથી જહાંગીરે આગ્રા જવાનું માંડી વાળી, અમદાવાદ પાછા ફરવાનું નક્કી કર્યું અને એ પ્રમાણે પ્રયાણ કર્યું (માર્ચ ૩૦, ૧૬૧૮). જહાંગીરે અમદાવાદમાં પુનઃ પ્રવેશ કર્યો (એપ્રિલ ૧૫, ૧૬૧૮), પરંતુ જે ડરથી તે આગ્રા ન ગયો તે જ ભય અમદાવાદમાં ઊભો થયો. અમદાવાદમાં પણ મરકીનો રોગ દેખાયો અને જહાંગીર તથા શાહજહાં સહિત તમામને એની અસર થઈ. આ વખતે એનું રોકાણ લગભગ છ મહિના (એપ્રિલ–સપ્ટેમ્બર ૧૬૧૮) સુધી રહ્યું, પરંતુ એ સમય ખૂબ ગરમી અને વરસાદનો હતો. અમદાવાદમાં ધૂળથી ત્રાસી જઈ, મે મહિનાની સખત લૂ અને તાવથી નબળા પડી તથા રોગ-ચાળાથી કંટાળી જઈ જહાંગીર શહેરની બીજી મુલાકાતનો આનંદ લઈ શક્યો નહિ અને એણે એને "ગર્દાબાદ" જેવું ઉપનામ આપ્યું. શહેરથી એ કંટાળ્યો હતો એમ છતાં એણે બાદશાહ તરીકેની સામાન્ય ફરજો બજાવી હતી. ગુજરાતમાં રહીને જહાંગીરે પડાવેલા રાશિવાળા સિક્કા એના શાસન દરમ્યાન બહાર પડાયેલા તમામ સિક્કાઓમાં ખૂબ સુંદર છે અને પ્રખ્યાત છે. ગુજરાતમાંથી બહાર પાડવામાં આવેલા જહાંગીર અને નૂરજહાંનું નામ ધરાવતા સિક્કા પણ એટલા જ મહત્ત્વના છે.

જહાંગીરના દરબારમાં અંગ્રેજ એલચી સર ટૉમસ રો લગભગ ત્રણ વર્ષ (ડિસેમ્બર ૨૩, ૧૬૧૫થી સપ્ટેમ્બર ૨૪, ૧૬૧૮) રહ્યો. જોકે જહાંગીરે એની પાસેથી બધા પ્રકારની કિંમતી ભેટો સ્વીકારી અને કેટલીક માગી પણ ખરી, છતાં સર રોની ઇચ્છા મુઘલ બાદશાહ અને ઇંગ્લૅન્ડના રાજા વચ્ચે વિધિસર કરાર કરવાની હતી, એ પ્રત્યે જહાંગીરે ઓછું ધ્યાન આપ્યું હતું. સુરતની જાગીર ધરાવતા શાહજાદા શાહજહાંએ તો સર ટૉમસ રોને વખતોવખત નિરાશ કર્યો હતો.[૧૮] જહાંગીરનું આવું વલણ હતું છતાં એણે ઇંગ્લૅન્ડના રાજાને પહોંચાડવા એ પત્ર સર ટૉમસ રોને આપ્યા હતા. જહાંગીરે આગ્રા પાછા ફરવા માટે અમદાવાદથી પ્રયાણ કર્યું (સપ્ટેમ્બર ૨, ૧૬૧૮) અને મહેમદાવાદ દાહોદ થઈ એ ઉજ્જન તરફ ગયો.

ઉપર જણાવ્યું છે તેમ સૂબેદાર શાહજાદા શાહજહાંએ પોતાના વતી ગુજરાતનો વહીવટ ચલાવવા નાયબ તરીકે અનુક્રમે રુસ્તમખાન (૧૬૧૮–૨૨) અને રાજા વિક્રમજિત(૧૬૨૨–૨૩)ને નીમ્યા હતા.

રુસ્તમખાનનો વહીવટ લોકપ્રિય નહોતો એવી છાપ અમદાવાદમાં રહેતા અંગ્રેજ વેપારીઓ, જે એના વહીવટથી અસંતુષ્ટ હતા, તેમની નોંધ પરથી જોવા મળે છે. ૧૬૨૨ માં રુસ્તમખાનને પરત બોલાવવામાં આવ્યો ત્યારે તેઓ ખુશ થયા હતા.[૧૯] રુસ્તમખાનની જગ્યાએ શાહજહાંએ પોતાના વિશ્વાસપાત્ર અને કાર્યદક્ષ અધિકારીઓ પૈકીના એક અધિકારી રાજા વિક્રમજિતને નાયબ તરીકે નીમ્યો. પોતાના ટૂંકા વહીવટ દરમ્યાન વિક્રમજિતે ઉત્તર ગુજરાતમાં પ્રવાસીઓને ત્રાસ આપતા અને માથાભારે બનેલ કોળી લોકોના ઉપદ્રવને ડામી દેવા ચડાઈઓ કરી હતી. એણે પ્રાંતમાં ગાય અને ભેંસની કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. એ પ્રતિબંધનો અમલ એટલો કડકાઈથી થયેલો લાગે છે કે વેપારી–માલને ઢાંકવા કે પૅક કરીને મોકલવામાં વપરાતા ચામડાની ભારે તંગી ઊભી થઈ હતી. શાહજહાંએ પિતા જહાંગીર સામે બંડ ઉઠાવ્યું ત્યારે મદદરૂપ થવા રાજા વિક્રમજિતને ગુજરાતમાંથી પાછો બોલાવવામાં આવ્યો ત્યારે પણ અંગ્રેજો ખુશ થયા હતા. ૧૬૨૨ ના વર્ષમાં અમદાવાદના અંગ્રેજ વેપારીઓને હેરાનગત થયેલી હતી. ત્યાંની કોઠીના અધ્યક્ષ નેથેનિયલ હોલ્સ્ટીડનું અવસાન થતાં અમદાવાદના કોટવાલે કોઠીનો બધો માલસામાન તથા કોઠીમાં રહેતા અંગ્રેજ વેપારીઓ અને અધિકારીઓની અંગત ચીજો વગેરે કબજે કર્યાં હતાં અને એમને સતાવ્યા હતા.

શાહજહાંની સૂબેદારી દરમ્યાન અમદાવાદમાં સાબરમતીને કાંઠે મહેલ સહિત ભવ્ય 'શાહીબાગ' નામનો બગીચો બાંધવામાં આવ્યો.[૨૦]

શાહજહાંનું બંડ અને ગુજરાત

શાહજહાં બાદશાહ જહાંગીરનો પ્રિય પુત્ર હતો અને બધા એને ગાદીવારસ ગણતા હતા, પરંતુ બેગમ નૂરજહાંની ખટપટોને લીધે એને ગાદી ન મળે એવી સ્થિતિ સર્જાઈ હતી, એથી શાહજહાંએ વયોવૃદ્ધ સરસેનાપતિ અબ્દુર્રહીમખાન અને બાદશાહતના ઘણા અગ્રગણ્ય અમીર–ઉમરાવોના સાથ પર તથા પોતાના તાબા નીચેના ગુજરાત સાળવા ખાનદેશ અને દખ્ખણના પ્રાંતોની સાધનસંપત્તિ પર આધાર રાખી પિતા સામે બંડ કર્યું. દિલ્હીની દક્ષિણે ૪૦ માઇલ દૂર બલુચપુરની જે લડાઈ થઈ (માર્ચ ૧૬૨૩) તેમાં જહાંગીર અને શાહજહાં સામસામે આવ્યા હતા. ગુજરાતનો માજી સૂબેદાર અબ્દુલ્લાખાન, જે બાદશાહના પક્ષે હતો તે,

પોતાની ટુકડીઓ સાથે શાહજહાંને પક્ષે આવતો રહ્યો હતો, એથી જહાંગીરના પક્ષે ભંગાણ પડ્યું હતું. એમ છતાં લડાઈમાં રાજા વિક્રમજિત, જેને ગુજરાતમાંથી ખાસ બોલાવવામાં આવ્યો હતો અને શાહજહાંનું આખું લશ્કર જેની આગેવાની નીચે હતું, તેને આકસ્મિક ઘા વાગતાં એ અવસાન પામ્યો તેથી શાહજહાંનો પક્ષ હતાશ બની હારી ગયો.

ગાદી માટે થયેલા આંતરવિગ્રહની અસર ગુજરાત પર પડી. અમદાવાદમાં કેવા પ્રકારનાં નિયંત્રણ મૂકવામાં આવ્યાં હતાં એનો ખ્યાલ ઇટાલિયન પ્રવાસી પિએટ્રો ડેલ્લા વેલની નોંધ પરથી આવે છે. ૧૬૨૩ માં એ જ્યારે અમદાવાદ છોડી (ફેબ્રુઆરી ૨૮) ખંભાત જવા નીકળ્યો ત્યારે એને અમદાવાદમાંથી બહાર નીકળતાં ભારે તપાસ લેવાના કારણે ઘણી તકલીફ પડી હતી. શાહજહાંએ જ પોતાના લશ્કરના સૈનિકો પક્ષાંતર કરી બાદશાહ-પક્ષે ન જાય એ માટે સૈનિકોની પત્નીઓ અને કુટુંબીજનોને અમદાવાદમાંથી બહાર જતાં અટકાવવા માટે અમદાવાદના દરવાજા બંધ કરાવ્યા હતા. બહાર જનાર વ્યક્તિઓને પરવાના મેળવવા પડતા.[૨૧] અમદાવાદથી અંગ્રેજ કોઠીના અધિકારીઓએ એમની સુરતની કોઠીના અધિકારીઓ પર લખેલા પત્રોમાંથી એ આંતરવિગ્રહ અને અમદાવાદમાં પડેલા એના પ્રત્યાઘાત વિશે જાણવા મળે છે. આને જહાંગીરની આત્મકથામાંથી પણ સમર્થન મળે છે. 'તુઝૂકે જહાંગીરી' અનુસાર શાહજહાંએ પોતાની થયેલી હારથી અને કરવી પડેલી પીછેહઠથી ગુજરાત પર સંદેશો મોકલાવ્યો, જેમાં રાજા વિક્રમજિતના ભાઈ કાન્હડદેવ અને પ્રાંતના દીવાન સાફીખાનને પોતાના માંડૂના દરબારમાં આવવા અને એમની સાથે અમદાવાદ ખાતેનો બધો શાહી ખજાનો લાવવા આદેશ આપ્યો હતો. એમાં પાંચ લાખ રૂપિયાનું જવાહાર-જડિત તખ્ત અને બે લાખ રૂપિયાની કિંમતનો પટો, જે એણે પોતે બાદશાહ જહાંગીરને ભેટ ધરવા અમદાવાદમાં જ બનાવડાવ્યાં હતાં, તેનો સમાવેશ થાય છે. સાફીખાન શાહજહાંનો સાઢુ થતો હતો તેથી શાહજહાંને લાગતું હતું કે એ મારા પક્ષે આવશે, પરંતુ સાફીખાને બાદશાહ પ્રત્યે વફાદારી રાખી ગુજરાતમાં વફાદાર રહેલા મુઘલ ફોજદારોને એકત્ર કર્યા અને અમદાવાદ પર હલ્લો કરી એ કબજે કર્યું તેમજ શાહજહાં પ્રત્યે વફાદારી ધરાવનાર સર્વેને કેદ કર્યા. જવાહીર-જડિત તખ્ત ભાંગી નાખવામાં આવ્યું. બે લાખ રૂપિયા તથા શાહજહાંની મિલકત વગેરે બાદશાહ પ્રત્યેના વફાદાર સૈનિકોને વહેંચવામાં આવ્યાં. ઈડરના રાજા કલ્યાણ સહિત બધા ખંડિયા રાજાઓને અમદાવાદમાં આવવા અને બાદશાહ-પક્ષે રહી ગુજરાત પ્રાંતનું રક્ષણ કરવા આદેશ આપ્યો. બીજી બાજુએ માંડૂ ખાતે શાહજહાંએ અમદાવાદ

વિરોધીઓના અંકુશ નીચે આવી ગયાનું સાંભળી એને પુનઃ કબજે કરવા વિશ્વાસુ અધિકારી અબ્દુલ્લાખાનને મોકલ્યો, પરંતુ એ અમદાવાદ પાસે જેતલપુર નજીક થયેલી લડાઈમાં હારી ગયો (જૂન ૧૪, ૧૬૨૩) અને એને નાસી જવું પડયું. એણે સુરત પહોંચીને સ્થાનિક અમલદારો પાસેથી ચાર લાખ જેટલી મહમૂદી વસૂલ લીધી અને બુરહાનપુર ખાતે શાહજહાંને જઈને મળ્યો. દીવાન સાફીખાને મેળવેલા વિજયથી અમદાવાદની સમગ્ર પ્રજાએ જાણે ગુલામીમાંથી મુક્તિ મળી હોય તેવો આનંદ અનુભવ્યો.

શાહજાદો દાવરબક્ષ (ઈ.સ. ૧૬૨૩–૧૬૨૪)

બલુચપુરના વિજય પછી બાદશાહ જહાંગીરે અજમેર પહોંચી પોતાના મહૂમ શાહજાદા ખુશરૂના પુત્ર શાહજાદા દાવરબક્ષની ગુજરાતના સૂબેદાર તરીકે નિમણૂંક કરી (મે ૯, ૧૬૨૩). એ સાથે એને ૮૦૦૦ જાટ અને ૩૦૦૦ના અશ્વદળની મનસબ આપી અને લશ્કરી ખર્ચ માટે બે લાખ રૂપિયા પણ આપ્યા, પરંતુ દાવરબક્ષની વય ફક્ત ૧૫ વર્ષની હોવાથી એના વાલી તરીકે એના માતામહ વયોવૃદ્ધ મીરઝા અઝીઝ કોકાને (ખાનઆઝમને) નીમવામાં આવ્યો. મીરઝાને શાહજહાંના અધિકારીઓ પાસેથી ગુજરાત પુનઃ મેળવવાની કામગીરી સોંપવામાં આવી, પરંતુ એ શાહી લશ્કર સાથે આવે એ પહેલાં સાફીખાને વિજય મેળવી લીધો હતો તેથી ખાનઆઝમે શાહજાદા દાવરબક્ષને સાથે રાખી અમદાવાદમાં પ્રવેશ કર્યો (જુલાઈ ૩). અમદાવાદમાં આવ્યા પછી શાહજહાંના ટેકેદારો પાસેથી સુરત અને ભરૂચ જેવાં મુખ્ય અને મહત્ત્વનાં શહેર કબજે લેવાનું કામ પાર પાડવામાં આવ્યું. ગુજરાતમાં શાહજહાંનો બળવો દબાવી દેવામાં સફળતા મેળવનાર વફાદાર અને શૂરવીર મુહમ્મદ સાફીખાનને "નવાબ સૈફખાન જહાંગીર શાહી" નો ખિતાબ આપવામાં આવ્યો અને સહાયભૂત નીવડનાર અન્ય અધિકારીઓને યોગ્ય બદલો આપવામાં આવ્યો. નવાબ સૈફખાને જેતલપુરમાં "જિત બાગ" બનાવડાવ્યો અને ભદ્ર વિસ્તાર નજીક એક મદરેસા મસ્જિદ અને દવાખાનું પોતાના નામે બંધાવ્યાં, આમ ગુજરાતમાં શાહજહાંનો બળવો તૂટી પડયો, જો કે બાદશાહતના અન્ય ભાગોમાં એ ત્રણ વર્ષ સુધી ચાલુ રહ્યો.

ગુજરાતમાં દાવરબક્ષનું ઔપચારિક શાસન વધુ ન ચાલ્યું, કારણ કે ૧૬૨૪ માં ૮૦ વર્ષના ખાનઆઝમનું અમદાવાદ ખાતે અવસાન થતાં શાહજાદા દાવરબક્ષને પાછો બોલાવાયો અને એની જગ્યાએ દૌલતખાન લોદીના પુત્ર ખાનજહાં લોદીને નીમવામાં આવ્યો.

ખાનજહાં લોદી (ઈ.સ ૧૬૨૪–૨૭)

ખાનજહાંનું મૂળ નામ પીરખાન હતું. જહાંગીરે પહેલાં એને 'સલાબતખાન'નો અને પાછળથી 'ખાનજહાં'નો ખિતાબ આપ્યો હતો.

(૩) શાહજહાંનો રાજ્ય-અમલ (ઈ.સ. ૧૬૨૭–૫૮)

ખાનજહાં લોદી (ચાલુ) (ઈ.સ. ૧૬૨૭–૨૮)

બાદશાહ જહાંગીરનું અવસાન થતાં (ઑક્ટોબર, ૧૬૨૭) ખાનજહાં લોદી ગુજરાતના સૂબેદાર તરીકે ચાલુ રહ્યો, પરંતુ વહીવટ સૈફખાન દ્વારા ચાલતો રહ્યો. જહાંગીરના અવસાનના સમાચાર મળતાં મહારાષ્ટ્રમાં જુન્નર ખાતે રહેલા શાહજહાંએ તુરત જ કૂચ કરવા નક્કી કર્યું અને ગુજરાતમાંથી ટેકેદારો તેમજ ધન મેળવવાના હેતુથી ગુજરાત થઈ આગ્રા જવા નક્કી કર્યું અને ગુજરાતમાં સુરત બાજુએથી પ્રવેશ કર્યો (ડિસેમ્બર ૨, ૧૬૨૭). એ પછી એની મુઘલ બાદશાહ તરીકે જાહેરાત થઈ. અમદાવાદ પાસે આવતાં ગુજરાત સરકારનો વહીવટ સૈફખાન પાસેથી લઈ નાહિરખાન નામના વિશ્વાસુ અધિકારીને સોંપવા હુકમ કર્યો અને ખિદમત પરસ્તખાન નામના બીજા અધિકારીને સૈફખાનને કેદ કરી હાજર કરવા મોકલ્યો. અંગ્રેજ વેપારી કોઠીના દફતરોની નોંધ પ્રમાણે એ સમયે સૈફખાને પથરીનું ઓપરેશન કરાવેલું હોવાથી એ સખત માંદો હતો તેથી એ શાહજહાંને આવકાર આપતો કોઈ સંદેશો મોકલી શક્યો ન હતો, આથી શાહજહાંએ એને કેદ કરવા હુકમ કર્યો હતો. શાહજહાંની બેગમ મુમતાઝમહલની મોટી બહેનનું લગ્ન નવાબ સૈફખાન સાથે થયેલું હતું અને મુમતાઝમહલને મોટી બહેન પ્રત્યે ઘણો અનુરાગ હોવાથી એણે દરમ્યાનગીરી કરતાં શાહજહાંનો નવાબ સૈફખાનને કેદ કરવાનો હુકમ રદ કરવામાં આવ્યો.

બાદશાહ બનેલો શાહજહાં અમદાવાદમાં થોડો વખત રોકાયો અને નવાબ સૈફખાનના ખજાનામાંથી જે ગમ્યું તે લઈ હાથી ઘોડા નોકરો વગેરે સાથે ઉત્તરમાં રવાના થયો. શાહજહાંની બાદશાહ તરીકે વિધિસર તાજપોશી થતાં પહેલાં સુરત ખાતેના એના ટેકેદારોએ ઉત્સાહમાં આવી જઈ એના નામની સોનાની મહોરો સુરતની ટંકશાળમાં પાડી હતી.

બાદશાહ શાહજહાંનાં આરંભનાં આઠ વર્ષોમાં ગુજરાતમાં પાંચ જેટલા સૂબેદાર બદલાયા. શાહી દરબારનો જે કોઈ ઉમરાવ મુઘલ બાદશાહને વધુ ઊંચા ઉપહાર ભેટ ધરે તેને સૂબેદારપદ આપવાની પ્રથા પડી હતી. એ રીતે નાહિરખાન અથવા શેરખાન તૂર પહેલો સૂબેદાર બન્યો.

નાહિરખાન ઉર્ફે શેરખાન તુર (૧૬૨૮–૩૧)

ઈ.સ. ૧૬૨૮ માં શાહી ફરમાનથી સામ્રાજ્યના તમામ સૂબાઓમાં સૌર પંચાંગને બદલે ચાંદ્રમાસી હિજરી સંવત પ્રમાણેનું પંચાંગ દાખલ કરવામાં આવ્યું.

૧૬૨૯ માં શેરખાન તૂરે શાહી હુકમ અનુસાર નાસિક અને સંગેમનેર જિલ્લાઓ પર આક્રમણ કર્યું. એના જ સમયમાં જમાલખાન નામના એક અધિકારીએ ૧૬૩૦ માં ગુજરાતના સુલતાનપુર અને રાજપીપળાનાં જંગલોમાંથી ૧૩૦ જેટલા નર-માદા હાથીઓને પકડયા, પણ એમાંથી માત્ર ૭૦ જ બાદશાહ પાસે ભેટ તરીકે પહોંચ્યા. ૧૬૩૦–૩૧ માં ગુજરાતમાં "સત્યાસીઓ કાળ" નામનો ભયંકર દુકાળ પડ્યો. એ દુકાળમાં અસંખ્ય માણસો અને ઢોરઢાંખર મૃત્યુ પામ્યાં. શાહી ફરમાન પ્રમાણે રાહત-કાર્ય શરૂ કરવામાં આવ્યાં. ૧૬૩૧ માં હિસાબ-કિતાબમાં કુશળ એવા દિયાનતરાય મુનશી નામના નાગર બ્રાહ્મણની શાહી જમીન (ખાલસા)ના દફતરદાર તરીકે નિમણૂક કરવામાં આવી. દખ્ખણની ચડાઈમાં મદદે ગયેલા સૂબા શેરખાન તૂરનું નાસિક જિલ્લામાં અવસાન થતાં (૧૬૩૧) એની જગ્યાએ ઇસ્લામખાનને ગુજરાતનો સૂબેદાર નીમવામાં આવ્યો.

ઇસ્લામખાન (૧૬૩૧–૩૨), **બકીરખાન** (૧૬૩૨–૩૪), **સિપહદારખાન** (૧૬૩૪–૩૫)

આ ત્રણેય સૂબેદારોના સમયમાં કોઈ નોંધપાત્ર રાજકીય બનાવ બન્યો નથી. એ સમયમાં મુઘલ બાદશાહને કિંમતી ભેટો મોકલાતી રહી.

સૈફખાન (૧૬૩૫–૩૬)

ફરી એક વાર શાહજહાંએ એના સાઢુ અને ભૂતપૂર્વ સૂબેદાર સૈફખાનને ગુજરાતના સૂબેદાર તરીકે નીમ્યો, પરંતુ એ હોદ્દા પર ભાગ્યેજ એક વર્ષ રહ્યો.

આઝમખાન (૧૬૩૬–૪૨)

એની જગ્યાએ નામાંકિત બનેલા આઝમખાનને મોકલવામાં આવ્યો. આઝમખાન મૂળ ઇરાકના સૈયદ કુલનો હતો અને એનું મૂળ નામ મીર મુહમ્મદ બકીર હતું. એને ૧૬૦૬ માં 'ઈરદતખાન' અને ૧૬૩૦ માં 'આઝમખાન'ના ખિતાબ અપાયા હતા.

આ સમયે ગુજરાતમાં કોળી લોકો અને કાઠી લોકોએ ધાડો પાડી ભારે ઉપદ્રવ મચાવ્યો હતો અને સૌરાષ્ટ્રમાં કેટલાક ખંડિયા રાજાઓએ શાહી સત્તા સામે ઝઘડાખોર વલણ અપનાવ્યું હતું એથી ગુજરાતમાં કોઈ શક્તિશાળી અને કાબેલ સૂબેદારની જરૂર હતી, એથી શાહજહાંએ સૈફખાનની જગ્યાએ ખાનઆઝમની સૂબેદાર તરીકે પસંદગી કરી.

આઝમખાને એની ૭ વર્ષની સૂબેદારી દરમ્યાન ગુજરાતભરમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપ્યાં. એણે સિદ્ધપુર વિસ્તારના કોળીઓને નમાવી ભવિષ્યમાં સારી ચાલચલગત રાખવામાં આવશે એવી એમની પાસેથી જામીનગીરી લીધી.[૨૧અ] આવા કડક પગલાથી આઝમખાને પોતાની ધાક બેસાડી દીધી. ધંધુકા વિભાગમાં ખેડૂતોને રંજાડતા કાઠીઓનો ઉપદ્રવ ડામી દેવા અને એમને શિક્ષા કરવા એણે પગલાં લીધાં. એણે પોતે આઠ હજારનું ઘોડેસવારનું દળ લઈ લૂંટારાઓનો પીછો કર્યો. ગીચ જંગલોમાં ભરાઈ ગયેલા લૂંટારાઓને શોધી કાઢવા એણે જંગલનાં ઝાડ કાપી રસ્તા કરવાનું કામ શરૂ કરાવ્યું. છેવટે એનો કાઠીઓ સાથે મુકાબલો થયો, જેમાં એને વિજય મળ્યો એણે વિજયના સ્થળે ગુજરાત–સૌરાષ્ટ્રની સરહદે રાણપુર (તા. ધંધુકા) ખાતે મજબૂત લશ્કરી થાણું સ્થાપ્યું (૧૬૪૦–૪૧) અને એને 'શાહપુર' નામ આપ્યું.

આઝમખાનને બાંધકામનો ખૂબ શોખ હતો તેથી એની કીર્તિ એ રીતે પણ ફેલાઈ. એણે અમદાવાદમાં ભદ્રના અગ્નિખૂણે ૧૬૩૭ માં એક સુંદર મુસાફરખાનું બંધાવ્યું. એની બાંધણી અને મનોહર દેખાવને લીધે એની તુલના શાહીબાગનાં મકાનો સાથે કરવામાં આવતી હતી.

આઝમખાન સામાન્ય રીતે વર્ષાઋતુમાં સૂબાની સરહદે બંડખોર અને લડાયક કોળીઓ અને કાઠીઓનો પીછો કરવામાં સમય ગાળતો. એ લૂંટફાટ કરનારાઓના પ્રદેશમાં જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ જંગલો સાફ કરાવતો અને એમનાં ખેતરો અને પાકને આગ લગાડી તારાજ કરતો. જરૂર જણાય ત્યાં ગઢ અને લશ્કરી થાણાં સ્થાપતો. આઝમખાને અપનાવેલી આ નીતિને લીધે એને બધા "આઝમ ઊધઈ" કહેતા,[૨૨] કારણ કે ઊધઈની જેમ એ વિનાશ સર્જતો. એના આ પ્રયત્નોનું પરિણામ એ આવ્યું કે ઉત્તરમાં છેક જાલોરથી માંડીને દક્ષિણમાં સૌરાષ્ટ્રની છેલ્લી હદ સુધી શાંતિ અને વ્યવસ્થા સ્થપાયાં, ધોરી માર્ગો ફરી પાછા વેપારીઓ અને પ્રવાસીઓ માટે સલામત બન્યા. એણે બંડખોર કોળીઓને અંકુશમાં રાખવા વાત્રક નદીના કાંઠે કપડવંજની પશ્ચિમે આઠેક માઈલ દૂર પોતાના નામ પરથી "આઝમાબાદ" નામે કિલ્લો બાંધ્યો અને ત્યાં એક કિલ્લેદાર અને ૫૦૦ નું અશ્વદળ ફોજદાર સાથે રાખવામાં આવ્યાં. આઝમખાને બીજો પણ એક સુંદર કિલ્લો અમદાવાદની ઉત્તરે સાત માઇલ પર અડાલજ જવાના માર્ગે કાળી ગામે બાંધ્યો. કડક દાબ અને સખતાઈ એની રાજનીતિનાં સૂત્ર હતાં, જેની પ્રતીતિ બે દૃષ્ટાંત પરથી થાય છે. ૧૬૩૮ માં અમદાવાદની મુલાકાતે ગયેલા પ્રવાસી મેન્ડેલસ્લોએ નોંધ્યું

છે કે અંગ્રેજ અને વલંદા કંપનીઓના ડિરેક્ટરોના માનમાં આઝમખાને ગોઠવેલી મિજબાનીના સમારંભમાં નૃત્ય કરવાનો ઇનકાર કરવા બદલ એને ગુનો ગણી, મહેમાનોની હાજરીમાં જ નૃત્યાંગનાઓનો ઘાતકી રીતે શિરચ્છેદ કરાવવામાં આવ્યો હતો. સરખેજના ગળી–ઉત્પાદકો ગળીમાં તેલ અને રેતીનું મિશ્રણ કરતા હોવાની બાબત પ્રત્યે અંગ્રેજ વેપારીઓએ ૧૬૪૦ માં આઝમખાનનું ધ્યાન દોરતાં, આઝમખાને બધા જ ઉત્પાદકોને બોલાવી રૂબરૂમાં સખત ઠપકો આપ્યો અને ચેતવણી આપી કે તમે એ પદ્ધતિ ચાલુ રાખશો તો હું તમને મોતની સજા કરતાં અચકાઈશ નહિ. આઝમખાનના સમયમાં જૂનાગઢમાં શાહજહાંના હુકમથી એક નવી ટંકશાળ સ્થાપવામાં આવી.

સૌરાષ્ટ્રમાં મુઘલ સત્તા સર્વોચ્ચ બની હતી. જૂનાગઢમાં મુઘલ સત્તાનો પ્રતિનિધિ ફોજદાર તરીકે રહેતો. એ અધિકારી અમદાવાદના તાબા નીચે હતો, પરંતુ જૂનાગઢના ફોજદારોના નબળા વહીવટથી ખંડિયા રાજપૂત ઠાકોરોનું વલણ મુઘલ સત્તાની અવગણના કરવાનું અને ખંડણીની રકમની ચુકવણી વિલંબમાં નાંખવાનું રહેવા લાગ્યું. ૧૬૪૦–૪૧ માં નવાનગરના જામ લાખાજીએ ખંડણીની રકમ ચૂકવી નહિ અને શાહી ફરમાન વિરુદ્ધ પોતાના નામની કોરી (મહમૂદી) પાડવાની અને એને ચલણમાં મૂકવાની નીતિ અખત્યાર કરી. આ બધાં કારણોસર આઝમખાને બધાને પાઠ શીખવવાનું નક્કી કર્યું અને લશ્કર સાથે એ નવાનગરથી સાત માઇલ નજીક આવી પહોંચ્યો. જામની પોતાના રક્ષણ માટેની બિલકુલ તૈયારી નહોતી એથી એણે શરણે આવી સમાધાન કર્યું. એણે સૂબેદારને એકસો કચ્છી ઘોડા અને ત્રણ લાખ મહમૂદી આપવાનું તથા સિક્કા (કોરી) પાડવાનું બંધ કરવાનું સ્વીકાર્યું.[૨૩] વધુમાં જામે ગુજરાતના સરહદી જિલ્લાઓમાંથી જે નિરાશ્રિતોએ આવીને જામના રાજ્યમાં આશ્રય લીધો હોય તેઓને પરત કરવાનું અને સૂબેદાર જ્યારે સૌરાષ્ટ્રના બંડખોર ગરાસિયાઓનો પીછો કરવા આવે ત્યારે પોતાના પુત્રને એક લશ્કરી ટુકડી સાથે સૂબેદાર પાસે મોકલવાનું સ્વીકાર્યું.

આઝમખાનનું શાસન લશ્કરી દૃષ્ટિએ તોફાની તત્ત્વોને ડામી દેવામાં સફળ હોવા છતાં એમાં બિનસહાનુભૂતિ અને જોરજુલમનાં તત્ત્વ વિશેષ હતાં. એનાથી ડરીને લોકો આજુબાજુના વિસ્તારોમાં જતા રહેતા. લોકોનો ઉગ્ર અસંતોષ બાદશાહ પાસે રજૂ કરવાની કોઈ હિંમત કરી શકતું નહિ. વળી ખાનઆઝમની પુત્રીનું લગ્ન શાહજહાંના બીજા પુત્ર શાહજાદા શૂજા સાથે કરવામાં આવ્યું હતું તેથી દિલ્હી દરબારમાં ખાનઆઝમનાં સ્થાન અને પ્રતિષ્ઠામાં ભારે વધારો થયો

હતો. એ સ્થિતિમાં સંત શાહઆલમના વંશજ સૈયદ જલાલ બુખારીએ શાહજહાં સમક્ષ સાચી પરિસ્થિતિની રજૂઆત કરતાં શાહજહાંએ આઝમખાનને પાછો બોલાવી લીધો.

ઇસાતુર્‌ખાન (ઈ.સ. ૧૬૪૨-૧૬૪૫)

શાહજહાંએ આઝમખાનની જગ્યાએ જૂનાગઢના લોકપ્રિય ફોજદાર અને પ્રજાકલ્યાણનાં કાર્ય કરનાર મીરઝા ઇસાતુર્‌ખાનની નિમણૂક કરી. પોતાના હુકમનું સત્વર પાલન થાય એ માટે શાહજહાંએ જાતે હુકમ લખીને (એપ્રિલ ૨, ૧૬૪૨) મોકલાવ્યો, જેમાં મીરઝા ઇસાતુર્‌ખાન જેવો અમદાવાદ આવે કે તરત જ એને સૂબાના વહીવટનો હવાલો સોંપીને દિલ્હી દરબારમાં હાજર થવા આઝમખાનને ફરમાવવામાં આવ્યું હતું. એ ફરમાન સોરઠનો ફોજદાર મીરઝા ઇસાતુર્‌ખાન પોતાની સાથે લઈને પોતાના લશ્કર સહિત અમદાવાદ આવી પહોંચ્યો. આઝમખાને એને સૂબાનો વહીવટ સોંપી દીધો. મીરઝા ઇસાતુર્‌ખાને પોતાની સૂબેદારી દરમ્યાન જે સારાં પગલાં લીધાં તેમાં મહેસૂલમાં 'ભાગબટાઈ' પદ્ધતિ એટલે કે ચીજવસ્તુમાં મહેસૂલ નક્કી કરવાની પદ્ધતિ દાખલ કરવામાં આવી તેનો સમાવેશ થતો હતો.

શાહજાદો ઔરંગઝેબ (ઈ.સ. ૧૬૪૫-૪૬)

શાહજહાંએ ૧૬૪૫માં મીરઝા ઇસાતુર્‌ખાનની જગ્યાએ શાહજાદા ઔરંગઝેબને ગુજરાતના સૂબેદાર તરીકે મોકલ્યો ત્યારે ઔરંગઝેબની વય ૨૭ વર્ષની હતી. એના અમલના ટૂંકા ગાળા દરમ્યાન અમદાવાદમાં ધાર્મિક ઝઘડાના જે બે બનાવ બન્યા તેમાં એની પરધર્મ પ્રત્યેની અસહિષ્ણુતા જોવા મળે છે. 'મિરાતે અહમદી'ના લેખકના કહેવા મુજબ અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલા ચિંતામણિ-મંદિરને "કુવ્વત-ઉલ્-ઇસ્લામ" નામની મસ્જિદમાં ફેરવી નાખવા ઔરંગઝેબે હુકમ કર્યો હતો અને એનો અમલ કરવામાં આવ્યો હતો. એ મંદિર જૈન શ્રેષ્ઠી શાંતિદાસ ઝવેરીએ ૧૬૨૫માં બંધાવ્યું હતું. ઔરંગઝેબના બીજા એક ધાર્મિક કૃત્યમાં બંને પક્ષ મુસ્લિમોના જ હતા એ ઉલ્લેખનીય છે. એક પક્ષ અમદાવાદનો ધર્મચુસ્ત મુલ્લાંઓનો અને બીજો પાલનપુરના મહેદવી પંથનો હતો. મહેદવી પંથના સ્થાપક સૈયદ મુહમ્મદ જોનપુરી સુલતાન મહમૂદ બેગડાના સમયમાં ગુજરાતમાં આવ્યા હતા અને તેઓને ઘણા મુસ્લિમોએ ઇમામ મહેદી તરીકે સ્વીકાર્યા હતા. એમના અનુયાયીઓ ઉત્તર ગુજરાતમાં વસેલા હતા. એક વાર ઔરંગઝેબના કેટલાક હજૂરિયાઓ અને મહેદવી પંથના કેટલાક વેપારીઓ વચ્ચે ઝઘડો થયો. આ તકનો લાભ લઈ મહેદવી પંથના વડા સૈયદ રાજુને પાલનપુરથી અમદાવાદ

બોલાવી મગાવ્યા. થોડા દિવસ પછી સૈયદ રાજુ અને મૌલવીઓ વચ્ચે ધર્મવિવાદ થયો, જેમાં સ્વાભાવિક રીતે મૌલવીઓને સંતોષ થયો નહિ. એમણે સૈયદની શહેરમાંથી હકાલપટ્ટી કરવાનો 'ફતવો' બહાર પાડ્યો, એટલું જ નહિ, પણ ઔરંગઝેબ પાસેથી સૈયદનો વધ કરવાની પરવાનગી મેળવી. આ અરસામાં કોટવાલના હુકમથી સૈયદ રાજુએ શહેર છોડીને શાહીબાગની બાજુમાં આવેલા રુસ્તમબાગમાં મુકામ કર્યો. અમદાવાદના મૌલવીઓની ચડવણીથી કોટવાલે રુસ્તમબાગમાં આવી સૈયદ રાજુ અને એમના અનુયાયીઓ સાથે ધીંગાણું કર્યું, જેમાં સૈયદ રાજુ એમના ૨૨ અનુયાયીઓ સાથે માર્યા ગયા. એમનાં શબોને ત્યાં જ દફનાવવામાં આવ્યાં.[૨૪]

આઝમખાનના સમયમાં ગળી બનાવવામાં ભેળસેળની જેવી ફરિયાદ થવા પામી હતી તેવી ફરિયાદ ઔરંગઝેબના સમયમાં પણ થવા લાગી હતી, આથી ઔરંગઝેબે ગળીની શુદ્ધતા જાળવવા કડક હુકમ બહાર પાડ્યો હતો.

ઔરંગઝેબે પોતાની સૂબેદારીના ટૂંકા ગાળા દરમ્યાન સૂબામાં કોળી ધાડ-પાડુઓનો ત્રાસ દૂર કરવા પોતાના ખર્ચે લશ્કરી ટુકડીઓ રચી. સૂબાની આવક કરતાં ખર્ચ વધુ થતું હોવાથી કરકસરના પગલા તરીકે ઔરંગઝેબે એમ કર્યું હતું. એની એ કામગીરીથી પ્રસન્ન થઈ શાહજહાંએ એની મનસબદારીનો દરજ્જો એક હજાર ઘોડેસવાર જેટલો વધારી એનું બહુમાન કર્યું. મધ્ય એશિયામાં બલ્ખ અને બદક્ષન જીતી લેવાની કામગીરી કરવા લશ્કરની આગેવાની લેવા માટે શાહ-જહાંએ ઔરંગઝેબને પરત બોલાવ્યો અને ગુજરાતની સૂબેદારી અમીર શાઇસ્તખાનને સોંપી (સપ્ટેમ્બર, ૧૬૪૬). ઔરંગઝેબની વિદાયથી અમદાવાદ ખાતેના અંગ્રેજ વેપારીઓ આનંદ પામ્યા હતા.

શાઇસ્તખાન (ઈ.સ. ૧૬૪૬–૪૮)

શાઇસ્તખાનનો અમલ કેટલીક બાબતોમાં નોંધપાત્ર બન્યો. આઝમખાને જેમના ઉપદ્રવને ક્રૂરતાથી ડામી દીધો હતો તે કોળીઓએ ફરી પાછી પોતાની ત્રાસજનક પ્રવૃત્તિઓ શરૂ કરી. ગુજરાતનાં બંદરો તરફ જતો ધોરી માર્ગ ઈડરના સરહદી ડુંગરાળ પ્રદેશમાં થઈને જતો, ત્યાં લૂંટારાઓનો ભય વધી ગયો. શાઇસ્તખાને માથાભારે લૂંટારાઓને શિક્ષા કરવા કડક હાથે કામ લીધું. અમદાવાદ ખાતેની અંગ્રેજ કોઠીના અધ્યક્ષે સુરત લખેલા પત્રમાં જણાવ્યું હતું કે ચોર અને ઠગારાઓને આશ્રય આપ્યાના બહાના નીચે સૂબેદારે ગરીબ અને રાંક પ્રજાવાળાં ગામડાં ખાલી કરાવવા જે જોરજુલમ કર્યાં તેવા અગાઉ કદી સાંભળવામાં આવ્યા ન હતા. શાઇસ્તખાને અમદાવાદના વેપારીઓ અને કારીગરો પ્રત્યે જુલમી

વલણ દાખવ્યું હતું. એ દુકાનદારો પાસેથી ઠરાવેલા ભાવે ગળી અને બીજો માલ ખરીદતો અને વેપાર કરવાનો ઇજારો પોતાના હસ્તક રહે એવી પેરવી કરતો તેથી એની પકડમાંથી બચવા એને લાંચ આપવાની વેપારીઓને ફરજ પડતી. શાઇસ્તખાન એકમાત્ર વેપારી બની રહે એવી એની પેરવીથી અંગ્રેજો પણ ભડકી ગયા હતા. શાઇસ્તખાનની બદલી ૧૬૪૮ ના જુલાઈમાં માળવાના સૂબેદાર તરીકે કરવામાં આવી.

શાહજાદો દારા શુકોહ (ઈ.સ. ૧૬૪૮–૫૨)

શાહજહાંએ પોતાના વડા શાહજાદા દારા શુકોહને ગુજરાતના સૂબેદાર તરીકે નીમ્યો, પરંતુ દારા શુકોહ માત્ર નામનો જ સૂબેદાર હતો. એણે એના વિશ્વાસુ અધિકારી બકીર બેગને પોતાના નાયબ તરીકે કામ કરવા "ઘેરતખાન"નો ખિતાબ આપી ગુજરાત મોકલ્યો.

ઘેરતખાન દશેરાના તહેવારને દિવસે (સપ્ટેમ્બર ૧૮, ૧૬૪૮) અમદાવાદ આવી પહોંચ્યો. એનું નામ મુઘલ બાદશાહના એક શાહી ફરમાન (જુલાઈ ૩, ૧૬૪૮) સાથે જોડાયેલું છે. એ ફરમાનમાં જે જૈન મંદિર શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ હતું અને ૧૬૪૫ માં શાહજાદા ઔરંગઝેબે તોડી નખાવી મસ્જિદમાં ફેરવ્યું હતું તે એના મૂળ માલિક શાંતિદાસ ઝવેરીને પાછું સોંપવા અંગેનો હુકમ હતો. એ ફરમાન પર "શાહ-ઈ-બુલંદ ઇકબાલ મુહમ્મદ દારા શુકોહ"ની મહોર અંકિત કરવામાં આવી હતી. અત્રે એ નોંધવું રસપ્રદ થઈ પડશે કે જે દિવસે શાહજહાંએ દારા શુકોહને ગુજરાતનો સૂબેદાર નીમ્યો તે જ દિવસે એ ફરમાન બહાર પડાયું હતું. ફરમાનમાં અપાયેલા આદેશ મુજબ ઇમારતમાં કરવામાં આવેલ મિહરાબો (ગોખલા) રહેવા દેવાના હતા અને મંદિરથી એને જુદા પાડવા ત્યાં દીવાલ ચણી લેવાની હતી. એ ઇમારતમાં જે ફકીરો અને ભિખારીઓ રહેતા હતા તેમને માટે અને મંદિરમાંથી માલસામાનની ચોરી કરી ગયેલા વહોરાઓ માટે કેટલાક આદેશ આપવામાં આવ્યા હતા. મુઘલ દરબારમાં શાંતિદાસ ઝવેરીની પ્રતિષ્ઠાને લીધે આવું ફરમાન બહાર પડાયું હશે એમ માની શકાય.[૨૫]

શાઇસ્તખાન (બીજી વાર) (ઈ.સ. ૧૬૫૨–૫૪)

ઈ.સ. ૧૬૫૨ ના અંતમાં શાહજાદા દારા શુકોહને ગુજરાતના સૂબેદારપદની જવાબદારીમાંથી મુક્ત કરી એને સ્થાને શાઇસ્તખાનને ફરી વાર નીમવામાં આવ્યો.

શાઇસ્તખાને અમદાવાદ આવી હવેલી પરગણામાં તથા ધોળકા કડી અને વિરમગામ પરગણામાં ભારે રંજાડપ્રવૃત્તિ કરતા કોળીઓ સામે કડક હાથે કામ

લેવા માંડયું. આ વખતે એના સરદાર કહાનજીને ચૂંવાળના વિસ્તારોમાંથી હાંકી કાઢવામાં આવ્યો અને એની જાગીર-જમીનો સાણંદ(અમદાવાદ જિલ્લો)ના ગરાસિયા મુખી જગમલને સોંપવામાં આવી. કહાનજીએ ૧૬૫૪ માં અમદાવાદ આવી શાહજાદા મુરાદબક્ષની તાબેદારી સ્વીકારી અને વાર્ષિક દસ હજાર રૂપિયાની ખંડણી આપવાનું કબૂલ કરતાં એને એની જમીનો પાછી આપવામાં આવી. ૧૬૫૩ માં શાઇસ્તખાને બાદશાહને જણાવેલું હતું કે અમદાવાદ શહેરની દીવાલો ઘણી જગ્યાએ તૂટી પડેલી હોવાથી એની દુરસ્તી કરાવી લેવાનું જરૂરી છે. એ પરથી બાદશાહે પ્રાંતના દીવાન પર હુકમ મોકલ્યો, જેમાં સ્થાનિક સરકારી તિજોરીમાંથી ૨૦ હજાર રૂપિયાનો ખર્ચ મંજૂર કરી, દીવાલો દુરસ્ત કરાવી લેવા જણાવવામાં આવ્યું હતું.

શાહજાદો મુરાદબક્ષ (ઈ.સ. ૧૬૫૪-૫૮)

૧૬૫૪ માં શાહજહાંએ શાઇસ્તખાનને પાછો બોલાવ્યો ને એને સ્થાને પોતાના નાના શાહજાદા મુરાદબક્ષને નીમ્યો. ૧૬૫૭ ના સપ્ટેમ્બરના આરંભમાં શાહજહાં દિલ્હીમાં ગંભીરપણે માંદો પડતાં અને સૌથી મોટા શાહજાદા દારા શુકોહની તથા કેટલાક અમીરોની વધુ પડતી તકેદારીને લીધે સામ્રાજ્યમાં ઉગ્ર સ્વરૂપના પ્રત્યાઘાત પડયા અને બાદશાહ અવસાન પામ્યાની અફવાઓ ફેલાવા પામી; જોકે શાહજહાં ગંભીર માંદગીમાંથી સાજો થયો છતાં પહેલાંની જેમ એ શાસન કરવા અશક્ત રહ્યો. બંગાળના સૂબેદાર તરીકે રહેલા શાહજાદા શૂજાએ પોતાને મુઘલ બાદશાહ તરીકે જાહેર કર્યો. બીજી બાજુ ગુજરાતમાં મુરાદબક્ષે અતિ ઉતાવળાં પગલાં લઈ લશ્કર એકત્ર કર્યું અને દખ્ખણમાં પોતાના મોટા ભાઈ ઔરંગઝેબ, જે ત્યાં સૂબેદારપદે હતો, તેની સાથે સહકાર સાધી પોતાનો હક્કદાવો આગળ ધરવા તત્પર બન્યો.

પોતાના ભાઈઓ સાથે મુકાબલો અનિવાર્ય છે એમ માની મુરાદબક્ષે પોતાનાં જરૂરી સાધન ઊભાં કરવા અને એકત્ર કરવા શાહબાઝખાનની આગેવાની હેઠળ સુરતના સમૃદ્ધ બંદરનો કબજો લેવા તથા સુરતના પ્રખ્યાત કિલ્લામાં રાખવામાં આવેલ શાહી ખજાનાનો કબજો લેવા ૭ હજારનું અશ્વદળ મોકલ્યું. સુરતનો કિલ્લેદાર સૈયદ તૈય્યબ મુઘલ બાદશાહ પ્રત્યે વફાદાર હતો તેથી શાહબાઝખાનને નમતું ન આપતાં એનો પ્રબળ સામનો કર્યો. શાહબાઝખાને વલંદા અને અંગ્રેજ કોઠીના પ્રમુખોને, જકાતમાં અડધી માફી આપવાનું અને બીજા લાભો આપવાનું પ્રલોભન આપી, મદદ આપવા માટે એમની સાથે વાટાઘાટો ચલાવી, પણ બંને પ્રમુખોને મુરાદનો પક્ષ નબળો લાગતો હોવાથી તેઓએ એના પક્ષે

આવી દરમ્યાનગીરી કરવા સ્પષ્ટ ઇન્કાર કર્યો. એમ છતાં શાહબાઝખાને કોઠીના જ અધ્યક્ષ રેવિંગ્ટન પાસેથી ખાનગી રીતે કેટલીક બંદૂકો વેચાતી લીધી, જે ઇંગ્લિશ કંપનીની માલિકીની ન હતી. કિલ્લેદાર સૈયદ તૈય્યબે શાહબાઝખાનના ૪૦ દિવસના ઘેરાનો સામનો કર્યો, પણ છેવટે એને શાહબાઝખાનના શરણે આવવાની ફરજ પડી (ડિસેમ્બર, ૧૬૫૭). કિલ્લામાં રાખવામાં આવેલો સરકારી તેમજ ખાનગી ખજાનો લઈ લેવામાં આવ્યો. ઉપરાંત શાહબાઝખાને સુરતના ધનાઢ્ય વેપારીઓ પાસેથી પાંચ લાખ રૂપિયાની લોન ફરજિયાત લીધી. એ રકમની ચુકવણી બધા વેપારીઓ વતી હાજી મુહમ્મદ ઝહીદબેગ અને વીરજી વોરાએ કરી જેના બદલામાં મુરાદની મહોરવાળું ઋણપત્ર (બૉન્ડ) આપવામાં આવ્યું.[૨૬]

મુરાદબક્ષની તાજપોશી

દરમ્યાનમાં શાહજાદા મુરાદબક્ષે સુરત તરફના સમાચારની રાહ જોયા વગર પોતાને મુઘલ બાદશાહ તરીકે જાહેર કર્યો અને અમદાવાદ ખાતે પોતાની જાહેર તાજપોશી કરી (ડિસેમ્બર ૫, ૧૬૫૭). એણે 'બાદશાહ ગાઝી'નું નામ અને 'મુરાવજુદ્દીન' ખિતાબ ધારણ કર્યો. વધુમાં એણે પોતાના નામના સિક્કા પડાવી ખુત્બામાં નામ પણ વંચાવ્યું. એના સિક્કા અમદાવાદ સુરત અને ખંભાતની ટંકશાળમાંથી બહાર પડાયા હતા.

સુરતથી વિજયી બનેલાં લશ્કર આવી પહોંચતાં (જાન્યુઆરી ૧૯, ૧૬૫૮) મુરાદબક્ષે બધી તૈયારી કરી લીધી અને ઔરંગઝેબની તરફના સમાચારની રાહ જોવા લાગ્યો. ઔરંગઝેબની સાથે પોતે જોડાઈને ઉત્તર તરફ જાય એ પહેલાં એણે પોતાનાં પત્નીઓ સંતાનો અને મિલકતની સલામતીની વ્યવસ્થા કરી સર્વને ચાંપાનેરના મજબૂત કિલ્લામાં ખસેડવાનું નક્કી કર્યું. પોતે અમદાવાદથી વિદાય લે તે પહેલાં એણે અમદાવાદની નિઃસહાય પ્રજા પાસેથી ૫૦ લાખ રૂપિયા પડાવ્યાનું મનાય છે. એમાં ઝવેરી શાંતિદાસના પુત્ર માણેકચંદ અને એના બીજા પુત્રો પાસેથી જ સાડા પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા હતા.

મુરાદબક્ષ અને ઔરંગઝેબની બંડખોર પ્રવૃત્તિઓના સમાચાર આગ્રા આવતાં અશક્ત અને નિર્બળ બનેલા શાહજહાંએ શાહજાદા દારાની મદદથી પુત્રોનો એ બળવો દબાવી દેવા પગલાં લીધાં. જોધપુરના મહારાજા જશવંતસિંહને માળવાના અને કાસીમખાનને ગુજરાતના સૂબેદારપદે નીમ્યા. મુરાદબક્ષને વરાડ પ્રાંતમાં જવા હુકમ કર્યો. જશવંતસિંહ અને કાસીમખાનને ઉજ્જન સુધી જઈને અટકી જવા અને મુરાદબક્ષ હુકમને તાબે થઈ ગુજરાત છોડી ન જાય તો એ બંનેએ આગળ

વધી એને ગુજરાતમાંથી બહાર હાંકી કાઢવાનું કહેવામાં આવ્યું. ઔરંગઝેબ અને મુરાદબક્ષ વચ્ચે સંયુક્ત પગલાં લેવા માટેનો સંદેશવ્યવહાર એ અગાઉથી શરૂ થઈ ગયો હતો (ઑક્ટોબર, ૧૬૫૭). મુરાદબક્ષ અતિ ઉતાવળો બન્યો હતો અને એ શાહજાદા દારા સામે ચડાઈ કરવાના નિર્ણયનો હતો, પરંતુ વિચક્ષણ અને દીર્ઘદષ્ટિવાળા ઔરંગઝેબે એને સાવધાની રાખવા અને રાહ જોવા સલાહ આપી. એની સાથે સાથે એ બંને ભાઈઓએ વિજય મેળવ્યા બાદ એ મુઘલ સામ્રાજ્ય કેવી રીતે વહેંચવું એની ઔપચારિક વ્યવસ્થા પણ વિચારી રાખી. પૂરતી લશ્કરી તૈયારીઓ કર્યા બાદ ઔરંગઝેબે ઔરંગાબાદથી કૂચ કરી (ફેબ્રુઆરી, ૧૬૫૮) અને મુરાદબક્ષને સાથે જોડાવા સંદેશ મોકલાવ્યો. મુરાદબક્ષે અમદાવાદ છોડયું અને માળવા આવ્યો. એ પછી બંનેનાં લશ્કર દીપાલપુર ખાતે એક થઈ ગયાં (એપ્રિલ). એ બંને ભાઈઓનાં લશ્કરોએ જશવંતસિંહ અને કાસીમખાનને ઉજ્જન નજીક ધરમત ખાતે હરાવ્યાં (એપ્રિલ ૧૫, ૧૬૫૮) અને આગ્રા તરફ કૂચ કરી, આગ્રાના કિલ્લાથી આઠ માઇલ દૂર સામુગઢ ખાતે શાહજાદા દારાને સજ્જડ હાર આપી (મે, ૨૯). એ પછી ઔરંગઝેબે આગ્રા જઈ કિલ્લાનો કબજો લીધો અને પિતા શાહજહાંને મહેલમાં જ નજરકેદમાં રાખ્યો. એણે મુરાદબક્ષને બેત્રણ અઠવાડિયામાં જ મથુરા પાસેની છાવણીમાં કેદી બનાવ્યો અને અંતે ગ્વાલિયરના કિલ્લામાં કેદી રાખ્યો, જ્યાં ત્રણેક વર્ષ બાદ એનો વધ કરવામાં આવ્યો (ડિસેમ્બર, ૧૬૬૧).

મિરાતે અહમદીના જણાવ્યા મુજબ અમદાવાદ છોડતાં અગાઉ મુરાદબક્ષે મુતામદખાનને પોતાના નાયબ તરીકે નીમ્યો હતો અને પોતાના કુટુંબની સંભાળ સોંપી હતી. મુરાદબક્ષને ઔરંગઝેબનો કેદી બનાવાયો તે પહેલાં જ ચાર દિવસ અગાઉ મુરાદે પોતાની શાહી મુદ્રાથી અંકિત કરેલું એક ફરમાન તૈયાર કર્યું (જૂન ૨૨, ૧૬૫૮) હતું, જેમાં શાંતિદાસના પુત્ર માણેકચંદ અને બીજાઓ પાસેથી લીધેલી સાડા પાંચ લાખની લોનની રકમ પરત કરવા હુકમ અપાયો હતો અને એ મુતામદખાન પર મોકલી આપવામાં આવ્યું હતું. ફરમાન એ નકલમાં હતું.

(૪) ઔરંગઝેબનો રાજ્ય અમલ (ઈ.સ. ૧૬૫૮–૧૭૦૭)

ઔરંગઝેબે પોતાની પ્રથમ તાજપોશી દિલ્હીમાં કરાવી (જુલાઈ ૨૧, ૧૬૫૮). થોડા સમય બાદ એણે પોતાના સસરા શાહનવાઝખાન સફવીને ગુજરાતના પ્રથમ સૂબેદાર તરીકે નીમ્યો.

શાહનવાઝખાન (ઈ.સ. ૧૬૫૮-૫૯)

શાહનવાઝખાન દખ્ખણમાં ઔરંગઝેબ સાથે હતો. એ શાહજહાં પ્રત્યે વફાદાર હતો તેથી જ્યારે બંડખોર ઔરંગઝેબે ઉત્તર તરફ જવા કૂચ કરી ત્યારે એણે બુરહાનપુરથી આગળ જવા અનિચ્છા બતાવી, તેથી ઔરંગઝેબે એને કેદ કરીને બુરહાનપુરમાં જ રાખ્યો હતો. ઔરંગઝેબે બાદશાહ–પદ ધારણ કર્યાં બાદ એને મુક્ત કર્યો અને ગુજરાતની સૂબેદારી આપી.

શાહનવાઝખાનના અમદાવાદ આવ્યા પછી થોડા સમયમાં પરાજિત થયેલો શાહજાદો દારા શુકોહ ઔરંગઝેબનાં પાછળ પડેલાં લશ્કરોને ભૂલથાપ આપતો આપતો આગ્રા દિલ્હી લાહોર મુલતાન વગેરે સ્થળોએ ભારે હાડમારીઓ વેઠી છેવટે કચ્છમાં આવ્યો. કચ્છના મહારાવ જામ તમાચી(૧૬૫૪–૬૨)એ દારાનાં સાલસતા અને વ્યક્તિત્વ તથા એણે આપેલી ઉદાર ભેટોથી પ્રસન્ન થઈ, એનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. દારાના બીજા પુત્ર સિપ્હિર–શુકોહની શાદી રાવની પુત્રી વેરે કરવામાં આવી. કચ્છના મહારાવ પાસેથી મદદ મેળવી દારાએ સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો. નવાનગરના જામે એને જરૂરી ચીજવસ્તુઓ અને વાહનો પૂરાં પાડ્યાં. એ પછી દારા અમદાવાદ આવ્યો (જાન્યુઆરી ૮, ૧૬૫૯).

અમદાવાદમાં સૂબેદાર શાહનવાઝખાન ભારે વિટંબણામાં મુકાયો. એણે પૂરતો વિચાર કર્યા બાદ દારાના પક્ષે ભળી જવાનું પસંદ કર્યું અને એને આવકારવા સરખેજ ગયો. શાહનવાઝખાન સાથે દીવાન રહમતખાન અને અન્ય અધિકારીઓ પણ હતા. દારાએ અમદાવાદમાં એક મહિનો સાત દિવસ રોકાઈ, પોતાના ટેકેદારો અને સાધન એકત્ર કર્યાં. શહેરમાં રાખેલી મુરાદબક્ષની તમામ માલમિલકત તથા એની તિજોરીમાંથી દસ લાખ રૂપિયા લઈ એનો ઉપયોગ એ લશ્કરની જમાવટ માટે કર્યો. દારાએ ગુજરાત પ્રાંતના ગૌણ કક્ષાના અધિકારીઓને પણ લાંચ આપી પોતાના પક્ષે લીધા. એ પછી અમીના નામના વફાદાર અધિકારી, જેણે શાહજહાંની સૂબેદારી દરમ્યાન ગુજરાતમાં કામ કર્યું હતું, તેને સુરત મોકલવામાં આવ્યો. એ અધિકારીએ સુરત જઈ શાહી તિજોરીમાંથી નાણાં કઢાવ્યાં અને લગભગ ૪૦ જેટલી તોપ અમદાવાદ મોકલી આપી. સુરતના ફોજદારે એના એ કાર્યમાં કોઈ અવરોધ ઊભો કર્યો ન હતો.

અમદાવાદથી દારા શુકોહે અજમેર જવા વિચાર્યું, પણ એ પહેલાં દખ્ખણ બિજાપુર અને ગોવળકોંડાના સુલતાનોનો ટેકો મેળવવા નક્કી કર્યું. રાજપૂતોનો સહકાર પોતાને મળી રહેશે એવી ખોટી આશાથી પ્રેરાઈને અને બંગાળમાંથી કૂચ કરતા શાહજાદા શુજાએ ઔરંગઝેબનાં લશ્કરોને હરાવ્યાના ખોટા સમાચારથી

ઉત્સાહિત બનીને એ દખ્ખણમાં જવાને બદલે અજમેર તરફ જવા નીકળ્યો (ફેબ્રુઆરી ૧૪, ૧૬૫૯). એની સાથે શાહનવાઝખાન અને દીવાન રહમતખાન ઉપરાંત ૨૨ હજારનું અશ્વદળ તથા શક્તિશાળી તોપખાનું હતાં. મુરાદબક્ષની પત્ની તથા કુટુંબીજનો, જેને અમદાવાદમાં રાખવામાં આવ્યાં હતાં, તેમને પણ સાથે લેવામાં આવ્યાં. દારાએ પોતાના વતી ગુજરાતના સૂબેદાર તરીકે સૈયદ જલાલના ભાઈ સૈયદ અહમદ બુખારીને નીમ્યો.[૨૭]

અજમેરની દક્ષિણે દેવરાઈના ઘાટમાં થયેલી ભીષણ લડાઈમાં દારાની હાર થઈ, જેમાં શાહનવાઝખાન સહિત ઘણા ઉમરાવ માર્યા ગયા. દારા રણ-મેદાનમાંથી નાસી જઈ ગુજરાતમાં આવી પહોંચ્યો (માર્ચ ૧૯, ૧૬૫૯).

અમદાવાદ તરફ જઈ રહેલા ભગ્નાશ દારાનો પીછો ઉત્તર ગુજરાતના કોળીઓ દિવસરાત કરતા રહ્યા અને લૂંટફાટ કરી એના માણસોની હત્યા કરતા રહ્યા. દારાના પરાજયના સમાચાર અમદાવાદ પહોંચતાં ઔરંગઝેબ તરફી સરદારખાન અને એના ટેકેદારોએ દારા તરફથી અમદાવાદમાં વહીવટ માટે મૂકેલા સૈયદ અહમદ બુખારીને કેદ કરી લીધો અને અમદાવાદ તરફ આવતા દારા સામે શહેરનું રક્ષણ કરવા વ્યવસ્થા ગોઠવી. દારાએ અને એની છાવણીના સર્વેએ એ સમાચાર ઘણા સંતાપ અને દુઃખથી સાંભળ્યા અને અમદાવાદથી દૂર જતા રહી કચ્છના રાજાના આશ્રયે જવાનું નક્કી કર્યું. એ પાટડી અને હળવદ થઈ કચ્છમાં પ્રવેશ્યો. કચ્છના મહારાવે બાદશાહ ઔરંગઝેબની તાકાતથી ડરી જઈ, મુઘલ સૈન્યોને એના પ્રદેશોમાંથી પસાર થવા દીધાં, એટલું જ નહિ, ઔરંગઝેબે દારાનો પીછો કરવા મોકલેલા જયસિંહ અને બહાદુરખાનની મહેમાનગીરી પણ કરી. જયસિંહ અને બહાદુરખાન દારાનો પીછો કરી છેવટે એને બોલનઘાટ પાસે બલૂચ પ્રદેશમાંથી કેદ કરી દિલ્હી લઈ આવ્યા, જ્યાં એને ક્રૂરતા ભરી રીતે મારી નખાયો. હવે ઔરંગઝેબે ગુજરાતની સૂબેદારી જોધપુરના મહારાજા જશવંતસિંહને સોંપી. રહમતખાનને પ્રાંતના દીવાન તરીકે અને કુત્બુદ્દીનખાન ખેશગીને સોરઠ (સૌરાષ્ટ્ર) પ્રદેશના ફોજદાર તરીકે નીમવામાં આવ્યા. બીજે વર્ષે સરદારખાનને ભરૂચનો ફોજદાર નીમવામાં આવ્યો.

મહારાજા જશવંતસિંહ (ઈ.સ. ૧૬૫૯-૬૨)

ઈ.સ. ૧૬૫૮ માં શાહજાદો મુરાદબક્ષ, જે ગુજરાતનો સૂબેદાર હતો, તેના પતન પછી શાંતિદાસ ઝવેરીએ મથુરાથી ઉત્તરમાં કૂચ કરતા ઔરંગઝેબના એ દરબારમાં હાજર થઈ એની કૃપા મેળવી અને એની પાસેથી બે ફરમાન મેળવ્યાં હતાં (ઑગસ્ટ ૧૦, ૧૬૫૮). દારા શુકોહની શોધમાં લાહોર જતાં માર્ગમાં

સતલજ કાંઠે ઔરંગઝેબનો મુકામ એ વખતે હતો. એમાંના એક ફરમાનમાં તો શાંતિદાસ ઝવેરીને શાહી છાવણી છોડી અમદાવાદ એમના વતનમાં જવા પરવાનગી અપાઈ હતી અને એમાં ગુજરાત જેવા મહત્ત્વના પ્રાંતની પ્રજાની સુખાકારી અંગે ઔરંગઝેબે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. બીજું ફરમાન ગુજરાતના દીવાન રહમતખાન પર લખાયું હતું, જેમાં મુરાદબક્ષને આપવામાં આવેલી લોનના બદલામાં શાહી તિજોરીમાંથી એક લાખ રૂપિયા શાંતિદાસને ચૂકવવા આદેશ અપાયો હતો.

ઔરંગઝેબની બીજી વારની વિધિસરની તાજપોશી થઈ (જૂન, ૧૬૫૯) તે પહેલાં કેટલાક દિવસ અગાઉ ઔરંગઝેબે કેટલાંક ફરમાન બહાર પાડયાં હતાં, જેમાં એ પોતાના નવા શાસનની શરૂઆત કેવી રીતે કરવા માગે છે એ જોવા મળે છે. મુઘલ બાદશાહતના બધા પ્રાંતો પર એ ફરમાન મોકલાયાં હતાં. એવું એક ફરમાન ગુજરાતના દીવાન રહમતખાન પર મોકલાયું હતું તેમાં ભાંગ જેવા કેફી પદાર્થો અને ચીજોનું ઉત્પાદન થાય તેવા તમામ જાતના છોડોનું વાવેતર બંધ કરી અન્ય ખેતીવિષયક ચીજોની ખેતી કરવાનો આદેશ આપ્યો હતો. મુઘલ બાદશાહની (શાહી) જમીનોમાં આવેલાં પરગણાંના અધિકારીઓને (કરોડીઓને) અને જાગીરદારોને પણ એ ફરમાનની જાણ કરી ચેતવણી આપવાની હતી કે ફરમાનનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.[૨૮]

ગુજરાતના સૂબેદાર મહારાજા જશવંતસિંહને દખ્ખણમાં જઈ શિવાજી સામે કામગીરી કરી રહેલા શાઇસ્તખાનને મદદે જવા અને સોરઠના ફોજદાર કુત્બુદ્દીનને નવો સૂબેદાર મોકલાતાં સુધી ગુજરાતની સૂબેદારીનો કામચલાઉ હવાલો સંભાળવાના આદેશ અપાયા. કુત્બુદ્દીનની ટૂંકી સૂબેદારી દરમ્યાન કેટલાક મહત્ત્વના બનાવ બન્યા, જેમાં નવાનગરનો આંતરિક ઇતિહાસ મોખરે રહ્યો. નવાનગરનો જામ મુઘલ બાદશાહનો ખંડિયો રાજા હતો, એ ગુજરાતના સૂબેદારનો વશવર્તી હતો. ૧૬૬૦માં જામ રણમલજીનું અવસાન થતાં ગાદીવારસાના પ્રશ્નને લીધે જે સમસ્યાઓ સર્જાઈ તેના પરિણામે લગભગ અડધી સદી સુધી નવાનગર મુસ્લિમ વહીવટ નીચે રહ્યું.

રણમલજીના અવસાન પછી એના નાના ભાઈ રાયસિંહે ચતુરાઈપૂર્વક રાજગાદી હાથ કરી, તેથી રણમલજીની રાણીએ જામના (કહેવાતા) પુત્ર સતાજીનો ગાદીવારસ તરીકેનો હક્ક આગળ કરી ગુજરાતના સૂબેદાર કુત્બુદ્દીનને ફરિયાદ-અરજી કરી, જેણે નિકાલ માટે બાદશાહ પાસે રજૂઆત કરી. ઔરંગઝેબે રાયસિંહને ગાદીએથી ઉઠાડી મૂકવા અને એના નાના ભત્રીજા સતાજીને ગાદીએ બેસાડવા

હુકમ કરતાં કુત્બુદ્દીને મોટા લશ્કર સાથે નવાનગર પર ચડાઈ કરી. નવાનગરથી લગભગ બાર માઇલ દૂર શેખપાટ ગામે બંને પક્ષો વચ્ચે લડાઈ થઈ, જેમાં જામ રાયસિંહ માર્યો ગયો (ફેબ્રુઆરી, ૧૬૬૩). કુત્બુદ્દીને સતાજીને ગાદી પર આરૂઢ કર્યો. સાથોસાથ શાહી ફરમાન હેઠળ નવાનગરને 'ઇસ્લામનગર' નામ આપવામાં આવ્યું અને એ રાજ્ય તથા હાલાર પ્રદેશમાં આવેલા એના તાબાના પ્રદેશ સહિત એને સૌરાષ્ટ્રમાં આવેલા શાહી પ્રદેશના ભાગરૂપ બનાવવામાં આવ્યું.

૧૬૬૨માં મહારાજા જશવંતસિંહને પરત બોલાવવામાં આવ્યો અને નવા સૂબેદાર તરીકે મહાબતખાનને મોકલવામાં આવ્યો.

મહાબતખાન (ઈ.સ. ૧૬૬૨-૬૮)

મહાબતખાનના સમયમાં ઈડર પરગણામાં માથાભારે કોળીઓ અને બંડખોર લોકોએ મોટો ઉપદ્રવ મચાવ્યો, તેથી એને ડામી દેવા ભરૂચના ફોજદાર સરદારખાનની ઈડર બદલી કરવામાં આવી. એ સમયે ઉત્તર ગુજરાતમાં એક સાહસિક બલૂચે પોતાને દારા શુકોહ તરીકે ઓળખાવી વિરમગામ અને ચૂંવાળની આજુબાજુના જિલ્લામાં પોતાના ટેકેદારોનો વર્ગ ઊભો કર્યો. આ પ્રદેશમાં માથાભારે કોળીઓ બલૂચની સાથે જોડાયા અને એને રક્ષણ આપ્યું, તેથી જ મહાબતખાને જાતે કૂચ કરી બલૂચને નસાડી મૂક્યો, અને કોળીઓ અને એમના સરદારનો પીછો કર્યો.[૨૯] ઉત્તર ગુજરાતની આ ભયંકર વિદ્રોહી સ્વભાવની જાતિઓને અંકુશમાં રાખવા નવા ફોજદાર તરીકે બહાદુરખાનના પુત્ર શેરખાન બાબીની ચૂંવાળના ફોજદાર તરીકે નિમણૂક કરવામાં આવી અને એને ૭૦૦ નું અશ્વદળ આપવામાં આવ્યું.

૧૬૬૪ના જાન્યુઆરીમાં શિવાજીએ સુરત પર પ્રથમ વાર ચડાઈ કરીને સુરતનું સમૃદ્ધ બંદર લૂંટ્યું. શિવાજીના ગયા બાદ મહાબતખાન પોતાના તાબા નીચેની સરકારોના ફોજદાર અને એમની સેનાઓ સાથે સુરત આવી પહોંચ્યો, પણ એ શિવાજીનો પીછો કરી શકે એમ ન હતું. ત્રણ મહિના સુરતમાં રોકાઈ, એ બાજુના હિંદુ જમીનદારો પાસેથી ત્રણ લાખ રૂપિયાની પેશકશ ઉઘરાવી મહાબતખાન અમદાવાદ પાછો ફર્યો.

સૌરાષ્ટ્રના લોકોની કુત્બુદ્દીનખાન વિરુદ્ધ ઘણી ફરિયાદો દિલ્હી પહોંચી હોવાથી એને દૂર કરી એને સ્થાને સરદારખાનને મૂકવામાં આવ્યો. સરદારખાનનાં કુશળ વહીવટ અને વફાદારી માટે ઔરંગઝેબને ભારે માન હતું. નવેમ્બર, ૧૬૬૪ માં સરદારખાનને એક ફરમાન મોકલવામાં આવ્યું હતું, જેમાં એને એના

તાબાના પ્રદેશની સ્થિતિ સુધારવા બનતા બધા જ પ્રયત્ન કરવા અને એકસરખો ન્યાય આપી લોકોમાં વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવા તેમજ વહીવટની આકરી પદ્ધતિથી બચવા જમીનો ત્યજી દઈ નાસી જતા લોકોને રોકવા એને અનુરોધ કરવામાં આવ્યો. સરદારખાને ૧૬૮૪માં પોતાનું અવસાન થતાં સુધી એ પદ સંભાળ્યું.

ઔરંગઝેબે મુઘલ સામ્રાજ્યના વહીવટ માટે ઘણાં ફરમાન બહાર પાડયાં હતાં તેમાંનાં બારેકથી વધુ શાહી ફરમાન 'મિરાતે અહમદી'માં પૂર્ણ વિગતે આપવામાં આવ્યાં છે, જે ગુજરાતને લગતાં હોવાથી વિશેષ ધ્યાનપાત્ર બની રહે છે. એક ફરમાન(નવેમ્બર ૨૦, ૧૬૬૫)માં સંખ્યાબંધ ગેરકાનૂની વેરા વર્ણવી એની નાબૂદી માટે આદેશ આપવામાં આવ્યો છે. એ વેરા શાહી સૂચના વિરુદ્ધ સૂબાના અધિકારીઓએ નાખેલા હતા એમ એમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. એ વેરા શહેર અને ગામની પ્રજા માટે ભારે બોજારૂપ હોવા જોઈએ.

ઔરંગઝેબે ગુજરાતની પ્રજાના સામાજિક અને ધાર્મિક ઉત્સવો સામે મનાઈ ફરમાવી હતી. પાંચમ અમાસ અને એકાદશીના દિવસે હિંદુઓ પોતાની દુકાનો બંધ રાખે છે તે ખોટું છે, કારણ કે એનાથી વસ્તુઓની ખરીદ-વેચાણીમાં અગવડ પડે છે, એથી દુકાનો બધો વખત ખુલ્લી રહે એ માટે અધિકારીઓને તકેદારી રાખવા ફરમાવ્યું. અમદાવાદ શહેર અને એનાં પરગણાંમાં દિવાળીની રાતે કરવામાં આવતી રોશની અને હોળીના તહેવારમાં પ્રગટાવવામાં આવતી હોળી અટકાવવા ખાસ અનુરોધ કરાયો હતો. શાહી અધિકારીઓને હુકમ કરાયો હતો કે જે કેટલાક કારીગરો હાથી-ઘોડા જેવાં પૂતળાં બનાવી ઈદ અને શબેબરાત જેવા પ્રસંગોએ વેચે છે તે અટકાવવું અને એ બનાવવાની મનાઈ કરવી. ૧૬૬૫માં એક ફરમાનથી બાદશાહતમાં ચીજવસ્તુઓના વેચાણ પર લેવાતી આબકારી જકાત એકસરખા ધોરણે દાખલ કરવામાં આવી.

૧૬૬૮માં મહાબતખાનને પરત બોલાવાયો અને એની જગ્યાએ ઔરંગઝેબે પોતાના વિશ્વાસુ સેનાપતિઓમાંના એક બહાદુરખાન (ખાનજહાં કોકા), જે અલાહાબાદનો સૂબેદાર હતો, તેને નીમ્યો.

બહાદુરખાન (ઈ.સ. ૧૬૬૮-૭૦)

બહાદુરખાનનો વહીવટ લગભગ અઢી વર્ષ ચાલ્યો. ૧૬૬૯-૭૦માં પશ્ચિમ કાંઠાના જંજિરાના સીદી શાસકને સુરત ખાતેના મુઘલ નૌકાદળનો કપ્તાન નીમવામાં આવ્યો. આમ સુરત શહેર અને સીદીઓના સંબંધ ચાલુ થયા, જે ૧૭૫૯ સુધી ચાલુ રહ્યા.

૧૬૬૮ થી ૧૬૭૦ દરમ્યાન કેટલાંક વહીવટી પગલાં લેવામાં આવ્યાં. અમદાવાદ જિલ્લાના હવેલી પરગણામાં આવેલી અડાલજની વાવને પ્રાંતીય તિજોરીમાંથી બે હજાર રૂપિયા ખર્ચી દુરસ્ત કરાવવામાં આવી. એક હુકમમાં ઢોર પરની જકાત રાખેતા મુજબ એટલે કે દર વર્ષે મૂળ કિંમત પર મુસ્લિમો પાસેથી અઢી ટકા અને હિંદુ પાસેથી પાંચ ટકા પ્રમાણે લેવાનું જણાવવામાં આવ્યું હતું. ગામડાંના લોકોએ શાહી સૈનિકો અને પાયદળના સૈનિકોને ખાધાખોરાકી કેવા પ્રમાણમાં પૂરી પાડવી એની વિગતો આપવામાં આવી હતી અને એ લોકોએ કરેલો ખર્ચ એમની પાસેના શાહી લહેણામાંથી મજરે કાપી આપવા કરોડી અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. અમદાવાદ ખાતે રાજ્યના કામે બોલાવવામાં આવતા કડિયા સુતાર અને બીજા કારીગરોને નીચાં વેતન મળતાં હોવાની ફરિયાદ પરથી એમને શહેરના અન્ય કારીગરોને જે દરે વેતન મળે છે તે દરથી વેતન આપવા હુકમ કરાયો હતો. ઔરંગઝેબ રાજ્યનાં જાહેર કાર્યોને ભારે મહત્ત્વ આપતો. એને સમાચાર મળ્યા કે ગુજરાતના અદાલતી અધિકારીઓ અદાલતમાં માત્ર બે દિવસ અને સૂબેદારના દરબારમાં પણ માત્ર બે દિવસ હાજર રહે છે અને અન્ય દિવસો રજાના દિવસો તરીકે ગાળે છે, એ જાણીને એને ભારે નવાઈ લાગી,તેથી એણે ગુજરાતના દીવાન પર હુકમ મોકલી જણાવ્યું કે હવેથી ન્યાયાધીશોએ અઠવાડિયામાં પાંચ દિવસ અદાલતમાં હાજર રહેવું, એક દિવસ સૂબેદારના દરબારમાં હાજર રહેવું અને શુક્રવારે રજા પાળવી.

૧૬૭૦ માં બહાદુરખાનને દખ્ખણના યુદ્ધનો હવાલો સંભાળી લેવા જવાનો હુકમ કરાયો અને એની જગ્યાએ મહારાજા જશવંતસિંહ, જે એ વખતે બુરહાનપુરની છાવણીમાં હતો, તેને નીમવામાં આવ્યો. જશવંતસિંહ આવે ત્યાં સુધી કુત્બુદ્દીનખાનને વહીવટ ચલાવવા આદેશ અપાયો હતો.

મહારાજા જશવંતસિંહ (બીજી વાર ઈ.સ. ૧૬૭૦–૭૨)

જશવંતસિંહની સૂબેદારીના સમયમાં નવાનગરની ગાદી પર જામ તમાચીને પુનઃસ્થાપિત કરવામાં આવ્યો. અન્ય નોંધપાત્ર બનાવોમાં એક શાહી ફરમાન (જૂન ૧૨, ૧૬૭૨) વિશેષ ધ્યાનપાત્ર છે. એ દીવાન મુહમ્મદ હાશીમખાનને સંબોધીને લખાયું હતું. એ ફરમાનમાં ૩૩ પ્રકારનાં ગુનાઓ અને એને માટેની સજાઓ વર્ણવવામાં આવી છે. એ ફરમાનને ઔરંગઝેબના શાસનનો 'લઘુ ફોજદારી ધારો' કહી શકાય.

સૌરાષ્ટ્રમાં હળવદ રાજ્યની બાબતોમાં મુઘલ દરમ્યાનગીરી કરવામાં આવી

એ આ કાલનો નોંધપાત્ર બનાવ છે. જશવંતસિંહને ધંધુકા અને પેટલાદનું મહેસૂલ આપવામાં આવ્યું હતું. ધંધુકાને લીધે જશવંતસિંહને ઝાલાવાડ પ્રદેશના ગાઢ સંપર્કમાં આવવાનું થયું. એ સમયે તમામ ઝાલા ઠકરાતોનો વડો જશવંતસિંહ ઝાલા હતો. એની રાજધાની હળવદ હતી. ૧૬૭૨ માં પિતાના અવસાન પછી મોટા ભાઈ ચંદ્રસિંહની હત્યા કરાવી એ ગાદીએ આવ્યો હોવાની શંકા પ્રવર્તતી હતી. ચંદ્રસિંહની કુંવરી જોધપુરના રાઠોડ કુળના કુંવર સાથે પરણી હતી. એની ચડવણીથી સૂબેદાર જશવંતસિંહે હળવદ પર આક્રમણ કર્યું, જેમાં હળવદના જશવંતસિંહનો પરાજય થયો અને તે કચ્છમાં નાસી ગયો.

હળવદ નજરઅલીખાન બાબીને જાગીર તરીકે અપાયું, જે ૭ વર્ષ સુધી એના કબજે રહ્યું. એની પાસેથી વાંકાનેરના ઝાલા રાજાએ પડાવી લીધું, પણ ૧૬૮૦ ના અરસામાં રાજા જશવંતસિંહે પોતાની હળવદની ગાદી પુનઃ પ્રાપ્ત કરી. ઔરંગઝેબે પણ એક ફરમાનથી (ઑક્ટોબર ૨૯, ૧૬૮૦) એનું નૃપપદ માન્ય રાખ્યું.

સૂબેદાર મહારાજા જશવંતસિંહના સમયમાં ખંભાતના બંદરની પડતી થઈ. વેપારીઓ અને શાહસોદાગરોએ એને ત્યજી દીધું, કારણ કે ખંભાતનો અખાત છીછરો બનતો જતો હતો અને જહાજોને ધસી આવતી ભરતીથી ભારે નુકસાન થતું હતું.

મુઘલ દરબારના શ્રેષ્ઠ મનસબદારોમાંના એક મનસબદાર મુહમ્મદ અમીનખાનની ગુજરાતના સૂબેદાર તરીકે નિમણૂક થતાં એ અમદાવાદ નજીક આવી પહોંચ્યો (જુલાઈ ૨૮, ૧૬૭૨) અને મહારાજા જશવંતસિંહ પાસેથી સૂબેદારીનો હવાલો લીધો.

મુહમ્મદ અમીનખાન (ઈ.સ. ૧૬૭૨–૮૨)

ગુજરાતમાં મુહમ્મદ અમીનખાનનો વહીવટ એના મૃત્યુ સુધી સળંગ દસ વર્ષ જેટલા લાંબા સમય સુધી ચાલ્યો એ નોંધપાત્ર છે.

ઔરંગઝેબે ૧૬૭૯ માં મારવાડ કબજે કર્યું અને ત્યાર બાદ સિસોદિયા રાજપૂતોના વડા રાણા રાજસિંહના મેવાડ રાજ્ય પર એણે આક્રમણ કર્યું અને એ જીતી લીધું. એ રાણાનો યુવરાજ ભીમસિંહ એનો બદલો લેવા ઉત્તર ગુજરાતમાં આવેલાં મુઘલ પરગણાંઓ પર ધસી આવ્યો અને વડનગર તથા વીસલનગર (વિસનગર) જેવાં પ્રાચીન નગરોમાં વિનાશ સર્જી, ભારે લૂંટફાટ કરી ચાલ્યો ગયો.

૧૬૭૯ માં ઈડરનો રાજા રાવ ગોપીનાથ, જે બહારવટે ચડેલો હતો, તેણે પોતાના ગુમાવેલા પ્રદેશ પાછા મેળવવા હિલચાલ કરી અને ઈડર કબજે કરી ત્યાં રહેવા લાગ્યો. સૂબેદાર મુહમ્મદ અમીનખાને એની સામે પોતાના એક અધિકારી મુહમ્મદ બહલોલ શેરવાનીને મોકલ્યો, જેથી રાવ ગોપીનાથ ઈડરનો ત્યાગ કરી પોતાની સલામતી માટે ડુંગર પર આવેલા ગઢમાં ભરાયો. જ્યારે શેરવાનીએ એ ગઢને ઘેરો ઘાલી લેવાનો પ્રયાસ કર્યો ત્યારે એ ટકી ન શકવાથી જંગલમાં નાસી ગયો, પણ અતિશય અફીણ લેવાથી એનું જંગલમાં અવસાન થતાં એનું મસ્તક ઉતારી લઈ દિલ્હી ઔરંગઝેબ પાસે વિસ્તૃત અહેવાલ સાથે મોકલી અપાયું. ઔરંગઝેબે શેરવાનીના કાર્યની કદર કરી, એની મનસબ વધારી એને ઈડરના ફોજદાર તરીકે નીમ્યો.

૧૬૮૧ માં અમદાવાદમાં રોટી-રમખાણ થયું. આગલા વર્ષે વરસાદ ન આવવાથી ખાદ્ય ચીજોના ભાવ અતિશય વધી જતાં લોકોના દુઃખનો પાર રહ્યો નહિ, તેથી ગુસ્સે ભરાયેલા લોકો ઈદના તહેવારના દિવસે ઈદગાહમાંથી પ્રાર્થના કરીને ભદ્રમાં પાછા ફરી રહેલા મહમ્મદ અમીનખાનને બજારમાં ઘેરી વળ્યા અને એની પાલખી પર પથરા અને કચરો નાખવા લાગ્યા. તરત જ આખા શહેરમાં રમખાણ થયાં. મુહમ્મદ અમીનખાને ગુસ્સે ન થતાં ટોળાને શાંત પાડ્યું અને પછી ભદ્રમાં જતો રહ્યો.

મુહમ્મદ અમીનખાને તોફાન માટે જવાબદાર એવા શેખ અબુબકરને એક મિજબાનીમાં આમંત્રી, ઝેર ભેળવેલું તડબૂચ ખવડાવી કુનેહપૂર્વક મારી નાખ્યો. એણે સિફતથી બળવો શાંત પાડ્યો અને લોકો પર જુલમ ન કર્યો.

મુલ્લાં હસન મુહમ્મદ ગુજરાતીની વિનંતી પરથી ઔરંગઝેબે ૧૬૭૩–૭૪ માં વિજાપુર કડી અને પાટણ પરગણાંમાંથી ૨૧ ગામડાં બદલીને વીસલનગર-(વિસનગર)માં જોડી દેવા મંજૂરી આપતો હુકમ આપ્યો હતો. ચાર વર્ષ બાદ એ પરગણાને 'રસૂલનગર' નામ આપવામાં આવ્યું. ૧૬૭૮ માં દીવાનને આદેશ આપવામાં આવ્યો હતો કે ગુનાની સજા માટે મુસ્લિમ કાયદા પ્રમાણે દંડ તરીકે નાણાં લેવાં નહિ. જો કોઈ અમીર અથવા જાગીરદાર ગુનો કરે તો એને નોકરીમાંથી કાઢી મૂકવો કે કેદની સજા કરવી, પણ કોઈ રકમ દંડ તરીકે લેવી નહિ.

ઔરંગઝેબે ૧૬૭૯ માં વહીવટી તંત્રને કુરાનના આદર્શો પ્રમાણે ગોઠવવાની નીતિ અપનાવી. એણે એક શાહી ફરમાન દ્વારા સામ્રાજ્યના તમામ બિન-મુસ્લિમો (હિંદુઓ) પર જજિયાવેરો ફરી નાખ્યો અને એનો અમલ કરવાનું

કાર્ય ઇનાયતુલ્લાખાનને સોંપ્યું. જજિયાવેરો અકબરે ૧૫૬૪ માં કાઢી નાખ્યો હતો. મિરાતે અહમદીમાં જણાવ્યા પ્રમાણે એકલા ગુજરાતમાંથી જ એ કરની આવક વર્ષે પાંચ લાખ રૂપિયાની થતી હતી. જે હિંદુ અથવા અન્યધર્મી (ખ્રિસ્તી યહૂદી પારસી વગેરે) ઇસ્લામધર્મ સ્વીકારે તેને તુરત જ જજિયામાંથી મુક્તિ આપવા ફરમાન કરાયું હતું.

મુહમ્મદ અમીનખાનની સૂબેદારી દરમ્યાન જાહેર બાંધકામોની જાળવણી માટે તથા કિલ્લાઓની દુરસ્તી માટે ભારે કાળજી લેવામાં આવી. લગભગ રૂ. ૮,૨૫૦ ના ખર્ચે વાત્રક નદી પર આવેલ આઝમાબાદનો ગઢ સમરાવવામાં આવ્યો. જૂનાગઢનો 'ઉપરકોટ' નામથી ઓળખાતો કિલ્લો પણ દુરસ્ત કરાવવામાં આવ્યો. ૧૬૭૬માં રૂ. ૨,૯૦૦ના ખર્ચે અમદાવાદ ફરતી દીવાલો અને ભદ્ર કિલ્લાનાં શાહી નિવાસસ્થાન દુરસ્ત કરવામાં આવ્યાં. દાહોદમાં એક મસ્જિદ અને મુસાફરખાનું બાંધવા ૧૬૭૬ માં રૂ. ૭૬,૩૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા.

મુહમ્મદ અમીનખાનનું અવસાન અમદાવાદમાં થતાં (જૂન, ૧૬૮૨) બાદશાહ ઔરંગઝેબે એની જગ્યાએ મુખતારખાનને સૂબેદાર તરીકે નીમ્યો.

મુખતારખાન (ઈ.સ. ૧૬૮૨–૮૫)

મુખતારખાનની સૂબેદારી દરમ્યાન અમદાવાદમાં પાણીનાં પૂર અને દુષ્કાળ એવી બે આફત આવી પડી હતી. મુખતારખાનનું અવસાન થતાં (એપ્રિલ ૨૪, ૧૬૮૫) સુરતના સૂબા કારતલબખાનને ગુજરાતના સૂબા તરીકે નીમ્યો.

કારતલબખાન ઉર્ફે શુજાતખાન (ઈ.સ. ૧૬૮૫-૧૭૦૧)

આ સૂબેદારે સોળ વર્ષ સુધી કામગીરી કરી. એના પુરોગામી મુહમ્મદ અમીનખાનનો સમય પણ લગભગ દસ વર્ષ જેટલો લાંબો રહ્યો હતો. આ સૂચવે છે કે બાદશાહ ઔરંગઝેબે ૧૬૮૧ પછી પોતાનું વડું મથક દખ્ખણમાં રાખ્યું હતું અને ત્યાં મરાઠાઓ સામે લશ્કરી ચડાઈઓમાં રોકાયેલો હોવાથી એનું ધ્યાન વહીવટમાં એકાગ્ર રહેતું નહિ હોય એટલે સૂબેદારોને બદલી કર્યાં વગર એમના સ્થાને લાંબા સમય સુધી ચાલુ રાખ્યા હતા. વળી મારવાડમાં રાઠોડ સરદાર દુર્ગાદાસની ગેરીલા પ્રવૃત્તિઓ ખતરનાક બનતી હોવાથી ૧૬૮૭ માં ઔરંગઝેબે ગુજરાતની સૂબેદારી અને જોધપુરની ફોજદારીને સંયુક્ત કરવાનો નિર્ણય કર્યો અને કારતલબખાનને 'શુજાતખાન'નો ખિતાબ આપી એ બંને કામગીરી સોંપી.

વર્ષમાં ૭ મહિના શુજાતખાન મારવાડમાં રહેતો અને બાકીનો સમય ગુજરાતમાં રહેતો. આ ક્રમ એણે પોતાના અવસાન સુધી ચાલુ રાખ્યો. દુર્ગાદાસ અને શુજાતખાન વચ્ચે છૂટીછવાઈ લડાઈઓ લગભગ દસ વર્ષ સુધી ચાલતી રહી.

શુજાતખાનને ગુજરાતમાં મોમના અને મતિયા લોકોનાં રમખાણોનો સામનો કરવો પડયો. મોમના અને મતિયા લોકો ઇમામશાહી પંથના હતા. આ સમયે એમના ઇમામ તરીકે સૈયદ શાહજી હતા. સૈયદ શાહજીની કીર્તિ ઘણે દૂર દૂર સુધી ફેલાયેલી હતી તેથી એમના નિવાસસ્થાન પીરાણામાં હજારો લોકો એમના ચરણે ભેટ ધરવા અને અંગૂઠા પર ચુંબન કરવા આવતા. ગુજરાતના પ્રાંતના કેટલાક મુઘલ અધિકારીઓએ એમના ધર્મચુસ્ત બાદશાહ ઔરંગઝેબની કૃપાઓ મેળવવા, એ સંપ્રદાયની રીતિનીતિ મૂર્તિપૂજક પ્રકારની હોવાનું, બાદશાહને જણાવ્યું, તેથી ઔરંગઝેબે સૂબેદાર શુજાતખાનને હુકમ કર્યો અને સૈયદ શાહજીને પોતાના દરબારમાં હાજર કરવા જણાવ્યું. શુજાતખાને સૈયદ શાહજીને અમદાવાદ તેડી લાવવા એક ટુકડી પીરાણા મોકલી. અમદાવાદના માર્ગે આવતાં સૈયદ શાહજીએ ઝેર લઈને આત્મહત્યા કરી, આથી ઉશ્કેરાયેલા મતિયા અને મોમના લોકોએ બળવો કર્યો. એમણે ભરૂચના ફોજદારને મારી નાખી ભરૂચ કબજે કર્યું, વડોદરાનો ફોજદાર પણ એમને દબાવી શકયો નહિ, આથી શુજાતખાને નઝરઅલીખાન અને મુબારીઝખાન બાબીની આગેવાની નીચે લશ્કર મોકલ્યાં. ભરૂચનો કિલ્લો પુનઃ કબજે કરાયો. બળવાખોરો પાસે કોઈ પીઢ લશ્કરી નેતા ન હોવાથી તથા લડાઈનો અનુભવ નહિ હોવાથી તેઓ મુઘલ સેનાનો સામનો કરી શકયા નહિ. જોકે મોમના વીરતા અને ઝનૂનથી લડયા છતાં તેઓમાંના ઘણાની કતલ થઈ અને ઘણા નર્મદા નદીમાં ડૂબી મર્યા.[૩૦]

શુજાતખાનના સમયમાં શાહવર્દીખાનને વહીવટી સુધારણા માટે મોકલવામાં આવ્યો. પ્રભાસપાટણ અને માંગરોળમાંથી મળી આવેલા ૧૬૮૬ ની સાલના બે અભિલેખોમાં દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે શાહવર્દીખાને બે સુધારા કર્યા. અગાઉ એવી પ્રથા પ્રચલિત હતી કે પુરોગામીઓ એમની જાગીરોમાં પાકતા અનાજને બળજબરીથી વેપારીઓ પાસેથી ઉચ્ચક રકમ લઈ વેચી નાખતા તેમજ તેઓ બાદશાહે મનાઈ ફરમાવેલા વેરા ઉઘરાવતા હતા. શાહવર્દીખાને આ બંને પ્રથા કાઢી નાખ્યાની જાહેરાત કરી હતી.[૩૧]

પોતાના તાબા નીચેનાં પરગણાંઓમાં બાબર અને કાઠી લોકોની વારંવાર ધાડો પડતાં ૧૬૯૨ માં શુજાતખાને મોટા સૈન્ય સાથે ઝાલાવાડ પ્રદેશમાં પ્રવેશ

કર્યો, ત્યાં બાકી રહેલી ખંડણી વસૂલ લીધી, અને કાઠીઓના વડા મથક થાનગઢ પર હલ્લો કરી એ કબજે કર્યો અને પ્રાચીન સમયનું સૂર્યમંદિર જમીનદોસ્ત કર્યું. કાઠીઓ એનો સામનો ન કરી શકતાં વિખેરાઈ ગયા, પરંતુ ૧૬૯૮ માં કાઠીઓએ ધંધુકા પરગણામાં વળી પાછી ત્રાસજનક પ્રવૃત્તિઓ શરૂ કરી. એ સમયે આ પરગણું દુર્ગાદાસ રાઠોડના હસ્તક હતું. એ પરગણાના દુર્ગાદાસના પ્રતિનિધિએ શુજાતખાનને મદદ માટે વિનંતી કરતાં, જૂનાગઢના ફોજદારને એની મદદે જવા આદેશ આપવામાં આવ્યો. જૂનાગઢના ફોજદારોની કામગીરી ૧૭ મી સદીના અંતથી સૌરાષ્ટ્રમાં શાહી જમીનો પર સત્તા ટકાવી રાખવાની જ રહી. તેઓ સૌરાષ્ટ્રના રાજપૂત અને અન્ય રાજાઓ સરદારો વગેરે પાસેથી ખંડણી ઉઘરાવવામાં અસફળ રહેતા, આથી ખંડણી ઉઘરાવવા વર્ષે વર્ષે લશ્કર સાથે સવારીઓ કરવી પડતી, જે 'મુલકગીરી' નામથી ઓળખાઈ.

ગુજરાતમાં ૧૬૮૫ અને ૧૬૮૬ માં વરસાદની સતત તંગી અને દુકાળને લીધે અનાજની ભારે ખેંચ પડી અને ખાદ્ય ચીજોના ભાવ ઘણા વધ્યા. આ ગાળામાં સરકાર તરફથી અનાજ પરના વેરા માફ કરવામાં આવ્યા. ૧૬૯૪-૯૫ માં પણ સુરત ભરૂચ અમદાવાદ અને બીજાં સ્થળોએ દરિદ્રતા પૂર અને રોગચાળાને લીધે મોટી સંખ્યામાં મરણ નોંધાયાં. અનાજની કિંમત એટલી બધી વધી ગઈ કે શુજાતખાને વિવિધ પરગણાંઓના મુત્સદ્દીઓને વેપારીઓના અનાજ સંગ્રહખોરી અટકાવવા અને સરકારનો ઉત્પાદનમાં રહેલો હિસ્સો અમદાવાદ મોકલી આપવા હુકમ મોકલાવ્યા હતા. એ અનાજ ત્યાં રાજ્યના અંકુશ નીચે વાજબી ભાવે વેચવાતું હતું. ઔરંગઝેબના સમયમાં ગુજરાતમાં છેલ્લો દુકાળ ૧૬૯૬–૯૭ માં પડ્યો હતો.

ઔરંગઝેબે શાસનના ૩૮ મા વર્ષે એટલે કે ૧૬૯૪ માં સૂબા શુજાતખાનને વડનગરનું હિંદુ મંદિર, જે ઘણું કરીને હાટકેશ્વર મહાદેવનું હતું, તેનો નાશ કરવા હુકમ કર્યો, જેનો અમલ કરવા ફોજદાર મુહમ્મદ મુબારિઝ બાબીને મોકલવામાં આવ્યો.

શુજાતખાનનો લાંબો શાસન-સમય એકંદરે ઘણી શાંતિ અને સારા વહીવટનો રહ્યો, વહીવટમાં જે ઊણપો હતી તે દૂર કરવામાં આવી અને પ્રજાકલ્યાણ અને કાર્યક્ષમ વહીવટ પર ભાર અપાયો. આ સમયમાં ઘણી ઇમારતો દુરસ્ત કરાવાઈ. ૧૬૯૦ માં વાત્રકકાંઠે આઝમાબાદનો ગઢ બંધાયો અને ૧૬૯૨ માં જૂનાગઢના ફોજદાર શેરઅફઘાનખાનની ભલામણ પરથી દ્વારકાના કિલ્લાની દીવાલનું સમારકામ થયું. અમદાવાદ શહેરની દીવાલો અને કાંકરિયા તળાવના બગીચામાં આવેલ મકાનોની

દુરસ્તી માટે ૪,૨૫૪ રૂપિયા વપરાયા. પાટણમાં બાબા અહમદે બંધાવેલ જામી મસ્જિદનો પુનરુદ્ધાર કરવા ૧,૨૦૦ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા. દાહોદની મસ્જિદ, અમદાવાદમાં મુઆઝમપુર પરાની મસ્જિદ અને અસાવલ ખાતેનો અબુ તુરાબનો રોઝો આ સમયે સમારકામ પામ્યાં.

શુજાતખાનના સમયમાં સરકારી કચેરીના ઘણા પટાવાળાઓને પગાર અપાતા નહિ હોવાથી તેઓ નાગરિકોને શેરીઓ અને ગલીઓમાં રોકતા અને એમની પાસેથી પૈસા પડાવતા, આથી ૧૬૮૮ માં બાદશાહે અધિકારીઓને પગાર વગર પટાવાળાઓને નોકરીમાં નહિ લેવા માટે અને જે પટાવાળાઓ નોકરીમાં હોય તેઓએ એવી રીતે નાણાં નહિ લેવા માટેનો હુકમ કર્યો. સોરઠ સૂબામાં અધિકારીઓ તરફથી અદાલતની સનદો રજૂ કરવા માટે લોકોને હેરાનગતિઓ કરવામાં આવતી અને એમની જમીનો પણ જપ્ત થતી. દીવાનને પ્રસ્તુત બાબતમાં યોગ્ય રીતે તપાસ કરવા અને જપ્ત કરાયેલી જમીનો પુનઃ સોંપવા હુકમ અપાયો. શરાફો જે ઓછા વજનવાળા સિક્કા ચલણમાં હતા તે લેતી વખતે ભારે વટાવ લેતા હતા એ પ્રથા બંધ કરાવવામાં આવી. સિનોર પરગણા(વડોદરા જિલ્લો)માં ફોજદાર અને બીજા અમલદારો બ્રાહ્મણોને ટપાલીનું કામ કરવાની ફરજ પાડતા હતા એવી બાતમી મળતાં શુજાતખાને અધિકારીઓને તેમ ન કરવા હુકમ મોકલાવ્યો (૧૬૯૬–૯૭).

શુજાતખાનના સમયમાં કેટલાંક અગત્યનાં બાંધકામ થયાં. એમાં ખંભાતમાં ૧૬૯૫માં બંધાયેલો લાલબાગ, અમદાવાદમાં ૧૬૯૯ માં બાદશાહતના વડા કાઝી મુહમ્મદ અકરામે બંધાવેલ મદરેસા ને મસ્જિદ અને પેટલાદમાં ૧૬૯૮–૯૯માં બંધાયેલી વાવ નોંધપાત્ર છે. શુજાતખાને પોતે પણ અમદાવાદમાં મદરેસા બંધાવી શિક્ષણને ઉત્તેજન આપવા પ્રયાસ કર્યો હતો. શુજાતખાનનું અવસાન થતાં (૧૭૦૧) ઔરંગઝેબે પોતાના ત્રીજા પુત્ર શાહજાદા આઝમશાહને ગુજરાત અને જોધપુરનો સૂબેદાર બનાવ્યો.

શાહજાદો આઝમશાહ (ઈ.સ. ૧૭૦૧–૧૭૦૫)

શાહજાદા મુહમ્મદ આઝમશાહની સૂબેદારી દરમ્યાન કેટલાક નોંધપાત્ર બનાવ બન્યા. અગાઉ કહ્યા મુજબ દુર્ગાદાસની આગેવાની નીચે બાદશાહ ઔરંગઝેબે રાઠોડો સાથે સમાધાન સ્વીકાર્યું હતું. પરંતુ અજિતસિંહને પોતાને મળેલી જાગીરોથી સંતોષ ન હતો. એ મારવાડનું સમગ્ર રાજ્ય જીતી લેવા આતુર હતો. શુજાતખાનના અવસાનથી (૧૭૦૧) એના પર રહેલો અંકુશ જતો રહ્યો.

અજિતસિંહના એ વલણથી નાખુશ બનેલા બાદશાહ ઔરંગઝેબે શાહજાદા આઝમશાહને હુકમ કર્યો કે અજિતસિંહની સારી વર્તણૂક અને વફાદારી માટે ખાતરી આપનાર દુર્ગાદાસને મુઘલ દરબારમાં હાજર થવા કહેવું અને જો દુર્ગાદાસ એ હુકમનું પાલન ન કરે તો એને મારી નાખવો. એ સમયે દુર્ગાદાસ પાટણના ફોજદાર તરીકે હતો. શાહજાદા આઝમશાહે એને અમદાવાદમાં હાજર થવાનું ફરમાવતાં, એણે પોતાની લશ્કરી ટુકડી સાથે અમદાવાદ આવી પહોંચી વાડજમાં મુકામ કર્યો.

પણ સૂબેદાર એની સાથે મેલી રમત રમવા માગે છે એવો વહેમ પડતાં દુર્ગાદાસે પોતાના તંબુઓને આગ ચાંપી ઝડપથી પાટણ તરફ કૂચ કરી. સૂબેદાર આઝમશાહે એનો પીછો કરવા સફદરખાન બાબી સહિત કેટલાક અધિકારીઓને લશ્કર સાથે પાટણ તરફ મોકલ્યા. જ્યારે બાબીનું લશ્કર ત્યાં પહોંચવા આવ્યું ત્યારે દુર્ગાદાસનો વીર પૌત્ર એનો પ્રબળતાથી સામનો કરવા તત્પર બન્યો અને એણે ત્યારે પિતામહને ગુજરાત છોડી મારવાડ તરફ જવા અનુરોધ કર્યો. ઘણી નારાજીથી દુર્ગાદાસે પાટણ છોડયું અને એ ઊંઝા આવ્યો. દરમ્યાનમાં એનો પૌત્ર મુઘલ સૈન્ય સાથે થયેલા મુકાબલામાં મરાયો. દુર્ગાદાસે પોતાના કુટુંબને એકત્ર કરી, છેવટે થરાદની ઉત્તરે થઈ મારવાડ તરફ કૂચ કરી. થાકેલું અને નિરાશ થયેલું મુઘલ સૈન્ય પાટણ પાછું ફર્યું અને ત્યાં નિમાયેલા દુર્ગાદાસના કોટવાળને મારી નાંખી પાટણ પર કબજો મેળવ્યો અને અમદાવાદ ખાલી હાથે પાછું ફર્યું. ત્યાર બાદ બીજાં ચાર વર્ષ (૧૭૦૨-૧૭૦૫) સુધી અજિતસિંહ અને દુર્ગાદાસ મારવાડમાં મુઘલોને પરેશાન કરતા રહ્યા, પણ છેવટે ઔરંગઝેબ સાથે દુર્ગાદાસે સમાધાન કર્યું અને એને ત્રણ હજારની મનસબ અને ગુજરાતમાંની એની જગ્યા પાછી આપવામાં આવી.

શાહજાદા આઝમશાહને જોધપુરની પણ સૂબાગીરી આપવામાં આવી હતી. ત્યાં એણે પોતાના નાયબ તરીકે જાફરકુલીને નીમ્યો હતો. આઝમશાહે અમદાવાદમાં આવ્યા બાદ જોયું હતું કે ભદ્રનાં શાહી નિવાસસ્થાન સલ્તનતના સમયથી બંધાયેલાં હતાં. એ એને રુચિકર લાગ્યાં નહિ, તેથી રુસ્તમબાગ અને ગુલાબબાગ ખાતે નવાં શાહી રહેઠાણ બાંધવા હુકમ આપ્યો અને એ બંધાતાં સુધી પોતે તંબુઓમાં રહ્યો!

આઝમશાહના સમયમાં ઔરંગઝેબ જે એના ૮૪ મા વર્ષમાં હતો, તેના તરફથી કેટલાંક ફરમાન આવ્યાં, જે અગાઉની જેમ એની ધાર્મિક અસહિષ્ણુતાની નીતિ દર્શાવતાં હતાં. ૧૭૦૨ માં જ્યોતિષીઓને પંચાંગ

બનાવવા પર પ્રતિબંધ ફરમાવ્યો. એ જ વર્ષમાં આવેલા બીજા એક ફરમાનમાં સોમનાથ મંદિરમાં જો હિંદુઓએ પૂજાપાઠ કરવાનું ચાલુ રાખ્યું હોય તો એ મંદિરનો સંપૂર્ણ નાશ કરવાનું ફરમાવવામાં આવ્યું.[૩૨] ઔરંગઝેબની સુન્ની–પરસ્ત નીતિનો શિયાપંથી વહોરા પણ ભોગ બન્યા. ૧૭૦૩ માં ઈસા અને તાજ નામના બે વહોરાઓને પોતાના પંથનો પ્રચાર કરવા સબબ બંનેને કેદ પકડીને મુઘલ દરબારમાં મોકલવામાં આવ્યા. એમને છોડાવવા માટે વહોરાઓના વડા મુલ્લાં ખાનજીએ પ્રયત્ન કર્યા અને એ માટે અમદાવાદમાં ૧,૧૪,૦૦૦ જેટલા રૂપિયા એકત્ર કર્યા, જેની માહિતી ઔરંગઝેબને મળતાં એણે પ્રાંતના દીવાન પર હુકમ મોકલાવ્યો. એમાં મુલ્લાંને અને એમના સાથીઓને કેદ કરી એકત્ર કરેલ ભંડાળ અને એમના ધર્મપ્રચાર માટેનાં તમામ પુસ્તકો સાથે મોકલી આપવા હુકમ કર્યો. વધુમાં એ પણ કહ્યું કે અમદાવાદ અને પરગણાના વહોરા લોકોનાં સંતાનોને અને એમની જાતિના પુખ્તવયના લોકોને સુન્ની પંથનાં ધર્મવચનોનું શિક્ષણ આપવા પ્રબંધ કરવો અને એ માટેનો ખર્ચ એમની પાસેથી વસૂલ લેવો.

અમદાવાદમાં શાહી કારખાનામાં જે સુંદર કલામય કામગીરીવાળાં રેશમ-ભરતવાળાં પોશાક કાપડ વગેરે તૈયાર થતાં હતાં તેને ગુજરાતની ભવ્ય કલા-સિદ્ધિ ગણાવી એને જાળવવા માટે ઔરંગઝેબે ૧૭૦૨–૧૭૦૩ માં શાહજાદા આઝમશાહ પર આદેશ મોકલાવ્યો હતો. ઔરંગઝેબે પોતાના ૮૬ મા વર્ષે પોતાની જન્મભૂમિ દાહોદને યાદ કરી એના રહેવાસીઓનું કલ્યાણ કરવા અને ત્યાંના જૂના ફોજદારને ચાલુ રાખવા આઝમશાહ પર એક ફરમાન મોકલાવ્યું હતું. દાહોદમાં બાદશાહના જન્મવાળા સ્થળે એક મસ્જિદ પણ બાંધવામાં આવી હતી.

૧૭૦૩ માં મરાઠાઓનો ભય સુરત પર પાછો ઊભો થયો હતો.

શાહજાદા આઝમશાહને અમદાવાદની આબોહવા માફક આવતી ન હતી તેથી એની વિનંતીથી એને ઔરંગઝેબે પાછો બોલાવી લીધો (૧૭૦૫) અને એની જગ્યાએ કાશ્મીરના સૂબા ઇબ્રાહીમખાન આવે ત્યાંસુધી યોગ્ય અધિકારીને હવાલો સોંપવાનું કહેવામાં આવેલું એટલે શાહજાદાએ દીવાન અબ્દુલ હમીદને હવાલો સોંપ્યો અને એ પોતાની લશ્કરી ટુકડીઓ સાથે બુરહાનપુર જવા વિદાય થયો. એની વિદાય બાદ ત્રણેક મહિનામાં ધનાજી જાદવની આગેવાની નીચે પંદર હજારનું બળવાન મરાઠા લશ્કર દક્ષિણ ગુજરાત પર ચડી આવ્યું. દીવાન અબ્દુલ હમીદખાનમાં મરાઠાઓને પહોંચી વળવાની લશ્કરી કુનેહ ન હતી. સુરતથી મરાઠાઓના આગમનના સમાચાર મળતાં એણે નજરઅલીખાન અને સફદરખાન

બાબીને મરાઠાઓને હાંકી કાઢવા સૂચના આપી અને વડોદરા તેમજ બીજાં સ્થળોના ફોજદારોને સાથે જોડાઈને સુરત જવા કહેવામાં આવ્યું. એકત્રિત થયેલ એ મુઘલ લશ્કરે ભરૂચની પૂર્વે નર્મદા કાંઠે આવેલ રતનપુર પાસે પડાવ નાખ્યો હતો ત્યાં મરાઠાઓએ એકાએક આવીને એના પર હલ્લો કર્યો. એ વખત થયેલા મુકાબલામાં મુઘલ લશ્કરનો કરુણ રકાસ થયો. સફદરખાન બાબી ઘવાયો અને એને કેદી બનાવાયો. નજરઅલીખાનને પોતાના રક્ષણ માટે નાસવું પડયું. મરાઠા રતનપુરની લડાઈ (માર્ચ ૪, ૧૭૦૬)થી ઉત્સાહિત બની આગળ વધ્યા અને એમણે નર્મદા નદી ઓળંગી. આ વખતે નજરઅલીખાનને મદદ કરવા માટે મોટી સેના લઈને આવેલા દીવાન અબ્દુલ હમીદખાન સાથે એમને મુકાબલો થયો, જેમાં મરાઠાઓને જ્વલંત વિજય મળ્યો. અબ્દુલ હમીદખાનના લશ્કરે નાસભાગ કરી મૂકી. એ પોતે તથા નજરઅલીખાન મરાઠાઓના કેદી બન્યા. મરાઠાઓએ મુઘલોનો શસ્ત્રસરંજામ અને અન્ય માલસામાન કબજે કર્યાં અને આજુબાજુનાં નગરોમાંથી અને ગામોમાંથી ખંડણી વસૂલ લીધી.

એ મુઘલ લશ્કરોના પરાજયના સમાચારથી અમદાવાદમાં ભારે ગભરાટ ફેલાયો. સોરઠના ફોજદાર મુહમ્મદ બેગખાને અમદાવાદ આવી નવી રક્ષણ-વ્યવસ્થા ઊભી કરી અને મહી નદીનાં કોતરો સુધી રક્ષણ-હરોળ સ્થાપી. મરાઠાઓએ જે મુઘલ ઉમરાવોને કેદ પકડેલા તેમનાં પ્રતિષ્ઠા અને સ્થાન જાણી લીધાં હતાં તેથી એમના છુટકારા માટેની રકમ લઈને એમને જવા દેવાની નીતિ અપનાવી. અબ્દુલ હમીદખાન, સફદરખાન બાબી અને નજરઅલીખાને નિયત મોટી રકમ ભરીને પોતાનો છુટકારો મેળવ્યો.

ઔરંગઝેબને ગુજરાતમાં ગંભીર પરિસ્થિતિ જણાતાં શાહજાદા મુહમ્મદ આઝમનો મોટો પુત્ર શાહજાદો બીદર બખ્ત, જે એ સમયે બુરહાનપુરનો સૂબેદાર હતો, તેને સત્વર ગુજરાત પહોંચી જવા અને નિયુક્ત થયેલા સૂબેદાર ઇબ્રાહીમખાનના આવતાં સુધી પ્રાંતની સલામતી જાળવવા હુકમ આપ્યો. જે ફોજદાર માર્યા ગયા અથવા કેદ પકડાયા હોય તેમને સ્થાને નવા ફોજદારોને નીમવાની સત્તા એને અપાઈ હતી. શાહજાદા બીદર બખ્તની નિમણૂક થયાના સમાચાર જાણી મરાઠા ગુજરાતમાંથી ઘણાં ગામડાં તથા સુરતની આસપાસના પ્રદેશોમાં લૂંટફાટ કરી તારાજી વેરતા રવાના થયા.

શાહજાદો મુહમ્મદ બીદર બખ્ત (ઈ.સ. ૧૭૦૬–૦૭)

શાહજાદા મુહમ્મદ બીદર બખ્તે અમદાવાદ આવી (જુલાઈ ૧, ૧૭૦૬) શાહીબાગમાં મુકામ કર્યો અને વહીવટ ચલાવવાનું શરૂ કર્યું. એવામાં જ સમાચાર

આવ્યા કે દ્વારકાના મુઘલ થાણા પર હલ્લો થયો છે અને એનો થાણેદાર માર્યો ગયો છે. ઔરંગઝેબને એ સમાચાર મળતાં દ્વારકાના સુવિખ્યાત મંદિરને તોડી પાડવાનો હુકમ કર્યો, પરંતુ એના હુકમનું પાલન થયું હતું કે કેમ એ જાણી શકાતું નથી. મરાઠાઓના સંભવિત હુમલાઓનો પ્રતીકાર કરવા ગાઝીઉદ્દીનખાન ફીરોઝજંગ જેવા બાહોશ સેનાપતિને મોકલવા અને વધારે લશ્કરી કુમક મોકલવા શાહજાદાએ ઔરંગઝેબને મોકલાવેલા સંદેશાના જવાબમાં ગુજરાત સૈનિકોની ખાણ હોવાથી ત્યાંથી નવી ભરતી કરી પાંચ હજારનું અશ્વદળ રાખવા બાદશાહે ફરમાન કર્યું.

સાત મહિનાના વહીવટ બાદ શાહજાદા મુહમ્મદ બીદર બખ્તે, નિયુક્ત થયેલો સૂબેદાર ઇબ્રાહીમખાન કાશ્મીરથી અમદાવાદ આવતાં (ફેબ્રુઆરી ૮, ૧૭૦૭) વહીવટનો હવાલો એને સોંપી દીધો.

ઇબ્રાહીમખાન (૧૭૦૭)

ઇબ્રાહીમખાને વહીવટ સંભાળ્યા બાદ થોડા દિવસમાં બાદશાહ ઔરંગઝેબનું અવસાન (માર્ચ ૩, ૧૭૦૭) થયાના સમાચાર આવ્યા.

પાદટીપ

૧. *Supplement to the Mirat-i-Ahmadi* (Eng. Trans. by Nawab Ali and C. N. Seddon), p. 162

અબૂલ્ ફઝલ શાહી સૂબાઓ(પ્રાંતો)માં તળ ગુજરાતમાં પાટણ, અમદાવાદ (ઝાલાવાડ સહિતનું), વડોદરા, ગોધરા, ચાંપાનેર, નાંદોદ, ભરૂચ અને સુરતનો તથા સોરઠ (સૌરાષ્ટ્ર)નો સમાવેશ કરે છે, જ્યારે બાકીના પ્રદેશ હિંદુ રાજાઓ અથવા તાબેદાર કે ખંડિયા રાજાઓના હતા.

૨. Elliot and Dowson, *History of India*, Vol. V, p. 384

૩. *Akbarnama*, Vol. III, pp. 277-79

૪. James Bird, *History of Gujarat*, p. 354

૫. 'મિરાતે અહમદી' (ગુજરાતી ભા.), વૉ. ૧, ખંડ ૧ પૃ. ૧૫૬-૧૫૭

૬. *Akbarnama*, Vol III, pp. 948-49

૭. 'મિરાતે સિકંદરી' (ગુજરાતી ભા.), પૃ. ૪૭૪

૮. *Mirat-i-Ahmadi*, Vol. III, pp. 182-83

૯. *Akbarnama*, Vol. III, p. 410

૧૦. M. S. Commissariat, *'History of Gujarat'* Vol. II, p. 38

૧૧. *Mirat-i-Ahmadi*, Vol. I, p. 188

૧૨. મુર્તઝાખાને કડીમાં તથા ભરૂચમાં કરાવેલાં બાંધકામોનો સમય એના શિલાલેખોમાં હિ.સં. ૧૦૧૮ (ઈ.સ.૧૬૦૯–૧૦) આપ્યો હોઈ ઈ.સ.૧૬૦૮ની આ તારીખ બાદશાહે પોતાના પાયતખ્તમાં લીધેલા નિર્ણયની સમજવી ઘટે અને મુર્તઝાખાનની કામગીરીનો હવાલો જહાંગીર કુલીખાને ઈ.સ. ૧૬૦૯માં સંભાળ્યો હોવાનું ગણવું જોઈએ.—સં.

૧૩. *Bombay Gazetteer*, Vol. I, Part I, p. 273

૧૩–અ. 'મિરાતે અહમદી', (ગુજરાતી ભા.) ગ્રં. ૧, ખંડ ૧, પૃ. ૧૯૪

૧૪. W. Foster (Ed.), *The Embassy of Sir Thomas Roe to India*, Vol. I, pp. 170–73

૧૫. W. Foster, *Early Travels in India*, pp. 178, 206

૧૬. ર. ભી. જોટ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૬૬૮–૬૭૦

૧૭. *Tuzuk-i-Jahangiri*, Vol. I, p. 401

૧૮. W. Foster (ed.), *The Embassy of Sir Thomas Roe to India*, Vol. II, p. 424

૧૯. W. Foster, (ed.), *English Factories in India* 1622–25, p. 87

૨૦. શાહીબાગની મુલાકાત જર્મન પ્રવાસી મેન્ડેલસ્લોએ ૧૬૩૮માં અને ફ્રેન્ચ પ્રવાસી થિવેનોએ ૧૬૬૬માં લઈ એનાં વખાણ કર્યાં છે. ૧૮ મી સદીની મધ્યમાં લખાયેલ 'મિરાતે અહમદી'માં શાહીબાગની બિસ્માર હાલતનું વર્ણન આપવામાં આવ્યું છે. ડભોઈના કલેક્ટર જેમ્સ ફોર્બ્સે પણ ૧૭૮૧માં એની મુલાકાત લઈ વિસ્તૃત હેવાલ લખ્યો છે.

૨૧. Edward Grey (trans.), *The Travels of Pietro Della Valle*, Vol. I, p. 102

૨૧–અ. *Mirat-i-Ahmadi*, Vol. I, pp. 210–11

૨૨. *Ibid.*, p. 213

૨૩. ગુજરાતના સુલતાન મુઝફ્ફર ૩ જાએ નવાનગરના રાજાઓને મહમૂદી સિક્કા પાડવાનો અધિકાર આપ્યો હતો. મહમૂદી સિક્કા નવાનગર રાજ્યમાં 'કોરી' નામે ઓળખાતા. જામે સિક્કા પાડવાનું બંધ કરવા સ્વીકાર્યું, પણ પછીના સમયમાં એ ફરી શરૂ થયું. 'મિરાતે અહમદી' ગ્રંથ જ્યારે લખાયો ત્યારે નવાનગરની ટંકશાળમાં પાડવામાં આવેલા સિક્કા ચલણમાં હતા.

૨૪. M. S. Commissariat, *History of Gujarat*, Vol. II, p. 132

૨૫. M. S. Commissariat, 'Imperial Mughal Farmans in Gujarat' *Journal of the University of Bombay*, Vol. IX, Part I, pp. 39-41

૨૬. J. N. Sarkar, *History of Aurangzeb*, Vol. I, p. 322

૨૭. *Ibid.*, Vol. II, pp. 164-65

૨૮. *Mirat-i-Ahmadi*, Vol. I, p. 247

૨૯. *Ibid.*, Vol. I, p. 255

૩૦. J. N. Sarkar, *op. cit.*, Vol. II, p. 305

૩૧. *Corpus Inscriptionum Bhavnagari*, pp. 47-49

૩૨. *Mirat-i-Ahmadi*, Vol. I, pp. 352-53; J. N. Sarkar, *op. cit.*, Vol. III, p. 320

પ્રકરણ ૪

મુઘલ હકૂમતની પડતી અને એનો અંત

ઇબ્રાહીમખાન (ઈ.સ. ૧૭૦૭-૧૭૦૮)

ઔરંગઝેબના અવસાન પછી પાયતખ્ત માટે ઝઘડા થવા લાગ્યા એ અરસામાં ગુજરાતમાં મરાઠાઓનાં આક્રમણ થયાં.

મરાઠા રાજા છત્રપતિ શાહુના સેનાપતિ ધનાજી જાદવે ગુજરાત પર બીજી વાર આક્રમણ કરી ખાસ કરીને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વિનાશ સર્જ્યો. થોડા વખત પછી સેનાપતિ બાલાજી વિશ્વનાથે માળવામાં થઈ પૂર્વ ગુજરાતમાં વિશાળ લશ્કર સાથે પ્રવેશ કર્યો. મરાઠા લૂંટફાટ કરતા અને આગ લગાડતા, ગોધરા અને મહુધા થઈ મહેમદાવાદ સુધી, આવી પહોંચ્યા. સૂબેદાર ઇબ્રાહીમખાને આકસ્મિક આવી પડેલા ભયનો સામનો કરવા તાબડતોબ પગલાં લીધાં અને ત્રણ દિવસમાં સાબરમતીની ઉત્તરે રહેતી મુસ્લિમ પ્રજામાંથી ૮,૦૦૦ નું અશ્વદળ અને ૩,૦૦૦નું ભૂમિદળ તૈયાર કર્યું અને એમાં આજુબાજુના વિસ્તારોમાંથી કોળીઓ અને રાજપૂતોએ બીજા ૪,૦૦૦ માણસ પૂરા પાડ્યા. ઇબ્રાહીમખાનની મદદમાં અબ્દુલ હમીદખાન, મુહમ્મદ બેગખાન, નજરઅલીખાન, સફદરખાન બાબી અને બીજા મનસબદારો અને ફોજદારો પોતપોતાના રસાલા તેમ તોપખાનાં સાથે સામેલ થયા. અમદાવાદ શહેર બહાર કાંકરિયા તળાવ પર એ બધાએ પડાવ નાખી મરાઠાઓની રાહ જોવા માંડી.

આટલી બધી મોટી સંખ્યામાં મુઘલ સેના તૈયાર હતી છતાં અમદાવાદની પરાં-વિસ્તારની અને નજીક આવેલાં ગામડાંઓની પ્રજાને પોતાની સલામતી માટે વિશ્વાસ બેસતો ન હતો તેથી ભયગ્રસ્ત બનેલાં સ્ત્રી-પુરુષોએ પોતાનાથી લેવાય તેટલું રાચરચીલું લઈને અમદાવાદ શહેરની મજબૂત રક્ષણ-વ્યવસ્થા તળે જવા ધસારો કર્યો.

દરમ્યાનમાં કૂચ કરીને મહેમદાવાદ સુધી આવી પહોંચેલા મરાઠા સેનાના કેટલાક સાહસિકોએ તો વટવા ગામ સુધી આવી પહોંચી લૂંટ ચલાવી. બીજી બાજુએ મુઘલ સેનાના નિરીક્ષણ માટે નીકળેલા સૂબેદાર ઇબ્રાહીમખાને સૈનિકોમાં

વ્યાપેલી હતાશા જોઈ અને આગેકૂચ કરતા મરાઠાઓ સામે સફળતા નહિ મળે એની એને ખાતરી થઈ તેથી એણે મરાઠાઓ સાથે સુલેહ કરવા વાટાઘાટો ચલાવી. ગુજરાતમાં મુઘલ શાસન માટે એ દિવસ સૌથી વધુ કમનસીબ અને માનભંગ કરનાર પુરવાર થયો ! સાધનસંપત્તિ હોવા છતાં ભારે રકમ આપી શત્રુને વિદાય કરવાનો સમય આવે એ પણ વિચિત્રતા હતી. મરાઠા સરદાર બાલાજી વિશ્વનાથ, જે ટૂંક સમયમાં પેશવા બનવાનો હતો તેણે મરાઠાઓની વિદાય માટે બે લાખ અને દશ હજાર રૂપિયાની માગણી મૂકતાં, એ રકમ શાહી તિજોરીમાંથી ચૂકવવામાં આવી. મરાઠાઓની વિદાય પછી મુઘલ સેના અને અધિકારીઓ અમદાવાદ પાછા આવતાં (મે ૮, ૧૭૦૭) રાજધાનીની અને પરાંવિસ્તારની પ્રજાએ રાહત અનુભવી.

શાહઆલમ (૧ લો) બહાદુરશાહનો રાજ્ય અમલ (૧૭૦૭–૧૭૧૨)

ઔરંગઝેબના અવસાન પછી મુઘલ બાદશાહ-પદ માટે જામેલા સંઘર્ષમાં ઔરંગઝેબનો બીજો શાહજાદો મુહમ્મદ મુઆઝમ વિજયી બનતાં (જૂન ૧૭૦૭) એ 'શાહઆલમ બહાદુરશાહ' ખિતાબ ધારણ કરી તખ્ત પર બેઠો. બાદશાહ બન્યા પછી એનું પ્રથમ ફરમાન જે મોકલાયું તેમાં ઇબ્રાહીમખાનને ગુજરાતના સૂબેદાર તરીકે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી. નવો બાદશાહ ગાદીએ બેઠા પછી પોતાના સૂબેદારને પ્રજાની સ્થિતિ સુધારવા, રાજ્યનું મહેસૂલ લેવા અને ચોર તથા લૂંટારાઓના ઉપદ્રવને ડામી દેવા કેવાં સૂચન આપતો એ આ ફરમાનમાંથી જોવા મળે છે. એ ફરમાન 'મિરાતે અહમદી'માં સ્થાપવામાં આવ્યું છે. પરંતુ ઇબ્રાહીમખાનને હવે સૂબેદારપદ માટે ઇચ્છા રહી ન હોવાથી માત્ર સાત જ મહિનાની કામગીરી કર્યા બાદ પોતાની જગ્યાનું રાજીનામું આપી, પ્રાંતનો હવાલો પોતાના નાયબ તરીકે મુહમ્મદ બેગખાનને આપી એ દિલ્હી જવા વિદાય થયો (સપ્ટેમ્બર, ૨૫, ૧૭૦૮)

ગાઝીઉદ્દીનખાન બહાદુર ફીરોઝજંગ (ઈ.સ. ૧૭૦૮-૧૦)

બાદશાહ શાહઆલમે ગુજરાતના સૂબેદાર તરીકે ગાઝીઉદ્દીન ખાન બહાદુર ફીરોઝજંગને મોકલ્યો. ગાઝીઉદ્દીનખાને વહીવટને વ્યવસ્થિત કરવા ફોજદારો અને થાણેદારોની નવી નિમણૂક કરી; ખંડણીની વસૂલાત કડકાઈથી કરી, એકત્ર કરેલી રકમ બાદશાહને નજરાણાં તરીકે અર્પણ કરી એની મહેરબાની મેળવી. ખંભાત બંદરની આવકમાં પણ સુધારો કર્યો. વિશ્વાસુ સરદારોને મહત્ત્વની જગ્યાઓ આપી, જેમાં મીર અબુલ કાસિમ, મુહમ્મદ કાસિમ વગેરેનો

સમાવેશ થતો હતો. જાસૂસી ખાતાને પણ એણે વ્યવસ્થિત કર્યું, કારણ કે મરાઠાઓની પ્રવૃત્તિઓની દિલ્હી દરબાર સુધી ખબર મળતી રહે એ જરૂરી હતું. ગાઝીઉદ્દીનખાને ભદ્રના કિલ્લા નજીક મુસાફરખાનું મસ્જિદ મદરેસા વગેરે બંધાવ્યાં. અમદાવાદમાં આવેલ શાહીબાગ, કાંકરિયાનો બાગ, રુસ્તમ બાગ વગેરે બાગોનું સમારકામ કરાવ્યું. એના સમયમાં જામી મસ્જિદમાં શિયાપંથી ધર્મવચનો વાંચવા સંબંધી ભારે વિરોધ થયો. નવો બાદશાહ શાહઆલમ ૧ લો શિયાપંથી હતો તેથી એણે શુક્રવારની નમાજમાં શિયાપંથી ધર્મવચનો વાંચવા ફરમાન કરેલું હતું. અમદાવાદમાં જામી મસ્જિદમાં એનો અમલ કરવા જતાં ત્યાંના ખતીબની હત્યા કરવામાં આવી. બનાસકાંઠા જિલ્લામાં દાંતાના રાજા પાસેથી ખંડણી ઉઘરાવીને અમદાવાદ આવતાં ગાઝીઉદ્દીનખાનનું અવસાન થયું (નવેમ્બર ૨૮, ૧૭૧૦). એણે બરાબર રીતે હિસાબ રજૂ કરેલો ન હોવાથી બાદશાહના હુકમથી એની સમગ્ર મિલકત જપ્ત કરવામાં આવી. સુરતના ફોજદાર અમાનતખાનને 'શાહમતખાન'નો ખિતાબ આપી ગુજરાતની સૂબેદારી સંભાળવાનું ફરમાવવામાં આવ્યું.

શાહમતખાન (ઈ.સ. ૧૭૧૦-૧૨)

શાહમતખાને અમદાવાદ પહોંચી હુકમ પ્રમાણે અગાઉના સૂબેદાર ગાઝીઉદ્દીનખાનની મિલકત જપ્ત કરી. ગુજરાતમાં મરાઠાઓનો નવો ભય પ્રસરી રહ્યો હોવાથી એનો પ્રતીકાર કરવા ભૂમિદળની અને તોપખાનાની રચના કરવા દર મહિને સરકારી તિજોરીમાંથી એક લાખ રૂપિયાનો ખર્ચ કરવા દેવાની વિનંતી કરતાં બાદશાહે એ મંજૂર રાખ્યો. ૧૭૧૧ માં ખંડેરાવ દાભાડેની આગેવાની નીચે મરાઠા છેક ભરૂચ સુધી ધસી આવ્યા, પરંતુ શાહમતખાને એમને અંકલેશ્વર પાસે સજ્જડ હાર ખવડાવી.

બાદશાહ શાહઆલમ ૧ લાના સમયમાં સામ્રાજ્યના વઝીર અસદ્-ઉદ્-દૌલા આસદ્ખાનની મુદ્રાવાળાં પાંચ ફરમાન બાદશાહના નામે બહાર પડ્યાં હતાં. આ ફરમાન મારવાડના મહારાજા અજિતસિંહની તરફેણમાં હતાં. છેલ્લા ફરમાન (નવેમ્બર ૧૨, ૧૭૧૧) મુજબ સોરઠની ફોજદારી મહારાજા અજિતસિંહને બક્ષવામાં આવી હતી. ઈ.સ. ૧૭૧૨ માં બાદશાહ શાહઆલમ ૧ લાનું અવસાન થતાં એનો શાહજાદો જહાંદરશાહ ગાદીએ આવ્યો.

બાદશાહ જહાંદરશાહનો રાજ્ય-અમલ (૧૭૧૨-૧૩)

જહાંદરશાહે પોતાના માનીતા સરદાર અસફઉદ્દૌલાને ગુજરાતની સૂબેદારી આપી અને મુહમ્મદ બેગખાનને નાયબ સૂબેદાર બનાવ્યો.

અસફઉદ્દૌલા (ઈ.સ. ૧૭૧૨-૧૩)

અસફઉદ્દૌલાના સમયમાં યોગ્ય ફોજદારો તથા થાણદારોની પસંદગી કરવામાં આવી. મુહમ્મદ બેગખાનને સુરત બંદરનો વહીવટ આપવામાં આવ્યો. નાયબ સૂબેદાર તરીકે સર બુલંદખાનને દિલ્હીથી મૂકવામાં આવ્યો. સર બુલંદખાને વહીવટમાં સ્થિરતા લાવવા પ્રયાસ કર્યો. ચુંવાળના કોળીઓએ ફરી ત્રાસ ફેલાવવાનું શરૂ કરતાં એમની સામે અબ્દુરરહેમાન અને અબ્દુરરહીમને મોકલવામાં આવ્યા. એ સરદારોએ કોળીઓનાં કેટલાંક ગામ બાળ્યાં અને લૂટયાં. અંતે કોળીઓને હરાવી તેઓ ફરીથી મુઘલ સત્તા સામે માથું નહિ ઊંચકે એવું કરારનામું કરાવી દીધું. આ સમયમાં સરદાર મહેરઅલીખાને પ્રજા પર ત્રાસ ગુજારી બળજબરીથી જજિયાવેરો વસૂલ કરવાનું શરૂ કર્યું. સુરતમાં મુહમ્મદખાનનું મૃત્યુ થતાં, એની જગ્યાએ સરબુલંદખાને પોતાના સાળાના દીકરાને નીમ્યો.

બાદશાહ બન્યા બાદ દસ મહિના પછી જહાંદરશાહને પદભ્રષ્ટ કરી એનો ભત્રીજો ફરુંખસિયર ગાદીએ આવ્યો (ડિસેમ્બર ૩૧, ૧૭૧૨).

બાદશાહ ફરુંખસિયરનો રાજ્ય-અમલ (૧૭૧૩-૧૭૧૯)

ફરુંખસિયરે માળવાના સૂબેદાર શાહમતખાનને ગુજરાતનો સૂબેદાર નીમતાં, શાહમતખાન અમદાવાદ આવ્યો (જૂન ૩, ૧૭૧૩).

શાહમતખાન (ફરી વાર) (ઈ.સ. ૧૭૧૩)

દરેક સૂબેદારને ઇસ્લામી કાનૂન પ્રમાણે પ્રજાનું રક્ષણ કરવા અને સ્વચ્છ તથા ન્યાયી વહીવટ કરવા રાબેતા મુજબ જે ફરમાન મોકલાતાં તેવું ફરમાન શાહમતખાનને પણ મોકલાયું. દિલ્હીની સલાહ મુજબ શાહમતખાને વહીવટ ચલાવ્યો, પરંતુ એને થોડા સમયમાં સૂબેદારપદેથી દૂર કરવામાં આવ્યો અને એની જગ્યાએ ઔરંગઝેબના સમયમાં બહાદુર સેનાપતિ તરીકે નામના મેળવેલ દાઊદખાન પન્ની નામના અધિકારીને મૂકવામાં આવ્યો.

દાઊદખાન (ઈ.સ. ૧૭૧૩-૧૫)

દાઊદખાને અમદાવાદ આવી (ઑક્ટોબર, ૧૭૧૩) વહીવટ સંભાળ્યો. એ પોતે કડક શિસ્ત પળાવવાનો આગ્રહી હતો અને એ માટે જાણીતો પણ હતો. એણે અમદાવાદમાં આવી ભદ્રના શાહી મહેલમાં રહેવા કરતાં શહેર બહાર

સાબરમતી નદીના કાંઠે તંબુમાં રહી સૈનિક જીવન ગાળવાનું પસંદ કર્યું. એણે વહીવટની તમામ દીવાની બાબતો દક્ખણી બ્રાહ્મણોને સોંપી દીધી અને પોતે જાનવરોની સાઠમારી અને શિકારમાં સમય વિતાવવા લાગ્યો. એના સમયમાં અમદાવાદમાં હિંદુ–મુસલમાનો વચ્ચે કોમી હુલ્લડ થયેલું (ઈ.સ. ૧૪૧૩), જે અંગે 'મિરાતે અહમદી' અને 'સિયર–ઉલ્–મુતખેરિન'માં[1] ભિન્ન ભિન્ન હેવાલ આપવામાં આવ્યા છે.

એ હુલ્લડનું કેંદ્ર ઝવેરીવાડ જ્યાં મદનગોપાળ અને કપૂરચંદ ભણસાળી જેવા ધનાઢ્ય શરાફો અને ઝવેરીઓની હવેલીઓ આવી હતી ત્યાં હતું. મદન-ગોપાળના ગુમાસ્તા હરિરામે હોળીના દિવસે પોતાના મોટા મિત્રવર્તુળને પોતાને ત્યાં હોળી ખેલવા બોલાવ્યું હતું. હોળી ખેલતી વખતે ત્યાંથી પસાર થતા એક મુસ્લિમ પર ગુલાલ નાખી રંગ છાંટવામાં આવ્યો. એ મુસ્લિમે અને એના મિત્રોએ, શહેરમાં જોરદાર વક્તા તરીકે નામના મેળવેલા, મુહમ્મદઅલી નામના સંતને વાત કરી અને એ પછી મોટું ખુમરાણ મચી રહેતાં ઉશ્કેરાટનું વાતાવરણ ફેલાયું. જામી મસ્જિદ ખાતે જે ટોળું એકત્ર થયું તેમાં સુન્ની વહોરાના વડા મુલ્લાં અબ્દુલ અઝીઝ પોતાની કોમના લોકો અને દાઊદખાન પન્નીના અફઘાન સૈનિકો આવી જોડાતાં બધા લોકો શહેરના કાઝી ખેરુલ્લાહખાનના મકાન તરફ ગયા, પણ કાઝી દાઊદખાન પન્નીનું વલણ હિંદુઓ તરફી હોવાનું જાણતા હોવાથી દરમ્યાનગીરી કરવા કરતાં પોતે મકાનમાં છુપાઈ ગયા, પરંતુ ગુસ્સે ભરાયેલા ટોળાએ એમના મકાનને ભારે નુકસાન કરી, કાઝીને સાથે લઈને હિંદુઓની દુકાનો લૂંટવા અને એમનાં મકાન બાળી નાખવાનું શરૂ કર્યું. છેવટે એમને નગરશેઠ કપૂરચંદ ભણસાળીના શસ્ત્રધારીઓએ અટકાવ્યા. અંતે હુલ્લડ શાંત પડી જતાં દુભાયેલા અને ઉગ્ર બનેલા મુસ્લિમોએ મુહમ્મદઅલી અને મુલ્લાં અબ્દુલ અઝીઝને બાદશાહ પાસે ફરિયાદ કરવા મોકલ્યા. બીજી બાજુએ સૂબેદાર દાઊદખાને હુલ્લડના આખા બનાવનો વૃત્તાંત પોતાના હાથે લખીને શેઠ કપૂરચંદને બાદશાહ પાસે મોકલ્યા. એ વૃત્તાંત પર સૂબેદારની પોતાની, કાઝીની, શાહી અધિકારીઓની અને લશ્કરી દળોના સેનાપતિની સહીઓ હતી. એમાં એવું પ્રમાણિત કરવામાં આવ્યું હતું કે એ બનાવમાં હિંદુ દોષિત નહોતા.

આ સમયમાં મોમીનખાન નામના એક ઈરાનીને સુરત વડોદરા પેટલાદ નડિયાદ અને ધોળકાની ફોજદારી આપવામાં આવી હતી. મોમીનખાને ચારેય સ્થળે પોતાના નાયબ નીમ્યા અને પોતે સુરત ગયો. સુરતમાં ફોજદાર મોમીનખાન અને કિલ્લેદાર ઝિયાખાન વચ્ચે મતભેદ થતાં ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે

બંને પક્ષોએ પોતપોતાના મિત્રોને લશ્કરો સહિત બોલાવ્યા. બંને વચ્ચે ભરૂચ નજીક સશસ્ત્ર ઘર્ષણ થયું. અંતે કિલ્લેદાર ઝિયાખાનને નમતું જોખવું પડ્યું.

ભૂતપૂર્વ સૂબેદાર શાહમતખાને એના અમલ દરમ્યાન વસૂલ લીધેલી કેટલીક મહેસૂલી રકમ શાહી તિજોરીમાં જમા કરાવી ન હતી તેથી દાઊદખાનના સમયમાં રાજ્યના હુકમ પ્રમાણે એની મિલકત જપ્ત કરવામાં આવી. પ્રાંતમાં કરવેરાની વસૂલાતમાં બાદશાહે કેટલાક સુધારા કર્યા. ભારે વરસાદ પડતાં સાબરમતી નદીમાં ભયંકર પૂર આવ્યાં ને તેથી ઘણી ઇમારત નાશ પામી. એ સંકટમાં પ્રજાને રાહત આપવા બાદશાહની મંજૂરી મેળવીને ખર્ચ કરવામાં આવ્યો. આ સમયમાં આંટનો વેપાર વધી પડતાં પ્રજાનો સામાન્ય નાણાં વહેવાર બંધ પડી ગયો હતો તેથી કપૂરચંદ ભણસાળી વગેરે શરાફોને બોલાવી એ પ્રકારનો વેપાર ઓછો કરવા સૂચનાઓ આપવામાં આવી. આંટનો વહેવાર ઘટાડવાના પ્રશ્નને લઈને મદનગોપાળ અને કપૂરચંદનાં બે શરાફી જૂથ વચ્ચે ઝઘડો થયો. આ મામલો બાદશાહ પાસે જતાં કપૂરચંદ વગેરેને ગુનેગાર ગણી કેદ કરવામાં આવ્યા અને એમની મિલકત જપ્ત કરવામાં આવી.

દાઊદખાનના સમયમાં ગુજરાતમાં ઘણી અરાજકતા ફેલાઈ. કોળીઓ અને લૂંટારાઓનો ત્રાસ ચાલુ જ હતો. એ બધી માહિતી દિલ્હી મોકલાતાં દાઊદખાનને દખ્ખણમા મોકલવામાં આવ્યો (૧૭૧૫) અને એની જગ્યાએ મહારાજા અજિતસિંહને નીમવામાં આવ્યા.

મહારાજા અજિતસિંહ (ઈ.સ. ૧૭૧૫–૧૭)

અજિતસિંહને ગુજરાતનો સૂબેદાર અને એના સૌથી મોટા પુત્ર અભયસિંહને સોરઠનો ફોજદાર નીમવામાં આવ્યા, પરંતુ એ બંને પિતાપુત્રે રૂબરૂ ન આવતાં પોતાના નાયબ તરીકે અનુક્રમે વિજયરાય ભંડારી અને ફતેસિંહ કાયસ્થને મોકલ્યા (જુલાઈ, ૧૭૧૫). ગુજરાતના દીવાન તરીકે હૈદર કુલીખાનને નીમવામાં આવ્યો. હૈદર કુલીખાનનું નામ પછીનાં ઘણાં વર્ષ સુધી ગુજરાતના રાજકીય ઇતિહાસ સાથે જોડાયેલું રહ્યું.

પોતાની નિમણૂક પછી થોડા મહિના બાદ અજિતસિંહે અમદાવાદ આવી (ફેબ્રુઆરી ૨૨, ૧૭૧૬) પહેલાં શાહીબાગમાં અને પછીથી ભદ્રના કિલ્લામાં નિવાસ કર્યો. એની સાથે નાહરખાન નામનો બાહોશ મુસ્લિમ સલાહકાર અને મંત્રી હતો. મારવાડથી આવેલા અમલદાર જુલમી હોવાથી અજિતસિંહનો વહીવટ અપ્રિય બન્યો હતો.

અમદાવાદમાં બીજો એક કોમી ગંભીર બનાવ અજિતસિંહના સમયમાં બન્યો (૧૭૧૬). બકરી ઈદના દિવસે કાલુપુર વિસ્તારના સુન્ની વહોરાઓએ કુરબાની આપવા મોટી સંખ્યામાં ગાયો અને ભેંસો એકત્ર કરી હતી. ફરજ પરના મુસ્લિમ હવાલદારે દયાથી પ્રેરાઈને કે હિંદુ સૂબેદાર અજિતસિંહની કૃપા મેળવવાના ઇરાદાથી બળ વાપરી કુરબાની માટેની એક ગાય છોડાવી તેથી વહોરાઓમાં ભારે ઉશ્કેરાટ વ્યાપ્યો અને તેઓ શહેરના કાઝી ખેરુલ્લાહખાન પાસે ફરિયાદ કરવા ગયા, પરંતુ સૂબેદારના અધિકારીઓએ કોઈ હુકમ ન કરતાં લૂંટ અને હુલ્લડની એ ધાણીઓ વરતાવા લાગી. બગડેલું વાતાવરણ અટકાવવા કેટલીક શાંતિચાહક વ્યક્તિઓએ સૂબેદારને સમજાવ્યો તેથી એમના તરફથી કાઝીને ખાતરી આપતો સંદેશો મોકલાવ્યો, જેમાં મુસ્લિમોને એમના ધર્મ પ્રમાણે ઉત્સવો ઊજવવાની છૂટ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું.[2]

આ સમયમાં બાહોશ સેનાપતિ તરીકે પંકાયેલો હૈદર કુલીખાન, જેને પ્રાંતનો દીવાન બનાવવામાં આવ્યો હતો, તેને ખંભાત અને સુરતના મુત્સદ્દી તરીકે નીમવામાં આવ્યો. વળી એને વડોદરા ભરૂચ નાંદોદ અને અરહર-માતરનો ફોજદાર પણ બનાવવામાં આવ્યો. એણે સુરત રહેવાનું પસંદ કર્યું અને બાકીની બધી જગ્યાઓ પર પોતાના નાયબોને નીમ્યા. મહારાજા અજિતસિંહના કુંવર અભયસિંહની બદલી કરાતાં ૧૭૧૬ માં સોરઠની ફોજદારી પણ હૈદર કુલીખાનને આપવામાં આવી.

બાદશાહ ફર્રુખસિયરનું શાસન સુરત ખાતેની ઈસ્ટ ઇન્ડિયા કંપનીની બાબતમાં નોંધપાત્ર છે. ૧૭૧૬ માં સુરતની કોઠીના અધ્યક્ષે એક શાહી ફરમાન મેળવ્યું, જેમાં સુરતના બંદરે આયાત થતા માલ પર અંગ્રેજોને જકાત-કરમાંથી માફી આપવામાં આવી હતી અને એને બદલે બાદશાહને વાર્ષિક દસ હજાર રૂપિયાની પેશકેશ આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. એ ફરમાનનું અંગ્રેજી ભાષાંતર સુરતની નોંધપોથીમાં સચવાયેલું છે.[3] એ ફરમાન અમદાવાદ સુરત અને ખંભાતના અધિકારીઓ તથા જાગીરદારો અને ફોજદારોને સંબોધીને લખાયેલું છે ને એમાં છેલ્લે કહેવામાં આવ્યું છે કે જો લૂંટારાઓ અંગ્રેજોનો માલ લૂંટી લે તો લૂંટારાઓને કેદ પકડી, માલ છોડાવી પરત કરવો અને જ્યાં જ્યાં અંગ્રેજોએ કોઠીઓ નાખી છે ત્યાં ત્યાં એમને સવલત આપવી અને માલનાં ખરીદ-વેચાણમાં એમને મદદ કરવી.

૧૭૧૭ માં મહારાજા અજિતસિંહ સૌરાષ્ટ્રમાં વ્યવસ્થા સ્થાપવા અને સરદારો તથા મુખીઓ પાસે રાબેતા મુજબની ખંડણી વસૂલ લેવા લશ્કર સાથે

નીકળ્યા. એમની ખંડણીની માગણી વધુ પડતી હતી તેથી નવાનગર તરફથી સશસ્ત્ર સામનો થયો, પરંતુ અજિતસિંહે પોતાના હુકમનો કરાવી કડકાઈથી કરાવ્યો. એ પછી એ દ્વારકાની યાત્રાએ ગયા. દરમ્યાનમાં બાદશાહ પાસે ગુજરાતમાંના મારવાડી અધિકારીઓની જુલમી નીતિ વિશે ફરિયાદો થતાં બાદશાહે અજિતસિંહની જગ્યાએ ખાન દૌરાન સમસુદ્દૌલાની ગુજરાતના સૂબેદાર તરીકે અને અબ્દુલ હમીદખાનની એના નાયબ તરીકે નિમણૂક કરી. અજિતસિંહને આ સમાચાર ખંડણી વસૂલ લઈ પાછા ફરતી વખતે સરખેજ પાસે મળ્યા. અજિતસિંહ આ ફેરફારનો મુકાબલો કરવા આવશે એમ માની અબ્દુલ હમીદખાને શહેરની રક્ષણ વ્યવસ્થા તૈયાર કરી લીધી. અજિતસિંહે સરખેજથી આગળ વધી શાહીબાગ ખાતે પડાવ નાખ્યો, પણ પોતાના વિશ્વાસુ સલાહકાર નહરખાનની સલાહ માની કોઈ પણ અથડામણ કે સંઘર્ષમાં આવ્યા વગર એ જોધપુર જવા વિદાય થઈ ગયા (જૂન ૧૦, ૧૭૧૭).

ખાન દૌરાન (ઈ.સ. ૧૭૧૭–૧૮)

નવો નિમાયેલો સૂબેદાર ખાન દૌરાન દિલ્હી દરબારમાં ભારે શક્તિશાળી અને નોંધપાત્ર ઉમરાવ હતો તેથી એ દિલ્હી છોડવા તૈયાર ન હતો. આથી એણે પોતાના નાયબ અધિકારીઓ નીચે વહીવટ ચલાવ્યો. ખાન દૌરાને સુરતના મુત્સદ્દી હૈદર કુલીખાનને ગુજરાતમાં પોતાના નાયબ તરીકે નીમ્યો (ડિસેમ્બર, ૧૭૧૭). સુરતથી અમદાવાદ આવતાં રસ્તે વટવા નજીક સફદરખાન બાબી નામના સ્થાનિક શક્તિશાળી ઉમરાવ સાથે એને ઘર્ષણમાં ઊતરવું પડયું, પરંતુ એના કેળવાયેલા સૈનિકો આગળ સફદરખાનનું લશ્કર ટકી શકયું નહિ અને એને વિખરાઈ જવા ફરજ પડી. ગુજરાતમા મુસ્લિમ ઉમરાવો વચ્ચેના લાંબા ઘર્ષણની શરૂઆત આ રીતે અહીંથી થઈ. પાલનપુરના રાજવી દીવાન ફીરોઝખાન જાલોરીની દરમ્યાનગીરીથી આ બંને ઉમરાવો વચ્ચે પાછળથી સમાધાન થયું હતું. કૂચ કરીને અમદાવાદ આવ્યા પછી હૈદર કુલીખાને વડોદરા પરગણામાં અને મહી પ્રદેશમાં ઉપદ્રવ કરતા કોળીઓને નમાવવાની કામગીરી બજાવી.

હૈદર કુલીખાનના ટૂંકા નાયબપદના સમયમાં ચુમોતેરિયો (સં. ૧૭૭૪ નો) દુકાળ પડયો (૧૭૧૮) તેની રાજધાની અમદાવાદ અને ગુજરાત પ્રદેશમાં ગંભીર અસર થઈ. અનાજના ભાવ ઊંચા ગયા. ચાર શેર બાજરીનો ભાવ એક રૂપિયો હતો છતાં બાજરી મળતી ન હતી. હૈદર કુલીખાનના હુકમ પ્રમાણે બધું અનાજ રાજધાનીમાં લાવવામાં આવ્યું અને દીવાન રઘુનાથદાસને ત્યાં એકત્ર કરાયું, જ્યાંથી એનું વેચાણ અંકુશિત રીતે કરવામાં આવ્યું. થોડા વરસાદથી

જે કંઈ લીલોતરી ઊગી હતી તે ભૂખ્યા લોક રાંધીને ખાતા તેથી રોગચાળો અને મરકીનો રોગ ફાટી નીકળ્યો આમાં મોટી સંખ્યામાં માણસોનાં મોત થયાં. કેટલાંક માબાપોને એક કે બે રૂપિયામાં પોતાનાં બાળક વેચવાં પડયાં.[૪]

આ સાલમાં સુરતમાં ગોપીતળાવવાળી જગ્યાના એક ખૂણામાં એક સુંદર વાવ બાંધવામાં આવી, જેની વિગતો એમાં મુકાયેલા બે ફારસી શિલાલેખોમાં જોવા મળે છે.

હૈદર કુલીખાન કોળીઓ સામે ગયો હતો તેવામાં એને સમાચાર મળ્યા કે ખાનદૌરાન પાસેથી ગુજરાતની સૂબેદારી લઈ લેવામાં આવી છે. ત્યારે એ પણ થોડા સમય બાદ દિલ્હી તરફ ઊપડયો (જૂન, ૧૭૧૮).

બાદશાહ રફી ઉદ્-દરજાતનો રાજ્ય-અમલ (૧૭૧૯)

દિલ્હીમાં સર્વશક્તિશાળી બનેલા સૈયદ ભાઈઓએ ફર્રુખસિયરને ૭ વર્ષ સુધી નભાવી છેવટે પદભ્રષ્ટ કરી મારી નંખાવ્યો (૧૭૧૯) અને રફી ઉદ્-દરજાતને બાદશાહ બનાવ્યો. મહારાજા અજિતસિંહે પોતાની પુત્રી ફર્રુખસિયર સાથે પરણાવી હતી અને ફર્રુખસિયરે અજિતસિંહને પોતાની મદદે બોલાવ્યા હોવા છતાં એ ગયા ન હતા અને સૈયદ ભાઈઓને વફાદાર રહ્યા હતા. આ વફાદારી બદલ અજિતસિંહને ગુજરાતની સૂબેદારી અપાઈ.

મહારાજા અજિતસિંહ (બીજી વાર) (ઈ.સ. **૧૭૧૯-૨૧**)

અજિતસિંહ ગુજરાત જાય ત્યાં સુધી એમના નાયબ તરીકે કામ કરવા મહેરઅલીખાનને અમદાવાદ મોકલવામાં આવ્યો. આગળ જતાં મહારાજા અજિતસિંહના સલાહકાર નહરખાનને ગુજરાતના દીવાન તરીકે નીમવામાં આવ્યો હતો (માર્ચ ૨૦, ૧૭૧૯).

બાદશાહ રફી ઉદ્દરજાતનાં બે ફરમાન નોંધપાત્ર છે. પ્રથમ ફરમાન (ફેબ્રુઆરી ૨૮, ૧૭૧૯) નાયબ મહેરઅલીખાનને સંબોધીને લખાયેલું છે, જેમાં નવા બાદશાહની પ્રાંતની પ્રજાના કલ્યાણ માટેની ચિંતા વ્યક્ત કરી પ્રાંતના સૂબેદાર, દીવાન અને એમના અધિકારીઓને એમની ફરજોનું વફાદારીથી પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. 'મિરાતે અહમદી'ના લેખકના જણાવ્યા પ્રમાણે અમદાવાદની ટંકશાળમાં બાદશાહ રફી ઉદ્દરજાતના સિક્કા પાડવામાં આવ્યા હતા. બીજું ફરમાન નહરખાનને સંબોધીને બહાર પડાયું છે. એમાં મહારાજા અજિતસિંહની વિનંતીથી જજિયાવેરો નાબૂદ કર્યાનું લખ્યું છે.

બાદશાહ રફીઉદ્દરજાતનું અવસાન થતાં (મે ૨૮, ૧૭૧૯) સૈયદ ભાઈઓએ એની ઇચ્છા પ્રમાણે એના મોટા ભાઈ શાહજાદા રફીઉદ્દૌલ્લાને બાદશાહ બનાવ્યો.

બાદશાહ રફી-ઉદ્દોલા ઉર્ફે શાહજહાં ૨ જાનો રાજ્ય-અમલ (ઈ.સ. ૧૧૭૯)

નવા બાદશાહના નામથી બહાર પડાયેલાં ફરમાનો બધા પ્રાંતોમાં મોકલી આપવામાં આવ્યાં તેમાંનું એક દીવાન નહરખાનને પણ મળ્યું. એ ફરમાનમાં પ્રજાકલ્યાણ માટેની ઇચ્છા વ્યક્ત કરતું રાખેતા મુજબનું લખાણ હતું. ઉપરાંત મુઘલ બાદશાહે ધારણ કરેલ નવું નામ અને ખિતાબ–'શાહજહાં બાદશાહ ગાઝી'–દર્શાવતા સિક્કા બહાર પાડવાનું કહેવામાં આવ્યું હતું. એના સમયમાં નહરખાનને ગુજરાતના દીવાનપદે ચાલુ રહેવાનો અને એ ઉપરાંત એને ધોળકા તથા સોરઠની ફોજદારી આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ઝવેરી કપૂરચંદ ભણસાળી, જેના સંબંધ પ્રાંતના સૂબેદાર કે એના મદદનીશો સાથે સારા ન હતા, તેની હવેલી જપ્ત કરવા માટે એક હુકમ મોકલવામાં આવ્યો હતો.

થોડા માસમાં બાદશાહ રફીઉદ્દૌલાનું અવસાન થતાં સૈયદ ભાઈઓએ બહાદુરશાહના પૌત્ર શાહજાદા રોશનઅખ્તરને 'મુહમ્મદશાહ' નામ આપી, બાદશાહ જાહેર કરી ગાદીએ બેસાડ્યો (સપ્ટેમ્બર ૧૮, ૧૭૧૯).

બાદશાહ મુહમ્મદશાહનો રાજ્ય-અમલ (ઈ.સ. ૧૭૧૯–૪૮)

મુહમ્મદશાહે ૧૭૪૮ માં પોતાનું અવસાન થતાં સુધી શાસન કર્યું. એના 'મુહમ્મદશાહ બાદશાહ ગાઝી' નામના સિક્કા બહાર પડ્યા હતા. મુહમ્મદશાહના ગાદીએ બેઠા બાદ પણ મહારાજા અજિતસિંહની ગુજરાતના સૂબેદાર તરીકેની જગ્યા ચાલુ રહી. મહેરઅલીખાને એના નાયબ તરીકે કાર્ય કર્યું, પરંતુ અજિતસિંહે નવા નાયબ તરીકે અનુપસિંહ ભંડારીની નિમણૂક કરતાં અનુપસિંહ ભંડારી નહરખાન અને બીજા અધિકારીઓ સાથે અમદાવાદ આવ્યો. અનુપસિંહ ભંડારીએ જુલમી અને શોષણનીતિ અપનાવી અને લોકો પર ખોટા આરોપ મૂકી એમની પાસેથી નાણાં કઢાવ્યાં. આ વખતે નગરશેઠ કપૂરચંદ ભણસાળી શોષિતોના રક્ષણહાર તરીકે આગળ આવ્યા અને ભંડારીને જુલમી નીતિ છોડી દેવા સમજાવ્યો, પરંતુ ભંડારીએ પોતાના મહારાજા અજિતસિંહ અને સૈયદ ભાઈઓ વચ્ચેની મિત્રાચારી પર મદાર રાખી પોતાની નીતિ–રીતિ ચાલુ રાખી એ સલાહની અવગણના કરી. કપૂરચંદને પોતાનો જાન જોખમમાં લાગતાં પોતાનું ૫૦૦ નું અંગરક્ષક દળ તૈયાર કરાવ્યું અને એના રક્ષણ નીચે

બહાર આવવા-જવાનું રાખ્યું. કપૂરચંદે અનુપસિંહ અને એના મારવાડી અધિકારીઓના જુલમ અને ત્રાસનો ભોગ બનેલા નિર્દોષ નાગરિકોને જેલમાંથી મુક્ત કરાવ્યા, પરંતુ છેવટે અનુપસિંહે એક મુસ્લિમને સાધી કપૂરચંદનું ખૂન કરાવ્યું (૧૭૨૦).

ગુજરાતમાં મુઘલ સત્તાનો પ્રભાવ ઓસરી રહ્યો હતો એ સમયે મરાઠાઓએ સમગ્ર ગુજરાતભરમાં ઘૂમીને લૂંટફાટ ચલાવવા માંડી તેમાં દાભાડે અને ગાયકવાડ કુટુંબના સભ્યોએ અગ્રગણ્ય ભાગ ભજવ્યો. પિલાજીરાવ ગાયકવાડે ૧૭૧૯ માં દક્ષિણ ગુજરાતમાં સોનગઢ જીતી લઈ ત્યાં પોતાનું વડું મથક સ્થાપ્યું. ગુજરાતમાં ગાયકવાડની સત્તાનો પ્રારંભ ત્યાંથી થયો કહેવો હોય તો કહી શકાય. સોનગઢ મરાઠાઓના હુમલાઓ અને સવારીઓ માટેની તૈયારીનું કેંદ્ર બન્યું. બીજી બાજુએ દિલ્હીના સર્વશક્તિમાન સૈયદ ભાઈઓનું દખ્ખણ-ના ભૂતપૂર્વ સૂબેદાર નિઝામ-ઉલ્-મુલ્કે નિકંદન કઢાવી નાખી પોતે બાદશાહતનો વજીર બન્યો.

સામાન્ય રીતે દિલ્હીમાં થયેલા આ રાજકીય ફેરફારની અસર ગુજરાતમાં પણ થઈ. સૈયદ ભાઈઓના ટેકેદાર અજિતસિંહ પાસેથી ગુજરાતની સૂબેદારી લઈ લેવામાં આવી અને સૈયદ બંધુઓની સત્તાના પતનમાં કિંમતી સેવાઓ આપનાર હૈદરકુલીખાનને 'મુઇઝુદ્-દૌલા'નો ખિતાબ આપી ગુજરાતનો સૂબેદાર બનાવવામાં આવ્યો (મે, ૧૭૨૧).

હૈદરકુલીખાન (ઈ.સ. ૧૭૨૧-૨૨)

હૈદરકુલીખાન દિલ્હીમાં રહ્યો અને પોતાના વતી ગુજરાતનો વહીવટ કરવા ગુજરાતના ઉમરાવ માસૂમ કુલીખાન નામના પોતાના આશ્રિતને 'શુજાતખાન' ખિતાબ આપી નાયબ તરીકે મોકલ્યો. અનુપસિંહ ભંડારી અને દીવાન નહરખાનને કેદ પકડી દિલ્હી મોકલવા પણ હુકમ આપ્યા હતા. એ સમાચાર પ્રસરતાં અમદાવાદમાં અનુપસિંહના વિરોધીઓ અને શત્રુઓએ મારવાડી અધિકારીઓ સામે દેખાવો કરતાં, એ બધા પોતાના પર હુમલો થાય એ પહેલાં અમદાવાદ છોડી ગયા. રોષે ભરાયેલાં ટોળાંઓએ અનુપસિંહના મહેલમાં બાકી રહેલ માલસામાનને લૂંટી લીધો અને ભારે ભાંગફોડ કરી. શુજાતખાન, જે ખંભાતથી આવી રહ્યો હતો, તેણે અમદાવાદ આવ્યા પછી દીવાન નહરખાન તરફ હુમલાખોરોને વાળ્યા, જ્યાં બંને પક્ષો વચ્ચે ઘર્ષણ થયું, જેમાં બંદૂકો છૂટથી વપરાઈ. શુભેચ્છક મિત્રોએ બંને વચ્ચે દરમ્યાનગીરી કરી, જેમાં નહરખાન પાસેથી એક લાખ રૂપિયા લીધા બાદ શહેર છોડી જવા દેવાનું કબૂલ કરાયું. એ મુજબ નહરખાન અમદાવાદ છોડી જઈ સિદ્ધપુર ખાતે અનુપસિંહ સાથે જોડાઈ ગયો.

રાજધાની અમદાવાદમાં અને અન્યત્ર પણ મુઘલ સૂબેદારની સત્તાની આમન્યા ઓછી થઈ ગઈ હતી. ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં પણ સશસ્ત્ર અથડામણો થતી, જેમાં બંદૂકોનો છૂટથી ઉપયોગ થતો. ગુજરાતમાં મુઘલ સત્તાની પડતીમાં ગુજરાતના જ ઉમરાવોએ એકબીજા સામે સત્તાસ્પર્ધામાં ઊતરી મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ગુજરાતમાં મુઘલ શાસનના અંત સુધી સ્થાનિક બાબી ઉમરાવ કુટુંબે રાજકારણમાં અગ્રગણ્ય ભાગ ભજવ્યો. શુજાતખાનને બાબી કુટુંબના ગોધરાના નાયબ સફદરખાન સાથે સારા સંબંધ ન હતા. ૧૭૧૮ માં સફદરખાન બાબી વટવા આગળ હૈદરકુલીખાનનાં લશ્કરો સાથે અથડામણમાં ઊતર્યો હતો. શુજાતખાને અમદાવાદ પહોંચ્યા પછી હૈદરકુલીખાનને લખ્યું કે સફદરખાન અને એના બે પુત્રો સલાબત મુહમ્મદખાન અને જવાંમર્દખાન(મોટો)ની જાગીરોની પોતાને અને પોતાના ભાઈઓના નામે ફેરબદલી કરવી જોઈએ. બીજી બાજુ ૧૭૨૧ માં શુજાતખાને એક મુલુકગીરીની ચડાઈમાં સલાબત મુહમ્મદખાનના પુત્ર મુહમ્મદ બાબીના તાબાના ખેડા ગામમાંથી દસ હજાર રૂપિયા કઢાવ્યા હતા. શુજાતખાને દિલ્હી મોકલેલી ભલામણોની ખબર સલાબત મુહમ્મદખાનને પડતાં એ પોતે પોતાના મામલાની રજૂઆત બાદશાહ અને સૂબેદાર હૈદરકુલીખાન સમક્ષ કરવા ગયો. હૈદરકુલીખાને બાબીને વિવેકથી આવકાર્યો અને સ્થાનિક ઉમરાવો સાથે સારા સંબંધ રાખવાની ઇચ્છાથી એની અને એના પિતા તથા ભાઈઓની જાગીરો માન્ય કરી ચાલુ રાખી. આ ઘટના ૧૭૨૧ માં બની. વળી આ સાલમાં સૂબેદારની ભલામણ પરથી સલાબતખાનના પુત્ર મુહમ્મદ બહાદુર બાબીને સાદરા અને વીરપુરની થાણાદારી આપવામાં આવી તથા ૫૦૦ની મનસબ અને 'શેર-ખાન'નો ખિતાબ આપવામાં આવ્યાં. શેરખાને પછીનાં વર્ષોમાં ગુજરાત–સૌરાષ્ટ્રમાં રાજકીય ક્ષેત્રે મહત્ત્વનો ભાગ ભજવ્યો.

વજીર તરીકે નિયુક્તિ પામેલા નિઝામ–ઉલ્–મુલ્કે દિલ્હીમાં આવી પોતાનો હોદ્દો સંભાળી લેતાં, હૈદરકુલીખાન, જેણે વજીરપદની આશા બાદશાહ મુહમ્મદ-શાહ પાસેથી રાખી હતી તે, નિરાશ બની, પોતાના પ્રાંત ગુજરાતમાં જવા વિદાય થયો (એપ્રિલ ૧૭૨૨). માળવા થઈ એ ખેડા (જિલ્લા)ના ઠાસરા પરગણામાં આવ્યો જ્યાં ડભાલી ગામે સ્થાનિક મુસ્લિમ રહેવાસીઓ અને એના લશ્કરના સૈનિકો વચ્ચે ઝઘડો થતાં એણે આખા ગામને આગ ચાંપી એનો નાશ કર્યો અને ગામના બધા લોકોની એવી ઘાતકી કતલ કરી કે એક પણ માણસ એમાંથી છટકી શક્યું નહિ. આગળ વધતાં ચૂંવાળના કોળીઓ સામે પગલાં લઈ એ

અમદાવાદ આવ્યો (જુલાઈ ૩, ૧૭૨૨); તે જ વખતે સૌરાષ્ટ્રમાંથી ખંડણી વસૂલ કરી શુજાતખાન આવ્યો.

હૈદરકુલીખાન અમદાવાદમાં પાંચેક મહિનાથી વધુ રહ્યો નહિ, પરંતુ એ સમય દરમ્યાન પોતે જાણે એક સ્વતંત્ર શાસક હોય તેવી રીતે વહીવટ ચલાવતો રહ્યો. શાહી ફરમાનથી મનસબદારોને અને અન્ય અધિકારીઓને આપવામાં આવેલી જાગીરો એણે જપ્ત કરી અને પોતાની પસંદગીવાળી વ્યક્તિઓમાં એની વહેંચણી કરી. મુઘલ બાદશાહને એ બાબતની ફરિયાદ જતાં બાદશાહે હૈદરકુલીખાનને જાગીરોની બાબતમાં દરમ્યાનગીરી ન કરવા આદેશ આપ્યો, પરંતુ એ તરફ સૂબેદારે ધ્યાન આપ્યું નહિ; જ્યારે એની દિલ્હી પાસે આવેલી જમીનો ટાંચમાં લેવામાં આવી ત્યારે એણે નમતું આપ્યું.

હૈદરકુલીખાને મુઘલ બાદશાહના કેટલાક વિશેષાધિકાર ભોગવવાનું શરૂ કર્યું. શાહી તબેલા માટે સુરતથી ખરીદવામાં આવેલા અરબી ઘોડા દિલ્હીના માર્ગે જતાં અમદાવાદ આવ્યા ત્યારે એણે પોતાના માટે કેટલાક રાખ્યા અને બીજા ઘોડા પોતાના મિત્રોને આપ્યા. પ્રાંતમાં એણે પોતાના કેટલાક અધિકારીઓને 'પાલખી'માં બેસીને ફરવાનો અધિકાર આપ્યો, જે માત્ર શાહીવંશના સભ્યને કે ઉચ્ચ ઉમરાવને જ હતો. એણે જાહેરમાં ફરિયાદો સાંભળવાનું શરૂ કર્યું અને એ જ્યારે બહાર નીકળતો ત્યારે બાદશાહ જેવો દમામ–ભપકો રાખી નીકળતો. પોતાનું સ્થાન મજબૂત કરવા એણે ઘણી સંખ્યામાં આરબો સીદીઓ અને ફ્રાંકો(ફ્રેન્ચ–યુરોપિયનો)ને બોલાવી પોતાની નોકરીમાં રાખ્યા. લુણાવાડા અને ડુંગરપુરના રાજાઓ તથા સાબરકાંઠાના સરદારો પાસેથી પેશકશી ઉઘરાવવા પ્રયાણ કર્યું (ઑક્ટોબર, ૧૭૨૨) અને એ ઉઘરાવી પાછળથી પાટણ આવતાં એને પોતાના વિશે બાદશાહને પહોંચેલી ફરિયાદોની જાણ થઈ. બાદશાહ ભારે નાખુશ થયાના સમાચાર મળ્યા. તેથી એણે અમદાવાદ આવી, પોતાનાં ઘણાં જુલમી પગલાં પાછાં ખેંચી લીધાં અને શાહીબાગમાં રહી દિલ્હીના સમાચારની રાહ જોવા લાગ્યો, પરંતુ એને પાછો બોલાવવાનાં પગલાં લેવાઈ ચૂક્યાં હતાં.

નિઝામ-ઉલ્-મુલ્ક (ઈ.સ. ૧૭૨૨–૨૫)

હૈદરકુલીખાનની જગ્યાએ સૂબેદાર તરીકે વજીર નિઝામ-ઉલ-મુલ્કને નીમવામાં આવ્યો (ઑક્ટોબર ૧૪, ૧૭૨૨). હૈદરકુલીખાને પોતાના પક્ષે રજૂઆત કરવા પોતાના પુત્રને બાદશાહ પાસે મોકલ્યો અને દિલ્હીથી આવી રહેલા નિઝામ-ઉલ્-મુલ્કનો સશસ્ત્ર સામનો કરવા પ્રયાસો કર્યા, પરંતુ એણે જે જે ઉમરાવો અને અધિકારીઓને લાભ કરી આપ્યા તેમણે એને સાથ અને મદદ આપવાની

ના પાડતાં એણે પોતાને ચિત્તભ્રમ થયો છે એવો ઢોંગ કર્યો. એના દીવાન રાજા રઘુનાથરાવ અને અન્ય શુભેચ્છકોએ એને ઉદેપુરના માર્ગે રવાના કરી દીધો.[૫] જોકે એ દિલ્હીમાં ગયો (૧૭૨૩) ત્યારે એને બાદશાહે સારો આવકાર આપ્યો અને મારવાડના મહારાજા અજિતસિંહ, જેણે બંડ કરેલું, તેની સામે યુદ્ધનું સંચાલન કરવા અજમેરના સૂબેદાર તરીકે નીમ્યો.

હૈદરકુલીખાન પાસેથી સૂબાનો હવાલો રૂબરૂમાં લેવા માટે આવી રહેલા નિઝામ-ઉલ્-મુલ્કને માળવામાં ધાર ખાતે સમાચાર મળ્યા (ફેબ્રુઆરી ૧૩, ૧૭૨૩) કે હૈદરકુલીખાન અમદાવાદ છોડી જતો રહ્યો છે, તેથી એણે આગળ ન વધતાં પોતાના નાયબ તરીકે પોતાના કાકા હમીદખાનને નીમ્યો અને પોતે દિલ્હી પાછો ફર્યો (જુલાઈ ૧૭૨૩), પરંતુ દિલ્હીમાં એના વિરોધીઓ હોવાથી અને ત્યાં બહુ માફક ન આવે એવું હોવાથી વજીરપદેથી રાજીનામું આપી એ દખ્ખણના ૭ સૂબાઓની સૂબેદારી મેળવી સંતોષ પામ્યો.

નિઝામ-ઉલ્-મુલ્કે દિલ્હી પાછા ફરતી વખતે હમીદખાનને ભરૂચ જંબુસર આમોદ અને ધોળકાનાં ફળદ્રુપ પરગણાં પોતાની જાગીર તરીકે લઈ લેવા હુકમ કર્યો હતો. હમીદખાને અમદાવાદ આવી વહીવટ સંભાળી લીધો (૧૭૨૩–૨૪). એને શુજાતખાન અને રુસ્તમઅલીખાન નામના બે ઉમરાવ ભાઈઓનો ટેકો મળી રહ્યો. એણે સુરતના મુત્સદ્દી તરીકે મોમીનખાનને ચાલુ રાખ્યો.

નિઝામ-ઉલ્-મુલ્કને દખ્ખણના સૂબેદાર તરીકે મોકલાતાં કાબુલના સૂબેદાર મુબારીઝ-ઉલ્-મુલ્ક સરબુલંદખાન બહાદુરની ગુજરાતના સૂબેદાર તરીકે બદલી કરવામાં આવી (ઈ.સ. ૧૭૨૫).

સરબુલંદખાન (ઈ.સ. ૧૭૨૫–૩૦)

સરબુલંદખાને પોતાના નાયબ તરીકે ગુજરાતી ઉમરાવ શુજાતખાનને નીમ્યો. શુજાતખાનના ભાઈ રુસ્તમઅલીખાનને મોમીનખાનની જગ્યાએ સુરતના ફોજદાર તરીકે નીમવામાં આવ્યો. અમદાવાદમાંથી નિઝામના કાકા હમીદખાનને હાંકી કાઢવામાં આવ્યો, જે સમજાવટ બાદ દાહોદ જઈ રહ્યો. એ પછી એક વર્ષ સુધી ગુજરાત આંતરવિગ્રહમાં ફસાયેલું રહ્યું.

હમીદખાને પોતાના સાથી તરીકે મરાઠાઓની મદદ લીધી અને શુજાતખાન અને એના ભાઈઓ તથા બળવાન અમીરોને વારાફરતી હરાવ્યા. મરાઠાઓની મદદથી હમીદખાને રાજધાની પર કબજો જમાવ્યો. મદદના બદલામાં હમીદખાને નક્કી કર્યા પ્રમાણે મરાઠા સરદાર કંથાજી કદમને મહી નદીની ઉત્તરે આવેલાં પરગણાંઓની ચોથ અને પિલાજીરાવ ગાયકવાડને મહી નદીની દક્ષિણે સુરત સુધી

આવેલાં પરગણાંઓની ચોથ આપી, આથી ગુજરાતમાં મુઘલ સત્તાને ભયંકર ફટકો પડ્યો. હમીદખાને હવે દિલ્હીની હકૂમતની અવગણના કરી પોતે જાણે સ્વતંત્ર સુલતાન હોય એવી નીતિ અપનાવી. એણે શાહી તિજોરીમાંથી બળપૂર્વક આઠ લાખ રૂપિયા કઢાવ્યા. શાહી કારખાનામાં બાદશાહ માટે તૈયાર કરવામાં આવેલા રાજપોશાક જપ્ત કર્યા. શહેરના શ્રીમંત લોકો પાસેથી ક્રૂરતાપૂર્વક નાણાં કઢાવ્યાં, શુજાતખાનના બે પુત્રોને ઝેર આપી મારી નખાવ્યા અને મુરલીધર નામના ગુજરાતી હિંદુને દીવાન નીમ્યો.

એ સમયે મરાઠાઓની સવારીઓ ગુજરાતમાં જુદા જુદા ભાગોમાં ચાલુ હતી. તેઓએ ખંભાતને લૂંટ્યું હતું (એપ્રિલ ૧૭૨૫). હમીદખાને પણ મરાઠાઓના ગયા પછી ખંભાત પહોંચી ધરદીઠ રકમ ઉઘરાવી.[૬] હમીદખાને ખંભાતથી અમદાવાદ પાછા ફર્યા બાદ (ફેબ્રુઆરી ૧૯, ૧૭૨૫) પ્રાંતમાં 'ત્રાસનું રાજ્ય' ફેલાવ્યું. અમદાવાદ શહેરને હમીદખાનના મિત્રો તરીકે આવેલા મરાઠાઓની લૂંટમાંથી બચાવવાનું કાર્ય એ સમયના નગરશેઠ અને શાંતિદાસ ઝવેરીના પૌત્ર ખુશાલચંદે કર્યું હતું. ખુશાલચંદે પોતાના પૈસે અને જીવના જોખમે મરાઠાઓ સાથે વાટાઘાટો કરી, એમને મોટી રકમ આપી વિદાય કર્યા હતા. ખુશાલચંદે કટોકટીની પળે બજાવેલી સેવાની કદરરૂપે અમદાવાદના વેપારી મહાજને એક કરારનામું કરી, અમદાવાદ શહેરમાં આવતા અને જતા માલની કિંમત પર દર સો રૂપિયે ચાર આના લેખે લાગો આપવાનું ઠરાવ્યું હતું. એ લાગાની રકમ શેઠની હયાતીમાં એમને અને એ પછી એમના કુટુંબને અને એમના પુત્રો તથા વારસોને આપવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરાયો હતો. એ રકમ આપવાનું અમદાવાદમાં રહેતા ડચ અંગ્રેજ અને ફ્રેન્ચ વેપારીઓને બંધનકર્તા હતું. એ કરારનામું નગરશેઠને આપવામાં આવ્યું હતું (ઑક્ટોબર ૮, ૧૭૨૫).

૧૭૨૫ માં મુઘલ બાદશાહે સરબુલંદખાનને ગુજરાતમાંથી બંડખોર ઉમરાવ હમીદખાન અને મરાઠાઓને હાંકી કાઢવા રૂબરૂ જવા હુકમ કર્યો. સરબુલંદખાન લશ્કરો સહિત ગુજરાતમાં આવ્યો. એના આવવાના સમાચાર સાંભળી હમીદખાને ગુજરાતમાંથી કાયમ માટે વિદાય લીધી. મુઘલ લશ્કરોને હરાવ્યાં, જેમાં ત્રણ શ્રેષ્ઠ ગુજરાતી ઉમરાવોનો ભોગ લેવાયો હતો. આ દષ્ટિએ ગુજરાતના સૂબેદાર તરીકે નીમતી વખતે એને જાતે જઈને પ્રાંતનો વહીવટ ચલાવવાનું અને મરાઠાઓને ગુજરાતમાંથી હાંકી કાઢવાનું સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું. એ માટે બળવાન લશ્કર તૈયાર કરવા શાહી તિજોરીમાંથી એક કરોડ રૂપિયા ખર્ચ તરીકે આપવાનું નક્કી કરવામાં આવ્યું. પંદર લાખ રૂપિયાની રકમ તાત્કાલિક

આપવામાં આવી, જ્યારે બાકીની રકમ દર મહિને ત્રણ લાખના હપતે ચૂકવવાની હતી. સરબુલંદખાને અમદાવાદ આવી (ડિસેમ્બર ૧, ૧૭૨૫) મરાઠાઓ સામે લશ્કરી ટુકડીઓ રવાના કરી. એના પુત્ર ખાન આઝાદખાને મરાઠાઓને પેટલાદ પરગણાના સોજિત્રા ગામે હરાવ્યા (જાન્યુઆરી, ૧૭૨૬). બીજી વાર મરાઠાઓને એણે કપડવંજ ખાતે મારી હઠાવ્યા ને મહી નદી ઓળંગી જતાં સુધી એમનો પીછો કર્યો. મરાઠાઓએ છોટાઉદેપુરના ડુંગરાળ પ્રદેશનો આશરો લીધો. મરાઠાઓ સામે મુઘલ સેનાનો એ છેલ્લો વિજય હતો. જે વખતે ખાન આઝાદખાન મરાઠાઓનો પીછો કરી રહ્યો હતો તે સમયે ઉત્તર ગુજરાતમાં કંતાજી અને ભાસ્કરની આગેવાની નીચે પેશવાનાં લશ્કર ઈડર બાજુ ધસી આવ્યાં. ઈડરના નાગરિકોએ એમને ચાર લાખ રૂપિયા આપી વિદાય કર્યાં, પરંતુ થોડા સમય બાદ કંથાજી કદમ બાંડેએ આવીને વડનગરમાં ભારે લૂંટ ચલાવી. ગુજરાતમાં સરબુલંદખાન સૂબા તરીકે લગભગ પાંચ વર્ષ સુધી રહ્યો, પરંતુ એને મરાઠાઓની વારંવાર આવતી સવારીઓને મારી હઠાવવાની જે અગત્યની કામગીરી સોંપવામાં આવી હતી તેમાં એ નિષ્ફળ ગયો, કારણ કે મરાઠા ઉત્તર ગુજરાતમાં ફરી વળ્યા હતા અને ત્યાં લૂંટ ચલાવી વિનાશ સર્જ્યો હતો. સરબુલંદખાન મરાઠાઓ સાથે લાંબા ઘર્ષણમાં ઊતરવા માગતો ન હતો તેથી એણે કંથાજી કદમ બાંડે સાથે કરાર કર્યો, જેમાં મહી નદીની ઉત્તરે આવેલાં (અમદાવાદ અને પોતાના હવેલી પરગણા સિવાયનાં) તમામ પરગણાંની ચોથ આપવા કબૂલ્યું (૧૭૨૬). એ કરાર થતાં દિલ્હીથી મોકલાતી નાણાકીય મદદ બંધ થઈ. બીજી બાજુએ મરાઠાઓમાં પણ બે પક્ષ પડયા, જેમાં એક પક્ષ સેનાપતિ દાભાડેનો હતો અને એનો ટેકેદાર કંથાજી કદમ બાંડે હતો, બીજા પક્ષે પેશવા બાજીરાવ ૧ લો હતો. બાજીરાવ પણ ગુજરાતના અંધાધૂંધીવાળા રાજકારણમાં ઝંપલાવી દાભાડેની સત્તા નાબૂદ કરી ગુજરાત પર પોતાનો ચોથ ઉઘરાવવાનો હક્ક સ્થાપિત કરવા માગતો હતો તેથી એના પ્રતિનિધિઓ ૧૭૨૬ થી પ્રવૃત્તિશીલ બન્યા હતા. પેશવાએ ૧૭૨૯ માં પોતાના ભાઈ ચીમણાજી આપ્પાને મોકલી આપતાં ચીમણાજીએ પાવાગઢ, પેટલાદ ધોળકા ખંભાત જેવાં સ્થળ આક્રમણ કરી લૂંટયાં હતાં.

સરબુલંદખાન પાસે ૧૭૨૫ ના સમય જેવું લશ્કર ન હતું. એ લશ્કર વિખેરાઈ જવા પામ્યું હતું અને એને નવું લશ્કર રચવા દિલ્હીથી મદદ મળવા શક્યતા ન હતી. કંથાજી અને પિલાજીરાવની વિનાશકારી પ્રવૃત્તિઓમાં પેશવા તરફથી ઉમેરો થતાં હવે એને લાગ્યું કે પેશવા સાથે સમાધાન કરવાથી પેશવા દાભાડેના પ્રતિનિધિઓને અંકુશમાં રાખશે. એવી નિષ્ફળ આશા સાથે એણે

પેશવા સાથે કરાર કર્યા (માર્ચ ૨૩, ૧૭૩૦). એમાં અમુક અપવાદ સાથે પ્રાંતના સમગ્ર મહેસૂલમાંથી ચોથ અને સરદેશમુખી આપવા કબૂલ્યું. પેશવા ૨૫ હજારનું અશ્વદળ રાખી શાંતિ સ્થાપે, એ પોતે છત્રપતિ શાહુ વતી સત્તા ભોગવે અને પિલાજીરાવ વગેરે મરાઠા સરદારોની લડાયક પ્રવૃત્તિઓ અટકાવે એવી અપેક્ષા રાખવામાં આવી હતી.

સરબુલંદખાનને દિલ્હીથી મદદ મળવાની બંધ થઈ હતી પોતે ઉડાઉ હતો અને ખર્ચ કરવામાં બેદરકાર હતો વળી મોટું લશ્કર પણ એને નિભાવવું પડતું આથી એ એક વર્ષમાં બે વખત પણ અમદાવાદના વેપારીઓ અને દુકાનદારો પર ગેરકાયદે વેરા નાખી રકમ ઉઘરાવતો. એનું વહીવટીતંત્ર ઘણું જુલમી હતું. એણે નગરશેઠ ખુશાલચંદના દુશ્મનોની સ્વાર્થી નીતિથી દોરવાઈને ખુશાલચંદને કેદ કર્યા અને રેશમના વેપારીઓના મહાજનના મુખી શેઠ ગંગાદાસને એની જગ્યાએ નીમ્યા. છેવટે ૬૦ હજાર રૂપિયા લઈ ખુશાલચંદને છોડી મૂકવામાં આવ્યા; જોકે સૌરાષ્ટ્રમાં મુઘલ સત્તાને ગંભીર ફટકો પડ્યો ન હતો. સૌરાષ્ટ્રના જે હિંદુ રાજાઓ ખંડણી આપવામાં આનાકાની કરતા અથવા મુઘલ સત્તાનો સામનો કરવા તૈયાર થતા તેમને સરબુલંદખાને અને એના પ્રતિનિધિઓએ નમાવીને ખંડણી વસૂલ લીધી. સરબુલંદખાન જ્યારે કચ્છમાં ભૂજને ઘેરો ઘાલી રહ્યો હતો ત્યારે એને સૂબેદાર-પદેથી બરતરફ કરાયાના અને એની જગ્યાએ મારવાડના મહારાજા અભયસિંહ નિમાયાના સમાચાર મળ્યા, તેથી એ ઘેરો ઉઠાવી લઈ ટૂંકા રસ્તે અમદાવાદ આવ્યો.[૭] પોતાના લશ્કરનો પગાર ચડી ગયો હતો તેથી એની ચુકવણી માટે અમદાવાદ શહેરમાંથી રકમ ઉઘરાવવાનું નક્કી કર્યું. હિંદુઓ પાસેથી બે-તૃતીયાંશ અને વહોરાઓ (જેમાંના ઘણા સુન્ની હતા અને શ્રીમંત હતા) પાસેથી એક-તૃતીયાંશ ભાગ ઉઘરાવવાનું પ્રમાણ રાખ્યું, પરંતુ વહોરાઓએ સરબુલંદખાનની માગણીનો વિરોધ કરવાનું નક્કી કર્યું. એમને શેખ અબ્દુલા નામના સંતે દોરવણી આપી. સરબુલંદખાને સમયસૂચકતા વાપરી રોષે ભરાયેલા મુસ્લિમોને શાંત કરવા સમાધાનકારી નીતિ અપનાવી એમની પાસે રકમ લેવાનું માંડી વાળ્યું, પરંતુ શેખ અબ્દુલ્લાએ ઉગ્ર બની હિંદુઓ પાસેની રકમ પણ માફ કરાવવા આગ્રહ રાખતાં સરબુલંદખાને લશ્કર મોકલી બંડખોરોને કેદ કર્યા અને અગાઉની માગણી બેગણી કરી (જુલાઈ ૧૯, ૧૭૩૦). આ બનાવ સૂબેદારે ગુજરાત છોડતાં પહેલાં ત્રણેક મહિના અગાઉ બન્યા હતા.

મહારાજા અભયસિંહ (૧૭૩૦-૩૭)

નવા સૂબેદાર અભયસિંહે પોતાના રસાલા સાથે ગુજરાત તરફ લશ્કર સહિત કૂચ કરી. સરબુલંદખાને એનો મક્કમતાથી સામનો કરવા નિર્ધાર કરી પોતાનો પડાવ અડાલજ પાસે કર્યો. બંને પક્ષો વચ્ચે ભારે લડાઈ થતાં સરબુલંદખાન હાર્યો, પરંતુ મિત્રોની દરમ્યાનગીરીથી બંને વચ્ચે સમાધાન થયું. સરબુલંદખાનને દિલ્હી જવાના એના પ્રવાસખર્ચ માટે એક લાખ રૂપિયા આપવામાં આવ્યા (ઑક્ટોબર ૧૭૩૦). અભયસિંહે અમદાવાદ પહોંચતાં અગાઉ દિલ્હી દરબારમાં રાખેલા પોતાના પ્રતિનિધિ (વકીલ) અમરસિંહ ભંડારીને એક લાંબો પત્ર (ઑક્ટોબર ૧૯) લખ્યો, જેમાં સરબુલંદખાનના પ્રકરણ અને ખાનની હાર સંબંધી તથા પોતાને મુઘલ બાદશાહ તરફથી માનપાન મળે અને વિશિષ્ટ બદલો મળે એ માટે ખાસ તજવીજ કરવા જણાવ્યું હતું.

બાદશાહ ઔરંગઝેબના સમયમાં ૧૬૮૬ માં જૂનાગઢમાંથી ફોજદાર સરદારખાને વિદાય લીધા બાદ સોરઠ સરકારના ફોજદારોનાં સત્તા અને અધિકાર સમય જતાં ક્ષીણ બનતાં ગયાં. ત્યાંના ફોજદારની હકૂમત 'નવા સોરઠ' પૂરતી તથા દરિયાકાંઠા વિસ્તારમાં આવેલાં અને અન્ય ચોકી–થાણાંઓ પૂરતી સીમિત બની હતી. મરાઠાઓએ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં પ્રવેશ કરીને ઊભી કરેલી મુશ્કેલી હિંદુ રાજાઓ અને સરદારો માટે લાભદાયી નીવડી. સૌરાષ્ટ્રમાં નવાનગર પોતાનું અગાઉનું સ્વાતંત્ર્ય પુનઃ મેળવવા આતુર હતું : છાયાના જેઠવા રાજાઓએ પોરબંદરમાં પોતાની સત્તા દઢ કરી હતી, સિહોરના ગોહિલ રાજાએ પોતાના રાજ્યનું વિસ્તરણ કર્યું હતું, ભાવનગર રાજ્ય પણ વિકસતું જતું હતું, ૧૭૨૩ માં ભાવનગર શહેરની સ્થાપના થઈ હતી. ઝાલાવાડની રાજધાની હળવદને બદલે ધ્રાંગધ્રામાં રાખવામાં આવી (૧૭૩૦). આમ મહારાજા અભયસિંહની સૂબેદારી વખતે ગુજરાત–સૌરાષ્ટ્રની રાજકીય સ્થિતિ પ્રવાહી સ્વરૂપમાં હતી.

મહારાજા અભયસિંહે સરબુલંદખાનને અમદાવાદમાંથી વિદાય કર્યો બાદ અમદાવાદમાં પ્રવેશ કર્યો (ઑક્ટોબર ૨૮, ૧૭૩૦). એણે સૂબેદાર તરીકે સાત વર્ષ સુધી વહીવટ ચલાવ્યો જેમાં એ પોતે ૧૭૩૩ સુધી પ્રત્યક્ષ હાજર રહ્યો અને પછીનાં ચાર વર્ષ દરમ્યાન એણે પોતાના નાયબ રતનસિંહ ભંડારી દ્વારા વહીવટ ચલાવ્યો. દિલ્હીથી અભયસિંહના રસાલામાં મીરઝા મુહમ્મદ–નજમઈ-સની આવેલો હતો તે પેટલાદનો માજી ફોજદાર હતો અને એણે ૧૭૨૯ માં 'મોમીનખાન' નામનો ખિતાબ મેળવ્યો હતો. એને હવે ખંભાતના ફોજદાર તરીકે નીમવામાં આવ્યો. એ જ મોમીનખાને ગુજરાતના ખળભળી ઊઠેલા રાજકીય

વાતાવરણમાં ઘણાં વર્ષો સુધી મહત્ત્વનો ભાગ ભજવ્યો. ૧૭૩૭ માં અભયસિંહના નાયબ રતનસિંહ ભંડારીને હાંકી કાઢયા પછી એને ગુજરાતનો સૂબેદાર નીમવામાં આવ્યો હતો.

ગુજરાતમાં મરાઠાઓની દમનકારી પ્રવૃત્તિઓને મુઘલોનો કોઈ રાજપૂત ખંડિયો રાજા ડામી શકશે એવા ખ્યાલથી અભયસિંહને સૂબેદાર બનાવવામાં આવ્યો હતો. આ સમયે મરાઠાઓમાં દાભાડે અને પેશવા વચ્ચે ગુજરાતમાં પોતપોતાના અધિકારો સંબંધમાં તીવ્ર સ્પર્ધા ચાલતી હતી.[૮] સેનાપતિ દાભાડેએ દખ્ખણના નિઝામ સાથે પેશવા સામે સંઘ રચ્યો, તો પ્રતિપક્ષે પેશવા બાજીરાવે અભયસિંહ સાથે સમજૂતી કરી (ફેબ્રુઆરી ૧૭૩૧), પરિણામે દાભાડે અને પેશવા વચ્ચે ઉગ્ર લડાઈ થઈ (એપ્રિલ ૧, ૧૭૩૧), જેમાં પેશવા વિજયી બન્યો. ત્રિબંકરાવ દાભાડે માર્યો ગયો અને પિલાજીરાવ ગાયકવાડ ઘવાયેલી સ્થિતિમાં લડાઈના મેદાનમાંથી નાસી છૂટયો. મહારાજા અભયસિંહે પેશવા–દાભાડેની એ બાબતમાં પોતે ભજવેલા ભાગની અને મરાઠા રાજકારણ વિશેની માહિતી દિલ્હીમાં પોતાના વકીલ અમરસિંહ ભંડારીને પત્રમાં લખી મોકલાવી (એપ્રિલ ૧૦, ૧૭૩૧). ડભોઈની લડાઈ પછી પેશવા બાજીરાવની સમાધાન અને સમજાવટની નીતિના ફલસ્વરૂપે ત્રિંબકરાવ દાભાડેના સગીરપુત્ર યશવંતરાવને સેનાપતિ તરીકે અને પિલાજીરાવને 'સેના-ખાસખેલ'નો ખિતાબ આપી યશવંતરાવના મુતાલિક તરીકે નીમવામાં આવ્યા, પણ પિલાજીરાવ મુઘલોના માર્ગમાં કાંટારૂપ હોવાથી સૂબેદાર અભયસિંહે કાવતરું યોજી પિલાજીરાવનું ડાકોરમાં ખૂન કરાવ્યું અને પોતાના કાર્યની જાણ દિલ્હી કરી (માર્ચ ૨૬, ૧૭૩૨).

અભયસિંહે પિલાજીરાવના કબજા નીચેનું વડોદરા કબજે કર્યું અને ત્યાં શેરખાન બાબીને ફોજદાર તરીકે નીમ્યો, પરંતુ પિલાજીરાવના પુત્ર દામાજીરાવ બીજો (૧૭૩૨–૬૮), જેણે એની ૩૬ વર્ષની જવલંત લશ્કરી કારકિર્દી દરમ્યાન વડોદરા રાજ્યની ભવ્ય ઇમારતના પાયા નાખ્યા, તેણે ૧૭૩૪ માં શેરખાન બાબી પાસેથી વડોદરા જીતી લીધું. ૧૭૩૩ માં ખંડેરાવ દાભાડેની વિધવા ઉમાબાઈએ ૩૦,૦૦૦ ના લશ્કર સાથે અમદાવાદ પર ચડાઈ કરી મહારાજા અભયસિંહ એનો સામનો કરી શકવા અસમર્થ રહ્યો અને ૮૦,૦૦૦ રૂપિયા તથા પ્રાંતની ચોથ અને સરદેશમુખી આપવાનું કબૂલ કરી, સમાધાન કરી મરાઠાઓને વિદાય કર્યા. અભયસિંહને હતાશા આવતાં અને હવે ગુજરાત પ્રાંત મરાઠાઓના તાબામાં જશે એવું માની એ અમદાવાદ છોડી દિલ્હી ગયો અને પોતાના નાયબ તરીકે રતનસિંહ ભંડારીને મૂકતો ગયો (૧૭૩૩).

રતનસિંહ ભંડારીના નાયબ સૂબેદારપદ દરમ્યાન કેટલાક બનાવ બન્યા : અભયસિંહે આનંદસિંહ અને રાયસિંહને આપી દીધેલ ઈડર પરગણાને પુનઃ પ્રાપ્ત કરવા વિરમગામના ફોજદાર જવાંમર્દખાને ઈ.સ. ૧૭૩૪ માં નિષ્ફળ પ્રયત્ન કર્યો, કારણ કે એ રાજપૂત ભાઈઓને મરાઠાઓની મદદ મળી હતી. એ રીતે ઈડરમાં રાઠોડ વંશની સત્તા ચાલુ રહી.

સુરતના ફોજદાર રુસ્તમઅલીખાનના અવસાન (૧૭૨૫) પછી એનો પુત્ર સોહરાબખાન ફોજદાર તરીકે હતો. ૧૭૩૨ માં તેગબેગખાન અને મુલ્લા મુહમ્મદઅલીનાં સંયુક્ત દળો, જેમને અંગ્રેજ કોઠીના અધ્યક્ષ હેન્રી લોથરે સહાય કરી હતી, તેમના આક્રમણથી સોહરાબખાનને નાસી જવું પડયુ. સોહરાબખાને એ પછીથી જાગીર તરીકે ઘોઘાનું બંદર મેળવ્યું અને પછીથી એ જૂનાગઢનો નાયબ ફોજદાર પણ બન્યો. વિરમગામનું પરગણું મેળવવા જતાં સોહરાબખાન ધંધુકા પાસે માર્યો ગયો (૧૭૩૪). વિરમગામમાં અભયસિંહના પ્રતિનિધિ તરીકે મારવાડી ફોજદાર હતો. દામાજીરાવ ગાયકવાડે વિરમગામ કબજે કર્યું (૧૭૩૫). એ લેવા માટે રતનસિંહ ભંડારીએ વિરમગામને ઘાલેલો ઘેરો ઉઠાવીને છેવટે જતા રહેવું પડયું, કેમકે એ વખતે દામાજીરાવનો ભાઈ પ્રતાપરાવ મોટું લશ્કર લઈને ગુજરાતમાં આવ્યો હતો. ૧૭૩૬ સુધીમાં મરાઠાઓની સવારીઓ વારંવાર આવવાનો ક્રમ થઈ પડયો હતો અને એમણે ઉત્તર ગુજરાતમાંથી લાગો ઉઘરાવવાનો હક્ક સ્થાપિત કરી દીધો હતો. એ ઉપરાંત એમણે મહી નદીની ઉત્તરે અને દક્ષિણે ગુજરાત પ્રાંતનાં બધાં પરગણાંઓની ચોથનો હક્ક મેળવ્યો હતો.

મહારાજા અભયસિંહની અને એના નાયબ રતનસિંહ ભંડારીની આંતરિક નીતિ નોંધપાત્ર છે. સરબુલંદખાનની વિદાય પછી અને અભયસિંહના આવતાં, લોકોએ એ રીતે સંતોષ અનુભવ્યો હતો કે છેવટે એમના શાસક તરીકે તેમના જ ધર્મનો એક હિંદુ આવ્યો છે. 'મિરાતે અહમદી'માં કહેવામાં આવ્યું છે કે એ સમયમાં ઇસ્લામની પ્રતિષ્ઠા ઝાંખી બની, ગોહત્યા પર પ્રતિબંધ મુકાયો, હિંદુઓનાં દેવમંદિર પાછાં આદરપાત્ર બન્યાં, હોળીનો ઉત્સવ ફરી શરૂ થયો. અભયસિંહના મારવાડી અમલદારો ગરીબ કે શ્રીમંત હિંદુ કે મુસ્લિમ પ્રજા પાસેથી રકમ કઢાવવામાં ઓછા ઊતરે તેવા નથી એવી બધાંને ખાતરી થઈ. અમદાવાદમાં ઘણાં મુલકી ખાતાંઓમાંથી મુસ્લિમ અધિકારીઓના સ્થાને મારવાડી અધિકારીઓ નિમાયા. એમની જુલમી અને શોષણખોર નીતિના પરિણામે ઘણાં પ્રતિષ્ઠિત કુટુંબ શહેર છોડી અન્યત્ર જતાં રહ્યાં. અમદાવાદની ટંકશાળ પર

નિયંત્રણ રાખવામાં આવ્યું. મિશ્રિત ધાતુના સિક્કા બહાર પડાયા, જેથી સોના-મહોર અને ચાંદીના રૂપિયાની આંટ વધી ગઈ. અભયસિંહની લોભવૃત્તિ અને શોષણનીતિના પરિણામે અમદાવાદના સમૃદ્ધ રેશમ ઉદ્યોગને ગંભીર ફટકો પડ્યો. ૧૭૩૨ માં ગુજરાતમાં ભયંકર દુકાળ પડતાં, લોકોની હાડમારી વધી. રોગચાળો ફેલાતાં હજારોની સંખ્યામાં માણસો મોતને શરણ થયાં. એ વિકટ પરિસ્થિતિમાં પણ વહીવટીતંત્રે શોષણગીરી ચાલુ રહી. શેઠ ખુશાલચંદ ઝવેરી ઘણાં વર્ષ દિલ્હી રહ્યા બાદ પોતાની તરફેણમાં શાહી ફરમાનો (સપ્ટેમ્બર ૧૪, ૧૭૩૨) લઈ અમદાવાદમાં પાછા આવ્યા. ફરમાનમાં સૂબેદાર અભયસિંહ પર આદેશ હતો કે શેઠને એમના વેપારધંધાનાં અને લોકકલ્યાણનાં કાર્ય વિના અવરોધે કરવા દેવાં, પરંતુ એ જ વર્ષમાં અભયસિંહ અને શેઠ વચ્ચેના સંબંધ બગડ્યા. પરિણામે શેઠને અમદાવાદ છોડી જતા રહેવું પડ્યું. તેઓ ફરી ૧૭૩૬ માં જ પાછા આવી શક્યા.

ગુજરાતમાં પોતાના જાતિભાઈઓને થતી કનડગત અને શોષણ અટકાવવા માટે દિલ્હીમાં રહેતા શ્રીમંત અને અત્યંત વગદાર ગુજરાતી શરાફો અને વેપારીઓએ હડતાલનો માર્ગ લઈ મુઘલ સત્તાવાળાઓનું ધ્યાન ખેંચ્યું. વળી એ જ સમયે ખંભાતના મોમીનખાન તરફથી રતનસિંહની જુલમી નીતિ બાબતમાં વજીર પર પત્ર આવ્યો. વજીરે વસ્તુસ્થિતિ પામી જઈ મોમીનખાનને પુછાવ્યું કે એ પ્રાંતનો વહીવટ ચલાવવા તૈયાર છોકે કેમ ? મોમીનખાને જવાંમર્દખાનની સલાહ લઈ એ માટેની સંમતિ આપતાં એ અંગેનું ફરમાન મોકલવામાં આવ્યું (મે ૧૦, ૧૭૩૬). ફરમાનમાં મહારાજા અભયસિંહની બદલી કરવામાં આવી હોવાનું અને નવો સૂબેદાર આવતાં સુધી મોમીનખાનને પ્રાંતનો વહીવટ ચલવવાનું અને રતનસિંહ ભંડારીને રાજધાનીમાંથી દૂર કરવાનું જણાવવામાં આવ્યું હતું.

મોમીનખાને એ ફરમાનની નકલો દીવાન કાજી વગેરે શાહી અધિકારીઓને મોકલાવી લશ્કર એકત્ર કર્યું અને મરાઠાઓની લશ્કરી મદદ મેળવી. એ સમયે દામાજીરાવનો સેનાપતિ રંગોજી પેટલાદ પાસે હતો. રંગોજી સાથે જે કરાર થયો તેમાં મોમીનખાને ગાયકવાડને સમગ્ર ગુજરાત પ્રાંતનું અડધું મહેસૂલ આપવા કબૂલ્યું; પરંતુ એમાંથી અમદાવાદ શહેર, હવેલી પરગણું અને ખંભાતનું શહેર તેમ બંદર બાકાત રાખવામાં આવ્યાં હતાં. મોમીનખાન અને રંગોજીનાં સંયુક્ત લશ્કરોએ અમદાવાદને ઘેરો ઘાલ્યો, જે નવ મહિના ચાલ્યો (ઑગસ્ટ ૧૭૩૬–મે ૧૭૩૭). ઘેરા દરમ્યાન દામાજીરાવ પોતાના લશ્કર સાથે આવ્યો. મોમીનખાને એની મુલાકાત લીધી અને પોતાના પક્ષે રહેવા અનુરોધ કર્યો. બીજી બાજુએ મુશ્કેલીમાં

મુકાયેલા રતનસિંહ ભંડારીએ ગાયકવાડ પર સંદેશો મોકલ્યો, જેમાં પક્ષ છોડીને એને મદદ આપવાના બદલામાં અમદાવાદ, હવેલી પરગણું અને ખંભાત શહેર–બંદર સહિત આખા પ્રાંતનું અડધું મહેસૂલ આપવાની તૈયારી બતાવવામાં આવી. દામાજીરાવે આ સમાચારની જાણ મોમીનખાનને કરી. ગુજરાતનો સૂબેદાર બનવાની ઇચ્છા રાખતા મોમીનખાને પણ એવી શરતો કબૂલ રાખી. વિરમગામ પરગણાનો આખો કબજો સોંપી ખંભાતનું અડધું મહેસૂલ પોતાની પાસે રહે એવી માગણી કરી, જે દામાજીરાવે સ્વીકારી. અડધું અમદાવાદ મરાઠાઓને આપવાનું હતું. પરિણામે અમદાવાદ પરનો ઘેરો સખત બનાવાયો અને રતનસિંહ ભંડારીને શરણે આવવું પડ્યું (મે ૧૮, ૧૭૩૭). અઠવાડિયા પછી રતનસિંહે અમદાવાદમાંથી વિદાય લીધા બાદ મોમીનખાન અને રંગોજીએ અમદાવાદનો કબજો લીધો. બંને વચ્ચે શહેર વહેંચાયું. મોમીનખાને વિગતવાર અહેવાલ દિલ્હી મોકલાવ્યો.[૯] સલામતીની ખાતરી થતાં અમદાવાદમાંથી નાસી ગયેલા લોક શહેરમાં પાછા આવ્યા.

મોમીનખાન (ઈ.સ. ૧૭૩૭–૪૩)

રતનસિંહની વિદાય પછી મોમીનખાન બિનસત્તાવાર છતાં હકીકતમાં ગુજરાતનો સૂબેદાર બન્યો. પોતાનું મૃત્યુ (ફેબ્રુઆરી, ૧૭૪૩) થતાં સુધી એણે કુનેહતાપૂર્વક વહીવટ ચલાવ્યો. થયેલા કરાર પ્રમાણે અમદાવાદ શહેર બે ભાગમાં વહેંચાયું હતું : શહેરનો દક્ષિણ ભાગ ૭ દરવાજાઓ સહિત રંગોજીના તાબામાં અને ઉત્તર ભાગ મોમીનખાનના તાબામાં આવ્યો. આ પ્રકારનું દ્વિશાસન ૧૭૫૩ સુધી રહ્યું.

મોમીનખાને પાટણના જવાંમર્દખાન અને બાલાસિનોરના શેરખાન બાબી સાથે રહીને ઉત્તર ગુજરાતમાંથી વાર્ષિક ખંડણી ઉઘરાવવા મુલુકગીરી ચડાઈ કરી (૧૭૩૭). એને દિલ્હી દરબારમાંથી વજીરની મુદ્રાવાળું ફરમાન મળ્યું (એપ્રિલ, ૧૭૩૮), જેમાં એને અમદાવાદ પુનઃ કબજે કર્યા બદલ અભિનંદન આપવામાં આવ્યાં અને એની મનસબ વધારવામાં આવી અને 'બહાદુર'નો ખિતાબ આપવામાં આવ્યો. મોમીનખાને અમદાવાદમાં ફરી પાછો ધિક્કારપાત્ર બનેલો વેરો દાખલ કર્યો અને લોકો પાસેથી એક લાખ રૂપિયા સખતાઈથી વસૂલ કર્યા. મરાઠાઓને એમાંથી અડધો ભાગ આપવાના પ્રશ્ન પર તંગદીલી થતાં વીસ દિવસ સુધી ત્રાસ અને ભાંગફોડનું વાતાવરણ રહ્યું. ભવિષ્યમાં આવા ઝઘડા ઉપસ્થિત ન થાય એ માટે રંગોજીએ મોમીનખાન પાસેથી મરાઠાઓના એવા હક્કો વિશે લિખિત કરાર કરાવી લીધો.

૧૭૩૯ નું વર્ષ હિંદમાં મુઘલ સામ્રાજ્ય માટે ભારે કમનસીબ નીવડયું. ઈરાનના શહેનશાહ નાદિરશાહે હિંદ પર ચડાઈ કરી દિલ્હી કબજે કર્યું અને એ ત્યાં લગભગ બે મહિના સુધી રહી દેશનો વાસ્તવિક સમ્રાટ (શાહ–ઇન–શાહ) બની ગયો. એના નામવાળા સિક્કા પડયા અને ખુત્બામાં નામ પણ વંચાયું. એ સિક્કા અમદાવાદની ટંકશાળમાંથી પણ પડાયા હતા, બીજી બાજુએ ૧૭૩૮–૩૯ દરમ્યાન પેશવા બાજીરાવ ૧ લા અને એના ભાઈએ દક્ષિણ ગુજરાતના અને ઉત્તર કોંકણના દરિયાકાંઠાના વિસ્તારોમાં આવેલા ફિરંગી હકૂમતવાળા પ્રદેશ કબજે કરી લીધા હતા. તેમાં વસઈ દમણ અને દીવનો સમાવેશ થતો હતો. મોમીનખાને સૂબેદાર-પદ ધારણ કર્યો બાદ ૧૭૩૭ માં સોરઠ જિલ્લાના નાયબ ફોજદાર તરીકે શેરખાન બાબીની નિમણૂક કરી હતી. શેરખાને લગભગ ૭ વર્ષ સુધી જૂનાગઢ ખાતે પોતાની સત્તા દૃઢ કરી, સમજાવટ તથા સમાધાનભરી નીતિ અપનાવી રંગોજી અને મરાઠાઓના હુમલાઓ અટકાવ્યા, પરંતુ મોમીનખાનના અવસાન પછી ૧૭૪૩ થી ૧૭૪૮ સુધી એ ઉત્તર ગુજરાતના અશાંત વાતાવરણમાં સક્રિય ભાગ લેતો રહ્યો.

મોમીનખાનના કાર્યદક્ષ વહીવટથી ખુશ થઈ મુઘલ બાદશાહ તરફથી એને 'નજમુદ્દૌલા' અને 'દિલાવરજંગ' એવા બે ખિતાબ આપવામાં આવ્યા તથા એને ૬,૦૦૦ સવારનો મનસબદાર બનાવવામાં આવ્યો (જૂન ૪, ૧૭૪૨). મોમીનખાને એ સમયે રંગોજી સાથે મળી બંને પક્ષે જે ઘર્ષણના મુદ્દા હતા તેઓનું નિવારણ કર્યું અને નિખાલસ વાતાવણ સર્જ્યું. એણે રંગોજી સાથે સૌરાષ્ટ્રમાં આવી બાકી રહેલી જમાબંધી ઉઘરાવી. અમદાવાદ પાછા આવ્યા બાદ તેનું અવસાન થયું (ફેબ્રુઆરી ૨૦, ૧૭૪૩). એણે પોતાના પ્રભાવશાળી અને શક્તિશાળી વ્યક્તિત્વથી ગુજરાત પ્રાંતમાં થોડીઘણી રહેલી મુઘલ સત્તાને ટકાવી રાખવા સફળ પ્રયાસ કર્યો. એણે રંગોજી સાથે મહેસૂલ વહેંચવાના પ્રશ્ન પર ઝઘડા નિવારવા સમાધાનભરી નીતિ અપનાવી હતી. એ બધું એની કાર્યદક્ષતાને આભારી હતું.

મોમીનખાનના મૃત્યુના સમાચાર દિલ્હી પહોંચતાં નવો સૂબેદાર નિમાતાં સુધી કામ કરવા માટે એના ભત્રીજા ફિદાઉદ્દીનખાન અને પુત્ર મુફતખીરખાનને સંયુક્તપણે વહીવટ ચલાવવાનો આદેશ આપવામાં આવ્યો. ફિદાઉદ્દીનખાન મોટો હોવાથી એણે સત્તાસૂત્રો હાથમાં લીધાં, પરંતુ એ નબળો અને અસમર્થ હતો. મોમીનખાનના સમયથી લશ્કરનો પગાર ચડી ગયો હતો તેથી નાણાંની ભારે ખેંચ હતી, તેથી એણે ગેરકાયદે લાગા ઉઘરાવવાનું શરૂ કરતાં એ ભારે અપ્રિય બન્યો.[૧૦]

ફિદાઉદ્દીનખાને ખંભાત જઈ ફરજિયાત રકમ ઉઘરાવી. એની અમદાવાદમાં ગેરહાજરી દરમ્યાન રંગોજીએ અમદાવાદ કબજે કરવા હલ્લો કર્યો (મે ૧૬, ૧૭૪૩), પણ ફિદાઉદ્દીનખાનના પક્ષે શેરખાન બાબીએ આવીને મદદ કરતાં અંતે રંગોજીને ભારે નિષ્ફળતા મળી અને એની નાલેશી થઈ. રંગોજીએ શાંત સમાધાન માટે માગણી કરતાં ઘણી સમજાવટ બાદ ફિદાઉદ્દીનખાને સમાધાન કર્યું. અને વિરમગામ તથા બોરસદના કિલ્લા મરાઠાઓ પાસેથી લઈ લીધા, અને રંગોજીની માનહાનિ થાય તેવાં કાર્ય કર્યાં.[૧૧] ફિદાઉદ્દીનખાને એ પછી અમદાવાદ પર પોતાનો પૂરેપૂરો અંકુશ સ્થાપ્યો અને મરાઠાઓને ત્યાંથી દૂર કર્યા.

જવાંમર્દખાન (ઈ.સ. ૧૭૪૩–૫૩)

મોમીનખાનના અવસાન પછી ગુજરાતના ત્રાસદાયક અને અશાંત બનેલા રાજકારણમાં સૌથી વધુ શક્તિશાળી ઉમરાવ તરીકે પાટણનો ફોજદાર જવાંમર્દખાન આગળ આવ્યો. ફિદાઉદ્દીન અને મુફતખીરખાન વચ્ચે પરસ્પર વહેમ અને શંકા ઉપસ્થિત થતાં બંને વચ્ચેનું અંતર વધતું ગયું. મુફતખીરખાને પોતાના પિતા મોમીનખાનના એક સમયના સૌથી માનીતા જવાંમર્દખાન પર વિશ્વાસ રાખી એને અમદાવાદ બોલાવ્યો. જવાંમર્દખાને આવીને ફિદાઉદ્દીનખાનને સત્તા પરથી દૂર કર્યો, એટલું જ નહિ, પણ પોતે સત્તાધીશ બની ગયો (૧૭૪૩) અને દસ વર્ષ સુધી અગ્રસ્થાને રહી મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો. એ જ સમયે દામાજીરાવે અને રંગોજીએ સંયુક્ત રીતે મુઘલ તાબાનું પેટલાદ કબજે કર્યું. રાજકીય બનાવ નાટ્યાત્મક રીતે બનતા ગયા. જુન્નર (પૂના પાસે) કિલ્લાના સૂબેદાર અબ્દુલ અઝીઝખાન(મકબૂલ આલમ)ને ગુજરાતના સૂબેદાર તરીકે નિમાયાની બનાવટ થઈ, પણ મરાઠાઓ સાથેની લડાઈમાં એ ભરૂચ પાસે નર્મદા નદીમાં માર્યો ગયો (ડિસેમ્બર, ૧૭૪૩). રંગોજીએ ખંભાત જઈ લૂંટ ચલાવી (ફેબ્રુઆરી ૧૭૪૪). ત્યાંના મુસ્લિમ ફોજદારે પણ જુલમી કાર્યો વડે પ્રજાની મુસીબતો વધારી. જવાંમર્દખાને અમદાવાદ પર સંપૂર્ણ અંકુશ સ્થાપ્યો અને ગુજરાતમાં મુઘલ પ્રદેશ તરીકે બાકી રહેલા વિસ્તાર પરનો વાસ્તવિક શાસક બન્યો. દિલ્હીથી સૂબેદાર તરીકે નિમાયેલા ફખરુદ્દૌલાહખાન બહાદુર શુજાતજંગને બદલે પોતે સૂબેદાર તરીકે નિમાયેલો છે એવી બનાવટ પણ એણે કરી (જાન્યુઆરી ૨૮, ૧૭૪૪). અમદાવાદની ત્રસ્ત પ્રજાએ એવી આશા રાખી કે જવાંમર્દખાન સૂબેદાર બનવાથી એમની મુસીબતોનો અંત આવશે, પણ જવાંમર્દખાને જુલમી નીતિ અપનાવી ગેરકાયદેસર કરવેરા વસૂલ લીધા. નવો નિમાયેલો સૂબેદાર ફખરુદ્દૌલાહ અમદાવાદ તરફ આવતાં એનો સામનો કરવામાં

આવ્યો અને અંતે સૂબેદાર મરાઠાઓનો કેદી બન્યો. અમદાવાદ સુરત અને ખંભાતમાં સ્થાનિક મુસ્લિમ ઉમરાવો વચ્ચે સત્તા માટે થઈ રહેલા સંઘર્ષોમાં મરાઠા પોતાને લાભ થાય તેવા પક્ષે જોડાતા રહ્યા અને ગુજરાત પરનો પોતાનો અંકુશ મજબૂત બનાવતા ગયા અને પ્રદેશો વધારતા ગયા (૧૭૪૫–૪૮). ગુજરાતમાં ૧૭૪૭ માં ચોમાસું તદ્દન નિષ્ફળ જતાં પાકનો નાશ થયો અને પરિણામે ભયંકર દુકાળ પડ્યો, વસ્તીનું સ્થળાંતર અન્ય જગ્યાએ થયું.

ગુજરાતના પલટાતા રાજકારણમાં સક્રિય બની ભાગ લેનાર શેરખાન બાબીને ૧૭૪૮ માં સમજાઈ ગયું કે હવે પોતાને આગળ વધવા માટે કોઈ શકયતા રહેલી નથી, તેથી એણે બાલાસિનોરની પોતાની જાગીર પોતાના પુત્ર સરદાર મુહમ્મદખાનને સોંપી અને પોતે જૂનાગઢ જતો રહ્યો. એણે ગુજરાતના રાજકારણમાંથી નિવૃત્તિ લીધી અને 'બહાદુરખાન' તથા 'નવાબ'નું બિરુદ રાખી જૂનાગઢમાં પોતાનું સ્વતંત્ર શાસન સ્થાપ્યું. ૧૭૫૮ માં એનું અવસાન થતાં એનો પુત્ર મહોબતખાન નવાબ બન્યો.

દિલ્હીમાં મુઘલ બાદશાહ મુહમ્મદશાહનું અવસાન થયું (એપ્રિલ ૧૪, ૧૭૪૮) એની જગ્યાએ એનો શાહજાદો અહમદશાહ બાદશાહ બન્યો.

બાદશાહ અહમદશાહનો રાજ્ય-અમલ (૧૭૪૮–૧૭૫૬)

અહમદશાહનું નબળું શાસન એને પદભ્રષ્ટ કરાતાં સુધી ચાલુ (૧૭૫૬) રહ્યું. એ સમયમાં ગુજરાતમાં મરાઠાઓ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં જવાંમર્દખાન, ખંભાતમાં મોમીનખાન ૨ જો, જૂનાગઢ અને બાલાસિનોરમાં શેરખાન બાબી, સુરતમાં તેગબેગખાન અને ભરૂચમાં નેકઆલમખાન એમ પાંચ ઉમરાવ શક્તિશાળી હતા. નવા મુઘલ બાદશાહે જોધપુરના મહારાજા વખતસિંહની જોરદાર રજૂઆત પરથી એની પાસેથી અમુક શરતો કબૂલ કરાવી ગુજરાતના સૂબેદાર તરીકે ફખરુદ્દૌલાહની જગ્યાએ એને નિમણૂક આપી (મે ૧, ૧૭૪૮), પરંતુ મહારાજા વખતસિંહે ગુજરાત પ્રાંતમાં મરાઠાઓની તાકાત અને પ્રગતિ વિશેની તપાસ કરાવી લઈ એની વિઘટન પામેલી સ્થિતિ જોઈ, સૂબેદારના હોદ્દાનો હવાલો લેવા આવવાનો વિચાર પડતો મૂકયો. બીજી બાજુ મહારાજા વખતસિંહ સૂબેદાર તરીકે ન આવે એ માટે જવાંમર્દખાને અમદાવાદના નાગરિકો પાસે એક મોટી વિરોધી અરજી કરાવી, મહારાજાની નિમણૂકને રદબાતલ ઠરાવવા જોરદાર હિલચાલ કરી; પરંતુ મહારાજાએ પોતે જ આવવાનો વિચાર ત્યજી દેતાં કોઈ પરિણામ ન આવ્યું. જવાંમર્દખાન સૂબેદાર તરીકે ગુજરાતમાં મુઘલ પ્રદેશો પર અંકુશ ધરાવતો

હતો છતાંય એની નિમણૂક સત્તાવાર રીતે થઈ ન હતી. એ માટે જવાંમર્દખાને પ્રયાસો કરતાં, એ અંગેનું ફરમાન દિલ્હીથી બહાર પાડવાની તજવીજ શરૂ થઈ.

જવાંમર્દખાનને ૧૭૫૩ ના આરંભમાં પોતાની સત્તાની સલામતી લાગતાં અમદાવાદ છોડી સાબરકાંઠા અને બનાસકાંઠાના જમીનદારો પાસેથી એ ખંડણી ઉઘરાવવા ગયો. એની અમદાવાદમાંની ગેરહાજરીનો લાભ લઈ રઘુનાથરાવ અને દામાજીરાવ ગાયકવાડે ભેગા મળી અમદાવાદને ઘેરો ઘાલ્યો (ફેબ્રુઆરી ૧૨, ૧૭૫૩), એ બાદ જવાંમર્દખાન સાથે જે શરણાગતિવાળું સમાધાન થયું (માર્ચ ૩૦, ૧૭૫૩) તેમાં જવાંમર્દખાનને જાગીર તરીકે પાટણ શહેર અને દસ મહાલો (પાટણ વડનગર વિજાપુર વિસલનગર થરાદ ખેરાળુ સમી મુંજપુર રાધનપુર અને થેરવાડા) આપવામાં આવ્યાં. અમદાવાદ શહેરમાંથી એ નીકળી જાય એમ નક્કી થયું. એ પછી અમદાવાદ શહેર શરણે આવ્યું (એપ્રિલ ૧, ૧૭૫૩). અમદાવાદ શહેર પર મરાઠાઓનો પૂરો કબજો આવી જતાં, હવે પ્રાંતમાં મુઘલ સત્તાનો લગભગ અંત આવી ગયો, છતાં એ તે પછી પણ પાંચ વર્ષ સુધી નામની અસ્તિત્વમાં રહી. દરમ્યાનમાં જવાંમર્દખાનનું ખૂન થયું (સપ્ટેમ્બર ૨૭, ૧૭૫૩).

બાદશાહ આલમગીર ૨ જાનો રાજ્ય-અમલ (ઈ.સ. ૧૭૫૪–૫૯)

દિલ્હીમાં ૧૭૫૪ ના મધ્ય ભાગમાં મુઘલ બાદશાહ અહમદશાહને પદભ્રષ્ટ કરાયો અને એની જગ્યાએ આલમગીર ૨ જાને બાદશાહ બનાવવામાં આવ્યો. આલમગીરના નામવાળા રૂપિયા અને મુહર અમદાવાદની ટંકશાળમાંથી બહાર પાડવામાં આવ્યાં. મરાઠાઓનો અમદાવાદ પર પૂરો કબજો હોવા છતાં જૂની પ્રણાલિકા પ્રમાણે બાદશાહના પદારોહણના ફરમાનને આવકારાયું અને એની જાહેરાત પણ થવા દેવામાં આવી.

૧૭૫૪–૫૫ દરમ્યાન મરાઠાઓએ મોમીનખાન ૨ જા પાસેથી ખંભાત જીતી લેવા પ્રયાસ કર્યો, પરંતુ એમાં એમને નિષ્ફળતા મળી. ૧૭૫૬ માં મોમીનખાનને નાણાંની ભારે ખેંચ પડી. સૈનિકોનો ચડી ગયેલો પગાર ચૂકવવાનો બાકી હતો. આથી એણે આસપાસના મરાઠાઓ સહિતના પ્રદેશોમાંથી લૂંટની રકમ મેળવી. એ વર્ષે અમદાવાદની રક્ષણ-દીવાલોને ભારે વરસાદથી નુકસાન થયું અને મરાઠાઓનું મોટું લશ્કર અન્યત્ર હતું તેથી મોમીનખાને અમદાવાદ પુનઃ કબજે કરવાનું નક્કી કર્યું. એણે મરાઠાઓના વિરોધીઓ અને શત્રુઓનો સહકાર મેળવ્યો, વળી કેટલાક મરાઠા લશ્કરી અધિકારીઓને પોતાના પક્ષે લીધા, અને

વ્યવસ્થિત કાવતરું યોજ્યું. મરાઠા સૂબેદાર રઘુનું ખૂન કરવામાં આવ્યું (સપ્ટેમ્બર ૬, ૧૭૫૬) અને એ પછી અમદાવાદ પર આક્રમણ કરવામાં આવ્યું. એ સમયે મરાઠા લશ્કર ઓછી સંખ્યામાં હતું તેથી શહેરનો બચાવ ઝાઝો સમય થઈ શક્યો નહિ. અમદાવાદ પર કબજો મેળવાયો (ઑક્ટોબર ૧૬, ૧૭૫૬)[૧૨]. ગુજરાતના નાગર બ્રાહ્મણ શંભુરામની કામગીરી અમદાવાદની લશ્કરી ક્રાંતિમાં મહત્ત્વપૂર્ણ રહી એથી એને નાયબ સૂબેદાર બનાવવામાં આવ્યો અને પૂર્ણ સત્તાઓ સાથે મુખ્ય મંત્રી નીમવામાં આવ્યો.[૧૩]

મોમીનખાન (ઈ.સ. ૧૭૫૬-૫૮)

મોમીનખાને રાજધાની પર કબજો મેળવી, ગુજરાતના છેલ્લા મુસ્લિમ સૂબેદાર તરીકે સ્થાન મેળવ્યું, પણ એ સમયે દિલ્હીમાં કેંદ્રીય મુઘલ સરકાર ભાંગી પડી હતી. ત્યાંથી સ્વીકૃતિ મગાવતાં મોમીનખાનને સંદેશો મોકલવામાં આવ્યો કે મુઘલ સમ્રાટ તરફથી જે માનપાન અને બક્ષિસ જોઈએ તે આપવામાં આવશે, પણ પોતાના સ્થાનના રક્ષણ માટે તમારે તમારાં સાધનો પર જ આધાર રાખવો પડશે.

બીજી બાજુએ પેશવા બાલાજી બાજીરાવ, જે આ વખતે હિંદમાં સર્વોચ્ચ લશ્કરી તાકાત ધરાવનાર તરીકે ખ્યાતનામ બન્યો હતો, તેને ગુજરાતના બનાવોની જાણ થતાં તરત જ પોતાના નાયબ સદાશિવ રામચંદ્રને પૂરી સત્તા સાથેનું સુસજ્જ લશ્કર આપી મોકલ્યો, દામાજીરાવ ગાયકવાડ તથા એના ભાઈ ખંડેરાવ પણ સદાશિવને સહકાર આપી મદદે જાય એવી સૂચના આપી. એ રીતે સંયુક્ત મરાઠા લશ્કરનું આક્રમણ અમદાવાદ પર થયું. મોમીનખાને બચાવ માટે પ્રયાસ કર્યા. લગભગ ૧૪ માસ (જાન્યુઆરી ૭, ૧૭૫૭ થી ફેબ્રુઆરી ૨૭, ૧૭૫૮) સુધી ઘેરો ચાલ્યો.[૧૪] ઘેરાના સમય દરમ્યાન મોમીનખાનની મુશ્કેલીઓ વધી. મોટા લશ્કરનો પગાર ચૂકવવા બાબતમાં નાણાંની તંગી હતી તેથી અમદાવાદની હિંદુ તેમજ મુસ્લિમ પ્રજા પાસેથી ગેરકાયદે કરવેરા ફરજિયાત ઉઘરાવવામાં આવ્યા. ડભોડા અને એની આસપાસ રહેતા કોળીઓ ભારે સાહસ અને હિંમત બતાવી, શહેરને અનાજ–સામગ્રી ત્રીસગણી કિંમતે વેચી જતા. મરાઠાઓના ઘેરા દરમ્યાન સૌથી વધુ ખરાબ દશા તો પ્રજાની થઈ. વેપારધંધામાં ભારે નુકસાન, આકરા વેરા, માલમિલકતને થતું નુકસાન, જરૂરી ખાદ્ય ચીજોના અભાવથી ભૂખમરાની સ્થિતિ, મરાઠાઓનો શહેર ફરતો કડક ચોકીપહેરો, વગેરે હાડમારીઓથી પ્રજા ત્રાસી ગઈ તેથી ગરીબ અને ભૂખ્યા પ્રજાજનોએ શહેર-માંથી અન્યત્ર સ્થળાંતર કરવા ધસારો કર્યો. કરની વસૂલાત, દંડ અને જપ્તી

જેવાં આકરાં પગલાં લીધાં છતાં મોમીનખાનને નાણાંની તંગી જ રહી. લશ્કરનો પગાર નિયમિત ચૂકવાતો નહિ. પરિણામે ઘણી સંખ્યામાં લશ્કરી સૈનિકોએ મોમીનખાનનો પક્ષ છોડયો અને દામાજીરાવે અસંતોષાયેલાઓને નોકરી આપવાની જાહેરાત કરતાં તેઓ મરાઠા પક્ષે જોડાયા (ઑક્ટોબર, ૧૭૫૭). ૧૭૫૭ ના અંત સુધીમાં મરાઠાઓએ અમદાવાદ શહેર ફરતો ઘેરો વધુ કડક બનાવી ભીંસ વધારી. ૧૭૫૮ ના આરંભમાં સૂફી ઉમરાવ શાહ નૂરે (મૂળ નામ હસનકુલીખાન) મોમીનખાનને કરુણ સ્થિતિમાંથી ઉગારી લેવા પેશવા સાથે સમાધાન કરાવી આપવાનો પ્રયત્ન કરી જોયો. પેશવા પાસેથી લાવેલી શરતો શાહ નૂરે મોમીનખાનને જણાવી, પરંતુ મોમીનખાને એ સ્વીકારી નહિ. શાહ નૂરે તેથી પ્રયાસ છોડી દીધા (જાન્યુઆરી ૧૫), પરંતુ એક જ મહિનામાં મોમીનખાને સમગ્ર પરિસ્થિતિથી તંગ આવી જતાં સમાધાન માટે તૈયારી બતાવી દામાજીરાવ ગાયકવાડની મધ્યસ્થી સ્વીકારી. જે સમાધાન થયું તેમાં મોમીનખાને સિત્તેર હજાર (મૂળ એક લાખની રકમ હતી) રૂપિયા આપવાનું, ખંભાત બંદર એની પાસે રહેવા દેવાયું, પણ એની અડધી જકાત પેશવાને આપવાનું, ઘોઘા સોંપી દેવાનું અને મુખ્ય મંત્રી શંભુરામનો કબજો સોંપી દેવાનું કબૂલ્યું. એ પછી અમદાવાદ મરાઠાઓના કબજામાં આવ્યું (ફેબ્રુઆરી ૨૭, ૧૭૫૮)[૧૫] અને એની સાથે મુઘલ સત્તાનો ગુજરાતમાં અંત આવી ગયો.

પાદટીપ

૧. *Siyar-ul-Mutakherin*, trans. by J. Briggs, Vol. I, pp.98–101

૨. 'મિરાતે અહમદી', (ગુજ. અનુ. કૃ. મો. ઝવેરી), વો. ૨, ખંડ ૧, પૃ. ૭–૮

૩. Gense and Banaji, *The Gaikwads of Baroda*, Vol. I, pp. 21-22

૪. 'મિરાતે અહમદી', વો. ૨, ખંડ ૧, પૃ. ૨૩

૫. એજન, પૃ. ૫૯–૬૦

૬. Gense and Banaji, *op. cit.*, pp. 5–7

૭. W. Irwine, *Later Mughals*, Vol. II, pp. 193-94, 196, 200–01; 'મિરાતે અહમદી', વો. ૨, ખંડ ૧, પૃ. ૧૧૬, ૧૨૧–૧૨૨, ૧૩૬–૧૩૮

૮. V. G. Dighe, *Peshwa Baji Rao I and Maratha Expansion*, pp. 33–36

૯. 'મિરાતે અહમદી', વો. ૨, ખંડ ૨; પૃ. ૨૮૮–૨૯૦

૧૦. Gense and Banaji, *op. cit.*, p. 45

૧૧. 'મિરાતે અહમદી', વો. ૨, ખંડ ૨, પૃ. ૩૫૯–૩૬૧

૧૨. એજન, ખંડ ૩, પૃ. ૫૭૪–૭૮; Gense and Banaji, *op. cit.*, Vol. I, p. 113

૧૩. 'મિરાતે અહમદી', વો. ૨, ખંડ ૩, પૃ. ૫૮૦–૮૩

૧૪. એજન, ખંડ ૪, પૃ. ૫૯૦–૬૫૦

૧૫. M. S. Commissariat, *The History of Gujarat*, Vol. II, pp. 540–42

*

પ્રકરણ ૫

સમકાલીન રાજ્યો

૧. જાડેજા વંશ

કચ્છના જાડેજાઓની એક શાખા જામ રાવળના સમયથી નવાનગરની સ્થાપના સાથે ઉત્તર સૌરાષ્ટ્રમાં શરૂ થઈ, તો બીજી શાખા ઈ.સ. ૧૫૭૪–૧૭૫૭ ના ગાળાના અંતભાગમાં મોરબીમાં શરૂ થઈ. આમ કચ્છ નવાનગર અને મોરબી એમ ત્રણ મુખ્ય શાખા વિકસી.

(૧) કચ્છના જાડેજા

આ પૂર્વેના ગ્રંથ(પૃ. ૧૫૪)માં કચ્છની ગાદીએ ખેંગારજી (૧ લા)ને જોયો. નવાનગરના જામ રાવળે એનો વિનાશ કરવા કરેલા પ્રયત્ન નિષ્ફળ ગયા. સિંધ તરફની સરહદના રક્ષણ નિમિત્તે સિંધના શાહ હુસેન સાથે અથડામણો થતી. ઝારાના યુદ્ધમાં રાવને પરાજય પણ મળ્યો, પણ હુસેન કચ્છને કશું નુકસાન કરી શક્યો નહિ. ૯૦ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૫૮૫ માં ખેંગારજીનું અવસાન થતાં કચ્છનો સ્વતંત્ર સત્તા તરીકે અંત આવ્યો, છતાં અમદાવાદી સત્તાની પકડ ઢીલા પ્રકારની જ હતી : માત્ર કચ્છના રાવે જરૂર પડતાં ૫,૦૦૦ ઘોડેસવાર લશ્કરથી સહાયમાં જવાનું હતું.

ખેંગારજી ઈ.સ. ૧૫૮૫ માં અવસાન પામ્યો એની પૂર્વે જ મોટો પુત્ર ભોજરાજજી હળવદના રાયધર ઝાલાની મદદે જતાં કામ આવી ગયેલો અને એનો પુત્ર અસિયોજી તદ્દન બાળક હોવાથી ભોજરાજજીનો ભાઈ ભારમલજી (૧ લો) સત્તા ઉપર આવ્યો.[૧] મુઝફ્ફર ૩ જો હાલારમાંથી નાસી ભારમલજી પાસે ગયેલો ત્યારે રાવે એને મુઘલ સૈન્યને હવાલે કર્યો હતો વગેરે વિગત આ પૂર્વે સૂચિત થઈ છે. ભારમલજી ગુજરાતના સત્તાધારીઓને અધીન હતો. એણે એકએક વાર માથું ઊંચકેલું, પણ નિષ્ફળતા મળેલી. જહાંગીર જ્યારે ઈ.સ. ૧૬૧૭ માં અમદાવાદ આવેલો ત્યારે ભારમલજીને એની સલામીએ જવું પડયું હતું, જ્યાં સારું નજરાણું ધરતાં જહાંગીરે પણ એની સારી કદર કરી એને ટંકશાળ સ્થાપવાની અને એમાં કચ્છી કોરીનું નાણું છાપવાની સત્તા આપી હતી. ભત્રીજો

અલિયોજી ઉંમરલાયક થતાં એને કોકા પરગણું ભેટ આપવામાં આવ્યું હતું, જે એના અવસાને ખાલસા કરવામાં આવ્યું હતું.

ભારમલજીનું ઈ.સ. ૧૬૩૧ માં અવસાન થતાં અને પાટવી જેહાજી નાની ઉંમરે મરણ પામેલો હોઈ નાના પુત્ર ભોજરાજજીને સત્તા મળી. એના સમયમાં શાહ વર્ધમાને મુંદ્રાની વસાહત કરી.[૨]

ભોજરાજજી અપુત્ર મરણ પામતાં એના ભાઈ મેઘજીનો કુમાર ખેંગારજી દત્તક પુત્ર તરીકે ઈ.સ. ૧૬૪૫ માં ગાદીએ આવ્યો. એના અવસાને સુમરીને પેટે જન્મેલા હમીરજીને સત્તા સોંપવામાં આવી, પણ ખેંગારજીનો ભાઈ તમાચી સત્તરમે દિવસે આવ્યો ને હમીરજીને ગાદીએથી ઉઠાડી મૂકી એણે ઈ.સ. ૧૬૫૪ માં કચ્છની સત્તા હાંસલ કરી. આ રાવ તમાચીના સમયમાં દારા શુકોહ નાસી કચ્છમાં પાછળથી જાણીતા થયેલા દારાવાડી નામક સ્થાનમાં આવી વસ્યો હતો. એણે નવાનગરના જામ અને કચ્છના રાવ પાસે સૈન્યની સહાય માગી, પણ એમાં નિષ્ફળતા મળતાં એ કચ્છ છોડી ગયો. રાવ તમાચી ઈ.સ. ૧૬૬૨ માં અવસાન પામતાં એનો પુત્ર રાયધણજી (૧ લો) સત્તા ઉપર આવ્યો.[૩] કચ્છની ખંડણી જહાંગીરના સમયથી માફ હતી, પણ અમદાવાદના સૂબેદારે મોટું સૈન્ય મોકલી મોઆઝિમબેગને ખંડણી ઉઘરાવવા મોકલ્યો ત્યારે રાવે પણ સારી એવી તૈયારી કરતાં મુઘલ સેનાપતિ પરવાનો આપી પરત થઈ ગયો.[૩અ]

રાયધણજીનું ઈ.સ. ૧૬૯૭ માં અવસાન થતાં, મોટા બે પુત્રો પિતાના જીવતાં જ મરણ પામેલા એટલે ત્રીજો પુત્ર પ્રાગમલજી ગાદીએ આવ્યો. એ વખતે નોંઘણજીના પુત્ર હાલોજી અને રવોજીના પુત્ર કાંયોજીએ જુદાં જુદાં થાણાં કબજે કરી ત્યાં ત્યાં સત્તા જમાવેલી. આમાં હાલોજીએ મુંદ્રા કાંઠી અને કોડારા-(તા. અબડાસા)ના પ્રદેશ અને કાંયોજીએ સરહદ પરતું અંદરનું કટારિયા (તા. ભચાઉ) અને સૌરાષ્ટ્રના હદમાંતું મોરબી કબજે કરી લીધાં હતાં. રાયધણજીના કુમાર ગોડજીએ આ તકે હાલોજી પર ચડાઈ કરી એક જ દિવસમાં એની પાસેથી મુંદ્રા વગેરે કાંઠીનાં બાવન ગામ કબજે કરી લીધાં હતાં. પ્રાગમલજી (૧ લા)ના સમયમાં નવાનગરની ગાદીએ નબળા જામ એક પછી એક આવવાથી લૂંટારા પ્રબળ થઈ ગયા હતા. જામ રાયસંગજીના અવસાને કુમાર તમાચી નાનો હોઈ રાવ પ્રાગમલજીને શરણે જઈ રહેલો. એ ઉમરલાયક થતાં રાવે પોતાના કુમાર ગોડજીને એની સાથે મોકલી નવાનગર એને સોંપ્યું. આના બદલામાં જામે કચ્છને બાલંભાનો કિલ્લો ભેટ આપ્યો ત્યારથી પ્રાગજીમલજી 'મહારાવ' બન્યો.

પ્રાગજીમલના ઈ.સ. ૧૭૧૫ માં થયેલા અવસાને કુમાર ગોડજી(૧ લો) સત્તા ઉપર આવ્યો, પણ એ ત્રણ જ વર્ષમાં અવસાન પામતાં ઈ.સ. ૧૭૧૮ માં એનો પુત્ર દેસળજી (૧ લો) સત્તા ઉપર આવ્યો.

દેસળજી સત્તા ઉપર આવ્યો ત્યારે કચ્છમાં તો બધું સૂતરું ચાલતું હતું, પણ મોરબીનો કાંયોજી ખટપટ કરતો હતો, સારી ખંડણી આપવાની લાલચે અમદાવાદથી સરબુલંદખાનને ૫૦ હજારના સૈન્ય સાથે ભૂજ ઉપર એ લઈ આવ્યો. તાજા ગાદીએ આવેલા દેસળજીથી પહોંચાય એમ નહોતું ત્યારે પટરાણી બાઈ રાજબા વાઘેલીએ પોતાની ખાનગી મિલકત કાઢી આપી અને દેવકરણ શેઠ નામના લુહાણાએ સમગ્ર સંચાલનની જવાબદારી ઉઠાવી લીધી. દેવકરણે ભાયાતો અને ગરાસિયાઓને એકઠા કરી મોટું સૈન્ય જમાવ્યું અને સૂબેદારના સૈન્યને એક પછી એક અનેક સ્થળે ખરાબી વહોરવી પડી. કાંયોજી સરબુલંદખાનને છોડી નાસી ગયો. આ અરસામાં સરબુલંદખાનને સૂબેદાર-પદેથી દૂર કરાતાં એ ઘેરો ઉઠાવી અમદાવાદ તરફ ચાલ્યો ગયો. વિઘ્નોમાંથી મુક્ત થતાં દેસળજીએ ભૂજિયો કિલ્લો તેમ અંજાર મુંદ્રા અને રાપરના ગઢ પણ તૈયાર કરાવ્યા. ચાંચિયાઓથી રક્ષણ આપવા કચ્છીગઢ તેમ રાયમાઓના રક્ષણ માટે જ સિંધમાં રાયમાગઢ પણ બંધાવ્યો.

દેસળજીની ઉત્તરાવસ્થામાં કુમાર લખપતજીની તૃષ્ણા જોર પકડવા માંડી. એણે દેવકરણ શેઠનું ખૂન કરાવ્યું અને પિતાને પણ અટકમાં લઈ (ઈ.સ. ૧૭૪૧) ગાદી હસ્તગત કરી. દસ વર્ષ કેદમાં રહ્યા પછી ઈ.સ. ૧૭૫૨ માં દેસળજીનું અવસાન થતાં કુમાર લખપતજી સર્વસત્તાધીશ બન્યો. લખપતજીનો આરંભનો સમય આંતરિક કલહોમાં પસાર થયો.

લખપતજીના સમયના બે નોંધપાત્ર બનાવ તે રામસિંહ માલમની વિદ્યા-કલાને આપેલો પ્રબળ વેગ અને ભૂજમાં વ્રજભાષાની પાઠશાળાની સ્થાપના કરી તે. લખપતજી પોતે પણ ઉચ્ચ કોટિનો કવિ હતો. અને કેટલાક કાવ્ય ગ્રંથ પણ લખેલા. એ ખૂબ એશઆરામી હતો અને એને કારણે રોગનો ભોગ બની માત્ર ૪૪ વર્ષની વયે ઈ.સ. ૧૭૬૦ માં મરણ પામ્યો.[૪]

(૨) નવાનગરના જામ જાડેજા

આ પૂર્વે (ગ્રંથ ૫. પૃ. ૧૫૭) આપણે જોયું છે કે ઈ.સ. ૧૫૬૯ માં વિભોજી જામ પછી એનો પુત્ર સત્રસાલ ગાદીએ આવ્યો હતો, જેને સુલતાન મુઝફ્ફર ૩ જાની સાથે સારો સંબંધ હતો. એ સુલતાને સત્રસાલને કોરી પાડવાની

સત્તા આપી હતી. ઈ.સ. ૧૫૯૧ માં નાસભાગ કરીને મુઝફ્ફર સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે જામ સત્રસાલ, દૌલતખાન ઘોરી અને લોમા ખુમાણને મળ્યો. ગુજરાતમાં અકબરનો દૂધભાઈ મીરઝા અઝીઝ કોકા સૂબેદાર હતો. તે મોટા સૈન્ય સાથે મુઝફ્ફર પાછળ ધસ્યો આવતો હતો. સૂબેદારનું અને સત્રસાલ વગેરે સાથીદારોનું—એ સૈન્ય ધ્રોળ (જિ. જામનગર) પાસે ભૂચર મોરી નામક સ્થળ પાસે એકબીજાની સામે આવી મળ્યાં ને યુદ્ધ થયું. તેમાં સત્રસાલનો પરાજય થતાં એ નવાનગર તરફ ચાલ્યો ગયો ને લોમો ખુમાણ તટસ્થ રહી ચાલ્યો ગયો. બીજે દિવસે સત્રસાલના કુમાર અજોજી[5] અને જામના પ્રધાનમંત્રી જસોજીએ આવી યુદ્ધ ચાલુ રાખ્યું, પણ એમાં બેઉ માર્યા ગયા. મુઝફ્ફર દૌલતખાન ઘોરી સાથે જૂનાગઢ ગયો. વળતે દિવસે અઝીઝ કોકા નવાનગર ગયો અને ત્યાંથી સત્રસાલને નસાડી નગરને પોતાની સત્તા નીચે લીધું અને એને પોતાની છાવણીનું મુખ્ય મથક બનાવ્યું.[6]

સત્રસાલ બરડાના ડુંગરોમાં આશ્રય કરી રહ્યો, જૂનાગઢ ઉપર મુઘલ લશ્કરની ભીંસ વધતાં મુઝફ્ફર પણ સત્રસાલ પાસે જઈ રહ્યો. સંયોગવશાત્ કોકાને છાવણી ઉઠાવી અમદાવાદ જવું પડયું, પરંતુ એ એક હાકેમને નવાનગરમાં રાખતો ગયો. સત્રસાલ બરડાના ડુંગરોમાં આશ્રય લઈ રહ્યો હતો; એની આ કરુણ દશાનો અંત એના નાના ભાઈ જસોજીએ દિલ્હી જઈ બાદશાહની કૃપાથી આણ્યો.[7] બીજો મત એવો છે કે અઝીઝ કોકા સાથે પોતાના વકીલ દ્વારા સમાધાન કરી નવાનગરનો સત્રસાલે ફરી કબજો મેળવ્યો,[8] પણ સત્રસાલ હવે મુઘલ સત્તાના ખંડિયા તરીકે રાજ્ય કરી રહ્યો હતો.

એનું ઈ.સ. ૧૬૦૮ મા અવસાન થતાં, ભૂચર મોરીના યુદ્ધમાં માર્યા ગયેલા અજોજીનો કુમાર લાખો તદ્દન બાળક હોઈ સત્રસાલના ભાઈ જસોજીએ રાજ-કારભાર સંભાળ્યો.[9]

જામ જસોજીના સમયનો એક નોંધપાત્ર બનાવ એ સિંધના દેવચંદજીએ ઈ.સ. ૧૬૧૯ આસપાસમાં નવાનગરમાં નિજાનંદ કિંવા પ્રણામી સંપ્રદાયની સ્થાપના કરી એ છે.[10]

જસોજી ઈ.સ. ૧૬૪૨ માં ગૃહકલેશમાં ઝાલી રાણીને હાથે માર્યો ગયો. એ અપુત્ર હોવાથી અજોજીનો કુમાર લાખો ૧ લો નવાનગરની ગાદીએ આવ્યો.

લાખો સત્તા ઉપર આવતાં[11] એણે મુઘલ સત્તાની ચૂડમાંથી નીકળવા લશ્કર વધાર્યું અને બહોળા પ્રમાણમાં કોરી પડાવવા માંડી. ઈ.સ. ૧૭૨૭ માં શાહજહાં દિલ્હીની ગાદીએ આવ્યો ત્યારે કાંકરેજના કોળીઓએ બંડ કર્યું. હવે જામે ખંડણી

આપવાનું બંધ કર્યું, આ કારણે ઈ.સ. ૧૬૪૦–૪૧ માં ગુજરાતના સૂબેદાર આઝમખાને નવાનગર ઉપર ચડાઈ કરી જામ પાસેથી ખંડણી વસૂલ કરી અને કોરીઓ ન પાડવા બાબતનું વચન લીધું. ઈ.સ. ૧૬૪૫ માં જામ લાખાજી મરણ પામતાં એનો પુત્ર રણમલજી નવાનગરની ગાદીએ આવ્યો. એ નિઃસંતાન હતો, પરંતુ જોધપુરની એની રાઠોડ રાણીએ પોતાને પુત્ર થયેલો છે એવી વાત ઠસાવી, એક છોકરાનું નામ સતોજી રાખી એને વારસ તરીકે જાહેર કર્યો, પરંતુ રણમલનો ભાઈ રાયસિંહ રાજકારોબાર જોતો હતો તેણે રણમલજી પાસે જ જાહેર કરાવ્યું કે એ પુત્ર પોતાનો નથી, એટલામાં રણમલજીનો દેહાંત થયો અને રાઠોડ રાણીએ સતોજીના નામનો પડો વગડાવ્યો, પરંતુ રાયસિંહે ધ્રોળના જૂનોજી અને નવાનગરના જમાદાર ગોપાલદાસની મદદથી સત્તા હાંસલ કરી,[૧૨] આથી રાઠોડ રાણીએ ગુજરાતના એ સમયના સૂબેદાર કુત્બુદ્દીનની મદદ માગી. એ સૈન્ય લઈને આવ્યો ને શેખપાટ પાસે યુદ્ધ થયું તેમાં રાયસિંહજી માર્યો ગયો (ઈ.સ. ૧૬૬૩) અને કુત્બુદ્દીને નવાનગરનો કબજો લઈ સતોજીને નામનો રાજા રાખી, નગરનું 'ઇસ્લામાબાદ' નામ સ્થાપી સમગ્ર મુલક પાદશાહત સાથે ભેળવી દીધો. રાયસિંહનો કુમાર તમાચી નાની ઉંમરનો હતો તેણે કચ્છમાં જઈ આશ્રય લીધો. થોડા સમય પછી તમાચી ઓખામંડળમાં આવ્યો ને નવાનગરના મુલકને ઉજ્જડ કરવા લાગ્યો જોધપુરના મહારાજા જસવંતસિંહજી બીજી વાર ગુજરાતના સૂબેદાર બન્યા ત્યારે એમણે તમાચી ૧ લાને નવાનગરની સત્તા સોંપી, પણ આમ છતાં ઔરંગઝેબ જીવતો હતો ત્યાંસુધી તો જામ જામખંભાળિયામાં રહેતો હતો.

ઈ.સ. ૧૬૯૦ માં તમાચીનું અવસાન થતાં એનો કુમાર લાખો ર જો, જેણે પોરબંદર સુધીનો પ્રદેશ દબાવ્યો હતો,[૧૩] એના અવસાને ઈ.સ. ૧૭૦૯ માં એનો કુમાર રાયસિંહ ર જો ગાદીએ આવ્યો. આ રાયસિંહે નવાનગરમાંના મુસલમાન ફોજદારને હાંકી કાઢયો ને નવાનગરમાં આવી સંપૂર્ણ સત્તા હાથ કરી. એના સમયમાં ગુજરાતના સૂબેદાર દાઊદખાન પન્નીએ ઈ.સ. ૧૭૧૪–૧૫ માં નવાનગર આવીને ખંડણી વસૂલ કરી અને ઈ.સ. ૧૭૧૭ માં સૂબેદાર અજિતસિંહ ખંડણી વસૂલ લેવા જામનગર આવ્યો ત્યાં જામ રાયસિંહે પ્રબળ સામનો આપ્યો, પણ અંતે ત્રણ લાખ રૂપિયા ખંડણીના અને કચ્છી ૨૫ ઘોડા આપી સમાધાન કરવું પડયું.

ઈ.સ. ૧૭૧૮ માં રાયસિંહના નાના ભાઈ હરધોળજીએ એને મારી નાખ્યો અને પોતે સત્તાસૂત્ર ધારણ કર્યાં. રાયસિંહનો પુત્ર તમાચી કચ્છના આશ્રયે રહ્યો હતો. કચ્છમાંની એની માસી રત્નાજીની યુક્તિથી ગુજરાતના સૂબેદાર સરબુલંદખાન અને જૂનાગઢના સલાબત મુહમ્મદખાનની મદદથી હરધોળજીને દૂર કરી જામ

તમાચી ૨ જો નવાનગરની સત્તા ઉપર આવ્યો ત્યારે સૂબેદાર સરબુલંદખાને નવાનગર પાસેથી ત્રણ લાખ રૂપિયા ખંડણીના માગ્યા. બીજે વર્ષે જૂનાગઢનો સલાબત મુહમ્મખાન વચ્ચે પડયો અને એક લાખે પતાવટ કરી. ઈ.સ. ૧૭૪૨ માં ગુજરાતનો સૂબેદાર મોમીનખાન નવાનગર ઉપર ચડી આવ્યો, જામ એની સામે થયો ને ખંડણી આપવાનો ઇન્કાર કર્યો, પરંતુ પછી ૫૦ હજાર રૂપિયા આપી મોમીનખાનને પાછો વાળ્યો.

તમાચી સત્તા ઉપર આવ્યા પછી ભાયાતોને સૌને પોતપોતાના સ્થાનમાં મોકલી આપ્યા હતા આમાંના પડધરીના હાલાજીએ સત્તા મેળવવામાં તમાચીને સહાય કરેલી હોઈ એને ખોટું લાગ્યું તેથી વઢવાણના ભાયાત કરણસિંગને તમાચીને મળવા જવાના બહાને લશ્કર લઈ મોકલ્યો. કરણસિંગે લાગ સાધી તમાચીનું ખૂન કર્યું, પણ રાણીએ જામને જીવતો હોય એ રીતે લોકોને બતાવતાં લોકોએ કરણસિંગને હાંકી કાઢયો.

બંને રાણીઓ અપુત્ર હતી એટલે એક-એક છોકરાને બંનેએ દત્તક લીધો, એમાં મોટી રાણીએ લીધેલો લાખોજી ૩ જો નવાનગરની સત્તાનો હક્કદાર બની ઈ.સ. ૧૭૪૩ માં ગાદીએ આવ્યો.

લાખોજીની હળવદવાળી ઝાલી રાણી સાથે ત્રણ ખવાસ ભાઈઓ હળવદથી આવ્યા હતા તેમાંનો મેરામણ બુદ્ધિશાળી હતો. જામ નબળો હોઈ ધીમે ધીમે મેરામણનું ચલણ વધતું જતું હતું. આ વાત ઝાલી રાણીને ગમતી નહોતી તેથી એક દિવસે મેરામણના ભાઈ નાનજીને મરાવી નાખ્યો, આથી મેરામણે પોતાનાં માણસ ભેળાં કરી મહેલ ઉપર આક્રમણ કર્યું ને ઝાલી રાણીને કેદ કરી અને રાજકારોબાર પોતાના હાથમાં લીધો. જામ લાખોજી ઈ.સ. ૧૭૬૮માં અવસાન પામ્યો ત્યાંસુધી આ પ્રમાણે ચાલ્યું.[૧૪]

(૩) ધ્રોળના જાડેજા

નવાનગરના સંસ્થાપક જામ રાવળના નાના ભાઈ હરધોળજીથી ધ્રોળના જાડેજા વંશનો આરંભ થાય છે. ધ્રોળમાં રાજ્ય શરૂ કર્યું ત્યારે હરધોળજીએ ૧૪૦ ગામ કબજે કર્યાં હતાં (ઈ.સ ૧૫૧૯). એ નોંધપાત્ર છે કે જામ રાવળનો બધો આધાર હરધોળજી ઉપર હતો. જેઠવાઓ સાથેના વિગ્રહમાં હરધોળજીને દગાથી મારી નાખવામાં આવ્યો. હરધોળજી પછી એનો મોટો કુમાર જસોજી ગાદીએ આવ્યો (ઈ સ. ૧૫૫૦). આ જસોજીએ મહેમાન તરીકે બોલાવીને પોતાના સમકાલીન જેઠવા રાણા ભાણજીનો માર્યો કહેવાય છે. આ જસોજી ઉપર હળવદનો

ઝાલો રાયસિંહજી ચડસાચડસીમાં ચડી આવતાં યુદ્ધમાં જસોજી મરાઈ ગયો. જસોજીના ઈ.સ. ૧૫૯૬ માં થયેલા અવસાને એનો કુમાર બામણિયોજી ગાદીએ આવ્યો. એનું અવસાન થતાં એનો મોટો કુમાર હળધોળજી ૨ જો (ઈ.સ. ૧૬૩૬), અને એના અવસાને મોટો કુમાર મોડજી (ઈ.સ. ૧૬૪૭) ગાદીએ આવ્યો. એના અવસાને એનાથી નાના કાકા પચાણજીએ ગાદી કબજે કરી લીધી. એના અવસાને એનો કુમાર કલોજી (ઈ.સ.૧૬૬૬) સત્તા ઉપર આવ્યો. એનો કાઠીઓ સાથેનો વિગ્રહ જાણવામાં આવ્યો છે. એના અવસાને એનો મોટો કુમાર સાંગોજી સત્તા પર આવ્યો. એના સમયમાં મુસ્લિમ સૈન્ય નવાનગર ઉપર ચડી આવેલું ત્યારે જામની મદદે ગયેલ સાંગોજી યુદ્ધમાં અવસાન પામતાં એનો પુત્ર જુણોજી ગાદીએ આવ્યો અને એના અવસાને એનો મોટો કુમાર ખેતોજી સત્તાધારી બન્યો.[૧૫] ખેતોજીના અવસાને એનો કુમાર કલોજી અને એના અવસાને એનો નાનો ભાઈ વાઘજી સત્તા ઉપર આવ્યો, જેણે ઈ.સ. ૧૭૮૦ સુધી સત્તા ભોગવી હતી.

(૪) રાજકોટના જાડેજા

જામ સતોજીના, ભૂચર મોરીના યુદ્ધમાં ખપી ગયેલા કુમાર અજોજીનો નાનો કુમાર વિભોજી રાજકોટના જાડેજા–કુળનો સ્થાપક હતો. આ વિભોજીને કાલાવડ (જિ. જામનગર) જિવાઈમાં મળ્યું હતું. એ સરધાર(તા. રાજકોટ)ના વાઘેલા ઠાકોરની કુંવરીને પરણ્યો હતો, જેને બાપ તરફથી ચીભડા ગામ, (લોધીકા મહાલ, જિ. રાજકોટ) દાયજામાં મળ્યું હતું. એ વખતે સરધારના વાઘેલા જોરમાં હતા ને ગોંડળ સુધી એમની સત્તા હતી. આ વાઘેલા ધાડપાડુ હોઈ મુઘલ સત્તા પણ વાજ આવી ગઈ હતી અને એમને સાફ કરવા માટે સમય જોતી હતી. શાહજહાં અમદાવાદનો સૂબેદાર થઈને આવ્યો ત્યારે વિભોજીએ શાહી લશ્કરની મદદથી વાઘેલા ઠાકોર કાનોજીને હણી સરધાર જીતી લીધું અને ત્યાં પાદશાહી થાણું નાખ્યું. વિભોજીએ મુઘલ સત્તાને કરેલી સહાય અને દોરવણીને કારણે એને અરડોઈ (કોટડા સાંગાણી મહાલ, જિ. રાજકોટ), રીબ (તા. ગોંડળ), રીબડા (તા. ગોંડળ) અને કાળીપાટ (તા. રાજકોટ) વગેરે ગામ જાગીરમાં મળ્યાં હતાં.

વિભોજી ઈ.સ. ૧૬૩૫ માં અવસાન પામતાં એનો કુમાર મહેરામણજી અનુગામી બન્યો. એ પણ સરધારમાં રહી મુસલમાન થાણદારો નીચે રહી કામકાજ કર્યે જતો હતો. ઈ.સ. ૧૬૪૦ માં કાઠીઓને સીધા કરવા આઝમખાન સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે મહેરામણજી સરધારના મુસ્લિમ થાણદારને લઈ એને મળ્યો, આથી આઝમખાને વધુ એકબે ગામ આપી એના પ્રદેશ ઉપર સત્તા ભોગવવાની બહાલી આપી.

મહેરામણજીના અવસાને એના પાટવીકુમાર સાહેબજીને સત્તા મળી. સરધારમાં રહીને જ એ થાણદારની નોકરી બજાવતો હતો. સાહેબજીને એના નાના ભાઈ કુંભોજી સાથે મેળ નહોતો. એ સમયના સૌરાષ્ટ્રના ફોજદાર કુત્બુદ્દીને વચમાં પડી કુંભોજીને અરદોઈ અને રીબ આપી સમાધાન કરી આપ્યું. ઈ.સ. ૧૬૭૫ માં સાહેબજીના અવસાને એનો કુમાર બામણિયોજી અનુગામી બન્યો. બામણિયોજી સરધાર સાથોસાથ રાજકોટમાં પણ રહી પોતાનાં ગામોનો વહીવટ કરતો હતો. થાણદારની નોકરીથી એણે કેટલાંક વધુ ગામ પણ મેળવ્યાં ને કેટલાંક ઇજારે પણ રાખ્યાં. મિયાણાઓ સાથેના એક અથડામણમાં એ માર્યો જતાં ઈ.સ. ૧૬૯૪ માં એનો કુમાર મહેરામણજી ૨ જો અનુગામી બન્યો.

ઈ.સ. ૧૭૦૭ માં ઔરંગઝેબના અવસાને સૌરાષ્ટ્રમાં રાજકારભાર ઢીલો થતાં, દક્ષિણ ગુજરાત તરફ મરાઠાઓની ભીંસ વધતાં સૌરાષ્ટ્રનાં મુઘલ સૈન્યોને એ બાજુ બોલાવી લેવામાં આવ્યાં. આ તકે મહેરામણજીએ રાજકોટ પોતાની નીચે સંપૂર્ણપણે લઈ આસપાસનાં બીજાં ગામ પણ કબજે કર્યાં, પછી ઈ.સ. ૧૭૨૦ માં જૂનાગઢનો નાયબ ફોજદાર માસૂમખાન મહેરામણજી પર ચડી આવ્યો. એને જંગમાં ખતમ કરી રાજકોટનો કબજો કરી રાજકોટ અને સરધારની ફોજદારી સ્વીકારી લીધી. રાજકોટ નીચે એ વખતે જસદણ (તા. જસદણ), ભાડલા (તા. જસદણ) વગેરે ગામ હતાં. મુઘલ બાદશાહ મુહમ્મદશાહે ઈ.સ. ૧૭૨૦ માં રાજકોટનો મહાલ માસૂમખાનને જાગીરમાં આપ્યો ને ઈ.સ. ૧૭૨૨ માં માસૂમખાને રાજકોટનો કિલ્લો બંધાવી એનું નામ જ 'માસૂમાબાદ' આપ્યું. એણે ઈ.સ. ૧૭૩૨ સુધી ફોજદાર તરીકે આ મહાલ પર સત્તા ભોગવી. પછી મહેરામણજીના પાટવી કુમાર રણમલજીએ રાજકોટ જીતી લીધું અને બીજા ૭ ભાઈઓને એક–એક ગામ ગરાસમાં આપી પોતાનું બળ જમાવ્યું. આગળ જતાં કાઠીઓએ કબજે કરેલા સરધારનો પણ કબજો મેળવી લીધો હતો. ઈ.સ. ૧૭૪૬ માં એનું અવસાન થતાં એનો પાટવીકુમાર લાખોજી એનો અનુગામી બન્યો. પોતે ઢીલોપોચો હોઈ પોતાની હયાતીમાં જ એણે પોતાના પાટવી મહેરામણજીનો રાજ્યાભિષેક કર્યો.

(૫) ગોંડળના જાડેજા

સરધારમાં અને રાજકોટમાં રહી થાણદારની સેવા બજાવતા મહેરામણજીની પછી અનુગામી બનેલા મોટા પુત્ર સાહેબજી અને નાના પુત્ર કુંભોજી વચ્ચેના ઝઘડાનું સૌરાષ્ટ્રના ફોજદાર કુત્બુદ્દીને સમાધાન કરી આપ્યું ત્યારે કુંભોજીને અરદાઈ અને રીબ એ બે ગામ આપવામાં આવેલાં. આ કુંભોજીએ ગોંડળની પોતાની અલગ

શાખા સ્થાપી. કુંભોજીના અવસાને એના અનુગામી તરીકે આવેલા સંગ્રામજીએ પોતાનું વહીવટી–મથક ગોંડળમાં રાખ્યું ત્યારથી એ એ શાખાની રાજધાની બન્યું. સંગ્રામજી પછી આવેલા હાલોજીએ જૂનાગઢમાં વસંતરાય પુરબિયાએ બહાદુરખાનને હટાવી સત્તા હાંસલ કરી ત્યારે દીવાન દલપતિરામને અનેક રીતે સહાય કરી, પોતે અને પુત્રે જાતે પોતાનાં સૈન્યોને લઈ જૂનાગઢ હસ્તગત કરવામાં સહાય કરી, જેને અંતે ધોરાજીનું પરગણું ગીરો મેળવ્યું.[૧૬] એ પછી ભાયાવદર મેળવ્યું અને એના અનુગામી કુંભોજી ર જાએ ધોરાજી ઉપલેટા વગેરે સમૃદ્ધ પરગણાં હાથ કર્યાં.

(૬) મોરબીના જાડેજા

ઈ.સ. ૧૬૯૭ માં કચ્છના રાવ રાયધણજીનું અવસાન થતાં પ્રાગમલજી સત્તા ઉપર આવ્યો ત્યારે ભાઈ નોંઘણજીના પુત્ર હાલોજીએ કાંઠીનો પ્રદેશ થોડો હાથ કરી લીધો હતો અને રવોજીની વિધવા રાણી બાળ કુમાર કાંયોજીને લઈ મોરબી તરફ નાસી આવી હતી. અહીં કાંયોજી ઉંમરે આવતાં એણે કચ્છની સરહદની અંદરના કટારિયાનો તેમજ વાગડનો મુલક હાથ કરી યુક્તિપૂર્વક મોરબીનો પ્રદેશ પણ કબજે કરી લીધો હતો. પોતાના અવસાન પહેલાં મોરબીનો પંથક પોતાના કુમારો તેજમાલજી અને અલિયોજીને સોંપ્યો ને વાગડનો પંથક બીજા કુમારોને સોંપ્યો. તેજમાલજી ઈ.સ. ૧૭૨૯માં અવસાન પામતાં પિતાની હયાતીમાં જ અલિયોજીના હાથમાં મોરબીની ઠકરાત અને કચ્છમાંના આધોઈ તેમ કટારિયા તાબાનાં બીજાં ચોવીસ ગામ આવ્યાં. કાંયોજીનું અવસાન ઈ.સ. ૧૭૩૪ માં થયું.

અલિયોજી મોટે ભાગે કચ્છના આધોઈ (તા. ભચાઉ)માં રહેતો હતો.[૧૭] કચ્છના અખાતનું વવાણિયા બંદર એણે શરૂ કર્યું. એક વાર દ્વારકાની યાત્રાથી પાછો આવતો હતો ત્યાં પડધરી ગામમાં ત્યાંના હાલોજી નામના ગરાસિયાએ એને મારી નાખતાં એના અનુગામી તરીકે એનો કુમાર રવોજી આવ્યો. સત્તા પર આવતાં જ એણે પડધરી પર ચડી આવી એને ઉજ્જડ કરી નાખ્યું અને નવાનગરના જામ પાસેથી સાત ગામ બદલામાં લીધાં. પાછળથી નવાનગરના જામે છ ગામ પાછાં લઈ લીધાં. ને એકલું ધુનડા (તા. મોરબી) મોરબી પાસે રહ્યું. રવોજીએ મોરબીનો વિસ્તાર વધાર્યો અને મોરબીને ફરતો મજબૂત કિલ્લો બાંધ્યો. માળિયા(મિયાણા)ના ઠાકોર સાથેની અનેક અથડામણોમાં એને સફળતા મળી નહોતી. કચ્છનો કુમાર લખપતજી રિસાઈને મોરબી આવેલો ત્યારે રવોજીએ એની સારી ખાતર–બરદાસ્ત કરેલી.

૨. જેઠવા વંશ

મુઘલ સત્તાનો ગુજરાતમાં આરંભ થયો ત્યારે રામદેવજી ૪ થો (૧૬૭), ભાણજી ૭ મો (૧૬૮) ખીમોજી ૩ જો (સગીર) (૧૬૯) એક પછી એક સત્તા પર આવ્યા, ખીમોજી ૩ જો સગીર હોવાથી એની માતા કલાંબાઈ વાલી તરીકે સત્તા ભોગવતી હતી. જામની સત્તાએ બરડાનો બધો પ્રદેશ કબજે કરી લીધો હતો. આ કટોકટીના સમયે રાજ્યનેનિમકહલાલ મેર અને રબારી લોકોએ સારી હૂંફ આપી. સદ્‌ભાગ્યે પોરબંદરના દરિયામાં સમુદ્રના તોફાને ભાંગેલું કોઈ વહાણ તણાઈ આવ્યું તેમાંથી ઘણું દ્રવ્ય મળ્યું, આનાથી મેર અને રબારી લોકોનું એક પ્રબળ સૈન્ય કલાંબાઈએ ઊભું કર્યું. આ અરસામાં અકબરનાં સૈન્યોએ મુઝફ્ફરશાહ ૩ જાને પકડવા સૌરાષ્ટ્રને ખૂંદ્યું એમાં નવાનગરના જામ સતાજીને ભારે માર પડ્યો. આ તકનો લાભ રાજમાતાએ ઉઠાવ્યો અને ભાદર નદીથી લઈ છેક વરતુ નદી સુધીનો પોતાનો ઉત્તરનો પ્રદેશ હસ્તગત કરી લીધો. મેર પ્રજાએ બતાવેલી વફાદારીનો બદલો રાજમાતાએ ૧૬ જેટલાં ગામ પસાયતાં કરી વાળી આપ્યો.

ઉંમરે આવતાં ખીમોજીએ પોતાનો લાંબો સમય પ્રજાની ઉન્નતિને માટે ગાળ્યો, સંખ્યાબંધ ગામોને કિલ્લા બંધાવ્યા. છાયાનો વર્તમાન કિલ્લો આ ખીમોજીએ બંધાવેલો છે.[૧૮]

એના ઈ.સ. ૧૬૩૫ માં થયેલા અવસાને[૧૯] એનો કુમાર વિક્રમાતજી (૧૭૦) અને ઈ.સ. ૧૬૭૧ માં એનો પુત્ર સરતાનજી ૧ લો (૧૭૧) ક્રમે રાજા થયા. આ રાણાના સમયમાં મુઘલ સત્તાનાં મૂળિયાં હચમચવા લાગ્યાં, પણ રાણાના પ્રદેશ સુધી કોઈની નજર નહોતી. આ રાણાનું મહત્ત્વનું કાર્ય તે ઈ.સ. ૧૬૭૧-૧૬૮૬ માં પોરબંદરને બંદરીય દૃષ્ટિએ આબાદ બનાવવા નાણાંનો સારો વ્યય કરી શહેરને ફરતો મજબૂત કિલ્લો બંધાવ્યો. એ વખતે છાયામાં મુઘલ સત્તાના અવશેષ તરીકે મુસ્લિમ થાણદાર હતો તેને પણ દૂર કરવામાં આવ્યો.

સરતાનજીનું ઈ.સ. ૧૬૯૯ માં અવસાન થતાં એનો પુત્ર ભાણજી ૮ મો ૧૭૨) સત્તા ઉપર આવ્યો. એનું બે વર્ષમાં જ અવસાન થતાં એનો પુત્ર ખીમોજી ૪ થો (૧૭૩) સત્તા પર આવ્યો. ઈ.સ. ૧૭૨૭ પહેલાં સરબુલંદખાને ખંડણી ઉઘરાવવા છાયા પર ચડાઈ કરી હતી. માંગરોળના શ્રીમાળી વણિક દેસાઈઓ એ સમયે જૂનાગઢના પ્રદેશમાં જૂનાગઢના ફોજદાર વતી દેસાઈગીરી કરતા હતા. માધવપુર–ઘેડની દેસાઈગીરી પણ એમના હાથમાં હતી. જૂનાગઢ અને માંગરોળ પર મુસ્લિમ પકડ હોઈ આ તીર્થધામને બચાવી લેવા ઈ.સ.

૧૭૨૬ માં રાણા ખીમોજીએ માધવપુર–ઘેડનો કિલ્લો દેસાઈઓ પાસેથી ખરીદી લીધો અને પોતાની હદ દક્ષિણમાં ઘેડના દક્ષિણ–પશ્ચિમ નાકે આવેલા માધવપુર–ઘેડ સુધી સ્થિર કરી લીધી. ઈ.સ. ૧૭૨૫ માં સરબુલંદખાન ગુજરાતનો સૂબેદાર બન્યો એ પછી પેશકશી ઉઘરાવવા આવ્યો ત્યારે શેરખાન બાબીએ એને માધવપુર–ઘેડનો કબજો લેવામાં મદદ કરી. ત્યાંનો થાણદાર રણછોડદાસ એ સમયે માર્યો ગયો. એ સમયે શ્રી માધવરાયજી ત્રિકમરાયજીની મૂર્તિઓના બચાવ માટે ૪૦,૦૦૦ કોરી આપવામાં આવી હતી.

સરબુલંદખાન ત્યાંથી આગળ વધી છાયા ઉપર ચડાઈ લઈ ગયો ત્યારે રાણો પ્રથમ સમુદ્રમાર્ગે સલામત સ્થળે નીકળી ગયો અને એણે એક લાખ કોરીનો દંડ ભરી છાયાનો કિલ્લો મેળવ્યો, માધવપુર પણ મળી ગયું.

ખીમોજી ૪ થો ઈ.સ. ૧૭૩૪ માં અવસાન પામતાં એનો પુત્ર વિક્રમાતજી ૫ મો (૧૭૪) સત્તા ઉપર આવ્યો. આ રાણાએ ઈ.સ. ૧૭૪૮ માં કુતિયાણાના કસ્બાતીને હરાવી ત્યાંનો કિલ્લો કબજે કર્યો. એના અવસાને ઈ.સ. ૧૭૫૭ માં સરતાનજી ૨ જો સત્તા પર આવ્યો.[૨૦]

૩. ઝાલા વંશ

(૧) હળવદ-ધ્રાંગધ્રાના ઝાલા

અકબરે ઈ.સ. ૧૫૭૩ માં ગુજરાત કબજે કર્યું ત્યારે માનસિંહજી (ગ્રંથ ૫, પૃ. ૧૭૫) નહિ, પણ ઈ.સ. ૧૫૬૪ માં જ માનસિંહજીના અવસાને સત્તા પર આવેલો રાયસિંહજી હળવદમાં હતો. રાયસિંહજીનું મૃત્યુ ધાંટલીના રણક્ષેત્રમાં ઈ.સ. ૧૫૮૪ માં થયું અને કુમાર ચંદ્રસિંહજી સત્તા ઉપર આવ્યો.[૨૧] રાયસિંહજીના અવસાન પછી વાંકાનેર વઢવાણ લખતર ચૂડા અને સાયલાની ઝાલા-શાખાઓ અસ્તિત્વમાં આવી.

મુઘલ સૂબેદાર સાથે વાંધો પડતાં શિયાણીનો અદોજી ચંદ્રસિંહને આશરે આવી રહ્યો, પણ યુવરાજ પૃથ્વીરાજ અને અદોજી વચ્ચે સંઘર્ષ જાગતાં, ચંદ્રસિંહ વચ્ચે પડતાં યુવરાજ વઢવાણ જઈ રહ્યો. એણે વઢવાણ નજીકથી પસાર થતો શાહી ખજાનો લૂંટયો અને પરિણામે મુઘલ સત્તાનો કેદી બન્યો, પણ એણે જ મુસ્લિમ સત્તાને ખંડણી વસૂલ કરવામાં મદદ કરી. આવા એક સંઘર્ષમાં અદોજી માર્યો ગયો. પૃથ્વીરાજને રાજ્ય ન મળે અને નાના આસકરણજીને મળે એ માટે પૃથ્વીરાજને દિલ્હી પકડી લઈ જવામાં આવ્યો, જ્યાં એનું મૃત્યુ થયું.[૨૨]

રાજા ચંદ્રસિંહજીના અવસાને ઈ.સ. ૧૬૨૬ માં આસકરણજી સત્તા પર આવ્યો. નાના ભાઈ અભેસિંહજીને થાન ગરાસમાં મળતાં થાન–લખતરનું ઝાલા

રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. નાના ભાઈ અમરસિંહજીએ આસકરણજીનું ઈ.સ. ૧૬૩૪ માં ખૂન કરી સત્તા હાંસલ કરી. એના અવસાને યુવરાજ મેઘપાલજી ઈ.સ. ૧૬૪૫ માં સત્તા પર આવ્યો. એના અવસાને ઈ.સ. ૧૬૬૧ માં યુવરાજ ગજસિંહજી સત્તા ઉપર આવ્યો.[૨૩] આ સમયે વાંકાનેરના રાજા રાયસિંહજીએ બહારવટું ખેડેલું, જેમાં ગોહેલ અસોજી હળવદ પાસે ઈ.સ. ૧૬૬૬ માં માર્યો ગયો. ગજસિંહજીના બંને કુમાર મરણ પામેલા એટલે એના પછી ફટાયો કુમાર જશવંતસિંહજી ઈ.સ. ૧૬૭૨ માં સત્તા પર આવ્યો.[૨૪] એ સાલમાં મુઘલ સૂબેદાર જોધપુરના મહારાજા જશવંતસિંહજી ખંડણી ઉઘરાવવા હળવદ ઉપર ચડી આવેલા એમાં હળવદ પડયું ને હળવદની જાગીર ખાલસા કરી નજરઅલીખાન બાબી નામના એક સરદારને બક્ષિસ આપવામાં આવી.[૨૪અ] આ સમયે હળવદનું 'મુહમ્મદાબાદ' નામ શરૂ કરવામાં આવેલું (ઈ.સ. ૧૬૭૩–૭૮). આ પછી બે વર્ષ સુધી વાંકાનેરના ચંદ્રસિંહજી ૧ લાની સત્તા રહી, પરંતુ ઈ.સ. ૧૬૮૦ માં જશવંતસિંહ ઝાલાએ ઔરંગઝેબ પાસેથી સનદ મેળવી હળવદ તેમ કૂડાના મીઠાના અગરો પરનો કાયમી હક્ક મેળવ્યો.

જશવંતસિંહજીનું જોધપુરના મારાઓ દ્વારા ઈ.સ. ૧૭૨૩ માં ખૂન થયું એટલે કુમાર પ્રતાપસિંહજી સત્તા ઉપર આવ્યો. એના અવસાને યુવરાજ રાયસિંહજી ઈ.સ. ૧૭૩૦ માં સત્તા પર આવ્યો.[૨૫] એણે રાજ્યનો વિસ્તાર વધારતાં હવે રાજધાની ધ્રાંગધ્રામાં લાવવામાં આવી. આમ છતાં રાજ્યાભિષેક તો હળવદની ટીલા–મેડીમાં જ થવાનું અવિચ્છિન્ન રહ્યું. એના પછી કુમાર રાજસિંહજી ઈ.સ. ૧૭૫૬–૫૭ માં સત્તા પર આવ્યો.

(૨) શિયાણી-લીંબડીના ઝાલા

પૂર્વે (ગ્રંથ ૫, પૃ. ૧૭૫) જણાવ્યા પ્રમાણે મુઘલ સત્તાના હુમલાઓથી બચવા આસકરણે જાંબુ છોડી શિયાણીમાં રાજધાની સ્થાપી હતી (ઈ.સ. ૧૫૮૩). એનું ઈ.સ. ૧૫૮૪ માં અવસાન થતાં એનો પુત્ર અદોજી ૧ લો સત્તા ઉપર આવ્યો, પણ મુઘલ આક્રમણ આવતાં એને શિયાણી છોડી હળવદ જઈ રહેવું પડયું. પછીથી એણે શિયાણી પાછું કબજે કર્યું. એ ઈ.સ. ૧૬૩૪ માં અવસાન પામતાં એના પછી વહેરોજી ૧ લો, કરણસિંહજી અને ભોજરાજજી શિયાણીમાં એક પછી એક આવ્યા. ભોજરાજજીનું ઈ.સ. ૧૭૦૬ માં અવસાન થતાં એનો પુત્ર અદોજી ૨ જો સત્તા ઉપર આવ્યો.[૨૬] વઢવાણમાં કોટાથી આવી અર્જુનસિંહજી અને અભેસિંહજીએ ભગતસિંહજીનું ખૂન કરી સત્તા હાંસલ કરી ત્યારે મોરબીના કાંયોજીની મધ્યસ્થીએ નિમાયેલા ઝાલા રાજવીઓના પંચમાં શિયાણીનો

આ અદોજી ૨ જો પણ હતો. એના પછી વહેરોજી ૨ જો ઈ.સ. ૧૭૨૮ માં[૨૭] અને હરભમજી ઈ.સ. ૧૭૫૨ માં ક્રમે આવ્યા હતા. આ હરભમજીએ પોતાના રાજ્યકાલમાં લીંબડીની વસાહત ખીલવી ત્યાં રાજધાની કરી. આ પૂર્વે કુમાર વહેરોજીનો સં. ૧૭૯૩(ઈ.સ. ૧૭૩૭)નો અને કુમાર અમરસિંહજીનો સં. ૧૭૯૪(ઈ.સ. ૧૭૩૮)નો, એવા બે પાળિયા લીંબડીના તળાવને કાંઠે આવેલી છતરડીઓમાં છે તે અદોજી ૨ જાના પુત્ર કુમારાવસ્થામાં જ કાઠીઓના અને બજાણાના જતો સાથેના યુદ્ધમાં મરાયાના જણાય છે. અદોજી ૨ જા, વહેરોજી અને અમરસિંહજીની દેરીઓ કરાઈ હતી (તા. ૧૬–૫–૧૭૭૪). એના ત્યાંના જ લેખમાં અદોજીને **श्रीमहाराजाधिराज** કહેલ છે એ નોંધપાત્ર છે.[૨૮] વહેરોજીનો કુમાર તરીકે નિર્દેશ હોઈ ઈ.સ. ૧૭૩૭ સુધી જીવંત હોય.

(૩) વાંકાનેરના ઝાલા

વાંકાનેરના ઝાલાકુળનો સ્થાપક સરતાનજી હળવદના રાજવી ચંદ્રસિંહજીના યુવરાજ પૃથ્વીરાજનો કુમાર હતો.[૨૯] પૃથ્વીરાજ દિલ્હીમાં મરણ પામતાં સરતાનજી નવાનગર ગયો અને ત્યાંના જામની મદદથી વાંકાનેરની આસપાસના ડુંગરોમાં રહેતા બાબરિયા અને મહિયાઓને વશ કરી ગઢિયા ડુંગર પર થાણું જમાવી રહ્યો અને ઈ.સ. ૧૬૧૦ માં વાંકાનેર વસાવી ત્યાંથી પોતાની સત્તા નીચેના પ્રદેશ ઉપર વહીવટ કરવા લાગ્યો. એણે હળવદ પર ઘણા હુમલા કર્યાં, પણ ફાવ્યો નહિ. આખરે ઈ.સ. ૧૬૨૩ માં હળવદના લશ્કરે વાંકાનેરની ગાયો વાળી જતાં થયેલા સંઘર્ષમાં સરતાનજીએ પ્રાણ ખોયા

એનો કુમાર માનસિંહજી સગીર હોઈ ભાઈ અજોજી વાલીપદ સંભાળી રહ્યો, પણ ફાવતું આવ્યું નહિ તેથી પ્રથમ રાતી દેવલી અને પછી ખોડું ગામ જઈ રહ્યો, જ્યાં ઈ.સ. ૧૬૩૦ વઢવાણની શાખાનો આરંભ કર્યો. બીજો ભાઈ અભેસિંહજી ઈ.સ. ૧૬૨૮ માં થાન–લખતરમાં ગાદી સ્થાપીને રહ્યો. માનસિંહજીએ પણ હળવદ પર અનેક હલ્લા કર્યા હતા, પણ બધા નિષ્ફળ ગયા હતા. એનું ઈ.સ. ૧૬૫૩ માં અવસાન થતાં એનો પુત્ર પાટવી કુમાર રાયસિંહજી ૧ લો સત્તા પર આવ્યો.[૩૦] ૨૬ વર્ષના એના શાંતિમય કારોબાર પછી ઈ.સ. ૧૬૭૯ માં એનું અવસાન થતાં એનો કુમાર ચંદ્રસિંહજી ૧ લો સત્તા પર આવ્યો. એના સમયમાં મિયાણા અને કાઠીઓના ઉપદ્રવ થયેલા. આ જ ચંદ્રસિંહજીએ[૩૧] થોડા સમય માટે મુઘલ થાણેદાર પાસેથી બે વર્ષ(ઈ.સ. ૧૬૭૮, ૧૬૭૯)માં હળવદ કબજે લઈ પોતાની આણ વરતાવી હતી. ચંદ્રસિંહજી ઈ.સ. ૧૭૨૧ માં અવસાન

પામતાં એનો કુમાર પૃથ્વીરાજજી સત્તા ઉપર આવ્યો. એ ઈ.સ. ૧૭૨૮ માં અપુત્ર મરણ પામતાં એનો ભાઈ કેસરીસિંહજી સત્તા ઉપર આવ્યો. આ વખતે જામની ઇચ્છા નાના ભાઈ વરસોજીને વાંકાનેરની ગાદી પર લાવવાની હતી. પણ વઢવાણના અર્જુનસિંહજીનું પીઠબળ મળવાને કારણે નિષ્ફળતા મળી. ઈ.સ. ૧૭૪૯ માં કેસરીસિંહજીનું અવસાન થતાં યુવરાજ ભારોજી સત્તા ઉપર આવ્યો. એણે સાયલાના શેખોજીની મદદથી ધ્રાંગધ્રાનો કબજો જાળવી રાખેલો. શેખોજીએ બાવળીના કલોજીની મદદથી હળવદ તો લીધું, પણ ધ્રાંગધ્રા મેળવી નહોતો શક્યો.

(૪) વઢવાણના ઝાલા

આ પૂર્વે જોયું કે રાજોજીએ ઈ.સ. ૧૬૩૦ માં વઢવાણમાં ઝાલા શાખા સ્થાપી. એનું ઈ.સ. ૧૬૪૨ માં અવસાન થતાં[૩૨] એનો કુમાર સબલસિંહજી ૧ લો સત્તા પર આવ્યો. ઈ.સ. ૧૬૬૪ માં શિવાજીએ સુરત લૂંટયું ત્યારે ગુજરાતના મુઘલ સૂબેદાર મહાબતખાને આ સબલસિંહજીને સાથે લડવા લઈ જઈ ગૌરવ વધાર્યું હતું. આ સબલસિંહજીનું[૩૩] ઈ.સ. ૧૬૬૬ માં એના નાના ભાઈ ઉદયસિંહજીએ ખૂન કર્યું અને સત્તા હાંસલ કરી. ઉદયસિંહજી ઈ.સ. ૧૬૮૧ માં મરણ પામતાં એનો કુમાર ભગતસિંહજી સત્તા પર આવ્યો.

આ વંશના સ્થાપનાર રાજોજીના પૌત્ર માધવસિંહજી (કોટામાં) ૧૭૦૭–૧૭૦૮ માં થઈ ગયેલા એના કુમાર અર્જુનસિંહજી તથા અભયસિંહજીએ કોટાથી લશ્કર લાવી વઢવાણના દરબારમાં ભગતસિંહજીનું ખૂન કર્યું અને એના તાબાનો પ્રદેશ બંને જણાએ વહેંચી લીધો. ઈ.સ. ૧૭૦૭ માં અર્જુનસિંહજીએ વઢવાણ કબજે કરી રહેતા મુઘલ થાણદારને હાંકી કાઢ્યો. અભયસિંહજીએ ચૂડા પરગણું લીધું.[૩૪]

અર્જુનસિંહજીના રાજ્યકાલમાં ભગતસિંહજીની વિધવા રાણી સંગ્રામજી અને અમરસિંહજીને લઈ મોરબીના કાંયોજી (ઈ.સ. ૧૬૯૮–૧૭૩૦) પાસે આશ્રય માટે ગઈ. અને સહાયરૂપ બનવા કાંયોજીએ વઢવાણ પર ચડાઈ કરી ત્યારે હળવદથી જસોજી(ઈ.સ. ૧૬૭૩–૧૭૨૩), વાંકાનેરથી ચંદ્રસિંહજી(ઈ.સ. ૧૬૧૯–૧૭૨૧), શિયાણીથી અદોજી ૨ જો (ઈ.સ. ૧૭૦૬–૧૭૨૮) અને લખતરથી ગોપાલસિંહજી (ઈ.સ. ૧૬૯૬–૧૭૧૪) પંચ તરીકે ભેળા થયા અને એમાં કાંયોજીની મધ્યસ્થીથી અર્જુનસિંહ અને અભયસિંહને વઢવાણ માટે માન્ય રાખવામાં આવ્યા.

અર્જુનસિંહના રાજ્ય-અમલ દરમ્યાન અમદાવાદનો સૂબેદાર સરબુલંદખાન ખંડણી ઉઘરાવવા આવ્યો ત્યારે યુદ્ધ થયું હતું, પણ અંતે સમાધાન થતાં

ત્રણ લાખ રૂપિયા આપી છુટકારો મેળવ્યો હતો. વાંકાનેરમાં કેસરીસિંહને સત્તા ઉપર લાવવામાં અર્જુનસિંહજીએ કરેલી મદદ બદલ વાંકાનેર તરફથી વઢવાણને નાગનેશ પરગણું ભેટ મળ્યું હતું.

અર્જુનસિંહજીનો પુત્ર સબલસિંહજી નાગનેશમાં રહેતો હતો ત્યારે ઈ.સ. ૧૭૩૪માં એણે રાણપુર પર આક્રમણ કરેલું એની ફરિયાદ દામાજી ગાયકવાડને[૩૫] જતાં એણે નાગનેશ પર આક્રમણ કરેલું અને સબળસિંહજીને કેદ કરી વડોદરે લઈ જવામાં આવેલો, પરંતુ ઈ.સ. ૧૭૪૧ માં અર્જુનસિંહજીનું અવસાન[૩૬] થતાં વઢવાણના અગ્રગણ્ય નાગરિકો વડોદરા ગયા ને કેદમાંથી મુક્ત કરાવી લાવી એને સબલસિંહજી ૨ જા તરીકે રાજગાદીએ બેસાડ્યો.

એક વિગ્રહમાં બજાણાના મલેક તાજખાને સબલસિંહજીને હરાવેલો.

(૫) લખતરના ઝાલા

હળવદના ચંદ્રસિંહના કુમાર અભયસિંહજીને થાન–લખતર જિવાઈમાં મળ્યાં હતાં. બેશક એનો નિવાસ હળવદમાં હતો. પછી ઈ.સ. ૧૬૨૮ માં ત્યાં સ્વતંત્રપણે રાજ્ય કરવાનો એણે આરંભ કર્યો. એણે બાબરિયાઓ પાસેથી થાન–લખતરની આસપાસનો પ્રદેશ હાથ નીચે કરી લીધો હતો. ઈ.સ. ૧૬૩૯ માં એનું અવસાન થતાં એનો કુમાર વજેપાલસિંહજી સત્તા ઉપર આવ્યો. આ રાજવીના સમયમાં એના મામાને ત્યાંથી વાગડના ડુંગરપુરથી શ્રીરણછોડરાયની મૂર્તિ લાવવામાં આવી ને ત્યારથી એ કુળ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બન્યું. ઈ.સ. ૧૬૬૫ માં એનું અવસાન થતાં યુવરાજ શેષમલજી અને ઈ.સ. ૧૬૯૬માં એના અવસાને યુવરાજ ગોપાલસિંહજી સત્તા પર આવ્યા.[૩૭] વઢવાણનો કબજો કોટાથી આવી અર્જુનસિંહજીએ લીધો ત્યારે મોરબીના કાંયોજીની મધ્યસ્થીએ બનેલા પંચમાં ગોપાલસિંહજી પણ હતો. એના ઈ.સ. ૧૭૧૪ માં થયેલા અવસાને કુમાર કરણસિંહજી સત્તા ઉપર આવ્યો. એણે પોતાની હદ વધારી, નવાનગરના જામ તમાચીને સત્તા પર લાવવામાં હળવદના રાજવીના પ્રયત્નને સાથ આપી હળવદના એ ભાણેજને માટે ગાદીનો હક્ક કરાવી આપ્યો હતો. એના ઈ.સ. ૧૭૪૧ માં થયેલા અવસાને યુવરાજ અભયસિંહજી સત્તા ઉપર આવ્યો.

(૬) ચૂડાના ઝાલા

કોટાથી આવી અર્જુનસિંહજી અને અભયસિંહજી એ બે ભાઈઓએ વઢવાણના દરબારમાં ભગતસિંહજીનો ઘાત કરી સત્તા કબજે કરી ત્યારે મોરબીના કાંયોજીની

મધ્યસ્થીએ બાકીના ઝાલા રાજવીઓના પંચથી અર્જુનસિંહ અને અભયસિંહને વઢવાણ સોંપ્યું ત્યારે અભયસિંહજીને ચૂડા જાગીર મળી હતી. ત્યારથી આ કુળનું ચૂડાના પ્રદેશમાં શાસન શરૂ થયેલું (ઈ.સ. ૧૭૦૭). એના અવસાને એનો કુમાર રાયસિંહજી ઈ.સ. ૧૭૪૭ માં સત્તા ઉપર આવ્યો.

(૭) સાયલાના ઝાલા

ઈ.સ. ૧૭૫૦ માં સાયલાનો પ્રદેશ કરપડા અને ખવડ કાઠીઓના હાથમાં હતો. એ સમયે હળવદમાં રાયસિંહજી સત્તા ઉપર હતો. રાયસિંહજીનું અવસાન થતાં ઈ.સ. ૧૭૫૬-૫૭ માં ગજસિંહજી સત્તા ઉપર આવ્યો અને એણે નાના ભાઈ શેખોજી અને એનાથી નાના મેરુજીને સાત ગામો સાથે માથકનો ગરાસ આપ્યો હતો, કારણવશાત્ શેખોજીએ પોતાનો હિસ્સો આપી ભાઈ સામે બહારવટું ખેડી ધ્રાંગધ્રાનું નારીચાણા (તા. ધ્રાંગધ્રા) કબજે કર્યું, ને પછી ધ્રાંગધ્રા પણ દબાવી લીધું. આ અરસામાં પેશવાનો સેનાપતિ ભગવંતરાવ ઝાલાવાડમાં ખંડણી ઉઘરાવવા આવતાં એની અને રાધનપુરના બાબીની મદદથી ધ્રાંગધ્રા લઈ લીધું. એટલે શેખોજી નારીચાણા ચાલ્યો ગયો. આ જંગમાં સાયલાના કાઠીઓ શેખોજીની વિરુદ્ધ લડેલા એટલે ઈ.સ. ૧૭૫૭ માં છાપો મારી એણે સાયલા અને આસપાસનો પ્રદેશ કબજે કરી સાયલામાં ઝાલાકુળની શાખા સ્થાપી.

૪. પરમાર વંશ

(૧) મૂળીના પરમાર

સોઢા શાખાના પરમારો લખધીરજીની આગેવાની નીચે ઈ.સ. ૧૪૭૦-૧૪૭૫ દરમ્યાન સૌરાષ્ટ્રમાં આવ્યાનું જાણવામાં આવ્યું છે. મૂળ એ થરપારકર તરફના હતા, અને થાન થઈ ચોટીલા આવ્યા અને ત્યાંથી લખધીરજીએ વઢવાણમાં આશ્રય લીધો. લખધીરજીએ એ પછી મૂળી થાન ચોબારી અને ચોટીલા એ ચાર પરગણાં મેળવી રાજ્ય કરવાનો આરંભ કર્યો. એના અવસાને એનો પુત્ર રામોજી[૩૮] અને એના પછી ભોજરાજ સામંતસિંહ અને લખધીરજી ૨ જો ક્રમે સત્તાધારી બન્યા, અને એનો ભાઈ હાલોજી એને સહાયક બની રાજકારોબાર ચલાવવા લાગ્યો. એને સિંધના કોઈક મુસ્લિમ શાસક સાથે એક જત કન્યાના રક્ષણ વિષયમાં વિગ્રહ થયેલો, જેમાં ગુજરાતના સૂબેદારે (મહાબતખાને?) દરમ્યાનગીરી કરી સિંધી શાસકના કેદી બનેલા હાલોજીને છોડાવ્યો હતો. હાલોજીએ ઇસ્લામ સ્વીકાર્યો હોવાથી સૂબેદારે એને રાણપુરનું પરગણું ઇનામમાં આપેલું. ત્યાં હાલોજીના વંશજ લાંબા સમય સુધી રાજ્ય કરતા રહ્યા.

બીજી એક બ્રાહ્મણ કન્યાના બચાવમાં લખધીરજીએ પ્રાણ ખોયા પછી એનો પુત્ર ભોજરાજ ૨ જો,[૩૯] પછી ઓચોજી અને રતનજી ક્રમે સત્તાધારી બન્યા. રતનજીના વખતમાં અમીનખાન ઘોરી ખંડણી ઉઘરાવવા આવ્યો ત્યારે રતનજીએ લાચારી બતાવી એ પરથી અમીનખાને મૂળીમાં થાણું જમાવ્યું. આ કારણે રતનજીને બહારવટું ખેડવું પડેલું, જેમાં એણે પ્રાણ ખોયા. આ ગાળામાં કાઠીઓએ થાન અને પછી ચોટીલા પડાવી લીધાં.

રતનજી પછી મૂળીની ગાદીએ કરણજી જગદેવ રામસિંહ રાયસિંહ રતનજી(૨ જો) કલ્યાણસિંહ મૂંજોજી રતનજી(૩ જો) એક પછી એક સત્તા પર આવ્યા.[૪૦]

(૨) દાંતાના પરમાર

ગુજરાતની પૂર્વોત્તર સીમાએ આવેલું દાંતા રાજ્ય પરમારોનું રાજ્ય હતું. આ રાજ્યનો પૂર્વ ઇતિહાસ દંતકથાઓનાં જાળાંઓમાં અટવાઈ પડેલો હોઈ સાચો ઇતિહાસ તારવવો ખૂબ જ મુશ્કેલ છે. સિદ્ધરાજના સમકાલીન કહેવાતા કોઈ જગદેવ પરમાર સાથે એનો ઇતિહાસ જોડવામાં આવે છે. એના પછી જગધવલ મેઘરાજ બીજભાણ હંસરાજ રવપાળ અનુક્રમે થયા. રવપાળે નગરઠઠ્ઠા બામનવા અને બેલા (કચ્છ) એ ત્રણે સ્થળે રાજ્ય સ્થાપેલું કહેવાય છે. એના પછી નગરાજ અંબરાજ વિજયરાજ બાગરાજ બરિઅચરાય અને ભાણ નામના રાજવીઓ એક પછી એક થયા. આ વંશમાં પછીથી દામોજી અને જસરાજ થયા. જસરાજનો પુત્ર કેદારસિંહ ઉર્ફે કેસરીસિંહ અંબાજીના ધામ નજીકના ગબ્બરગઢમાં રહેતો. તેણે તરસંગમાં સત્તા ભોગવતા તરસંગિયા ભીલને મારી ત્યાં ગાદી સ્થાપી (ઈ.સ. ૧૨૬૯). એના પછી જગતપાલ વીરસેન સોડદેવ સિદ્ધરાજ ભાણ જગમાલ કાનડદેવ અને કલ્યાણદેવ અનુક્રમે સત્તા પર આવ્યા. આ કલ્યાણદેવના સમયમાં બે વાર મુસ્લિમ આક્રમણ થયાં હતાં. એના પછી મહીપાલદેવ ગોવિંદરાય લક્ષ્મણદેવ રામદેવ કહાનદેવ મેઘરાજ અર્જુનદેવ અને આશકરણ અનુક્રમે રાજા થયા હતા. મુઘલ બાદશાહ અકબરે આશકરણને ‘મહારાણા’ની પદવી આપી હોવાનું કહેવાય છે.

આશકરણ પછી વાઘ ગાદીએ આવેલો. એને ઈડરના રાવ કલ્યાણમલની સાથે થયેલા અણબનાવને કારણે થયેલા વિગ્રહમાં કેદ પકડાવાનું થયું ત્યારે વાઘનો નાનો ભાઈ જયમલ કલ્યાણમલને ત્યાં હતો તે નાસી છૂટયો ને રાવના માણસોએ કબજે કરેલા તરસંગમનો કબજો લઈ લીધો. આની જાણ થતાં રાવ કલ્યાણમલ તરસંગમ ઉપર ચડી આવ્યો, પણ યુદ્ધમાં પરાજય પામી ઈડર ચાલ્યો ગયો.

એ પછી મોટી તૈયારી સાથે રાવ ફરી તરસંગમ ઉપર ચડી આવ્યો. આવા વિગ્રહમાં સલામતી નહિ જણાતાં જાયમલ કુટુંબકબીલા સાથે તરસંગમમાંથી ખસી ગયો અને દાંતામાં જઈ રહ્યો.

દાંતામાં સ્થિર થયેલા મહારાણા જાયમલના અવસાને એનો પુત્ર જેઠમલ ગાદીએ આવ્યો. રાવે દબાવેલો પ્રદેશ છોડાવવા માટે જેઠમલ અમદાવાદ ગયો. આ વખતે કલ્યાણમલના અવસાને આવેલો એનો પુત્ર રાવ જગન્નાથ ઈડરનો સત્તાધીશ હતો. જેઠમલની ચડવણીથી સૂબેદારે ઈડર પર ચડાઈ કરી, આથી જગન્નાથ ગભરાઈ ઈડર છોડી નાસી ગયો, ત્યારે મુઘલ ફોજે ઈડરનો કબજો કરી લીધો.

રાણા જેઠમલ પછી પૂંજો માનસિંહ અને ગજસિંહ ક્રમે સત્તા પર આવ્યા. રાણા ગજસિંહનું ઈ.સ. ૧૬૮૭ માં અવસાન થતાં એનો કુમાર પૃથ્વીસિંહ ગાદીએ આવ્યો. આના સમયમાં દામાજી ગાયકવાડનું સૈન્ય દાંતા સુધી આવી પહોંચ્યું હતું. થોડા સામના પછી ખંડણી આપવાનું સ્વીકાર્યાથી દામાજી ચાલ્યો ગયો. એ પછી અમદાવાદનો સૂબેદાર હૈદરકુલીખાન પણ દાંતા ઉપર ચડી આવેલો. પૃથ્વીસિંહનું ઈ.સ. ૧૭૪૩ માં અવસાન થયું તેથી એના ભાઈ વીરમદેવના પુત્ર કરણસિંહને ગાદી મળી.[૪૧]

(૩) સૂંથના પરમાર

પંચમહાલ જિલ્લાના પૂર્વ વિભાગના ડુંગરો વચ્ચે સૂંથનું નાનું પરમાર વંશનું રાજ્ય આવેલું. આ વંશનો મહિપાવત શાખાનો જાલમસિંહ ઈ.સ. ૧૧ મી સદીમાં પંચમહાલની પૂર્વ સરહદે આવેલા એક સ્થળે ઝાલોદ નામનું ગામ વસાવી ત્યાં સ્થિર થયો. એના પછી જાહાજસિંહ બિકમસિંહ ઉદયસિંહ પ્રતાપસિંહ અને જાલમસિંહ(૨ જો) એક પછી એક ગાદીએ આવ્યા. ઈ.સ. ૧૨૪૭ ના એક મુસ્લિમ આક્રમણમાં જાલમસિંહ(૨ જા)નું મરણ થતાં એનો સંત નામનો કુમાર ભીલી પ્રદેશમાં વસી ગયો અને ઈ.સ. ૧૨૫૫ માં ત્યાં "સૂંથ" નામનું ગામ વસાવી રાજ્ય કરવા લાગ્યો ને એના કાકા લીમદેવે કડાણામાં રાજ્ય સ્થાપ્યું. સંત પછી નવઘણ નાપો પ્રથીસિંહ સૂરો અને જયસિંહ એક પછી એક સત્તા પર આવ્યા. જયસિંહના અખેરાજ ગર્જાસિંહ અને કુંભા એ ત્રણ પુત્રોએ એક પછી એક રાજ્ય કર્યું. ઈ.સ. ૧૪૧૪ થી ૧૪૪૩ સુધીમાં ગુજરાતના સુલતાન અહમદશાહે કરેલી ચડાઈઓને કારણે આ રાજવીઓ ત્યારથી સુલતાનના ખંડિયા બન્યા.

કુંભા પછી રામસિંહ રાયમલ અને મંડલિક એક પછી એક ગાદીએ આવ્યા. છેલ્લા મંડલિકની સત્તા ઈ.સ. ૧૫૩૬ થી ૧૫૬૫ સુધી હતી. એના પછી સૂરજમલ, પછી એનો પુત્ર રતનસિંહ અને એના પછી એના ભાઈ વાઘજીનો પુત્ર પ્રથીસિંહ ગાદીએ આવ્યો. એના અવસાને એનો કુમાર સબલસિંહ આવ્યો, જેનું ઈ.સ. ૧૬૩૫માં અવસાન થતાં ગજસિંહ અને માહાવસિંહ એક પછી એક ગાદીએ આવ્યા. માહાવસિંહનું ઈ.સ. ૧૭૦૪ માં અવસાન થતાં પ્રથીસિંહે ઈ.સ. ૧૭૩૫ સુધી અને એની પછી રતનસિંહે ઈ.સ. ૧૭૫૩ સુધી રાજ્ય કર્યું. એના અવસાને એનો બનેવી વાંસવાડાનો સિસોદિયા રાજવી લૌકિકે આવ્યો તેણે બાળ પાટવી કુમાર અને એનાથી નાના બે ભાઈઓને મારી નાખી સૂંથનું રાજ્ય કબજે કરી લીધું. ચોથો કુમાર બદનસિંહ બચી ગયો તેને ખાંટ અવટંકના કોળીઓએ આશ્રય આપ્યો ને અનુકૂળતા જોઈ, સૂંથ પર હલ્લો કરી વાંસવાડા-વાળાઓને હાંકી કાઢયા અને બદનસિંહને ગાદીએ બેસાડયો.[૪૨]

૫. ગૂહિલ વંશ

(૧) શિહોર(પછીથી ભાવનગર)ના ગૂહિલો

ઈ.સ. ૧૫૭૩ માં મુઘલ સત્તા ગુજરાતમાં આવી ત્યારે શિહોરમાં ગૂહિલ વંશનો વિસોજી (ઈ.સ. ૧૫૭૦–૧૬૦૦)[૪૩] સત્તા ઉપર હતો. એના ઈ.સ. ૧૬૦૦ માં થયેલા અવસાને એનો મોટો કુમાર ધુનોજી સત્તા ઉપર આવ્યો. એના સમયમાં ગારિયાધારના ઠાકોર નોંઘણજીને ખેરડીના લોમા કાઠી સાથે શત્રુતા થતાં લોમાએ નોંઘણજી પર ચડી આવી ગારિયાધારનો કબજો કર્યો ને નોંઘણજીને હાંકી કાઢયો, આથી નોંઘણજીએ ધુનોજીની મદદ માગી. ધુનોજી સૈન્ય એકત્રિત કરવામાં મચ્યો હતો ત્યારે ઈ.સ. ૧૬૧૯ માં કાઠીઓ ચડી આવ્યા અને વેળાવદર (તા. ગારિયાધાર) પાસે થયેલી અથડામણમાં ધુનોજીને હરાવીને મારી નાખ્યો.[૪૩અ] ધુનોજી પછી એનો કુમાર રતનજી ગાદીએ આવ્યો. પહેલે જ વર્ષે ખુમાણ ખસિયા અને સરવૈયાએ કનડ (તા. શિહોર) ઉપર હલ્લો કર્યો ત્યારે રતનજી જાતે સૈન્ય લઈને ગયો. યુદ્ધમાં એનો વિજય થયો, પણ એ મરણ પામ્યો એટલે એનો કુમાર હરભમજી સત્તા ઉપર આવ્યો. બે જ વર્ષમાં રાજ્ય કરી એ ઈ.સ. ૧૬૨૨માં અવસાન પામતાં એના નાના ભાઈ ગોવિંદજીએ રાજ્ય કબજે કર્યું. હરભમજીનો કુમાર અખેરાજજી સગીર હોઈ રાજમાતા એને કચ્છ–ભૂજમાં લઈ ગઈ. અખેરાજજીના પક્ષકારોએ ગોવિંદજી સામે માથું ઊંચક્યું એટલે ગોવિંદજીએ જૂનાગઢના ફોજદાર મીરઝા ઇસાતરખાનની મદદ માગી ઘોઘાનો

હક સોંપ્યો, પણ થોડા જ સમયમાં ગોવિંદજીનું અવસાન થતાં એનો કુમાર સતરસાલજી શિહોરની ગાદીએ બેઠો. એક દિવસે અખેરાજજીના મળતિયા સતરસાલજીને મહેલમાંથી ઊંઘતો જ ઉઠાવી ગયા અને કાઠીઓની મદદ મળી જતાં અખેરાજજીને ગાદીએ બેસાડી દીધો. અખેરાજજીએ સતરસાલને ભંડારિયાનો ટપ્પો જાગીરમાં આપી એના મનનું સમાધાન કરી આપ્યું. અખેરાજજી શક્તિશાળી પુરવાર થયો. અખેરાજજીના અવસાને ઈ.સ. ૧૬૬૦માં એનો કુમાર રતનજી અને એના અવસાને ઈ.સ. ૧૭૦૩માં એનો કુમાર ભાવસિંહજી ગાદીએ આવ્યો. ઈ.સ. ૧૭૨૨–૨૩માં કંથાજી કદમ બાંડે અને પિલાજી ગાયકવાડે શિહોર પર હુમલો કરેલો, પણ ભાવસિંહજીએ એમને પાછા હઠાવ્યા. ભાવસિંહજીને શિહોરમાં સલામતી ન લાગતાં ખંભાતના અખાતની સૌરાષ્ટ્ર બાજુની વડવાની ખાડીને કાંઠે આવેલા એક નાના ગામને પસંદ કરી ત્યાં ભાવનગરની વસાહત ઈ.સ. ૧૭૨૩માં વિકસાવવાનો આરંભ કર્યો. એણે મુસ્લિમ પકડમાંથી ઘોઘા પણ ઝૂંટવી લીધું અને રાજ્યની સીમા વધારી એણે સુરતના સિંધી કિલ્લેદાર સાથે ભાવનગરના વેપારના રક્ષણ માટે કરાર કર્યો, જેમાં ભાવનગરના બંદરની જકાતનો સેંકડે એકચતુર્થાંશ ટકો સિંધી કિલ્લેદારને આપવો, સુરતના વેપારીઓની થોડી જકાત માફ કરવી, બદલામાં ભાવનગરથી સુરતમાં જતા માલની જકાત ન લેવી, વગેરે મુખ્ય કલમો હતી. સુરતના સિંધી કિલ્લેદાર અને ભાવસિંહજીએ સૌરાષ્ટ્રના કિનારાના ચાંચિયાઓને કચડવાનો ઠરાવ કર્યો હતો. ભાવસિંહજીએ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે વેપારી સંધિ કરી સરળતા કરી આપી હતી. એણે ભાવનગર શિહોર અને ઉમરાળા આસપાસનાં ગામ પોતાની સત્તામાં લઈ પાલીતાણાના ભાયાત પાસેથી ત્રાપજ અને ચાંચિયા કોળીઓ પાસેથી સુલતાનપુર પણ મેળવી રાજ્યની સીમા વિસ્તારવાળી કરી સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

(૨) લાઠીના ગૂહિલો

લાઠીમાં ગૂહિલોની શાખા ગોહિલવાડના ગૂહિલોના આદ્ય પુરુષ સેજકજી (ઈ.સ. ૧૨૪૦–૧૨૯૦)ના બીજા કુમાર સારંગજીથી શરૂ થઈ હતી. સારંગજીની બહેન વાલમકુંવર જૂનાગઢના ચૂડાસમા રા' ખેંગારને પરણી ત્યારે રાવે સારંગજી અને એના ભાઈ શાહાજીને અર્થીલા ચોવીસી જાગીરમાં આપી હતી. સારંગજીએ શાહાજીને માંડવીનો ટપ્પો આપી પોતે અર્થીલામાં મથક રાખ્યું હતું. જૂનાગઢના રા' માંડલિકે અર્થીલાનો નાશ કર્યો ત્યારે સારંગજીની ચોથી પેઢીએ થયેલા રાજવીએ લાઠી આવી ત્યાં રાજધાની કરી.[૪૪] લાઠીના એક ઠાકોરે દામાજી ગાયકવાડને પોતાની કુંવરી પરણાવી ત્યારે ચભારિયા તાલુકો એને પહેરામણીમાં આપેલો.

એ ચંઆરિયા દામાજીના નામથી દામનગર (તા. લાઠી–દામનગર) તરીકે જાણીતું થયું. ત્યાર બાદ ગાયકવાડે લાઠીના રક્ષણની જવાબદારી ઉઠાવી લીધેલી.

(૩) પાલીતાણાના ગૂહિલો

પાલીતાણાના ગૂહિલોની શાખા ગોહિલવાડના ગૂહિલોના આદ્ય પુરુષ સેજકજી (ઈ.સ. ૧૨૪૦–૧૨૯૦)ના ત્રીજા કુમાર શાહજીથી શરૂ થઈ હતી. શાહજીની બહેન વાલમકુંવર જૂનાગઢના ચૂડાસમા રા' ખેંગારને પરણી ત્યારે રાવે સારંગજી અને નાના ભાઈ શાહજીને અથીંલા ચોવીસી જાગીરમાં આપેલી તેમાંથી સારંગજીને માંડવીનો ટપ્પો કાઢી આપેલો. ત્યાર પછી શાહાજીએ ગારિયાધાર જીતી લઈ ત્યાં રાજધાની કરી હતી. શાહાજી પછી કુમાર સરજનજી, એના પછી અર્જુનજી, એના પછી નોંઘણજી, એના પછી ભારોજી, એના પછી બનોજી, પછી શવોજી હાડોજી અને કાંધોજી ૧ લો, પછી નોંઘણજી ૨ જો સત્તા ઉપર અનુક્રમે આવેલા. નોંઘણજીને ખેરડીના લોમા ખુમાણ સાથે ઝઘડો થતાં લોમાએ ગારિયાધાર લઈ લીધેલું, પણ શિહોરના અખેરાજજીની મદદથી પાછું હસ્તગત કર્યું. બદલામાં લોમાને નોંઘણજીએ રાણીગામ (તા. ગારિયાધાર) આપી સમાધાન કરેલું. આ નોંઘણજી ૨ જા પછી અર્જુનજી ૨ જો, કાંધોજી ૨ જો અને શવોજી ૨ જો અનુક્રમે સત્તા પર આવેલા. શવોજીને કાઠીઓ સાથે થયેલી અથડામણમાં પરાજય મળ્યો અને એણે જાન ગુમાવ્યો. એના પછી સરતાનજી, કાંધોજી ૩ જો, પૃથ્વીરાજજી, નોંઘણજી ૩ જો અને સરતાનજી ૨ જો અનુક્રમે સત્તા ઉપર આવ્યા.

(૪) રાજપીપળાના ગૂહિલો

ગોહિલવાડના ગૂહિલોની ૧ લી શાખા વિશે આ પૂર્વેના ગ્રંથ ૫ માં (પૃ. ૧૭૭માં) જણાવ્યા પ્રમાણે મોખડાજીનો નાનો કુમાર સમરસિંગજી રાજપીપળા ચાલ્યો ગયો અને ત્યાં પોતાની માતાના પિતાની ગાદીએ બેઠો. એણે 'અમરસિંહજી' નામ ધારણ કરી રાજપીપળા(તા. નાંદોદ)ની ગાદી સંભાળી ત્યાં ગૂહિલોની જુદી શાખા શરૂ કરેલી. એના મરણે એનો નાનો કુમાર ભાણસિંહજી, એના પછી એનો કુમાર ગેમલસિંહજી સત્તા ઉપર આવેલો. એના સમયમાં ગુજરાતના સુલતાન અહમદશાહે ચડાઈ લઈ જઈ રાજપીપળા હસ્તગત કરી લીધું (ઈ.સ. ૧૪૧૩). એ પછી થોડા જ સમયમાં (ઈ.સ. ૧૪૨૧માં) ગેમલસિંહજીનું અવસાન થતાં એનો નાનો કુમાર વિજયપાલ વારસ થયો. તેણે રાજપીપળાનું રાજ્ય ફરી હસ્તગત કર્યું. એના પછી એનો કુમાર હરિસિંહ સત્તા પર આવ્યો. પણ અહમદશાહ ફરી ચડી આવતાં એને રાજપીપળા છોડી દેવું પડયું. એણે બાર વર્ષ બહારવટું ખેડયા પછી ઈ.સ. ૧૪૪૩ માં ફરી સત્તા હાંસલ કરી. એના

પછી અનુક્રમે પૃથુરાજ દીપો કરણુઓ અજોરાજ સુજનસિંહ અને ભૈરવસિંહ એક પછી એક સત્તા ઉપર આવ્યા. ચિત્તોડનો રાણો ઉદયસિંહ આપત્તિમાં આવ્યો ત્યારે ભૈરવસિંહને આશ્રયે આવી રહ્યો હતો. ઈ.સ. ૧૫૪૩ થી ૧૫૮૩ સુધી રાજપીપળાના રાજવીઓએ સ્વતંત્ર રીતે રાજ્ય કર્યું હતું. ભૈરવસિંહજીના અવસાને એનો પુત્ર પૃથુરાજ સત્તા ઉપર આવ્યો. ઈ.સ. ૧૫૭૩ માં અકબરે ગુજરાત હસ્તગત કર્યું ત્યારે રાજપીપળાના રાજવીને કાબૂમાં રાખવા ત્યાં મુઘલ થાણું બેસાડવામાં આવ્યું હતું. આ અરસામાં ઈ.સ. ૧૫૮૩ થી ૧૫૯૩ સુધીનાં ૧૦ વર્ષ પૃથુરાજને ત્રણ વાર જંગલોમાં આશ્રય લેવાનું થયું હતું.

પૃથુરાજના મરણ પછી દીપસિંહ દુર્ગશાહ મોહરાજ રાયસાલ ચંદ્રસેન ગંભીરસિંહ સુભેરાજ જયસિંહ મૂલરાજ સુરમાલ ઉદેકરણ ચંદ્રભા છત્રસાલ અને વેરીસાલ અનુક્રમે સત્તા પર આવ્યા. ઈ.સ. ૧૭૦૫માં ગુજરાતના દક્ષિણ ભાગ પર મરાઠાઓએ સવારી કરી પ્રદેશને ઉજ્જડ કરવાનો આરંભ કર્યો ત્યારે એમને દબાવવા ઔરંગઝેબે નજરઅલી વગેરે સરદારોને મોકલ્યા હતા. આ સરદારોને વેરીસાલની સહાય કશે કામ આવી જણાતી નથી. ઈ.સ. ૧૭૧૫ માં એના અવસાને એનો મોટો કુમાર જિતસિંહ સત્તા ઉપર આવ્યો તેણે તકનો લાભ લઈ નાંદોદ પરગણું સ્વતંત્ર રીતે કબજે કરી લીધું ને મુઘલ થાણાને ઉઠાડી મૂક્યું. આ સમયે (ઈ.સ. ૧૭૩૦ માં) જિતસિંહે રાજપીપળા(જૂનારાજ)માંથી ગાદી ખસેડી નાંદોદ(હાલનું રાજપીપળા)માં સ્થાપી. એનું ઈ.સ. ૧૭૫૪ માં અવસાન થતાં એનો બીજો પુત્ર પ્રતાપસિંહ સત્તા ઉપર આવ્યો.[૪૫]

૬. ઓખામંડળનો વાઢેર વંશ

આશરે ૧૩ મી સદીમાં મારવાડમાંથી વેરાવળજી અને વીજલજી નામના રાઠોડ રાજપૂત ભાઈઓ દ્વારકામાં આવી ચડ્યા હતા. એ પ્રદેશમાં હેરોલ રાજપૂતો અને ચાવડા રાજપૂતો વચ્ચે વિગ્રહ ચાલુ હતો. એ વિગ્રહને અંતે રાઠોડ ફાવ્યા અને આ પ્રદેશમાંથી ચાવડાઓનું નિકંદન કાઢી, આસપાસનો પ્રદેશ તાબે કરી એમણે એક નાની પણ પ્રબળ સત્તાની સ્થાપના કરી. હવે એ રાઠોડોએ 'વાઢેર' કે 'વાઢેલ' એવી અટક શરૂ કરી. વેરાવળજીએ હવે આગળ વધી કચ્છના નાના રણ નજીકની વેદમતી નદી સુધીનો પ્રદેશ પણ હાથ કરી લીધો. એણે પોતાની રાજધાની દ્વારકાની ઉત્તરે અખાતના કાંઠે આરંભડા ગામની નવી વસાહત કરી ત્યાં ખસેડી લીધી. એના અવસાને એનો પુત્ર વિક્રમસી સત્તા ઉપર આવેલો. આ વિક્રમસીની પછી નવ રાણા થયા ને એમણે બધાં મળી ૧૨૦ વર્ષ રાજ્ય કીધું. વિક્રમસીની ૧૧ મી પેઢીએ સાંગણજી થયો તેણે પોતાનું રાજ્ય જામખંભાળિયા સુધી વધાર્યું

હતું. એ સૌરાષ્ટ્રના પશ્ચિમકાંઠે ચાંચિયાગીરી ચલાવતો તેથી રા' માંડલિક ૩ જાએ બેટ-શંખોદ્ધારના રાજવી સાંગણના પ્રદેશ પર ચડાઈ કરી જેને હરાવેલો તે આ સાંગણજી (ગ્રંથ પ, પૃ. ૧૬૩). એને માણેક અવટંકના વાઘેરો સાથે અથડામણ થયા કરતી, તેથી એણે ઓખામંડળ ઉપર વાઢેરોની સત્તા અને દ્વારકા પર વાઘેરોની સત્તા રહે એવી સંધિ કરી. વળી બંનેએ મિત્રાચારીથી રહેવું કે જેથી બહારના શત્રુ આવી બેઉનો વિનાશ ન કરી શકે એમ પણ સમજૂતી થઈ ત્યારથી આ બંને જાતિ સંપીને રહેવા લાગી. સાંગણજી પછી એનો કુમાર ભીમજી સત્તા ઉપર આવેલો. ભીમજીના સમયમાં દ્વારકાના દરિયા વિસ્તારમાં થતી ચાંચિયાગીરીને દાબવા મહમૂદ બેગડો ચડી આવેલો અને ભીમજીને નસાડી સમગ્ર પ્રદેશ ઉપર મુસ્લિમ સત્તાની આણ વર્તાવેલી, પણ પછી પાછળથી વાઢેરોએ પ્રબળ સૈન્ય એકઠું કરી સમગ્ર પ્રદેશ હસ્તગત કરી લીધો હતો.[૪૬]

આશરે ઈ.સ. ૧૫૯૨ માં અકબરની ભીંસથી મુઝફ્ફર નાસીપાસ થઈને આરંભડાના વાઢેર રાણા શિવ(સવજી)ને આશરે આવેલો ત્યારે ચડી આવેલી મુઘલ સત્તાની સાથેના યુદ્ધમાં શિવ રાણાએ પ્રાણ ખોયેલા. પરિણામે ઓખામંડળનો પ્રદેશ ફરી મુસ્લિમ સત્તા નીચે (એ સમયે મુઘલ સત્તા નીચે) આવી ગયો. આ વખતે શિવ રાણાનો કુમાર સાંગણજી સિંધ તરફ ભાગી છૂટ્યો, પરંતુ મલ્લ નામના માણેકે મુસ્લિમ શાસકોને કાયર કાયર કરી નાખ્યા. સાંગણજીને સિંધમાં ખોળવા ગયેલો સામળો માણેક સાંગણજીને લઈ પાછો આવ્યો ત્યારે થયેલા ભારે યુદ્ધમાં મુસ્લિમ સૈન્ય હારી ગયું ને સાંગણજીનો આરંભડાની ગાદી ઉપર અભિષેક કરવામાં આવ્યો.

સાંગણજી પછી અખેરાજજી સત્તા પર આવ્યો. એ હજી કુમાર હતો ત્યારે એના બનેવી નવાનગરના જામે એને કેદ કરી લીધેલો, પણ દ્વારકાના રાણા માણેકના પુત્ર પતરામેલે વાઘેરોની ફોજ લઈ જઈ એને છોડાવ્યો હતો. અખેરાજજી ઈ.સ. ૧૬૬૪ માં અવસાન પામતાં[૪૭] એનો પુત્ર ભોજરાજજી ગાદીએ બેઠો. એના પાટવી કુમાર વજેરાજજીને બાકીના ૭ ભાઈઓ સાથે અણબનાવ થતાં ભોજરાજજીએ એને પોશીતરાની જાગીર વંશપરંપરા આપી ત્યાંનો વહીવટ સોંપી દીધો.

ઈ.સ. ૧૭૧૫ અને ૧૭૧૮ ના ગાળામાં આરંભડા અને પોશીતરાના વાઢેર સરદારોએ દ્વારકાવાળા વાઘેરોની મદદથી સૌરાષ્ટ્રમાં કેટલેક સ્થળે ધાડ પાડી હતી ત્યારે નવાનગર ગોંડળ અને પોરબંદરની ફોજોએ ચડી આવી એમને ભીંસમાં લીધેલા. આ પ્રસંગે નવાનગરનો જે પ્રદેશ અગાઉ વાઘેરોએ બથાવી પાડેલો તે એમણે જતો કરવો પડ્યો ને ઓખામંડળના પ્રદેશમાં જ એમની સત્તા મર્યાદિત બની ગઈ.

વજેરાજજીને પોશીતરાની જાગીર અપાતાં આરંભડાના આમ બે ભાગ થયા તો વાઘેરોના પણ દ્વારકા અને વસઈના બે ભાગ પડચા. આ ચારે પોતપોતાને રાજા કહેવડાવતા હતા, આમ છતાં બહારના શત્રુઓ સાથે એ એકરૂપ હતા.

૭. જસદણનો ખાચર-કાઠી વંશ

ખાચર વંશનો સગડ મેળવતાં પૂર્વ પુરુષ તરીકે વીકો ખાચર જાણવામાં આવે છે, જેણે ઈ.સ. ૧૬૬૫ માં જસા ખુમાણ નામના કાઠીની સત્તામાંથી જસદણ ઝૂંટવી લઈ ત્યાં પોતાની સત્તા સ્થાપી. આ વીકાના પિતાનું નામ માણસિયો અને દાદાનું નામ લખો જાણવામાં આવેલ છે, તેથી એના વંશજો "લખાણી" શાખાના કહેવાય છે.

વીકો ખાચર ઈ.સ. ૧૬૮૫ માં અવસાન પામતાં એનો બીજો પુત્ર માણસિયો જસદણની ગાદીએ આવ્યો. એ ખુમાણ શાખાના કાઠી લોકો સાથેના એક યુદ્ધમાં માર્યો જતાં એનો ઓરમાન ભાઈ ચલો ગાદીએ આવ્યો. એ મરણ પામતાં એનો પુત્ર ઓઢો અને એના પછી વાજસૂર ગાદીએ આવ્યો. ગાદીએ આવ્યો ત્યારે સગીર એ હોઈ એનો કાકો જેઠસૂર વાલી તરીકે રાજ્ય કરતો હતો. જેઠસૂરના અવસાને વાજસૂરે સત્તા હાથ ધરી અને એ રાજ્ય કરવા લાગ્યો(ઈ.સ. ૧૭૮૮ પહેલાં).[૪૮]

૮. ઈડરના રાઠોડ વંશ

(૧) જૂનો રાઠોડ વંશ

રાવ નારાયણદાસ

ઈ.સ. ૧૫૭૩ માં સ્થપાયેલી મુઘલાઈમાં મુઘલાઈનો એ તાબેદાર જમીનદાર તરીકે ચાલુ તો રહ્યો, પછીથી એણે એ તાબેદારી ફગાવી દઈ બંડ કર્યું. કુલીઝખાન વગેરે અધિકારીઓએ ડુંગરમાળામાં એનો પીછો કર્યો અને છેવટે રાવને હરાવ્યો, ને ઈડર મુઘલાઈ સત્તા નીચે સીધું આવી પડયું (ઈ.સ. ૧૫૭૬). આખરે કંટાળી રાવ પોતાના પુત્ર વીરમદેવને લઈ દિલ્હી પહોંચ્યો અને અકબરને નમી પડયો,[૪૮અ] અકબરે ઈડરની સત્તા નારાયણદાસને પરત કરી (ઈ.સ. ૧૫૭૮).

રાવ વીરમદેવ

નારાયણદાસ ઈ.સ. ૧૫૭૯માં અવસાન પામતાં એનો શૂરવીર પુત્ર વીરમદેવ ઈડરની ગાદીએ આવ્યો. પડોશી ડુંગરપુર રાજ્યના રાવળ તરફથી થયેલા કોઈ અપમાનના કારણે વીરમદેવે ડુંગરપુર લૂંટયું હતું. એણે હાથમતીના કાંઠે આવેલો અહમદનગર(આજના હિંમતનગર)નો કિલ્લો સર કરવા એના ઉપર હલ્લો કરી

ત્યાંના મુઘલ લશ્કરને ભગાડયું ને ત્યાં પોતાનું થાણું બેસાડયું. પેથાપુરનો વાઘેલો ઠાકોર આ વખતે વીરમદેવ પાસે હતો તેથી નાસતા મુઘલ લશ્કરે પેથાપુરમાં આવી લૂંટફાટ કરી. એની માહિતી મળતાં પેથાપુરના ઠાકોરની વિનંતીથી વીરમદેવે પેથાપુર આવી મુઘલો પાસેથી એનો કબજો લઈ વાઘેલા ઠાકોરને સોંપ્યો. વીરમદેવ સામે ગુજરાતના સૂબેદારે એક ફોજ મોકલી, આથી વીરમદેવ ઈડર છોડી પોળો ચાલ્યો ગયો. છેવટે એણે મુઘલોની અધીનતા સ્વીકારી અને ઈડરનો કબજો પુનઃ પ્રાપ્ત કર્યો. એનું દગાથી અવસાન થયું હોવાનું મનાય છે. આ રાજા વિશે અનેક કથાઓ પ્રચલિત થઈ છે. એની પાછળ એની પાંચ રાણીઓ સતી થઈ હોવાની અનુશ્રુતિ છે.

રાવ કલ્યાણમલ

વીરમદેવના અવસાને (ઈ.સ. ૧૫૯૭) એને સંતાન ન હોવાથી એનો નાનો ભાઈ કલ્યાણમલ ઈડરની ગાદીએ આવ્યો. શરૂઆતમાંની થોડી અવ્યવસ્થાનો લાભ લઈ ઉદેપુરના રાણાએ સરહદનો કેટલોક પ્રદેશ કબજે કરી લીધેલો તે બધો પ્રદેશ કલ્યાણમલે ફરી હસ્તગત કરી ઈડરને મજબૂત કરવામાં સફળતા મેળવી. એના જીવન દરમ્યાન પડોશના ગરાસદારો સાથે વારંવાર અથડામણ થયા કરતી. એનો ૪૭ વર્ષનો રાજ્યકાલ અશાંતિમાં જ ગયો હતો.

રાવ જગન્નાથ

ઈ.સ. ૧૬૪૪ માં રાવ કલ્યાણમલનું અવસાન થતાં એનો પુત્ર જગન્નાથ ઈડરની ગાદીએ આવ્યો. એના સમયમાં પણ ગુજરાતનો સૂબેદાર ઈડર ઉપર ચડી આવ્યો, જેને કારણે રાવ કુટુંબકબીલા સાથે પોળો ચાલ્યો ગયો. રાવ ચારિત્ર્યનો સારો નહોતો એટલે એના ચાલ્યા જવાથી પ્રજાએ પણ રાહતનો દમ ખેંચ્યો હતો. પોળોમાં જગન્નાથ બીમારીમાં સપડાયો અને ઈ.સ. ૧૬૭૫ માં અવસાન પામ્યો.

રાવ પૂંજો ૩ જો

પિતાના અવસાને રાવ પૂંજો દિલ્હીમાં પહોંચ્યો અને ત્યાં બાદશાહની નોકરી કરવા માંડી. એણે બાદશાહની સારી કૃપા મેળવી. બાદશાહે જ્યારે એને ઈડર આપવાની ઇચ્છા કરી ત્યારે જયપુરના રાજવીએ જૂના વેરને કારણે એમાં વિઘ્ન નાખ્યું ને પૂંજાને બાદશાહ તારા પર ગુસ્સે થયા છે એવું કહી એને દિલ્હીથી નસાડી મૂકયો. ત્યાંથી એ ઉદેપુર ગયો અને રાણાની મદદથી એણે ઈડર પર ચડી આવી મુઘલ ફોજદાર પાસેથી ઈ.સ. ૧૬૮૫ માં ઈડરનો કબજો કરી લીધો. થોડા સમય પછી એના નાના ભાઈ અર્જુનદાસે ઝેર આપી દગાથી એનો ઘાત કર્યો.

રાવ અર્જુનદાસ

હવે ઈડરના રાવ તરીકે અર્જુનદાસે સત્તાસૂત્ર ધારણ કર્યાં. એના સમયમાં ઈડરમાંથી હારીને નાસી ગયેલા ફોજદારે ફરીથી મોટી ફોજ સાથે ઈડર ઉપર ચડાઈ કરી અને રાવને ગાદીએથી ઉઠાડી મૂકી ઈડરનો સંપૂર્ણ કબજો કરી લીધો. રાવ નાસી ધામોદની નાળમાં જઈ ભરાયો. અહીં એણે દેવલિયા પ્રતાપગઢના, વાંસવાડાના, લુણાવાડાના અને ડુંગરપુરના રાજકુમારોની મદદ માગતાં તેઓએ રણાસણ(તા. ઈડર)નો કબજો કરી ત્યાંથી ઈડર તેમજ અમદાવાદનાં પરગણાં લૂંટવાની સલાહ આપી. એ ચારે કુમારો સાથે રાવ રણાસણ ઉપર ચડાઈ લઈ ગયો, જ્યાં થયેલા યુદ્ધમાં એ પાંચે માર્યા ગયા (ઈ.સ. ૧૬૫૯).

રાવ ગોપીનાથ

રાવ અર્જુનદાસના અવસાને રાવ જગન્નાથનો ભાઈ ગોપીનાથ મુઘલ સત્તા સામે બહારવટે નીકળ્યો અને ઈડર તેમજ અમદાવાદનાં પરગણાં લૂંટવા લાગ્યો. ઈડરના હાકેમ સૈયદ હાથાએ એની જિવાઈની વ્યવસ્થા કરી આપતાં સૈયદના સત્તા-કાલમાં એ શાંત રહ્યો. સૈયદ હાથાને સ્થાને કમાલખાન નામનો ફોજદાર ઈડરમાં સત્તા પર આવ્યો ત્યારે ગોપીનાથે પહેલાંની જેમ લૂંટફાટ જારી કરી. કમાલખાન કમજોર અને કમ-અક્કલ આદમી હતો અને કામકાજમાં બહુ ઓછું ધ્યાન આપતો એને કારણે પડોશી જાગીરદારો ઈડરનાં પોતપોતાને લગતાં ગામ કબજે કરવામાં પડચા. આ તકનો લાભ લઈ ગોપીનાથ સારી એવી ફોજ એકઠી કરી ઈડર ઉપર ચડી આવ્યો અને કમાલખાનને હાંકી કાઢી ઈડરની ગાદી પોતાને કબજે કરી આસપાસનો મોટા ભાગનો પ્રદેશ પોતાની સત્તા નીચે લઈ લીધો. રણાસણના ઠાકોરને એનો ભય હોવાથી એણે અમદાવાદ જઈ બાદશાહી ફોજને ઈડર ઉપર હલ્લો કરવા માગણી કરી, આથી સૂબેદાર મુહમ્મદ અમીનખાને મુહમ્મદ બહલોલ શેરવાનીને મોટી ફોજ સાથે ઈડર મોકલ્યો. ફોજ આવી લાગતાં યુદ્ધ તો આપ્યું, પણ ટકી શકાય એમ નહિ લાગતાં રાવ ડુંગર પરના ગઢમાં આશ્રય કરી રહ્યો. અહીં દગો થતાં એ રાણીઓને કિલ્લામાં રાખી પછવાડેના ભાગમાંથી નીકળી ગયો. કિલ્લામાં રાવને નહિ જોતાં એની બંને રાણીઓએ ફાટા તળાવમાં આત્મત્યાગ કર્યો. જંગલમાં રાવ અફીણની બૂરી લતને લઈને મરણ પામ્યો (ઈ.સ. ૧૬૭૯).[૪૮અ] એને કરણસિંહ નામે કુમાર હતો, પણ એણે ઈડરનું રાજ્ય મેળવવા કશો પ્રયત્ન કર્યો નહિ. એ પોતાના જીવનપર્યંત સરહદના શરવાણ ગામમાં જ રહ્યો.

રાવ ચંદ્રસિંહ

કરણસિંહનો મોટો કુમાર ચંદ્રસિંહ શરવાણમાં જ રહેતો હતો. એણે મેવાડમાંના પોતાના સંબંધીઓની મદદ મેળવી ઈડરનો કબજો લેવાના વિષયમાં બહારવટાનો આશ્રય લીધો. એની પજવણીથી ઈડરના સ્થાનિક વહીવટદારો કંટાળ્યા અને છેવટે ચંદ્રસિંહને ગાદીએ બેસાડવા કબૂલ થયા. એમણે બાદશાહી ફોજદારને હાંકી કાઢી ચંદ્રસિંહને ઈ.સ. ૧૭૧૮માં ઈડરની ગાદીએ બેસાડચો. એનામાં રાજ્ય ચલાવવાની કાબેલિયત નહોતી તેથી પડોશના જાગીરદાર ઠાકોરો એક પછી એક નજીકનાં ગામ દબાવવા લાગ્યા હતા. રાવ ચંદ્રસિંહ કંટાળી ગયેલો એટલે મોકો જોઈ પોતાના સસરા, પોળોના પઢિયાર, ઠાકોરને ત્યાં ગયો અને દગાથી સસરાને મારી પોળોની ગાદી હસ્તગત કરી (ઈ.સ. ૧૭૨૭).

ઈડરમાં ઊથલપાથલ

રાવ ચંદ્રસિંહ ઈડર છોડી ચાલ્યો જતાં ઈડરનો કારભાર કોઈ સરદારસિંહ નામનો સરદાર ચલાવતો હતો. થોડા સમય પછી સ્થાનિક સરદારો અને દેસાઈઓને પોતાના પક્ષમાં લઈ એ ઈડરની ગાદીએ બેઠો અને સ્વતંત્રપણે કારભાર કરવા લાગ્યો. એના પ્રધાન, એના એક ભાયાત સામળાજીની મદદથી ગયેલાં ગામ ઠાકોરો પાસેથી પાછાં મેળવી ઈડરને મજબૂત કરવામાં સફળતા મેળવી. એણે કોઈ કારણે શંકા જતાં સામળાજીને દૂર કર્યો અને વડોદરાના એક બછો પંડિતને બોલાવી એને પ્રધાન-પદું આપ્યું, પણ આ બછો પંડિત કાવતરાબાજ નીવડચો અને કસ્બાતીઓ અને સરદારસિંહ વચ્ચે અણબનાવ કરાવવામાં સફળ થયો. એણે કસ્બાતીઓને દબાવવા પ્રયત્ન કરતાં કસ્બાતીઓએ સરદારસિંહને મારી નાખવા નિશ્ચય કર્યો. આની જાણ થતાં બે વર્ષના અમલ પછી ડરનો માર્યો સરદારસિંહ વલાસણ નાસી ગયો. આ તકનો લાભ લઈ, બછો પંડિત અમદાવાદમાંના મુઘલ સૂબેદારને ભારે નજરાણું આપી ઈડરનો કારોબાર પોતાના નામથી ચલાવવા લાગ્યો (ઈ.સ. ૧૭૨૯).

(૨) નવો રાઠોડ વંશ

રાવ આણંદસિંહજી

બછો પંડિતને કસ્બાતીઓ સલાહકારક થઈ પડચા. વડાલીના મોતીચંદ શાહ અને રણાસણના ઠાકોર અદેસિંહજી પ્રધાનપદે એ બંને સ્થાનિક દેસાઈઓનો રાજ્યકારોબારમાંથી પગ કાઢી નાખવા કાવતરાં કરવા લાગ્યા. એવામાં જોધપુરના મહારાજા અજિતસિંહનો પુત્ર આણંદસિંહ ગૃહકંકાસને લઈ પોશીનાની નાળમાં આવ્યો હતો તેને દેસાઈએ મળી જતાં એ ઈડર પર ચડી આવ્યો અને બછો

પંડિતને હાંકી કાઢી ઈ.સ. ૧૭૩૦-૩૧ના અરસામાં ઈડરની ગાદીએ "રાવ" તરીકે બેઠો. આમ રાઠોડ ફરીથી ઈડરના સત્તાધીશ બન્યા. ઈડર પ્રદેશનો પટ્ટો મહારાજા અજિતસિંહના ખૂન પછી જોધપુરની ગાદીએ આવેલા અભયસિંહને બાદશાહ તરફથી મળ્યો હતો તે એણે નાના ભાઈ આણંદસિંહજીના લાભમાં કરી આપ્યો એટલે આણંદસિંહજીને ઈડરમાંથી દૂર કરવાની પરિસ્થિતિ રહી નહોતી. દેસાઈઓને પણ એ કારણે સ્વીકાર કરી લેવામાં ખૂબ અનુકૂળતા થઈ પડી.

આ અરસામાં અમદાવાદમાં નવા નિમાયેલા મુઘલ સૂબેદાર જોધપુરના મહારાજા અભયસિંહે ઈડરની સત્તા સ્થિર કરવામાં આણંદસિંહજીને સારી સહાય કરી. અભયસિંહ અમદાવાદમાં સૂબેદાર હતો ત્યાંસુધી આણંદસિંહજીને કોઈ ખંડણી આપવી પડી નહોતી. એણે ઈડર અહમદનગર મોડાસા બાયડ હરસોલ પ્રાંતીજ અને વિજાપુર એ સાત મહાલોથી સમૃદ્ધ રાજ્ય સ્થિર કરવામાં સફળતા મેળવી હતી.

કેટલાક સમય પછી ઈડરમાં જોધપુરના સૈનિક હતા તેમને રાવે જોધપુર જવા રજા આપી અને કસ્બાતી સિપાઈઓને પગારથી રોક્યા. રાજ્યની આર્થિક સ્થિતિ નબળી હતી તેથી પગારો ચૂકવી શકાતા નહોતા. કસ્બાતીઓએ એ માટે કોઈ ગામ લૂંટવાની પરવાનગી માગી. નાછલાજે રાવે રહેવર રાજપૂતોનું દેશોતર ગામ લૂંટવા રજા આપી. એમ થતાં રહેવરો રાવથી રિસાઈને જુદા પડ્યા. પરિણામે રાજ્ય અને રહેવરો વચ્ચે ઘમસાણ જાગ્યું. રહેવરો ઈડર પર ચડી આવ્યા. કિલ્લામાં સલામતી ન જળવાતાં રાવ આણંદસિંહજી ભાગી છૂટચા. માર્ગમાં ઘોડો મરણ પામતાં એ રહેવરોના સકંજામાં અચાનક આવી ગયા ને માર્યા ગયા (ઈ.સ. ૧૭૩૯). રહેવરોએ ઈડરનો કબજો કરી લીધો. આ વખતે રાવનો ભાઈ રાયસિંહજી ઓરસદમાં હતો. સમાચાર મળતાં એ ઈડરના પ્રદેશમાં આવ્યો અને જુદે જુદે સ્થળે મુકામ કરતાં કરતાં ઈડર લેવાના પ્રયત્નમાં પડ્યો. કેટલાય ઠાકોરો અને ભીલો તેમ મરાઠાઓની સારી એવી ફોજ એકઠી કરી એણે ઈડર પર હલ્લો કરી કિલ્લો કબજે લીધો. રહેવરો નાસી પોળો જતા રહ્યા.

શિવજીસિંહ

ઈડરનો કબજો કર્યા બાદ રાવ આણંદસિંહજીના ૭ વર્ષના બાળકુમાર શિવજીસિંહને ઈડરની ગાદીએ બેસાડી રાયસિંહજી ઈડર પ્રદેશનો કારભાર કરવા લાગ્યો (ઈ.સ. ૧૭૪૦). રાયસિંહજીએ પહેલું કામ કર્યું તે રહેવરોનું રણાસણ કબજે કર્યાનું. એ ગામ પાંચ વર્ષ સુધી ઈડરને કબજે રહ્યું હતું. દરમ્યાન રહેવરો બહારવટે ચડેલા તેથી અંતે સમાધાન કરી, દેશોતર વગેરે ૧૨ ગામ ઈડર નીચે

રાખી બાકીનાં ૧૨ ગામ રહેવરોને આપ્યાં ને ઝઘડો શાંત કર્યો. ફરી રહેવરોએ માથું ઊંચકેલું, પણ મહારાજા અભયસિંહ બીજી વાર અમદાવાદમાં સૂબેદાર તરીકે આવી રહેલા એટલે એમણે રહેવરોનો બળવો દબાવી દીધો.

થોડા સમય પછી શિવસિંહજીને ઈડરમાં મૂકી કાકો રાયસિંહ મોડાસા ગયો ને ત્યાં કિલ્લો કરી ત્યાં જ રહેવાનું રાખ્યું. ઈ.સ. ૧૭૪૬ માં પૂનાથી આવેલી મરાઠા ફોજ ખંડણી માટે મોડાસા ઉપર ચડી આવી, પણ રાયસિંહે તો ખંડણી આપવાનો ઇન્કાર કરતાં મામલો તંગ થયો. મોડાસાનો કિલ્લો પડ્યો અને રાયસિંહ નવા વસાવેલા રાયગઢમાં થઈ ઈડર ચાલ્યો આવ્યો. ઉપરના જંગમાં રાયસિંહજીનો સાથીદાર ચંપાવત જીવણદાસ અને એનો ભાઈ પ્રતાપસિંહ ઘાયલ થયા હતા. પ્રતાપસિંહને રાયસિંહ સમજી, પાલખીમાં નાખી, કેદ કરી મરાઠા અમદાવાદ લઈ ગયેલા, અને જાહેરાત કરી કે દંડના ૮૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે તો છોડવામાં આવશે. રાયસિંહે ગમે તે રીતે ૮૦,૦૦૦ રૂપિયા એકઠા કરી પ્રતાપસિંહને છોડાવવા પોઠ રવાના કરી, પણ ત્યાં તો યુક્તિથી પ્રતાપસિંહ કેદમાંથી છટક્યો ને પેથાપુર આવતાં ત્યાં પોઠ સામે મળી. એને પાછી વાળી પ્રતાપસિંહ ઈડર આવ્યો ને રાયસિંહને મળ્યો.

ઈડરનું રાજ્ય જમાવવામાં જે રાજપૂત સરદારોએ આણંદસિંહજીના સમયથી સહાય કરી હતી તે બધાને ગામગરાસ આપીને સંતુષ્ટ કરી શિવસિંહજીએ પોતાનું સારું એવું બળ જમાવવામાં સફળતા મેળવી.

ઈ.સ. ૧૭૫૫ માં અમદાવાદની મુઘલ રાજ્યસત્તાને નાબૂદ કરવા પેશવા અને ગાયકવાડની ફોજ અમદાવાદ ઉપર ચડી આવી ત્યારે પેશવાના સેનાપતિ રાઘોબાએ ઈડરની મદદ માગતાં શિવસિંહ મદદે ગયેલો.[૪૯]

૯. ખીચી ચૌહાણ વંશ

(૧) છોટાઉદેપુરના ખીચી ચૌહાણ

ચાંપાનેરના ખીચી ચૌહાણ જયસિંહ ઉર્ફે પતાઈ રાવળનો ઈ.સ. ૧૪૮૫ માં ઉચ્છેદ થયો અને મહમૂદ બેગડાએ એ રાજ્ય પોતાના રાજ્યમાં સર્વાંશે ભેળવી દીધું ત્યારે જયસિંહના બીજા પુત્ર પૃથ્વીરાજે નર્મદા-કિનારાના મોહન નામના સ્થળમાં પહોંચી ત્યાં નાનું રાજ્ય સ્થાપ્યું, જે ભવિષ્યમાં છોટાઉદેપુરના રાજ્ય તરીકે વિકસ્યું. પૃથુરાજ પછી કરણસિંહ વજેસિંહ ગુમાનસિંહ રાયસિંહ તેજસિંહ અને જસવંતસિંહ રાજા થયા. આ છેલ્લો જસવંતસિંહ એ 'બાજી રાવળ' હોવાની

શકયતા છે. ઈ.સ.ના ૧૮મા સૈકામાં થયેલા બાજી રાવળે મોહનથી બદલી છોટાઉદેપુરમાં ગાદી સ્થાપી. એના સમયમાં મુઘલ સત્તાની પડતી અને મરાઠાઓની સત્તાનો ઉદય શરૂ થયો, જેમાં છોટાઉદેપુરના રાજ્યનો કેટલોક ભાગ મરાઠાઓએ દબાવી લીધો હતો.[૫૦]

(૨) બારિયાના ખીચી ચૌહાણ

ચાંપાનેરના ખીચી ચૌહાણ જયસિંહ ઉર્ફે પતાઈ રાવળનો ઈ.સ. ૧૪૮૫ માં ઉચ્છેદ થયો અને મહમૂદ બેગડાએ એ રાજ્ય પોતાના રાજ્યમાં સર્વાંશે ભેળવી દીધું ત્યારે જયસિંહનો નાનો પુત્ર ડુંગરસી દેવગઢબારિયામાં જઈ વસ્યો અને ત્યાં એણે પણ નાનું રાજ્ય સ્થાપ્યું. રાવળ ડુંગરસીના મરણ પછી ઉદયસિંહ રાયસિંહ વજેસિંહ અને માનસિંહ એક પછી એક સત્તા ઉપર આવ્યા. ઈ.સ. ૧૭૨૦ માં માનસિંહનું અવસાન થતાં એક બલૂચ સરદારે રાજ્ય કબજે કરી લીધેલું ત્યારે વિધવા રાણી કુમાર પૃથુરાજને લઈ ડુંગરપુરના રાવળને ત્યાં આશરે જઈ રહી. ઈ.સ. ૧૭૩૬ માં ડુંગરપુરના રાવળની મદદથી રાણીએ પેલા સરદાર પાસેથી રાજ્યનો કબજો લઈ એને ત્યાંથી હાંકી કાઢ્યો. એ પછી ઉદાજી પવાર, મલ્હારરાવ હોલ્કર વગેરેની સરદારી નીચે મરાઠા બારિયાના પ્રદેશમાં આવ્યા ત્યારે પૃથુરાજ પાસે ખંડણી નહિ લેતાં એને બારિયાના રાજા તરીકે કબૂલ રાખ્યો. પૃથુરાજના અવસાને એનો મોટો કુમાર રાયધર સત્તા ઉપર આવ્યો. એના અવસાને એનો પુત્ર ગંભીરસિંહ સત્તા ઉપર આવ્યો.[૫૧]

(૩) માંડવાના ખીચી ચૌહાણ

વડોદરા જિલ્લામાં ડભોઈથી ઉત્તરે આવેલું માંડવાનું રજવાડું પણ જૂનું છે. ખીચી ચૌહાણોએ ચાંપાનેર સુધી આવી ત્યાં રાજગાદી સ્થાપી ત્યારે પાલનદેવની સાથે એનો ભાઈ પ્રતાપસિંહ પણ મારવાડમાંથી આવ્યો હતો. આ જ પ્રતાપસિંહે કારવણમાં જઈ ૩૦૦ ગામનું રાજ્ય સ્થાપ્યું. એના વંશમાં થયેલા નાહારસિંહજી ઉપર મહમૂદ બેગડાએ ચડાઈ કરેલી તેથી એ નાસી નંદેરિયા ચાલ્યો ગયો. ત્યાંના રાજવીની કુંવરી સાથે લગ્ન થયું અને એને ત્યાંનું રાજ્ય મળ્યું. એના અવસાને એના પછી આવેલા એના કુમાર માલસિંહજીએ નંદેરિયાથી ચાણોદમાં રાજધાની બદલી. એના વંશમાં થયેલા વાઘસિંહજીએ ત્યાંથી બદલાવી જૂના માંડવામાં રાજધાની કરી. એના વંશમાં થયેલા કાનજીનો પાટવી કુમાર વાઘજી સત્તા ઉપર આવ્યો ત્યારે ઈ.સ. ૧૬૬૯ માં જૂના માંડવા છોડી હાલ જ્યાં માંડવા ગામ છે ત્યાં રાજધાની બદલાવી. વાઘજી પછી રાણો સંગરામસિંહ

કાનજી વાઘ ખુમાનસિંહ જિતસિંહ અને ભીમસિંહ સત્તા ઉપર એક પછી એક એક આવ્યા.[૫૨]

૧૦. સોલંકી વંશ

(૧) લુણાવાડાના સોલંકી

પાટણના મૂળરાજ સોલંકીના વંશમાં ધવલદેવ નામે થયેલ એક રાજવીએ ઈ.સ. ૧૧૦૪ માં ધોળકામાં અને પછી ઈ.સ. ૧૧૩૪ માં ચૂંવાળમાં આવેલા કાલરીગઢ[૫૩]માં સત્તા સ્થાપી. એનો પ્રપૌત્ર વીરભદ્ર એ સ્થાન છોડી વીરપુર (વાડાસિનોર રાજ્યમાં) આવ્યો અને ત્યાંના ઠાકોર વીરા બારિયાનો વિનાશ કરી ઈ.સ. ૧૨૨૫ માં ત્યાં ગાદી સ્થાપી. ત્યાં વીરભદ્ર પછી કીકો માનસિંહ માહાવ-સિંહ ગમસિંહ પૃથીપાલકસિંહ વિક્રમસિંહ અને વિઠ્ઠલસિંહ એક પછી એક સત્તા ઉપર આવ્યા. આ છેલ્લા વિઠ્ઠલસિંહે વીરપુરથી લુણાવાડાની નજીકમાં આવેલા ડીહિયા ગામમાં ગાદી ખસેડી. એના વંશમાં થયેલા ભીમસિંહે ઈ.સ. ૧૪૩૪ માં ત્યાંથી ખસી લુણાવાડામાં ગાદી સ્થાપી. એના પછી ગંગદાસ ઉદો રાઘવરાણસિંહ (વાઘસિંહ) અને માલો રાણો (ઈ.સ. ૧૫૭૫ માં હયાત) થયા. એના પછી આવેલા વનવીરજીનો ઈ.સ. ૧૫૯૪ માં દેહાંત થતાં એની પછી અખેરાજ સત્તા પર આવ્યો. એના અવસાને કુંભો રાણો સત્તા ઉપર આવ્યો. ઈ.સ. ૧૭ મા સૈકાના આરંભમાં એ હતો. એના પછી ગાદીએ આવેલો જિત-સિંહ ઈ.સ. ૧૬૧૮ માં અવસાન પામ્યો અને એના પછી ત્રિલોકસિંહ અને દયાલદાસ આવ્યા, જે છેલ્લાનું અવસાન ઈ.સ. ૧૬૩૭ માં થતાં ચંદ્રસિંહ સત્તા પર આવ્યો. એનું ઈ.સ. ૧૬૭૪ માં અવસાન થતાં કુંવરસિંહ અને એના ઈ.સ. ૧૭૧૧ માં થયેલા અવસાનને લીધે નાહારસિંહ સત્તા ઉપર આવ્યો, જેણે ઈ.સ. ૧૭૧૮ માં લુણાવાડાના કિલ્લાનો પાયો નાખેલો. એના સમયમાં હૈદર કુલીખાને ચડાઈ કરી એની પાસેથી ફોજબંદી તરીકે મોટી રકમ લીધી હતી. એના ઈ.સ. ૧૭૩૫ માં થયેલા અવસાને એના મોટા કુમાર જિતસિંહનો પુત્ર વખતસિંહ ગાદીએ આવ્યો. એના સમયમાં અમદાવાદના મુઘલ સૂબેદારે ચડાઈ કરી દંડ વસૂલ કર્યો હતો. ઈ.સ. ૧૭૫૭ માં વખતસિંહનું અવસાન થતાં મોટો કુમાર દીપસિંહ સત્તા પર આવ્યો.[૫૪]

(૨) વાંસદાના સોલંકી

કાલરીગઢમાં રાજ્ય કરતા ધવલદેવ સોલંકીના વંશમાંના કોઈ મૂલદેવે ઈ.સ. ના ૧૫ મા સૈકાના અંતભાગમાં વાંસદા(જિ. વલસાડ)માં સોલંકી સત્તાની સ્થાપના કરી. એના પછી ખંદલદેવ બલદેવ કરણદેવ ઉદયસિંહ મોલકરણ અને

ઉદયસિંહ ૨ જો, એક પછી એક સત્તા ઉપર આવ્યા. છેલ્લા ઉદયસિંહ ૨ જાના ઈ.સ. ૧૭૦૧ માં થયેલા અવસાને એનો કુમાર વીરસિંહ અને ઈ.સ. ૧૭૧૬ માં થયેલા એના અવસાને કુમાર રાયભાણ સત્તા ઉપર આવ્યો. એના બે કુમાર–ગુલાબસિંહ અને જોરાવરસિંહે ગાદી માટે દામાજી ગાયકવાડ પાસે દાવા દાખલ કર્યા. દામાજીએ રાજ્યના બે ટુકડા કરી આપી વાંસદાની સત્તા ગુલાબસિંહને અને બિસનપુરની સત્તા અલગ કરી જોરાવરસિંહને આપી. ઈ.સ. ૧૭૬૨ થી ગાયકવાડોની સત્તામાં આવી જતાં બીજી શાખા બંધ થઈ. ઈ.સ. ૧૭૫૩ માં ગુલાબસિંહનું અવસાન થતાં, એ અપુત્ર હોઈ, એના પિતરાઈ ભાઈ ઉદયસિંહને કારભારીએ અભિષેક કરી ગાદીએ બેસાડયો, આથી જોરાવરસિંહે પેશવા સમક્ષ દાવો દાખલ કર્યો ત્યારે પેશવાએ વાંસદામાંથી પાંચ ગામ અપાવી પતાવટ કરી આપી.[૫૫]

૧૧. ધરમપુરના સિસોદિયા[૫૬]

ઈ.સ. ૧૨૬૨ માં સિસોદિયા રાણાના એક વંશજ રામ રાજાએ દક્ષિણ ગુજરાતમાં પોતાની સત્તા, ત્યાંના સ્થાનિક થોરાત વંશના ભીલ રાજવીને મારી, રામનગર વસાવી સ્થાપી. ઈ.સ. ૧૨૯૫ માં એનું અવસાન થતાં સોમ સત્તા ઉપર આવ્યો, જેના ઈ.સ. ૧૩૩૫ માં થયેલા અવસાને પુરંદર, એના ઈ.સ. ૧૩૬૦માં થયેલા અવસાને ધરમ, એના ઈ.સ. ૧૩૯૧ માં થયેલા અવસાને ગોપુ, એના અવસાને ઈ.સ. ૧૪૩૨ થી ૧૪૭૦ સુધી જગત, ઈ.સ. ૧૫૦૦ સુધી નારણ, ઈ.સ. ૧૫૩૧ સુધી ધરમ ૨ જો અને ઈ.સ. ૧૫૬૬ સુધી જગત ૩ જો–એક પછી એક ગાદીધર બન્યા. એના ઉપર સુલતાન મુઝફ્ફર ૩ જાની છતરાજી થયેલી. આના અવસાને ઈ.સ. ૧૫૬૬ માં એનો કુમાર લક્ષ્મણદેવ સત્તા ઉપર આવ્યો. ઈ.સ. ૧૫૭૬ માં મુઘલોએ લક્ષ્મણદેવ પાસેથી ખંડણી વસૂલ કરી એને ખંડિયો બનાવ્યો. એના અવસાને ઈ.સ. ૧૬૦૦ માં સોમદેવ સત્તા ઉપર આવ્યો. ઈ.સ. ૧૬૦૯–૧૦ માં અહમદનગરના વજીર મલિક અંબરે ગુજરાત પર સવારી કરી વડોદરા–સુરત લૂંટયાં ત્યારે ગુજરાતના સૂબેદાર મીરઝા અઝીઝ કોકાના પુત્ર અને નાયબ સૂબેદાર જહાંગીર કુલીખાને ગુજરાતના રક્ષણ માટે રામનગરમાં ઘોડેસવારી લશ્કરી થાણું સ્થાપ્યું. સોમદેવના ઈ.સ. ૧૬૩૫ માં થયેલા અવસાને રામદેવ સત્તા ઉપર આવ્યો, જેણે રામનગરમાંથી ગાદી બદલી આસરમેતામાં સ્થાપી, પણ પછી ઈ.સ. ૧૬૫૪ માં ફતેપુરમાં ખસેડી લીધી હતી. ઈ.સ. ૧૬૬૪ માં અને ૧૬૭૯ માં શિવાજીએ સુરત લૂટયું ત્યારે આ રામદેવે શિવાજીને સારી સહાય કરી હતી. એના ઈ.સ. ૧૬૮૦ માં થયેલા અવસાને શોહદેવ સત્તા પર આવ્યો, જેનું ઈ.સ. ૧૭૭૧ માં અવસાન થતાં રામદેવ ૨ જો રાજવી બન્યો. આના સમયમાં ઈ.સ.

૧૭૨૭ માં મરાઠાઓએ રાજ્યમાં પ્રવેશ કરી દખલ શરૂ કરી. રામદેવ પાસે નગર-હવેલી તાલુકાનાં નગર અને ફતેપુર તથા એને લગતાં દસ ગામ રહેવા દઈ બાકીનાં બોતેર ગામ મરાઠાઓએ બથાવી લીધાં અને જકાતમાં ચોથો ભાગ વસૂલ કરવા લાગ્યા.[૫૭]

૧૨. પાટડીના કણબી દેસાઈ

પાટડીના દેસાઈઓનો જાણવામાં આવેલો પૂર્વપુરુષ વરસિંહ મહમૂદ બેગડાના સમયમાં હતો અને વીરમગામના વાઘેલા ઠાકોરે માથું ઊંચકતાં બેગડાએ એને વીરમગામ મોકલ્યો હતો, ત્યાં યુદ્ધમાં વાઘેલો ઠાકોર મરાતાં બેગડાએ વીરમગામ પરગણું વરસિંહને બક્ષિસ આપ્યું. એના અવસાન પછી કિશોરદાસ રામદાસ ગંગાદાસ કરસનદાસ મલકોજી સોમાજી રણમલજી નાથોજી અને વેણીદાસ એક પછી એક સત્તા પર આવ્યા. આ વેણીદાસને જહાંગીરે 'દેસાઈ'નો હોદ્દો આપી આસપાસના પ્રદેશની દેસાઈગીરી સોંપી હતી. વેણીદાસ પછી મકનદાસ મોહતસી ત્રીકમદાસ અને ભાણજી અનુક્રમે સત્તાધારી બન્યા. આ ભાણજીએ દસાડાના ઉજ્જડ થયેલા પરગણાને આબાદ કર્યું એ ઉપરથી ઔરંગઝેબે એની જાગીર ઉપરાંત પાંચ ગામ વધુ આપ્યાં.

ભાણજી પછી ઉદેકરણ અને એના પછી ભાવસિંહજી થયો. અમદાવાદના સૂબેદાર સરબુલંદખાને વીરમગામ ઉપર આક્રમણ કરી જીતી લીધું, પણ પાછળથી કોળીઓની મદદથી ભાવસિંહજીએ વીરમગામ હસ્તગત કરી લીધું. થોડા સમય પછી અમદાવાદના સૂબેદારે વીરમગામને ઘેરો ઘાલ્યો ત્યારે એણે દામાજી ગાયકવાડની મદદથી મુઘલ સૈન્યને હાંકી કાઢવામાં સફળતા મેળવી. પછી બંનેનાં મળેલાં સૈન્યોએ પેશ્વાઈ પ્રતિનિધિ માધવરાવ પંડિતને હરાવ્યો અને પેશકશી ઉઘરાવી. ઝાલાવાડનાં બીજાં સુદ્ધો પછી ભાવસિંહજીએ વીરમગામ પરગણું દામાજીને આપ્યું અને પોતે વીસ ગામડાં રાખી પાટડીમાં રાજધાની બનાવી.[૫૮]

૧૩. બાબી વંશ

(૧) જૂનાગઢના બાબી

અફઘાનિસ્તાનના મૂળ રહીશ બાબી વંશનો કોઈ આદિલખાન ઈરાનમાં આશરો લઈ રહેલા હુમાયૂંની સાથે ભારતવર્ષમાં આવ્યો તેના પુત્ર ઉસ્માનખાનના પુત્ર બહાદુરખાનને અકબરના સમયમાં શિરોહીની જાગીર મળેલી. આ બહાદુરખાને શાહજહાંના સમયમાં શાહી દરબારમાં ઊંચું સ્થાન મેળવ્યું હતું. આ બહાદુરખાનનો ત્રીજો પુત્ર જાફરખાન વચલા પુત્ર મુઝફ્ફરખાનના અવસાને

એની જગ્યાએ પાટણ(ઉ. ગુજરાત)ના નાયબ ફોજદાર-પદે નિમાયેલો, ઈ.સ. ૧૬૯૪ આસપાસ એને બાદશાહે 'સફદરખાન'નો ઇલ્કાબ અને ફોજદારનું પદ આપ્યું, પણ ૧૬૯૮ માં ગુજરાતના સૂબેદાર શુજાતખાન સાથે મતભેદ થતાં એ માળવા ચાલ્યો ગયો. ઈ.સ. ૧૭૦૩ માં વીર દુર્ગાદાસ રાઠોડે શાહી હકૂમતને ભારે રંજાડ પહોંચાડી ત્યારે ઔરંગઝેબે એની સામે સફદરખાનને મોકલેલો. એની કામગીરી બદલ એને રાધનપુર સમી મુંજપુર અને તેરવાડાની જાગીરો મળી હતી.

ઈ.સ. ૧૭૦૫ માં મરાઠા ગુજરાત પર ચડી આવ્યા ને સફદરખાન સરદાર નજરઅલીખાનની મદદમાં રહી લડ્યો ત્યારે હાર મળતાં મરાઠાઓનો કેદી બનેલો. આ વખતે એની સાથે આવેલા એના પુત્ર સલાબત મુહમ્મદખાન અને શેરખાન નાસી છૂટ્યા. પાછળથી સલાબતખાને મરાઠા સરદાર ધાનાજીને મોટો દંડ ભરી આપી પિતાને મુક્ત કરાવ્યા. સફદરખાન ફરીથી પાટણ(ઉ. ગુજરાત)નો ફોજદાર બન્યો પણ ઈ.સ. ૧૭૨૫ માં અવસાન પામ્યો ત્યારે સલાબતખાનને વીરમગામની ફોજદારી અને ધોધાની જાગીર મળી. સલાબત સૌરાષ્ટ્રમાં આવતાં એણે નવાનગર તેમજ હળવદના રાજવીઓ સાથે સંબંધ વધાર્યા. ઈ.સ. ૧૭૨૮ માં જૂનાગઢના ફોજદારની જગ્યા શેરખાનને આપવામાં આવી, પણ દિલ્હીથી એ જગ્યા ઉપર મોહ્યુદ્દીનને મોકલવામાં આવતાં શેરખાનને નાયબ ફોજદારના સ્થાને ઊતરવું પડ્યું. મોહ્યુદ્દીને પોતે ન આવતાં કોઈ મીર ઇસ્માઈલને પોતા વતી ફોજદારી સોંપી. તેણે શેરખાનના કામકાજમાં દખલ કરતાં શેરખાન રાજીનામું આપી પોતાની જાગીર ધોધામાં ચાલ્યો ગયો, પણ એ નિષ્ફળ બેસી રહે તેવો નહોતો; એણે ગુજરાતના સૂબેદાર–જોધપુરના મહારાજા અભયસિંહના મહેરબાની મેળવી ફોજદારનો હોદ્દો ફરી મેળવવા પ્રયત્ન કર્યો. અભયસિંહે એને 'બહાદુર'નો ઇલ્કાબ આપ્યો અને વડોદરામાં સરબુલંદખાન નામનો ફોજદાર હતો છતાં એના ઉપરાંત શેરખાનને પણ એ હોદ્દે નીમ્યો. સરબુલંદખાને વિરોધ કર્યો, પણ મરાઠાઓના વધતા જતા જોરને ખાળવા મક્કમ છાતીના શેરખાનની જરૂર એને સમજાવી. શેરખાને સરબુલંદખાન સાથે પૂરા સહકારથી કામ કર્યું તેથી સરબુલંદખાને એને 'ખાન'નો ઇલ્કાબ આપ્યો, અને આમ શેરખાન હવે 'બહાદુરખાન' બન્યો.

દિલ્હીની ડગમગતી પાદશાહીમાં કોઈ સોરાબખાને સોરઠની ફોજદારી મેળવી અને શેરખાનની ધોધાની જાગીર પણ એને મળી. શેરખાનના માણસોને એણે હાંકી કાઢ્યા. શેરખાન કાંઈ પ્રયત્ન કરે તે પહેલાં જ સોરાબખાન અને મહારાજ અભયસિંહના નાયબ રતનસિંહ ભંડારી વચ્ચે વાંધો પડતાં ધંધુકા

પાસે અથડામણ થઈ અને સોરાબખાન માર્યો ગયો. શેરખાન ખેડા ગયો ને રતનસિંહે એને પોરબંદરની ફોજદારી આપી, પણ શેરખાન એ ન લેતાં વાડાસિનોર ચાલ્યો ગયો.

ઈ.સ. ૧૭૩૭ માં અભયસિંહ નિવૃત્ત થતાં મોમીનખાન ગુજરાતનો સૂબેદાર બની આવ્યો. સમય ઓળખી લઈ, એણે પોતાના વિરોધી મોમીનખાન સાથે સમાધાન કરી જૂનાગઢની ફોજદારી સ્વીકારી. શેરખાન શાણો હોઈ એણે મરાઠા સરદાર રંગોજી સાથે મૈત્રી કરી એની સલાહથી જૂનાગઢના નાયબ ફોજદારનો હોદ્દો સંભાળી લીધો.

ઈ.સ. ૧૭૪૩ માં મોમીનખાનનું અવસાન થતાં શેરખાને રંગોજીનો પક્ષ સાધી ખંભાત પરગણામાં મોમીનખાનની જાગીરનાં ગામ લૂંટી લીધાં.

મરાઠાઓનું જોર ખાળવા દિલ્હીથી ખુદાઉદ્દીન અને મુફ્તઉદ્દીન નામના સરદારો મોટી સેના સાથે આવ્યા. રંગોજીને મહારાષ્ટ્રમાંથી કુમક ન મળતાં શેરખાને વચ્ચે પડી સમાધાન કરાવ્યું, એવી રીતે કે મરાઠા વીરમગામ અને બોરસદનો કબજો છોડી દે અને મુઘલ સેના અમદાવાદમાં રહે. રંગોજીની હત્યા કરવાની મુઘલ સેનાપતિઓએ ચાલબાજી કરી, પણ શેરખાનની કુનેહથી રંગોજી બચી ગયો અને બંને વાડાસિનોર ચાલ્યા ગયા.

આ સમયે કોઈ જવાંમર્દખાન બાબીએ બનાવટી ફરમાન દ્વારા ગુજરાતની સૂબાગીરી બથાવી લીધી એટલે શેરખાને ગાયકવાડને બોરસદ લઈ લેવા સલાહ આપી. આ થતાં જવાંમર્દખાને શેરખાનને ઠપકો આપતાં શેરખાન જૂનાગઢ જવાને બદલે વાડાસિનોર ચાલ્યો ગયો.

આ સમયે જૂનાગઢમાં દિલ્હીથી મીર દોસ્તઅલી અને હિમ્મતઅલી ફોજદાર થઈ આવ્યા, પણ તેઓ નબળા અને ઐયાશી હોઈ જૂનાગઢનું તંત્ર ખખડી પડ્યું તેથી જૂનાગઢની પ્રજાએ અને દેસાઈઓએ દલપતિરામ નામના નાગર મુત્સદ્દીને વાડાસિનોર શેરખાનને નિમંત્રવા મોકલ્યો. આ તક મળતાં શેરખાન પોતાના સાથીદારોને લઈ જૂનાગઢ આવી પહોંચ્યો અને ઈ.સ. ૧૭૪૭ ના એ વર્ષમાં એણે જૂનાગઢના પ્રદેશની સર્વસત્તા કબજે કરી લીધી. જ્યારે ખંડેરાવ ગાયકવાડની વિધવા ઉમાબાઈનું સૈન્ય ખંડણી લેવા સોરઠ આવ્યું ત્યારે શેરખાને કિંમતી નજરાણું આપી સૈન્યને પાછું વાળ્યું. એ જ વર્ષે કાનાજી તાકપોરે નામનો મરાઠા સરદાર અમદાવાદના એક અમીરની મદદ મેળવી સોરઠ ઉપર ચડી આવ્યો, પણ શેરખાને-બહાદુરખાને હરાવી એને પાછો કાઢ્યો.

ચારે બાજુથી પરિસ્થિતિ સાનુકૂળ થતાં હવે ઈ.સ. ૧૭૪૮ માં દિલ્હીની સત્તાએ આપેલો 'દીવાન' હોદ્દો ધારણ કરી આ બહાદુરખાને પાદશાહના નામે સ્વતંત્ર રાજ્ય કરવાનો આરંભ કર્યો. આમ જૂનાગઢમાં બાબી વંશની સ્થાપના થઈ. એ ચતુર નવાબે પોતાની સમગ્ર જવાબદારી દલપતિરામ નાગરને સોંપી.

આ સમયે વસંતરાય નામના પુરબિયાએ માથું ઊંચક્યું અને ઉપરકોટમાં ચડી જઈ બહાદુરખાનની સત્તાને પડકાર કર્યો. દલપતિરામનું એ અરસામાં અમદાવાદ જવાનું થયું અને રાજ્યનો હવાલો જગન્નાથ ઝાલા નામના નાગર ગૃહસ્થ પાસે હતો. એ કાંઈ પગલાં ભરવા જાય તેટલામાં તો વસંતરાયે બહાદુરખાનને કેદ કરી લીધો અને જૂનાગઢની સત્તા હસ્તગત કરી લીધી, પરંતુ જગન્નાથ ઝાલાની યુક્તિથી બહાદુરખાન વસંતરાયની પકડમાંથી છટકી અમદાવાદ પહોંચ્યો અને દલપતિરામને કિંમતી બાજુબંધ વેચવા આપી, એનાં નાણાંમાંથી પ્રબળ સૈન્ય ઊભું કરવા સત્તા આપી.

આ બાજુ આવેલી તક ઝડપી વસંતરાય જૂનાગઢના સીમાડાનાં ધોરાજી સુપેડી પિપળિયા વગેરે ગામો કબજે કરી ગોંડળનાં ગામ દબાવવા મંડ્યો, આથી ગોંડળનો ઠાકોર હાલોજી સચિંત બન્યો. દરમ્યાન મરાઠા સરદાર ત્ર્યંબકરાવ ઉદ્દવ સૌરાષ્ટ્રમાં પેશકશી ઉઘરાવવા આવ્યો ને ગોંડળ પાસેથી મોટી રકમ વસૂલ આપવા તાકીદનું કહેણ મોકલ્યું. એની સામે હાલોજીએ ખોખરી ગામ આગળ છાવણી નાખી ત્યાં દીવાન દલપતિરામ જેતપુર પાસેથી પસાર થતો હતો તેની પાસે પોતાના કારભારીને મોકલી સંધિ કરી કે વસંતરાયને જૂનાગઢથી ખસેડવાના કામમાં ગોંડળની સહાય લેવી પડે તો જૂનાગઢ ધોરાજીનું પરગણું ગોંડળને આપે અને ત્ર્યંબકરાવને ગોંડળમાંથી હાંકી કાઢવાના કામમાં દલપતિરામ મદદ આપે તો ફોજ અને દારૂગોળાનો ખર્ચ ગોંડળ પાસેથી લે નહિ. વળતે દિવસે દલપતિરામ અને હાલોજીનાં સૈન્યોએ મળી ત્ર્યંબકરાવની સેના ઉપર હલ્લો કર્યો. ત્ર્યંબકરાવ પરાજય પામી, સાથીદારોને ગુમાવી પાછો ચાલ્યો ગયો.

દલપતિરામે બુદ્ધિ વાપરી અરબ જમાદાર શેખ જુબૈદીને એના ૪૦૦ અરબો સાથે નોકરીમાં રાખી લીધો અને જૂનાગઢ પર ચડાઈ કરી. વસંતરાયને ખસી જવાનું કહેતાં એ ન ખસ્યો, તેથી શરત પ્રમાણે હાલોજીને કહેણ મોકલ્યું. હાલોજી જૂનાગઢ તરફ ચડી આવે છે એ જાણી વસંતરાયે સાંબલપુર પાસે છાવણી નાખી ને ત્યાં પ્રબળ યુદ્ધ થયું તેમાં વસંતરાયનું સૈન્ય વેરવિખેર થઈ ગયું, વસંતરાય જૂનાગઢ તરફ નાસી આવ્યો. હાલોજી અને એનો યુવરાજ કુંભોજી જૂનાગઢમાં છેક ધૂસી આવ્યા તેથી વસંતરાય ખીલખા તરફ નાસી ગયો. હાલોજી

અને દલપતિરામે કબજે મેળવી ફરી જૂનાગઢ ઉપર બહાદુરખાનની આણ પ્રવર્તાવી, પરંતુ થોડા જ દિવસોમાં વસંતરાય ફરીથી અણુશિયા ખાંટના ૮ થી ૧૦ હજાર સૈનિકો સાથે ગિરનાર દરવાજેથી દાખલ થઈ, લૂંટ ચલાવી ઉપરકોટ ઉપર ચડી જઈ, દરવાજા બંધ કરી બેઠો. આઠ માસ સુધી ચાલુ રહેલા ઘેરામાં પુરવઠો ન પહોંચતાં વસંતરાય ઉપરકોટના કિલ્લામાંથી નાસી છૂટયો. બહાદુરખાન મોરબી સુધી આવેલો ત્યાંથી માનસહિત એને ફરી જૂનાગઢમાં લાવવામાં આવ્યો.

હવે બહાદુરખાને જૂનાગઢની ગાદીએ બેસી, દિલ્હીની મહમૂદીનું ચલણ બંધ કરી, સ્વતંત્ર સત્તા ધારણ કરી પોતાના નામની ચાંદીની કોરીઓ પાડી. આ કોરી બહાદુરખાન પોતે દિલ્હીના દીવાન તરીકે નવાબ બન્યો હોઈ 'દીવાનશાહી કોરી' તરીકે જાણીતી થઈ.

ઈ.સ. ૧૭૫૦ માં દીવાન દલપતિરામનું અવસાન થતાં જગન્નાથ ઝાલા દીવાનપદે આવ્યા. આ સમયે અરબોના પગાર ચડી જતાં તેઓ ઉપરકોટનો કબજો કરી બેઠેલા, પણ જગન્નાથની મદદથી બહાદુરખાને ઉપરકોટને ઘેરો ઘાલ્યો. અરબોને તો પગાર જ જોઈતો હતો એટલે હાલોજીના પુત્ર કુંભોજીએ વચ્ચે પડી પગાર ચૂકવી આપ્યો અને ધોરાજી ગીરો તરીકે મેળવ્યું.

ઈ.સ. ૧૭૫૭ માં દિલ્હીની સત્તાને સદંતર ફગાવી દઈ બહાદુરખાન જૂનાગઢ–સોરઠનો પહેલો સ્વતંત્ર નવાબ બન્યો.[૫૯]

(૨) રાધનપુરના બાબી

આ પૂર્વે બહાદુરખાન અને એના પુત્ર શેરખાન બાબી વિશે સૂચન થયેલું છે. શેરખાનને ગુજરાતના સૂબેદાર તરીકે કામ કરતા શાહજાદા મુરાદબક્ષને સહાય કરવા મોકલવામાં આવેલો (ઈ.સ. ૧૬૫૪–૧૬૫૭) અને ૧૬૬૩ માં ચૂંવાળ પ્રદેશના થાણદાર તરીકે નીમવામાં આવેલો. એના પુત્ર જાફરખાનની શક્તિઓની કદર તરીકે એને બાદશાહ તરફથી ઈ.સ. ૧૬૯૦ માં ચૂંવાળનો હાકેમ બનાવ્યો. ત્યાંની નોકરી સારી બજાવતાં એને બાદશાહ તરફથી 'સફદરખાન'નો ઇલ્કાબ મળેલો. વળી રાધનપુર સમી મુજપુર અને મેરવાડા મળ્યાં હતાં. ઉપરાંત એ ઈ.સ ૧૭૦૩ માં પાટણનો સહાયક હાકેમ બનેલો. ઈ.સ. ૧૭૦૪ માં એને વિજાપુરનો અને ૧૭૦૬ માં પાટણનો હાકેમ બનાવવામાં આવેલો. ૧૭૦૫ માં ગુજરાતના દક્ષિણ ભાગ ઉપર મરાઠા ચડી આવ્યા ત્યારે બાદશાહના હુકમથી નજરઅલીખાન અને સફદરખાનને એમનો સામનો કરવા જવાનો હુકમ થતાં રાજપીપળાના પ્રદેશમાં ગયા, જ્યાં થયેલી અથડામણમાં સફદરખાન કેદ પકડાયો. પણ મરાઠા સરદાર ધનાજી જાદવે એની પાસેથી મોટો દંડ લઈ એને મુક્ત કર્યો.

એ પાછો પાટણ આવી ગયો. આ સમયે ત્યાં ફોજદારના સ્થાને રહેલા દુર્ગાદાસ રાઠોડે બંડ કરતાં સફદરખાને એને પરાજય આપી દૂર કર્યો,[10] જેને કારણે સફદરખાનને ફોજદારી મળી. એને મળેલી સર્વોત્કૃષ્ટતાને કારણે એના પુત્રોને પણ મોટા હોદ્દા મળ્યા. એના પુત્ર ખાનજહાં જવાંમર્દખાનને ૧૭૧૬ માં રાધનપુરની હાકેમી મળી, જેમાં ૧૭૨૩ માં પડોશનાં બીજાં કેટલાંક પરગણાં પણ ઉમેરાયાં. ૧૭૪૩ માં એને ગુજરાતની સૂબેદારી મળી. ૧૭૫૩ માં એના અવસાને એના મોટા પુત્ર કમાલુદ્દીનખાનને ગુજરાતની નાયબ સૂબેદારી મળી. કોઈ પ્રસંગને કારણે એ જ્યારે પાલણપુર તરફ ગયેલો ત્યારે મરાઠા સરદાર રઘુનાથરાવ (રાઘોબા) અને દામાજી ગાયકવાડ ગુજરાતમાં ખંડણી ઉઘરાવવા અમદાવાદ સુધી આવી પહોંચ્યા. આવી ખબર મળતાં કમાલુદ્દીનખાન એકદમ અમદાવાદ પહોંચ્યો, પણ ટાંચાં સાધનોને કારણે લડાઈમાં જય ન મળ્યો. એટલે ૧૭૫૫ માં એને મરાઠાઓ સાથે સુલેહ કરવી પડી. આ સમયે મરાઠાઓએ કમાલુદ્દીનખાનને રાધનપુર સમી મુંજપુર પાટણ વડનગર વિસનગર અને વિજાપુર વગેરે પરગણાં જાગીર તરીકે જુદાં કાઢી આપ્યાં. આ રીતે એ રાધનપુર વગેરે પરગણાંનો ખંડિયો રાજવી બન્યો.[11]

૧૪. માંગરોળ(સોરઠ)ના કાઝી શેખ

આ પૂર્વે (ગ્રંથ ૫, પૃ. ૧૭૨) જણાવ્યા પ્રમાણે સૈયદ સિકંદર સાથે કોઈ જલાલુદ્દીન કાઝી માંગરોળમાં આવી રહેલો. ઈ.સ. ૧૩૭૫ માં ઈઝ-ઉદ્-દીન અને સૈયદ સિકંદરે માંગરોળનો કબજો લીધો ત્યારથી અકબરના ગુજરાત-વિજયના ઈ.સ. ૧૫૭૩ સુધીના વર્ષોમાં માંગરોળમાં મુસ્લિમ સત્તા ચાલુ રહી હતી, જે મુઘલાઈમાં પણ ચાલુ હતી. મુઘલ સત્તાના અંત નજીક જમાલખાન લોહાણી નામના સરદારના હાથમાં માંગરોળની સત્તા હતી. પેશ્વાની સૌરાષ્ટ્રમાં સત્તા આગળ વધતાં જાદવ જસવંત નામના મરાઠાઓના પ્રતિનિધિના હાથમાં માંગરોળ આવ્યું હતું, જે ૧૨ વર્ષ લગી ટક્યું હતું. ઈ.સ. ૧૭૪૮ માં શેખ ફકરૂદ્દીનના પુત્ર શેખમિયાંએ અને મલિક શાહબુદ્દીને મળી માંગરોળનો કિલ્લો હસ્તગત કર્યો. અને આમ સ્થાનિક મુસ્લિમ સત્તાનો સ્વતંત્ર ઉગમ થયો.[12]

૧૫. પાલણપુરનો હેતાણી વંશ

જાલોરના માલદેવ ચૌહાણના વંશમાં થયેલા વીસલદેવ ચૌહાણની અથવા બીજે મતે શામલદેવ ચૌહાણની કતલ થયા પછી હેતમખાનના વંશમાં કોઈ મલેક ખુરમાન હેતાણીએ યા એના પુત્ર મલેક યૂસુફખાને જાલોરમાં ગાદી સ્થાપી

હતી (ઈ.સ. ૧૩૯૪–૯૫). પિતા પછી આવેલો યૂસુફખાન (ઈ.સ. ૧૩૯૫–૧૪૧૯), એના પછી એનો પુત્ર હસનખાન (ઈ.સ. ૧૪૧૯–૧૪૩૯), એનો પુત્ર સાલારખાન (ઈ.સ. ૧૪૩૯–૧૪૬૧), ભાઈઓમાંના કલહથી એ નાસી જતાં એનો નાનો ભાઈ ઝુમ્દ–તુલ્–તુલ્ક દીવાન ઉસ્માનખાન (ઈ.સ. ૧૪૬૧–૧૪૮૪), એના પછી એનો પુત્ર બુદ્ધનખાન (ઈ.સ. ૧૪૮૪–૧૫૦૬), બાદ એનો પુત્ર મુઝાહિદખાન ૧ લો ઉર્ફે મુઝા મલેક (ઈ.સ. ૧૫૦૬–૧૫૧૦), એ પછી ત્રણ વર્ષે એનો નાનો ભાઈ મલેક અલીશેરખાન (ઈ.સ. ૧૫૧૩–૧૫૨૫), અલીશેરખાન પછી એનો પુત્ર સિકંદરખાન (ઈ.સ. ૧૫૨૬–૧૫૩૧), એના પછી એના કાકાનો પુત્ર ગઝનીખાન (ઈ.સ. ૧૫૩૧–૧૫૩૩), એના પછી ૨૦ વર્ષે નાનો ભાઈ મલેકખાન (ઈ.સ. ૧૫૫૩–૧૫૭૬) એક પછી એક મારવાડમાં આવેલા જાલોરમાં સત્તાધીશ થતા રહ્યા હતા. મલેકખાને એકથી વધુ વાર જાલોરનું રાજ્ય મેળવ્યું હતું. એ જ્યારે અમદાવાદમાં આશ્રય લઈ રહ્યો હતો ત્યારે ઈડરના રાવ નારાયણદાસે પોતાના પાટવી વીરમદેવે કરેલું તોફાન દબાવવા મલેકખાનને પોતાની મદદે બોલાવ્યો હતો. એના પુત્ર ગઝનીખાને જાલોર ફરી પ્રાપ્ત કર્યું ને એના પિતાના અવસાને એ જાલોરની ગાદીએ ગઝનીખાન ૨ જા તરીકે આવ્યો (ઈ.સ. ૧૫૭૬–૧૬૧૬). ગઝનીખાન પછી એનો પુત્ર દીવાન પહાડખાન ૧ લો (ઈ.સ. ૧૬૧૬–૧૬૧૮) સત્તા ઉપર આવ્યો. રાઠોડોના ઉપદ્રવથી બિહારી પઠાણો નાસી છૂટી ઈ.સ. ૧૬૧૯ માં પાલણપુર પાસેના કરઝા ગામમાં આવી રહ્યા. પહાડખાનનો કાકો ફીરોઝખાન બાલાપુરનો હાકેમ હતો તે બિહારીઓને આવી મળ્યો અને સંયોગની અનુકૂળતા જોઈને એણે પાલણપુરમાં પણ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. અહીંથી ગુજરાતમાં મલેકોની એક રિયાસત શરૂ થઈ, જેની જાલોર ઉપર પણ સત્તા ચાલુ હતી.

દીવાન ફીરોઝખાન ૧ લો ઉર્ફે કમાલખાન (ઈ.સ. ૧૬૩૫-૧૬૩૮)

ફીરોઝખાને સત્તાસૂત્ર ધારણ કર્યાં ત્યારે પ્રદેશનો કેટલોક ભાગ નાગોરીઓના હાથમાં હતો, પણ અકબરે દીવાન ગઝનીખાનને પાલણપુર અને ડીસાની સનદ આપેલી હોઈ એના પુત્ર તરીકે એનો હક્ક મળ્યો. એના સમયમાં કોળીઓને દબાવવામાં ફીરોઝખાનના કુમાર મુઝાહીતખાને સફળતા મેળવતાં ગુજરાતના સૂબેદારની પ્રશંસા પ્રાપ્ત કરી. દિલ્હી આ સમાચાર મોકલવામાં આવતાં ફીરોઝખાનની હયાતીમાં મુઝાહીતખાનને પાલણપુરની તખ્તનશીનીનો પરવાનો મળ્યો..

દીવાન મુઝાહીતખાન ૨ જો (ઈ.સ. ૧૬૩૮–૧૬૬૩)

ઈ.સ ૧૬૩૮ માં ફીરોઝખાનના દેહાંતે મુઝાહીતખાન તખ્તનશીન થયો. આ સમયે મહેદવી પંથના સૈયદ રાજુ પાલણપુરમાં રહેતા હતા. ધર્મચર્ચાના

વિષયમાં એમને ઔરંગઝેબના હુકમથી અમદાવાદમાં બોલાવવામાં આવ્યા. ધર્મ-ચર્ચામાં એમનો મત આરૂઢ ઇસ્લામીઓથી જુદો પડતાં પ્રથમ એમને અમદાવાદ છોડી દેવાનો અને પછી શાહીબાગના એમના પ્રયાણ વખતના મુકામે કતલ કરવાનો સૂબેદારનો હુકમ થતાં એમની કતલ કરવામાં આવી.

મુઝાહીતખાનના વખતમાં દાંતીવાડાની જાગીરમાં પાલણપુર રાજ્યનો હિસ્સો શરૂ થયો. પોતાને સંતાન ન હોઈ મુઝાહીતખાને પોતાના ભાઈ સલેમખાનના પુત્ર કમાલખાનને દત્તક લીધો હતો.

દીવાન કમાલખાન ઉર્ફે કર્ણકમાલ (ઈ.સ. ૧૬૬૩-૧૭૦૬)

ઈ.સ. ૧૬૬૩ માં મુઝાહીતખાનનું અવસાન થતાં એનો દત્તક પુત્ર કમાલ-ખાન ગાદીએ આવ્યો. એના સમયમાં એનો ભત્રીજો ફતેહખાન (ઈ.સ. ૧૬૭૨–૧૬૮૮) જાલોરમાં સત્તા પર હતો. કમાલખાનના અમલ દરમ્યાન ઈ.સ. ૧૬૭૦ માં જોધપુરના જસવંતસિંહ રાઠોડે ગુજરાતની પોતાની સૂબેદારી દરમ્યાન કમાલખાનને પાલણપુરની ગાદીથી દૂર કર્યો હતો, પણ જસવંતસિંહ જતાં એને ફરી પાછી ગાદી મળી હતી. દોઢ વર્ષના ખાલી ગાળામાં જાલોરવાળા ફતેહખાનના હાથમાં પાલણપુરનાં સત્તાસૂત્ર રહ્યાં હતાં. કમાલખાનના લાંબા સમય દરમ્યાન ઔરંગઝેબના હુકમથી કમાલખાનના પુત્ર ફીરોઝખાને પાલણપુર રાજ્યમાંથી જજિયાવેરો એકઠો કર્યો હતો. કમાલખાન ભાટ, ચારણો અને બ્રાહ્મણોને ૮૪ ગામ દાનમાં આપ્યાં હોવાથી એ લોકોમાં 'કર્ણકમાલ' તરીકે ઓળખાયો હતો.

આ દરમ્યાન જોધપુરના રાઠોડો મુઘલ સત્તા સામે થયા હતા. સમાધાન થતાં જાલોર પરગણું હંમેશને માટે જોધપુર સાથે જોડાઈ જતાં હવે હેતાણી સત્તા પાલણપુરના રાજ્ય પૂરતી મર્યાદિત રહી.

દીવાન ફીરોઝખાન ૨ જો ઉર્ફે ગઝનીખાન (ઈ.સ. ૧૭૦૭–૧૭૧૯)

ઈ.સ. ૧૭૦૬ માં કમાલખાનનું અવસાન થતાં એનો પુત્ર ફીરોઝખાન સત્તા ઉપર આવ્યો. આ સમયે જાલોરવાળા દીવાન ફતેહખાનના પુત્ર પીરખાને પણ ગાદી માટે દાવો કર્યો હતો, પણ ઔરંગઝેબનું અવસાન થવાથી એની મુરાદ બર આવી નહિ. એણે એના સમયમાં થરાદ પર ચડાઈ કરી એ સત્તા નીચે લીધું હતું. પોતાના સમયમાં ફીરોઝખાને કાકોસી અને કાંકરેજ જીતી ત્યાંના જાગીરદારો પાસેથી નજરાણું લીધું હતું.

દીવાન કરીમદાદખાન (ઈ.સ. ૧૭૧૯–૧૭૩૫)

પિતાનું મરણ થતાં મોટો પુત્ર કરીમદાદખાન ગાદીનશીન થયો. આના રાજ્ય–અમલ દરમ્યાન મરાઠાઓની પજવણી વધી પડતાં વડનગર વિસનગર

વિજાપુર વગેરેની પ્રજા વતનો છોડી પાલણપુરને આશ્રયે આવતાં પાલણપુરની પૂર્વે ૧૬ કિ.મી. પર પહાડો વચ્ચે કરીમાબાદ વસાવી ત્યાં રક્ષણ આપ્યું હતું, ગુજરાતના સૂબેદાર સરબુલંદખાને બાદશાહી સત્તાને અવગણી ને જોધપુરના અભયસિંહ રાઠોડને સૂબેદારી સોંપી સરબુલંદખાનને તાબે કરવા મોકલ્યો ત્યારે કરીમદાદખાને રાઠોડોને મદદ આપી હતી.

દીવાન પહાડખાન ૨ જો (ઈ.સ. ૧૭૩૫-૧૭૪૪)

ઈ.સ. ૧૭૩૫ માં કરીમખાનના અવસાને એનો પુત્ર પહાડખાન ૨ જો સત્તા ઉપર આવ્યો. ઈ.સ. ૧૭૩૫ માં દામાજી ગાયકવાડે મંત્રી કંથાજી કદમને ગુજરાતમાંથી હાંકી કાઢ્યો ત્યારે એણે પોતાની હારનું કલંક ધોવા મલ્હારરાવ હોલ્કરની મદદ લઈ ગુજરાત પર ચડાઈ કરી, એમાં પહાડખાન પણ એના હાથે ઝડપાઈ ગયો હતો, જેની પાસેથી કદમે એક લાખની ખંડણી વસૂલ કરી હતી (ઈ.સ. ૧૭૩૬). પહાડખાનના ભોળપણથી પિતાને સાચવવા મળેલું એની સત્તા નીચેનું પાટણનુ પરગણું જવાંમર્દખાન ઉર્ફે કમાલુદ્દીન બાબીએ પડાવી લીધું (ઈ.સ. ૧૭૪૦). પહાડખાને શિરોહી તરફ વસેલા ભોમિયા જમીનદારોને તાબે કરી પાલણપુરના રાજ્યમાં વધારો કર્યો હતો.

દીવાન બહાદુરખાન (ઈ.સ. ૧૭૪૪-૧૭૮૨)

પહાડખાનના અવસાને ઈ.સ. ૧૭૪૪ માં એનો કાકો બહાદુરખાન પોતાના મોટા ભાઈ ઉસ્માનખાનની ગેરહાજરીનો લાભ લઈ તખ્તનશીન થયો. પાછળથી સમાધાન થતાં ઉસ્માનખાનને પણ રાજ્યમાંથી કેટલોક ભાગ કાઢી આપવામાં આવ્યો હતો.[૬૩]

૧૬. ખંભાતનો નવાબી વંશ

ખંભાતનો રાજવંશ શરૂ કરનારા મીરઝા જાફર નઝમુદ્દૌલાના પૂર્વજ ઈરાનના નજમ-ઈ-શની કુટુંબના અને શિયા સંપ્રદાયના હતા. એમનો એક પૂર્વજ ઈરાનના શાહ ઇસ્માઇલ સફવીના સાત પ્રધાનોમાંનો એક હતો (ઈ.સ. ૧૫૦૦). ઈ.સ. ૧૭૨૩–૩૦ માં જ્યારે સરબુલંદખાન ગુજરાતનો સૂબેદાર હતો ત્યારે મીરઝા જાફરની શક્તિ જોઈ સૂબેદારે એને પેટલાદનો વહીવટ સોંપેલો. એ અરસામાં એનું લગ્ન ઈરાનના દહેલમી રાજવીઓના એક વંશજ મોમીનખાન દહેલમીની પુત્રી સાથે થયું. આ પછી સરબુલંદખાને એને ગુજરાતની બક્ષીગીરી સોંપી હતી.

આ અગાઉ મોમીનખાનને સરબુલંદખાનની લાગવગથી ઈ.સ. ૧૭૧૪ માં સુરત અને ખંભાતની મુત્સદ્દીગીરી અને વડોદરા ભરૂચ ધોળકા પેટલાદ તથા

નડિયાદનો વહીવટ મળ્યો હતો. આ બધાં સ્થળોમાં પોતાના પ્રતિનિધિ મૂકી મોમીનખાન સુરતમાં રહેતો. ઈ.સ. ૧૭૧૫-૧૬ માં અજિતસિંહ સૂબેદાર બનતાં મોમીનખાનને છૂટા થવું પડયું હતું, પરંતુ ત્રણ વર્ષમાં એને પોતાની સત્તા પાછી મળી. આવા વખતે મરાઠાઓના હુમલા શરૂ થતાં, એ તકનો લાભ લેવા મોમીનખાનને સ્વતંત્ર થઈ જવાનું મન થયેલું. અજિતસિંહના ગયા પછી મોમીનખાનને ફરી સત્તા ગુમાવવાનું થયું હતું, પરંતુ ઈ.સ. ૧૭૨૨ માં આસફજહાં નિઝામુલ્મુલ્કની સૂબેદારીના સમયમાં ફરી સુરતની સત્તા મળી હતી. આ ગાળામાં પીલાજી ગાયકવાડ સુરત ઉપર ચડી આવેલો, જેના સામનામાં મોમીનખાનને સફળતા મળી નહોતી. આસફજહાંએ મોમીનખાનને સુરતની દીવાનગીરી ઉપરાંત એની સાથોસાથ ખંભાતનો પણ બે વર્ષ માટે વહીવટ સોંપ્યો હતો. મીરઝા જાફરનાં લગ્ન ઈ.સ. ૧૭૨૫ માં થતાં સસરો-જમાઈ વધુ નિકટમાં આવ્યા. મોમીનખાનનું અવસાન ઈ.સ. ૧૭૨૮ માં ખંભાતમાં થયું તે સમયે મીરઝા જાફર બક્ષીગીરી સંભાળી રહેલો હોઈ ખંભાતનો વહીવટ પણ એના હાથમાં આવ્યો. આમ ઈ.સ. ૧૭૨૦ થી ૧૭૨૮ વચ્ચે સ્વતંત્ર થવા માટે ચાલેલાં મોમીનખાનનાં ચક્ર એના અવસાન પછી બે વર્ષના ગાળામાં સફળ થયાં અને ખંભાતમાં સ્વતંત્ર મુસ્લિમ સત્તાનાં બીજ રોપાયાં (ઈ.સ. ૧૭૩૦).

મીરઝા ઝાફર નજમુદ્દૌલા (મોમીનખાન ૧ લો) (ઈ.સ. ૧૭૩૦-૪૩)

ઈ.સ. ૧૭૩૦ માં બાજીરાવ પેશવાના ભાઈ ચિમનાજી આપાએ ખંભાતની ચોથની માગણી કરી, ફરી ૧૭૩૩ માં પણ કરી. આ વખતે પ્રજા તંગ આવી જતાં ખંભાતમાંથી ઘણા શરાફો અને વેપારીઓ દુકાનો બંધ કરી ચાલ્યા ગયા અને વેપારને ભારે હાનિ પહોંચી.

ઈ.સ. ૧૭૩૦ માં મીરઝા જાફર નજમુદ્દૌલાને સૂબેદાર સાથેની કોઈ ગેર-સમજથી દિલ્હી જવું પડયું હતું. ત્યાં એને સારું માન મળ્યું અને જોધપુરનો અભયસિંહ રાઠોડ ગુજરાતનો સૂબેદાર નિમાતાં એની સાથે અહીં આવવાનું થયું અને ગુજરાતની બક્ષીગીરી તથા ખંભાતનો વહીવટ એને પાછાં મળ્યાં. એ ખંભાતનો વહીવટ પોતાના પિતરાઈ ભાઈ ફિદાઉદ્દીનખાનને સોંપી પેટલાદ રહેતો, પણ સૂબેદાર સાથે કાંઈક વાંધો પડતાં એને પેટલાદ છોડવું પડયું. ઈ.સ. ૧૭૪૩ માં મુલ્લાં મુહમ્મદઅલીના તોફાનને કારણે મીરઝા જાફરને સુરત જવાનો હુકમ આવ્યો. ખંભાતનો વહીવટ એ વખતે તેગબેગખાનને સોંપવામાં આવ્યો, પરંતુ આ વખતે મીરઝા જાફરના હાથમાં ખંભાત લગભગ સ્વતંત્ર જેવું થઈ ચૂકયું હતું.[૬૪]

જોધપુરના મહારાજા અભયસિંહે ગુજરાતની પોતાની સૂબેદારી પોતાના પ્રતિનિધિ રતનસિંહ ભંડારીને સોંપેલી હતી. પણ એનો કારભાર પ્રજાને ફાવતો નહોતો. મીરઝા જાફરને આવાં કારણોએ ભંડારી સાથે મેળ નહોતો રહ્યો. બંને વચ્ચે ખટરાગમાં બીજાં પણ કારણ વિકસ્યાં હતાં. આમ વૈમનસ્ય ઈ.સ. ૧૭૩૭ સુધી ચાલ્યું. આ વર્ષમાં દિલ્હીમાં અભયસિંહ રાઠોડ અપ્રિય થતો ચાલ્યો એ કારણે એની સૂબેદારી ગઈ આનો લાભ મીરઝા જાફરને મળ્યો અને એની 'નજમુદ્દૌલા મોમીનખાન બહાદુર ફીરોઝજંગ'ના ખિતાબ સાથે ગુજરાતના સૂબેદાર તરીકે નિમણૂક થઈ, તેથી પછી રતનસિંહ ભંડારીને અમદાવાદમાંથી દૂર કરવાની કામગીરીમાં મીરઝાને સમય આપવો પડ્યો. ખંભાતથી એ પોતાના લશ્કર સાથે કાંકરિયાની પાળે પડાવ નાખી યુદ્ધની તૈયારીમાં પડ્યો, ત્યાં તો બાદશાહ તરફથી નવું ફરમાન આવ્યું અને અભયસિંહ રાઠોડને સૂબેદાર તરીકે ચાલુ રાખી રતનસિંહ ભંડારીને સ્થાને અભયકરણ પડાવતને કામચલાઉ પ્રતિનિધિ નીમવામાં આવ્યો. આ અરસામાં મીરઝા જાફરને સુરત અને જૂનાગઢથી પણ મદદ મળી. દામાજી ગાયકવાડ પણ એને આવી મળ્યો. ભંડારીએ હજી અમદાવાદ છોડયું નહોતું. એણે દામાજીને જણાવ્યું કે મીરઝા જાફરનો પક્ષ છોડો તો ખંભાત અને અમદાવાદ સહિત ગુજરાતનો અડધો ભાગ આપું. આ વાત દામાજીએ મીરઝા જાફરને કહેતાં જાફરે અમદાવાદ હવેલી પરગણાનાં કેટલાંક ગામ અને વીરમગામ પરગણું આપવાનાં કહી દામાજીના મનનું સમાધાન કર્યું. અંતે ભંડારી અમદાવાદ છોડી ચાલ્યો ગયો. મીરઝા જાફરે અમદાવાદમાં વિજયપ્રવેશ કર્યો. આ સમાચારથી બાદશાહ તરફથી એના મનસબમાં વધારો કરવામાં આવ્યો. મીરઝાએ અમદાવાદનો અડધો ભાગ મરાઠાઓને આપેલો તેથી અથડામણો થયા કરતી હતી, પણ એની હોશિયારીથી એ એમાંથી પાર ઊતરી આવતો હતો, આથી પ્રસન્ન થઈ બાદશાહે એની મનસબદારીમાં બીજો પણ સારો વધારો કરી આપ્યો હતો. આ પછી એની તબિયત બગડી અને એનું ઈ.સ. ૧૭૪૩ માં અવસાન થયું.

સત્તા માટેની સાઠમારી

મીરઝા જાફરના અવસાને એની બેગમને શંકા પડી કે મીરઝા જાફરનો પિતરાઈ ફિદાઉદ્દીનખાન અને મુફ્તખીરખાન ખંભાતની જાગીર પડાવી લેશે. એ માટે એણે રંગોજીનું રક્ષણ માગ્યું. બીજી બાજુથી એ બે હાકેમોને ગુજરાતની સૂબાગીરી કામચલાઉ સંભાળી લેવાનો બાદશાહી હુકમ આવ્યો, અને એ બેઉએ અમદાવાદનો હવાલો લીધો. રંગોજી એ બેઉનું કાસળ કાઢી નાખવા માગતો હતો, પણ એમાં એ સફળ ન થયો. દરમ્યાન ફિદાઉદ્દીનખાનને ખંભાત જવું પડ્યું,

એટલે મુફતખીરખાનને મારી નાખવા પ્રયત્ન કર્યો, પણ મુફતખીરખાનને આની ગંધ આવી જતાં એ સાવચેત બની ગયો. રંગોજીને હૂંફ આપવા શેરખાન બાબી ખંભાતથી કેટલાંક ગામડાં લૂંટવા લાગ્યો. મુફતખીરખાને ફિદાઉદ્દીનને ખંભાતથી બોલાવી લીધો, દરમ્યાન શેરખાને રંગોજીને સહાય આપવાનું બંધ કર્યું.

ઈ.સ. ૧૭૪૩ ના ઉત્તરાર્ધમાં બાદશાહના જાણવામાં આવ્યું કે જુન્નરનો અબ્દુલ અઝીઝખાન ખોટી રીતે ગુજરાતનો સૂબેદાર થઈ બેઠો છે, તેથી બાદશાહે ફરમાન મોકલી મુફતખીરખાનને ગુજરાતનો સૂબેદાર નીમી સત્તા આપી, પણ અમદાવાદ જવાંમર્દખાન બાબીના કબજામાં હોઈ મુફતખીરખાનને સફળતા ન મળી અને ખંભાત ચાલ્યા જવું પડયું, જ્યાંથી એને રંગોજીની સહાય માગવી પડી. રંગોજીને રૂપિયા એક લાખની જરૂર હતી. મુફતખીરખાને રૂપિયા એંસી હજાર એકઠા કરી આપ્યા, પણ રંગોજીએ બાકીના રૂપિયા ૨૦ હજાર મળ્યા પછી મદદ કરવા જણાવ્યું. આને કારણે મુફતખીરખાનને ખંભાતમાં પાંચ વર્ષ પડયા રહેવું પડયું. આ સમય દરમ્યાન સૂબેદારી મેળવવા અમદાવાદ જઈ એણે અનેક વાર પ્રયત્ન કર્યો, પણ સફળતા ન મળી.

ઈ.સ. ૧૭૩૭ થી ૧૭૪૮ સુધી ખંભાતનો વહીવટ તો નજમખાન નામના અમલદારના હાથમાં રહ્યો હતો અને એકંદરે ખંભાતમાં શાંતિ રહી હતી. અમદાવાદની સૂબાગીરી મેળવવામાં સફળતા ન મળતાં હવે મુફતખીરખાને ખંભાતમાં તદ્દન સ્વતંત્ર થવા વિચાર્યું અને નજમખાનને મરાવી નાખ્યો. આ વાતની બાદશાહને જાણ કરી, બાદશાહે અગાઉ આપેલો 'મોમીનખાન'નો ઇલ્કાબ ધારણ કરી ખંભાતની મુત્સદ્દીગીરી લીધી, જેને બાદશાહે બહાલી આપી.

મોમીનખાન ૨ જો (ઈ.સ. ૧૭૪૮-૧૭૮૩)

બાદશાહ તરફથી 'નુરુદ્દીન મુહમ્મદખાન મોમીનખાન બહાદુર'નો ઇલ્કાબ મળ્યો તે ધારણ કરી એણે ખંભાતનાં સત્તાસૂત્ર હાથમાં લીધાં. નજમખાનના મૃત્યુના સમાચાર સાંભળી ફિદાઉદ્દીનખાન એના કુટુંબને દિલાસો આપવા ખંભાત આવ્યો, પણ મુફતખીરખાને ખંભાતમાં એને પ્રવેશ કરવા ન દીધો.

આ સમયે મુફતખીરખાન – મોમીનખાનની સત્તા માત્ર ખંભાત ઉપર હતી અને બહાર એનું પદ માત્ર ખંભાતના મુત્સદ્દી તરીકે ગણાતું. ગાયકવાડના પ્રતિનિધિ સાથે એને હવે અણબનાવ થયેલો. પેશવા અને ગાયકવાડે ગુજરાતની વહેંચણી કરી લીધેલી તેમાં ખંભાત પેશવાના ભાગમાં આવ્યું હતું. આ કારણે પેશવાનો પ્રતિનિધિ રઘુનાથરાવ ચોથ ઉઘરાવતો ધોળકા અને તારાપુર થઈ ખંભાત આવ્યો અને મોમીનખાન પાસેથી ૧૦ હજારની ચોથ માગી (ઈ.સ. ૧૭૫૨).

એ ઉઘરાવવા પાંડુરંગ પંડિત આવ્યો ત્યારે શરૂમાં તો બચાવનાં સાધન તૈયાર કર્યાં, પણ અથડામણ થાય એ પહેલાં સલાહ થઈ અને મોમીનખાને ઘાસદાણાના રૂપિયા સાત હજાર તેમ ચાર તોપ આપી.

ઈ.સ. ૧૭૫૩ નું ચોમાસું આવતાં ખંભાતના કોટનો કેટલોક ભાગ પડી ગયો. આની જાણ અમદાવાદના પેશવાઈ સૂબેદાર શ્રીપતરાવને થતાં એ ખંભાત ઉપર ચડી આવ્યો, પણ સફળતા ન મળી, એટલે ખંભાતનાં ગામડાં લૂંટવાની શરૂઆત કરી. આની અસર મોમીનખાન ઉપર થઈ અને છેવટે એને સમાધાન કરવું પડ્યું. મરાઠા સાથેના વિગ્રહમાં ખંભાતને ઘણું નુકસાન થયું હતું. સમાધાન તો થયું, પણ મોમીનખાનને એનો વિશ્વાસ નહોતો તેથી તૈયારી ચાલુ રાખેલી.

ઈ.સ. ૧૭૫૪ માં ખંભાતનો પેશકાર વજેરામ શ્રીપતરાવના જુલમની ફરિયાદ કરવા પૂના પેશવાના દરબારમાં ગયો. બીજી બાજુ ખંભાતની જકાતનો ભાગ લેવા શ્રીપતરાવે પોતાના નાયબ ભગવંતરાવને મોકલ્યો. ઓછી આવક અને વધુ ખર્ચ હોઈ ભગવંતરાવે ખંભાત લઈ લેવા પેશવાને સમજાવ્યું. અગાઉથી માહિતી મળી જવાથી, ભગવંતરાવ ખંભાત નજીક આવ્યો ત્યારે મોમીનખાને એનું સંમાન કરી અકબરપુરામાં ઉતારો આપ્યો. ભગવંતરાવે અમદાવાદથી જવાંમર્દખાન બાબીને તેડાવવા પત્ર લખેલો તે મોમીનખાનના હાથમાં આવી ગયો તેથી મોમીનખાને ભગવંતરાવ ઊતરેલો તે મકાનને ઘેરો ઘાલ્યો, એને પકડ્યો અને કેદ કર્યો, તેમ ખંભાતના બંદરની જકાતમાં કોઈનો ભાગ હવે નથી એવું પણ જાહેર કરી દીધું. બાજીરાવને ખબર પડતાં ભગવંતરાવને છોડાવવા બાર હજારની સેના ખંભાત તરફ રવાના કરી. ખંભાતને ઘેરો ઘલાયો ને યુદ્ધ શરૂ પણ થયું, પણ પછી 'મિરાતે અહમદી'ના લેખક અલી મુહમ્મદખાનની મસલતથી સુલેહ થઈ અને મોમીનખાન નુકસાનમાંથી ઊગરી ગયો. ભગવંતરાવે એનું વેર વાળવા ખંભાતનાં ગામ લૂંટવા માંડ્યાં. નાનાં નાનાં યુદ્ધ પણ કેટલોક સમય ચાલ્યાં. અંતે સુલેહ થઈ. મોમીનખાને રૂા. ૧૦,૦૦૦ આપવાના ઠર્યા. રકમ હાજર નહિ એટલે તુકોજી નામનો પેશવાઈ સરદાર મોમીનખાનનો જામીન બન્યો. આમ મોમીનખાન ઈ.સ. ૧૭૫૫ સુધી ખંભાતમાંનો કબજો જેમ તેમ કરી સાચવી રાખી શક્યો.[૬૫]

પાદટીપ

૧. D. B. Diskalkar; *Inscriptions of Kathiawad*, No. 110. ધ્રાંગધ્રાની હજૂર ઑફિસમાં(તા. ૨૮-૪-૧૬૦૧)નો લેખ, જેમાં રાવ ભારમલજીનો નિર્દેશ થયો છે.

૨. *Ibid.*, No. 129 : વવાણિયા બંદર નજીકના દહીસરા ગામના ઉત્તર દરવાજે આવેલા એક પાળિયામાં ત્યાં 'મહારાય શ્રી. ભોજરાજજી'ની સત્તા કહી છે (તા. ૧૯-૧૦-૧૬૩૧ નો લેખ).

૩. *Ibid.*, No. 146 : વાંકાનેરના ચંદ્રસિંહજીની સામે લડતાં મરાયેલો રવોજી આ માળિયા-મિયાણી પાસે તા. ૧૨-૧૧-૧૬૮૩ ના દિવસે મરાયેલો.

૩-અ. Sir Campbell, *Gazetteer of the Bombay Presidency*, Vol. V, p. 138

૪. કચ્છની વિગતનો આધાર : આત્મારામ કેશવજી દ્વિવેદી, 'કચ્છ દેશનો ઇતિહાસ', તથા *Gujarat State Gazetteer* : Kutch District

૫. D. B. Diskalkar, *op. cit.*, No. 105 : ખાન આઝમ (મીરઝા અઝીઝ કોકા) સાથેના યુદ્ધમાં કુમાર અજ મરાયા (તા. ૧-૮-૧૫૯૧ નો ભૂચર મોરીના સ્થાન નજીક ભૂતનાથ મહાદેવના મંદિરની ઉત્તરે આવેલો પાળિયો).

૬. 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' (કા. સ. સં.), પૃ. ૪૫૪, આ યુદ્ધની વિગતો માટે જુઓ ઉપર પૃષ્ઠ ૪૮-૪૯.

૭. માવદાસજી ભીમજી રતનુ, 'શ્રીયદુવંશપ્રકાશ અને જામનગરનો ઇતિહાસ', પૃ. ૨૨૮

૮. કા. સ. સં., પૃ. ૪૫૫

૯. D. B. Diskalkar, *op. cit.*, No. 112 : 'મહારાજા શ્રી જામ શ્રી છત્રસાલના પુત્ર શ્રી જસવંત'નું શાસન (તા. ૧૮-૪-૧૬૧૦ નો નાગેશ્વર મહાદેવ મંદિરમાંનો લેખ); આમ છતાં *op. cit*, No. 114 માં 'પાતસાહ શ્રી શલમશાહના માહા-મંડલીક જામશ્રી છત્રસાલજી'નું રાજ્ય (તા. ૧૨-૨-૧૬૧૩ નો નવાનગરના દાદર ગામનો લેખ) કહ્યું છે, પરંતુ શત્રુંજયની વિમલવસહીની ટૂંક ઉપરની હાથીપોળ પાસેના દેરાસરની દીવાલના તા.૭-૪-૧૬૧૯ ના લેખમાં હાલારમાં આવેલા નવીનપુર-(નવાનગર)માં શ્રી જસવંત નામનો જામ સત્તા ઉપર હોવાનું નિર્દેશાયું છે, એટલે હવે શત્રુશલ્ય જીવતો નહિ હોય.

૧૦. વિગતો માટે જુઓ પ્ર. ચિ. પરીખ, 'નિજાનંદ સંપ્રદાય અને સંત પ્રાણનાથ', "ઊર્મિ-નવરચના", વર્ષ ૪૪, પૃ. ૫૪૩-૫૪૮.

૧૧. D. B. Diskalkar, *op. cit.*, No. 121 : કાલાવડ(જિ. જામનગર)ના શીતળા મંદિરની નજીકના શિવાલયની દીવાલનો લેખ, જેમાં 'શ્રી યદુવંશના મહા જામ લાખાજી'નું રાજ્ય કહ્યું છે અને એના ભાઈ વિભાજીને કુમારપદે કહ્યો છે (તા. ૨૦–૯–૧૬૨૫ નો લેખ). *Op. cit*, No. 134 : તા. ૧૪–૨–૧૬૪૦ ના જામનગરના ચોમુખા જૈન દેરાસરમાંશ્રી'ભવનાથજીની બેસણીના લેખમાં યદુવંશના જામ લાખાજીની સત્તા કહી છે.

૧૨. D. B. Diskalkar, *op. cit.*, No 139 : તા. ૧૬–૨–૧૬૬૩ ના જામનગર રાજ્યના શેખપાટ ગામની ડેરીમાંના એક પાળિયામાં જામશ્રી ૭ રાજસિંઘજી યુદ્ધમાં મરાયાનું નોંધાયું છે. આ 'રાજસિંહજી'ના પુત્ર ફૂલજીના પુત્ર વિભાજીનો પાળિયો તા. ૨૦–૧૦–૧૬૯૪ નો જામ ખંભાળિયામાં છે; જુઓ *ibid.*, No., 153.

૧૩. રાવલ (તા. કલ્યાણપુર, જિ. જામનગર) ગામનો કોટ લાખાએ ચણાવ્યો હતો (તા. ૧૫–૫–૧૬૯૭). ત્યાંના લેખમાં યાદવ વંશના જામ રાજસિંઘજીના પુત્ર જામ તમાચીના નૂતનનગરમાં 'જામ લાખાજી'ને રાજ્ય કરતો વર્ણવ્યો છે; *Ibid.*, No., 155

૧૪. મુખ્યત્વે કા. સ. સં., પૃ. ૪૫૬–૪૫૯ માંથી વિગતો લીધી છે.

૧૫. D. B. Diskalkar, *op, cit.*, No 138. ધ્રોળ નજીકના ખારવા ગામના તા. ૮–૫–૧૬૫૯ ના એ લેખમાં જાડેજા શ્રી જણજીનું રાજ્ય કહ્યું છે.

૧૬. શં. હ. દેશાઈ, 'જૂનાગઢ અને ગિરનાર', પૃ. ૭૨–૭૩

૧૭. મોરબીના ઉત્તર દિશાએ આવેલા સ્મશાનમાંના તા. ૨૧–૧૧–૧૭૪૦ ના પાળિયામાં 'ઠાકરશ્રી કાંહીઆજી'ના પુત્ર જાડેજા 'અલઈઆજી'ની ડેરી કર્યાનું અને એ જ દિવસના બીજા પાળિયામાં 'જાડુજા સાહેબ ભારાજીના પુત્ર વીસાજી'નો પાળિયો ઊભો કર્યાનું લખ્યું છે; જુઓ D. B. Diskalkar, *op. cit.*, No. 170.

૧૮. દરવાજામાં પ્રવેશ કરતાં ડાબી બાજુની દીવાલમાંનો લેખ

૧૯. પોરબંદરના શાંતિનાથના દેરાસરના સં. ૧૬૯૧(ઈ.સ. ૧૬૩૫)ના લેખમાં વિકમાતજીને યુવરાજ કહેલો હોઈ ઈ સ. ૧૬૩૫ માં કે નજીકના વર્ષમાં એનું અવસાન થયું હશે. જુઓ ત્રિ. ઓ. શાહ, મણિભાઈ વોરા, મધુસૂદન ઢાંકી, 'પોરબંદરના શાંતિનાથ–જિનાલયના બે શિલાલેખો', "ફાર્બસ ત્રૈમાસિક", વર્ષ ૩૦, પૃ. ૧૭૨–૧૭૬.

૨૦. કે. કા. શાસ્ત્રી, 'પશ્ચિમ સૌરાષ્ટ્ર : ઇતિહાસની આરસીમાં', "ગુજરાતી સાહિત્ય પરિષદ–અધિવેશન–પોરબંદર–સ્મરણિકા", પૃ. ૩૯–૪૦

૨૧. D. B. Diskalkar, *op. cit.*, No. 109 : મહારાણા ચંદ્રસિંહના રાજ્યકાલમાં હામપોર ગામમાં શિવમંદિર બંધાયું (તા. ૪–૨–૧૫૯૯ નો લેખ); No. 113 : 'પાતશાહ સેલિમશાહના વિજયરાજ્યમાં નૃપતિ શ્રી ચંદ્રસેનજી'નો ઉલ્લેખ છે (ધ્રાંગધ્રા નજીકના ગાળાના જૈન મંદિરનો તા. ૨૩–૨–૧૬૧૨ નો લેખ).

૨૨. આચાર્ય ઈ.સ. ૧૬૨૮ કહે છે, પણ એ સં. ૧૬૨૬ જોઈએ. નીચે D. B. Diskalkar, *op. cit.*, No. 124 પરની નોંધ જુઓ.

(૧) *Ibid.*, No. 111 : તા. ૧-૫-૧૬૦૭ ના કોંઢાના કોંઢેશ્વર મહાદેવના મંદિરના લેખમાં રણમલ્લ શત્રુશલ્ય જિતરાજજી રણવીર ભીમ વાઘ રાજધર રણ વરસિંહ ભીમ વરસિંહદેવ અને ઉદયસિંહ અને ઉદયસિંહનો કલ્યાણ એવો ક્રમ છે. આમાંના રણ(રાણીંગદે) પછીના ચાર ધ્રાંગધ્રાની સમાંતર શાખાના જણાય છે, કારણ કે આ સમયે તો ચંદ્રસિંહજી હતો.

(૨) *Ibid.*, No. 119 : ધ્રાંગધ્રાના ચરડવા મહાલમાંનો માથકની વાયવ્ય ખૂણામાં આવેલી દેરીના તા. ૪-૧-૧૬૨૧ ના લેખમાં 'મહારાણા શ્રી ચંદ્રસેનજીના રાજ્યમાં કુમાર ભોજરાજ'ના નિધનના ઉલ્લેખવાળો પાળિયો.

(૩) *Ibid.*, No. 124 : હળવદની ભવાની માતાના મંદિરની પૂર્વ બાજુ આવેલી ડેરીનો તા. ૧૧-૫-૧૬૨૬ નો લેખ, જેમાં એ દિવસે શ્રી ચંદ્રસેનજીનું મરણ થતાં, પાછળથી મહારાણા અમરસિંહજીએ એ દેરી કરાવ્યાનું લખ્યું છે.

(૪) *Ibid.*, No 132 : તા. ૩૦-૩-૧૬૩૪ ના હળવદની ભવાની માતાના મંદિરના લેખ પરથી હજી મહારાણા શ્રી આસકરણજી રાજ્ય કરતો હોવાનું જણાય છે.

(૫) *Ibid.*, No. 136 : તા ૨૫-૬-૧૬૪૪ના રાજસીતાપુરમાં આવેલા લક્ષ્મીનારાયણના મંદિર પાસેના શિવાલયના લેખમાં ઝાલાવાડના હળવદમાં 'મહારાણા શ્રી ચંદ્રસેનના પુત્ર અમરસંઘજી'ની સત્તા કહી છે.

૨૩. D. B. Diskalkar, *op. cit.*, No. 142 : તા ૨૯-૧-૧૬૬૬ ના હળવદની એક દેરીમાંના આ લેખમાં મહારાણા ગજસંઘજીની સત્તા કહી છે.

૨૪. *Ibid.*, No. 150 : તા. ૫-૫-૧૬૯૩ ના હળવદની ૩૬ સ્તંભવાળી દેરીના આ લેખમાં મહારાણા જસવંતસંઘજીનું શાસન કહ્યું છે. *Ibid.*, No. 164 માં તા. ૧-૪-૧૭૨૩ના પાળિયામાં પણ એનું શાસન કહ્યું છે.

૨૪-અ. જુઓ ઉપર પૃષ્ઠ ૭૬.

૨૫. D. B. Diskalkar, *op. cit.*, No. 176 : તા. ૯-૫-૧૭૫૯ ના ધ્રાંગધ્રાના મણિનાગેશ્વર મંદિરમાંના આ લેખમાં કોઈ આવરદારે તા. ૬-૮-૧૭૫૩ ના દિવસે શિવમંદિર ચણાવવાનો આરંભ કર્યો ત્યારે રાજ્ય અહમદશાહનું હતું ને ઝાલાવાડમાં 'દેસપતિ મહારાણા શ્રી રાએસંઘજી'નું રાજ્ય હતું. એ મંદિર તા. ૯-૫-૧૭૫૯ માં પૂરું થયું ત્યારે રાજા તરીકે શ્રી ગજસંઘજી હતા અને એને પટધર કુમાર જસવંતસંઘજી હતો.

૨૬. *Ibid.*, No. 165 : અદાજીએ પોતાના પિતા ભોજરાજજીની દેરી શિયાણીના તળાવની પાળે કર્યાનું તા. ૧૫-૭-૧૭૨૪ના આ લેખમાં સૂચન છે.

૨૭. *Ibid.*, No. 167 : લીંબડીના તળાવની પાળે ઊભેલા પાળિયામાં તા. ૨૮-૩-૧૭૩૭ ને દિવસે કુમાર વેહરાજીના અવસાનની નોંધ છે.

૨૮. *Ibid.*, Nos. 167, 169, 180

૨૯. *Ibid.*, No, 120 : વાંકાનેરના મહાલક્ષ્મી મંદિર પાસેના પાળિયાનો તા. ૩૧-૩-૧૬૨૩ નો લેખ. એમાં મહારાણા શ્રી માનજીના પુત્ર મહારાણા શ્રી રાયશંઘજીના પુત્ર મહારાણા શ્રી ચંદ્રસેનજીના પુત્ર મહાકુમાર શ્રી પ્રથીરાજના પુત્ર મહાકુમાર શ્રી શરતાનજીના અવસાનની નોંધ છે. એની પાછળ ઈડરના રાયનારાયણદાસના પુત્ર રાય કલ્યાણમલજીની પુત્રી પ્રાણાવંતી સતી થઈ હતી.

૩૦. *Ibid.*, No. 131 : ઢુવા(તા. વાંકાનેર)ના લક્ષ્મીનારાયણ મંદિરના તા.૯-૬-૧૬૩૨ ના મૂળ લેખમાં વાંકાનેર પ્રગણે રાણાશ્રી માનસંઘજી અને એના પુત્ર રાયસંઘજી એમ બેઉ નામ મળે છે.

૩૧. *Ibid.*, No. 146 : માળિયા-મિયાણાના પ્રદેશ ઉપર ચડી આવેલા ચંદ્રસિંહજી સામે લડતાં કચ્છના રાવ રાયધણજીનો પુત્ર રવોજી મરાયાનું તા. ૧૩-૧૧-૧૬૮૩ ના આ પાળિયા પર નોંધાયું છે.

૩૨. *Ibid.*, No. 135: તા. ૨૧-૪-૧૬૪૨ ના વઢવાણના પાળિયામાં મહારાણા ચંદ્રસેનજીના પુત્ર પૃથ્વીરાજજીનો પુત્ર રાજોજી મરણ પામતાં રાઠોડ રાણી સતી થયાનું કહ્યું છે.

૩૩. કા. સ. સં., પૃ. ૫૬૯

૩૪. અહીં સુધીનું કા. સ. સં., પૃ. ૫૬૯ ના આધારે.

૩૫. આ દામાજી ગાયકવાડે શિવમંદિર લોલિયાણા(વલભીપુર મહાલ)માં તા. ૯-૫-૧૭૩૮ ને દિવસે પૂરું કરેલું; જુઓ D. B. Diskalkar, *op. cit.*, No. 168.

૩૬. *Ibid.*, No. 171 : તા. ૨૦-૮-૧૭૪૧ના વઢવાણની હાડીમાની જગ્યાના લેખમાં મહારાણા શ્રી અરજનસિંહજી સાથે હાડા શ્રી અમરસિંહજીની પુત્રી બાઈ શ્રી દેવકુંવરે સહગમન કર્યું એનો પ્રાસાદ પરમાર કુટુંબની આછાંબાના પુત્ર મહારાણા શ્રી સબલસિંહજીએ કરાવ્યાનું નોંધાયું છે.

૩૭. *Ibid.*, No 154 : તા. ૨૨-૪-૧૬૯૬ ના દિવસે વજેરાજજીના પુત્ર શેષમલના પુત્ર ગોપાલસિંહજીનો પુત્ર કચ્છનાં સૈન્યો સાથે લડતાં મરાયેલો એની થાનના પાધરમાંના આ પાળિયાલેખમાં નોંધ છે, જ્યારે *ibid.*, No. 158 માં થાનના તા. ૧૯-૯-૧૭૦૧ ના એક અન્ય પાળિયામાં મહારાણા અભિરાજજીના સુત વજેરાજજીના સુત શેષમલજીના સુત 'સગરામસંઘજી' નોંધાયા છે. *Ibid.*, No. 163 ના તા. ૩૧-૮-૧૭૨૦ ના પાળિયા-લેખમાં પણ આ ક્રમ મળે છે.

૩૮ *Ibid,* No. 125 માં પાતશાહ શ્રી શાહાજહાનના રાજ્યમાં પરમાર શ્રી રામજીનું વિજયરાજ્ય કહ્યું છે (મૂળીના માંડવરાય મંદિરનો તા. ૨૫-૧-૧૬૨૯ નો આ લેખ છે).

૩૯. *Ibid.*, No. 143 : તા. ૧૪-૮-૧૬૭૯ના મૂળીના પાધરના પાળિયામાં પરમાર વિસોજી મરણ પામતાં કોઈ બ્રાહ્મણે આપઘાત કર્યાનું લખ્યું છે. આ વિસોજી મૂળીના ભોજરાજજી ૨ જાનો સૌથી નાનો ભાઈ હતો.

૪૦. ભારત રાજ્યમંડલ (ભા. રા. મં.), ભાગ ૧, પૃ. ૨૦૧-૨૦૨

૪૧. એજન, ભાગ ૨, પૃ. ૧૨૮ (૨૮)-૧૨૮ (૪૭)

૪૨. એજન, ભાગ. ૧, પૃ. ૨૩૬-૨૩૭

૪૩. D. B. Diskalkar, *op. cit.*, No 103 : તા. ૧૩-૧૦-૧૫૭૭ ના ગાયંતી વાવના આ લેખમા અકબરના રાજ્યમાં વિસાજીની સત્તા હોવાનો ઉલ્લેખ છે.

૪૩-અ. તા. ૨૫-૧૦-૧૬૧૭ ના વરતેજના પાળિયા-લેખમાં ધુનાજીની સત્તાનો નિર્દેશ છે; જુઓ *ibid.*, No. 116.

૪૪. *Ibid.*, No. 175 : તા. ૬-૯-૧૭૫૨ ના લાઠીના ભીડભંજન મહાદેવના મંદિરમાંના લેખમાં લાઠીમાં ગોહેલ સંઘજીનું રાજ્ય કહ્યું છે.

૪૫. ભા. રા. મં. ભાગ ૧, પૃ. ૨૧૦-૨૧૩

૪૬. D. B. Diskalkar, *op.cit.*, No. 144 : તા. ૩૧-૫-૧૬૮૨ ના બેટ શંખોદ્ધારમાંના લક્ષ્મીજીની વખાર નામક સ્થાન નજીક ઊભેલા પાળિયામાં રાણા શ્રી ભીમજીનો ઉલ્લેખ છે.

૪૭. *Ibid.*, No. 140 : તા. ૯-૧-૧૬૬૪ ના બેટ શંખોદ્ધારમાંના નવા શંખનારાયણ મંદિર પાસેના પાળિયામાં સંગ્રામજીનો પુત્ર રાણો અખેરાજજી મરણ પામ્યાનો નિર્દેશ છે.

૪૮. ભા. રા. મં., ભાગ ૨, પૃ. ૮૧

૪૮-અ. M. s. Commissariat, *History of Gujarat*, Vol. II, p. 10

૪૮-આ. *Ibid.*, p. 178; વળી જુઓ ઉપર પૃ. ૭૭.

૪૯. ઈડર રાજ્યનો ઇતિહાસ, ભા. ૧. પૃ. ૧૩૩-૩૦૭

૫૦. ભા. રા. મં., ભાગ ૧; પૃ. ૨૨૨-૨૨૩

૫૧. એજન, ભાગ ૧, પૃ. ૨૨૪-૨૨૫

૫૨. એજન, ભાગ ૧, પૃ. ૧૯૪-૧૯૫

૫૩. આ સ્થળ પાલનપુર તાલુકામાં કાંકરેજ વિભાગમાં બહેચરાજીથી ઉત્તરે ૫ કિ.મી. ઉપર છે.

૫૪. ભા. રા. મં., ભાગ ૧, પૃ. ૨૨૯
૫૫. એજન, ભાગ ૧, પૃ. ૨૯૧-૨૯૨
૫૬. ધરમપુર તો રામદેવની પછી આવેલા ધરમદેવે ઈ.સ. ૧૭૬૬ માં વસાવ્યું ત્યાં સુધી ગાદી નગર(રામનગર)માં હતી.
૫૭. ભા. રા. મં., ભાગ. ૧, પૃ. ૨૮૧-૨૮૩
૫૮. એજન, ભાગ ૨, પૃ. ૧૩૮-૧૩૯
૫૯. શં. હ, દેસાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ,' પૃ. ૫૯૧-૯૯
૬૦. આ બનાવ ૧૭૦૩ માં જાફરખાનની નાયબ-હાકેમી વખતે બન્યાનું આ જ ગ્રંથમાં નોંધાયું છે.
૬૧ ભા. રા. મં., ભાગ ૧, પૃ. ૧૯૧-૧૯૨
૬૨. કે. કા. શાસ્ત્રી, 'સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓ-૧, માંગરોળ-સોરઠ', પૃ. ૫૯-૬૬
૬૩. પાલનપુર રાજ્યની વિગત 'પાલણપુર રાજ્યનો ઈતિહાસ', ભાગ ૧, પૃ. ૧ થી ૨૦૦ માંથી તારવી છે.
૬૪. મીરઝા જાફરનું આખું નામ મીરઝા જાફર નજમુદ્દૌલા મોમીનખાન હતું, એટલે એના અવસાન સુધીના હેવાલમાં ર. ભી. જોટેએ મોમીનખાન નામ પ્રયોજ્યું છે ('ખંભાતનો ઇતિહાસ', પૃ. ૬૨-૬૭).
૬૫. ખંભાતના ઇતિહાસની વિગતો શ્રી રત્નમણિરાવ ભીમરાવના 'ખંભાતનો ઇતિહાસ'નાં પૃ. ૬૦-૭૪ માંથી સંક્ષેપમાં લેવામાં આવી છે.

*

પરિશિષ્ટ ૧

ગુજરાતમાં વિદેશી વસાહતો

૧. પોર્ટુગીઝ વસાહતો

મહમૂદ બેગડાના મરણ બાદ ગુજરાતના કિનારા પર ફિરંગીઓનો પ્રભાવ વધ્યો.[1] મુઘલ બાદશાહ હૂમાયુંની વિરુદ્ધ લડવામાં ગુજરાતના સુલતાન બહાદુરશાહે ફિરંગીઓની મદદ લીધી હતી તેથી દીવ અને દમણ પર ફિરંગી-વર્ચસ સ્થપાયું. પોર્ટુગીઝોએ દમણ ગુજરાતના એક અમીર પાસેથી મેળવ્યું હતું. એમની વસાહતોમાં ખ્રિસ્તી ધર્મપ્રચારપ્રવૃત્તિઓ ચાલતી તેથી દમણમાં પણ જેસુઈટ ચર્ચ ઉપરાંત ડોમિનિકન, ફ્રાંસિસ્કન અને ઑગસ્ટિયન ચર્ચ પણ હતાં. દીવના કિલ્લાને ફરતી બેવડી ખાઈ હતી. બહારની ખાઈની ઊંડાઈ વધુ હોવાથી એમાં વહાણ પણ આવી શકતાં. કિલ્લા પર મોટી તોપો રાખવામાં આવતી. આમ દીવ પોર્ટુગીઝો માટે સુરક્ષિત સ્થળ હતું અને વેપારી મથક હતું.

અકબરના દરબારમાં જેસુઈટ મિશન વારંવાર જતાં. બાદશાહે એમને ધર્મ બાબત અમુક છૂટછાટો આપી હતી. અકબર તથા જહાંગીરના સમયમાં પોર્ટુગીઝોને ખંભાતમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનો તથા ચર્ચ બાંધવાનો પરવાનો મળ્યો હતો. પોર્ટુગીઝોની સંખ્યા પણ એ સ્થળે મોટી હતી. ઈ.સ. ૧૬૦૫ માં ત્યાં ૮૦ પોર્ટુગીઝ કુટુંબ વસતાં હોવાનું નોંધાયું છે. દરિયાકિનારે પોર્ટુગીઝોએ વિશાળ આવાસગૃહ બંધાવ્યાં હતાં. મુસાફર ટેવેર્નિયરે એના પ્રવાસ (ઈ.સ. ૧૬૬૨-૬૬) દરમ્યાન એના ભગ્નાવશેષ નિહાળ્યા હતા.[2] ખંભાતનો વેપાર બહોળો હતો. એક સમયે ફિરંગીઓ(વિદેશીઓ)નાં ૨૦૦ વહાણ બારામાં નાંગરેલાં હોવાનો ઉલ્લેખ છે. ૧૬૧૬ પછી અંગ્રેજોની વેપારી જમાવટ ખંભાત બંદરે થતાં ફિરંગીઓનું જોર ઓછું થયું. સુરત મુકામે પણ પોર્ટુગીઝોનાં વળતાં પાણી થયાં.

૨. વલંદા(ડચ) વસાહતો

વેપારી અને વહાણવટી તરીકે વલંદા પંકાતા. ઈ.સ. ૧૬૦૨ માં પૂર્વમાં વેપાર કરતી વિવિધ કંપનીઓનું એકત્રીકરણ કરી ડચ યુનાઇટેડ કંપનીની સ્થાપના થઈ. ડચ સરકારે વેપારી કંપનીને કેટલાક હક્ક આપ્યા હતા, જેમાં યુદ્ધ

કે સંધિ કરવાના તથા ભૂમિ કબજે કરી એ સ્થળે કિલ્લેબંદી કરવાના અધિકાર નોંધપાત્ર છે.

અંગ્રેજો વલંદાઓ અને ફ્રેંચોના આગમન સમયે હિંદના દરિયાકિનારા પર પોર્ટુગીઝોનું વર્ચસ હતું. મુઘલોની નૌકાશક્તિના અભાવમાં પોર્ટુગીઝોને પડકારનાર કોઈ બીજી સત્તા ન હતી. વલંદા ઉત્તમ પ્રકારના ખલાસી હોવાથી એમણે પોર્ટુગીઝોની દરિયાઈ શક્તિને પડકારી. હિંદના પશ્ચિમ કિનારા પર વેપારની શરૂઆત કરવાના પ્રયત્ન ન્યુઝીલેંડના બે વેપારીઓએ કર્યા હતા, પરંતુ ગોવાના પોર્ટુગીઝોએ તેઓને મારી નાંખ્યા.

વલંદાઓનો મુખ્ય વેપાર તેજાનાના ટાપુઓ સાથે હતો તેથી હિંદના કોરોમાંડલ કિનારા પર એમની વેપારી કોઠીઓ હતી, પરંતુ અમુક સમય પછી ગુજરાત સાથે વેપારની જરૂરત વલંદાઓને લાગી. પહેલાં અરબો પણ ગુજરાતના કાપડની સાટે ટાપુઓના નિવાસીઓ પાસેથી તેજાના ખરીદતા હતા એ કારણે ગુજરાતમાં વસાહત સ્થાપવાની જરૂરત ઊભી થઈ. ઈ.સ. ૧૬૦૧ માં વલંદા સુરત આવ્યા હતા અને ૧૬૦૬ માં એમણે એ સ્થળે કોઠી સ્થાપી હતી. એ સમયે પોર્ટુગીઝો એમના હરીફ હતા. બુરહાનપુર ખાતે મુઘલોના વડા ખાનખાનાના કાન પોર્ટુગીઝો વલંદાઓ વિરુદ્ધ ભંભેરી રહ્યા છે એ બાકે સુરતમાં વાન ડેનિસ નામે એક વલંદાએ આત્મહત્યા કરી અને ત્યાર બાદ સુરતની કોઠી બંધ કરી. હવે નવેસરથી ગુજરાતમાં વેપાર અર્થે વલંદાઓએ ઈ.સ. ૧૬૧૫ માં પ્રયત્ન કર્યા. એ જ વર્ષે ડચ પ્રતિનિધિ તરીકે વાન રેવિસ્ટનને જહાંગીરના દરબારમાં વેપારી સવલતો મેળવવાના કારણે મોકલવામાં આવ્યો. એ જ ગાળામાં અંગ્રેજ પ્રતિનિધિ ટોમસ રો જહાંગીર પાસે વેપારી સવલતો મેળવવાના આશયથી બુરહાનપુર જઈને રહ્યો હતો. રેવિસ્ટનને બાદશાહ પાસેથી વેપારી સવલતો મેળવવી દુર્લભ લાગી. વળી રો પણ વલંદા વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરતો હતો. રેવિસ્ટનને જણાયું કે વલંદાઓ માટે એ વેપારને અનુકૂળ રાજકીય વાતાવરણ નથી, પરંતુ એનો રિપોર્ટ આવે એ પહેલાં એક ડચ પ્રતિનિધિ ઓકેને સુરત ખાતે કોઠી સ્થાપવા મોકલવામાં આવ્યો. ઈ.સ. ૧૬૧૬ ના ઑગસ્ટમાં એણે સુરત આવી સત્તાવાળાઓ પાસેથી પરવાનો મેળવ્યો. સત્તાવાળાઓને કામચલાઉ પરવાનગી આપવી પડી, કારણ કે વલંદા ગુજરાતનાં વહાણોને નુકસાન કરવાની શક્તિ ધરાવતા હતા. ઈ.સ. ૧૬૧૮ મા શાહજાદા ખુર્રમ પાસેથી વલંદા વેપારી સંધિ મેળવી શકયા. શરૂઆતનાં વર્ષોમાં અંગ્રેજો સાથે સશસ્ત્ર અથડામણો થતી હોવા છતાં વલંદા ગુજરાત સાથે એમનો વેપાર વિકસાવી શકયા. શરૂઆતમાં બટેવિયાથી વર્ષમાં ત્રણ

કે ચાર વહાણુ ગુજરાત અને અરબસ્તાન તરફ જતાં. વેપાર વધતાં અમદાવાદ અને ભરૂચ સ્થળે પણ વલંદાઓની વેપારી કોઠીઓ સ્થાપવામાં આવી.

સુરતમાં વલંદાઓની વસાહત હતી અને તેઓ ત્યાં ઠાઠથી રહેતા. એમના ડાયરેક્ટરનો આવાસ વિશાળ હતો. ઈ.સ. ૧૬૨૭ માં ટોમસ હર્બટે સુરતનું વર્ણન કર્યું છે: એ વલંદાઓના અને અંગ્રેજોના આવાસ તેમજ ફર્નિચર ઉત્તમ પ્રકારનાં હોવાનું જણાવે છે. મેન્ડેલસ્લોના કહેવા પ્રમાણે સુરત પાસે નદીને પેલે પાર રાંદેર ખાતે વલંદાઓની વખાર હતી. વલંદાઓનું વેપારી થાણું અમદાવાદમાં મુખ્ય ચાર રસ્તાઓ પર હોવાનું મુસાફર થેવેનો (ઈ.સ. ૧૬૬૬) જણાવે છે.

શાહજહાં પોર્ટુગીઝોને હરાવવા વલંદાઓની મદદ લેવા ઇચ્છતો હતો, એણે બદલામાં વેપારમાં અમુક છૂટછાટો આપવાની તૈયાર બતાવી, પણ બટેવિયાના ગર્વનરે એ દરખાસ્ત નામંજૂર કરી.

૧૭ મી સદીની છેલ્લી પચીસીમાં વેપારના પ્રમાણમાં અતિશય વધારો થયો. એના લાભ વલંદાઓએ મેળવ્યા. વલંદા ૧૦૦ રૂપિયાના માલ પર ૫૦૦ રૂપિયા નફો રાખતા. એ જ સૈકાના અંતભાગમાં સત્તાવાળાઓના ત્રાસના કારણે વલંદાઓને સુરતનો વેપાર બંધ કરવો પડ્યો. ઈ.સ. ૧૬૯૮ માં મુઘલ અમીરોનાં વહાણ યુરોપના ચાંચિયાઓએ લૂંટ્યાં. પરિણામે ફ્રેંચ વલંદાઓની કોઠીઓ પર નિયંત્રણ મુકાયાં. અંતે સુલેહ થતાં ઔરંગઝેબે એ ઉઠાવી લીધાં. અંગ્રેજો અને ફ્રેંચોની માફક વલંદાઓને પણ મુઘલોનાં વહાણ લૂંટવા બદલ નુકસાની પેટે રકમ ભરવાની હતી. વલંદાઓએ ૭૦ હજાર રૂપિયા ચૂકવ્યા અને મક્કા જતાં વહાણોના રક્ષણની બાંયધરી આપી.

૧૮ મા સૈકાના ઉત્તરાર્ધમાં મુઘલોની સત્તાના અસ્ત સમયે અંગ્રેજોનું વર્ચસ સુરત પર વધ્યું. પરિણામે વલંદાઓને સહન કરવું પડ્યું. ૧૭૬૨ માં સુરતના નવાબે વલંદાઓની કોઠી જપ્ત કરી. વલંદાઓએ શહેરમાંથી કોઠી ખસેડી અને નવી જગ્યાએ ખોલી. આ જગ્યા વલંદાવાડ તરીકે ઓળખાઈ. અંતે ઈ.સ. ૧૭૮૮ માં વલંદા સુરતની કોઠી છોડી જતા રહ્યા.

૩. અંગ્રેજ-વસાહતો

વલંદાઓને નફાકારક વેપાર કરતા જોઈ અંગ્રેજોએ હિંદનો વેપાર શરૂ કર્યો. ૧૬ મા સૈકાની છેલ્લી પચીસીમાં ઇગ્લૅન્ડની રાણી ઇલિઝાબેથે 'ખંભાતના શહેનશાહ' (મુઘલ બાદશાહ)ને વેપારી સગવડો આપવા અર્થે પત્ર લખ્યો હતો,[૩] પરંતુ અંગ્રેજોને વેપારી સવલતો તરત પ્રાપ્ત ન થઈ, કારણ કે મુઘલ દરબારમાં

પોર્તુગીઝ પાદરીઓ અંગ્રેજોને ફાવવા દે એમ નહોતું. સુરત બંદરે ૧૬૦૮માં અંગ્રેજ વહાણ 'હેક્ટર' નાંગર્યું. જહાંગીર પાસેથી વિલિયમ હોકિન્સે વેપારી સગવડો મેળવી, પરંતુ મુઘલ અમીરો અને પોર્ટુગીઝોની ખટપટને લીધે એ રદ કરવામાં આવી. હોકિન્સ પછી ૧૬૧૧ માં હેન્રી મિડલ્ટન સુરત આવ્યો. એ સમયે પોર્ટુગીઝો અવરોધરૂપ હતા. પોર્ટુગીઝોનાં નાનાં વહાણ ચોકી કરતાં હોવાથી સુરત બંદર અંગ્રેજો માટે બંધ હતું તેથી મિડલ્ટને પાસેના સુંવાળી બંદરે વહાણ નાંગર્યાં ને વેપાર પણ શરૂ કર્યો. પોર્ટુગીઝોના દબાણને કારણે મુઘલ સત્તાવાળાઓએ અંગ્રેજોને સુંવાળી છોડવાનો હુકમ કર્યો. મિડલ્ટને રાતા સમુદ્ર પર અંગ્રેજ શક્તિનો પરચો બતાવ્યો, સુરત અને દીવનાં વહાણ અટકાવ્યાં. એ છોડાવવા લાગતા વળગતાને સારી એવી રકમ ભરપાઈ કરવી પડી. ત્યાર પછી ૧૬૧૨ માં કેપ્ટન બેસ્ટે સુંવાળી ખાતે પોર્ટુગીઝોને હરાવ્યા તેથી સુરતના અમલદાર પર અંગ્રેજો વિશે સારી છાપ પડી. બેસ્ટને આવકાર મળ્યો અને સત્તાવાળાઓએ કરાર પણ કર્યા. ૧૩ મી ઑક્ટોબર ૧૬૧૩ ના રોજ શાહી ફરમાન પણ આવ્યું. સુરત ખાતે વેપારી કોઠી ખોલવામાં આવી. એનો વડો ટોમસ એલ્ડવર્થ હતો. અંગ્રેજોનો વેપાર બરોબર ન ચાલ્યો, કારણ કે સ્થાનિક વેપારીઓને પોર્ટુગીઝો પ્રતિ પક્ષપાત હતો. બીજી તરફ પોર્ટુગીઝો અંગ્રેજોને મળેલા વેપારી હક્કોથી ચિડાયેલા હતા તેથી તેઓએ મુઘલોનાં વહાણોને રંજાડવાનું શરૂ કર્યું. મુઘલોએ ઇંગ્લૅન્ડથી આવેલા ડાઉન્ટન પાસે પોર્ટુગીઝો વિરુદ્ધ સહાયની માગણી કરી. પોતાના દેશની પરવાનગી વિના ડાઉન્ટને એમ કરવાની અશક્તિ દર્શાવી તેથી મુઘલ સત્તા રોષે ભરાઈ. ગોવાનો પોર્ટુગીઝ ગવર્નર અંગ્રેજ વહાણોને ખતમ કરવા સુરત આવ્યો. એ બંને વચ્ચે સુંવાળી બારા પાસે લડાઈ થઈ. પોર્ટુગીઝોને દીવ ભાગી જવું પડ્યું. અંગ્રેજોની જીતને પરિણામે દરિયાઈ વેપારમાં થોડી રાહત થઈ.

ઇંગ્લૅન્ડના રાજા જેમ્સ પહેલાના પ્રથમ અધિકૃત એલચી તરીકે ટોમસ રો ૧૬૧૫ના સપ્ટેમ્બરમાં હિંદ આવ્યો. ડિસેમ્બરમાં જહાંગીર પાસે પોતાનાં ઓળખપત્ર રજૂ કર્યાં. એ ત્રણ વર્ષ લગી બાદશાહની છાવણીઓમાં સાથે ને સાથે રહ્યો. અંતે એણે ગુજરાતમાં વેપાર કરવાનો પરવાનો મેળવ્યો. શાહજાદા ખુર્રમ પાસેથી અંગ્રેજોને જે કરાર મળ્યા તે પ્રમાણે અંગ્રેજોને હથિયાર રાખવાની, પોતાનો ધર્મ પાળવાની અને પોતાના ઝઘડાઓનો નિવેડો લાવવાની છૂટ હતી, પરંતુ એમને ઘર બાંધવાની મનાઈ હતી. ૧૬૧૩ માં સુરતની કોઠીની સ્થાપના બાદ ૧૬૧૫ થી ૧૬૩૮ ના ગાળામાં ખંભાત ભરૂચ વડોદરા અને અમદાવાદમાં એની શાખાઓ સ્થાપવામાં આવી હતી.

હિંદમાં બધાં અંગ્રેજી વેપારી થાણાંઓના વડા મથક તરીકે સુરતની કોઠી કામ કરતી તેથી એ હિંદમાં અંગ્રેજી સામ્રાજ્યનો મુખ્ય આધાર કહેવાઈ છે. અન્ય કોઠીઓના વડાઓએ ફેક્ટરીઓના અહેવાલ આપવા વર્ષમાં એક વાર સુરત જવાનું થતું. શરૂઆતના આગેવાનો બેસ્ટ ડાઉન્ટન ઍલ્ડવર્થ કેરિજ વગેરે સાહસિક પુરુષ હતા. તેઓએ પોર્તુગીઝોની તીવ્ર હરીફાઈ દુશ્મનાવટ રોગચાળો ઇત્યાદિ મુશ્કેલીઓનો સામનો કરી સુરતમાં અંગ્રેજોનું વેપારી મથક મજબૂત કર્યું. સુરતની કોઠીના વહીવટ અર્થે પ્રેસિડેન્ટ હતો; એનો વાર્ષિક પગાર ૫૦૦ પૌંડ હતો. અન્ય ચાર અધિકારી હતા — એકાઉન્ટન્ટ–ખજાનચી, વખારનો અધિકારી, પર્સર–મેરિનર અને સેક્રેટરી. યુરોપથી આવતા મુસાફર કેટલીક વાર વિદેશીઓના વેપારી કોઠીમાં રહેતા. ફ્રાયર અને ઑવિંગ્ટનનાં લખાણો પ્રમાણે બ્રિટનની વેપારી કંપની સુરતમાં મકાનનું ભાડું વર્ષે ૬૦ પૌંડ ચૂકવતી. એ માળવાળા મકાનનો ઉપલો ભાગ નિવાસ અર્થે અને નીચલો ભાગ ધંધા અર્થે વપરાતો. પ્રેસિડેન્ટનો આવાસ વધુ સગવડવાળો હતો. ડૉ. જ્હૉન ફ્રાયરે કરેલા વર્ણન પ્રમાણે પથ્થર અને લાકડાથી બાંધેલું મકાન દેશી કારીગરીથી સુશોભિત હતું. આનંદ-પ્રમોદ અર્થે અલાયદી વ્યવસ્થા હતી. વળી એક સાદું દેવળ પણ હતું. એનો પાદરી હિંદમાં અંગ્રેજ કોઠીઓના રહેવાસીઓની ધાર્મિક વિધિઓ સંપન્ન કરતો.[૪] ૧૬૯૮ ના સનદી ધારાથી બ્રિટિશ પાર્લમેન્ટે કંપનીના કિલ્લાઓ અને અગત્યની કોઠીઓમાં પાદરી રાખવાની વ્યવસ્થા કરી આપી હતી. હિંદ આવ્યા પછી પાદરીએ એક વર્ષમાં પોર્તુગીઝ તેમજ દેશી ભાષા શીખી લેવાની રહેતી.[૫] ૧૭૦૦ માં પ્રાર્થનાનું એક ચોક્કસ સ્વરૂપ ડાયરેક્ટરોએ મોકલી આપ્યું.

હિંદીઓને પ્રભાવિત કરવા અંગ્રેજો ઠાઠથી રહેતા. રવિવારે અને રજાના દિવસે ધાર્મિક પ્રવચન સાંભળ્યા પછી શહેર બહાર ઉદ્યાનમાં ફરવા કે તરવા જતા. શિકાર કરીને કે અન્ય રીતે દિલ બહેલાવતા. સ્વાદિષ્ઠ વાનગીઓ બનાવવા હિંદી અંગ્રેજી અને પોર્તુગીઝ રસોઇયાઓને રોકવામાં આવતા. વાનગીઓમાં માખણ, બદામ તેમજ અનેક જાતનાં માંસ અને ફળનો ઉપયોગ થતો. એ સમયે અંગ્રેજો ચાંદીનાં વાસણોમાં ભોજન કરતા, કારણ કે ચીનાઈ માટીનાં કે કાચનાં વાસણ મોંઘાં પડતાં. માંસ અને દારૂના અતિસેવન અને નવી આબોહવાને કારણે માંદગી અને મૃત્યુનું પ્રમાણ વધુ હતું. એ લોકોમાં એક કહેવત શરૂ થઈ કે "વ્યક્તિનું આયુષ બે ચોમાસાં". અંગ્રેજો સવારે બન્ટ વાઇન લેતા. સવારના ૭ વાગ્યે દેવળમાં એમની હાજરી ફરજિયાત હતી. ગેરહાજર વ્યક્તિ અર્ધો ક્રાઉનનો દંડપાત્ર બનતી. પ્રાર્થના પૂરી થયા બાદ કોઠીના દરવાજા ખૂલતાં,

વેપાર અર્થે વેપારીઓ આવતા. હિંદમાં કામ કરતા અંગ્રેજો માટે દેશી ભાષાનું જ્ઞાન મેળવવું ફરજિયાત હતું. દિવાળી-પ્રસંગે કંપનીના નોકરોને વેપારીઓ ભેટ-સોગાદ આપતા. રાત્રિ-ભોજન પહેલાંની પ્રાર્થના વેળાએ પ્રેસિડેન્ટ હાજર રહેતો. રાતે બહાર નીકળવા પ્રેસિડેન્ટની પરવાનગી જરૂરી હતી. નવા વાતાવરણની માઠી અસર કંપનીના જુવાન નોકરો પર ન પડે એ હેતુથી સુરતની કોઠીમાં કડક નિયંત્રણ હતાં. હિંદી સ્ત્રીઓ સાથેના સંબંધ પર પ્રતિબંધ હતો. જ્હોન લિચલૅન્ડ નામે કંપનીના નોકરને હિંદી સ્ત્રી સાથેના સંબંધને કારણે છૂટા થવું પડયું હતું. પોર્ટુગીઝોએ કરેલી ભૂલો અંગ્રેજો ટાળવા માંગતા હતા. કંપનીનો આંગિયાર નામે નોકર પત્ની સાથે હિંદ આવનાર પ્રથમ અંગ્રેજ હતો. પ્રેસિડેન્ટ જેરેમી બ્લેકમેન (૧૬૪૦) પત્ની સાથે હિંદ આવ્યો. હિંદીઓ સાથે ઝઘડો કરનાર અંગ્રેજ શિક્ષાપાત્ર બનતો. ઈંગ્લૅન્ડ દેશને અને ધર્મને લાંછનરૂપ વર્તન કરનાર અંગ્રેજ દંડપાત્ર બનતો.

અંગ્રેજો ભપકાથી હિંદીઓને આંજી નાખવાનો પણ પ્રયત્ન કરતા. પ્રેસિડેન્ટ તથા અન્ય અધિકારીઓના ઘોડા, પાલખી શણગારવામાં આવતાં. સૈનિકો સાંજ–સવાર પ્રેસિડેન્ટને સલામી આપતા. એમના અધિકારીઓની કબરો પણ ભવ્ય બંધાતી. સુરત ખાતે અંગ્રેજોનું કબ્રસ્તાન મુખ્યત્વે પોર્ટુગીઝ શૈલીથી બાંધેલું હતું તેમાં હિંદુ અને મુસ્લિમ શૈલીની અસરો હતી. ફ્રાન્સિસ બ્રેટન, ઑક્સિન-ડન્સ અને આંગિયારની કબરો ભવ્ય હતી.[૬]

સુરત પાસે આવેલા સુંવાળી બંદરે યુરોપની પ્રજાઓનાં વહાણ નાંગરતાં. એ બંદરનો ઉપયોગ અંગ્રેજોએ શરૂ કર્યો હતો. ૧૬૧૫ થી ૧૬૨૯ માં કંપનીનાં ૨૭ વહાણ સુંવાળી બંદરથી લંડન જવા રવાના થયેલાં. શરૂઆતમાં સુતરાઉ કાપડ તેમજ સરખેજ અને બિયાના(આગ્રા પાસે)ની ગળીની નિકાસ થતી. થોડા સમય પછી સુરોખાર મરી કરિયાણું લાખ ગાલીચા અને ખાંડ પણ મોકલવામાં આવતાં. કંપનીનાં વહાણ પહોળા પનાનું કાપડ બંદૂક સીસું કલાઈ ઇત્યાદિ વસ્તુઓ હિંદના કિનારે ઠાલવતાં. હિંદના કાપડનો ઉપાડ ઈંગ્લૅન્ડમાં હતો. હોલૅન્ડ અને જર્મનીના મોંઘા લિનનને સ્થાને ઘરવપરાશ માટે હિંદનું કાપડ સસ્તું પડતું તેથી કંપનીના ગુમાસ્તા હિંદમાં કાપડનાં મુખ્ય મથકો પર જતા અને દલાલ તેમજ વણકર સાથે કરાર કરતા. એ કરાર પ્રમાણે અમુક મુદતમાં અમુક ચોક્કસ માલ કંપનીને પૂરો પાડવા બંધાતા.

૧૬૩૦ ના ભયંકર દુષ્કાળની માઠી અસર કંપનીના વેપાર પર પડી. સુરતની કોઠીના ૨૧ માણસોમાંથી ૧૪ મરણાધીન થયા. પરિસ્થિતિમાં પોર્ટુગીઝો સાથે

સમાધાનકારી વલણ અખત્યાર કરવાની જરૂર હતી તેથી મેથ્વોલ્ડ કાઉન્સિલ સાથે ગોવા ગયો ને સંધિ કરી. બીજી દિશામાંથી પણ કંપનીને માઠાં પરિણામ ભોગવવાં પડયાં. ઇંગ્લૅન્ડના રાજાએ કોર્ટન સામે કંપનીને પરવાનો આપ્યો. એણે શરૂ કરેલી ચાંચિયાગીરીને લીધે સુરતની કંપનીની આબરૂને ધક્કો પહોંચ્યો.

૧૬૭૦ થી શિવાજીની સુરત–લૂંટને પરિણામે અને ત્યાર બાદ એના ભયને કારણે સુરત–કોઠીના વેપારને નુકસાન થતું રહ્યું, એનું દેવું વધતું ગયું. માલના ભરાવાને કારણે એના રક્ષણનો પ્રશ્ન ઊભો થતો. સુરતના રક્ષણ અર્થે મુઘલ સૈન્ય પર્યાપ્ત નહોતું. પરિણામે અંગ્રેજો અને ફ્રેંચોને સ્વરક્ષણ કરવાનું રહેતું. મુઘલ સૂબેદારો અને અમલદારો કંપની પાસેથી નજરાણાં અને ભેટોની આશા રાખતા. આમ સુરક્ષા અને મુક્ત વેપારની દૃષ્ટિએ સુરત અયોગ્ય બનતું ગયું. મુઘલોનાં નિયંત્રણોથી મુક્ત રીતે વેપાર થઈ શકે એવા સ્થળ તરીકે મુંબઈની પસંદગી કંપનીના ડાયરેક્ટર જોસિયા ચાઇલ્ડે કરી. ૧૬૬૭ માં ઇંગ્લૅન્ડના રાજાએ મુંબઈ બેટ વહીવટ માટે કંપનીને સોંપ્યો. અંગ્રેજોએ એ સ્થળની કિલ્લેબંદી કરી મુંબઈને સ્વતંત્ર વેપારી વસાહત તરીકે વિકસાવી. ૧૬૮૭ માં અંગ્રેજ કોઠીઓના વડા મથક તરીકે સુરતની કોઠી કામ કરતી બંધ થઈ. એની ઑફિસ મુંબઈ ખસેડવામાં આવી.

૧૬૧૮ માં મુઘલ બાદશાહ જહાંગીરે વેપાર અને વસવાટની ખાતરી અપાતા બે પત્ર લખ્યા. ૧૮૧૮ માં–બરાબર ૨૦૦ વર્ષ પછી અમદાવાદના ભદ્ર કિલ્લા પર યુનિયન જૅક લહેરાતો થયો. બ્રિટિશ સામ્રાજ્યની ભાવી શક્યતાઓ પણ ગુજરાતમાં સુરત ખાતે શરૂ થઈ કહેવાય : "સુરતના એ ભાડૂતી ઘરમાં અંગ્રેજોએ તદ્દન અજાણ્યે એક મહાન સામ્રાજ્યના પાયા નાખ્યા."[૭૭]

૪. ફ્રેંચ વસાહત

ફિરંગી વલંદા અને અંગ્રેજ પ્રજાઓની સરખામણીએ ફ્રેંચો હિંદના વેપારમાં મોડા દાખલ થયા. ઈ.સ. ૧૬૬૪ માં ફ્રેંચ વેપારી કંપની રાજા લુઈ ૧૪ માની પરવાનગીથી સ્થપાઈ. એ જ વર્ષે પૂર્વ-તૈયારી કરવા બેબર નામે ફ્રેંચ સુરત આવ્યો. ઔરંગઝેબના ફરમાનથી ફ્રેંચોને સુરત ખાતે વેપાર કરવાની અને સુંવાળી ખાતે કોઠી રાખવાની પરવાનગી મળી. ત્યાર પછી ઈ.સ. ૧૬૬૮ માં ફ્રેંચોએ વેપાર શરૂ કર્યો. બેબરની કુશળતાને કારણે ફ્રેંચોનો વેપાર જામ્યો હતો, પરંતુ પછીના સમયમાં કંપનીના અંદરોઅંદરના વિખવાદને લીધે વેપાર પડી ભાંગ્યો.

સુરતમાં કોઈ વાર ફ્રેંચો અફવાઓ ફેલાવી અન્ય હરીફ કંપનીઓના વેપારને તોડવાનો પ્રયત્ન કરતા; જેમકે ૧૬૭૭ માં એમણે વલંદા અને અંગ્રેજ વચ્ચે

યુદ્ધ થયું હોવાની અફવા વહેતી મૂકી હતી. ૧૭૧૯ માં ફ્રેંચોએ સુરતની કોઠી બંધ કરી. વિદેશી કાપડની મોટી માંગ હોવાથી ફ્રાંસના વણકરોનો અસંતોષ વધી ગયો, તેથી ત્યાંના લોકોએ હિંદના કાપડનો વપરાશ બંધ કર્યો.

૫. ઑસ્ટેંડ વસાહત

ઑસ્ટ્રિયાની એક વેપારી કંપની પણ ૧૭૧૭ માં સુરત આવી હતી. એ દેશના શહેનશાહના આશ્રય તળે ઑસ્ટેંડ કંપની ઊભી થઈ. એ કંપની વિરુદ્ધ પ્રવૃત્તિઓ ડચો અને અંગ્રેજોએ શરૂ કરી, છતાં શાહી પરવાનો એને મળ્યો. પરંતુ નફાકારક વેપાર ન થવાથી ૧૭૩૦ માં ઑસ્ટેંડ કંપની બંધ થઈ.

પાદટીપ

૧. રત્નમણિરાવ ભી. જોટ, 'ખંભાતનો ઇતિહાસ', પૃ. ૪૪

૨. એજન, પૃ. ૫૮

૩. પશ્ચિમી જગત માટે ભારતનું પ્રવેશદ્વાર ખંભાત હતું તેથી યુરોપની પ્રજાઓ મુઘલોને 'ખંભાતના શહેનશાહ' તરીકે ઓળખતી.

૪. H. G. Rawlinson, *British Beginnings in Western India, 1579–1657*, p. 18

૫. Charles Fawcet, *English Factories in India* (Western Presidency), Vol. I, p. 270

૬. H. G. Rawlinson, *op. cit.*, p. 134. વળી જુઓ ઈશ્વરલાલ ર. દેસાઈ, 'સૂરત સોનાની મૂરત', પૃ. ૪૨

૭. H. G. Rawlinson, *op. cit.*, p. 134

*

પરિશિષ્ટ ૨

ગુજરાતમાં મરાઠા સત્તાનો પ્રારંભ અને પ્રસાર

ભારતમાં ૧૭મી સદીનો ઉત્તરાર્ધ અને અઢારમી સદીનો પૂર્વાર્ધ ભારે અરાજકતાવાળો હતો. મુઘલ સામ્રાજ્ય એટલું બધું વિસ્તરેલું હતું કે એના દૂર દૂર આવેલા ભાગો પર દિલ્હીથી અંકુશ રાખવાનું મુશ્કેલ બની ગયું હતું. ઘણા થોડા મુઘલ સૂબેદાર પોતપોતાના તાબા નીચેના પ્રદેશો પર મહામુશ્કેલીએ અંકુશ રાખી શકતા. આવા રાજકીય વાતાવરણમાં ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં મરાઠા એક રાજ્યબળ તરીકે મુઘલો સામે આવ્યા. ધીમે ધીમે મરાઠા શક્તિ વધતાં તેઓ મુઘલો સાથે સંઘર્ષમાં આવવા લાગ્યા. તેઓ મહારાષ્ટ્રમાંથી અન્ય પ્રાંતો તરફ ધીમે ધીમે આગળ વધ્યા અને એક સદીના ગાળામાં મુઘલોને હંફાવી એમની સત્તાના સ્થાને પોતાની સત્તા સ્થાપવા સમર્થ બની ગયા.

ગુજરાતમાં મરાઠાઓના આગમનની શરૂઆત શિવાજીએ સુરત શહેર પર કરેલી ચડાઈ (જાન્યુઆરી ૬, ૧૬૬૪)થી ગણાવી શકાય. પૂના પર મુઘલોની સેના વારંવાર હલ્લા કરતી હોવાથી એનો બદલો લેવાના હેતુથી તથા લૂંટ મેળવવાના પ્રલોભનથી શિવાજીએ આ ચડાઈ કરી હતી. એ સમયની અને ત્યાર પછી મરાઠા ચડાઈઓ પાછળનો મૂળભૂત હેતુ ગુજરાતમાં મરાઠી સત્તા સ્થાપી રાજ્ય ઊભું કરવાનો ન હતો એ સ્પષ્ટ જણાય છે.[૧] શિવાજીએ સુરત પર કરેલી પ્રથમ ચડાઈનું આયોજન ખૂબ વિચારપૂર્વક અને ગુપ્તપણે કરવામાં આવ્યું હતું. એનો અમલ પણ કુનેહપૂર્વક કરવામાં આવ્યો હતો.[૨] ચડાઈ સમયે સુરત રક્ષણ વગરનું હતું, એને રક્ષણ–દીવાલ પણ ન હતી. સુરતને બદસુરત બનાવીને શિવાજી ગયો એ પછી ગુજરાતનો સૂબેદાર મહાબતખાન પોતાની સેના સાથે આવી પહોંચ્યો. એણે સુરતની રક્ષણ–વ્યવસ્થા મજબૂત બનાવવાને બદલે ત્રણ લાખ જેટલી પેશકશ (બક્ષિસ) ઉઘરાવીને એ જતો રહ્યો.

શિવાજીની આવી પ્રવૃત્તિથી ઔરંગઝેબની ધાર્મિક અને રાજકીય ભાવના ઉશ્કેરાઈ અને એને શિક્ષા કરવા દખ્ખણમાં વિશાળ સેના મોકલવાનું શરૂ થયું. આમ કરવામાં એનો મૂળભૂત હેતુ મરાઠાઓને ગુજરાતમાં આવતા અટકાવવાનો હતો. આમ છતાં શિવાજીએ બીજી વાર સુરત પર ચડાઈ કરી

(ઑક્ટોબર ૩, ૧૬૭૦) અને શહેરને ત્રણ દિવસ સુધી લૂટયું. સુરતની દક્ષિણે આવેલા પારનેરા અને બાગલાણ જેવા નાના કિલ્લા પણ ૧૬૭૨ માં કબજે કર્યા. એ પછીના સમયમાં ગુજરાતમાં મરાઠાઓનો પ્રવેશ ખૂબ સરળ બન્યો. એમને અટકાવવા માટે ગુજરાતનો સૂબેદાર કે સુરતનો ફોજદાર સમર્થ ન હતો, ૧૬૭૫ માં મરાઠાઓએ પ્રથમ વાર જ નર્મદા ઓળંગી. ટૂંક સમયમાં તેઓએ ગુજરાત અને દખ્ખણ સરહદે અને અન્ય મહત્ત્વના માર્ગો પર એવો અંકુશ સ્થાપી દીધો કે તેઓ ત્યાંથી પોતાની સેનાને સહીસલામત રીતે ગુજરાતના જુદા જુદા પ્રદેશો પર હલ્લા કરવા મોકલી શકતા. તેઓએ આ રીતે ઘણા હલ્લા કરાવ્યા. આમ છતાં ૧૬૯૯ સુધી એમનો ગુજરાત સાથેનો સંબંધ વ્યવસ્થિત ધોરણે સ્થપાયો ન હતો.

૧૬૯૯ માં સતારાના છત્રપતિ મહારાજા રાજારામે (૧૬૮૯–૧૭૦૦) પોતાના વિશ્વાસુ અધિકારીઓમાંના એક ખંડેરાવ દાભાડેને બાગલાણમાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવા માટે નીમ્યો. દાભાડેએ બાગલાણ ઉપરાંત સુરત જિલ્લામાંથી પણ આ કર વસૂલ કર્યો. ૧૭૦૩ માં મરાઠાઓએ સુરત પર ચડાઈ કરી ભારે લૂંટ મેળવી, એની માહિતી સુરતની અંગ્રેજ કોઠીના અધ્યક્ષના હેવાલમાં જોવા મળે છે.[૪] ૧૭૦૫ માં ખંડેરાવ દાભાડેએ મોટી ફોજ સાથે નર્મદા પાર કરી અને બે મુઘલ સૈન્યોને હરાવ્યાં. એ પછી એણે બુરહાનપુરમાં પોતાની ટુકડી કાયમ માટે રાખી અને સૌરાષ્ટ્રમાં સોરઠ સુધી ચડાઈ કરી. એને દામાજીરાવ ગાયકવાડની મુખ્ય મદદ મળી હતી.[૫]

૧૭૦૬ માં ધનાજી જાદવની આગેવાની નીચે મરાઠાઓનું મોટું લશ્કર દક્ષિણ ગુજરાત પર ચડી આવ્યું. એ સમયે ગુજરાતનો સૂબેદાર શાહજાદો આઝમશાહ (૧૭૦૧–૧૭૦૫) ઔરંગઝેબની માંદગીના સમાચાર મળતાં એકાએક દિલ્હી ગયો હતો અને ગુજરાતના રક્ષણની જવાબદારી એના નાયબ સૂબેદાર હમીદખાનને સોંપતો ગયો હતો. મરાઠાઓનો સામનો કરવાના હમીદખાનના પ્રયાસ નિષ્ફળ ગયા, એટલું જ નહિ, પણ એ પોતે તથા સફદરખાન બાબી નઝરઅલીખાન વગેરે પણ મરાઠાઓના કેદી બન્યા. એમને છોડાવવા માટે મોટી રકમ મરાઠાઓને આપવામાં આવી હતી.[૬]

ઔરંગઝેબના અવસાન (૧૭૦૭) પછી થોડા સમયમાં જ મરાઠાઓએ ઉત્તર ગુજરાત પર આક્રમણ કર્યું. ધનાજી જાદવ એક વર્ષ સુધી અન્યત્ર ગુજરાત બહાર રોકાયેલો હતો તે દરમ્યાન બાલાજી વિશ્વનાથે માળવામાં થઈને પૂર્વ

ગુજરાતમાં પ્રવેશ કર્યો. એણે ગોધરા અને મહુધા લૂંટયાં. મરાઠા છેક નડિયાદ અને મહેમદાવાદ સુધી આવી પહોંચ્યા હતા. મરાઠાઓની આગેકૂચના સમાચારથી અમદાવાદની આજુબાજુના પરાં-વિસ્તારના લોકોએ ભયભીત બની રક્ષણ માટે અમદાવાદમાં કેવો ધસારો કર્યો હતો એનું વર્ણન 'મિરાતે અહમદી'ના લેખક અલી મુહમ્મદખાન, જે પોતે એ વખતે ત્યાં હતો, તેણે આપેલું છે. મરાઠાઓનો સામનો કરવા માટે અમદાવાદમાં ઘણી મોટી તૈયારી કરવામાં આવી હતી, પણ ફેલાયેલી હતાશાથી છેવટે મુઘલ સૂબેદાર ઇબ્રાહીમખાને મરાઠા સેનાપતિ વિશ્વનાથની માગણી મુજબ બે લાખ અને દસ હજાર રૂપિયા આપ્યા ત્યારે મરાઠા વિદાય થયા.[૭]

૧૭૧૧ માં ખંડેરાવ દાભાડેએ ભરૂચ સુધી કૂચ કરી, પરંતુ ગુજરાતના સૂબેદાર શાહમતખાને મરાઠાઓને અંકલેશ્વર આગળ સજ્જડ હાર આપી અને ખાનદેશની સરહદો પર પાછા જતા રહેવાની ફરજ પાડી, પણ થોડા વખતમાં (૧૭૧૬ સુધીમાં) દાભાડેએ બુરહાનપુરથી સુરત સુધીના વેપારી માર્ગો પર પોતાનો અંકુશ સ્થાપી દીધો અને ઘણી જગ્યાએ જકાતનાકાં સ્થાપી વણઝારાઓ પાસેથી રકમો ઉઘરાવી. ખંડેરાવની આ પ્રકારની સેવાઓની કદર કરી મહારાજા શાહુએ એને ૧૭૧૭ માં માનસિંહ મોરેની જગ્યાએ મરાઠી સેનાનો સેનાપતિ નીમ્યો. દાભાડેની આ નિમણૂક પછી એને દખ્ખણમાં ભારે કામગીરી રહેતી હોવાથી એણે ગુજરાતમાં પોતાના વિશ્વાસુ અધિકારીઓ કંથાજી કદમ બાંડે અને દામાજીરાવ (પહેલા) ગાયકવાડ અને દામાજીરાવના ભત્રીજા અને દત્તક પુત્ર પિલાજીરાવને પ્રતિવર્ષ મોકલીને ચોથ જેવી રકમ ઉઘરાવવાની કામગીરી સોંપી. ૧૭૨૧ માં દામાજીરાવનું અવસાન થતાં પિલાજીરાવ એનો ઉત્તરાધિકારી બન્યો.

પિલાજીરાવે, ૧૭૩૨ માં પોતાનું અવસાન થતાં સુધીના સમયમાં ગુજરાતમાં આક્રમણકારી પ્રવૃત્તિઓ કરી અને પોતાના કુલની સર્વોપરી સત્તા સ્થાપવાનો આરંભ કર્યો. સેનાપતિ દાભાડેએ એને શરૂઆતમાં ખાનદેશમાં નવાપુર ખાતે ઘોડેસવાર ટુકડી સાથે નીમ્યો, પરંતુ કંથાજી કદમ બાંડેએ એ સ્થળ પોતાના અધિકાર હેઠળ આવે છે એવી રજૂઆત છત્રપતિ શાહુ પાસે કરતાં પિલાજીરાવને ત્યાંથી જતા રહેવાની ફરજ પડી. એ પછી પિલાજીરાવે ખાનદેશ અને સુરત વચ્ચે સીધો વ્યવહાર રાખી શકાય એ હેતુથી સોનગઢની બાજુમાં ડુંગરાળ પ્રદેશમાં પોતાનું મથક સ્થાપ્યું અને ત્યાં સેનાપતિ દાભાડેના પ્રતિનિધિ તરીકે એ રહ્યો. ત્યાં રહીને એણે રાજપીપળાના રાજાની મિત્રતા કરી નાંદોદ અને સાગબારા (જિ. ભરૂચ) વચ્ચે નાના નાના કિલ્લા સ્થાપવાની પરવાનગી મેળવી

લીધી. આ ઉપરાંત એણે પડોશમાં રહેતા ભીલ અને કોળી લોકોનો પક્ષ લઈ એમના માટે કાર્ય કર્યું, અને સાથે સાથે સુરત પર હલ્લા કરવાનું પણ ચાલુ રાખ્યું. ૧૭૧૯ માં ભીલો પાસેથી સોનગઢનો કિલ્લો મેળવી લઈ ત્યાં પિલાજીરાવે પોતાનું વડું મથક સ્થાપ્યું.[૮] ૧૭૬૬ સુધી એ એમનું મુખ્ય મથક રહ્યું[૯].

૧૭૧૯ થી ૧૭૨૩ સુધીના ગાળામાં પિલાજીરાવે સુરત અઠ્ઠાવીસીમાંથી ખંડણી ઉઘરાવવાનું કાર્ય કર્યું અને વડોદરા જિલ્લાનાં પાદરા ડાણી અને ભાયલી ગામોના હિંદુ દેસાઈઓ સાથે મિત્રતા બાંધી. ૧૭૨૪ માં સુરતના મુત્સદ્દી મોમીનખાને મોકલેલી લશ્કરી ટુકડીને પિલાજીરાવે હરાવી.

એ સમયે કંથાજી કદમ બાંડેએ ગોધરા અને દાહોદનાં ગામડાં તારાજ કરી ખંડણી વસૂલ લીધી હતી.

૧૭૨૫ માં સરબુલંદખાન સૂબેદાર તરીકે નિમાયો ત્યારે એણે પોતાના નાયબ તરીકે સુજાતખાનને મૂક્યો અને એને ગુજરાત મોકલવામાં આવ્યો. ગુજરાતમાંથી બદલી પામેલા સૂબેદાર નિઝામુલ્-મુલ્કનો નાયબ હમીદખાન પોતાની સત્તા છોડવા તૈયાર ન હતો તેથી આ બંને પક્ષો વચ્ચે એક વર્ષ સુધી આંતર-વિગ્રહ ચાલ્યો. હમીદખાને મરાઠાઓની મદદ મેળવી સુજાતખાન અને એના ભાઈઓને ક્રમશઃ હરાવ્યા અને એમની હત્યા કરી. આ સમય દરમ્યાન કંથાજી કદમ બાંડેએ વીરમગામ પર ચડાઈ કરી, કારણ કે મહી નદીની ઉત્તરે આવેલાં તમામ પરગણાંઓની ચોથ એને આપવાનું વચન મુઘલ સૂબેદારે આપ્યું હતું, પરંતુ એનું પાલન કરવામાં આવ્યું ન હતું. વીરમગામના નિવાસી ઉદયકરણ દેસાઈએ દીર્ઘદૃષ્ટિ વાપરી સાડા ત્રણ લાખ રૂપિયા જેટલી ખાનદાની ઉઘરાવી ને બાંડેને આપી અને જે રકમ વધી તેમાંથી એણે ફરતી રક્ષણ-દીવાલ પછીના સમયમાં બંધાવી લીધી.[૧૦]

સુરતનો ફોજદાર રુસ્તમઅલીખાન, જે વડોદરા અને પેટલાદનો ફોજદાર પણ હતો, તેણે પિલાજીરાવના હલ્લાઓનો સામનો કરવા પ્રયાસ કર્યો, પરંતુ એમાં સફળતા ન મળવાથી એને પિલાજીરાવ સાથે સમાધાન કરવાની ફરજ પડી હતી. રુસ્તમઅલીખાનને હમીદખાન સામે પિલાજીરાવની મદદ જોઈતી હતી. પિલાજીરાવે એને મદદ આપવાનું વચન આપી મદદ આપવાનો દેખાવ કર્યો અને અડાસ સુધી સાથે ગયો. સામી બાજુએ હમીદખાનના પક્ષે કંથાજી કદમ બાંડે હતો. બંને પક્ષે સામસામા રહેલા પિલાજીરાવ અને કંથાજી અડાસની લડાઈમાં ભાગ ન લેતાં પ્રેક્ષક બની રહ્યા, હમીદખાન અને રુસ્તમઅલીખાન

એકબીજા સામે લડયા, જેના અંતે હમીદખાનને કંથાજીનું શરણું લેવાની ફરજ પડી હતી નડિયાદ પાસે વસો આગળ થયેલી લડાઈમાં (ફેબ્રુઆરી ૧૦, ૧૭૨૫) રુસ્તમઅલીખાન માર્યો ગયો. વિજેતા બનેલા હમીદખાને કંથાજી અને પિલાજીરાવને યોગ્ય બદલો આપ્યો. જે કરાર થયા તે અનુસાર મહી નદીની ઉત્તરે આવેલાં પરગણાંઓની ચોથ કંથાજીને અને મહી નદીની દક્ષિણે આવેલાં પરગણાંઓની ચોથ પિલાજીરાવને આપવામાં આવી. આ કરારથી ગુજરાતમાં મુઘલ સત્તાને ભયંકર ફટકો પડચો. આ પછી હમીદખાને અમદાવાદ પર પોતાનો કાબૂ જમાવી દીધો. બીજી બાજુ મરાઠાઓએ પોતપોતાના અધિકાર નીચેના પ્રદેશોમાં ઘૂમી વળી લૂંટફાટ ચલાવી અને ખંડણી ઉઘરાવી.

આ બધા સમાચાર દિલ્હી પહોંચતાં મુઘલ બાદશાહે સરબુલંદખાનને ગુજરાત મોકલ્યો. એણે આવી, સફદરખાન બાબી અને જોધપુરના મહારાજા અભયસિંહ સાથે સંગઠન કરી મરાઠાઓને પહેલાં સોજિત્રા અને પછી કપડવંજ ખાતે હરાવ્યા. મરાઠાઓના પક્ષમાં હમીદખાન પિલાજીરાવ અને કંથાજી કદમ હતા. આ સમયે પરિસ્થિતિ એવી ગંભીર બની હતી કે મરાઠાઓને ગુજરાતમાંથી નીકળી જવું પડશે એવું લાગતું હતું, પરંતુ આ અરસામાં જ પેશવાનાં લશ્કરોએ ઉત્તર ગુજરાતમાં ઈડર બાજુથી પ્રવેશ કરી, વડનગર પહોંચી ત્યાં લૂંટફાટ કરી અને એ સમૃદ્ધ નગરને બરબાદ કર્યું.[11]

સરબુલંદખાન ગુજરાતમાં લગભગ પાંચ વર્ષ (૧૭૨૬–૩૦) રહ્યો, પણ એ ગુજરાતમાંથી મરાઠાઓને હાંકી કાઢવાની એની મુખ્ય કામગીરી પાર પાડી શકચો નહિ; ઊલટું, એમની સાથે સમાધાન કરવું પડયું. ૧૭૨૬ માં એણે કંથાજીને અમદાવાદ અને હવેલી પરગણા સિવાય મહી નદીની ઉત્તરે આવેલાં તમામ પરગણાંઓની ચોથ આપવા કરાર કરી આપ્યો.

આ સમયે શાહુ રાજાના દરબારમાં પેશવા બાજીરાવ પહેલો સેનાપતિ દાભાડેનો કટ્ટો હરીફ બન્યો હતો અને એની મહેચ્છા સેનાપતિની પ્રતિષ્ઠાને ધૂળમાં મેળવી દઈ ગુજરાતની મબલક આવક આપતો ચોથનો અધિકારપોતાને માટે લઈ લેવાની હતી, તેથી એ પ્રમાણે પેરવી કરી રહ્યો હતો. ૧૭૨૬ માં જ એણે પોતાના પ્રતિનિધિ ઉદાજી પવારને માળવામાંથી ગુજરાતમાં મોકલ્યો, પણ પિલાજીરાવે અને કંથાજીએ સંયુક્ત બની એને ગુજરાત છોડી જવા ફરજ પાડી. આ વખતે કંથાજીના દત્તક પુત્ર કૃષ્ણે પાવાગઢનો કિલ્લો કબજે કર્યો અને ત્યાં પોતાનું મથક સ્થાપ્યું.[12] બીજા વર્ષે પેશવાએ પોતાના ભાઈ ચિમણાજીને

ગુજરાતમાં મોકલ્યો. ચિમણાજીએ ચોથ માટે વાટાઘાટો ચલાવી, પણ એની શરતો નક્કી થઈ શકી નહિ.[13] ૧૭૨૯ માં ચિમણાજી ફરી ગુજરાતમાં આવ્યો અને કંથાજીના લશ્કર પાસેથી પાવાગઢ જીતી લઈ (૧૭૩૦), એણે પેટલાદ ખંભાત અને ધોળકા જઈ લૂંટફાટ કરી.

ગુજરાતનો સૂબેદાર સરબુલંદખાન મરાઠાઓનાં આક્રમણોનો સામનો કરવા અસમર્થ બની ગયો હતો. દિલ્હી તરફથી પણ કોઈ મદદ આવતી ન હતી. એક બાજુથી પેશવાનો, તો બીજી બાજુએ પિલાજીરાવ અને કંથાજીનો ઉપદ્રવ વધતો જતો હતો, સેનાપતિ દાભાડેના પ્રતિનિધિઓ(કંથાજી અને પિલાજીરાવ)નાં વર્ષે વર્ષે થતાં આક્રમણ ખાળવા માટે પેશવા સાથે કરાર કરવાનું યોગ્ય માની એણે પેશવા સાથે વિધિસર કરાર કર્યા (માર્ચ ૨૩, ૧૭૩૦). આ કરારથી એણે પેશવાને જમીન અને બંદરી જકાતોના આખા મહેસૂલ પર સરદેશમુખી આપી; એમાંથી માત્ર સુરત અને સુરત જિલ્લાને બાકાત રાખવામાં આવ્યાં. વળી ઉપરની મહેસૂલી આવકમાંથી ચોથ અને અમદાવાદના મહેસૂલમાંથી પાંચ ટકા કર આપવાનું સ્વીકાર્યું. આના બદલામાં પેશવા પોતાનું ૨૫૦૦ જેટલું હયદળ ગુજરાતમાં રાખે, ખંડણીની વસૂલાત સરળતાથી અને રંજાડ કર્યા વગર કરે, અને ગુજરાતમાં મુઘલ સત્તા ટકાવી રાખવા છત્રપતિ શાહુ (એટલે કે પિલાજીરાવ જેવા મરાઠા સરદારો) ગુજરાતની બંડખોર પ્રજા (અર્થાત્ દેસાઈઓ, જમીનદારો વગેરે)ને મદદ આપે તો પેશવા એને અટકાવશે એવી કબૂલાત કરવામાં આવી. ૧૭૩૦ નો આ કરાર, ૧૭૨૬ થી ૧૭૨૯ દરમ્યાન મરાઠાઓ (પેશવા કે દાભાડે, કંથાજી, પિલાજીરાવ વગેરે) સાથે થયેલી સમજૂતીઓ તેમ કરારો,[14] જેનો અમલ કરવામાં આવ્યો ન હતો, તેના અંતરૂપે હતો. આ જ કરારથી એક વર્ષ બાદ સેનાપતિ દાભાડે અને પેશવા વચ્ચે ગુજરાતમાં સશસ્ત્ર અથડામણો થઈ હતી.

૧૮ મી સદીના પૂર્વાર્ધમાં સૌરાષ્ટ્ર વિસ્તારની રાજકીય પરિસ્થિતિ ભારે અંધાધૂંધી-ભરી હતી. ત્યાંના નાનામોટા રાજાઓ સરદારો વગેરે એકબીજા સામે અને વિશેષ કરીને પડોશી રાજયસત્તાઓ સામે સતત સંઘર્ષમાં રહેતા. નબળા પડોશી રાજયનું મહેસૂલ જેટલું બને તેટલું પડાવી લેવા માટે બળવાન પડોશી રાજય હંમેશાં તૈયાર રહેતું અને અસહાય પ્રજા પાસેથી એમનું રક્ષણ કરવાના બહાને ખંડણી ઉઘરાવી લેતું. આવી પરિસ્થિતિમાં દામાજીરાવે સૌરાષ્ટ્રમાં ઘણી ચડાઈ કરી. મુઘલોની જેમ મુલુકગીરી દ્વારા લોકો પાસેથી ખંડણી ઉઘરાવી. દામાજીરાવે ૧૭૩૦ના અરસામાં સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો ત્યારે અમરેલી નગર પર ત્રણ પક્ષોનો—જેબલિયા જૂથના કાઠીઓ, કેટલાક સૈયદો અને જૂનાગઢના ફોજ-

દારોનો—અંકુશ હતો. દામાજીરાવે અમરેલી પર નાખેલી ખંડણીનો ભાગ, જે કાઠીઓના હિસ્સે આવતો હતો તે, તેઓ ભરી ન શકવાથી તેઓની જમીન સોંપી દેવા એમને દામાજીરાવે ફરજ પાડી. એવી જ રીતે સૈયદો પાસેથી પણ જમીન પડાવી લીધી. પાછળના સમયમાં જૂનાગઢના ફોજદારનો અંકુશ પણ નાબૂદ કરવામાં આવ્યો. આ સમયે લાઠીના ઠાકોરે પોતાની દીકરી દામાજીરાવ સાથે પરણાવી અને દહેજમાં ચભારિયા અને એની નજીક આવેલાં બીજાં ૭ ગામ આપ્યાં. ચભારિયા ગામને પોતાના નામ ઉપરથી 'દામનગર' નામ આપવામાં આવ્યું. સમય જતાં આ વિસ્તારમાં ગાયકવાડી સત્તા દૃઢ બની.

સરબુલંદખાનના અનુગામી સૂબેદાર મહારાજા અભયસિંહ ગુજરાતમાં મરાઠાઓને આવતા અટકાવવા માટે અને એમની લૂંટફાટની પ્રવૃત્તિઓને ડામી દેવા માટે વિવિધ માર્ગો અપનાવતા રહ્યા, પરંતુ છેવટે તેઓ સદંતર નિષ્ફળ ગયા.

અભયસિંહના સમયમાં સેનાપતિ ખંડેરાવ દાભાડેની વિધવા ઉમાબાઈએ પણ વિશાળ લશ્કર સાથે આવીને અમદાવાદને ભયમાં મૂકયું હતું, જેમાં મોટી રકમ આપીને ઉમાબાઈને વિદાય આપવી પડી હતી. પોતાની કામગીરીમાં મળેલી નિરાશાથી અને દિલ્હી તરફથી કોઈ મદદ ન મળતી હોવાથી મહારાજા અભયસિંહે છેવટે ગુજરાત છોડયું અને એનો હવાલો રતનસિંહ ભંડારીને સોંપ્યો.

બાજીરાવના ભાઈ ચિમણાજીએ સરબુલંદખાન સાથે કરેલા કરારથી સતારા દરબારમાં ખરાબ પ્રત્યાઘાત પડયા. હમીદખાનના સમયથી સેનાપતિ દાભાડે અને એના મદદનીશો બાંડે તથા ગાયકવાડને મહી નદીની ઉત્તરે અને દક્ષિણે આવેલાં પરગણાંઓમાં ચોથ ઉઘરાવવાના અધિકાર અપાયેલા હતા, આથી ત્ર્યંબકરાવ દાભાડે અને પેશવા વચ્ચે ઉગ્ર મતભેદ સર્જાયા. પેશવા પોતાની સિદ્ધિમાં મક્કમ રહ્યો. દાભાડેને લાગ્યું કે પોતાને હવે સતારાના દરબારમાં ન્યાય મળશે નહિ તેથી એણે નિઝામ સાથે બાજીરાવ સામે મોરચો ઊભો કર્યો. બાજીરાવના સર્વોપરિ સત્તા જેમને ખૂંચતી હતી તેવા અસંતુષ્ટ મરાઠા સરદારો પિલાજીરાવ, કંથાજી બાંડે, ઉદાજી પવાર, કાન્હોજી ભોંસલે વગેરે દાભાડેના પક્ષે જોડાયા. ત્ર્યંબકરાવે નિઝામ સાથે કરેલા સહયોગથી રોષે ભરાયેલા રાજા શાહુએ એને પોતાની સમક્ષ હાજર કરવા પેશવાને જણાવ્યું. એનો હેતુ દાભાડેને સમજાવટ દ્વારા પોતાના પક્ષે લાવવાનો હતો.[૧૫] દાભાડેનો મક્કમતાપૂર્વક સામનો કરવા બાજીરાવ ગુજરાતમાં આવ્યો અને મહારાજા અભયસિંહનો સહકાર મેળવ્યો.[૧૬] એના અને દાભાડે વચ્ચે ભીલાપુર (ડભોઈ તાલુકો, જિ. વડોદરા) ગામે મોટી લડાઈ થઈ (એપ્રિલ ૧, ૧૭૩૧) તેમાં ત્ર્યંબકરાવ દગાબાજીના કારણે માર્યો ગયો.[૧૭] અને

ઘવાયેલો પિલાજીરાવ મહામુશ્કેલીએ મેદાન છોડી જઈ શક્યો. પેશવાને આ લડાઈમાં જ્વલંત વિજય મળ્યો.

ત્ર્યંબકરાવનો સેનાપતિનો હોદ્દો એના સગીર પુત્ર યશવંતરાવને આપવામાં આવ્યો અને એના મુતાલિક અથવા નાયબ તરીકે પિલાજીરાવને નીમવામાં આવ્યો અને એને 'સેના–ખાસ–ખેલ'નો ખિતાબ આપવામાં આવ્યો. ગુજરાતની બધી જ મહેસૂલી આવકની વ્યવસ્થા યશવંતરાવવતી પિલાજીરાવ કરતો હતો. આ જવાબદારી પિલાજીરાવની હત્યા (માર્ચ, ૧૭૩૨) પછી એના પુત્ર દામાજીરાવે, ૧૭૫૩ મા ઉમાબાઈનું અવસાન થતાં સુધી, વફાદારીપૂર્વક સંભાળી હતી.

મહારાજા અભયસિંહને પિલાજીરાવ સામે ભારે નિષ્ફળતા મળી હતી. પિલાજીરાવે તાજેતરમાં વડોદરા અને ડભોઈ મેળવ્યાં હતાં. એ ખંડણી ઉઘરાવવા ડાકોર(ડાસરા તાલુકો–ખેડા જિલ્લો)માં આવ્યો ત્યારે એની સાથે વાટાઘાટો કરવાના બહાને કાવતરું રચી અભયસિંહે પોતાના પ્રતિનિધિઓ દ્વારા પિલાજીરાવની હત્યા કરાવી.[૧૮] પિલાજીરાવની અંતિમ ક્રિયા સાવલી(જિ. વડોદરા)માં કરવામાં આવી, જ્યાં એમનું સ્મારક કરવામાં આવ્યું. પિલાજીરાવની હત્યા કરાવ્યા બાદ અભયસિંહે વડોદરા કબજે કર્યું અને એ શેરખાન બાબીને સોંપ્યું, એમ છતાં ગાયકવાડના લશ્કર તાબાનું ડભોઈ કબજે કરવામાં એ અસફળ રહ્યો.

પિલાજીરાવ પછી એના પુત્ર દામાજીરાવ (૨ જાએ) પિતાની જગ્યા સંભાળી લઈ ગુજરાતનો વહીવટ લગભગ ૩૬ વર્ષ (૧૭૩૨–૬૮) ચલાવ્યો. એ દરમ્યાન એણે ગુજરાતમાં ગાયકવાડના સર્વોપરિ સત્તાવાળા રાજ્યની સ્થાપના કરી. ૧૭૩૩ માં ઉમાબાઈએ કંથાજી બાંડે અને ગાયકવાડને સાથે રાખીને મોટી લશ્કરી ચડાઈ કરી અમદાવાદને ભયમાં મૂક્યું. મહારાજા અભયસિંહ એનો સામનો કરવામાં નિષ્ફળ જતાં ગુજરાતની ચોથ અને સરદેશમુખી અને ૮૦,૦૦૦ રૂપિયાનું વચન આપી સમાધાન કર્યું.

દામાજીરાવ શેરખાન બાબી પાસેથી વડોદરા પાછું મેળવવા ખૂબ આતુર હતો. ૧૭૩૪ માં જ્યારે શેરખાન પોતાની બાલાસિનોર(પંચમહાલ જિલ્લો)ની જાગીરમાં હતો ત્યારે પિલાજીરાવે વડોદરા નજીક આવેલ પાદરાના પોતાના જૂના મિત્ર દેસાઈની મદદથી એ કબજે કર્યું.[૧૯] અભયસિંહનો નાયબ રતનસિંહ ભંડારી અને ખંભાતનો મોમીનખાન વડોદરાને બચાવી શકવામાં મોડા પડયા. એ સમયથી ૧૯૪૯ સુધી વડોદરા ગાયકવાડોના કબજામાં રહ્યું. ઉપર જોયા પ્રમાણે

ઉમાબાઈએ દામાજીરાવને મહી નદીના ઉત્તરે આવેલાં પોતાના ભાગનાં પરગણાંઓની (કંથાજીનાં પરગણાંઓને બાદ કરતાં) ચોથ ઉઘરાવવાની કામગીરી સોંપી હતી. દામાજીરાવે એ કામ પોતાના નાયબ રંગોજીને સોંપ્યું. આ સમયે કંથાજી પેશવા પક્ષે જતો રહ્યો હતો. ૧૭૩૫ માં વીરમગામમાંથી મુઘલોની સત્તા દૂર કરી દામાજીરાવે એ જીતી લીધું. આમાં એને એ પરગણાના દેસાઈ ભાવસિંહે ઘણી મદદ કરી હતી. સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર સમું આ પ્રાચીન નગર મુઘલોએ કાયમ માટે ગુમાવ્યું. આ વર્ષે જ મરાઠાઓએ કપડવંજ (ખેડા જિલ્લો) પર કબજો જમાવી દીધો હતો.

આમ જણાશે કે ૧૭૦૬ માં થયેલ ધનાજી જાદવના પ્રથમ આક્રમણથી માંડીને ૧૭૩૫ સુધીમાં ગુજરાતમાં મરાઠાઓની સત્તાનું વિસ્તરણ ઉત્તર ગુજરાત સુધી થઈ ગયું હતું અને સૌરાષ્ટ્રમાં એમના ખંડણીના હક્ક સ્થપાઈ ગયા હતા. આમ છતાં ગુજરાતમાં મુઘલોના શાસનનો અંત ન આવ્યો, કારણ કે અમદાવાદ પર એમની પકડ મજબૂત હતી. એ રક્ષણાત્મક દીવાલો ગઢ વગેરેથી સંરક્ષાયેલું હતું. આ ઉપરાંત ભરૂચ સુરત અને ખંભાત જેવાં મહત્ત્વનાં બંદર એમના તાબામાં હતાં. ૧૭૩૬ માં મહારાજા અભયસિંહના નાયબ રતનસિંહ ભંડારી સામે ખટપટો શરૂ થઈ. એનું શાસન જુલમી હોવાથી ખંભાતના ફોજદાર મોમીનખાને સૂબેદાર-પદ પોતાને મળે એવી ખટપટો દિલ્હી દરબારમાં કરતાં એમાં એ સફળ થયો. રતન-સિંહ પાસેથી અમદાવાદનો કબજો મેળવવા મોમીનખાને મરાઠાઓની મદદ લેવા વિચાર્યું. પૂરતી લશ્કરી મદદના બદલામાં એણે દામાજીરાવને ગુજરાત પ્રાંતનું અડધું મહેસૂલ આપવાનો કરાર કર્યો. એમાંથી અમદાવાદ શહેર, હવેલી (પરગણું), ખંભાત નગર અને ખંભાતના બંદરી મહેસૂલને બાકાત રાખવામાં આવ્યાં. ટૂંક સમયમાં મોમીનખાન તથા જવાંમર્દખાનનાં અને દામાજીરાવ વતી રંગોજીનાં લશ્કરોએ અમદાવાદને ઘેરો ઘાલ્યો. આ ઘેરો નવ મહિના (ઑગસ્ટ ૧૭૩૬ થી મે ૧૭૩૭) સુધી ચાલ્યો. દરમ્યાનમાં દામાજીરાવ પણ જાતે આવ્યો. રતનસિંહે દામાજીરાવને પોતાના પક્ષે લેવા પ્રલોભન કરતી શરતો મોકલાવી તેમાં સમગ્ર પ્રાંતનું (અમદાવાદ, હવેલી પરગણું અને ખંભાત સહિત) મહેસૂલ આપવાની દરખાસ્ત હતી. દામાજીરાવે આનો બરાબર લાભ ઉઠાવ્યો. એણે મોમીનખાનને આ દરખાસ્તોની જાણ કરી. દામાજીરાવની મિત્રતા જાળવી રાખવા પોતે ઉપરની શરતોનો સ્વીકાર કરે છે એમ મોમીનખાને દર્શાવ્યું. વધુમાં એણે વીરમગામ પરના અવિભાજિત અંકુશ સંબંધી પોતાનો અડધા ભાગનો હક્ક જતો કરવાની શરતે એના બદલામાં ખંભાતની અડધી મહેસૂલી આવક માગી. દામાજીરાવે મોમીન-

ખાનની આ શરતોનો સ્વીકાર કર્યો.[૨૦] આમ ગુજરાતના સૂબેદાર બનવાની મહેચ્છા રાખતા મોમીનખાનને મોટો ભોગ આપ્યો, જેનાથી ગુજરાતમાં ક્ષીણ બનતી જતી મુઘલ સત્તાને પ્રાણઘાતક ફટકો પડ્યો. દિલ્હી તરફથી હુકમો સિવાય લશ્કરી મદદ કે નાણાકીય સહાય ન આવતાં અને ચોમાસું નજીક આવતું જોઈ તેમજ ઘેરો વધુ મજબૂત બન્યો હોવાથી વસ્તુઓની તંગી પ્રવર્તતાં છેવટે રતનસિંહ ભંડારીએ મોમીનખાન સાથે વાટાઘાટો કરી; એ મુજબ એણે એક લાખ રૂપિયા અને પોતાની ફોજ તથા માલસામાન લઈ અમદાવાદ છોડયું (મે ૨૫, ૧૭૩૭). શરત મુજબ મોમીનખાને અને દામાજીરાવ વતી રંગોજીએ પોતે પોતાના અડધા ભાગ જેટલા અમદાવાદ પર કબજો સ્થાપી દીધો.[૨૧] રતનસિંહની વિદાય પછી વિજેતા બનેલો મોમીનખાન હકીકતમાં અને કાયદેસર ગુજરાતનો સૂબેદાર બન્યો. ૧૭૩૭ થી ૧૭૫૩ સુધી અમદાવાદમાં મુઘલો અને મરાઠાઓનું દ્વિશાસન ચાલ્યું તેમાં અમદાવાદનું મહેસૂલ જ નહિ, પણ વહીવટીતંત્ર પણ સરખા હિસ્સે બંને વચ્ચે વહેંચાયું હતું. અમદાવાદનો દક્ષિણનો અડધો ભાગ અને ૭ દરવાજા (રાયખડ, નદી પરનો ખાનજહાંન, જમાલપુર, દક્ષિણ તરફનો બંધ દરવાજો, આસ્ટોડિયા અને રાયપુર) પરનો અંકુશ રંગોજીને સોંપવામાં આવ્યો હતો. બંને પક્ષો વચ્ચે સંયુક્ત વહીવટના કારણે નાનામોટા ઝઘડા થતા, પરંતુ એનું સમાધાન થઈ જતું અને મોમીનખાન જીવ્યો (ઈ.સ. ૧૭૪૩) ત્યાં સુધી બંને વચ્ચે સુખદ સંબંધ જળવાઈ રહ્યા હતા.

૧૭૩૮–૩૯ના સમયમાં જ્યારે અમદાવાદ પર દ્વિશાસન સ્થપાઈ ચૂક્યું હતું ત્યારે પેશવા બાજીરાવ પહેલા અને એના ભાઈઓએ, ઉત્તર કોંકણ અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાં આવેલા ફિરંગી પ્રદેશ લઈ લીધા હતા. એમાં સાલસેટ ટાપુ વસઈ અને દમણની હકૂમતવાળા મોટા ભાગના વિસ્તારનો સમાવેશ થતો હતો.

૧૭૪૦ માં વીરમગામમાંથી મરાઠાઓને હાંકી કાઢવાનો પ્રયાસ ત્યાંના ભાવસિંહ દેસાઈએ કર્યો, પરંતુ સમાધાન કરવાની ફરજ પડી હતી. એ અનુસાર કચ્છની સાથે જોડાયેલાં થોડાં ગામડાં ભાવસિંહને આપવામાં આવ્યાં.[૨૨]

એના બદલામાં વીરમગામ નગર અને પરગણા પરનો બાકીનો ભાગ મરાઠાઓને સોંપવામાં આવ્યો. ૧૭૪૧ માં દામાજીરાવે ભરૂચનો કિલ્લો અને નગર જે નિઝામ–ઉલ્–મુલ્કની જાગીર તરીકે હતાં તે, જીતી લેવા ઘેરો ઘાલ્યો. નિઝામે એની સાથે સમાધાન કરવાની તૈયારી બતાવતાં દામાજીરાવને ભરૂચની મહેસૂલી અને બંદરની જકાતી આવકનો ૩/૫ ભાગ તથા જંબુસર દહેજ બારા

અને કોરલ પરગણાનું અડધું મહેસૂલ આપવામાં આવ્યું. પાછળથી સુધારો કરવામાં આવતાં ૨/૩ ભાગ જેટલું મહેસૂલ કરવામાં આવ્યું હતું.

૧૭૪૩ માં મોમીનખાનનું અવસાન થતાં મુઘલ બાદશાહે નવા સૂબેદારની નિમણૂક ન થાય ત્યાંસુધી સ્વર્ગસ્થ મોમીનખાનના ભાણેજ ફિદાઉદ્દીનખાન અને મોમીનખાનના પુત્ર મુફ્તખીરખાનને સંયુક્ત રહી વહીવટ ચલાવવાનો હુકમ કર્યો. આ વખતે આનંદરાવ નામના હિંદુએ રંગોજી સાથે મળી જઈ રંગોજી સમગ્ર અમદાવાદ પર કબજો જમાવી લે એ માટે ખટપટો કરી, પરંતુ એમ કરવા જતાં આનંદરાવને બૂરી હાલતે મરવું પડયું અને રંગોજીને શેરખાન બાબીના ચોકીપહેરા નીચે કેદી બનવું પડયું. એ સ્થિતિમાં રંગોજીને વીરમગામ અને બોરસદના કિલ્લા મુઘલોને સોંપી દેવા કબૂલ થવું પડયું. રંગોજીને કેદ પકડી એની પાસેથી દસ લાખથી ઓછી નહિ તેવી રકમ અમદાવાદના સૂબેદારે (ફિદાઉદ્દીને) માગી છે એવો પત્ર (મે ૩૧, ૧૭૪૩) ખંભાતની અંગ્રેજ કોઠી તરફથી સુરતના જેમ્સ હોપને લખાયો હતો. તેમાં એ કાર્યનો બદલો દામાજીરાવ 'મુર' (અંગ્રેજ) લોકો પર સખતાઈ અને ઘાતકીપણે લેશે એવો ભય બતાવવામાં આવ્યો હતો.[૨૩]

થોડા વખત પછી પાટણના જવાંમર્દખાન બાબીએ કુનેહથી ગુજરાતની સૂબેદારી પોતાને હાથ કરી લેતાં સર્જાયેલી અવ્યવસ્થાનો લાભ લઈ રંગોજી શેરખાનની પકડમાંથી છૂટી જઈ પોતાના ગઢ બોરસદમાં જઈ પહોંચ્યો. ફિદાઉદ્દીનને પત્ર લખી તાજેતરમાં દામાજીરાવની માલમિલકત લૂંટવા અને અન્ય નુકસાન કરવા બદલ બે લાખ રૂપિયાની માગણી ધમકી સાથે મૂકી. આ સમયે જ જવાંમર્દખાને નવા સૂબેદાર તરીકે સત્તા હાથમાં લઈ લીધી. આ અરસામાં દામાજીરાવનો ભાઈ ખંડેરાવ બોરસદ આવ્યો. રંગોજી અને ખંડેરાવે ભેગા મળીને પેટલાદને ઘેરો ઘાલ્યો અને મુઘલ ફોજદાર પાસેથી એ લઈ લીધું. નવ મહિના બાદ રંગોજીએ જવાંમર્દખાન પાસેથી એ વિધિસર લઈ લીધું.

૧૭૪૩ થી અમદાવાદ, સુરત અને ખંભાતના સ્થાનિક મુસ્લિમ ઉમરાવોમાં સત્તા માટેની સાઠમારી અને શત્રુઓ એમાં પણ વિશેષ કરીને મરાઠાઓ સાથે કરવામાં આવતાં કામચલાઉ જોડાણ અને જુદા પડવાની તથા ભંગાણ પડવાની પ્રક્રિયા ચાલુ રહી.

૧૭૪૯ માં સતારામાં રાજા શાહુનું અવસાન થયું અને ત્યાં તારાબાઈ અને પેશવા બાલાજીરાવ વચ્ચે ભારે સંઘર્ષ જામ્યો. ૧૭૫૧ માં પેશવાએ યશવંતરાવ દાભાડે પાસે ગુજરાતના અડધા પ્રદેશોની માગણી કરી, પરંતુ દાભાડેના મુતાલિક તરીકે દામાજીરાવે એને નકારી કાઢી. આ સમયે તારાબાઈએ દામાજીરાવને

દખ્ખણમાં પોતાની મદદે બોલાવતાં એ ત્યાં ગયો. પેશવા સાથેની પહેલી લડાઈમાં એ જીત્યો, પરંતુ બીજી લડાઈમાં એની હાર થઈ. પેશવાએ એને પૂનામાં કેદ કરીને ગુજરાતની ખંડણીની અડધી રકમ તથા એના મોટા ભાગના પ્રદેશ આપવા જણાવ્યું, પણ દામાજીરાવે સ્પષ્ટ જણાવ્યું કે ગુજરાત એ સેનાપતિ દાભાડેનું એટલે કે ઉમાબાઈ દાભાડેનું છે અને હું તો એનો નોકર (મુતાલિક) છું, તેથી કંઈ પણ આપી શકાય નહિ.[૨૪] દામાજીરાવના કારભારીએ એને કેદમાંથી છોડાવવાનો પ્રયાસ કર્યો, પણ એ નિષ્ફળ જતાં પેશવાએ દામાજીરાવને વધુ કડક ચોકીપહેરા નીચે રાખ્યો. આવી સ્થિતિમાં દામાજીરાવ લગભગ દસ મહિના રહ્યો. એણે સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવી લીધો. એને થયું કે ગુજરાતમાં એની હાજરીની ઘણી જરૂર છે, તેથી પેશવાની શરતોનો સ્વીકાર કર્યો (માર્ચ ૩૦, ૧૭૫૨). બંને વચ્ચે થયેલી શરતો ટૂંકમાં આવી હતી : (૧) ગુજરાત પરનો સેનાપતિ દાભાડેનો હક્કદાવો સંપૂર્ણપણે છોડી દેવામાં આવ્યો, (૨) ગુજરાતમાં માત્ર એક જ મરાઠા પ્રતિનિધિ તરીકે દામાજીરાવ ગાયકવાડ રહે અને એ 'સેનાખાસ–ખેલ'નું બિરુદ ભોગવે, (૩) દામાજીરાવ ગુજરાતના અડધા પ્રદેશ આપવાનું સ્વીકારે અને ભવિષ્યમાં જે કાંઈ પ્રદેશો જીતી લેવામાં આવે તેનો પણ અડધો ભાગ પેશવાને આપે, (૪) ખંડણીની ચડેલી રકમ તરીકે ૧૫ લાખ રૂપિયા દામાજીરાવે પેશવાને આપવા, (૫) પેશવાને જ્યારે જરૂર પડે ત્યારે દસ હજાર ઘોડેસવાર દળથી દામાજીરાવે વફાદારીપૂર્વક મદદ આપવી, અને (૬) સેનાપતિના નિભાવખર્ચ માટે પણ વાર્ષિક અમુક રકમ આપવી એવું નક્કી થયું. આમ પ્રદેશો અને રકમની દૃષ્ટિએ જોઈએ તો પેશવા અને ગાયકવાડ દરેકને વાર્ષિક આવક રૂપિયા પચાસ લાખની મળે એવી રીતે વિભાજન થયું હતું.[૨૫] તારાબાઈને પણ આ કરાર પાછળથી કબૂલ રાખવો પડયો હતો.

પેશવા અને દામાજીરાવ વચ્ચે જે પ્રદેશોની વહેંચણી થઈ તેમાં અમદાવાદ અને સુરત જેવાં શહેર પણ વહેંચી લેવામાં આવ્યાં હતાં. ભરૂચ અને એના પરગણાનું મહેસૂલ ગાયકવાડને અને જંબુસર તથા દહેજબારા પેશવાને મળે એવું નક્કી થયું હતું. સૌરાષ્ટ્રને પણ મહેસૂલ ઉઘરાવવા માટે ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું. સોરઠ ગોહિલવાડ હાલાર અને ઝાલાવાડ મહાલોમાં મુલકગીરી માટે ચડાઈઓ મોકલવાનો હક્ક સ્વીકારવામાં આવ્યો અને બંનેનાં લશ્કર કયા પ્રદેશમાં જાય એ પણ નક્કી કરવામાં આવ્યું હતું. માંગરોળ–(સોરઠ) ૧૭૩૭ થી ૧૭૪૯ સુધી મરાઠાઓના કબજા નીચે હતું. એ પછી ત્યાં કાજી–શેખનું શાસન સ્થપાયું હતું[૨૬] એટલે એ વહેંચણીમાંથી બાકાત રહ્યું હતું.

સૌરાષ્ટ્રમાં રાજ્ય કરતા અનેક નાનામોટા રાજાઓ સરદારો વગેરે માટે આ ફેરફાર મુઘલ અધીનતાને સ્થાને મરાઠાઓનું વર્ચસ સ્વીકારવાનો અને એમની સત્તાનો સ્વીકાર કરી એમને ખંડણી આપવા જેવો હતો. આમ ગુજરાત અંગે પેશવાએ દામાજીરાવ પાસેથી મેળવેલા અધિકારો અને હક્કો, ૧૮૧૭ માં પૂનાની સંધિ થતાં સુધી, એની પાસે રહ્યા. એ સંધિમાં પ્રસ્તુત અધિકારો અને હક્કની વહેંચણી અંગ્રેજ સરકાર અને ગાયકવાડ વચ્ચે કરવામાં આવી હતી.

૧૭૫૨ ના ઉપર્યુક્ત કરાર બાદ પેશવા બાલાજી બાજીરાવનો નાનો ભાઈ રઘુનાથરાવ, જે મરાઠા ઇતિહાસમાં રાઘોબાના નામથી પ્રખ્યાત બન્યો તે, એના પ્રથમ પ્રતિનિધિ તરીકે ગુજરાતમાં આવ્યો. એ ૧૭૮૩ સુધી ગુજરાતના રાજકારણમાં ગાઢ રીતે ભાગ લેતો રહ્યો. પોતાનો છુટકારો થયા બાદ દામાજીરાવ પણ ગુજરાતમાં આવ્યો.

ગુજરાતમાં આવેલા રઘુનાથરાવ અને દામાજીરાવે સંયુક્ત બની અમદાવાદ જીતી લેવા વિચાર્યું. જે સમયે જવાંમર્દખાન સાબરકાંઠા અને બનાસકાંઠાના જિલ્લાઓમાં આવેલા પરગણામાંથી ખંડણી વસૂલ કરી રહ્યો હતો તે સમયે રઘુનાથરાવ અને દામાજીરાવે અમદાવાદને ઉત્તર પૂર્વ અને દક્ષિણ બાજુઓથી ઘેરી લીધું. જવાંમર્દખાને તુરત જ અમદાવાદ પહોંચી રક્ષણ-વ્યવસ્થા કરી, પણ એમાં એને સફળતા મળી નહિ. જવાંમર્દખાનને મરાઠાઓ સાથે સંધિ કરવી પડી (માર્ચ ૩૦, ૧૭૫૩), એ મુજબ પાટણ શહેર અને બીજા દસ મહાલ–પાટણ વડનગર વિજાપુર વીસલનગર થરાદ ખેરાળુ સમી મુંજપુર રાધનપુર અને થરવાડાને જવાંમર્દખાનની જાગીર તરીકે સ્વીકારવામાં આવ્યાં. ત્યાં કોઈ પણ મરાઠા લશ્કરને જવાનો કે પેશવાના પ્રતિનિધિને ઘાસ અને ખોરાકી માગવાનો અધિકાર રહેશે નહિ એમ કબૂલવામાં આવ્યું. આના બદલામાં જવાંમર્દખાન અમદાવાદ છોડી પોતાની જાગીરમાં જતો રહે એમ નક્કી થયું. અત્રે એ નોંધવું જોઈએ કે આવી બાંહેધરીઓ આપી હોવા છતાં દામાજીરાવ ગાયકવાડે દસ વર્ષ બાદ જવાંમર્દખાનના પુત્રો પાસેથી રાધનપુર અને સમી સિવાયના બધા મહાલ લઈ લીધા હતા.

જવાંમર્દખાને ભદ્રનો દુર્ગ ખાલી કર્યો (એપ્રિલ ૧, ૧૭૫૩) અને અમદાવાદમાંથી નીકળવાની તૈયારી કરી. મરાઠાઓએ અમદાવાદમાં પ્રવેશ કર્યો (એપ્રિલ ૫, ૧૭૫૩) અને જવાંમર્દખાન અમદાવાદ છોડી જતો રહ્યો.[૨૭] અમદાવાદ કબજે થવાથી ગુજરાતમાં મુઘલ સત્તાનો લગભગ અંત આવી ગયો. રાઘોબા

અને દામાજીરાવે અમદાવાદમાં પ્રવેશ કર્યો (એપ્રિલ ૭) અને શહેરનું વહીવટી તંત્ર ગોઠવ્યું. પેશવાનો અધિકાર પ્રથમ વાર જ આ રીતે સ્થપાયો હતો. દામાજીરાવનું સ્થાન બીજી કક્ષાનું હતું. એણે પોતાના પ્રતિનિધિ તરીકે સેવકરામની નિમણૂક કરી અને પેશવાના પ્રતિનિધિના અધિકાર નીચે શહેરનું રક્ષણ કરવા માટે લશ્કરી ખર્ચ પેટે દર મહિને ૭ હજાર રૂપિયા આપવાનું સ્વીકાર્યું.[૨૮] આ વ્યવસ્થા ૧૮૧૭ સુધી ચાલુ રહી હતી.[૨૯]

રઘુનાથરાવે અમદાવાદ પર પેશવાનો અંકુશ સ્થાપી દીધો છતાં મુઘલ સત્તા ફક્ત નામ પૂરતી પાંચ વર્ષ ટકી રહી. ૧૭૫૬ માં થયેલા ભારે વરસાદના કારણે અમદાવાદની રક્ષણ-દીવાલોમાં ઠેકઠેકાણે ગંભીર નુકસાન થયું હતું. એ સમયે રઘુનાથરાવ દિલ્હી તરફ લશ્કરી પ્રવૃત્તિઓમાં રોકાયેલો હતો, અમદાવાદમાં ઝાઝું લશ્કર પણ ન હતું. આ પરિસ્થિતિનો લાભ ઉઠાવી ખંભાતનો મોમીનખાન અમદાવાદ જીતી લેવા અહીં આવ્યો. અમદાવાદમાં રહેલો પેશવાનો પ્રતિનિધિ સદાશિવ દામોદર અને દામાજીરાવનો પ્રતિનિધિ બંને મોમીનખાન સામે ટકી શક્યા નહિ. અમદાવાદ ત્રણ વર્ષ સાત મહિના (એપ્રિલ ૧, ૧૭૫૩ થી ઑક્ટોબર ૧૬, ૧૭૫૬) મરાઠાઓના કબજામાં રહ્યા બાદ મુઘલોના હાથમાં પુનઃ ગયું.[૩૦]

અમદાવાદ મોમીનખાનના હાથમાં ગયું તે સમયે ભારતમાં પેશવા બાલાજી બાજીરાવ રાજકીય પ્રભુત્વ ધરાવતો હતો. મોમીનખાનની પ્રવૃત્તિઓ અને અમદાવાદના પતનના સમાચાર જાણી એ ભારે રોષે ભરાયો અને શક્તિશાળી લશ્કર સાથે સદાશિવ રામચંદ્રને પૂરા અધિકાર સાથે ગુજરાતમાં મોકલ્યો. દામાજીરાવ ગાયકવાડને પણ એને સહકાર આપવા જણાવાયું. સદાશિવરાવે ૧૭૫૭ ના જાન્યુઆરીમાં ગુજરાતમાં પ્રવેશ કર્યો તેની સાથે દામાજીરાવ અને પાટણનો જવાંમર્દખાન પણ પોતપોતાના લશ્કર સાથે જોડાયા. ત્રણ પક્ષના સંયુક્ત લશ્કરે અમદાવાદને ઘેરો ઘાલ્યો. ૧૪ માસના ઘેરા બાદ મોમીનખાન શરણે આવ્યો[૩૧] અને અમદાવાદ મરાઠાઓના કબજામાં ફરી આવી ગયું, ત્યાં પેશવાની સર્વોપરિતા સ્થપાઈ, જો કે દામાજીરાવ ગાયકવાડના અમુક અધિકારો અને હક્કો ત્યાં ચાલુ રહ્યા હતા. અમદાવાદનો વહીવટ ૧૭૫૮ પછી પેશવા તરફથી મોકલવામાં આવતા પ્રતિનિધિ દ્વારા થતો રહ્યો.

પાદટીપ

૧. G. H. Desai and A. B. Clarke, *Gazetteer of the Baroda State*, Vol. I, p. 1

૨. G. S. Sardesai, *New History of the Marathas*, Vol. I, p. 151

૩. 'મીરાતે એહમદી', ગ્રં. ૧ (ગુજ. અનુ. નિઝામખાન પઠાણ), પૃ. ૨૬૪-૬૫

૪. W. G. Forrest, *Selections, Home Series*, Vol. I, pp. 248-49, 252

૫. दा. ना. आपटे, श्री महाराजा सयाजीराव गायकवाड (तिसरे) यांचे चरित्र, खण्ड १, पृ. ५

૬. M. S. Commissariat, *History of Gujarat*, Vol. II, pp. 211-12

૭. જુઓ ઉપર, પૃ. ૮૮-૮૯.

૮. પિલાજીરાવને એના કારભારી બસો લિંગદેવે સલાહ આપી હતી કે હવે પોતાના ઉપરી અધિકારીથી સ્વતંત્ર બની જાઓ અને તમારી સ્વતંત્ર સત્તાની સ્થાપના કરો. अ. अ. चिपळूणकर, अभिनव सयाजी, पृ. ३२; आपटे, उपर्युक्त, ग्रं. १, पृ. ८

૯. *Gazetteer of the Baroda state*, Vol. I, p. 438

૧૦. 'મિરાતે અહમદી', (ગુજ. અનુ. કૃ. મો. ઝવેરી), વૉ. ૨, ખંડ ૧, પૃ. ૭૮-૭૯

૧૧. એજન, પૃ. ૧૧૧-૧૧૨

૧૨. એજન, પૃ. ૧૨૭

૧૩. બંને પક્ષો વચ્ચે ૨૦મી ફેબ્રુઆરી ૧૭૨૭ માં કરાર થયો હોવાનું કહેવામાં આવ્યું છે, પણ પિલાજી અને કંથાજીના વિરોધના કારણે એનો અમલ થઈ શક્યો નહિ. જુઓ V. G. Dighe, *Peshwa Baji Rao I and Maratha Expansion*, p. 30 and note.

૧૪. વિગતો માટે, જુઓ James Grant Duff, *History of the Mahrattas*, Vol. I, (Ed. by G. P. Guha), pp 280-281; and V. G. Dighe, *op. cit.*, pp. 32-33 and notes.

૧૫. G. S. Sardesai, *op. cit.*, Vol. II, p, 137

૧૬. J. H. Gense and D. R. Banaji, *The Gaikwads of Baroda*, Vol. I, pp. 10-11

૧૭. Sardesai, *op. cit.*, Vol. II, p. 140, note

૧૮. 'મિરાતે અહમદી', વૉ. ૨, ખં. ૧, પૃ. ૧૭૫-૭૬

૧૯. એજન, ખંડ ૨, પૃ, ૨૦૬–૦૭ ૨૦. એજન, ખંડ ૨, પૃ. ૨૭૦-૭૧

૨૧. Gense and Banaji, *op. cit.*, Vol. I, p. 26

૨૨. પાટડી ચોથા વર્ગનું નાનું રાજ્ય ૧૯૪૮ સુધી અસ્તિત્વમાં રહ્યું હતું.

૨૩. Gense and Banaji, *op. cit.*, Vol. I, p. 46

૨૪. Sardesai, *op. cit.*, Vol. II, p. 324

૨૫. C. U. Aitchision, *A Collection of Treaties, Engagements and Sanads*, Vol. VI, Appendix I

૨૬. *Corpus Inscriptionum Bhavnagari*, pp. 50–51

૨૭. Gense and Banaji, *op.* cit., Vol. I, p. 105

૨૮. 'મિરાતે અહમદી', વૉ. ૨, ખંડ ૩, પૃ. ૫૧૩-૧૬

૨૯. B. K. Boman-Behram, *Rise* of *Municipal Government in the City of Ahmedabad*, p. 8

૩૦. Gense and Banaji, *op. cit*, Vol. I, p. 113

૩૧. *Ibid.*, Vol. I, p. 117

*

પ્રકરણ ૬

રાજ્યતંત્ર

મુઘલ સામ્રાજ્યમાં ઘણા સૂબા (પ્રાંતો) હતા. અકબરના સમયથી એમાં ગુજરાતનો સમાવેશ થયો.

મુઘલ રાજ્યનું સ્વરૂપ

મુઘલ રાજ્યનું સ્વરૂપ લશ્કરી શાસનનું હતું અને તેથી એ કેંદ્રીય રાજાશાહીનું હતું. મુસ્લિમ પ્રજા માટે એનો રાજા ધર્મ અને રાજ્યનો વડો હતો અને તેથી એ રાજા એમના માટે સામાજિક કાર્યો કરતો, પરંતુ બિન-મુસ્લિમ પ્રજા માટે રાજા માત્ર સલામતી કે રક્ષણ આપવા જેવું કાર્ય કરતો અને મહેસૂલ ઉઘરાવતો. જાહેર શિક્ષણ એ રાજ્યની ફરજ ન હતી. મુઘલ સમયમાં સામાજિક કાર્યો રાજ્ય પર નહિ, પણ તે કોમ જ્ઞાતિ કે સમાજ પર છોડી દેવામાં આવતાં.[1]

ગુજરાત સૂબો અને એના પેટાવિભાગ

મુઘલ સામ્રાજ્ય 'મુઘલ હિંદ' અને 'તાબેદાર રાજ્યો' એવા બે વિસ્તૃત ભાગોમાં વહેંચાયેલું હતું. 'મુઘલ હિંદ'નો વહીવટ સીધો શાહી અથવા કેંદ્રીય સત્તા નીચે હતો, જ્યારે તાબેદાર રાજ્યો જુદી જુદી કક્ષાનું સ્વાતંત્ર્ય ભોગવતા રાજાઓનાં રાજ્ય હતાં.

અકબરે શાહી મુઘલ પ્રદેશને ૧૫૯૫માં બાર સૂબાઓ(પ્રાંતો)માં વહેંચ્યો હતો; સમય જતાં એમાં ખાનદેશ વરાડ અને અહમદનગર જેવા પ્રદેશ ઉમેરાતાં પંદર સૂબા થયા હતા. એ પ્રાંતો દૂર હોવાથી અને તેઓને ગુજરાત કે માળવા સાથે જોડી દેવાનું રાજકીય રીતે પ્રતિકૂળ હોવાથી, તેઓને દખ્ખણના અલગ સૂબા રાખવામાં આવ્યા.

અકબરે જ્યારે ગુજરાત જીત્યું ત્યારે એણે એ સૂબાના વિભાગોની પુનર્-વહેંચણી કરી અને સરહદી વિસ્તારોને એના અગાઉનાં અધિકારક્ષેત્ર સોંપ્યાં. આથી એ સૂબામાં તાજના સીધા તાબા નીચે નવ સરકાર હતી: અમદાવાદ પાટણ નાંદોદ વડોદરા ભરૂચ ચાંપાનેર સુરત ગોધરા અને સોરઠ. એમાં બધાં મળી ૧૯૮ પરગણાં અને ૧૩ બંદર હતાં.[2] ઔરંગઝેબના સમયમાં ૧૬૬૧માં નવાનગર ખાલસા થતાં સીધા વહીવટ નીચેની સરકારોની સંખ્યા દસ થઈ.[3] એ સમયે ખંડિયા

રાજ્ય છ હતાં—ડુંગરપુર, વાંસવાડા, સુંથ (રેવાકાંઠામાં), સિરોહી, કચ્છ અને રામનગર (ધરમપુર).[૪] તેઓને એમના મૂળ પ્રદેશ પાછા સોંપ્યા, પણ એમને પ્રાંતની સરકારના તાબા નીચે રાખવામાં આવ્યાં અને એ સરકારને ખંડણી તથા લશ્કરી સેવા આપવાનું કહેવામાં આવ્યું.[૫] પરગણાના તાબા નીચે ગામ હતાં, જેનો વહીવટ ગ્રામપંચાયત કરતી.

પ્રાંતના અધિકારીઓ

અકબરના સમયમાં પ્રાંતના વડાને સત્તાવાર રીતે સિપાહસાલાર (સૂબહદાર અને પાછળના સમયમાં સૂબહ=સૂબો) કહેવામાં આવતો. એના અનુગામીઓના સમયમાં એ 'નાઝિમ' તરીકે ઓળખાયો.[૬] સિપાહસાલાર એ બાદશાહનો પ્રતિનિધિ હતો. એનાથી બીજા ક્રમે અને કેંદ્રના તાબા નીચે દીવાન હતો. આ બંને મુખ્ય અધિકારીઓ વચ્ચે મોટે ભાગે પ્રાંતની સમગ્ર વહીવટી કામગીરી વહેંચાયેલી હતી. સિપાહસાલાર કારોબારી, સંરક્ષણ, ફોજદારી ન્યાય અને સામાન્ય વહીવટ માટે જવાબદાર હતો, જ્યારે દીવાન મહેસૂલી વ્યવસ્થા, દીવાની ન્યાય અને સદર અધિકારીના ક્ષેત્રમાં આવતી ફરજો પર સામાન્ય દેખરેખ રાખતો. આ બંને અધિકારીઓની મદદમાં બક્ષી (પગાર ચૂકવનાર, જેને અનેકવિધ ફરજો બજાવવી પડતી), સદ્ર (મુખ્યત્વે ધર્મવિભાગ દાન અને અનુદાનનો વડો), કાઝી (પ્રાંતનો મુખ્ય ન્યાયાધીશ), કોટવાલ (જે આંતરિક સંરક્ષણ તંદુરસ્તી આરોગ્ય અને બીજાં સુધરાઈ કાર્ય સંભાળતો), મીર બહ્ર (બંદર કર જકાત હોડી અને નાવડીઓ વગેરેના કર વસૂલ લેનાર હતો) તથા વકાએનવીસ (દરબારનો સમાચાર–નોંધક) જેવા અધિકારી હતા. આ ઉપરાંત કેટલાક પ્રાંતોમાં પ્રસંગોપાત્ત 'અમીન' નામનો અધિકારી નીમવામાં આવતો. એના હોદ્દાના પ્રકાર અને કાર્યો વિશે નિશ્ચિત રૂપમાં કહેવું મુશ્કેલ છે.[૭] ૧૫૮૩ માં ઇતિમાદખાન ગુજરાતીને ગુજરાતનો સૂબેદાર નીમવામાં આવ્યો ત્યારે મીર તુરાબવલીને ' અમીન 'પદે નીમવામાં આવ્યો હતો.[૮] ' અમીન 'નો હોદ્દો પ્રાંતીય વહીવટીતંત્રમાં અંકુશ અને મદદ માટે હતો એમ લાગે છે.

મુઘલ સમ્રાટ માટે આ અધિકારીઓ ઉપરાંત ઘણા બીજા ઉમરાવોને એ જ પ્રાંતમાં જાગીરો આપીને મોકલવાનો રિવાજ થઈ પડયો હતો. એમને મોકલવાનો હેતુ પ્રાંતીય સૂબેદારને મદદ કરવાનો હતો. આવા ઉમરાવો અને ઉચ્ચ અધિકારીઓ એ સૂબાની ઘણી મહત્ત્વની બાબતો અંગે ચર્ચાવિચારણા કરવા માટે અનૌપચારિક સમિતિરૂપ બનતા.

સૂબેદાર

પ્રાંતમાં સૂબેદારપદે નિમાતી વ્યક્તિઓ બાહોશ નિપુણ અનુભવી અને કાર્ય-દક્ષ હોવી જરૂરી મનાતું, પણ શાહજાદાઓ અથવા ઉચ્ચ કક્ષાના ઉમરાવોના પુત્રોની બાબતમાં અપવાદ થતા. એમને મહત્ત્વના પ્રાંતોના સૂબેદાર તરીકે નીમવામાં આવતા, પરંતુ તેઓ જુવાન અને બિનઅનુભવી હોવાથી એમના માર્ગદર્શક અને ગુરુ તરીકે 'અતાલીક' નામની કાર્યક્ષમ અને અનુભવી વ્યક્તિઓને નીમવામાં આવતી. જુવાન સૂબેદારોને 'અતાલીક'ની સલાહનું હમેશાં પાલન કરવાનું કહેવા આવતું. સૂબેદારને મદદ કરવા ઘણા ઉચ્ચ અધિકારીઓની સમિતિ પણ રહેતી. મીરઝા અબ્દુર્રહીમખાનના અતાલીક વઝીરખાનના સમયમાં ગુજરાતમાં રાજકીય અંધાધૂંધી ફેલાતાં એની બદલી સરહદ પરના ઈડરના ફોજદાર તરીકે કરવામાં આવી હતી અને એના બધા કર્મચારીઓને પરત બોલાવી લેવામાં આવ્યા.[૯]

કોઈ વાર જે વ્યક્તિને સૂબેદાર તરીકે નીમવામાં આવી હોય તે વ્યક્તિ અંગત કારણસર કે બાદશાહની મરજીથી અને સંમતિથી, પોતાના વતી પોતાની પસંદગીની વ્યક્તિને પોતાના નાયબ તરીકે પ્રાંતમાં મોકલતી અને પોતે રાજ-ધાનીમાં રહેતી. આવા ગેરહાજર સૂબેદારોના પ્રતિનિધિઓ દ્વારા ગુજરાતમાં વહીવટ ચલાવવામાં આવ્યો હતો.

જ્યારે સૂબેદારની નિમણૂક કરવામાં આવતી ત્યારે બાદશાહ એને પદનું પ્રતીક તથા યોગ્ય બિરુદ ભેટ આપતો. સૂબેદાર પ્રાંતમાં જવા નીકળે તે પહેલાં એ કેંદ્રના વઝીર પાસે જતો, જ્યાં એને સૂચનાપત્ર આપવામાં આવતો. એમાં એની ફરજો કાર્ય જવાબદારી વગેરે બાબતોની સૂચના અને સમજ આલેખવામાં આવતાં.[૧૦] સૂબેદારોએ શું કરવું જોઈએ અને શું નિવારવું જોઈએ એ અંગેની શિખામણો, જે ૪૦ જેટલી છે તે, અકબરના ફરમાનમાં આપવામાં આવી છે.[૧૧] એમાં વિશેષાધિકારો અને મર્યાદાઓ પણ સમજાવવામાં આવતાં. ખંડિયા રાજાઓ પાસેથી ખંડણી વસૂલ લઈ બધી રકમ શાહી દરબારમાં પૂરતા બંદોબસ્ત અને સલામતીથી પહોંચાડવાની પણ એની ફરજ રહેતી. સૂબેદારોને આવા વિસ્તૃત અધિકાર હતા, છતાં એમને બાદશાહના દરબારની જેમ પ્રાંતમાં દબદબાભર્યો દરબાર યોજવાની મનાઈ હતી, કેમકે એ શાહી વિશેષાધિકાર હતો. વળી બાદશાહની જેમ ઝરૂખા-દર્શન આપવાની કે શાહી નોકરો પાસે કુરનિશ ભરાવવાની સ્પષ્ટ મનાઈ કરાવવામાં આવતી.[૧૨]

દીવાન

પ્રાંતમાં દીવાન સૂબેદારથી બીજા ક્રમે આવતો મહત્ત્વનો પદાધિકારી હતો. એની પસંદગી સમ્રાટનો વઝીર કરતો અને એની નિમણૂક શાહી દરબારમાંથી બાદશાહના હુકમથી વઝીરના હાથે લખાયેલા ફરમાનથી અને વઝીરની મહોર અંકિત કરેલી સનદથી કરવામાં આવતી. એ કોઈ રીતે પ્રાંતીય સૂબેદારના તાબામાં ન હતો, અને એ શાહી વઝીરના હુકમ પ્રમાણે ચાલતો અને એની સાથે પત્ર-વ્યવહાર કરતો. દીવાન પ્રાંતના નાણાં-વિભાગનો વડો રહેતો. દીવાનને ખેતી-વાડીના વિકાસ માટે શક્ય તેટલા પ્રયાસ કરાવવાના હતા. એણે રાજ્યની તિજોરી પર કડક અને ચાંપતી નજર રાખવાની હતી અને કોઈ બિનઅધિકૃત રીતે નાણાં ઉપાડે નહિ એ જોવાનું હતું. કોઈ પણ અધિકારી નિષેધ ફરમાવેલ વેરા ઉઘરાવે નહિ તેની કાળજી રાખવાની હતી. એને 'આમિલ' નામના અધિકારીઓના હિસાબોની ચકાસણી પૂરતી રીતે કરવાની હતી. ભ્રષ્ટાચારી આમિલોને બરતરફ કરવા ભલામણ કરવાની એને સત્તા હતી. આમિલની એ નિષ્કાળજીના કારણે મહેસૂલ-વસૂલાત બાકી પડે તો દરેક ઋતુમાં ૫ ટકાના હપ્તાથી વસૂલ લેવાની જોગવાઈ કરવાની રહેતી. તગાવી લોન પણ પરત ઉઘરાવવાની રહેતી. ખેડૂતોની સગવડ ખાતર મહેસૂલ ઉઘરાવવાનો પ્રકાર એ બદલી શકતો. ટૂંકમાં, દીવાનને મહેસૂલ અંગે અને એની વસૂલાત માટે વિસ્તૃત સત્તા આપવામાં આવતી. કોઈ વાર દીવાનને હિસાબ-તપાસણી-વિભાગ પણ સોંપવામાં આવતો.

દીવાનના કાર્યાલયમાં પેશકર અથવા મંત્રી તથા અંગત મદદનીશ જેવા કર્મચારી રહેતા, જેમની નિમણૂક કેંદ્રમાંથી શાહી દીવાન દ્વારા કરવામાં આવતી. કાર્યાલય-નિરીક્ષક એટલે કે દારોગાહ (દારોગા) પણ દીવાનની અદાલત અને કાર્યાલયનો મહત્ત્વનો અધિકારી હતો. 'મુશરિફ' (ઘણું કરીને મુખ્ય કારકૂન) પણ શાહી સનદ દ્વારા નિમાતો. અન્ય કર્મચારીઓમાં તહવીલદાર-ઇ-દફતરખાના (કોશાધ્યક્ષ) મુન્શીફ હજૂરનવીસ સૂબાનવીસ વગેરેનો સમાવેશ થતો.

સદ્ર અને કાઝી

દીવાનથી બીજી કક્ષાએ મહત્ત્વના સ્થાને આવતા અધિકારીઓમાં ન્યાય અને ધાર્મિક ખાતાના આ વડા હતા. મુઘલ સમયમાં આ બંને ખાતાંને ઘણી વાર એક ખાતા તરીકે લેખવામાં આવતાં.

અન્ય કર્મચારીઓ

પ્રાંતના બક્ષીના પદ સાથે રાજકીય ખબર નિવેદકનું પદ પણ સંમિલિત કરવામાં આવ્યું હતું. મુઘલ દરબારના બક્ષીના કાર્યાલયમાંથી પ્રાંત માટે ચાર બક્ષી અને કેટલાક વકાએનવીસ (ખબર-નિવેદક) નીમવામાં આવતા હતા. બક્ષી પોતાના ખબરપત્રીઓને નાઝિમ દીવાન ફોજદાર ન્યાય–અદાલત અને પોલીસનાં કાર્યાલયોમાં રાખતો. એ ખબરપત્રીઓ કાર્યાલયમાં બનતા રોજબરોજના બનાવોનો તથા સરકારી નોકરો અને સરકારી વિભાગોની કામગીરીનો અહેવાલ મોકલતા, પરંતુ કેટલીક વાર આવા ગુપ્ત રાજકીય ખબર–નિવેદકો અને સૂબેદાર ફોજદાર તથા એમના કાર્યાલયના કર્મચારીઓ વચ્ચે સંઘર્ષ થતો, તેથી દ્વેષયુક્ત અહેવાલો રજૂ થતા. એ માટે સવાનેહ-નવીસ અથવા ખુફિયા-નવીસ નામના જુદા પ્રકારના ગુપ્તચરો બધાં મહત્ત્વનાં સ્થળોએ રહેતા અને માત્ર સરકારી અધિકારીઓ વિશેની નહિ, પણ બીજા બનાવો વિશેની માહિતી પણ કેંદ્રમાં સીધી મોકલતા સમય જતાં સવાનેહ-નવીસો પણ વકાએનવીસોની જેમ સમાંતર ખબરપત્રીઓનું જૂથ બની જતાં, હરકારહ નામની એક બીજી જાસૂસી સેવાનું તંત્ર ઊભું કરવું પડયું હતું.[13]

પ્રાંત સરકારના કેંદ્ર સાથેના સંબંધ

પ્રાંતીય સત્તાવાળાઓ પર કેંદ્ર સરકારનો સૈદ્ધાંતિક અને વ્યવહારુ અંકુશ હતો. સૂબેદાર અને એના મંત્રીઓનાં કાર્યોનું નિરીક્ષણ કરવા અને એમના પર અંકુશ રાખવા કેંદ્ર સરકારે કેટલીક પદ્ધતિઓ શોધી હતી. સૂબેદારને એક જ પ્રાંતમાં લાંબા સમય સુધી રહેવા દેવામાં આવતા નહિ, એમની બદલી વારંવાર કરવામાં આવતી. સૂબેદારની જુલમી નિષ્કાળજી કે બિનકાર્યક્ષમ પદ્ધતિઓની જાણ બાદશાહને થતાં એની બદલી તરત જ કરવામાં આવતી. બીજો અસરકારક અંકુશ જાસૂસી ખાતા દ્વારા હતો. ત્રીજો અંકુશ અગાઉ વર્ણવાયેલ એ પ્રકારની વહીવટી વ્યવસ્થાનો હતો, જે પ્રાતના સૂબેદાર અને એના મંત્રીમંડળ પર અંકુશ રાખતી. ગુપ્ત ખબરપત્રીઓ અને હરકારહ ખબરપત્રીઓથી સૂબેદાર સાવચેત રહી ડરતા. ચોથો અંકુશ બાદશાહની અવારનવાર લેવાતી પ્રાંતની મુલાકાત દ્વારા રાખવામાં આવતો. આવી શાહી મુલાકાત દરમ્યાન બાદશાહો ખેડૂતવર્ગનાં દુઃખ ફરિયાદો તકલીફો વગેરે સાંભળતા અને એના નિવારણ માટે તત્કાલ હુકમો કરતા. બાદશાહોને એમની મુલાકાત દરમ્યાન સુધારા કરવાનું યોગ્ય લાગે તો તેઓ એ માટે સ્થળ પર જ આદેશ આપતા. રાજા ટોડરમલને ગુજરાત પ્રાંતમાં પ્રવર્તતાં અનિષ્ટ દૂર કરી મહેસૂલી જમાબંધી ફરીથી ગોઠવવા હુકમ આપવામાં આવ્યો હતો.[14]

સરકારના વહીવટી તંત્રમાં ચાર મુખ્ય અધિકારી મૂકવામાં આવતા : ફોજદાર કોટવાળ આમિલ અને કાઝી.

ફોજદાર કારોબારી અધિકારી હતો, જેનું કાર્ય કાયદો–વ્યવસ્થા જાળવવાનું, શાંતિ–સલામતીની ખાતરી આપવાનું અને બંડખોર સ્વભાવના લોકો તરફથી જ્યારે સરકારી કર્મચારીઓને પોતાની ફરજ બજાવવામાં અવરોધ અને મુશ્કેલીઓ ઊભાં કરવામાં આવે ત્યારે કર્મચારીઓની મદદે જવાનું હતું. એ માટે એના તાબામાં લશ્કરી પોલીસની એક ટુકડી રાખવામાં આવતી, પરંતુ ફોજદાર પાસે કોઈ ન્યાયકીય સત્તા ન હતી.

સરકારનું વહીવટીતંત્ર

ફોજદારને મહેસૂલ પોલીસ અને લશ્કર એવી વહીવટની ત્રણ શાખા સંભાળવી પડતી. મહેસૂલી બાબતમાં એ પરોક્ષ રીતે ભાગ લેતો. સરકારનો બીજો એક અધિકારી–અમલગુઝાર–મહેસૂલ ખાતું સંભાળતો. ખેડૂતો જો મહેસૂલ આપવાનું ટાળી બંડખોર વૃત્તિ બતાવે તો વસૂલાતના કામમાં મદદ કરવાની જવાબદારી ફોજદારની રહેતી. ફોજદારનું મુખ્ય કાર્ય એના તાબાની સરકારોના આવેલા પ્રદેશો અને ગ્રામવિસ્તારોનું રક્ષણ કરવાનું હતું. એ સ્થાનિક લડાયક ટુકડીની નિયમિત દેખભાળ રાખતો, એને શસ્ત્રસજ્જ રાખતો, અને કોઈ પણ સમયે કામગીરી બજાવવા જવું પડે એ માટે તૈયાર રાખતો.

પરગણામાં ઠેર ઠેર થાણાં રાખવામાં આવતાં, જ્યાં તાબેદાર ફોજદાર અથવા થાણાદાર રાખવામાં આવતા. થાણાદાર ફોજદારને અધીન હતા.

ફોજદારોની નિમણૂક વખતે તે તે સરકારનું મહત્ત્વ પ્રથમ જોવામાં આવતું. સ્થાનિક જમીનદારો નિયમિત મહેસૂલ ભરે એ જોવાનું અને બંડખોર તત્ત્વોને ડામી દેવાનું કર્તવ્ય ફોજદારનું હતું. રમખાણ લૂંટફાટ ધાડ કે નાના સ્વરૂપનાં બંડ-બળવા ન થાય એ માટે ચાંપતી દેખરેખ રાખવાનું અને થાય તો એ દબાવી દેવાનું કાર્ય એનું હતું. ટૂંકમાં કહીએ તો ફોજદાર એ પ્રાદેશિક કક્ષાનો લશ્કરી સેનાપતિ હતો.[૧૫]

સરકારમાં ફોજદાર અને અમલગુઝાર કાઝી અને કોટવાળ ન્યાયકીય કાર્ય બજાવતા. એ સરકારના મુખ્ય નગર માટે જ નહિ, પણ સમગ્ર સરકાર માટે મૅજિસ્ટ્રેટના અધિકાર ધરાવતા હતા. કોટવાળ અને કાઝી વચ્ચે ન્યાયકીય અધિકાર વહેંચાઈ ગયા હતા. કોટવાળ નગર–પોલીસનો વડો હતો. એની કામગીરી

સંબંધ ધરાવતા પોલીસો, સાધનસામગ્રી, ગુનેગારો, કેદીઓ, ન્યાય, ચોકિયાતો, માહિતી મેળવનાર જાસૂસો, નૃત્યાંગનાઓ, દારૂ અને માદક પીણાં વેચનારાઓ વગેરેને અનુલક્ષીને રહેતી.

આમિલ સરકારમાં મુખ્ય મહેસૂલી અધિકારીની અને કાઝી મુખ્ય ન્યાયાધીશની ફરજો અદા કરતા. એમના વિશે આગળ ઉપર વિગતવાર નિરૂપણ થશે.

પરગણું અને એના અધિકારીઓ

શેરશાહના સમયથી પરગણામાં ત્રણ પ્રકારના મહત્ત્વના અધિકારી ચોક્કસપણે કામગીરી બજાવતા હતા. એમાં શિકદાર અમીન અને કાનૂનગો હતા. એમની મદદમાં ખજાનચીઓ કારકુનો પટવારીઓ અને પટાવાળા ઘણી સંખ્યામાં રહેતા. શિકદારમાં ફોજદાર અને કોટવાળની ફરજો સંયુક્ત કરવામાં આવી હતી. એ પરગણામાં કાયદો અને વ્યવસ્થા તથા ફોજદારી ન્યાયનું કાર્ય સંભાળતો. શિકદાર પરગણાનો કારોબારી વડો હોઈ સામાન્ય વહીવટ સંભાળતો એ મર્યાદિત અધિકાર સાથે ફોજદારી મેજિસ્ટ્રેટનું કાર્ય કરતો, પરંતુ જે બાબતો એના અધિકારક્ષેત્રમાં ન આવતી હોય તે પરગણાના કોટવાળ તરફ મોકલી આપતો. પરગણાનો અમીન કે આમિલ સરકારના અમલગુઝાર જેવી જ ફરજો બજાવતો. એ મહેસૂલ આંકવાના અને એની વસૂલાતના કાર્યમાં ખેડૂતો સાથે સીધા સંપર્કમાં આવતો. એ ઉપરાંત એની કામગીરી શિકદારને અને ગામના મુખીને મદદ કરવાની રહેતી. આમ આ ત્રણેય અધિકારી એકબીજાના કામમાં મદદ કરતા અને પરગણાનું તંત્ર ચલાવતા. દરેક પરગણામાં અને નાના નગરમાં ન્યાયઅદાલત સ્થાપવામાં આવતી.

અન્ય વહીવટી એકમો

મુઘલ સામ્રાજ્યમાં સરકાર અને પરગણાં ઉપરાંત દરિયાઈ બંદરો, સરહદ પરની ચોકીઓ અને કિલ્લાઓ, ચકલા અને થાણાંઓનું પણ અલગ વહીવટીતંત્ર હતું.[11]

સામાન્ય રીતે બંદર સૂબાના પેટાવિભાગોમાં હતાં છતાં વહીવટી હેતુ માટે મહત્ત્વનાં સુરત જેવાં બંદરોને પ્રાંતીય સત્તાવાળાઓના અધિકારથી સ્વતંત્ર બનાવવામાં આવતાં. મુઘલ બાદશાહોને કોઈ નૌકાદળની જરૂર પડતી નહિ તેમજ પ્રસંગોપાત્ત મક્કાની જાત્રાએ જવા સિવાય કોઈ દરિયાઈ પ્રવૃત્તિ કરવી પડતી

નહિ, પરંતુ સિંધ ગુજરાત સૌરાષ્ટ્ર અને ખાનદેશ જેવા પ્રદેશ જીત્યા બાદ મુઘલોના અધિકારમાં ઘણાં બંદર આવ્યાં. એમાંનાં કેટલાંક બંદરોએથી પરદેશો સાથે વેપાર ચાલતો.

પ્રથમ કક્ષાનાં બંદરોનો વહીવટ કેવો હતો એનું ઉત્તમ ઉદાહરણ સુરતના બંદર પરથી જાણવા મળે છે. સુરતનું બંદર એ 'સરકાર' જેવું હતું, જેમાં એની આજુબાજુનો પ્રદેશ આવી જતો અને એમાં કુલ ૩૧ મહાલ હતા. 'આઈને અકબરી' મુજબ સુરત સરકારમાં ૭૩ મહાલ હતા, જેમાં ૧૩ બંદર હતાં.

સુરત સરકાર અને બંદરનો વહીવટ મોટે ભાગે 'મુત્સદ્દી' નામના અધિકારી દ્વારા ચલાવવામાં આવતો. કવચિત્ એનો ફોજદાર તરીકે ઉલ્લેખ થયો છે. મુત્સદ્દીનો મોભો પ્રાંતીય સૂબેદાર જેવો હતો અને એ સીધી રીતે કેંદ્રીય સરકારને જવાબદાર રહેતો. મુત્સદ્દી બંદરને લગતા મુખ્ય કામ ઉપરાંત બીજા પણ હોદ્દા સંભાળતો, જેમાં દીવાની ન્યાયાધીશ તથા ટંકશાળના નિરીક્ષક જેવાનો સમાવેશ થતો. જિલ્લાનો લશ્કરી સરદાર, જે અન્ય પરગણાંનો પણ વહીવટ ચલાવતો, તેની કામગીરી પ્રદેશમાં પોલીસ-વ્યવસ્થા જાળવવાની હતી; ફોજદાર એની મદદમાં રહેતો. બંદરના સમગ્ર ઉચ્ચ કર્મચારીગણની નિમણૂક કેંદ્રના જુદા જુદા વિભાગના વડાઓ દ્વારા થતી. આવા સદ્ર અને કાઝી (બંને હોદ્દા ઘણી વાર સંયુક્ત કરાતા), બક્ષી અને વકાએ-નિગાર, સવાનેહ-નવીસ, હરકારહ, તથા નાણાં જકાત વેરા કારખાનાં ઇત્યાદિને લગતા અધિકારીઓનો સમાવેશ થતો. સર ટૉમસ રો ૧૬૧૫માં જ્યારે ગુજરાતમાં આવ્યો ત્યારે મુકર્રબખાન સુરત અને ખંભાતનો મુત્સદ્દી હતો અને એ પોતાના મદદનીશો દ્વારા બંને બંદરોનો વહીવટ ચલાવતો હતો.[૧૭] પછીના સમયમાં ખંભાતને ચોરાસી પરગણાનો મહાલ બનાવવામાં આવ્યું. એ પછી ખંભાત ચોરાસી અને ઘોઘા બંદર એવા કુલ ત્રણ મહાલ કરવામાં આવ્યા. ઘોઘા બંદર સાથે કંધાર (ગંધાર) નામનું નાનું બંદર જોડી દેવામાં આવ્યું હતું. ખંભાતમાં મુત્સદ્દી અને ફોજદાર અલગ અલગ હતા. તેઓની તથા કાઝી મુહતસિબ ટંકશાળ-નિરીક્ષક હિસાબનીશ તથા તિજોરી ખાતાના અધિકારીઓ વગેરેની નિમણૂક કેંદ્ર-માંથી થતી. દરિયાઈ બંદરોએ જકાતી અમલદારો પરદેશથી આવતી દરેક વ્યક્તિની અને એના માલસામાનની કેવી કડકાઈથી તપાસ કરતા હતા અને પ્રવાસીઓને કનડગત થતી હતી એનું તાદૃશ વર્ણન થેવેનો નામના પ્રવાસીએ કરેલું છે.

શાહજહાંના સમયમાં વઝીર સદુલ્લાહખાને પરગણાંઓને ચકલામાં વહેંચ્યાં હતાં. દરેક ચકલામાં એક અમીન અને ફોજદારની નિમણૂક કરેલી. ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો પોલીસ-કાર્યો માટે શહેરને ચકલા અથવા વૉર્ડમાં વહેંચવામાં આવતું. અમદાવાદમાં આવાં ૧૭ ચકલાં હતાં. એ દરેકમાં શેરીઓની ચોકી કરવા સિપાઈઓ રાખવામાં આવતા.[૧૮]

અમદાવાદ વિભાગમાં જે ૧૬ સરકાર હતી તેઓના દરેક પરગણામાં એક ફોજદાર હતો અને એ ફોજદારના અધિકાર નીચે ઘણાં થાણાં હતાં, જેનો ઉપરી 'થાણાદાર' કહેવાતો. સામાન્યતઃ એ કે ત્રણથી ૧૨ સુધીનાં થોડાં ગામડાંનાં કેંદ્રોમાં એક એક થાણું રહેતું.

નગર-વહીવટ : કોટવાળનાં કાર્ય

'મિરાતે અહમદી'નો લેખક અમદાવાદની પોલીસ-વ્યવસ્થા અને સુધરાઈ વહીવટનો વિગતવાર અહેવાલ આપે છે :

નગરનો વડો કોટવાળ હતો. એની નિમણૂક શાહી સરકારના વડા મથકેથી ભલામણ અનુસાર કરવામાં આવતી. કોટવાળના અધિકારો અને કાર્યોની બાબતમાં દેશનાં અને પરદેશી સાધનોમાંથી ઘણી માહિતી મળે છે. એમાં બે ભાગ પડે છે : એક વિભાગનાં સાધનો કેંદ્રીય સરકાર કોટવાળ પાસે કયા પ્રકારનાં કાર્યોની અપેક્ષા રાખે છે એ વિશે અને બીજા વિભાગનાં સાધનો જુદી જુદી જગ્યાએ જુદા જુદા પ્રસંગોએ કોટવાળે કેવા પ્રકારનાં કાર્ય ખરેખર બજાવ્યાં હતાં એ વિશે માહિતી આપે છે. કોટવાળની ફરજો અને અધિકારોને નીચે પ્રમાણેનાં થોડાં જૂથોમાં વહેંચી શકાય : નગરની સંભાળ રાખવી અને ચોકીદારી કરવી, બજાર-અંકુશ, બિનવારસી મિલકતની સંભાળ અને એનો કાયદેસર નિકાલ, લોકોની હિલચાલ પર દેખરેખ રાખવી અને ગુના અટકાવવા, સતી જેવાં સામાજિક દૂષણ અટકાવવાં અને કબ્રસ્તાન દફનક્રિયા અને કતલખાનાંનું નિયમન કરવું.[૧૯]

કોટવાળની નિમણૂક-સનદમાં એ શહેર-નગરમાં ચોરી ન થાય, લોકો સલામતી અનુભવે અને વેપારધંધા શાંતિથી ચલાવે એવી સ્થિતિનું નિર્માણ કરવા, કેદમાં રખાયેલા આરોપીઓની કે કેદમાંથી મુક્ત કરનારાઓની બાબતમાં કાઝીના લિખિત હુકમો વિરુદ્ધ નહિ વર્તવા, નદીકાંઠે આવેલા નગર માટે હોડી-સેવા અને એને લગતા તમામ પ્રશ્નો માટે તકેદારી રાખવા તેમજ અન્ય બાબતો અંગે કાળજી રાખવા એને જણાવવામાં આવતું.

ગ્રામ-વહીવટ

મુઘલ શાસકોએ ગ્રામ-પ્રજાના ઉત્કર્ષ માટે કોઈ સંગીન યોજનાઓ નહોતી કરી, પણ સદીઓથી ચાલી આવતી સંસ્થાગત પદ્ધતિઓ, જેના દ્વારા ગ્રામ-તંત્ર સારી રીતે ચાલતું હતું, તેને પરોક્ષ રીતે આશ્રય આપ્યો હતો, છતાં ખૂન ચોરી દેશદ્રોહ જેવા અથવા વધુ ભયંકર સ્વરૂપના ગુના માટે ગામની કોમોના આગેવાનોની જવાબદારી ગણવામાં આવતી. દીવાની ફોજદારી ધાર્મિક કે સામાજિક જેવા તમામ પ્રકારનાં વિવાદોમાં સ્થાનિક સત્તાવાળાઓના ચુકાદાઓથી બંનેમાંથી એક પણ પક્ષને સંતોષ ન મળે તો એ પક્ષ સરકારના ક્રમશઃ આવતા ન્યાયકીય અધિકારીઓ સમક્ષ અપીલ કરી શકતો.

ગામનો મુખી ગામની બાબતો પર સામાન્ય નિરીક્ષણ રાખતો, ઝઘડાઓનો નિકાલ લાવતો, પોલીસ-સેવામાં મદદરૂપ બનતો, અને ગામનું મહેસૂલ ઉઘરાવતો. હિસાબનવીસ ખેતીને લગતા તમામ હિસાબો અને પત્રકો રાખતો. ચોકીદારમાં બે કક્ષા હતી : એક કક્ષાના ચોકીદારોનું કાર્ય ફોજદારી ગુનાઓ અને કાયદાભંગની માહિતી એકત્ર કરવાનું અને એક ગામથી બીજે ગામ જતા લોકોને રક્ષણ આપવાનું હતું, બીજી કક્ષાના ચોકીદારોનું કાર્ય ગામને અનુલક્ષીને પાકનું રક્ષણ કરવાનું અને જમીનની માપણી કરવામાં મદદ કરવાનું હતું.

આરંભના સમયમાં તમામ પ્રકારના ઝઘડાઓનું નિરાકરણ ગ્રામપંચાયતો દ્વારા થતું, પરંતુ મુઘલ સમયમાં પંચાયતના અધિકાર ગંભીર સ્વરૂપના ગુનાની બાબતમાં કંઈક મર્યાદિત બનાવી દેવાયા હતા, એમ છતાં કોમ જમીન લગ્ન મહેસૂલ ભાડું તેમ ખેતરોને પાણી પૂરું પાડવાના, પાકમાં ભાગીદારી જેવા પ્રશ્નોમાં અને લોકોના સામાજિક અને આર્થિક જીવનમાં ઉદ્ભવતા તમામ પ્રશ્ન પંચાયત પાસે નિકાલ માટે આવતા. પંચાયતનાં કાર્યોમાં ઝઘડા-વિવાદનો નિકાલ, રક્ષણ અને ચોકી, શિક્ષણ, આરોગ્ય, જાહેર બાંધકામો, ગરીબ-રાહત સહાય, ઔષધ-ીય સારવાર તથા આનંદપ્રમોદ અને ઉત્સવોની જોગવાઈઓ કરવાનાં કાર્યોનો સમાવેશ થતો હતો. ગ્રામપંચાયતની સભા મંદિર કે તળાવ પાસેની જગ્યામાં કે એક જાહેર સ્થળે મળતી. ગામનો મુખી સભાનો પ્રમુખ બનતો અને સભામાં દરેક કુટુંબનો આગેવાન હાજર રહેતો. મતદારના મોભા અને સ્થાન પ્રમાણે એના મત(અભિપ્રાય)નું વજન પડતું. જ્યાં કોઈ બાબત કે વિવાદનું નિરાકરણ થઈ શકતું નહિ તેવા સંજોગોમાં ગામના મુખીને લવાદ બનાવી એના પર એ છોડી દેવામાં આવતું. મુખી નાના કિસ્સામાં નિર્ણય પોતે લઈ લેતો, જ્યારે વધુ મહત્ત્વની બાબતોમાં ગામના વડીલોની સમિતિની મદદ મેળવતો. મુખી પાસે ફોજદારી ન્યાયનો પણ અધિકાર હતો.

પ્રાંતોમાં લશ્કરી સંગઠન

લશ્કરમાં મોટા ભાગની ભરતી કરવાનું, એને તાલીમ આપી શિસ્તબદ્ધ બનાવવાનું, એનો નિભાવ કરવાનું અને સરંજામ પૂરો પાડવાનું, ચડાઈઓની યોજના કરવાનું અને લશ્કરી છાવણીઓ ઊભી કરવાનું કાર્ય પ્રાંતના દીવાની અથવા મુલકી વહીવટ કરનારા જે અધિકારીઓ હતા તેમને કરવાનું રહેતું.

અકબરે સત્તા પર આવતાં સમગ્ર લશ્કરી સંગઠનનું સ્વરૂપ બદલવાની જરૂરિયાતથી સભાન બની એ દિશામાં પગલાં લીધેલાં. એણે દાગપ્રથાને (ઘોડાઓને ચિહ્ન કરવાની પ્રથાને) પુનઃ અમલમાં મૂકી એને વિસ્તૃત બનાવી તથા લશ્કરી નોંધપત્રકો અંગેના નિયમ ઘડ્યા અને એનો અમલ કરાવ્યો. અકબરે મોટા પાયા પરની લશ્કરી જરૂરિયાતને લક્ષમાં લઈને મનસબદારી પદ્ધતિ અમલમાં મૂકી હતી. અકબરની હયાતી સુધી એ પદ્ધતિનો સારી રીતે અમલ થયો, પરંતુ એના પછી આવેલા મુઘલ બાદશાહોએ એમાં કરેલા ફેરફારથી અને અસરકારક અંકુશ ન રાખ્યાથી એ પદ્ધતિની કાર્યક્ષમતા ઘટી ગઈ. આરંભમાં અકબરે વિવિધ મનસબ અથવા કક્ષાની એક જ શ્રેણી બનાવી, પરંતુ શાસનના અંત ભાગમાં ૫,૦૦૦થી નીચેની સંખ્યાની દરેક કક્ષાની ત્રણ ત્રણ શ્રેણી બનાવાઈ. મનસબદારની નિમણૂક બાદશાહ પોતે કરતો અને દરેકને અમુક સંખ્યાનું લશ્કર રાખવા પરવાનગી આપતો અને એ માટે મનસબદારને અમુક રકમ આપવામાં આવતી. મનસબદારનો દરેક સૈનિક પોતાના સરદાર કે ઉમરાવના ફરમાન પ્રમાણે વર્તતો અને એની પાસેથી પગાર મેળવતો. લશ્કરી અધિકારીઓ કે જેમાં ઉમરાવો અને ખંડિયા રાજાઓનો પણ સમાવેશ થતો હતો : એમને દસ હજારથી સાત હજાર સુધીના સૈનિકોના સેનાપતિનો મનસબ (દરજ્જો) આપવામાં આવતો. શાહી કુટુંબના સભ્યોનો મનસબ દસ હજાર સુધીનો અને પછીના સમયના મુઘલ બાદશાહોના સમયમાં ૫૦ હજાર સુધીનો હતો. ૨૦ થી ૪૦૦ સુધીના સૈનિકોના ઉપરીને સામાન્યતઃ 'મનસબદાર,' ૫૦૦ થી ૨,૫૦૦ સુધીનાને 'ઉમર', અને ૩,૦૦૦ અથવા એનાથી વધુ સંખ્યાના ઉપરીને 'ઉમરા–ઈ–આઝમ' કહેવામાં આવતા. મનસબદારોનો પગાર એમની કાર્યક્ષમતા અને કક્ષા પરથી નક્કી થતો. બક્ષી એટલે કે લશ્કરનો ખજાનચી એ બધાંની નોંધ કરતો અને ઘોડાને તપાસી એના પર 'દાગ'–નિશાન પાડતો. સૈનિકનું વર્ણન એને અપાયેલા ઓળખપત્રમાં લખવામાં આવતું.

મુઘલ લશ્કરની મુખ્ય પાંખ સવારદળ (અશ્વદળ) હતું. એ ઉપરાંત પાયદળ, સ્ફોટક શસ્ત્રસરંજામ (તોપખાના સહિત), ગજદળ અને યુદ્ધ–નૌકાઓના વિભાગ

હતા. સવારદળમાં બારગીર અને સિલહદાર એવા બે પેટાવિભાગ હતા. બારગીર વિભાગમાં સવારને રાજ્ય તરફથી ઘોડો અને સામગ્રી અપાતાં, અને પગાર ઓછો અપાતો, જ્યારે સિલહદાર વિભાગના સૈનિકને પોતાનો ઘોડો અને સામગ્રી લાવવાં પડતાં અને એ કારણે એને પગાર વધુ આપવામાં આવતો. પાયદળમાં જામગીરીવાળા બંદૂકધારીઓ, ધનુર્ધારીઓ, તલવારધારીઓ, ભાલાધારીઓ, ગદાધારીઓ અને તમામ પ્રકારની નોકરસેવાઓ આપનારા અને પરિચારકોનો સમાવેશ થતો હતો.

પ્રાંતીય લશ્કર

પ્રાંતીય લશ્કર ત્રણ પ્રકારનું બનેલું હતું : પહેલા પ્રકારમાં સૂબેદારથી માંડીને નીચેની કક્ષાના દરેક અધિકારીને પોતાના મનસબ પ્રમાણે રાખવી પડતી ટુકડીઓ હતી. એ બાદશાહના નિયમિત સ્થાયી લશ્કરના ભાગરૂપે ગણાતી. અકબરે મનસબદારોને શાહી તિજોરીમાંથી રોકડી રકમ આપવાની પદ્ધતિ અપનાવેલી. બીજા પ્રકારમાં પ્રાંતીય સૂબેદારને જ્યારે જરૂર પડે અને એના તરફથી બોલાવવામાં આવે ત્યારે મદદ કરવા બંધાયેલા એવા નાની કક્ષાના અમુક જમીનદારોનું લશ્કર હતું. મોટી કક્ષાના જમીનદારોને એમની સાથે થયેલી શરત પ્રમાણે કેંદ્રીય સરકારને સીધી રીતે નાણાં અથવા માણસો પૂરાં પાડવાનાં રહેતાં. એ ત્રીજા પ્રકારમાં સરકાર અને મહાલો માટે નિયત કરવામાં આવેલા હિસ્સા મુજબના પાયદળ તથા હયદળનો સમાવેશ થતો હતો.[૨૦]

જમીન-મહેસૂલ-વ્યવસ્થા

જમીન–મહેસૂલ રાજ્યની આવકનું મુખ્ય અને મહત્ત્વનું સાધન હતું. અકબરના સમયમાં શરૂઆતના સમયમાં વઝીર (અને દીવાન પણ) અને પાછળના સમયમાં દીવાન–ઈ–અલા નાણાકીય વિભાગના અધ્યક્ષ તરીકે હતા. બાહોશ વ્યક્તિ મળી આવતાં એને વઝીર અને વકીલ એવા ભારે જવાબદારીવાળા બે હોદ્દા આપવામાં આવતા રાજા ટોડરમલને અશરફ–ઇ–દીવાન અને મુખ્યમંત્રી એવા બે હોદ્દા અકબરે આપ્યા હતા. ટોડરમલનું અવસાન થતાં, ખાલસા જમીનો સહિતનું નાણાં-ખાતાનું કામ અનહદ વધી જતાં, ખાતાની કામગીરીના ચાર ભાગ પડાયા, જેમાં અમુક પ્રાંતોનું જૂથ બનાવી એક એક એવી ચાર વ્યક્તિઓને સોંપવામાં આવેલું. અજમેર ગુજરાત અને માળવા ખ્વાજા નિઝામુદ્દીન અહમદ બક્ષીને સોંપવામાં આવ્યાં હતાં. ચારેય અધિકારી મુખ્ય નાણાંમંત્રીને જવાબદાર રહેતા.

પ્રાંતમાં નાણાંતંત્ર પ્રાંતીય દીવાનના હસ્તક રાખવામાં આવતું. પ્રાંતીય દીવાન છેવટે કેંદ્રના દીવાનને જવાબદાર રહેતો ને કેંદ્રીય દીવાન પાસેથી હુકમો મેળવતો. જહાંગીર અને શાહજહાંના સમયમાં દીવાન સૂબેદારથી વધુ ને વધુ સ્વતંત્ર બનતો ગયો. ઔરંગઝેબ પછીના નબળા મુઘલ બાદશાહો આવા પ્રાંતીય દીવાનો પર અંકુશ રાખી શક્યા નહિ.

દીવાનની મુખ્ય ફરજો અને કામગીરી આ પ્રમાણે હતી : દીવાને ખેતીવાડી વધારી ખેડૂતવર્ગનું અને છેવટે પ્રજાનું કલ્યાણ કરવું. આવા હેતુઓને ધ્યાનમાં રાખી અધિકારીઓએ પ્રજાને જે રીતે અનુકૂળ પડે તેવી આકારણી અને વસૂલાત-પદ્ધતિ અપનાવવી અને લોકો પાસેથી બળજબરાઈથી નિયત રકમ ઉપરાંત વધારાની રકમ કે ગેરકાયદેસર લેવાતી રકમો લેવાનું સદંતર બંધ કરવું. ખેતી-વિકાસને ઉત્તેજન આપવા અને પડતર પડી રહેલી જમીનને ખેડવા ખેડૂતોને સમજાવવા અને એ માટે એમને લોન આપીને અને સિંચાઈ-કાર્યો કરીને એમના પાસેની વસૂલાત જેમ બને તેમ સરળ બનાવવી. બાકી લહેણી પડતી રકમ સરળ હપ્તેથી વસૂલ લેવા અને જે અધિકારીઓએ જુલમ ગુજાર્યા હોય તેમને શિક્ષા કરવા તથા રૈયતને મનાવી લેવા પ્રયાસો કરવા. કોઈ જગ્યાએ ઊભેલા પાક પર કોઈ આફત આવી પડે તો અધિકારીઓએ મહેસૂલમાં પ્રમાણસર ઘટાડો કરવો અથવા સંજોગો પ્રમાણે એ માફ પણ કરવું. વધારાની રકમ કડકાઈથી વસૂલ કરનાર અધિકારીઓને શિક્ષા કરવી અને જે કરોડી અમલદારો કે જાગીરદારોએ અપ્રામાણિક કે અન્યાયી વર્તન કર્યું હોય તેમના પર અદાલતમાં કામ ચલાવવું. ઊતરતી કક્ષાના અમલદારો અને કર્મચારીઓની કામગીરીને ઝીણવટપૂર્વક ચકાસી લેવી, એના પર દેખરેખ રાખવી તથા તેઓ પાસેથી એમના ખાતાના સંબધિત કાગળપત્ર એકત્ર કરી, કેંદ્રના મંત્રાલયમાં મોકલી આપવા. સરકારી લેણાંની વસૂલાતમાં અધિકારીઓને કડક રહેવા અને જે હમેશાં કસૂર કરવા ટેવાયેલા હોય તેમની બાબતમાં ખાસ કડકાઈ રાખી સમજાવટનો માર્ગ નિષ્ફળ જતાં ફટકા મારવાની રીત અપનાવવી.

સરકારમાં મુખ્ય મહેસૂલી અધિકારી અમલગુઝાર અથવા આમિલગુઝાર અથવા આમિલ હતો. એની મદદમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ રહેતા, જેમાં બિતીકચી વધુ મહત્ત્વનો હતો. આમિલના તાબા નીચેના અન્ય કર્મચારીઓમાં કારકૂનો ફોજદાર અથવા ખજાનાદાર અને પરગણા એકમના અધિકારીઓ હતા. કોટવાળને મહેસૂલ-તંત્રમાં કોઈ કાર્ય કરવાનું ન હતું. બંડખોર અને મહેસૂલ

આપવાનું ટાળવા માગતા લોકો પાસેથી મહેસૂલ ઉઘરાવવાના કામમાં જ્યારે જરૂર પડે ત્યારે ફોજદાર અમલગુઝારને મદદ કરવા તૈયાર રહેતો.

પરગણા એકમમાં શિકદાર આમિલ કારકૂન અને ફોતહ્દાર (પોતદાર) અધિકારીઓ હતા.

સરકારના મુખ્ય અમલગુઝારની મદદમાં વિપુલ સંખ્યામાં અમલદારો અને નાના કર્મચારીઓ રહેતા તેથી એનું કાર્ય સરળ અને ઓછું બોજારૂપ બનતું. અમલગુઝારની પ્રાથમિક ફરજોમાં ખેતી માટે ઉત્તેજન આપવાની તથા ખેતીને વધારી પાકની જાત અને જથ્થો સુધારવાની મુખ્યત્વે હતી. મહેસૂલની આંકણી કરી એ વસૂલ કરવાની જવાબદારી એની હતી.

મહેસૂલ-વસૂલાતમાં અમલગુઝાર મળતાવડાપણું અને વિવેક રાખે એ જરૂરી હતું. જે નાણાં ભરવામાં આવે તે શાહી તિજોરીની રક્ષા કરવાની નાણાં પૂરી તકેદારી સાથે કેંદ્ર તરફ મોકલવાની જવાબદારી એની રહેતી, અમલગુઝાર આવક-ખર્ચના હિસાબ દર મહિને મોકલતો. એ પટવારી અને અન્ય તાબેદાર અધિકારીઓની કામગીરી પર દેખરેખ રાખતો. સરકારમાં જો કોટવાળ-પદે કોઈ વ્યક્તિ ન હોય તો એને કોટવાળની ફરજો પણ બજાવવી પડતી. અમલગુઝાર સૂબેદારની દેખરેખ અને તપાસને અધીન હતો.

બિતીક્ચી એ સરકારમાં અમલગુઝાર માટે અનિવાર્ય અધિકારી હતો. એ સરકારમાં મહેસૂલ ખાતાનો મંત્રી હતો. અમલગુઝાર જે મહેસૂલની આંકણી કરતો અને વસૂલાત લેતો તે સંબંધી તમામ જરૂરી પત્રકો નોંધો અહેવાલો દફતરો વગેરે તૈયાર કરવાની એની કામગીરી નોંધપાત્ર રહેતી. એ પટવારી મુકાદમ અને અન્ય સહાયકોનાં વસૂલાતનાં પત્રકો અને દફતરો ઝીણવટપૂર્વક તપાસતો. એ દૈનિક અને માસિક આવક-ખર્ચના હિસાબ રાખતો અને માસિક અહેવાલ કેંદ્રમાં મોકલતો. વર્ષ આખરે પણ આવા હિસાબનું સરવૈયું મોકલતો.

સરકારમાં ખજાનાદાર અથવા જેને શેરશાહના સમયથી 'ફોતહ્દાર' તરીકે ઓળખવામાં આવતો તે શાહી તિજોરીનો મુખ્ય અધિકારી હતો. નાણાં સ્વીકારવાની તેમ નાણાં રાખવાની પદ્ધતિની અને આવેલ રકમનો નિકાલ કરવાની એની કામગીરી મહત્ત્વપૂર્ણ હતી.

ખજાનાદારની સહાયમાં રહેનાર કર્મચારીઓમાં કારકૂન કર્મચારીનું મહત્ત્વ નોંધપાત્ર ગણાતું. એ મુખ્ય આમિલ(ખજાનાદાર) અને પરગણાના આમિલની સાથે મુકામે મુકામે ફરતો રહેતો. કારકૂન અને હિસાબનીશની ફરજ બજાવતો તે

કર્મચારી હતો. ખેડૂત અને સરકારી અમલદારો વચ્ચે મહેસૂલ-આંકણી વખતે જે નક્કી થતું તેની સર્વ નોંધ આ કારકૂન રાખતો અને એ ગામના મુખી અને પટવારીના હિસાબો સાથે સરખાવી જતો, જેથી સરકારને મહેસૂલમાં નુકસાન ન થાય.

પરગણાનો વહીવટી અધિકારી શિકદાર હતો. તિજોરીમાં નાણાંની આવક રાખવાની ખજાનચીની સાથે એની પણ ફરજ હતી. કટોકટીમાં એ તિજોરીમાંથી નાણાં ખર્ચી શકતો.

પ્રાચીન સમયથી જૂના અધિકારી તરીકે કાનૂનગો પરગણામાં જાણીતો હતો. એ ગામોના પટવારીઓનો વડો હતો. એ ખેતરો અને પાક સંબંધી દફતરો રાખતો એટલું જ નહિ, પણ સ્થાનિક રીતરિવાજો વ્યવહાર વગેરે જાણતો. આરંભમાં કાનૂનગોને એક ટકા જેટલું કમિશન આપવામાં આવતું, અકબરે એ પ્રથા બંધ કરાવી, અંગત નિભાવ માટે જાગીર તથા રાજ્ય તિજોરીમાંથી રોકડ પગાર આપવાનું શરૂ કરેલું. રોકડ પગાર ત્રણ શ્રેણીઓમાં એટલેકે માસિક રૂ. ૫૦, ૩૦ અને ૨૦ આપવામાં આવતો.[૨૧] કાનૂનગોનાં કાર્યોમાં ગામ અને જિલ્લાને લગતી મહેસૂલી બાબતો, વસૂલાત, ખાતેદાર, એના વારસો, મિલકત નામફેર કરવી વગેરેનો સમાવેશ થતો. અબુલફઝલના કહેવા મુજબ પટવારી ખેડૂતે રાખેલો લહિયો હતો.

જમીન-મહેસૂલની મોજણી

મહેસૂલની મોજણી-પદ્ધતિ શેરશાહના સમયમાં જે ગોઠવાઈ હતી તે અતિ ખર્ચાળ જણાતાં અકબરે માળવાથી શિહાબુદ્દીનને બોલાવી મહેસૂલ-ખાતાનો હવાલો સોંપેલો. શિહાબુદ્દીને મોજણી અને વસૂલાતની જૂની પદ્ધતિ રદ કરી અને 'નસ્ક' નામની પદ્ધતિ દાખલ કરી.[૨૨] શિહાબુદ્દીને દાખલ કરેલ એ પદ્ધતિને ગામ કે પરગણાની સામૂહિક મોજણી તરીકે ઘટાવવામાં આવી છે.[૨૩]

જાગીર-જમીનોનો વહીવટ

મુઘલ બાદશાહો તરફથી જેમને લશ્કર ખાતાના કર્મચારીઓ ગણવામાં આવતા તેમને પગારના બદલે જમીનો—જાગીરો આપવામાં આવતી. એ પછીનો જાગીર—જમીનોનો હિસ્સો, જેને 'સુયુર્ગલ જાગીર' કહેવામાં આવતો તે, દાન અર્થે વ્યક્તિઓ કે ધાર્મિક સંસ્થાઓને આપવામાં આવતો. મુઘલ વહીવટીતંત્રમાં આવી બક્ષિસ અપાયેલી જાગીરોનું મહેસૂલ જે આપતી વખતે અંદાજવામાં આવતું તેનું ભારે મહત્ત્વ રહેતું. જાગીર જમીનો અને શાહી માલિકીની ખાલસા જમીનોના મહેસૂલની આંકણી સરકારી નિયમો પ્રમાણે કરવામાં આવતી. મહેસૂલની વસૂલાત જાગીરદારો પોતાના પ્રતિનિધિઓ મારફતે કરતા.

મહેસૂલી આવક

મુઘલ રાજ્યમાં પ્રાંતીય સરકારો પર નાણાકીય બોજો ઘણો ઓછો પડતો હતો. કારકૂન અને અન્ય ગૌણ કર્મચારીઓ સિવાયના ઉચ્ચ કર્મચારીઓ અધિકારીઓ વગેરેનો ખર્ચ મનસબદારી પદ્ધતિમાંથી પ્રાપ્ત થયેલી આવકમાંથી પાડવામાં આવતો. આવકના મોટા ભાગનો હિસ્સો કેંદ્રીય કોશાગારમાં જમા થતો, આથી પ્રાંતને આવક માટે સ્થાનિક અને અલ્પ પ્રકારનાં સાધનો પર આધાર રાખવો પડતો, જેમાં આંતરિક માલ હેરફેર તથા આંતરિક અવરજવર પરનો વેરો, મોટાં શહેરોમાં વિવિધ બજારો પરનો વેરો, બગીચા જેવાં જાહેર કામોમાંથી થતી આવક તથા જકાત જેવા વેરાનો સમાવેશ થતો.

કાપડ પાન ઝવેરાત ઇત્યાદિ બજારોને સ્થાનિક વેરા લાગુ પડતા. બજારના રક્ષણ માટે પોલીસ–વ્યવસ્થા અને વેરા ઉઘરાવવા મહેસૂલી કર્મચારીઓનું તંત્ર તૈયાર રહેતું. જે જાહેર બાંધકામોમાંથી રાજ્યને થોડી આવક થતી તે બાદશાહના અને ઉમરાવોના ફળ–બગીચાઓમાંથી થતી. બગીચાની આવકમાંથી બગીચાનો નિભાવ, નોકર–ચાકર વગેરેમાં ખર્ચ થતો. જો ખર્ચ માટેની રકમ ઓછી પડતી તો પ્રાંતની તિજોરીમાંથી સહાય આપવામાં આવતી.[૨૪] બજારમાં વેચાતી ચીજો પર જે કર લેવાતો તેને ઘણું કરીને 'જકાત' તરીકે ઓળખવામાં આવતો.

ખર્ચ

સ્થાનિક બાબતોનો ખર્ચ પ્રાંતીય તિજોરીમાંથી થતો. નહેરો બંધ પાળા આરામગૃહો વગેરે માટે ઘણી વાર સ્થાનિક તિજોરીમાંથી રકમ લેવામાં આવતી. સ્થાનિક ખર્ચની અન્ય બાબતોમાં ખાસ કરીને ગરીબ અને નિરાધાર માટે બાંધવામાં આવેલી હૉસ્પિટલો, ગરીબોને વહેંચવા માટેનો ખોરાક, ધાબળાઓ, વસ્ત્રો વગેરે તથા કાયમી રસોડાં, દાનગૃહો અને આરામગૃહોનો સમાવેશ થતો. ઘણું કરીને સ્થાનિક શાળાઓ અને મસ્જિદોને સ્થાનિક તિજોરીમાંથી સહાય મળતી. પ્રાંતની સેવાઓ અને વહીવટીતંત્ર માટેનો ખર્ચ સ્થાનિક દીવાન અને બક્ષી દ્વારા થતો, પરંતુ એના પર કેંદ્ર સરકારનો અંકુશ રહેતો.

કાયદો અને ન્યાય : પોલીસ અને કેદખાનાં

ન્યાયકીય ફરજો કાઝી તથા અન્ય ન્યાયકીય અધિકારીઓ બજાવતા. ધાર્મિક કોમી કે સામાજિક ઝઘડા જે તે કોમની ધાર્મિક કે કોમી અદાલતો દ્વારા પતાવવાનું સ્વાતંત્ર્ય ચાલુ રાખવામાં આવ્યું હતું. ખૂન કે બહારવટા જેવા ગંભીર ગુનાઓ સિવાયના અન્ય કેસો ગામની પંચાયતો પાસે

જતા. બંનેમાંથી કોઈ પક્ષને ચુકાદાથી અસંતોષ થાય તો એ પક્ષને કાઝીની સરકારી અદાલતમાં અપીલ કરવાની છૂટ રહેતી.

કાઝીની લાયકાતો અને ફરજો નક્કી કરવામાં આવતાં.

શાહી અને પ્રાંતીય અદાલતો

કેંદ્રમાં એક અલગ મુખ્ય સદ્ર અને અલગ મુખ્ય કાઝી હતા, જ્યારે પ્રાંતોમાં સદ્ર કાઝી મીર–અદલ અને મુફતી નામના અધિકારીઓ હતા. દરેક પ્રાંતમાં સિપાહસાલાર દીવાન બક્ષી મીર–અદલ કોટવાળ મીર–બહ્ર અને વકાએ-નવીસ જેવા અધિકારી નીમવામાં આવતા.

સરકાર અને પરગણાંની અદાલતો

પ્રાય: બિનસાંપ્રદાયિક ફોજદારી ગુના કોટવાળ પાસે અને વારસો લગ્ન લગ્નવિચ્છેદ જેવા દીવાની અને ધાર્મિક સ્વરૂપના કિસ્સા કાઝી પાસે નિકાલ માટે લઈ જવાતા આમ સરકારનું સમગ્ર ન્યાયતંત્ર ઘણે અંશે આ બે અધિ-કારીઓમાં વહેંચાયેલું હતું.

આમિલને અર્ધ પોલીસ અને ન્યાયકીય ફરજ બજાવવા આદેશ અપાતો અને એ રીતે એ થોડે અંશે પ્રસ્તુત બે અધિકારીઓના કાર્યમાં ભાગીદાર બનતો. કોટવાળની ગેરહાજરીમાં એ મૅજિસ્ટ્રેટ કક્ષાની ફરજો સંભાળતો. કોટ-વાળની કચેરીને 'ચબૂતરો' તરીકે ઓળખવામાં આવતી.

પરગણાની અદાલતનો વડો કાઝી હતો, જે દીવાની અને ધાર્મિક કિસ્સાઓનો નિકાલ કરતો. પરગણામાં શિકદાર કોટવાળનાં મૅજિસ્ટ્રેટ–કાર્ય તથા ફોજદારનાં સામાન્ય કારોબારી અને પોલીસ કાર્ય બજાવતો. પોતાની હકૂમતના ક્ષેત્રમાં શિકદારની ફરજ સાંપ્રદાયિક ફોજદારી કક્ષાના કેસો ચલાવવાની પણ હતી. મહત્ત્વ ધરાવતા દરેક નગરમાં અને મોટાં ગામડાંઓમાં પણ કાઝીની નિમણૂક કરવામાં આવતી. કાઝી મસ્જિદોનો હવાલો સંભાળતા અને અધ્યાપન–કાર્ય પણ કરતા.

સરકાર અને પરગણામાં કાઝીઓ મહેસૂલી કેસો ચલાવતા. એમના ચુકાદા સામે અપીલ દીવાન–ઈ–સૂબા સમક્ષ થતી. સરકારમાં અને નીચલી અદાલતોમાં કાઝીઓ તમામ પ્રકારના દીવાની દાવા અને ધાર્મિક સ્વરૂપના ફોજદારી કેસ ચલાવતા. એમની સામે અપીલ પહેલાં પ્રાંતીય સદ્ર અથવા કાઝી અને મીર–અદલ (જો એની પ્રાંતમાં નિમણૂક થઈ હોય તો) સમક્ષ અને એ પછી સામ્રાજ્યના સદ્ર–ઉસ્–સુદૂર અથવા મુખ્ય કાઝીની અદાલતમાં થઈ શકતી. પરગણાના શિકદારે ચલાવેલા નાના પ્રકારના ફોજદારી ગુનાઓમાં

અપીલ સરકારના કોટવાળ સમક્ષ થઈ શકતી અને કોટવાળના ચુકાદા સામે સૂબેદાર સમક્ષ અને એ પછી બાદશાહ સમક્ષ થઈ શકતી.

મુઘલ કાલમાં અદાલતી કેસોનું પ્રમાણ નોંધપાત્રપણે થોડું હતું. આનું મોટું કારણ એ હતું કે ગ્રામ-વસ્તીના અનેક નાનામોટા કિસ્સાઓનો નિકાલ ગ્રામપંચાયતોમાં થતો.

ફોજદારી ન્યાય : ગુના અને શિક્ષા

ઇસ્લામી કાનૂન પ્રમાણે શિક્ષાના હદ્દ કિસાસ અને તાઝીબ એવા ત્રણ પ્રકાર હતા. હદ્દ એ એવો પ્રકાર હતો જેમાં શિક્ષાનું ધોરણ કુરાન અને હદીસમાં દર્શાવવામાં આવ્યું હતું. 'કિસાસ'નો અર્થ 'બદલો લેવો' એવો થતો. આ પ્રકારમાં કાનૂન દ્વારા શિક્ષા મુકરર કરાયેલી હતી, છતાં જે વ્યક્તિ સંડોવાઈ હોય તેના દ્વારા અથવા તો હત્યા થયેલી વ્યક્તિઓના વારસો દ્વારા સજા ઘટાડવા છૂટ આપવામાં આવતી. તાઝીબ એ એવી શિક્ષાનો પ્રકાર હતો, જેમાં શિક્ષાનું પ્રમાણ કાઝી અથવા ન્યાયાધીશની વિવેકબુદ્ધિ પર છોડવામાં આવતું.[૨૫]

મુઘલ શાસનમાં ગુનાઓ બદલ વિવિધ શિક્ષા કરવામાં આવતી : દંડ, જપ્તી, કક્ષા અને પદ પરથી ઉતારી પાડવું, નોકરીમાંથી બરતરફી, અન્ય પદ્ધતિઓ દ્વારા માનહાનિ, કેદ અને અટકાયત અને દેશનિકાલ, ફટકા અને શારીરિક શિક્ષાઓ, અપરાધીનાં અંગોનું છેદન, ફાંસી, શાહી ખફામરજીના કિસ્સા વગેરે. સરકારી કર્મચારીઓ જે ગુના આચરતા તેમાં પ્રજા પર દમન ગુજાર્યાના અને ફરજમાં નિષ્કાળજી અને સર્વોપરી રાજા સામે રાજદ્રોહ, બંડ અથવા નિર્લજ્જપણાના કાર્યનો સમાવેશ થતો. ગેરઇન્સાફ અથવા ગેરવહીવટની શિક્ષા એના ગુનાના પ્રમાણમાં થતી.

કેદખાનાં

મુઘલ કાલનાં કેદખાનાં બે જાતનાં હતાં.[૨૬] પ્રથમ વિભાગનાં કેદખાનાં ઉચ્ચ દરજ્જાની વ્યક્તિઓ, ઉચ્ચ સરકારી અધિકારીઓ અને શાહજાદાઓ— ટૂંકમાં, શાહી અને ઉમરાવ વર્ગના લોકો માટે હતાં, જ્યારે બીજી કક્ષાનાં કેદખાનાં સામાન્ય દરજ્જાના લોકો એટલે કે બાકીના લોકો માટે હતાં. શાહી અને ઉમરાવ વર્ગ માટે દેશભરમાં જુદી જુદી જગ્યાએ આવેલા કિલ્લા વપરાતા. પ્રાંતીય રાજધાનીમાં મધ્યસ્થ કેદખાનાં પણ ઉચ્ચ પ્રકારના અને ઉચ્ચ અધિકારી રાજકીય ગુનેગારો માટે વપરાતાં. રાજધાનીમાં કેદખાનાં અને કિલ્લાઓ ઉપરાંત,

સરકાર અને પરગણાનાં મુખ્ય મથકોએ પણ કેદખાનાં હતાં. સાર્વજનિક કેદખાનાંને 'બંદીખાનાં' કહેવામાં આવતાં.

કેદખાનાંનો વહીવટ કાર્યક્ષમ ચાલે અને ગુનેગારોને સારી રીતે રખાય એ જોવા બાદશાહો પોતે કેદખાનાંઓની મુલાકાતે જતા. પ્રાંત અને જિલ્લાનાં કેદખાનાંઓમાં પણ સૂબાઓ અને કાઝીઓને નિરીક્ષણ માટે નિયમિત જવાનું ફરજના ભાગરૂપે નક્કી કરાયું હતું. તેઓ પણ કેદીઓની રહેણીકરણી તથા એમને જે સ્થિતિમાં રાખવામાં આવતા તે જોતા અને જો કોઈ નિર્દોષ જણાય અને એને છોડી મૂકવા જેવો લાગે તો એને છોડી દેવા ફરમાવતા. ચોરી ખૂન લૂંટ છેતરપીંડી જેવા ગુના વારંવાર કરનાર શકમંદ વ્યક્તિઓને જાહેર સલામતી ખાતર કેદ કરવામાં આવતી.[૨૭]

પોલીસ-પદ્ધતિ

અકબરના અનુગામીઓના સમયમાં સરકારની પોલીસ ખાતાની જવાબદારી અને સત્તા ફોજદાર અને કોટવાળ વચ્ચે વહેંચવામાં આવેલી. ફોજદારને ગ્રામવિસ્તાર અને કોટવાળને મુખ્ય નગર અને એનાં પરાંઓનો વિસ્તાર સોંપવામાં આવેલો.[૨૮] પરગણામાં એ બે અધિકારીઓની મદદમાં શિકદાર અને આમિલ રહેતા. જ્યાં જરૂર હોય ત્યાં પરગણાને અમુક ગામનું એકમ બનાવી થાણદારની હકૂમત નીચે મૂકવામાં આવતું.[૨૯]

શિક્ષણ અને ધર્મ

શિક્ષણ પણ ધાર્મિક અને ન્યાયખાતા સાથે જોડાયેલું હતું. એ કાઝી અને હિંદુ પંડિતો જેવા ધર્મ-નેતાઓને હસ્તક હતું. ધાર્મિક શાળાઓ સામાન્ય રીતે મસ્જિદોમાં કે મંદિરોમાં અથવા કાઝીના કે પંડિતોના નિવાસસ્થાને ચાલતી.

અકબરના સમયમાં રાજ્યનું ધર્મખાતું લાયક સંસ્થાઓ અને વ્યક્તિઓને રાજ્ય તરફથી આપવામાં આવતાં દાન ધર્માદા સુયૂર્ઘલ વગેરેની વ્યવસ્થા કરતું, હરીફ દાવેદારો વચ્ચે સુયૂર્ઘલ જેવા ઝઘડાઓનો નિકાલ કરવાની સત્તા એ ખાતાના વડા પાસે હતી.

પ્રજોપયોગી કાર્યો

મુઘલ સરકાર તરફથી જે પ્રજોપયોગી કાર્યો અને બીજી સામાન્ય કલ્યાણની યોજનાઓ હાથ ધરવામાં આવતાં તે મુખ્યત્વે કેંદ્રીય સરકાર તરફથી થતાં અને એનો ખર્ચ પણ એ સરકાર ભોગવતી. એમ છતાં એમાંનાં કેટલાંક કાર્ય સ્થાનિક સત્તાવાળાઓ તરફથી થતાં અને ખર્ચનો અમુક ભાગ તેઓ આપતા.

મુઘલ શાસકોએ પોતાની પ્રજાને ખરેખર ઉપયોગી નીવડે તેવાં બાંધકામ પણ કરાવ્યાં. એમાં કૂવા તળાવ કુંડો પુલો નહેરો બગીચા વાવ બંધો ઓવારા સ્નાનઘાટો સ્નાનગૃહો ધર્મશાળાઓ અને આરામગૃહો જાહેર-રસોડાં માર્ગો હોસ્પિટલો મંદિરો મસ્જિદો વગેરેનો સમાવેશ થતો. જુદા જુદા મુઘલ શાસકોએ, એમના સૂબેદારોએ, ઉમરાવોએ અને અમીરોએ આવા પ્રકારનાં બાંધકામ ત્યાં ત્યાં કરાવ્યાં હતાં.

ટપાલ

મુઘલ સમયમાં સરકારી ટપાલની સાથે સાથે ખાનગી ટપાલ પણ એવી જ સગવડ નિયમિતતા અને ઝડપથી લઈ જવાતી. સરકારી ટપાલ માટે તંત્ર ઘણું વિસ્તૃત હતું. સરકારી ફરમાનો અને સંદેશા હલકારાઓ મારફતે મોકલાતા અને સ્થાનિક પોલીસ અમલદારોને પોતપોતાના અધિકારવાળા પ્રદેશમાં હલકારાઓ સાથે ચોકિયાતો મોકલવાના હુકમ પત્ર દ્વારા આપવામાં આવતા.

ટપાલ માટે બે પ્રકારની વ્યવસ્થા હતી : ભારે અને વજનદાર ટપાલ ઝડપી ઘોડાવાળી ગાડીમાં લઈ જવાતી. આઠ માઈલના અંતરે ઝડપી ઘોડા અને ટપાલનાં અન્ય જરૂરી સાધન માર્ગ પર આવેલાં આરામગૃહોમાં તૈયાર રખાતાં, જેથી બહારથી આવેલ ટપાલ એમાં સત્વર બદલી નાખી વિના વિલંબે આગળ લઈ જવાતી. બીજી વ્યવસ્થા હતી ખેપિયાની, જે એક દિવસમાં ઘોડા જેટલી ઝડપે દોડતો અને નિયત અંતરે ટપાલ પહોંચાડતો. આવા ખેપિયાને 'પથમાર' અથવા 'પટમાર' કહેવામાં આવતો. સરકારી ખેપિયાઓ સાથે ખાનગી લોકો પણ પોતાની ટપાલ મોકલતા.

દુષ્કાળ-વીમો અને ગરીબ માટે સહાય

અકબરે દુષ્કાળ-વીમો અને ગરીબો માટે સહાય અંગે દરેક જગ્યાએ અનાજ-ભંડારો સ્થાપી કાયમી પગલાં લીધાં હતાં. આવા અનાજ-ભંડાર 'દહસેરી' વેરામાંથી ઊભા કરવામાં આવતા. ખેડાણ થયેલી જમીનના વીઘા દીઠ દસ શેર અનાજ વેરા તરીકે સરકાર લેતી અને એવું ઉઘરાવેલું અનાજ પ્રત્યેક જિલ્લામાં ખાસ બાંધવામાં આવેલી અનાજની વખારોમાં રાખવામાં આવતું. આવા ભંડારોના ઘણા હેતુ હતા. એ ભંડારોમાંથી સરકારી પશુધન, જેને માટે ખુલ્લા બજારમાંથી ખરીદ થતી નહિ, તેને માટે અનાજ લેવામાં આવતું. વાવણી માટે ગરીબ ખેડૂતો અહીંથી બિયારણ મેળવતા. દુષ્કાળના સમયમાં ગરીબ લોકો સસ્તા ભાવે અનાજ વેચાતું લઈ શકતા. આ ઉપરાંત અકબરે સામ્રાજ્યભરમાં

ધર્માદાગૃહ સ્થાપ્યાં હતાં, જ્યાંથી ગરીબ લોકો ખોરાક મેળવી શકતા, એ માટે એક દારોગો અથવા નિરીક્ષક અને કારકુનોનો બનેલો કર્મચારીગણ નીમવામાં આવતો. દુષ્કાળના સમયમાં ગરીબોને રાહત આપવાનાં પગલાં સત્વર અને સંગીનપણે લેવાતાં. રસોડાં અને ધર્માદાગૃહો વધુ ખોલવામાં આવતાં. કેટલાક ગરીબો અને ભિક્ષુકોની સોંપણી શ્રીમંત ઉમરાવ–અમીરોને કરવામાં આવતી. તેઓ એમને ખવડાવવા–પિવડાવવાની વ્યવસ્થા કરતા.

પાદટીપો

૧. J. N. Sarkar, *Mughal Administration*, pp. 4-5

૨. M. S. Commissariat, *History of Gujarat*, Vol. II, p. 1;
છો. ર. નાયક, 'મધ્યયુગ', "ગુજરાત : એક પરિચય", પૃ. ૧૦૪

૩-૪. M. S. Commissariat, *op. cit.*, p. 2

૫. P. Saran, *Provincial Government of the Mughals* (1526-1658 A.D.), pp. 148-149

૬. Abul Fazl, *Ain-i-Akbari*, Trans. by H. Blochman, Vol. I, p. 280 cited by Saran, *op. cit.*, p. 170

૭. Saran, *op. cit.*, p. 171

૮. Nizamuddin Ahmad Bakshi, *Tabaqat-i-Akbari*, Vol. II, p. 368 cited by Saran, *op. cit.*, p. 171

૯. 'મીરાતે એહમદી', (ગુજ. ભાષા. નિઝામુદ્દીન), ગ્રં. ૧, પૃ. ૧૩૮

૧૦. Sarkar, *op. cit.*, pp. 49-50

૧૧ 'મીરાતે એહમદી' (ગુજ. ભાષા.), ગ્રં. ૧, પૃ. ૧૬૪-૧૭૨

૧૨. *Memoirs of Jahangir*, Trans. by Roger and Beveridge, Vol. I, p. 125

૧૩. Saran, *op. cit.*, p. 199 ૧૪. *Ibid.*, 207

૧૫. *Ain-i-Akbari*, Vol. II, pp. 40–41 ૧૬. Saran, *op. cit.*, p. 214

૧૭. W. Foster (Ed.) *The Embassay of Sir Thomas Roe of India (1615-1619, A.D.)*, pp. 28-34

૧૮. *Mirat-i-Ahmadi* (supplement), Eng. Trns. by C. N. Seddon and Syed Nawab Ali, p. 8

૧૯. Saran, *op. cit.*, p. 230 ૨૦. Saran, *op. cit.*, pp. 259-260

૨૧. *Ain-e-Akbari*, Vol. I, p. 300; Vol. II, pp. 23-25

૨૨. Abul Fazl, *Akbar-Nama*, Eng. Trans. by Henry Beveridge, Vol. II, p. 333 & II, p. 488

૨૩. Moreland, *The Agrarian System of Moslem India*, pp. 85 and p. 236

૨૪. Saran, *op. cit.*, p. 327 ૨૫. *Ibid.*, p. 380

૨૬. *Ibid.*, p. 390 ૨૭. *Ibid.*, p. 392

૨૮. *Jean de Thevenot's Travels into the Indies*, Eng. Trans. by A. Lovell Part III, pp. 19-20

૨૯. Saran, *op. cit.*, p. 397

*

પરિશિષ્ટ

ગુજરાતની ટંકશાળોમાં પડાયેલા સિક્કા

(૧) અમદાવાદ

મુઘલ બાદશાહોના સમયમાં પણ ગુજરાતના સૂબેદારની રાજધાની અમદાવાદમાં રાખવામાં આવી હતી. સલ્તનત કાલમાં સ્થપાયેલી અહીં જે ટંકશાળ હતી તે પણ મુઘલ કાલમાં ચાલુ હતી. મુઘલ બાદશાહ અકબરના ગુજરાત પરના વિજયના વર્ષથી, એટલે હિ.સ. ૯૮૦ થી જ અહીંથી મુઘલ સિક્કા બહાર પડવા લાગ્યા હતા.

આ ટંકશાળના અકબરના સોના ચાંદી તથા તાંબા એમ ત્રણેય ધાતુના સિક્કા પ્રાપ્ય છે. આ સિક્કા મોટે ભાગે ગોળ આકારના અને થોડા ચોરસ છે. સોના અને ચાંદીના હિ.સ. ૯૮૦ ના સિક્કાઓમાં 'અહમદાબાદ,' પણ એ જ વર્ષના થોડા સિક્કાઓમાં 'દારુલ્ખિલાફ્તે અહમદાબાદ' એટલે કે અહમદાબાદ નામ સાથે 'દારુલ્ખિલાફ્ત(ખિલાફ્તની રાજધાની)'ના ઉપનામનો પ્રયોગ થયો છે. ખાલી 'અહમદાબાદ' લખેલા સિક્કા વજનમાં ઓછેવત્તે અકબરની સોનામહોરના વજન-ધોરણ પ્રમાણે—સોનાના ૧૭૦ ગ્રેન અને ચાંદીના ૧૮૦ ગ્રેન વજનના—આ સિક્કાઓ પર એક તરફ ઇસ્લામ ધર્મનો મૂળભૂત સિદ્ધાંત એવો કલમો તેમજ પહેલા ચાર ખલીફા હઝરત અબૂબક્ર, ઉમર, ઉસ્માન અને અલીના ગુણો દર્શાવતું એક સૂત્ર અને બીજી તરફ અકબરનાં નામ અને લકબ, ટંકશાળનું નામ અને સિક્કો બહાર પાડવાનું વર્ષ જોવામાં મળે છે.

અકબરના સિક્કાઓ પર વર્તુળ અથવા ખૂણાદાર કે ખૂણે ગાંઠ વાળેલી બાજુઓવાળા ચોરસ કે એવી જાતની બીજી ભૌમિતિક આકૃતિઓનાં ક્ષેત્રોમાં તથા આજુબાજુ હાંસિયામાં લખાણ આપવામાં આવ્યું હોય છે. અમુક સિક્કાઓ પર આ ટંકશાળ માટે જ વપરાતું ટંકશાળ-ચિહ્ન પણ મળે છે.

હિ.સ. ૯૮૦ પછી તરત જ પહેલાં હિ.સ. ૯૮૧ માં અને ફરી પાછું હિ.સ. ૯૯૨ માં ઉપરાઉપરી સોના તેમજ ચાંદી બંને ધાતુઓના સિક્કાઓની ભાતમાં ફેરફાર કરવામાં આવ્યો. હવે 'દારુલ્ખિલાફ્ત' ઉપનામને બદલે 'દારુસ્સલ્તનત'(સલ્તનતની રાજધાની)નું ઉપનામ વાપરવામાં આવ્યું. હિ.સ. ૯૮૧ ના

ચાંદીના સિક્કાઓમાં અહમદાબાદ ટંકશાળ-નામ સાથે 'દારુસ્સલ્તનતે શહ્રે મુઅજ્જમ'-(સલ્તનતની રાજધાની એવા સર્વથી મહાન શહેર)ના ઉપનામનો પ્રયોગ થયો છે.

હિ.સ. ૯૮૭ માં 'દારુસ્સલ્તનતે અહમદાબાદ' ટંકશાળ-નામ ધરાવતી સોના અને ચાંદીના એક ચોરસ આકારના સિક્કાઓની ભાત શરૂ થઈ, જેમાં આગલી બાજુના કલમાવાળા લખાણ માટે ચોકડી આકારનું અને ચાંદીના સિક્કાઓમાં ચોરસ ક્ષેત્ર રાખવામાં આવ્યું. આ ભાતમાં નાગપુરના સેન્ટ્રલ મ્યુઝિયમનો એક સોનાનો સિક્કો લગભગ ૧,૮૪૦ ગ્રેન વજનનો છે. આ ભાતના ચાંદીના સિક્કા પર એક ટંકશાળ-ચિહ્ન જોવામાં આવે છે. અમદાવાદની ટંકશાળનો હિ.સ. ૯૮૮ પછીનો કોઈ સોનાનો સિક્કો મળ્યો નથી, પણ ચાંદીમાં ચોરસ સિક્કા હિ.સ. ૧૦૦૦ સુધી બહાર પડવા ચાલુ રહ્યા હતા.

હિ.સ. ૧૦૦૦ અને હિ.સ. ૧૦૦૧ માં સિક્કાઓના ધાર્મિક લખાણમાં ફેર ન થયો, પણ હિજરી વર્ષને બદલે અકબરે શરૂ કરેલા નવા ઇલાહી સનનાં વર્ષ ૩૭ અને ૩૮ નો પ્રયોગ કરવામાં આવ્યો અને ટંકશાળ માટે વપરાતું 'દારુસ્સલ્તનત' ઉપનામ પડતું મુકાયું. આ સિક્કા પણ ચોરસ છે.

હિ.સ. ૧૦૦૧ દરમ્યાન અકબરના સોના અને ચાંદીના સિક્કાઓમાં એક નવી ભાત શરૂ થઈ, જેને સિક્કાશાસ્ત્રીઓએ ઇલાહી સિક્કાશ્રેણીનું નામ આપ્યું. આ સિક્કાઓમાં ધાર્મિક લખાણને બદલે એક નવું લખાણ તેમજ ઇલાહી વર્ષ સાથે એ વર્ષના જે માસમાં સિક્કો ટંકાયો હોય તે માસનું નામ પણ આપવામાં આવ્યું.

આ સિક્કા વિપુલ સંખ્યામાં અને અકબરના રાજ્યકાલનાં પછીનાં લગભગ બધાં વર્ષોના પ્રાપ્ય છે. શરૂઆતમાં એ ચોરસ આકારમાં જ બહાર પાડવામાં આવ્યા હતા, પણ ઇલાહી વર્ષ ૩૯ દરમ્યાન ચોરસ સાથે ગોળ આકારના ને એ પછી માત્ર ગોળ આકારના બહાર પાડવામાં આવ્યા.

ઇલાહી સિક્કાઓના લખાણમાં એક તરફ બાદશાહનાં નામ અને લકબ 'જલાલુદ્દીન અકબર' પર શ્લેષ ધરાવતું અરબી સૂત્ર अल्लाहो अकबर जल्ल जलालोह (અલ્લાહ સર્વથી મહાન છે, એનું ગૌરવ ગૌરવવંત હો[1]) અને બીજી તરફ ઇલાહી વર્ષ અને માસ તથા ટંકશાળ–નામ 'અહમદાબાદ' આપતા સૂત્રવાળું લખાણ હોય છે.

આ ભાતના અમુક સિક્કાઓ પર પણ ટંકશાળ-ચિહ્ન મળે છે.

આ ઉપરાંત ચાંદીમાં અકબરનાં નામ તથા લકબ ધરાવતા એક જુદી ભાતના સિક્કા મળ્યા છે, જેમાં એક તરફ પંચકોણ ક્ષેત્રમાં કલમાવાળું

ધાર્મિક લખાણ અને બીજી બાજુ 'જલાલુદ્દીન મુહમ્મદ અકબર બાદશાહ ગાઝી' તેમજ હિજરી વર્ષની સંખ્યાવાળા લખાણનો પ્રયોગ થયો છે. આ સિક્કા વજનમાં લગભગ ૯૦ ગ્રેનના હોઈ એ અર્ધા રૂપિયા કે (ગુજરાતના સુલતાનોની) મહમૂદી માટે વપરાતા હોય એમ લાગે છે. આ સિક્કાઓમાં અમુક પર આપવામાં આવેલા વર્ષોના આંકડા—દા.ત. ૧૨૧૭ વગેરે પરથી એમ લાગે છે કે અકબરની આ ભાતના સિક્કા પાછળથી લાંબા સમય સુધી કચ્છ અને નવાનગર જેવાં દેશી રાજ્યોમાં પાડવામાં આવ્યા હતા. આ સિક્કા ગુજરાત-બનાવટવાળા સિક્કાઓના નામે મશહૂર છે.[૨]

અમદાવાદ ટંકશાળના અકબરના તાંબાના સિક્કા સારી સંખ્યાના તેમજ વિવિધ ભાતના મળે છે. આ સિક્કાઓમાં અમુક પર લખાણમાં એનું મૂલ્ય ટંકા દો-ટાંકી ચાર-ટાંકી વગેરે આપવામાં આવ્યું છે. શરૂઆતનાં વર્ષોમાં એટલે કે હિ.સ. ૯૮૦, ૯૮૧ માં ટંકાયેલા તાંબાના સિક્કાઓની એક ભાતમાં એક તરફ ત્રણ પંક્તિમાં 'फुलूसे जर्बे अहमदाबाद' (અહમદાબાદમાં ટંકાયેલો પૈસો) અને બીજી તરફ એટલી પંક્તિઓમાં માત્ર હિજરી વર્ષ શબ્દો તેમજ આંકડાઓમાં આપવામાં આવેલું છે. હિ.સ. ૯૮૨ થી 'દારુસ્સલ્તનત' ઉપનામ સાથેના ટંકશાળના નામવાળી એક ભાત શરૂ થઈ, આ સિક્કા અકબરના રાજ્યારોહણના ૩૮ મા વર્ષ (એટલે ઇલાહી ૩૮—હિ.સ. ૧૦૦૧-૨) સુધી ચાલુ રહ્યા પછી એ જ ભાતના, પણ ટંકશાળના ઉપનામ વગર અને હિજરી વર્ષને બદલે માત્ર આંકડામાં ઇલાહી વર્ષ અને માસના નામના લખાણવાળા, સિક્કા બહાર પડ્યા. આ જ અરસામાં કે એ પછી ફુલૂસ નામને બદલે टंक-ए-अकबरशाही (અકબરી ટંકો) નામ ધરાવતા સિક્કા તથા એના ભાગ—એક-ટાંકી બે-ટાંકી, ચાર-ટાંકી વગેરે મૂલ્ય-નામો ધરાવતા સિક્કા બહાર પડ્યા અને અકબરના રાજ્યનાં છેલ્લાં વર્ષો સુધી પડવા ચાલુ રહ્યા. તાંબાના આ સિક્કાઓમાં પૂરા 'ફુલૂસ' કે 'ટંકા'નું વજન ૩૧૦ થી ૩૧૫ ગ્રેન સુધી મળે છે, જ્યારે ચાર-ટાંકી આશરે ૨૪૦ ગ્રેન, એક-ટાંકી આશરે ૫૭ ગ્રેન (મૂળ ૬૦ ગ્રેન) અને બે-ટકી આશરે ૧૨૦ ગ્રેન વજનની મળે છે. ટંકામાં બેવડા વજનના ૬૨૦ થી ૬૩૦ ગ્રેનના મળે છે.

જહાંગીરના અમદાવાદના સિક્કા લખાણ બનાવટ વજન વગેરેની દૃષ્ટિએ અવનવી ભાતના છે. સોના અને તાંબાના મુકાબલે ચાંદીના સિક્કા વધારે સંખ્યામાં મળે છે. લખાણમાં ગદ્ય કરતાં પદ્યનો વપરાશ વધુ રહે છે.

અમદાવાદનો જહાંગીરનો સોનાનો જે સિક્કો અત્યાર સુધી નોંધાયો છે તે એના રાજ્યકાલના ૧૪ મા વર્ષમાં બહાર પડ્યો હોઈ એમ ધારણા કરવામાં

આવી છે કે આ વર્ષ (હિ.સ. ૧૦૨૮) પહેલાં જહાંગીરનો સિક્કો સોનાની ધાતુમાં અહીં ટંકાયો નહિ હોય. આ સિક્કાનું લખાણ જહાંગીરના ભારતની બીજી ટંકશાળોના સિક્કાઓના લખાણની જેમ પદ્યમાં છે અને વજનમાં એ લગભગ ૧૭૦ ગ્રેનનો છે. આવા સિક્કા હિ.સ. ૧૦૩૩—રા.વ. (રાજ્ય વર્ષ) ૧૮ સુધી બહાર પડયા હતા.

હિ.સ. ૧૦૩૩ પછી નૂરજહાંના વર્ચસવાળા જહાંગીરના રાજ્ય-અમલનાં છેલ્લાં ચાર વર્ષો દરમ્યાન એના નામના સિક્કા ટંકાયા, જેનું લખાણ આ પ્રમાણે છે :

એક તરફ : (કડીનું પહેલું ચરણ) :

ब हुकमे शाहे जहांगीर याफ़त सद ज़ेवर

અને રાજ્યવર્ષની અને હિજરી વર્ષની સંખ્યા

બીજી તરફ : (કડીનું બીજું ચરણ :)

बनामे नूरजहां बादशाह बेगम ज़र

અને ટંકશાળ-નામ

(પંક્તિનો અર્થ : સમ્રાટ જહાંગીરની આજ્ઞાથી સોનું અર્થાત્ નાણું નૂરજહાં બાદશાહ–બેગમનું નામ એના પર અંકિત થવાથી સો આભૂષણોથી સુશોભિત થયું.)

આ ભાતનો નૂરજહાંના નામવાળો અમદાવાદ ટંકશાળનો સોનાનો સિક્કો માત્ર હિ.સ. ૧૦૩૭ નો મળ્યો છે.

જહાંગીરના અમદાવાદ ટંકશાળના ચાંદીના સિક્કા વધુ સંખ્યામાં અને વધુ ભાતોના મળે છે. એના રાજ્યકાલના પહેલા વર્ષના સિક્કાઓને મૂળ નામ 'સલીમ'ને લીધે 'સલીમી સિક્કાઓ' પણ કહેવામાં આવે છે. વજનમાં આ સિક્કા અકબરના સિક્કાઓ જેટલા છે.

આ પછીના ચાંદીના સિક્કા વજનમાં સહેજ વધારે ૨૦૦ થી ૨૦૫ ગ્રેનના છે. એમાં એક તરફ માત્ર કલમો અને ટંકશાળ-નામ અને બીજી તરફ બાદશાહ-નામ અને લક્બ नूरुद्दीन मुहम्मद जहांगीर बादशाह गाज़ी અને રાજ્ય વર્ષની સંખ્યા આપવામાં આવેલ છે.

બે કે ત્રણ વર્ષ પછી, હિ.સ. ૧૦૧૭ માં, આથી પણ વધારે વજનવાળા (૨૨૦ ગ્રેન સુધીના) સિક્કા બહાર પડયા. જેના લખાણની પદ્ય-પંક્તિમાં ટંકશાળ નામનો પણ સમાવેશ થયો છે.

આ ભાતના સિક્કા માત્ર ત્રણેક વર્ષ સુધી બહાર પડયા હોય એમ લાગે છે. આ જ લખાણ અને બનાવટના, પણ હલકા એટલે કે પહેલાંના વજન (૧૬૯ થી ૧૭૪ ગ્રેન)ના તેમજ બીજી બાજુવાળા લખાણના શબ્દો કે અક્ષરોની સહેજ જુદી ગોઠવણ ધરાવતા સિક્કા હિ.સ. ૧૦૨૭ અને ૧૦૩૩ વચ્ચે બહાર પાડવામાં આવ્યા. એ પહેલાં હિ.સ. ૧૦૨૭(રા. વ. ૧૩) દરમ્યાન નવા પદ્ય-લખાણવાળો સિક્કો પણ બહાર પડયો હતો.

આ જ વર્ષ એટલે પોતાના રાજ્યકાલના ૧૩ મા વર્ષ(હિ સ ૧૦૨૭)માં જહાંગીર ગુજરાતની મુલાકાતે આવ્યો ત્યારે એને એક નવી જ જાતનો સિક્કો બહાર પાડવાનો વિચાર આવ્યો, જેણે માત્ર એની નહિ, પણ આખા હિંદની સિક્કા-શ્રેણીમાં નવી જ ભાત પાડી. આ સિક્કાઓ પર ઇલાહી વર્ષના જે માસમાં સિક્કો ટંકાયો તે મહિનાનું રાશિ-ચિહ્ન આપ્યું છે અને એ 'રાશિવાળા સિક્કાઓ' તરીકે ઓળખાય છે. અમદાવાદની ટંકશાળ માત્ર ચાંદીના આના સિક્કાઓ માટે મર્યાદિત રાખવામાં આવી હતી એમ લાગે છે, કેમકે અત્યાર સુધી અહીંનો સોનાનો એક પણ રાશિ–સિક્કો મળ્યો હોવાની જાણ નથી. લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં એક કુંભ રાશિવાળો સોનાનો સિક્કો છે,[૩] જેની પાછલી બાજુ કુંભ રાશિનું ચિહ્ન અને આગલી બાજુ જહાંગીરની અમદાવાદ ટંકશાળના નામને સમાવી લેતી ઉપર્યુક્ત ચાંદીના સિક્કાવાળી પદ્યપંક્તિ છે, પણ એની હિજરી વર્ષસંખ્યા તેમજ પદ્યપંક્તિનું લખાણ ભૂલભરેલું હોઈ તેમજ એની બનાવટની દૃષ્ટિએ એ બનાવટી સાબિત થયો છે.[૪]

જહાંગીરના અમદાવાદના ચાંદીના રાશિ–સિક્કા પણ માત્ર હિ.સ. ૧૦૨૭(રા. વ. ૧૩)ના ઉપલબ્ધ છે અને વજનમાં ૧૭૧ થી ૧૭૫ ગ્રેન છે. જે રાશિના સિક્કા મળ્યા છે તે આ છે : મેષ વૃષભ મિથુન કર્ક સિંહ અને વૃશ્ચિક. ને એની આગલી બાજુ પર બાદશાહનું નામ, ટંકશાળ–નામ તેમજ હિજરી વર્ષની સંખ્યાવાળું લખાણ, ગદ્ય અથવા પદ્યમાં છે. ગદ્યનું લખાણ जहांगीर शाहे अकबर बादशाह છે, જ્યારે પદ્ય–પંક્તિમાં ટંકશાળ-નામ પણ સમાવી લેવામાં આવ્યું છે.

વચગાળામાં એટલે કે હિ.સ. ૧૦૨૦ અને ૧૦૨૭ વચ્ચે હિજરી વર્ષની સાથે ઇલાહી વર્ષ તથા ઇલાહી માસનું નામ દર્શાવતા બે જુદી જુદી ભાતના એક ગદ્ય અને બીજા પદ્ય લખાણવાળા સિક્કા બહાર પડયા. ગદ્ય લખાણવાળા સિક્કા હિ.સ. ૧૦૨૨ (રા. વ. ૮) સુધી રહ્યા અને એ જ વર્ષથી પદ્યલખાણવાળા સિક્કા બહાર પડયા. ગદ્યવાળા લખાણમાં એક તરફ બાદશાહનું નામ नूरुद्दीन जहांगीर शाहे अकबरशाह અને બીજી તરફ ટંકશાળ નામ અને ઇલાહી વર્ષ અને

માસ તેમજ હિજરી વર્ષવાળું લખાણ છે. પદ્યલખાણમાં ટંકશાળના નામનો સમાવેશ થયો છે[૫].

અમદાવાદ ટંકશાળના નૂરજહાંના નામવાળા સિક્કાઓની ભાત એના સોનાના સિક્કાઓની ભાતથી સહેજ જુદી છે. બંનેનું લખાણ એકસરખું છે, પણ શબ્દોની ગોઠવણના ફેર ઉપરાંત ચાંદીના સિક્કામાં રાજ્ય તેમજ હિજરી વર્ષ સોનાના સિક્કાની અપેક્ષા પાછલી બાજુ પર અને ટંકશાળનું નામ આગલી બાજુ પર અપાયું છે. હિ.સ. ૧૦૩૫ સિવાય નૂરજહાંના નામવાળા ચાંદીના સિક્કા મળ્યા છે.

જહાંગીરે ચાંદીમાં એક બીજી નવી ભાતના બહુ હલકા વજનના સિક્કા પડાવ્યા, જે સાધારણ ચલણ માટે નહિ, પણ વિશેષ અવસરો પર ન્યોછાવર કરવા વગેરે હેતુસર વાપરવા માટે ટંકાયા હતા એમ એના ઉપર આપેલાં નામો પરથી જણાય છે. અમદાવાદ ટંકશાળના નિથાર પ્રકારના બે સિક્કા મળ્યા છે. ૪૩ ગ્રેન વજનની ઉપલબ્ધ નિથાર હિ.સ. ૧૦૨૭ (રા. વ. ૧૩)માં બહાર પાડી હતી.

અમદાવાદના જહાંગીરના તાંબાના સિક્કાઓની ત્રણ ભાત મળી છે એકમાં सलीमी ताँकी (એટલે ટાંકી) એવું સિક્કા-નામ એક તરફ અને બીજી તરફ ટંકશાળ-નામ અને ઇલાહી વર્ષ અને માસ, બીજીમાં આગલી બાજુ जहांगीरी (જહાંગીરનો) અને બીજી બાજુ फुलूसे अहमदाबाद (અહમદાવાદનો પૈસો) અને હિજરી વર્ષસંખ્યા અને ત્રીજીમાં એક તરફ ખાની (ચલણી) અને રાજ્યવર્ષ અને બીજી તરફ फुलूसे अहमदशाह અને હિજરી વર્ષની સંખ્યા એવાં લખાણ છે. મળી આવેલા તાંબા–સિક્કાઓનું વજન આશરે ૨૩૬, ૨૪૬ અને ૩૦૬ ગ્રેનનું છે. આ સિક્કા અતિ અલ્પ સંખ્યામાં મળી આવે છે એનું એક મુખ્ય કારણ અકબરનું તાંબા-નાણું વિપુલ સંખ્યામાં ચલણમાં હોવાથી આ ધાતુમાં વધુ સિક્કા બહાર પાડવાની જરૂર ન હતી એવું મનાય છે.

શાહજહાંના સિક્કાઓમાં ફરી કલમા અને ચાર ખલીફાઓનાં નામ–ગુણ-વાળું લખાણ અપનાવવામાં આવ્યું. એના રાજ્યકાલના પહેલા વર્ષના અમદા-વાદના સિક્કાઓની એક ભાતમાં પ્રથમ વખત હિજરી વર્ષનો સંખ્યા સાથે सना हिजरी (હિજરી સન) એ સંવત-નામથી અને રાજ્યકાલના પહેલા વર્ષનો પણ આંકડાને બદલે શબ્દોમાં सना अहद (પહેલું વર્ષ) એ પ્રમાણે ઉલ્લેખ થયો છે. બીજા વર્ષના સિક્કાઓમાં ફરી ઇલાહી વર્ષનો ઉપયોગ થયો.

શાહજહાંના અમદાવાદની ટંકશાળમાં ત્રણે ધાતુઓમાં સિક્કા બહાર પડયા હતા, જેમાં સોના અને તાંબા-નાણું અલ્પ સંખ્યામાં પ્રાપ્ય છે. સોનામાં ૧૭૦ ગ્રેન અને ચાંદીમાં ૧૮૦ ગ્રેન વજન નિર્ધારિત હતું.

અત્યાર સુધી મળી આવેલા સોનાના સિક્કાઓની એક ભાત એ છે કે જેમાં એક તરફ ત્રણ પંક્તિમાં કલમો અને નીચે ટંકશાળનું નામ અને ઇલાહી વર્ષની સંખ્યા તથા માસનું નામ અને બીજી તરફ બાદશાહનું નામ અને પુરા લકબ અને હિજરી વર્ષની સંખ્યાવાળું લખાણ છે.

આ ભાતનો સિક્કો હિ.સ. ૧૦૪૩ માં બહાર પડયો હતો. એ પછીના સિક્કાઓમાં એક તરફ ચોરસ ક્ષેત્રમાં કલમો અને હિજરી વર્ષની સંખ્યા અને આજુબાજુ હાંસિયામાં ચાર ખલીફાઓનાં નામવાળું સૂત્ર[૬] અને બીજી તરફ ચોરસ ક્ષેત્રમાં शाहेजहान बादशाह गाजी અને રાજ્યવર્ષ-સંખ્યા અને આજુબાજુ હાંસિયામાં એનાં નામ અને લકબના બાકીના અંશો અને ટંકશાળ-નામવાળું લખાણ છે. શાહજહાંના સિક્કાઓની આ મુખ્ય ભાત છે, જે એના અમલના છેલ્લા વર્ષ સુધી ચાલુ રહી હતી.

શાહજહાંના અમદાવાદના ચાંદીના સિક્કાઓની પણ આવી બે ભાત છે, જેમાંની બીજી ભાતના સિક્કા એના રાજ્યકાલનાં મોટા ભાગનાં વર્ષોના ઉપલબ્ધ છે. તદુપરાંત એના આ ધાતુના સિક્કાની ત્રીજી ભાત છે, જે એના રાજ્યારોહણના વર્ષમાં બહાર પડી હતી. એમાં અમુક પર વર્ષ-સંખ્યા સાથે હિજરી સંવતના નામનો નિર્દેશ પણ થયો છે. આ ભાતના સિક્કામાં એક તરફ કલમો, ટંકશાળનું નામ અને નિર્દેશ સાથે અથવા વગર હિજરી વર્ષસંખ્યા અને બીજી બાજુ બાદશાહનું નામ અને લકબવાળું લખાણ છે. આ ભાતના અમુક સિક્કાઓ પર હિજરી વર્ષના બદલે બીજી તરફ રાજ્યવર્ષ સંખ્યા પણ મળે છે.

શાહજહાંના અહીંના તાંબા-નાણાની બે ભાત પ્રાપ્ત થઈ છે. એકમાં એક તરફ फुलूसे शाहजहानी (શાહજહાંનો પૈસો) અને રાજ્યવર્ષની-સંખ્યા તથા બીજી તરફ ટંકશાળ-નામ અને ઇલાહી માસ-નામનું લખાણ છે. બીજી ભાતમાં સિક્કાની બીજી તરફનાં લખાણ તેમજ ગોઠવણમાં સહેજ ફરક છે. આ નાણું જહાંગીરના તાંબા-નાણાની જેમ જૂજ છે.

શાહજહાંના સમયથી જ પરદેશ સાથેના વધતા વેપાર તેમજ મક્કામદીનાની હજયાત્રા માટે મુખ્ય બંદર બનેલા એવા સુરત શહેરની ટંકશાળ વધુ કાર્યશીલ બની હતી, પરિણામે શાહજહાં અને એના અનુગામીઓના અમદાવાદ ટંકશાળના સિક્કાઓની સંખ્યા રફતે રફતે ઓછી થતી ગઈ.

શાહજહાંના અંતિમ સમયમાં ગુજરાતના સૂબેદાર મુરાદબખ્શે હિ.સ. ૧૦૬૮ માં રાજ્યપદનો દાવો કરી પોતાના નામના સિક્કા પાડયા. એમાં અમદાવાદની ટંકશાળનું નાણું સોના અને ચાંદીની ધાતુઓમાં છે, પણ તાંબાનાણું મળ્યાની જાણ નથી. મુરાદબખ્શના આ સિક્કા એક જ પ્રકાર અને શાહજહાંના સિક્કાઓની મુખ્ય ભાતના છે. એનો સોનાનો એક જ સિક્કો ઉપલબ્ધ છે અને એ લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં છે.[૭] આ સિક્કા વજન વગેરેમાં શાહજહાંના ધોરણના છે.

ઔરંગઝેબનો અહીંનો સોનાનો સિક્કો બહાર પડયો હોય એમ લાગતું નથી. એના ચાંદીના સિક્કાઓની પણ અહીંથી મુખ્યત્વે એક જ ભાત બહાર પડી હોય એમ લાગે છે, જેમાં એક તરફ પદ્યપંક્તિમાં લખાણ અને હિજરી વર્ષસંખ્યા અને બીજી તરફ ટંકશાળ-નામ અને રાજ્ય-વર્ષસંખ્યા દર્શાવતું ઔરંગઝેબે શરૂ કરેલું ગદ્યસૂત્ર.

ઔરંગઝેબના સિક્કાઓની આ મુખ્ય ભાતમાં હિ.સ. ૧૦૯૧ સુધી આગલી બાજુમાં વર્ષ-આંકડો છેલ્લી પંક્તિમાં અને એ પછી પહેલી પંક્તિમાં અંકિત થયો, એ સિવાય બીજો કોઈ ફેરફાર નથી. વજનમાં પણ એ આ કે આ પછીના સિક્કા લગભગ પૂરા અને શુદ્ધ ટચના છે. ઔરંગઝેબનું અમદાવાદનું તાંબાનાણું મળ્યું નથી.

ઔરંગઝેબના અનુગામીઓના અમદાવાદના સિક્કા ઘણી ઓછી સંખ્યામાં તેમજ ભાતની દૃષ્ટિએ પણ બહુધા એક જ પ્રકારના મળે છે, જેમાં એક તરફ હિજરી વર્ષસંખ્યા સાથે પદ્યપંક્તિ હોય છે, બીજી તરફ ટંકશાળનામ અને રાજ્ય-વર્ષ આપતું ઔરંગઝેબે શરૂ કરેલું ગદ્યસૂત્ર સહેજ ફેર સાથે છે.

શાહઆલમ બહાદુર(શાહઆલમ ૧ લો)ના આ ટંકશાળના અર્ધોએક ડઝન જેટલા ચાંદીના સિક્કા મળ્યા છે, જેમાં બાદશાહનું નામ ધરાવતી પદ્યપંક્તિને બદલે નવા ગદ્યસૂત્રનો પ્રયોગ થયો, જે એના મોટા ભાગના અનુગામીઓના સિક્કાઓમાં વપરાયું.

આ સિક્કાઓમાં એક તરફ એ ગદ્યસૂત્ર અને હિજરી વર્ષની સંખ્યા અને બીજી તરફ ઔરંગઝેબવાળા ટંકશાળ-નામ અને રાજ્ય-વર્ષ સંખ્યાવાળા સૂત્રનું લખાણ છે.

જહાંદારશાહના ત્રણેક ચાંદીના સિક્કા મળ્યા છે, જે એક જ ભાતના છે. આમાં એક બાજુ હિજરી વર્ષની સંખ્યા અને એના નામની પદ્યપંક્તિ તેમજ બીજી બાજુ ટંકશાળ-નામ વગેરેવાળું સૂત્ર છે. એનો પણ તાંબાનો સિક્કો એક ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે.

ફર્રુખસિયરનો અમદાવાદની ટંકશાળનો સોનાનો એક પણ સિક્કો મળ્યો નથી. ચાંદીમાં દસેક સિક્કા નોંધાયા છે, જેમાં એક બાજુ હિજરી વર્ષસંખ્યા અને એના નામવાળી પદ્યપંક્તિ છે અને બીજી બાજુ ટંકશાળ-નામ વગેરે-વાળું સૂત્ર છે. ફર્રુખસિયરનું તાંબાનાણું અતિદુર્લભ છે અને એ માત્ર કલકત્તાના ઇન્ડિયન મ્યુઝિયમમાં છે. ફુલૂસભાતના આ સિક્કા પર એક તરફ फुलूसे फर्रुखसियर बादशाह (ફર્રુખસિયર બાદશાહનો પૈસો) અને બીજી તરફ ટંકશાળ-નામ વગેરે-વાળું ઉપર્યુક્ત સૂત્રનું લખાણ છે. વજનમાં આ સિક્કો ૨૧૨.૫ ગ્રેનનો છે.

રફીઉદ્દરજાતનું પણ માત્ર ચાંદીનું અને એ પણ એક ભાતનું નાણું મળ્યું છે, જે દુર્લભ છે. સૂચિઓમાં નોંધાયેલા ત્રણેક સિક્કા ભાતમાં ઉપર જણાવેલા ફર્રુખસિયરના સિક્કા જેવા છે.

રફીઉદ્દરજાતના સિક્કાઓમાં ટંકશાળનું ઉપનામ जीनतुल्बिलाद[૮] (નગરોનું આભૂષણ) નોંધપાત્ર છે.

રફીઉદ્દવલા શાહજહાં ૨ જાના અમદાવાદના માત્ર ચાંદીના સિક્કા મળ્યા છે, જે અતિદુર્લભ છે. આ સિક્કાઓ પર બંને બાજુ ગદ્યસૂત્રવાળું લખાણ છે.

મુહમ્મદશાહના સિક્કા ઔરંગઝેબના બીજા અનુગામીઓ કરતાં વધુ છે. એનો સોનાનો એક સિક્કો ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે, જ્યારે ચાંદીના સિક્કા લગભગ બધાં મ્યુઝિયમોમાં છે. આ સિક્કા ભાતમાં શાહઆલમ બહાદુરના સૂત્રવાળા સિક્કાઓ જેવા છે.

અહમદશાહનો અમદાવાદનો માત્ર ચાંદીનો જ એક સિક્કો મળ્યો છે, જે લખાણ તથા ભાતમાં મુહમ્મદશાહના ટંકશાળ-નામવાળા સિક્કા જેવો છે. આલમગીર ૨ જાનો સોનાનો સિક્કો ખાનગી સંગ્રહોમાં હોવાનું કહેવાય છે. એના ચાંદીના ત્રણચાર સિક્કા મળ્યા છે, જે લખાણ તેમજ ભાતની દૃષ્ટિએ મુહમ્મદ-શાહ અને અહમદશાહના સિક્કા જેવા જ છે. શાહજહાં ૩ જાના પણ માત્ર ચાંદીના ત્રણચાર સિક્કા પ્રાપ્ત થાય છે તેઓ પણ એ જ ભાતના છે.

શાહઆલમ ૨ જાના ત્રણે ધાતુમાં સિક્કા મળ્યા છે, પણ એની સંખ્યા અલ્પ છે. સોનાનો જે એક સિક્કો મળ્યો છે તે તથા ચાંદીના સિક્કા પણ ફર્રુખસિયર વગેરેની પદ્યપંક્તિવાળા લખાણની ભાતના છે.

એના તાંબાના સિક્કા શાહજાદાના તાંબાના સિક્કાની બીજી ભાતના એટલે ફુલૂસે શાહઆલમી (શાહઆલમનો પૈસો) અને રાજ્ય-વર્ષ તથા ટંકશાળ-નામના સૂત્રવાળા છે.

બીદર બખ્તના પણ ત્રણે ધાતુઓમાં સિક્કા મળ્યા છે. સોનાના ઓછામાં ઓછા ચાર સિક્કાઓના અસ્તિત્વની માહિતી છે. એના પણ સોના અને ચાંદીના સિક્કાઓની ભાત એક છે, જે પાછલા મુઘલ સમ્રાટોના પદ્યલખાણવાળા સિક્કા જેવી છે. બીદર બખ્તનો તાંબાનો સિક્કો ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે.

મુહમ્મદ અકબર ૨ જાના ચાંદી[૯] અને તાંબાના સિક્કા મળ્યા છે. ચાંદીનો સિક્કો પાછલા મુઘલ સમ્રાટોના સિક્કાજે મુબારક વગેરે ગદ્યસૂત્રવાળા લખાણની ભાતના છે. એની બીજી બાજુના લખાણમાં અક્ષર નાગરીમાં અંકિત છે, જે સૂચવે છે કે આ સિક્કા વડોદરાના ગાયકવાડ તરફથી બહાર પાડવામાં આવ્યા હતા. તાંબામાં પણ એના સિક્કા એના પુરોગામીઓની ફુલૂસવાળી ભાતના છે.

આ છેલ્લા પાંચ બાદશાહોના સિક્કાઓ પર પણ ટંકશાળ-ચિહ્નો જોવા મળે છે.

૨. પાટણ

ગુજરાતના જૂના પાટનગર (અણહિલવાડ) પાટણ માટે સિક્કા પર 'નહરવાલા પત્તન' કે 'શહરે પત્તન' નામો અંકિત મળે છે.

ગુજરાતના સુલતાનોના સમયમાં અહીં ટંકશાળ ન હતી. મુઘલ સમયમાં માત્ર અકબરના રાજ્યકાલના શરૂઆતનાં થોડાં વર્ષો દરમ્યાન અહીં ટંકશાળમાં માત્ર હિ.સ. ૯૮૪ અને ૯૮૫ માં બહાર પડેલા સિક્કા મળે છે એ જોતાં એ હિ.સ ૯૮૫ પછી બંધ કરવામાં આવી હોય એમ લાગે છે.

અકબરના અહીંથી ત્રણે ધાતુઓમાં સિક્કા બહાર પડ્યા હતા, જેમાં સોનાના સિક્કા અતિદુર્લભ છે. ચાંદી અને તાંબાના સિક્કાઓની પણ સંખ્યા ઝાઝી નથી. આ બધા સિક્કા એનાં ભાત લખાણ વગેરે બાબતોમાં અમદાવાદના સિક્કાઓને મળતા છે.

અકબરનો સોનાનો એક સિક્કો લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં છે એમ નોંધાયું છે, પણ એનું વર્ણન ઉપલબ્ધ નથી.

એના ચાંદીના ગણ્યાગાંઠ્યા સિક્કાઓમાં ભારતમાં લખનૌના પ્રોવિન્શિયલ મ્યુઝિયમની સિક્કા-સૂચિમાં બે નમૂના નોંધાયા છે.[૧૦] એ ઉપરાંત બીજા એકબે

સિક્કા વિશે માહિતી પ્રકાશિત થઈ છે.[11] આ બધા સિક્કા ભાતમાં એકસરખા છે, જે અમદાવાદની દારુસ્સલ્તનત ઉપનામવાળી ભાતોમાંની એક ભાતને મળતી છે. એમાં એક બાજુ ગોળ સિક્કા પર વચમાં ટપકાંવાળી બે લીટીઓથી બનેલા ચોરસ ક્ષેત્રમાં કલમો અને આજુબાજુ હાંસિયામાં ચાર ખલીફાઓવાળું અને બીજી બાજુ એવા જ ક્ષેત્રમાં સમ્રાટનું નામ તથા હિજરી વર્ષસંખ્યા અને હાંસિયામાં માનસૂચક લકબ, રાજ્યના અમરત્વ માટે પ્રાર્થના અને ટંકશાળ-નામ जर्ब दर शहरे नहरवाला पत्तन (નહરવાલા પાટણ શહેરમાં ટંકાયો) એ લખાણ છે.[12]

ગુજરાત બનાવટના અકબરના ચાંદીના સિક્કા—ગુજરાતની મહમૂદી જેવા, જેઓના પર ટંકશાળ-નામ નથી અને રેવ. ટેલરના મતે જે સુરત ખાતે ટંકાયા હતા તે સિક્કા પાટણની ટંકશાળમાંથી બહાર પડયાનું વિધાન શ્રી. સી. આર. સિંઘલે કર્યું છે. શ્રી. સિંઘલે આવા જે ૮૦ સિક્કાઓના અભ્યાસ પછી પોતાનો મત બાંધ્યો છે, તેમાંના અમુક પર હિજરી વર્ષસંખ્યા ૯૭૯, ૯૯૦, ૯૯૭, ૯૯૯ વગેરે અપાઈ હોવાનું તેમજ અમુક પર પાટણ ટંકશાળનું નામ પણ વાંચી શકાય છે એમ નોંધ્યું છે, પણ આ સિક્કાઓની આપેલી છાપમાં એ સ્પષ્ટ આવ્યું નથી,[13] એટલે શ્રી સિંઘલે ચર્ચેલા સિક્કા જોયા સિવાય આ વિષય પર નિર્ણયાત્મક અભિપ્રાય આપી શકાય એમ નથી.

અકબરના પાટણના સિક્કા પણ દુર્લભ કહી શકાય. અત્યાર સુધી એનો એક ફુલૂસ રેવ. ટેલરે પ્રકાશિત કર્યો હોવાની માહિતી છે. આ સિક્કો અમદાવાદના તાંબાના સિક્કાઓની એ ભાતના જેવો છે, જેમાં ગોળ સિક્કા પર વચોવચ વચમાં ટપકાંવાળી બે આડી લીટીઓથી વહેંચાયેલા ક્ષેત્ર પર નીચે લખાણ છે. આગલી બાજુ પર फुलूसे जर्ब नहरवाला पत्तन (નહરવાલા પટ્ટણ—શહેરમાં ટંકાયેલો પૈસો) અને બીજી બાજુ હિજરી વર્ષ શબ્દો અને સંખ્યા બંનેમાં અપાયું છે.[14]

૩. માલપુર

અકબરના સિક્કાઓ પર ટંકશાળનું નામ 'માલપુર' મળે છે. આ માલપુર અગાઉની મહીકાંઠા એજન્સીમાં અને હાલ સાબરકાંઠા જિલ્લામાં અમદાવાદથી આશરે ૧૦૦ કિલોમીટર ઉત્તરપૂર્વ દિશામાં આવેલું માલપુર એવો સિક્કાશાસ્ત્રીઓનો મત છે, જોકે ટંકશાળવાળી રાજધાની અમદાવાદથી આટલી નજીક બીજી ટંકશાળની શી આવશ્યકતા હશે એ એમને મન કોયડારૂપ છે, પણ અહીંની ટંકશાળ પાટણની જેમ અલ્પજીવી અને માત્ર હિ. સ. ૯૮૩ થી ૯૮૫ દરમ્યાન જ કાર્યશીલ રહી તેમજ એમાં ટંકાયેલા સિક્કા પણ જૂજ સંખ્યામાં પ્રાપ્ય છે. હિ. સ. ૯૮૫

પછી બહાર પડેલો અહીંનો કોઈ સિક્કો મળ્યો નથી, એટલે એ વર્ષમાં એ ટંકશાળ બંધ કરવામાં આવી હશે.

માલપુરના ત્રણે ધાતુઓમાં સિક્કા મળ્યા છે. સોના અને ચાંદીમાં એક એક અને તાંબામાં ચાર—૭ સિક્કા નોંધાયા છે એ જોતાં અહીંના સિક્કા દુર્લભ ગણાય. સોનાના સિક્કા પર અમદાવાદની જેમ માલપુરને दारूल्खिलाफा (ખિલાફતની રાજધાની)ના માનસૂચક ઉપનામથી બિરદાવવામાં આવ્યું છે એ એક રીતે માલપુરની રાજકીય અગત્યનું દ્યોતક છે.[૧૫] અહીંનો સોનાનો જે સિક્કો પ્રકાશિત થયો છે તે આકારમાં ગોળ, ૧૬૮ ગ્રેન વજનનો અને હિ.સ. ૯૮૪ માં ટંકાયેલો હતો તેમજ લખાણ વગેરેમાં એ જ વર્ષમાં અમદાવાદમાં ટંકાયેલા સિક્કા જેવો છે.[૧૬]

માલપુરનો ચાંદીનો સિક્કો માત્ર લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં છે, સોનાના સિક્કાની ભાતનો હોવાનું કહેવાય છે, પણ એમાં વર્ષ-સંખ્યા પાછલી બાજુ પર આપવામાં આવેલી છે.[૧૭]

માલપુરના તાંબાના સિક્કા લખાણમાં અકબરના અમદાવાદના તાંબાના સાદા ક્ષેત્રવાળી એક ભાત જેવા છે, પણ લખાણની ગોઠવણ સહેજ જુદી છે. આગલી બાજુ પર પાંચ પંક્તિમાં સિક્કાનું અને ટંકશાળનું નામ सिक्क ले फुलूसे जर्बे मालपुर અને બીજી બાજુ ત્રણ પંક્તિમાં હિજરી વર્ષ શબ્દ અને સંખ્યામાં આપવામાં આવ્યું છે. આ સિક્કાઓ પર ટંકશાળ-ચિહ્ન પણ છે. તાંબાના સિક્કા હિ.સ. ૯૮૪ અને ૯૮૫ માં ટંકાયા હતા.

૪. સુરત

સુરત ખાતે સલ્તનત સમયમાં ટંકશાળ હોય એમ લાગતું નથી. મુઘલ સમયમાં અકબરે અહીં ટંકશાળ સ્થાપી હતી. સુરતે ટંકશાળ તરીકે અગત્યનું સ્થાન તો જહાંગીરના સમયમાં ધારણ કર્યું. શાહજહાંના સમયથી તો એ ગુજરાતની પ્રધાન ટંકશાળ બની ગઈ હતી એમ કહી શકાય.

સમગ્ર રીતે જોઈએ તો પણ સુરતના સોના અને ચાંદીના સિક્કા અમદાવાદ સુધ્ધાં ગુજરાતની બીજી કોઈ એક ટંકશાળના સિક્કાઓ કરતાં સંખ્યામાં વધારે છે.

અકબરના સુરતના સિક્કા અતિદુર્લભ છે. અત્યાર સુધી માત્ર ચાંદીના બે સિક્કા નોંધાયા હોવાની માહિતી છે. આમાંના લાહોરના પંજાબ મ્યુઝિયમવાળા

નમૂનામાં 'સુરત' તેમજ 'આબાન'ની જોડણીમાં ભૂલ છે,[૧૮] પણ એનો બીજો નમૂનો એ જ વર્ષમાં અને એ જ માસમાં બહાર પડેલો પ્રકાશિત થયો છે તેમાં 'સૂરત' અને 'આબાન'ની જોડણી ખરી છે.[૧૯]

સુરતના જહાંગીરના સિક્કા પ્રમાણમાં ઓછા મળે છે. અત્યાર સુધી પ્રાપ્ત સિક્કામાં કોઈ સિક્કા પર હિ.સ. ૧૦૨૯ પહેલાંનું વર્ષ મળ્યું નથી, એટલે લાગે છે કે સુરતની ટંકશાળમાં સિક્કા એના રાજ્યકાલના ઉત્તરાર્ધમાં બહાર પાડવામાં આવ્યા હશે.

જહાંગીરનો સોનાનો એક સિક્કો લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં છે, જે નૂરજહાંના નામે હિ.સ. ૧૦૩૬ માં ટંકાયો હતો. એ અમદાવાદના નૂરજહાંના સિક્કાની ભાતનો છે.

ચાંદીના સિક્કાઓમાં એક ભાત તો આવી જ છે અને બીજી ભાત પણ અમદાવાદના ઇલાહી વર્ષ અને માસ દર્શાવતી અને બાદશાહનું નામ ગદ્યના લખાણમાં ધરાવતી ભાત જેવી છે.

જહાંગીરનો તાંબાનો સિક્કો એક ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે, પણ એ વિશે વિગત ઉપલબ્ધ નથી.

શાહજહાંના સુરતના સિક્કા લખાણ અને ભાતની દૃષ્ટિએ લગભગ અમદાવાદના એના સિક્કા જેવા છે. એક ભાત તો સાવ અહમદાવાદ જેવી છે. વર્તુળક્ષેત્રમાં એક તરફ કલમો, ટંકશાળ-નામ અને ઇલાહી વર્ષ-સંખ્યા અને માસ તથા બીજી તરફ બાદશાહનું નામ, લકબ અને હિજરી વર્ષસંખ્યા: આ ભાત માત્ર એના સોનાના સિક્કામાં છે, જે અતિ દુર્લભ છે. સોનાના સિક્કાની બીજી ભાત ઉપર વર્ણવેલી એના ચોરસ ક્ષેત્રવાળી અતિ સાધારણ ભાત છે. ચાંદીમાં સોનાના ઇલાહી વર્ષ અને માસવાળી ભાતનો સિક્કો હજી મળ્યો નથી, જ્યારે ચોરસ ક્ષેત્રવાળી ભાતના સુરતના સિક્કા સારી સંખ્યામાં પ્રાપ્ય છે.

સુરતની ટંકશાળમાં શાહજહાંના રાજ્યકાલના પહેલા વર્ષમાં ચાંદીનો એક નવી ભાતનો સિક્કો બહાર પડયો તેમાં એક તરફ કલમો અને હિજરી વર્ષ-સંખ્યા અને બીજી તરફ ટંકશાળ-નામ તથા એના નામવાળી પદ્યપંક્તિ છે. આ જ વર્ષમાં હિજરી સનના નામનિર્દેશવાળા સિક્કા બહાર પડયા, જે ઓછામાં ઓછા હિ.સ. ૧૦૪૨ સુધી બહાર પડયા હતા.

શાહજહાંના રા.વ. ૬ થી ચોરસ ક્ષેત્રવાળી ભાત ચાલુ થઈ, જે રા.વ. ૩૦ સુધી ચાલુ રહી.

એના સુરતના તાંબાના સિક્કા જૂજ સંખ્યામાં અને એક ભાતના મળે છે.

મુરાદબખ્શનો સોનાનો એક સિક્કો ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે. એના ચાંદીના સિક્કાઓમાં એક નવી ધાર્મિક લખાણ અને પદ્યપંક્તિવાળી ભાત છે. આ ભાતના સિક્કા અતિ દુર્લભ છે અને લંડનના બ્રિટિશ મ્યુઝિયમ ઉપરાંત ભારતમાં માત્ર નાગપુરના સેન્ટ્રલ મ્યુઝિયમમાં છે.[20] આમાં એક તરફ કલમો ટંકશાળ–નામ અને હિજરી વર્ષ–સંખ્યા છે અને બીજી તરફ આ પદ્ય-પંક્તિ છે.

અમદાવાદવાળી એની ભાતના ચાંદીના સિક્કા ઠીક ઠીક સંખ્યામાં મળે છે.

મુરાદબખ્શનું સુરતનું તાંબાનાણું સોનાના નાણાની જેમ દુર્લભ છે. એ એક જ ભાતનું અને કશા વૈવિધ્ય વગરનું છે. આ સિક્કા પર એક તરફ फुलूसे मुरादशाही અને બીજી તરફ ટંકશાળ–નામ અને રાજ્ય–વર્ષનું લખાણ છે.[21]

સુરત ટંકશાળના ત્રણે ધાતુમાં સંખ્યામાં સૌથી વધુ સિક્કા ઔરંગઝેબના છે. એના રાજ્યકાલનું ભાગ્યેજ કોઈ વર્ષ હશે, જેમાં ટંકાયેલો ચાંદીનો સિક્કો ન મળ્યો હોય. એના પહેલા વર્ષના સોના તેમજ ચાંદીના સિક્કાઓમાં ટંક-શાળ-નામમાં સુરત સાથે 'बंदरे मुबारक' (શુભ બંદર) ઉપનામનો પ્રયોગ તેમજ એ પછીના સિક્કાઓમાં આગલી બાજુ પર હિજરી વર્ષના આંકડા ઉપલી કે વચલી પંક્તિમાં અપાયા હોવા સિવાય ભાતની દૃષ્ટિએ એના સિક્કાઓમાં કંઈ વૈવિધ્ય કે નવીનતા દૃષ્ટિગોચર થતી નથી. સોના અને ચાંદીના સિક્કાઓની એક જ મુખ્ય ભાત છે, જેમાં એક તરફ એના નામવાળી પદ્યપંક્તિ અને બીજી તરફ ટંકશાળ–નામ વગેરેવાળા સૂત્રનું લખાણ છે.

ઔરંગઝેબનું અહીંનું તાંબા-નાણું બે ભાતનું પ્રાપ્ત છે : એકમાં એક તરફ फुलूसे औरंगजेबशाही (ઔરંગઝેબશાહનો પૈસો) અને બીજી તરફ ટંકશાળ-નામ અને રાજ્ય વર્ષ-સંખ્યાવાળું લખાણ છે. આ ભાતના અમુક સિક્કા-ઓમાં બીજી બાજુના લખાણની ગોઠવણ સહેજ જુદી છે. બીજી ભાતમાં એક તરફ ટંકશાળનું નામ અને હિજરી વર્ષ-સંખ્યા અને બીજી તરફ जुलूसे मुबारक सना (શુકનવંતુ રાજ્યારોહણ વર્ષ ફલાણું) એ લખાણ છે.

આઝમશાહના સુરતના માત્ર ચાંદીના સિક્કા મળ્યા છે, જે ઘણા દુર્લભ છે. ભાતમાં એ એના અમદાવાદના સિક્કા જેવા છે.

શાહઆલમ બહાદુરના આ ટંકશાળના સોના અને ચાંદીમાં સિક્કા ઠીક સંખ્યામાં પ્રાપ્ય છે. આ સિક્કાઓ પર આગલી બાજુનું લખાણ એના અમદાવાદના

સિક્કાઓ જેવું, પણ ગોઠવણમાં સહેજ ફેરવાળું છે તેમજ બીજી બાજુવાળું લખાણ કશા ફેરફાર વિનાની ઔરંગઝેબવાળી ટંકશાળ-નામ વગેરે સૂત્રવાળું છે. એનો સુરતનો તાંબાનો સિક્કો હોવાનું ટેલરે નોંધ્યું છે, પણ એ વિશે કાંઈ વિગત આપી લાગતી નથી.[૨૨]

સુરતમાં ટંકાયેલો જહાંદારશાહનો એક સોનાનો સિક્કો લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં છે, જ્યારે એના ચાંદીના સિક્કા એકાદ ડઝન જેટલા મળે છે. બંને ધાતુના સિક્કાઓનું પદ્યપંક્તિ વગેરેવાળું બંને બાજુનું લખાણ એના અમદાવાદના સિક્કાઓના લખાણ જેવું છે, માત્ર ગોઠવણમાં સહેજ ફેર છે. એના ચાંદીના સુરતના સિક્કાની એક બીજી ભાત છે, જેમાં આગલી બાજુ પર હિજરી વર્ષ-સંખ્યા સાથે એના નામવાળી બીજી પદ્યપંક્તિ છે.

જહાંદારશાહનો તાંબાનો સિક્કો રેવ. ટેલરની પાસે હતો, જે ફુલૂસ-ભાતનો છે. એમાં એક તરફ फुलूसे जहांदारशाही અને બીજી તરફ ટંકશાળ-નામ અને રાજ્ય-વર્ષ છે.[૨૩]

સુરતની ટંકશાળના સિક્કાઓની સંખ્યામાં ઔરંગઝેબના અનુગામી-ઓમાં ફર્રુખસિયરનો મુહમ્મદશાહ પછી બીજો નંબર આવે છે. એનો સોનાનો એક જ સિક્કો મળ્યો હોવાની જાણ છે, જે કલકત્તાના ઇન્ડિયન મ્યુઝિયમમાં છે. આ તેમજ એના ચાંદીના સિક્કા એના રાજ્યના છેલ્લા વર્ષમાં અમદાવાદમાં ટંકાયેલા એના ચાંદીના સિક્કાની ભાત જેવા છે. માત્ર બંને ટંકશાળોના સિક્કા-ઓમાં આગલી બાજુના પદ્યપંક્તિવાળા લખાણ અને હિજરી વર્ષ-સંખ્યાની ગોઠવણમાં સહેજ ફેર છે. ફર્રુખસિયરના ચાંદીના સિક્કા એના રાજ્યકાલના બધાં વર્ષોના ઉપલબ્ધ છે. એનો તાંબાનો ફુલૂસ એક ખાનગી સંગ્રહમાં હતો, જે રેવ. ટેલરે પ્રકાશિત કર્યો છે. એમાં એક તરફ फुलूसे फर्रुखसियर बादशाह તથા બીજી બાજુ ઔરંગઝેબવાળું ટંકશાળ-નામ વગેરે સૂત્ર છે. આ સિક્કા પર કોઈ વર્ષ નથી.

રફીઉદ્દરજાતના સુરતના સોના અને ચાંદીના એકએક સિક્કાની ભાત મળી છે. આ અનુક્રમે કલકત્તાના ઇન્ડિયન મ્યુઝિયમમાં અને મુંબઈમાં મહારાષ્ટ્ર રાજ્યના પુરાતત્ત્વખાતામાં છે.[૨૪] બંને સિક્કા લખાણ અને ગોઠવણ બંને રીતે એક જ ભાતના અને આ બાદશાહના અમદાવાદના ચાંદીના સિક્કાઓને મળતા છે. એનો તાંબાનો સિક્કો રેવ. ટેલર પાસે હતો, જેમાં લખાણ અપૂર્ણ છે.[૨૫]

રફીઉદ્દૌલા શાહજહાં ૨ જાના સિક્કા ત્રણે ધાતુઓમાં મળે છે : સોનામાં એક, ચાંદીમાં અર્ધોએક ડઝન અને તાંબામાં એક. સોના અને ચાંદીના સિક્કા એક જેવા છે અને ' सिक्क अे मुबारक 'વાળી ભાતના છે. એના તાંબાના સિક્કામાં એક તરફ फुल्से शाहजहां बादशाह (શાહજહાં બાદશાહનો પૈસો) અને હિજરી વર્ષ-સંખ્યા અને બીજી તરફ ટંકશાળ-નામ વગેરેવાળું સૂત્ર.

મુહમ્મદશાહના સુરતના ચાંદીના સિક્કા સારી સંખ્યામાં ઉપલબ્ધ છે, પણ સોનાનાણું દુર્લભ છે. આ બંને ધાતુઓના એના સિક્કાઓની બે મુખ્ય ભાત છે : એકમાં એક તરફ હિજરી વર્ષ અને એના નામવાળી પદ્યપંક્તિ અને બીજી તરફ ટંકશાળ–નામ અને રાજ્યવર્ષવાળું પ્રચલિત સૂત્ર છે. આ ભાતના સિક્કા એના રાજ્યકાલનાં–પ્રારંભનાં ચાર–પાંચ વર્ષો સુધી ટંકાયા હોય એમ જણાય છે. બીજી ભાતના સિક્કા એના અમદાવાદના સિક્કાની જેમ ' सिक्क अे मुबारक 'વાળી શ્રેણીના છે. આ ભાતના સિક્કા એના રાજ્યકાલમાં પહેલેથી છેવટ સુધી ટંકાયા હતા.

મુહમ્મદશાહના સુરતના તાંબા-નાણામાં રેવ. ટેલરે બે ભાત નોંધી છે.[૨૬]

અહમદશાહ, આલમગીર ૨ જો, શાહજહાં ૩ જો અને શાહઆલમ ૨ જાના ચાંદીના મળેલા સિક્કાઓની સંખ્યા નાની છે એ મુહમ્મદશાહના ગદ્ય લખાણ-વાળી ભાતના છે. શાહઆલમ ૨ જાનો સોનાનો એક સિક્કો ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે.[૨૭] એના તેમજ આલમગીર ૨ જાના બે રૂપિયાના સિક્કા પણ નોંધાયા છે.[૨૮] આ ચારમાંથી કોઈ બાદશાહનો તાંબાનો સિક્કો મળ્યો નથી.

સુરતની ટંકશાળમાં કે એના નામે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ઈ.સ. ૧૮૦૦ માં શાહઆલમ ૨ જાના નામથી સોના અને ચાંદીના સિક્કા બહાર પાડ્યા હતા.[૨૯]

અકબરના ગુજરાત–બનાવટના સિક્કા પણ આ અરસામાં સુરતની ટંકશાળમાં ફરી પાડવામાં આવ્યા હતા એવી સિક્કાશાસ્ત્રીઓની માન્યતા છે.[૩૦]

સુરતની ટંકશાળ વિશે એક બીજી નોંધપાત્ર હકીકત એ છે કે ત્યાં આ બાદશાહોનાં નામથી ટંકાયેલા અર્ધા રૂપિયા પણ ઉપલબ્ધ છે, જ્યારે ભારતની બીજી ટંકશાળોના અર્ધા દુર્લભ છે.

૫. ખંભાત

મુસ્લિમ તવારીખકારોએ ખંભાતનું નામ ' કંબાયત ' તથા ' ખંભાયત ' લખ્યું છે. ગુજરાતના સુલતાનોના સમયમાં ત્યાં ટંકશાળ સ્થપાઈ હોય એમ

લાગતું નથી. મુઘલ બાદશાહોના સમયમાં પણ ત્યાં ક્યારે ટંકશાળ સ્થપાઈ એ નિશ્ચિત કરવું મુશ્કેલ છે. અકબર કે જહાંગીરનો આ ટંકશાળનો કોઈ સિક્કો મળ્યો નથી. જહાંગીરે એના રાજ્યકાલના ૧૨ મા વર્ષ (હિ.સ. ૧૦૨૭)માં ખંભાતની મુલાકાત લીધી ત્યારે એણે ખંભાતની ટંકશાળમાંથી વિશેષ વજનના ચાંદી અને તાંબાના સિક્કા પડાવેલા એમ એણે પોતાની રોજનીશીમાં જણાવ્યું છે, એટલું જ નહિ, પણ એ સિક્કાઓનાં વજન લખાણ વગેરે બાબતોની વિગતો પણ આપી છે,[૩૧] પણ આમાંનો એક પણ સિક્કો મળ્યો નથી.

ખંભાતનો શાહજહાંનો રાજ્યવર્ષ ૧૪/હિ.સ. ૧૦૫૧ માં બહાર પડેલો ચાંદીનો સિક્કો આ ટંકશાળના ઉપલબ્ધ સિક્કાઓમાં સર્વ પ્રથમ મુઘલ સિક્કો છે.[૩૨] ત્યાર પછી આલમગીર ૨ જાના સમય સુધી આ ટંકશાળ સક્રિય રહી. ઔરંગઝેબ, શાહઆલમ બહાદુર અને મુહમ્મદશાહ સિવાય બીજા કોઈ બાદશાહનો આ ટંકશાળમાંથી બહાર પડેલો સોનાનો સિક્કો તેમજ કોઈ પણ મુઘલ બાદશાહનો તાંબાનો સિક્કો મળ્યો નથી.

ખંભાતનું નામ ખાસ કરીને ટંકશાળની સક્રિયતાની શરૂઆતનાં વર્ષોમાં બહાર પડેલા સિક્કાઓ પર જુદી જુદી રીતે લખાયું છે. શાહજહાં અને મુરાદ-બખ્શના સિક્કા પર ગામનું નામ 'ખંભાયત' મળે છે. આ જ નામ ઔરંગ-ઝેબના રાજ્યકાલનાં પહેલાં થોડાં વર્ષોના સિક્કાઓ પર અંકિત મળે છે, પણ એના રાજ્યકાલના ૬ ઠ્ઠા અને ૧૩ મા વર્ષ વચ્ચે, ઘણું કરીને રા. વ. ૯/હિ.સ. ૧૦૭૭ માં, 'ખંભાયત'ને બદલે 'કંબાયત' જોડણી અપનાવાઈ. એના તેમજ એના અનુગામીઓના સિક્કાઓ પર છેલ્લે સુધી 'કંબાયત' નામ મળે છે. શાહજહાંના છેલ્લા વર્ષ એટલે કે હિ.સ. ૧૦૬૯/રા. વ. ૩૨ ના એક સિક્કામાં ટંકશાળ–નામ 'ખંભાત' અંકિત થયું હોવાનું શ્રી. સી. આર. સિંઘલે નોંધ્યું છે,[૩૩] પણ એમણે આ સિક્કાની છાપ આપી નથી.

આ ટંકશાળના શાહજહાંના સિક્કાઓમાં કંઈ ખાસ વૈવિધ્ય નથી. ઉપ-લબ્ધ સિક્કા ચોરસ સિક્કાવાળી પ્રચલિત ભાતના લખાણવાળા તેમજ અમદાવાદ અને સુરતના લખાણના સિક્કાઓની ભાતના છે. સોનામાં એના અહીંના માત્ર બે સિક્કાઓના અસ્તિત્વની જાણ છે અને ચાંદીમાં પણ બેએક ડઝનથી વધુ નોંધાયા લાગતા નથી.

મુરાદબખ્શે પણ ખંભાતમાં સિક્કા પડાવ્યા હતા. ક્ષેત્ર લખાણ ગોઠવણ વગેરે બાબતમાં આ સિક્કા એના અમદાવાદ અને સુરતની ટંકશાળના સિક્કાઓ

જેવા છે. મુરાદબખ્શનો અહીંનો સોનાનો સિક્કો ખાનગી સંગ્રહમાં હોવાનું જ કહેવાય છે. એના ચાંદીના સિક્કા સાવ દુર્લભ નથી.

ઔરંગઝેબનું ખંભાતનું નાણું સોના અને ચાંદી બંને ધાતુઓમાં મળે છે. એના સિક્કા સોનામાં ડઝનેક જેટલા અને ચાંદીમાં સારી સંખ્યામાં મળે છે, આ સિક્કા ગુજરાતની, બલ્કે ભારતની, બીજી ટંકશાળોના એના સિક્કાઓની મુખ્ય ભાતના છે.

ચાંદીના સિક્કાઓમાં પણ લગભગ આમ જ છે. પહેલા વર્ષના ચાંદીના સિક્કા આબેહૂબ સોનાના સિક્કા જેવા છે.

આઝમશાહનો અહીંથી કોઈ સિક્કો બહાર પડચો નથી, પણ શાહઆલમ બહાદુરની ટંકશાળોમાં સુરત પછી ખંભાતનો નંબર આવે. એનો સોનાનો એક સિક્કો ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે, પણ એ અપ્રકાશિત હોઈ એના લખાણ કે ભાત વિશે માહિતી ઉપલબ્ધ નથી. એના ચાંદીના સિક્કા અમદાવાદના એના સિક્કાઓની બે ભાતના જેવા છે. એમાં પહેલી ભાતના સિક્કા પહેલાથી છેલ્લા વર્ષ સુધી મળે છે, જ્યારે બીજી ભાતના માત્ર એના રાજ્યારોહણના પહેલા વર્ષના.

આખરી મુઘલ બાદશાહોમાં જહાંદારશાહ, ફર્રુખસિયર, રફીઉદ્દરજાત, રફી-ઉદ્દૌલા શાહજહાં ૨ જો, અહમદશાહ અને આલમગીર ૨ જામાંથી કોઈ પણ બાદશાહનો સોનાનો સિક્કો પ્રાપ્ત નથી થયો. એમના ચાંદીના સિક્કાઓનું લખાણ એમના અમદાવાદ અને સુરતના સિક્કાઓના જેવું છે, પણ એની ગોઠવણમાં સહેજ ફેર છે.

મુહમ્મદશાહનો ખંભાતનો સોનાનો સિક્કો ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે.

અલબત્ત, આમ તો ખંભાત મુઘલાઈ સલ્તનતથી ઈ.સ. ૧૭૩૦ માં એટલે કે મુહમ્મદશાહના સમયમાં જ જુદું પડી ગયું હતું, પણ ભારતનાં બીજાં સ્થળોની જેમ અહીંથીય આ સમય પછી પણ મુઘલ બાદશાહોના નામના સિક્કા બહાર પડતા રહ્યા. છેલ્લામાં છેલ્લો ખંભાતનો સિક્કો આલમગીર ૨ જાનો મળે છે.

અમદાવાદ સુરત વગેરે જેમ ખંભાતની ટંકશાળનાં પણ એનાં આગવાં ટંકશાળ-ચિહ્ન મળે છે.

૬. જૂનાગઢ

મુઘલ કાલમાં જૂનાગઢમાં શાહજહાં પહેલાં ટંકશાળ સક્રિય હોય એમ લાગતું નથી. ગુજરાતના સુલતાનોમાં મહમૂદ બેગડાના જૂનાગઢ-વિજય પછી અહીં ટંકશાળ સ્થપાઈ હતી, પણ અકબરે જૂનાગઢ ફતેહ કર્યું એ પછી એના કે જહાંગીરના સમયમાં અહીં ટંકશાળ કાર્યશીલ રહી હોય એમ લાગતું નથી,[૩૪] સૌથી પહેલાં શાહજહાંના સમયનો હિ.સ. ૧૦૪૯ માં અહીં ટંકાયેલો સિક્કો મળે છે ત્યાંથી લઈ હિ.સ. ૧૧૩૧ સુધી શાહજહાં ઉપરાંત ઔરંગઝેબ, શાહઆલમ બહાદુર, ફર્રુખસિયર, શાહજહાં ૨ જો અને મુહમ્મદશાહના સિક્કા અહીંથી બહાર પડયા હતા.

આ ટંકશાળમાં તાંબાનો સિક્કો પડયો હોવાનું જણાતું નથી. સોનાના સિક્કા પણ ઘણા દુર્લભ છે. શાહજહાં અને ઔરંગઝેબ સિવાય બીજા કોઈ બાદશાહનો અહીંનો સોનાનો સિક્કો મળ્યો નથી. ચાંદીના સિક્કા ઉપર જણાવેલા બધા બાદશાહોના ઉપલબ્ધ છે.

આ ટંકશાળના સિક્કાઓની એક નોંધપાત્ર હકીકત એ છે કે ટંકશાળ-નામ જૂનાગઢના નામની જોડણી ત્રણ જુદી રીતે કરવામાં આવી છે: શાહજહાંના સિક્કાઓમાં એકધારી जुनागर (=जुनागर्) એટલે કે जुनागरह અંકિત છે, જ્યારે ઔરંગઝેબના હિ.સ. ૧૦૭૦ થી ૧૦૭૨ અને ૧૦૭૭ થી ૧૦૯૬ દરમ્યાન ટંકાયેલા સિક્કાઓ પર जुनागध (=જુનાગઢ) લખાયેલું છે અને હિ.સ. ૧૦૯૯ પછીના સિક્કાઓ પર ફરી जुनागर (=जुनागर्) મળે છે. હિ.સ. ૧૦૭૮ રા.વ. ૫ અને ૬ ના સિક્કાઓમાં નામ જુનાગરગધ (जुनागरगढ) અર્થાત્ जुनागरहનો ગઢ મળે છે.

શાહજહાંની સોનાની મહોર કલકત્તાના ઇન્ડિયન મ્યુઝિયમમાં છે તે એના આ જ ટંકશાળના અમુક ચાંદીના સિક્કાઓ જેવી ચોરસક્ષેત્ર અને હાંસિયાવાળા લખાણની સાધારણ ભાતની છે. ચાંદીમાં હિ.સ. ૧૦૫૦ રા. વ. ૧૪ સુધી આ ભાત ચાલુ રહી, પણ એ જ વર્ષથી બહાર પડેલા સિક્કાઓમાં બીજી બાજુ પર રાજ્યવર્ષ અંકિત નથી. રાજ્યવર્ષ વગરની આ ભાતનો એક અર્ધો રૂપિયો પણ ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે.

જૂનાગઢ ટંકશાળનો મુરાદબખ્શનો એક પણ સિક્કો મળ્યો નથી એ સૂચક ગણાય, જ્યારે ઔરંગઝેબના સિક્કા પ્રમાણમાં સારી સંખ્યામાં મળ્યા છે. ઔરંગઝેબના અહીંના સિક્કાઓની એક મુખ્ય વિશિષ્ટતા એ છે કે ગુજરાતની

ટંકશાળોમાં માત્ર આ જ ટંકશાળના એના રાજ્યકાલનાં લગભગ પહેલાં ૩૦ વર્ષોના સિક્કાઓનું, એના સિક્કાઓ પર રૂઢ઼તું અતિ સાધારણ પદ્યપંક્તિવાળું તેમજ રાજ્યવર્ષ અને ટંકશાળ નામવાળા સૂત્રનું લખાણ એ સિક્કાઓના પૂરા ગોળ ક્ષેત્રમાં છ કે પાંચ પંક્તિઓમાં નહિ, પણ શાહજહાંના અતિ સાધારણ ભાતવાળા સિક્કાઓની જેમ ચોરસક્ષેત્ર અને આજુબાજુ હાંસિયાઓવાળી ગોઠવણ પ્રમાણે આપવામાં આવ્યું છે.

ઔરંગઝેબનો જે સોનાનો સિક્કો નોંધાયો છે તે પણ ચોરસ ક્ષેત્રવાળી ભાતનો છે. એક બીજો સોનાનો સિક્કો ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે, પણ એની વિગત મળતી નથી. ચાંદીમાં પણ મોટા ભાગના સિક્કા આ ચોરસ ક્ષેત્રવાળી ભાતના છે. અલબત્ત, જુદાં જુદાં વર્ષોમાં હાંસિયાના લખાણની ગોઠવણમાં ફેર હોય છે.

ચાંદીના સિક્કાની બીજી ભાત ઔરંગઝેબના અતિસાધારણ ગોળ ક્ષેત્રવાળી ભાત છે. આમાં હિજરી વર્ષ આગલી બાજુ પર બીજી પંક્તિમાં અંકિત છે, જ્યારે બીજી બાજુનું રાજ્યવર્ષ વગેરેને લગતા, ઔરંગઝેબે શરૂ કરેલા સૂત્રવાળું લખાણ અમદાવાદ અને સુરતની ટંકશાળના સિક્કાઓ જેવી ગોઠવણવાળું છે.

ઔરંગઝેબના અનુગામીઓના અહીંના સિક્કા પ્રમાણમાં દુર્લભ છે. આઝમશાહનો તો કોઈ સિક્કો મળ્યો નથી. જ્યારે બાકીના બાદશાહોના, શાહઆલમ બહાદુર અને ફર્રુખસિયરને બાદ કરતાં, એકબે એકબે સિક્કા મળ્યા છે. શાહઆલમ બહાદુરના ચાંદીના થોડા સિક્કા મળ્યા છે, જે એના અમદાવાદ અને ખંભાતની ટંકશાળમાંથી પહેલા રાજ્યવર્ષ પછી પડેલા સિક્કાઓની ભાતના છે. શાહઆલમ બહાદુરના સિક્કા પર ટંકશાળનું નામ 'જુનાગર' લખાયું છે. નામની આ જોડણી બાકીના મુઘલ બાદશાહોના સિક્કાઓ પર અંકિત છે.

ફર્રુખસિયરના ચાંદીના સિક્કા લખાણ ગોઠવણ વગેરે બાબતમાં એના ગુજરાતની બીજી ટંકશાળોના સિક્કાથી ભિન્ન ભાતના નથી. રેવ. ટેલરે એમના લેખમાં રફીઉદ્દવલા શાહજહાં ૨ જાનો ચાંદીનો એક સિક્કો વર્ણવ્યો છે. લખાણ અને ગોઠવણમાં એના બીજી ટંકશાળોના સિક્કા જેવી सिक्क ज़ मुबारके शाह जहाँ बादशाह गाज़ीवाळी ભાત છે.[૩૫]

મુહમ્મદશાહના જૂનાગઢની ટંકશાળમાં પહેલા રાજ્યવર્ષમાં ટંકાયેલા એક કે બે સિક્કા મળ્યા છે, જે અતિસાધારણ ગદ્યસૂત્ર सिक्क ज़ मुबारक વગેરેવાળી ભાતના છે. મુહમ્મદશાહ પછીના કોઈ મુઘલ બાદશાહનો જૂનાગઢનો સિક્કો મળ્યો

હોવાની નોંધ નથી. આશરે ઈ.સ. ૧૮૨૫ માં જૂનાગઢના નવાબના સિક્કા પડાવા શરૂ થયા ત્યાં સુધી મુઘલ બાદશાહોના નામના સિક્કા પડચા તો હોવા જોઈએ, પણ એમાંનો એક પણ નમૂનો હાથ લાગ્યો નથી.

૭. પ્રભાસ પાટણ

સૌરાષ્ટ્રના વિખ્યાત તીર્થધામ પ્રભાસમાં શાહજહાંના સમયમાં ટંકશાળ હોવાનું ત્યાંથી બહાર પડેલા સિક્કાઓ પરથી જણાય છે. સિક્કાઓ પર ટંકશાળ-નામ 'પત્તન (પટ્ટણ) દેવ'[૩૬] (=દેવ પટ્ટણ) અંકિત થયું છે.

શાહજહાં સિવાય બીજા કોઈ મુઘલ બાદશાહનો સિક્કો અહીંથી બહાર પડેલો મળ્યો નથી અને ખુદ શાહજહાંના બધા ઉપલબ્ધ સિક્કા પણ એના રાજ્ય-કાલના વર્ષ ૧૦—હિ.સ. ૧૦૪૭ માં જ ટંકાયા હતા.

આ ટંકશાળમાં સોના અને ચાંદીના સિક્કા ટંકાયા હતા. સોનાનો એક સિક્કો મળ્યો છે, જે ખાનગી સંગ્રહમાં હોવાનું કહેવાય છે. એ પ્રકાશિત થયો ન હોવાથી એની ભાત તેમ લખાણ વિશે કંઈ કહી શકાય એ નથી, પણ ત્યાંથી બહાર પડેલા રૂપિયા–ચાંદીના સિક્કા જેવી ભાતનો હશે એવો તર્ક અસ્થાને નથી. અહીંના ચાંદીના સિક્કા પણ ચાર પાંચથી વધુ મળ્યા નથી, એટલે એ દુર્લભ ગણાય. તાંબાનો એક પણ સિક્કો મળ્યો નથી.

ચાંદીના સિક્કા શાહજહાંની અતિસાધારણ ચોરસક્ષેત્ર અને હાંસિયાવાળી ભાતના સિક્કા જેવા છે. એનું લખાણ અને એની ગોઠવણ અમદાવાદ ટંકશાળના આવા સિક્કાઓ જેવાં છે.

૮. જામનગર

માત્ર બાદશાહ ઔરંગઝેબના અત્યાર સુધી નોંધાયેલા ચાંદીના બે સિક્કાઓ[૩૭] પરથી એના સમયમાં જામનગર(એ સમયે નવાનગર)માં ટંકશાળ હતી એમ જાણવા મળે છે. આ સિક્કાઓ પર ટંકશાળ–નામ 'ઇસ્લામનગર' અંકિત થયું છે. 'ઇસ્લામનગર' એટલે સૌરાષ્ટ્રના હાલાર પ્રાંતમાં આવેલું નવાનગર (જામનગર) એ સાબિત થયું છે.[૩૮]

આ ટંકશાળનો ચાંદીના આ બે નમૂનાઓ સિવાય, બીજો કોઈ સિક્કો મળ્યો નથી, એટલે આ સિક્કા પણ અતિદુર્લભ ગણાય. પ્રભાસપાટણવાળી ટંકશાળની જેમ અહીંની ટંકસાળ પણ વધુ સમય માટે કાર્યશીલ નહિ રહી હોય. આમ પણ ઔરંગઝેબના મૃત્યુ પછી નવાનગર રાજ્ય જામને પાછું સોંપવામાં આવ્યું હતું.

૯. જેતપુર

સૌરાષ્ટ્રમાં ભાદરના દક્ષિણ કાંઠે ઢસા–જેતલસર તેમજ રાજકોટ–જેતલસર લાઇન પર આવેલા નવાગઢની પૂર્વે નજીકમાંના એક વખતના જેતપુર રજવાડાના મુખ્ય મથક જેતપુરમાં પણ મુઘલ ટંકશાળ હોવાનું આ નામ ધરાવતા અહમદ-શાહના એક સિક્કા પરથી માલૂમ પડે છે. આ સિક્કાની તેમજ નવી ટંકશાળની પ્રથમ માહિતી પણ ખ્વાજા મુહમ્મદ અહમદ સાહેબ દ્વારા મળી ફસલી વર્ષ ૧૩૩૯ (ઈ.સ. ૧૯૨૯–૩૦) માં હૈદરાબાદના સ્ટેટ મ્યુઝિયમમાં આવેલા સિક્કા-ઓમાં એક સિક્કા પર ખ્વાજા સાહેબે 'જેતપુર' ટંકશાળ નામ વાંચી એ ઉપ-યુંક્ત જેતપુર એમ સૂચવ્યું.[૩૯]

એ પછી શ્રી સિંઘલે એમની મુઘલ ટંકશાળ–શહેર-સૂચિમાં સૌરાષ્ટ્રમાં જેતપુર નામનું એક નહિ, પણ ચાર રજવાડાં હતાં અને આ ચારે રજવાડાં-ઓને અસ્તિત્વમાં આવ્યાને બહુ સમય થયો ન હોવાથી એમાંના એક પણ જેતપુરમાં મુઘલ ટંકશાળ હોય એમ બને નહિ એવું મંતવ્ય રજૂ કર્યું. સાથે સાથે 'જેતપૂર' શબ્દ પર સિક્કામાં 'તશ્દીદ'–માત્રા હોઈ ટંકશાળ નામ 'જેતપુર' નહિ, પણ 'જય્યતપૂર' અને એ એમના મતે હાલ એ મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લામાં રાજાપુર ગામ પાસે આવેલું 'જય્તપુર' (એ જ લેખમાં બીજી જગ્યાએ જોડણી 'જયતપુર' છે) એમ એમણે જણાવ્યું. પોતાના આ કથનની પૂર્તિમાં એમણે એ હકીકત પણ રજૂ કરી કે 'જયતપુર' થી ચાર માઇલ દૂર આવેલા રાજપુર(ઇસ્લામ બંદર)ની ટંકશાળમાં ઔરંગઝેબ અને મુહમ્મદશાહના સિક્કા બહાર પડયા હતા એટલે અહમદશાહે પણ પિતા અને પ્રપિતામહની જેમ 'જયતપુર' ખાતે સિક્કા પડાવ્યા હોય એ વધુ બનવાજોગ છે.[૪૦]

શ્રી. સિંઘલના આ વિધાન સાથે મળતા થવું મુશ્કેલ છે. પહેલાં તો છપાયેલી પ્લેટ પરથી ટંકશાળનું નામ 'જેતપૂર' નહિ, પણ 'જેતપર' કે 'જેતપુર' છે, જ્યારે ખ્વાજા સાહેબ અને શ્રી સિંઘલ બંનેએ 'જેતપૂર' વાંચ્યું છે. બીજું શ્રી સિંઘલે જણાવેલ 'તશ્દીદ' જેવું ચિહ્ન છે ખરું, પણ એ 'તશ્દીદ' નહિ, પણ એક સુશોભન–રૂપાંકન પણ હોઈ શકે. એમ ન હોય તોપણ એમના જ કહેવા પ્રમાણે જો તશ્દીદવાળા નામના ખરા પાઠવાળું જય્યતપૂર (જે 'જય્યિત-પૂર' પણ વાંચી શકાય) એમણે સૂચવેલા રાજપુરવાળું જયતપૂર કે જયત્પૂર હોય તો પછી જેતપુર કેમ ન હોઈ શકે ? બીજુ અહમદશાહના પિતાની ટંકશાળ માત્ર છએક કિલોમીટર પાસે આવેલા રાજપુર ખાતે હતી, તો પછી પુત્રના સમયમાં ત્યાંથી જયત્પૂર લાવવાનું પ્રયોજન સમજી શકાય એમ નથી.

મારા મતે ટંકશાળ નામનો ઉચ્ચાર 'જેતપુર' કે 'જેતપૂર' કે 'જય્યતપૂર' નહિ, પણ 'જેતપર' છે, જે આ શહેરનો પ્રચલિત સૌરાષ્ટ્રી ઉચ્ચાર છે. શ્રી. સિંઘલે જેતપુરને અદ્યતન રજવાડું ગણ્યું છે, પણ ટંકશાળ હોવી કે ન હોવી એ મુદ્દા અંગે રજવાડું નહિ, પણ શહેર અદ્યતન કે પુરાતન છે એ જોવું જોઈએ, એટલે અત્યાર પૂરતું તો આ ટંકશાળ હાલ રાજકોટ જિલ્લામાં આવેલ જેતપુર શહેરમાં હતી એમ માનવું રહ્યું.

આ ટંકશાળનો માત્ર ઉપર જણાવેલો એક જ સિક્કો નોંધાયો હોઈ એ સ્પષ્ટતઃ અતિદુર્લભ છે. આ સિક્કો અહમદશાહના રાજ્યકાલના સાતમા વર્ષમાં ટંકાયેલો હતો અને ભાતમાં એટલે કે લખાણ અને ગોઠવણ વગેરે બાબતોમાં એના અમદાવાદ ખંભાત અને સુરતમાંથી બહાર પડેલા સિક્કાઓ જેવો છે.

૧૦. ભરૂચ

ભરૂચમાં ઈ.સ. ૧૭૪૮ માં ત્યાંના બીજા નવાબ નેકઆલમખાન ૨ જાએ મુઘલ બાદશાહ અહમદશાહ ૨ જાની ટંકશાળ ચાલુ કરી હોવાનું કહેવાય છે,[૪૧] પણ એ બાદશાહનો ત્યાંથી બહાર પડેલો સિક્કો હજુ સુધી મળ્યો નથી. આલમગીર ૨ જાનો ભરૂચનો ચાંદીનો સિક્કો રેવ. ટેલર પાસે હોવાનું કહેવાય છે, પણ એનું વર્ણન કોઈ જગ્યાએ પ્રકાશિત થયું હોવાની માહિતી નથી, એટલે એની ભાત વગેરે વિશે કંઈ કહેવું શક્ય નથી. છતાં એના અમદાવાદ સુરત અને ખંભાતના જે ડઝનેક ચાંદીના સિક્કા મળ્યા છે તે બધા એના ગદ્ય લખાણ–सिक्का जे मुबारक आलमगीर बादशाह गाजी–(આલમગીર બાદશાહ ગાઝીનો શુભ સિક્કો) વગેરે વાળા હોઈ ભરૂચનો સિક્કો પણ એ ભાતનો હોય એ વધુ બનવાજોગ છે.

આલમગીર ૨ જાના અનુગામીઓમાં માત્ર શાહઆલમ ૨ જાના અહીં ટંકાયેલા ચાંદીના સિક્કા નોંધાયા છે, જે નેક આલમખાન ૨ જા તરફથી બહાર પાડવામાં આવ્યાનું કહેવાય છે.[૪૨] ઈ.સ. ૧૭૭૨ માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભરૂચ કબજે કર્યું એ પછી એણે મુઘલ બાદશાહના નામના એ જ પ્રકારના સિક્કા અહીંથી બહાર પાડવા ચાલુ રાખ્યા. કયો સિક્કો કયા નવાબ તરફથી અને કયો સિક્કો કંપની તરફથી ટંકાયો હતો એ અંકિત વર્ષ ઉપરાંત એનાં પૃથક્ ટંકશાળ–ચિહ્નો પરથી નિશ્ચિત થાય છે.

ભરૂચના શાહઆલમ ૨ જાના સિક્કા લખાણ વગેરેમાં એના સુરતના સિક્કાઓ જેવા છે, પણ ભરૂચના સિક્કા કદમાં નાના જાડા અને સુલેખનની દૃષ્ટિએ ઊતરતી કક્ષાના છે અને વળી સિક્કાનો ઠપ્પો મોટો હોવાથી અને

ધાતુનું કદ નાનું હોવાથી મોટા ભાગનું લખાણ અંકિત થયું નથી છતાં, જે એત્રણ શબ્દ આવ્યા છે તે પરથી આ સિક્કા શાહઆલમના ગદ્ય લખાણવાળા સિક્કાઓ જેવા છે.[૪૩]

૧૧. વડોદરા

વડોદરાની ટંકશાળમાંથી બહાર પડેલા શાહઆલમ ૨ જો અને મુહમ્મદ અકબર ૨ જાના નામવાળા સિક્કા ઉપલબ્ધ છે, જે વડોદરાના ગાયકવાડ રાજાઓએ ટંકાવ્યા હોવા જોઈએ, પણ બનાવટ લખાણ વગેરેમાં એ આ બાદશાહોની બીજી ટંકશાળોના સિક્કા જેવા છે. સિક્કાઓ પર ટંકશાળ-નામ बरोदा (=बड़ोदा) અંકિત છે.

અહીંના શાહઆલમ ૨ જાના ચાંદી અને તાંબું એ બંને ધાતુઓના સિક્કા નોંધાયા છે. ચાંદીનો સિક્કો લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં હોવાનું કહેવાય છે, પણ એ અપ્રકટ હોઈ એનાં લખાણ અને ભાત વિશે માહિતી નથી. એના તાંબાના સિક્કાનો એકમાત્ર નમૂનો લાહોરના પંજાબ મ્યુઝિયમની સિક્કા-સૂચિમાં નોંધાયો છે, જે એના રાજ્યકાલના ૪૪ મા વર્ષમાં બહાર પડયો હતો અને એના નામની પદ્યપંક્તિવાળું લખાણ ધરાવતી ભાતનો છે.[૪૪]

આ સિક્કા પર મોટા ભાગનું ટંકશાળના નામ સહિતનું લખાણ કપાઈ ગયું છે, પણ એ વડોદરા ખાતે ટંકાયો હતો એ ત્યાંના ટંકશાળ-ચિહ્ન પરથી નિશ્ચિત થાય છે.

અકબર ૨ જાનો તાંબાનો એક સિક્કો ઈ.સ. ૧૯૦૪ માં લખનૌ મ્યુઝિયમ માટે ખરીદવામાં આવેલા એક ખાનગી સંગ્રહમાં હતો એમ એ વિશેની એક નોંધ પરથી જણાય છે,[૪૫] પણ ત્યાર પછી પ્રકાશિત થયેલી લખનૌ મ્યુઝિયમની એ સિક્કા-સૂચિઓમાંથી એકેયમાં પણ એનું વર્ણન અપાયું નથી એટલે આવા સિક્કા વિશે કંઈ વધુ વિગત આપવી શકય નથી.

૧૨. ઇતર ટંકશાળો

આ ઉપરાંત પોરબંદર અને સિદ્ધપુરને સિક્કા-સાહિત્યમાં થોડા સમય પહેલાં મુઘલ ટંકશાળનાં સ્થળ તરીકે સૂચવવામાં આવ્યાં હતાં, પરંતુ પછી માલૂમ પડયું છે કે ત્યાં મુઘલ ટંકશાળ હતી નહિ.[૪૬]

અકબરના સમયમાં એક ટંકશાળ સીતપુર ખાતે હતી. નેલ્સન રાઇટ અને બીજા સિક્કાશાસ્ત્રીઓના મતે આ સીતપુર તે પંજાબના મુલતાન પાસે આવેલું છે. આ ભાતના અમુક સિક્કાઓ પર 'સીમૂર' જેવી જોડણી હતી અને એવું સ્પષ્ટ જોડણીવાળો એક સિક્કો ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ પાસે આવ્યો ત્યારે

એમણે એ વિશે લખેલા એક લેખમાં બીજા સિક્કાઓ પર સ્પષ્ટ મળતા 'સીતપુર' વિશે એ સૂચન કર્યું કે સિદ્ધપુરમાં અકબરે એનાં માતા હમીદાબાનૂ બેગમની અમુક ધાર્મિક વિધિઓ કરી હતી ત્યારે ત્યાં સિક્કા પડાવ્યા હશે અને એ પર ટંકશાળનું નામ 'સીતપુર' અંકિત કરાવ્યું હશે. બીજા શબ્દોમાં, એમણે 'સીતપુર' એ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું સિદ્ધપુર એવું સૂચન કર્યું (*JNSI*, Vol. V, P. 76f.), પરંતુ સિદ્ધપુર વિશેના મુસ્લિમ તવારીખોમાં આવેલા ઉલ્લેખોમાં સિદ્ધપુરનું આ રૂપ મળતું નથી, એટલે 'સીતપુર' સિદ્ધપુર માટે વપરાયું હોય એમ લાગતું નથી.

મહમૂદ બેગડાના સમયમાં ચાંપાનેરમાં ટંકશાળ સ્થપાઈ હતી. મુઘલ સમ્રાટ હુમાયૂંએ હિ.સ. ૯૪૨(ઈ.સ. ૧૫૩૫)માં ચાંપાનેર જીત્યું ત્યારે એ વર્ષમાં અહીંથી ચાંદી અને તાંબાના સિક્કા બહાર પડયા હતા. આમાંના ઉપલબ્ધ સિક્કાઓની સંખ્યા થોડી છે. ચાંદીના સિક્કા હુમાયૂંએ ભારતની બીજી ટંકશાળમાંથી પાડેલા સિક્કાઓની ભાતના છે. ચાંપાનેરવાળા ચાંદીના સિક્કા પર એક તરફ ધાર્મિક કલમો અને ચાર ખલીફાનાં નામ તેમજ બીજી તરફ બાદશાહનું નામ, લકબ, ટંકશાળ-નામ તેમ હિજરી વર્ષવાળું લખાણ છે.[૪૭]

તાંબામાં લાહોરના પંજાબ મ્યુઝિયમમાં બે ભાત નોંધાઈ છે, જે લગભગ એક જેવી છે. એક તરફ बतारीखे ९४२ चंपानेर (૯૪૨ વર્ષમાં ચંપાનેર) અને બીજી તરફ जर्बे शहे मुकर्रम (વંદનીય શહેરમાં ટંકાયો) એવું લખાણ છે.[૪૮] બીજી ભાતમાં આગલી તરફ फत्हे શબ્દ ઉમેરાયો છે, જેથી આખા લખાણનો અર્થ '૯૪૨ માં ચંપાનેરની ફતેહ' એવો થાય.[૪૯]

હિ.સ. ૯૪૨ ના આ થોડા સિક્કાઓ પછી અહીંથી કોઈ મુઘલ સિક્કો પડયો નથી, કેમકે ગુજરાતમાં ફરી ગુજરાતના સુલતાનોનું રાજ્ય સ્થપાયું અને પછી અકબરે ગુજરાત જીત્યું એ અરસામાં તો ચાંપાનેર વેરાન થઈ ગયું હતું.

પાદટીપો

૧. આનો અર્થ આમ પણ ઘટાવી શકાય : અલ્લાહ અકબર છે, તેનો 'જલાલ' (ગૌરવ) ગૌરવવંત હો !

૨. વિગત માટે જુઓ *Numismatic Supplement* (*NS*), No. II, p. 235; No. VI, p. 266; Vol. XXIV, p. 463.

૩. *Catalogue of Indian Coins in the British Museum, London, Vols. I & II : Mughal Emperors, (BMC)*, No. 357

૪. *Catalogue of Coins in the Provincial Museum, Lucknow, (LMC)*, Vol. I, p. 20, fn. 1

૫. આ પદ્ય-પંક્તિને અત્યાર સુધી બધા સિક્કાશાસ્ત્રીઓએ—C. J. Brown જેવા પ્રખર સિક્કાશાસ્ત્રી સુધ્ધાંએ-ગદ્યલખાણ માન્યું છે (જુઓ *LMC*, Vol, I, p. 20, No. 17), પણ ખરી રીતે એ કાવ્ય-કડી છે. ટંકશાળનું નામ આપતો શબ્દસમૂહ અલગ સમજવાથી એટલે કે બીજી બાજુના લખાણમાં मुज़य्यनबादને अहमदाबाद નું વિશેષણ સમજવાથી આ ભૂલ થઈ. પણ બ્રાઉન કે બીજા સૂચિકારો "मुज़य्यनबाद" ને અમદાવાદ ટંકશાળનું ઉપનામ ગણવાની ભૂલનો ભોગ બન્યા નથી, પણ નાગપુરના સેન્ટ્રલ મ્યુઝિયમની સૂચિમાં 'मुज़य्यनबाद'ને ઉપનામ લેખવાની ભૂલ કરી છે [જુઓ *Catalogue of Coins in the Central Museum, Nagpur (NMC)*, No. 325–30]. મહારાષ્ટ્ર પુરાતત્ત્વખાતાના સિક્કાઓની સૂચિમાં આ શબ્દને 'मुज़ीनाबाद' વાંચી એને અહમદાબાદ-ટંકશાળનું ઉપનામ ગણ્યું છે. [જુઓ *Catalogue of Coins of Mughal Emperors in the Department of Archaeology, Maharashtra State, Bombay, (MBAC)* Nos. 19–20]. આ શબ્દનો ખરો ઉચ્ચાર 'मुज़य्यनबाद' અને અર્થ 'સુશોભિત હો !' તેમ થાય છે. 'मुज़ीनाबाद' અર્થવિહીન છે.

૬. શાહજહાંના બધા સિક્કાઓમાં बहयाए उष्मान ના બદલે आज़ुमें उष्मान નો પ્રયોગ થયો છે. બંનેનો અર્થ એક જ છે.

૭. *BMC*, No. 692

૮. 'બિલાદ'નો અર્થ 'નગરો' થાય છે પણ અરબીમાં એ સામ્રાજ્ય કે પૃથ્વીના સામાન્ય અર્થમાં પણ વપરાય છે.

૯. મુહમ્મદ અકબર ૨ જાના ચાંદીના સિક્કાઓ સાવ અપ્રાપ્ય નથી. ઈ.સ. ૧૯૭૨ના માર્ચ માસમાં આણંદના મામલતદાર શ્રી એમ. એ. દેસાઈ દ્વારા રિપોર્ટ માટે આવેલા સિક્કાઓમાં તેના આ ટંકશાળના થોડા સિક્કા હતા.

૧૦. *LMC*, Nos. 319–320

૧૧. *NS*, No. XI, pp. 322–23; No. XXVI, p. 493

૧૨. હજુ સુધી પૂરા લખાણવાળો સિક્કો મળ્યો નથી, પણ જુદા સિક્કાઓ પરનાં લખાણો તેમજ અમદાવાદના ઉપર્યુક્ત ભાતવાળા સિક્કાના લખાણને સરખાવી આખું લખાણ આમ હશે એમ નિશ્ચિત થાય છે.

૧૩. *Journal of the Numismatic Society of India* (*JNSI*), Vol. XII, pp. 57–63, Plate VI A, Nos. 1–13

૧૪. *NS*, No. XXIV, pp. 479–80 (with Illustration)

૧૫. પણ માલપુરનો તવારીખોમાં ઉલ્લેખ નથી મળતો એ આશ્ચર્યજનક કહેવાય.

૧૬. *JNSI*, Vol. I, P. 45

૧૭. *Ibid.*, આ રૂપિયો *Numismatics Chronicle* (*NC*), Vol. III (5th series)માં છપાયો છે પણ આ સામયિક જોવા મળ્યું નથી.

૧૮. *Catalogue of Coins in the Punjab Museum, Lahore*, Vol. II (*PMC*), (Coins of the Mughal Emperors), No. 355 and note. રેવ. ટેલર આને સુરત ટંકશાળનો માનતા નથી. જુઓ *Journal of the Bombay Branch of the Royal Asiatic Society* (*JBBRAS*), Vol. XXII, p. 249, fn. 1

૧૯. *NS*, No. XXVI, pp. 493–94. આ સિક્કાનું વજન ૧૬૦ ગ્રેન છે.

૨૦. *BMC*, No. 699; *NMC*, No. 972
ઉપર્યુક્ત બંને કેટલોગોમાં આ પંક્તિના પહેલા ચરણનો પાઠ અપૂર્ણ તેમજ અશુદ્ધ છે. શ્રી સિંઘલે *JNSI*, XXIII(1961) માં આ કડીના પાઠમાં જે સુધારો સૂચવ્યો છે તે તો વધુ ગોટાળાભર્યો છે.

૨૧. *NS*, No. I, p. 73; *NMC*, Nos. 974–75

૨૨. *JBBRAS*, Vol. XXII, p. 249

૨૩. *Ibid.*, Vol. XXII (1907), p. 264. રેવ. ટેલરે *NC*, Vol. *XVI* (Third Series)માં પણ ફર્રુખસિયરનો તાંબાનો સિક્કો પ્રકાશિત થયાનું નોંધ્યું છે.

૨૪. *LMC*, No. 1815 : *NMC*, No. 704

૨૫. *JBBRAS*, Vol. XXII, p. 264

૨૬. *Ibid.*, Vol. XXII, p. 266

૨૭. *NS*, No. XXXVII, p. 18. એના સુરતના (સીસા પર ચાંદીનો ઢોળ ચડાવેલા) આશરે નવ તોલાના સિક્કા માટે જુઓ *JNSI*, Vol. XX, p. 48.

૨૮. *JBBRAS*, Vol. XXII, pp. 267–268

૨૯. આ બાબતમાં વિસ્તારપૂર્ણ ચર્ચા માટે જુઓ *ibid.*, pp. 268–70.

૩૦. *Ibid.*, p. 268. શ્રી સિંઘલના આ વિશેના મંતવ્યનો ઉપર પાટણ ટંકશાળના વર્ણનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૩૧. *Memoires of Jahangir*, Eng. tr. by. Rogers and Beveridge, p. 418

૩૨. થોડા સમય પહેલાં હિ.સ. ૧૦૪૭ નો શાહજહાંનો સિક્કો ખંભાતની ટંકશાળનો પ્રથમ ઉપલબ્ધ સિક્કો મનાતો હતો, પણ આ ખરું નથી (*LMC*, Vol. II, p. lix).

૩૩. *LMC*, No. 512

૩૪. શ્રી સી. આર. સિંઘલ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમના ચાંદીના એક સિક્કાને અકબરના જૂનાગઢની ટંકશાળના સિક્કા તરીકે લેખે છે. આ સિક્કાનું ૭૨ ગ્રેન વજન અકબરના ભારતની બીજી કોઈ પણ ટંકશાળના સિક્કાઓના વજન કરતાં સાવ જુદું છે. માટે એને એ પર અકબરના अल्लाहा अकबर जल्ल जलालोहू વાળા પાઠ સિવાય વર્ષ કે ટંકશાળ–નામ નથી પણ સિક્કો જૂનાગઢમાં ખરીદવામાં આવ્યો છે તે જોતાં સિક્કો જૂનાગઢ તરફનો હોય તેમ તેઓ માને છે (*JNSI*, Vol. XII, p. 67); પણ આ દલીલ વિચિત્ર નહિ તો પાંગળી તો જરૂર કહેવાય.

૩૫. *NS*, NO. XIX, p. 422

૩૬. અરબી લિપિમાં લખાયેલ 'દેવ'ને 'દીવ' તરીકે પણ વાંચી શકાય, એ જોતાં આ જગ્યા પ્રભાસ નહિ પણ સૌરાષ્ટ્રમાં આવેલ "દીવ" હોય તેમ પહેલી નજરે લાગે, પણ મુસ્લિમ તવારીખોમાં દીવને અચૂક 'દીબ' લખવામાં આવે છે અને 'પત્તન' (પટ્ટણ) એની સાથે જોડીને લખવામાં આવ્યું નથી.

૩૭. *Annual Report of the Archaeological Department of H. E. H. Nizam's Dominions (ARADN)*, F 1340(1930–31 A.D.). Appendix I, p. 45.

૩૮. *JNSI*, Vol. XV, pp. 108–09, Plate I, 9

૩૯. *ARADN*, Fasli 1339 (1929-30 A.D.), p. 52; *NS*, Vol. XLII, p. 23.

૪૦. C. R. Singhal, *Mint–towns of the Mughal Emperors of India*, pp. 23–24

૪૧-૪૨. *JNSI*, Vol. V, p. 97

૪૩. શાહઆલમ ૨ જાના સિક્કાઓ રેવ. ટેલર ઉપરાંત શ્રી એમ. કે. ઠાકોરના સંગ્રહમાં હતા જે પર એમણે એક વિસ્તૃત લેખ એની છાપ સાથે *JNSI*, Vol. V, pp. 97–103માં પ્રગટ કર્યો હતો.

૪૪. *PMC*, No, 3198

૪૫. *NS*, No. IV, p. 375

૪૬. મી. એચ. નેલ્સન રાઈટ અને આર. બી. વ્હાઈટહેડ જેવા પ્રખર સિક્કાશાસ્ત્રીઓએ ઔરંગઝેબ, શાહઆલમ બહાદુર, ફર્રુખસિયર અને મુહમ્મદશાહના સિક્કાઓ પર ટંકશાળ નામ કપાઈ ગયું હોવાથી એના અંશો પરથી 'પુરબંદર' વાંચી આ શહેર તે સૌરાષ્ટ્રનું મશહૂર શહેર પોરબંદર એમ જણાવ્યું હતું (*NS*, Vol. IV, p. 108; Vol. XIV, p. 571; Vol. XVI, p. 702 વગેરે). ત્યાર પછી ઈ.સ. ૧૯૧૭માં પ્રિન્સિપાલ શાપુરશા હોડીવાળાએ સર્વપ્રથમ પોતાની એક દલીલબદ્ધ વિસ્તારપૂર્ણ

નોંધમાં આ ટંકશાળ નામ વાંચવામાં થયેલી ભૂલ તરફ ધ્યાન દોરી એ પોરબંદર નહિ પણ એ સમયે નિઝામ-હૈદરાબાદ રાજ્યમાં આવેલ પ્રખ્યાત કિલ્લો 'પરેંડા' હોવાનો તર્ક કર્યો હતો (*NS*, Vol. XXXI, pp. 368 ff.). ત્યાર પછી ઈ.સ. ૧૯૨૧-૨૪ દરમ્યાન મળી આવેલા એ ભાતના અમુક સિક્કાઓ પર આ નામ પુરું તેમજ સ્પષ્ટ રીતે 'પરેંડા' અંકિત મળ્યું હોવાથી (*ARADN*, Fasli 1331–34, p. 29) પ્રો. હોડીવાળાનું વિધાન સત્ય ઠર્યું. એ પછી પણ 'પરેંડા' સ્પષ્ટ નામ ધરાવતા સિક્કા મળી આવ્યા છે (*NS*, No. XXXIX, p. 11; *JNSI*, Vol. VII, p. 65). એટલે પોરબંદરમાં મુઘલ ટંકશાળ હતી નહિ એ વિષે કોઈ શંકાને સ્થાન નથી.

૪૭. *PMC*, Nos. 44–46.

૪૮. *Ibid.*, Nos. 90–91.

૪૯. *Ibid.*, No. 92

*

ખંડ ૩

સાંસ્કૃતિક ઇતિહાસ

પ્રકરણ ૭

સામાજિક સ્થિતિ

(૧) હિંદુ સમાજ

મુઘલકાલીન ગુજરાતમાં હિંદુ સમાજની સ્થિતિ અગાઉના સલ્તનત કાલમાં હતી એ કરતાં કોઈ વિશિષ્ટ પ્રકારે ભિન્ન નહોતી. સોલંકી કાલમાં જ્ઞાતિભેદ થયા હતા તે વધારે સાંકડા અને ઝીણા થયા તથા રોટી-બેટી વ્યવહાર અગાઉ કદી નહોતો એટલો સંકુચિત થતો ગયો. પ્રથમ ઉત્તર ભારત ઉપર અને પછી બાકીના ભારત ઉપર તુર્કો અને ઇસ્લામ ધર્મ પાળતા અન્ય પરદેશીઓનો વિજય થયો ત્યારે ધાર્મિક-સામાજિક અનેકવિધ નવા પ્રશ્ન ઊભા થયા. એના પ્રશ્નોના સંદર્ભમાં ભારતીય સંસ્કારિતાના એક નવા યુગનો—અનેકવિધ તંગદિલીઓ અને સંઘર્ષોનું અનિવાર્ય અસ્તિત્વ હોવા છતાં—ઉદય થયો. એને અભિવ્યક્તિ આપવાનું કામ પૂર્વકાલીન હિંદુયુગમાં બન્યું હતું તેમ, સંસ્કૃત-પ્રાકૃત ભાષાએ નહિ, પણ લોકપ્રચલિત નવ્ય ભારતીય ભાષાઓએ ઉપાડી લીધું. આ ભાષાઓએ તત્કાલીન સમાજની વ્યાવહારિક જરૂરિયાતો પૂરી પાડવાની હતી તે સાથે દેશની અંદર જ દેશની સંસ્કારિતા માટે લડત ચલાવવાની હતી. ભારતીય વિચારપ્રવાહના નાયકોએ પોતાના પૂર્વજોના ઉચ્ચ સાંસ્કારિક અને આધ્યાત્મિક વિચારોનો આમવર્ગમાં પ્રચાર કરવા માટે લોકભાષાઓનું માધ્યમ સ્વીકાર્યું; હિંદુઓના તાત્ત્વિક એકેશ્વરવાદનો એમણે આધાર લીધો અને મુસ્લિમોના એકેશ્વરવાદ સાથે એનો સ્વાભાવિક સમન્વય સાધવાનો પ્રયત્ન કર્યો. આ પ્રયત્નોનું વાહન મુખ્યત્વે નવ્ય ભારતીય ભાષાઓ બની. પ્રાદેશિક સાહિત્યોનો આ રીતે વિકાસ થતાં વિભિન્ન પ્રદેશોના વ્યક્તિત્વના વિકાસને વેગ મળ્યો. સાંસ્કારિક અને ભાષાકીય પ્રદેશના ઘડતરને રાજકીય એકમની ઘટના દ્વારા પણ ઉત્તેજન મળ્યું.

પ્રદેશના ઘડતરમાં બીજાં તત્ત્વો સાથે વાહનવ્યવહારનાં સાધનો–માર્ગોનું યે વિશિષ્ટ મહત્ત્વ છે; જેમકે ગુજરાતના સ્વભાવ–ઘડતરમાં એના લાંબા સમુદ્રકિનારાએ અને વિદેશી વેપારે અગત્યનો ભાગ ભજવ્યો છે તેમ પહેલાં પાટણમાં અને પછી અમદાવાદમાં સ્વતંત્ર ગુજરાતી સલ્તનતની સ્થાપનાએ તથા એની સ્થિર થયેલી દૃઢતાએ ગુજરાત-મારવાડની પ્રાયઃ સમાન ભાષાને ગુજરાત અને મારવાડની બે ભાષાઓના રૂપમાં વિકસવાનો અવકાશ આપ્યો.[1]

એ સમયનું ગુજરાતી સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. એમાંના મોટા ભાગના સાહિત્યને—પ્રેમાનંદાદિનાં આખ્યાનોને, જૈન રાસાઓને અને અન્ય સાહિત્યપ્રકારોને ચીલાચાલુ અર્થમાં ઐતિહાસિક સાધન ગણી શકાય એમ નથી, તોપણ ખાસ કરીને ગુજરાતના હિંદુ સમાજના જીવનને સમજવા માટે એ અમૂલ્ય છે. આમાંની જે કૃતિઓ ઐતિહાસિક વ્યક્તિઓ અથવા ઘટનાઓને કેંદ્રમાં રાખીને રચાયેલી છે તેઓને બાજુએ રાખીએ તોપણ પૌરાણિક કથાઓ કે ધાર્મિક અનુશ્રુતિના વસ્તુને અનુલક્ષીને લખાયેલી કૃતિઓ ગુજરાતના સાંસ્કારિક અને સામાજિક જીવનનું, વ્યાપક અર્થમાં, દર્પણ બની જાય છે. મુઘલ કાલમાં થયેલા મહત્ત્વના ગુજરાતી કવિ પ્રેમાનંદનાં આખ્યાનોને તો આ વિધાન સવિશેષ લાગુ પડે છે અને એની લોકપ્રિયતાનું રહસ્ય પણ ઘણે અંશે આ વસ્તુમાં રહેલું છે.

વેપારી ગુજરાતનો દેશ–વિદેશો સાથેનો આર્થિક વ્યવહાર પૂર્વવત્ ચાલુ હોવા છતાં અને ગુજરાતનાં મુખ્ય બંદરો અને નગરોમાં પરદેશી અરબો તુર્કો તથા યુરોપિયનોની વસ્તી સારા પ્રમાણમાં હોવા છતાં તેમજ ઈરાનથી આવેલા પારસીઓ ગુજરાત સાથે એકત્વ પામી ગયા હોવા છતાં ગુજરાતના હિંદુઓનું સામાજિક જીવન નાની જ્ઞાતિઓ અને જ્ઞાતિના પાછા ગોળો અને નાનકડા એકડાઓમાં વહેંચાઈને ઉત્તરોત્તર સંકુચિત બનતું ગયું હતું. બ્રાહ્મણો અને વાણિયાઓની ૮૪ જ્ઞાતિઓનાં નામ તથા જૈનોના ૮૪ ગચ્છોનાં નામ એ સમયના ગુજરાતી સાહિત્યમાં મળે છે તેમ 'મિરાતે અહમદી' જેવી સમકાલીન ફારસી તવારીખમાં પણ મળે છે.[2] અગાઉના સાહિત્યમાં આવી યાદીઓ મળતી નથી એ સૂચક છે. વળી પ્રાપ્ત યાદીઓમાં નામાવલિમાં ફરક હોય અથવા નામ જ ઓછાવત્તાં હોય તેથી મુખ્ય વિધાનમાં ફરક પડતો નથી. વ્યક્તિના અને કુટુંબના જીવનમાં જ્ઞાતિનું અભૂતપૂર્વ વર્ચસ આ કાલની લાક્ષણિકતા જણાય છે. હિંદુ સમાજને એની પરંપરાઓ પ્રત્યે ખાસ સહાનુભૂતિ નહિ ધરાવનાર રાજસત્તા અને રાજ્યાધિકારીઓ તરફથી જે સંઘર્ષ વેઠવા પડતા હતા તે સામે જ્ઞાતિસંસ્થા આત્મરક્ષણ માટેનું એક પ્રકારનું કવચ હતી. એમાંથી વળી અનેક તંગદિલીઓ

અને અનિષ્ટો ઉપસ્થિત થયાં એ એક જુદા અભ્યાસનો વિષય છે. અભ્યાસપાત્ર કાલખંડમાં રાજ્યકર્તાઓનું હિંદુ પ્રજા ઉપર ધાર્મિક દમન હતું તેમ ધાર્મિક સહિષ્ણુતાની ઘટનાઓ હતી અને અકબર જેવાએ એ ઘટનાનાં પ્રવર્તક બળોને પોષ્યાં પણ હતાં, પણ હિંદુ સમાજ પોતાનાં દૈનંદિન કાર્યોને સ્વસ્થતા અને આસ્થાપૂર્વક એ સમયમાં વળગી રહી શક્યો હોય તો એમાં જ્ઞાતિસંસ્થાનો ફાળો ગણનાપાત્ર હતો.

ગુજરાતમાં મુઘલ રાજ્યસત્તાની ઊતરતી કળા થઈ અને મરાઠી સત્તા પ્રસરવા લાગી તેમ હિંદુ પ્રજામાં આત્મવિશ્વાસ વધતો જણાયો, પણ મરાઠાઓનું મુખ્ય ધ્યાન મુલકગીરી દ્વારા શક્ય તેટલું ધન એકત્ર કરવા તરફ હોઈ સામાજિક શાંતિની આશા અલ્પજીવી જ નીવડી અને અંગ્રેજ રાજ્યસત્તાની સ્થાપના થઈ ત્યાંસુધી સમાજ પ્રતિસ્પર્ધી શાસકોની સાઠમારીમાં અટવાયા કર્યો. દર વર્ષે ગુજરાત ઉપર ઊતરી આવતા મરાઠી સૈનિકો માટે અરબી શબ્દ 'ગનીમ' ('ધાડપાડુ') અઢારમા સૈકામાં ગુજરાતમાં પ્રચલિત થઈ ગયો હતો એ સૂચક છે. વીરમગામનો કિલ્લો ઈ.સ. ૧૭૨૪ પછી તુરતમાં મરાઠા સામે રક્ષણ માટે બંધાયો હતો.

ઔરંગઝેબે ઈ.સ. ૧૬૬૫માં બહાર પાડેલા એક ફરમાનનો સંપૂર્ણ પાઠ 'મિરાતે અહમદી'એ આપ્યો છે. એ ફરમાનમાં કુલ ૩૬ કલમ છે અને ગુજરાતની પ્રજા પાસેથી અમલદારો દ્વારા લેવાના કેટલાક ગેરકાયદે વેરા રદ કરવા માટેનો એમાં હુકમ છે, પણ ઔરંગઝેબની સામાજિક અને ધાર્મિક રાજનીતિ ઉપર એમાંની અમુક કલમો પ્રકાશ પાડે છે. હિંદુ વેપારીઓ પાંચમ એકાદશી અને અમાસને દિવસે પોતાની દુકાનો બંધ રાખતા હતા; આ રિવાજ બંધ કરી દુકાનો હમેશાં ખુલ્લી રહે અને ખરીદ-વેચાણ બધો સમય ચાલુ રહે એ જોવાનું અમલદારોને એમાં ફરમાવવામાં આવ્યું છે. હિંદુ પ્રજા દિવાળીની રાત્રે રોશની કરે નહિ અને હોળીના તહેવારમાં અશ્લીલ ભાષા બોલાય નહિ તથા હોળીમાં નાખવા માટે લોકોનાં લાકડાં ઉપાડી જવાય નહિ એનો બંદોબસ્ત કરવાનો પણ એમાં હુકમ છે. એ પછીનો ગુજરાતનો સામાજિક ઇતિહાસ જોતાં આ પ્રકારના હુકમોનો મોટા પાયા ઉપર અમલ થયો હશે કે કેમ એ શંકાસ્પદ છે.[3] વડનગરનું સુપ્રસિદ્ધ હાટકેશ્વરનું મંદિર તોડવાનો હુકમ ઔરંગઝેબે ઈ.સ. ૧૬૯૪માં આપ્યો હતો. એ જ વર્ષમાં શાહી ફરમાન બહાર પડયું હતું કે રાજપૂત સિવાય બીજા હિંદુઓએ હથિયાર ધારણ કરવાં નહિ, હાથી ઉપર કે પાલખીમાં કે આરબ કે ઇરાકી ઘોડા ઉપર બેસવું નહિ.[4] પ્રભાસપાટણ ખાતેનું સોમનાથનું મંદિર અગાઉ

શાહી હુકમથી તોડવામાં આવ્યું હતું એની તત્કાલીન સ્થિતિનો અહેવાલ ઔરંગઝેબે ઈ.સ. ૧૭૦૨ માં મંગાવ્યો હતો. હિંદુઓએ એમાં પૂજા-ઉપાસનાનો આરંભ કર્યો હોય તો એ મંદિરનો ફરી વાર પૂરો નાશ કરી નાખવો એવું પણ એ પત્રમાં જણાવવામાં આવ્યું હતું.[૫] દ્વારકાનું વિખ્યાત જગત મંદિર તોડી નાખવાનો હુકમ ઔરંગઝેબે ઈ.સ. ૧૭૦૬ માં કર્યો હતો, પણ ઔરંગઝેબના જીવનનો એ લગભગ અંતકાળ હતો અને સૌરાષ્ટ્રની રાજકીય સ્થિતિ અસ્થિર હતી, એ જોતાં આ હુકમનો અમલ થયો હશે કે કેમ એ શંકાસ્પદ છે.[૬]

અમદાવાદ પાસે બીબીપુર–સરસપુરમાં સુપ્રસિદ્ધ શાંતિદાસ ઝવેરીએ બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથના ભવ્ય જૈન મંદિરને શાહજહાંના રાજ્યકાલમાં ઈ.સ. ૧૬૪૫ માં પોતાની ટૂંકી સૂબાગીરી દરમ્યાન શાહજાદા ઔરંગઝેબે ગોહત્યા કરાવીને ભ્રષ્ટ કર્યું હતું અને એમાં મહેરાબો ચણાવી એને મસ્જિદના રૂપમાં ફેરવી દીધું હતું. આ સામે શાહજહાંએ ઈ.સ. ૧૬૪૮ માં ફરમાન કાઢીને મહેરાબ અને મંદિરની વચ્ચે ભીંત ચણાવી દેવાનું, મંદિરમાં અડ્ડો નાખીને પડેલા ફકીરોને હાંકી કાઢવાનું, કેટલાક વહોરાઓ એમાંથી અનેક વસ્તુઓ ચોરી ગયેલા તે એમની પાસેથી પાછી મેળવવાનું અથવા એ ન મળે તો એની કિંમત વસૂલ કરીને શાંતિદાસને આપવાનું ફરમાન ગુજરાતના સૂબા શાહજાદા દારા શિકોહના અમદાવાદ ખાતેના નાયબ ગૈરાતખાનને જણાવ્યું હતું, આમ છતાં ત્રણ વર્ષ સુધી ભ્રષ્ટ અને અપૂજ્ય સ્થિતિમાં પડી રહેલા મંદિર તરફ ઉપાસકો ફરી વાર ન જ વળ્યા, પણ શાહજાદા ઔરંગઝેબના હુકમથી જે થયું તે પાદશાહ પાસે ઉલટાવવા માટે શાંતિદાસે શું કર્યું હશે એની કલ્પના જ કરવાની રહે છે.[૭] શાંતિદાસ એ સમયના મોટા શરાફ, શાહી ઝવેરી અને શ્વેતાંબર જૈનોના સૌથી મોટા આગેવાન હતા. ગુજરાતના સામાજિક જીવનમાં મહાજનોનો જે પ્રભાવ હતો અને શાસકો ઉપર એમનું ચલણ હતું તે ઉપર આ ઘટના ઉદાહરણાત્મક પ્રકાશ પાડે છે. 'ધર્મસંપ્રદાયો' વાળા પ્રકરણમાં એ વિશે કેટલોક વધુ નિર્દેશ થશે. ટપાલ લઈ જનારા હલકારા તરીકે હિંદુ સમાજમાં બ્રાહ્મણો પણ કામ કરતા હતા. ઈ.સ. ૧૬૯૯ માં નર્મદાકિનારે શિનોર પરગણાના બ્રાહ્મણોએ સૂબેદાર શુજાતખાનને અરજ કરી હતી કે ફોજદાર અને બીજા અમલદારો એમને ટપાલ લઈ જવાની વેઠ કરવા માટે ફરજ પાડે છે. એમને અટકાવવા સૂબાએ બ્રાહ્મણોની તરફેણમાં હુકમ બહાર પાડચો હતો.[૮]

ઈ.સ. ૧૭૧૪ માં અમદાવાદના જાણીતા શરાફ મદનગોપાલનો મુનીમ હરિરામ પોતાના મિત્રો સાથે હોળીનો તહેવાર ઊજવતો હતો ત્યારે એક મુસ્લિમ

ઉપર રંગ છાંટવાના બનાવમાંથી અમદાવાદમાં હિંદુ–મુસ્લિમનું તોફાન થયું હતું અને એમાં જાનમાલની ઘણી ખુવારી થઈ હતી. બંને પક્ષના આગેવાન પાદશાહ ફર્રુખશિયર પાસે દિલ્હી ગયા હતા અને છેવટે એમાં સમાધાન થયું હતું.[૯] ઈ.સ. ૧૭૧૬ માં મહારાજા અજિતસિંહની સૂબેદારી દરમ્યાન કાળુપુરના સુન્ની વહોરાઓ ઈદના દિવસે ગાયની કુરબાની કરવાનો પ્રયત્ન કરતા હતા એમાંથી પણ અમદાવાદમાં એક તોફાન થયું હતું.[૧૦]

પ્રાચીન કાલથી ભારતના સામાજિક જીવનમાં શ્રેણિઓનું અર્થાત્ વ્યવસાયીઓનાં મહાજનોનું વિશિષ્ટ મહત્ત્વ હતું અને ગુજરાતમાં તો એ ઠેઠ અર્વાચીન સમય સુધી ચાલુ રહેલું છે. સમસ્ત મહાજનોના અને નાગરિકોના અગ્રણી તે નગરશેઠ. ગુજરાતમાં પ્રત્યેક મહત્ત્વના નગરના નગરશેઠ હોય છે. શાંતિના સમયમાં એમની કામગીરી ઔપચારિક હતી, તો અશાંતિના સમયમાં એમનું સ્થાન અને કામ અનેક રીતે મહત્ત્વનું બની જતું. એનું એક નોંધપાત્ર ઉદાહરણ ગુજરાતના આ સમયના ઇતિહાસમાંથી મળે છે. સુપ્રસિદ્ધ શાંતિદાસ ઝવેરીના પૌત્ર ખુશાલચંદ ૧૮ મા સૈકાની પહેલી પચીસીમાં અમદાવાદના નગરશેઠ હતા. સને ૧૭૨૫ માં મરાઠાના આક્રમણમાંથી અમદાવાદને લૂંટાતું બચાવવા માટે ખુશાલચંદે જાનનું જોખમ વેઠીને તથા પોતાની અંગત મિલકતમાંથી મોટી રકમ આપીને આક્રમણકારોને પાછા કાઢ્યા હતા. આ કામગીરીની કદર તરીકે અમદાવાદના તમામ મહાજનોએ સં. ૧૭૮૧ના આસો સુદ ૧૩ (તા. ૮ ઑક્ટોબર, ૧૭૨૫)ના રોજ અમદાવાદમાં આવતા અને અમદાવાદની બહાર જતા બધા માલ ઉપર સેંકડે ચાર આનાનો લાગો ખુશાલચંદ અને એમના વંશવારસોને કાયમને માટે આપવાનો દસ્તાવેજ કરી આપ્યો હતો. જુદાં જુદાં મહાજનોના હિંદુ–મુસ્લિમ પ્રતિનિધિઓ મળી કુલ ૫૩ આસામીઓની સહી–સાક્ષી આ દસ્તાવેજમાં છે તથા વલંદા અંગ્રેજ અને ફ્રેન્ચ વેપારીઓની પણ આ વિશે અનુમતિ હોવાની એમાં નોંધ છે.[૧૧] મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસમાં અજોડ સામાજિક મહત્ત્વનો આ એક દસ્તાવેજ છે. તત્કાલીન વ્યવહારુ ગુજરાતી ગદ્યમાં લખાયેલા એ દસ્તાવેજમાંથી એક ખંડક અહીં ટાંકવો પ્રસ્તુત થશે :

"......વગેરે મહાજન સમસ્ત શહેર અમદાવાદના મલિને રાજી થઈને રાજીનાંમૂ કરિ આપૂ છે જે નબાપ હેમદખાનજીના અમલ મધ્યે ગનીમનિ ફોજો શહેર લૂટવાને કાજે આવી હતિ તે સમા મધ્યે શેઠજી ખુસાલચંદજી લક્ષ્મીચંદજીએ પઇસા પોતાના ઘરથિ ખરચ કરિને પોતાના જીવ સુધિ આધરીને અમને તથા શહેરને લૂટાટુ રાખ્યુ છે તે વાસ્તી માહજન સમસ્ત મલિને રાજી થઈને લખિ આપૂ

છે. જે કોઈ માલ કોઠે છપાવે તથા બાહારથિ વસ્તુવાનું તથા કિરિઆનુ તથા રેસમ આમદનિ લાવે તથા લેઈ જાય તે રુપૈયા શત એકને માલે રામ ચાર લેખે દર શત આપે તથા જે કોઈ કોઠાનો વેપાર કરે તે આપે શેઠજી મજકુરના પુત્ર પુત્રાદિકને અમારા પુત્રપુત્રાદિક આપે જાય. એ લક્ષાથિ જે કોઈ ફરે તે તે પોતાના માબાપથિ ફરે... ....."[12]

એ સમયના રાજકીય જીવનની અનિશ્ચિતતાને કારણે પૈસા આપીને 'શાંતિ ખરીદવાનું' સાધારણ બની ગયું હતું, પણ એવી રીતે ખરીદેલી શાંતિ ટકે જ એવું નહોતું, બલકે એને પરિણામે આક્રમણકારોનો લોભ વધે એવું બનતું. ઈ.સ. ૧૭૨૬ માં પેશવાના સેનાપતિઓએ ઉત્તર ગુજરાતના સમૃદ્ધ શહેર વડનગર ઉપર હુમલો કર્યો. ઉમરેઠની જેમ વડનગરમાં પણ શરાફીનો ધંધો કરતા ધનિક બ્રાહ્મણોની સારી વસ્તી હતી; આક્રમકોને ચાર લાખ રૂપિયા આપીને એમણે પાછા કાઢયા, પણ થોડા સમય પછી બીજું મરાઠી સૈન્ય ગોધરાથી ઈડર થઈને વડનગર આવ્યું, તેણે એ નગરને લૂંટયું અને બાળ્યું.[13] વડનગરના નાગર બ્રાહ્મણો એ સમયે બીજે ચાલ્યા ગયા અને કેટલાક તો ઉત્તર ભારતમાં જઈને વસ્યા, જ્યાં આજે પણ એમની વસ્તી સારા પ્રમાણમાં છે. સને ૧૭૩૦ માં પેશવાના ભાઈ ચિમનાજી આપાએ પેટલાદ શહેર પાસેથી બે લાખ રૂપિયા કઢાવ્યા હતા તથા ધોળકા લૂંટયું હતું.[14] એ જ વર્ષમાં અમદાવાદના સૂબા સરબુલંદખાને નગરશેઠ ખુશાલચંદની મોટી સેવાઓની અવગણના કરીને કેટલાક ખટપટી લોકોની ચડવણીથી એમને કેદ કર્યા હતા અને રેશમના વેપારીઓના મહાજનના શેઠ ગંગાદાસને નગરશેઠ તરીકે નીમ્યા હતા. છેવટે સાઠ હજાર રૂપિયા લઈને ખુશાલચંદનો છુટકારો કરવામાં આવ્યો હતો.[15] ઈ.સ. ૧૭૩૦ માં ભૂજ ઉપરની ચડાઈમાંથી મુઘલ સૈન્ય પાછું ફર્યું ત્યારે સિપાઈઓના પગાર ચડી ગયા હતા અને તેઓ બળવો કરવાની તૈયારીમાં હતા ત્યારે સરબુલંદખાને અમદાવાદ શહેરમાંથી મોટી રકમ કઢાવવાનું નક્કી કર્યું, જેનો બે-તૃતીયાંશ ભાગ હિંદુ વેપારીઓ પાસેથી અને એક-તૃતીયાંશ ભાગ વહોરા વેપારીઓ પાસેથી લેવાનો હતો.[16] બનેલી ઘટનાઓની આ આછી પણ નોંધ નથી, પ્રવર્તમાન સામાજિક પરિસ્થિતિનો ખ્યાલ આવે એ પૂરતાં થોડાંક ઉદાહરણ માત્ર છે.

આ કાલનાં કેટલાંક પૂર્તકાર્યોની નોંધ લેવી અહીં પ્રસ્તુત થશે. વસ્તુત: આ નોંધ 'બાંધકામ'ના શીર્ષક નીચે આવે, પણ સામાજિક જીવન ઉપર એના દ્વારા પ્રકાશ પડે છે, એટલે અંશે એ પૈકી કેટલાંકનો ઉદાહરણાત્મક ઉલ્લેખ અહીં કર્યો છે.

અકબરના દૂધભાઈ ખાન અઝીઝ કોકાએ પાટણના પાદરમાં બંધેલું ખાનસરોવર—જે આજે પણ લગભગ અખંડ મોજૂદ છે—અણહિલવાડમાં સિદ્ધરાજે બાંધેલા સહસ્રલિંગ સરોવરના સ્થાપત્યકીય નમૂના અનુસાર હતું એમ સહસ્રલિંગનો જે અંશ ઉત્ખનન પામ્યો છે એની સાથે તુલના કરતાં જણાય છે. પ્રાચીન અણહિલવાડના સામાજિક જીવનમાં સહસ્રલિંગ સરોવરનું જે સ્થાન હતું લગભગ તેવું સ્થાન મુસ્લિમકાલીન પાટણના જીવનમાં ખાનસરોવરનું હતું અને આજે પણ પાટણનું એ પ્રધાન જળાશય છે.

ઈ.સ. ૧૬૯૯ માં પેટલાદમાં પાંડવ તળાવ પાસે શિકોતરી માતાની વાવ નાગર બ્રાહ્મણ રામજીએ બંધાવી હતી એ હકીકત નોંધતો ત્રિભાષી શિલાલેખ ત્યાં છે. પ્રારંભમાં થોડો ભાગ ફારસીમાં, ત્યાર પછી સંસ્કૃતમાં અને છેલ્લે થોડીક પંક્તિઓ ગુજરાતીમાં છે. સંસ્કૃત લેખ અનુસાર આ વાવનું બાંધકામ વિ.સં. ૧૭૫૫ ના આસો વદ ૧૩–ધનતેરશના દિવસે (તા. ૧૦ ઑક્ટોબર, ઈ.સ. ૧૬૯૯ ના રોજ) પૂરું થયું હતું. વળી એ લેખ નોંધે છે કે "પેટપદ્ર"માં નાગર બ્રાહ્મણોનાં ઘણાં ઘર છે અને એમાંના ભીમજીસુત રામજીએ નાગરિકોના લાભાર્થે આ વાવ કરાવી છે. ગુજરાતી લેખ આ જ વિગતો આપવા ઉપરાંત સ્થાનિક અધિકારીઓનાં નામ આપે છે તથા વાવ બાંધનાર સ્થપતિનો, શિલાલેખ લખનારનો તથા એ કોતરનાર સલાટનો ઉલ્લેખ કરે છે.

પાટણનાં પટોળાં વણનાર સાળવીઓની જ્ઞાતિની વાડીના 'હલૂ કૂવા' નામે ઓળખાતા કૂવા ઉપરનો સં. ૧૭૫૭(ઈ.સ. ૧૭૦૧) નો શિલાલેખ પણ સામાજિક અભ્યાસની દૃષ્ટિએ મહત્ત્વનો છે. વસ્તુતઃ એ કૂવા ઉપર બે શિલાલેખ છે—ઈ.સ. ૧૪૧૯ નો ફારસી લેખ અને ઈ.સ. ૧૭૦૧ નો પ્રસ્તુત ગુજરાતી લેખ.[૧૮] ફારસી લેખ અનુસાર નહરવાલા(અણહિલવાડ)ના કોટવાલ અબ્દુલ્લા-ઉસ-સુલ્તાનીએ એ કૂવો બંધાવ્યો હતો; અર્થાત્ એ કૂવો રાજ્યની માલિકીનો હતો. ઈ.સ. ૧૭૦૧ ના ગુજરાતી લેખમાં એને 'સમસ્ત સાલવીનો કૂઓ' કહેવામાં આવ્યો છે. સ્પષ્ટ છે કે એ વર્ષમાં જૂના કૂવાનો ' ઓરંગઝેબ મહાબલી કલ્યાણવિજયરાજ્યે ' જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હશે. એના ખર્ચનો અમુક ભાગ સંઘવી રિખવ નાનજીએ આપ્યો અને બાકીનો ભાગ સમસ્ત નાતે આપ્યો એની નોંધ ગુજરાતી લેખમાં છે, એટલે દેખીતું છે કે રાજ્યની માલિકીનો કૂવો વચ્ચેના સમયમાં ક્યારેક સાળવી જ્ઞાતિના કબજામાં આવી ગયો હતો. સાળવીઓમાં એવી કિંવદંતી છે કે મુઘલ સૂબા તરફથી પટોળાંનો મશરૂ ધોવા માટે એમની જ્ઞાતિને એ ભેટ આપવામાં આવ્યો હતો. પટોળાંની અસાધારણ કારીગરીથી પ્રસન્ન થઈ

આસપાસની જગા સાથે કૂવો રાજ્ય તરફથી સાળવી જ્ઞાતિને મળ્યો હોય એ શક્ય છે. સલતનતના સમયનો ફારસી શિલાલેખ અને પ્રસ્તુત ગુજરાતી શિલાલેખ—જેમની વચ્ચે અઢીસો-ત્રણસો વર્ષનું અંતર છે—જોડાજોડ મુકાયેલા છે તથા એ સ્થળે ધર્મશાળા અને શિવાલય બંધાયાં છે એ પણ એ સિવાય શક્ય ન બને. વિશિષ્ટ કારીગરીને રાજ્ય તરફથી મળેલા વિશિષ્ટ સામાજિક આશ્રયનું એક સમર્થક પ્રમાણ આ શિલાલેખમાંથી પ્રાપ્ત થાય છે.

મુઘલ સૂબા હૈદરકુલીખાનના દીવાન રઘુનાથદાસે અમદાવાદમાં કાલુપુર અને સારંગપુર દરવાજાની વચ્ચે, હાલના પાંચકૂવા દરવાજાની બહાર, ઈ.સ. ૧૭૨૧-૨૨ માં એક વાવ કરાવી હતી એમ 'મિરાતે અહમદી' નોંધે છે. એ વાવ હાલ મોજૂદ છે.

મુઘલ કાલમાં ગુજરાતી હિંદુઓ પૈકી નાગરો અને કાયસ્થોએ સરકારી નોકરીમાં અગત્યના હોદ્દા સંભાળ્યા હતા તથા ફારસી રાજભાષા હોઈ ફારસી ભાષા-સાહિત્યનું પણ સારું ખેડાણ એમણે કરેલું છે.[૧૯] એવા હિંદુ રાજ્યાધિકારીઓમાં ઈશ્વરદાસ નાગરનું નામ અગ્રગણ્ય છે. ઈશ્વરદાસ એક કુશળ વહીવટકર્તા અને મુત્સદ્દી હોવા ઉપરાંત વિદ્વાન પણ હતો અને ઔરંગઝેબની નોકરીમાં હતો. ઔરંગઝેબના રાજ્યકાલની, હિંદુઓને હાથે ફારસીમાં લખાયેલી, સમકાલીન તવારીખો બે છે—એક બુરાનપુરના ભીમસેન કાયસ્થે રચેલ 'નુસ્ખ્-ઇ દિલકશ' અને બીજી પાટણના નાગર ઈશ્વરદાસે રચેલ 'ફુતુહાતે આલમગીરી' અથવા 'આલમગીરની ફતેહો'.[૨૦] જોધપુરના વીર દુર્ગાદાસ રાઠોડ અને ઔરંગઝેબ વચ્ચે સંધિ કરાવી એ ઈશ્વરદાસના જીવનનું મહત્ત્વનું રાજકીય કાર્ય હતું. દુર્ગાદાસ અને ઔરંગઝેબ વચ્ચેની મુલાકાત અમદાવાદમાં યોજાઈ એનું ઝીણવટભર્યું વર્ણન ઈશ્વરદાસે પોતાના ગ્રંથમાં કર્યું છે. ઔરંગઝેબે ઈશ્વરદાસને ઊંચો લશ્કરી હોદ્દો અને મેડતાની જાગીર આપી હતી એવો ઉલ્લેખ એ ગ્રંથમાં જ છે. એ ગ્રંથ ઈશ્વરદાસે ૭૬ વર્ષની વૃદ્ધ વયે ઈ.સ. ૧૭૩૧ માં પૂરો કર્યો હતો.[૨૧] રાજા છબીલારામ બહાદુર તથા એમના કુટુંબીઓ અને વંશજો ગિરધર બહાદુર, દયા બહાદુર, ચમન બહાદુર ઉર્ફે ભવાનીરામ, રાજા ગુલાબરામ, રાજા આનંદરામ વગેરેએ ઔરંગઝેબ પછીના ઉત્તર મુઘલકાલમાં રાજ્યપ્રકરણ અને યુદ્ધકલાના વિષયમાં મોટી નામના મેળવી હતી. છબીલારામ ગુજરાતી નાગર હતા, પણ એમની કર્મભૂમિ દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં હતી. છબિલરામના પુત્ર દયાબહાદુરની પુત્રી વેણીકુંવરનું લગ્ન જૂનાગઢના નાગર ગૃહસ્થ કુંવરજી મહેતા સાથે થયું હતું. કુંવરજી અને વેણીકુંવરના પુત્ર તે પછીથી જૂનાગઢના

સુપ્રસિદ્ધ દીવાન અને વીર મુત્સદ્દી અમરજી. ઔરંગઝેબના સમયથી ચાલ્યો આવતો જજિયાવેરો રદ કરવાનું ફરમાન પાદશાહ ફર્રુખશિયર પાસેથી પ્રાપ્ત કરીને છબીલારામે સમસ્ત હિંદુ પ્રજાના આશીર્વાદ મેળવ્યા હતા.[૨૨] દિલ્હીમાં રાજસત્તાનો દોર હુસેન અલીખાં અને હસન અલીખાં એ સૈયદ ભાઈઓના હાથમાં હતો ત્યારે એ પૈકી હુસેન અલીખાંનો વિશ્વાસપાત્ર બની સાત હજારની મનસબદારી, 'રાજા બીરબલ'નું બિરુદ અને વજીરનો હોદ્દો મેળવનાર, પણ વ્યવસાયે વૈદ્ય મિત્રસેન ત્રિવેદી ગુજરાતનો નાગર બ્રાહ્મણ હતો. ફારસી તવારીખોમાં એનું નામ જાણીતું છે.[૨૩] બીજા અનેક નાનામોટા મુત્સદ્દીઓ રાજ્યાધિકારીઓ વહીવટકર્તાઓ અને લશ્કરી અમલદારો વિશે વિવિધ તવારીખો અને ઐતિહાસિક સાધનોમાંથી જાણવા મળે છે, પરંતુ એ સર્વનો નામોલ્લેખ પણ અહીં શકય નથી.

સત્તરમો સૈકો એ ગુજરાતમાં સામાન્યત: શાંતિનો કાલ હતો, જ્યારે અઢારમો સૈકો મુખ્યત્વે રાજકીય કારણોસર અશાંતિનો કાલ હતો, પણ દુષ્કાળની માઠી અસર બંને સમયે લગભગ સરખી જ રહેતી. વાહનવ્યવહારના ઝડપી સાધનોના અભાવને કારણે દેશમાં એક સ્થળે અનાજની છત હોવા છતાં અન્ય સ્થળની અછત એકાએક નિવારી શકાતી નહિ અને ગરીબ વસ્તી ભૂખમરાનો ભોગ જલદી બની જતી. દુષ્કાળ–નિવારણની પ્રવૃત્તિ પુરાતન કાલથી ચાલતી આવતી પ્રમાણમાં કાર્યક્ષમ પ્રણાલિકા અનુસાર મહાજન સંસ્થા કરતી તથા મહાજનો દ્વારા સંચાલિત પાંજરાપોળો[૨૪] પશુધનના રક્ષણનું અને પશુઓને ઘાસચારો પૂરો પાડવાનું કામ કરતી. આમ છતાં રાજ્ય તરફથી દુષ્કાળનિવારણ માટે કોઈ વિધિસર પ્રબંધ નહિ હોવાને કારણે જ્યારે દુષ્કાળ પડે, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થાય, તીડની કે એવી કોઈ કુદરતી આફત આવે ત્યારે, અર્વાચીન કાલની તુલનાએ, ભારે સામાજિક આતંક ઊભો થતો. દુષ્કાળની પરિણામી અસરોનાં ભારે કમકમાટી ઉપજાવે તેવાં વર્ણન મળે છે.[૨૫] સમકાલીન સાહિત્યમાં તથા પરદેશી મુસાફરોનાં પ્રવાસ-વર્ણનોમાં પણ દુષ્કાળના ભયાનક આતંકનાં વર્ણન કે ઉલ્લેખો છે. મુઘલ કાલના ગુજરાતમાં આવા કેટલાક દુકાળ પડચા હતા.

શાહજહાંના સમયમાં, સં. ૧૬૮૭(ઈ.સ. ૧૬૩૦–૩૧) માં પડેલો દુષ્કાળ "સત્યાશિયો કાળ" તરીકે ઓળખાય છે. એ વર્ષે અનાવૃષ્ટિ હતી, પણ બીજે વર્ષે અતિવૃષ્ટિ થઈ અને સુરત સમેત આખું દક્ષિણ ગુજરાત એમાં સપડાયું હતું.[૨૬] સને ૧૬૮૫ અને ૧૬૮૬ નાં વર્ષ પણ દુષ્કાળનાં હતાં અને ૧૬૯૪–૯૫ માં સુરત ભરૂચ અમદાવાદ વગેરે સ્થળોએ દુષ્કાળ અતિવૃષ્ટિ અને રોગચાળાને

લીધે ભારે ખરાબી થઈ હતી. સને ૧૬૯૬–૯૭ માં એવો દુકાળ હતો, કે 'મિરાતે અહમદી'ના કથન મુજબ, પાટણથી જોધપુર સુધી પાણી કે ઘાસ મળે એમ નહોતું. આમ સને ૧૬૮૫ થી ૧૬૯૭ સુધીનાં બારેક વર્ષોમાં અર્ધાં તો દુષ્કાળ કે કુદરતી આપત્તિનાં હતાં.[૨૭] સં. ૧૭૭૪ (ઈ.સ. ૧૭૧૮) નો દુષ્કાળ 'ચુમોતરો કાળ' તરીકે ઓળખાય છે. એ સમયની મોંઘવારીમાં બાજરી રૂપિયાની ચાર સેર વેચાતી, અને એ ભાવે પણ જોઈતા પ્રમાણમાં મળતી નહોતી. અમદાવાદમાં આવતું બધું અનાજ સૂબેદાર હૈદર કુલીખાનના હુકમથી દીવાન રઘુનાથદાસને ઘેર લઈ જવાતું અને ત્યાંથી અમુક નિયંત્રણો અનુસાર વેચાતું. 'મિરાતે અહમદી'માં લખ્યું છે કે લોકો એકએક રૂપિયામાં પોતાનાં બાળકો પણ વેચી નાખતા હતા.[૨૮] આવો જ દુષ્કાળ ઈ.સ. ૧૭૩૨ માં પડ્યો હતો અને એ જ વર્ષે અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો, આમ છતાં આસપાસનાં પરાં અને ગામડાંમાંથી ભૂખમરાને કારણે લોકો મોટી સંખ્યામાં અમદાવાદમાં આવતા હતા.[૨૯] વિ.સં. ૧૮૦૩ (ઈ.સ. ૧૭૪૭) માં પાછો મોટો દુષ્કાળ પડ્યો, જે જનશ્રુતિમાં 'તરલોતરો' તરીકે ઓળખાય છે. એને પરિણામે ઊભું થયેલું સંકટ પણ અશ્રુતપૂર્વ હતું. અમદાવાદના હાકેમ જવાંમર્દખાને નાગરિકોને એકત્ર કરીને બંદગીઓ કરી, પણ વરસાદ આવ્યો નહિ. ગામડાંના લોકો અનાજના અભાવે ઘાસનાં મૂળિયાં ખાતા તેથી અપર્યાપ્ત પોષણ અને રોગચાળાને કારણે મરણ-પ્રમાણ વધી ગયું. ઘાસના અભાવે ઢોર પણ નાશ પામ્યાં. માણસનું માંસ ખાવાનું સાધારણ બની ગયું. તળાવ અને કૂવા સુકાઈ ગયાં. ખાસ કરીને પાટણવાડામાં પાણીની અછત ઘણી આકરી હતી. એને કારણે મોટી સંખ્યામાં લોકો માળવા તરફ ચાલ્યા ગયા હતા અને ગામનાં ગામ ઉજ્જડ બની ગયાં હતાં. પછીના ચોમાસામાં વરસાદ પડ્યા પછી જ આ સંકટ હળવું થયું હતું.[૩૦]

(૨) મુસ્લિમ સમાજ

(અ) સમાજ

ગુજરાતમાં જે પર જેટલા મુઘલ સૂબેદારો આવ્યા તેઓમાંના મોટા ભાગના તો બાદશાહોના નિકટના સ્નેહીઓ શાહજાદાઓ તથા સરદારો હતા. તેઓ પોતાની સાથે મુઘલ દરબારના દબદબાને લઈને ગુજરાતમાં આવતા અને લઘુ મુઘલ દરબાર જેવું વાતાવરણ ગુજરાતમાં પ્રવર્તાવતા. મબલખ આવકને કારણે મુઘલ સામ્રાજ્યમાં ગુજરાતની સૂબેદારી અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવતી હતી. અલબત્ત, ગુજરાતના મુસલમાનોની પોતાની આગવી સામાજિક વ્યવસ્થા હતી, પરંતુ આ

રીતે દિલ્હીના સત્તાધીશો દ્વારા મોકલાતા સૂબેદારો પણ પોતાની સાથે સામાજિક નવીનતા લાવતા અને એની અસર ગુજરાતના આ મુસ્લિમ સમાજ પર થતી.

ગુજરાતમાં મુઘલ સૂબાગીરીનો પ્રથમ ૧૦૦ વર્ષોનો સમય સામાજિક સ્થિરતાની દૃષ્ટિએ સુખ સમૃદ્ધિ અને શાંતિનો કાલ ગણી શકાય. ગુજરાતના મુસલમાનો મુઘલ સૂબેદારીના અમલ નીચે શાંતિથી જીવન નિર્ગમન કરતા, દ્રવ્યોપાર્જન કરી પોતાને સમૃદ્ધ બનાવી શકતા અને પોતાના ધર્મ તથા ઈમાનનું પાલન કરી શકતા હતા; હિંદુ–મુસલમાનો કે શિયા–સુન્નીના ભેદભાવ હોય તો પણ એ બાહ્ય સ્તરે દૃષ્ટિગોચર થતા ન હતા. સૌને સમાન ન્યાય આપવામાં આવતો હતો, એટલું જ નહિ, પરંતુ જો કોઈ સૂબેદાર ધાર્મિક અતિરેક કરતો, તો એને એમ કરવામાંથી વારવામાં આવતો અને પાછો બોલાવી લેવામાં આવતો.

આખા દેશમાં જે પ્રકારનું શાસન પ્રવર્તમાન હતું તે જ પ્રકારનું શાસન ગુજરાતમાં પણ ચાલુ હતું. ઉપર કહ્યું તેમ ગુજરાતના સૂબેદારો દિલ્હીશ્વરોની લઘુ આવૃત્તિ જેવા હોઈ મુઘલ બાદશાહોની બધી જ સારીનરસી પ્રવૃત્તિઓ એમનામાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. બાદશાહી મોજશોખ, ભોગવિલાસ, ફેશન-પરસ્તી, સત્તા તથા સંપત્તિનું પ્રદર્શન, શિલ્પ-સ્થાપત્ય પ્રત્યે અનુરાગ આદિ બાબતોમાં તેઓ બાદશાહોથી ભિન્ન ન હતા. ટૂંકમાં, તેઓ શાહી સંસ્કારો તેમ કુસંસ્કારોથી વિભૂષિત હતા.

એ સમયનો સામાન્ય મુસલમાન, પછી એ ગુજરાતનો હોય કે દેશના ઉત્તરીય પ્રદેશનો હોય, સર્વત્ર સમાન હતો. ઉચ્ચ મધ્યમ કે ગરીબ વર્ગનો મુસ્લિમ, પ્રાદેશિક વિશેષતાઓને બાદ કરતાં, સામાજિક દૃષ્ટિએ સમાન હતો. એની ધાર્મિક આર્થિક કે સામાજિક પરિસ્થિતિમાં ઝાઝો ફરક ન હતો. ગુજરાતના સાગરકાંઠાનાં શહેરોમાં વસતો મુસલમાન વેપારી વધુ સમૃદ્ધ હોય તો બંગાળ બિહારનો એવો જ વેપારી એટલો સમૃદ્ધ ન હોય તેમ બને. પરંતુ એનું કારણ જે તે પ્રદેશના વ્યાપારી વ્યાપને ગણી શકાય. એવું જ કેળવણી અને કંઈક અંશે ધાર્મિક, માન્યતાઓને વિશે કહી શકાય. પરંતુ સમગ્રતયા, મુઘલકાલ દરમ્યાન, ગુજરાતનો મુસ્લિમ સમાજ દેશના અન્ય ભાગોના મુસ્લિમ સમાજ સાથે ઘણે અંશે સામ્ય ધરાવતો હતો.

આ સમય દરમ્યાન ગુજરાતનો મુસ્લિમ સમાજ ધીરે ધીરે પોતાની મૌલિક વિશેષતાઓ ગુમાવીને ભારતીય રંગે રંગાતો ગયો. આ સ્થિતિ નવ-નિર્મિત મુસ્લિમ સમાજ પૂરતી મર્યાદિત ન રહેતાં, બધા જ મુસ્લિમ વર્ગોમાં પ્રચલિત બની. બીજી બાજુ સલ્તનત કાલમાં શરૂ થયેલો વર્ગભેદ હવે દૃઢ થવા

લાગ્યો. વર્ગો વર્ગો વચ્ચેના ઊંચાનીચા સ્તર સ્પષ્ટ થવા લાગ્યા. ઉચ્ચ વર્ગના મુસ્લિમો રાજ્યતંત્રમાં ઊંચા હોદ્દા ધરાવતા હતા. રાજ્યની અગત્યની જવાબદારી-વાળી નોકરીઓ ઉપર મુખ્યત્વે કુલીન મુસ્લિમોને નીમવામાં આવતા. સાધારણ વર્ગના મુસ્લિમો સેનામાં ભરતી થતા અથવા પોતાના વારસાગત વ્યવસાય કરતા.

ડૉ. આશીર્વાદીલાલ શ્રીવાસ્તવના મત પ્રમાણે[31] ગુજરાતના મુસ્લિમ સમાજને પણ બે સ્તરોમાં વહેંચી શકાય : ઉપલા સ્તરના મુસ્લિમો અને નીચલા સ્તરના મુસ્લિમો. ઉપલા સ્તરના મુસ્લિમોને બે પેટાવિભાગોમાં વહેંચી શકાય : શસ્ત્ર-ધારી અને કલમધારી. પ્રથમ વિભાગમાં વિદેશી તત્ત્વોના બનેલા સિપાહીવર્ગનો[32] સમાવેશ થતો. તેઓ 'ખાન' 'મલેક' 'અમીર' 'સિપાહસાલાર' વગેરે દરજ્જો ભોગવતા. બીજા વિભાગમાં ધાર્મિક અને શૈક્ષણિક સેવાઓમાં વ્યસ્ત મુસલમાનોનો સમાવેશ થતો. તેઓમાં સૌથી વધુ અગત્યનો વર્ગ ઉલેમાઓ અર્થાત્ ધાર્મિક નેતાઓનો હતો. ઉલેમાઓમાં ધાર્મિક પુરુષો શિક્ષકો અને કાજીઓ જેવા મુસ્લિમ હતા, તેઓ મુસ્લિમ સમાજના તમામ વર્ગો ઉપર અને રાજ્ય કારોબાર ઉપર પોતાનો પ્રભાવ પાડી શકતા.

બીજા અર્થાત્ નીચલા સામાજિક સ્તરના મુસલમાનોમાં કારીગરો, દુકાન-દારો, નાના વેપારીઓ અને સામાન્ય કારકુની કામ કરનારાઓનો સમાવેશ થતો. સૌથી નીચા સ્તરે કલંદરો અને ભિક્ષુકો હતા.

એ ઉપરાંત એક અગત્યનો વર્ગ સૂફી સંતોનો હતો. તેઓ આધ્યાત્મિક જ્ઞાન ધરાવતા, પોતાના ખાનકાહો (રહેઠાણ) શહેરની બહાર રાખતા અને લોકમાનસ પર ઘણો પ્રભાવ ધરાવતા. બાદશાહો પણ એમને આશ્રય આપતા. શાહઆલમના રોજાના વ્યવસ્થાપક બુખારી સૈયદોને ઔરંગઝેબે આશ્રય આપ્યો હતો. એ ઉપરાંત વટવાના સંત કુત્બે-આલમની ગાદીના ગાદીપતિ સૈયદ મુહમ્મદ સલીહ બુખારીને પણ ઘણી ભેટસોગાદ આપવામાં આવી હતી.[33] પાટણના શેખ અબ્દુલ્ વહ્હાબને ઔરંગઝેબે મુઘલ સામ્રાજ્યના કાઝી-ઉલ્-કુઝ્ઝાત બનાવ્યા હતા.[34]

વિદેશી મુસલમાનો સ્વભાવતઃ શહેરી પ્રજાજન હતા. તેઓને ગ્રામજીવન ગમતું નહિ. એમનો મુખ્ય ધંધો સિપાહીગીરી અને રાજ્ય-કારોબારમાં હોદ્દા ધરાવવાનો હોઈ ગ્રામ વિસ્તારમાં જવાના પ્રસંગ એમને માટે ઘણા ઓછા ઉપસ્થિત થતા, એમ છતાં જે લોકો ધંધોરોજગાર કે શિક્ષણકાર્યમાં પ્રવૃત્ત રહેતા તેઓને ગામડામાં જવું પડતું.

મૂળ ભારતીય મુસલમાનોમાં મોટા ભાગના કારીગર હતા. કેટલાક નાના દુકાનદાર હતા. ઘણા ઓછા મુસ્લિમોએ ખેતીનો સ્વીકાર કર્યો હતો. વિજેતા

મુસલમાનોએ ઇસ્લામમાં ધર્માંતર કરાવેલ વર્ગ મોટે ભાગે તો કારીગર લોકોનો જ હતો. એ ઉપરાંત મુસ્લિમ સમાજમાં ખાટકી, ભિસ્તી, કોતરકામ કરનાર વગેરે લોકો પણ હતા. કેટલાક મુસ્લિમો ચિત્રકાર, હકીમ, લેખનકાર અને કુરાને શરીફની નકલ કરનારાઓ પણ હતા. આમ તત્કાલીન મુસ્લિમ સમાજ અનેક ધંધાકીય અને વ્યાવસાયિક વર્ગોમાં વહેંચાયેલો હતો.

રહેણીકરણીની દૃષ્ટિએ ગુજરાતના મુસ્લિમ સમાજમાં ત્રણ વર્ગ સ્પષ્ટપણે દેખાઇ આવતા : ઉચ્ચ (અમીર) વર્ગ, મધ્યમ વર્ગ અને નીચલો (ગરીબ) વર્ગ. ઉચ્ચ વગ સામંતશાહી સ્વરૂપનો હતો. આ વર્ગના લોક ઐશ્વર્યમાં આળોટતા, તેઓ પ્રજાના પૈસે ભોગવિલાસ અને અમનચમન કરતા. સામંતોના જલસાઓ, નૃત્યસભાઓ, મહેફિલો, ભોજનસમારંભો, શિકાર વગેરેમાં લખલૂંટ ખર્ચ થતો.

મધ્યમ વર્ગની સ્થિતિ સાધારણ હતી. તેઓ સાદું પણ સુખી જીવન ગાળતા, પરંતુ સમાજના નીચલા વર્ગની સ્થિતિ ઘણી શોચનીય હતી. તેઓને ભોજનના સાંસા હતા, પહેરવા પૂરતાં વસ્ત્ર ન મળતાં. ગરમ કપડાં કે જોડા પહેરવાની તો તેઓ કલ્પના પણ કરી શકતા નહિ. અવારનવાર પડતા દુકાળ, ભૂખમરો, પ્લેગ અને કૉલેરા જેવા રોગચાળાઓ, રાજ્ય અને વેપારીઓ તરફથી થતું શોષણ અને કુદરતી આફતોએ એમને દયાપાત્ર બનાવી મૂક્યા હતા. ગરીબ મજૂરો પાસે મામૂલી દરે તનતોડ કામ લેવામાં આવતું. બદલામાં દિવસમાં એક વાર એમને થોડીક ખીચડી મળતી. તેઓ વાંસ–માટીનાં ઝૂંપડામાં રહેતા. પેટપૂરતું ખાવાનું ન મળતું હોય ત્યાં એમની પાસેથી નીતિમયતા, સચ્ચાઈ કે ઈમાનદારીની શી આશા રાખી શકાય?[૩૫]

(આ) ભોજન

ગુજરાતના મુસ્લિમ સમાજના ઉચ્ચ વર્ગ માટે ભોજન વૈભવ-પ્રદર્શનનું સાધન હતું. તેઓ પ્રાતઃકાળે અલ્પાહાર, મધ્યાહ્ને ભોજન અને સાંજના વાળુ–એમ ત્રણ વખત ઠાઠમાઠથી ભોજન કરતા. ત્રણે સમયે ઉત્તમ ખાદ્ય પદાર્થો સાથે મેવા મીઠાઈ પણ લેવામાં આવતાં. મુસ્લિમો માંસાહાર કરતા. તેઓ સુગંધીદાર બિરંજ બનાવતા, જેવા કે કાબુલી, દુઝદ બિરયાની, પુલાવ વગેરે. હલવો એમની માનીતી મીઠાઈ હતો. પાળેલાં અને જંગલી પશુપક્ષીઓનું માંસ તળીને, શેકીને અથવા સૂપ બનાવીને તેઓ ખાતા. તેતર, બતક અને સસલાનું માંસ રોજના આહારમાં લેતા. પ્રવાસી મેન્ડેલસ્લોએ ગુજરાતના સૂબેદારે આપેલ એક જ્યાફતનું વર્ણન કર્યું છે એ પરથી એ સમયના ઉચ્ચ વર્ગીય મુસ્લિમોના ખોરાકની વાનગીઓનો ખ્યાલ આવી શકે છે.

શરાબ મુસલમાનો માટે વર્જ્ય છે, છતાં ખોરાકની સાથે શરાબ લેવાનું સર્વસામાન્ય હતું. ઘણા ગુજરાતી મુસ્લિમો શરાબ કરતાં અફીણને વધુ પસંદ કરતા.

ભોજન પછી કાથો ચૂનો અને સોપારીવાળું પાન ખાવાનો સામાન્ય શિરસ્તો હતો. શ્રીમંતો અને અમીરોના પાનમાં કપૂર અને કસ્તૂરી નાખવામાં આવતી.

સર ટૉમસ રો લખે છે કે મુસ્લિમ અમીર–ઉમરાવો પોતાના ભોજનમાં સામાન્ય રીતે ૨૦ વાનગીઓ તૈયાર કરાવતા. ખાસ પ્રસંગોએ ૫૦ વાનગી બનતી––એ ઉપરાંત ફળ વધારામાં.

મધ્યમ વર્ગના લોક બે વખત પેટ ભરીને ભોજન કરી શકતા. તેઓ એમના ભોજનમા રોટલી પૂરી પરોઠાં શાક દૂધ દહીં ઘી માખણ તેલ વગેરેનો ઉપયોગ કરતા. તહેવારોના દિવસોમાં મેવા મીઠાઈ અને ફરસાણનો ઉપયોગ થતો.

ગરીબ લોકો દિવસમાં માત્ર એક વખત ભોજન લઈ શકતા. ખીચડી દહીં અને અથાણું એમનો રોજિંદો ખોરાક હતો, ખીર એમનું મિષ્ટાન્ન ગણાતું. આ કાલ દરમ્યાન આવેલ બધા જ મુસાફરોએ ખીચડીનો ઉલ્લેખ કર્યો છે. ખીચડીમાં થોડુંક મીઠું અને મળી શકે તો સહેજ માખણ નાખીને તેઓ ખાતા. શહેનશાહ જહાંગીર ખંભાત ગયો ત્યારે એણે ખીચડીનો સ્વાદ માણ્યો હતો.[૩૬]

(ઇ) પોશાક

શ્રીમંત મુસલમાનો અને અમીર ઉમરાવો પોતાના પોશાક અંગે ખૂબ ચોકસાઈ રાખતા. તેઓ ખમીસ અને લેંઘો પહેરતા. એના ઉપર કબા નામનો (કોટ જેવો) પોશાક પહેરતા. ઠંડી મોસમમાં તેઓ 'ડગલા' નામથી ઓળખાતો ઓવરકોટ પહેરતા. ઘરમાં તેઓ લેંઘાને બદલે 'લૂંગી' પહેરતા. તેઓ ક્યારેક સલવાર કે પગે ચુસ્ત ચોરણો પહેરતા. પોતાના પોશાક પાછળ તેઓ ઘણો ખર્ચ કરતા.

ઉલેમાઓ વિશિષ્ટ પ્રકારની પાઘડી તેમ કબા અને પાયજામો પહેરતા

મજૂરો કારીગરો અને ખેડૂતો માત્ર લંગોટી વાળતા. તેઓ ઘૂંટણ સુધી પહોંચે તેવો સુતરાઉ કાપડનો એક ટુકડો પોતાની કમરે વીંટાળતા. અબૂલ્ ફઝલ 'લંગોટા'નું વર્ણન કરતાં કહે છે કે 'એ શરીરના માત્ર બે ભાગને ઢાંકતું કમર પર પહેરવાનું કપડું છે.'

આ કાલમાં ઉઘાડા માથાવાળા લોકો સંમાનનીય ગણાતા ન હતા. ઘરની બહાર જતાં તેઓ માથા પર ટોપી કે પાઘડી અચૂક પહેરતા. મુસ્લિમોનો એ આમ-રિવાજ હતો. તેઓ સફેદ ગોળ પાઘડી પહેરતા. પોતાના વડીલોની હાજરીમાં તેઓ એને માથા પરથી ઉતારતા ન હતા. રઈસો પોતાની પાઘડી માટે ૨૫ થી ૩૦ વાર લાંબું બારીક મલમલનું કાપડ વાપરતા. એનું વજન ચાર ઔંસથી વધુ ભાગ્યેજ થતું. ગુજરાતમાં પહેરાતી કેટલીક ટોપીઓને ૧૦ બાજુઓ હતી.[૩૮]

સ્ત્રીઓના પોશાકમાં ખાસ વિશેષતા ન હતી. મુસ્લિમ સ્ત્રીઓ મોટે ભાગે સલવાર અને કમીઝ પહેરતી. એમની સલવાર પુરુષોના ચોરણા કરતાં ખાસ જુદી ન હતી. તેઓમાં કેટલીક ઘાઘરા પણ પહેરતી. સૂલવાર અને ઘાઘરામાં રેશમી દોરી પરોવી એ કમર પર બાંધવામાં આવતી. કયારેક તો દોરીનું ફૂમતું ઘૂંટણ સુધી લટકતું રાખવામાં આવતું. સ્ત્રીઓના આર્થિક અને સામાજિક દરજ્જા પ્રમાણે એમની સલવાર સુતરાઉ, રેશમી કે કિનખાબના કાપડમાંથી બનાવવામાં આવતી.

ઉચ્ચ તથા મધ્યમ વર્ગની મુસ્લિમ સ્ત્રીઓમાં પડદાની પ્રથા ઘણી ચુસ્ત રીતે પળાતી. ઉચ્ચ વર્ગની મહિલા બુરખા વગર ભાગ્યેજ દેખાતી. મુસ્લિમોમાં સ્ત્રીનું મુખ લોહીની સગાઈ સિવાયનાં બીજાં એનાં નિકટનાં સગાં પણ જોઈ ન શકે એવો ચાલ હોવાથી બુરખા વગરની સ્ત્રી ક્વચિત જ જોવા મળતી. સંજોગવશાત્ અગર આકસ્મિક રીતે જો કોઈ સ્ત્રીનો પડદો થોડા સમય માટે પણ ખૂલી જાય તો એ માટે એને ઘણું સહન કરવું પડતું.

નીચા વર્ગની, ખાસ કરીને ખેડૂત કે મજૂર વર્ગની, સ્ત્રીઓ બુરખાના બંધનથી મુક્ત રહેતી. તેઓએ પોતાના પતિને બધાં કાર્યોમાં મદદ કરવી પડતી. પરિણામે બુરખો રાખવાનું એમને માટે મુશ્કેલ હતું.

કુરાનેશરીફમાં એક મુસલમાનને ચાર સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની પરવાનગી આપવામાં આવી હોવા છતાં ગરીબ નીચલા વર્ગના મુસલમાનોમાં એકપત્નીપ્રથા પળાતી. ઉલેમાઓના નિર્ણય પ્રમાણે મુસ્લિમ, નિકાહ દ્વારા માત્ર ચાર, પરંતુ મુતા દ્વારા ગમે તેટલી સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકે. પરંતુ શહેનશાહ અકબરે ફરમાન બહાર પાડયું હતું કે, "સામાન્ય સ્થિતિનો મુસલમાન, એકથી વધુ સ્ત્રી કરી શકે નહિ—સિવાય કે એની પત્ની વાંઝણી હોય. બહુપત્નીપ્રથા, સરદારો અને શ્રીમંતોનું દૂષણ અને મધ્યમ વર્ગના શોખનું સાધન હતું.

ઇસ્લામ પ્રમાણે સ્ત્રીને મિલકતનો અમુક ચોક્કસ ભાગ વારસામાં મેળવવાનો અધિકાર હતો અને એ રીતે મેળવેલ મિલકત ઉપર એનો સર્વાધિકાર રહેતો. પોતાની એ મિલકતનો એ યથેચ્છ ઉપભોગ કરી શકતી.

ગુજરાતના મુસલમાનોમાં અન્ય ભારતીય મુસલમાનોની જેમ અલંકારોનું ધાર્મિક મહત્ત્વ હતું. તેઓ સોના-ચાંદીનાં તાવીજ પહેરતા. એમાં ખુદા તાલાનું નામ કોતરાવતા. સ્ત્રીઓ સેંથામાં સિંદૂર, કાનમાં કડી કે ચંપાકળી, નાકમાં નથ કે વેસર, ગળામાં હાર કે ગલૂબંદ, હાથ ઉપર બાજુબંધ અને ચૂડી કે કંગન, આંગળી પર વીંટી અને પગમાં પાયલ પહેરતી.

રમતગમતો

શતરંજ ચોપાટ અને પત્તાંની રમતો ઉચ્ચ મધ્ય કે ગરીબ બધા વર્ગના મુસલમાનો માટે મનોરંજનના સાધનરૂપ હતી. મેદાની રમતોમાં કુસ્તી મુક્કાબાજી શિકાર ચોગાન અને કબૂતરો ઉડાડવાની રમતો મુખ્ય હતી.

એ ઉપરાંત પ્રાણીઓની સાઠમારી જોવાનો શોખ સૌ મુસ્લિમોને હતો. ઘેટાં બકરાં કૂકડા કૂતરા આખલા કે હરણની સાઠમારી મેદાનમાં થતી અને જોનારાઓને પૂરતું મનોરંજન પૂરું પાડતી.

ઉચ્ચ વર્ગના મુસલમાનોમાં જંગલી પ્રાણીઓની સાઠમારી વધુ પ્રિય હતી. વાઘ ચિત્તા હાથી અને દીપડાની જીવસટોસટની લડાઈ જોવાનું તેઓને વધુ પસંદ પડતું. 'તુઝુકે જહાંગીરી'માં આખલા અને વાઘ વચ્ચેની કુસ્તીઓનો ઉલ્લેખ છે. ઘોડદોડની હરીફાઈ અમીર ઉમરાવોમાં પ્રચલિત હતી. તેઓ પોતાના તેજી ઘોડા ઉપર બેસી ઘોડદોડની હરીફાઈમાં ભાગ લેતા.

ભિન્ન ભિન્ન પ્રકારની પોલોની રમત, જેવી કે ઘોડા પર બેસીને રમાતી પોલો, પાણીમાં રમાતી પોલો, પ્રકાશિત દડા વડે રાત્રે રમાતી પોલો વગેરે શાહી રમતો ગણાતી.[૩૯]

પતંગ ઉડાડવાની રમત બધા વર્ગોમાં સામાન્ય હતી. વહેતા પાણીમાં તરવાનું સ્વાસ્થ્યપ્રદ ગણાતું અને તેથી તરવાની રમત ઘણી પ્રખ્યાત બની હતી.

બાદશાહો અને અમીર ઉમરાવોને શિકારનો ઘણો શોખ હતો. પોતાની ગુજરાતની મુલાકાતના પ્રસંગે બાદશાહ જહાંગીર દાહોદથી ૧૦ કિ.મી. દૂર કદાચ પાવાગઢના પહાડી તથા જંગલોવાળા પ્રદેશમાં હાથીઓના શિકાર માટે ગયો હતો.[૪૦]

ગુજરાતના મુસલમાનોને રંગભૂમિ પર ભજવાતાં નાટકો–દૃશ્યો જોવાનો શોખ પણ હતો. ગુજરાતના કેટલાક નટોએ ગુજરાતમાં ચાલતા ગેરવહીવટને દર્શાવતો એક અભિનય શહેનશાહ શાહજહાં પાસે રજૂ કર્યો હતો.[૪૧]

સામાન્ય મુસ્લિમને ગમે તેવી અને વધુ મનોરંજન આપતી રમતોમાં, વાર્તાકથા અને શ્રવણ બહુ મહત્ત્વની રમત છે. સુશિક્ષિત વર્ગોમાં ગુલિસ્તાન બુસ્તાન અને અન્ય પુસ્તકોમાંથી વાર્તાઓ કહેવામાં આવતી. સૌને એમાં રસ પડતો અને જ્ઞાન સાથે ગમ્મતની લહાણ થતી. એ ઉપરાંત ઉખાણાં–ચીસ્તાન–ની રમત પણ લોકપ્રિય હતી. સામસામાં ઉખાણાં અપાતાં અને એના ઉકેલમાં બુદ્ધિશક્તિની કસોટી થતી.

મુસ્લિમો પોતાના ધાર્મિક ઉત્સવ ધામધૂમથી ઊજવતા. ઈદે મિલાદ, ઈદ–ઉલ–ફિત્ર, ઈદ–ઉલ–ઝુહા, શબે બરાત, બારા વફાત વગેરે તહેવારો આનંદપૂર્વક ઉજવાતા. મોહરમનો પ્રસંગ પણ સારી રીતે પસાર થતો. મુઘલ બાદશાહો સુન્ની હોવા છતાં તેઓએ મોહરમની ઉજવણી ઉપર કોઈ નિયંત્રણ જ નાખ્યાં ન હતાં. અલબત્ત ઔરંગઝેબે પોતાના અમલ દરમ્યાન મોહરમની ઉજવણી પર પ્રતિબંધ ફરમાવ્યો હતો.[૪૨]

મુસલમાનો શુકન–અપશુકનમાં માનતા. વહેમી માન્યતાઓની બાબતમાં ગુજરાતના હિંદુ અને મુસલમાન સરખા હતા. મુસ્લિમો પણ શુકન જોવડાવતા શહેનશાહો અને સૂબેદારો પોતાના દરબારમાં જ્યોતિષીઓને રાખતા. જાદુ તાવીજ અને એવી બીજી બાબતોમાં તેઓની દૃઢ માન્યતા હતી.[૪૩]

કેળવણી

મુઘલ કાલમાં ત્રણ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ હતી : ૧. મકતબ, ૨. મસ્જિદો અને ખાનકાહો સાથે સંલગ્ન શાળાઓ અને ૩. મદ્રેસાઓ. પ્રથમ બે પ્રકારની શાળાઓ પ્રાથમિક કક્ષાની હતી. એમાં અરબી–ફારસીનું, એ ખાસ કરીને ફારસીનું, અક્ષરજ્ઞાન અપાતું. એમાં કુરાને શરીફનું શિક્ષણ પણ અપાતું. કુરાને શરીફ કંઠસ્થ કરવાનું એમાં શીખવાતું. મસ્જિદ અને ખાનકાહો સાથે સંલગ્ન શાળાઓમાં અધ્યાત્મવિદ્યા શીખવાતી. આવી મકતબો અને શાળાઓ ગુજરાતનાં તમામ શહેરો કસ્બાઓ અને ગામડાંઓમાં વિદ્યમાન હતી.

મદ્રેસાઓ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની શાળા–કૉલેજ હતી. કેટલીક મદ્રેસાઓ તો ઉત્તમ જ્ઞાનકેંદ્રો તરીકે ખ્યાતિ પામી હતી. હિ.સ. ૧૦૯૨ માં નહરવાલા(પાટણ)માં "ફૈઝ સફા" નામની મદ્રેસા સ્થાપવામાં આવી હતી. એ

એક મસ્જિદ સાથે સંલગ્ન હતી. શિયા સંપ્રદાયના શિક્ષણ અર્થે અમદાવાદમાં "લંગર દ્વાજદા ઇમામ" નામની એક ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થા બુરહાન નિઝામશાહ પહેલાએ સ્થાપી હતી. તેમાં ઇરાક ઈરાન અરબસ્તાન અને ઉત્તર ભારતમાંથી ખ્યાતનામ વિદ્વાનોને બોલાવી શિક્ષક તરીકે નીમવામાં આવ્યા હતા. અકામુદ્દીને પણ ઈ.સ. ૧૬૯૭માં આશરે રૂપિયા ૧,૪૦,૦૦૦ના ખર્ચે એક ભવ્ય કૉલેજની સ્થાપના કરી હતી.[૪૪] એ 'મદ્રેસા-એ હિદાયત બખ્શ' નામે ઓળખાતી.

આવી મદ્રેસાઓ માત્ર શહેરોમાં જ હતી, ગામડાંઓમાં શિક્ષણ માત્ર મકતબ પૂરતું જ મર્યાદિત રહેતું. ત્યાર બાદ ઉચ્ચ શિક્ષણ માટે શહેરની મદ્રેસાઓમાં જવું પડતું.

મુસ્લિમ બાળકોનું શિક્ષણ રાજ્ય દ્વારા સંચાલિત થતું. રાજ્ય તરફથી શિક્ષકો નિમાતા. ઔરંગઝેબે ગુજરાતના દીવાનને સૂચના આપી હતી કે રાજ્યના સદ્રની સલાહ લઈ શિક્ષકોની નિયુક્તિ કરે. એવા શિક્ષકોને રાજ્ય તરફથી દરમાયો અપાતો અને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પણ અપાતી.

જે મુસ્લિમને ઇસ્લામી શાળાઓમાં અપાતા શિક્ષણ ઉપરાંતનું શિક્ષણ મેળવવું હોય તે હિંદુ પાઠશાળામાં પણ જોડાતો. ત્યાં એને ખગોળ ગણિત અને આયુર્વેદનું શિક્ષણ અપાતું.

મુસ્લિમ મદ્રેસાઓમાં ૧૦ થી ૧૨ વર્ષ શિક્ષણ અપાતું. ત્યાર પછી કોઈ નામી વિદ્વાન પાસે કેટલાંક વર્ષો સુધી શીખનારને ડૉક્ટરેટ જેવી ઊંચી ઉપાધિ મળતી. એનાથી પણ વધુ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે મક્કા મદીના બસરા કુફ યમન દમાસ્કસ કેરો બગદાદ કે ખોરાસાન જવું પડતું.

છોકરીઓ માટે કોઈ અલગ શાળાઓ ન હતી. નાની ઉંમરની બાલિકાઓ છોકરાઓ સાથે મકતબોમાં ભણતી. ત્યાં તેઓને ખાસ કરીને કુરાને શરીફ શીખવવામાં આવતું. શ્રીમંત વર્ગ પોતાની દીકરીઓના શિક્ષણ માટે ખાનગી શિક્ષકો રાખતો.

ઈસુની ૧૮મી સદીના પ્રારંભકાલમાં એક મુસ્લિમ વિદ્વાન મુલ્લા નિઝામુદ્દીને મદ્રેસાઓમાં શીખવાતો અભ્યાસક્રમ નિયત કર્યો હતો. એ અભ્યાસક્રમ ત્યાર સુધીમાં શીખવાતા અભ્યાસક્રમને આધારે પદ્ધતિસર રજૂ કરવામાં આવ્યો હતો. એ "દર્સે નિઝામિયા" નામથી જાણીતો છે. અભ્યાસક્રમમાં ૧૧ વિષય છે અને એ દરેક વિષય માટે અમુક સૂચિત પુસ્તકોની યાદી આપવામાં આવી છે. એ વિષયો આ પ્રમાણે છે : ૧. સર્ફ, ૨. નહ્વ (વ્યાકરણ વગેરે), ૩. મન્તિક

(તર્કશાસ્ત્ર), ૪. હિકમત (તત્ત્વજ્ઞાન), ૫. રિયાઝી (ગણિતશાસ્ત્ર), ૬. બલાગત (વક્તૃત્વકલા), ૭. ફિકહ (ન્યાયશાસ્ત્ર), ૮. ઉસૂલે ફિકહ (ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો), ૯. કલામ, ૧૦. તફસીર અને ૧૧. હદીસ.

મુઘલ સમય દરમ્યાન ગુજરાતમાં ઘણાં પુસ્તકાલય વિદ્યમાન હતાં. દરેક મદ્રેસામાં એકાદ નાનું કે મોટું પુસ્તકાલય રાખવામાં આવતું. અમદાવાદનું 'શમ એ બુખારી' નામે પુસ્તકાલય, અકબરે જ્યારે ગુજરાત જીત્યું ત્યારે, હયાત હતું. બીજાં કેટલાંક નામી કિતાબખાનાંઓમાં (૧) ઈ.સ. ૧૬૫૪માં અમદાવાદમાં શરૂ કરવામાં આવેલ વલી કે દાખિની મદ્રેસાનું પુસ્તકાલય, (૨) ઈ.સ. ૧૬૮૧ માં સ્થપાયેલ ફેઝ સફાનું પુસ્તકાલય, (૩) સૌરાષ્ટ્રના કુતિયાણા શહેરમાં શેખ ઈબ્રાહીમે ઈ.સ. ૧૬૮૯ માં સ્થાપેલી મદ્રેસાનું પુસ્તકાલય, અને (૪) શેખ મુહમ્મદ અકરામ કે જે અમદાવાદના સદ્ર હતા તેઓએ ઈ.સ. ૧૬૯૭ માં રૂ. ૧,૨૪,૦૦૦ ના ખર્ચે અમદાવાદમાં મસ્જિદ મદ્રેસા અને કિતાબખાના બંધાવ્યાં હતાં. આ બધાં પુસ્તકાલય ઘણાં સમૃદ્ધ હતાં. આ ઉપરાંત અમદાવાદના સરખેજમાં સુલતાન અહમદ ખંતવીએ એક મસ્જિદ ખાનકાહ મદ્રેસા અને કિતાબખાના બંધાવ્યાં હતાં. આ બધાં પુસ્તકાલયો તથા શાહી પુસ્તકાલયોનો લાભ વિદ્વાનો લઈ શકતા.

પાદટીપો

૧. ભોગીલાલ સાંડેસરા, 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય', "સ્વાધ્યાય", પુ. ૧૨, પૃ. ૧૩૭-૩૮
૨. "મીરાતે એહમદી" (ગુજરાતી ભાષાંતર), ભાગ ૨, પૃ. ૧૩૯-૪૩
૩. Commissariat, *History of Gujarat*, Vol. II, p. 173
૪. *Ibid.*, p. 189
૫. Jadunath Sarkar, *History of Aurangzeb*, Vol. III, p. 320
૬. Commissariat, *op. cit.*, p. 214
૭. ભોગીલાલ સાંડેસરા, 'ગુજરાતનાં શાહી મુઘલ ફરમાનો', "વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો", પૃ. ૧૧૫
૮. Commissariat, *op. cit.*, p. 191
૯. રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', પૃ. ૧૨૫-૨૬
૧૦. એજન, પૃ. ૧૨૭-૨૮ ૧૧. Commissariat, *op. cit.*, pp. 417-23
૧૨. *Ibid.*, p. 423 ૧૩. *Ibid.*, p. 425 ૧૪. *Ibid.*, p. 427

૧૫. *Ibid.*, p. 428 ૧૬. *Ibid.*, p. 429

૧૭. M. R. Majmudar, *Journal of the University of Bombay*, Vol. V, pp. 144–51

૧૮. ભો. જ. સાંડેસરા, 'પાટણના બે શિલાલેખો', "બુદ્ધિપ્રકાશ", વર્ષ ૮૩, પૃ. ૨૯૨–૨૯૬ અને "સંશોધનની કેડી", પૃ. ૨૩૬–૨૪૩

૧૯. જુઓ કૃષ્ણલાલ ઝવેરી, 'ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો' તથા છોટુભાઈ નાયક, 'ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ' એ બે પુસ્તક

૨૦. આ ફારસી તવારીખનું જદુનાથ સરકારે કરેલું સંપાદન તથા અંગ્રેજી ભાષાંતર (ડૉ. રઘુવીરસિંહજીના સુધારાવધારા સહિત) વડોદરાની મ. સ. યુનિવર્સિટીના ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટની ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝમાં પ્રકાશિત કરવાની આયોજના થઈ છે.

૨૧–૨૩. ભો. જ. સાંડેસરા, 'મોગલકાલીન ગુજરાતના બે વીર મુત્સદ્દીઓ', "સ્વાધ્યાય", પુ. ૧, પૃ. ૧૫૨-૧૫૫. આ લેખ 'અન્વેષણા'(પૃ. ૨૦૭–૧૨)માં ગ્રંથસ્થ થયો છે.

૨૪. પાંજરાપોળની સંસ્થા કેટલી પ્રાચીન છે એ લિખિત કે અન્ય પુરાવાઓને અભાવે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. નિદાન સોલંકી કાલમાં તો વ્યવસ્થિત પાંજરાપોળ (પછી ભલે એ કોઈ જુદા નામે ઓળખાતી હોય) હશે એમ આનુષંગિક પુરાવાઓ ઉપરથી અનુમાન થાય છે. મુઘલ કાલમાં ગુજરાતનાં મુખ્ય નગરોમાં પાંજરાપોળો હતી એનાં સ્પષ્ટ સમકાલીન પ્રમાણ છે.

૨૫. એદલજી જમશેદજી ખોરી, "દુકાળ વિષે નિબંધ"

૨૬. Commissariat, *op. cit.*, pp. 313–17 ૨૭. *Ibid.*, p. 188

૨૮. *Ibid.*, p. 394-f. ૨૯. *Ibid.*, p. 457 ૩૦. *Ibid*, p. 495f.

૩૧. પ્રવીણ ચિ. પરીખ, 'ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ', પૃ. ૬૬

૩૨. Ashirbadi Lal Shrivastav, *Medieval Indian Culture*, p. 29

૩૩. M. S. Commissariat, *op. cit.*, Vol. II. p. 162

૩૪. *Ibid.*, pp. 158–59

૩૫. પ્રવીણ ચિ. પરીખ, ઉપર્યુક્ત, પૃ. ૬૯–૭૦

૩૬. M. S. Commissariat, *op. cit.*, Vol. II, p. 60

૩૭. *Ain-i-Akbari*, p. 274, cited by P. N. Chopra, *Some Aspects of Society and Culture during the Mughal Age*, p. 7

૩૮. P. N. Chopra, *ibid.*, p. 9

૩૯. Shri Ram Sharma, *Mughal Government and Administration*, p. 8

૪૦. Commissariate, *op. cit.*, Vol. II, p. 72

૪૧. Pran Nath Chopra, *op. cit.*, p. 80 ૪૨. *Ibid.*, p. 101

૪૩. Shri Ram Sharma, *op. cit.*, p. 8

૪૪. Pran Nath Chopra, *op. cit.* p. 147

*

પ્રકરણ ૮

આર્થિક સ્થિતિ

પોણા બસો કરતાં વધુ વર્ષના આ સમયગાળાના પૂર્વાર્ધમાં ગુજરાત આર્થિક અને હુન્નર-ઉદ્યોગની દૃષ્ટિએ સમૃદ્ધ હતું, જ્યારે એના ઉત્તરાર્ધમાં રાજકીય દુરવસ્થા, આંતરવિગ્રહો અને એને પરિણામે ઉત્પન્ન થયેલી સામાજિક અશાંતિને કારણે હુન્નરઉદ્યોગ અને ધંધારોજગારની અવનતિ થઈ હતી.

અકબર જહાંગીર અને શાહજહાંનો સમય એ માટે પૂર્ણ શાંતિનો સમય હતો. ખુશ્કી અને તરી માર્ગે વેપારનો ભારે વિકાસ થયો, ઉદ્યોગોને વેગ મળ્યો તથા વિવિધ પ્રકારના કાપડની અને ગળીની નિકાસને પરિણામે ગુજરાતનાં મુખ્ય નગરોનાં નામ આંતરરાષ્ટ્રિય બજારોમાં જાણીતાં થયાં. ઐતિહાસિક સાધનોના અભ્યાસને પરિણામે એ છાપ દૃઢ બને છે કે ગ્રામ-નગરોની વસ્તી પોતાના વ્યવસાય શાંતિમય રીતે ચલાવવાને એકંદરે સ્વતંત્ર હતી. ખાસ કરીને ઔરંગઝેબના સમયમાં હિંદુ પ્રજાની ધાર્મિક સ્વતંત્રતા જોખમાય એવા હુકમો નીકળ્યા હતા અને અકબરે નાબૂદ કરેલો જજિયાવેરો પાછો લેવાનું શરૂ થયું હતું તોપણ કાયદો અને વ્યવસ્થાની એકંદરે સાબૂત સ્થિતિને કારણે આર્થિક અને વેપારી આબાદીને બાધ આવ્યો હોય એમ જણાતું નથી. સુરત ખાતેની અંગ્રેજ કોઠીનાં દફતરોમાંથી અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ડિરેક્ટરોના એ કોઠીના કર્મચારીઓ સાથેના આજ સુધી સચવાયેલા ઢગલાબંધ પત્રવ્યવહારમાંથી આ વિધાનનું સમર્થન થાય છે. ૧૭ મી સદીનું સુરત મુઘલ સામ્રાજ્યના દરિયાઈ વેપારનું કેંદ્ર તથા, કવિશ્રી નાનાલાલે કહ્યું છે તેમ, હાજીઓ માટે 'મક્કાનું મુખબાર' બન્યું હતું અને તેથી 'બંદર-ઇ-મુબારક' અને 'બાબ-અલ-હાજી' જેવાં બિરુદોથી એને નવાજવામાં આવ્યું. બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની ઉપરાંત અન્ય યુરોપીય વેપારી કંપનીઓએ પણ સુરત શહેરમાં કોઠીઓ નાખી તેથી એના આયાત-નિકાસના વેપારને ભારે વેગ મળ્યો હતો. પુરાણું પાટનગર પાટણ પોતાનું વેપારી મહત્ત્વ અંશતઃ જાળવી રહ્યું હતું, જ્યારે ગુજરાતનું રાજકીય

કેંદ્ર અમદાવાદ અને ઐતિહાસિક બંદર ખંભાત હુન્નરઉદ્યોગ અને વેપારનાં ધીકતાં કેંદ્ર હતાં. પ્રાયઃ આ વસ્તુને અનુલક્ષીને 'હીરસૌભાગ્ય કાવ્ય'ના કર્તા દેવવિમલગણિ કહે છે :

> श्रीस्तम्भतीर्थं पुटभेदनं च यत्रोभयत्र स्फुरतः पुरे द्वे ।
> अहम्मदाबादपुराननायाः किं कुंडले गुर्जरदेशलक्ष्म्याः ॥
>
> (સર્ગ ૧, શ્લોક ૬૬)

(અર્થાત્ અમદાવાદ જેનું મુખ છે તેવી ગુર્જરદેશની લક્ષ્મીનાં ખંભાત અને પાટણ એ જાણે કે બંને બાજૂ સ્ફુરાયમાણ થતાં કુંડળ છે.)

૧૭મા સૈકામાં ગુજરાતની મુલાકાતે આવેલા યુરોપીય મુસાફરોનાં—મેન્ડેલ્સ્લો (ઈ.સ. ૧૬૩૮), ટેવરનિયર (ઈ.સ. ૧૬૪૧–૬૭), થેવેનો (ઈ.સ. ૧૬૬૬) અને જ્હોન ફ્રાયર(ઈ.સ. ૧૬૭૪–૭૫)નાં—પ્રવાસવર્ણન ગુજરાતના હુન્નરઉદ્યોગ અને વેપારની આબાદ સ્થિતિની સાક્ષી પૂરે છે.[૧]

ખંભાતના અખાતનો બંદર આગળનો ભાગ પુરાઈ જવાથી નાનાં વહાણ જ સોળમી–સત્તરમી સદીમાં ખંભાત બંદરે આવી શકતાં તથા ખંભાત આયાત–નિકાસ થતો માલ ઘોઘા અને ગંધાર બંદરે અટકતો ને ત્યાંથી હોડીઓ ભરી ખંભાત લઈ જવાતો અને હોડીઓમાં ખંભાતથી ચડતો; આમ છતાં ખંભાતની આબાદી લગભગ પૂર્વવત્ હતી.[૨]

એ સમયમાં મુખ્ય આયાત માલ આ પ્રમાણે હતો : તાણું સીસું પારો હીંગળોક અને ફટકડી એડન ગોવા અને ચેઉલથી, સોનું મક્કા ઓરમઝ એબિસિનિયા અને આફ્રિકાનાં અન્ય સ્થળોએથી, ચાંદી રાતા સમુદ્ર અને ઈરાની અખાતનાં બંદરોએથી, હીરા દક્ષિણ ભારતમાંથી, માણેક પેગુ અને લંકાથી, નીલમ ઈરાનથી, ચોખા એલચી સોપારી અને નારિયેળ મલબારથી, પાન મલબાર અને વસઈથી, અફીણ મજીઠ અને સૂંઠ અરબસ્તાનથી, કિસમિસ અને ખજૂર ઈરાનથી, હરડે બહેડાં અને તેજાનો કાબુલથી, લવિંગ મોલ્યુકાસથી, જાયફળ અને જાવંત્રી પેગુથી; સુખડ ટીમોરથી; કપૂર બોર્નિયો અને સુમાત્રાથી, તજ લંકા અને જાવાથી, મરી બંગાળ મલબાર લંકા સુમાત્રા અને જાવાથી, ઘોડા ઈરાન અરબસ્તાન અને કાબુલથી, હાથી લંકા અને મલબારથી, હાથીદાંત આફ્રિકાથી, લાખ પેગુ અને માર્તાબાનથી, અંબર આફ્રિકા સોકોટ્રા અને માલદીવથી મલમલ બંગાળ અને કોંકણથી અને બિલોરી કાચ ચીન તથા માર્તાબાનથી.

નિકાસ થતો માલ મુખ્યત્વે આ પ્રમાણે હતો : ચોખા સિંધ કોંકણ મલબાર આફ્રિકા અને અરબસ્તાનમાં, ઘઉં મલબાર અરબસ્તાન અને આફ્રિકામાં, કઠોળ અને તલ મલબારમાં, રૂ મલબાર અને અરબસ્તાનમાં, મરી ઈરાનમાં, અફીણ ઈરાન મલબાર પેગુ અને મલાયામાં, ગળી ઈરાની અખાત અને રાતા સમુદ્રના પ્રદેશમાં તથા કોંકણમાં, ઘોડા મલબાર અને કોંકણમાં, અકીકનાં ઘરેણાં મલબાર અરબસ્તાન રાતા સમુદ્રના પ્રદેશમાં તથા પૂર્વ આફ્રિકામાં અને સૂતર તેમ રેશમી અને સુતરાઉ કાપડ અને કામળા શેતરંજીઓ પેટી પલંગ ખરાદીકામ અને હાથીદાંતનાં રમકડાં જેવી ચીજો અનેક દેશોમાં જતી.[૩] અમદાવાદનો કિનખાબ તથા રેશમી અને સુતરાઉ કાપડ ખંભાત આવતાં અને ત્યાંથી વહાણો ભરીને પશ્ચિમ અને પૂર્વના વિદેશી બંદરોએ જતાં. સુતરાઉ કાપડ તો ખંભાતથી એટલું ચડતું કે ખંભાતને 'દુનિયાનું વસ્ત્ર' કહેતા. ઇંગ્લૅન્ડની રાણી એલિઝાબેથે અકબર ઉપર લખેલા પત્રમાં અકબરને 'ખંભાતનો રાજા' કહ્યો છે. આફ્રિકાના સમુદ્ર-કિનારાના પ્રદેશમાં ગુજરાતના સુતરાઉ કાપડનો એટલો ખપ હતો કે એનાથી સોગણી કિંમત સોનામાં આપવામાં આવતી. મલાયાના ટાપુઓમાં માણસની ઊંચાઈ જેટલો આ કાપડનો ઢગ અપાતો ત્યારે પકડાયેલા કેદીનો છુટકારો થતો.[૪]

સત્તરમા સૈકામાં ગુજરાતનું જ નહિ, પણ મુઘલ સામ્રાજ્યનું સૌથી આબાદ બંદર સુરત હતું. એ સમયના સુધરેલા જગતના પ્રત્યેક દેશના વેપારીઓ અને વહાણ સુરતમાં નજરે પડતાં. અંગ્રેજ વેપારીઓ પ્રથમ સને ૧૬૦૮ માં સુરતમાં આવ્યા અને એમણે ૧૬૧૧ માં સુરત અમદાવાદ ખંભાત ઘોઘા વગેરેમાં વેપાર કરવાનો પરવાનો મેળવ્યો. ડચો અને ફ્રેન્ચોએ પણ સુરતમાં કોઠી નાખી અને ડચોએ સુરત ઉપરાંત અમદાવાદ ભરૂચ વડોદરા ખંભાત અને સરખેજમાં પણ કોઠીઓ નાખી. પોર્ટુગીઝોને પણ સુરતના વેપારમાં રસ હતો અને જુદા જુદા યુરોપીય દેશોના વેપારી જૂથો કે રાજ્યાશ્રિત વેપારી કંપનીઓ ત્યાં પરસ્પરની સ્પર્ધા કરતાં હતાં. સારાંશ કે સુરત આંતરરાષ્ટ્રિય વેપારનું અને પ્રવાસનું કેંદ્ર હતું. ત્યાંનાં વહાણ દક્ષિણમાં કોંકણ મલબાર લંકા, પશ્ચિમે અરબસ્તાન આફ્રિકા અને ઈરાની અખાતનાં બંદરોએ તથા પૂર્વ બંગાળ પેગુ સુમાત્રા જાવા અને ચીન સુધી અવરજવર કરતાં. સુરતથી બાર માઇલ દૂર સુંવાળી ગામે મોટાં વહાણ લંગર નાખતાં અને ત્યાંથી માલ ઉતારી ગાડામાં અથવા મછવામાં ભરી સુરતમાં લવાતો. સુરતના ઘણાં હિંદુ વેપારીઓ જાવા અને સુમાત્રામાં રહેતા. સુમાત્રાના પ્રાચીન બંદરમાં એમનો એક જુદો મહોલ્લો હતો. દેશાવર સાથેના આ વહેવારને કારણે વહાણ બાંધવાનો મોટો ઉદ્યોગ સુરતમાં

હતો અને આ કામ કરનાર કુશળ કારીગરો હતા.[૫] ગમે તેટલા વજનના વહાણના પૂરા જોખમના દરિયાઈ વીમા ઉતારનાર પેઢીઓ સુરતમાં હતી અને ભરેલાં વહાણોના બારોબાર સોદા ઉતારનાર પ્રતિષ્ઠિત દલાલ પણ હતા. શિવાજીએ સુરત લૂટ્યું, કેમકે સુરત મુઘલ સામ્રાજ્યનું અતિશય ધનિક અને પ્રતિષ્ઠિત નગર હતું. એ મહારાષ્ટ્રથી ખૂબ નજીક હતું અને સુરત ઉપરનું આક્રમણ એ મુઘલ સામ્રાજ્યના આર્થિક દુર્ગ ઉપર સફળ આક્રમણ બરાબર હતું.

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં ગુજરાતની મુખ્ય ભૂમિ ઉપર ભરૂચ બંદર પૂર્વકાલીન ગૌરવની સ્મૃતિ જાળવી રાખી 'ભાગ્યું ભાગ્યું તોયે ભરૂચ' એ કહેવતને સાર્થક કરાવતું હતું. ભરૂચથી તેમજ સૌરાષ્ટ્રમાં વેરાવળ અને માંગરોળ બંદરોએથી પરદેશો સાથે સારો વેપાર ચાલતો હતો અને એ બંદરો કેવળ ખંભાત અને સુરતથી દુય્યમ કક્ષાનાં હતાં. સુરતની ક્રમશઃ ચડતી થતી ગઈ તેમ ખંભાતનો વેપાર અને દેશી-વિદેશી વેપારીઓ સુરત તરફ વળ્યા. પાટણના સુપ્રસિદ્ધ પટોળાં વણનાર સાળવીઓનું સ્થળાંતર આ વિષયમાં એક લાક્ષણિક ઉદાહરણરૂપ છે. એ કુશળ કારીગરો પાટણથી અમદાવાદ આવ્યા (એના પુરાવારૂપે અમદાવાદમાં સરસપુર અને જમાલપુરમાં સાળવીવાડ છે; જોકે ત્યાં સાળવીઓ પોતાને 'પટેલ' તરીકે ઓળખાવે છે, ત્યાંથી ખંભાત ગયા, ખંભાતથી અવનતિ થતાં સુરત ગયા, અને ત્યાંથી દખ્ખણમાં જાલના વગેરે સ્થળોએ ગયા.[૬]

અમદાવાદ રાજધાની હોવા ઉપરાંત વેપારનું મોટું મથક હતું. 'ત્રણ તાર' સૂતર તેમ રેશમ અને કસબ માટે એ વિખ્યાત હતું, જે પૈકી સૂતર અને સુતરાઉ કાપડનો ઉદ્યોગ ત્યાં આજ સુધી વિકસતો રહ્યો છે. અમદાવાદનું કાપડ ખંભાત અને સુરત દ્વારા પરદેશ જતું અને જમીનમાર્ગે ઉત્તર ભારત જતું. અમદાવાદની સમૃદ્ધિનું ટૂંકું પણ વિગત-ભરપૂર વર્ણન અબુલ ફઝલે 'આઈને અકબરી'માં કર્યું છે. સત્તરમા-અઢારમા સૈકામાં રચાયેલા જૈન ગુર્જર સાહિત્યમાં અમદાવાદ ખંભાત સુરત પાટણ પાલણપુર આદિ નગરોનાં પ્રસંગોપાત્ત જે વર્ણન છે તેમાં કાવ્યમય અત્યુક્તિ હોય તોપણ પર્યાપ્ત વસ્તુલક્ષિતા છે એમ સમકાલીન અન્ય ઐતિહાસિક સાધનો સાથે એની તુલના કરતાં જણાય છે.[૭]

મહાજનો અને કારીગરો દ્વારા ચાલતા 'ત્રણ તાર'ના ઉદ્યોગ ઉપરાંત ઊંચી જાતનાં સુતરાઉ કાપડ કિનખાબ જરિયાન અને મખમલ તૈયાર કરવા માટેનાં શાહી કારખાનાં અમદાવાદમાં હતાં અને એમાં બનતો લાખો રૂપિયાનો માલ શાહી દરબારમાં જતો તેમ બજારમાં પણ વેચાતો.[૮]

અમદાવાદ પાસેનું સરખેજ ગળીના પેદાશનું મોટું કેંદ્ર હતુ અને પરદેશી વેપારીઓને એમાં મોટો રસ હતો. ગળીમાં થતી ભેળસેળ સામે શાહજહાંના સૂબા આઝમખાને અતિશય કડક પગલાં લીધાં હતાં.[૯] આ ઉપરાંત સુરોખારનો નિકાસ–વેપાર પણ બહુ મહત્ત્વનો હતો, કેમકે સુરોખારનો ઉપયોગ બંદૂકનો દારૂ બનાવવામાં થતો અને યુરોપના દેશોમા એની ઘણી માંગ હતી. એની મુખ્ય પેદાશ ગુજરાતમાં માલપુરમાં થતી. બિહારમાં સુરોખાર મળ્યા પછી અંગ્રેજ અને ડચ કોઠીઓ પટણામાં પણ સ્થપાઈ હતી, પરંતુ મુઘલ સત્તાએ સુરોખારની નિકાસ ઉપર અનેક અંકુશ મૂકયા હતા અને પરદેશોમાં મુસલમાનો સામે લડવામાં એનો ઉપયોગ ટાળવા માટે આ અંકુશો મૂકયાનું જણાવાતું હતું, પણ વસ્તુતઃ આ અંકુશ કે પ્રતિબંધનું ખરું કારણ રાજ્યની સલામતી હતી. પરદેશી વેપારીઓ સુરોખારનો જે જથ્થો મેળવી શકતા તેમાં તો અમલદારોને લાંચ આપીને મેળવતા અથવા ભારતના જે પ્રદેશોમાં મુઘલ સત્તા નહોતી ત્યાંથી મેળવતા.[૧૦]

મેન્ડેલ્સ્લો લખે છે કે અમદાવાદના વેપારીઓના આડતિયા એશિયાના બધા ભાગોમાં અને કોન્સ્ટન્ટીનોપલમાં રહેતા અને આથી પરદેશો ઉપરની હૂંડીઓ અહીં સહેલાઈથી મેળવી શકાતી. વળી એ જણાવે છે કે દારૂગોળો સીસું અને સુરોખાર સિવાય બીજા સર્વ માલનો વેપાર કરવાની પરદેશીઓને છૂટ હતી, પણ આ ત્રણ ચીજોની નિકાસ સૂબેદારના પરવાના વિના થઈ શકતી નહિ.[૧૧]

ગુજરાતનાં મુખ્ય નગરોના વેપારીઓની સમૃદ્ધની કેટલીક નોંધપાત્ર વિગતો ઐતિહાસિક સાધનોમાંથી મળે છે. સુરતના વેપારીઓ વતી હાજી મુહમ્મદ ઝહીદ બેગ અને વીરજી વોરાએ બળવાખોર શાહજાદા મુરાદને ઈ.સ. ૧૬૫૭માં પાંચ લાખ રૂપિયા ધીર્યા હતા., જોકે આ ધિરાણ બળાત્કારે કરાયું જણાય છે.[૧૨] અમદાવાદના જાણીતા ઝવેરી શાંતિદાસ ઝવેરીના પુત્રો પાસેથી મુરાદે સાડાપાંચ લાખ રૂપિયા લીધા હતા અને અમદાવાદના નાગરિકો પાસેથી એણે કુલ ૫૦ લાખ લીધા હોવાનું મનાય છે.[૧૩] શાંતિદાસ ઝવેરીના પુત્રોને એમની રકમ પરત કરવાનું ફરમાન થોડા સમય બાદ મુરાદે કાઢયું હતું, પણ એવી રકમ ભરપાઈ થઈ હશે કે કેમ એ શંકાસ્પદ છે. કેટલાંક વર્ષ બાદ, અમદાવાદની પડતીના સમયમાં, ઈ.સ. ૧૭૨૫માં શાંતિદાસ ઝવેરીના વંશજ નગરશેઠ ખુશાલચંદે પોતાની અંગત મિલકતમાંથી મોટી રકમ આપીને અમદાવાદને આક્રમણકારોના પંજામાંથી બચાવ્યું હતું.[૧૪] અઢારમા સૈકાના આરંભમાં સુરતનો સૌથી ધનિક વેપારી અને સમૃદ્ધ વહાણવટી અબ્દુલ ગફૂર નામે વોરો હતો; યુરોપિયન

ચાંચિયાઓએ એનાં વહાણ કબજે કર્યાં હોવાની હકીકત સુરતની અંગ્રેજ કોઠીના પત્રવ્યવહારમાંથી મળે છે. એના મૃત્યુ સમયે સરકાર દ્વારા જપ્ત થયેલી એની મિલકતની કિંમતનો અંદાજ ૮૫ લાખ રૂપિયા કાઢવામાં આવ્યો હતો.[૧૫]

સમુદ્ર ઉપર મુઘલ સામ્રાજ્યની સત્તા નહિ જેવી હતી. આથી ગુજરાતનાં બંદરોએથી ઊપડતાં વહાણોએ પોર્ટુગીઝોનો પરવાનો લેવો પડતો. રાજકુટુંબના સભ્યો સમેત મક્કે જતા હાજીઓ પણ એમાંથી બાકાત નહોતા. સોળમા સૈકાના અંતમાં કાવીના વતની વજિયા અને રાજિયા નામે જૈન બંધુઓ ખંભાતમાં મોટો વેપાર કરતા હતા અને ગોવાના પોર્ટુગીઝ હાકેમ ઉપર એમનો સારો પ્રભાવ હતો. પોર્ટુગીઝોએ એક ચાંચિયાનું વહાણ પકડયું અને પકડાયેલાઓને મારી નાખવાનો હુકમ આપ્યો. એ દિવસ પર્યુષણના હતા. વજિયા અને રાજિયા શેઠના આ ધાર્મિક તહેવાર હોવાની યાદ ચાંચિયાઓએ પોર્ટુગીઝ અધિકારીઓને આપતાં એમણે ચાંચિયાઓને છોડી મૂકચા હતા. આમ સમૃદ્ધ વેપારીઓ બધી સત્તાઓ સાથે સારાસારી રાખતા હતા.[૧૬]

ઔરંગઝેબના રાજ્યમાં સન ૧૬૬૫ માં મુઘલ સામ્રાજ્યના બધા ભાગોમાં માલના વેચાણ ઉપરની જકાત શાહી હુકમથી એકસરખી કરવામાં આવી. રૂપિયા પર કરતાં ઓછી કિંમતના માલની વેચાણ–જકાત માફ હતી, પણ એ કરતાં વધુ કિંમતના માલ ઉપર મુસ્લિમ વેપારીઓએ સેંકડે અઢી ટકા જકાત ભરવાની હતી, જ્યારે હિંદુ વેપારીઓએ એ કરતાં બમણી એટલે કે સેંકડે પાંચ ટકા જકાત ભરવાની હતી! ઔરંગઝેબને આટલાથી સંતોષ ન થયો. સને ૧૬૬૭ માં એણે બીજું ફરમાન કાઢયું કે મુસ્લિમ વેપારીઓ પાસેથી લેવામાં આવેલી અઢી ટકા જકાત ભરવાનું ટાળવા માટે કોઈ હિંદુ પોતાનો માલ મુસ્લિમ વેપારીના માલ સાથે ભેળવી દે નહિ એની તકેદારી રાખવી.[૧૭] વેપારીઓના બે વર્ગો વચ્ચે ધાર્મિક દૃષ્ટિએ આવા ભેદ પાડવાને પરિણામે પ્રજાના એક મોટા વર્ગમાં કડવાશ ઊભી થઈ અને ગુજરાત જેવા વેપારી પ્રદેશમાં મુઘલ સામ્રાજ્યની પડતીની ભૂમિકા એક પ્રકારે બંધાઈ.

ઈ.સ. ૧૭૦૭ માં ઔરંગઝેબના અવસાન પછી મુઘલ સામ્રાજ્યની પડતી ઝડપી બની, ગુજરાત ખાતે કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ વણસવા લાગી તથા એની અસર હુન્નરઉદ્યોગ અને વેપાર ઉપર પણ થઈ. રાજ્યકર્તા વર્ગનું ધ્યાન પ્રજાનું રક્ષણ કરવાને બદલે એમાંના ધનિક અને સુખી ગણાતા વર્ગ પાસેથી કોઈ ને કોઈ નિમિત્તે નાણાં કઢાવવા તરફ ગયું. નાણાવટીઓ શરાફો અને

વેપારીઓની છડેચોક લૂંટ કરવામાં આવે અને જેમના પ્રત્યે શાસકોની ખફામરજી હોય તેમની મિલકતો જપ્ત કરવામાં આવે એવી ઘટનાઓ સામાન્ય બની ગઈ,[૧૮] અને સાધારણ નાગરિકો પાસેથી પણ ધાકધમકી (black-mailing) દ્વારા નાણાં કઢાવવાની ઘટનાઓ રોજિંદી બની. આને કારણે સાધનસંપન્ન માણસો પોતાના જાનમાલના રક્ષણ માટે વ્યવસ્થા કરવા લાગ્યા, જેથી ખાનગી સૈન્ય ઊભાં થયાં ને જાનમાલની સલામતી અને બંદોબસ્ત માટે વિશેષ ખતરો પેદા થયો. મુઘલ અમીરોના આંતરિક ઝઘડાને પરિણામે મરાઠી સત્તાને અવકાશ મળ્યો, પણ અકબરે ગુજરાત ઉપર મેળવ્યો હતો તેવો આ કોઈ સ્પષ્ટ અને નિર્ણયાત્મક વિજય નહોતો. મુઘલ સૂબેદાર કે સરદારો જેઓ કેંદ્રીય સત્તાને વફાદાર નહોતા તેમની અને મરાઠી સત્તા વચ્ચે અનિશ્ચિત બખેડામાં વર્ષો વીત્યાં અને કેટલોક સમય તો ગુજરાતના પાટનગર અમદાવાદમાં દ્વિમુખી રાજસત્તા હતી—ભદ્રના કિલ્લામાં મુઘલ સૂબાની અને ગાયકવાડની હવેલીમાં મરાઠાઓની. પરિણામે ગુજરાતની રાજકીય અને આર્થિક તારાજીમાં આવ્યું. અમદાવાદનાં આબાદ પરાં ઉજ્જડ થઈ ગયાં, અમદાવાદની વસ્તી ઘટી ગઈ અને એના સમૃદ્ધ નાગરિકો જ્યાં ફાવ્યું ત્યાં ચાલ્યા ગયા તથા અમદાવાદની તેમજ ગુજરાતનાં અન્ય મુખ્ય નગરોની ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિ નામશેષ થઈ ગઈ. 'મિરાતે અહમદી'નો કર્તા અને ગુજરાતનો મુઘલ દીવાન અલી મુહમ્મદખાન, જેણે એ કિંમતી તવારીખ સને ૧૭૬૧માં પૂરી કરી છે, તેણે ગુજરાતની આ સર્વાંગીણ અવનતિનો લગભગ રોજેરોજનો અવિકૃત અહેવાલ આપ્યો છે. 'મિરાતે અહમદી' લખે છે કે ઉમરેઠ કસ્બો અને વડનગર કસ્બો એ બે ગુજરાતની સોનેરી પાંખો છે, કેમકે ધનિક બ્રાહ્મણો ત્યાં વસે છે, પણ હમણાં એ પાંખો ભાગી જવાથી ગુજરાત પાંખો વિનાના પંખી જેવું થઈ ગયું છે.[૧૯] સને ૧૭૫૮ માં ગુજરાતમાંથી મુઘલ સત્તા નાશ પામી અને ગુજરાત મરાઠી હકૂમત નીચે આવ્યું ત્યારે પાટનગર અમદાવાદ એના અગાઉના વિશાળ અને તેજસ્વી રૂપના નાનકડા અને નિસ્તેજ પડછાયા જેવું થઈ ગયું હતું.

ગુજરાતમાંથી મુઘલ સત્તાનો અસ્ત થવાની તૈયારી હતી અને ગુજરાત રાજકીય અસ્થિરતા અને આંતરવિગ્રહના વમળોમાં સપડાયેલું હતું ત્યારે કચ્છમાં રાવ લખપતના રાજ્યકાલ(ઈ.સ. ૧૭૪૧–૬૧)માં હુન્નરકલાનો સારો વિકાસ થયો હતો. પુરાતન કાલથી કચ્છ પ્રદેશ સમુદ્ર-વ્યવહારથી વિદેશો સાથે સંકળાયેલો હતો અને ત્યાંના વેપારીઓ અને વહાણવટીઓ દરિયો ખેડતા હતા અને વિદેશોની સમૃદ્ધિ દેશમાં ખેંચી લાવતા હતા. રાવ લખપતને એના પિતા રાવ દેશળજી

તરફથી રાજ્યની તિજોરીમાં મોટો વારસો મળ્યો હતો અને લખપતજીએ પોતે એમાં વિવિધ સાધનો દ્વારા વધારો કર્યો હતો. રાવ લખપતે પોતાના રાજ્યમાં વસવા માટે વિદેશીઓને ઉત્તેજન આપ્યું હતું અને પોતાનો મહેલ યુરોપીય કલા-કારીગરીથી સજાવ્યો હતો. એવું આયોજન કરનાર સ્થપતિ રામસિંહ માલમ નામે કુશળ કારીગર હતો, જે અનેક વાર યુરોપની મુલાકાત લઈ આવ્યો હતો અને લાંબો સમય હોલૅન્ડમાં રહ્યા હતો. રામસિંહે કચ્છમાં તોપો બનાવવાનું કારખાનું નાખ્યું હતું તથા રેશમ અને કાચનાં કારખાનાં સ્થાપ્યાં હતાં. કચ્છના કારીગરોને ઘડિયાળ બનાવવાનું કામ એણે શીખવ્યું હતું. આવી બાબતોમાં કચ્છી કારીગરોની કુશળતા રામસિંહ માલમને આભારી હોવાનું મનાય છે.[૨૦]

અમદાવાદમાં કાલુપુરમાં આવેલું એક સ્થળ 'ટંકશાળ' તરીકે ઓળખાય છે ત્યાં ગુજરાત ખાતે મુઘલ સામ્રાજ્યની મુખ્ય ટંકશાળ હતી એમ મનાય છે. ગુજરાતી વેદાંતી કવિ અખો આ ટંકશાળમાં અધિકારી હોવાની અનુશ્રુતિ છે. ગુજરાતની બીજી મુખ્ય મુઘલ ટંકશાળ સુરતમાં હતી. શાહજહાંના રાજ્યકાલમાં ગુજરાતનો સૂબેદાર આઝમખાન હતો ત્યારે જૂનાગઢમાં અને ખંભાતમાં ટંકશાળ સ્થપાઈ હતી. જૂનાગઢની ટંકશાળનો પહેલો પ્રાપ્ત સિક્કો હિજરી સન ૧૦૪૯(ઈ.સ ૧૬૩૯-૪૦)નો છે, જ્યારે ખંભાતની ટંકશાળનો કોઈ સિક્કો હિજરી સન ૧૦૫૧(ઈ.સ. ૧૬૪૧-૪૨) પહેલાં પડેલો મળ્યો નથી. જૂનાગઢની ટંકશાળ લગભગ ૮૦ વર્ષ સુધી એટલે કે ઈ.સ. ૧૭૧૮ માં સમ્રાટ મુહમ્મદશાહનું રાજ્યારોહણ થયું ત્યાંસુધી નિદાન ચાલી હતી અને ખંભાતની ટંકશાળ આલમગીર ૨ જાના રાજ્યકાલ (ઈ.સ. ૧૭૫૪-૫૯) સુધી ચાલુ હતી.[૨૧] એમ જણાય છે કે જૂનાગઢ ખાતે ટંકશાળ સ્થાપવાનો એક ઉદ્દેશ 'મહમૂદી' નામથી ઓળખાતા ચાંદીના નાના જૂના સિક્કા ગાળી નાખીને નવા સિક્કા બહાર પાડવાનો હતો, પણ અમદાવાદની મુખ્ય ટંકશાળ ઉપર આની માઠી અસર થઈ, કેમકે દીવ અને આસપાસનાં બંદરોએ જે સોનું-ચાંદી આયાત થતાં હતાં તે અમદાવાદ લાવવાને બદલે વેપારીઓ જૂનાગઢની ટંકશાળમાં એના સિક્કા પડાવવા લાગ્યા. 'મિરાતે અહમદી'નો કર્તા લખે છે કે અમદાવાદ ખાતે ઘીનો બધો વેપાર આ જૂના 'મહમૂદી' સિક્કામાં થતો અને ઉમેરે છે કે 'મહમૂદી' વજન સાડાચાર માસા જેટલું હતું અને એક રૂપિયા બરાબર અઢી કે ત્રણ 'મહમૂદી' થતી.[૨૨] ઔરંગઝેબના સૈન્યે નવાનગર કે જામનગરનો કબજો લઈ એનું નામ 'ઇસ્લામનગર' રાખ્યું હતું ત્યાં મુઘલ સિક્કા પાડવામા આવ્યા હશે, કેમકે ઔરંગઝેબના ઈ.સ. ૧૬૬૭-૬૮ ના એક રૂપિયા ઉપર ઇસ્લામનગરની ટંકશાળનું નામ છે.[૨૩]

ગુજરાતમાં પોતાના સિક્કા પડાવનાર પહેલો મુઘલ બાદશાહ અકબર છે. અકબરના ધાર્મિક વિચારો ઇતિહાસ-રસિકોને સુપરિચિત છે. એણે 'દીને ઇલાહી' નામે નવો સંપ્રદાય શરૂ કર્યો હતો. એની પાછળના એના વિચારોનો પડઘો સિક્કાઓમાં પણ છે. સિક્કાઓમાંથી ઇસ્લામના પવિત્ર કલમા અને ખલીફાઓનાં નામ કાઢી નાખી એણે એક બાજુએ 'અલ્લાહો અકબર જલ્લજલાલહૂ'નું દ્વિઅર્થી વાક્ય મૂક્યું, જેનો અર્થ 'પ્રભુ મહાન છે અને એનું તેજ પ્રકાશે છે' તેમજ 'અકબર અલ્લાહ છે' એવો પણ થાય છે. બીજી બાજુએ હિજરી સનની નોંધ બંધ કરી પોતાના રાજ્યારોહણના વર્ષથી શરૂ થતા ઇલાહી સન સાથે ફારસી માસ અને ટંકશાળનું નામ ઉટ્ટંકિત કરવા માંડ્યું.[24]

અકબરના ઉત્તરાધિકારી જહાંગીરે સિક્કાના ક્ષેત્રમાં મોટી પ્રગતિ કરી. જુદી જુદી ટંકશાળોમાંથી બહાર પડેલા એના સિક્કાઓમાં દાખલ થતી નવી નવી કાવ્યપંક્તિઓ અને અન્ય પરિવર્તનો વિશે આખું પુસ્તક લખાય એટલું વૈવિધ્ય એમાં છે. અકબરની માફક એણે પણ કલમા લખવાનું કાઢી નાખ્યું અને ઇલાહી સન નોંધવાનું ચાલુ રાખ્યું. જહાંગીરનો સુરાપાનનો શોખ જાણીતો છે. સોનાના એક સિક્કામાં દાઢી ઓડાવેલો જહાંગીર જમણા હાથમાં દારૂનો પ્યાલો અને ડાબા હાથમાં પવિત્ર કુરાન લઈને બેઠેલો છે. અર્થાત્ દારૂ સામે કોઈ ધાર્મિક બાધ નથી એવો મત જહાંગીર પ્રદર્શિત કરે છે એમ કેટલાક માને છે. રૂઢિની અવગણના કરવા અંગે જહાંગીર કેટલીક બાબતોમાં અકબરથી પણ આગળ હતો. સૂર્યસંક્રાંતિમાં પ્રતિમાસ થતા ફેરફારોને પણ સિક્કા ઉપર નોંધવાનો જહાંગીરે હુકમ કર્યો. આ સિક્કા 'રાશિના સિક્કા' કહેવાય છે. જહાંગીરના સિક્કાઓમાં આ 'રાશિના સિક્કા' સૌથી સુંદર છે. પ્રાય: જહાંગીરનો જ્યાં નિવાસ હોય ત્યાં એ સિક્કા પાડવામાં આવતા. પોતાના રાજ્યકાલના તેરમા વર્ષમાં જહાંગીર પાંચ માસ અમદાવાદમાં રહ્યો હતો તેથી એ વર્ષમાં મેષ વૃષભ મિથુન કર્ક અને સિંહ એમ પાંચ રાશિમાં સૂર્યની સંક્રાંતિની નોંધવાળા જહાંગીરના સિક્કા એ રાશિનાં ચિત્રો સહિત પાડવામાં આવ્યા હતા. એમાં એક બાજુએ સૂર્ય સાથે રાશિની છાપ અને વર્ષ અને બીજી બાજુએ વિવિધ ફારસી કાવ્યપંક્તિઓ નજરે પડે છે.[25] જહાંગીર અને એની બેગમ નૂરજહાંના સંયુક્ત નામે બહાર પડેલા સિક્કા પણ ઘણા રસપ્રદ છે. સુરતની ટંકશાળના આવા પુષ્કળ સિક્કા મળ્યા છે, પણ અમદાવાદની ટંકશાળનાં પણ આવી કોઈ કોઈ સોનામહોર કે રૂપિયા જાણવામાં આવેલ છે. આવા સંયુક્ત સિક્કા જહાંગીરના રાજ્યકાલનાં છેલ્લાં ચાર વર્ષ(ઈ.સ. ૧૬૨૪-૨૭)માં મળ્યા છે અને જહાંગીર તથા એના રાજ્યવહીવટ ઉપર નૂરજહાંનો અસાધારણ પ્રભાવ એમાંથી વ્યક્ત થાય છે.[26]

જહાંગીરની આત્મકથા 'તુઝુક–ઇ–જહાંગીરી'માં જહાંગીરના એક નવીન પ્રકારના સિક્કા વિશે નોંધ છે. ઈ.સ. ૧૬૧૭ માં જહાંગીરનો નિવાસ ખંભાતમાં હતો અને એ ઘટનાના સ્મરણમાં આ સોનાના સિક્કા બહાર પાડવાનો હુકમ એણે આપ્યો હતો. સામાન્ય સોનામહોર અને રૂપિયા કરતાં બમણા વજનના સોના–રૂપાના ટંકા આ હુકમ અનુસાર પાડવામાં આવ્યા હતા. પોતાની આત્મકથામાં જહાંગીર અભિમાનપૂર્વક લખે છે કે 'મારા સિવાય બીજા કોઈના રાજ્યમાં તાંબા સિવાય બીજી કોઈ ધાતુના ટંકા પડયા નથી. સોના–ચાંદીના ટંકા એ મારી શોધ છે.' આ સિક્કાની બંને બાજુ ઉપરના લખાણની નોંધ પણ 'તુઝુક'માં આપેલી હોઈ એની વિશ્વસનીયતા વિશે કોઈ શંકા રહેતી નથી. ખંભાતના આ જહાંગીરી ટંકાનો કોઈ નમૂનો આજ સુધી જડયો નથી, પણ તેથી ઉપર્યુક્ત હકીકતમાં ફેર પડતો નથી.[૨૭] વળી આ ટંકા સર્વસામાન્ય જ ચલણ માટે નહિ, પણ જહાંગીરના ખંભાત–નિવાસના સ્મરણમાં બહાર પડાયા હતા એટલે એની સંખ્યા પણ મોટી ન હોય એવો સંભવ છે.

શાહજહાંનો રાજ્યાભિષેક તા. ૪ ફેબ્રુઆરી ૧૬૨૮ ના રોજ થયો, પણ એ તારીખ પહેલાં જ એના ટેકેદારોએ સુરતની ટંકશાળમાંથી એના નામની સોનામહોરો બહાર પાડી હતી, પણ પાટનગર અમદાવાદ ખાતે તો એના હુકમ મુજબ સલીમશાહ અથવા જહાંગીરના સિક્કા પાડવાનું ચાલુ રહ્યું હતું. આથી રાજ્યાભિષેક પહેલાંના શાહજહાંના સિક્કા પાટનગરમાં સ્વીકારાતા નહોતા અને એ ચલાવવા માટે વટાવ આપવો પડતો હતો, ગુજરાતની ટંકશાળોમાં પડેલા શાહજહાંના પુષ્કળ સિક્કા મળ્યા છે. એ સિક્કા ઉપર કલમા અને ખલીફાનું નામ નોંધવાનું શાહજહાંએ પાછું શરૂ કર્યું અને અકબરનો ઇલાહી સન આપવાનું બંધ કર્યું.[૨૮]

શાહજહાંના પુત્રો વચ્ચે આંતરવિગ્રહ ફાટી નીકળ્યો ત્યારે શાહજાદો મુરાદ ગુજરાતનો સૂબો હતો તેણે તા. ૫ ડિસેમ્બર ૧૬૫૭ ને રોજ અમદાવાદમાં પોતાનો રાજ્યાભિષેક જાહેર કર્યો, 'બાદશાહ ગાઝી'નું બિરુદ ધારણ કર્યું તથા અમદાવાદ સુરત અને ખંભાતની ટંકશાળોમાંથી પોતાના રૂપિયા અને સોનામહોર બહાર પાડયાં,[૨૯] પણ મુરાદની સત્તા ઔરંગઝેબની કૂટનીતિને પરિણામે ટૂંક સમયમાં વિલીન થઈ ગઈ.

ઔરંગઝેબ જેવા ધર્મચુસ્ત બાદશાહના સિક્કા ઉપરથી કલમા અને ખલીફાઓના નામની નોંધનો લોપ થયો એ આશ્ચર્યજનક લાગે, પણ મુસ્લિમ ઇતિહાસકારો આનો ખુલાસો આપતાં લખે છે કે ઇસ્લામનાં પવિત્ર ધર્મવાક્યોને

વિધર્મીઓના હાથમાં કે અયોગ્ય સ્થળે નહિ જવા દેવાની ઇચ્છાથી દરેકના હાથમાં જનાર સિક્કામાં એવું લખાણ નહિ આપવાની બાદશાહે આજ્ઞા કરી હતી.[૩૦] ઔરંગઝેબ પછી શાહઆલમ ફર્રુખસિયર જહાંદારશાહ અહમદશાહ મુહમ્મદશાહ વગેરેના સિક્કા નજીવા ફેરફાર સાથે આ મુજબના ચાલુ રહ્યા હતા. પણ ઈ.સ. ૧૭૩૯ ની સાલનો, ઈરાની વિજેતા નાદિરશાહના નામનો, અમદાવાદની ટંકશાળનો સિક્કો મળ્યો છે એ નોંધપાત્ર છે. નાદિરશાહ દિલ્હીમાં બે માસ રહ્યો ત્યાંસુધી મુઘલ બાદશાહ મુહમ્મદશાહ પાસે કોઈ સત્તા નહોતી તથા નાદિરશાહના નામનો ખુતબો આખા સામ્રાજ્યમાં પઢવામાં આવ્યો હતો તથા એના નામના સિક્કા પડચા હતા. 'મિરાતે અહમદી' સ્પષ્ટ લખે છે કે 'નાદિરશાહ દિલ્હીમાં રહ્યો ત્યાંસુધી એના નામના દિરહમ અને દીનાર હિંદુસ્તાનનાં કેટલાંક શહેરોમાં પડચા હતા.' એના કથન મુજબ અમદાવાદનો સમાવેશ પણ એવાં શહેરોમાં થતો હતો. નાદિરશાહ ઈરાન ચાલ્યો ગયો અને મુહમ્મદશાહે પુનઃ સત્તા ધારણ કરી એટલે સ્થાનિક ટંકશાળમાં એના સિક્કા પડાવા શરૂ થયા અને નાદિરશાહના નામના સોના–રૂપાના સિક્કા (જેઓની સંખ્યા મોટી હોવાનો સંભવ નથી) ગાળી નાખવામાં આવ્યા.[૩૧]

તત્કાલીન ગુજરાતની ટંકશાળ અને નાણાવટને લગતી કેટલીક રસપ્રદ અને પ્રકીર્ણ, પણ ઐતિહાસિક, વિગતો અહીં નોંધવી ઉચિત થશે.

ઔરંગઝેબના રાજ્યકાળ દરમ્યાન સને ૧૬૯૨ આસપાસ અમદાવાદમાં રૂપિયાના ચલણ માટે મુશ્કેલી ઊભી થઈ હતી, કેમકે ચલણમાં હતા તે સિક્કા ખૂબ ઘસાઈ ગયા હતા અને શરાફોએ કાયદેસર કરતાં ઓછા વજનના સિક્કા માટેના વટાવના દર ખૂબ વધારી દીધા હતા. ટંકશાળના અમલદારોએ શાહી હુકમ વિના આ બાબતમાં કંઈ કરવાની અશક્તિ બતાવી. છેવટે ગુજરાતના દીવાન ઉપર દિલ્હીથી હુકમ આવ્યો કે ઠરેલા વજન કરતાં ત્રણ રતીથી ઓછા ન હોય તેવા રૂપિયા સ્વીકારવા માટેની લિખિત બાંયધરી શરાફો પાસેથી એણે લેવી અને એ કરતાંયે વધુ ઘસાયેલા રૂપિયા ગાળીને નવેસરથી ચલણમાં મૂકવા માટે ટંકશાળને મોકલવા. અમદાવાદની ટંકશાળના દારોગા તરફથી મળેલી ફરિયાદને આધારે ઈ.સ. ૧૬૯૭ માં દીવાન ઉપર હુકમ આવ્યો હતો કે ટંકશાળ સિવાય બીજે કોઈ સ્થળે સોનાચાંદીના સિક્કા ગાળનાર સામે પગલાં લેવાં.[૩૨] વળી ઔરંગઝેબના સમયમાં એક વાર તાંબાના સિક્કાની તાણ પડવાથી અમદાવાદના શરાફોએ લોઢાના સિક્કા પાડી ચલાવ્યા હતા, એટલે સૂબેદારે દેશાવરથી તાંબું ખરીદી તાંબાના નવા સિક્કા પડાવ્યા હતા.[૩૩]

ઈ.સ. ૧૭૧૫ માં અમદાવાદના શરાફોમાં કેટલોક મતભેદ થયો. એ વર્ષમાં નાણાંની ભીડ વધવાથી આંટનો વહેવાર[૩૪] વધતો ગયો એટલે રોકડ નાણાંનો વહેવાર ઓછો થતાં સાધારણ રૈયતને અગવડ પડવા મંડી. આંટનું કામ બંધ કરવા માટે અમદાવાદના શરાફોને સૂબેદારે તાકીદ કરી. જાણીતા શરાફ કપૂરચંદ ભણસાલીએ એ વાત કબૂલ રાખી તેથી બીજા જાણીતા ઉત્તર ભારતીય શરાફ મદનગોપાલના ગુમાસ્તા હરિરામ સાથે એને વેર બંધાયું અને બંને પક્ષો વચ્ચે લડાઈની તૈયારી થવા લાગી. બે દિવસ વાતાવરણ તંગ રહ્યું, પણ પછી અમદાવાદના બીજા મુખ્ય નાણાવટીઓએ વચ્ચે પડી શાંતિ કરાવી.[૩૫]

મહારાજા અભયસિંહની સૂબાગીરી (ઈ.સ. ૧૭૩૦–૩૭) દરમ્યાન અનુચિત અમલદારી ફેરબદલીઓને કારણે અમદાવાદની ટંકશાળનો વહીવટ બગડ્યો હતો. ટંકશાળની આવક વધારવા માટે સિક્કાઓમાં તાંબાનું મિશ્રણ વધારવામાં આવ્યું હતું, આથી સોનામહોર અને રૂપિયાની પ્રતિષ્ઠા ઘટી હતી અને આ પ્રકારના હલકા સિક્કાઓને પાટનગરની બહાર સ્વીકારવામાં આવતા નહોતા.[૩૬]

'મિરાતે અહમદી'ની પૂર્તિ ('ખતિમા') એ તત્કાલીન ગુજરાતનો અધિકૃત સર્વસંગ્રહ છે. એમાં તોલ–માપ વિશે પણ એક પ્રકરણ છે. એનો સારોદ્ધાર અહીં આપ્યો છે[૩૭] :

ગુજરાતી શેર—આલમગીરી ૩૦ દામ બરાબર છે અને એના શાહજહાંના ૨૦ દામ થાય, જેને પાકો શેર કહે છે. કાચા ૪૦ શેરનો એક ગુજરાતી મણ ગણાય છે. પાકા ૪૦ શેરનો પાકો એટલે શાહજહાંનો એક મણ થાય છે.

પાલી—લાકડાનું એક માપ છે. શહેરમાં એ વપરાતી નથી. એનું વજન કેટલેક ઠેકાણે અઢી શેરનું હોય છે, જે કાચા પાંચ શેર થાય છે. કોઈ ઠેકાણે પાલી બે શેરની અને કોઈ ઠેકાણે એથી પણ ઓછી હોય છે.

સઈ[૩૮]—૨૦ પાલીનું આ માપ છે. કોઈ ઠેકાણે એ કાચા ૩૬ શેરની પણ થાય છે.

કળશી—આ રાધનપુરનું માપ છે. ત્યાં એના કાચા ૧૬ મણ ગણાય છે. કોઈ ઠેકાણે ૧૪ મણ ૧૬ શેરની કળશી ગણાય છે.

મૂડો—બીજે ઠેકાણે ૧૪૪ મણનો અને અમદાવાદ શહેરમાં ચૂનાનો મૂડો કાચા ૫૦ મણનો થાય છે.

માટ—નવાનગરમાં ચાલે છે. એ ૭ પાલીનો છે અને દરેક પાલી કાચા પાંચ શેરની છે.

ખાંડી—કાચા ૨૦ મણની છે અને બંદરોમાં વહાણોના વજનમાં વપરાય છે.

કુલી—ખંભાત બંદરમાં ૩૨ શેરને કહે છે.

કુલ્લા—કાચા એક મણ દસ શેરને કહે છે.

કાંટરા—ડાંગર જોખવાનું વજન. ખંભાત બંદરે કાચા પાંચ મણ દસ શેરનું થાય છે.

ભાર—૧૬ મણનો થાય છે.

કુપા—લોઢાની દાંડીવાળું આ ત્રાજવું છે, પણ એને એક જ પલ્લું હોય છે અને દાંડી ઉપર તોલવા માટેનો એક પથરો બાંધે છે. એમાં એક મણથી ૨૮ મણ સુધી તોળાય છે.

જથાબંધ વેપારની જુદી જુદી ચીજોમાં કેટલા શેરનો મણ ગણાતો એનું વિગતવાર કોષ્ટક 'મિરાતે અહમદી'એ આપ્યું છે. સોની ઝવેરીની ધંધાદારી છૂપી બોલી–'પારસી'નું પણ એક પ્રકરણ એમાં છે.[૩૯]

મુઘલ સત્તાની આર્થિક સમૃદ્ધિ અને લશ્કરી સામર્થ્યમાં ગુજરાતનાં જંગલો અને વન્ય સૃષ્ટિનો ફાળો નગણ્ય નહોતો એ છેલ્લે અહીં નોંધવું પ્રસ્તુત થશે. ગુજરાતના કેટલાક ભાગમાં ગાઢ જંગલ હતાં. શાહજહાંના સમયમાં ઈ.સ. ૧૬૩૦ માં રાજપીપળાના જંગલમાંથી ૧૩૦ હાથી પકડવામાં આવ્યા હતા, જે પૈકી ૭૦ હાથી–નર અને માદા–જીવતા દિલ્હી પહોંચ્યા હતા અને પાદશાહને નજર કરવામાં આવ્યા હતા.[૪૦] ઈ.સ. ૧૬૪૬ માં ઔરંગઝેબની સૂબાગીરી દરમ્યાન દાહોદ અને ચાંપાનેરનાં જંગલોમાંથી ૭૩ હાથી પકડવામાં આવ્યા હતા.[૪૧]

પાદટીપો

૧. Commissariat. *History of Gujarat*, Vol. II, pp. 349–71

૨. ગુજરાત સર્વસંગ્રહ, પૃ. ૨૫૪

૩. એ જ, પૃ. ૨૫૪–૫૫ ૪. એ જ, પૃ. ૨૫૫ ૫. એ જ, પૃ. ૨૫૭

૬. ભો. જ. સાંડેસરા, 'પટોળાં વણનાર સાળવીઓના ઇતિહાસ ઉપર કેટલોક પ્રકાશ,' "સંશોધનની કેડી," પૃ. ૨૪૪–૫૦

૭. ઉદાહરણ તરીકે જુઓ આચાર્ય જિનવિજયજી–સંપાદિત 'ઐતિહાસિક જૈન ગુર્જર કાવ્યસંચય', આચાર્ય વિજયધર્મસૂરિ–સંપાદિત 'ઐતિહાસિક રાસ-સંગ્રહ' આદિમાંનાં કાવ્યો.

૮. Commissariat, *op. cit.*, p. 416 ૯. *Ibid.*, pp. 120 f., 127, 303

૧૦. *Ibid.*, pp. 306 ff ૧૧. *Ibid.*, pp. 352 f

૧૨. *Ibid.*, p. 135 ૧૩. *Ibid.*, p. 136

૧૪. જુઓ પાછળ પ્રકરણ ૪.

૧૫. Commissariat, *op. cit.*, p. 391

૧૬. રત્નમણિરાવ ભીમરાવ, 'ખંભાતનો ઇતિહાસ', પૃ. ૧૧૦

૧૭. Commissariat, *op. cit.*, p. 172

૧૮. સને ૧૭૧૯ માં અમદાવાદમાં જાણીતા શરાફ કપૂરચંદ ભણસાલીનું મકાન જપ્ત કરવામાં આવ્યું હતું એનું મુખ્ય કારણ એ જણાય છે કે સૂબેદાર અજિતસિંહ અને એના સહાયકોને એ અણગમતો હતો.

૧૯. 'મિરાતે અહમદી' (ગુજ. ભાષાંતર), ભાગ ૨, પૃ. ૨૦૪

૨૦. *Bombay Gazetteer.* Vol. V, pp. 140 ff., 216, 243 n.

૨૧. Commissariat, *op. cit.*, p. 165 ૨૨. *Ibid.*, p. 121

૨૩. નવાનગરના જામને 'મહમૂદી' સિક્કા પાડવાનો અધિકાર સુલતાન મુઝફ્ફરશાહ ગુજરાતીએ આપ્યો હતો. એ 'કોરી' તરીકે પણ ઓળખાતા હતા. 'મહમૂદી' સિક્કા પાડવાનું કેટલોક સમય બંધ રહ્યું હોય તોપણ પાછળથી એ ચાલુ થયું હશે, કેમકે 'મિરાતે અહમદી' લખાઈ ત્યારે આ 'મહમૂદી'નું ચલણ હતું. એ સિક્કાની એક બાજુએ ફારસીમાં મુઝફ્ફરશાહનું નામ અને બીજી બાજુએ દેવનાગરીમાં જામનું નામ રહેતું. એ જ રીતે ગુજરાતી સલ્તનતનો નાશ થયો ત્યાર પછી લાંબા સમય સુધી કચ્છની કોરીઓ ઉપર ફારસીમાં મુઝફ્ફરશાહના નામ સાથે દેવનાગરીમાં કચ્છના રાવનું નામ રહેતું.

૨૪. રણછોડલાલ જ્ઞાની, 'ગુજરાતના ઇતિહાસને લગતા સિક્કાઓ', બુદ્ધિવર્ધક વ્યાખ્યાન-માળા, પુષ્પ ૧-૨, પૃ. ૬૯

૨૫. એ જ, પૃ. ૬૯-૭૦

૨૬. Commissariat *op. cit.*, p. 78. પણ જહાંગીરના પછી ટૂંક સમયમાં જ નૂરજહાંની સત્તાનો પણ અસ્ત થયો. અંગ્રેજ કોઠીનાં દફતરોમાંથી રસપ્રદ હકીકત જાણવા મળે છે કે જહાંગીરના અવસાન બાદ થોડાક માસમાં આગ્રા ખાતે નૂરજહાંના નામવાળા બધા રૂપિયા પાછા ખેંચી લેવામાં આવ્યા હતા (એ જ, પૃ. ૧૧૦ પાદટીપ).

૨૭. *Ibid.*, pp. 60 f. ૨૮. *Ibid.*, p. 110; જ્ઞાની, ઉપર્યુક્ત, પૃ. ૭૧

૨૯. *Ibid.*, p. 136 ૩૦. રણછોડલાલ જ્ઞાની, ઉપર્યુક્ત, પૃ. ૭૧-૭૨

૩૧. Commissariat, *op. cit.*, p. 471 f. ૩૨. *Ibid.*, p. 190

૩૩. રત્નમણિરાવ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૨૦૫

૩૪. આંટ એટલે કેવળ હૂંડીથી લેવડદેવડ થાય તે.

૩૫. રત્નમણિરાવ, ઉપર્યુક્ત, પૃ. ૧૨૭

૩૬. Commissariat, *op, cit.*, p. 455.

ઔરંગઝેબના સમયમાં સુરતની ટંકશાળમાં પડતા સિક્કાઓની સોના-ચાંદીમાં ભેળસેળ થતી હોવાનું બહાર આવ્યું હતું. સુરતમાં અને ખંભાતમાં પડેલી અશરફીઓ અને રૂપિયાનો કસ કઢાવી એ બંને વચ્ચેનો તફાવત નક્કી કરવામાં આવ્યો હતો, ને પરિણામે સુરતની ટંકશાળના અમલદાર અને કારીગરોનો એક લાખ રૂપિયા દંડ કરવામાં આવ્યો હતો (ઈશ્વરલાલ ઇ. દેસાઈ, 'સૂરત સોનાની મૂરત,' પૃ. ૮૪).

૩૭. 'મિરાતે અહમદી' (ગુજ. ભાષાંતર), વો. ૨, પૃ. ૧૬૮-૭૦

૩૮. "ગણિતસાર" જેવાં પ્રાચીનતર કોષ્ઠકોમાં "સેઈ" એવું નામાંતર પણ મળે છે.

૩૯. એ જ, પૃ. ૧૭૧-૭૨. સંભવતઃ મુઘલ કાલમાં લખાયેલા એક જૂના હસ્તલિખિત પાનામાંથી 'સોનીની પારસી' ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પ્રગટ કરી હતી ("બુદ્ધિપ્રકાશ", ઑગસ્ટ, ૧૯૫૨). ગુજરાતના ધંધાદારીઓ અને તથાકથિત ગુનેગાર જાતિઓની 'પારસી'ઓનો એક સંગ્રહ ડૉ. ભાનુપ્રસાદ ચોકસીએ તૈયાર કર્યો છે અને એ વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરની શ્રી સયાજી સાહિત્યમાળામાં પ્રગટ કરવાની આયોજના થઈ છે.

૪૦. Commissariat, *op. cit.*, pp. 110 f.

૪૧. Jadunath Sarkar, *History of Aurangzeb*, Vol. I, p. 82

અહીં નોંધવું પ્રસ્તુત થશે કે સૌરાષ્ટ્રમાં હાથી હતા અને એ હાથીનું કદ નાનું હતું એવો ઉલ્લેખ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં છે. આ તો મૌર્યકાલની વાત થઈ. મુઘલ કાલમાં તેમ એના ઘણા સમય પહેલાં સૌરાષ્ટ્રનાં જંગલોમાં હાથી થતા હોવાનો કોઈ નિર્દેશ મળતો નથી. પાલનપુર સાચોર નવાનગર હળવદ અને કાંકરેજ આસપાસ ચિત્તા થતા હોવાની નોંધ મિરાતે અહમદી માં છે. શિકાર માટે એ ચિત્તાઓની માંગ મુઘલ દરબારમાં રહેતી. ચિત્તાને પકડવા માટે અને શિકારની તાલીમ આપવા માટે એક જુદું ખાતું ગુજરાતમાં હતું.

*

પરિશિષ્ટ

સુરતનું બંદર

મુઘલ કાલ દરમ્યાન ગુજરાતનાં બંદરોમાં અગ્રિમ સ્થાન ધરાવતું સુરત શહેર ગુજરાતનાં નગરોમાં સલ્તનત કાલથી મહત્ત્વ પામ્યું હતું. મૈત્રક કાલ દરમ્યાન તો એ પ્રદેશનું વડું મથક કન્તારગ્રામ (હાલનું કતારગામ) હતું.[1] સુરત શહેર એની દક્ષિણે વહેળામાં વહેલું સોલંકી કાલના અંતમાં અથવા પ્રાયઃ સલ્તનત કાલના આરંભમાં વસ્યું લાગે છે.[2] પંદરમી સદીથી એ શહેરના નિશ્ચિત નિર્દેશ થયેલા છે.[3] સુલતાન મહમૂદ બેગડાના સમયમાં સુરતનો બ્રાહ્મણ ગોપીનાથ વજીરનો હોદ્દો પામ્યો હતો ને સુલતાન મુઝફ્ફરશાહ ૨ જાના સમયમાં એની લાગવગ વધી હતી, જેનો કંઈક લાભ ગુજરાતનાં બંદરોમાં હક મેળવવા મથતા ફિરંગી-ઓને મળ્યો હતો. ઈ.સ. ૧૫૧૫માં સુરતના પ્રવાસે આવેલા ફિરંગી અધિકારી બારબોસાએ સુરતને રાંદેરથી ઊતરતી કક્ષાના ને છતાં ગુજરાતના સુલતાનને જકાતથી મોટી આવક કરી આપતા મહત્ત્વના બંદર તરીકે ઓળખાવ્યું છે.[4]

એ અગાઉ ૧૫૧૨માં ફિરંગીઓએ સુરત લૂંટયું હતું એમ કહેવાય છે, પરંતુ મલિક ગોપીની હયાતી દરમ્યાન એવું ભાગ્યેજ બન્યું હોય. એના દેહાંત (૧૫૧૪) પછી સુરતના બંદર પર ફિરંગીઓ વારંવાર હુમલો કરવા લાગ્યા. ૧૫૩૫માં સુરત અને રાંદેર પર આગ-લૂંટની આફત આવી પડી ત્યારે રાંદેર પડી ભાંગ્યું, જ્યારે સુરતની નવજોમ સાહસિક પ્રજાએ શહેરને એવું ખડું કર્યું કે એની આબાદી વધતી રહી. સુલતાન મહમૂદ ૩ જાના હાકેમ ખુદાવંદખાનના વહીવટ દરમ્યાન હિ.સ. ૯૪૭(ઈ.સ. ૧૫૪૦–૪૧)માં ફિરંગીઓથી શહેરનું રક્ષણ કરવા ત્યાં મજબૂત કિલ્લો બંધાયો ત્યારે સુરત શહેર 'બંદર મુબારક' તરીકે ખ્યાતિ પામ્યું.[5]

મીરઝાઓને વશ કરવા અકબરે ૧૫૭૩ માં સુરત પર ચડાઈ કરી એનો કિલ્લો કબજે કરેલો. અકબરને જરથોસ્તી પારસીઓનો પરિચય ત્યાં થયો ને ફિરંગી એલચીમંડળ સાથે મૈત્રીનો સંબંધ ત્યાં બંધાયો, સુરતનું બંદર મુત્સદ્દી(હાકેમ)ના વહીવટ નીચે મુકાયું. હવે મક્કાની હજનો માર્ગ મોકળો થયો. બાદશાહનાં ફોઈ ગુલબદન બાનૂ વગેરે હજ માટે સફર કરવા સુરત આવ્યાં ત્યારે તેઓની સલામતી માટે સુરતના મુત્સદ્દી પાસે ફિરંગીઓ સાથે ખાસ બંદોબસ્ત કરાવવો પડેલો.[6]

ઈ.સ. ૧૬૦૮ માં ઇંગ્લૅન્ડની ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું વહાણ તાપીના મુખ પાસે લાંગર્યું ને એમાંનો માલ સુરતમાં વેચાવા લાગ્યો, પણ ફિરંગીઓએ ત્યાંથી એ વહાણને ચાલ્યા જવા ફરજ પાડી. ૧૬૧૧ માં અંગ્રેજોનાં વહાણ સુંવાળી આગળ નાંગર્યાં તેઓની પણ એ દશા થઈ, પરંતુ અંગ્રેજ વેપારીઓ થોડા વખતમાં હક મેળવવામાં સફળ થયા ને ૧૬૧૩ માં સુરતમાં અંગ્રેજોની કાયમી કોઠી સ્થપાઈ. ૧૬૧૪–૧૫ માં સુંવાળીના બારા આગળ ફિરંગીઓના અને અંગ્રેજોના કાફલા વચ્ચે ઝપાઝપી થઈ, એમાં ફિરંગીઓ હારી ગયા. ઇંગ્લૅન્ડના રાજાના એલચી સર ટોમસ રોના પ્રયત્નથી સુરતની અંગ્રેજ કોઠીની સ્થિતિ સધ્ધર થઈ. આગ્રા અમદાવાદ અને ભરૂચની અંગ્રેજ કોઠીઓ સુરતની કોઠીની સત્તા નીચે મુકાઈ (૧૬૧૮–૧૯).[૭] હવે ખંભાતના બંદરની પડતી થઈ હતી ને ગુજરાતનાં બંદરોમાં અગ્રિમ સ્થાન સુરતને મળ્યું હતું.

૧૬૦૮ માં સુરત આવેલા વિલિયમ ફિન્ચ નામે અંગ્રેજ વેપારીએ નોંધ્યું છે કે સુરત શહેર ઘણું મોટું છે ને એમાં વેપારીઓનાં ઘણાં મકાન છે; સુરતના કિલ્લા પાસે જકાતનાકું છે ને એની બહાર એક મોટું બજાર છે, જેમાં તમામ જાતનો માલ વેચાય છે.[૮]

સુરતની કોઠીના પ્રેસિડન્ટે રાતા સમુદ્ર અને ઈરાનનાં બંદરો સાથેનો વેપાર પણ જમાવ્યો, આથી સુરતી અને ફિરંગી વેપારીઓને નુકસાન થયું.

દરમ્યાન વલંદાઓએ પણ વેપારના હક મેળવી સુરતમાં કોઠી નાખી. ત્યારે મોટાં વહાણ સુંવાળી બંદરે લાંગરતાં. શિયાળામાં સુરતના વેપારીઓ પણ ત્યાં તંબુ નાખતા ને છીંટ, ચિનાઈ સાટીન, ચિનાઈ વાસણ, મોતી અને હાથીદાંતની ચીજો, અકીક ચોખા ખાંડ અને કેળાં વેચાતાં. સુરતના શરાફ યુરોપીય વેપારીઓને નાણાં ધીરતા. સુંવાળીથી સુતરાઉ કાપડ ગળી સૂરોખાર મરી પીપર સૂતર કરિયાણાં લાખ ખાંડ રેશમ વગેરેની નિકાસ થતી ને ઇંગ્લૅન્ડથી પહોળા પનાનું કાપડ સીસું પારો હિંગળોક પરવાળાં હાથીદાંત પડદા સોના-ચાંદીના તારનું ભરતકામ વગેરેની આયાત થતી. સુરતનું કાપડ ઇંગ્લૅન્ડમાં માનીતું ને સસ્તું હોઈ એની ઘણી માંગ રહેતી અંગ્રેજોને મસાલાના ટાપુઓનો વેપાર ખેડતા વલંદાઓની હરીફાઈ નડતી હતી, પણ ફિરંગીઓ સાથેની મૈત્રીથી રાહત થઈ.[૯]

૧૬૨૭ માં સુરત આવેલા અંગ્રેજ અધિકારી ટોમસ હર્બર્ટે સુરતને ગુજરાતનું અમદાવાદ અને ખંભાત પછીનું ત્રીજું ઉત્તમ નગર કહ્યું છે.[૧૦]

શાહજહાંના સમયમાં જર્મનીનો મેન્ડેલ્સ્લો ૧૬૩૮ માં સુરત આવ્યો હતો. એ નોંધે છે કે સુરતના ફુરજામાં એનાં કપડાં અને ખિસ્સાંની તપાસ થઈ હતી.

સામાન્ય રીતે બધા માલ પર સાડા ત્રણ ટકા અને સોનારૂપા પર બે ટકા જકાત લેવાતી. સુરતનું બંદર સુંવાળી ગામ પાસે હતું. સુરત આખા હિંદની અંગ્રેજ કોઠીઓનું વડું મથક હતું ને બીજી બધી કોઠીઓના વડાઓને પોતાના વહીવટનો અહેવાલ આપવા વર્ષમાં એક વાર સુરત આવવું પડતું.[૧૧]

થોડા વખતમાં સુરતની અંગ્રેજ કોઠીના વેપારમાં તેજી થતી ગઈ. સુરતના બંદરથી ઘઉં વટાણા વાલ મગ ચોળી કસ્તૂરી પારો લાખ ઘી તેલ દિવેલ સાબુ ખાંડ મુરબ્બા કાગળ મીણ અફીણ અને ગળીની ભારે નિકાસ થતી. શહેરની સાંકડી શેરીઓમાં માલવાહી વાહનોની ભારે ભીડ રહેતી. રેશમી અને સુતરાઉ કાપડ અહીંથી દેશાવર જતું. એ કાપડ પર સુરતમાં સોનેરી અને રૂપેરી જરીના સુંદર બુટ્ટા ભરવામાં આવતા. સાટીન મખમલ વગેરે જાતનું કાપડ પણ વિપુલ પ્રમાણમાં નિકાસ થતું. સુંદર સુજનીઓ, રંગબેરંગી શેતરંજીઓ, સુંદર પલંગો ને ટેબલો, ચાંદીની શોભાવાળી ચામડાની ઢાલો વગેરે દેશાવર જતું. અંગ્રેજો સીસું તલવાર ચપ્પુ ચશ્માં અરીસા હુક્કા ગુલાબજળ વગેરે અહીં લાવીને વેચતા, જ્યારે વલંદાઓ લવિંગ જાયફળ જાવંત્રી તજ મરી એલચી કપૂર તાંબાનાં પતરાં લોબાન પારો હિંગળોક સોપારી હાથીદાંત સુખડ કલાઈ સીસું ચીનનું કાપડ ચા ખાંડ પરવાળાં વગેરેની આયાત કરતા.[૧૨]

સ્થાનિક હિંદુ વેપારીઓ જાવા તરફનાં બંદરો સાથે બહોળો વેપાર ખેડતા ને જાવામાં પોતાની પેઢીઓની શાખાઓ રાખતા, જ્યારે મુસ્લિમ વેપારીઓ મોખા તરફનાં બંદરો સાથે ગાઢ વેપારી સંબંધ ધરાવતા ને મોખાનો સોદાગર સુરતમાં રહેતો.[૧૩]

હિંદ અને યુરોપ વચ્ચેના દરિયાઈ વેપારના એક મોટા મથક તરીકે સુરતનું મહત્ત્વ વધતું ગયું ને હવે ત્યાં મુઘલ બાદશાહની ટંકશાળ પણ સ્થપાઈ. એ ટંકશાળ સુરતના ફુરજાની સામે આવેલી હતી. બાદશાહ શાહજહાંએ સુરતની બંદરી તથા મહેસૂલી આવક શાહજાદી જહાંઆરાને બક્ષિસ કરી હતી. એ આવક ૧૫ લાખ જેટલી હતી, જેમાં બંદરની આવક ૧૧.૫ લાખ જેટલી હતી. જહાંઆરાએ નીમેલા કિલ્લેદારે ત્યાં મુસાફરો માટે મુઘલ સરાઈ બંધાવી હતી (ઈ.સ. ૧૬૪૪).

ફ્રેન્ચ પ્રવાસી ટેવર્નિયર ૧૬૪૦-૪૧ માં અને ૧૬૫૩ માં સુરત આવ્યો હતો. એણે સુરત વિશે ઘણી નોંધ કરી છે. એમાં એ જણાવે છે : સુરતનું વહાણ સારી હવામાં ૧૫ દિવસે હોરમુઝ પહોંચતું. કાસીમ બજારમાં વર્ષે ૨૦,૦૦૦

ગાંસડી રેશમ થતું. એમાંનું ઘણું વલંદા વેપારીઓ જાપાન અને હોલૅન્ડ લઈ જતા, બાકી રહેતું બધું રેશમ અમદાવાદ અને સુરતમાં ખપી જતું. સુરતમાં એમાંથી ત્રણ જાતનું કાપડ બનતું : રેશમી અને સોનેરી, રેશમી સોનેરી અનેરૂ પેરી, અને માત્ર રેશમી. ગળી સરખેજથી અને ગોવળકોંડાથી આવતી. તમાકુ અને અફીણ બુરહાનપુરથી આવતાં. વલંદા વેપારીઓ અહીંથી ઝીણું અને જાડું કાપડ કાયમ મગાવતા. સુરત બંદરે માલ ઊતરે કે તરત એને ફુરજામાં લઈ જવામાં આવે છે ને આવનારાઓની કાળજીપૂર્વક જડતી લેવામાં આવે છે. અંગ્રેજ અને વલંદા કંપની પાસેથી જકાત ઓછી લેવાય છે, પણ ભેટસોગાદ આપવામાં તેઓને ઠીક ખર્ચ કરવું પડે છે. મોટા ભાગનું સોનું વેપારીઓ છુપાવીને લાવે છે, પકડાઈ જાય તો થોડા વધુ ટકા જકાત ભરવી પડે છે. ચાંદીના આયાત અને જકાતનો હિસાબ થતાં ટંકશાળનો ઉપરી એના સિક્કા પડાવી આપે છે.[૧૪]

૧૭ મી સદીમાં સુરત મુઘલ બાદશાહના એક સમૃદ્ધ શહેર અને બંદર તરીકે નામાંકિત હતું. બાદશાહ ઔરંગઝેબના સમયમાં શિવાજી અને મુઘલ બાદશાહ વચ્ચે સંઘર્ષ વધી ગયો ત્યારે ૧૬૬૪ માં શિવાજીએ મુઘલ બાદશાહના એ સમૃદ્ધ શહેર પર ચડાઈ કરી, ફુરજા આગળથી કૂચ કરી શ્રીમંતોની સંપત્તિ લૂંટી. સુરતને લગભગ ત્રણ કરોડનું નુકસાન થયું. એ સંકટમાં અંગ્રેજ અને વલંદા વેપારીઓએ ભારે બહાદુરી બતાવી હતી. એની કદરમાં તેઓને વધુ વેપારી સવલત મળી.

૧૬૬૬ માં ફ્રેન્ચ પ્રવાસી થેવેનો સુરત આવેલો. એણે સુરત વિશે થોડી પણ મહત્ત્વની નોંધ કરી છે. એમાં એ ડુમસના બારામાં વહાણ આવે ત્યાંથી માંડીને સુરતમાં કેવી રીતે દાખલ થવાય તથા વહાણમાંનો માલ કેવી રીતે તપાસાય ને પાછો મેળવાય એનું વિગતવાર વર્ણન કરે છે. ત્યારે શહેરને ફરતા માટીના જૂના કોટની જગ્યાએ નવો ઈંટેરી કોટ 'શહેરપનાહ' બંધાતો હતો, ત્યારે નવેંબર–એપ્રિલ સુધીના ગાળામાં દેશાવરનાં વહાણ આવતાં તે દરમ્યાન એટલી ભરપૂર વસ્તી રહેતી કે સારું રહેવાનું મકાન મેળવવું મુશ્કેલ પડે. વિદેશી વેપારીઓમાં અંગ્રેજો અને વલંદાઓ ઉપરાંત આરબો ઈરાનીઓ તુર્કો અને આર્મેનિયનોનો સમાવેશ થતો. શહેરમાં અનેક લક્ષાધિપતિ હતા.[૧૫]

ફ્રેન્ચોએ હિંદ સાથેના વેપારના ક્ષેત્રમાં મોડો પ્રવેશ કર્યો. ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપની ૧૬૬૪ માં સ્થપાઈ. એના બે પ્રતિનિધિ પૂર્વતૈયારી માટે સુરત આવ્યા હતા ને તેઓએ સુરતમાં વેપાર કરવા સુંવાળીમાં કોઠી નાખવાનો શાહી પરવાનો મેળવ્યો હતો. ફ્રાન્સથી વેપારી વહાણ સુરતના બે બારે આવવાની શરૂઆત ૧૬૬૮ માં થઈ, પણ એ વેપાર ઝાઝો ખીલ્યો નહિ.[૧૬]

૧૬૬૭માં મુંબઈ બેટનો હવાલો અંગ્રેજ સરકારે પોતાની ઈસ્ટ ઇન્ડિયા કંપનીને આપ્યો. શરૂઆતમાં ત્યાંનો ગવર્નર સુરતની કોઠીના વડાની નીચે કામ કરતો, પણ આમાં જ સુરતના વેપારની મંદીનાં મૂળ નખાયાં. ૧૬૭૦માં શિવાજીએ સુરત પર ચડાઈ કરી લૂંટ કરી. લૂંટમાં સુરતે ૬૬ લાખ રૂપિયાની માલમતા ગુમાવી. આ ઘટના સમયે કેટલાય વેપારીઓએ સુંવાળી બંદરમાં આશ્રય લીધો હતો. વિદેશી વેપારીઓ શિવાજી સાથે મળી ગયા હોવાનું માલૂમ પડતાં બાદશાહે તેઓના વિશિષ્ટ હક્ક રદ કરવા ફરમાવ્યું.[૧૭]

શિવાજીની ચડાઈની ધાક એ પછી પણ ચાલુ રહી, છતાં સુરતમાં વસ્તી વધતી ગઈ ને વેપારઉદ્યોગની ઘણી પ્રવૃત્તિ ચાલુ રહી. ફિરંગી વેપારીઓની પ્રવૃત્તિમાં પાછો ઉછાળો આવ્યો. અંગ્રેજ વેપારીઓ ચાંચિયાગીરીને અને દેવાદાર થઈ દાદાગીરી કરવાની નીતિને ઉત્તેજન આપવા લાગ્યા. ૧૬૮૭માં અંગ્રેજ કંપનીએ પોતાનું થાણું સુરતથી મુંબઈ ખસેડયું ને ત્યાંથી અન્ય પ્રદેશો પર સત્તા જમાવવા મનસૂબો કર્યો.[૧૮]

ફ્રિયર નામે અંગ્રેજ તબીબ સુરતમાં ૧૬૭૪-૮૧ દરમ્યાન રહેલો. એણે પોતાના ગ્રંથમાં સુરતના અંગ્રેજ કોઠીના વહીવટ વિશે તેમજ સુરતનાં ફુરજા તથા ટંકશાળ વિશે વિગતવાર માહિતી નોંધી છે.[૧૯]

અંગ્રેજ કંપનીના અધિકારીઓ પોતાના દુર્વર્તાવથી પ્રતિષ્ઠા ગુમાવતા ગયા. ૧૬૯૮માં 'ઇંગ્લિશ કંપની' નામે નવી મંડળી સ્થપાઈ તેની હરીફાઈ શરૂ થઈ. છેવટે બે કંપની ચાકીને ૧૭૦૨માં એક થઈ. હિંદના કાપડની ધોધમાર આયાતથી ત્યાંના વણકર બેકાર થતાં ત્યાં હિંદના રેશમી કાપડની તથા રંગેલા કે છાપેલા સુતરાઉ કાપડની આયાત પર પ્રતિબંધ ફરમાવાયો. ત્યારે સુરતના શાણા વેપારીઓએ કાચું રેશમ સૂતર અને સાદા કાપડની ધૂમ નિકાસ કરવા માંડી, વેપારધંધો જારી રાખ્યો. વળી ચાની નિકાસ પણ વધારી દીધી.[૨૦]

ઓવિંગ્ટન નામે અંગ્રેજ પાદરી ૧૬૮૯-૯૨માં સુરત રહેલા. એ નોંધે છે : સુરત જાણે સમસ્ત હિંદનું એક ભવ્ય સંગ્રહસ્થાન છે. તમામ તરેહનો માલ અહીં મળે છે. અહીંથી માલ ખરીદી મોટા નફાથી બીજે વેચી શકાય છે. યુરોપ ચીન ઈરાન અરેબિયા અને હિંદના બંદરે બંદરથી માલ સુરતના બજારમાં આવે છે. દિલ્હી આગ્રા ભરૂચ અમદાવાદ વગેરે શહેરોનો તેમજ દુનિયાના ઘણા દેશોનો માલ અહીં આવે છે. વહાણ બનાવનાર સુથારો ઘણા હોશિયાર હોય છે. એમાં બંદૂકની ગોળીથી તરડ પડતી નથી.[૨૧]

૧૮ મી સદીના આરંભમાં યુરોપીય વેપારીઓને સુરતના મુત્સદ્દી સાથે સંઘર્ષ થતો ગયો. ઔરંગઝેબના મૃત્યુ પછી મુઘલ સત્તા નબળી પડી. અંગ્રેજોએ મુઘલ બાદશાહતને સુરત બંદરની જકાતના વાર્ષિક ઊચક રૂ. ૧૦,૦૦૦ આપવા એવું નક્કી થયું. ફ્રાન્સના વણકરોનો અસંતોષ વધી પડતાં સુરતમાંથી ફ્રેન્ચ કોઠી ઉઠાવી લેવામાં આવી (૧૭૧૯). શહેરને ફરતો કોટ 'શહરપનાહ' કોટની બહારનાં પરાંને આવરી લેતો નહિ તેથી બૃહત્ સુરતની આખી આલમને રક્ષણ આપે તેવો બહારનો કોટ 'આલમપનાહ' બંધાવવામાં આવ્યો.[૨૨]

સુરતનો મુત્સદ્દી રુસ્તમ અલીખાન પિલાઈ ગાયકવાડ સાથેના સંઘર્ષમાં વસો પાસે દગાથી માર્યો ગયો (૧૭૨૫). કવિ શામળ ભટ્ટે આ ઘટના વિશે 'રુસ્તમ કુલીનો પવાડો' રચ્યો છે.[૨૩]

દિલ્હીમાં ત્યારે મુહમ્મદશાહ રાજ્ય કરતો હતો(૧૭૧૯–૧૭૪૮). ગુજરાતમાં ગાયકવાડની તથા પેશ્વાની સત્તા વધતી જતી હતી. મુઘલાઈ નબળી પડતાં સૂબેદારો અને હાકેમો 'નવાબ' બનવા લાગ્યા હતા. રુસ્તમખાનના પુત્ર અને ઉત્તરાધિકારી સોહરાબખાનના સમયથી સુરતના મુત્સદ્દી પણ નવાબ બની ગયા. સુરતના વહાણવાડાના કેટલાક કુશળ પારસી કારીગર મુંબઈના ગવર્નરની ભલામણથી મુંબઈ જઈ વસ્યા(૧૭૩૫). આમાં લવજી વાડિયાની ખ્યાત ચોગેર ફેલાઈ. વાડિયા કુટુંબે પેઢીઓ લગી એ ખ્યાતિ જારી રાખી.[૨૪] નવાબ માટેની આંતરિક ખટપટોમાં સુરત શહેર તથા બંદરની જાહોજલાલી ઘટતી ગઈ, દરિયાઈ વેપારનું વડું મથક મુંબઈ થવાથી પણ એના વેપારધંધાને ફટકો પડ્યો. ૧૮ મી સદીના અંતે સુરતમાં નવાબીના સ્થાને અંગ્રેજ સરકારની સત્તા પ્રવર્તી, પછી ત્યાંની સ્થિતિ સુધરતી રહી, પરંતુ બંદર તરીકેની એની જાહોજલાલી પાછી ન આવી તે ન જ આવી.

પાદટીપ

૧. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', ભા. ૧, પૃ. ૨૦૬
૨. ઈશ્વરલાલ ઇ. દેસાઈ, 'સુરત સોનાની મૂરત', પૃ. ૩　　૩. એજન, પૃ. ૧
૪. M. S. Commissariat, *History of Gujarat*, Vo–I. I, p. 265
૫. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૦–૧૨
૬. M. S. Commissariat, *op.cit.*, Vol II, pp. 11 f.
૭. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૮–૨૧

૮. એજન, પૃ. ૨૧-૨૨　　૯. એજન, પૃ. ૨૩-૨૫

૧૦. M. S. Commissariat, *op. cit.*, p. 345

૧૧. *Ibid.*, pp. 349 f.

૧૨. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૨૯-૩૦

૧૩. એજન, પૃ. ૩૧-૩૨　　૧૪. એજન, પૃ. ૩૬-૩૭

૧૫. M. S. Commissariat, *op. cit.*, pp. 159 ff.

૧૬. ઈ. ઇ. દેસાઈ, પૃ. ૫૪-૫૫

૧૭. એજન, પૃ. ૫૫-૫૮　　૧૮. એજન, પૃ. ૬૪-૬૬

૧૯. M. S. Commissariat, *op. cit.*, pp. 371 ff.

૨૦. ઈ. ઇ. દેસાઈ. ઉપર્યુક્ત, પૃ, ૬૫-૭૧

૨૧. એજન, પૃ. ૭૨-૭૩　　૨૨. એજન, પૃ. ૮૦-૮૫

૨૩. એજન, પૃ. ૮૭-૯૦; M. S. Commissariat, *op. cit.*, pp. 414 ff. વળી જુઓ રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૧૩૧-૧૩૩, પા. ટી. ૧૬.

૨૪. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૯૯-૧૦૦

પ્રકરણ ૯

ભાષા અને સાહિત્ય

૧. ભાષા

ફારસી

મુઘલ કાલ દરમ્યાન સારાયે સામ્રાજ્યની રાજ્ય-કારોબારની ભાષા ફારસી હતી. ગુજરાતના સૂબેદારો પણ ફારસી ભાષામાં રાજ્ય-કારોબાર ચલાવતા. ટૂંકમાં, ફારસી ભારતની અને ગુજરાતની પણ રાજ્યભાષા હતી. સરકારી ફરમાનો પત્રવ્યવહાર અને અદાલતની કાર્યવાહી વગેરે તમામ બાબતોમાં ફારસી ભાષાનો ઉપયોગ થતો. એ શાસકોની ભાષા હોઈ રોજ-બ-રોજના વ્યવહારમાં પણ એનો છૂટથી ઉપયોગ થતો.

ફારસી તત્કાલીન રાજ્યભાષા હોઈ, રાજ્ય-કારોબાર સાથે સંકળાયેલ અથવા રાજ્ય–કારોબાર સાથે સંકળાવા ઇચ્છતા સૌ કોઈ માટે એ ભાષા શીખવાનું અનિવાર્ય હતું. શહેનશાહ સુલતાન નવાબ નાઝિમ આમિલ કે શહેર-કાજી વગેરે તમામ સાથે ફારસી દ્વારા સંપર્ક સાધી શકાતો. આને કારણે ગુજરાતમાં વસતી કેળવાયેલી કોમોના માણસો ફારસી શીખવા પ્રેરાતા. ફારસીના જ્ઞાન વગર એમની કેળવણી અધૂરી ગણાતી. હિંદુઓમાં નાગર અને કાયસ્થો જેવી મુત્સદ્દી કોમોએ સરકારી નોકરી મેળવવા માટે ફારસી ભાષાનો અભ્યાસ કર્યો અને કેટલાક સંગીન અભ્યાસ કરી ફારસીના સમર્થ વિદ્વાન બન્યા, અને જુદાં જુદાં સરકારી ખાતાંઓમાં બક્ષી વકીલ દફતરદાર પેશકાર મુનશી મજમૂદાર વગેરે હોદ્દાઓ પ્રાપ્ત કર્યા. તેઓમાંથી ઘણાઓએ તો ફારસી સાહિત્યમાં સુંદર ગ્રંથ પણ લખ્યા છે.

ઉપા. ભાનુચંદ્ર અને ઉપા. સિદ્ધિચંદ્રે ફારસી ભાષાનો અભ્યાસ કર્યો હતો. બીજા કેટલાક જૈન સાધુઓ ફારસી ભાષાના સારા જાણકાર હતા એમ જાણવા મળે છે. જૈન સાધુઓએ ફારસીમાં રચેલાં સ્તુતિ–સ્તોત્ર મળી આવે છે.

સંસ્કૃત

સંસ્કૃત ગુજરાતી બોલચાલની મુખ્ય ભાષા હતી છતાં સંસ્કૃતનો પણ ઠીક ઠીક અભ્યાસ થતો હતો. ગુજરાતીના માધ્યમ દ્વારા સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે 'ઉક્તિ' ગ્રંથો આ કાલ દરમ્યાન લખાયા હતા.

સંસ્કૃત કૃતિઓમાં ગ્રંથકારોએ તત્કાલીન અરબી-ફારસી અને ગુજરાતી કેટલાયે શબ્દ અપનાવી લીધેલા જોવા મળે છે. શ્રી દેવવિમલગણિએ 'હીરસૌભાગ્ય મહાકાવ્ય'માં એવા શબ્દોને સંસ્કૃત-પદ્યોમાં વણી લીધા છે; જેમકે 'મહમ્મદ' માટે 'મુહમુંદ' (સર્ગ ૧, શ્લોક ૧૨૯), 'ફરમાન' માટે 'સ્ફુરન્માન' (૧૧-૧૮), 'દેવદૂત' માટે 'પેગંબર' (૧૩-૧૩૭), 'કુરઆન' માટે 'કુરાન' (૧૩-૧૪૩), 'ઈશ્વર' માટે 'ખુદા' (૧૩-૧૩૮), 'મુઘલ' માટે 'મુદ્ગલ' અને યવન જાતિના નામ માટે 'ગાજી' (૧૪-૮૨), 'સામંત' માટે 'ખાનખાન' (૧૪-૮૪), 'રાજા-બાદશાહ' નામ માટે 'પાતિસાહિ' (૧૪-૮૪), એક પ્રકારનાં નાણાં માટે 'લ્યારી, લ્યારિકા' (૧૭-૧૭૧-૧૭૨), એક પ્રકારના વસ્ત્ર માટે 'કથીપક' (૧૭-૧૭૧), 'શેખ' માટે 'શેષ' (૧૭-૧૯૧).

આ જ રીતે કેટલાયે તત્કાલીન ગુજરાતી શબ્દ પણ શ્રી દેવવિમલગણિએ ઉપયોગમાં લીધા છે; જેમકે—'સમીકરણ' માટે 'સૂરવાય' (૯-૯૨), 'હિંદુ' (પૃ. ૬૧૮), 'કથીપો' (૯૦૨), 'માંડલો' (૯૦૨), 'ઘાંટ' (૯૦૨), 'ખંજન' માટે 'ગંગેરઉ' (૨૬૮), 'અણાવ્યું' (૬૭૫)—આમ અનેક શબ્દ સંસ્કૃત સાથે જોડાઈ ગયા છે.

મધ્યકાલીન ગુજરાતી કિંવા ગુજર ભાખા

'આદિભક્તિયુગ'ના મહત્ત્વના કવિ ભાલણે જેને 'ગુજર ભાખા' કહી છે તેવી, ભાષાવિકાસના ક્રમમાં 'મધ્યકાલીન ગુજરાતી ભાષાભૂમિકા' તરીકે સ્વીકારાયેલી, સ્વરૂપમાં હવે 'ગુજરાતી' થઈ ચૂકેલી ભાષામાં, આપણી આ ગ્રંથના સમયની મર્યાદા(ઈ. સ. ૧૫૭૪ થી ૧૭૫૭-વિ.સં. ૧૬૩૦ થી ૧૮૧૩)નો વિચાર કરતાં, ખાસ કરી લિખિત સ્વરૂપનો ખ્યાલ કરતાં બે ચોખ્ખા ગાળા જોવા મળે છે. મધ્યકાલીન ગુજરાતી ભાષા ઈ.સ. ૧૫૭૪ સુધીમાં ત્રણ ભૂમિકા વટાવી અખા અને પ્રેમાનંદની કૃતિઓની લિખિત અર્વાચીન ભાષાભૂમિકાને આંબવાનું કરતી ચોથી મિશ્રભૂમિકાને રજૂ કરી આપે છે. બીજી મિશ્રભૂમિકાથી જેનો આરંભ થયો હતો તેવાં સ્વરસંકોચનાં (करइ > करि, घोडउ > घोड़ जेवां રૂપ અદૃશ્ય થવા લાગે છે અને અર્વાચીન રૂપો (> करे, घोडो) સ્થાપિત થતાં જાય છે. અખા અને પ્રેમાનંદમાં આ રૂપો સ્થિર થઈ જાય છે અને અર્વાચીન ગુજરાતી ભાષાની ૧ લી ભૂમિકા ઈ.સ. ૧૬૫૦ આસપાસથી લેખનમાં અમલી બની રહે છે, હવે એ સિદ્ધ થઈ ચૂકયું છે કે લેખનમાં ભૂમિકાઓ ક્રમે ક્રમે વટાવાતી જતી હતી છતાં અર્વાચીન ભાષાનાં ઉચ્ચારણ નરસિંહ મહેતાના સમય

(ઈ.સ. ૧૪૧૪–૧૪૮૦ અંદાજે)માં સારી રીતે સ્થિર થઈ ગયાં હતાં. સંખ્યાબંધ હાથપ્રતો તે તે સમયની મળે છે, જેઓમાં મધ્યકાલીન ભાષાભૂમિકાનાં ક્રમિક રૂપોની સાથોસાથ લહિયાઓને હાથે સ્વાભાવિક અર્વાચીન ઉચ્ચરિત રૂપ અજાણતાં લખાઈ ગયાં હોય છે. તે તે કવિએ પોતાની રચના ગાઈ હોય તો તે તે રૂપ કેવું ઉચ્ચરિત થતું હશે એનો અણસાર આમાંથી મળી જાય છે.[1]

હાથપ્રતોની દૃષ્ટિએ જોવામાં આવે તો જૈન ધાટીના લહિયા લાંબા સમય સુધી મધ્યકાલીન ગુજરાતીની ક્રમિક ભૂમિકાઓનો લેખનમાં સમાદર કરતા જોવા મળે છે, જ્યારે જૈનેતર ધાટીના લહિયા ઈ.સ. ૧૬૨૫ અને ૧૬૫૦ના ગાળાથી અર્વાચીન ભૂમિકામાં ભાષાસ્વરૂપ આપતા થઈ ગયા હોય છે. એવું પણ બન્યું છે કે અર્વાચીન ભૂમિકાના સમર્થ સાહિત્યકારો અખા અને પ્રેમાનંદની કોઈ કોઈ રચનાની નકલો અર્વાચીનને બદલે મધ્યકાલીન ગુજરાતીની ચોથી મિશ્રભૂમિકામાં પણ જોવા મળી છે.[2]

૨. સાહિત્ય

(અ) સંસ્કૃત-પ્રાકૃત

આ સમયમાં બ્રાહ્મણોએ ક્રિયાકાંડ અને જ્યોતિષનો વ્યવસાય હાથ ધરી લીધો હતો. શ્રાદ્ધ કરાવવાં, લગ્ન કરાવવાં, મુહૂર્ત કાઢી આપવાં તેમજ લગ્નકુંડલી અનુસાર ફળાદેશ કહેવો એ વ્યવસાય પછી તો વારસાગત બની ગયો. થોડાક વિદ્યાજીવી બ્રાહ્મણ સંસ્કૃત પાઠશાળાઓ કે વ્યક્તિગત અધ્યાપન ઉપર આજીવિકા ચલાવતા. કેટલાક બ્રાહ્મણ વિદ્વાનોની જ્યોતિષ અને ક્રિયાકાંડ વિષયક રચનાઓ પણ ઉપલબ્ધ છે.[3]

જૈન મુનિઓએ પ્રાચીન ગ્રંથકારોની પ્રણાલી ચાલુ રાખવા સાથે લેખનપ્રકારમાં વૈવિધ્ય બતાવ્યું. વિજ્ઞપ્તિપત્રો, સમસ્યાપૂર્તિઓ, અનેકાર્થકાવ્યો, અનેકસંધાન કાવ્યો, દેશી ઢાળોમાં સંસ્કૃત સ્તવનો, ઔષધ-મંત્રગર્ભિત સ્તોત્રો, અર્ધ-પ્રાકૃત-અર્ધસંસ્કૃત-અર્ધ ગુજરાતી-અર્ધસંસ્કૃત—આમ અનેકવિધ રચનાઓ દ્વારા કૌશલ બતાવવામાં પાછી પાની કરી નથી. ખાસ તો એમણે જૈનેતર વિશિષ્ટ કાવ્યો ઉપર ઉદાર મનથી ટીકાઓ રચી છે તે ધ્યાનમાં લેવા જેવું છે. રઘુવંશકાવ્ય ઉપર ૧૬, કુમારસંભવ કાવ્ય ઉપર ૧૩, મેઘદૂત કાવ્ય ઉપર ૧૬, કિરાતાર્જુનીય કાવ્ય ઉપર ૩, શિશુપાલવધ કાવ્ય ઉપર ૨ અને નૈષધીયચરિતકાવ્ય ઉપર ૪ જૈનાચાર્યોની ટીકાઓ આજ સુધીમાં મળી આવી છે. એ સિવાય કાદંબરી વાસવદત્તા દમયંતીચંપૂ ખંડપ્રશસ્તિ વગેરે અનેક કાવ્યો ઉપર જૈના-

ચાર્યોએ વ્યાખ્યાઓ આપી છે, જેમાંના મોટા ભાગના વ્યાખ્યાકારો આ સમયના છે. વળી, આ કાળમાં ઉપર જણાવ્યું તેમ, ફારસી ભાષા પ્રચલિત હોવાથી ફારસીના ઘણા શબ્દ અપનાવી સંસ્કૃત રચનાઓ, ફારસી ભાષામાં સ્તુતિ-સ્તોત્રો વગેરે રચ્યાં છે. ભાનુચંદ્રે ફારસીના ઘણા ગ્રંથો પ્રતિભા-ગુણોથી જાણી સમજીને બાદશાહ અકબરને વંચાવ્યા હતા.[૪] મુસ્લિમો પણ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરતા. દારાએ કરેલાં ઉપનિષદોનાં ભાષાંતર પ્રસિદ્ધ છે. દાનિયાર અને શેખ ઉપા. ભાનુચંદ્ર પાસે અધ્યયન કરતા હતા એવી વિગત જાણવા મળે છે.

વિજ્ઞપ્તિપત્રો : આ કાલમાં એ સમયના સુપ્રસિદ્ધ જૈનાચાર્યોને એમના શિષ્યો કે ચાહકો તરફથી, ચાતુર્માસમાં જ્યાં ક્યાંય સ્થિર થયા હોય ત્યાંના સરનામે, વિજ્ઞપ્તિપત્રો સંસ્કૃતમાં લખાયા છે. આ ત્યાંનાં સ્થળવર્ણનોની કાવ્ય-લક્ષણોથી દીપતી રચનાઓ છે. આ પ્રકાર ખીલવવાનો રસ જૈન કવિઓ જ લઈ જાય છે.

વળી જૈન મુનિઓએ પોતાની વિદ્વત્તા અને કડક આચારપાલનથી મુસ્લિમ બાદશાહોને પ્રસન્ન કરી અનેક પ્રકારનાં ફરમાન મેળવ્યાં હતાં. આ ફરમાન તો અંગત કોઈ માગણીનાં ન હતાં, પરંતુ પશુ-પંખી અને માનવકલ્યાણની ભાવનાથી પ્રેરાઈને તેમજ જૈન ધર્મના સિદ્ધાંતોના પ્રચાર માટેનાં હતાં;[૫] જેમકે—કોઈ પશુપંખીને ન મારવાં એવી અમારી, જજિયાવેરો, મુંડકાવેરો, મૃતકનું ધન ન લેવું, ફાંસી આપવામાંથી છૂટકારો, બંદીવાનોને છોડી મૂકવા, પાંજરે પૂરેલાં પંખીઓને છોડી દેવાં, માછલાં ન મારવાં, પર્યુષણ તેમજ બીજા તહેવારોમાં જીવહિંસા ન થાય[૬] અને જૈનોને પોતાનાં તીર્થોમાં જવા-આવવા સવલતો મળે એ માટેનાં ફરમાન મેળવ્યાં હતાં. આમ તેઓ લોકોનો નીતિમત્તાનો સ્તર ઊંચો આવે એ રીતનો ઉપદેશ આપવા પોતાની વિદ્વત્તાનો ઉપયોગ કરતા.

સાહિત્યલેખે ગુજરાતમાં રહી અનેકવિધ સેવા કરનારા જૈન તેમજ અજૈન ગ્રંથકારોની રચનાઓ સંબંધે હવે વિગતે જોઈએ.

મહો. ધર્મસાગર ગણિ (ઈ.સ. ૧૭૫૩) : તપાગચ્છીય ધર્મસાગર ઉપાધ્યાયે ખરતરગચ્છના ખંડનરૂપે ઔષ્ટ્રિક મતોત્સૂત્ર દીપિકા (ઈ.સ. ૧૫૬૧), ૨. તત્ત્વ-તરંગિણી-વૃત્તિ, ૩. પ્રવચનપરીક્ષા (કુપક્ષકૌશિકાદિત્ય) સવૃત્તિ (ઈ.સ. ૧૫૭૩), જેમાં જૈન સંપ્રદાયના અવાંતર ગચ્છોનું ઉગ્ર ભાષામાં ખંડન છે), ૪. ઈર્યાપથિકા ષટ્ત્રિંશિકા (ઈ.સ. ૧૫૭૩), ૫. કલ્પસૂત્ર ઉપર કિરણાવલી ટીકા (ઈ.સ.

૧૫૭૨), ૬. જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ-વૃત્તિ (ઈ.સ. ૧૫૮૩), ૭. ગુર્વાવલી પટ્ટાવલી સવૃત્તિ, ૮. પર્યુષણા શતક સવૃત્તિ, ૯. સર્વજ્ઞશતક સવૃત્તિ, ૧૦. વર્ધમાન-દ્વાત્રિંશિકા, ૧૧. ષોડશશ્લોકી-ગુરુતત્ત્વપ્રદીપિકા-સવિવરણ એ ગ્રંથ રચ્યા છે.

તેઓ મૂળ ગુજરાતમાં આવેલા લાડોલ ગામના વતની હતા.

તેઓ સં. ૧૬૫૩ના કાર્તિક સુદિ ૯ ના દિવસે ખંભાતમાં સ્વર્ગસ્થ થયા હતા.

કવિ હેમવિજયગણિ (ઈ.સ. ૧૫૭૬) : એમણે સં. ૧૬૩૨ માં પાર્શ્વ-નાથચરિત્ર, સં. ૧૬૫૦ લગભગમાં 'કસ્તૂરીપ્રકર' નામનો સૂક્તિગ્રંથ અને સં. ૧૬૫૬ માં ખંભાતમાં ઋષભશતક, કથારત્નાકર (સં. ૧૬૫૭) વગેરે ગ્રંથ રચ્યા છે.

'કીર્તિકિલ્લોલિની' કાવ્ય આ. વિજયસેનસૂરિની પ્રશસ્તિરૂપે રચ્યું છે. વળી 'ચતુર્વિંશતિજિનસ્તુતિ (શ્લેષમય સટીક)' 'કમળબંધ સ્તુતિ' 'ચતુર્વિંશતિસ્તોત્ર' વગેરે અનેક સ્તોત્ર રચ્યાં છે.

શત્રુંજય ઉપર કર્માશાહની પછી શેઠ તેજપાલે કરાવેલ જીર્ણોદ્ધારની પ્રશસ્તિ આ કવિએ રચી છે.

એમણે 'વિજયપ્રશસ્તિ મહાકાવ્ય' નામક ગ્રંથ સં. ૧૬૮૧ માં ઈડરમાં ૧૬ સર્ગાત્મક રચ્યો તે પછી પોતે સ્વર્ગસ્થ થતાં એમના ગુરુભાઈ વિદ્યાવિજયના શિષ્ય મુનિ ગુણવિજયે પાંચ સર્ગ રચી એ કાવ્ય પૂર્ણ કર્યું અને એ ૨૧ સર્ગો ઉપર ગુણવિજયે 'વિજયદીપિકા' નામક ટીકા સં. ૧૬૮૮ માં રચી પૂર્ણ કરેલ છે.

કવિ હેમવિજયે ગુજરાતીમાં પણ કેટલીક રચનાઓ કરી છે. સં. ૧૬૬૧ માં મહેસાણામાં 'કમલવિજયરાસ' અને 'નેમિનાથ ચંદ્રાઉલો' વગેરે જાણીતી રચનાઓ છે.

પદ્મસાગરગણિ (ઈ.સ. ૧૫૭૭) : આ ગણિ સાહિત્ય અને દર્શનના પ્રખર પંડિત હતા. તેઓ સારા કવિ અને વાદિ હતા, એમણે દાર્શનિક રચના-ઓમાં સં. ૧૬૩૩(ઈ.સ. ૧૫૭૭)માં 'નયપ્રકાશાષ્ટક સટીક' 'પ્રમાણપ્રકાશ સટીક' અને 'યુક્તિપ્રકાશ સટીક' રચ્યાં છે. કાવ્યકૃતિઓમાં સં. ૧૬૩૪માં પાંચ સર્ગમાં 'શીલપ્રકાશ કાવ્ય' રચ્યું છે. એમણે 'યશોધરચરિત્ર' 'કર્મપરીક્ષા' 'તિલકમંજરી-વૃત્તિ' 'તિલકમંજરી-સાર', સં. ૧૬૫૭ માં 'ઉત્તરાધ્યયનકથા-સંગ્રહ' અને સં. ૧૬૪૬ ના વર્ષ પહેલાં 'જગદ્ગુરુ' નામક કાવ્ય રચ્યું છે. 'જગદ્ગુરુ કાવ્ય' એ કવિની ઐતિહાસિક પ્રાસાદિક રચના છે. આ. હીરવિજયસૂરિ,

જેમને મુઘલ બાદશાહ અકબરે 'જગદ્‌ગુરુ'ના બિરુદથી નવાજ્યા હતા તેમની પ્રશસ્તિરૂપે એ રચ્યું છે.

યાજ્ઞિકનાથ (ઈ.સ. ૧૫૭૯ આસ.) : યાજ્ઞિકનાથ જંબૂસરના રહેવાસી અને જ્યોતિષશાસ્ત્રના પ્રખર વિદ્વાન હતા. એમણે 'જાતકચંદ્રિકા' નામની કૃતિ આપી છે. તેઓ શક સં. ૧૫૦૦ (ઈ.સ. ૧૫૭૯) આસપાસ થયા હોય એમ માની શકાય.

મુનિ રવિસાગર (ઈ.સ. ૧૫૮૦) : તપા. હર્ષસાગર રાજસાગરના શિષ્ય મુનિ રવિસાગરે સં. ૧૬૩૬(ઈ.સ. ૧૫૮૦)માં 'રૂપસેનચરિત્ર', સં. ૧૬૪૫ માં માંડલમાં 'પ્રદ્યુમ્નચરિત્ર' અને એ જ વર્ષમાં ઉન્નતનગર (ઊના)માં 'મૌન એકાદશીની કથા' વગેરે રચનાઓ કરી.

દેવવિમલગણિ (ઈ.સ. ૧૫૮૩ થી ૧૬૧૫) : સિંહવિમલગણિના શિષ્ય દેવવિમલગણિએ 'હીરસૌભાગ્ય મહાકાવ્ય' અને એના પર સ્વોપજ્ઞ 'સુખાવબોધ' નામની વૃત્તિ રચી છે. એમણે આ કાવ્ય અને વૃત્તિની રચનાનો આરંભ સં. ૧૬૩૯ ઈ.સ. ૧૫૮૩)માં કર્યો હતો અને પૂર્ણાહુતિ સં. ૧૬૭૧(ઈ.સ. ૧૬૧૫)માં કરી હતી. એના ૧૭ સર્ગ છે.

આ કાવ્યમાં કવિએ એ વખતે પ્રચલિત એવા કેટલાક ફારસી શબ્દોને અપનાવી લઈ કાવ્યમાં ગૂંથી દીધા છે.

આમાં ગુજરાતનાં ઝૂંઝવાડા, સાબ્રમતી નદી, અહમદાવાદ, પાટણ, ખંભાત વગેરે સ્થળોનું કવિત્વમય વર્ણન છે. આ કાવ્યનું સંશોધન ઉપા. કલ્યાણવિજયના શિષ્ય ધનવિજય વાચકે કર્યું હતું. આ કાવ્ય-વૃત્તિમાં અનેક ગ્રંથોનાં અવતરણ છે. જે કર્તાની બહુશ્રુતતાનો પરિચય કરાવે છે.

દેવવિમલગણિના સમયની સામાજિક સાંસ્કૃતિક ધાર્મિક રાજકીય વગેરે વિગતો જાણવા માટે આ કાવ્યનું ઐતિહાસિક દૃષ્ટિએ બહુ મૂલ્ય છે.

મુનિ જયસોમ (ઈ.સ. ૧૫૮૪) : ખર. ક્ષેમશાખાના ક્ષેમરાજ (-પ્રમોદ માણિક્ય)ના શિષ્ય મુનિ જયસોમે સં. ૧૬૪૦(ઈ.સ. ૧૫૮૪)માં 'ઇરિયાવહિકા ત્રિંશિકા' સ્વોપજ્ઞ ટીકા સહિત અને સં. ૧૬૪૫માં 'પોષણ પ્રકરણ' સટીક રચ્યાં છે. વળી 'કર્મચંદ્રમંત્રિવંશોત્કીર્તન કાવ્ય' નામક ઐતિહાસિક કાવ્ય રચ્યું છે. આ કાવ્યમાં મંત્રી કર્મચંદ્રના જીવન વિશે હકીકતો જણાવી છે.

એમના શિષ્ય મુનિ ગુણવિનય 'ખંડપ્રશસ્તિ' કાવ્યની ટીકાની પ્રશસ્તિમાં જણાવે છે કે મુનિ જયસોમે અકબર બાદશાહની રાજસભામાં વાદમાં જય મેળવ્યો હતો.

ઉપા. ગુણવિનયગણિ (ઈ.સ. ૧૫૮૫) : ખર. ક્ષેમશાખાના ક્ષેમરાજ–જયસોમ ઉપા.ના શિષ્ય ગુણવિનય ઉપાધ્યાયે અનેક વૃત્તિગ્રંથોની રચના કરી છે.

૧. સં. ૧૬૪૧માં હનુમાન કવિ–કૃત 'ખંડપ્રશસ્તિ' કાવ્ય પર સુબોધિકા નામની વૃત્તિ, ૨. સં. ૧૬૪૬માં કાલિદાસ કવિના 'રઘુવંશ કાવ્ય' પર વૃત્તિ, ૩. એ જ વર્ષમાં ત્રિવિક્રમ ભટ્ટ–કૃત 'દમયંતિ કથા ચંપૂ' પર ટીકા, ૪. સં. ૧૬૪૭માં 'વૈરાગ્યશતક' પર ટીકા. ૫. સં. ૧૬૫૧માં જયશેખર–કૃત 'સંબોધસપ્તતિકા' પર વૃત્તિ, ૬. સં. ૧૬૫૯માં 'લઘુશાંતિસ્તવન' પર ટીકા, ૭. સં. ૧૬૬૫માં નવાનગરમાં તપા. ધર્મસાગર ઉપા.ના 'ઉત્સૂત્રખંડન'ના પ્રત્યુત્તરરૂપે 'ઉત્સૂત્રોદ્ઘાટન કુલક'ની રચના કરી છે.

જિનવલ્લભસૂરિના 'અજિતશાંતિસ્તવ' પર મિતભાષિણીવૃત્તિ, 'શબ્દાર્થ-સમુચ્ચય' વગેરે ગ્રંથ રચ્યા છે. ગુજરાતી ભાષામાં પણ કેટલાક ગ્રંથ રચ્યા છે.

મુનિ કનકકુશલ (ઈ.સ. ૧૫૮૫) : આ વિજયસેનસૂરિના શિષ્ય મુનિ કનકકુશલે સં. ૧૬૪૧માં જિનસ્તુતિ, 'કલ્યાણમંદિર સ્તોત્ર' પર ટીકા, સં. ૧૬૫૨ માં વિજ્યાદશમીના દિવસે વડનગરમાં રહીને 'ભક્તામરસ્તોત્ર' પર ટીકા, સં. ૧૬૫૩ માં સાદડીમાં 'વિશાલલોચન' પર વૃત્તિ, સં. ૧૬૫૫માં મેડતામાં સૌભાગ્યપંચમીકથા, વરદત્ત ગુણમંજરીકથા, સાધારણ જિનસ્તવન પર અવચૂરિ, 'રત્નાકરપંચવિંશતિ' પર ટીકા સં. ૧૬૫૬ માં સુરપ્રિયમુનિકથા, સં. ૧૬૫૭માં 'રાહિણેયકથાનક' વગેરે રચનાઓ કરી છે.

એમણે 'દાનપ્રકાશ' નામનો ગ્રંથ સં. ૧૬૫૬માં આઠ પ્રકાશમાં રચ્યો છે. અને ભિન્ન ભિન્ન કથાઓ દ્વારા મુનિને દાન દેવાથી થતા લાભની વિગત વર્ણવી છે. કૃતિ સરળ અને મનોહર સંસ્કૃત પદ્યમાં છે.

વાચક સમયસુંદરગણિ (ઈ.સ. ૧૫૮૫) : ખર. ઉપા. સકલચંદ્રના શિષ્ય સમયસુંદર વાચકે સં. ૧૬૪૧ (ઈ.સ. ૧૫૮૫) માં 'ભાવશતક' નામે શતક કાવ્ય (સ્વોપજ્ઞ ટીકા સાથે) રચ્યું છે. સં. ૧૬૪૬માં એમણે राजनो ददते सौख्यम् એ વાક્યના આઠ લાખ અર્થ કરી સમ્રાટ અકબરને ચમત્કૃત કર્યો હતો. સં. ૧૬૬૩ માં 'રૂપકમાલા' પર વૃત્તિ રચી છે. સં. ૧૬૫૦માં એમણે 'જિનસિંહસૂરિ પદોત્સવ' કાવ્ય રચ્યું છે. સં. ૧૬૬૪માં 'ચાતુર્માસિક વ્યાખ્યાન પદ્ધતિ', સં. ૧૬૬૫માં 'ચાતુર્માસિક પર્વકથા', સં. ૧૬૬૬ માં અને વીરમપુરમાં 'કાલિકાચાર્યકથા', સં. ૧૬૭૨માં મેડતામાં 'સામાચારીશતક' રચ્યું અને 'વિશેષ શતક' રચ્યું છે. આ શતકમાં સં. ૧૭૮૭ માં પડેલા ભયંકર દુષ્કાળનું વર્ણન કર્યું છે.[૭]

સં ૧૬૭૪માં 'વિચારશતક', સં. ૧૬૮૫ માં 'વિસંવાદશતક' લૂણકર્ણ-સરમાં, રિણીગામે 'યત્યારાધના' 'વિશેષસંગ્રહ', કલ્પસૂત્ર ઉપર 'કલ્પલતા વિવૃત્તિ', 'દીક્ષાપ્રતિષ્ઠાદિ શુદ્ધિ' વગેરે ગ્રંથ રચ્યા છે. એમણે 'કથાકોશ' ગ્રંથમાં ૧૬૭ કથા લખી છે.

સં. ૧૬૮૬ માં 'ગાથાસાહસ્રી', સં. ૧૬૮૭ માં 'જયતિહુઅણસ્તોત્રવૃત્તિ', સં. ૧૬૯૧ માં ખંભાતમાં 'દશવૈકાલિક સૂત્ર' પર શબ્દાર્થ-વૃત્તિ, સં. ૧૬૯૪માં જાલોરમાં 'વૃત્તરત્નાકર' પર વૃત્તિ, કાલિદાસના રઘુવંશ' કાવ્ય પર વૃત્તિ, 'સંવાદસુંદર', 'કલ્યાણમંદિરસ્તોત્ર' પર વૃત્તિ, જિનવલ્લભસૂરિ-રચિત 'દુરિયરય-સમીર' મહાવીર સ્તોત્ર પર વૃત્તિ વગેરે રચનાઓ કરી. સં. ૧૬૯૮માં 'જીવ-વિચાર નવતત્ત્વ' અને 'દંડક' પરની વૃત્તિઓ અમદાવાદમાં રચી. ભાષામાં તો એમની અનેક કૃતિઓ છે.[૮]

રઘુરામ (ઈ.સ. ૧૫૮૯) : કચ્છના ભૂજ નગરના નિવાસી જયરામના પુત્ર રઘુરામે વિ.સં. ૧૬૪૫ (ઈ.સ. ૧૫૮૯)માં સંસ્કૃત ગદ્યમાં 'કાલનિર્ણયસિદ્ધાંત' નામક ધર્મશાસ્ત્રનો ગ્રંથ રચ્યો છે, એના ઉપરથી પં. મહાદેવે એ પદ્યમાં રચના કરી છે.

ઉપા. શાંતિચંદ્રગણિ (ઈ.સ. ૧૫૧૪) : તપા. ઉપા. સકલચંદ્રના શિષ્ય ઉપા. શાંતિચંદ્રગણિએ સં. ૧૬૭૦ (ઈ.સ. ૧૬૧૪) માં 'કૃપારસકોશ' નામનું ૧૨૮ પ્રશ્નોનું નાનું સુંદર કાવ્ય રચ્યું છે. આમાં ગ્રંથકારે અકબર બાદશાહના શૌર્ય વગેરે ગુણોની પ્રશંસા કરી છે. ખુશ થયેલા બાદશાહ પાસેથી એણે કેટલાંક અમારિ-ફરમાન મેળવ્યાં હતાં, જજિયાવેરો વગેરે દૂર કરાવ્યા હતા.

આ સિવાય ઉપા. શાંતિચંદ્રે 'જંબૂદ્વીવપણ્ણત્તિ' ઉપર સં. ૧૬૫૦ (ઈ.સ. ૧૫૯૪) માં 'પ્રમેયરત્નમંજૂષા' નામની ટીકા, સં. ૧૬૫૧માં 'અજિતશાંતિસ્તવ' અને 'કવિતા મદપરિહાર'-સટીકની રચના કરી છે. એમણે ઘંટાકર્ણકલ્પ' નામક મનોહર કાવ્ય પણ રચ્યું છે.

એમણે ઈડરના રાવ નારાયણ બીજાની સભામાં સં. ૧૬૩૩ પછી દિગંબર ભટ્ટારક વાદિભૂષણને અને વાગડના ઘાટશિલ નગરના અને જોધપુરના રાજા માલદેના ભત્રીજા રાજા સહસ્રમલ્લની સંમુખ દિગંબર વાદી ગુણચંદ્રને વાદમાં હરાવ્યો હતો.[૯]

દેવવિજયગણિ (ઈ.સ. ૧૫૯૬) : આ. વિજયરાજસૂરિના શિષ્ય મુનિ દેવવિજયગણિએ (સં. ૧૬૫૨ ઈ.સ. ૧૫૯૬) માં 'રામચરિત', જે 'પદ્મચરિત' અગર 'જૈન રામાયણ' નામથી ઓળખાય છે, તેની રચના આ હેમચંદ્રના 'ત્રિષષ્ટિ

શલાકાપુરુષચરિત'ના સાતમા પર્વના આધારે કરી છે. સં ૧૬૬૦ માં 'પાંડવ-ચરિત' નામનો ગ્રંથ સંસ્કૃત ગદ્યમાં રચ્યો છે. આ. દેવેન્દ્રસૂરિએ રચેલાં દાનાદિ ચાર કુલકો ઉપર સં. ૧૬૬૬ માં 'ધર્મરત્નમંજૂષા' નામની ટીકા અને 'સત્તરિ-સયઠાણ' ઉપર વૃત્તિ રચી.

અજી (ઈ.સ. ૧૫૯૭) : વડનગરનિવાસી ભીમના પુત્ર અજી પંડિતે સં. ૧૬૫૩ (ઈ.સ. ૧૫૯૭) માં 'મણિકુંડદીપ' નામનો ગ્રંથ સટીક રચ્યો.

હર્ષકીર્તિસૂરિ (ઈ.સ. ૧૬૦૪) : નાગોરી તપાગચ્છીય આ ચંદ્રકીર્તિસૂરિના શિષ્ય આ. હર્ષકીર્તિસૂરિએ વિ.સં. ૧૬૬૦ (ઈ.સ. ૧૬૦૪) માં 'જ્યોતિસ્સાર સંગ્રહ' કે 'જ્યોતિસ્સારોદ્ધાર'[10] તથા 'જન્મપત્રી–પદ્ધતિ' નામે ગ્રંથ લખ્યા. ઉપરાંત 'ભક્તામરસ્તોત્ર' 'લઘુશાંતિ સ્તોત્ર' 'અજિતશાંતિ સ્તોત્ર' 'ઉવસગ્ગ-હરસ્તોત્ર' 'નવકારમંત્ર' વગેરે સ્તોત્રો પર અને સં. ૧૬૫૫ માં 'બૃહચ્છાંતિસ્તોત્ર' અને 'કલ્યાણમંદિરસ્તોત્ર' તથા 'સિંદૂરપ્રકર' પર ટીકાઓ રચી છે. વળી, 'સારસ્વત-દીપિકા', સં. ૧૬૬૯ માં 'સેટ્–અનિટ્–કારિકા–વિવરણ' 'ધાતુપાઠ-તરંગિણી–ધાતુપાઠવિવરણ' 'શારદીય–નામમાલા–કોશ' 'શ્રુતબોધવૃત્તિ' 'યોગ-ચિંતામણિ' વૈદ્યકસારોદ્ધાર' વગેરે ગ્રંથ પણ રચ્યા.

મુનિ લક્ષ્મીચંદ (ઈ.સ. ૧૬૦૪) : પાર્શ્વચંદ્રગચ્છીય જગચંદ્રના શિષ્ય મુનિ લક્ષ્મીચંદ્રે 'ગણિતસારણી' નામક જ્યોતિષ–વિષયક ગ્રંથની વિ.સં. ૧૭૬૦ (ઈ.સ. ૧૭૦૪) માં રચના કરી.

શ્રીવલ્લભ પાઠક (ઈ.સ. ૧૬૦૫) : ખર. જ્ઞાનવિમલસૂરિના શિષ્ય શ્રીવલ્લભ પાઠકે જિનદેવસૂરિકૃત 'શિલોંછ નામકોશ' પર વૃત્તિ, આ. હેમચંદ્રના 'નિઘંટુકોશ' પર વૃત્તિ, સં. ૧૬૬૧ માં જોધપુરમાં હેમચંદ્રાચાર્યકૃત 'લિંગાનુશાસન' પર 'દુર્ગપ્રબોધ' નામની ટીકા, સં. ૧૬૬૭ માં હેમચંદ્રની 'અભિધાનનામમાલા' પર 'સારોદ્ધાર' નામની વૃત્તિ અને સં. ૧૬૭૫ માં 'અરનાથસ્તુતિ'ની સ્વોપજ્ઞવૃત્તિ સહિત રચના કરી છે. વળી 'ચતુર્દશસ્વરવાદસ્થલ' 'સારસ્વતપ્રયોગ નિર્ણય' 'વ્યાકરણ–કઠિનશબ્દવૃત્તિ' 'વિદ્વત્પ્રબોધ કાવ્ય' અને સં. ૧૬૯૯ માં આચાર્ય વિજયદેવસૂરિની સ્તુતિરૂપે ૧૯ સર્ગોમાં 'વિજયદેવસૂરિમાહાત્મ્ય' નામક કાવ્ય સંક્ષિપ્ત ટીકા સાથે રચેલું છે.

શુભવિજય(ઈ.સ. ૧૬૦૫) : તપા. આ. હીરવિજયસૂરિના શિષ્ય શુભવિજયે સં. ૧૬૬૧ (ઈ.સ. ૧૬૦૫) માં 'હૈમીનામમાલાબીજક', સં. ૧૬૬૩ માં 'તર્ક-ભાષાવાર્તિક', સં ૧૬૬૫ માં રાજનગરમાં વિજયદેવસૂરિના આદેશથી 'કાવ્યકલ્પલતા-

વૃત્તિ' પર 'મકરંદ' નામની વૃત્તિની રચના કરી. સં. ૧૬૬૭ માં 'સ્યાદ્વાદ ભાષા' અને એની વૃત્તિ, સં. ૧૬૭૧ માં સં. ૧૬૬૫માં 'કલ્પસૂત્ર' પર ટીકા અને 'પ્રશ્નોત્તરસંગ્રહ' (સં. ૧૬૫૭ થી ૧૬૭૧ ના ગાળામાં) સંકલિત કર્યાં છે.

મુનિ સહજકીર્તિ (ઈ સ. ૧૬૦૫) : ખર. વાચક રત્નસારના શિષ્ય મુનિ સહજકીર્તિએ આગમગ્રંથોમાં સંસ્કૃતમાં ૧. 'કલ્પસૂત્ર' પર 'કલ્પમંજરી' નામક વૃત્તિ અને ૨. 'અનેકશાસ્ત્રસાર' રચ્યાં છે. મહાકાવ્યમાં ૩. 'ફલવર્ધિપાર્શ્વનાથ મહાત્મ્ય મહાકાવ્ય', સ્તુતિઓમાં ૪, 'શતદલકમલાલંકૃત-લોદ્રપુરીય પાર્શ્વનાથ સ્તુતિ' (સં. ૧૬૮૩) અને ૫. 'મહાવીર સ્તુતિ' (સં. ૧૬૪૬), વ્યાકરણમાં ૬ 'શબ્દાર્ણવ વ્યાકરણ' સવૃત્તિ (સપ્તદ્વીપી)-અપરનામ 'ઋજુપ્રાજ્ઞ વ્યાકરણ', ૭ 'સારસ્વત સૂત્રા' પર વૃત્તિ (સં. ૧૬૮૨), ૮ 'એકાદિ શત પર્યંત શબ્દસાધનિકા' અને કોશમાં ૯ 'નામકોશ' (૭ કાંડમાં) રચ્યાં છે.

આ ઉપરાંત ગુજરાતી ભાષામાં એમણે ૧૦ જેટલા ગ્રંથ રચ્યા છે.[૧૧]

જયરત્નગણિ (ઈ.સ. ૧૬૦૬) : પંડિત મુનિ જયરત્નગણિએ જ્યોતિષનો 'દોષરત્નાવલી' અને વૈદ્યકનો 'જ્વરપરાજય' (સં. ૧૬૬૨) એમ બે ગ્રંથ ખંભાતમાં રચ્યા.

પંડિત વિશ્રામ (ઈ.સ. ૧૬૦૮) : જંબૂસરના વતની પંડિત વિશ્રામે 'જાતકપદ્ધતિ' (શક સં. ૧૫૨૯-ઈ સ. ૧૬૦૮), 'મંત્રશિરોમણિ' (શક સં. ૧૫૩૭-ઈ.સ. ૧૬૧૬)માં રચી આપ્યાં.

બીજામાં સર્વ પ્રથમ શંકુયંત્ર બતાવ્યું છે. એ પછી ઘટિકાયંત્ર ચાપયંત્ર તુર્યયંત્ર નલિકાયંત્ર વગેરે યંત્રોથી ગ્રહોની સ્પષ્ટતા કરવાની રીત બતાવી છે.

ઉપા. ભાનુચંદ્રગણિ (ઈ.સ ૧૬૦૯) : 'આઈન-ઇ-અકબરીમાંથી જાણવા મળે છે કે બાદશાહ અકબરના દરબારમાં માન્ય વિદ્વાનોના વર્ગમાં 'ભાણચંદ્ર' નામથી પ્રસિદ્ધ ઉપા. ભાનચંદ્રગણિ સિદ્ધપુરના વતની શેઠ રામજી અને એમનાં પત્ની રમાદેના પુત્ર હતા. એમનું નામ 'ભાણજી' હતું. આ હીરવિજયસૂરિ સં. ૧૬૩૯ માં બાદશાહ અકબરના આમંત્રણથી ફતેહપુર સિક્રી જઈ રહ્યા હતા ત્યારે મુનિ ભાનુચંદ્ર પણ શાંતિચંદ્રગણિની સાથોસાથ સિદ્ધપુરથી એમની સાથે ગયા હતા. મહો. શાંતિચંદ્ર બાદશાહ અકબર પાસેથી ગુજરાત તરફ ગયા ત્યારે પં. ભાનુચંદ્રને બાદશાહ પાસે મૂકી ગયા. અકબર એમને બહુ માનતો હતો. બાદશાહે એમને 'ઉપાધ્યાય'ની પદવી પણ અપાવી હતી. ઉપા. ભાનુચંદ્રે ફારસીનો પણ અભ્યાસ કર્યો હતો.

ઉપા. ભાનુચંદ્ર બાણકવિની 'કાદંબરી(પૂર્વાર્ધ)'ની વૃત્તિ 'વસંતરાજ શાકુન વૃત્તિ' 'સારસ્વત વ્યાકરણ વૃત્તિ' 'કાવ્યપ્રકાશ–વૃત્તિ' 'અભિધાનનામમાલા વૃત્તિ' 'વિવેકવિલાસ વૃત્તિ' 'રત્નપાલકથાનક' 'સૂર્યસહસ્રનામ–સવૃત્તિ' વગેરે ગ્રંથ રચ્યા છે.

તેઓ બાદશાહ અકબરના જીવનકાલ પર્યંત એમની સાથે રહ્યા હતા. છેવટે પોતાના વિદ્વાન શિષ્ય સિદ્ધચંદ્રને લઈને તેઓ ગુજરાતના વડોદરા અને ગંધાર થઈ પાટણ આવ્યા.[૧૨] પછીથી તેઓ સંઘપુરમાં વિશેષ રહ્યા હતા. એમને અનેક શિષ્યોનો પરિવાર હતો.

એમના જીવન વિશે વિશેષ હકીકતો એમના શિષ્ય ઉપા. સિદ્ધિચંદ્રે રચેલ 'ભાનુચંદ્રચરિત કાવ્ય'માંથી પ્રાપ્ત થાય છે.

મુનિ રત્નચંદ્રગણિ (ઈ.સ. ૧૬૧૨) : ઉપા. શાંતિચંદ્રગણિના શિષ્ય મુનિ રત્નચંદ્રે 'રઘુવંશની ટીકા', સં. ૧૬૬૮ (ઈ.સ. ૧૬૧૨) પહેલાં 'નૈષધીય કાવ્ય' ઉપર ટીકા, ગુરુએ રચેલા 'કૃપારસકોશ' ઉપર વૃત્તિ અને 'અધ્યાત્મકલ્પદ્રુમ–વૃત્તિ', 'આધ્યાત્મકલ્પતા' સં. ૧૬૭૪માં સુરતમાં, 'સમ્મત્તસત્તારિયા (સમ્યક્ત્વ-સપ્તતિકા) ઉપર બાલાવબોધ (સં. ૧૬૭૬માં) 'ઋષભવીરસ્તવવૃત્તિ' 'કલ્યાણ-મંદિરસ્તોત્રવૃત્તિ', 'દેવા પ્રભો' સ્તોત્રની વૃત્તિ, 'ભક્તામરસ્તોત્રવૃત્તિ', 'શ્રીમદ્ ધર્મસ્તવ–વૃત્તિ' વગેરે ગ્રંથ અને 'પ્રદ્યુમ્નચરિત' નામનું સ્વતંત્ર કાવ્ય રચ્યાં છે. વળી, 'કુમતિવિષાહિજાંગુલી' નામનો ગ્રંથ ઉપા ધર્મસાગરગણિના મતના ખંડનરૂપે રચ્યો.

ઉપા. સિદ્ધિચંદ્રગણિ (ઈ.સ. ૧૬૧૪) : ઉપા ભાનુચંદ્રના વિદ્વાન શિષ્ય ઉપા. સિદ્ધિચંદ્ર ગણિએ સં. ૧૬૭૦ (ઈ.સ. ૧૪૧૪) લગભગમાં પોતાના ગુરુના જીવનનું નિરૂપણ કરતું 'ભાનુચંદ્રચરિત કાવ્ય' નામક ઐતિહાસિક કાવ્ય રચ્યું છે. એ પટ્દર્શનના જાણકાર હતા. એમણે ફારસી ભાષાનો અભ્યાસ પણ કર્યો હતો.[૧૩]

ઉપા. સિદ્ધિચંદ્રે બાણ–કૃત 'કાદંબરી (ઉત્તરાર્ધ) પર ટીકા, સુબંધુ કવિની 'વાસવદત્તા' પર ટીકા 'શોભનસ્તુતિ ટીકા' 'સપ્તપદાર્થી ટીકા' જિનશતક–ટીકા' 'આખ્યાતવાદ–ટીકા' 'પ્રાકૃત સુભાષિતસંગ્રહ' 'સૂક્તિરત્નાકર' 'સપ્તસ્મરણ–વૃત્તિ' 'લેખલિખન–પદ્ધતિ' 'કાવ્યપ્રકાશખંડન' 'સંક્ષિપ્ત કાદંબરીકથાનક' વગેરે અનેક ગ્રંથ રચી આપ્યા છે.

એમણે ગુજરાતીમાં 'નેમિનાથ ચોમાસી કાવ્ય' અને કાદંબરી–સાર' (ગદ્યમાં) રચેલ છે.

ગણેશ દૈવજ્ઞ (ઈ.સ. ૧૬૧૪): સૂર્યપુર(સુરત)નિવાસી ભારદ્વાજગોત્રીય ગણેશ દૈવજ્ઞે 'જાતકાલંકાર' નામનો ગ્રંથ (શક સં. ૧૫૩૫–ઈ.સ. ૧૬૧૪) અને કેશવાર્ક-રચિત 'વિવાહવૃંદાવન' ગ્રંથ ઉપર ટીકા રચી છે. 'જાતકાલંકાર' ઉપર હરભાનુ શુક્લે ટીકા રચ્યાનું જાણવા મળે છે.

આ. વિજયસેનસૂરિ (ઈ.સ. ૧૬૧૬): આ. હીરવિજયસૂરિશિષ્ય આ. વિજયસેનસૂરિ શાસ્ત્રવિશારદ હતા. એ જોતાં અકબરે એમને 'સવાઈ હીરવિજયસૂરિ' એવો ખિતાબ આપ્યો હતો.

એમણે 'યોગશાસ્ત્ર' પર 'સપ્તશતાર્થી' નામક વૃત્તિ રચી છે, જેમાં યોગશાસ્ત્રના પ્રથમ પદ્યના ૭૦૦ અર્થ કરી બતાવ્યા છે. વળી એમણે 'સૂક્તાવલી' નામનો ગ્રંથ પણ રચ્યો છે[૧૪]

મહો. કીર્તિવિજય ગણિ (ઈ.સ. ૧૬૧૬) : આ હીરવિજયસૂરિના શિષ્ય મહો. કીર્તિવિજયગણિએ વિદ્યાપુર (વિજાપુર)થી સં. ૧૬૬૨ માં સંસ્કૃત પદ્યમાં ઇલાદુર્ગ(ઈડર)માં ચાતુર્માસ રહેલા આ. વિજયસેનસૂરિ ઉપર 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો હતો.[૧૫] આ રચના એમની સાહિત્યિક પ્રતિભાની નિદર્શક છે.

એમણે 'હીરપ્રશ્નોત્તર' અને 'વિચારરત્નાકર' નામના ગ્રંથ રચ્યા છે.

સુમતિહર્ષ (ઈ.સ. ૧૬૧૭) : અંચલગચ્છીય હર્ષરત્નના શિષ્ય સુમતિહર્ષે શ્રીપતિકૃત 'જાતકકર્મપદ્ધતિ' ઉપર સં. ૧૬૭૩ માં ટીકા, સં. ૧૬૭૭માં હરિભદ્રના 'તાજિકસાર' પર ટીકા, સં. ૧૬૮૭ માં ભાસ્કરકૃત 'કર્ણકુતૂહલ' પર 'ગણકકૌમુદી નામની ટીકા વગેરે ગ્રંથ રચ્યા છે.

ચારિત્રસિંહ (ઈ.સ. ૧૬૧૯) : સં. ૧૬૭૫(ઈ.સ. ૧૬૧૯)માં ચારિત્રસિંહ નામના જૈન મુનિએ વ્યાકરણ વિષયનો ટીકાગ્રંથ ધોળકામાં રચ્યો છે.

શ્રીવિજયગણિ (ઈ.સ. ૧૬૨૦) : તપા. રામવિજયગણિના શિષ્ય શ્રી વિજયગણિએ સં. ૧૬૭૬(ઈ.સ. ૧૬૨૦)થી સં. ૧૬૯૬ ના વચગાળામાં રઘુવંશ મહાકાવ્ય' ઉપર અને 'કુમારસંભવ મહાકાવ્ય'ના સાત સર્ગ ઉપર ટીકા અને સં. ૧૭૦૯માં મેઘદૂતકાવ્ય પર ટીકા કરી છે.

આ. જિનરાજસૂરિ(ઈ.સ. ૧૬૨૦ લગભગ) : ખર. આ. જિનસિંહસૂરિના શિષ્ય આ. જિનરાજસૂરિએ શ્રીહર્ષરચિત 'નૈષધીય મહાકાવ્ય' ઉપર વિસ્તૃત વ્યાખ્યા રચી છે. આ આચાર્યનો સમય સં. ૧૬૭૬ થી ૧૬૯૯ ગણાય છે.

મુનિ સાધુસુંદર ગણિ (ઈ.સ. ૧૬૨૪) : ખર. પાઠક સાધુકીર્તિના શિષ્ય મુનિ સાધુસુંદરગણિએ સં. ૧૬૮૦ (ઈ.સ. ૧૬૨૪)ની આસપાસ ૧. 'ધાતુરત્નાકર', ૨. 'શબ્દરત્નાકર' અને ૩. 'ઉક્તિરત્નાકર' તથા સં. ૧૬૮૩ માં 'પાર્શ્વનાથસ્તુતિ' રચી છે.

મુનિ ઉદયકીર્તિ (ઈ.સ. ૧૬૨૫) : વિમલકીર્તિ નામના જૈન મુનિએ પાણિનિના અષ્ટાધ્યાયી વ્યાકરણ અનુસાર સંસ્કૃત ધાતુઓનાં પદ જાણવા માટે 'પદવ્યવસ્થા–કારિકા' નામથી સૂત્રોને કારિકાઓમાં ઉતાર્યાં છે. એના ઉપર ખરખર-ગચ્છીય મુનિ સાધુસુંદરના શિષ્ય મુનિ ઉદયકીર્તિએ સં. ૧૬૮૧(ઈ.સ. ૧૬૨૫)માં ટીકાગ્રંથની રચના કરી છે.

પં. જ્ઞાનપ્રમોદગણિ (ઈ.સ. ૧૬૨૫) : ખરતગચ્છીય રત્નધીરના શિષ્ય પં. જ્ઞાનપ્રમોદગણિએ સં. ૧૬૮૧ (ઈ.સ. ૧૬૨૫) માં 'વાગ્ભટાલંકાર' નામના અલંકારવિષયક ગ્રંથ પર ટીકા રચી છે.

મુનિ ભાવવિજય (ઈ.સ. ૧૬૩૩) : તપા. મુનિવિમલના શિષ્ય મુનિભાવ-વિજયે સં. ૧૬૮૯ (ઈ.સ. ૧૬૩૩) માં રોહિણીપુરમાં 'ઉત્તરાધ્યયનસૂત્ર' પર વૃત્તિ, સં. ૧૬૬૯ માં 'ષટ્‌ત્રિંશજ્જલ્પવિચાર' અને સં. ૧૭૦૮ માં વીજાપુરમાં 'ચંપકમાલા' નામક કથાગ્રંથ રચ્યા છે.

મહો. વિનયવિજય (ઈ.સ. ૧૬૩૮ કે ૧૬૪૧) : તપા. હીરવિજયસૂરિના શિષ્ય મહોપા. વિનયવિજયે અમદાવાદથી નજીક આવેલા દ્વારપુર (બારેજા) ગામથી સં. ૧૬૯૪ કે સં. ૧૬૯૭ માં ભિન્ન ભિન્ન છંદોમાં કેટલાંક ચિત્ર-કાવ્યોથી વિભૂષિત (૧) ચિત્રચમત્કાર, (૨) અલંકાર ચમત્કાર, (૩) ઉદંત વ્યા· વર્ણન, (૪) શેષચિત્ર ચમત્કાર અને (૫) દૃષ્ટાંત ચમત્કાર એ શીર્ષકોથી ખંભાતમાં રહેલા આ વિજયાનંદસૂરિને ઉદ્દેશી 'આનંદલેખ' નામક 'વિજ્ઞપ્તિ-પત્ર' લખ્યો છે.[૧૬] વળી 'કલ્પસૂત્ર' ઉપર 'સુબોધિકા' નામની વૃત્તિ સં. ૧૬૯૬ માં, દીવમાં નયવિષયક દાર્શનિક ગ્રંથ, સં. ૧૭૦૮ માં 'લોકપ્રકાશ' નામે પદ્યબદ્ધ ગ્રંથ, સં. ૧૭૧૦ માં રાધનપુરમાં 'હેમલઘુપ્રક્રિયા' અને સં. ૧૭૧૭ માં એના પર 'હેમપ્રકાશ' નામે સ્વોપજ્ઞ વૃત્તિ રચી.

સુરતથી સં. ૧૭૧૮ માં 'મેઘદૂત' સંદેશકાવ્યના છાયા–કાવ્યરૂપ 'ઇંદુદૂત' નામથી મારવાડના જોધપુરમાં ચાતુર્માસ રહેલા ગચ્છનાયક આ વિજયપ્રભસૂરિને 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો છે.[૧૭]

દેવપત્તન (પ્રભાસપ્રાટણથી) સં. ૧૭૨૩ માં અણહિલપુર પાટણમાં ચાતુર્માસ રહેલા આ. વિજયદેવસૂરિને ધનતેરશે એમણે 'વિજ્ઞપ્તિપત્ર' (પૂર્વાર્ધ પ્રાકૃતમાં અને ઉત્તરાર્ધ સંસ્કૃતમાં) લખ્યો છે.[૧૮]

સં. ૧૭૨૩ માં ગંધારમાં 'સોમભાવના' પર દેશી ઢાળોમાં 'શાંતસુધારસ' ગેય કાવ્ય રચ્યું છે. સં. ૧૭૩૧ માં 'અર્હન્નમસ્કાર સ્તોત્ર' અને 'જિનસહસ્રનામ સ્તોત્ર' રચ્યાં છે. ભાવવિજયગણિએ રચેલા 'ષટ્ત્રિંશજ્જલ્પ'ની સંક્ષેપરૂપે એમણે 'ષટ્ત્રિંશજ્જલ્પ' સંસ્કૃતમાં રચ્યો છે.

વિજયસિંહસૂરિ (ઈ.સ. ૧૬૪૩) : આ. વિજયસિંહસૂરિએ ઔરંગાબાદમાં ચાતુર્માસ રહેલા આ. વિજયસૂરિ ઉપર સં. ૧૬૯૯(ઈ.સ. ૧૬૪૩) માં એક 'વિજ્ઞપ્તિપત્ર' લખેલો.[૧૯] એમણે 'શ્રીપાલચરિત' પણ રચેલું.[૨૦]

મુનિ ઉદયવિજય (ઈ.સ. ૧૬૪૩) : તપા. આ. વિજયસિંહસૂરિના શિષ્ય ઉદયવિજયે સં. ૧૭૧૮માં ખંભાતથી શ્રીપુર બંદરમાં રહેલા આ. વિજયપ્રભસૂરિને 'વિજ્ઞપ્તિપત્ર' અને દ્વીપ(દીવ) બંદરમાં બિરાજતા આ. વિજયપ્રભસૂરિને 'વિજ્ઞપ્તિપત્ર'[૨૧] લખ્યો છે. વળી એમણે સિદ્ધપુરથી જીર્ણદુર્ગ(જૂનાગઢ) માં ચાતુર્માસ નિર્ગમન કરતા આ. જિનપ્રભસૂરિને 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો છે.[૨૨]

એમણે ગુજરાતી ભાષામાં સં. ૧૭૨૮ માં 'શ્રીપાલરાસ'ની રચના કરી,

ધનવિજયગણિ (ઈ.સ. ૧૬૪૩) : તપા. ઉપા. કલ્યાણવિજયગણિના શિષ્ય ધનવિજયગણિએ સં. ૧૬૯૯(ઈ.સ. ૧૬૪૩)માં રાજનગરની પાસે આવેલા ઉસ્માનપુરામાં 'ધર્મોપદેશલેશ' યાને 'આભાણકશતક' નામે કાવ્ય અને 'અધ્યાત્મકલ્પદ્રુમ' ઉપર 'અધિરોહણી' નામે ટીકા રચેલ છે.

વિનયવર્ધનગણિ (ઈ.સ. ૧૬૪૭) : પં વિનયવર્ધનગણિએ આ. વિજયસિંહસૂરિ ઉપર સં. ૧૭૦૩ માં[૨૩] અને વિહદિ ગામથી આ. વિજયસિંહસૂરિ ઉપર સં. ૧૭૦૪ માં,[૨૪] વળી ખરતરગચ્છીય આ. જિનસુખસૂરિ ઉપર સં. ૧૭૧૧ માં[૨૫] અને સં. ૧૭૧૩ માં વિંધિપુર ગામથી સુરતમાં બિરાજતા આ. વિજયદેવસૂરિ ઉપર 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો છે.[૨૬]

ઉપા. ધનવિજયગણિ (ઈ.સ. ૧૫૪૮) : સિંહવિજયના શિષ્યાણુ ઉપા. ધનવિજયગણિએ સં. ૧૭૦૪(ઈ.સ. ૧૬૪૮)માં રાજપુરથી સુરતમાં ચાતુર્માસ ગાળી રહેલા આ. વિજયદેવસૂરિને 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો છે. આમાં સુરત તથા રાજપુરનું સુંદર વર્ણન કર્યું છે.[૨૭]

મુનિ રામવિજય (ઈ.સ. ૧૭૫૧): ખરતરગચ્છીય મુનિ દયાસિંહના શિષ્ય મુનિ રૂપચંદ, અપર નામ રામવિજયે 'ગૌતમીય મહાકાવ્ય'ની રચના કરી. એના ઉપર સં. ૧૭૫૨ માં કોઈ અમૃતગણિએ ટીકા રચી.

ઉપા. શાંતિસાગર (ઈ.સ. ૧૬૫૧) : તપા. શ્રુતસાગરના શિષ્ય ઉપા. શાંતિસાગરે સં. ૧૭૦૭ (ઈ.સ. ૧૬૫૧) માં પાટણમાં કલ્પસૂત્ર' ઉપર 'કૌમુદી' નામની વૃત્તિ રચી.

લાવણ્યવિજયગણિ (ઈ.સ. ૧૬૫૩) : પં. લાવણ્યવિજયે જોધપુરથી સં. ૧૭૦૯ (ઈ.સ. ૧૬૫૩) માં રાજનગર (અમદાવાદ)માં વિરાજમાન આ. વિજયસિંહસૂરિ ઉપર[૨૮] અને સં. ૧૭૪૭માં પાટણમાં સ્થિત આ. વિજયપ્રભસૂરિ ઉપર[૨૯] 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યા છે.

પં. અમરચંદ્રગણિ (ઈ.સ. ૧૬૫૩): પં. અમરચંદ્રગણિએ દેવકપત્તનથી સં. ૧૭૦૯ (ઈ.સ. ૧૬૫૩) માં પત્તનનગરમાં ચાતુર્માસ નિમિત્તે રહેલા આ. વિજયસિંહસૂરિ ઉપર 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો.[૩૦]

પં. કમલવિજયગણિ (ઈ.સ. ૧૬૫૩): પં. કમલવિજયગણિએ સ્તંભતીર્થ (ખંભાત)થી સં. ૧૭૦૯ (ઈ.સ. ૧૬૫૩)માં પાટણમાં બિરાજતા આ. વિજયસિંહસૂરિને 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો.[૩૧]

મુનિ હસ્તિરુચિ (ઈ.સ. ૧૬૫૪) : મુનિ હિતરુચિના[૩૨] શિષ્ય મુનિ હસ્તિરુચિએ 'વૈદ્યવલ્લભ' નામક આયુર્વેદના ગ્રંથની રચના સં. ૧૭૧૦ (ઈ.સ. ૧૬૫૪) લગભગમાં કરી છે.

મહો. યશોવિજયગણિ (ઈ.સ ૧૬૫૫ લગ.) : ગુજરાતમાં પાટણ પાસે આવેલા કન્હોડુ ગામના વતની શેઠ નારાયણ અને એમની પત્નિ સૌભાગ્યદેવીથી જસવંત નામે પુત્ર સં. ૧૬૮૦ માં થયા. એ દીક્ષા લઈ યશોવિજય થયા.

સંઘના અગ્રણી શેઠ ધનજી સૂરાએ ગુરુ નયવિજયજીને વિનંતીપૂર્વક પ્રેરણા કરતાં તેઓ યશોવિજયજીને સાથે લઈ કાશી ગયા. ત્યાં ત્રણ વર્ષ રહી દર્શનશાસ્ત્ર નવ્યન્યાય વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. એમણે 'ન્યાયવિશારદ' અને અને 'ન્યાયાચાર્ય'ની ઉપાધિ મેળવી.[૩૩]

એમણે સંસ્કૃત પ્રાકૃતમાં ૮૦ જેટલા ગ્રંથ રચ્યા છે, તેમાંથી ૫૪ જેટલા ગ્રંથ મળી આવે છે. કેટલાક ગ્રંથોનાં નામ મળે છે, પણ હજી પ્રાપ્ત થયા નથી. ગુજરાતીમાં ૬૧ જેટલી રચના પ્રાપ્ત કરી છે.

એમ કહી શકાય કે આ હરિભદ્રસૂરિને બાદ કરતાં કોઈ જૈનાચાર્યે આટલી વિશાળ સંખ્યામાં ગ્રંથ રચ્યા હોય એવું જાણવામાં નથી.

'અધ્યાત્મપરીક્ષા' (પ્રાકૃતમાં) સ્વોપજ્ઞ ટીકા સાથે, 'અધ્યાત્મસાર' 'અધ્યાત્મોપનિષદ' 'દેવધર્મપરીક્ષા ગ્રંથ' 'ગુરુતત્ત્વવિનિશ્ચય' (પ્રાકૃતમાં) અને એની સ્વોપજ્ઞ ટીકા, 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' 'યતિલક્ષણસમુચ્ચય' (પ્રાકૃતમાં), 'જ્ઞાનસાર', 'પ્રતિમાશતક' ગ્રંથ અને એના પરની સ્વોપજ્ઞ મોટી ટીકા, 'પંચનિગ્રંથી પ્રકરણ' 'અનેકાંત વ્યવસ્થા' નામે દાર્શનિક ગ્રંથ 'જૈનતર્કભાષા' 'નયરહસ્ય', 'નયપ્રદીપ', 'નયોપદેશ' સ્વોપજ્ઞ ટીકા સાથે, 'જ્ઞાનબિંદુ', ન્યાય-ખંડનખાદ્ય' (મૂળ નામ 'મહાવીરસ્તવ પ્રકરણ') નવ્યન્યાયનો, 'ન્યાયાલોક' 'ઐન્દ્રસ્તુતિ' 'ઉપદેશરહસ્ય' 'આરાધક-વિરાધક ચતુર્ભંગી' 'આદિજિનસ્તવન' 'તત્ત્વવિવેક' 'તિઙન્વયોક્તિ' 'ધર્મપરીક્ષા' 'જ્ઞાનાર્ણવ' 'નિશાભક્તવિચાર' વગેરે ૪૩ મૂલ કૃતિઓ ઉપરાંત—

'અષ્ટસહસ્રી વિવરણ' 'કર્મપ્રકૃતિ–બૃહટ્ટીકા' 'કર્મપ્રકૃતિ–લઘુટીકા' 'તત્ત્વાર્થ વૃત્તિ' (સંપૂર્ણ) 'દ્વાદશારચક્રોદ્ધાર-વિવરણ' 'ધર્મસંગ્રહ-ટિપ્પણ' 'પાતંજલ યોગસૂત્ર-વૃત્તિ, 'યોગવિંશિકા–વિવિરણ' 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય-વૃત્તિ' 'ષોડશક વૃત્તિ' 'સ્તવપરીક્ષા–પદ્ધતિ' 'અધ્યાત્મબિંદુ' 'અધ્યાત્મોપદેશ' 'અલંકારચૂડામણિ-ટીકા વગેરે અનેક ટીકાગ્રંથ જાણવા મળે છે.

આ ગ્રંથસૂચિ ઉપરથી જાણી શકાય છે કે ઉપા. યશોવિજયજી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા અને તે તે વિષયના ઉચ્ચ કોટિના અભ્યાસી હતા.

એ જ રીતે એમણે ગુજરાતી ભાષામાંય અનેકાનેક રચના કરી છે.

મહાકવિ મેઘવિજય ઉપાધ્યાય (ઈ.સ. ૧૬૫૭) : તપા મુનિ કૃપા-વિજયના શિષ્ય મહો. મેઘવિજયગણિએ ૪૦ જેટલા ગ્રંથોનું સર્જન કર્યું છે.

'સમસ્યાપૂર્તિકાવ્ય'માં એમણે 'માઘકાવ્ય' 'મેઘદૂત' 'નૈષધ' 'કિરાત' વગેરે કાવ્યોની સમસ્યાપૂર્તિરૂપ કાવ્યકૃતિઓ રચી પોતાનું અદ્ભુત કવિકૌશલ બતાવ્યું છે.

એ જ રીતે કવિ કાલિદાસના 'મેઘદૂત' કાવ્યના પ્રત્યેક શ્લોકનો છેલ્લો પાદ લઈ ત્રણ પાદ પોતે રચીને 'મેઘદૂત–સમસ્યાલેખ' નામનું સંદેશ-કાવ્ય 'વિજ્ઞપ્તિપત્ર' રૂપે સં. ૧૭૩૦ માં રચ્યું છે.

એ રીતે 'કિરાત' અને 'નૈષધ'નાં ચરણ લઈને પણ કાવ્ય રચ્યાં છે. 'ચિત્રકાવ્ય–ચિત્રકોશ' નામનો ચિત્રકાવ્યરૂપ 'વિજ્ઞપ્તિપત્ર', 'પાણિનિદ્વયાશ્રય' રૂપ એક 'વિજ્ઞપ્તિપત્ર', 'દિગ્વિજય મહાકાવ્ય' (સ્વોપજ્ઞ ટિપ્પણ સાથે) વગેરે ૩૫ રચના વિવિધ વિષયો ઉપર કરી આપી છે.[૩૪]

આ ઉપરાંત ગુજરાતી ભાષામાં પણ સાતેક નાની રચના આપી છે.

પં. રવિવર્ધનગણિ (ઈ.સ. ૧૬૫૭) : પં. રવિવર્ધનગણિએ સં. ૧૭૧૩ (ઈ.સ. ૧૬૫૭) માં રાજનગર અમદાવાદમાં સ્થિત આ. વિજયદેવ–સૂરિને 'વિજ્ઞપ્તિ-પત્ર' લખ્યો છે.[૩૫]

આ. વિજયપ્રભસૂરિ (ઈ.સ. ૧૬૫૯) : આ. વિજયપ્રભસૂરિએ એક મિત્ર સાધુ ઉપર સંસ્કૃતમાં પદ્ય–ગદ્યમય સુંદર 'પત્ર' સં. ૧૭૧૫ (ઈ.સ. ૧૬૫૯) માં લખ્યો છે.

પં. નયવિજયગણિ (ઈ.સ. ૧૬૬૧) : પં. નયવિજયગણિએ ધનૌઘ(ઘોઘા) નગરથી સં. ૧૭૧૭ (ઈ.સ. ૧૬૬૧) માં જૂનાગઢમાં રહેલા આ. વિજયપ્રભ-સૂરિ ઉપર 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો છે.[૩૬]

મહાદેવ (ઈ.સ. ૧૬૬૨) : કચ્છના પાટનગર ભૂજના રહીશ કાનજીના પુત્ર મહાદેવે શક સં. ૧૫૮૩ (ઈ.સ. ૧૬૬૨) માં 'મુહૂર્તદીપક' સ્વોપજ્ઞ ટીકા સાથે અને 'કાલનિર્ણયસિદ્ધાંત' રચેલ છે. બીજા ગ્રંથ પણ જાણવા મળે છે.

મુનિ યશસ્વત્સાગર (ઈ.સ. ૧૬૬૫) : મુનિ યશસ્વત્સાગર ઉર્ફે જસવંતસાગરે આગમ દર્શન અને જ્યોતિષ વિષયમાં ગ્રંથ રચ્યા છે.

સં. ૧૭૨૧ (સં. ૧૭૧૨ ?) માં 'વિચારષટ્ત્રિંશિકા–અવચૂરિ', સં. ૧૭૪૦માં 'ભાવસપ્તતિકા', સં. ૧૭૫૭ માં 'જૈનસપ્તપદાર્થી', સં. ૧૭૫૯ મા 'પ્રમાણ-વાદાર્થ' (સંગ્રામપુરમાં રાજા જયસિંહના રાજ્યમાં), સં. ૧૭૬૦ માં ગણેશ દૈવજ્ઞકૃત 'ગ્રહલાઘવ' ગ્રંથ પર વાર્તિક, સં. ૧૭૬૨ માં જન્મકુંડલીવિષયક 'યશો-રાજી પદ્ધતિ. રત્નાકરાવતારિકા–પંજિકામાંથી 'વાદાર્થનિરૂપણ', 'સ્યાદ્વાદમુક્તા-વલી' 'સ્તવરત્ન' આદિ ગ્રંથોની રચના કરી છે.

મુનિ મહિમોદયવિજય (ઈ.સ. ૧૬૬૫) : મુનિ લબ્ધિવિજયના શિષ્ય મહિમોદયવિજયે 'જન્મપત્રી–પદ્ધતિ'ની રચના સં. ૧૭૨૧ (ઈ.સ. ૧૬૬૫) માં કરી છે. એમણે 'જ્યોતિષરત્નાકર' (વિ.સં. ૧૭૨૨ લગભગમાં) ઉપરાંત ગુજરાતી ભાષામાં પણ કેટલીક રચના આપી છે.

પં. રાજવિજયગણિ (ઈ.સ. ૧૬૭૧) : પં. રાજવિજયગણિએ ખરતર-ગચ્છના આ. જિનચંદ્રસૂરિ ઉપર સં ૧૭૨૭ (ઈ.સ. ૧૬૭૧) માં 'વિજ્ઞપ્તિ–પત્ર' લખ્યો છે.[૩૭]

માનવિજયગણિ (ઈ.સ. ૧૬૭૫) : શાંતિવિજયગણિના શિષ્ય માન-વિજયગણિએ સં. ૧૭૩૧ (ઈ.સ. ૧૬૭૫) માં શ્રાવકોના કર્તવ્ય વિશેનો 'ધર્મ-સંગ્રહ' નામે ગ્રંથ (સ્વોપજ્ઞ ટીકા સાથે) અમદાવાદના નગરશેઠ શાંતિદાસની વિનંતીથી રચ્યો.

મુનિ મેરુવિજય (ઈ.સ. ૧૬૮૫ : મુનિ મેરુવિજયે દેવકુપત્તનથી સં. ૧૭૪૧ (ઈ.સ. ૧૬૮૫) માં દ્વીપ બંદરમાં વિરાજતા પોતાના ગુરુ (સંભવત: વિજયપ્રભસૂરિ) ઉપર 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો છે.[૩૮]

સંભવત: આ મેરુવિજયે 'ચતુર્વિંશતિજિનાનંદ સ્તુતિ' રચી છે.

મેરુવિજયે 'વસ્તુપાલ–તેજપાલ રાસ' નામક ગુજરાતી કૃતિ રચ્યાનું પણ જાણવા મળે છે.

ગણપતિ (ઈ.સ. ૧૬૮૬) : ભારદ્વાજગોત્રીય ઔદીચ્ય બ્રાહ્મણ રાવલ યશોધરના પુત્ર ગણપતિએ ઔરંગઝેબના રાજ્યપાલમાં સં. ૧૭૪૨ (ઈ.સ. ૧૬૮૬) માં મુહૂર્તવિષયક 'મુહૂર્તગણપતિ' નામનો ગ્રંથ રચ્યો છે. એણે ધર્મશાસ્ત્રના પણ કેટલાક ગ્રંથ રચ્યા છે.

પં. લાભવિજયગણિ (ઈ.સ. ૧૬૮૭) : પં. કલ્યાણવિજયગણિના શિષ્ય પં. લાભવિજયગણિએ દેવાસથી સં. ૧૭૪૩(ઈ.સ. ૧૬૮૭)માં પાટણમાં વિરાજતા આ. 'વિજયપ્રભસૂરિ' ઉપર વિજ્ઞપ્તિ–પત્ર લખ્યો છે.[૩૯]

પં. આગમસુંદરગણિ : (ઈ.સ. ૧૬૯૧) : પં આગમસુંદરગણિએ માલપુરથી સં. ૧૭૪૭ (ઈ.સ. ૧૬૯૧) માં જીર્ણદુર્ગ–જૂનાગઢમાં રહેલા આ. વિજયપ્રભસૂરિ ઉપર 'વિજ્ઞપ્તિપત્ર' લખ્યો છે.[૪૦]

મુનિ દાનવિજય (ઈ.સ. ૧૬૯૪) : તપા. આ. શ્રી. વિજયરાજસૂરિના શિષ્ય મુનિ દાનવિજયે પોતાના શિષ્ય દર્શનવિજય માટે 'પજ્જોસવણા–કપ્પ' ઉપર 'દીનદીપિકા' નામની વૃત્તિ સં. ૧૭૫૦ (ઈ.સ. ૧૬૯૫) માં રચેલી છે. વળી એમણે ગુજરાતમાં પ્રસિદ્ધિ પામેલા શેખ ફતેમિયાંના પુત્ર બડેમિયાં માટે સં. ૧૭૭૦ લગભગમાં 'શબ્દભૂષણ' નામક સંસ્કૃત વ્યાકરણ ગ્રંથની રચના પદ્યમાં કરી છે.

લબ્ધિચંદ્રગણિ (ઈ.સ. ૧૬૯૫) : ખર. મુનિ કલ્યાણનિધાનના શિષ્ય લબ્ધિચંદ્રગણિએ સં. ૧૭૫૧(ઈ.સ ૧૭૯૫) માં 'જન્મપત્રીપદ્ધતિ'[૪૧] અને 'લાલચંદ્રી પદ્ધતિ' રચેલ છે.

સુમતિ વિજય (ઈ.સ. ૧૭ મી સદીનો ઉત્તરાર્ધ) : ખરતરગચ્છના વિનયમેરુના શિષ્ય સુમતિવિજયે 'રઘુવંશ કાવ્ય' ઉપર અને મેઘદૂત કાવ્ય' ઉપર ટીકાઓ રચી છે.

વિશ્વનાથ (ઈ.સ ૧૭ મો સૈકો) : વિશ્વનાથ નામના વિદ્વાને 'પારસ્કરગૃહ્યસૂત્ર' ઉપર ભાષ્ય રચ્યું છે. આ ગ્રંથની 'ગોપાલકેલિચંદ્રિકા'ના કર્તા રામકૃષ્ણ દેવજીએ પ્રશસ્તિ રચી છે.

કવિ જગન્નાથ (ઈ.સ. ૧૭ મો સૈકો) : આનંદપુરનિવાસી પ્રશ્નોરા કવિ જગન્નાથે 'ભાગ્યમહોદય' નામક ગ્રંથ રચ્યો છે, તેમાં તો એમણે જુદા જુદા અલંકારોને પાત્ર કલ્પી ભાવનગરનરેશ વખતસિંહ તથા એની સભાનું વર્ણન કર્યું છે.

ગોપાલ (ઈ.સ. ૧૭૦૭) : નાગર બ્રાહ્મણ નીલકંઠના પુત્ર ગોપાલે વ્યાકરણવિષયક 'કાતંત્રવિભ્રમસૂત્ર-ટીકા' નામે ટીકાગ્રંથ સં. ૧૭૬૩ (ઈ.સ. ૧૭૦૭) માં રચ્યો છે.

મુનિ દયાસિંહ (ઈ.સ. ૧૭૧૫) : મુનિદયાસિંહે રૂપાવાસ સં. ૧૭૭૧ (ઈ.સ. ૧૭૧૫) લગભગ જેસલમેરમાં સ્થિત આ. જિનસુખસૂરિ ઉપર 'વિજ્ઞપ્તિ-પત્ર' લખ્યો છે.[૪૨] આ પત્રનો અંતભાગ ત્રુટિત છે.

હંસરત્ન (ઈ.સ. ૧૭૨૫-૨૬) : નાગપુરીય તપા. ન્યાયરત્નના શિષ્ય પંડિત હંસરત્ને 'શત્રુંજયમાહાત્મ્યોલ્લેખ' સુગમ સંસ્કૃતમાં મુખ્યત્વે ગદ્યમાં રચ્યો છે.

વાઘજી મુનિ (ઈ.સ. ૧૭૨૭) : પાર્શ્વચંદ્ર ગચ્છના મુનિ વાઘજીએ 'તિથિસારણી' નામનો જ્યોતિષ-ગ્રંથ સં. ૧૭૮૩ (ઈ.સ. ૧૭૨૭)માં રચ્યો છે. આમાં પંચાંગ બનાવવાની પ્રક્રિયા બતાવી છે.[૪૩]

હંસ મીઠુ (ઈ.સ. ૧૭૩૮) : મહીકાંઠામાં આવેલા મહિસા ગામના વતની મોઢ બ્રાહ્મણ કૃપારામ શુકલના પુત્ર હંસ મીઠું (જન્મ વિ.સં. ૧૭૯૪ ઈ.સ. ૧૭૩૮) એ સંસ્કૃત અને ગુજરાતીમાં નાના-મોટા કેટલાક મંત્રવિષયક અદ્દભુત ગ્રંથ રચ્યા છે. વળી એમણે 'શ્રીત્વમ્' 'ભક્તિતરંગિણી' શક્તિ 'શક્તિ યા વિલાસલહરી' અને કેટલાંક સ્તોત્ર પણ રચેલાં છે.

(આ) ગુજરાતી[44]

સાહિત્યના યુગોની દૃષ્ટિએ "આદિભક્તિ"ના અનુસંધાનમાં સાહિત્ય પ્રકારની મુખ્યતાને કારણે જૈનેતર સાહિત્યકારોએ "આખ્યાનયુગ" માં આખ્યાનરચનાઓનો પ્રવાહ ઠીક ઠીક પ્રમાણમાં વહાવવા માંડયો હતો. ઈ.સ. ૧૫૭૪ થી શરૂ થતા રાજકીય મુઘલ-સત્તાકાલમાં એ પ્રવાહ સતત ચાલુ હતો. મુખ્ય પ્રકાર આખ્યાનોનો હોવા છતાં બીજા પ્રકાર પણ ખેડાયે જતા હતા. અહીં પ્રથમ આ અનેક સાહિત્યપ્રકારોનું ખેડાણ કરનારા જૈનેતર સાહિત્યકારોનું અવલોકન કરીએ.

વિષ્ણુદાસ (ખંભાતના) (ઈ.સ ૧૫૬૭-૧૬૧૨ માં હયાત) : મકરકુલના નાગર બ્રાહ્મણ વિષ્ણુદાસે 'શાંતિ'-'અનુશાસન'-'આશ્રમવાસિક' સિવાયનાં "મહાભારત"નાં ૧૫ વર્ષ સળંગ આખ્યાનબંધમાં રચ્યા ઉપરાંત 'રામાયણ' લક્ષ્મણાહરણ' 'કુંવરબાઈનું મોસાળુ' 'શુકદેવાખ્યાન', 'જૈમિનીય અશ્વમેધ'ને આધારે ૧૧ જેટલાં આખ્યાન, 'રુકમાંગદ આખ્યાન' 'અંબરિષાખ્યાન' 'હરિશ્ચંદ્રપુરી' એમ ૩૮ કૃતિ રચી આપી છે. એના નામે બીજી પણ રચનાઓ કહેવામાં આવી છે, પણ એને માટે પ્રમાણોનો અભાવ છે. એણે મૂળ સંસ્કૃત કથાનકોને પ્રામાણિક રીતે અનુસરવાનો પ્રયત્ન કર્યો છે.

વછરાજ (ઈ.સ. ૧૫૭૯માં હયાત) : એની એકમાત્ર લૌકિક કથા 'રસમંજરી છપાઈ છે. છપ્પાઓમાં એની વિશેષતા છે.

ગોપાલદાસ વણિક (ઈ.સ. ૧૫૭૭-૧૫૯૨ માં હયાત) ; શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગના પુરસ્કારક શ્રીવલ્લભાચાર્યજી અને એમના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીને લગતી ભક્તિભાવપૂર્ણ ઇતિહાસમૂલક 'વલ્લભાખ્યાન' નામની આખ્યાનાત્મક એકમાત્ર એની કૃતિ જાણવામાં આવી છે. અમદાવાદના અસારવાના આચાર્યજીની બેઠકના સ્થાનમાં એણે આ રચના કરેલ છે. એ કલોલ નજીકના રૂપાલનો વૈષ્ણવ હતો.

લીલો (ઈ સ. ૧૫૦૮ માં હયાત) : એની એકમાત્ર રચના 'સુંદર શેઠની કથા' (અમુદ્રિત) નામની લૌકિક કથા જાણવામાં આવી છે.

મેગલ (ઈ.સ. ૧૫૮૧ માં હયાત) : નાનાં પણ મધુર આખ્યાન આપનારા મેગલની 'ધ્રુવાખ્યાન' અને 'નાસિકેતાખ્યાન' એ બે રચના સુલભ છે

હરિદાસ વાળંદ (ઈ.સ. ૧૬-૧૭ મી સદીની સંધિ) : એ ખંભાતનો વતની હતો અને એનું એકમાત્ર 'ધ્રુવાખ્યાન' જાણવામાં આવ્યું છે.

લક્ષ્મીદાસ (ઈ.સ. ૧૫૮૩–૧૬૧૬ માં હયાત) : મહેમદાવાદના વાલમ જ્ઞાતિના લક્ષ્મીદાસની 'ગજેંદ્રમોક્ષ' 'ચંદ્રહાસ–આખ્યાન' અને 'દશમસ્કંધ (સંક્ષેપમાં) એ ત્રણ કૃતિ જાણવામાં આવી છે. ભાલણના 'દશમસ્કંધ'માં 'રાસપંચાધ્યાયી' નથી ત્યાં હાથપ્રતોમાં અને તેથી મુદ્રણમાં આ લક્ષ્મીદાસની મૂકવામાં આવી છે.

હરિદાસ રૈકવ (ઈ.સ. ૧૫૮૮–૧૫૯૧ માં હયાત) : અમદાવાદ નજીકના બારેજાના રાયકવાળ બ્રાહ્મણ હરિદાસની એકમાત્ર રચના–'આદિપર્વ' (મુદ્રિત) જાણવામાં આવી છે. એ આખ્યાનપદ્ધતિની મધુર રચના છે.

કાશીસુત શેધજી (ઈ.સ. ૧૫૯૧–૯૨ માં હયાત) : ખંભાતના બંધારા જ્ઞાતિના આ આખ્યાનકારની 'સભાપર્વ' 'વિરાટપર્વ' 'રુક્મિણીહરણ' 'હનુમાન-ચરિત્ર' 'અંબરીષકથા' અને 'પ્રહ્લાદાખ્યાન' જાણવામાં આવ્યાં છે. એનાં આખ્યાનોમાં કવિત્વના ઝબકારા જોવા મળે છે.

રામદાસસુત (ઈ.સ. ૧૫૯૩ માં હયાત) : આખ્યાન કાવ્યોમાં ભાત પાડતી એની એકમાત્ર રચના 'અંબરીપાખ્યાન' (અપ્રકાશિત) જાણવામાં આવી છે. એ એણે નર્મદાકાંઠે ભરૂચમાં રચેલી.

હીરાસુત કાહાન (ઈ.સ. ૧૬ મી સદીનો ઉત્તરાર્ધ) : અમદાવાદના રાણીપ ગામમાં આવી વસેલા ઉમરેઠના ઔદીચ્ય બ્રાહ્મણ હીરાના પુત્ર કાહાનની બે ગુજરાતી રચના મળે છે તે 'ઓખાહરણ' અને 'એકાદશીમાહાત્મ્ય'. આ કાહાને ભાગવતના સં. દશમસ્કંધની કથા એટલા જ ૯૦ અધ્યાયોમાં સંસ્કૃત-શ્લોકબદ્ધ રચેલી અમદાવાદની ગુ. વિ. સભાના હસ્તલિખિત પુસ્તકાલયમાં છે. 'અશ્વમેધાખ્યાન' 'ગોવર્ધનરાસ' 'હિંગુલામંત્રચરિત્ર' 'હોલા–હોલીનું આખ્યાન' 'આણાનું પદ' 'કુંડલિયા' 'કૃષ્ણજન્મ વધાઈ' 'રાસનું ધોળ'–આ કૃતિઓ કાહાન-ની છાપની મળે છે, પણ એ આ કાહાનની જ છે એવું કહેવા પ્રમાણ નથી.

ધનરાજ (ઈ.સ. ૧૬ મી સદીનો ઉત્તરાર્ધ) : આ સ્વતંત્ર જ્ઞાનમાર્ગીય ઉત્તમ પદકાર છે. હજી પદ છપાયાં નથી.

સંત (ઈ.સ. ૧૬ મી સદીનો ઉત્તરાર્ધ) : આ આખ્યાનકારનું સમગ્ર ભાગવત ગુજરાતીમાં જાણવામાં આવ્યું છે (અપ્રકાશિત). એ કોઈ નાગર બ્રાહ્મણ હોવાનું જણાયું છે.

રૂડ (ઈ.સ ૧૫૯૬–૧૬૨૭ માં હયાત) એ નવસારી જિલ્લાના સૂપાનો અનાવળો બ્રાહ્મણ હતો. એનાં 'રુક્મિણીહરણ' 'કપોતનું આખ્યાન ' ' પાંડવ-

વિષ્ટિ' અને 'હરિશ્ચંદ્રાખ્યાન '–એ આખ્યાનો ઉપરાંત 'શૃંગાલપુરી ' મથાળે ચેલૈયાની લૌકિક કથા પણ મળે છે. એનું ચંદ્રાવળાઓમાં રચેલું 'કંસવધ' પણ જાણવામાં આવ્યું છે.

દેવીદાસ ગાંધર્વ (ઈ.સ. ૧૬૦૪ માં હયાત) : ખેડા જિલ્લામાં પેટલાદ પાસે આવેલા સોજિત્રાના એ ગાંધર્વની નમૂનેદાર આખ્યાનકૃતિ 'રુક્મિણીહરણ' (પ્રકાશિત) જાણવામાં આવી છે.

મનોહરદાસ (ઈ.સ. ૧૬૦૪ માં હયાત) : 'મહાભારત'નુ એકમાત્ર 'આદિ-પર્વ' એણે આખ્યાનધાટીએ આપ્યું છે.

રામભક્ત (ઈ.સ. ૧૬૦૪ માં હયાત) : એણે ભગવદ્ગીતાનો અધ્યાયવાર સાર પદ્યબંધમાં આપ્યો છે. આ ઉપરાંત 'અંબરીષ–આખ્યાન' 'કપિલમુનિનું આખ્યાન' 'ભાગવત એકાદશ સ્કંધ ' અને 'યોગવાસિષ્ઠ ' પણ જાણવામાં આવ્યાં છે.

શિવદાસ (ઈ.સ. ૧૬૧૧–૧૬૨૧ માં હયાત) : વિષ્ણુદાસ ખંભાતવાળાની જેમ આ ખંભાતનો નાગર બ્રાહ્મણ છે અને 'પરશુરામનું આખ્યાન' 'કૃષ્ણ બાલ-ચરિત્ર' 'જાલંધર–આખ્યાન' 'એકાદશી માહાત્મ્ય' 'ડાંગવાખ્યાન' 'દ્રૌપદીસ્વયંવર'-(વિજાપુરમાં) 'નરકાસુરનું આખ્યાન' 'મૌસલપર્વ' 'ચંડીનું આખ્યાન' 'સભાપર્વ' 'શિવવિવાહ'–એ આખ્યાનો ઉપરાંત 'કામાવતીની વાર્તા' અને 'હંસા–ચારખંડી' એ બે લૌકિક પદ્યવાર્તા પણ એણે આપેલ છે.

ભૂધર (ઈ.સ. ૧૬૧૯ માં હયાત) : ખંભાતના આ ઔદુંબર બ્રાહ્મણનું એકમાત્ર 'જાલંધર આખ્યાન' જાણવામાં આવ્યું છે.

કૃષ્ણદાસ (ઈ.સ. ૧૬૧૭–૧૬૪૫ માં હયાત) : આ નામના એકથી વધુ સાહિત્યકાર થઈ ગયા છે. કોઈ જાદવસુત કૃષ્ણનું 'રુક્માંગદ આખ્યાન' (ઈ.સ. ૧૬૪૫), ગોવિંદદાસના શિષ્ય કૃષ્ણદાસનું 'ચંદ્રહાસાખ્યાન ' (ઈ.સ. ૧૬૨૮), એક કૃષ્ણદાસનાં 'મામેરું' અને 'હૂંડી' (ઈ.સ. ૧૬૪૫ અને ૧૬૪૭), શિવદાસ-સુત કૃષ્ણનું 'સુદામાચરિત' (ચાંપાનેરમાં), પૂંજાસુત કૃષ્ણદાસની 'પાંડવગીતા', તો એક કૃષ્ણોદાસનો વ્રજભાષાની છાંટનો 'રુક્મિણી–વિવાહ' પણ મળે છે.

ભાઉ (ઈ.સ. ૧૬૨૦–૧૬૨૩ માં હયાત) : 'અશ્વમેધપર્વ' 'દ્રોણપર્વ' 'ઉદ્યોગ-પર્વ' અને સ્વતંત્ર 'પાંડવવિષ્ટિ' એક ભાઉનાં મળે છે.

ગોવિંદ (ઈ.સ. ૧૬૨૪ માં હયાત) : આનું 'મામેરું' જાણવામાં આવ્યું છે. કોઈ ગોવિંદનું ' એકાદશીમાહાત્મ્ય ' (ઈ.સ. ૧૬૨૪), કોઈ ગોવિંદના 'સૂરજદેવના

છંદ' અને 'બાર માસ', કોઈ ગોવિંદરામનાં 'રુક્મિણી-વિવાહ' અને 'સુભદ્રાહરણ', કોઈ ગોવિંદદાસનાં 'નાગદમની' અને 'રાધાહરણ'નાં પદ પણ મળે છે.

ભગવાનદાસ કાયસ્થ (ઈ.સ. ૧૬૨૫-૧૬૯૦) : સુરતનો ભગવાનદાસ કિંવા ભાઉ મૂળજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતો. એનાં 'ભગવદ્ગીતા' 'ભાગવત-એકાદશસ્કંધ' 'ફૂલગીતા' અને 'સુદામાચરિત્ર' (ચારે વ્રજભાષાની છાંટનાં) જાણવામાં આવ્યાં છે.

કેશવદાસ (ઈ.સ. ૧૬૨૭ માં હયાત) : એનું અશ્વમેધાંતર્ગત 'બભ્રુવાહન આખ્યાન' જાણવામાં આવ્યું છે.

અવિચલદાસ (ઈ.સ. ૧૬૨૮-૧૬૪૩ માં હયાત) : નડિયાદના આભ્યંતર સાઠોદરા વિષ્ણુદાસના પુત્ર અવિચલદાસનાં 'ભાગવત-ષષ્ઠસ્કંધ' અને 'આરણ્યક પર્વ' એ બે સળંગ આખ્યાન જાણવામાં આવ્યાં છે.

મધુસૂદન (ઈ.સ. ૧૬૩૧ માં હયાત) ; ભાલણ-સુત ઉદ્ધવના નામે છપાયેલા રામાયણના 'યુદ્ધકાંડ'ના અંતભાગમાં કોઈ કર્ણપુરના મધુસૂદન નામના બ્રાહ્મણની રચનાની છેલ્લે ધાલમેલ થયેલી છે.

રાણાસુત (ઈ.સ. ૧૬૩૧ માં હયાત) : એનું એકમાત્ર 'મહિરાવણનું આખ્યાન' મળ્યું છે.

હરજી-સુત રવાજી (ઈ.સ. ૧૬૩૩ માં હયાત) : એનું એકમાત્ર 'ઉદ્યોગપર્વ' મળ્યું છે.

પરમાણંદ (ઈ.સ. ૧૬૩૩ માં હયાત) : ભાગવતના દશમસ્કંધ અને એકાદશસ્કંધને આધારે દીવના બ્રહ્મક્ષત્રિય પૂંજાસુત પરમાણંદનો 'હરિરસ' જાણવામાં આવ્યો છે.

હરજી-સુત કાહાન (ઈ.સ. ૧૬૩૭-૧૬૩૯માં હયાત); એનાં 'અશ્વમેધપર્વ' (મુદ્રિત) અને 'ચંદ્રહાસ-આખ્યાન' મળે છે.

વૈકુંઠ (ઈ.સ. ૧૬૩૮-૧૬૬૮ માં હયાત) : પિતા તુલસીના નામે છપાયેલું 'ધ્રુવાખ્યાન' રચી આપનારા આ કુતિયાણાના સારસ્વત બ્રાહ્મણે 'ઉદ્યોગપર્વ' 'ભીષ્મપર્વ' 'કર્ણપર્વ' 'શલ્યપર્વ' 'નાસિકેતનું આખ્યાન' અને 'નલકથા' રચેલ છે.

હરિરામ (ઈ.સ. ૧૬૪૦ માં હયાત) : સુરતના માણભટ્ટ હરિરામની 'બભ્રૂવાહન આખ્યાન' 'કૃષ્ણવિરહનાં પદ' 'સીતાસ્વયંવર' અને 'રુક્મિણી-હરણ'-આ રચનાઓ જાણવામાં આવી છે.

પોઠો (ઈ.સ. ૧૭ મી સદીનો પૂર્વાર્ધ) : એનાં 'મોરધ્વજ-આખ્યાન' અને 'સુધન્વાખ્યાન' મળે છે.

મુરારિ (ઈ.સ. ૧૬ મી–૧૭ મી સદીનો મધ્યભાગ) : એનું 'ઈશ્વરવિવાહ' નામનું આખ્યાન કોટિનું સારું કાવ્ય જાણવામાં આવ્યું છે.

નારાયણ (ઈ.સ. ૧૬ મી–૧૭ મી સદીનો મધ્યભાગ) : એની 'નવરસ'ની એક સુંદર કાવ્યરચના પ્રકાશિત થયેલી છે.

ગોપાલ ભટ્ટ (ઈ.સ. ૧૭ મી સદીનો પૂર્વાર્ધ) : એનો 'ભાષાવિચિત્ર' નામનો અક્ષરમેળ વૃત્તોમાં લખાયેલો ગ્રંથ હોવાનું એમાંના પ્રસિદ્ધ થયેલા 'સ્ત્રીશિક્ષણ' પ્રકરણથી જાણવામાં આવ્યું છે.

ફાંગ (ઈ.સ. ૧૭ મી સદીનો પૂર્વાર્ધ) : એનું 'હંસોદ્ધરણ' નામે એકમાત્ર કાવ્ય જાણવામાં આવ્યું છે.

પોચો (ઈ.સ. ૧૭મી સદીનો પૂર્વાર્ધ) : પૂંજાસુત પોચાની એકમાત્ર રચના 'કુંડલાહરણ' જાણવામાં આવેલ છે.

ધનદાસ (ઈ.સ. ૧૬૫૦ લગભગ હયાત) : 'અર્જુનગીતા' શીર્ષકથી ધનદાસની પદ્યગીતા ખૂબ જાણીતી છે.

નરસિંહ નવલ-(ઈ.સ. ૧૬૫૦ આસપાસ) : એનું એકમાત્ર 'ઓખાહરણ' જાણવામાં આવ્યું છે.

ભગવાન વૈષ્ણવ (ઈ.સ. ૧૭મી સદીનો પૂર્વાર્ધ) : 'ગોકુલની શોભા' નામનું એકમાત્ર સુંદર ધોળ આ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું જાણવામાં આવ્યું છે. આ એક ઇતિહાસ-મૂલક કાવ્ય છે, જેમાં શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીના કેટલાક વંશજોનો નામોલ્લેખ થયેલો છે.

હરિદાસ વૈષ્ણવ (ઈ.સ. ૧૭ મી સદીનો પૂર્વાર્ધ) ; શ્રી વિઠ્ઠલનાથજીના ૪ થા કુમાર શ્રી ગોકુલનાથજીના અનુયાયી આ નાથાસુત હરિદાસનાં 'વિરહગીતા' 'અનુભવાનંદ' 'ભક્તસુખદમંજરી' 'જન્મલીલા' તેમ છૂટક ધોળો તથા કીર્તનો મળ્યાં છે.

કેશવદાસ વૈષ્ણવ (ઈ.સ. ૧૬૭૭ માં હયાત) : એની 'વલ્લભવેલ' નામની રચના ઇતિહાસમૂલક કાવ્ય છે, જેમાં શ્રી વલ્લભાચાર્ય, એમના પુત્રશ્રી વિઠ્ઠલનાથજી અને એમના ચોથા પુત્ર શ્રી ગોકુલનાથજી ઉર્ફે શ્રીવલ્લભની ચરિત્રસામગ્રી નિરૂપિત થઈ છે. ભિન્ન ભિન્ન પ્રસંગોની સાલવારી ઉપયોગી છે. એક 'મથુરાલીલા' ડાસ્યમપુરીના દેવજીસુત કેશવદાસની મળે છે તે કદાચ આ કેશવદાસ હોય.

મહાવદાસ (ઈ.સ. ૧૭ મી સદીનો પૂર્વાર્ધ) : શ્રી ગોકુલનાથજીના અનુયાયીઓમાંનો માહાવદાસ 'ગોકુલનાથનો વિવાહ' 'રસસિંધુ' અને 'રસાલય' એ ત્રણ રચના આપે છે. ગુજરાતના આ વણિક વૈષ્ણવનો પછીનો નિવાસ મથુરા નજીક ગોકુલમાં હતો.

નરહરિ (ઈ.સ. ૧૬૧૬–૧૬૪૪ માં હયાત)–એનું એકમાત્ર 'હસ્તામલક' કાવ્ય જાણવામાં આવ્યું છે. એ વડોદરાનો રહીશ હતો. આ ઉપરાંત 'જ્ઞાનગીતા' 'વાસિષ્ઠસારગીતા' 'ભગવદ્દગીતા' 'પ્રબોધમંજરી' 'આનંદરાસ' 'ગોપી–ઉદ્ધવ સંવાદ' 'કક્કો' 'ભક્તમંજરી' 'માસ' 'સંતનાં લક્ષણ' 'હરિલીલામૃત' પણ મળે છે. એ સમયના ચાર જ્ઞાની કવિઓમાંનો એક હતો. બીજા તે બૂટિયો અખો અને ગોપાલ.

ગોપાલ (ઈ. સ. ૧૬૪૯ માં હયાત) : અમદાવાદની ફરમાનવાડીમાં આવી વસેલો આ ગોપાલ નાંદોલનો વતની અને ખીમજી નારણદાસનો પુત્ર જાતે અડાલજો મોઢ હતો. એનાં 'જ્ઞાનપ્રકાશ' 'ગોપાલગીતા' (ઈ.સ. ૧૬૪૯) જાણીતાં છે, ઉપરાંત હજી સંખ્યાબંધ જ્ઞાનમૂલક પદ અપ્રસિદ્ધ છે.

બૂટિયો (ઈ.સ. ૧૭ મી સદીનો ઉત્તરાર્ધ) : ચાર જ્ઞાની કવિઓમાંના આ બૂટિયાનાં માત્ર બાર પદ જાણવામાં આવ્યાં છે.

અખો (ઈ.સ. ૧૬૪૯ માં હયાત) : ગુજરાતે મેળવેલા થોડા જ જ્ઞાની કવિઓમાં પોતાની આગવી કથનશૈલીથી ઉચ્ચ સ્થાન ધરાવતો આ અખો જાતે સોની હતો. અમદાવાદ નજીકના જેતલપુરનો મૂળ વતની, પછીથી અમદાવાદમાં આવી વસ્યો હતો અને શાહી ટંકશાળનો અધિકારી બન્યો હતો. વિરક્ત સ્વભાવના આ જ્ઞાની કવિએ 'અખેગીતા' 'કૈવલ્યગીતા' 'ગુરુશિષ્યસંવાદ' 'પંચીકરણ' 'બ્રહ્મલીલા' 'સંતપ્રિયા' એ ખંડકાવ્યો ઉપરાંત કવિત્ત, છપ્પા, ચોપદી સાખીઓ, માસ, વાર, વિષ્ણુપદ, ધુઆર્ય, દૂહા–પરજિયા અને સેંકડોની સંખ્યામાં પદોની પણ રચના કરી છે. એના છપ્પા એના સમાજદર્શનનો સુંદર ચિતાર આપે છે.

સૂરભટ્ટ (ઈ.સ. ૧૬૪૮ માં હયાત) : એનું એકમાત્ર આખ્યાન 'સ્વર્ગારોહણી' જાણવામાં આવ્યું છે. એ કલોલનો રાયકવાળ બ્રાહ્મણ હતો.

મોરા–સુત ગોવિંદ (ઈ.સ. ૧૬૪૯ માં હયાત) : એનું એકમાત્ર આખ્યાન 'સુધન્વા–આખ્યાન' મળ્યું છે. એ સુરતનો વતની અને જ્ઞાતિએ કંસારો હતો.

માધવદાસ (ઈ.સ. ૧૬૪૯ માં હયાત) : સુરતનો વાલ્મીક કાયસ્થ. આ કવિ એનાં 'દશમસ્કંધ' અને 'આદિપર્વ'થી જાણવામાં આવ્યો છે.

ભાણદાસ (ઈ.સ. ૧૬૫૦–૧૬૫૧ માં હયાત) : ગુજરાતી સાહિત્યમાં વ્યાપક રીતે 'ગરબા' સાહિત્યની રચના કરનાર ભાણદાસના પ્રકીર્ણ ૭૧ જેટલા ગરબાઓ ઉપરાંત 'પ્રહ્‌લાદાખ્યાન' 'અજગર–અવધૂત સંવાદ' 'નૃસિંહજીની હમચી' 'બારમાસ' 'હનુમાનની હમચી' અને પ્રકીર્ણ પદો જાણવામાં આવ્યાં છે.

માધવ (ઈ.સ. ૧૬૫૦ માં હયાત) : 'રૂપસુંદરકથા'શીર્ષક અક્ષરમેળ ૧૯૨ શ્લોકોમાં આ માધવે એક લૌકિક કથા સાંકળી લીધી છે. એ જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ હતો અને સંસ્કૃત પદ્ધતિના કાવ્યપ્રકારનો જ્ઞાતા હતો. એની રસની જમાવટ આકર્ષક છે.

વિશ્વનાથ જાની (ઈ.સ. ૧૬૫૨ માં હયાત) : પાટણનો વતની આ વિશ્વનાથ જાની પ્રેમાનંદના બાલ્યકાલમાં મહત્ત્વનો આખ્યાનકાર હતો. એનું 'મોસાળાચરિત્ર' (નરસિંહ મહેતાની પુત્રીનું મામેરું) એનો સારો નમૂનો છે. આ ઉપરાંત 'પ્રેમપચીસી' અને 'સગાળચરિત્ર' એનાં છે.

જનતાપી કિંવા **તાપીદાસ** (ઈ.સ. ૧૬૫૨ માં હયાત)–બંધારા જ્ઞાતિના આ તાપીદાસની 'અભિમન્યુ આખ્યાન' પ્રેમાનંદના 'અભિમન્યુ આખ્યાન'ની પૂર્વે રચાયેલી રચના છે. એ ભરૂચ નજીકના હરિયાદનો વતની હતો.

રતનજી (ઈ.સ. ૧૬૫૭ માં હયાત)–' દ્રૌપદીહરણ ' ' સગાળશા ' અને 'ત્રિશંશીરાજાનું આખ્યાન' રચનારો રતનજી ખાનદેશના બાગલાણમાં જઈ રહેલો જણાયો છે.

પ્રેમાનંદ ભટ્ટ (ઈ.સ. ૧૭ મી સદીનો ઉત્તરાર્ધ): ઈ.સ. ૧૬૬૭થી ૧૬૯૦ સુધીમાં અનેક આખ્યાન રચી ગયેલો નરસિંહ મહેતા અને દયારામનો સમકક્ષ કવિ હતો. આ પૂર્વે આખ્યાન તો અનેક રચાયાં છે, પણ એની કોટિનો કોઈ આખ્યાન–કવિ થયો નથી. ઉચ્ચ કોટિનો આ આખ્યાન–કવિ વડોદરામાં થઈ ગયો છે. એની 'ઓખાહરણ' 'અભિમન્યુ આખ્યાન' 'ચંદ્રહાસ આખ્યાન' 'મદાલસા આખ્યાન' 'હૂંડી' 'શ્રાદ્ધ' 'સુદામાચરિત્ર' 'મામેરુ' ' સુધન્વાઆખ્યાન ' 'નળાખ્યાન' 'રણયજ્ઞ' 'રુક્મિણીહરણ' 'નાસિકેતાખ્યાન' 'વામનકથા' ' શામળશાહનો વિવાહ'(નાનો), ભ્રમરગીતા'(નાની–મોટી)'દશમસ્કંધ'(અપૂર્ણ)—આ ઈ.સ. ૧૬૭૭ થી ૧૭૦૦ સુધીમાં રચાયેલી કૃતિઓ છે. એણે બીજી નાની નાની પણ રચનાઓ કરી છે. ગુજરાતી મધ્યયુગે જે મહત્ત્વના કવિ આપ્યા તેઓમાં આ ઉચ્ચ પ્રતિભાનો આખ્યાન-કવિ છે. આ કવિને નામે અન્ય સંખ્યાબંધ રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે, પણ એનું કર્તૃત્વ સિદ્ધ કરી શકાયું નથી.

વીરજી (ઈ.સ. ૧૬૬૪–૧૬૬૯ માં હયાત) : ઘણું કરીને આ આખ્યાન-કવિની 'સુરેખાહરણ' નામની ખાનદેશના બુરહાનપુરમાં કરેલી (ઇ.સ. ૧૬૬૪) રચના છે. બીજી રચના 'કામાવતીનું આખ્યાન' (ઈ.સ. ૧૬૬૯) છે. એના નામ ઉપર બીજી બે રચના ચડાવવામાં આવી છે, પણ એ અશ્રદ્ધેય છે.

હરિદાસ વણિક (ઈ.સ. ૧૬૭૧ માં હયાત) : એની એકમાત્ર પ્રામાણિક કૃતિ 'નરસિંહના પુત્રનો વિવાહ' (ઈ.સ. ૧૬૭૧) જાણવામાં આવી છે. બીજી ત્રણેક એના નામે ચડાવી પ્રસિદ્ધ કરાઈ છે.

દ્વારકો (ઈ.સ. ૧૬૭૪–૧૭૪૪ માં હયાત) : એ વડોદરા જિલ્લાના ભાલેજનો વતની હતો. એના 'બાર માસ' ઉપરાંત કેટલાંક પદ પણ છપાયાં છે. આ 'દ્વારકો' કે 'દ્વારકાદાસ'ના નામે ચડાવી કેટલીક નાની રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

ધનજી (ઈ.સ. ૧૭ મી સદીની ત્રીજી પચીસી) : એની એકમાત્ર કૃતિ 'રુક્મિણીવિવાહ' (સં. ૧૮૧૯–ઈ.સ. ૧૭૬૩ ની હાથપ્રત) જાણવામાં આવી છે.

યજ્ઞેશ્વર (ઈ.સ. ૧૬૬૯ માં હયાત) : ડાકોરના શ્રી રણછોડરાયજીનો પુષ્ટિ-માર્ગીય સેવા-પ્રકાર નક્કી કરી આપનારા ગો. શ્રી હરિરાયજીની આજ્ઞાથી આ યજ્ઞેશ્વરે રચેલું 'શ્રી રણછોડજીનું ચરિત' (ઈ.સ. ૧૬૬૯) મળે છે.

જીવરાજ (ઈ.સ. ૧૬૭૬–૭૮ માં હયાત)–'જીવને શિખામણ' 'કૈલાસ-વર્ણન' અને 'ઈશપ્રતાપ' એ ત્રણ જ રચના જીવરાજની મળી છે. એ સુરતના બેગમપુરાનો કે ભરૂચ પાસેના વેજલપુરનો વતની હતો.

તુલસી (ઈ.સ. ૧૬૭૬ માં હયાત) : ધોળકા પાસેના લીલિયાના આ બ્રાહ્મણનો એકમાત્ર ગ્રંથ 'અશ્વમેધ' મળ્યો છે (ઈ.સ. ૧૬૭૬). જૈમિનિના 'અશ્વમેધ'ને અનુસરીને લખાયેલું એનું આ સ્વતંત્ર આખ્યાન છે.

કેશવદાસ વણિક (ઈ.સ. ૧૬૭૭ માં હયાત) : એનું કૃષ્ણની લીલાને લગતું 'મથુરાલીલા' (૩૧ કડવાંનું) જાણવામાં આવ્યું છે. એ ભરૂચ પાસેના આમોદનો વલ્લભી વણિક વૈષ્ણવ હતો.

હરદેવ સ્વામી (ઈ.સ. ૧૬૮૪ માં હયાત) : મૂળ સિદ્ધપુરનો વતની ઔદીચ્ય બ્રાહ્મણ–ખંભાતમાં જન્મેલો, તેણે સુરતમાં 'સ્કંદપુરાણ'નો આધાર લઈ શિવની કથા 'શિવપુરાણ' મથાળે આખ્યાન-રૂપમાં આપી છે.

રત્નેશ્વર (ઈ.સ. ૧૬૮૩–૧૬૯૪ માં હયાત) : આ એક પદ્યાનુવાદક હતો. ડભોઈમાં રહી આ શ્રીમાળી બ્રાહ્મણે 'ભાગવત' 'જૈમિનીય અશ્વમેધ' અને 'સ્વર્ગારોહણપર્વ'નો અધ્યાયવાર આખ્યાન–પદ્ધતિએ પદ્યાનુવાદ કર્યો છે. સંસ્કૃતનો એ સારો જ્ઞાતા હતો અને ગુજરાતી ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતો હતો એ કારણે અનુવાદ હોવા છતાં અનુવાદ છે એવો વાચકને ખ્યાલ આવતો નથી. 'ભાગવત'નો અનુવાદ કરતાં એણે શ્રીધરી ટીકાનો આધાર લીધો છે. આ ઉપરાંત 'આત્મવિચાર–ચંદ્રોદય' ગણમેળ વૃત્તોમાં કરેલી સ્વતંત્ર જ્ઞાનમૂલક રચના છે. એના 'બાર માસ' પણ જાણવામાં આવ્યા છે. એના નામ પર ચડાવીને પણ થોડી રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

મુકુંદ (ઈ.સ. ૧૬૮૬ માં હયાત) : ખંભાતના આ આખ્યાનકારે 'વીરવર્માનું આખ્યાન' અને 'ચંદ્રહાસનું આખ્યાન' એ બે આખ્યાન રચેલાં હોવાનું જાણવામાં આવ્યું છે.

વલ્લભ ભટ્ટ (ઈ.સ. ૧૬૯૦–૧૭૧૦ માં હયાત) : સુરતના ઔદીચ્ય ટોળકિયા બ્રાહ્મણનો આખ્યાન-રૂપમાં ભાગવતના ૧ થી ૯ અને ૧૧, ૧૨ ના સ્કંધોનો સારાનુવાદ મળે છે (ઈ.સ. ૧૭૦૭ થી ૧૭૧૦). એ કથાકાર હતો અને રચના ગાઈ સંભળાવતો. એણે આ ઉપરાંત 'રેવામાહાત્મ્ય' (ઈ.સ. ૬૭૦૧) 'અનાવિલપુરાણ' (ઈ.સ. ૧૬૯૦) અને સ્વ. અં. બુ. જાનીએ પ્રેમાનંદના નામે છપાવેલું 'સુભદ્રાહરણ' રચનાઓ કરી હતી.

જગન્નાથ (ઈ.સ. ૧૭–૧૮ મી સદીનો સંધિકાલ) : આનું એક માત્ર આખ્યાન-કાવ્ય 'સુદામાચરિત્ર' (ઈ.સ. ૧૭૦૫) મળ્યું છે.

નથુરામ (ઈ.સ. ૧૭–૧૮ મી સદીનો સંધિકાલ) : એનાં 'કક્કો' 'ચેતવણી (ચિન્તામણિ) 'પાર્વતી–લક્ષ્મીસંવાદ' 'વિદુર-ભાવ' અને થોડાં પદ જાણવામાં આવ્યાં છે.

જેરામ (ઈ.સ. ૧૭–૧૮ મી સદીનો સંધિકાળ) : એનું એકમાત્ર 'બભ્રુવાહન-આખ્યાન' મળ્યું છે. એ કચ્છ–મુંદ્રાનો ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ હતો.

ભોજો સુરતી (ઈ.સ. ૧૭–૧૮ મી સદીનો સંધિકાલ) : આ આખ્યાન-કારની 'ચંદ્રહાસ આખ્યાન' અને 'બભ્રુવાહન આખ્યાન' એ બે રચના મળી છે. એ જ્ઞાતિએ ઘણું કરીને બારોટ હતો.

ઇંદ્રાવતી કિંવા પ્રાણનાથ (ઈ.સ. ૧૭–૧૮ મી સદીનો સંધિકાલ) : પરણામી વૈષ્ણવપંથના સ્થાપક દેવચંદ્રજીના શિષ્ય પ્રાણનાથે નવાનગર-જામનગરમાં

રહી 'ઇંદ્રાવતી' એવા સ્ત્રીભાવથી નિર્દોષ શૃંગારનાં પદ ગાયાં છે. (એનાં કાવ્યોની નકલ મારવાડના મેડતા ગામમાં થયેલી છે.) એનું 'રાસવર્ણન' સુમધુર રચના છે.

વેણીદાસ (ઈ.સ. ૧૭૦૫ માં હયાત) : પેટલાદ નજીકના પીજના આ લેઉવા પાટીદારે તત્કાલીન વ્રજમિશ્રિત હિંદીમાં 'દિલ્હીસામ્રાજ્યવર્ણન' પદ્યરૂપે બાંધ્યું. છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ મહત્ત્વપૂર્ણ રચના છે.

કેવલરામ નાગર (ઈ.સ. ૧૭૦૦–૧૭૪૯ માં હયાત) : અમદાવાદના વિસનગરા કવિ કેવલરામનો વ્રજમિશ્રિત હિંદી ભાષાનો અમદાવાદના સમકાલીન સૂબા જવાંમર્દખાન અને એના બાબી વંશના પૂર્વજોની પ્રશસ્તિ ગાતો પદ્યગ્રંથ જાણવામાં આવ્યો છે. આ પણ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

તુલજારામ (ઈ.સ. ૧૭૦૯ માં હયાત) : અમદાવાદના મૂળ વતની નાગર જ્ઞાતિના આ આખ્યાનકારનો વડોદરામાં રચેલો 'દશમસ્કંધ' જાણવામાં આવ્યો છે (ઈ.સ. ૧૭૦૯).

રણછોડ ભક્ત (ઈ.સ. ૧૭૧૪–૧૭૨૪ માં હયાત) : મહીકાંઠાના ખડાલ ગામનો વતની અને પાછળથી કપડવંજ તાલુકાના તોરણામાં આવી વસેલો આ એક ભક્તકવિ હતો. 'કક્કો' 'કર્મવિપાક' 'કૃષ્ણના મહિના' 'કેવલરસ' 'ચાતુરી' 'ચિંતામણિ' 'ઠાકોરનો ગરબો' 'તાજણો' (=ચાબખા) 'બારમાસ' વગેરે એની અનેક ભક્તિમાર્ગીય રચનાઓ મળી છે. વળી 'દશાવતારલીલા' 'નાસિકેતાખ્યાન' 'બ્રહ્મસ્તુતિ' 'ગોવર્ધન ઉત્સવ' 'સીતાવેલ' વગેરે આખ્યાનપ્રકારની રચનાઓ પણ મળે છે.

જગજીવન (ઈ.સ. ૧૭૧૬–૧૭ માં હયાત) : મધ્ય કક્ષાના જ્ઞાની કવિઓમાં સ્થાન લઈ શકે તેવા આ કવિની 'જ્ઞાનમૂલ' 'નરબોધ' 'મણિરત્નમાલા' 'સપ્તાધ્યાયી' 'જ્ઞાનગીતા' 'રામકથા' 'શિવવિવાહ' અને 'ચિત્તવિચારસંવાદ' એ કૃતિઓ જાણવામાં આવી છે. 'મણિરત્નમાલા' મૂળ કોઈનો ગ્રંથ છે, એના અનુવાદમાં કવિએ પદ્ય તેમજ ગદ્યનો ઉપયોગ પણ કર્યો છે.

રઘુરામ દીક્ષિત (ઈ.સ. ૧૭૧૬ માં હયાત) : 'નરસિંહ મહેતાની હૂંડી' 'પાંડવાશ્વમેધ' ઉપરાંત છૂટક પદો આ આખ્યાનકારનાં મળી આવ્યાં છે. એ બોરપાડનો યજુર્વેદી બ્રાહ્મણ હતો.

શામળ (ઈ.સ. ૧૭૧૮–૧૭૬૫ માં હયાત) : ગુજરાતી ભાષાના મધ્યકાલમાં કાલ્પનિક લૌકિક કથાઓ સ્વલ્પ પ્રમાણમાં જ મળી છે. અમદાવાદ પાસેના વેંગણપુર(હાલના ગોમતીપુર)ના શ્રીગૌડ માળવી બ્રાહ્મણ શામળ ભટ્ટે લોકરંજન-

પ્રકારની લૌકિક કથાઓ રચવાનો આરંભ કર્યો અને મહેમદાવાદ પાસે સીંહુજના જમીનદાર રખીદાસ પટેલની વિનંતિથી એને ત્યાં ઈ.સ. ૧૭૨૯ માં જઈ રહ્યો ત્યાં પણ રચનાઓ ચાલુ રાખી. એની રચ્યા વર્ષવાળી 'શિવપુરાણ' 'પદ્માવતીની વાર્તા' 'રણછોડજીનો શલોકો' 'રુસ્તમ બહાદુરનો પવાડો' 'ભોજ અને લીલાવતી' 'સિંહાસનબત્રીસી' 'અંગદવિષ્ટિ' અને 'સૂડાબહોતરી' (ઈ.સ. ૧૭૬૫ ની છેલ્લી રચના) અને રચ્યા વર્ષ વિનાની 'ઉદ્યમકર્મસંવાદ' 'ઉત્કંઠનું આખ્યાન' (અપૂર્ણ) 'કામાવતીની વાર્તા' 'કાલિકાનો ગરબો' 'ગુલબંકાવલીની વાર્તા' 'ચંદ્રચંદ્રાવતીની વાર્તા' 'જહાંદારશાહની વાર્તા' 'નંદબત્રીશીની વાર્તા' 'બરાસકસ્તૂરીની વાર્તા' 'મદનમોહનાની વાર્તા' 'રાવણ–મંદોદરી સંવાદ' 'સુંદર કામદારની વાર્તા' 'ચંપકસેનની વાર્તા' 'ચંદનમલયાગિરિની વાર્તા' અને 'રેવાખંડ.'

પ્રીતમ (ઈ.સ. ૧૭૧૮–૧૭૯૮ માં હયાત): ખેડા જિલ્લાના સંદેસર નજીકના બાવળા ગામનો બારોટ પ્રીતમદાસ કિંવા પ્રીતમ સ્વામી નામનો વિરક્ત સાધુ એના સમયનો, લગભગ અખાની કોટિનો, જ્ઞાની કવિ હતો. એની ગાદી સંદેસરમાં છે. એની રચ્યા વર્ષવાળી 'સરસગીતા' 'જ્ઞાનકક્કો' 'સોરઠના મહિના' 'જ્ઞાનગીતા' 'ધર્મગીતા' 'સાખી–ગ્રંથ' 'એકાદશસ્કંધ' 'જ્ઞાનપ્રકાશ' 'બ્રહ્મલીલા' 'પ્રેમપ્રકાશ' 'વિનય–દીનતા' અને 'ભગવદ્ગીતા', તો રચ્યા વર્ષ વિનાની પણ નાની નાની અનેક રચનાઓ તેમજ પદો જાણવામાં આવ્યાં છે.

રઘુનાથ વૈષ્ણવ (ઈ.સ. ૧૭૧૯–૧૮૧૪ માં હયાત): અમદાવાદના ગોમતીપુરનો એ લેઉઆ પાટીદાર હતો. ત્રીજા ઘરના પુષ્ટિમાર્ગીય આ વૈષ્ણવ કવિએ સમા સમાનાં અને ઋતુ ઋતુના ઉત્સવોનાં, વ્રજભાષાનાં પદોની જેમ, ગુજરાતીમાં અનેક પદ રચી આપ્યાં છે. 'ધ્રુવાખ્યાન' 'વાર' 'તિથિ' 'મહિનો' 'ઓધવજીનો જ્ઞાનબોધ' 'પ્રેમપચીસી' 'પ્રહ્લાદાખ્યાન' 'રાધાજીનું રૂસણું' વગેરે પણ એની રચનાઓ જાણીતી છે.

નાથભવાન ઉર્ફે અનુભવાનંદ (ઈ.સ. ૧૭૨૨–૨૩ માં હયાત): જૂનાગઢના વડનગરા ઘોડા કુટુંબના આ ઉત્તરવયના સંન્યાસીએ ગૃહસ્થાશ્રમમાં 'નાથભવાન'ના નામથી અને સંન્યાસ્ત પછી 'અનુભવાનંદ'ના નામથી રચનાઓ કરી છે. 'કાનાની ચાતુરી' 'અંબાજીનો ગરબો' 'રાધાજીનો ગરબો' 'વિમલનો ગરબો' 'વિષ્ણુપદ' 'વિષ્ણુવિચાર' 'વ્યસનમુક્તિનો ગરબો' 'હવ્યકવ્યનો ગરબો' તેમ કેટલાંક ગરબા ગરબી 'નાથભવાન'ની છાપથી, તો 'શિવગીતા' 'બ્રહ્મગીતા' અને 'ચાતુરીઓ' તેમ 'અધ્યાત્મરામાયણ' (ઈ.સ. ૧૭૪૪)—એ સંન્યસ્ત દશામાં.

નરોહરિ હાલારી (ઈ.સ. ૧૭૩૦ માં હયાત) : એની 'ચેલૈયાનું આખ્યાન' એ એકમાત્ર કૃતિ પ્રાપ્ત જ છે. એ જામનગર જિલ્લાના સરપદડનો સારસ્વત બ્રાહ્મણ હતો.

મીઠુઓ (ઈ.સ. ૧૭૩૮–૧૭૮૭ માં હયાત) : મીઠુઓ કે મીઠુ મહારાજ મહીકાંઠાના મહીસાનો વતની અને મોઢ બ્રાહ્મણ હતો. એનો શક્તિવિલાસ સંસ્કૃત ભાષાનો ગ્રંથ છે. એની ગુજરાતી રચનાઓ 'રસિકવૃત્તિવિનોદ' 'શ્રીરસ'-(બાર ઉલ્લાસમાં) 'શ્રીલહરી'(શંકરાચાર્યજીની 'સૌન્દર્યલહરી'નો અનુવાદ), 'શક્તિવિલાસલહરી' 'ભગવદ્ગીતા'(અનુવાદ) અને બીજી સંસ્કૃત તેમ ગુજરાતી સ્તોત્ર વગેરે રચનાઓ મળી આવી છે. કવિ તરીકે ઉચ્ચ કક્ષાનો છે.

સુંદર મેવાડો (ઈ.સ. ૧૭૪૦ માં હયાત) : પ્રેમાનંદે દશમસ્કંધ એના પર મા અધ્યાયે અધૂરો રાખેલો તે સામાન્ય આખ્યાનબંધમાં આ આખ્યાનકારે પૂર્ણ કર્યો છે. રાયપુર પરગણાના ધાયેતા ગામનો એ મેવાડો બ્રાહ્મણ જણાય છે.

સુંદરજી દીક્ષિત (ઈ.સ. ૧૭૪૦ માં હયાત) : વડોદરાના અમદાવાદી વડનગરા બ્રાહ્મણ સુંદરજીએ કાશીમાં 'સિંહાસનબત્રીસી'ની નોંધપાત્ર રચના કરી જાણવામાં આવી છે. એણે 'કડવું' શબ્દ ન વાપરતાં 'મીઠું' શબ્દ પ્રયોજેલ છે.

જીવણદાસ (ઈ.સ. ૧૭૪૨–૧૭૪૭ માં હયાત) : ધોળકાના એક નાના આ જ્ઞાની કવિની 'ગુરુશિષ્ય-સંવાદ' અને 'શિખામણનો ગરબો' એ બે રચના ઉપરાંત 'દાસ જીવણ' કે 'દાસી જીવણ'ની છાપથી 'ચાતુરીઓ' મળી છે.

ત્રીકમદાસ વૈષ્ણવ (ઈ.સ. ૧૭૪૪–૧૮૦૦ માં હયાત) : જૂનાગઢે આપેલ મહત્ત્વના કવિઓમાં અનુભવાનંદ પછી એ નરસિંહ મહેતાના માંગરોળ(સોરઠ)માંના કાકા પર્વતના વંશમાં થયેલો ગણનાપાત્ર ભક્તકવિ થયો છે. એમ તો એ ગાયક-વાડી મજમૂદાર હતો. સંસ્કૃત ઉપરાંત વ્રજ અને ફારસી ભાષાનો પણ એ કવિ હતો. 'ડાકોરલીલા' 'પર્વતપચાશી' અને 'રુક્મિણીવ્યાહ' (ફારસીમિશ્ર વ્રજ-ભાષાનો) એ મહત્ત્વની કૃતિઓ ઉપરાંત 'ત્રીકમદાસ–આશ પરિપૂરણ'ની છાપ-વાળાં મોટી સંખ્યામાં એનાં ભક્તિપદ પ્રસિદ્ધિમાં આવ્યાં છે.

શિવાનંદ (ઈ.સ. ૧૭૫૪ માં હયાત) : સુરતના વડનગરા નાગર બ્રાહ્મણ શિવાનંદે શિવને કેંદ્રમાં રાખી રચેલાં પદ જાણવામાં આવ્યાં છે.

મૂલજી ભટ્ટ (ઈ.સ. ૧૭૫૫ માં હયાત) : વ્યાસ મૂલજી તરીકે ઓળ-ખાતા આ આખ્યાનકારનું 'નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ' એ એકમાત્ર રચના મળી છે.

નોંધવું જોઈએ કે નાના નાના અનેક કર્તાઓએ 'પદો' 'કીર્તનો' 'બાર માસ' જેવી સાદી રચનાઓ કરેલી જાણવામાં આવી છે. આ બધીનો સમાવેશ કરવા જતાં ગ્રંથનું લંબાણ નિરર્થક વધે એટલે એ અહીં જતી કરી છે.

જૂની ગુજરાતીનું જૈન સાહિત્ય

ગુજરાતી ભાષાના જૈન સાહિત્યકારો વિશે અગાઉના ગ્રંથોમાં અછડતો નિર્દેશ થયો છે. મુઘલ કાલ દરમ્યાન ગુજરાતી ભાષાના જૈન સાહિત્યકારોની સામે પણ સુદીર્ઘ પ્રણાલી હતી. આમાં 'આદિકવિ'નું માન લઈ જતા અત્યારે તો 'ભરતેશ્વરબાહુબલિઘોર' (અંદાજે ૧૧૬૯)ના કર્તા વજ્રસેનસૂરિ કહી શકાય. કૃતિ સામાન્ય પ્રકારની છે, પણ પ્રાચીન ગુજરાતી કિંવા ઉત્તરગૌર્જર અપભ્રંશ ભાષાનો નમૂનો પૂરો પાડે છે.

નમૂનેદાર રચના તો શાલિભદ્રસૂરિનો "ભરતેશ્વરબાહુબલિ રાસ" (સં. ૧૨૪૧-ઈ.સ. ૧૧૮૫) છે. જૈન પરિપાટી પ્રમાણે કાવ્યાંતે પાત્રો દીક્ષા લઈ લેતાં હોઈ અંત નિર્વેદાત્મક લાગે, છતાં સમગ્ર રીતે જોતાં એ વીરરસનું એક ગણ્ય કોટિનું કાવ્ય બની રહે છે, જેનો જોટો ગુજરાતી સાહિત્યમાં તો પદ્મનાભના 'કાન્હડદે-પ્રબંધ' કે શ્રીધરના 'રણમલ્લ છંદ' માં જોઈ શકાય.

જૈન સાધુઓ અને શ્રાવકોએ ધર્મકથાનકોને કેંદ્રમાં રાખી મોટે ભાગે સ્થૂલિભદ્ર-કોશા અને નેમિનાથ-રાજિમતી તેમજ પોતાના સમયના ગુરુસ્થાનીય આચાર્યોના ચરિતને વિષય બનાવી અનેક રાસોની રચના તેમ મર્યાદિત સંખ્યામાં રમણીય ફાગુઓની રચના કરી છે. રાસોમાં નોંધપાત્ર કહી શકાય તેવી રચનાઓમાં વિજયસેનસૂરિનો 'રેવંતગિરિરાસુ' (ઈ.સ. ૧૨૫૨ આસપાસ) અને અંબદેવસૂરિનો 'સમરારાસુ' (ઈ.સ. ૧૩૧૫) ધ્યાન ખેંચે છે. પહેલામાં તેજપાલનું સ્વરૂપચરિત આપવામાં આવ્યું છે, તો બીજામાં પાટણના શ્રેષ્ઠી સમરસિંહની પાલીતાણાની સંઘયાત્રાનું રોચક વર્ણન મળે છે. આ બંને લાવણ્યસમયના 'વિમલપ્રબંધ' (ઈ.સ. ૧૫૧૨) અને પાર્શ્વનાથસૂરિના 'વસ્તુપાલ-તેજપાલરાસ' (ઈ.સ. ૧૫૧૯ આસપાસ)ની યાદ આપે છે. ધાર્મિક રાસ વગેરેમાં પ્રસંગોનાં શબ્દભેદે અને ક્વચિત્ પ્રકારભેદે પણ પુનઃ કથન જ લાગે, જ્યારે ઐતિહાસિક પાત્રોને કેંદ્રમાં રાખી રચવામાં આવેલી રચનાઓમાં સજીવતા લાગે.

રાસયુગમાં અને પછી પણ, થોડી સંખ્યામાં છતાં, ફાગુરચનાઓમાં વસ્તુસામ્ય છતાં વર્ણન-ભંગીના પાર્થક્યને કારણે, થોડી જ નબળી કૃતિઓના અપવાદે, રચનાઓ કમનીય બની રહે છે. નમૂનેદાર કહી શકાય તેની રચનાઓમાં

નોંધપાત્ર જિનપદ્મસૂરિનો 'નેમિનાથ ફાગુ' (ઈ.સ. ૧૩૬૬ આસપાસ) અજ્ઞાતનો 'જંબૂસ્વામિફાગુ' (ઈ.સ. ૧૩૭૪), સોમસાગરસૂરિનો 'રંગસાગરનેમિફાગુ' (ઈ.સ. ૧૪૦૧ આસપાસ), માણિક્યચંદ્રસૂરિનો 'નેમીશ્વરચરિતફાગુ' (ઈ.સ. ૧૪૨૨ આસ-પાસ) છે. સ્થૂલિભદ્રના ચરિતમાં માત્ર, વર્ષાઋતુનું ચિત્રણ હોય છે, બાકીના ફાગુ, વસંતનાં સુમધુર વર્ણનોથી રોચક બની રહ્યા હોય છે. નાયક–નાયિકાનો વિરહ ઉદ્દીપ્ત કરવા વસંતનાં વર્ણન અપાયાં હોય છે, જે અંતે નાયક–નાયિકાની વિરક્તિમાં પરિણમતાં હોય છે.—આ જૈન પરિપાટી.

રાસોની અનેક વિવિધ રચનાઓ કરતાં થોડી પણ લૌકિક તથા વસ્તુને કેંદ્રમાં રાખી રચાયેલી, વાર્તાપ્રકારની પદ્યરચનાઓ કાવ્યતત્ત્વ અને કાવ્યચિત્રણની દૃષ્ટિએ વધુ આકર્ષક બની રહી છે. વિજયભદ્રસૂરિની 'હંસરાજ વચ્છરાજ ચઉપઇ' (ઈ.સ. ૧૩૫૫) અને હીરાણંદનો 'વિદ્યાવિલાસપવાડુ' (ઈ.સ. ૧૪૨૯) આવી રચનાઓ છે. માણિક્યચંદ્રસૂરિની 'પૃથ્વીચંદ્રચરિત' (ઈ.સ. ૧૪૨૨) શીર્ષક કથાવાર્તા લૌકિક પ્રકારની છે, પણ એ અનુપ્રાસાત્મક ગદ્યમાં હોઈ બેનમૂન બની રહી છે.

'બારમાસી' 'કક્ક' 'માતૃકા' 'કલશ' અને પદ્યગીતો પણ રચાયાં છે, પણ એમાં 'બારમાસી' વિરહકાવ્ય તરીકે દીપી રહે છે, જેમાં મોટે ભાગે તો 'નેમિનાથ–રાજિમતી'ને જ નાયક-નાયિકા તરીકે આપવામાં આવ્યાં હોય છે. આ પણ ફાગુની જેમ શૃંગારપ્રધાન કવિતા છે. વિનયચંદ્રસૂરિની 'નેમિનાથચતુષ્પદિકા' (ઈ.સ. ૧૨૯૭ પહેલાં) સુંદર બારમાસી કાવ્ય છે.

ક્વચિત્ અક્ષરમેળ છંદોમાં પણ રચનાઓ થઈ છે. આમાં શાલિસૂરિનું 'વિરાટપર્વ' (ઈ.સ. ૧૪૩૨ પહેલાં) નોંધપાત્ર કૃતિ છે.

સંસ્કૃત–પ્રાકૃત નાનામોટા ગ્રંથોનો શબ્દાર્થ માત્ર આપનારા ટબા વિકસ્યા છે, પણ એવા ગ્રંથોનાં સુભાષિતોને એક પછી એક લઈ શબ્દાર્થ માત્રમાં બંધાઈ ન રહેતાં દૃષ્ટાંતવાર્તાઓથી સમૃદ્ધ ગદ્ય આપનારા 'બાલાવબોધ' એ જૈન વાર્તા-લેખકોની નમૂનેદાર સૃષ્ટિ છે. તરુણપ્રભનો 'ષડાવશ્યક–બાલાવબોધ' (ઈ.સ. ૧૩૫૫) અને સોમસુંદરસૂરિના 'ષડાવશ્યક' 'યોગશાસ્ત્ર' 'આરાધનાપતાકા' 'નવતત્ત્વ' 'ભક્તામરસ્તોત્ર' 'ષષ્ટિશતક પ્રકરણ' વગેરે ઉપરના બાલાવબોધ ગુજરાતી ગદ્યના જ નહિ, ભાષાના પણ ક્રમિક વિકાસના સૂચક નમૂના છે.

અવિરત પ્રવાહ

સલ્તનત કાલમાં જૈન સાહિત્યકારોને હાથે રચના–પ્રવાહ સતત વહે જતો

હતો તેથી પણ અધિક રીતે મુઘલ કાલમાં સતત વધ્યે રહ્યો છે, એનાં એ ધાર્મિક પાત્રો, એનાં એ ધાર્મિક કથાનકો અને સમાન કહી શકાય તેવી નિરૂપણ-પદ્ધતિને આત્મસાત્ કરી સાધુઓ તેમજ શ્રાવકોએ પોતાની ભક્તિભાવના પ્રદર્શિત કરી છે. આ કારણે અનેક રચના સરજાયા છતાં અને ભાષાના વિકાસની દૃષ્ટિએ એ ઘણી ઉપયોગી હોવા છતાં કાવ્યતત્ત્વની દૃષ્ટિએ નોંધપાત્ર ભાગ્યેજ જોવા મળે છે. આમાં 'રૂપચંદકુંવરરાસ' (ઈ.સ. ૧૫૮૦)-'નલદમયંતી રાસ' (ઈ.સ. ૧૬૦૯)ના કર્તા નયસુંદર, અનેક ગુજરાતી રાસ-ચોપાઈ વગેરેના કર્તા આચાર્ય સમયસુંદર (ઈ.સ. ૧૬૦૨-૧૬૪૪ વચ્ચેની રચનાઓ), અનેક રાસો અને સ્તવનો આદિના કર્તા ખંભાતના ઋષભદાસ (ઈ.સ. ૧૬૧૦-૧૬૩૧ વચ્ચેની રચનાઓ), વિનય-વિજય સાથે 'શ્રીપાલરાસ' (ઈ.સ, ૧૭૩૮) અને સ્વતંત્ર પણ થોડા રાસ અને સ્તવનોના કર્તા ન્યાયાચાર્ય યશોવિજયજી, અનેક ચઉપઈઓ અને રાસોના કર્તા જિનહર્ષ (ઈ.સ. ૧૭૧૦-૧૭૬૨ વચ્ચે) અને અનેક રાસોના કર્તા ઉદયરત્ન (ઈ.સ. ૧૭૪૯-૧૭૯૯ વચ્ચે) પોતાની રચનાઓમાં થોડી ઝાઝી સિદ્ધિ પામી શક્યા છે. શ્રાવકોને આનંદ સાથે ઉપદેશ આપવાનો હોઈ સામાન્ય માનવ પણ સરળતાથી સમજી શકે એ દૃષ્ટિ આ રચનાઓ પાછળ રહેલી છે કે જેવી જૈનતર આખ્યાનોની રચનાઓ પાછળ.

લૌકિક કથાવસ્તુ ધરાવનારી રચનાઓ પણ થઈ છે, જેમાં પણ એનાં એ વસ્તુઓ ઉપર વાર્તાપ્રવાહ પદ્યમાં વહાવવામાં આવ્યો હોય છે. બાલાવબોધો લખવાનો પ્રવાહ પ્રમાણમાં હવે મર્યાદિત થયો છે, બાકીના સ્વાધ્યાયો (સજ્ઝાયો) સ્તવનો બારમાસીઓ વગેરે પ્રકાર થોડા ઝાઝા ખેડાયે ગયા છે.

છેલ્લાં ૭૦૦-૮૦૦ વર્ષોના ગાળામાં જૈન વિરક્ત સાધુઓ-આચાર્યો સુધ્ધાંએ તેમ થોડા શ્રાવકોએ પણ ધર્મબુદ્ધિથી-સેંકડો અને હજારોની સંખ્યામાં રચનાઓ કરી છે. મોટા ભાગની રચનાઓ અન્યાન્ય જૈન ભંડારોમાં તેમજ ખાનગી સંગ્રહોમાં સચવાઈ રહેલી છે. આ બધીનો, માહિતી પૂરતી યાદીઓના અપવાદે, અભ્યાસ થયો નથી, અભ્યાસ માત્ર મુદ્રિત કૃતિઓનો જ થયો છે. જે થયો છે તેમાં કેટલીક સત્ત્વશાળી રચનાઓનો પરિચય સુલભ પણ બન્યો છે. જૈનેતર અને જૈન આ બધી જ રચનાઓનો ગુજરાતી ભાષાના અને જૂના સાહિત્યપ્રકારોના વિકાસના ઇતિહાસમાં મહત્ત્વનો ફાળો છે. કોશકારને પણ આમાં વિપુલ પ્રમાણમાં શબ્દોનું ભાથું મળી રહે એમ છે. એમાંની કેટલીક ઐતિહાસિક વસ્તુ આપનારી રચનાઓ તો ગુજરાતના ઇતિહાસની ખૂટતી કડીઓ પણ પૂરી કરી આપે તેવી છે.

૩. અરબી ફારસી અને ઉર્દૂ

ગુજરાતમાં વસતી પારસી કોમની મૂળ માતૃભાષા ફારસી હતી. તેઓમાંથી જેમને ઈરાનમાં વસતા પારસીઓ સાથે સંબંધ હશે તેવા કેટલાક લોકોનું ફારસી શીખવા તરફ વલણ રહેતું. વિદેશોમાંથી આવેલા મુસલમાનોની પણ એ લગભગ માતૃભાષા હતી. બાકી રહ્યા ગુજરાતી હિંદુઓ, તેઓ માટે ફારસી ભાષા અપરિચિત હતી, પરંતુ જો તેઓ ફારસી ન શીખે તો સરકારી ખાતાંઓમાં જોડાવાનાં દ્વાર એમને માટે બંધ થઈ જાય, આથી હિંદુ કોમોના કેટલાક ગુજરાતી શિક્ષિતોને પણ ફારસી શીખવાનું જરૂરી બન્યું.

ફારસીના વિદ્વાનને માટે અરબી ભાષાનું જ્ઞાન હોવું અનિવાર્ય તો નહિ, પરંતુ આવશ્યક જરૂર હોય છે. ભારતના તત્કાલીન શાસક મુસલમાન હતા. તેઓના ધર્મગ્રંથો અરબી ભાષામાં લખાયેલા હોઈ, પોતાની માન્યતા તથા વિચારોને પ્રમાણિત કરવા માટે એ ગ્રંથોમાંથી અવતરણો ટાંકી શકાય-ઓછામાં ઓછું એટલું અરબીનું જ્ઞાન તો એમને માટે અપેક્ષિત રહે છે. આથી ગુજરાતના મુસલમાનો નાગર હિંદુ ગૃહસ્થો કે પારસીઓ અરબી-ફારસી બંનેનો અભ્યાસ કરતા અને કેટલાક તો એમાં નિપુણ બનતા. આને કારણે ગુજરાતમાં અરબી ભાષામાં લઘુ લખાયું છે. એ બધું લખાણ ગ્રંથો દીબાચા ભાષાંતરો રુક્કાઓ બયાઝો કે ફૂટકળ લખાણના રૂપમાં સારાયે ગુજરાતમાં વેરવિખેર પડયું છે. સદ્દગત દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ પોતાના 'ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો'માં પોતે ઉપયોગમાં લીધેલાં સાધનોની યાદીમાં ખંભાત અમદાવાદ વગેરે સ્થળોના કાજી સાહેબો તથા અન્ય સાહિત્યપ્રેમીઓનાં કિતાબખાનાં વગેરેનો ઉલ્લેખ કર્યો છે. એ જ પ્રમાણે ડૉ. છોટુભાઈ ર. નાયકે પણ પોતાના 'ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ'માં ઘણાં સાધનોનો ઉલ્લેખ કરેલો છે.

ગુજરાતના નાગરો, ગુજરાતી મુસ્લિમો અને પારસીઓએ અરબી ફારસીમાં ઘણું લખ્યું છે, પરંતુ એ બધું એકત્ર કરી શકાયું નથી. ફારસીજ્ઞાતા નાગરોએ ફુરસદનો સમય ફારસી કૃતિઓ રચવામાં અને ફારસી પુસ્તકોની નકલ કરવામાં ગાળ્યો હતો. ફારસી ગદ્યપદ્યનો મોટો જથ્થો એમણે તૈયાર કર્યો હતો, પરંતુ એમાંનો ઘણો નાનો ભાગ પ્રકાશમાં આવ્યો છે. ગુજરાત-સૌરાષ્ટ્રનાં મુખ્ય શહેર જેવાં કે અમદાવાદ સુરત ભરૂચ ખંભાત પાલનપુર માંગરોળ(સોરઠ) અને જૂનાગઢમાં વસતા એમના વંશજો અને સગાંવહાલાંઓનાં ઘરોમાં એમની સખત મહેનત અને તપસ્યાના ફળરૂપે લખાયેલાં પુસ્તક હશે જ. સંશોધનકાર્ય કરનારાઓને માટે એ અતિશય ઉપયોગી સામગ્રી પુરી પાડી શકે એમ છે. જો આ બધા ધૂળ ખાતા

ગ્રંથોનું સંશોધન કરવામાં આવે તો ગુજરાતના ઇતિહાસમાં નવીન ઐતિહાસિક સામગ્રી મળી આવતાં ઘણાં પ્રસંગોનું પુનર્મૂલ્યાંકન કરવું પડે અને એ રીતે ગુજરાતનો ઇતિહાસ વધુ સાચો અને સમૃદ્ધ બને.

હિંદુ લેખકો :

ગુજરાતી હિંદુઓ દ્વારા સર્જાયેલ અરબી ફારસી સાહિત્યનું પ્રધાન લક્ષણ એ છે કે એમાં ઇતિહાસ અને ઐતિહાસિક પ્રસંગોને આલેખતા ગ્રંથોનું પ્રમાણ સારું એવું છે. ત્યાર પછી રુક્કા બયાઝ અને અન્ય સાહિત્યિક ગ્રંથો છે

ઈશ્વરદાસ : અણહિલવાડ પાટણના નાગર ગૃહસ્થ ઈશ્વરદાસે 'ફતુહાતે આલમગીરી' નામનો ગ્રંથ લખ્યો છે. એમાં શહેનશાહ ઔરંગઝેબ આલમગીરના સમયમાં વીર દુર્ગાદાસ રાઠોડ સાથે થયેલાં યુદ્ધો અને પ્રસંગોનું વર્ણન છે. લેખકે પોતે કેટલાક પ્રસંગોમાં ભાગ લીધેલ હોઈ, આ ગ્રંથમાં વર્ણવેલી ઘટનાઓનું મહત્ત્વ વધી જાય છે. ઈશ્વરદાસ જોધપુરમાં અમીરના હોદ્દા ઉપર નોકરી કરતો હતો. એણે સતત બે વર્ષ સુધી શુજાતખાન અને દુર્ગાદાસ વચ્ચે મેળ કરવાનો પ્રયાસ ચાલુ રાખ્યો.

ઈશ્વરદાસે ગુજરાતમાં શેખ અબ્દુલ વહાબના પુત્ર શેખ ઉલ્ ઇસ્લામના હાથ નીચે નોકરી કરી હતી. એના ઇતિહાસમાં ઈ.સ. ૧૬૫૭ થી ઈ.સ. ૧૬૯૮ના સમય દરમ્યાન બનેલ પ્રસંગોનું વર્ણન કરેલું છે. આ પુસ્તકની માત્ર એક જ હસ્તલિખિત પ્રત પ્રાપ્ય છે. એ નકલ હિ.સં. ૧૧૬૩(ઈ.સ. ૧૭૫૦)માં નહરવાલા(પાટણ)માં કરવામાં આવી હતી.[૪૪]

ડૉ. જી બર્ડે પોતાનો *'History of Gujarat'* લખવામાં આ પુસ્તકમાંથી ઘણો ફાયદો ઉઠાવ્યો છે. એણે એમાં 'શ્રીદાસ, ગુજરાતનો નાગર' એ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે.[૪૫] સર જદુનાથ સરકારે પણ 'તારીખે ઔરંગઝેબ' લખવામાં આ પુસ્તકની મદદ લીધી છે એમાં એણે માળવા અને રાજપૂતાનાની તત્કાલીન પરિસ્થિતિનું ચિત્રણ સારી રીતે કર્યું છે.

ખ્વાજા રાજકરણ ભવાનીદાસ : તેનું ઉપનામ 'ફીદાઈખાની' હતું. એણે હિ.સ. ૧૧૦૦ (ઈ.સ. ૧૬૮૯)માં 'કુશાયસાનામા' નામનો ગ્રંથ લખ્યો છે. એમાં સાત સુંદર બોધદાયક વાર્તાઓનો સમાવેશ થાય છે.

જગજીવનદાસ : એ મનોહરદાસનો પુત્ર હતો.[૪૬] એણે 'મુન્તખિબ ઉત્ તવારીખ' નામે ઇતિહાસનો એક ગ્રંથ લખ્યો છે. હિ.સ. ૧૧૧૯ (ઈ.સ. ૧૭૦૭)માં મુહમ્મદ મોઅઝ્ઝીમે એને વકાયા નિગાર તરીકે પોતાની પાસે રાખ્યો

હતો.[૪૭] એણે લખેલ ઇતિહાસમાં મહમદનગર તથા ગુજરાતના સુલતાનનો વગેરેનો સંક્ષેપમાં અહેવાલ આપવામાં આવ્યો છે.[૪૮] એણે ફારસીમાં ઘણા પત્ર લખ્યા છે. કોઈ મુકુંદરાયની માતુશ્રીના મરણ પ્રસંગે, કુતિયાણાથી, એણે એક દિલાસાનો પત્ર લખ્યો હતો તે ગુજરાત વિદ્યાસભાના હસ્તપ્રતસંગ્રહમાં એક ખતસંગ્રહ ભેગો છે.

જીવણલાલ : એ ગુજરાતી નાગર હતો. એને ગદ્ય ઉપરાંત પદ્ય લખવાનો પણ શોખ હતો. એ પ્રસંગને અનુરૂપ નઝમો લખતો.

એક કવિતામાં એણે પૂરી હલવો સાકર દૂધ જલેબી ખાજાં વગેરેનું સુંદર વર્ણન કર્યું છે.

નન્હામલ : એ અમદાવાદના સૂબેદારના નાયબ હૈદર કુલીખાનનો નોકર હતો. એ ફારસીનો વિદ્વાન હતો. એણે 'ગુલદસ્તે ઇરમ' નામની પુસ્તિકા લખી છે. એમાં એણે પોતે વૃંદાવનની જાત્રા કરેલી તેનું સુંદર વર્ણન કર્યું છે અને ભગવાન શ્રીકૃષ્ણ ઉપર પણ થોડુંક લખ્યું છે. એનું એ કાવ્ય બતાવે છે કે એ એક રસિક કવિ હતો.

બરહમન : એ શાહજહાં અને ઔરંગઝેબના જમાનામાં થઈ ગયો. 'હકીકતુલ હિંદ' નામે એક હસ્તલિખિત ગ્રંથ, જે સુરતના બખ્શુમિયાના કિતાબખાનામાં છે, તેમાં જણાવ્યા મુજબ એનું નામ 'ચંદ્રભાણુ' અને તખલ્લુસ 'બરહમન' હતું. એ ગુજરાતમાં આવેલા જંબુસરનો વતની હતો. સંભવ છે કે ગુજરાતના એ બ્રાહ્મણનું કુટુંબ શાહજહાંના જમાનામાં દિલ્હી કે આગ્રામાં રહેતું હોય.[૪૯]

બરહમન ફારસીના એક દીવાન(ગઝલસંગ્રહ)નો પણ કર્તા છે. એની ગઝલો પારલૌકિક પ્રેમને વ્યક્ત કરે છે.

મહેતા સુખરામ : ગુજરાતનો વતની હતો. એ ઘણું કરીને નાગર હતો. એનાં કસીદ (પ્રશંસા–કાવ્યો) નવાબ સઆદતખાનની તારીફમાં લખાયેલાં છે. એણે રુક્કા(પત્રો)નું એક પુસ્તક પણ લખ્યું છે. અત્યારે એ તૂટક હાલતમાં ઉપલબ્ધ છે. એનો પત્રવ્યવહાર મુનશી કલાલચંદ સાથે હતો. એ ઈ.સ. ૧૭૦૭ પર્યંત હયાત હતો. એના ઉપરથી મહેતા સુખરામના સમયનો અંદાજ પણ મળે છે.

મહેતા સુંદરલાલ : એ પાલડીનો વતની હતો. એણે રૂકાતની એક કિતાબ લખી છે. એમાં જાતજાતનાં ખતો ઇલ્કાબો રિવાજો અને નસીહતો (શિખામણો) પણ છે. અબજદ પદ્ધતિ પ્રમાણે ઈ.સ. ૧૬૯૯ ની સાલ આપી છે, એથી એ ઔરંગઝેબના સમયમાં થયો મણાય.

મુનશી હરિજનમલ : એ અરબી–ફારસીનો જ્ઞાતા હતો. વિદ્વાન મુસલમાનોના સહવાસને કારણે એનાં લખાણોમાં અરબી ભાષાની અસર દેખાઈ આવે છે. એ અરબી કહેવતો અને કુરાન શરીફની આયાતોનો ઘણી ખૂબીથી ઉપયોગ કરે છે એ ગુજરાતી હતો, પરંતુ માળવામાં ઇસ્લામાબાદ નામની કોઈ જગ્યાએ સરકારી હોદ્દા ઉપર હતો. એના રૂકાતનો એક સંગ્રહ વિદ્યમાન છે.

મહેતા શોભારામ : એ અમદાવાદનો નાગર હતો. એનાં રૂકાત અને રોજનીશી ઉપરથી જોઈ શકાય છે કે ફારસી ભાષા ઉપર એનો ઘણો સારો કાબૂ હતો. ફર્રુખસિયરની કેદ અને એનું મોત સાદાત બારહા અને અજિતસિંહને લઈને હતાં એ બાબત એણે વિગતવાર લખી છે તેવી બીજી કોઈ તવારીખમાં જોવામાં આવતી નથી. આ બનાવ ઈ.સ. ૧૭૧૮ માં બન્યો.[૫૦]

માધવદાસ : ગુજરાતનો નાગર બ્રાહ્મણ હતો. ફારસી અને હિંદીનો જ્ઞાતા હતો. એણે પોતાના પુત્ર ગોકલચંદને શીખવવા માટે રૂકાતની એક કિતાબ નમૂનારૂપે લખી હતી, જે છપાઈ છે. ફારસીમાં એનું એક દીવાન તેમ કથાનામા મશહૂર છે. માધવદાસ ઔરંગઝેબના જમાનામાં ઈ.સ. ૧૬૯૦ પર્યંત હયાત હતો. એના પુત્ર ગોકલચંદે પણ કેટલાક રૂકાત લખ્યા છે.

કિશનજી વૈદ્ય (બૈદ) : એ અમદાવાદનો વતની હતો. એણે આશરે ૩૦૦ પાનાંની એક ચોપડી રોજનીશીરૂપે લખી છે. એના દીબાચા(પ્રસ્તાવના)માં લખ્યું છે કે કેટલાક દિવસ બેકાર રહેવાથી મેં આનંદ માટે હિંદી–ફારસીની કિતાબોનો અભ્યાસ શરૂ કર્યો અને એમાંથી ફૂલો વીણીને જમા કર્યાં. એનું પોતાનું એક કિતાબખાનું પણ હતું. એમાં સાહિત્ય અને ઇતિહાસના ગ્રંથ સારા પ્રમાણમાં હતા.

આ રોજનીશી હિ.સ. ૧૧૮૨(ઈ.સ. ૧૭૬૮)માં પૂરી થઈ હતી.

શિવલાલ : એના પિતાનું નામ સુંદરલાલ. અમદાવાદના નાગર ખાનદાનમાં એનો જન્મ થયો હતો. એની રોજનીશી ઘણી પ્રખ્યાત છે. એમાં રૂકાત, દીબાચા, કસીદા તથા શેરો લખેલા છે. એ પોતે શાયર હતો, પરંતુ એને શાયરીનું અભિમાન ન હતું. એણે નંદલાલની રોજનીશી ઉપર લખેલ દીબાચો, ફારસી ભાષા ઉપરનું એનું પ્રભુત્વ દર્શાવે છે. એની રોજનીશી શિકસ્તામાં લખેલી છે. ઈ.સ. ૧૭૪૮ માં એ રોજનીશી પૂરી થાય છે. એની આ રોજનીશી ઉપર મહેતા ઉદયરામનો દીબાચો લખાયેલ છે.

રેવાશંકર પરવારી : એ અમદાવાદનો વતની હતો. ઈ.સ. ૧૭૬૧ સુધી એ હયાત હોવાની સાબિતી મળે છે. એના નામ સાથે 'પરવારી' આવે છે. એ ન્યાતે ભરવાડ હોય. ફારસીમાં એનું પરવાર થયું હોય અથવા એ એનું તખલ્લુસ હોય.[૫૦અ] જ્ઞાતિએ એ બ્રાહ્મણ યા નાગર હોય એવું લાગે છે. એ શાયર હતો. એણે ખાન અબ્દુલ વહાબખાનના સંબંધમાં એક મુસમ્મન (કાવ્યપ્રકાર) લખી છે. ગદ્યમાં એ અંત્યાનુપ્રાસવાળી શૈલીનો ઉપયોગ કરતો. શિવલાલ વગેરેની રોજનીશીમાં એના લખેલા દીબાચા છે, તેના ઉપરથી ફારસી ઝબાન ઉપરનો એનો કાબૂ દેખાઈ આવે છે.

પારસી લેખકો

હિંદુઓ ઉપરાંત પારસીઓએ પણ ફારસી ગ્રંથ લખ્યા છે. તેઓએ ઈરાનમાં વસતા પોતાના જરથોસ્તી ભાઈઓ સાથે લાંબા સમય સુધી સંબંધ જાળવી રાખ્યો હતો અને તેથી ફારસી ભાષાનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. આજે પણ દક્ષિણ ગુજરાતમાં પારસી ભાઈબહેનો ફારસીનો અભ્યાસ કરે છે, પરંતુ એમાં થોડી ઓટ આવી છે. પારસીઓએ લખેલા ફારસી ગ્રંથોનો મોટો ભાગ ધર્મ સંબંધી રિવાયતો વગેરેનો છે.

ઈ.સ. ૧૬૭૫ માં એરવદ દારાબ હોરમઝદિયાર બિન કામદીન કૈકોબાદે 'અસફૂન્દિયાર-નામા' નામે એક ફારસી કાવ્ય લખ્યું હતું, પરંતુ સહુથી વધુ ખ્યાતનામ તો 'કિસ્સા-એ-સંજાણ' છે. એના લેખક બહમન બિન હોમઝદિયાર સંજાણા છે. એમણે ઈ.સ. ૧૬૦૦ ના અરસામાં આ કાવ્ય લખ્યું હશે. પારસીઓ ઈરાન છોડી સંજાણ આવી વસ્યા એ પ્રસંગનું વર્ણન એમાં પદ્યરૂપે આપેલું છે. ગુજરાતના પારસી ભાઈઓની શરૂઆતની તવારીખી હકીકત જાણવા માટે એ પદ્યગ્રંથ જરૂરી માહિતી પૂરી પાડે છે.

એ પદ્યગ્રંથમાં ૮૬૪ પંક્તિ છે. પ્રો. ફીરોઝ કાવસજી દાવર દર્શાવે છે કે એ પુસ્તકના લેખકને ઇતિહાસનું જ્ઞાન ઝાઝું ન હતું.

આચાર્ય શાપુરજી હોરમસજી હોડીવાળાએ પોતાના *Studies in Parsi History* માં એ પુસ્તકનું તલસ્પર્શી વિવેચન કર્યું છે.

મુસ્લિમ લેખકો

ગુજરાતના મુસલમાનોની માતૃભાષા ગુજરાતી હોવા છતાં ફારસી ભાષા પ્રત્યે એમનું સકારણ આકર્ષણ રહેતું. ગુજરાતની બહારથી આવી ગુજરાતને વતન બનાવી રહેનાર સાધુ-સંત-ઓલિયાઓએ ધર્મ સૂફીવાદ સદાચાર વૈદક ખગોળ જ્યોતિષ અને દુન્યવી બાબતો ઉપર અનેક ગ્રંથ લખ્યા. ગુજરાતી

મુસલમાનોએ જે ઇતિહાસના ગ્રંથ લખ્યા છે તેઓમાં 'મિરાતે અહમદી' અને 'મિરાતે સિકંદરી'નું સ્થાન વિશિષ્ટ છે.

ગુજરાતના મુસ્લિમો ફારસી ઉપરાંત અરબીના પણ સારા વિદ્વાન હતા. વોરા કોમના મુલ્લાંજી સાહેબ તથા એમના કુટુંબીઓ અરબીમાં નિષ્ણાત હતા. એમનાં ધાર્મિક અને નસીહતનાં પુસ્તક મોટે ભાગે અરબીમાં લખાયેલાં છે.

ગુજરાતી મુસ્લિમોએ વિવિધ વિષયો પર અરબી–ફારસીમાં લખેલાં પુસ્તક અમદાવાદ સુરત ભરૂચ જૂનાગઢ આદિ પ્રદેશોના રાજ્યકર્તાઓ કે કાજીઓનાં પુસ્તકાલયોમાં અથવા સાધુસંતોના ખાનકાહોમાં સચવાઈ રહ્યાં છે. અહીં એમાંના કેટલાક ખ્યાતનામ મુસ્લિમ લેખકો અને એમની કૃતિઓનો ઉલ્લેખ કરીએ.

મીરઝા મુહમ્મદ હસન : 'મિરાતે અહમદી'ના લેખક મીરઝા મુહમ્મદ હસન (અલી મુહમ્મદખાન)ના પિતા ઈ.સ. ૧૭૦૮ માં એમની નિમણૂક વાકેઆ નિગાર તરીકે થતાં અમદાવાદમાં આવી વસ્યા. એમના મૃત્યુ પછી, એમના પુત્ર, 'મિરાતે અહમદી'ના લેખકને પિતાનો ઇલકાબ મળ્યો અને એમને કાપડ બજારના અમીન તરીકે ચાલુ રાખવામાં આવ્યા. ઈ.સ. ૧૭૪૬ માં એમને દીવાનનો હોદ્દો આપવામાં આવ્યો, પરંતુ ઈ.સ. ૧૭૫૩ માં રાઘોબા તથા દામાજીરાવે અમદાવાદ જીતી લીધું ત્યારે એ નિમણૂક નામની બની રહી. આ રીતે એ ગુજરાતનો અંતિમ શાહી દીવાન બન્યો. એનો ઇતિહાસ ૧૭૬૧ ના પાણીપતના યુદ્ધ પછી અટકી જાય છે.

દિલ્હીના બાદશાહ અહમદશાહના રાજ્ય-અમલ દરમ્યાન એણે લખવાનું શરૂ કર્યું, તેથી એ ગ્રંથનું નામ 'મિરાતે અહમદી' રખાયું. લેખકે એ લખવામાં ૧૪ વર્ષોનો સમય (ઈ.સ. ૧૭૪૮ થી ઈ.સ. ૧૭૬૧) લીધો અને એ લખવામાં એણે એક હિંદુ કાયસ્થ નામે મીઠાલાલ કે જે ગુજરાતના દીવાનની કચેરીનો કર્મચારી હતો તેની મદદ લીધી હોવાનું એ નોંધે છે. મીઠાલાલ દફ્તરખાનાનો વંશપરંપરાગત સબનવીસ હતો અને સરકારી દફ્તરોથી સંપૂર્ણપણે વાકેફ હતો.

લેખકે પોતાનો એ ઇતિહાસ કોઈ પણ જાતના પૂર્વગ્રહ કે તરફદારી સિવાય લખ્યો છે. એમાં કેટલાક મુસ્લિમ સૂબેદારોને પણ એમની જુલ્મી વર્તણૂક માટે વખોડી કાઢ્યા છે.

એ મૂળ ઈરાની ખાનદાનનો હતો છતાં એણે ગુજરાતને પોતાનું વતન માન્યું હતું. એનાં લખાણોમાં એનો ગુજરાત પ્રત્યેનો પ્રેમ અને ગુજરાતીઓ પ્રત્યેની સહાનુભૂતિ વ્યક્ત થાય છે.

એના ઇતિહાસમાં બાદશાહ અકબરથી લઈને મુહમ્મદશાહ બીજાના સમય સુધી લખાયેલાં અને ગુજરાતના સૂબેદારો કે દીવાનોને મોકલાયેલાં આશરે દોઢ ડઝન ફરમાનોનો સમાવેશ થાય છે. એ દૃષ્ટિએ ઇતિહાસના પુસ્તક તરીકે આ મિરાતનું વિશિષ્ટ સ્થાન છે. પરંતુ મિરાતની ખાસ વિશેષતા મિરાત સાથે એણે જોડેલી ખાતીમાને કારણે છે. એમાં ગુજરાત વિશે ઘણી કિંમતી માહિતી આપવામાં આવેલી છે.

સૈયદ સિકંદર : 'મિરાતે સિકંદરી'નો લેખક સિકંદર ઇબ્ન મુહમ્મદ ઉર્ફે મંઝૂ ઇબ્ન અકબર હતો.[૫૧] જહાંગીર તથા ઇતમાદ-ઉદ્-દૌલા એને 'શેખ સિકંદર' નામથી ઓળખે છે. શેખ સિકંદરના પિતા બાદશાહ હુમાયૂંના હજૂરી અને ગ્રંથપાલ તરીકે ગુજરાતમાં આવ્યા હતા. સૈયદ મુબારક બુખારીના આધ્યાત્મિક શિષ્ય અને વિશ્વાસુ સાથીદાર તરીકે એનો નામોલ્લેખ થાય છે. સૈયદ મુબારકના મૃત્યુ પછી એના પુત્ર સૈયદ મિરાતની સેવામાં જોડાયા. જ્યારે બાદશાહ અકબર પ્રથમ વાર ગુજરાતમાં આવ્યો ત્યારે એ સૈયદ મિરાતના પુત્ર સૈયદ હમીદની નોકરી કરતો હતો.

ઈ.સ. ૧૬૧૦ માં એ શાહી નોકરીમાં જોડાયો હતો.

સિકંદરે ઘણા વિશ્વાસુ ગુજરાતીઓ પાસેથી વાર્તાઓ અને દંતકથારૂપે માહિતી એકત્ર કરી હતી. 'મિરાતે સિકંદરી' આ માહિતી પર આધારિત પુસ્તક છે. એ ઈ.સ. ૧૬૧૩ માં, લેખકની ૫૮ વર્ષની ઉંમરે. લખાઈ પૂરું થયું. જહાંગીરે પોતે એની વિશ્વસનીયતા નોંધી છે.

શેખ સિકંદરે, તસવ્વુફ ઉપર 'નૂકાત-ઉલ-આરેફીન' નામનું પુસ્તક પણ લખ્યું છે, જેની એક જ પ્રત પ્રાપ્ય છે. લેખકે આ પુસ્તકની એક નકલ જહાંગીરના વજીર ઇતિમાદ-ઉદ્-દૌલાને અર્પણ કરી હતી. જ્યારે જહાંગીર અમદાવાદ આવ્યો ત્યારે શેખ સિકંદરની હવેલીનાં અંજીરની ખ્યાતિથી આકર્ષાઈ એણે એનાં બાગ તથા હવેલીની મુલાકાત લીધી હતી.[૫૨]

બાદશાહ શાહજહાંના સમયમાં થઈ ગયેલ અબ્દુલ લતીફ ગુજરાતી લશ્કરખાનીએ પણ ફારસી સાહિત્યમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. એણે મૌલાના રૂમની મસનવી ઉપર એક તફસીર લખી છે. એની પ્રસ્તાવના ઘણી આલંકારિક શૈલીમાં લખવામાં આવી છે. એમાં એણે ઉપમા તથા રૂપકોનો છૂટથી ઉપયોગ કર્યો છે.

સૈયદ મહમદ મકબૂલ આલમ: એમનો જન્મ ઈ.સ. ૧૫૮૧ માં થયો હતો. એમની બે કૃતિ ઘણી જાણીતી છે : (૧) જમઆતે શાહિયા—એ સાત

વિભાગનું પુસ્તક છે. એમાં દૈવી રહસ્યો સંબંધમાં લખવામાં આવ્યું છે. (૨) લતાયફે શાહિયા–એમાં દિવસે તથા રાત્રે ખુદાની દુઆ કેવી રીતે ગુજારવી એ સંબંધી લેખો અને હ. શાહઆલમની ઇબાદત માટેનાં સૂત્રોનો ઉલ્લેખ છે.[૫૩]

સૈયદ જાફર બદ્રે આલમ : એમના પિતાનું નામ સૈયદ જલાલ હતું. 'બદ્રે આલમ' એમનો ઇલ્કાબ હતો. તેઓ અમદાવાદના વતની હતા. હદીસ અને તફસીરના તેઓ ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. એમની કૃતિઓમાં 'રૌઝાતે શાહીયા' ઘણી જાણીતી છે. એ ૨૪ ભાગમાં લખાયેલી છે. એના ૨૦ ભાગમાં મહાત્માઓનાં જીવનવૃત્તાંત છે, બાકીના ૪ ભાગમાં તફસીર હદીસ વગેરે બાબતો લખલી છે. એમ કહેવાય છે કે તેઓ માત્ર ૧૮ પહોર(૫૪ કલાક)માં આખું 'કુરાન શરીફ' લખી શકતા. એમના લખાણનો નમૂનો હ. પીર મુહમ્મદશાહની દરગાહના કિતાબખાનામાં મોજૂદ છે. 'મિરાતે અહમદી'નો લેખક એ પુસ્તકની ઘણી મદદ લે છે. એમની બીજી કિતાબ 'મામાલે શાહિયા' ઈ.સ. ૧૭૫૧ માં લખાયેલી છે. એની એક હસ્તપ્રત ભરૂચના કાઝી સાહેબના કિતાબખાનામાં મોજૂદ છે.

એમની એક બીજી કૃતિ 'સદ હિકાયતે શાહી' માં હ. કુત્બેઆલમ તથા હ. શાહઆલમની કરામતોનો અહેવાલ છે.

સૈયદ મહમદ અબુલ મજદ મહબૂબે આલમ : તેઓ ઉપર્યુક્ત સૈયદ જાફર બદ્રે આલમનના પુત્ર હતા. 'અબુલ મજદ' એમની કુનિયત અને 'મહબૂબે આલમ' એમનો ઇલ્કાબ હતો. તેઓ શાહજહાંના સમયમાં થયા. તેઓ પણ પિતાની માફક એક મહાન સંત હતા. તેઓ પોતાનો બધો સમય ખુદાની ઇબાદતમાં ગાળતા. એમણે 'અહલે બયત'[૫૪]ની રિવાયતોના આધારે ફારસી જબાનમાં 'કુરાન શરીફ'ની તફસીર લખી છે. ઉપરાંત 'ઝીનત ઉલ્ કાત' અને 'મિશકાત ઉલ્ મસાનુબીહ' નામના ગ્રંથો ઉપર પણ ટીકા લખી છે. એ ઉપરાંત 'મશારેક ઉલ્ અનવાર' નામના અરબી ગ્રંથનો ફારસીમાં તરજુમો પણ કર્યો છે. તેઓ હિ.સં. ૧૧૧૨(ઈ.સ. ૧૭૦૧)માં અવસાન પામ્યા.

મૌલાના શેખ મુહમ્મદ નૂરુદ્દીન : એમનો જન્મ ઈ.સ. ૧૬૫૦માં અમદાવાદમાં થયો હતો. એમના પિતાનું નામ શેખ મુહમ્મદ સાલેહ હતું. એમની સમજશક્તિ બચપણથી જ ખૂબ તીવ્ર હતી. એ પોતાના સમયના અમદાવાદના સર્વશ્રેષ્ઠ વિદ્વાન હતા આથી શેખૂલ ઇસ્લામ મુહમ્મદ ઇક્રામુદ્દીને એક લાખ ચાળીસ હજાર રૂપિયાના ખર્ચે એક મદ્રેસા, છાત્રાલય અને મસ્જિદ તૈયાર કરાવી એમને સોંપ્યાં હતાં. એનાં ખંડેર આજ પણ આસ્તોડિયામાં મોજૂદ

છે.[૫૫] એમણે રચેલા ગ્રંથોની સંખ્યા ૧૭૦ની ગણાય છે. એમાં મોટા ભાગની અરબી કિતાબો છે. સૂફીવાદ ઉપર એમણે ઘણા ગ્રંથ લખ્યા છે. એમની કુરાન શરીફ ઉપરની તફસીર સૌથી વધુ મશહૂર છે. એ આખી નથી. એ સાઠ હજાર બેતની ટીકા હોય એમ મનાય છે.[૫૬] તેઓ ઈ.સ. ૧૭૪૨માં મૃત્યુ પામ્યા. એમની કબર આજ પણ અમદાવાદના આસ્તોડિયા મહોલ્લામાં મસ્જિદ અને મદ્રેસાની નજીક મોજૂદ છે.

કાઝી મુહમ્મદ નિઝામુદ્દીન ખાન : એમના પિતાનું નામ શેખ નૂરુદ્દીન હતું. બચપણથી જ તેઓ વિદ્યાવ્યાસંગી હતા અને કુરાન કંઠસ્થ કરનાર હાફિજ[૫૭] પણ હતા. તેઓ શાયર પણ હતા. ઈ.સ. ૧૭૩૮ માં દિલ્હીના બાદશાહે અમદાવાદના શહેર-કાઝી તરીકે એમની નિમણૂક કરી. એમના રચેલા ગ્રંથોમાં 'રિસાલએ ફઝીલતે ઇલ્મ,' 'મીઝાનુસ સાઅત', 'રિસાલાએ કહવા' અને 'તફસીલ ઉલ્ ફસૂલ' મુખ્ય છે. 'તફસીલ ઉલ્ ફસૂલ'માં ઋતુઓનું વર્ણન છે. 'રિસાલએ કહવા'માં કાવો પીવાના ફાયદા–ગેરફાયદા વિશેનો ફેંસલો એક કાજી તરીકે એમણે આપેલ છે. 'મીઝાનુસ સાઅત'માં કલાક ઘડી અને પળનો હિસાબ કરી નમાઝનો સમય બતાવવામાં આવેલ છે. ઈ.સ. ૧૭૫૧ માં એમનું અવસાન થયું.

કાઝી નિઝામુદ્દીન ફાયક : દિલ્હીના બાદશાહે ઈ.સ. ૧૭૩૮ માં એમની નિમણૂક અમદાવાદના કાઝી તરીકે કરી હતી. તેઓ ઉપર્યુક્ત કાઝી નિઝામુદ્દીનથી ભિન્ન હતા કે અભિન્ન એ એક પ્રશ્ન છે. કાઝી તરીકેની તેમની નિમણૂકનું વર્ષ અને એમના મૃત્યુની સાલ બંને એક જ આપવામાં આવી છે, ઉપરાંત બન્નેના પિતાનું નામ પણ એક જ છે. આથી એ બંને એક જ વ્યક્તિ હોવાનું જણાય છે, એમ છતાં એમની કૃતિઓ જુદા જ સ્વરૂપની અને અલગ બતાવવામાં આવી છે. કાઝી ફાયકે 'મિરાત–ઉલ્–હુસ્ન' (સૌંદર્યની આરસી) નામનું કાવ્ય લખ્યું છે. એમાં માથાથી પગ સુધી એક માશૂકનાં અવયવોનું વર્ણન છે. એમની બીજી કૃતિ 'તારીખે રેહલતે મૌલાના નૂરુદ્દીન' છે. એમાં તેઓએ પોતાના પિતાના મૃત્યુ સંબંધી લખ્યું છે.

મેહરી : બાદશાહ-બાનૂ નૂરજહાંએ એને પાળીપોષીને મોટી કરી હતી. એ એક કવયિત્રી હતી. એણે પણ નખશિખ વર્ણન સ્વરૂપની એક મસનવી લખી છે. એ મસનવીનું નામ 'સરાપા એ મેહરી' છે.

મૌલાના અહમદ બિન સુલેમાન : જ્ઞાનની લગભગ બધી જ શાખાઓમાં એ પારંગત હતા. એમણે 'ફૈયુઝ ઉલ્ કુદ્દસ' નામનો એક ધાર્મિક ગ્રંથ

લખ્યો છે. એ દૈવી પ્રેરણા અને સહાયથી લખાયો હોય એમ મનાય છે. એમનું મૃત્યુ ઈ.સ. ૧૬૯૧ માં થયું.

શાહ ખૂબમિયાં ચિશ્તી : અમદાવાદમાં તેઓ ' ખૂબમિયાં ' નામથી ઓળખાતા. એમની બે મશહૂર કૃતિઓનાં નામ 'અમ્વાજે ખૂબી' અને ' ખૂબ તરંગ' છે. તેઓએ 'જામે જહાંનુમા' પર સરહ પણ લખી છે. એ બધી કૃતિઓ સૂફીવાદ ઉપર છે. આ ત્રણેની હસ્તપ્રતો હ. પીર મુહમ્મદશાહની દરગાહના કિતાબખાનામાં મોજૂદ છે. એમણે એ ઉપરાંત ' અકીદતે સુફિયા ' ' ખુલાસયે મવજૂદાત' અને 'રિસાલયે સુલહેકુલ' પણ લખ્યાં છે. ઈ.સ. ૧૬૧૪ માં એમનું અવસાન થયું. એમની કબર અમદાવાદમાં કારિંજની સામે ફરહતુલમુલ્કની મસ્જિદ નજીક છે, ત્યાં દર વર્ષે ઉર્સ ઊજવાય છે. એ મસ્જિદ અત્યારે 'શાહ-ખૂબની મસ્જિદ'ના નામથી ઓળખાય છે.

હ. પીર મુહમ્મદશાહ : તેઓ પોતાની ભરજુવાનીમાં અમદાવાદમાં આવ્યા, રહ્યા અને ત્યાં જ અવસાન પામ્યા. એમની ' નૂરુશ શુયુખ' નામની કિતાબ ઘણી મશહૂર છે. એમાં મુર્શિદો અને મુરીદોના સિલસિલા નઝમમાં લખ્યા છે; જેવા કે ' મિલાતે શરફ' 'મિલાતે સનદ' ' પીરનામા' વગેરે. ' નૂરુશ શુયુખ' આ બધાનો સંગ્રહ છે. આ ગ્રંથ ઈ.સ. ૧૭૨૭ માં પૂરો થયો. એમનું એક ફારસી દીવાન છે. એમાં ઇલહામ મુઅમ્મા અને ગઝલો પણ છે. એમનું એક ઉર્દૂ દીવાન પણ છે. આમાં મોટા ભાગે મરસિયા અને ગઝલ છે. ઉપરાંત 'ઇશ્કુલ્લાહ' નામની કિતાબ પણ એમણે દક્ષિણી ઉર્દૂમાં લખી છે. આ તમામ કિતાબો તસવ્વુફ અને નસીહતોથી ભરેલી છે.

ઈ.સ. ૧૭૪૯ માં એમનું અવસાન થયું. એમને સલાહુદ્દીનની હવેલી પાસે દફનાવવામાં આવ્યા છે. ત્યાં એમના મુરીદોએ એક આલિશાન ઘૂમટવાળો મકબરો બનાવરાવ્યો છે. અને એક મસ્જિદ તથા બગીચો તૈયાર કરાવી એની સાથે સામેલ કર્યાં છે. એમાં એક કિતાબખાનું પણ છે, જેમાં ઘણી હસ્તલિખિત કિતાબોનો સંગ્રહ છે.

મીર રૂહુલ્લા ભરૂચી : બાદશાહ અકબરના ફરમાનથી એમણે વૈદ્યકનો એક ગ્રંથ નામે 'ફવાયેદ ઉલ્ ઇન્સાન' પદ્યમાં લખ્યો છે. બાદશાહ જહાંગીરની બેગમને મંદવાડમાંથી સાજી કરવાને કારણે તેઓને ભરૂચ જિલ્લાનું એક ગામ ઇનામમાં મળ્યું હતું.

એમના એક નબીરા નામે સૈયદ રૂહુલ્લા સાનીએ ' લઝ્ઝત ઉલ્ હયાત ' નામનો યુનાની વૈદ્યકનો ગ્રંથ લખ્યો છે.

મુહમ્મદ લતીફ વલદે મુહમ્મદ અલી ભરૂચી : ભરૂચના વતની હતા. એમણે 'મિરાત ઉલ્ હિન્દ' નામે ગ્રંથ લખ્યો છે. એમાં ગુજરાતના પ્રદેશો પરગણાં ઊપજ વહીવટ વગેરેની માહિતી આપવામાં આવી છે. ગુજરાતના વહાણ-વટા અંગેની હકીકત પણ એમાં છે. ઉપરાંત ભરૂચનો કિલ્લો તથા નર્મદા નદીની તારીફ પદ્યમાં કરી છે. એ પુસ્તક શાહજહાંના સમયમાં લખાયું હતું.

નાસિરુદ્દીન મુહમ્મદ : એણે 'દાસ્તાને બહેરામ ગોર' નામની કિતાબ લખી છે. એની એક નકલ કામા ઇન્સ્ટિટ્યૂટના ગ્રંથાલયમાં છે.

કમાલ સફી હુસેન ફીરોઝી ભરૂચી : એણે હિ.સં. ૧૦૮૯ (ઈ.સ. ૧૬૭૮)માં 'મઝહર ઉલ્ હક ફી બયાને ઇબાદત ઉસ્ સમા' નામનો ધાર્મિક ગ્રંથ લખ્યો છે. એની એક નકલ મુંબઈના જામે મસ્જિદ કિતાબખાનામાં છે.

હ શાહ વજીહુદ્દીન અલવી[૫૮] : તેઓ અરબી-ફારસીના જાણીતા વિદ્વાન અને સંત પુરુષ હતા. એમણે 'શરહે રિસાલયે કોસજી' નામનું ખગોળ-વિદ્યાનું એક પુસ્તક, 'શરહે જામે જહાંનુમા' તથા 'દીવાને વજીહ' વગેરે લખ્યાં છે.

તેઓનું 'બયઝાવી શરેહ' નામે પુસ્તક અરબીમાં છે.

ઉપરાંત 'હકીકતે મોહમદી' નામની એમની કૃતિ પણ જાણીતી છે.[૫૯]

સૈયદ અબ્દુલ મલેક બિન સૈયદ મુહમ્મદ : એમણે હ. શાહ વજીહુદ્દીન અલવી ગુજરાતીનો વૃત્તાંત આલેખ્યો છે. એ કિતાબનું નામ 'મલફૂઝે કબારી' છે.

શેખ મુહમ્મદ સાલેહ ઉર્ફે પીરબાબા : તેઓ અમદાવાદના વતની હતા. એમનું તખલ્લુસ 'ઇરફાન' હતું. એમણે 'નૂર ઉલ્ ઇરફાન' નામનું પુસ્તક લખ્યું છે. એમાં અમદાવાદની એક પ્રખ્યાત 'મદ્રેસા હિદાયતબક્ષ'ની તારીફ કરેલી છે. એમનું બીજું પુસ્તક 'તોહફત ઉલ્ ઇરફાન' છે. એમાં ઘોડાઓની હિફાજત કેમ કરવી એ માટે ૪૦ હદીસ આપી છે. અલબત્ત, એ અસલ અરબી ગ્રંથનો ફારસી તરજુમો છે.

સૈયદ હસન ઉર્ફે શેખ હસનજી સુરતી : એમણે હ. પેગંબર સાહેબની તારીફમાં એક દીવાન લખ્યું છે. એનું નામ 'દીવાન દર મદહે સરવરે કાયનાત (સ. અ)' હતું. એ ઉપરાંત એમની સ્તુતિમાં 'કસાયદે બે નુકતા દર મદહે જનાબ રસૂલ અલ્લાહ(સ. અ)' લખ્યું છે. એમાંનાં બધાં સ્તુતિ-કાવ્યોમાં નુકતા વગરના અક્ષરોથી બનેલા શબ્દ જ વાપર્યા છે. એ ઉપરાંત તેઓએ 'ખમસા મનઝૂમ' અને 'હિસાબગે હઝાર બેત મનઝૂમ' પણ લખ્યાં છે.

શેખ હામિદ બિન શેખ અબ્દુલ મજીદ બિન શેખ અહમદ : તેઓ અમદાવાદમાં જન્મ્યા હતા. શરૂઆતમાં તેઓ અમદાવાદમાં રહેલા, પરંતુ ઈ.સ. ૧૬૪૦ માં તેઓ સુરત રહેવા ગયા અને ત્યાંના ખ્યાતનામ વેપારી બન્યા. તેઓ વિદ્યાપ્રેમી હતા. એમનો એક ગ્રંથ 'રિસાલએ હામિદિયા' સુરતના બખ્શુમિયાના કિતાબખાનામાં મોજૂદ છે. તેઓ ઈ.સ. ૧૭૦૧ માં સુરતમાં મૃત્યુ પામ્યા, અને એમના શબને ત્યાં જ દફનાવવામાં આવ્યું હતું.[૬૦]

શેખ મુહમ્મદ ફાઝેલ : તેઓ હામિદ ઉમ્દતુલ્તિજ્જારના પુત્ર હતા. એમનો જન્મ સુરતમાં થયો હતો. ઔરંગઝેબના ફરમાનથી એમને એમના પિતાનો વારસો અને ઇલ્કાબ બંને મળ્યાં. તેઓ દર વર્ષે જકાત(કમાણી)ની સેંકડે રા ટકા રકમની ખેરાત તરીકે રૂ. ૬૦,૦૦૦ વાપરતા. એમણે ૪,૦૦૦ કિતાબોનો સંગ્રહ કરી એક કિતાબખાનું વસાવ્યું હતું. એમના એજન્ટો દરેક શહેરમાં ફરી નામી કિતાબોની નકલો કરાવી એમને મોકલતા.

તેઓએ પોતે પણ કેટલીક કિતાબો લખી છે, જેમાં 'નસીહતુસ સિગાર' અને 'હિદાયતુલ્ મિસ્કીન' ફારસીમાં લખેલી છે. બાકીની અરબીમાં લખી છે. અરબી કિતાબોમાં 'મોબ્ઝતુલ્ ફ્રઝાઇલ્', 'શરહે શમાઇલ', 'હાશિયાએ દુરર', 'હિઝબુલ્ મહરૂબ', વગેરે જાણીતી છે. તેઓ કવિ પણ હતા. અરબી ફારસી ઉર્દૂ અને ગુજરાતીમાં પણ એમની શેરો મોજૂદ છે.

શેખ ફયઝ મુહમ્મદ : તેઓ અમદાવાદના વતની હતા. એમના સમય દરમ્યાન અકબર પાદશાહે, શાહ અબુ તુરાબ શીરાઝીને હાજીઓના મીર હાજી બનાવી મક્કા શરીફ મોકલ્યા હતા. પાછા ફરતા મીર સાહેબ હ. મુહમ્મદ(સલ.)-ના કદમનું નિશાન સાથે લાવ્યા હતા. શેખ મુહમ્મદે એના ઉપર એક રિસાલા લખ્યો છે. એમાં એમણે શરીફ કદમ અને એની બરકતો ઉપર સંપૂર્ણ અહેવાલ લખ્યો છે. એ રિસાલાનું નામ 'રિસાલઆ કદમિયા' છે. એ કિતાબ આજે અપ્રાપ્ય છે.

વલી ગુજરાતી : મુઘલ દરબાર તથા એના સૂબાઓની રાજભાષા ફારસી હોઈ મુઘલ બાદશાહોના સમય દરમ્યાન ઉર્દૂ ભાષાના ઉદ્ભવ અને વિકાસની તકો મર્યાદિત હતી. એમ છતાં મુઘલ રાજ્યશાસનનાં અંતિમ વર્ષોમાં ઉર્દૂ દિલ્હી દરબાર સુધી પહોંચી ગઈ હતી. ઔરંગઝેબનો સમય એ બાબતમાં નોંધપાત્ર ગણી શકાય. જોકે એ સમય દરમ્યાન ઉર્દૂ રેખ્તાની સ્થિતિમાં જ હતી, એમ છતાં એનું સ્વરૂપ સ્પષ્ટ થતું જતું હતું. આ સમયના કેટલાક ફારસી કવિઓએ શુદ્ધ રેખ્તામાં કાવ્ય લખ્યાં છે. એ ઉપરાંત અર્ધ ફારસી–અર્ધ રેખ્તા લખવાનું ચલણ પણ હતું.[૬૧]

મુઘલ સમય દરમ્યાન ઉર્દૂ સાહિત્યનું ખેડાણ નહિવત્ થયું છે, એમ છતાં એકે હજારાં જેવા વલી ગુજરાતીએ ઉર્દૂ સાહિત્યમાં આપેલો ફાળો ગુજરાતે ગૌરવ લેવા જેવો છે.

વલી ગુજરાતીને ઉર્દૂ સાહિત્યનો ચોસર કહી શકાય. આધુનિક ઉર્દૂ સાહિત્યની બુનિયાદ એણે નાખી. ઉર્દૂ સાહિત્યના ઘણા વિવેચકો એમ માને છે કે ઉર્દૂ સાહિત્યનું સૌ પ્રથમ દીવાન એમણે લખ્યું હતું, પરંતુ શ્રી રામબાબૂ સકસેનાના મત પ્રમાણે કુતુબશાહી ઉર્દૂ કવિઓએ એમના પહેલાં ઉર્દૂ દીવાન લખ્યાં છે, એમ છતાં શ્રી સક્સેના તેઓને ઉર્દૂ સાહિત્યના ચોસર ગણાવે છે. વલીના સમકાલીનોએ તથા એમના અનુગામી કવિઓએ એમને પોતાના ઉસ્તાદ માન્યા છે.

વિલિયમ હાર્ટ, ગારસન ડી ટાસી અને અમીર હસનના મત પ્રમાણે વલીનો જન્મ અમદાવાદમાં થયો હતો.[૬૨]

ઉર્દૂના ઘણા વિવેચકો અને ઇતિહાસકારો એમનો સંબંધ અમદાવાદના શાહ વજીહુદ્દીન અલવીના ખાનદાન સાથે જોડે છે.

વલીએ શાહ અલવીની મદ્રેસામાં શિક્ષણ મેળવ્યા પછી શાયરી શરૂ કરી. એમણે ગઝલ કસીદા મસનવી મુસ્તઝાદ રૂબાઇયાત તરજીહબંદ વગેરે તમામ પ્રકારનાં કાવ્યરૂપોમાં કવિતા લખી છે. એમણે શાહ વજીહુદ્દીનની પ્રશંસામાં કેટલીક કસીદાઓ અને તરજીહબંદ તથા સુરત શહેરની પ્રશંસામાં એક મસનવી કાવ્ય લખ્યું છે.

વલીએ દિલ્હીની બે સફર કરેલી. બીજી સફર વખતે તેઓ પોતાનું 'રેખ્તા દીવાન' સાથે લઈ ગયા તેની ખૂબ પ્રશંસા થઈ, તે એટલે સુધી કે અમીર ઉમરાવોની મહેફિલો અને જલસાઓમાં તથા શહેરની ગલી–ગલીમા એમનાં કાવ્ય લોકજીભે રમવા લાગ્યાં.

એમનાં કાવ્યોમાં કરબલાના શહીદોની શાનમાં લખાયેલ 'દેહ મજલિસ' એક મસનવી મુખ્ય છે.

વલીએ દીવાન ઉપરાંત તસવ્વુફ ઉપર પણ 'નૂર ઉલ્ મઆરિફત' નામે એક રિસાલા લખ્યો હતો, પરંતુ હાલ એ ઉપલબ્ધ નથી.

વલીએ કદી કોઈ અમીર કે પાદશાહની પ્રશંસામાં કાવ્ય લખ્યાં નથી. એમણે ફારસીમાં પણ કાવ્ય લખ્યાં છે. એમની ભાષા સાદી, સરળ છતાં મીઠાશ અને સંગીતમયતાનાં જવ્હરથી ભરેલી છે.

આ રીતે, ગુજરાતમાં અરબી ફારસી અને ઉર્દૂમાં ઘણું સાહિત્ય, ગુજરાતી હિંદુ મુસ્લિમ અને પારસી વિદ્વાનો દ્વારા સર્જાયું છે. ફારસીમાં ગદ્યપદ્યનાં લગભગ બધાં જ સ્વરૂપોનું ખેડાણ તેઓ દ્વારા થયું છે. અરબી ગ્રંથો મોટે ભાગે તો મુસ્લિમ સંતમહાત્મા દ્વારા લખાયેલ છે અને એમનું વિષયવસ્તુ સાધારણતઃ ધાર્મિક કે સૂફીવાદનું રહ્યું છે. ઉર્દૂના વિકાસ માટે મુઘલ સમયમાં પૂરતો અવકાશ ન હતો એમ છતાં વલી ગુજરાતી જેવા મહાનુભાવે ઉર્દૂ સાહિત્યનું ખેડાણ કર્યું છે.

પાદટીપો

૧. કે. કા. શાસ્ત્રી, 'ગુજરાતી ભાષાનો વિકાસ અને અર્વાચીન ગુજરાતી ભાષાસ્વરૂપ', પૃ. ૧૦૫-૧૦૮
૨. ગુજરાતી હસ્તપ્રત ૩૨૮ (ગુજરાત વિદ્યાસભા સંગ્રહ); પ્રેમાનંદ વિશે મળેલી માહિતીને આધારે.
૩. हेमविजय, 'विजयप्रशस्ति-काव्य', सर्ग २१, श्लो. ५०-५२
૪. જુઓ 'वसन्तराजशाकुनटीका', મંગલાચરણ.
૫. શત્રુંજય પર આદિનાથ મંદિરનો હેમવિજયગણિએ વિ.સં. ૧૬૫૦માં રચેલો પ્રશસ્તિ-લેખ–
प्राचीन जैन लेख संग्रह, लेख १२, श्लो. १७-१८
૬. Badauni, *Muntkhab-ut-Tawarikh* (Eng. tran.) by G. S. A. Ranking, p. 321
૭. 'कालिकाचार्यकथासंग्रह', पृ. २१०, श्लो. ३५-३७
૮. એમની સાહિત્યસેવા સંબંધે વિસ્તારથી જાણવા માટે જુઓ મો. દ. દેસાઈ, 'કવિવર સમયસુંદર'—"જૈનસાહિત્ય સંશોધક', ખંડ ૨, અંક ૩-૪ તથા 'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પૃ. ૧૯૮.
૯. જુઓ મો. દ. દેસાઈ, "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (જૈ. સા. સં. ઇ.)," પૃ. ૫૫૩, ટિપ્પણી નં ૪૯૪.
૧૦. જુઓ अं. प्रे. शाह, 'जैन साहित्यका बृहद् इतिहास', भा. ५, पृ. २५.
૧૧. જુઓ 'फलवर्धिपार्श्वनाथमाहात्म्य महाकाव्य', પ્રસ્તાવના
૧૨ 'भानुचन्द्रचरित', सर्ग ४, श्लो. २०९
૧૩. મો. દ. દેસાઈ, જૈ. સા. સં. ઇ, પૃ. ૫૫૫, ટિ.
૧૪. 'पट्टावलीसमुच्चय', भा. १, पृ. ८९
૧૫. જુઓ 'विज्ञप्ति-लेखसंग्रह', पृ. १५७-१५८.

૧૬. एजन, पृ. १३७–१५०

૧૭. एजन, पृ. ८९–९७; જુઓ 'काव्यमाला', गुच्छ १४.

૧૮. 'विज्ञप्तित्रिवेणी' ની પ્રસ્તાવનામાં આનો પરિચય આપેલો છે.

૧૯. 'विज्ञप्ति-लेखसंग्रह', पृ. १३७–१५०

૨૦. હી. ર. કાપડિયા, 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ', ભા. ૨, પૃ. ૨૯૨

૨૧. 'विज्ञप्तिलेखसंग्रह', पृ. १२६–१२८

૨૨. एजन, पृ. १७७–१७८

૨૩. एजन, पृ. २०५–२०८

૨૪. एजन, पृ. २०९–२१३

૨૫. एजन, पृ. १०७–११३

૨૬. एजन, पृ. २०२–२०४

૨૭. एजन, पृ. १७२–१७६

૨૮. एजन, पृ. १८५–१८९

૨૯. एजन, पृ. १९५–१९८

૩૦. एजन, पृ. १५९–१६१

૩૧. एजन, पृ. १७९–१८४

૩૨. આ હિતરુચિએ સં. ૧૭૦૨માં 'નલચરિત્ર' રચ્યું છે.

૩૩. મો. દ. દેસાઈ, 'જૈ. સા. સં. ઈ.', પૃ. ૬૩૧

૩૪. વિશેષ વિવેચન માટે જુઓ અં. પ્રે. શાહ, 'दिग्विजयमहाकाव्य'ની પ્રસ્તાવના અને अगरचंद नाहटा, 'महाकवि मेघविजय और उनके ग्रंथ', ''नागरी प्रचारिणी पत्रिका'', वर्ष ५५, अंक ४.

૩૫. 'विज्ञप्ति-लेखसंग्रह', पृ. १९९–२०१

૩૬. एजन, पृ. १२९–१३६

૩૭. एजन, पृ. ११४–११९

૩૮. एजन, पृ. १५१–१५४

૩૯. एजन, पृ. १६६–१७१

૪૦. एजन, पृ. १९०–१९४

૪૧. अं. प्रे. शाह, 'जैन साहित्य का बृहद् इतिहास', भा. ५, पृ. १७७

૪૨. જુઓ 'विज्ञप्ति-लेखसंग्रह', पृ. २१४–२१६.

૪૩. આધારો માટે જુઓ આ પ્રકરણની સંદર્ભસૂચિ.

૪૪. M. S. Commissariat, *A History of Gujarat*, Vol. II, p. 562

૪૫. છોટુભાઈ ર. નાયક, 'ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ', પૃ. ૩૪

૪૬. ડૉ. છોટુભાઈ ર. નાયક એના પિતાનું નામ માધવદાસ આપે છે (ઉપર્યુક્ત, પૃ. ૩૧).

૪૭. સૈયદ અબ્દુલ્લા, 'अदबियाते फारसी में हिन्दुओंका हिस्सा', अंजूमन तरक्की ए देहली, १९४२, पृ. ५८

૪૮. કૃષ્ણલાલ મો. ઝવેરી, 'ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો', પૃ. ૧૨
૪૯. એજન, પૃ. ૬૯ ૫૦. એજન, પૃ. ૫૭ ૫૦અ. એજન, પૃ. ૫૩
૫૧. M. L. Rahman, *Persian Literature in Inaia during the Time of Jahangir and Shah Jahan*, p. 124 f.
૫૨. M. S. Commissariat, *op.cit.*, p. 64
૫૩. કૃ. મો. ઝવેરી, ઉપર્યુક્ત, પૃ. ૮૮
૫૪. 'અહલે બયત'–હ. મુહમ્મદ(સલ.)ની પુત્રી ફાતિમા, હ. અલી અને એમના પરિવાર માટે વપરાય છે. 'અહલે બયત' એટલે ઘરનાં માણસ.
૫૫. કૃ. મો. ઝવેરી, ઉપર્યુક્ત, પૃ. ૮૯ ૫૬. એજન, પૃ. ૨૯
૫૭. આખું 'કુરાને શરીફ' કંઠસ્થ કરનારને 'હાફિઝ' કહે છે.
૫૮. હ. અલી (રદી) અને હ. ફાતિમા (રદી) સાહેબનાં સંતાનો 'અલવી' કહેવાય. અલવી શબ્દમાં જ મૂળ પુરુષ હ. અલી (રદી) સાહેબના નામનો સંકેત સ્પષ્ટ થાય છે.
૫૯. અન્ય પુસ્તકોની વિગત માટે જુઓ ચંદ્ર પરમાર, 'હ. વજીહુદ્દીન શાહ ગુજરાતી (રહ)', પૃ. ૬૮.
૬૦. કૃ. મો. ઝવેરી, ઉપર્યુક્ત, પૃ. ૭૩
૬૧. નૂરુલ હસન અનસારી, फारसी अदब ब अहदे औरंगज़ेब, पृ. २१
૬૨. પરંતુ શ્રી સક્સેના તેઓ ઔરંગાબાદમાં જન્મ્યા હતા એમ માને છે.

* * *

પુરવણી

ગો. પુરુષોત્તમજી (ઈ.સ. ૧૬૫૮–૧૭૫૪ અંદાજે)

શુદ્ધાદ્વૈત વેદાંત અને પુષ્ટિમાર્ગના દાર્શનિક વિદ્વાન આચાર્ય ગો. પુરુષોત્તમજીનો જન્મ તો ગોકુલ(જિ. મથુરા)માં થયો હતો. પરંતુ એ બહુ નાની વયે વલ્લભ સંપ્રદાયમાં છઠ્ઠી ગાદી તરીકે ગણાતા સુરતના શ્રી બાળકૃષ્ણલાલજી ઠાકોરજીના મંદિરના તિલકાયત શ્રી વ્રજરાયજીની ગોદે દત્તક આવેલા. એમણે ઉચ્ચ કોટિની વિદ્વત્તા પ્રાપ્ત કરી ભારતવર્ષનો અનેક વાર પ્રવાસ કર્યો હતો. સંપ્રદાયમાં એમની વિદ્વત્તાને કારણે અનેક વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થો અને ચર્ચાવિચારણાઓ કરી હોવાથી એમને 'દશદિગંતવિજયી' એવું બિરુદ અપાયું છે. શ્રી વલ્લભાચાર્યજી અને એમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીના ગ્રંથો ઉપર વિશદ ટીકાઓ ઉપરાંત સંખ્યાબંધ મૌલિક વાદ ગ્રંથોની રચનાઓ જાણવામાં આવી છે. એમના દીર્ઘજીવનમાં નવલાખ શ્લોકપૂર ટીકાઓ તેમજ સ્વતંત્ર વાદગ્રંથોની રચનાઓ કર્યાનું પ્રચલિત

છે. એમનું કેટલુંક મહત્ત્વનું સાહિત્ય શિવાજીની સુરતની લૂંટો વખતે બળી ગયાનું કહેવામાં આવે છે. એમના ટીકા ગ્રંથોમાં શ્રી વલ્લભાચાર્ય(વિઠ્ઠલનાથજી)ના ૧. બ્રહ્મસૂત્રાણુભાષ્યનો પ્રકાશ, ૨. તત્ત્વાર્થદીપનિબંધ ઉપરનો આવરણભંગ, ૩. પૂર્વમીમાંસાકારિકા વિવરણ, ૪. પૂર્વમીમાંસાના ભાવાર્થપાદના ભાષ્યનું વિવરણ, ૫. ગાયત્ર્યર્થપ્રકાશકારિકા વિવરણ, ૬. પત્રાવલંબનની ટીકા, ૭ ભાગવત–સુબોધિની ટીકાનો પ્રકાશ, ૮. ન્યાસાદેશ–વિવરણ અને ૯–૨૧. ષોડશ ગ્રંથોમાંના ૧૩ ગ્રંથો ઉપરની ટીકા (બાકીના ત્રણની અલભ્ય); શ્રી વિઠ્ઠલનાથજીનાં ૨૨. વિદ્વન્મંડન ઉપર 'સુવર્ણસૂત્ર' ટીકા, ૨૩. ભક્તિહંસની ટીકા, ૨૪. ભક્તિહેતુનિર્ણયની ટીકા, ૨૫. વલ્લભાષ્ટક ટીકા; ઉપનિષદોની ૨૬ થી ૩૧. કૈવલ્ય–બ્રહ્મ–નૃસિંહતાપની–માંડૂક્ય–છાંદોગ્ય-શ્વેતાશ્વતરની દીપિકાઓ; બ્રહ્મસૂત્રોની ૩૨–અધિકરણમાલા અને ૩૩. સ્વતંત્ર ભાવ પ્રકાશ–વૃત્તિ. સ્વતંત્ર ગ્રંથોમાં ૩૪. ઉત્સવપ્રતાન ૩૫. દ્રાવ્ય શુદ્ધિ, ૩૬ થી ૫૯. અવતારવાદાવલિના અંગ ૨૪ વાદગ્રંથ (આટલા મળ્યા છે. બીજા નષ્ટ થયા છે) અને ૬૦. પ્રસ્થાનરત્નાકર (ઉચ્ચકોટિનો દાર્શનિક ગ્રંથ–અપૂર્ણ). એમના બ્રહ્મસૂત્રાણુભાષ્યના 'પ્રકાશ'ની એ વિશિષ્ટતા છે કે પ્રત્યેક અધિકરણ પૂરું થતાં ત્યાં શ્રી શંકરાચાર્ય વગેરે ભિન્ન ભિન્ન ભાષ્યકારોના તત્તદ્વિષયક મત નોંધી પછી છેલ્લો શ્રી વલ્લભાચાર્યનો મત નોંધ્યો છે.

એમની મોટા ભાગની લેખન પ્રવૃત્તિ સુરતમાં થઈ હતી. એમના જ હસ્તાક્ષરમાં કેટલીક રચનાઓ સચવાઈ રહેલી મળી છે. *

---

* 'શ્રી પુરુષોત્તમજી', "પુષ્ટિ ભક્તિ સુધા" માસિક, વર્ષ ૫ (અંક ૩), પૃ. ૪૫–૫૮; રમેશભાઈ વિ. પરીખ, 'શ્રી પુરુષોત્તમજી', પૃ. ૩૦–૬૭; ન. દે. મહેતા, 'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ', પૃ. ૫૫૭–૫૮

✱

પ્રકરણ ૧૦

લિપિ

સુધલ કાલમાં અગાઉની જેમ હસ્તપ્રતો અભિલેખો ખતપત્રો વગેરેમાં મુખ્યત્વે નાગરી અને અરબી લિપિઓનો વ્યાપક પ્રયોગ ચાલુ રહ્યો, પણ હવે એમની સાથોસાથ ગુજરાતી લિપિ ઉમેરાઈ.

૧. નાગરી લિપિ

પ્રસ્તુત કાલની નાગરીનું સ્વરૂપ પટ્ટ ૧ માં દર્શાવ્યું છે. એમાં પહેલા ઊભા ખાનામાં અર્વાચીન નાગરી મરોડ આપ્યા છે, પછી બીજા ખાનામાં ૧૬ મી સદીના ઉત્તરાર્ધના, ત્રીજા ખાનામાં ૧૭ મી સદીના અને ચોથા ખાનામાં ૧૮ મી સદીના પૂર્વાર્ધના અભિલેખો અને હસ્તપ્રતોમાં પ્રયોજાયેલ મૂળાક્ષરો અને અંક-ચિહ્નો ગોઠવ્યાં છે. વળી પટ્ટ ૩અ મા નાગરી અંતર્ગત સ્વરચિહ્નોના અને સંયુક્ત વ્યંજનોના મરોડના નમૂના પણ અલગ આપ્યા છે.

સ્વરોમાં अ નો બાળબોધ મરોડ નહિ, પણ અગાઉનો દેવનાગરી મરોડ પ્રયોજાય છે. ॠ નો પ્રયોગ મળ્યો નથી તેથી એનું સ્વરૂપ જાણવામાં આવ્યું નથી. ञ નો કેવળ પ્રાદેશિક મરોડ પ્રયોજાયો છે. બાકીના મૂળાક્ષરો પૈકી ॠ, ओ, औ અને भ સિવાયના બધા એમના અર્વાચીન સ્વરૂપને પામેલા જોવા મળે છે. આ મૂળાક્ષરોની બાબતમાં કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ જોવા મળે છે :

अ અને आ નું સ્વરૂપ પ્રાચીન વિકસિત દેવનાગરી સ્વરૂપ છે, જેમાં કોઈ કોઈ વાર પ્રાચીન મરોડ (જેમકે ત્રીજા ખાનાનો મરોડ) પણ દેખા દે છે. इ ના પૂર્ણ વિકસિત મરોડની સામે એનો પ્રાચીન મરોડ (જેમકે બીજા ખાનાનો પહેલો મરોડ, છેલ્લા ખાનાનો બીજો મરોડ) પણ સુગમતાને લઈને પ્રયોજાવો ચાલુ રહ્યો છે. આ પ્રાચીન મરોડ જૈન લખાણોમાં સાર્વત્રિક અને જૈનેતર લખાણોમાં ક્વચિત્ પ્રયોજાયો છે. ई નો મરોડ વિકસિત સ્વરૂપે પ્રયોજાય છે; જોકે બીજા ખાનાનો બીજો મરોડ વિલક્ષણ છે. એમાં इ ના ચિહ્ન સાથે અંતર્ગત ई નું (દીર્ઘતાસૂચક) ચિહ્ન પ્રયોજ્યું છે. ऊ નો બીજા ખાનાનો બીજો મરોડ પણ વિલક્ષણ છે. એમાં સ્વરના ગુજરાતી મરોડમાં જમણી બાજુએ

લંબાવાતા છેડામાં નીચેના ભાગમાં દીર્ઘતાસૂચક ચિહ્‌ન પ્રયોજાયું છે. આ બંને વિલક્ષણ મરોડ સોજિત્રાના વિ.સં. ૧૬૮૩ (ઈ.સ. ૧૬૨૭)ના અભિલેખમાં પ્રયોજાયા છે. આ લેખની ભાષા ગુજરાતી અને લિપિ નાગરી છે.[1] ऋ નો સલ્તનત કાલમાં વિકસેલો મરોડ સર્વત્ર પ્રયોજાતો નજરે પડે છે. ओ અને औનાં પ્રાચીન સ્વતંત્ર ચિહ્ન પ્રસ્તુત કાલના અંત સુધી પ્રયોજાતાં હોવાનું જણાય છે.

વ્યંજનોમાં क નો પ્રાચીન મરોડ ૧૬ મી સદી સુધી વિશેષ પ્રચલિત રહ્યો (જેમકે બીજા ખાનાનો પહેલો મરોડ), પણ ધીમે ધીમે એના પૂર્ણ વિકસિત મરોડનો પ્રયોગ જૈનેતર તેમજ જૈન લખાણોમાં વ્યાપક બનતો ગયો અને પ્રાચીન મરોડ ધીમે ધીમે લુપ્ત થઈ ગયો. એવી રીતે ज માં બનેલું જોવા મળે છે. ગુજરાતી ભાષાનાં પણ નાગરી લિપિમાં લખાયેલાં કેટલાંક લખાણોમાં જ્યાં ख પ્રયોજવાનો હોય ત્યાં ष પણ પ્રયોજાયો છે. छ નો પ્રાચીન મરોડ (જેમકે બાજા-ખાનાનો બીજો મરોડ અને ત્રીજા ખાનાનો મરોડ) જૈન તેમજ કોઈ કોઈ જૈનેતર લખાણોમાં પ્રયોજાયો છે, પણ ૧૭ મી સદીથી આ પ્રાચીન સ્વરૂપ કેવળ જૈન લખાણો પૂરતું સીમિત બને છે. झ નાં અત્યારે બે સ્વરૂપ પ્રચલિત છે તેમાંનું એક પણ સ્વરૂપ ગુજરાતમાં આ સમયે પ્રયોજાતું હોવાનું જણાતું નથી, પણ એને બદલે લાંબા સમયથી જૈન લિપિમાં પ્રચલિત પ્રાદેશિક સ્વરૂપ વ્યાપકપણે પ્રચલિત બનેલું જણાય છે. આ સ્વરૂપમાંથી આ વર્ણનો ગુજરાતી મરોડ ઘડાયો છે.[2] ञ નું પ્રાદેશિક સ્વરૂપ જૈનેતર લખાણોમાં ક્વચિત્ પ્રયોજાયું છે, પણ જૈન લખાણોમાં પ્રચલિત મરોડની સાથોસાથ એનો છૂટથી ઉપયોગ થયો છે, એટલું જ નહિ, જૈન લખાણોમાં પહેલા મરોડની અપેક્ષાએ એનું વપરાશ-પ્રમાણ વધ્યું છે. ण નાં બંને સ્વરૂપ પ્રયોજાયાં છે, પણ અગાઉની જેમ હજી દેવનાગરી સ્વરૂપનું જ બાહુલ્ય નજરે પડે છે. घ પર ૧૭ મી સદીથી જૈનેતર લખાણોમાં શિરોરેખાનો પ્રયોગ થતો જોવા મળે છે. જ્યારે જૈન લખાણોમાં એનો અભાવ વરતાય છે. म નાં અગાઉ ચાલ્યાં આવતાં બંને વૈકલ્પિક સ્વરૂપોનો અહીં અંશતઃ વિકાસ થયેલો નજરે પડે છે, પણ બંને સ્વરૂપ હજી તેઓના અર્વાચીન સ્વરૂપને પામ્યાં નથી. ल નાં બંને વૈકલ્પિક સ્વરૂપોમાં ડાબા અંગની વળાંકવાળી રેખાને ચાલુ કલમે જોડવાને બદલે અલગ અલગ કરીને જોડી છે. આથી આ મરોડ શિરોરેખાને બાદ કરતાં એના ગુજરાતી સ્વરૂપ જેવો બને છે. આ વ્યંજનના પહેલા સ્વરૂપનો પ્રયોગ ૧૫ મી સદીથી જૈન તેમજ જૈનેતર લખાણોમાં વ્યાપક બનવા લાગ્યો હતો અને ૧૬ મી

સદીથી તો એ જૈન અને જૈનેતર લખાણોમાં આ જ સ્વરૂપે પ્રયોજાય છે. જૈન લિપિમાં તો આ સ્વરૂપ અદ્યપર્યંત પ્રયોજાય છે. ञ नां વૈકલ્પિક સ્વરૂપો પૈકી મીંડાવાળા સ્વરૂપને બદલે બીજું વૈકલ્પિક સ્વરૂપ (ञ) જૈનેતર અને જૈન બંને લખાણોમાં વ્યાપકપણે પ્રયોજાયું છે.

મુઘલકાલીન ૫ અને ૯ સિવાયનાં બધાં અંકચિહ્ન તેઓના વર્તમાન નાગરી સ્વરૂપે પ્રયોજાયાં છે; જોકે એમાં ક્યાંક ક્યાંક ગુજરાતી અંકચિહ્નોને મળતા આવતા મરોડ પણ પ્રયોજાયા છે '૫'ના અંકનું અગાઉ વિકસેલું ગુજરાતી '૫'ને મળતું સ્વરૂપ અહીં બધો વખત પ્રચલિત રહ્યું છે. ૯ નો અંક પણ દેવનાગરી સ્વરૂપે પ્રયોજાવો ચાલુ રહ્યો છે.

અંતર્ગત સ્વરચિહ્નોની બાબતમાં હજુ ક્યાંક ક્યાંક પ્રાચીન પદ્ધતિઓ જળવાયેલી જોવા મળે છે. અંતર્ગત इ અને ईનાં ચિહ્ન અગાઉની જેમ વર્ણની શિરોરેખાથી અલગ રખાતાં; જેમકે, પટ્ટ ૩૭ માં खि અને री ના મરોડ, પણ સલ્તનત કાલથી કેટલીક વાર શિરોરેખા એ સ્વરચિહ્નોને સ્પર્શ કરે તેમ એને લંબાવવામાં આવતી. પ્રસ્તુત કાલમાં આ બીજું વલણ વધવા પામ્યું જણાય છે, પણ હજી અંતર્ગત સ્વરચિહ્નો સાથે સંકળાતી એ શિરોરેખા એ અંતર્ગત સ્વરચિહ્નની રેખાને (ઊભા દંડને) કાપીને બીજી બાજુએ (આજે બહાર નીકળે છે તેમ) બહાર નીકળતી નથી; જેમકે शि અને टी ના મરોડ. श સાથે અંતર્ગત उ અને અંતર્ગત ऊ નાં ચિહ્ન પ્રયોજતી વખતે ક્વચિત્ ઊંધા ચોગડાવાળો મરોડ પ્રયોજાતો (જેમકે श्रु અને श्रू). પડિમાત્રાત્મક અંતર્ગત ए નો પ્રયોગ હવે ઘટતો જાય છે અને એનું સ્થાન શિરોમાત્રા લેતી જાય છે. घ ની ટોચે શિરોરેખા કરવાનો ચાલ નિશ્ચિતપણે શરૂ થયો ત્યાં સુધી એને અંતર્ગત સ્વરચિહ્ન અગાઉની માફક જોડાતાં ચાલુ રહ્યાં; જેમકે, घे માં. પણ घ ની જમણી ટોચે શિરોરેખા થતાં તેની સાથે અંતર્ગત સ્વરચિહ્ન નિયમિત પણે સ્વાભાવિક રીતે પ્રયોજાવા લાગ્યો: દા.ત. घि માં.

મોટા ભાગના સંયુક્ત વ્યંજન આ કાલમાં વિકાસ પામીને અર્વાચીન તબક્કે પહોંચ્યા હોવાનું જોવા મળે છે, એમ છતાં કેટલાક હજી તેઓના પ્રાચીન સ્વરૂપે પ્રયોજાતા રહ્યા છે; જેમ કે क्ल માં બંનેને ઉપરનીચે જોડ્યા છે. च्च માં અગાઉથી ચાલી આવતી પદ્ધતિ મુજબ પૂર્વ च ની નીચે ઉત્તર च જોડવામાં આવ્યો છે. ज्ञ માં વિકસિત મરોડની તુલનાએ પ્રાચીન મરોડ વિશેષ પ્રયોજાય છે. ज्ज માં પણ પ્રાચીન પદ્ધતિ મુજબ પૂર્વ ज ના ડાબા અંગમાં નીચલા છેડા સાથે ઉત્તર जના ડાબા અંગને એકાકાર કર્યું છે. આમાં ઉત્તર ज નું કદ નાનું

રખાયું છે. પૂર્વ त સાથેના સંયુક્ત વ્યંજનોમાં અગાઉની જેમ મોટે ભાગે तનો મરોડ ઉત્તર વ્યંજનના ડાબા અવયવની ઉપર લખાયો છે; જેમકે, त्त અને त्वा માં. એમાં પણ પૂર્વ त ના બે જાતના મરોડ પ્રયોજાયા છે (જેમકે પટ્ટ ૩અ માં એમના મરોડ). त्व માં એનું અર્વાચીન સ્વરૂપ નજરે પડે છે. પૂર્વ द સાથેના સંયુક્ત વ્યંજનોમાં दનું સ્વરૂપ બહુધા સંકુલ રખાયું છે; જેમકે द्व અને न्द्र ના મરોડ. ઉત્તર य ની બાબતમાં પૂર્વ વ્યંજનની અપેક્ષાએ यનું કદ મોટું કરવાનું ચાલ્યું આવતું વલણ ૧૭મી સદી સુધી જળવાયેલું જણાય છે; જેમકે भ्य, ण्णा અને स्थ પ્રાચીન પદ્ધતિ અને સ્વરૂપ જાળવી રાખતા સંયુક્ત વ્યંજન છે.

(૨) ગુજરાતી લિપિ[૩]

અગાઉના ગ્રંથોમાં જોયું છે તેમ બ્રાહ્મી લિપિમાં થયેલાં ઉત્તરોત્તર પરિવર્તનોમાંથી ગુજરાતમાં નવમા શતકમાં નાગરી લિપિનું સ્વરૂપ ઘડાવા લાગ્યું હતું. ૧૫મા શતક સુધીમાં તો નાગરીએ એની વર્તમાન અવસ્થા લગભગ પ્રાપ્ત કરી લીધી હતી. નાગરી લિપિ અટપટા ખાંચાખચકાવાળી હોવાથી અમુક અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ એનું એક લેખન-સુલભ રૂપ વિકાસ પામ્યું.[૪] નાગરીને સરળતાથી અને ત્વરાથી લખવા માટે એની લેખન-શૈલીમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા, જેમાંથી સહજપણે ગુજરાતી લિપિનું વિશિષ્ટ રૂપ ઘડાયું.

આજે જેને 'ગુજરાતી લિપિ' કહેવામાં આવે છે તેને અગાઉ 'ગુર્જર લિપિ',[૫] વાણિયાશાઈ લિપિ'[૬] (વેપારી-વાણિયાઓએ હિસાબકિતાબમાં પ્રયોજેલી લિપિ), 'મહાજન લિપિ'[૭] (વેપારી મહાજનોએ અપનાવેલી લિપિ) વગેરે નામે ઓળખવામાં આવતી. ૧૬ મી સદીના 'વિમલપ્રબંધ'માં આપેલી ૧૮ લિપિઓની સૂચિમાં 'ગુર્જર લિપિ'નો ઉલ્લેખ મળે છે. એ સૂચવે છે કે ૧૬મી સદીમાં નાગરીનું આ પ્રદેશમાં થયેલું રૂપાંતર સ્વતંત્ર પ્રાદેશિક લિપિનું સ્વરૂપ ગણાય એવી ક્ષમતાવાળું બન્યું હતું. ગુજરાતી ભાષાનો પ્રયોગ છેક ૧૩મી-૧૪મી સદીથી મળે છે, પરંતુ ગુજરાતી લિપિના એટલા જૂના નમૂના ઉપલબ્ધ થતા નથી. ગુજરાતી લિપિનો જૂનામાં જૂનો જ્ઞાત નમૂનો 'આદિપર્વ' નામના ગુજરાતી ગ્રંથની વિ સં. ૧૫૪૮ (ઈ.સ. ૧૫૯૧-૯૨)નાં લખાયેલી હસ્તપ્રતમાં પ્રાપ્ત થયો છે.[૮] આ બાબત ઉપર્યુક્ત 'વિમલ-પ્રબંધ'ના ઉલ્લેખને સમર્થન આપે છે.

૧૫ મી સદીમાં ગુજરાતમાં પ્રચલિત નાગરી અને જૈન નાગરીમાં, હાલમાં ગુજરાતીમાં પ્રયોજીએ છીએ તેવો 'લ'નો મરોડ શિરોરેખા સાથે ક્યાંક ક્યાંક પ્રયોજાવા લાગ્યો હતો અને ૧૬ મી સદીથી તો ગુજરાતનાં નાગરી લખાણોમાં

એ મરોડ જ પ્રયોજાતો રહ્યો છે. આથી એમ સુચિત થાય છે કે ૧૫ મી સદીથી ગુજરાતમાં નાગરી લિપિમાં પ્રાદેશિક રૂપાંતર થવાનો આરંભ થયો હતો, જે પ્રક્રિયા અનુકાલમાં ઉત્તરોત્તર વધતી ગઈ અને એમાંથી વર્તમાન ગુજરાતી લિપિનું સ્વરૂપ ઘડાયું.

મુઘલ કાલમાં આ લિપિનો મુખ્યત્વે વાણિયાઓના હિસાબકિતાબ અને નામાઠામામાં તેમજ સામાન્ય વ્યવહારમાં ઉપયોગ થતો હતો. એમાં ગ્રંથલેખન ભાગ્યે જ થતું. એનું કારણ સંભવતઃ એ સમયે એ લિપિ પૂર્ણપણે વિકસી નહોતી એ હતું. 'હિસાબકિતાબ અને સામાન્ય લખાણમાં જરૂરી અક્ષરોના મરોડોનો વિકાસ થયો હતો. વળી એ વખતે લખાણમાં અંતર્ગત સ્વરચિહ્નોમાં હ્રસ્વ-દીર્ઘના ભેદ રાખતા નહિ. આથી લાંબા સમય સુધી અંતર્ગત 'ઇ' અને 'ઊ'નો પ્રયોગ જોવા મળતો નથી. આ બધી બાબતો ગ્રંથ-લેખનમાં વિઘ્નરૂપ હોઈને એમાં ગ્રંથ લખાતા નહોતા, પણ ધીમે ધીમે એમાં બધા અક્ષરોના ગુજરાતી મરોડ ઘડાયા. આ લિપિ લખવામાં ઝડપી અને મરોડદાર હોવાથી તેમજ એમાં નાગરી લિપિનાં લગભગ બધાં ચિહ્ન રૂપાંતરિત થયાં હોવાથી એ ધીમે ધીમે ગ્રંથ-લેખનમાં પણ અપનાવાઈ. જેમ ગુજરાતના પ્રાચીન કવિ પોતાના લોકભોગ્ય સાહિત્યના સર્જન માટે લોકોમાં બોલાતી ગુજરાતી ભાષાનો પ્રયોગ કરતા તેમ સમય જતાં તેઓ પોતાની કૃતિઓના લેખન માટે ગુજરાતી લિપિનો ઉપયોગ કરતા થયા. લહિયાઓ પણ એ લોકભોગ્ય સાહિત્યને લોકસુબોધ લિપિમાં લખતા થયા. ઉપર્યુક્ત 'આદિપર્વ' ગ્રંથની આ લિપિમાં લખાયેલ પ્રત એનું દૃષ્ટાંત છે.

ગુજરાતમાં થયેલા નાગરીમાંથી ગુજરાતી લિપિના રૂપાંતરનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણ આ પ્રમાણે તારવી શકાય :

(૧) રોજિંદા વ્યવહારમાં ઝડપથી લખી શકાય એ માટે નાગરીના દરેક અક્ષરની ટોચે અલગ અલગ ઉમેરાતી શિરોરેખાનો લોપ કરવામાં આવ્યો અને એની જગ્યાએ આખી લીટીની એક સળંગ શિરોરેખા દાખલ કરવામાં આવી. જેથી પંક્તિ સીધી સપાટીએ લખાય. મુદ્રણકલાના આગમન (૧૮ મી સદીના અંત) પહેલાંના ગ્રંથોમાં, અને શરૂઆતના મુદ્રિત ગ્રંથોમાં, વાણિયાઓના દેશી નામામાં તેમજ પત્રવ્યવહારમાં આ પ્રકારે સળંગ લીટી દોરીને અક્ષર એની નીચે લટકાવવામાં આવતા.

(૨) સળંગ લીટીની નીચે અક્ષરોને શિરોરેખા વગર ઝડપથી લખતાં સ્વાભાવિક રીતે અક્ષરોને ગોળ મરોડ અપાયો. લીટીનું લખાણ હમેશાં

ડાબેથી જમણે લખાતું હોઈ અક્ષર પણ સામાન્યતઃ ડાબેથી જમણે લખાતા. આથી ડાબી બાજુની ટોચ ડાબેથી વૃત્તાકાર ધારણ કરે ને જમણી બાજુનો નીચલો છેડો જમણી બાજુ વૃત્તાકાર ધારણ કરે એ સ્વાભાવિક બન્યું. આ મુજબ દેવનાગરી મરોડની ઊભી રેખાની ટોચને વૃત્તાકાર અપાયો, જે સામાન્યતઃ ડાબેથી જમણે લખાય છે; જેમકે ઉ, ખ, ગ, થ, ટ, ઢ, પ, મ, ય, ર, ષ, સ આમ છતાં થોડાક અક્ષર નાગરી મરોડમાં એવા હતા જેની ટોચ જમણેથી ડાબે લખાતી, ત્યાં ઊલટો ક્રમ ચાલુ રખાયો, જેમકે ઘ, છ, ડ, ધ, ભ, વ. બીજા થોડાક અક્ષરોમાં એનો મુખ્ય ભાગ ડાબી બાજુએ બહાર નીકળતો હોઈ એની સુરેખાને સ્વાભાવિક રીતે જમણેથી ડાબી બાજુનો વૃત્તાકાર અપાયો, જેમકે ठ–ઠ द–દ, फ–ફ અને ह–હમાં.

જે અક્ષરોમાં ડાબા અંગની ઊભી સુરેખા નીચે લંબાતી હોય ત્યાં એના નીચલા છેડાને જમણી બાજુ મરોડ આપવામાં આવ્યો. દા.ત. 'શ' અને 'સ'ના મરોડ 'ણ'ના ડાબા પાંખાના નીચલા છેડાને જમણી બાજુ લંબાવીને છેવટે થોડો ડાબી બાજુ વાળવામાં આવ્યો.

વળી વચલા છેડાવાળા અક્ષરોના નીચલા ભાગને પણ વધારે વળાંક આપતો રહ્યો, જેમકે ગ, ણ અને હ માં.

(૩) એકંદરે ઘણા મૂળાક્ષર નાગરી મૂળાક્ષરોના વળાંકદાર મરોડ જેવા રહ્યા જેમ કે ગ, ઘ, ઙ, છ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, ધ, ન, પ, મ, ય, ર, વ, શ, ષ, સ અને હ, જ્યારે કેટલાક અક્ષરોને શિરોરેખા વિના તેમજ ઝડપ માટે સળંગ કલમે લખતાં તેઓના મૂળ સ્વરૂપમાં કેટલુંક વિશિષ્ટ પરિવર્તન થયું જેમકે અ, ઇ, ઈ, ઉ, ઊ, ક, ખ, ચ, જ, દ, ફ, ભ, લ અને ળ. વાસ્તવમાં ગુજરાતી લિપિને નાગરીથી અલગ સ્વરૂપ આપવામાં આ અક્ષરોએ અગત્યનો ભાગ ભજવ્યો.

આમ છતાં કેટલાક અક્ષરો અને અંકચિહ્નો સળંગ કલમે નહિ, પણ બે કે વધુ ટુકડે લખતાં રહ્યાં, જેમકે અક્ષરોમાં ક, ગ, ઙ, ઞ, મ, ણ, ત, ફ, લ, શ, ષ, સ, હ અને અંકોમાં ૯નો મરોડ.

(૪) મૂળ સ્વરચિહ્નોમાં इ અને उની જેમ ए અને ओનાં સ્વતંત્ર ચિહ્નો નાગરી લિપિમાં પ્રચલિત હતાં. ગુજરાતી લિપિમાં ए અને ओ બંનેનાં સ્વતંત્ર ચિહ્નોનો લોપ થયો, પરિણામે જેમ વર્તમાન નાગરીમાં ओ અને औ એ બે સ્વર ચિહ્ન अ પરથી સાધિત થાય છે તેમ ગુજરાતી લિપિમાં એ, ઐ, ઓ અને ઔ એ ચારેય સ્વર-ચિહ્ન 'અ' પરથી સાધિત થયાં.

(૫) નાગરી લિપિમાં દેવનાગરી, જૈન નાગરી અને મરાઠી બાળબોધ વચ્ચે વૈકલ્પિક મરોડ પ્રચલિત હતા. ગુજરાતી લિપિમાં એમાંના અમુક રૂપ અપનાવવામાં આવ્યાં. આવા અક્ષરો પૈકી ગુજરાતી ણ અને શ દેવનાગરીમાંથી, અ ઝ અને લ ગુજરાતમાં પ્રચલિત નાગરી અને જૈન લિપિના મરોડમાંથી અને છ ક્ષ અને દ મરાઠી બાળબોધમાંથી રૂપાંતરિત થયેલાં જોવા મળે છે.

(૬) ગુજરાતી અક્ષરો અને અંકચિહ્નોના ઘડતરની પ્રક્રિયામાં ૨ (બે) અને ૫ (પાંચ)ના અંકોના મરોડ અનુક્રમે અંતસ્થ "ર" વર્ણ અને ઓષ્ઠ-સ્થાની "પ" વર્ણના મરોડના ભ્રમકારક બન્યા જેમકે 'પર' એટલે બાવનની સંખ્યા દર્શાવતા અંકો કે 'ઉપર'નો પર્યાય એવો 'પર' શબ્દ એવો ભ્રમ થાય એમ બન્યું; પણ આવા અક્ષર-ભ્રમ થવાનું પ્રમાણ ઘણું જૂજ છે.

મુઘલકાલીન ગુજરાતી લિપિનું સ્વરૂપ દર્શાવવા માટે પટ્ટ ૨ તૈયાર કર્યો છે એમાં પહેલા ઊભા ખાનામાં અર્વાચીન ગુજરાતી મૂળાક્ષરો અને અંકચિહ્નો ગોઠવી બીજાથી પાંચમા ખાનામાં અનુક્રમે વિ.સં. ૧૬૪૮ની ગુજરાતી 'આદિપર્વ' ગ્રંથની હસ્તપ્રતમાંથી[૯], વિ.સં. ૧૬૭૨ના ખતપત્રમાંથી[૧૦], વિ.સ. ૧૭૧૩ની 'નરસૈયાની હૂંડી' ગ્રંથની હસ્તપ્રતમાંથી[૧૧] અને વિ.સ. ૧૭૩૨ની "વનેચટની વાર્તા" ગ્રંથની હસ્તપ્રતમાંથી[૧૨] મૂળાક્ષરો અને અંકચિહ્નોની મરોડ ગોઠવ્યા છે. પટ્ટ પર સામાન્ય નજર નાખતાં ઉપર્યુક્ત લક્ષણ ઘણે અંશે વ્યક્ત થતાં જોવા મળે છે. એમાં ઉપર જણાવ્યું છે તેમ અ, ઇ, ઈ, ઉ, ઊ, ક, ખ, ચ, છ, જ, દ, ફ, બ, ભ, અને ળનો વિકાસ વિશિષ્ટ હોવાથી નોંધપાત્ર છે.[૧૩]

અ વર્ણનો શરૂઆતમાં શિરોરેખા વગરનો દેવનાગરી મરોડ પ્રયોજાતો હતો (જેમકે બીજા ખાનાનો પહેલો મરોડ). એ મરોડના ડાબા અંગની ત્રણ રેખાઓ પૈકી ઉપલી આડી રેખાને છૂટી લખી એની નીચેની બે રેખાઓને સળંગ કલમે લખતાં બનતાં ગુજરાતી ચોગડા જેવા મરોડને વર્ણની જમણી બાજુના 'પ' જેવા અકારની ડાબી ટોચ સાથે સળંગ કલમે જોડાવામાં આવ્યો (દા.ત. બીજા ખાનાનો મરોડ અને ત્રીજા ખાનાનો પહેલો મરોડ). સમય જતાં ડાબી બાજુની આડી રેખાના પણ સળંગ કલમે નીચલા ચોગડા જેવા મરોડની ડાબી ટોચ સાથે જોડીને લખવામાં આવી (જેમકે) ચોથા ખાનાનો બીજો મરોડ). સમય જતાં એ ડાબી બાજુના અંગને ચાલુ કલમે લખતાં 'ચ' વર્ણના ડાબીના બાજુના અંગ જેવો મરોડ ઘડાતાં આખોય વર્ણ એના વર્તમાન સ્વરૂપનો બન્યો (જેમકે પાંચમા ખાનાનો ૨ જો મરોડ). ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં ઘડાયેલા આ વિકસિત મરોડના વપરાશનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જતાં પ્રાચીન મરોડનો પ્રયોગ લુપ્ત થતો ગયો.

ઇ અને ઈ ના શિરોરેખા રહિત નાગરી મરોડ ૧૭ મી સદીના પૂર્વાર્ધ સુધી પ્રયોજાતા હતા, પણ એમાં વ્યંજનોની સાથે જેમ અંતર્ગત સ્વરચિહ્નો જોડવામાં આવે છે તેમ આ વર્ણોને અનુક્રમે અંતર્ગત ઈ નું સ્વરચિહ્ન (જેમકે બીજા ખાનાનો બીજો મરોડ) અને અંતર્ગત ઈ નું સ્વરચિહ્ન (જેમકે ત્રીજા ખાનાનો બીજો અને ચોથા ખાનાનો મરોડ) જોડાતું. ૧૭ મા શતકના ઉત્તરાર્ધથી આ વર્ણોના અર્વાચીન મરોડની નિકટનાં સ્વરૂપ પ્રયોજાતાં જોવા મળે છે (જેમકે પાંચમા ખાનામાં બંનેના મરોડ). બંનેનાં સ્વરના નાગરી અને ગુજરાતી મરોડની વચ્ચેનાં અંતરાલ રૂપ ઉપલબ્ધ થયાં નથી. એમ લાગે છે કે ઇ ના નાગરી મરોડને ચાલુ કલમે લખીનો નીચેનાં પાંખડાને ચાલુ કલમે જમણી તરફ ધીમે ધીમે ઉપર ચડાવતાં ગુજરાતી મરોડ ઘડાયો છે. ઈ ની ઉપર તરફ લંબાવેલી રેખાને ટોચથી જમણી તરફ ગોળ મરોડ આપીને નીચે તરફ ઝુકાવવાથી ઈ નો મરોડ ઘડાયો.

ઉ માટે ૧૬ મી સદીમાં નાગરી મરોડની સાથેસાથે એ મરોડની નીચલી રેખાને ઊંચે ચડાવીને વર્ણની ટોચ સુધી લંબાવવામાં આવતી જોવા મળે છે (જેમકે બીજા ખાનાનો બીજો મરોડ). આમ આ સ્વરનો મરોડ ૧૬ મી સદીથી અર્વાચીન સ્વરૂપ પામી ચૂક્યો હતો. ઉત્તરકાલમાં એની ઉપરની તરફ લંબાતી રેખાની લંબાઈની બાબતમાં સહજ સાજ ફરક થતો રહ્યો છે, જે જુદા લેખકોની અંગત લઢણને આભારી ગણાય.

ઊ માટે ૧૬ મી સદીમાં એનો નાગરી મરોડ પ્રયોજાતો જોવા મળે છે પણ ૧૭ મી સદીથી ઉ ના મરોડમાં અંતર્ગત ઊ નું ચિહ્ન જોડીને સાધિત થવા લાગ્યો. જે મુઘલ કાલના અંત પછી ય ચાલુ રહેતો જોવા મળે છે (જેમકે ચોથા અને પાંચમા ખાનાના મરોડ).

ઋ ને એના નાગરી મરોડની શિરોરેખા કાઢીને શરૂઆતથી જ સહેજ વાયવ્ય-અગ્નિ સ્થિતિમાં લખવામાં આવતો હતો (જેમકે ત્રીજા અને ચોથા ખાનાના મરોડ).

ખ નો ૧૬ માં શતકમાં નાગરી મરોડ પ્રયોજાતો હતો. ૧૭મા શતકમાં એના ગુજરાતી સ્વરૂપને ઘણે અંશે મળતું સ્વરૂપ ઘડાયું. ખ નો ઉચ્ચાર 'ષ' જેવો કરવામાં આવતો હતો (દા.ત. ષટ્રસ માટે ખટરસ) અને જ્યારે ખ લખવાનો પ્રસંગ આવે ત્યારે પ્રાચીન સમયમાં હિંદી ભાષા અને દેવનાગરી લિપિમાં તેમજ જૂની ગુજરાતીમાં પણ ષ લખાતો. આ ષ ના મરોડ પરથી ગુજરાતી ખ વિકાસ પામ્યો છે. અહીં ત્રીજા ખાનાના મરોડમાં ડાબી ટોચ ડાબી બાજુએ વળી નથી, પણ પછીના સમયમાં એ નિશ્ચિતપણે વળતી જોવા મળે છે. ૧૭ મી સદીમાં આ વર્ણ એના વિકસિત સ્વરૂપે પ્રયોજાતો નજરે પડે છે.

ચ માટે ૧૬ મા શતકમાં શિરોરેખા વગરનો મરોડ પ્રયોજાતો હતો (જેમકે બીજા ખાનાનો પહેલો મરોડ). એ મરોડના ડાબા અંગને સળંગ કલમે લખવાથી આ વર્ણનો ગુજરાતી મરોડ ઘડાતો ગયો. આમ ૧૭ મી સદીના અંત સુધીમાં આ વર્ણ એની વર્તમાન અવસ્થા પામતો જોવા મળે છે.

જ માટે શરૂઆતમાં એના પ્રાચીન નાગરી મરોડને શિરોરેખા વગર પ્રયોજવામાં આવતો (જેમકે બીજા ખાનાનો પહેલો મરોડ). એના ડાબા અંગને ગોળ વૃત્તનો મરોડ આપી અક્ષરને સળંગ કલમે લખતાં ધીમે ધીમે આ વર્ણનો ગુજરાત મરોડ ઘડાતો ગયો. અલબત્ત, એનો ડાબી બાજુનો વૃત્તાકાર વર્ણની મધ્યના નીચલા છેડા કરતાં નીચે રહેતો જોવા મળે છે.

ઢ માટે શરૂઆતમાં શિરોરેખા વગરનો એનો નાગરી મરોડ પ્રયોજાતો હતો (જેમકે બીજા ખાનાના મરોડ). સમય જતાં એ મરોડની એની ટોચની ઊભી રેખાનો લોપ થયો અને નીચલી પૂંછડી જમણી બાજુ વળવા માંડી. હવે વર્ણની ઉપલી અને નીચલી રેખાઓ ત્રાંસી લખાવા લાગી (જેમકે ત્રીજા, ચોથા અને પાંચમા ખાનાના મરોડ). ૧૮ મી સદીમાં આ વર્ણ પૂર્ણતઃ એના અર્વાચીન સ્વરૂપને પામ્યો.

ફ માં એના પ્રાચીન દેવનાગરી મરોડ પરની શિરોરેખાનો લોપ કરીને કની જેમ એનો વિકાસ સધાયો છે. અહીં બીજા ખાના અને ચોથા ખાનાના પહેલો મરોડમાં વર્ણની નીચેની પૂંછડી વ્યસ્ત થઈ નહિ હોવાથી તેઓના મરોડ ક ના સમકાલીન મરોડ જેવા બન્યા છે. ફરક એટલો જ છે કે ક ની ટોચની રેખા જમણી બાજુએ વળે છે, જ્યારે ફ ની સીધી ઊભી છે.

બ શરૂઆતમાં એના નાગરી મરોડની શિરોરેખા દૂર કરીને વાપરવામાં આવ્યો (જેમકે બીજા ખાનાનો મરોડ), પણ એના ડાબી ગોળ અંગને સળંગ કલમે મધ્યની ત્રાંસી રેખાના ડાબા છેડા સાથે જોડી, એ રેખાને સીધી આડી રેખાનું સ્વરૂપ આપતાં જે મરોડ ઘડાયો (જેમકે ત્રીજા ખાનાનો મરોડ), તેને સુડોળ મરોડ આપતાં વર્ણનો વર્તમાન ગુજરાતી મરોડ ઘડાયો.

ભ માં પણ એના દેવનાગરી મરોડની શિરોરેખાનો લોપ કરીને ડાબી બાજુએ થતી ત્રાંસી રેખાને મરોડ આપી ક્રમશઃ નીચે ઉતારવામાં આવ્યો, જેથી એ 'ઞ'થી જુદો પડે. ૧૭ મી સદીના અંતથી આ વર્ણ એની વર્તમાન અવસ્થાને પ્રાપ્ત કરતો જણાય છે (જેમકે પાંચમા ખાનાનો મરોડ).

ળ ના નાગરી મરોડ (ळ)ની શિરોરેખા અને ટોચની ઊભી રેખાનો લોપ કરવાથી અને બાકીના અવયવને સળંગ કલમે લખવાથી ધીમે ધીમે એનો

ગુજરાતી મરોડ ઘડાવા લાગ્યો. એમાં ડાબી બાજુનું વૃત્ત એના (લેખનના) આરંભના ભાગથી અને જમણી બાજુનું વૃત્ત એના (લેખનના) અંતમાં ખંડિત રહેવા લાગ્યું અને ધીમે ધીમે ડાબી બાજુની અને જમણી બાજુની વળાંકવાળી રેખાઓ ઊભી થતી ગઈ. સાથે સાથે વર્ણના ડાબા અંગમાં નીચેના ભાગમાં ખચકો પડવા લાગ્યો (જેમ કે ચોથા ખાનાના મરોડ). ઉત્તર કાલમાં આ ખચકો પણ દૂર કરીને આખોય વર્ણ સળંગ કલમે લખતાં એનો વર્તમાન ગુજરાતી મરોડ ઘડાયો છે

ગુજરાતી અંકચિહ્ન પણ વર્ણોની જેમ નાગરી અંકચિહ્નોના મરોડને વળાંકદાર કરવાથી ઘડાયાં હોવાનું સ્પષ્ટ જણાય છે. ગુજરાતી અક્ષરોની જેમ '૧' ના નીચલા છેડાને જમણી બાજુ વાળતાં વચલો ડાબી બાજુનો ખચકો આપોઆપ લુપ્ત થયો છે. '૨' માં પણ નીચલા છેડાને ડાબી બાજુ વાળતાં '૨' ઘડાયો, પણ નાગરીમાં र અક્ષરનો ઉપલો ભાગ સુરેખાત્મક અને '૨' અંકચિહ્નનો ઉપલો ભાગ વળાંકદાર હોવાથી એ બે વચ્ચે ભેદ પ્રવર્તતો હતો તે અહીં લુપ્ત થતાં આ મરોડ પરસ્પરના ભ્રમકારક બન્યા. '૩' માં નીચલી પૂછડીનો લોપ કરવામાં આવ્યો. '૪' માં આરંભનો ડાબી ટોચનો ભાગ ઘણા અક્ષરોની જેમ ડાબેથી જમણે વળે તેવું સરલીકરણ કરવાથી એનો ગુજરાતી મરોડ ઘડાયો. '૫' માં આમ કરવા જતાં નીચલો ખચકો લુપ્ત થયો તે પરિણામે એનો ગુજરાતી મરોડ 'પ' અક્ષર જેવો થઈ ગયો. '૬' માં શરૂઆતમાં નીચલી પૂંછડી રદ કરવામાં આવી (જેમકે ૨ જા ખાનાનો મરોડ). આગળ જતાં એના નીચલા અંગની જગ્યાએ નીચલે છેડે ડાબી બાજુએ વળતી ઊભી રેખા પ્રયોજવામાં આવી. આ મરોડમાં અંકચિહ્ન '૬' અને અક્ષર '૬' વચ્ચે ભ્રમ થતો નથી. '૭' ના નીચલા છેડાને ઊંચે લંબાવીને એના મરોડને વધારે વળાંકદાર કરવામાં આવ્યો. '૮" માં ઉપરની ડાબી બાજુએ બહાર નીકળતી આડી રેખાનો લોપ કરીને ને ઉપલી આડી રેખાને જમણી બાજુ લંબાવીને આખોય મરોડ ચાલુ કલમે પ્રયોજાવા લાગ્યો. "૯" માં એના ગુજરાતમાં પ્રચલિત નાગરી મરોડ– (જેમકે પટ્ટ ૧ માં આ અંકના મરોડ) માં ડાબી બાજુની રેખાને ઊભા અર્ધ-ગોળનું સ્વરૂપ આપી ટોચે જોડાતો રેખાને એ અર્ધગોળની જમણી બાજુએ મધ્યમાં જોડતાં ગુજરાતી મરોડ સધાયો. ધીમે ધીમે જમણી બાજુની વળાંકવાળી રેખાએ નાની આડી સુરેખાનું સ્વરૂપ ધારણ કર્યું (જેમકે પાંચમા ખાનાનો મરોડ), પણ આ પ્રક્રિયામાં મૂળ નાગરી મરોડ સળંગ કલમે લખાતો હતો તે ગુજરાતીમાં બે ટુકડે લખવો પડ્યો.

વર્ણો અને અંકચિહ્નોના ઘડતરમાં જેટલા પ્રમાણમાં રૂપાંતર થયેલાં જોવાં મળે છે તેટલા પ્રમાણમાં અંતર્ગત સ્વચિહ્નો (માત્રાઓ) અને સંયુક્ત વ્યંજનોનાં સ્વરૂપ-ઘડતર વરતાતાં નથી.

પટ્ટ ૩–આમાં કેટલાંક અંતર્ગત સ્વરચિહ્નો ધરાવતા અક્ષર તેઓના વિકાસના તબક્કામાં ગોઠવ્યાં છે. એ જોવાથી જણાશે કે ગુજરાતી અંતર્ગત સ્વરચિહ્નોએ લગભગ તેઓના નાગરી સ્વરૂપને જાળવી રાખ્યું છે; છતાં આ બાબતમાં કેટલીક લાક્ષણિકતાઓ પણ આવી છે; જેમ કે વર્ણોના ચિહ્નોની જેમ અંતર્ગત સ્વરચિહ્નોને પણ વળાંકદાર મરોડ આપવામાં આવ્યો છે. ખાસ કરીને ઊભી સુરેખાનો નીચલો છેડો જમણી બાજુએ સહેજ વાળવામાં આવ્યો; જેમ કે ા, િ, ી, ો, ૌ, क અને फ જેવા વર્ણ પોતાના મરોડની દિશા બદલતા ગયા તેમ તેમ તેઓની સાથે અંતર્ગત સ્વરચિહ્નો પણ તેઓને અનુરૂપ પ્રચલિત પદ્ધતિએ જોડાતાં ગયાં; જેમકે કા, કી, કુ, કે અને કૌ ના મરોડ. 'ફ' માં પણ આમ બન્યું છે. વળી "ज" ના વિકાસ પામેલા મરોડ "જ" માં સળંગ કલમે લખવા માટે અંતર્ગત સ્વરચિહ્નો જોડવાની સ્વાભાવિક પદ્ધતિઓ નજરે પડે છે; જેમકે 'જી' ને સળંગ કલમે લખતાં એના નીચલા છેડાએ ડાબી બાજુ વળાંક અપનાવ્યો. 'જુ' અને 'જૂ'ને સળંગ કલમે લખવા માટે એમાં 'જ' પછી અંતર્ગત 'આ'નું સ્વરચિહ્ન (ા) ઉમેરવામાં આવ્યું ને પછી અંતર્ગત ઉ ને ઊ નાં સ્વરચિહ્નો (ુ ૂ) એ અંતર્ગત 'આ' ના સ્વરચિહ્નના નીચલા છેડા સાથે જોડાયાં. 'ર'માં અંતર્ગત ઉ નું સ્વરચિહ્ન નાગરીમાં અધોમાત્રાને બદલે અગ્રમાત્રારૂપે જોડાતું (रु), તેમ ગુજરાતીમાં પણ 'રુ'માં રહ્યું, પણ रू માં એવું કોઈ ચિહ્ન ચાલુ ન રહ્યું. ગુજરાતીમાં 'રૂ' ચાલુ કલમે લખાતાં એનું રૂ' રૂપ પ્રયોજાતું જોવા મળે છે. 'श' સાથે ઉ અને ઊનાં અંતર્ગત સ્વરચિહ્નો પ્રયોજતી વખતે નાગરીમાં ક્યારેક શ્રુ અને શ્રૂ લખાતા. એ પરથી ગુજરાતીમાં પણ એવા મરોડ પ્રયોજાયા, જેમકે છેલ્લા ખાનાના મરોડ.

સંયુક્ત વ્યંજનોમાં કેટલીક નવી પરિસ્થિતિનો સ્વીકાર કરીને ફેરફાર કરવા પડ્યા. જોકે નાગરી લિપિમાં જે પદ્ધતિએ સંયુક્ત વ્યંજન પ્રયોજાતા હતા તે જ પદ્ધતિએ નવોદિત ગુજરાતી વ્યંજનોને પણ સંયોજવામાં આવ્યા. તદનુસાર ખાસ કરીને જ્યાં જે વ્યંજનચિહ્નમાં જમણે છેડે (જોડેલી કે છૂટી) ઊભી સુરેખા આવતી હોય ત્યાં એ સુરેખાને રદ કરવાથી એ અક્ષર સંયુક્ત પૂર્વ વ્યંજનમાં અનુકૂળ સ્વરૂપ સરળતાથી ધારણ કરતો: દા.ત. ખ્ય, ગ્મ, ધ્ય, ચ્છ, ણ્ય, ત્પ, શ્ય, વગેરેમાં; નાગરીની જેમ પૂર્વવ્યંજન 'ર' નો રેફાકાર મરોડ ચાલુ રહ્યો, તેવી

રીતે ઉત્તર વ્યંજન તરીકે છેડે 'ર' નાગરીની જેમ નીચલે છેડે ઊભી રેખા ધરાવતા પૂર્વવ્યંજન સાથે ડાબી બાજુએ એક નાની ત્રાંસી રેખા સ્વરૂપે પ્રયોજાયો, જેમકે ત્ર, ગ્ર, પ્ર, ભ્ર વગેરેમાં અને નીચલો ગોળાકાર ધરાવતા પૂર્વવ્યંજનમાં બે ત્રાંસી રેખાએ સ્વરૂપે પ્રયોજાયો છે; જેમકે છ્ર ટ્ર, ડ્ર, ફ્ર, હ્ર, જોકે ત્રમાં નાગરીની જેમ ગુજરાતીમાં પણ તના ડાબા અંગનો ચાપાકાર મરોડ (ત્ર) પ્રયોજાવા લાગ્યો.

જ્યાં અમુક વ્યંજનો જોડવામાં અગવડ જણાઈ ત્યાં એવા સંયુક્ત વ્યંજનોમાં તેઓનાં નાગરી સ્વરૂપ યથાવત્ રેખાયાં: જેમકે પૂર્વ દ, શ અને હ સાથેના સંયુક્ત વ્યંજનો (દ્ધ, દ્મ, દ્ય, દ્વ, શ્વ, શ્ર, ૌ, હ્ન વગેરે), જ્યારે બીજા કેટલાક અક્ષરોમાં નાગરીની જેમ પૂર્વ વ્યંજનને હલંત કરીને સંયુક્તપણું સૂચવવામાં આવ્યું; જેમકે ડ્ગ(ખડ્ગ), છ્વ(ઉચ્છ્વાસ), દ્ગ(સદ્ગત), દ્ઘ(ઉદ્ઘાટન), દ્બ (સદ્બુદ્ધિ), દ્ભ (ઉદ્ભવ) વગેરે. આ પદ્ધતિ આજદિન સુધી ચાલુ રહી છે.

જે વર્ણોના વિશિષ્ટ ગુજરાતી મરોડ ઘડાયા તેઓની સાથેના સંયુક્ત વ્યંજનોનું સ્વરૂપ પણ તેઓને અનુરૂપ બન્યું, જેમકે क्क-ક્ક, क्य-ક્ય, क्ल-ક્લ, क्व-ક્વ, ख्य-ખ્ય, ज्य-જ્ય, ज्व-જ્વ, द्र-દ્ર વગેરે.

એકંદરે જોઈએ તો જેમ અંગ્રેજીની પહેલી-બીજી "ABCD-abcd" સુરેખ હોઈને ઝડપથી લખવામાં સરળ ન પડે તેથી સુગમતાને ખાતર ચાલુ કલમે લખાતી ત્રીજી ચોથી "*ABCD-abcd*"નો વિકાસ થયો તેમ ખાંચા-ખચકાવાળી નાગરી લિપિને ત્વરાથી અને તેથી સળંગ લખવાની પ્રવૃત્તિમાં ગુજરાતી લિપિનો ઉદ્ભવ અને વિકાસ થયો એમ કહી શકાય. ગુજરાતી લિપિનાં પહેલી નજરે તરી આવે તેવાં લક્ષણ બે છે : એક તો અક્ષરગત શિરોરેખાનો લોપ અને બીજું અક્ષરોના આરંભ અને અંતની સુરેખાને અપાતો વળાંક.

અક્ષરગત શિરોરેખાનો લોપ થવાથી અને સળંગ કલમે લખવાથી કુલ ૧૯ અક્ષરોના મરોડ બદલાઈ ગયા; જેમકે अ-અ, इ-ઇ, ई-ઈ, उ-ઉ, ऊ-ઊ, ए-એ, ऐ-ઐ, क-ક, ख (ष)-ખ, च-ચ, ज-જ, झ-ઝ, ट-ટ, ठ-ઠ, द-દ, फ-ફ, ब-બ, भ-ભ, ळ-ળ, 'ણ' णना ण मरोडमांथी અને 'લ' लના લ મરોડમાંથી થયા છે. બાકીના બધા અક્ષર શિરોરેખાનો લોપ અને વળાંકદાર મરોડની પરિપાટીમાં રહેલા નાગરી મરોડના જ હોઈ, નાગરી લિપિ વાંચનારાઓ માટે એ બધા અક્ષરો વાંચવામાં કંઈ મુશ્કેલી પડતી નથી (જેમકે, ऋ-ઋ, ॠ-ૠ, ग-ગ, घ-ઘ, ङ-ઙ, छ-છ, ञ-ઞ, ड-ડ, ढ-ઢ, त-ત, थ-થ ध-ધ, न-ન, प-પ, म-મ, य-ય, र-ર, व-વ, श-શ, ष-ષ, स-સ, ह-હ.

(૩) અરબી લિપિ અને એની સુલેખન-શૈલીઓ

ગુજરાતના મુઘલકાલીન અભિલેખ ભાષાની જેમ લિપિશૈલીની દૃષ્ટિએ પણ સલ્તનત કાલના અભિલેખોથી જુદા તરી આવે છે. સલ્તનતકાલીન અભિલેખોમાં અરબી ભાષાનું પ્રાધાન્ય રહ્યું તેને લઈને એ મુખ્યત્વે કૂફી, થુલ્થ અને નસ્ખ શૈલીઓમાં કંડારેલા જોવા મળે છે, પરંતુ મુઘલ કાલમાં બહુધા શિલાલેખોની ભાષા ફારસી હોવાથી એમાં નસ્તાલીક શૈલીનો વપરાશ વધુ પ્રમાણમાં થયો છે. આ શૈલીનો ઉદ્ભવ ઈસવી ૧૪મા શતક થયો હતો. કલાલાલિત્યના દેશ ઈરાનમાં એના કલાકારોની નૈસર્ગિક પ્રતિભા અને કલાસહજ માનસે કૂફી, થુલ્થ અને નસ્ખના લોચલચક રહિત લાક્ષણિક રૂપથી અસંતુષ્ટ થઈ પોતાની પ્રતિભાશાળી સર્જનશક્તિ અને કલારસિકતા દ્વારા સ્નિગ્ધતા સુગમતા અને કમનીય સુંદરતાથી યુક્ત એવી અત્યંત લાલિત્યપૂર્ણ શૈલીનું સર્જન કરી એને 'નસ્તાલીક' નામ આપ્યું હતું.

ઘણે અંશે અરબી લખાણ કે લખો માટે નસ્તાલીક શૈલીનો પ્રયોગ પ્રથમથી જ બાધિત રહ્યો. છે અને એ માટે નસ્ખ વગરનો પ્રયોગ સાધારણ રીતે થતો રહ્યો છે.

ગુજરાતમાં પણ વસ્તુસ્થિતિ આ પ્રમાણે જ છે. ભારતમાં નાસ્તાલીક શૈલીનું ચલણ અભિલેખોમાં ફારસી ભાષાના ઉત્તરોત્તર વધતા પ્રયોગ સાથે ૧૬ મી શતકમાં શરૂ થયું, એટલું જ નહિ, પણ એકાદ શતકમાં તો એ એટલી લોકપ્રિય થઈ કે અભિલેખોની શૈલી તરીકે નસ્તાલીકનો જ પ્રયોગ થવા લાગ્યો. માત્ર અરબી અભિલેખોમાં કે અરબી-ફારસી મિશ્ર અભિલેખોમાં અરબી લખાણ માટે નસ્ખ અને એનાથી ઓછા પ્રમાણમાં થુલ્થનો સાધારણ ઉપયોગ થતો. આ જ રીતે ગુજરાતમાં પણ નસ્તાલીકનો પ્રયોગ સલ્તનતના અંત પછી એટલે કે ૧૬ મા શતકના ઉત્તરાર્ધના છેલ્લા બે દસકાઓમાં માંડ શરૂ થયો, ત્યાં સુધી મોટા ભાગના અભિલેખોની ભાષા અરબી હોવાથી નસ્ખ કે થુલ્થ શૈલીઓનું પ્રાધાન્ય રહ્યું. મુઘલ સત્તાની સ્થાપનો સાથે ઉપર દર્શાવ્યા મુજબ ફારસી ભાષા સાથે નસ્તાલીકનો પ્રયોગ વધુ વ્યાપક બનતો ગયો, પણ મસ્જિદોના કે કબરોના સ્મૃતિલેખો તેમજ બીજા અમુક પ્રકારના અભિલેખો માટે અરબી ભાષાનો પ્રયોગ સાવ પડતો મુકાયો નહિ તેમજ ફારસી ભાષાના અભિલેખોમાં પણ કુરાન શરીફની આયાતો કે પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નાં વચનામૃતો વગેરે ધાર્મિક કે સાહિત્યિક સૂત્રોનું પ્રમાણ સારું એવું હતું. આવા અરબી લેખો કે આંશિક અરબી લખાણો નસ્ખ કે થુલ્થમાં લખાવાં ચાલુ રહ્યાં. બલ્કે આ શૈલીઓના ફારસી લેખોની સંખ્યા સાવ ઓછી નથી. નસ્ખ કે થુલ્થ શૈલીમાં કંડારાયેલા સમગ્ર કે આંશિક

અભિલેખોનું પ્રમાણ નસ્તાલીકને મુકાબલે આશરે ૧ : ૨ રહ્યું છે એમ ઉપલબ્ધ નમૂનાઓ પરથી જણાઈ આવે છે.

કલાની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતના મુઘલકાલીન અભિલેખોમાં સલ્તનત કાલીન અભિલેખોમાં જેવા મળે તેવું શૈલી-વૈવિધ્ય નથી એ નિર્વિવાદ છે. આ કાલના અભિલેખોનો મોટો ભાગ નસ્તાલીકમાં છે. બીજે નંબર નસ્ખ શૈલીનો આવે છે. કૂફી શૈલી લગભગ નહિવત્ દેખા દે છે. તુગ્રારૂપવાળા અભિલેખ પણ ઘણા ઓછા છે. નસ્ખમાં પણ સલ્તનતકાલના અભિલેખોમાં જોવા મળે છે તેવું વૈવિધ્ય કે કલાકૌશલ આ સમયના અભિલેખોની નસ્ખ શૈલીમાં નથી. આ નસ્ખ શૈલી સાદી એટલે કે અલંકારરહિત છે, જોકે શૈલીની દૃષ્ટિએ તેઓનું કલાકૌશલ ઊતરતી કક્ષાનું નથી. બલ્કે ઉપલબ્ધ નમૂનાઓમાં અમુક તો આ શૈલીના ઉત્તમ નમૂનાઓની હરોળમાં સહેજે પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકે.

પણ આ કાલના વિશેષ કરીને ૧૮ મા શતકના અભિલેખોમાં એક જુદા પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે. ધાર્મિક સૂત્રો કે અરબી કંડિકાઓવાળા ફારસી અભિલેખોમાં નસ્ખ કે થુલ્થ (કે ક્વચિત્ કૂફી) અને નસ્તાલીક એમ બે લિપિ શૈલીઓનું અમુક નમૂનાઓમાં નસ્તાલીક સાથે નસ્ખ અને થુલ્થ એમ ત્રણ લિપિ-શૈલીઓનું મનોરમ સંયોજન જોવા મળે છે. નસ્તાલીક, થુલ્થ અને નસ્ખ સાથે આંશિક લખાણોમાં તુગ્રારૂપનો પ્રયોગ એક જ લેખમાં થયો હોવાના નમૂના પણ ઉપલબ્ધ છે, પણ આ શૈલી-વૈવિધ્યમાં સલ્તનતકાલીન અભિલેખોમાં જોવા મળતી સુલેખનની વિશિષ્ટતાનો એકંદરે અભાવ દેખાય છે. નસ્તાલીક સિવાય અમુક અન્ય શૈલીઓના અપવાદને બાદ કરતાં એ શૈલીઓનાં પૂર્ણવિકસિત અને અત્યંત કલાયુક્ત રૂપ જોવા મળતાં નથી આનું મુખ્ય કારણ એ હોય કે મુઘલકાલમાં સત્તા સાથે વિદ્યા અને કલાપ્રેમ તથા પ્રોત્સાહનનું કેન્દ્ર ગુજરાતીમાંથી ખસી મુઘલ સામ્રાજ્યની રાજધાની આગ્રા અને દિલ્હીમાં થયું એના પરિણામે અહીં કલા-ઉપાસનામાં ઓટ આવી. વળી નસ્તાલીક શૈલીના વધતા જતા ચલણને લઈને બીજી શૈલીઓના ઉપાસકોની સંખ્યામાં ઉત્તરોઉત્તર ઘટાડો થતો ગયો. જેને લઈને નસ્તાલીક સિવાયની શૈલીઓના અભિલેખની કલાની દૃષ્ટિએ ઝાંખા પડે છે.

સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો નસ્ખશૈલીના ઐતિહાસિક તાત્પર્ય કે ભાવાર્થવાળા અભિલેખ મુઘલ કાલની શરૂઆતમાં ઠીક ઠીક મળે છે. ૧૬ મા શતકના છેલ્લા બે દસકાઓમાં અસ્તિત્વમાં આવેલા વીસેક અભિલેખોમાં નવેક નમૂના નસ્ખ શૈલીમાં કંડારાયેલા છે અને આ અભિલેખો માત્ર એક સ્થળે નહિ પણ

પાટણ પેટલાદ અમદાવાદ સરખેજ વેરાવળ ભરૂચ સુરત વગેરે જુદાં જુદાં સ્થળોએ મુકાયેલા છે. આ અભિલેખોમાં નસ્ખની સાથે થુલ્થ શૈલીના પણ બેએક નમૂના છે. નસ્ખ અને થુલ્થનું ચલણ ૧૭ માથી લઈ ૧૯ મા શતક સુધી થોડા પ્રમાણમાં ચોક્કસ ઘટયું એમ ઉપલબ્ધ નમૂનાઓ પરથી કહી શકાય. એ પ્રમાણે થુલ્થના પ્રમાણમાં પણ કંઈ ખાસ ઘટાડો–વધારો થયો નથી.[14] કૂફી લગભગ નહિવત્ છે, જ્યારે એકાદ જગ્યાએ નસ્તાલીકને ઘસીટ રીતે લખતાં ઉદ્ભવેલી 'શિકસ્તા' નામે ઓળખાતી એક વિભિન્ન શૈલીમાં આલેખાયેલો એક અભિલેખ પણ મળે છે એ ઉલ્લેખનીય છે. ઈ.સ. ૧૮૧૨ ના અપવાદરૂપ ગણાય તેવો આ અભિલેખ રાંદેર (જિ. સુરત) માં એક કબર પર છે.[15]

ઐતિહાસિક લેખોને મુકાબલે માત્ર ધાર્મિક સૂત્રો કે ક્વચિત્ સાથે વર્ષ સંખ્યા ધરાવતા અભિલેખોની સંખ્યા નાની નથી. તેઓનાં લખાણ મોટે ભાગે કુરાન શરીફનાં અવતરણો હોઈ એ લગભગ સમગ્ર રીતે નસ્ખ કે થુલ્થ શૈલીમાં કોતરવામાં આવ્યાં છે. એમની શૈલી કલાકૌશલની દૃષ્ટિએ ચડતી–ઊતરતી કોટિની છે, પણ આ વિધાન ઓછેવત્તે અંશે આ સમયે અભિલેખોમાં વધુ પ્રચલિત તેમજ લોકપ્રિય એવા નસ્તાલીક શૈલીના નમૂનાઓ માટે પણ કરી શકાય.

હવે આ કાલના અભિલેખોનું શૈલીવાર વર્ણન અને તેઓની કલાકૌશલની ચડતી–ઊતરતી કોટિની વિસ્તીર્ણ ચર્ચા કરીએ.

ઉપર કહ્યું તેમ આ સમયમાં કૂફી શૈલીનો પ્રયોગ નહિવત્ થયો છે, પણ આ વસ્તુસ્થિતિ માત્ર ગુજરાતમાં નહિ, પણ ભારત તેમજ ઈરાન જેવા બીજા દેશોમાંય ઓછેવત્તે અંશે જોવા મળે છે. સલ્તનકાલમાં પણ આ પરિસ્થિતિ હતી. લેખનાં 'બિસ્મિલ્લા' જેવાં પ્રારંભિક સૂત્ર કદાચિત્ કૂફીમાં લખાતાં એનો પણ નમૂનો આ કાલના અભિલેખોમાં દુર્લભ છે.

થુલ્થ શૈલીના નમૂના પ્રમાણમાં જૂજ, પણ ઠીક એવી સંખ્યામાં મળે છે. આ અભિલેખો અમદાવાદ પાટણ ખંભાત કે ધોધા જેવાં સ્થળોએ અમુક અરબી ભાષાના કે અરબી ભાષા જેમાં આંશિક રીતે વપરાઈ છે તેવા અભિલેખોમા મળે છે. પણ આવા લેખોની શૈલીની કલામયતા, અમુક અપવાદ સિવાય વિશિષ્ટતાવાળી નથી. સાથે સાથે એને સમગ્ર રીતે સાવ ઊતરતી કક્ષાની પણ ન કહી શકાય. આવા અભિલેખોમાં ખંભાત અને અમદાવાદના ઈસવી ૧૭ મા શતકના અમુક મૃત્યુલેખોનો સમાવેશ થાય છે.[16] આમાંના મોટા ભાગના અભિલેખોમાં નસ્ખ લખાણનો એક એક અક્ષર શૈલીની દૃષ્ટિએ સુંદર અને

સુડોળ આલેખાયો છે. પણ આ બધા અક્ષરોની પંક્તિબદ્ધતા કે ગોઠવણ એટલી સુંદર ન હોઈ સમગ્ર રીતે આખા લખાણની સુલેખનશૈલીની જેવી પ્રાસાદિક છાપ પડવી જોઈએ તેવી પડતી નથી. અપવાદરૂપે ઉત્તમ અને અતિ ઉચ્ચ કોટિમાં મૂકી શકાય તેવી નસ્ખશૈલીના નમૂનાઓમાં એક તો ૧૭મી સદીની મધ્યમાં મુકાયેલો અમદાવાદમાં ખાનપુરમાં આવેલી શાહ અબ્દુલવહાબ સાહેબની દરગાહ ની મસ્જિદનો લેખ છે.[૧૭] ધાર્મિક અવતરણોવાળા આ લેખની થુલ્થ શૈલી એના મૂળાક્ષરોની સપ્રમાણ ગોળાઈ તેમજ જાડાઈ સાથે કલામય આકર્ષક પંક્તિબદ્ધ ગોઠવણ—એ બંને દૃષ્ટિએ અતિ ઉચ્ચ કોટિની છે. આવી જ સુંદર અને પ્રાસાદિક થુલ્થ શૈલીના બે નમૂના અમદાવાદમાં જ આસ્તોડિયાની કાજી સાહેબની મસ્જિદમાં છે.[૧૮] આ બંને લેખોમાં પણ ટૂંકાં ધાર્મિક લખાણ છે, પણ તેઓનાં થુલ્થ શૈલીની ઉચ્ચ કોટિ જોતાં એ કોઈ સિદ્ધ કલાકારના હસ્તે આલેખાયેલી હોય એમ જણાય છે મુઘલકાલના આરંભની થુલ્થ શૈલીનો એક બીજો ઉત્કૃષ્ટ નમૂનો હાલ વડોદરાની જુમા મસ્જિદમાં આવેલો, પણ મૂળ એ જ શહેરમાં દંતેશ્વર ખાતે આવેલ હજીરાના મૃત્યુલેખ દ્વારા પૂરો પાડે છે.[૧૯] આ મૃત્યુલેખની એ બીજી અસાધારણતા એ છે કે એ પથ્થરની બંને બાજુએ બે જુદા પણ એક જ ભાવાર્થનાં લખાણોમાં થુલ્થ અને નસ્તાલીક એમ બે શૈલીઓમાં કંડારાયેલો છે. આમાં લખાણનો ઘણો થુલ્થમાં છે.

પૅનલના અર્ધા કદ જેટલા એના અક્ષરોના જુદા ભાગોની સંતુલિત અને આવશ્યક જાડાઈ, પૅનલમાં ઠેઠ ઉપર સુધી ખેંચાયેલા એના ઊભા અને ત્રાંસા લસરકાઓનું સુંદર સપ્રમાણ અને સમાંતર આલેખત તથા આડા લસરકાઓ તેમજ ગોળાઈદાર સમરૂપતાથી આ લેખ થુલ્થ શૈલીનો અતિ સુંદર નમૂનો બન્યો છે. થુલ્થ શૈલીનો બીજો એક ઉલ્લેખનીય લેખ ખંભાતમાં નિશાતબાગ નામે ઓળખાતી જુમા મસ્જિદની દક્ષિણે આવેલ ખુલ્લી જગ્યામાં રહેલી એક કબર પર છે.[૨૦] ઈ.સ. ૧૭૦૯ નો આ લેખ પૂરો થુલ્થ શૈલીમાં છે. જે કલાની દૃષ્ટિએ સુંદર છે. એના સૂત્રાક્ષરોના ઘાટ તેમજ વિવિધ ભાગોનું આલેખન સિદ્ધ કલાકારના હસ્તની પ્રતીતિ કરાવે છે. સમગ્ર રીતે આ લેખની શૈલી અમદાવાના ઉપર્યુક્ત લેખો જેવી ઉત્કૃષ્ટ કોટિની તો નહિ. પણ સુંદર છે એ નિર્વિવાદ છે. આની હરોળમાં મૂકી શકાય તેવા અમદાવાદમાં જમાલપુરમાં આવેલી નીશાપુરીની મહાન ફારસી કવિ નઝીરીની કહેવાતી કબર પરનાં બે લેખ છે.[૨૧] ઈ.સ. ૧૬૭૨ માં મુકાયેલો ધોધાનો એક લેખ પણ સારી કહી શકાય તેવી શૈલીમાં છે.[૨૨]

નરખ કે થુલ્થ શૈલીને 'રિકા' શૈલી જેવું આલંકારિક રૂપ અપાયું છે. એવા નમૂના પણ મુઘલકાલની અમદાવાદ ખંભાત પાટણ ને ઘોઘા જેવાં સ્થળોના અભિલેખોમાં દૃષ્ટિગોચર થાય છે. ખંભાતના ૧૩ મી ૧૪ મી અને ૧૫ મી સદીના સંખ્યાબંધ મૃત્યુલેખોમાં ઉચ્ચ કોટિનું 'રિકા' જેવું ઉત્કટ લાલિત્ય કે લાવણ્ય મળે છે તેવું ઉપર્યુક્ત અભિલેખોમાં નથી, છતાં સુંદર કહી શકાય તેવી આ શૈલી મુઘલકાલના અભિલેખોની સુલેખનકલામાં એક જાતનું વૈવિધ્ય અર્પિત કરે છે તે નોંધપાત્ર છે.

આવો 'રિકા'વાળી નસ્ખ શૈલીનો ઉચ્ચ નમૂનો સરખેજમાં મહમૂદ બેગડાના રોજામાં આવેલી રાણી રાજબાઈની કબરના લેખમાં જોવા મળે છે, જે રાણીના મૃત્યુ વર્ષ ઈ.સ. ૧૫૯૦-૯૧ લગભગ કંડારવામાં આવ્યો હતો.[૨૩] આ શૈલીના બીજા નમૂનાઓમાં અમદાવાદની પીર મુહમ્મદશાહના રોજામાં આવેલી મસ્જિદના ઈ.સ. ૧૬૧૪ ના લેખનો સમાવેશ કરી શકાય.[૨૪] અમદાવાદમાં ઉપલબ્ધ ખંભાતની નવાબીના આદ્ય પુરુષ અને મુઘલ સૂબેદાર મોમીનખાન ૧ લાનો ઈ.સ. ૧૭૪૩ નો મૃત્યુલેખ પણ અત્યંત સુંદર અને ઉચ્ચ પ્રકારની આ શૈલીમાં છે.[૨૫] આવા બીજા લેખોમાં ખંભાતના નવાબી ખાનદાનના ઈ.સ. ૧૭૪૭ અને ૧૭૬૯ ના મૃત્યુલેખ પણ આ શૈલીના સુંદર નમૂનાઓની હરોળમાં આવી શકે.[૨૬] ૧૯ મી સદીના પ્રારંભ સુધી આવી શૈલીના નમૂના ઉપલબ્ધ છે એ હકીકતની નોંધ લેવી ઘટે.[૨૭]

લાક્ષણિક નસ્ખ શૈલી, જે નસ્તાલીક પછી બીજા નંબરે પ્રાધાન્ય ધરાવે છે, તેના નમૂના વિવિધ કોટિના છે અને ગુજરાતના વિવિધ ભાગોમાં તેમજ મુઘલસત્તાના પ્રારંભથી લઈને અંત સુધી જોવા મળે છે. આમાં બીજી શૈલી સાથે નસ્ખનો આંશિક પ્રયોગ થયો છે તેવા અને માત્ર નસ્ખનો જ પ્રયોગ થયો છે તેવા લેખ લગભગ એકસરખી સંખ્યામાં છે. આ સંદર્ભમાં એ વસ્તુ નોંધપાત્ર છે કે મૃત્યુ-લેખોમાં વિશેષ કરીને દાઊદી વહોરાઓનાં અમદાવાદના સરસપુરમાં આવેલા કબ્રસ્તાનોના ૧૬મી સદીથી લઈને ૧૯મી સદીના મૃત્યુલેખો–(જે અરબી ભાષામાં છે.)ની લેખન શૈલી નસ્ખ છે.[૨૮]

મુઘલકાલીન અભિલેખોની નસ્ખ શૈલી અલંકૃત નહિ, પણ સાદી છે, પણ સમગ્ર રીતે સંતોષજનક છે. મુઘલસત્તાના આરંભ-સમયનો ઈ.સ. ૧૫૭૭નો સ્થાનિક મુઘલ અધિકારીની પત્ની દ્વારા બંધાયેલી મસ્જિદનો અભિલેખ[૨૯] આ શૈલીમાં છે. આ અભિલેખમાં શિલાના અર્ધા ઉપરાંત સહેજ વધુ ભાગને આવરી લેતા મૂળ લખાણની પંક્તિબદ્ધ ગોઠવણ અને સૂત્રાક્ષરોના ઊભા અને આડા

લસરકાઓનું તાલબદ્ધ ક્રમવાર અને સમાંતર નિરૂપણ નોંધપાત્ર છે. ખંભાતના ઈ.સ. ૧૬૨૭–૨૮ ના અભિલેખનુ નસ્ખ આલેખન સુલેખન–કલાની દૃષ્ટિએ તો સુંદર છે, પણ દેખાવમાં એટલું આકર્ષક નથી. આ અભિલેખના સુલેખનકાર ચાંદ મુહમ્મદચિશ્તીએ પોતાના નામનો નિર્દેશ કર્યો છે.[30] ખંભાતના બીજા એક ઈ.સ. ૧૬૪૬–૪૭ ના લેખની નસ્ખ પણ સારી છે.[31] આ જ અરસામાં ઈ.સ. ૧૬૪૯ માં મુકાયેલા અમદાવાદની મુહાફિઝખાનની મસ્જિદના પ્રવેશદ્વાર તેમજ પાણીના ટાંકાના નિર્માણને લગતા બે અભિલેખ નસ્ખ શૈલીના ઉચ્ચ કોટિના નમૂના ગણાય.[32] નસ્ખશૈલીનો એક બીજો સુંદર નમૂનો ૧૭ મી સદીના અંત કે ૧૮ મી સદીના પ્રારંભનો ગોધરાના એક લેખમાં જોવા મળે છે.[33]

પણ નસ્ખના આ બધા કરતાં અત્યંત ઉત્કૃષ્ટ નમૂના અમદાવાદની આસ્તોડિયામાં આવેલી કાઝી સાહેબની મસ્જિદના બે અભિલેખ છે.[34] એઓની વર્ષ–સંખ્યા દર્શાવતા ક્રોનોગ્રામ(તિથિબંધ)વાળા શબ્દસમૂહ નસ્ખમાં છે.

આનાથી પણ વધુ સુંદર અને મુઘલકાલીન નસ્ખશૈલીના નમૂનાઓમાં સહેજે સર્વશ્રેષ્ઠ સ્થાન મેળવે તેવો અભિલેખ અમદાવાદની હઝરત મૂસા સોહાગની દરગાહની મસ્જિદમાં છે, જે ઈ.સ. ૧૬૯૦–૯૧માં જલાલ નામના કલાકારના હસ્તે કંડારવામાં આવ્યો હતો.[35] એના નસ્ખ અક્ષરોનો ઢાળ તેમજ મરોડ —એ ઊભા ત્રાંસાં કે આડા લસરકાઓનું સપ્રમાણ સમાંતર આલેખન આ સુલેખનકારની કલાપ્રતિભાનાં દર્શન કરાવે છે. ઉપરાંત લંબચોરસ શિલા પર ત્રણ જાડી પટ્ટીવાળી આડી પૅનલોમાં ગોઠવેલા લખાણની દરેક પૅનલના લખાણના ઊભા લસરકાઓને કાપતા તથા આ રીતે પૅનલને ૧ : ૨ ના પ્રમાણમાં વહેંચી નાખતા આડા લસરકા ખેંચવામાં સુલેખનકારે જે કલાચાતુર્ય વાપર્યું છે તે લેખની આકર્ષતામાં વધારો કરે છે. આ લેખની નીચે અંકિત થયેલા ફારસી લેખમાં નિર્માતાનું નામ 'જાફર' આપવામાં આવ્યું છે.[36]

મુઘલકાલીન અભિલેખોની બીજી સુલેખનશૈલીઓમાં નસ્તાલીક શૈલીમાં આલેખાયેલા લેખો સંખ્યા તેમ જ સુલેખન બંનેની દૃષ્ટિએ ચડિયાતા છે. એમાં સુંદર કહી શકાય તેવી શૈલીવાળા લેખો સારી સંખ્યામાં છે. આ કાલમાં નસ્તાલીક શૈલીના અભિલેખોની તેમજ એ શૈલીમાં હથોટી ધરાવનારા કલાકારોની સંખ્યા વધી હોય એ દેખીતું છે અને તેથી મુઘલકાલીન અભિલેખોમાં ઈસવીના ૧૬ મા શતકના અંતથી જ નસ્તાલીક શૈલીના સુંદર નમૂનાઓનું પ્રમાણ વધારે છે.

ઇતિ–૬–૨૩

નસ્તાલીક શૈલીની એક બીજી વિશિષ્ટતા એ છે કે કૂફી, નસ્ખ કે એવી બીજી આલંકારિક શૈલીઓથી વિપરીત કદાચ આ જ એક શૈલી છે, જેના ઘાટ કે રચનાના નિશ્ચિત નિયમોમાં સુલેખનકાર મન ફાવતી છૂટ લેતો નથી. એટલે બીજી શૈલીઓના મુકાબલે નસ્તાલીક શૈલીનું બાહ્ય સ્વરૂપ લગભગ એકસરખું રહ્યું છે ને નસ્તાલીકના નમૂનાઓમાં કલામયતાના પ્રમાણની એકરૂપતા બીજી શૈલીઓ કરતાં વધુ દૃષ્ટિગોચર થાય છે.

આમ તો નસ્તાલીક શૈલીવાળા અભિલેખ ગુજરાતના લગભગ દરેક ભાગમાં મળે છે. પણ મુઘલ સત્તાનાં અમદાવાદ સુરત ભરૂચ જૂનાગઢ ખંભાત વગેરે કેન્દ્રસ્થળોએ તેઓની સંખ્યા પણ વધુ છે અને એમાં સુંદર અને આકર્ષક નમૂના પણ સારી સંખ્યામાં છે. આ શૈલીનો સહુથી પ્રાચીન નમૂનો વડોદરાના હજીરાના અભિલેખ દ્વારા મળે છે. એમાં ગુજરાતના મુઘલ અધિકારી નવાબ કુત્બુદ્દીન મુહમ્મદખાનના મૃત્યુનો ઉલ્લેખ કરતું ઐતિહાસિક લખાણ નસ્તાલીક શૈલીમાં છે અને એ ઉચ્ચ કોટિની છે. એના અક્ષરોનો વળાંક તેમ ગોળાઈ તથા સીલાઈની સપ્રમાણતા ઉપરાંત ફારસી લખાણની શિલાની ચારે બાજુ પટ્ટી જેવી સુંદર નાની મહેરાબી પૅનલોમાં ગોઠવણ વધારે છે.[૩૭]

૧૭ મા શતકના પ્રારંભના નમૂનાઓમાં ઈ.સ. ૧૬૦૯–૧૦ માં આલેખાયેલ જહાંગીરના સમયના ગુજરાતના સૂબેદાર નવાબ મુર્તુઝાખાન દ્વારા નિર્મિત કડીના દરબારગઢવાળો લેખ પણ સુંદર નસ્તાલીકમાં છે.[૩૮] એ નવાબે એ જ વર્ષમાં બંધાવેલી ભરૂચની બે મસ્જિદોના લેખ પણ એવી જ સુંદર અને પ્રાસાદિક નસ્તાલીક શૈલીમાં છે.[૩૯]

જહાંગીરના સમયનો ઈ.સ. ૧૬૧૧ નો અમદાવાદની જુમા મસ્જિદમાં પાણીનાં ટાંકાં ને હોઝ બંધાવવાનો ઉલ્લેખ કરતો અભિલેખ પણ નસ્તાલીક શૈલીનો સુંદર નમૂનો છે.[૪૦]

શાહજહાંના સમયના ઉત્કૃષ્ટ નસ્તાલીક શૈલીના સંખ્યાબંધ અભિલેખ પ્રાપ્ય છે. આ અભિલેખોમાં જે અતિ સુંદર છે તેઓનો મોટો ભાગ મુઘલ સૂબેદારો કે મોટા અધિકારીઓએ અમદાવાદ રાણપુર સુરત વગેરે સ્થળોએ બંધાવેલ નાનીમોટી ઇમારતો પર જોવા મળે છે એ સૂચક છે. આવો અતિસુંદર અને લાવણ્યમય મરોડ તથા સ્નિગ્ધ લસરકાવાળા અક્ષરો અને ફૂલબુટ્ટાથી આભૂષિત રાણપુર(જિલ્લા અમદાવાદ)ના ઈ.સ. ૧૬૩૮ ના આઝમખાન દ્વારા નિર્મિત ગઢના મુખ્ય પ્રવેશદ્વારનો પણ હાલ ગામની એક મસ્જિદમાં સચવાયેલો લેખ[૪૧] ગુજરાતના તો શું, પણ ભારતના મુઘલકાલીન નસ્તાલીક શૈલીના શ્રેષ્ઠ

નમૂનાઓની હરોળમાં મૂકી શકાય. પ્રસ્તુત ગઢમાં આવેલી મસ્જિદ અને હમામ તથા બહાર થોડે દૂર આવેલા એક કૂવા પર આ સમયના જે અભિલેખ છે[૪૨] તેમની નસ્તાલીક શૈલી પણ એવી જ સુંદર છે. અમદાવાદમાં આઝમખાને એક વર્ષ પહેલાં બંધાવેલા અને એના નામથી ઓળખાતા મહેલના પ્રવેશદ્વારનો એક લેખ આ શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે.[૪૩] આવી જ ઉત્કૃષ્ટ શૈલીનો બીજો નમૂનો, ઈ.સ. ૧૬૪૪ નો, સુરતની સરાઈના લેખમાં મળે છે, જે અત્યારે મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં છે.[૪૪] ગદ્ય અને પદ્યમાં રચિત આ લેખ લંબ-ચોરસ શિલા પર વચમાં ત્રણ પંક્તિઓમાં આડી મહેરાબી પૅનલો અને એની ચારે બાજુ આ પૅનલથી અર્ધા પહોળા કદના પટ્ટમાં કંડારેલ છે. વચલી પૅનલોના પદ્યલખાણમાં મહાન મુઘલ અધિકારી હકીકતખાન દ્વારા મોટા સુંદર નસ્તાલીક અક્ષરોમાં સરાઈ–નિર્માણનો ઉલ્લેખ છે. પૅનલો તથા પટ્ટા સાથે અક્ષરોના કદનું વિરોધાભાસી વૈવિધ્ય, અક્ષરોના વક્ર ભાગો કે આડા ઊભા લસરકાઓના ઉઠાવ ઉપરાંત તેઓની વચ્ચે જળવાયેલું સંતુલિત અંતર તથા શૈલીની કુમાશ દ્વારા વ્યક્ત થતા કલાકૌશલની હૃદયંગમ મનોહરતાએ આ લેખને નસ્તાલીકના ઉત્કૃષ્ટ નમૂનાઓમાં અગ્રિમ સ્થાન અપાવ્યું છે. લેખમાં સુલેખનકાર મુહમ્મદ અમીન મશહદીએ પોતાનું નામ પણ આપ્યું છે.

આવી જ અત્યંત મનોહર અને સ્નિગ્ધ નસ્તાલીક શૈલીવાળો ૧૧ કડીઓના કાવ્યનો લેખ અમદાવાદમાં ખાનપુરમાં આવેલી શાહ અબ્દુલવહ્હાબ સાહેબની દરગાહની મસ્જિદમાં છે.[૪૫] ઈ.સ. ૧૬૫૪માં શાહજાદા મુરાદબખ્શની સૂબાગીરી સમયે મુકાયેલો આ લેખ સાદી કમાન આકારની આડી પૅનલોની બે બે પંક્તિઓમાં ઉત્તમ કોટિની નસ્તાલીક શૈલીમાં અભિલિખિત છે અને આ શૈલીનો શ્રેષ્ઠ નમૂનો પૂરો પાડે છે.

નસ્તાલીક ૧૭મા શતકના બીજા ઉત્તમ નમૂનાઓમાં જૂનાગઢ તથા અમદાવાદમાં ઉપલબ્ધ ઔરંગઝેબના સમયનાં ગુજરાતના સૂબેદાર સરદારખાનના અભિલેખ પણ ઉલ્લેખનીય છે. જૂનાગઢના સરદારબાગમાં આવેલી મસ્જિદ તથા બીજી ઇમારતો પરના ઈ.સ. ૧૬૮૦–૮૧ ના લેખોનું સુલેખન ઉચ્ચ કોટિનું[૪૬] અને એનાથી પણ વધુ સુંદર નસ્તાલીક શૈલીવાળો અમદાવાદમાં જમાલપુરમાં આવેલા સરદારખાનના રોજાનો મૃત્યુલેખ છે.[૪૭] ઈ.સ. ૧૬૮૩-૮૪ લગભગનો ચારે બાજુ સુંદર ફૂલપત્તીની જાડી પટ્ટી વચ્ચે સાદી પેનલ પાડ્યા વગરની જગ્યામાં અભિલિખિત આ લેખ નિઃશંક આ શૈલીના સર્વશ્રેષ્ઠ નમૂનાઓમાં મૂકી શકાય.

૧૭ મી સદીના ઉત્તરાર્ધના નસ્તાલીકના બીજા સુંદર નમૂનાઓમાં જૂનાગઢ માંગરોળ તથા સોમનાથ[48] ખાતે ઔરંગઝેબના સોરઠના સૂબેદાર શાહવર્દી ખાન દ્વારા જારી કરાયેલ આદેશવાળા લેખ ઉપરાંત અમદાવાદનો ઈ.સ. ૧૬૫૧નો જીવણપોળની મસ્જિદનો તથા બાદશાહના હજીરામાં આવેલા કોટવાલખાનનો ઈ.સ. ૧૬૫૬ નો મૃત્યુલેખ તથા પીર મુહમ્મદશાહના રોજાની મસ્જિદમાંનો ઈ.સ. ૧૬૮૧ નો તથા હજરત મૂસા સાહેબની દરગાહની મસ્જિદનો ઈ.સ.૧૬૮૮–૮૯ નો,[49] સુરતમાં અબ્દુર્રહેમાન નામે સુલેખનકારના હસ્તે અભિલિખિત ઈ.સ. ૧૬૮૧ નો તથા એજ વર્ષમાં ટીંડેલ મસ્જિદનો અબૂહ્ખૈર દ્વારા લખાયેલો;[50] પાટણનો અધૂરો, પણ આ શતકના અંતમાં લખાયેલો,[51] એવા અભિલેખોનો સમાવેશ થાય છે.

ઉપરવાળા બધા લેખ ઊભરાઈ આવેલા અક્ષરોમાં કંડારવામાં આવ્યા છે, માત્ર ભરૂચના ૧૬૦૯–૧૦ વાળા બે લેખ પથ્થરની અંદર કોતરી કાઢેલા અક્ષરોમાં છે. ભરૂચ તેમજ સુરતના ૧૮ મા શતકના સંખ્યાબંધ અરબી તેમજ ફારસી લેખ આવી રીતે સંસ્કૃત લેખોની જેમ કોતરવામાં આવેલા છે. ભરૂચની કોટવાળ મસ્જિદનો ઈ.સ. ૧૭૨૧–૨૨ નો સુતરની ટીંડેલ મસ્જિદનો ઈ.સ. ૧૬૮૧નો, ગોપીતલાવના ઈ.સ. ૧૭૧૭–૧૮ના લેખો (જેમાંના એકમાં સુલેખનકાર વલીઉલ્લાહનું નામ મળે છે), ભાગલબારિયા દરવાજાનો ઈ.સ. ૧૭૨૦નો, મુલ્લામસ્જિદનો ઈ.સ. ૧૭૨૨–૨૩ નો, લાલ દરવાજાનો ઈ.સ. ૧૭૩૮–૩૯નો.[52] આ બધા લેખ સુંદર નસ્તાલીક સુલેખન અને વિવિધ આકારની કલાત્મક પૅનલોની મનોહરતા માટે નોંધપાત્ર છે.

૧૮ મા શતકના ઊભરાઈ આવેલા અક્ષરવાળા બીજાં સ્થળોના સંખ્યાબંધ નમૂના ઉપલબ્ધ છે; જેમ કે અમદાવાદના સલાપસ રોડ ઉપર આવેલા મુસ્લિમ યતિમખાના પર તેમજ પાસે મુઘલ સૂબેદાર સુજાતખાનના રોજા અને મસ્જિદના ઈ.સ. ૧૭૦૧ ની આસપાસના તેમજ રાજા રઘુનાથ દ્વારા નિર્મિત પાંચકૂવા પાસેની વાવનો ઈ.સ. ૧૭૨૨–૨૩ નો,[53] ગોધરાની નગીના મસ્જિદનો ઈ.સ. ૧૭૩૬–૩૭નો,[54] વગેરે. આ બધા લેખોનું નસ્તાલીક આલેખન ઉચ્ચ કોટિનું છે.

મુઘલ સત્તાના અસ્ત સમયે નસ્તાલીકના અભિલેખોની શૈલીમાં આવાં અવનતિનાં એંધાણ મળે છે, પણ સમગ્ર રીતે જોઈએ તો સુલેખન સાવ ઊતરતી કક્ષાએ ગયું નથી અને સાધારણ સુંદર કહી શકાય તેવા સંખ્યાબંધ નમૂના અમદાવાદ ખંભાત સુરત ભરૂચ જૂનાગઢ માંગરોળ કુતિયાણા ભૂજ સમી (જિ. બનાસકાંઠા) વગેરે સ્થળોએ મળી આવે છે.[55] આ બધામાં ખંભાતના નવાબી

સમયના સંખ્યાબંધ અભિલેખ—જેમાંના મોટા ભાગના મૃત્યુલેખ છે—આગવું સ્થાન ધરાવે છે. આ કક્ષામાં આવતા અભિલેખ ત્યાંના સુરતી મકબરા કે બડા મકબરાના નામે ઓળખાતા રોજાઓમાં મળી આવ્યા છે.[૫૬]

બીજી શૈલીઓમાં તુગ્રાના અભિલેખ ખાસ મળતા નથી. લાક્ષણિક તુગ્રા અતિ-મર્યાદિત છે. તુગ્રાના લાક્ષણિક નમૂનાઓમાં ૧૬–૧૭ મા શતકના બે ઉલ્લેખનીય છે : એક અમદાવાદના વિખ્યાત સંતકવિ શાહ અલીજી ગામધણીની જમાલપુર રોડ પરની દરગાહની પાછળ આવેલી મસ્જિદનો લેખ છે.[૫૭] જેમાં અલ્લાહ મુહમ્મદ (સ. અ. વ. સ.) તથા એમના ચાર મુખ્ય સહચરો હઝરત અબૂબક્ર ઉમર ઉસ્માન અને અલી (ર.અ) વગેરેનાં નામોનું થુલ્થ શૈલીના તુગ્રા રૂપમાં આલેખન થયું છે. બીજો નમૂનો વડોદરાના હજીરાવાળા લેખનો છે. એમાં લેખના કમાનદાર ભાગમાં અંકિત અંશ–ઇસ્લામનો પ્રથમ કલિમો–તુગ્રાના એક બીજા લાક્ષણિક રૂપમાં છે, જેને 'તુગ્રાએ મઅકૂસ' (અર્થાત્ ઊલટ–તુગ્રા) કહેવામાં આવે છે. આમાં પ્રસ્તુત કલિમાનું જમણી બાજુ લખાયેલું લખાણ ડાબી તરફ પડે તેવા બિલકુલ ઊલટા ક્રમમાં આલેખાયેલું છે.[૫૮]

પાદટીપ

૧. જુઓ 'વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા', પુ. ૧, અંક ૨, પૃ૦ ૨૦.

૨. પ્ર. ચિ. પરીખ, 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ', પૃ. ૨૪૯

૩. આ લિપિનો ઉદ્ભવ તો સલતનત કાલના ઉત્તરાર્ધમાં થયો હતો, પણ એનો મુખ્ય વિકાસ મુઘલ કાલમાં થયો હોવાથી એનુ વિગતે નિરૂપણ અહીં કરવું ઉચિત માન્યું છે.

૪. બચુભાઈ રાવત, 'લિપિવિકાસ', "કુમાર"; પુ. ૧૪, પૃ. ૧૬૪

૫. 'વિમલપ્રબંધ', ખંડ ૫, કંડિકા ૪૬–૪૭

૬. વ્રજલાલ શાસ્ત્રી, "ગુજરાતી ભાષાનો ઇતિહાસ", પૃ. ૬૯

૭. અનંત કાકબા પ્રિયોળકર, 'ગુજરાતી મુદ્રણકળાનું આદિપર્વ', "ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક". પૃ. ૧૩, અંક ૪, પૃ. ૪૦

૮-૯. ગુજરાત વિદ્યાસભા અને ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદના સંગ્રહાલયમાં સંગૃહીત હસ્તપ્રત ક્રમાંક (ગુજરાતી) ૨૬૬

૧૦ સદર સ્થાન, હસ્તપ્રત ક્રમાંક (ગુજરાતી) ૨૮

૧૧, સદર સ્થાન, હસ્તપ્રત (ગુજરાતી) ક્રમાંક ૨૯૨ બ.

૧૨. સદર સ્થાન, હસ્તપ્રત (ગુજરાતી) ૯૧૫

૧૩. આ વર્ણના વિકાસ માટે જુઓ પ્ર. ચિ. પરીખ, 'ગુજરાતી લિપિ'. "વાક્", માર્ચ, ૧૯૬૯, પૃ. ૭ ઉપરનો પટ્ટ.

૧૪. આનું કારણ અભિલેખોમાં ધાર્મિક સૂત્રો વગેરેનું પ્રમાણ દેખીતાં કારણોસર અવિરત રહ્યું તે છે.

૧૫. *Annual Report on Indian Epigraphy (ARIE), 1962–63*, No. D, 42

૧૬. *ARIE, 1959-60*. No, D, 45 (ઈ.સ. ૧૬૨૯), 47 (ઈ.સ. ૧૬૩૪); *ibid, 1973–74*, No. D, 55 (ઈ.સ. ૧૬૩૮)

૧૭. *Ibid., 1967–68*, No. D, 91 (૧૬૭૪–૭૫ ની આસપાસનો)

૧૮. *Ibid.*, No. D, 175 (૧૬૯૧–૯૨), 176 (ઈ.સ. ૧૬૯૮–૯૯)

૧૯. *Ibid., 1959-60*, No. D, 87–88; *Epigraphia Indica, Arabic and Persian Supplement (EIAPS) 1970*, pp., 71–72, pl. XVIII a, b. આ લેખ ઈ.સ. ૧૫૮૩ નો છે.

૨૦. *ARIE, 1956–57*, No. D, 47. આ લેખ મૃત્યુલેખ નથી, પણ જલાલી ફિરકાના બે ફકીર ચેલાઓ દ્વારા બંધાયેલી તથા વક્ફ કરાયેલી અમુક મિલકત બાબત છે.

૨૧. Dr. M. A. Chaghtai. *Muslim Monuments of Ahmedabad through their Inscriptions (MMA)* p. 85, pl. XXXVII and XXXIX; *ARIE, 1954–55*, No. C. 33

૨૨. *ARIE, 1954–55*, No. 33

૨૩. *Ibid., 1968–64*, D, 83 ૨૪, *Ibid., 1959–60*, D, 46

૨૫. *Ibid., 1964–65*, No. 26; *MMA*, 99 (પ્લેટ આપેલ નથી.)

૨૬. *ARIE, 1973-74*, Nos. D, 51, 52

૨૭. બીજા અમુક લેખ—ઈ.સ. ૧૬૬૪ નો ઘોઘા (*ibid., 1954-55*, No. C, 32), ઈ.સ. ૧૬૯૪–૯૫ નો પાટણ (*ibid., 1960–61*, No. D. 62) તથા ઈ.સ. ૧૭૧૯–૨૦ માંડવી (*ibid., 1961–62*, No. D, 20) નો છે. માંડવીનો લેખ ખંભાતના ૧૪ મી સદીના લેખો જેવી શૈલી અને ગોઠવણનો છે, પણ સુંદરતામાં એટલો ઉત્કૃષ્ટ નથી.

૨૮. *Ibid., 1956–57*, No. D, 13, 14; *ibid., 1963–64*, Nos. D, 64–75, 77–81

૨૯. *Ibid., 1960-61*, No. D, 64, *EIAPS. 1970*, p. 66, pl. XVI b
૩૦. *ARIE, 1954–55*, No. C, 46
૩૧. *Ibid.*, No. D, 44
૩૨. *Ibid., 1967–68*, Nos, D, 110, 111; *MMA*, p. 67, pl. XXV b, e માં વર્ષસંખ્યા હિ.સ. ૧૦૪૯ (ઈ.સ. ૧૬૩૯) અપાઈ છે. એ હિ.સ. ૧૦૫૯ (ઈ.સ. ૧૬૪૯) જોઈએ.
૩૩. *Ibid., 1968–69*, No. D, 216
૩૪. *Ibid., 1967–68*, Nos. D, 175-176   ૩૫-૩૬. *Ibid.*, No. 106
૩૭ *Ibid., 1959-60*, Nos. D. 87–88
૩૮. *Ibid., 1964-65*, No. D, 33; *Important Inscription s of the Baroda State*, No II, p. 9, plate III
૩૯. *Epigraphia Indo–Moslemica (EIM), 1933–34, Supplement*, p. 33, plate XIX b, e. આ લેખ પથ્થરની અંદર કોતરાયેલા મળે છે.
૪૦. *MMA*, p. 45, plate X b
૪૧. *ARIE, 1954–55*, No. E, 16
૪૨. *Ibid.*, Nos. D, 17-19. આ લેખ ઈ.સ. ૧૬૪૧. ૧૬૪૨ ના છે.
૪૩. *EIM, 1967-68*, No. D, 90; *MMA*, p. 87 (no plate).
૪૪. *EIM, 1925-26*, p. 11, plate VI a; આ સરાઈ, જેમાં સુરતનું મ્યુનિસિપલ કાર્યાલય બેસે છે; તે સ્થાપત્યના માંડ બે-ત્રણ ઉપલબ્ધ નમૂનાઓમાંનો એક હોઈ એનું રક્ષણ થવું ઘટે.
૪૫. *ARIE. 1967–68*, No. D, 93; *MMA* pp. 90–91 (પ્લેટ નથી).
૪૬. *Ibid, 1954–55*, Nos. E. 129–131
૪૭. *Ibid., 1967–68*, No. D, 150. ચાલુ સદીના પૂર્વાર્ધમાં કોઈ લોકોના હસ્તે આ લેખ તોડી નાખવામાં આવ્યો છે અને એનો કોઈ અવશેષ બચ્યો નથી, સદ્‌ભાગ્યે એની પ્રતિલિપિ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની નાગપુર-સ્થિત અરબી-ફારસી અભિલેખોની શાખામાં ઉપલબ્ધ છે.
૪૮. *Ibid., 1952-53*, No. C, 118; *Ibid, 1954–55*, Nos. C 132, 143; *EIAPS. 1955* and *1956*, p. 99, pl. XXVI *e*, સોમનાથવાળો લેખ જૂનાગઢ મ્યુઝિયમમાં છે.

૪૯. *MMA*; p. 69, pl. XLV; *ARIE. 1959–60*, No, D, 42. *1967-68* Nos. D, 132; 106

૫૦ *EIM, 1933–34, Supplement*, p, 39, pl. XXII b

૫૧. *ARIE, 1954–55*, No. E, 63

૫૨. *Ibid.*, p. 39, pl. XXIIb; p. 44, pl. XXIII a. *b*, *ARIE, 1965–66*, No. D. 33

૫૩. *ARIE, 1967-68*, Nos. 99, 165; *Ibid.*, 1970-71, No. D, 57

૫૪. *Ibid, 1968–69*, No. D, 215

૫૫. *Ibid., 1954–55*, Nos. 6. 134 (ઈ.સ. ૧૭૫૭). 144 (ઈ.સ. ૧૭૩૩), 145 (ઈ.સ. ૧૭૪૯); *ibid.*, 1956–57, No. D, 41 (ઈ.સ ૧૭૨૨-૨૩); *1961-62* No. D. 13 (ઈ.સ. ૧૭૪૪-૧૭૪૫) વગેરે

૫૬. *Ibid.*, 1973–74 Nos. D, 27 (ઈ.સ. ૧૮૦૫). 31 (ઈ.સ. ૧૭૮૨-૮૩)

૫૭. *Ibid., 1966-67*, No. D, 44

૫૮. *Ibid., 1959*, No. D, 87; *EIAPS, 1970*, p. 71, pl. XVIII b

પ્રકરણ ૧૧

ધર્મ-સંપ્રદાયો

૧. હિંદુ–જૈન

હિંદુ ધર્મના બે મુખ્ય સંપ્રદાય તે શૈવ–શાક્ત અને વૈષ્ણવ. સાતમા-આઠમા સૈકામાં શૈવ ધર્મ એ પાશુપત, શૈવ, કારુકસિદ્ધાંત અને કાપાલિક એ ચાર સંપ્રદાયો-રૂપે વિભક્ત થયેલો હોવાના પુરાવા મળે છે. લગભગ ૧૪ મા સૈકા સુધી આ ચારેય સંપ્રદાય પ્રચલિત હતા, પણ સમસ્ત દેશમાં તેમજ ગુજરાતમાં પાશુપત સંપ્રદાયનો વિશેષ પ્રચાર હતો એમ જણાય છે. મુસ્લિમ આક્રમણનું જે પ્રબળ મોજું ગુજરાત ઉપર આવ્યું તેમાં સોલંકી કાલમાં બંધાયેલાં વિશાળ અને ભવ્ય શિવમંદિરોનો તથા પાશુપત મઠોનો ઘણે અંશે લોપ થઈ ગયો અને સાદો શૈવ ધર્મ પૌરાણિક શિવભક્તિના રૂપમાં જીવંત રહ્યો. ગુજરાતનું ભાગ્યે જ કોઈ ગામડું એવું હશે, જેમાં ગામની વચ્ચે ચોરામાં કે પાદરે એકાદ શિવલિંગ કે શિવમંદિર ન હોય અથવા એકાદ મંદિરમાં સીતારામ, રાધાકૃષ્ણ કે લક્ષ્મીનારાયણની પૂજા થતી ન હોય

ગોરખનાથ સંપ્રદાય કે નાથ સંપ્રદાય કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે યોગ સંપ્રદાય છે, પણ ફર્કુહર વગેરે અભ્યાસીઓ એને જૂના કાપાલિક મત સાથે સંબંધવાળો શૈવ સંપ્રદાય ગણે છે, એમાં ગોરખનાથની શિવરૂપે પૂજા થાય છે.[૧અ] આથી શિવમાર્ગના વિમર્શમાં નાથ સંપ્રદાયનો પણ સમાવેશ કરવો ઉચિત છે. કચ્છમાં ધીણોધરનું સ્થાનક નાથ સંપ્રદાયના કેન્દ્ર તરીકે જાણીતું છે.[૨] મુઘલ કાલમાં ધીણોધરના સ્થાનકની જાગીર રાજ્ય તરફથી ઘણું દાન મેળવતી હોઈ સમૃદ્ધ હતી. એ સ્થાનકના વહીવટદારો સ્થાનકના નામે ધીરધારનો ધંધો કરતા. એના સં. ૧૬૦૧ થી સં. ૧૭૦૨ સુધીના ચોપડા મળ્યા છે તે ઉપરથી એ સ્થાનકનાં વહીવટ અને વ્યવસ્થા તથા આસપાસની પ્રજા સાથેના એના સંબંધ અંગે ઘણું જાણવા મળે છે. કચ્છમાં આ ઉપરાંત નારાયણ સરોવર, કોટેશ્વર વગેરે સ્થળોએ પણ નાથ સંપ્રદાયની જાગીરો હતી. તળ–ગુજરાત અને સૌરાષ્ટ્રનાં ગામ–નગરોમાં લગભગ સ્વાતંત્ર્યપ્રાપ્તિના સમય સુધી એવાં શૈવમંદિર કે એવા

મઠ હતા, જે વિશાળ જમીનની અથવા એકાદ ગામની ઊપજના માલિક ગણાતા. એવાં મંદિરોને પૂર્વકાલીન પાશુપત સંપ્રદાય કે નાથ સંપ્રદાયના મઠોના અવશેષ-રૂપ ગણવાં જોઈએ.

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં સંપ્રદાયાનુકૂળ શિવભક્તિ કરતાં સાદી પૌરાણિક શિવભક્તિ હિંદુ પ્રજામાં વધારે વ્યાપક દેખાય છે અને અનેક બ્રાહ્મણ ભક્તો શાંકરદર્શનને માનવા છતાં પણ શિવલિંગનું ભજનપૂજન કરે છે. સામાન્ય લોકો ઘેર કે મંદિરોમાં શિવલિંગને વૈદિક મંત્રોથી પૂજે છે. જ્યોતિર્લિંગ મનાતા કાશી વિશ્વનાથ કેદારનાથ રામેશ્વર મહાકાલેશ્વર વગેરે મૂળ છેક ચોથાથી સાતમા શતક જેટલાં જૂનાં તથા બીજાં પાછળથી ઊભાં થયેલાં શૈવ તીર્થોની યાત્રા કરે છે; અને ભોળાશંભુ પાણીના લોટાથી બિલ્વપત્રથી અને સાદી ભક્તિથી પણ પ્રસન્ન થાય છે એમ માની સાંત્વન પામે છે.[૩]

પ્રસ્તુત કાલખંડમાં શૈવધર્મપ્રેરિત જે સાહિત્ય ગુજરાતી ભાષામાં રચાયું છે તેમાં પ્રાચીનતર શૈવ સંપ્રદાયનો પ્રભાવ નથી, પણ પૌરાણિક શિવભક્તિનું એ સમર્થન કરે છે અને પુરાણ-શ્રવણની લોકરુચિને સંતોષવા માટે એની રચના થઈ હોય એમ સ્પષ્ટ જણાય છે. ગુજરાતી આખ્યાનકાવ્યનો પિતા ગણાતો પાટણનિવાસી કવિ ભાલણ ૧૬ મી સદીના પૂર્વાર્ધમાં અર્થાત્ મુઘલ કાલની પૂર્વે થયો છે, પણ એણે રચેલ 'શિવ–ભીલડી સંવાદ' એ શિવભક્તિપ્રેરિત ઉપલબ્ધ ગુજરાતી કાવ્યોમાં કદાચ પ્રથમ છે. ભાલણ કવિ તો શિવભક્ત ન હતો એ જોતાં એનું આ કાવ્ય સાંપ્રદાયિક શિવભક્તિ કરતાં વ્યાપક અને સમન્વિત પૌરાણિક ભક્તિનું ફળ ગણાય. વડોદરાનિવાસી કવિ નાકરે ઈ.સ. ૧૫૬૦–૧૬૩૦) 'હરિશ્ચંદ્રાખ્યાન' 'ઓખાહરણ', 'નળાખ્યાન' આદિઅનેક પૌરાણિક આખ્યાન લખ્યાં છે તેમ 'શિવવિવાહ' રચ્યો છે, એમાં પ્રેરણા શિવભક્તિ કરતાં પૌરાણિક આખ્યાનો દ્વારા લોકાનુરંજનની છે.[૪] કવિ મુરારિએ (ઈ.સ. ૧૬૧૯) તથા વસાવડના નાગર બ્રાહ્મણ કાલિદાસે (ઈ.સ. ૧૬૧૪ આસપાસ) 'ઈશ્વરવિવાહ' રચ્યો છે. ઈશ્વરવિવાહનાં ગીત કેટલીક જ્ઞાતિઓમાં લગ્નપ્રસંગે ગાવાનો રિવાજ હોવાથી 'ઈશ્વરવિવાહ' નામની બીજી કૃતિઓ પણ રચાઈ છે. શિવાનંદે (ઈ.સ. ૧૭૪૪) શિવસ્તુતિનાં પદો અને આરતીઓની રચના કરી છે. પ્રેમાનંદના સમ-કાલીન કવિ રત્નેશ્વરે ભાગવતના સ્કંધ ગુજરાતીમાં ઉતાર્યા છે એ સાથે 'શિવમહિમ્ન સ્તોત્ર'નું ભાષાંતર કર્યું છે એ બતાવે છે કે એને મન વિષ્ણુ અને શિવ સમાન હતા.[૫] કવિ શામજી શિવપુરાણ માહાત્મ્ય ગુજરાતીમાં ઉતાર્યું છે. તત્કાલીન ગુજરાતી સાહિત્યમાંથી આવાં બીજાં અનેક ઉદાહરણ ટાંકી શકાય.

શૈવ સંપ્રદાયની સાથે સ્વાભાવિક રીતે જ શાક્ત સંપ્રદાયનો વિચાર થાય ગુજરાતનાં શાક્ત પીઠોમાં મુખ્ય અંબિકાપીઠ આરાસુરમાં છે. કાલિકાપીઠ પાવાગઢમાં તથા ગિરનારમાં છે. સૌરાષ્ટ્રમાં પ્રભાસક્ષેત્ર અને પિંડતારક ક્ષેત્ર જાણીતાં છે, કૌલગિરિપીઠ તે હાલ કોયલા નામે પ્રસિદ્ધ છે, તેમાં હરિસિદ્ધિદેવી છે. કચ્છમાં આશાપુરા માતાનો મઢ નારાયણ સરોવરથી બાર ગાઉ ઉપર છે. રુદ્રાણી ભૂજથી થોડે દૂર છે. ઓખામંડળના બેટમાં અભયા માતાનું પીઠ છે. આરંભડામાં લૂણી માતા છે. દ્વારકામાં રુક્મિણી અને ચંદ્રભાગા છે અને ભદ્રકાલી પીઠ પણ છે. કાલાવડમાં શીતળા માતા છે. હળવદમાં સુંદરી પીઠ છે. ઉપલેટા પાસે ખત્રીઓ કુળદેવતા માત્રીમાતા છે. ભાવનગર પાસે ખોડિયાર માતા છે. આબુમાં અર્બુદા દેવીનું પીઠ છે. નર્મદાતીરે અનસૂયા ક્ષેત્ર છે. ચુંવાળમાં બહુચરાજીમાં બહુચરાજી પૂજાયાં. અરણેજ-માં બૂટ પૂજાયાં અને શિહોરથી પંદર માઈલ દૂર બાકલકુ આગળ ખુલાલ પૂજાયાં.[૭]

ખરવાહની શીતલામાતાનું રૂપવિધાન શાસ્ત્રગ્રંથોમાં આપ્યું હોવા છતાં શીતલાપૂજાનું મૂળ લોકધર્મમાં છે (ગુજરાતની જુદી જુદી જ્ઞાતિઓની સેવ્ય દેવતાઓ પૈકી અનેક ઉદાહરણ તરીકે મોઢ જ્ઞાતિની માતંગી અને એની બહેન શ્યામલા, વાયડા વણિકો અને બ્રાહ્મણોની સમીરી કામદા અથવા વાયડ માતા, ઝારોળા બ્રાહ્મણો અને વણિકોની હિમજા માતા, જયેષ્ઠીમલ્લો અને વાળંદોની નિંબજા માતા ઇત્યાદિ) માટે આવું વિધાન કરી શકાય. મુઘલ કાલમાં ગુજરાતમાં જગદ્વ્યાપિની શક્તિનાં આ સર્વ સ્વરૂપોની પૂજા થતી હતી.

શાક્ત સંપ્રદાયનું જે સાહિત્ય આ કાલમાં રચાયું છે તે સિદ્ધાંતચર્ચાનું નહિ, પણ ભક્તિપ્રધાન છે અને એમાં દેવીનાં અનેક રૂપોની સ્તુતિ કરવામાં આવી છે. (હંસમીઠુ અથવા મીઠુ મહારાજકૃત સંસ્કૃત ગ્રંથ 'હંસવિલાસ'ને આમાં અપવાદ-રૂપ ગણવો જોઈએ. શાક્તસંપ્રદાયનો સિદ્ધાંતચર્ચાનો તથા એના આચારોનો એ ગ્રંથ છે.) સૌરાષ્ટ્રના નાગર કવિ નાથભવાને (જન્મ ઈ.સ. ૧૬૨૫) પોતાની કુળદેવી આનંદેશ્વરીની સ્તુતિરૂપે 'અંબા આનન'નો કવિત્વમય ગરબો રચ્યો છે તે વાંચતાં સમજાય છે કે કવિની દૃષ્ટિમાં દેવી વસ્તુતઃ સ્થૂલ રૂપવાળી વ્યક્તિ નથી, પરંતુ પૂર્ણ બ્રહ્મની વિશ્વવ્યાપક ચિન્મયી શક્તિ છે. નાથભવાને શ્રીઈશ્વરી-ગીતાનું અને સૂતસંહિતામાં અંતર્ગત બ્રહ્મગીતાનું પદ્યાત્મક ભાષાંતર કર્યું છે. ઉપાસક તરીકે તેઓ શાક્ત છે, પણ વસ્તુસિદ્ધાંતમાં અદ્વૈતવાદી છે. ઉત્તરાવસ્થામાં એમણે સંન્યાસ લીધો હતો અને અંબવાનંદ નામ ધારણ કર્યું હતું એનું જીવન તેમ કવન તેમ તત્કાલીન હિંદુ જીવનનો ધાર્મિક સમન્વયવાદ સમજવા માટે અગત્યનું છે.

બાલા શક્તિના પરમ ભક્તિ અને દેવી માર્ગના કાર્યને સમજનાર વલ્લભ ભટ્ટ અથવા વલ્લભ ધોળાનો જન્મ ઈ. સ. ૧૫૮૪ માં થયો હતો. એને મન પણ દેવીસ્વરૂપની ભાવના સ્થૂલ નહિ, પરંતુ સૂક્ષ્મ રૂપની હતી. દેવીભક્તિનાં કાવ્ય રચનાર ગુજરાતી કવિઓમાં એ સર્વોત્તમ છે.[૧૧]

'હંસવિલાસ'ના કર્તા મીઠુ મહારાજ (ઈ. સ. ૧૭૩૮–૧૭૯૧) ગુજરાતમાં શાક્ત સંપ્રદાયનાં તત્ત્વચિંતક તેમજ ઉત્તમ ગુજરાતી કવિ થઈ ગયા. એમણે સંસ્કૃત અને ગુજરાતીમાં રચનાઓ કરી છે તથા શંકરચાર્યકૃત દેવીસ્તોત્ર "સૌન્દર્યલહરી" અથવા "શ્રીલહરી"નો શિખરિણી છંદમાં જ સુંદર ગુજરાતી સમશ્લોકી અનુવાદ કર્યો છે. શાક્ત સંપ્રદાયની રસિક કવયિત્રી જનીબાઈ આ મીઠુ મહારાજની શિષ્યા હતી.[૧૩]

દેવીસ્તુતિનાં કાવ્ય રચનારા બીજા અનેક કવિઓ અને પદ્યકારો આ સમયમાં થઈ ગયા છે, પણ ઉપર્યુક્ત થોડાંક મુખ્ય ઉદાહરણ ગુજરાતમાં શાક્ત સંપ્રદાયનો પ્રચાર તથા એ પાછળનાં પરિબળોનાં અભ્યાસ દૃષ્ટિએ દ્યોતક થશે.

વિષ્ણુના અવતારોમાં રામની પૂજા–ભક્તિ ગુજરાતમાં વ્યાપક હતી, પણ પૂર્વકાલીન પરંપરાના સાતત્યરૂપે વરાહ અને નૃસિંહની મૂર્તિઓ પણ, અન્ય અવતારોમાં, પૂજાતી. બ્રહ્માની મૂર્તિ જ્યાં પૂજાતી હોય તેવાં પ્રસિદ્ધ તીર્થસ્થાન બે હતાં : ઉત્તર ગુજરાતનું ખેડબ્રહ્મા અને ખંભાત પાસેનું નગર. ઇટાલિયન મુસાફર ડિલા વાલે (Della Valle) એ નગરા ખાતે બ્રહ્માના મંદિરની મુલાકાત લીધી હોવાનું પોતાના પ્રવાસવર્ણનમાં નોંધ્યું છે. એની આ મુલાકાત ઈ. સ. ૧૬૨૩ માં થઈ હતી.[૧૪] આ સિવાય, લોકધર્મોનો પ્રવાહ પુરાતન કાળથી ચાલ્યો આવતો હતો.

વિષ્ણુભક્તિની પરંપરામાં કૃષ્ણભક્તિનું–એમાંયે પ્રેમલક્ષણા ભક્તિનું વિશિષ્ટ સ્થાન છે. ભાગવતપ્રોક્ત કૃષ્ણભક્તિનાં પ્રમાણ ગુજરાતમાં નિદાન સોલંકીકાલ જેટલાં પ્રાચીન તો નિઃશંકપણે ઉપલબ્ધ છે, જયદેવકૃત "ગીત–ગોવિંદ"ના મંગલાચરણમાંનો વેદાનુદ્ધરતે એ શ્લોક સારંગદેવ વાઘેલાના અનાવાડાના શિલાલેખમાં ઉદ્ધૃત થયેલો છે. આચાર્ય હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણમાં ઉદ્ધૃત થયેલા, રાધાકૃષ્ણ વિશેના શૃંગારિક અપભ્રંશ દૂહા સ્પષ્ટ રીતે બતાવે છે કે રાધાકૃષ્ણની લીલાઓનું ગાન બહુજનસમાજમાં વ્યાપક હતું. આમ જોઈ શકાશે કે નરસિંહ–મીરાંની ભક્તિજ્વાલાનું પ્રાકટ્ય આકસ્મિક નહોતું; પણ એ પૂર્વેના ધાર્મિક આંદોલન–ઇતિહાસનું સ્વાભાવિક પરિણામ હતું.

ભાગવત જેવાં પુરાણોએ, 'ગીતગોવિંદ' જેવાં કાવ્યોએ અને નરસિંહ મહેતા જેવા ભક્તકવિઓએ લોકોમાં ભક્તિભાવ વધાર્યો અને પોષ્યો હતો, પણ ભક્તિને રેલાવવા માટે સામાન્ય લોકોને અનુકૂળ આવે તેવો કોઈ માર્ગ સંપ્રદાય ચીંધ્યો નહોતો. એવો માર્ગ બનાવનારા શુદ્ધાદ્વૈત કે પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્દવલ્લભાચાર્ય હતા. વલ્લભાચાર્યનો જન્મ ઈ.સ. ૧૪૭૨ માં અને સ્વર્ગવાસ ઈ.સ. ૧૫૩૦ માં થયો હતો.[૧૫] ગુજરાતમાં મુઘલ રાજ્યસત્તાની સ્થાપના થયાપૂર્વે આમ, ચારેક દસકા પહેલાં વલ્લભાચાર્યજીનો સ્વર્ગવાસ થયો હતો, પણ એમના તથા એમના ઉત્તરાધિકારીઓના જીવનકાર્યની ઊંડી અસર માત્ર મુઘલ કાલના જ નહિ, પણ આજ સુધીના ગુજરાતના ધાર્મિક-સાંસ્કારિક જીવન ઉપર થયેલી હોઈ એ વિશે કેટલીક વાત અહીં કરવી પ્રસ્તુત થશે. આચાર્ય હેમચંદ્રના જીવન અને કાર્ય દ્વારા સબળ થયેલી જૈન ધર્મની પરંપરાએ ગુજરાતમાં અહિંસા તપ અને દાનધર્મને દૃઢમૂલ બનાવ્યાં અને સઘન વિદ્યાની સમર્થ પરંપરા ઊભી કરી, શ્રીમદ્દવલ્લભાચાર્યે તથા એમના વંશજોએ આર્યધર્મસંમત આ પરંપરાનો સ્વીકાર કરીને એમાં સેવાનો આનંદ અને ઉત્સવોનો ઉલ્લાસ ઉમેરીને પ્રજાજીવનને સાચા અર્થમાં નવપલ્લવતા અર્પી ભક્તિમાર્ગ સર્વ પ્રકારના અધિકારીઓ માટે ચાલુ કર્યો.

સમસ્ત ભારતની તીર્થયાત્રાઓ દરમ્યાન વલ્લભાચાર્યે અનેક મહત્ત્વનાં સ્થાનોએ ભાગવત-પારાયણ કરવાનો ક્રમ રાખ્યો હતો. જ્યાં આ રીતે પારાયણ થયાં તે સ્થાન 'મહાપ્રભુજીની બેઠકો તરીકે ઓળખાય છે. આસેતુહિમાચલ સમસ્ત ભારતમાં આવી બેઠકો છે. ગુજરાતમાં આવી બેઠકો નીચેનાં સ્થાનોએ છે: સુરત ભરૂચ મોરબી નવાનગર ખંભાળિયા પિંડતારક-પીંડારા, મૂલ-ગોમતા દ્વારકા ગોપીતળાવ બેટ-શંખોદ્ધાર નારાયણ-સરોવર જૂનાગઢ પ્રભાસ-ક્ષેત્ર માધવપુર (ઘેડ), ગુપ્તપ્રયાગ તગડી (ધંધુકા પાસે) નરોડા (અમદાવાદ પાસે)[૧૬] ગોધરા, સિદ્ધપુર[૧૭] અને ખેરાળુ.[૧૮]

વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજી સં. ૧૬૦૦ (ઈ.સ. ૧૫૪૪)માં ગુજરાતની યાત્રાએ પ્રથમ વાર આવ્યા હતા. એ પછી એમણે સં. ૧૬૧૩ (ઈ.સ ૧૫૫૭) સં. ૧૬૧૯ (ઈ.સ. ૧૫૬૩),સં. ૧૬૨૩ (ઈ.સ.૧૫૬૭), સં. ૧૬૩૧ (ઈ.સ. ૧૫૭૫), અને સં. ૧૬૩૮ (ઈ.સ. ૧૫૮૨) માં એમ કુલ છ વાર ગુજરાતની યાત્રા કરી હતી,[૧૯] અમદાવાદ નજીક સિકંદરપુરા કે અસારવામાં ભાઈલા કોઠારી નામે વૈષ્ણવને ઘેર વિઠ્ઠલનાથજી મુકામ કરતા. એ સ્થાન આચાર્યજીની બેઠક તરીકે આજ સુધી જાણીતું છે.[૨૦]

વિઠ્ઠલનાથજીએ અકબર પાદશાહ ઉપર સારો પ્રભાવ પાડ્યો હતો. અકબરે ખાસ ફરમાન બહાર પાડી વિઠ્ઠલનાથજીને કોઈ પ્રકારની કનડગત વિના ગોકુળ-મથુરામાં રહેવા દેવાનો, એમની ગાયોને ખાલસા જમીનમાં દેવાનો તેમજ જતીપુરા અને ગોકુળને સર્વ પ્રકારના કરવેરાથી મુક્ત કરીને પેઢી, યાવચ્ચંદ્રદિવાકરૌ ભોગવટો કરવાનો હુકમ આપ્યો હતો.[૨૧]

મથુરામાં વિઠ્ઠલનાથજીની હવેલી એક તીર્થધામ બની હતી. સાત પુત્રોને એમણે સાત સેવા સોંપી દીધી હતી અને એ રીતે સાત ઘર-મંદિર બન્યાં હતાં અને એથી એ સ્થાન "સતઘરા" તરીકે જાણીતું થયું હતું.[૨૨]

વિઠ્ઠલનાથજીના સ્વર્ગવાસ પછી એમના સાતે પુત્રોની સાત ગાદી સ્થપાઈ અને પુષ્ટિમાર્ગ 'સંપ્રદાય' તરીકે વ્યાપક બન્યો. મથુરા ઉપદ્રવને કારણે શ્રીનાથજીને તેમજ ઠાકોરજીનાં અન્ય સ્વરૂપોને પછીના આચાર્યોએ અન્યત્ર પધરાવવાનો નિર્ણય કર્યો. સં. ૧૭૨૮ (ઈ.સ. ૧૬૭૨)માં ઉદયપુરના રાણા રાજસિંહના આગ્રહથી શ્રીનાથજીને મેવાડના સિહાડ નામે સ્થળે મંદિરમ પધરાવવામાં આવ્યા એ સ્થાન-નાથદ્વારા પુષ્ટિમાર્ગના પ્રમુખ તીર્થસ્થાન તરીકે પ્રસિદ્ધ છે. સાત સ્વરૂપોમાંથી છઠ્ઠા શ્રી બાલકૃષ્ણજીને ઉત્તરોત્તર એકબીજાં સ્થાનોમાં થઈ છેવટે સુરતમાં આવ્યા અને એ રીતે એક ગાદી ગુજરાતમાં થઈ.[૨૩]

'શ્રી વિઠ્ઠલનાથજીનો કાલ મુઘલાઈથી પૂર ચડતીનો હતો. કલાકારીગરી સાથેસાથ મોજશોખની સમૃદ્ધિ એની શ્રેષ્ઠ કોટિએ એ યુગમાં પહોંચી હતી. અને આપણે જોઈએ છીએ કે શ્રી...નાં શૃંગાર, વેશભૂષા ધરવાની વિભિન્ન અન્ન-સામગ્રી સંગીત, સાહિત્યરચના આદિકમાં સર્વોત્તમતા વૈષ્ણવ મંદિરોમાં જ સ્વીકારવામાં આવી, પોષાઈ, ફાલી-ફૂલી. શ્રી......નાં વેશભૂષા અને અન્નસામગ્રીમાં પણ મુઘલાઈ કાલનું અનુસરણ આપણને ઠેરઠેર જોવા મળે છે. શ્રીનાથજી-યમુનાજીના શૃંગાર-વેશભૂષા આદિકમાં નજરે જોતાં જ આપણે આ અનુભવી શકીએ છીએ, છપ્પન ભોગની સામગ્રીમાં અનેક પ્રકારનાં મિષ્ટાન્નો, તળેલા પદાર્થો આદિ વિભિન્ન વાનીઓમાં ઈરાની મોજશોખનાં સુંદર જે પરિણામ ભારતવર્ષને ભેટ મળ્યાં તે જોવા-આસ્વાદનો યોગ આપણને મળ્યો છે.. ખુદ શ્રીવિઠ્ઠલનાથજીથી લઈ શ્રીહરિરાયજી શ્રીપુરુષોત્તમજી જેવા મહાન વૈષ્ણવ આચાર્યોની વેશભૂષામાં મુઘલ-રાજપૂત વેશભૂષાનાં દર્શન આ હકીકતને સ્પષ્ટ કરી આપે છે.[૨૪]

વલ્લભાચાર્યજી અને એમના ઉત્તરાધિકારીઓ અને પછીના આચાર્યોને ગુજરાતમાં અનેક સમર્થ અને ચુસ્ત અનુયાયીઓ મળ્યા; ગુજરાતમાં પુષ્ટિમાર્ગનો બહુ ઝડપથી પ્રસાર થયો અને એકાદ સૈકામાં જ એ માર્ગ એટલો પ્રબલ થયો કે વૈષ્ણવ માર્ગનો પર્યાય પુષ્ટિમાર્ગ માનવા લાગ્યો. વ્રજમંડલની સાથે ગુજરાત અને રાજસ્થાન પુષ્ટિમાર્ગનાં કેંદ્ર બન્યાં. વિશેષત: ગુજરાતની વણિક જ્ઞાતિઓમાં પુષ્ટિમાર્ગ ઘણો લોકપ્રિય થયો.[૨૫]

પુષ્ટિમાર્ગના અનુયાયી ગુજરાતી કવિઓમાંથી સૌથી જૂના કવિ ગોપાલદાસ છે. અસારવામાં, વિઠ્ઠલનાથજી જેમને ત્યાં નિવાસ કરતા એ ભાઈલા કોઠારીના આ ગોપાલદાસ જમાઈ થાય અને વિઠ્ઠલનાથજીની કૃપાથી એમનામાં કવિત્વશક્તિ પ્રગટ થઈ હતી એવી માન્યતા છે. ગુજરાતી ભાષાનું સુંદર ઐતિહાસિક આખ્યાન 'વલ્લભાખ્યાન' (ઈ.સ ૧૫૮૦ આસપાસ) એમણે રચ્યું છે. શ્રીવલ્લભાચાર્યનું ચરિત્ર આલેખતું આ કાવ્ય છે અને એમના ચરિત્રનાં મહત્ત્વનાં સાધનોમાં એની ગણના થાય છે. આ 'વલ્લભાખ્યાન' વૈષ્ણવોમાં ખૂબ લોકપ્રિય છે તથા એનું મહત્ત્વ એટલું મનાયું કે ગોસ્વામી શ્રીજીવનજીએ એ ઉપર વ્રજભાષામાં અને અમદાવાદની દોસીવાડાની પોળના નટવરલાલ શ્યામલાલવાળા ગો. શ્રીવ્રજરાયજીએ સંસ્કૃતમાં (૧૯ મી સદી) ટીકા લખી છે. ઉદ્ધવસંદેશના વિષય ઉપર ગુજરાતીમાં 'રસિકગીતા' રચનાર કવિ ભીમ પણ વિઠ્ઠલનાથજીનો શિષ્ય હતો.[૨૬] અંદાજે ઈસવી સનના ૧૭ મા શતકના આરંભમાં થયેલા કેશવદાસ વૈષ્ણવે 'વલ્લભવેલ' નામે ઐતિહાસિક કાવ્ય રચ્યું છે. શ્રીવલ્લભચાર્ય, એમના પુત્ર વિઠ્ઠલનાથજી તથા એમના પુત્ર ગોકુલનાથજીના જીવનપ્રસંગોનું આલેખન અગત્યની સાલવારી સાથે આ કાવ્યમાં થયું છે. ગોપાલદાસના 'વલ્લભાખ્યાન'નો પણ એમાં ઉલ્લેખ છે.[૨૭] એ જ અરસામાં ગોપાલદાસ વ્યારાવાળાએ 'પ્રાકટ્યસિદ્ધાંત' નામે કાવ્યગ્રંથ રચ્યો છે. એમાં વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજીનાં ચરિત્ર સંક્ષેપમાં આપી ગોકુલ-નાથજીનું ચરિત વિસ્તારથી આલેખવામાં આવ્યુછે.[૨૮] ગોપાલદાસ વ્યારાવાળાના સમકાલીન મહાવદાસે 'ગોકુલનાથજીનો વિવાહ' રચ્યો છે. ગોકુલનાથજીનું લગ્ન ગુજરાતના વેણાભટ્ટની પુત્રી પાર્વતી સાથે થયેલું એનું રસિક વર્ણન એમાં છે. આ ઉપરાંત મહાવદાસે 'રસસિંધુ' અને 'રસાલય' એ કૃષ્ણલીલાનું ગાન કરતાં અલંકૃત કાવ્ય રચ્યાં છે.[૨૯] ગુજરાતમાં પુષ્ટિમાર્ગના પ્રચારનો પ્રારંભિક ઇતિહાસ તથા એ સમયનું ધાર્મિક–સામાજિક વાતાવરણ આ પુષ્ટિમાર્ગીય કવિઓની કૃતિઓમાં જોવા મળે છે. તેઓ સામાન્ય અર્થમાં વૈષ્ણવ કવિઓ માત્ર નથી, પણ પુષ્ટિમાર્ગના ચુસ્ત અનુયાયીઓ છે અને એમની પરંપરા ઠેઠ અર્વાચીન કાલ સુધી ચાલુ રહી છે.

પણ ગુજરાતમાં પુષ્ટિમાર્ગના ઇતિહાસના આલેખનમાં કૃષ્ણદાસનું નામ અવિસ્મરણીય છે. વ્રજભાષાના સુપ્રસિદ્ધ અષ્ટછાપ કવિઓમાંના ચોથા કૃષ્ણદાસ ચરોતરના લેઉઆ પાટીદાર હતા. ઈ.સ. ૧૫૦૬ના અરસામાં તેઓ ઘરથી વિરક્ત થઈ વ્રજમાં જઈ વસ્યા હતા અને વલ્લભાચાર્યજી પાસે બ્રહ્મસંબંધ દીક્ષા પામી પરમ વૈષ્ણવ બન્યા હતા. કૃષ્ણદાસજીની વ્યવહારકુશળતા જોઈ વલ્લભાચાર્યજીએ એમને ગોવર્ધનગિરિ પર શ્રીનાથજીના મંદિરના મુખ્ય અધિકારીનું સ્થાન આપ્યું હતું ત્યારથી આજ સુધી શ્રીનાથજીના અધિકારીપદે જે વ્યક્તિ આવે તે 'કૃષ્ણદાસજી' તરીકે ઓળખાય છે, એટલું જ નહિ, મુખ્ય ભંડાર પણ 'કૃષ્ણભંડાર' કહેવાય છે.[૩૦] કૃષ્ણદાસનાં પદ ગાવામાં અઘરાં છતાં ખૂબ ભાવવાહી છે. વિઠ્ઠલનાથજીના સમય સુધી કૃષ્ણદાસ વિદ્યમાન હતા અને વિઠ્ઠલનાથજી એમની ઘણી આમન્યા રાખતા.

મુઘલ કાલના ગુજરાતનાં હિંદુ-જૈન તીર્થસ્થાનોની યાદી 'મિરાતે અહમદી'-ના કર્તાએ આપી છે તથા પ્રત્યેક તીર્થસ્થાન વિશે સંક્ષેપમાં વિશેષ વિગતો આપી છે. હિંદુ તીર્થસ્થાનોમાં સોમનાથ દ્વારકા બેટ-શંખોદ્ધાર, માંગરોળ પાસે માધવપુર, ગિરનાર ઉપર અંબાભવાની અને કાલિકાભવાની, ભૈરવજપ, ગોપનાથ ઊના ગામમાં દામોદરનુ મંદિર, સંખલપુરમાં બહુચરાજીનું મંદિર, કોડીનાર પાસે મૂળ દ્વારકા, પોરબંદરમાં સુદામાજીનું મંદિર, ધોળકા પાસે ચંદેશ્વર મહાદેવ. આબુ, ઉપર અચલેશ્વર, ડાસરા પાસે ઉત્કંટેશ્વર, ડાકોરમાં રણછોડજી,[૩૧] રાજપીપળા પાસે શૂલપાણેશ્વર, પાવાગઢ ઉપર કાલિકા[૩૨] ભવાની, દાંતા પાસે અંબાભવાની અને સિદ્ધપુરમાં રુદ્રમાલની નોંધ એમાં છે.

અમદાવાદ શહેરનાં દેવસ્થાનોમાં 'મિરાતે અહમદી' નીચેનાં મંદિરો વિશે માહિતી આપે છે: પાંડનીની પોળમાં રણછોડજીનું મંદિર, સારંગપુરમાં રણછોડજીનું મદિર[૩૪,૩૫] હાજાપટેલની પોળમાં રઘુનાથજીનું મંદિર, ચંગપોળમાં એકબ્રાહ્મણના ઘરમાં મદમોહનજીનું મંદિર, દોશીવાડાની પોળમાં ગોકુલચદ્રનું મદિર, માંડવીના પોળમાં દેવની શેરીમાં રામનાથનું મંદિર, ચંગપોળમાં અંબાજી અને બહુચરાજીનું મંદિર તથા આકાશેઠના કૂવાની પોળમાં અંબા-બહુચરાનુ મંદિર, સારંગપુર તળિયાની પોળમાં બહુચર-ગોખ, ઢાળની પોળમાં તોતલા ભવાની, રાજામહેતાની પોળમાં બહુચરાજી અને સાંકડીશેરીમાં આશાપુરી.[૩૬] અમદાવાદનાં પરાંઓનાં મંદિરોમાં રાજપુરના તુલસી મહોલ્લામાં નરસિંહજીનું મંદિર, રાયપુર દરવાજા બહાર જાગેશ્વર મહાદેવનું મંદિર, નંદરામે બાંધયું હતું, કાંકરિયામાં પાણી આવવાના એક ગરનાળા ઉપર કાંકરેજી ભવાનીનું મંદિર, અસારવા ગામમાં માતર ભવાનીની

વાવ અને માતાનો ગોખ, અસારવા ગામમાં વૈષ્ણવ ધર્મના આચાર્યજીની બેઠક, સાબરમતી ઉપર અમીનખાનના બગીચા પાસે ભીમનાથ મહાદેવ અને ખડ્ગધારેશ્વર મહાદેવ વગેરેનો વિગતે ઉલ્લેખ 'મિરાતે અહમદી'એ કર્યો છે.[૩૭]

નદીકિનારાનાં ગુજરાતનાં તીર્થોમાં 'મિરાતે અહમદી'એ સિદ્ધપુરના સરસ્વતી-તીર્થનો ઉલ્લેખ કરી ત્યાં દર કાર્તિકી પૂર્ણિમાએ ભરાતા મેળા વિશે માહિતી આપી છે. ચાણોદ-કરનાળીના રેવાતીર્થની વિગત આપી છે તથા ત્યાંથી સમુદ્રસંગમ સુધી રેવાતટે સર્વત્ર તીર્થ ગણાય છે એમ નોંધ્યું છે. આ ઉપરાંત પ્રભાસપાટણમાં વૃક્ષ નીચે શ્રીકૃષ્ણને પગમાં પારધીનું બાણ વાગ્યું હતું તે ભાલકા તીર્થ તથા જ્યાં શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ થયો હતો તે દેહોત્સર્ગનું તીર્થ, ધોળકા પાસે સાબરમતી અને હાથમતીના સંગમ આગળ વૌઠા તીર્થ, સાબરમતીના કિનારે શાહીબાગમાં દૂધેશ્વર તીર્થ,[૩૮] મહી નદી જ્યાં સમુદ્રને મળે છે તે મહી તીર્થ અને તાપી નદીના કિનારે અશ્વિનીકુમાર તીર્થનો ઉલ્લેખ કર્યો છે. કુંડ અને સરોવરનાં તીર્થો વિશે 'મિરાતે અહમદી' જણાવે છે: 'આ દેશમાં એવાં સ્થળ અગણિત છે, જેઓનો ખરો આંકડો આપી શકાતો નથી, પરંતુ તેઓમાંથી હિંદુઓમાં જે વધારે પ્રખ્યાત છે તે વિશે લખવામાં આવે છે.' પછી દ્વારકાના મંદિર પાસે પિંડતારક અને ગિરિ કૈલાસ કુંડ, સોરઠમાં ઊના ગામ પાસે ગંગાજમના કુંડ, ગિરનારની તળેટીમાં દામોદરકુંડ, પાટણ તાબે મુંજપુર પાસે લોટી ગામમાં લોટી કુંડ,[૩૯] સંખલપુરમાં બહુચરાજીના મંદિર પાસેનો કુંડ, સિદ્ધપુરમાં બિંદુ સરોવર, પાટણમાં સહસ્રલિંગ સરોવર[૪૦] વગેરેનો પરિચય એના લેખકે આપ્યો છે. વળી ટુવા અને લસુંદરાના ગરમ પાણીના કુંડ, મૂળ દ્વારકા પાસેનો ઊના પાણીનો કુંડ અને ગણદેવી પાસે દેવકી ઉનાઈના ગરમ પાણીના કુંડ વિશે એણે માહિતી આપી છે અને હિંદુ પ્રજામાં પ્રવર્તતા એ કુંડોના માહાત્મ્ય વિશે નોંધ કરી છે.[૪૧]

બ્રાહ્મણોની ચોરાશી જ્ઞાતિઓનાં નામ તથા શ્રાવક અને મેશ્રીની (અર્થાત્ જૈન અને વૈષ્ણવ વણિકોની) ચોરાશી જ્ઞાતિઓનાં નામ તેમજ શ્રાવકના ચોરાશી ગચ્છોનાં નામ 'મિરાતે અહમદી'માં આપ્યાં છે.[૪૨] આ પ્રકારની યાદીઓ સમકાલીન અને હિંદુ જૈન ઐતિહાસિક સાધનો તેમજ સાહિત્યમાંથી પણ મળે છે. સર્વમાં ગૌણ ભેદો હોય તો પણ તત્કાલીન જ્ઞાતિભેદો અને ગચ્છભેદોના અભ્યાસ માટે એ અગત્યની છે.

જૈન ધર્મ અને આચાર વિશે 'મિરાતે અહમદી'માં સંક્ષિપ્ત માહિતી આપી છે[૪૩] તથા ગુજરાતનાં જૈન તીર્થસ્થાનો વિશે પણ એમાં નોંધ છે.[૪૪]

શત્રુંજય તીર્થ વિશે માહિતી આપતાં 'મિરાતે અહમદી'એ મોટા ખર્ચે થતી સંઘયાત્રાઓનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત કચ્છમાં ભદ્રેશ્વર, પાટણ તાબે મુંજપુર પાસે શંખેશ્વર, ખેરાળુ પરગણામાં તારંગાના પહાડ ઉપર તીર્થંકર અજિતનાથ, આબુ ઉપરનાં મંદિરો, મેશ્રી લોકોની અંબા માતા પાસે કુંભારિયા, જંબુસર પરગણામાં કાવી, અમદાવાદ પાસે નરોડા, નવાનગરનાં મંદિરો તથા અમદાવાદનાં મંદિરોનો એમાં ઉલ્લેખ છે. અમદાવાદ વિશે એ લખે છે: 'ઘણા મહોલ્લાઓમાં જૂના વખતથી મુસલમાનોની બીકના લીધે ભોંયરાંમાં દેરાં કરેલાં છે. બિહારના જૈન તીર્થ સમેતશિખરની અનુકૃતિરૂપ અમદાવાદના સમેતશિખર પ્રાસાદનો ઉલ્લેખ 'મિરાતે અહમદી'માં છે તે માંડવીની પોળમાંનું સમેતશિખરનું મંદિર હશે. એ મંદિર ઈ.સ.ના ૧૮ મા સૈકાની અધવચ્ચે બંધાયું હતું.[૪૫] હમણાં શ્રાવકો લાંબા અંતરને કારણે અસલ જગાએ દર્શનાર્થે જઈ શકતા નથી, તેથી તેઓ અહીં આવે છે એ અલી મુહમ્મદખાનનું કથન વસ્તુદર્શી છે. એણે આપેલા કારણમાં 'મિરાતે અહમદી'ના રચનાસમયે ગુજરાતમાં તેમજ અન્યત્ર પ્રવર્તતી અસ્થિર અને બિનસલામત રાજકીય પરિસ્થિતિનું કારણ પણ ઉમેરવું જોઈએ.

પરંતુ ગુજરાતમાં મુઘલ પાદશાહો અકબર જહાંગીર અને શાહજહાંનો રાજ્યકાલ એ શાંતિ અને વેપારી આબાદીનો કાલ હતો તથા ઔરંગઝેબના રાજ્યકાલમાં પણ શાસન પક્ષે થયેલાં ધાર્મિક ભેદભાવ અને સાંપ્રદાયિક દમનો બાજુએ રાખીએ તો એકંદરે જાનમાલની સલામતી હતી. ગુજરાતની જૈન ધર્માનુયાયી પ્રજા બહુશ: વેપારી પ્રજા હતી. સલ્તનત કાલમાં જૈન મંદિરો બાંધવાની પ્રવૃત્તિમાં ઓટ આવી હતી, જ્યારે મુઘલ કાલમાં એ પ્રવૃત્તિ વેગવાન બનતી જણાય છે.

આર્થિક સ્થિતિ વિશેના પ્રકરણમાં જેમનો નિર્દેશ છે તે શાહ વજિયા અને રાજિયાએ વિજયસેનસૂરિની પ્રેરણાથી ખંભાતના સાગોટા પાડામાં સં. ૧૬૪૪ (ઈ.સ. ૧૫૮૮)માં જૈન મંદિર બંધાવ્યું હતું. સં. ૧૬૬૧ (ઈ.સ. ૧૬૦૫)માં માણેકચોકમાં સોની તેજપાલે ચિંતામણિ પાર્શ્વનાથ અને આદીશ્વરના મંદિરમાં વિજયદેવસૂરિ પાસે મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી.[૪૬] 'વિજયપ્રશસ્તિ' કાવ્યમાંના વર્ણન અનુસાર, વિજયસેનસૂરિના ઉપદેશથી તારંગા શંખેશ્વર સિદ્ધાચલ(શત્રુંજય) રાણપુર આરાસણ વીજાપુર વગેરે સ્થળો એ મંદિરોના જીર્ણોદ્ધાર થયા હતા અને કાવી ગંધાર અમદાવાદ ખંભાત પાટણ વગેરે નગરોમાં લગભગ ચાર લાખ જિનબિંબોની એમને હાથે પ્રતિષ્ઠા થઈ હતી.[૪૭] પાટણમાં વનરાજ ચાવડાએ બંધાવેલા પંચાસરા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર પણ વિજયસેનસૂરિના ઉપદેશથી થયો હતો. એમાં હીરવિહાર નામે સ્થાનમાં હીરવિજયસૂરિ

વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિ એ તપાગચ્છના આચાર્યોની મૂર્તિઓ હતી. હીરવિજયસૂરિની મૂર્તિ સં. ૧૬૬૨(ઈ.સ. ૧૬૦૬)માં તથા વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિની મૂર્તિઓ સં. ૧૬૬૪(ઈ.સ. ૧૬૦૮)માં પ્રતિષ્ઠિત થઈ હતી.[૪૮] અમદાવાદમાં ઝવેરીવાડમાં આદીશ્વર ભગવાનના મંદિરમાં મૂલનાયકની મૂર્તિ નીચે સં. ૧૬૬૬(ઈ.સ. ૧૬૦૯)નો લેખ હોઈ એ મંદિર જહાંગીરના સમયનું ગણાય. એ મહોલ્લામાંનું સંભવનાથનું કલામય મંદિર પણ એ જ સમયમાં બંધાયું જણાય છે.[૪૯]

પાટણમાં ઝવેરીવાડમાં અમરદત્તના પુત્ર કુંવરજીએ સં. ૧૬૫૨(ઈ.સ. ૧૫૯૬)માં ખરતરગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિના ઉપદેશથી પાર્શ્વનાથ અથવા વાડીપાર્શ્વનાથનું મંદિર[૫૦] બંધાવ્યું હતું, જેની પ્રસિદ્ધિ એના કલામય કાષ્ઠમંડપ માટે પણ છે. એ મંદિરમાંના બાવન પંક્તિના લાંબા સંસ્કૃત લેખમાં ખરતરગચ્છના આચાર્યોની પટ્ટાવલિ આપી છે અને સોલંકી કાલથી માંડી જેના સમયમાં આ મંદિર બંધાયું તે અકબર પાદશાહના સમય સુધીના આચાર્યોની નામાવલિ સાથે પ્રત્યેકનો સંક્ષિપ્ત વૃત્તાંત એમાં આપ્યો છે.[૫૧] એમાં જણાવ્યું છે કે જિનચંદ્રસૂરિએ સં. ૧૬૪૮(ઈ.સ. ૧૫૯૨)માં ખંભાતમાં ચાતુર્માસ કર્યો ત્યારે એમના 'અમિત મહિમાના શ્રવણથી ઉત્કંઠિત થયેલા અકબર પાદશાહે એમને મળવા બોલાવ્યા હતા. એમના ગુણસમુદાય વડે રંજિત થઈને અકબરે આષાઢ મહિનાની અષ્ટાહ્નિકાએ અમારિ ફરમાન તથા ખંભાતના સમુદ્રમાં મીનરક્ષણનું ફરમાન' કાઢયું હતું અને આચાર્યને 'સત્તમ' એવું યુગપ્રધાનપદ આપ્યું હતું. જિનચંદ્રસૂરિએ સં. ૧૬૫૨ ના માઘ માસમાં પાદશાહની ઉપસ્થિતિમાં પોતાના શિષ્ય જિનહંસસૂરિને આચાર્યપદે સ્થાપ્યા હતા. આ મંદિરના બાંધકામનું મુહૂર્ત સં. ૧૬૫૧ ના માગસર સુદ નવમી અને સોમવારના દિવસે પૂર્વ ભાદ્રપદ નક્ષત્રમાં થયું હતું એવો ઉલ્લેખ શિલાલેખના આરંભમાં છે, પણ પ્રતિમાનો સ્થાપનવિધિ 'અલ્લાઈ સંવત' (ઇલાહી સંવત) ૪૧ ના વર્ષે વૈશાખ વદ બારશ ને ગુરુવારે રેવતી નક્ષત્રમાં થયો હોવાનો અંતમાં નિર્દેશ છે. અહીં વિક્રમ સંવતનો ઉલ્લેખ જ નથી, કેવળ દીને ઇલાહી સનનો છે. એક જૈન દેવસ્થાનની પ્રતિષ્ઠાવિધિની નોંધ વિક્રમ સંવતને બદલે ઇલાહી સનમાં હોય એ બિનમુસ્લિમ પ્રજામાં અકબરની લોકપ્રિયતા દર્શાવે છે.[૫૨]

વિવેકહર્ષ ઉપાધ્યાયના ઉપદેશથી કચ્છના રાવ ભારમલ્લે ભૂજમાં રાજવિહાર નામનું ઋષભનાથનું જૈન મંદિર કરાવ્યું હતું અને સં. ૧૬૫૮(ઈ.સ. ૧૬૦૨)માં તપાગચ્છને સ્વાધીન કર્યું હતું. વિવેકહર્ષે કચ્છના ખાખરા ગામમાં સં. ૧૬૫૭

(ઈ.સ. ૧૬૦૧)માં ત્યાંના ઓસવાળ વણિકોને ઉપદેશ આપી ત્રણ પ્રતિમાઓની અંજનશલાકા કરી હતી તથા સં. ૧૬૫૯(ઈ.સ. ૧૬૦૩)માં શત્રુંજયાવતાર નામે ચૈત્યની પ્રતિષ્ઠા કરી હતી.[53] સં. ૧૬૭૫(ઈ.સ. ૧૬૧૯)માં જામનગરના વર્ધમાન અને પદ્મસિંહ એ બે ઓસવાળ ભાઈઓએ ૨૦૪ પ્રતિમા ભરાવી અને પ્રતિષ્ઠિત કરાવી, અને પછીના વર્ષમાં શત્રુંજયનો સંઘ કાઢચો તથા એ પૈકી વર્ધમાને સં. ૧૬૭૮(ઈ.સ. ૧૬૨૨)માં શત્રુંજય ઉપર દેરું બંધાવ્યું અને જામનગરમાં બીજી પ્રતિષ્ઠા કરાવી.[54] સં. ૧૬૮૩(ઈ.સ. ૧૬૨૭)માં દીવના જૈન સંઘે ગિરનારની પૂર્વ તરફની પાજ(પગથિયા)નો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, જેમાં મુખ્ય ફાળો શ્રીમાળી જ્ઞાતિના માસિંઘજી મેઘજીએ આપ્યો હતો.[55] સં. ૧૬૮૬ (ઈ.સ. ૧૬૩૦)માં શત્રુંજય ઉપર શાહ ધર્મદાસે અદબદજી(અદ્ભુત)નું મંદિર કરાવ્યું હતું અને ત્યાં આદિનાથની મૂર્તિ ડુંગરમાંથી કોતરાવી હતી.[56] શાહજહાંના સમયમાં અમદાવાદ પાસે બીબીપુર અથવા સરસપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર બંધાવનાર સુપ્રસિદ્ધ ઝવેરી શાંતિદાસનો અને એના નગરશેઠ વંશજોનો નિર્દેશ આ ગ્રંથના સાધનસામગ્રી વિશેના પ્રથમ પ્રકરણમાં તેમજ 'આર્થિક સ્થિતિ' અને 'સામાજિક સ્થિતિ'નાં પ્રકરણોમાં કરવામાં આવ્યો છે.

જૈન મંદિરો–ચૈત્યો આદિની પ્રતિષ્ઠાને લગતી આ વિગતો સંપૂર્ણ નથી, પણ કેવળ ઉદાહરણાત્મક છે અને મુઘલકાલીન ગુજરાતના પ્રમાણમાં શાંતિપૂર્ણ કાલખંડમાં જે ધાર્મિક–સામાજિક પરિસ્થિતિ પ્રવર્તમાન હતી તેનો તેઓ ખ્યાલ આપે છે.

પ્રભાવક જૈન આચાર્યોનો મુઘલ દરબારમાં તેમજ અન્ય રાજદરબારમાં પ્રવેશ તેમ પ્રભાવ હતો અને એને લઈને જૈન ધર્મને રાજ્યશાસન દ્વારા કેટલીક અનુકૂળતા પ્રાપ્ત થઈ હતી. હીરવિજયસૂરિ, એમના પટ્ટધર વિજયસેનસૂરિ, એમના વિજયદેવસૂરિ અને એમના વિજયપ્રભસૂરિના મુઘલ બાદશાહ અકબર અને જહાંગીર સાથેના સંપર્કનો ટૂંક વૃત્તાંત સમકાલીન જૈન ઐતિહાસિક સાહિત્યને આધારે આ ગ્રંથના 'સાધનસામગ્રી' પ્રકરણમાં આપ્યો છે. હીરવિજયસૂરિના શિષ્યમંડળમાંના શાંતિચંદ્ર ઉપાધ્યાય, ભાનુચંદ્ર ઉપાધ્યાય, અવધાનકાર નંદવિજય, ભાનુચંદ્રના શિષ્ય સિદ્ધિચંદ્ર, વિવેકહર્ષ ઉપાધ્યાય, મુનિ પદ્મસુંદર વગેરે વિદ્વાન મુનિઓ પણ કોઈ ને કોઈ રીતે મુઘલ દરબારના સંપર્કમાં આવ્યા હતા.

જૈન સાધુઓના પાદવિહાર, ઉગ્ર તપશ્ચર્યા, અપરિગ્રહ આદિથી પ્રભાવિત થઈ મુઘલ પાદશાહોએ એમને અનેક ફરમાન ધાર્મિક અનુકૂળતા અર્થે બક્ષ્યાં. હીરવિજયસૂરિને અપાયેલાં ફરમાનોનો નિર્દેશ 'હીરસૌભાગ્ય'ને આધારે 'સાધન–સામગ્રી'ના પ્રકરણમાં થયો છે.

અકબરે જૈન આચાર્યોને બક્ષેલાં ફરમાનોમાં બે ફરમાન વિશેષતઃ નોંધપાત્ર છે: એક ઈ.સ. ૧૬૦૧નું અને બીજું ઈ.સ. ૧૬૦૪નું. ઈ.સ. ૧૫૯૫ માં હીરવિજયસૂરિના સ્વર્ગવાસ પછી વિજયસેનસૂરિ એમના પટ્ટધર થયા અને ઈ.સ. ૧૬૧૫ સુધી એ સ્થાને રહ્યા. એમની સાથે લાહોરમાં થયેલી પ્રથમ મુલાકાત અકબર પાદશાહ ભૂલ્યો નહોતો અને એમને હીરવિજયસૂરિ જેવું જ સંમાન આપતો હતો. ઈ.સ. ૧૬૦૧ ના ફરમાનમાથી આ સ્પષ્ટ છે. એ ફરમાન ઉપર નિશાન અકબરશાહનું છે તથા ગુજરાત સૂબા(પ્રાન્ત)ના તથા સોરઠ સરકાર (ઇલાકા)ના હાકેમો જાગીરદારો અને મુત્સદ્દીઓને ઉદ્દેશીને એ કાઢવામાં આવ્યું છે. એ એક સર્વસંગ્રહાત્મક ફરમાન છે અને જૈનોની તરફેણમાં કાઢવામાં આવેલાં અગાઉનાં સર્વ ફરમાનોને આવરી લે છે. એમા જણાવ્યું છે કે આ ફરમાનની પાછળ નોંધેલા દિવસોએ ગાય બળદ અને ભેંસને મારવાનો તથા એ પ્રાણીઓનું માંસ ખાવાનો પ્રતિબંધ છે, ઝાડ ઉપર કે ઘર ઉપર માળા બાંધતા પક્ષીઓનો શિકાર કરવાનો કે તેઓને પાંજરામાં પૂરવાનો પ્રતિબંધ છે. વળી વિજયસેનસૂરિ અને એમના શિષ્યોની યોગસાધના અને ઈશ્વરભક્તિની સચ્ચાઈની પાદશાહને પ્રતીતિ થઈ હોવાથી ફરમાવવામાં આવે છે કે બીજા કોઈએ એમનાં મંદિરો કે ઉપાશ્રયોમાં રહેવું નહિ અથવા એમનું અપમાન કરવું નહિ, આવાં સ્થળોની મરામત કરવાની જરૂર ઊભી થાય ત્યારે કોઈએ અજ્ઞાન કે ધર્માંધતાને કારણે એમાં અડચણ કરવી નહિ. ઈશ્વરને નહિ જાણનારા કેટલાક લોકો વરસાદ અટકાવી દેવાના અને એવાં જાદુકપટ કરવાના આરોપ આ સાધુઓ ઉપર મૂકે છે, એમને હેરાન કરે છે અને એમને ધાર્મિક વિધિઓ કરતાં અટકાવે છે તેથી અમે ફરમાવીએ છીએ કે આ નમ્ર મનુષ્યો ઉપર એવાં આળ ચડાવવાં જોઈએ નહિ અને એમનાં વિશ્રામસ્થાનોમાં એમને પોતાના ધર્માનુસાર ઈશ્વરસાધના કરવાની અને આચારપાલનની છૂટ આપવી જોઈએ.

ગુજરાતના જૈન આચાર્યો સાથેનો અકબરનો પરિચય એના જીવનના અંતકાળ સુધી ચાલુ રહ્યો હતો. એના અવસાનના એક જ વર્ષ પહેલાં, ઈ.સ. ૧૬૦૪ માં એણે બહાર પાડેલા ફરમાનથી એ વસ્તુ પુરવાર થાય છે. વાડીપાર્શ્વનાથના મંદિરના શિલાલેખમાં જણાવ્યું છે તેમ, ખરતરગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિએ ઈ.સ. ૧૫૯૨ માં ખંભાતમાં અકબર પાસેથી અમારિનું ફરમાન મેળવ્યું હતું. એ સમયે જિનચંદ્રસૂરિએ અકબરને વિનંતી કરી હતી કે મુઘલ સામ્રાજ્યના કોઈ પણ પ્રદેશમાં બાર દિવસ સુધી પશુપક્ષી કે માછલી મારવાનો નિષેધ કરતું ફરમાન આપે આ પહેલાં હીરવિજયસૂરિને બક્ષ્યું છે; હવે આવો હુકમ વધુ

એક સપ્તાહ લંબાવતું ફરમાન મને આપો. તદનુસાર અકબરે ફરમાન કાઢયું હતું કે પ્રત્યેક વર્ષે આષાઢ માસની સુદ નોમથી પૂનમ સુધીના સાત દિવસ કોઈએ પ્રાણી-વધ કરવો નહિ, 'કેમકે ઈશ્વરે માણસજાત માટે અનેક પ્રકારની ચીજો પેદા કરી છે ત્યારે એણે પોતાના પેટને પ્રાણીઓની કબર બનાવવું નહિ જોઈએ.' જિનચંદ્રસૂરિને બક્ષેલા અગાઉના ફરમાનના મજકૂરની પુનરાવૃત્તિ કરીને શાહી ફરમાન ઉમેરે છે કે આ વખતે અર્થાત્ ઈ.સ. ૧૬૦૪ માં (જિનચંદ્રસૂરિના શિષ્ય) આચાર્ય જિનસિંહ અથવા માનસિંહ અરજી કરે છે કે 'અગાઉનું ફરમાન ખોવાઈ ગયું છે; આથી અગાઉ મુજબનું નવું ફરમાન બક્ષવાનું અમે મંજૂર કરીએ છીએ.' એ જ રીતે પાદશાહ જહાંગીરે વિજયસૂરિના શિષ્યો વિવેકહર્ષ પરમાનંદ અને ઉદયહર્ષને પર્યુષણ પર્વના દિવસો દરમ્યાન આખાયે રાજ્યમાં પ્રાણી-વધનો નિષેધ કરતું ફરમાન ઈ.સ. ૧૬૦૧ માં આપ્યું હતું. ઈ.સ. ૧૬૧૬ માં વિવેકહર્ષ ઉપાધ્યાયને બક્ષેલા 'જહાંગીરી હુકમ'માં જહાંગીર પાદશાહે જૈન સાધુઓને સંપૂર્ણ ધાર્મિક સ્વાતંત્ર્ય આપવાની આજ્ઞા કરી છે. તપાગચ્છના પંડિત હર્ષાણંદના શિષ્ય વિવેકહર્ષ ઉપાધ્યાયે પોતાના ઉપદેશથી પાદશાહને પ્રસન્ન કરીને એ ફરમાન મેળવ્યું હતું. અકબરે ઈ.સ. ૧૫૯૫ માં સૌરાષ્ટ્રમાં ઊના પાસે શાહબાગમાં હીરવિજયસૂરિની નિર્વાણભૂમિ ઉપર પાદુકામંદિર માટે જમીન ભેટ આપી હતી તેમ અકબરના ઉત્તરાધિકારી જહાંગીરે હીરવિજયસૂરિના શિષ્ય વિજયસેનસૂરિના સમાધિમંદિર અને આસપાસના બગીચા માટે દસ વીઘાં જમીન ખંભાતના પરા અકબરપુરમાં ઈ.સ. ૧૬૧૬ માં ભેટ આપી હતી.[૫૭]

શાંતિદાસ ઝવેરીને લગતાં મુઘલ સમ્રાટ તરફથી નીકળેલાં ફરમાન પણ આર્થિક-સામાજિક સ્થિતિ ઉપરાંત જૈન સમાજના ધાર્મિક ઇતિહાસ ઉપર પ્રકાશ પાડે છે. ઈ.સ. ૧૬૪૪ નું ફરમાન શાહજહાંના રાજ્યાભિષેકની વર્ષગાંઠના દિવસને માટે ઊંચા પ્રકારનું ઝવેરાત શાંતિદાસ અને બીજા ઝવેરીઓ પાસેથી મેળવવા માટે ગુજરાતના સૂબા મુઇઝ્‌-ઉલ્-મુલ્ક ઉપર કાઢવામાં આવેલું છે.[૫૮] ઈ.સ. ૧૬૫૬ નાં બે ફરમાનો દ્વારા શાહજહાંએ શાંતિદાસ ઝવેરીને ગુજરાતના જૈન સંઘના પ્રતિનિધિ તરીકે જૈનોના તીર્થધામ શંખેશ્વર ગામનો ઇજારો વાર્ષિક રૂપિયા ૧૦૫૦ માં આપ્યો હતો.[૫૯] આ પછી, ઈ.સ. ૧૬૬૦ નું ફરમાન ઔરંગઝેબનું છે. એ દ્વારા શાંતિદાસ ઝવેરીની સેવાઓના બદલામાં શત્રુંજય ગિરનાર અને આબુનાં જૈન તીર્થોની સોંપણી, જૈન સંઘના પ્રતિનિધિ તરીકે, એને કરવામાં આવી છે. આ પ્રદેશમાં કોઈ માંડલિક રાજાઓ શાંતિદાસના કાર્યમાં હરકતો ઊભી કરશે તો તેઓ રાજદંડને પાત્ર થશે એવી આજ્ઞા કરી છે. ઔરંગઝેબ જેવા ધર્મચુસ્ત પાદશાહના

શાસનમાં આવું મહત્ત્વનું ફરમાન નીકળ્યું એ રાજ્યકારોબારમાં શાંતિદાસનો જે પ્રભાવ હતો તેનું સૂચક છે.[૬૦]

આ દૃષ્ટિએ શાંતિદાસને અપાયેલાં બીજાં કેટલાંક ફરમાન ખાસ નોંધ માગી લે છે. શાહજહાંનો શાહજાદો મુરાદબક્ષ ઈ.સ. ૧૬૫૮ માં ગુજરાતનો સૂબેદાર હતો. શાહજહાંની ગંભીર માંદગીના સમાચાર મળતાં જ અમદાવાદ મુકામે એણે પોતાને પાદશાહ તરીકે જાહેર કર્યો, પણ ધારેલાં કામ પાર પાડવા માટે એને નાણાંની સખત જરૂર હતી. આ માટે એણે શાંતિદાસના પુત્ર માણેકચંદ પાસેથી સાડા પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા (૨૨ જૂન, ઈ.સ. ૧૬૫૮). આ રકમ ભરપાઈ કરવા માટે એના ફરમાનમાં જોગવાઈ કરવામાં આવી હતી. પણ એ લખાણ થયા પછી થોડા જ દિવસમાં મુરાદ પોતાના ભાઈ ઔરંગઝેબના હાથે કેદ પકડાયો અને એનાં ફરમાનોની કોડીની પણ કિંમત રહી નહિ, પરંતુ શાંતિદાસ હિંમત હાર્યો નહિ અને ઔરંગઝેબને પણ પોતાની કારકિર્દીનાં આરંભનાં વર્ષોની અનિશ્ચિત અવસ્થામાં શાંતિદાસ જેવા ગુજરાતના સૌથી મોટા શરાફ અને જૈન જેવી સમૃદ્ધ કોમના સર્વમાન્ય આગેવાનની સહાય અને સહાનુભૂતિની અગત્ય સમજાઈ હશે; પરિણામે પોતાના દુશ્મન મુરાદને આવી ગંજાવર આર્થિક સહાય આપનાર ઝવેરીને એ રકમ પૈકી રૂપિયા એક લાખ તત્કાળ પાછા આપવાનું ફરમાન ઔરંગઝેબે કાઢયું (તા. ૧૦ ઑગસ્ટ, ઈ.સ. ૧૬૫૮). શાંતિદાસને દિલ્હીથી ગુજરાત પાછા ફરવાની અનુજ્ઞા આપી અને ન્યાયપૂર્વક પ્રજાપાલન કરવાની પોતાની આકાંક્ષા સર્વ મહાજનો વેપારીઓ અને સમસ્ત પ્રજાવર્ગમાં જાહેર કરવાની સૂચના કરી.[૬૧] ત્યાર પછી શાંતિદાસની સહાય તો ઔરંગઝેબને ખૂબ ઉપયોગી થઈ પડી હશે એમ જણાય છે, કેમકે શાંતિદાસે આપેલા પુરવઠાથી લશ્કરી કૂચમાં ઘણી મદદ થઈ હતી એવો સ્પષ્ટ એકરાર બીજા એક ફરમાનમાં છે.[૬૨] આ સહાયના બદલામાં શાંતિદાસને ઈ.સ. ૧૬૬૦ માં જૈન તીર્થો આસપાસના પ્રદેશની સોંપણી થઈ હશે એવું અનુમાન થાય છે. ઈસવી સનના ૧૪ મા સૈકાના આરંભમાં સુલતાન અલાઉદ્દીન ખલજી જેવા મૂર્તિભંજકના નાઝિમ અલપખાનની આવી જ કોઈ રીતે અનુજ્ઞા મેળવીને શત્રુંજય ઉપરનાં જૈન મંદિરોનો પુનરુદ્ધાર પાટણના સંઘવી સમરસિંહે કરાવ્યો હતો.

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં જૈન દિગંબર સંપ્રદાયના શ્રાવકોની વસ્તી ગુજરાતમાં હતી ને એ સંપ્રદાયના ભટ્ટારકોની ગાદી ઈડરમાં અને સોજિત્રામાં હતી. સુરતમાં ભૂષણ નામે દિગંબર આચાર્ય સાથે વિજયસેનસૂરિને

વાદ થયો હતો. શાંતિચંદ્ર ઉપાધ્યાયે એ જ આચાર્યને ઈડરમાં રાય નારાયણની સભામાં પરાજિત કર્યા હતા અને પદ્મસાગરને પણ દિગંબર પંડિતો સાથે શાસ્ત્રાર્થ થયો હતો એવો શ્વેતાંબરોનો દાવો છે.[૬૩] મુઘલ કાલમાં ગુજરાતમાં કેટલાક દિગંબર જૈન ગ્રંથ રચાયા છે તથા કેટલાકની ગુજરાતનાં આમનગરોમાં નકલ થઈ છે એમ હસ્તલિખિત ગ્રંથભંડારોની સૂચિઓ આદિ ઉપરથી જણાય છે.[૬૪] પણ દિગંબર સંપ્રદાય વિશે એ ઉપરાંત ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર એવી ઝાઝી માહિતી મળતી નથી, પરંતુ શ્વેતાંબર જૈનોમાં એ કાળે કેટલાક આંતરિક મતભેદ પ્રવર્ત્યા. એમાંથી સલ્તનત કાલ દરમ્યાન સ્થાનકવાસી સંપ્રદાય[૬૫] અને કડવા મત[૬૬] પ્રવર્ત્યા હતા.

એક જ સંપ્રદાયના આંતરિક મતભેદ વિભિન્ન સંપ્રદાયના મતભેદો કરતાં કેટલીક વાર વિશેષ ક્લેશકર હોય છે એનું ઉદાહરણ મુઘલકાલીન જૈન ઇતિહાસમાંથી મળે છે. સ્થાનકવાસી મત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયથી અલગ પડચો ત્યારથી એ બંનેને વિસંવાદ ચાલ્યા કરતો હતો. જૂના વિચારના જૈનો આ નવા સંપ્રદાય સાથે લગ્નવ્યવહાર કરવાથી જ નહિ, એમની સાથે જમવાથી પણ વિરુદ્ધ હતા. આથી સ્થાનકવાસીઓએ આ પ્રતિબંધો દૂર કરાવવા માટે પાદશાહ શાહજહાંને વિનંતી કરી. એ વિનંતીના નિર્ણયરૂપે શાહજહાંનું એક ફરમાન ગુજરાતના એ સમયના સૂબેદાર શાહજાદા દ્વારા ઉપર મોકલવામાં આવેલું છે. એમાં જણાવ્યું છે કે સહભોજન કરવું કે સગપણ સંબંધ બાંધવો એ વસ્તુ બંને પક્ષોની સંમતિ ઉપર અવલંબે છે, એટલે એ માટે કોઈને ફરજ પાડી શકાય નહિ, છતાં આ બાબતમાં કોઈ પ્રકારની અશાંતિ થાય તો સખત હાથે કામ લેવું. આ ફરમાન ઈ.સ. ૧૬૪૪નું એટલે કે લોંકાશાહના મતના પ્રવર્તનથી ૧૯૨ વર્ષ પછીનું છે. દોઢસો વર્ષમાં પણ બંને પક્ષ પોતાના પ્રારંભિક વિસંવાદને ભૂલી શક્યા નહોતા એ વસ્તુ એ કાલના સાંપ્રદાયિક જીવન ઉપર પ્રકાશ પાડે છે.[૬૭]

અકબરના સમયમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના બે ગચ્છ–તપાગચ્છ અને ખરતરગચ્છ–વચ્ચે પણ કેટલાક ઉગ્ર મતભેદ થયા હતા. તપાગચ્છનો મોટો અનુયાયી વર્ગ ગુજરાતમાં હતો અને ખરતરગચ્છના ઘણા અનુયાયી ગુજરાત ઉપરાંત મારવાડમાં અને અન્યત્ર હતા. તપાગચ્છના વિદ્વાન, પણ વાદપ્રિય ઉપાધ્યાય ધર્મસાગરે 'નવાંગીવૃત્તિકાર'–જૈન આગમનાં નવ અંગો ઉપર ટીકા રચનાર અભયદેવસૂરિ ખરતરગચ્છના નહોતા એવો પ્રબળ વાદ પાટણમાં કર્યો તથા ખરતરગચ્છ અને બીજા ગચ્છો ઉપર પ્રહાર કરતા અનેક ગ્રંથ રચ્યા.[૬૮]

સમાજમાં વૈચારિક વિસંવાદ થતો અટકાવવા માટે તપાગચ્છના આચાર્ય વિજયદાનસૂરિએ ધર્મસાગરનો 'કુમતિકુદ્દાલ' ગ્રંથ પાણીમાં બોળાવી દીધો હતો અને ઉપાધ્યાયે ચતુર્વિધ સંઘ સમક્ષ "મિચ્છામિ દુક્કડં" કહી માફી માગી હતી. વિજયદાનસૂરિના સ્વર્ગવાસ પછી[૬૯] ધર્મસાગર હીરવિજયસૂરિની આજ્ઞામાં રહ્યા હતા, પણ હીરવિજયસૂરિ અકબરના દરબારમાં અને ઉત્તર ભારતમાં રહ્યા તે દરમ્યાન ગુજરાતમાં કુસંપનું વાતાવરણ વધ્યું. આથી હીરવિજયસૂરિએ ગુજરાતમાં પાછા આવ્યા પછી પોતાના ગુરુ વિજયદાનસૂરિએ શાંતિ સ્થાપવા માટે અગાઉ બહાર પાડેલી 'સાત બોલ' નામની સાત આજ્ઞાઓ ઉપર વિવરણ અને ઉમેરણ કરી 'બાર બોલ' રૂપી આજ્ઞાઓ જાહેર કરી (ઈ.સ. ૧૫૯૦) એમાં ધર્મસાગરે પણ સહી કરી. ધર્મસાગરનો સ્વર્ગવાસ ખંભાતમાં ઈ.સ. ૧૫૯૭ માં થયો હતો.[૭૦]

મુઘલ કાલના લગભગ અંતમાં કચ્છના રાવ લખપતજીએ ઈ.સ. ૧૭૪૧–૬૧ માં કચ્છમાં કરેલાં હુન્નર–ઉદ્યોગનાં વિકાસકાર્યોનો ઉલ્લેખ 'આર્થિક સ્થિતિ' પ્રકરણમાં કરવામાં આવ્યો છે. રાવ લખપત પોતે સાહિત્યપ્રેમી તેમજ કવિ હતો. એણે ભુજમાં વ્રજભાષાની કાવ્યરચના માટેની પાઠશાળા સ્થાપી હતી, એના પ્રથમ અધ્યાપકો તરીકે જૈન યતિ ભટ્ટારક કનકકુશલ અને એમના શિષ્ય કુંવરકુશલની નિયુક્તિ કરી હતી અને એમના નિર્વાહ માટે એક ગામ દાનમાં આપ્યું હતું. આ પાઠશાળામાં અભ્યાસ કરવા આવનાર માટે શિક્ષણ નિઃશુલ્ક હતું અને ભોજનખર્ચ રાજ્ય તરફથી આપવામાં આવતું. કુંવરકુશલ તો ફારસીના પણ વિદ્વાન હતા અને 'પારસી નામમાલા' નામે ફારસી–સંસ્કૃત કોશનું એમણે વ્રજભાષામાં ભાષાન્તર કર્યું હતું. જૈન યતિઓના વર્ચસને કારણે ઉપર્યુક્ત પાઠ-પ્રકારની તાલીમશાળા તત્કાલીન ગુજરાત અને રાજસ્થાનમાં અદ્વિતીય હતી.[૭૧] જૈન યતિઓ દ્વારા થયેલા વ્યાપક શિક્ષણમાં આ પાઠશાળાનો ઇતિહાસ સ્મરણીય છે

૨. ઇસ્લામ

મુઘલોના સમયમાં ભારતમાં ઇસ્લામની સ્થિતિ કંઈક આવી હતી : શિયા અને સુન્નીના સંઘર્ષ ઉપરાંત એના ફિરકાઓ અને પેટા ફિરકાઓ, કે જે અતિશય મોટી સંખ્યામાં ઊભા થયા હતા, તેઓમાં પણ આંતરિક સંઘર્ષ ચાલ્યા કરતો હતો. ઉલેમાઓ સંતો વિદ્વાનો અને મુલ્લાંઓ પોતપોતાના વિચારો અને માન્યતાઓના સમર્થનમાં પવિત્ર કુરાન શરીફ, હદીસો અને પોતપોતાના ઇમામો, દાઈઓ કે ધર્મગુરુઓનાં વચન ટાંકતા હતા, આથી ધાર્મિક માન્યતાઓમાં સંઘર્ષમય વિવિધતા વધતી જતી હતી.

બાબરથી ઔરંગઝેબ સુધીના બાદશાહો દ્વારા ભારતમાં ઇસ્લામ ધર્મનું સ્વરૂપ બદલાતું રહ્યું. શહેનશાહોની ધાર્મિક માન્યતાઓ અને એ માન્યતાઓને પુષ્ટિ આપતી એમની સત્તાએ ભારતમાં અને ગુજરાતમાં પણ ઇસ્લામના સ્વરૂપમાં વારંવાર પરિવર્તન કર્યું છે. એમાં પણ ખાસ કરીને બાદશાહ અકબર અને ઔરંગઝેબની ધાર્મિક નીતિ તથા એ નીતિના સમર્થનમાં તેઓએ પોતાની રાજ્ય-સત્તાના કરેલ ઉપયોગને પરિણામે ઇસ્લામમાં આંતરિક સંઘર્ષના ઘણા પ્રસંગ બન્યા છે. અકબરની ઉદાર ધાર્મિક નીતિને કારણે દીન-ઇ-ઇલાહીની સ્થાપના અને મઝહરના સ્વીકાર જેવા પ્રસંગ અને ઔરંગઝેબની કટ્ટર ધાર્મિક નીતિને કારણે સૈયદ રાજૂની કતલ, મોમનાઓનો બળવો, દક્ષિણનાં મુસલમાની રાજ્યોનો વિલય વગેરે મહત્ત્વના પ્રસંગ બની ગયા.

અકબરથી ઔરંગઝેબના સમય સુધી ગુજરાત સંપૂર્ણપણે મુઘલ બાદશાહોને અધીન હતું. બાદશાહોની નીતિનો અમલ એમના સૂબેદારો દ્વારા ગુજરાતમાં થતો. કેટલીક વાર એમ બનતું કે સૂબેદારો પોતપોતાની ધાર્મિક માન્યતાઓને કારણે અન્ય ધર્માવલંબીઓ ઉપર જુલમ ગુજારતા. ગુજરાતના સૂબેદાર તરીકે શાહજાદા ઔરંગઝેબે પોતાની સ્વતંત્ર ધાર્મિક નીતિ અપનાવી હતી. જૈનોના સુપ્રસિદ્ધ ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરને 'કુવ્વત ઉલ્ ઇસ્લામ' નામની મસ્જિદમાં ફેરવવાનુ કામ તથા પાલનપુરના મહેદવિયા ફિરકાના વડા સૈયદ રાજૂની કતલ વગેરે એના ગુજરાતની સૂબેદારીના સમયમાં થયેલાં કાર્ય હતાં.

અકબરનું શાસન સ્થિર હતું. એની રાજકીય દીર્ઘદૃષ્ટિ અને કંઈક અંશે ઉદાર ધર્મભાવનાને કારણે એ સુન્ની હોવા છતાં એની ધાર્મિક નીતિ ઉદારતા સમાનતા અને સહિષ્ણુતાની ભાવના પર નિર્ધારિત કરવામાં આવી હતી. અકબરની માતા શિયા હતી, પિતા સુન્ની હતા અને શિક્ષકોમાં કેટલાક શિયા તો કેટલાક 'સુલહ કુલ'ની નીતિના સમર્થક ઉદારમતવાદી હતા. વળી એના ઉપર કબીર તથા નાનક જેવા સંતોના સર્વધર્મસમન્વયના પ્રચારનો પ્રભાવ પણ પડ્યો હતો.

એનું દૃષ્ટિબિંદુ વ્યાપક હતું, અંધશ્રદ્ધાનો એનામાં અભાવ હતો, આથી ઉલેમાઓ જે કાંઈ કહે તે જ આપ્તવાક્ય એવું એ માનતો ન હતો. એનાથી ઊલટું, એણે જોયું કે મુસ્લિમ ઉલેમાઓમાં પણ અંદરોઅંદર ઘણા મતભેદ પ્રવર્તતા હતા. ઉલેમાઓની કટ્ટરતા અને મતભેદોને કારણે અકબરની ધાર્મિક માન્યતાઓમાં પરિવર્તન આવ્યું હતું એ એક હકીકત છે.

ઇસ્લામના આંતરિક મતભેદોનું નિરાકરણ કરવા માટે કુરાન શરીફની એક પ્રમાણિત વ્યાખ્યા (ટીકા) તૈયાર કરાવવી જોઈએ એમ લાગતાં ઇ.સ. ૧૫૭૫ માં એણે એક ઇબાદતખાનું ફતેહપુર સીકરીમાં બંધાવ્યું, શિયા સુન્ની જૈન પારસી હિંદુ ખ્રિસ્તી વગેરે બધા ધર્મોના વિદ્વાનોની ધર્મચર્ચાને કારણે એનું એ ઇબાદતખાનું એ જમાનાનું "વિશ્વધર્મનું સંસદ ભવન" બની ગયું.[૭૨]

પરંતુ આ પ્રકારની ધાર્મિક ચર્ચાનું કંઈ નક્કર પરિણામ ન આવ્યું. દરેક વિદ્વાન પોતાના મતને શ્રેષ્ઠ અને પોતાના ધાર્મિક પુસ્તકને ઈશ્વરપ્રદત્ત માની એમાં જ સાચું જ્ઞાન સમાયેલું છે એમ કહેવા લાગ્યો. સામા પક્ષની વાત માનવા કે સમજવા કોઈ તૈયાર ન થયા. આની અકબર ઉપર ઊંડી અસર પડી. એણે ધાર્મિક ઉદારતાની નીતિ અપનાવી. એના શાસનકાલ દરમ્યાન ઇસ્લામને પરિવર્તિત કરી દે એવી બે બાબત અસ્તિત્વમાં આવી : એક મઝહર(આવિર્ભાવ-સ્થાન)નો સ્વીકાર અને બીજી દીન-ઇ-ઇલાહીની સ્થાપના.

મુસ્લિમોના આંતરિક ધાર્મિક મતભેદોને દૂર કરવા માટે એણે ઈ.સ. ૧૫૭૯ માં મઝહરનો સ્વીકાર કર્યો. આ મઝહર દ્વારા સમ્રાટને ધાર્મિક આદેશો જાહેર કરવાની અને ધાર્મિક બાબતો પર નિર્ણય આપવાની સત્તા આપવામાં આવી.

અકબરે બીજું પણ એવું જ ભારે ચર્ચાસ્પદ પગલું ભર્યું અને એ ઈ.સ. ૧૫૮૧ માં દીન-એ-ઇલાહીની સ્થાપનાનું. બધા ધર્મોનાં સારાં તત્ત્વ લઈ એમાં રહસ્યવાદ પ્રકૃતિપૂજા અને બુદ્ધિવાદનો સમાવેશ કરી આ ધર્મની સ્થાપના કરવામાં આવી.

દીન-એ-ઇલાહીના સિદ્ધાંત સરળ હતા. સમ્રાટ અકબરને ગુરુ (ઈશ્વર નહિ) માની એની પાસેથી આ ધર્મની દીક્ષા લેવાની હતી શિષ્યે આત્મશુદ્ધિ કરવી, પરસ્પર મળતી વખતે તેઓએ "અલ્લાહો અકબર" કહેવું, માંસ ન ખાવું, બૂરાઈ કરનાર સાથે પણ ભલાઈથી વર્તવું, બૂરું કરનારને ક્ષમા આપવી, ક્રોધ વગેરેનો ત્યાગ કરવો, સૌ પ્રત્યે સદ્ભાવ રાખવો. જ્ઞાનભક્તિમાં દૃઢતાપૂર્વક આગળ વધવું અને આત્માની ઓળખ દ્વારા ખુદા-પ્રાપ્તિનો પુરુષાર્થ કરવો એ એના મુખ્ય સિદ્ધાંત હતા. ટૂંકમાં, દીન-એ-ઇલાહીમાં સદાચાર સંયમ અને સહિષ્ણુતાના આદર્શ ચરિતાર્થ થાય છે.

અકબરનો આ કોઈ નવા ધર્મની સ્થાપના કરવાનો પ્રયાસ ન હતો. આ ધર્મના પ્રસાર કે પ્રચાર માટે એણે કોઈ ખાસ વ્યવસ્થા કરી નથી, એને માટે કોઈ પૂજા પદ્ધતિ કે અલગ દેવાલયની સ્થાપના પણ કરવામાં આવી નહોતી.

એનો આ ધર્મ એના જીવન કાળ દરમ્યાન ઘણા નાના વર્તુળમાં ફેલાયો અને એના મૃત્યુ પછી લુપ્ત થઈ ગયો.

મઝહરનો સ્વીકાર અને દીન-એ-ઇલાહીની સ્થાપનાને કારણે ધર્મચુસ્ત મુસલમાનો એના પ્રત્યે નફરત કરતા થઈ ગયા. એમના મતે અકબર મક્કાર અને અધાર્મિક હતો.

વસ્તુતઃ અકબરે કદી પણ ઇસ્લામનો અનાદર કર્યો નથી કે સાચા મુસલમાન પર જુલ્મ ગુજાર્યો નથી. એ પોતે મુસલમાન હતો અને ઇસ્લામ પ્રત્યે સંપૂર્ણ આદર ધરાવતો હતો.

ઈ.સ. ૧૫૭૩ માં અમદાવાદમાં પ્રવેશ કરીને અકબરે સૌથી પ્રથમ કાર્ય ગુજરાતના સુલતાનોએ અરબસ્તાનની પવિત્ર મજારોને જે ગામડાં વક્ફ રૂપે આપ્યાં હતાં, તેને મંજૂર કરવાનું કર્યું હતું.

સામ્રાજ્યના એ સમયના સદ્રે સુદૂર, અબ્દ-ઉન્-નબીએ સૈયદ હામીદને આવાં આવાં વક્ફોનો વ્યવસ્થાપક (અમીર) બનાવ્યો અને 'જફરુલ્વાલિહ બે મુઝફ્ફર વ આલિહ"ના ભાવી લેખક હાજી ઉદ્ દબીરને માસિક ૨૦૦ મહમદીના પગારથી આવા વક્ફોનાં નાણાં અરબસ્તાનમાં એ પવિત્ર સ્થળોમાં પહોંચાડવા માટે પસંદ કર્યો. ઈ.સ. ૧૫૭૪ માં અન્ય વક્ફ-અમલદારો સાથે હાજી અરબસ્તાન ગયા અને કાર્ય પૂરું કરી ઇ.સ. ૧૫૭૬ માં પાછા ફર્યા.

અકબરનાં ઇસ્લામ પ્રત્યેનાં શ્રદ્ધા અને આદરને વ્યક્ત કરતો બીજો એક અતિ મહત્ત્વનો પ્રસંગ આ પ્રમાણે છે : ઈ.સ. ૧૫૭૭ માં અકબરે ગુજરાતના એક સુપ્રસિદ્ધ સરદાર મીર અબૂ તુરાબને "મીરે હજ" તરીકે નિયુક્ત કરી, પોતાના દરબારીઓ અને બેગમોની એક ટુકડી સાથે મક્કા શરીફની હજ માટે મોકલ્યો. અરબસ્તાનનાં પવિત્ર સ્થળોમાં વહેંચવા માટે અકબરે અબૂ તુરાબને પાંચ લાખ રૂપિયા રોકડા અને એક હજાર ખિલઅત (કિંમતી વસ્ત્રો) આપ્યાં હતાં. ઈ.સ. ૧૫૭૯ માં અબૂ તુરાબ હજ કરીને પાછા ફર્યા અને પોતાની સાથે "કદમે રસૂલ" એટલે કે પેગંબર સાહેબનાં પવિત્ર પગલાં જેના પર અંકિત હતાં તેવો એક મોટો પથ્થર મક્કા શરીફમાંથી લઈ આવ્યા. એ સુરત આવ્યા અને એક હાથી ઉપર ભારે દબદબાથી એ પથ્થરને ફતેહપુર સીક્રી મોકલ્યો. અકબરે કદમે રસૂલનું સંમાન કર્યું. એણે ૧૦૦ ફૂટ સુધી એ ભારે પથ્થરને પોતાના ખભા પર ઊંચક્યો અને ત્યાર પછી વજીરો અને સરદારોએ વારાફરતી એને ઊંચકીને ચાર માઇલ દૂરથી શહેર સુધી તેઓ લાવ્યા અને અબૂ તુરાબના મકાનમાં એને રાખ્યો.[૭૩]

ઈ.સ. ૧૫૮૦ માં જ્યારે અબૂ તુરાબ ગુજરાતમાં આવ્યા ત્યારે પથ્થરને પોતાની સાથે લઈ જવાની એમને પરવાનગી મળી. એમની ઇચ્છા એના ઉપર એક ઘુમ્મટ બનાવવાની હતી. ગુજરાત પવિત્ર "કદમે રસૂલ"ને રાખવા માટે યોગ્ય સ્થળ હતું. એ જમાનામાં ગુજરાતને "પવિત્ર મક્કાનો દરવાજો" એ ઉપ-નામ આપવામાં આવ્યું હતું. એ પવિત્ર પથ્થરને અમદાવાદ નજીક આશાવળમાં લાવી એના ઉપર એક ભવ્ય મકાન બાંધવામાં આવ્યું.

અકબરે પોતાના સામ્રાજ્યમાં હિજરી સનને સ્થાને ઇલાહી સંવતની સ્થાપના કરતું એક ફરમાન બહાર પાડયું ત્યારથી અકબરના સિક્કાઓ ઉપરથી હિજરી સંવત દૂર થઈ અકબરના રાજ્યારોહણના વર્ષથી ઇલાહી સંવત ગણવાનું રાખવામાં આવ્યું. ઇલાહી વર્ષમાં ચાંદ્રમાસને બદલે સૌરમાસને સ્થાન આપવામાં આવ્યું અને એના મહિનાઓનાં નામ પારસી મહિનાઓનાં નામ પ્રમાણે આપવામાં આવ્યાં.

મુઘલ સમય દરમ્યાન, ભારતમાં ઇસ્લામને દૃઢ કરનાર પીર ઓલિયાઓ પણ હતા. તેઓ પોતાના શુદ્ધ અને પવિત્ર જીવન દ્વારા સામાન્ય પ્રજા ઉપર ભારે અસર ઉપજાવી શકયા હતા. આ દરમ્યાન સૂફી સંતો અને પીર ઓલિયા-ઓનું મહત્ત્વ વધ્યું હતું. તેઓમાંના ઘણા ફકીરી જીવન, તો કેટલાક સંસારી જીવન જીવતા હતા. કેટલાક ગૂઢ મતવાદી હતા, તો કેટલાક દૈવી શક્તિમાં માનનારા હતા. સૂફીઓ હૃદયની વાણીથી બોલતા અને તેથી સ્વભાવે ખૂબ જ શ્રદ્ધાળુ એવા હિંદુઓને પણ પોતાના તરફથી આકર્ષી શકતા. ઘણા સંતોએ પોતાનો સંપ્રદાય શરૂ કર્યો હતો. તેઓ ભાવિક જનતાની ભક્તિના અધિકારી બની ગયા હતા. એ ઉપરાંત પીર ફકીર અને ઓલિયાઓ દેશભરમાં ફરતા રહેતા અને ઇસ્લામ પ્રત્યે આમ પ્રજાના વિશ્વાસને દૃઢીભૂત કરતા હતા.[૭૪]

મુઘલ કાલ દરમ્યાન મુસ્લિમોના ઘણા ફિરકા અસ્તિત્વમાં આવી ગયા હતા. વહોરાઓના દાઈ ગુજરાતમાં આવી વસ્યા હતા. પરંતુ ગુજરાતી વહોરાઓમાં પેટાફિરકા પડવાનો પ્રસંગ મુઘલ કાલ દરમ્યાન બની ગયો. આ પ્રસંગને "અખબારૂદ્-દોઆતિલ અકરમીન"માં વિસ્તારથી વર્ણવ્યો છે. એના પ્રમાણે વહોરાઓના ૨૬ મા

દાઈ સૈયદના દાઊદ બિન અજબશાહે પોતાની બીમારીને કારણે, પોતાના હુદુદો અને મશાએખો સમક્ષ, સૈયદના દાઊદ બીન કુતુબશાહ પર નસ્સે જલી કરી, આથી તેઓ દાઅવતે હાદિયાના કાનૂન મુજબ માલિક થયા. એ સમયે યમનથી શેખ સુલેમાને પણ તેઓની તાઅતને કબૂલ કરી. ચાર વર્ષ સુધી દાઅવતનું

કામ શાંતિથી ચાલ્યું, પરંતુ પાછળથી યમનમાં શેખ સુલેમાને દાઈનો દાવો કરતાં નવો ફિરકો ઊભો થયો.

શેખ સુલેમાન સૈયદના યૂસુફ બિન સુલેમાનના(સિદ્ધપુર) પૌત્ર હતા. તેઓએ દાઈ તરીકે પોતાનો દાવો ઊભો કરતાં, દાઊદી અને સુલેમાની ફિરકા ઉદ્દભવ્યા. શેખ સુલેમાનના દાવાને કબૂલ રાખનારાઓ 'સુલેમાની' અને સૈયદના દાઊદ બિન કુતુબશાહને વફાદાર રહેનારાઓ 'દાઊદી' વહોરાઓ તરીકે ઓળખાયા.[૭૫]

ત્યાર પછી તો આ બંને ફિરકાઓ વચ્ચે ઘણા ઝઘડા થયા. શેખ સુલેમાનને મદદ કરનાર ઇબ્રાહીમે સૈયદના દાઊદ બિન કુતુબશાહ ઉપર ગુજરાતના સૂબેદારની મદદથી એક કરોડ અને આઠ લાખ રૂપિયાનો દાવો કર્યો. છેવટે અકબરના વઝીરે આઝમ અબુલ્ ફઝલના ચુકાદાથી આ દાવો રદ થયો. અકબરે પણ શેખ દાઊદને ઘણું માન આપ્યાનો ઉલ્લેખ આમાં છે.

ત્યાર બાદ સૈયદના અબ્દ ઉત્ તૈસ બિન સૈયદના દાઊદ બિન કુતુબશાહના સમયમાં અલી બિન ઇબ્રાહીમે પોતાના ઉપર નસ્સે જલી થઈ હોવાનો દાવો કર્યો. એનો દાવો સ્વીકારનારાઓ 'અલિયા' વહોરાઓ તરીકે ઓળખાયા. તેઓનાં રીત-રિવાજો અને ધાર્મિક માન્યતાઓ અન્ય વહોરાઓ જેવી જ છે, પરંતુ તેઓ દાઊદી કે સુલેમાની વહોરાઓ સાથે શાદી વહેવાર રાખતા નથી.

જહાંગીર ઉપર એના બચપણથી જ ઇબાદતખાનની ચર્ચાઓનો પ્રભાવ પડયો હતો. એ પોતે સુન્ની હોવા છતાં શિયાપંથ તરફ માન ધરાવતો હતો. એના ધાર્મિક વિચાર ઉદાર હતા. અલબત્ત, અકબરની તુલનાએ એ સહેજ કઠોર અને સુન્નીઓ પ્રત્યે પક્ષપાતયુક્ત દેખાય છે.

શાહજહાં ઇસ્લામનું ચુસ્તપણે પાલન કરવામાં માનતો. શરૂઆતમાં એણે કેટલાંક અસહિષ્ણુતા-ભર્યાં કાર્ય કર્યાં હતાં. એણે બાદશાહ સમક્ષનો સિજ્દો બંધ કરાવ્યો, ઇલાહી સંવત દૂર કરી હિજરી સન પુનઃ અપનાવ્યો. ઈ.સ. ૧૬૩૩ માં નવાં બંધાયેલાં મંદિર તોડી પાડવાનું ફરમાન બહાર પાડયું. ધર્મપરિવર્તન કરનારાને અનેક લાભ આપવાનું જાહેર કર્યું. બળપૂર્વક ધર્મપરિવર્તન કરાવવાના કેટલાક પ્રયાસ પણ કરવામાં આવ્યા, એમ છતાં એનાં બે સંતાનો—દારા અને જહાંનઆરાના પ્રભાવથી આગળ ઉપર એણે આવી અસહિષ્ણુ નીતિનો ત્યાગ કર્યો હતો.

ઔરંગઝેબ ચારિત્ર્યવાન, પરંતુ કટ્ટર સુન્ની મુસલમાન હતો. કુરાનના આદેશો અનુસાર રાજ્ય ચલાવવામાં એ માનતો. ઇસ્લામના સિદ્ધાંતોથી પ્રતિકૂળ બધી પ્રથાઓ એણે બંધ કરાવી. અકબરના સમયમાં મુલ્લાં ઉલેમાઓનું વર્ચસ દૂર થયું હતું તે ઔરંગઝેબના સમયમાં ખૂબ પ્રબળતાથી પાછું દાખલ થયું.

ગુજરાતના સૂબેદાર તરીકે જ્યારે ઔરંગઝેબની નિમણૂક કરવામાં આવી ત્યારે અમદાવાદના રૂઢિચુસ્ત મુલ્લાંઓની ચડવણીથી એણે મહેદવિયા કોમ પર અત્યાચાર કર્યા. મુફતી અબ્દુલ કવી અને કાઝી અબ્દુલ વહાબે ઔરંગઝેબને સલાહ આપી કે પાલનપુરથી મહેદવિયા કોમના ધર્મગુરુને બોલાવવામાં આવે, જેથી એમની સાથે ઇસ્લામના સિદ્ધાંતોની ચર્ચા કરી શકાય. ઔરંગઝેબના હુકમ અનુસાર પાલનપુરથી સૈયદ રાજૂ અમદાવાદ આવ્યા. ત્યાં સાંપ્રદાયિક સિદ્ધાંતોની ચર્ચા થઈ, પરંતુ મૌલવીઓના મનનું સમાધાન ન થયું, આથી ઔરંગઝેબે ફતવો બહાર પાડી સૈયદ રાજૂને અમદાવાદ છોડી જવા ફરમાન કર્યું. સૈયદ રાજૂ અમદાવાદથી પાછા ફરતાં રુસ્તમબાગમાં વિશ્રામ અર્થે ગયા. રૂઢિચુસ્ત મુલ્લાંઓની ચડવણીથી અમદાવાદના કોટવાલે સૈયદ રાજૂ પર હુમલો કર્યો. એ દંગલમાં સૈયદ રાજૂ પોતાના ૨૨ અનુયાયીઓ સાથે શહીદ થયા. એમનાં શબોને ત્યાં જ દાટી દેવામાં આવ્યાં. 'મિરાતે અહમદી' અને 'તારીખે પાલનપુર'માં આ પ્રસંગનુ વર્ણન કરવામાં આવ્યું છે.[૭૬]

ધાર્મિક અસહિષ્ણુતાનો આવો બીજો પ્રસંગ ઈ.સ. ૧૬૯૧ માં બન્યો. મોમનાઓ અને મતીઆઓ ઇમામશાહી ફિરકાના અનુયાયી હતા. ૧૫ મી સદીના ઉત્તરાર્ધમાં પ્રખ્યાત ઇસ્માઈલી ઉપદેશક ઇમામુદ્દીનના ઉપદેશથી કેટલાક હિંદુઓ અને લેઉવા કણબીઓ ઇસ્લામ સ્વીકારી ઇમામશાહી સંપ્રદાયમાં ભળ્યા હતા. ઈ.સ. ૧૬૯૧ માં સૈયદ શાહજી આ ફિરકાના ધર્મગુરુ હતા. એમના અનુયાયીઓ પીરાણા જઈ પોતાના ધર્મગુરુની ભક્તિ કરતા. સૈયદ શાહજીની ખ્યાતિની ઈર્ષાને કારણે રૂઢિચુસ્ત મુલ્લાંઓએ ઔરંગઝેબને આ સમાચાર પહોંચાડયા. ઔરંગઝેબે ગુજરાતના સૂબેદારને હુકમ કર્યો કે સૈયદ શાહજીને શાહી દરબારમાં મોકલવામાં આવે, જેથી એ સંપ્રદાયના સિદ્ધાંતોની ચકાસણી કરી શકાય. શુજાતખાનના માણસ પીરાણા ગયા. શાહજીને લઈ અમદાવાદ તરફ જતાં માર્ગમાં શાહજીએ ઝેર પીને આત્મહત્યા કરી. એના પરિણામે મોમનાઓ અને મતીઆઓએ ઔરંગઝેબ સામે અસફળ બળવો કર્યો. એમાં ઘણાની હત્યા થઈ.[૭૭]

સુન્ની ઔરંગઝેબને શિયા મુસલમાનો પ્રત્યે ભારે નફરત હતી. ગુજરાતની ઇસ્માઈલી વહોરા કોમ એના રોષનું પાત્ર બની ગઈ. એના હુકમથી અમદાવાદ આ કોમની મસ્જિદોમાં સુન્ની ઇમામોની અને મુઅઝીમોની નિમણૂક કરવામાં આવી. ઈ.સ. ૧૭૦૩ માં એની પાસે રજૂઆત કરવામાં આવી કે ઇસા અને તાજ નામના બે વહોરાઓ નાસ્તિક સિદ્ધાંતનો પ્રચાર કરે છે. અમદાવાદના સદ્ર શેખ અકામુદ્દીનની રજૂઆતને કારણે તેઓને કેદ કરવામાં આવ્યા અને

દિલ્હી દરબારમાં કેદી તરીકે રજૂ કરવામાં આવ્યા. થોડા સમય પછી એવા સમાચાર મળ્યા કે ખાનજી નામે ઇસ્લાઈલી વહોરાઓના એક નેતા, અન્ય બાર વ્યક્તિઓની મદદથી નાસ્તિક સિદ્ધાંતનો ઉપદેશ કરે છે. એ લોકોએ ઇસા અને તાજની મુક્તિ માટે એક લાખ અને ચૌદ હજાર રૂપિયા એકઠા કર્યા છે. તેઓ પાસે પોતાના સિદ્ધાંતોનો ફેલાવો કરતાં ૬૦ પુસ્તકો પણ છે. ઔરંગઝેબે તો ગુજરાતના સૂબેદારને હુકમ કર્યો કે એ મુલ્લાંને એના બાર સાગરીતો સાથે કેદ કરી, એનાં પુસ્તકો તથા એકત્ર કરેલ ધન સાથે દિલ્હી દરબારમાં મોકલવામાં આવે. એ ઉપરાંત વહોરાઓનાં બાળકો તથા અશિક્ષિત મોટેરાંઓને ધર્મનું સાચું જ્ઞાન મળે તે માટે તેઓને રૂઢિચુસ્ત સુન્નીઓને અપાતું શિક્ષણ આપવામાં આવે. અમદાવાદ તથા અન્ય પરગણાંની આ પ્રમાણે વ્યવસ્થા કરવાનો હુકમ એણે કર્યો અને એ માટે જરૂરી ખર્ચની રકમ ઇસ્માઈલી વહોરા કોમ પાસેથી વસૂલ કરવાની તાકીદ કરી. આ રીતે સમગ્ર વહોરા કોમ ઉપર એણે ભારે અત્યાચાર કર્યો.[૭૮]

ઔરંગઝેબની ધાર્મિક અસહિષ્ણુતા તમામ ગેરસુન્ની લોકો તરફ હતી. સુન્ની ઉલેમાઓ અને અન્ય સૈયદો તરફ એ માનની લાગણીથી જોતો. આલમ રોજાનો હવાલો સંભાળતા બુખારી સૈયદોને એણે ઘણી બક્ષિસ આપી હતી. ઔરંગઝેબ રૂઢિચુસ્ત સિદ્ધાંતોના પાલનમાં હમેશાં વ્યસ્ત રહેતો. એના પિતાને કેદ કરી એ દિલ્હી સલ્તનતનો અધિકારી બની ગયો હતો. ઇસ્લામના નિયમ પ્રમાણે જુમાની નમાઝમાં પોતાના ખુતબો પઢવા માટે એણે કાજીને વિનંતી કરી, પરંતુ તે સમયના સામ્રાજ્યના કાજી ઉલ્ કુજ્જાતે પિતાની હયાતીમાં પુત્રના નામનો ખુતબો પઢવાનો ઇનકાર કર્યો. આથી ઔરંગઝેબ દ્વિધામાં પડ્યો. તે સમયે ગુજરાતના અણહિલપુર પાટણના એક સુન્ની વિદ્વાન, શેખ અબ્દુલ વહાબે ઔરંગઝેબને દ્વિધામાંથી મુક્ત કર્યો. શેખ કાજી ઉલ્ કુજ્જાત સાથે ધાર્મિક ચર્ચા કરી એમણે સિદ્ધ કર્યું કે ઔરંગઝેબના નામનો ખુતબો પઢવાનું શાસ્ત્રસંમત છે. આ સેવાની કદર કરીને ઔરંગઝેબે શેખ અબ્દુલ વહાબને કાજી ઉલ્ કુજ્જાતને ઊંચા હોદ્દા પર નીમ્યા.

ઔરંગઝેબનાં બધાં કાર્યો પાછળ એની ધાર્મિક ભાવના દેખાય છે. અન્ય ધર્માવલંબીઓને અને અન્ય મુસ્લિમ સંપ્રદાયોને એનામાં ધાર્મિક ઝનૂન દેખાય એ સ્વાભાવિક છે. પરંતુ ચારિત્ર્યશુદ્ધિ અને સિદ્ધાંત-પાલનમાં એ અટલ હતો. એ દૃષ્ટિથી જોતાં સારાયે સામ્રાજ્યમાં એણે સુન્ની સિદ્ધાંતોનું પ્રચલન કર્યું.

બહાદુરશાહ શાહઆલમ ૧ લો શિયામતાવલંબી હતો. એના સમયમાં ઈ.સ. ૧૭૦૮ માં ગાઝીઉદ્દીનખાનને અમદાવાદના સૂબેદાર તરીકે મોકલવામાં

આવ્યો હતો. બહાદુરશાહે પોતાના એ સૂબેદારને હુકમ કર્યો કે શુક્રવારની આમ નમાઝમાં, જ્યારે પેગંબર સાહેબના ઉત્તરાધિકારીઓનાં નામ લેવામાં આવે ત્યારે, હજ. અલીનાં બિરુદોમાં "વસી" (વારસદાર) શબ્દ ઉમેરવામાં આવે. અમદાવાદની જામે મસ્જિદમાં જ્યારે ખતીબે એ પ્રમાણે શબ્દપ્રયોગ કર્યો ત્યારે સૂબેદાર સાથે આવેલ તુરાની સિપાહીઓએ એનો વિરોધ કર્યો અને ફરીથી એ શબ્દપ્રયોગ ન કરવાની ખતીબને ચેતવણી આપવામાં આવી, પરંતુ આ બાબતમાં એ મક્કમ રહેતાં એક રૂઢિચુસ્ત મુસલમાને એને મિમ્બર (વ્યાસપીઠ) પરથી ખેંચી કાઢી એનું ખૂન કર્યું.૭૯

આ બધા પ્રસંગો પરથી મુઘલ કાલ દરમ્યાન ઇસ્લામનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. राजा कालस्य कारणम् । બાદશાહ દ્વારા ધાર્મિક સિદ્ધાંતોને પુષ્ટિ મળતી અને એ પ્રમાણે પ્રજાએ પોતાની માન્યતાઓ અને સિદ્ધાંતો ઘડવાં પડતાં. સામાન્ય મુસલમાન તો ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતોના પાલન દ્વારા પોતે મુસ્લિમ તરીકે જીવી શકતો, પરંતુ સાંપ્રદાયિક સંસ્કાર પામેલ મુસ્લિમ અન્યમતાવલંબી મુસલમાન સાથે સંઘર્ષમાં આવતો. રૂઢિચુસ્ત મુલ્લાંઓ પોતાનું વર્ચસ ચાલુ રાખવા માટે અનેક પ્રયત્ન કરતા. પરિણામે આંતરિક સંઘર્ષ ઉત્પન્ન થતો. અકબર જેવા ધર્મસહિષ્ણુ બાદશાહોના સમયમાં આવા સંઘર્ષ ઘણા ઓછા જોવા મળે છે, પરંતુ ઔરંગઝેબ જેવા ધર્મચુસ્ત બાદશાહના સમયમાં રૂઢિચુસ્ત મુલ્લાંઓના વર્ચસ નીચે આવા ઘણા સંઘર્ષ પ્રગટ થયા છે.

૩. જરથોસ્તી ધર્મ

વસવાટ અને પ્રસાર

ઈ.સ. ૧૫૧૬ માં નવસારીમાં પવિત્ર આતશ લાવ્યા બાદ પારસીઓએ ઘણી પ્રગતિ કરી હતી. પવિત્ર આતશને વાંસદાથી નવસારી લાવવામાં આવ્યો ત્યારે સંજાણના ત્રણ મોબેદો નવસારી આવીને વસ્યા હતા. નવસારીમાં આ સમયે જે મૂળ પારસીઓ હતા તે ભાગરિયા કે ભાગલિયા તરીકે ઓળખાયા, કેમકે પોતાની કમાણીનો–આવકનો ભાગ તેઓ વહેંચી લેતા હતા.૮૦ ધાર્મિક ક્રિયાવિધિ કરવાનાં હક બાબત નવસારીના ભાગરિયા અને સંજાણા મોબેદો વચ્ચે વખતોવખત મતભેદ ઊભા થતા હતા અને અંદરોઅંદર તકરાર ચાલતી હતી. આ તકરારે નવસારીમાં વારંવાર ભયાનક રૂપ લીધું હતું અને એનો નિકાલ આતશને પોતાના ખર્ચે નવસારી લાવનાર પ્રતિષ્ઠિત શેઠ ચાંગા આશા કે નવ-

સારીના પહેલા વડા દસ્તૂર મહેરજી રાણા પણ લાવી શક્યા ન હતા.[૮૧] આમ છતાં પવિત્ર આતશને કારણે પારસીઓના નવા મથક તરીકે નવસારીની ખ્યાતિ દેશવિદેશમાં પ્રસરી હતી.

મુઘલ બાદશાહો અને જરથોસ્તીઓ

એમ કહેવાય છે કે મુઘલ બાદશાહ અકબર ઈ.સ. ૧૫૭૩ માં સુરતમાં હતો ત્યારે એને નવસારીના પ્રથમ વડા દસ્તૂર માહયાર—માહયારજી—મહેરજી રાણા સાથે મુલાકાત થઈ હતી. બાદશાહ એમની સાથેની ધર્મચર્ચાથી ઘણો પ્રભાવિત થયો હતો. ફતેહપુર સીક્રીના ઇબાદતખાનામાં ધર્મચર્ચા કરવા માટે બાદશાહ અકબરે ઈ.સ. ૧૫૭૮ માં એમને દિલ્હી આવવા આમંત્રણ પાઠવ્યું હતું. અકબરે એમની પાસેથી જરથોસ્તી ધર્મના સિદ્ધાંતોની સમજ કેળવી હતી. એમની આચાર-વિચારની પવિત્રતાથી અકબર અંજાયો હતો. એમના ઉપદેશની અને વ્યક્તિત્વની અકબર ઉપર એવી ઊંડી અસર થઈ હતી કે એણે પોતાના એક સિક્કા પર જરથોસ્તી ધર્મનો સિદ્ધાંત કોતરાવ્યો હતો. એ આ પ્રમાણે હતો : "જે માણસ સીધા રસ્તા ઉપર ચાલે છે તેને મેં કદી સંકટમાં જોયો નથી."[૮૨] પોતાના કુટુંબના નિભાવ અર્થે દસ્તૂર મહેરજીને નવસારીના પારચોલ પરગણામાં ૨૦૦ વીઘાં જમીન બાદશાહ અકબરે ભેટ આપી હતી. આ દસ્તૂરના અવસાન બાદ એના દીકરા કૈકોબાદને બીજી ૧૦૦ વીઘાં જમીન કુટુંબના નિર્વાહ અર્થે આપી હતી. ભૂમિદાનનાં આ બંને ફરમાન અકબરે અનુક્રમે ઈ.સ. ૧૫૯૦ અને ૧૬૦૩ માં કર્યાં હતાં.[૮૩] અકબરે પોતાના ઇબાદતખાનામાં ઈ.સ. ૧૫૮૦ માં પવિત્ર આતશ બહેરામની સ્થાપના કરી હતી અને જાહેરમાં એ આતશની અને સૂર્યની ઉપાસના કરતો હતો.[૮૪] ગુજરાતમાંથી પારસી દસ્તૂરોનું જે પ્રતિનિધિ-મંડળ ઈ.સ. ૧૫૮૨ માં અકબરને મળવા ગયું હતું તેનો એના પર નોંધપાત્ર પ્રભાવ પડયો હતો. અકબરે ઈ.સ. ૧૫૮૪ માં જે નવો "ઇલાહી સંવત" શરૂ કર્યો હતો તેમાં મહિના અને દિવસોની ગણતરી ઈરાની પંચાંગ પ્રમાણે સ્વીકારીને મહિના તથા દિવસોનાં નામ ઈરાની રાખ્યાં હતાં. વળી અકબરે પોતાના રાજ્યમાં જરથોસ્તી ધર્મના ઉત્સવો અને તહેવારો ઊજવવાની જાહેરાત પણ કરી હતી.[૮૫]

બાદશાહ જહાંગીરે પોતાના રાજ્ય-અમલ દરમ્યાન ઈ.સ. ૧૬૧૮ માં નવસારીના બે દસ્તૂરોને ભૂમિદાન અંગેનું ફરમાન કાઢેલું. આ બે દસ્તૂરો તે મુલ્લા જામાસ્પ અને મુલ્લા હોશંગ. ગુજરાતની લાંબી મુલાકાત દરમ્યાન બાદશાહ જહાંગીર અમદાવાદ આવવાનો હતો ત્યારે એના દરબારમાં એને મળવા માટે

આ બે દસ્તૂરોએ ઘણા લાંબા સમય સુધી નિષ્ઠાપૂર્વક રાહ જોઈ હતી. બાદશાહ જ્યારે દરબારમાં પધાર્યા ત્યારે એમને તેઓએ નવસારીના જૂઈ અત્તરની ચાર બાટલી ભેટ ધરી હતી. આ ભેટથી પ્રસન્ન થઈને જહાંગીરે તેઓને પોતાના દરબારમાં સો રૂપિયા રોકડા અને સુરત જિલ્લાના નવસારી કસ્બાની ૧૦૦ વીઘાં જમીન દાનમાં આપી હતી.[૮૬]

આ દસ્તૂરોની વંશાવળી જોતાં એમ જણાય છે મુલ્લા જામાસ્પનું મૂળ નામ ચાંદજી કામદીન હતું. સ્થાનિક આધારભૂત વાયકા પ્રમાણે બાદશાહ અકબરે એમને "મુલ્લા જામાસ્પ"નું બિરુદ આપ્યું હતુ. શકય છે કે નવસારીથી પારસીઓનું જે પ્રતિનિધિમંડળ અકબરને મળવા માટે દિલ્હી ગયું હતું તેમાં દસ્તૂર મહેરજીની સાથે ચાંદજી કામદીન પણ ગયા હોય અને એમની સાથેની ધર્મ-ચર્ચાથી પ્રભાવિત થઈને એમને આ બિરુદ આપવામાં આવ્યું હોય.[૮૭]

અકબરે શરૂ કરેલો ઇલાહી સંવત જહાંગીરે ચાલુ રાખ્યો હતો અને પોતે ચુસ્ત મુસ્લિમ હોવા છતાં એણે પોતાની આત્મકથામાં વર્ષોની સંખ્યા અને માસનાં નામ ઇલાહી સંવત પ્રમાણે આપ્યાં છે.[૮૮]

ઔરંગઝેબે જજિયાવેરો હિંદુઓની જેમ પારસીઓ ઉપર પણ નાખ્યો હતો. વળી સુરતમાં મુઘલ અમલદારો પારસીઓને જુદા જુદા પ્રકારે કનડગત કરતા હતા. આ બધાં કારણોથી સુરતના નામાંકિત દાનવીર પારસી રુસ્તમ માણેકે ઈ.સ. ૧૬૬૦ માં[૮૯] દિલ્હી રૂબરૂ જઈને ઔરંગઝેબને ફરિયાદ કરી હતી. પરિણામે ઔરંગઝેબે પારસીઓ પાસેથી લેવાતો જજિયાવેરો રદ કર્યો હતો.

૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં રુસ્તમ માણેક શેઠે[૯૦] સુરતમાં તેમજ એની આસપાસનાં ગામોમાં ઘણાં પુલો કૂવા તળાવ ધર્મશાળાઓ વગેરે બંધાવ્યાં હતાં. ગુજરાતના પારસી સમાજમાં દાનવીર તરીકે એમની ખ્યાતિ હતી. આજે પણ સુરતમાં જે વિસ્તારમાં એમની મિલકત હતી તે "રુસ્તમપરા" નામથી ઓળખાય છે.[૯૧]

આતશ બહેરામ—નવસારીથી વલસાડમાં

ગુજરાતમાં પારસીઓની વસ્તી વધતાં તેઓની ધાર્મિક ક્રિયાવિધિ માટે મોબેદોએ પાંચ પંથક પાડયા હતા, આમ છતાં તેઓ વચ્ચે વખતોવખત વિખવાદ થતો હતો. સંજાણથી આવેલા મોબેદો અને નવસારીમાં વસતા અસલ મોબેદો વચ્ચે ઈ.સ. ૧૫૧૬ થી આવકની વહેંચણીના ભાગ અંગે વિખવાદ શરૂ થયો હતો. આ વિખવાદે ઈ.સ. ૧૬૮૬ માં ઉગ્ર સ્વરૂપ લીધું. નવસારીમાં મોટું

રમખાણ થયું. આ રમખાણ સંજાણા અને ભાગરિયા અથોરનાનો તેમજ બેહદીનો વચ્ચે જામ્યું હતું, જેમાં કેટલાકને મતે આઠ[૯૨] અથવા એક અજ્ઞાત પારસી કવિ કે જેણે 'સંજાણા ભાગરિયાના વિખવાદ'નું કાવ્ય રચ્યું છે તેના મત મુજબ, સાત[૯૩] પારસીઓનાં ખૂન થયાં. આ રમખાણમાં ઘણા પારસી ઘવાયા હતા. પરિણામે નવસારીના ૭ મોબેદોને ખૂન કરવાના આરોપસર સુરતના બંદીખાનામાં કેદ પૂરવામાં આવ્યા હતા. નવ મહિના બાદ સુરતના વડા અકબર મોદી કુંવરજી નાનાભાઈનાં પ્રયત્નો અને લાગવગથી તેઓને છોડી મૂકવામાં આવ્યા હતા. આ કારણથી નવસારીના બેહદીનોએ ખૂબ ઊહાપોહ કર્યો હતો. નવસારીમાં થયેલા આ વિખવાદનો કોર્ટકચેરીનો આશરો લેવા છતાં સહેલાઈથી અંત આવ્યો ન હતો. ગાયકવાડ સરકારના હુકમથી છેવટે સંજાણા મોબેદો આતશ બહેરામને નવસારીથી ઈ.સ. ૧૭૪૧ માં વલસાડ લઈ ગયા ત્યારે જ આ વિખવાદનો અંત આવ્યો.[૯૪]

સુરતમાં પારસીઓનો વસવાટ

મુઘલ કાલમાં નવસારી અને અન્ય પંથકોના પારસીઓએ પણ સુરતમાં ધંધાર્થે આવીને વસવાટ શરૂ કર્યો હતો. અહીં વેપાર માટે યુરોપના દેશમાંથી જે વેપારીઓ આવતા હતા તેમના દલાલ દુભાષિયા નાણાવટી કે ભાગીદાર તરીકે પારસીઓ આવીને સ્થિર થયા હતા. વળી સુરત અને એની આસપાસનાં ગામોમાં પારસીઓની વસ્તી વધવાથી ગોદાવરા પંથકના વડા મથક અંકલેશ્વરમાંથી ચાર મોબેદો નામે પેસ્તન ખોરશેદ, અસ્પંદયાર ચાંદા, કામદીન બહેરામ અને ભીમજી મહેરજીને મોકલવામાં આવ્યા હતા.[૯૫]

ઈ.સ. ૧૭૨૧ માં ૨૬ મી નવેમ્બરે જામાસ્પ નામનો એક ઈરાની મોબેદ સુરત આવ્યો હતો. એણે અહીંના પારસીઓના પંચાંગની ગણતરીમાં એક મહિનાનો ફરક જોયો હતો, પરંતુ સુરતના પારસીઓનું આ બાબતમાં ધાર્મિક ઝનૂન જોઈને એ ગભરાયો હતો. એણે સુરતના દસ્તૂર દારાબને, નવસારીના દસ્તૂર જામાસ્પ આશાને અને ભરૂચના દસ્તૂરને "ઝંદ-પહેલવી" શાસ્ત્રગ્રંથ શીખવ્યો હતો.[૯૬]

જ્યૉર્જ બુશિયર નામનો અંગ્રેજ અમલદાર સુરતમાંથી ઈ.સ. ૧૭૧૮ માં પ્રાપ્ત કરેલી વંદીદાદ, વિસ્પદ અને ઝંદ-અવસ્તાની નકલો સ્થાનિક પારસીઓ પાસેથી મેળવી ઈ.સ. ૧૭૨૩ માં ઇંગ્લૅન્ડ ગયો હતો, પરંતુ ઇંગ્લૅન્ડમાં આ પુસ્તક વાંચનાર કોઈ હતું નહિ.[૯૭]

પીંઢારાઓના ત્રાસને કારણે ઈ.સ. ૧૭૩૩ માં સંજાણા પારસીઓ પવિત્ર આતશને નવસારીથી જોખમ વહોરીને સલામત રીતે રાતોરાત સુરત લઈ આવ્યા હતા અને એ જ વર્ષમાં પાછા સુરતથી નવસારી લાવ્યા હતા.[૯૮]

આતશ બહેરામ—નવસારીથી ઉદવાડા

નવસારીથી પવિત્ર આતશને ઈ.સ. ૧૭૪૧ માં વલસાડ લાવ્યા હતા, પરંતુ રાજકીય ઊથલપાથલને કારણે ત્યાંથી સંજાણા મોબેદો પાર નદી ઓળંગીને ઈ.સ. ૧૭૪૨ ના ઑક્ટોબર માસની ૨૮ મી તારીખે આ પવિત્ર આતશને ઉદવાડા લઈ ગયા.[૯૯] ઉદવાડામાં શેઠ બનાજીએ બંધાવી આપેલ આતશ બહેરામમાં એ પવિત્ર આતશ રાખવામાં આવેલ છે. ઈરાનથી લાવેલા પવિત્ર આતશને લગભગ અઢીસો વર્ષથી પારસીઓએ ઉદવાડામાં જતનપૂર્વક આદરથી જાળવી રાખેલ છે. આ કારણથી જ પારસીઓ માટે ઉદવાડા સૌથી અગત્યનું તીર્થધામ બન્યું છે.

વસવાટનો વિસ્તાર

ઈ.સ. ૧૬૪૦ માં અંગ્રેજોએ પોતાનો વેપાર સુરતથી મુંબઈ ખસેડચો ત્યારે એ વર્ષમાં સુરત પાસેના સુમારી ગામના દોસલજી નાનાભાઈએ મુંબઈમાં વસવાટ કર્યો હતો ને તેઓ પોર્ટુગીઝ સત્તાવાળાઓના કારભારી તરીકે નોકરીમાં રહ્યા હતા.[૧૦૦] પારસીઓની વસ્તી વધવાને કારણે મુંબઈમાં જુદા જુદા વિસ્તારમાં પારસી દાતાઓ તરફથી વખતોવખત દખમાં બાંધવામાં આવતાં હતાં.

આ સમયમાં પારસીઓ નવસારી વલસાડ સુરત ઉમરગામ ભરૂચ અંકલેશ્વર ખંભાત સોનગઢ નવાપરા વ્યારા વસાઈ અમદાવાદ મુંબઈ થાણા પુણે વગેરે સ્થળોએ વસતા હતા અને પોતાનો ધર્મ પાળતા હતા.

પાદટીપો

૧. દુર્ગાશંકર શાસ્ત્રી, 'શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૭૭

૧અ. એજન, પૃ. ૧૪૫

૨. 'કચ્છની સાંસ્કૃતિક યાત્રા', "પથિક", વર્ષ ૧૩, અંક ૩, પૃ. ૭૭

૩. દુર્ગાશંકર શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૬૮

૪. નાકર કવિ દિસાવાળ વણિક હતો; પોતે રચેલાં આખ્યાન પોતાના એક બ્રાહ્મણ મિત્ર મદન કે મદનસુતને યોગક્ષેમ અર્થે સોંપી દેતો હતો (કે. કા. શાસ્ત્રી, 'કવિચરિત', ભાગ ૧, પૃ. ૧૦૪). અનુમાન થાય છે કે નાકરનો એ મિત્ર પૌરાણિક કે માણભટ્ટ હશે.

૫. દુર્ગાશંકર શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૬૪-૬૫

૬. 'શ્રીમાલ પુરાણ' (અધ્યાય ૭૦) અનુસાર, શ્રીમાળીઓનાં કેટલાંક ગોત્રોની કુલદેવતા વટયક્ષિણી અને કેટલાંકની ભૂતેશ્વરી છે. અર્વાચીન શ્રીમાલ કે ભીનમાલના પાદરમાં ક્ષેત્રપાલનું મંદિર છે ત્યાં ક્ષેત્રપાલ ઉપરાંત વટયક્ષિણી અને ભૂતમાતાની પૂજા થાય છે. સરસ્વતીના તીરપ્રદેશનાં તીર્થો વર્ણવતાં 'સરસ્વતીપુરાણ'માં (સર્ગ ૧૬, શ્લોક ૨૫૫) સહસ્રલિંગ સરોવરના કિનારે ભૂતમાતાનું મંદિર હોવાનું કહ્યું છે. પ્રભાસ-પાટણમાં ભૂતમાતાનું મંદિર હોવાનું 'પ્રભાસખંડ'માં છે. ભૂતમાતા એ જ ગુજરાત-પ્રસિદ્ધ બૂટમાતા. અરણેજ ઉપરાંત વઢવાણમાં લખતરમાં અને મહેસાણા પાસે બૂટા પાલડી ગામમાં બૂટ માતાનાં મંદિર છે (ભો. જ. સાંડેસરા, 'અનુસ્મૃતિ', પૃ. ૩૩-૩૪).

૭. નર્મદાશંકર મહેતા, 'શાક્ત સંપ્રદાય', પૃ. ૯૮-૯૯

૮. ભો. જ. સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૭૪

૯. ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝના ૮૧ મા ગ્રંથ તરીકે ૧૯૩૭ માં એ પ્રસિદ્ધ થયો છે.

૧૦. નર્મદાશંકર મહેતા, ઉપર્યુક્ત, પૃ. ૧૧૨-૧૧૫

૧૧. એ જ, પૃ. ૧૧૯

૧૨. એ જ, પૃ. ૧૨૦-૧૨૭

૧૩. એ જ, પૃ. ૧૨૭. જનીબાઈનાં જીવન અને કવનના વિગતે પરિચય માટે જુઓ ૬ઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના અહેવાલમાં શ્રી ડાહ્યાભાઈ દેરાસરીનો નિબંધ 'જનીબાઈ—એક પ્રાચીન શાક્ત કવયિત્રી'.

૧૪. Commissariat, *History of Gujarat*, Vol. II, p. 388

૧૫. કે. કા. શાસ્ત્રી, 'શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી', પૃ. ૫૧ તથા ૧૬૪

૧૬. નરોડામાં ગોપાલદાસ ક્ષત્રિયના ઘરમાં વલ્લભાચાર્યજી મુકામ કરતા. ગોપાલદાસની વિનંતીથી આચાર્યશ્રીએ એમને ત્યાં ઠાકોરજીનું સ્વરૂપ પધરાવ્યું હતું. આ શ્રી. શ્યામલાલજીનું સ્વરૂપ, જે હાલ અમદાવાદમાં કાલુપુરમાં દોશીવાડાની પોળમાં શ્રી નટવરલાલજી નજીક વિરાજે છે (કે. કા. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૯૩). લોકસમુદાયમાં આ મંદિરની પ્રસિદ્ધિ નટવરલાલ-શ્યામલાલના મંદિર તરીકે છે.

૧૭. સિદ્ધપુરથી વલ્લભાચાર્યજી પાટણ પધાર્યા હતા અને એમણે સહસ્રલિંગ સરોવરના કિનારે મુકામ કર્યો હતો એવી સ્થાનિક અનુશ્રુતિ છે તથા 'વલ્લભદિગ્વિજય' આદિ ગ્રંથોનું એને અનુમોદન છે. પાટણમાં એમણે ભાગવત-પારાયણ નહિ કર્યું હોય અને તેથી ત્યાંના નિવાસસ્થાનને બેઠક તરીકે પ્રસિદ્ધિ નહિ મળી હોય એમ જ અનુમાન થાય છે.

૧૮. વલ્લભાચાર્યજીની ૮૪ બેઠકોના પરિચય માટે જુઓ કે. કા. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૭૭–૧૯૬.

૧૯. એ જ, પૃ. ૧૭૩

૨૦. એ જ, પૃ. ૧૭૪

૨૧. નવીનચંદ્ર આચાર્ય, 'મુઘલકાલીન ગુજરાતનો ઇતિહાસ', પૃ. ૨૨૬–૨૭

૨૨. કે. કા. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૭૪

૨૩. એ જ, પૃ. ૧૭૫

૨૪. એ જ, પ્રસ્તાવના, પૃ. ૭–૮. આ કાલમાં દોરાયેલાં કૃષ્ણચરિતવિષયક ચિત્રોમાં મુઘલ વેશભૂષાની ભારે અસર છે. આજે પણ ગુજરાતમાં ભજવાતા ભવાઈના વેશોમાંના કૃષ્ણચરિત-વિષયક વેશોના પોશાક આદિ ઉપર સ્પષ્ટ મુઘલ પ્રભાવ છે. સંભવ છે કે એ વેશોનું છેવટનું સંકલન મુઘલ કાલમાં થયું હોય.

૨૫. ઉદાહરણ તરીકે, જૈન ધાતુપ્રતિમા-લેખો ઉપરથી જણાય છે કે વાયડા જ્ઞાતિનો સારો એવો ભાગ અગાઉ જૈન ધર્માનુયાયી હતો. વાયડા જ્ઞાતિના મૂલ સ્થાન (પાટણ પાસેના) વાયડ ઉપરથી જૈનોનો વાયડ ગચ્છ નીકળ્યો છે અને એમાં પ્રસિદ્ધ જૈન આચાર્યો થઈ ગયા છે. એ આખી જ્ઞાતિ વલ્લભાચાર્યજી પછીના સમયમાં પુષ્ટિમાર્ગની અનુયાયી થઈ જણાય છે. શ્રીમાળી પોરવાડ મોઢ ખડાયતા લાડ નાગર વાણિયા આદિમાં પણ આવાં સંપ્રદાય-પરિવર્તન થયાં.

૨૬. કે. કા. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૭૪

૨૭. કે. કા. શાસ્ત્રી, 'કવિચરિત', ભાગ. ૨, પૃ. ૪૯૪–૯૭

૨૮. એ જ, પૃ. ૪૯૮–૯૯

૨૯. એ જ, પૃ. ૫૦૦–૫૦૧

૩૦. કે. કા. શાસ્ત્રી, 'શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી', પૃ. ૧૫૫, ૨૧૫

૩૧. દ્વારકાથી રણછોડજીની મૂર્તિ ભક્ત બોડાણા ડાકોરમાં લાવ્યો એ પ્રસિદ્ધ અનુશ્રુતિ 'મિરાતે અહમદી'એ પણ આપી છે અને એ ઘટના સં. ૧૨૧૨(ઈ.સ. ૧૧૫૬)માં *બની હોવાનું* નોંધ્યું છે ('મિરાતે અહમદી', ગુજ. ભાષાંતર, ભાગ ૨, પૃ. ૧૫૫). કવિ ગોપાલદાસે રચેલા 'બોડાણા આખ્યાન'માં પણ સં. ૧૨૧૨નું વર્ષ આપ્યું છે (દુ. કે. શાસ્ત્રી, 'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત', ઇતિહાસ પૃ. ૩૬૩). આ અનુશ્રુતિને બીજો કોઈ આધાર હજી મળ્યો નથી. 'બોડાણા આખ્યાન' સં. ૧૭૮૧(ઈ.સ. ૧૭૨૫)માં રચાયું હોઈ ડાકોરનું તીર્થ એ પહેલાનું તો નિશ્ચિતપણે છે. વડોદરાવાસી કવિ નાકર સં. ૧૫૭૨(ઈ.સ. ૧૫૧૬)માં ડાકોરની જાત્રાએ ગયો હતો એમ એણે પોતેજ 'હરિશ્ચંદ્રાખ્યાન'(કડવું ૩૧)માં કહ્યું છે. પેશવાનો સૂબો આપ્પાજી ગણેશ ઈ.સ. ૧૭૬૦ માં અમદાવાદ આવતાં પહેલાં, માર્ગમાં, ડાકોરની યાત્રાએ ગયો હતો (Commissariat, *op. cit.*, p. 556), પણ ડાકોરનું હાલનું મંદિર પેશ્વાના શરાફ ગોપાળ જગન્નાથ તાંબેકરે ઈ.સ. ૧૭૭૨ માં બંધાવ્યું હતું. ડાકોર એ તળગુજરાતનું સૌથી મોટું વૈષ્ણવ તીર્થ છે અને એ અસાંપ્રદાયિક હોઈ જૂના સમયના પૌરાણિક વૈષ્ણવ ધર્મના સાતત્યરૂપ છે.

૩૨. રુદ્રમાળ વિશે 'મિરાતે અહમદી' લખે છે : 'સરસ્વતી નદી ઉપર સિદ્ધરાજ જયસિંહે બંધાવેલું એ મોટું મંદિર છે...અહીં મૂર્તિઓ અને એના શણગાર ઘણા સારા મૂકેલા હતા, અહીં પૂજા ઘણા ઠાઠથી થતી. મુસલમાનના વખતમાં એની ખરાબી થઈ. અમદાવાદ વસાવનાર સુલતાન અહમદે એમાંની મૂર્તિઓ કાઢી નાખી અને મસ્જિદની નિશાની કરી દીધી...હવે ઘણો વખત વીત્યેથી ખંડેર થઈ જઈ એની પથ્થરની ઇમારતો બાકી રહી છે ('મિરાતે અહમદી', ગુજરાતી ભાષાંતર, ભાગ ૨, પૃ. ૧૫૫-૫૬).

૩૩. 'મિરાતે અહમદી' (ગુજ. ભાષાંતર), ભાગ ૨, પૃ. ૧૪૪-૫૬

૩૪. આ મંદિરમાંની મૂર્તિ સારંગપુર દરવાજા બહાર, સારંગપુર નામે પરામાં હતી, પણ વારંવારનાં બખેડા અને લૂંટફાટમાં એ પરાનો નાશ થતાં, શહેરમાં સારંગપુર ચકલા પાસેના હાલના સ્થળે એની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી (Commissariat, *op. cit.*, p. 554).

૩૫. એ જ, પૃ. ૧૫૬. 'મિરાતે અહમદી' આ મંદિર વિશે લખે છે કે એ 'હમણાં દોશીવાડાની પોળમાં વ્રજભૂખણના ઘરમાં છે. આખા દિવસમાં પાંચ વખત જઈને વાણિયા ત્યાંનાં દર્શન કરે છે અને આ મંદિરનું મહાભારત ખર્ચ પૂરું પાડે છે.' સ્પષ્ટ છે કે નટવરલાલ-શ્યામલાલના પુષ્ટિમાર્ગીય મંદિર વિશે તવારીખકાર લખે છે.

૩૬. એ જ, પૃ. ૧૫૬-૫૮, આશાપૂરીનું મંદિર કૃપાશંકર નાગરે નવું બનાવ્યું હતું એમ 'મિરાતે અહમદી' નોંધે છે.

૩૭. એ જ, પૃ. ૧૫૮-૫૯. અમદાવાદમાં કારંજના મેદાનમાં, આઝમખાનની સરાઈ પાસે, ભદ્રના કિલ્લાને અડીને આવેલા ભદ્રકાલીના સુપ્રસિદ્ધ મંદિરનો ઉલ્લેખ સરખો 'મિરાતે અહમદી'માં નથી એ સૂચક છે. ઈ.સ. ૧૭૫૮ માં અમદાવાદ મરાઠાઓના પૂર્ણ આધિપત્ય નીચે આવ્યું ત્યાર પછી એ મંદિર બંધાયું લાગે છે.

૩૮. અહીં 'મિરાતે અહમદી'એ દધીચિ ઋષિની તપશ્ચર્યા વિશેની આખ્યાયિકાનો પણ ઉલ્લેખ કર્યો છે.

૩૯. અહીં 'મિરાતે અહમદી' લોટેશ્વર તીર્થની વાત કરે છે, જે ઉત્તર ગુજરાતની લોક-બોલીમાં આજ સુધી 'લોટી' તરીકે ઓળખાય છે.

૪૦. સિદ્ધરાજ જયસિંહે બંધાવેલા સહસ્રલિંગ સરોવરનો ટૂંકો પણ સ્પષ્ટ વૃત્તાંત 'મિરાતે અહમદી'એ આપ્યો છે. વિશેષમાં એ લખે છે : "પાટણ શહેરના જૂના કિલ્લાની હદમાં હતું એ (તળાવ) હમણાં ઉજ્જડ છે.....ઇસ્લામીઓ ત્યાં આવી પહોંચ્યા ત્યાંસુધી બ્રાહ્મણો (ત્યાં) આ પૂજા કરતા હતા : ત્યાર પછી આ તળાવ માણસો અને જાનવરોના પાણી પીવાના કામમાં આવવા લાગ્યું. ઔરંગઝેબના રાજ્યમાં માટી કાઢવા અને પાણી લાવવાના કામ ઉપર એક દરોગો રાખેલો અને

એ મરામત ખર્ચ સરકારી ખજાનામાંથી મળતું હતું, જેથી કરી એમાં પાણી બરાબર ભરેલું રહેતું હતું, હમણાં એમાં કચરો ભરાઈ ગયો છે અને ભોંય બરાબર થઈ ગયું છે, તેની કોઈ ખબર લેતું નથી પરંતુ તેની નિશાનીઓ બરાબર છે" ('મિરાતે અહમદી' ગુજ. ભાષાંતર, ભાગ ૨, પૃ. ૬૪-૬૫).

૪૧. એ જ, પૃ. ૧૬૦-૬૫ ૪૨. એ જ, પૃ. ૧૩૪-૪૩ ૪૩. એ જ, પૃ. ૧૪૦-૪૩

૪૪. એ જ, પૃ. ૧૬૫-૬૭. 'મિરાતે અહમદી'નો કર્તા દીવાન અલી મુહમ્મદ ખાન લખે છે કે ગુજરાતના મુઘલ સૂબા, જોધપુરના મહારાજા અભયસિંહના નાયબ રતનસિંહ ભંડારીને પૂછીને પોતે જૈનધર્મ વિશેની માહિતી આપી છે. રતનસિંહ ભંડારી ચૌહાણ રાજપૂત, પણ ધર્મે શ્રાવક હતો (એ જ, પૃ. ૧૬૬).

૪૫. Commissariat, *op. cit.*, p. 509

૪૬. નવીનચંદ્ર આચાર્ય, ઉપર્યુક્ત, પૃ. ૨૪૧

૪૭. મોહનલાલ દેસાઈ, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૫૫૫

૪૮. જિનવિજયજી, 'પ્રાચીન જૈન લેખસંગ્રહ', ભાગ ૨, લેખ નં. ૫૧૧-૧૩

૪૯. Commissariat, *op. cit.* pp. 509 f.

૫૦. સ્થાનિક અનુશ્રુતિ છે કે પાટણ પાસેના વાડીપુર ગામમાં પાર્શ્વનાથની આ મૂર્તિ હતી, પણ ત્યાં શ્રાવકોની વસ્તી ઘસાઈ જવાથી એ મૂર્તિની પાટણમાં નૂતન મંદિરમાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પાટણની એક જૂની ચૈત્યપરિપાટીમાં વાડીપુર ગામ તથા એમાંના મંદિરનો ઉલ્લેખ છે તથા સં. ૧૫૯૮(ઈ.સ. ૧૫૪૨)માં સોમવિમલસૂરિએ પાટણમાં ચાતુર્માસ કર્યો તે સમયે તેઓ જિનવંદનાર્થે વાટિકાપુર-વાડીપુર ગયા હતા એવો એક નિર્દેશ એક પટ્ટાવલી ('વિવિધ ગચ્છીય પટ્ટાવલીસંગ્રહ', પૃ. ૪૫) માં છે, જે અનુશ્રુતિનું સમર્થન થાય છે.

૫૧. આ શિલાલેખના સંપૂર્ણ પાઠ તથા એના અનુવાદ માટે જુઓ ભોગીલાલ સાંડેસરા, 'વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો,' પૃ. ૯૫-૧૦૦.

૫૨. એ જ. મહુવા(સૌરાષ્ટ્ર)માં પ્રતિષ્ઠિત થયેલી આચાર્ય હીરવિજયસૂરિની મૂર્તિ નીચેના શિલાલેખમાં વિક્રમ સં. ૧૬૫૩ સાથે 'પાતસાહી શ્રી અકબરપ્રવર્તિત સં. ૪૧' અર્થાત્ ઇલાહી સંવતનો ઉલ્લેખ છે (મુનિ વિદ્યાવિજયજી, 'સૂરીશ્વર અને સમ્રાટ,' પ્રસ્તાવના, પૃ. ૫).

૫૩. મોહનલાલ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૫૬૩-૬૪ ૫૪. એ જ, પૃ. ૫૬૬

૫૫. આ વિશેનો છ પંક્તિનો ગુજરાતી શિલાલેખ ગિરનાર ઉપર ચડતાં રાજા ભર્તૃહરિની ગુફાથી થોડેક આગળ પહાડમાં કોતરેલો છે. મૂળ લેખ માટે જુઓ ભોગીલાલ સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૯૨-૯૩.

૫૬. મોહનલાલ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૫૬૮–૬૯. હીરવિજયસૂરિના સમયમાં થયેલ મંદિરો પ્રતિષ્ઠાઓ અને સંઘયાત્રાઓ માટે જુઓ મુનિ વિદ્યાવિજયજી, 'સૂરીશ્વર અને સમ્રાટ', પ્રકરણ ૯.

૫૭. ભોગીલાલ સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૧૧૩ ('ગુજરાતનાં શાહી મુઘલ ફરમાનો' એ લેખ). હીરવિજયસૂરિના પાદુકામંદિર માટે અકબરે વીસ વીઘાં જમીન આપી હતી એમ 'હીરસૌભાગ્ય' (સર્ગ ૧૭, શ્લોક ૧૯૫) નોંધે છે.

૫૮. એ જ, પૃ. ૧૧૪. એ ફરમાનમાં એક રસપ્રદ હકીકત છે કે પોર્ટુગીઝો પાસેથી પીપરનું અથાણું મેળવીને મોકલવાનું પણ પાદશાહે સૂચવેલું છે.

૫૯. એ જ, પૃ. ૧૧૫

૬૦. એ જ, પૃ. ૧૧૬

૬૧. એ જ. પૃ. ૧૧૬–૧૭

૬૨. એ જ, પૃ. ૧૧૭

૬૩. મુનિ વિદ્યાવિજયજી, 'સૂરીશ્વર અને સમ્રાટ', પૃ. ૨૩૫–૪૧

૬૪. ભોગીલાલ સાંડેસરા, 'ઇતિહાસ અને સાહિત્ય,' પૃ. ૧૫૭

૬૫. મોહનલાલ દેસાઇ, ઉપર્યુક્ત, પૃ. ૫૦૬–૮

૬૬. એ જ પૃ. ૫૦૯–૧૦

૬૭. ભોગીલાલ સાંડેસરા, 'વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો, પૃ. ૧૧૪

૬૮. "પુરાતત્ત્વ", પુ. ૩, અંક ૪ માં શ્રી જિનવિજયજીનો લેખ 'જૂની ગુજરાતીમાં એક જૈન ઐતિહાસિક ચર્ચા'.

૬૯. વિજયદાનસૂરિનો સ્વર્ગવાસ પાટણ પાસેના વડલી ગામે સં. ૧૬૨૧(સં. ૧૫૬૫)માં થયો હતો. એમના પાદુકા-મંદિરના ગુજરાતી શિલાલેખ માટે જુઓ ભોગીલાલ સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૯૩–૯૪.

૭૦. આ વિષયના સમકાલીન ઐતિહાસિક સાહિત્ય માટે જુઓ મોહનલાલ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૫૬૨–૬૩.

૭૧. ઈસવી સનની ૧૯મી સદીના પૂર્વાર્ધ સુધી તો "ભૂજની પોશાળ" કવિપદેચ્છુઓ માટે રીતસરની તાલીમશાળા હતી. અર્વાચીન કાલના આરંભકાળે ગુજરાતી કવિ દલપતરામે કાવ્ય રચવાનું શિક્ષણ ત્યાં લીધું હતું. એક સંસ્થા તરીકે એ સને ૧૯૪૮ સુધી ચાલુ હતી અને એમાંથી પસાર થનારને કચ્છ રાજ્યના કેળવણીખાતા તરફથી પ્રમાણપત્ર અપાતું. ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ૧૯૪૮ માં કચ્છના પહેલા ચીફ કમિશનરે આ શાળા બંધ કરવાનો ઠરાવ કર્યો હતો. ('કચ્છમિત્ર', દીપોત્સવી અંક, સં. ૨૦૨૯ માં રામસિંહજી રાઠોડનો લેખ, 'કચ્છની વ્રજભાષા પાઠશાળા; વળી જુઓ ભોગીલાલ સાંડેસરા, 'સંશોધનની કેડી,' પૃ. ૨૦૧. પ્રસ્તુત પાઠશાળાના અભ્યાસક્રમ માટે જુઓ કુંવર ચંદ્રપ્રકાશસિંહ-સંપાદિત 'કાવ્યપ્રભાકર કિંવા રુક્મિણીહરણ,' પ્રસ્તાવના.)

૭૨. પ્રવીણ ચિ. પરીખ, 'ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ—ઈ.સ. ૧૦૦૦–૧૮૧૮', વિભાગ ૩, પૃ. ૨૧

૭૩. M. S. Commissariat, *History of Gujarat*, vol. II, pp. 12 f.

૭૪. વિજયસિંહ ક્રિ. ચાવડા, 'ભારતીય સંસ્કૃતિના વિકાસમાં વિદેશીઓના સંપર્કની અસર', પૃ. ૫૭

૭૫. 'अख़बारुद दोआतिल् अकरमीन' (अनु. तीलमीज़), पृ. १००

૭૬. Commissariat, *op. cit.*, p. 125

૭૭. *Ibid.*, p. 186   ૭૮. *Ibid.*, p. 207   ૭૯. *Ibid*,, p. 385

૮૦. પે. ફ્રી. બલસારા, 'પારસી ઇતિહાસનાં જાણવાજોગ પ્રકરણો', પૃ. ૪૨

૮૧. પેરીન દારાં ડ્રાઇવર, 'સત્તરમા શતકમાં પારસી કવિઓએ રચેલી ગુજરાતી-કવિતા', પૃ. ૭૧

૮૨. પે. ફ્રી. બલસારા, ઉપર્યુક્ત, પૃ. ૩૨

૮૩. Commissariat, *Imperial Mughal Farmans in Gujarat*, p. 21; *History of Gujarat*, Vol. II, pp. 223f. વધુ અભ્યાસ માટે જુઓ શ્રી. જે. જે. મોદીનો લેખ : 'The Parsees at the court of Akbar and Dastur Meherji Rana', *Journal of the Bombay Branch of Royal Asiatic Society (JBBRAS)*, Vol. XXI, pp. 69–245.

૮૪. R. C. Majumdar and others (Ed.) *The Mughal Empire*, p. 137 અને Commissariat, *History. of Gujarat*, Vol. II, pp. 222f.

૮૫. Commissariat, *Ibid*, p. 225

૮૬. Commissariat, *Imperial Farmans in Cujarat*, p. 21; *History of Gujarat*, Vol. II. pp. 77f. વધુ અભ્યાસ માટે જુઓ શ્રી. જે. જે. મોદીનો લેખ: 'A Farman of the Emperor Jehangir in favour of two Parsees of the Dordi Family of Naosari,' *JBBRAS*, Vol. XXV. pp. 419-90.

૮૭–૮૮. Commissarit, *History of Gujarat*, Vol. II, p. 78

૮૯. બ. બે. પટેલ, 'પારસી પ્રકાશ', ગ્રં. ૧, પૃ. ૧૫ અને ૨૩

૯૦. શ્રી. રુસ્તમ માણેક સુરતની પોર્ટુગીઝ કોઠીઓના મુખ્ય દલાલ હતા. પરદેશીઓ-સાથે વેપારનાં પગલાં માંડનાર તેઓ પહેલા પારસી હતા. એમની વૃદ્ધાવસ્થામાં અંગ્રેજ વહીવટદારો સાથે ખટપટ જાગતાં એમના સૌથી નાના પુત્ર નવરોજજીને ૧૭૨૩ માં અંગ્રેજ કંપનીની કોર્ટ ઑફ ડિરેક્ટર્સ સમક્ષ પોતાનો દાવો રજૂ કરવા-મોકલ્યા હતા. આ દાવામાં એમની જીત થઈ હતી.' ઈ.સ. ૧૭૨૩ માં ભારતમાંથી-ઇંગ્લૅન્ડ જનાર તેઓ પ્રથમ ભારતીય પારસી હતા (પેરીન દારાં ડ્રાઇવર), ઉપર્યુક્ત, પૃ. ૭૬.

૯૧. બ. બે. પટેલ, ઉપર્યુક્ત, ગ્રં. ૧, પૃ. ૨૩

૯૨. એજન, પૃ. ૧૯

૯૩. પેરીન દારાં ડ્રાઇવર, ઉપર્યુક્ત પૃ. ૭૬. એમણે પોતાના મહાનિબંધમાં આ કાવ્યનું સંશોધન કરીને એને ગ્રંથસ્થ કર્યું છે.

૯૪. એજન, પૃ. ૭૮

૯૫. બ. બે. પટેલ, ઉપર્યુક્ત, ગ્રં. ૧, પૃ. ૧૪–૧૫

૯૬. એજન, પૃ. ૨૩–૨૪

૯૭. એજન, પૃ. ૨૫

૯૮. એજન, પૃ. ૨૩. એરચ જ. તારાપોરવાલાના મત મુજબ, 'નવસારીના ઈરાનશાહ લગભગ સવા બસો વર્ષ સુધી સહીસલામત રહ્યા પછી ઈ.સ. ૧૭૩૩માં મરાઠા નવસારી પર ચડી આવ્યા તે સમયે દસ્તૂરો મોટું જોખમ ખેડી રાતોરાત ઈરાનશાહને લઈ સલામત સુરત પહોંચી ગયા. ત્યાં ત્રણ વર્ષ રહી નવસારીમાં બધું સમાધાન થવાથી ઈ.સ. ૧૭૩૬માં ઈરાનશાહને પાછા નવસારી લાવ્યા.' જુઓ બુદ્ધિપ્રકાશ, પુ. ૮૩, પૃ. ૨૯૧.

૯૯. D. F. Karaka, *History of the Parsis*, Vol. I, p. 48

૧૦૦. બ. બે. પટેલ, ઉપર્યુક્ત, ગ્રં. ૧, પૃ. ૨૩

*

ખંડ ૪

પુરાવસ્તુ

પ્રકરણ ૧૨

સ્થળ–તપાસ અને ઉત્ખનન દ્વારા મળેલી માહિતી

મુઘલ કાલમાં પુરાવસ્તુ ક્ષેત્રની તપાસ કરતાં એક હકીકત સ્પષ્ટ થાય છે કે આ કાલના અવશેષો પૈકી ઇમારતો પર સારું ધ્યાન અપાયું છે, પણ તત્કાલીન નાનીમોટી વસ્તુઓના ઇતિહાસ પરત્વે એ દૃશ્ય દેખાય છે. આથી કેટલાક દાગીનાઓ, ચિત્રો, નાની મોટી સચવાયેલી વસ્તુઓ આ કાલની એંધાણીઓ તરીકે વિખરાયેલી પડેલી છે. તદુપરાંત આ કાલમાં પ્રચલિત પરંપરામાં કામ કરનાર કારીગરો પણ હયાત હોઈ એ પરંપરા પ્રમાણે નવો સામાન પણ તૈયાર થાય છે.

આ બંને પરિસ્થિતિને લીધે સામાન્યતઃ નજીકના ભૂતકાળની વસ્તુઓના અધ્યયનથી ઇતિહાસની તપાસ કરવા તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે તેથી આ કાલના પુરાવસ્તુનો અભ્યાસ ઘણો પ્રારંભિક છે. વડોદરા અમદાવાદ ભરૂચ જેવાં સ્થળોએ થયેલાં અવલોકનોને આધારે નીચેની રૂપરેખા પ્રસ્તુત કરી છે :

આ કાલમાં, ખાસ કરીને ૧૬ મી સદી પછી, બાંધકામમાં વપરાતી ઈંટોના કદમાં ફેર પડયો છે. જૂની ઈંટોની સરખામણીમાં આ ઈંટો પાતળી આશરે ૧૫×૨૨×૪ થી ૫ સેન્ટિમીટરના કદની છે. આ ઈંટોનો ઉપયોગ ૧૬ મી સદીથી શરૂ થાય છે, પરંતુ એનો પ્રચુર પ્રમાણમાં ઉપયોગ ૧૭ મી ૧૮ મી તથા ૧૯ મી સદીમાં જોવામાં આવે છે. અત્યારે વપરાતી યુરોપીય કદની ટેબલ ઈંટોનો વપરાશ આપણે ત્યાં ૧૯ મી સદીમાં વધ્યો અને અત્યારે એવી ઈંટો બનાવવાનો તથા વાપરવાનો ચાલ સામાન્ય થઈ ગયો છે.

ઈંટોની સાથે માટીકામની વસ્તુઓ જ્યારે જોઈએ છીએ ત્યારે એક હકીકત સ્પષ્ટ થાય છે કે સલ્તનત કાલની પરંપરા આ કાલમાં ચાલુ રહેલી છે. એ પરંપરામાં ખાસ કરીને કાચનો ઓપ ચઢાવેલા વાડકા, થાળીઓ, કોઠીઓ,

ઇત્યાદિનો ઉપયોગ પણ જાણીતો હતો. એ જાતનાં વાસણ આજે ચિનાઈ માટીમાં બનતાં દેખાય છે.

પરંતુ માટીનાં સામાન્ય પ્રકારનાં વાસણોનાં ઘાટ અને કદમાં આ કાલની પરંપરામાં સલ્તનત કાલનાં ઘણાં તત્ત્વ રહેલાં છે, અને એ અદ્યાપિ ચાલુ રહેલાં દેખાય છે. સલ્તનત કાલમાં ચીનથી આયાત થતાં વાસણોની આયાત આ કાલમાં પણ ચાલુ હતી, પરંતુ એનાં રંગીન વાસણોની રેખાઓ તથા રંગમાં કેટલોક ફેર પડેલો હોઈ સારા અભ્યાસીઓ આ ભેદ પારખી શકે છે.

પ્રસ્તુત કાલમાં લોખંડી સામાન સલ્તનત કાલના સામાન સાથે સરખાવાય એવો છે, પરંતુ એમાં તોપ બંદુક તમંચા વગેરે આયુધો વધુ પ્રમાણમાં જોવામાં આવે છે, તથા ઘણાં રાજ્યોનાં સીલેહખાનાંમાં એના નમૂનાઓ મળી આવે છે. ખીલા, બાંધકામનો સામાન વગેરેમાં ખાસ ભેદ પારખવો મુશ્કેલ છે, પરંતુ વધુ તપાસ થતાં જુદી જુદી વસ્તુઓનો ભેદ પારખવાનું સહેલું થતું જશે.

તાંબા અને પિત્તળની વસ્તુઓ તથા રાચરચીલાની વસ્તુઓમાં પણ મુઘલ કાલમાં વિવિધ શૈલીઓ જોવામાં આવતી હોઈ, એનું વિશિષ્ટ વર્ણન અત્રે શક્ય નથી, પરંતુ એમાં રાજપૂત તથા ભારતીય શૈલીના સાથે મધ્ય એશિયા, ઈરાન વગેરે પ્રદેશોની શૈલીનું મિશ્રણ વરતાય છે.

આ કાલથી તમાકુનો ઉપયોગ કરવા માટેના વિવિધ પ્રકારના હુક્કા ચલમો વગેરેનો પ્રચાર વધતો જાય છે અને એ અદ્યાપિ ચાલુ છે એને લીધે માટીના હુક્કા, ચલમો વગેરેના અવશેષ આ કાલના સ્તરોમાં મળી આવે છે.

આ કાલથી યુરોપથી વિવિધ પ્રકારની વસ્તુઓ ભારતમાં આવવાની શરૂઆત થાય છે. એ ઉપરાંત એવા માલની કેટલીક નકલો પણ થાય છે, તદુપરાંત ભારતમાં બનતી વસ્તુઓ યુરોપમાં જતી તે પૈકી ઘણી ત્યાંનાં સંગ્રહસ્થાનોમાં સચવાયેલી છે.[1]

પાદટીપ

૧. અહીં આપેલી માહિતી તાજેતરમાં થયેલ અન્વેષણની અપ્રકાશિત અંગત જાણકારીના આધારે આપેલી છે.

પ્રકરણ ૧૩

સ્થાપત્યકીય સ્મારકો

૧. નાગરિક સ્થાપત્ય

(અ) નગરોનો વિકાસ

મુઘલ શાસકોએ ગુજરાતમાં કોઈ નવાં શહેર વસાવ્યાનું જાણમાં નથી, પરંતુ પહેલાંનાં વિદ્યમાન નગરોમાં ઘણાં વિકસ્યાં હશે, ઘણામાં પરિવર્તન આવ્યું હશે, તો કોઈક કાળગ્રસ્ત પણ થયાં હશે. મુસ્લિમ વસ્તી પોતાના સમૂહમાં જ્ઞાતિવર્ણાધિવાસ પદ્ધતિ પ્રમાણે જ અર્થાત્ સામાજિક શ્રેણીના અનુસંધાનમાં વસતી હશે, જેનો ખ્યાલ અમદાવાદના મૂળ આયોજન પરથી પણ આવી શકે છે. મુઘલ કાલમાં અમદાવાદની સ્થિતિ અને વિકાસનો ખ્યાલ આપવામાં 'મિરાતે અહમદી'નું બહુ મોટું પ્રદાન ગણી શકાય, કારણ કે એ મુઘલાઈના અંત સમયે લખાયેલ હોઈ એમા તાત્કાલિક ભૂતકાળનું પ્રતિબિંબ વધુ સ્પષ્ટ જોવા મળે છે.

અમદાવાદ : એ જમાનામાં અમદાવાદની ઉત્તમ શહેર તરીકે બોલબાલા હતી. ઔરંગઝેબના સમયના અમદાવાદનું વર્ણન શ્રીરાજસાગરસૂરિના 'નિર્વાણ-રાસ'માં મળે છે. એ રાસ સંવત ૧૭૨૨(ઈ.સ. ૧૬૬૬)માં લખાયો છે. એમાં અમદાવાદનાં પરાં અને જૈન સંઘના મુખ્ય મુખ્ય પુરુષોનાં નામ પણ છે.[૧]

અમદાવાદ ઘણાં જુદાં જુદાં નામોથી સંબોધાતું : રાજનગર શ્રીનગર અહમ્મદાવાદ અહિમ્મદાવાદ અહમદાવાદ અહમદપુર અકમિપુર અહમદનગર, તો વળી પરદેશી મુસાફર અમદાવાત અમદાવાઝ અને અમદાવાર પણ કહેતા.[૨]

મુઘલ કાલમાં અમદાવાદમાં પોળો અને ચકલાં હયાત હતાં એનો કેટલોક ખ્યાલ 'મિરાતે અહમદી' પરથી આવે છે. એ બતાવે છે કે મહમૂદ બેગડાના સમયથી વસેલાં ભિન્ન ભિન્ન પુરોએ એક એકમ બની પોળો અને ચકલાંને અસ્તિત્વ આપ્યું અને માત્ર ૧૫૦ વર્ષમાં જ્ઞાતિવર્ણાધિવાસની ભારતીય પદ્ધતિને સચોટરૂપે મૂર્તિમંત કરી બતાવી. હિંદુ-મુસ્લિમ બંને પ્રજાનો વસવાટ છતાં આ શહેરમાં શ્રેણીબદ્ધ સમાજ-આયોજનની ભારતીય પદ્ધતિ, જે જાતિવર્ણાધિવાસ તરીકે પ્રચલિત હતી, તેનું વિદેશી પ્રજાના વસવાટમાં પણ એટલું જ મહત્ત્વ રહ્યું અને વર્ણોને ક્રમબદ્ધ ધંધો તેમજ અગ્રત્યની પરાપૂર્વી અનુસાર વસવાટ

કરાવી ભારતીય નગર-આયોજન પદ્ધતિની સફળતાનો પરિચય પણ કરાવ્યો. આવું જ ધોળકા ખંભાત હિંમતનગર જૂનાગઢ મહેમદાવાદ ચાંપાનેર વગેરે શહેરોમાં પણ થયું.

'મિરાતે અહમદી' અમદાવાદમાં ૧૭ ચકલાં હતાં એમ નોંધે છે ને તેઓનાં નામ આ પ્રમાણે આપે છે: ખાસ બજાર (ભદ્ર અને ત્રિપોલિયાની વચ્ચે), પાનકોર, માણેકચોક, ઢીંકવા, તીનલીમડી, ભંડેરીપુર, ઇદવારપુર અથવા કબીરપુર (ખાડિયા તરીકે જાણીતું), રાયપુર, આસ્તોડિયા, જમાલપુર, રાયખડ, ખાનપુર, શાહપુર, ઇડરિયા, દરિયાપુર, સદર જહાન, જોહારીવાડા (ઝવેરીવાડ)[3]. અહીં ચોકી માટે કોટવાલ રખાતા.

પોળ વગેરેનું અસ્તિત્વ જોવા મળે છે એ પરથી સલ્તનતના ગાળામાં શરૂ થયેલો પોળોનો વિકાસ આ કાલમાં સારો એવો થયો હશે એ 'મિરાતે અહમદી'ના લખાણ પરથી ને એમાં આપેલાં નામો પરથી સમજાય છે. ધંધાના આધારે, મુખ્ય વ્યક્તિના આધારે કે પ્રાકૃતિક પરિસ્થિતિના આધારે પોળોનાં નામ પડેલાં જોવા મળે છે. એમાં 'પાટક'નો ઉપયોગ 'પાડો' કે 'વાડો'થી હજીય ચાલુ છે, પણ એ પાટણના જેટલો અહીં પ્રચલિત નથી. અમદાવાદના આયોજનમાં પોળ વધુ, ખડકી ખાંચા નાકાં શેરી વગેરે ઓછાં, ને મુસ્લિમ વિસ્તારોમાં શેરી ગલી ખાંચો મહેલ્લો ફળિયું વાસ મહોલાત વગેરે જોવા મળે છે.

અત્યારની ભંડેરીપોળ એ સમયે ભંડેરીપુર (નાનું નગર) કહેવાતી. આવી બધી થઈને ૮૦ મુખ્ય પોળ હતી, જેમાંની ઘણીનાં નામ અત્યારે ચાલુ છે ને ઘણાં નામ જડતાં નથી.

શહેરની બહાર પરાંનો વસવાટ થયેલો જોવા મળે છે. સલ્તનત કાલમાં અમદાવાદની આસપાસ ઘણાંખરાં પરાં વસ્યાં હતાં. મુઘલ કાલમાં શહેર બહારની વસ્તી વધતાં હવેલી પરગણાનાં કેટલાંક ગામ પરાંઓમાં ગણાયાં. એનાથી ઊલટું દૂરનાં પરાં ગામોમાં ગણાયાં, જેમકે ઈસનપુર અસારવા આસપુર સમીપુર ઇનાયતપુર શેખપુર વગેરે. મુઘલ બાદશાહોના વખતમાં અહીં કેટલાંક નવાં પરાં પણ વસ્યાં, જેમકે જહાંગીરપુર તુરગંજ મુરાદગંજ કાજીપુર નવરંગપુર બાબીપુર વગેરે.

મુઘલ કાલના ગુજરાતના શ્રેષ્ઠ નગરસ્થાપત્યના નમૂના તરીકે અમદાવાદ હતું એની પ્રતીતિ કરાવતાં તત્કાલીન મુસાફરોનાં વર્ણન નગર-આયોજન પદવિન્યાસ તેમજ જનસમાજની સંસ્કૃતિ ને વૈભવનો સારો ખ્યાલ આપે છે. બાદશાહી સમયના વર્ણનમાં શહેરમાં રસ્તાઓમાં છાયા માટે ઝાડ રોપવામાં

આવ્યાં હતાં એનો ઉલ્લેખ છે. મોટા મહેલો અને પરાંનાં બધાં મકાનો માટે ભારતીય સ્થાપત્ય અને નગર–આયોજન પ્રણાલી જ મુખ્ય હતી. અમદાવાદના રસ્તા સારા અને સ્વચ્છ હતા. કોઈ જગ્યાએ સારાં ચોગાન હતાં અને લોકોનાં ઘર પણ સારાં હતાં.[૪] અબુલ્ ફઝલે લખ્યું છે: 'અમદાવાદ સાબરમતી પર મોટું અને સારી રીતે બંધાયેલું શહેર છે. સ્થળ આરોગ્યવાળું છે. ત્યાં તમને આખી દુનિયામાં બનતી ચીજો મળી શકે છે. એને બે કિલ્લા છે[૫] અને એની બહાર શહેર છે. એમાં પહેલાં ૩૬૦ પરાં હતાં, પણ હવે ૮૪ પરાં સારી સ્થિતિમાં છે ...ત્રણ કોશ દૂર વટવા એક શહેર છે. એ બાગમાં વસેલું છે, અને ત્યાં સંસારનો ત્યાગ કરી ઓલિયાઓ રહે છે...ત્યાંથી ત્રણેક કોશ છેટે સરખેજ છે. ત્યાંની ગળી ઉત્તમ થાય છે, અને રૂમ(રોમ) તથા બીજા દૂર દેશાવર નિકાશ થાય છે.'[૬] 'તારીખે ફિરસ્તા'નો લેખક પણ લખે છે કે 'અમદાવાદ એકંદરે આખા હિંદુસ્તાનમાં સર્વથી સુંદર શહેર છે અને કદાચ આખી દુનિયામાં પણ કહી શકાય'.[૭] સર ટોમસ રો અને એના માણસોએ પણ અમદાવાદનો ખ્યાલ એમને આવ્યો તેવો આપ્યો છે—'શહેરના રસ્તા પથ્થર જડેલા હતા. ઉપર એવાં ઊંચાં ઝાડ હતાં કે ઘાડા ઉપવનમાં પેસતા હોઈએ એવું લાગે.' મકાન એશિયાનાં બીજાં શહેરોની સરખામણીમાં ઘણાં સુંદર હતાં. ઘર ઈંટોનાં, સારાં નળિયાથી છાયેલાં અને વંડો વાળી લીધેલાં હતાં. સૂબેદારનુ મકાન પથ્થરનું વિશાળ અમીરી અને સારા આંગણાવાળું હતું. ફ્રેંચ મુસાફર થેવેનો નગરરચના પર સારો પ્રકાશ ફેંકે છે: 'અમદાવાદમાં ઘણા મોટા મોટા બાગ છે. દરેક બાગની આસપાસ કોટ હોય છે અને દરવાજા આગળ મંડપ જેવું હોય છે. એક વિશાળ સરોવર જોવા હું ગયો, એની વચ્ચે ૮૦ ચોરસ ફૂટનો એક સુંદર બગીચો છે. બગીચાને છેડે નાનાં સગવડવાળાં મકાન છે અને પછી અહીંતહીં અનેક છાપરાં અને એકસરખા સુંદર હજીરાઓ દેખાય છે. શહેરને ફરતો કોટ છે અને અમુક અંતરે મોટા ગોળ બુરજો ને કાંગરા છે. પરાં સાથે શહેરની લંબાઈ ૪૫ માઈલ છે. અમદાવાદમાં ઝાડ અને બાગ ઘણા છે, જેથી કોઈ ઊંચી જગાએથી જોઈએ તો લીલાં વૃક્ષોનું વન લાગે.' બીજા પણ અનેક મુસાફરો કરેલાં વર્ણનો પરથી અમદાવાદની યોગ્ય નગરયોજનાનો ખ્યાલ આવી શકે છે.[૮]

અમદાવાદના રસ્તાઓની વ્યવસ્થા અંગેનો ઉલ્લેખ આગળ જોયો. ફા વિન્યાસની દૃષ્ટિએ એની મહારથ્યા રથ્યા પદ્યા વગેરેનો ખ્યાલ પણ શહેરમાં ફરતા લોકોને આવતો હશે. એ સમયે આજની જેમ મોટરો અને યાંત્રિક વાહનો

ન હતાં તેથી દરવાજાની ઊંચાઈ હાથીની સવારીની ઊંચાઈના અનુસંધાનમાં રહેતી અને રસ્તાની પહોળાઈ શાહી રથ હાથી અને બંને બાજુ અંગરક્ષક ઘોડેસવારો સાથે રહી રહે તેટલી એટલે કે ૨૪ ગજ અર્થાત્ ૩૬ ફૂટની રહેતી. શહેરના કોટની સાથે સાથે ફરતો રસ્તો ઘંટાપથ હતો, ત્યાં થઈને મુખ્યત્વે ઉત્સવયાત્રાઓ વરઘોડા નીકળતા ને શહેરની પ્રદક્ષિણા પણ થઈ જતી. અત્યારે રથયાત્રાના વરઘોડાનો માર્ગ-ક્રમ લગભગ એવો ચાલુ છે તેમજ જૈન ઉત્સવોના પ્રસંગે પણ વરઘોડાનો માર્ગ એ જ રહે છે.

આમ છતાં તત્કાલીન મુલાકાતીઓનાં વર્ણનો પરથી માલૂમ પડે છે કે ભદ્રના કિલ્લામાં આવેલી મહેલાતો આ વખતે બિસ્માર હાલતમાં હતી અને એને અવારનવાર સમરાવવી પડતી. શાહજહાંના સૂબેદાર આઝમખાને નવો સુંદર મહેલ બંધાવ્યો. ભદ્રના દરવાજાની પૂર્વમાં જે ભાગ આ કાલમાં ઉમેરાયો તેની દક્ષિણે આવેલી આઝમખાનની સરાઈ એ આ મહેલનો અગ્રભાગ લાગે છે. એ પછી શાહીબાગનો વિકાસ થતાં સૂબેદારો એ બાગની અંદર આવેલી મહેલાતોમાં પણ રહેવા લાગ્યા.

પાટણ : એમ કહેવાતું આવ્યું છે કે પાટણના આધારે અમદાવાદની રચના કરવામાં આવી, જે અમદાવાદની નગર-આયોજન પદ્ધતિને ચકાસતાં બરાબર કે સાચું ઠરતું નથી. ઊલટું, હાલના પાટણના નગર-આયોજનનો તેમજ પુરાતત્ત્વીય અને સામાજિક વિસ્તારોની ગોઠવણીનો અભ્યાસ કરતાં એટલું તો ચોક્કસ જણાય છે કે હાલનું પાટણ કોઈ પણ સંયોગોમાં અમદાવાદની સ્થાપના પહેલાં અસ્તિત્વ ધરાવતું ન હતું. આ મુદ્દાની વિગતવાર છણાવટ પ્રસ્તુત છે.

રાજધાનીઓ કે નગરો પર જ્યારે હુમલો કરવામાં આવે ને એ નગરને જીતવામાં આવે ત્યારે પહેલી પ્રતિક્રિયા તત્કાલીન રાજ્યકર્તાના વસવાટ પર થાય છે; હવે જો ઝનૂનપૂર્વક નગરને નુકસાન કરવામાં આવે કે લૂંટ ચલાવવામાં આવે, બાળવામાં આવે—જે સ્વાભાવિક હતું—તો જનતા ત્યાંથી નાસી જાય ને બાજુના સલામત વિસ્તારમાં જઈને વસવાટ શરૂ કરે. વળી આવું થાય ત્યારે વિજેતાએ પણ પ્રજાને બાહેધરી આપવી પડે, કારણ કે પ્રજા ન હોય તો રાજ્ય કોના પર કરે ? એથી લોકોને વિનાશ થયેલા વિસ્તારથી બહુ દૂર ન હોય ને એના પર રાજ્ય કરી શકાય તેવી રીતે વસાવવામાં વિજેતા મદદરૂપ પણ થાય છે. એ સાથે શહેર ઉજ્જડ થયાના બહુ ઓછા દાખલા છે.

હવે પ્રાચીન પાટણ, જેના પર અલાઉદ્દીન ખલજીની ફોજે હુમલો કર્યો હતો, તે સાથે અમદાવાદના આયોજનની તુલના કરીએ. અહમદશાહે અમદાવાદ

વસાવ્યું અને એનો વિસ્તાર જે રીતે થયો તે રીતે જોતાં પાટણના આકારનો મેળ ખાય એમ નથી, કારણ કે પાટણને કોટ હતો. અહમદશાહના સમયમાં અમદાવાદ એટલે રાજમહાલયો, મેદાને શાહની ઉત્તરે અને દક્ષિણે આવેલા વિસ્તારો (જે આગળ જતાં શાહપુર ખાનપુર અને જમાલપુર તરીકે ઓળખાયા) અને જામી મસ્જિદવાળો વિસ્તાર વિકસ્યા હતા વળી જો રસ્તાના પદવિન્યાસનું આયોજન હોત તો રસ્તા સીધા ત્રિજ્યામાં દંડરૂપે આવત, પરંતુ અમદાવાદ ખરેખરું વસ્યું તો મહમૂદ બેગડાના સમયમાં. એણે પોતાના ઉમરાવોને જીતમાં મદદ કરવા બદલ જમીન આપી પુર વસાવવા સગવડ આપી. એમાં પણ એણે પદવિન્યાસની આયોજના તરફ ધ્યાન આપ્યું નથી લાગતું. વળી કાલુપુર સારંગપુર દરિયાપુર તાજપુર રાયપુર આસ્તોડિયા વગેરે વિસ્તારો વિકસ્યા પછી એણે શહેરને કોટ કરાવ્યો છે, તેથી અહીં પાટણના નમૂનાનું અનુસરણ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, તો પછી પાટણ પ્રેરણારૂપ હતું એવી કલ્પના કેવી રીતે આવી? આ તપાસવું જોઈએ.

નગર-આયોજનની પ્રાચીન પદ્ધતિમાં જે ધોરણ નક્કી કરેલાં હતાં તેના આધારે વિસ્તારોનાં નામ પડતાં. એમાં ભિન્ન ભિન્ન ધંધાકીય સમૂહોની શ્રેણી કે કારીગરોની શ્રેણી તેમજ હટ્ટ અર્થાત્ હાટ કે ચઉક્ક અર્થાત્ ચકલાં તેમજ પોળ વાડા વગા વગેરે જનસંખ્યા તેમજ આયોજન ઉપરાંત જાતિવર્ણાધિવાસની પદ્ધતિ નામકરણમાં કારણભૂત રહેતી અને એક જ નગર-પ્રકારમાં સામાન્ય રીતે સમાન નામકરણ-પદ્ધતિ ચાલુ રહેતી. ઘીના વેપારનો ભાગ ઘીવટો કે ઘીકાંટો, ઝવેરીવાડ, સોનીની ખડકી કે પોળ, મુખ્ય બજાર તે માંડવી—જ્યાં મંડપો ઊભા કરીને માલ વેચાતો ને એ સ્વાભાવિક રીતે જ નગર કે પુરની વચ્ચે ખુલ્લા મેદાનવાળો ને આજુબાજુ દુકાનોવાળો રહેતો તેથી માંડવીપુર કે માંડવી — અમદાવાદ પાટણ વડોદરા સુરત તેમજ એ નામનાં ગામ પણ એનું સૂચન કરે છે. આવી સમાનતાએ પાછળના સમયના લોકોને અમદાવાદમાં પાટણનું અનુકરણ થયું છે એમ માનવા પ્રેર્યા હશે.

હાલનું પાટણ મુઘલ સમયના અંત સુધીમાં વસી ગયું હોવાના પુરાવા ઉપલબ્ધ છે, એ આધારે એ કોઈએ વસાવ્યું કે વસ્તી ધીરે ધીરે જામતી ગઈ ને એની હાલની સ્થિતિએ પહોંચ્યું તેમજ એનો ભદ્રનો કિલ્લો, જે અમદાવાદ સાથે એનો સંબંધ બાંધવામાં મદદરૂપ થાય છે, એની રચના ક્યારે થઈ એનો ક્યાસ કાઢવો જરૂરી છે. એનાથી જે કાલમાં નગરો ન સ્થાપવામાં આવે તો-પણ ધીમે ધીમે એમાં કેવી રીતે ઉમેરા થઈને વસવાટ જામે છે એનો ખ્યાલ પણ

આવે. સૌ પ્રથમ તો હાલનું પાટણ અમદાવાદ પછી વસ્યું અને અમદાવાદમાં એનું અનુસરણ નથી એના પુરાવા તપાસીએ.

સુલતાનોના સમયમાં અમદાવાદના દિલ્હી દરવાજાનું નામ 'ઇડરિયો દરવાજો' હતું ને અકબરે એ શહેર જીત્યા પછી એ દરવાજાનું નામ 'દિલ્હી દરવાજો' પડ્યું, એટલે પાટણનો 'દિલ્હી દરવાજો' અકબરના શાસનકાલમાં કે પછી થયો હોવાનો વધુ સંભવ છે.

અકબરના માનમાં અમદાવાદના રાજમહાલયોમાં કોટના દરવાજાની આગળ દરવાજો કરવામાં આવ્યો ને એની હરોળમાં આઝમખાને સરાઈ બંધાવી એ જાણીતું છે. *એ સમયે ગુજરાતમાં કેટલાક કિલ્લા 'ભદ્ર' નામે ઓળખાતા.* એનું મુખ્ય કારણ એ મનાય છે કે એ કિલ્લાઓના પ્રવેશદ્વાર પાસે ભદ્રકાળીનું સ્થાનક હતું,[૯] પરંતુ વધુ સંભવિત એ છે કે આ કિલ્લાઓની આયોજના 'ભદ્ર' અર્થાત્ 'સર્વતોભદ્ર' પ્રકારની હતી. પાટણમાં પણ એના પછી—અમદાવાદ પછી કિલ્લો બનવાને કારણે એને 'ભદ્રનો કિલ્લો' નામ અપાયું.

પાટણના ત્રણ દરવાજા અને અમદાવાદના ત્રિપોલિયા—ત્રણ દરવાજામાં રચનાકાલની દૃષ્ટિએ ઘણો મોટો તફાવત છે. પાટણના ત્રણ દરવાજાની રચના સ્પષ્ટતઃ પછીની છે.

અમદાવાદના કોટના અને પાટણના કોટના રચનાકાલમાં પાટણનો કોટ મુઘલ સમયના અંતનો—લગભગ મરાઠા કાલ સુધી પહોંચે એટલો આધુનિક છે.

ભારતીય પુરનિવેશના નિયમો અનુસાર પાટણ એ સ્પષ્ટતઃ 'પત્તનમ્' નગર-રચનાનો પ્રકાર છે, જ્યારે અમદાવાદ દંડક અને કાર્મુકનું મિશ્રણ થઈ કાળે કરીને વિકસેલો મિશ્ર પુરસમૂહ છે.[૧૦]

પાટણને અમદાવાદની જેમ બાર દરવાજા છે. એમાં ગૂંગડી દરવાજાની બહાર જમણી બાજુના ગોખલામાં એક ફારસી શિલાલેખ હિ.સં. ૧૧૭૭ એટલે ઈ.સ. ૧૭૬૦નો છે તેમાં ખડકી-બારીના દરવાજાનો જીર્ણોદ્ધાર કર્યાની નોંધ છે.[૧૧] આ ખડકી-બારીનો દરવાજો ગૂંગડી દરવાજાથી દોઢસો વાર દૂર હતો. આ બતાવે છે કે પાટણનો કોટ ઈ.સ. ૧૭૬૦ પહેલાં અસ્તિત્વ ધરાવતો હતો.

ખાનસરોવર પરથી ઓળખાતો ખાનદરવાજો સ્પષ્ટપણે ખાનસરોવર નામ પ્રચલિત થયા પછી જ નામકરણ પામ્યો હશે એ નિર્વિવાદ છે. આ ખાન-સરોવર અકબરના દૂધભાઈ ખાન અઝીઝ કોકાએ, એ જ્યારે ગુજરાતનો બીજી વારનો સૂબેદાર (ઈ.સ. ૧૫૮૩-૮૯) હતો ત્યારે, બંધાવ્યું હતું, એ બતાવે છે કે પાટણનો કોટ એ ગાળામાં કે એ પછી તરત થયો હોવાનો સંભવ ઘણો છે.

મોતી દરવાજો નામ મોતી મસ્જિદ પરથી પડયું લાગે છે. હાલના પાટણમાં પ્રાચીન પાટણથી આવી વસેલા લોકોનાં કુટુંબોએ પોતાનું પાછલું ગૌરવ જાળવવા નવા લત્તાઓને પણ એવાં જૂનાં નામ આપ્યાં હોય એ સ્પષ્ટ સમજાય છે. એમાં 'ખેતરવશી મહોલ્લો' બહુ સારો પ્રકાશ ફેંકે છે. મુસ્લિમ અસર નીચે એને 'મહોલ્લો' કહ્યો છે ને 'ખેતરવશી' એ 'ખેતરવસહી' (क्षेत्रवसतिका અપભ્રંશ) છે. એ સમયે વસવાટનાં જૂથોને 'વસહી' નામથી ઓળખતા.

'પાટક' પરથી 'વાડા' અને 'પાડા' શબ્દ પ્રચલિત બન્યા છે, જેમાંથી અમદાવાદમાં 'વાડા' વિકસ્યા છે, પણ પાટણની હિંદુ વસ્તીની ખાસિયત 'પાડા'ને જૂજપણે સ્થાન મળ્યું છે.

પાટણની પશ્ચિમે 'અનાવાડા' ગામ છે, જે જૂનું અણહિલપાટક હોવાનો ઘણો સંભવ છે. ત્યાં જવાના રસ્તા પર આદીના મસ્જિદ અલાઉદ્દીનના પહેલા સૂબેદાર અલપખાને બંધાવી હતી, એવો 'મિરાતે અહમદી' ઉલ્લેખ કરે છે. હકીકતે આવી બંધાતી મસ્જિદ નજીકમાં જ વસવાટ સૂચવે છે.

જૂના કાળકા મંદિર પાછળનો કોટ પ્રાચીન પાટણનો સંભવતઃ હોઈ શકે. એ મંદિરને લીધે કોટનો એ થોડો ભાગ બચ્યો છે. એમના બે થાંભલા પર ૧૩ મા સૈકાના લેખ છે,[૧૨] એ બતાવે છે કે નવા પાટણ માટે નવાં કાલિકા માતાના સ્થાનનું મહત્ત્વ વધ્યું.

કેટલાક બીજા ઉલ્લેખ હાલનું પાટણ, અણહિલપુરના વતનીઓ ત્યાંથી ખસી અહીં સ્થિર થતાં, ધીમે ધીમે વિકસ્યું હોવાની પ્રતીતિ કરાવે છે. એમ થયું હોવાનો ઘણો સંભવ છે કે મહાલયોની નજીક જે લોક હતા તેમને પાટણ તૂટતાં જ એ જગ્યા છોડી જવાની ફરજ પડી, ત્યાં આગળ વિજેતાઓની વસ્તી સ્થિર થઈ ને એ લોકો નગરની પૂર્વ બાજુ સ્થિર થયા. ધીમે ધીમે પૂર્વ બાજુ વસ્તી વધતી ગઈ ને છેવટે એને કોટ થયો. એમાં જૂનાં સ્થાનોનું પુનરાવર્તન પણ થઈ શકયું તેમજ બહુ દૂર ગયા સિવાય જીવનપ્રવૃત્તિ ચાલુ રહી. પાટણનાં સ્થળ-નામોનો અભ્યાસ કરતાં આમ બન્યું હશે એમ સ્પષ્ટ થાય છે. ટૂંકમાં, પાટણનો કોટ અકબરના સમય પછી થોડા સમયના ગાળામાં થયો ને પાછળથી મરાઠાઓએ એ લીધો ત્યારે એને મજબૂત કરી એમાં ઉમેરો કર્યાનું જણાય છે.

ચાંપાનેર

સુલતાન કાલનું ચાંપાનેર યા મહમૂદાબાદ મહમૂદ બેગડાએ વસાવ્યું તો હતું, પરંતુ એની સ્થળપસંદગી ઉચિત ન હોવાથી એનો વિકાસ થઈ શકયો નહિ,

બદલે એનો જલદી નાશ થયો. મુઘલ કાલમાં મહમૂદાબાદમાં રાજધાની ન રહેવાના કારણે ત્યાંની મુખ્ય પ્રવૃત્તિ–રાજસેવાનો લાભ લોકોને મળતો બંધ થયો. વળી ત્યાં પર્વતની તળેટીમાં કોઈ ઉદ્યોગ કે વેપાર–રોજગારને વિકસાવવાનું પણ અનુકૂળ નહોતું, બીજી બાજુ હાલોલ–કાલોલ જેવાં વેપારકેંદ્રોએ પણ ચાંપાનેર-ના જીવનતંત્રને સારો એવો ફટકો માર્યો હતો. પરિણામે વસ્તીનો વધારો થવો તો દૂર રહ્યો, પરંતુ લોકોએ ધીમે ધીમે બાજુના મૂળ ચાંપાનેર તરફ તેમજ થોડે દૂર હાલોલ–કાલોલ જેવાં વેપાર–ઉદ્યોગની પ્રવૃત્તિવાળાં નગરો તરફ જવાનું ચાલુ કરી દીધું ને થોડા જ સમયમાં મહમૂદ બેગડાના એ સ્થાનને બીજું મક્કા બનાવવાનું સ્વપ્ન હતું ન હતું થઈ ગયું.

(આ) કોટ-કિલ્લા

અમદાવાદ શહેરની વસ્તીમાં મુઘલ કાલમાં સારો એવો વધારો થયો હશે એ સ્પષ્ટ જાણવા મળે છે. વળી વારંવાર હુમલા થવાના કારણે અમદાવાદનો કોટ વારંવાર તૂટી જતો હશે અને સમરાવાતો હશે એ પણ નોંધોમાંથી જાણવા મળે છે. પરંતુ કોટની અસલ દીવાલમાં અસરકારક ફેરફાર ભાગ્યે જ થયા હોવાનું જણાય છે. 'મિરાતે અહમદી' પ્રમાણે એ સમયે કોટ એક પુરુષપ્રમાણ પથ્થરનો ને બાકીનો ઈંટો અને ચૂનાનો હતો.[13] એને બાર દરવાજા, ૧૩૯ બુરજ તેમ જ ૬૭૦૯ અથવા ૬૦૭૯ કાંગરા હતા. કોટની ઊંચાઈ આઠ વાર હતી. અમદાવાદના કોટને તો પાણીની રેલથી પણ નદીવાળી બાજુએ વારંવાર નુકસાન થયું છે. ઔરંગઝેબના સમયમાં કોટ ઘણી વાર સમરાવ્યાનો ઉલ્લેખ 'મિરાતે અહમદી' કરે છે આ કિલ્લો એ જમાનામાં કાબુલ અને કંદહારના મજબૂત કિલ્લાઓથી સહેજ જ ઊતરતો ગણાતો એમ 'મિરાતે અહમદી'નો કર્તા નોંધે છે.

આ કાલમાં જૂનાગઢ મુઘલોના સૌરાષ્ટ્ર વિભાગનું વહીવટી મથક હતું. જૂનાગઢને રક્ષણ માટે સારો કિલ્લો હતો ને કુદરતી રીતે પણ પર્વતના કારણે રક્ષણ મળતું હતું. ઉપરકોટના કિલ્લા ઉપરાંત મહમૂદ બેગડાનો કરેલો કિલ્લો પણ હતો, ને એને 'મુસ્તફાબાદ' નામ પણ મળ્યું હતું. ઉપરકોટના કિલ્લાને ઔરંગઝેબના સૂબેદાર અમીનખાને સમરાવ્યો.[14] એણે અમદાવાદના ભદ્રના કિલ્લાને પણ રૂ. ૨૯૦૦ ખર્ચીને સમરાવ્યો. વળી ઈ.સ. ૧૬૭૩ માં આશરે રૂ. ૮,૨૫૦ નું ખર્ચ વાત્રક નદી પરના (હાલ કપડવંજ તાલુકામાં આવેલા) આઝમાબાદ કોટ–વાડીના કિલ્લાને (જે આઝમખાને કોળીઓને કાબૂમાં રાખવા બંધાવ્યો હતો) સમરાવવા અમીનખાને મંજૂર કર્યું. આ કોટ ઈ.સ. ૧૬૩૬–૩૮ માં બંધાયો હતો.

આઝમખાને બીજો કિલ્લો ખલિલાબાદ ગામે—જે હાલ 'કાળી' તરીકે જાણીતું છે ને અમદાવાદથી અડાલજના રસ્તે ૧૦ કિ. મી. દૂર છે ત્યાં—બંધાવ્યો હતો. ત્રીજો કિલ્લો એણે રાણપુર ખાતે બંધાવ્યો ને એને 'શાહપુર'નો કિલ્લો નામ આપ્યું. એ ભાદર અને ગોમા નદીના સંગમ પર આવેલો છે. એનો મોટો ભાગ પડી ગયો છે, છતાં હજુ એના સુંદર ઝરૂખા દેખાય છે.

મુઘલ કાલમાં લગભગ બધાં નાનાંમોટાં શહેરોને કોટથી રક્ષણ આપવાની પદ્ધતિ હતી. આ કાલમાં થયેલી ચડાઈઓમાં વડોદરા થરાદ નાંદોદ ઈડર ખંભાત નવાનગર (હાલનું જામનગર) હળવદ ધ્રાંગધ્રા મોરબી રાધનપુર ભરૂચ વીરમગામ ધ્રોળ રાજપીપળા ચોરવાડ કેશોદ દાહોદ સુરત વિજાપુર પાટણ પાલનપુર પ્રાંતીજ વડનગર વીસલનગર વગેરેના ઉલ્લેખ એ નગરોને કિલ્લા હોવાની સાબિતી આપે છે. મુઘલ કાલમાં થયેલ જીતબાગની પાસે આવેલો જેતલપુરનો કિલ્લો પણ આ કાલ દરમ્યાન બંધાયો ગણાય.

(ઇ) બાગ-બગીચા

મુઘલોનો ઉદ્યાનપ્રેમ ઇતિહાસ-પ્રસિદ્ધ છે. ગુજરાતમાં પણ એમની પ્રેરણાથી કેટલાક નામાંકિત બગીચા થયા. આમાં અકબરના સમયમાં બંધાયેલો ફતેહ-બાગ, જહાંગીરના સમયમાં બંધાયેલ જીતબાગ અને રુસ્તમબાગ તેમજ શાહ-જહાંએ બંધાવેલ શાહીબાગ નોંધપાત્ર છે.

અકબરના સમયમાં મિરઝા ખાનખાનાએ દક્ષિણના સુલતાન મુઝફ્ફર હુસેન પરની જીતના માનમાં ફતેહબાગ કરાવ્યો હતો (ઈ.સ. ૧૫૮૪). આ ફતેહબાગ સરખેજ પાસે છે. એ અત્યારે 'ફતેહપુરા' તરીકે જાણીતો વિસ્તાર છે. બાદશાહ જહાંગીરે આ બાગની મુલાકાત લીધી હતી ત્યારે પાનખર ઋતુ ચાલતી હોવાથી ત્યાં ઝાડ અને છોડ ઉપર કાગળનાં બનાવટી પાંદડાં અને ફળફૂલ કરાવવામાં આવ્યાં હતાં.

શાહજાદા શાહજહાંનો બળવો સમાવવામાં ભાગ ભજવનાર મુહમ્મદ સાફીખાનને જહાંગીરે 'નવાબ સૈફખાન જહાંગીરશાહી'નો ઇલકાબ આપી એનું બહુમાન કર્યું હતું. એ નવાબે અમદાવાદથી થોડે દૂર આવેલા જેતલપુર ગામે એક બાગ બનાવ્યો; એ એના નામ પરથી 'સૈફ બાગ'ના નામે ઓળખાતો. શાહજહાંના બળવા પરની જીતની યાદમાં બનાવેલો હોવાથી એ 'જીતબાગ' તરીકે જાણીતો થયો. સૈફખાને બાગને ફરતી દીવાલ પણ ચણાવી હતી. અમદાવાદથી ૮ કિ.મી. દૂર, જમાલપુર દરવાજાથી બારેજા માતર અને સોજીત્રા થઈ ખંભાત

જવાના રસ્તે, દસક્રોઈ તાલુકામાં જેતલપુર આવેલું છે તેનું વર્ણન મેન્ડેલ્સ્લોએ કર્યું છે. આ બાગ એનાં ૧૫ વર્ષ પૂરાં કરે તે પહેલાં એણે જોયો હતો; એણે કહ્યું છે કે બાગ સુંદર જગાએ હતો, એમાં ઉત્તમ ફળો પાકતાં હતાં ને એ નદીને કાંઠે હતો. એમાં અનેક શમિયાણા હતા. ત્યાં મુસાફિર-સરાઈ(મુસાફરખાનું) પણ હતી. નારંગી લીંબુ દાડમ ખજૂર બદામ–મલબારી આંબલી કેરી વગેરે અનેક પ્રકારનાં વૃક્ષ હતાં અને એને એટલાં પાસેપાસે વાવેલાં કે એની છાયા નીચે સૂર્યના તાપને જોયા સિવાય આખા બાગમાં ફરી શકાય

અમદાવાદની ઉત્તરે ૬૦ વીઘાં જમીનમાં નદીકિનારે રુસ્તમબાગ કરેલો હતો. એમાં ૪ ઇમારતો, ૬ કૂવા, ૪ બેઠકો ને પથ્થરનો દરવાજો હતો. આ બાગ પાસે સમય જતાં શાહીબાગ વસ્યો. જહાંગીરે રુસ્તમબાગમાં આનંદ કરેલો. આ બાગ સૂબેદાર શાહજાદા મુરાદે પોતાના પુત્ર રુસ્તમના નામથી બનાવ્યો હતો. એ શાહીબાગની પૂર્વ બાજુએ ખડ્ગધારેશ્વર બાજુ આવ્યો હશે.

મુઘલ સમયમાં થયેલા બાગોમાં શાહીબાગનું સ્થાન સૌથી આગળ પડતું છે, કારણ કે ત્યાં શાહજહાંએ પોતાના માટે મહેલ બંધાવ્યો, જે આજે ગુજરાત રાજ્યના રાજ્યપાલના નિવાસસ્થાન તરીકે હજીયે વપરાય છે. આ શાહીબાગ મકસદપુરની જમીનમાં બંધાયેલો છે. એને શાહજહાંના હુકમથી ખરીદવામાં આવેલી. ઇંડરિયા દરવાજા(દિલ્હી દરવાજા)ની સામે નદીની બાજુએ કેટલાંક મકાન, કમાનો, બેઠકો, ૧૨ બુરજ, ૯૧ કૂવા તેમજ મકાનો ફરતી નહેર સાથે બધી મળીને ૧૦૫ વીઘાં ને ૩ વસા જમીનમાં એ બાંધવામાં આવેલો. અહીંથી હાજીપુરના દરવાજા સુધી રસ્તાની બંને બાજુએ ઊંચાં વૃક્ષ રોપેલાં હતાં ને એની પાછળ સૂબેદાર અને ઉમરાવોનાં ઉદ્યાન હતાં. સમગ્ર વિસ્તાર લીલોતરીથી મનોહર લાગતો. આને માટે રાજ્યના ખર્ચે ૧૦૦ જોડ બળદ પાણી સીંચતા. ૭૦ માળી, રખવાળ, ખજાનચી, સાત વાળનાર અને સાત પટાવાળા કામ કરતા.

મેન્ડેલ્સ્લોએ શાહીબાગને બેગમપુરના ભાગ તરીકે ગણાવ્યો છે. બાગને ઊંચી ઉત્તમ દીવાલ હતી; ઉપરાંત એમાં સુંદર મહાલય હતો. એના ઓરડા મોટા અને આકર્ષક ફર્નિચરવાળા હતા. મેન્ડેલ્સ્લો પથ્થરનો પુલ ઓળંગીને એ બાગમાંથી 'હીરાબાગ' નામે બીજા બાગમાં ગયો હતો. આ પુલ ૪૦૦ કદમ જેટલો લાંબો હતો. એ બાગમાં માછલીઓવાળું નાનકડું સરોવર હતું. એમાં પાણી ભરવા માટે ઉનાળામાં બળદ જોડીને યંત્ર જેવું ચલાવીને પાણી ખેંચીને ભરવામાં આવતું. થેવનોએ નોંધ્યું છે કે શાહીબાગ ભિન્ન ભિન્ન ઊંચાઈએ ક્રમવાર હતો ને

એની ઊંચામાં ઊંચી જગાએથી આજુબાજુનાં ગામ ઘણે દૂર સુધી દેખાતાં હતાં. ‘મિરાતે અહમદી’માં આ બાગની ખરાબ હાલતની સખેદ નોંધ લેવાઈ છે. એના વખતમાં શાહબુર્જ પડી ગયો હતો, બીજાં કેટલાંક મકાન પણ પડી ગયાં હતાં ને લગભગ આખો બાગ જાર અને બાજરી વાવવાના ખેતર તરીકે વપરાતો હતો.

રુસ્તમબાગ અને શાહીબાગ પાસે ગુલાબબાગ અને બાગે તોત(શેતુરબાગ) હતા, એ બધા બાગની હદ શાહીબાગમાં મળી ગઈ હતી. ઔરંગઝેબના સૂબેદાર શાહજાદા આઝમશાહે શાહીબાગની જૂની ઇમારતો પસંદ ન પડવાથી રુસ્તંમબાગ સાથે ગુલાબબાગની જમીન ભેગી કરી ત્યાં નવા મહેલ બંધાવ્યા હતા.

કાંકરિયા તળાવની અંદર બાગ બગડી ગયો હતો ને મકાન પડી ગયાં હતાં તે અલીખાને ફરીથી બનાવ્યાં ને સમરાવ્યાં હતાં.

જૂનાગઢનો સરદાર બાગ ઔરંગઝેબના સમયમાં સરદારખાને આશરે ઈ.સ. ૧૬૮૧ માં બંધાવ્યો હતો.

(ઈ) જળાશયો

પાટણનું ખાન સરોવર : પાટણની દક્ષિણે ચાણસ્મા જવાના રસ્તા પર આવેલું ખાન સરોવર મૂળમાં કદાચ સોલંકી કાલનું હોઈ શકે, પરંતુ અકબરના દૂધભાઈ મીરઝા અઝીઝ કોકાએ પોતે ગુજરાતનો સૂબેદાર હતો તે કાલમાં જ સંપૂર્ણપણે એનું પુનર્નવીકરણ કર્યું. એને એટલી હદ સુધી સમરાવ્યું કે એનું પાછલા કાલનું સ્વરૂપ જલદી યાદ ન આવે. એ લગભગ ઈ.સ. ૧૫૮૨ માં બંધાવ્યું–સમરાવ્યું હોવાનો બર્જેસનો ખ્યાલ છે. જોકે ‘મિરાતે સિકંદરી’ વળી એમ કહે છે કે આ સરોવર ગુજરાતની સ્વતંત્ર સલ્તનત સ્થાપનાર ઝફરખાન–મુઝફ્ફરશાહના સમયમાં વિદ્યમાન હતું. એમ હોય તો એ ૧૪ મા સૈકામાં કાં તો બંધાયું હશે, અથવા તો એનો ત્યારે સોલંકી કાલના સરોવરના કલેવરમાંથી પુનરુદ્ધાર કરી હવે એનું પુનર્નવીકરણ કર્યું હશે.

ગમે તેમ હોય, અત્યારે અસ્તિત્વ ધરાવતું ખાન સરોવર છેલ્લે મીરઝા અઝીઝ કોકાએ બંધાવ્યું છે. નદીના ચાલુ પ્રવાહને અંતરતાં બનેલા આ સરોવરમાં પાણી પહેલું નાના પુલની નીચે થઈને ગોળ તળાવ બની પછી બીજા પુલના સ્તંભોની નીચેથી પસાર થતાં સોળ બાજુઓવાળા સુંદર રીતે બાંધેલા નાળામાં થઈને જાય છે. ત્યાં નાની ઈંટોનું બનાવેલું આશરે ૬ ૫ મીટર પહોળું નાળું મોરીમાં થઈને સરોવરમાં પડે છે. આશરે ૬.૫ મીટરનો પડથાર

નાળાના નીચેના ભાગમાં બાંધવામાં આવ્યો છે ને એને ૨.૭૫ મીટર જાડી મોરીના દીવાલ સામે આઠ થાંભલાના ટેકે મૂકેલો છે. ૧૫ મીટરના વ્યાસવાળી ત્રણ વર્તુલાકાર મોરી સામેની દીવાલમાંથી બહાર આવે છે (આ. ૧૭). સામેની બાજુ ઉપર બે નાની છત્રીઓને જોડતો પથ્થરનો કઠેડો મોટી દીવાલને છેડે આવેલો જોવા મળે છે. નૈઋર્ત્યમાં નકામું પાણી કાઢવા માટે ત્રણ મોરી છે ને એ મોરી હિંદુ કારીગરીમાં બનેલી હોઈ ચોક્કસપણે ૧૬ મી સદી કરતાં તો ઘણી જૂની છે. આ વ્યવસ્થાને કારણે નદીમાં પૂર આવવા છતાં પાણી અમુક ઊંચાઈથી વધતું નથી. સરોવરની ચારે બાજુ પથ્થરનાં પગથિયાં, ઢોરને પાણી પીવા આવવા માટેના ઢાળના ભાગ છોડીને, વ્યવસ્થિત રીતે બનાવેલાં છે.

આ સરોવરની રચનામાં જૂનાં મંદિરોનાં ખંડેરોના પથ્થર સારી પેઠે વપરાયા છે. પાણીની આવકવાળા ભાગમાં જૂની કોતરણીવાળા સ્તંભ જોવા મળે છે. આ સ્તંભ ટૂંકા અને થોડા રૂક્ષ અલંકરણોવાળા છે; જાણે કે ગુફામંદિરોના થાંભલા ન હોય! એવી રીતે પાણી બહાર કાઢનાર નાળાં સાથેના સ્તંભ કોઈ મંદિરના સીધા ઉઠાવીને મૂકી દીધેલા હોય એમ સ્પષ્ટ દેખાય છે.

સરોવર આશરે ૪૦૦ મીટર × ૪૨૦ મીટરમાં લગભગ ચતુરસ્ર આકારનું છે. પથ્થરનાં પગથિયાં છેક પાણી સુધી જાય છે. ઘણી જગાએ ઈંટકામ ચોખ્ખું જોવા મળે છે. એની આજુબાજુ કેટલાક હિંદુ તેમજ ઇસ્લામી સ્થાપત્યના નમૂના પણ અસ્તિત્વ ધરાવે છે. સંભવ છે કે સહસ્રલિંગનો મહિમા ઘટતાં ને એના તરફ ધીમે ધીમે ઓછું ધ્યાન અપાતાં આ સરોવરનું મહત્ત્વ સ્વાભાવિક રીતે વધતું ગયું હોય ને એના કારણે એનું પુનર્નવીકરણ કરવામાં આવ્યું હોય.

મુઘલ કાલમાં થયેલા જીતબાગની પાસે આવેલું જેતલપુરનું તળાવ પણ આ કાલનું ગણાય.

પાટણની ખારી વાવ : આ નામે એ પોળ ૧૭ મા સૈકામાં પાટણના ઉત્તર વિભાગમાં હતી. કહેવાય છે કે ત્યાં શ્રાવકોની મુખ્ય વસ્તી હતી. આ વિભાગમાં ખારા પાણીવાળી વાવ હશે તેથી એ વિસ્તારનું નામ 'ખારી વાવ' પડયું હશે.[૧૫]

રોહાની વાવ : સરોત્રા(તા. પાલનપુર)થી ૭ કિલોમીટરના અંતરે અગ્નિખૂણે રોહા આવેલું છે. ત્યાં ચાર નાના અભિલેખોવાળી એક વાવ છે. અભિલેખ એના સ્તંભો પર કોતરેલા છે. આખી વાવ સફેદ આરસમાં બનાવેલી છે, જોકે બધો સામાન જૂનાં મંદિરોનો જ વાપર્યો છે. પ્રવેશતાં બે બાજુ એક એક નાની દેરી આવે છે. પથથિયાંની પહેલાં ૨ મીટર પહોળો પડથાર છે, પછી ૧૯ પગથિયાં છે. એ પસાર કર્યા બાદ ૨.૫ મીટર પહોળો બીજો પડથાર

આવે છે તેના પર છાવણ કરેલું છે. ત્રીજે પડથાર ૩ મીટર પહોળો છે; અહીંથી એક સીડી છેક નીચે જાય છે. વાવનો મધ્ય ભાગ અષ્ટકોણ છે. એક અભિલેખમાં લખેલું છે કે રાજા શ્રીમન્નજીની પત્ની ચંપા અને એની પુત્રી સજ્જબાઈએ રૂપિયા ૫૧,૦૦૦ ખર્ચીને આ બે દેરીઓ કરાવી છે. વળી એક બીજી મૂર્તિ પર પણ ચંપાબાઈનું નામ આવે છે. આ અભિલેખનું વર્ષ સં. ૧૬૧૬ એટલે ઈ.સ. ૧૫૬૦ આપેલું છે.

વાયડની વાવ : પાટણથી લગભગ ૨૪ કિલોમીટર ઉત્તર–ઉત્તરપશ્ચિમે બનાસ નદીની દક્ષિણે વાયડ નામનું ગામ આવેલું છે. બર્જેસ ત્યાંની વાવને હિંદુ રચના ગણાવે છે, પરંતુ વાવનું રૂપ અને સ્તંભની રચના તેમજ આયોજન જોતાં એ ઇસ્લામ કાલની વધુ નજીક આવે છે. એ લગભગ ૩૭ મીટર લાંબી અને ૪ મીટર પહોળી છે. પાંચ માળની રચનાવાળી આ વાવમાં પડથાર ટૂંકા છે અને એ રોહો કરતાં વિરુદ્ધ પ્રકારના એટલે કે ખૂબ નાના છે. ત્રીજે માળે તો ઉતરાણ માત્ર ૦.૭૫ મીટર પહોળાઈનું જ છે છેડે ગોળ કૂવો છે. એનો ઉપરની બાજુનો વ્યાસ ૪ મીટર છે અને નીચે જતાં એ સાંકડો થતાં ૩.૫ મીટર રહે છે. એની ઉપર પાણી કાઢવા માટે કોસની વ્યવસ્થા છે. થાંભલા અડાલજની વાવના જેવા હોવા છતાં વધુ સાદા છે. એ અષ્ટકોણ થઈ થોડા ભાગમાં ગોળ પણ થાય છે, જે ઇસ્લામી સ્થાપત્યસરણીને વધુ અનુકૂળ બને છે. આ વાવની રચના ૧૩ મી સદીની હોવાનો અને એને મુઘલ કાલમાં સમરાવવામાં આવી હોવાનો ઘણો સંભવ છે.

માંડવાનો કૂવો : ભમરિયા કૂવાને મળતો આવતો આ કૂવો માંડવામાં આવેલો છે. એ સ્થાન વાત્રકના ડાબા કાંઠે આમલિયારા(જિ. ખેડા)થી ૮ કિલોમીટર દૂર આવેલું છે. આ કૂવાની ખૂબી એ છે કે એ ઈંટોનો બનાવેલો છે અને એનો વ્યાસ ૮ મીટર છે. કૂવામાં સાંકડી કમાન બનાવેલી છે, જેનો હેતુ પાણી ખેંચવામાં મદદરૂપ થવાનો છે. બીજી બાજુ ત્રણ મજલાના બાંધકામમાં ઓરડા જોવા મળે છે. આ ઓરડાઓને કારણે એ મહેમદાવાદના ભમરિયા કૂવાને વધારે મળતો આવે છે (અ. ૧૮).

કૂવામાંથી ભીંતની વચ્ચેથી નીકળતો રસ્તો એના ઉપરના ભાગમાં થઈને ઓરડામાં જાય છે. ઉત્તરે બીજી સીડી પહેલે માળે અટકે છે. આ માળ પર ત્રણ ઓરડા આગળ ને ત્રણ પાછળ છે. દરેક માળનો વચ્ચેનો ઓરડો મોટો અને કમાનદાર બારીવાળો છે, જેમાંથી કૂવામાં નજર નાખી શકાય. નાના ઓરડામાં ભમરીવાળી સીડી છે. દીવાલમાં અનેક ગોખ છે. એ બતાવે છે કે એ હવા ખાવાના સ્થળ તરીકે ઉનાળુ આરામ માટે ઉપયોગમાં આવતો હશે.

પુરવણી

નગરરચના અને કોટકિલ્લા.

સુરત : સુરતમાં તાપી નદીના પૂર્વકાંઠે ફીરોઝશાહ તુગલુકના વખતમાં ઈ.સ. ૧૩૭૩ માં નાનો કિલ્લો બંધાયો હતો. ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાના સમયમાં સુરતમાં થયેલા મલિક ગોપી(ઈ.સ. ૧૪૯૬-૧૫૨૧)એ શહેરનો વિકાસ કરી અનેક પરદેશી વેપારીઓને સુરતમાં વેપાર-ધંધા માટે આકર્ષેલા.[૧૬] સ્થાનનું મહત્ત્વ વધતાં એ નાના કિલ્લાને સ્થાને રક્ષણની દૃષ્ટિએ મજબૂત કિલ્લો બાંધવાની આવશ્યકતા ઊભી થઈ. આથી ૧૫૪૩ માં મોટો મજબૂત કિલ્લો બંધાયો. આ કિલ્લો નજીવા ફેરફાર સાથે છેક ૧૭૫૯ માં અંગ્રેજોએ લીધો ત્યાંસુધી યથાવત્ રહ્યો. કિલ્લામાં જમીનથી ૭૫ ફૂટ ઊંચા બુરજ કર્યા હતા, જેના પર તોપો ગોઠવવામાં આવેલી હતી.[૧૭] આજે પણ આ કિલ્લાના અવશેષ નદી તરફથી જોવા મળે છે.

અંગ્રેજો વેપારાર્થે પહેલવહેલા સુરત આવ્યા (ઈ.સ. ૧૬૦૮) ત્યારે કિલ્લાની આગળ મેદાન હતું ને એમાં શહેર વસેલું હતું. શહેરને ફરતો કાચો કોટ હતો, જે 'શહેરપનાહ' નામે ઓળખાતો. એમાં કેવળ ત્રણ જ ભાગળ હતી : વરિયાવી, બરહાનપુરી અને નવસારી. કોટ બહાર ફરતી વૃક્ષોની વાડ હતી; એમાં પૂર્વ તરફ કરેલો ઝાંપો અવરજવર માટે વપરાતો. નવસારી ભાગળની દક્ષિણે નવસૈયદ નામની દરગાહ, પાસે ગોપી તળાવ, એની એક પાળે કબરસ્તાન અને આંબાવાડી હતાં. સગરામપુરા રુસ્તમપુરા સલાબતપુરા એ પરાંઓને સ્થાને બાગબગીચા હતા.[૧૮]

શાહજહાંના સમયમાં સુરતની આબાદી વધતાં શહેરપનાહની બહાર પણ લોકો વસવા લાગ્યા. આ નવી વસાહતોને પણ રક્ષણ માટે આવરી લેવાય એવી રીતે મટોડાંનો કોટ કટકે કટકે બંધાવા લાગ્યો.[૧૯] સમય જતાં એ 'આલમ-પનાહ' નામે ઓળખાયો.

ઔરંગઝેબના સમયમાં સુરતને 'મક્કાનો દરવાજો' એવું ઉપનામ અપાયું અને મુસ્લિમ યાત્રાળુઓની અવરજવર વધી પડી, એની સાથે વેપારવાણિજ્ય પણ વધ્યાં.[૨૦] આ સમૃદ્ધિથી છલકાતા શહેરને શિવાજીએ ૧૬૬૪ માં લૂંટ્યું. શહેરને ફરતો માટીનો કાચો કોટ હતો, પણ એનાથી રક્ષણ થઈ શક્યું નહિ. પછી પણ શિવાજીની લૂંટો થઈ, આથી શહેરનું રક્ષણ કરવા માટે સુરતના મુત્સદ્દી ગ્યાસુદ્દીનખાને (ઈ.સ. ૧૬૬૭-૬૯) શહેરપનાહને પાકો બાંધવાની કામગીરી શરૂ

કરી. આ વખતે બરહાનપુરી ભાગળ પાસે આવેલી અંગ્રેજોની ૩૪ દુકાનો, એનો હવામહેલ અને બીજી પાકી ઇમારતો આવેલી હતી તે બધી ઉખાડી નાખવામાં આવી.[21] શહેરપનાહનું બાંધકામ વરિયાવી ભાગળથી શરૂ કરવામાં આવ્યું. પ્રવાસી થેવેનો અને એના પછી આવેલ ફ્રાયરે ૧૬૭૪ માં આ કોટનું બાંધકામ ચાલુ હોવાની નોંધ કરી છે. થેવેનોએ નોંધ્યું છે કે કોટ ૧૦'×૧૦'નો ઈંટોથી બંધાય છે. એમાં શહેરનો બહુ ઓછો ભાગ આવરી લેવાયો છે અને શહેરની કેટલીક વસ્તી એ કોટને લીધે બહાર ફેંકાઈ ગઈ છે. ફ્રાયરે લખ્યું છે કે એ કોટ ઊંચો અને સારી પકવેલી ઈંટોનો બંધાય છે. ઉપર્યુક્ત માપ આપવાની બાબતમાં થેવેનોની ભૂલ થયેલી જણાય છે. વસ્તુતઃ શહેરપનાહ કોઈ કોઈ ઠેકાણે ૨૦ ફૂટ તો કોઈ ઠેકાણે ૨૮ ફૂટ જેટલો ઊંચો હતો, એવી રીતે એની પહોળાઈ ૮ થી ૧૨ ફૂટ સુધીની હતી.[22] નવા શહેરપનાહમાં ૧૨ ભાગળ કરવામાં આવી. ઉત્તરથી પૂર્વ તરફ અર્ધવર્તુળાકારે જતાં એ ભાગળોનાં નામ અનુક્રમે વરિયાવી, સૈયદપુરી, બરહાનપુરી, નવસારી, મજૂરા, મક્કાઈ, બાદશાહી, ડક્કાની, રાજાઓવારાની, ફુરજાની, મીરબહ્રની અને મુલ્લાં ખડકી. આમાંની મુલ્લાં ખડકી નામ પાછળથી પડ્યું જણાય છે. દરેક ભાગળમાં દરવાજાની બંને બાજુ ઊંચા બુરજ કરેલા હતા, જેના પરથી તોપમારો કરવાની વ્યવસ્થા કરેલી હતી. શહેરપનાહમાં ચોકબજાર, મુલ્લાં ચકલો, માછલી પીઠ, રાણી તળાવ, કણપીઠ, કેળાપીઠ, રહિયા સોનીનો ચકલો, ભાગાતળાવ, સંઘાડિયા વાડ, બડેખાંનો ચકલો અને આસુરબેગનો ચકલો એટલો વિસ્તાર આવરી લેવાયો.[23] આજે શહેરપનાહ નષ્ટ થઈ ગયો છે અને બડેખાંના ચકલા જેવી કોઈ જગ્યાએ એના અવશેષ રહી ગયેલા જોવા મળે છે.

ઔરંગઝેબના સમયમાં સુરતની વસ્તી ખૂબ વધી જતાં શહેરપનાહ બહાર ઘણાં પરાં વસી ગયાં. આ પરાંઓને ફરતો કાચો કોટ તૈયાર હતો, પરંતુ એ રક્ષણ માટે પૂરતો નહોતો. ઔરંગઝેબ એને પાકો કરાવવા માગતો હતો, પરંતુ એના અવસાને એ કામ પડતું મુકાયું.[24]

પરંતુ મરાઠાઓ તરફના સતત ભયથી સુરતના નવાબ (મુત્સદ્દી) હૈદરકુલીખાને શહેર અને એને ફરતાં પરાંઓ સહિતની વસ્તીને આવરી લેતો 'આલમપનાહ' ઈ.સ. ૧૭૧૭ માં બંધાવો શરૂ થયો, જે કામ ઈ.સ. ૧૭૨૧ સુધી ચાલ્યું હોવાનું જણાય છે. પાછળથી પણ એમાં છેક ૧૭૬૨ સુધી સુધારાવધારા થતા રહ્યા.[25] આલમપનાહના વિશાળ બાંધકામ માટે નકામા થઈ ગયેલા ગોપી તળાવના તળિયાના પથ્થર કાઢીને વાપરવામાં આવ્યા હતા.[26]

આલમપનાહ સાડા પાંચ માઈલ લાંબો, લગભગ ૨૦ ફૂટ ઊંચો અને ૮ ફૂટ પહોળો હતો. એમાં વાયવ્યે ફાટકના દરવાજાથી શરૂ કરતાં અનુક્રમે વરિયાવી, કતારગામનો દરવાજો, લાલ દરવાજો, દિલ્હી દરવાજો, સહરાનો દરવાજો, સલાબત-પરાનો, માન (રુસ્તમપરાનો), નવસારીનો, જાફરઅલીનો (સગરામ પરાનો), મજૂરાનો અને અઠવાનો એમ કુલ ૧૨ દરવાજા આવેલા હતા. દરેક દરવાજા ઉપર બેઠક અને એના પર બંગલી કરેલી હતી. નવસારી અને દિલ્હી દરવાજાની બંને બાજુએ મોટા ઊંચા બુરજ હતા અને એના પર તોપો ગોઠવવામાં આવી હતી. કોટને ફરતી દીવાલમાંથી બહારની બાજુ બંદૂક તાકી શકાય એ માટેનાં બાકાં કરેલાં હતાં.[27] આ દરવાજાઓ પૈકી ૧૭૩૮ માં બંધાયેલો લાલ દરવાજો (આ. ૧૯) સારી હાલતમાં છે.

આલમપનાહના બાંધકામથી શહેરપનાહની બહાર વિકસેલાં નીચેનાં ૧૪ પરાં આવરી લેવાયાં : ગિયાસુદ્દીનપરા(ધાસ્તીપુરા) રામપરા રૂઘનાથપરા મહી-ધરપરા હૈદરપરા બેગમપરા સૈયદપરા હરિપરા નવાપરા ઇન્દરપરા સલાબત-પરા રુસ્તમપરા સગરામપરા અને નાનપરા. આ પૈકીનાં રામપરા રૂઘનાથપરા મહીધરપરા હરિપરા ઇન્દરપરા અને સગરામપરા એ ૭ પરાં જુદા જુદા અનાવિલ આગેવાનોએ વસાવેલાં હતાં. સુરતના મુત્સદ્દી સલાબતખાને ૧૬૮૭ માં સલાબતપરા વસાવેલું, હૈદરપરા હૈદરકુલીખાને ૧૭૧૭ માં અને નાનપરા પારસી શ્રીમંત નાનાભાઈ નરસંગજી પટેલે ૧૭૨૦ માં વસાવેલું. બેગમપરાના જૂના વસવાટને પાછળથી ઔરંગઝેબની બહેનની સ્મૃતિમાં બેગમપરા નામ અપાયેલું, સૈયદપરા નામ સુરતના પ્રસિદ્ધ સંત શેખ સૈયદ ઇદ્રુસના કોઈ પૂર્વજના નામ પરથી પડેલું જણાય છે.[28] રુસ્તમપરા સંભવત: પારસી રુસ્તમ માણેક શેઠના નામ પરથી પડેલું. પાછળથી એના જ એક મહોલ્લાને એમના પુત્ર ફરામના નામ પરથી ફરામપરા તરીકે ઓળખવામાં આવ્યો.[29] સમય જતાં નવાં પરાં વસતાં ગયાં. ઈ.સ. ૧૭૨૫ માં અઠવા દરવાજા પાસે કાજી મીર ફતુલાખાને મકદુમપુરા વસાવ્યું.

અઠવા: મુલ્લાં મુહમ્મદ અલીખાને ૧૭૨૯ માં સુરતની નવાબી હાંસલ કરવા માટે સુરતથી ૩ માઈલ દૂર અઠવા ગામે એક કિલ્લો બંધાવવા માંડયો ત્યારે સુરતના મુત્સદ્દી સોહરાબખાને (૧૭૨૫–૩૩) એને અટકાવ્યો. પાછળથી મુઘલ બાદશાહની પરવાનગી મળતાં એ કિલ્લો તૈયાર થયો, પણ એ વખતના મુત્સદ્દી તેગબખ્તખાને (૧૭૩૩–૧૭૪૬) નવાબ બનવાની કોશિશ કરતા મુલ્લાં મુહમ્મદ અલીખાનને મારી નાખી, અઠવાનો કિલ્લો પણ ખોદાવી નાખ્યો.[30]

જૂનાગઢ : 'તારીખે સોરઠ'માં જણાવ્યા પ્રમાણે જૂનાગઢ શહેરને ફરતો કિલ્લો ઈ.સ. ૧૬૩૩ માં મુઘલ સૂબેદાર ઇસાખાને બંધાવેલો અને એમાં ૧૧૪ બુરજ અને નવ દરવાજા હતા. એમાં પાંચ બંધ રહેતા ને ચાર ખુલ્લા રહેતા; એ પછી ઈ.સ. ૧૬૬૧ માં મીરઝા ઇસાતરખાને એ કિલ્લો નવેસરથી કરાવ્યો,[31] પરંતુ શંભુપ્રસાદ દેશાઈ જણાવે છે તેમ ઈ.સ. ૧૬૩૩ માં સૂબેદાર ઇસાતરખાન હતો પણ ઈ.સ. ૧૬૬૧ માં તો એ પદ પર કુત્બુદ્દીન ખેશગી હતો. એટલે નામમાં (તારીખે સોરઠના કર્તાની) કંઈ ભૂલ જણાય છે. એમ લાગે છે કે જૂનાગઢને જૂનો કોટ હતો. મુઘલ કાલમાં એ કિલ્લાનું સમારકામ થતું રહેતું હશે અને વિસ્તાર પણ વધતો રહ્યો હશે. ઉત્તરકાલમાં આ કિલ્લામાં ઘણા ફેરફાર થયા છે.[32]

ખંભાત : ખંભાત શહેરને ફરતો કોટ અકબરના સમયમાં ખંભાતના મુત્સદ્દી કલ્યાણ રાયે ઈંટ અને ચૂનાથી બંધાવ્યો હોવાનું 'તુઝુકે જહાંગીરી' માં નોંધાયું છે,[33] પરંતુ જૂનો કોટ કાઢી નાખીને નવેસરથી કોટ બંધાયો હોવાનું જણાતું નથી, આથી તુઝુકનો ઉલ્લેખ સંભવતઃ મોટા પાયા પરનું સમારકામ સૂચવે છે.

ખંભાતમાં અકબર પહેલવહેલો આવ્યો ત્યારે એ દરિયો જોવા ગયો. બાદશાહની આ મુલાકાતના સ્મરણમાં અકબરપરું વસ્યું. ત્યાં અકબરે મૂકેલા હાકેમ હસનખાને એના સ્મૃતિમાં ત્રણ દરવાજા બંધાવ્યા હોવાનું મનાય છે.[34] આ ત્રણ દરવાજા અમદાવાદના ત્રણ દરવાજાની નકલરૂપ કરવામાં આવ્યા હતા. પાછળથી એના મધ્યના ઊંચા દરવાજા પર ઈ.સ. ૧૮૯૧ માં ૫૦ ફૂટ ઊંચું ટાવર કરીને એમાં ઘડિયાળ મૂકવામાં આવેલું. આ દરવાજા (આ. ૨૦) સમુદ્ર તરફ જતાં બજારમાં આવે છે; જો કે આ ત્રણ દરવાજા પરનો ઈ.સ. ૧૫૮૪ નો લેખ સૂચવે છે કે ત્રણ દરવાજાનું આ વખતે સમારકામ થયું હતું. વસ્તુતઃ ખંભાતનાં માણેકચોક અને ત્રણ દરવાજા અકબરના સમયથી પ્રાચીન હોવાનું જણાય છે.[35]

ખંભાતમાં બાદશાહ જહાંગીરના નામ પરથી જહાંગીરપરું વસ્યું.

કડી : ગુજરાતના સૂબેદાર મુર્તઝાખાને ઈ.સ. ૧૬૦૯–૧૦ માં કડીમાં લશ્કરી દૃષ્ટિએ કિલ્લો બંધાવ્યો હોવાનું એના પરના લેખથી સ્પષ્ટ થાય છે.[36]

ખાનગી અને જાહેર મકાનો

મુઘલ કાલમાં સૂબેદારો ફોજદારો અને અન્ય ઉમરાવોએ ખાનગી અને જાહેર ઉપયોગ માટે મહેલ સરાઈ હમામખાનાં મંડપ વગેરે કરાવ્યાં હોવાના તત્કાલીન અભિલેખોમાંથી સંખ્યાબંધ ઉલ્લેખ મળે છે, પરંતુ એ પૈકી બહુ

જૂજ મકાનો કાળબળ સામે ટકીને અત્યારે ઊભાં છે. એમાંનાં કેટલાકના વખતોવખત થયેલા સમારકામને લઈને એનું મૂળ સ્વરૂપ પણ બદલાઈ ગયું છે. અહીં કેટલાંક નામાંકિત બાંધકામોનો ઉલ્લેખ પ્રસ્તુત છે.

શાહજહાંના સૂબેદારી (ઈ.સ. ૧૬૧૮–૨૩) દરમ્યાન એના વતી વહીવટ કરતા નાયબ રુસ્તમખાન અને વિક્રમાજિતના સમયમાં એ શાહજાદાના હુકમથી અમદાવાદના મકસુદપુરમાં સાબરમતીને કાંઠે બાગ અને મહેલ માટે જમીન ખરીદવામાં આવી. એમાં કરેલ બાગ શાહીબાગને નામે અને મહેલ શાહીબાગ–મહેલ તરીકે પ્રસિદ્ધ પામ્યો (આ. ૨૧–૨૨). શાહીબાગ વિશેની વિગતો આ પ્રકરણમાં ઉપર અપાઈ છે. મહેલ માટે નદીના પટથી બગીચાના સ્તર સુધી મજબૂત પુસ્તો બાંધેલો છે. મહેલ માટે પાયો ઘણો ઊંચો લઈ એના પર ધાબું કરેલું છે, જેને નીચેથી અનેક સ્તંભ ટેકો આપે છે. નીચે બનેલા તહખાનાનું બધું બાંધકામ કમાનાકારમાં કરવામાં આવ્યું છે. એમાં અનેક નાના નાના ઓરડા કરેલા છે. એ ઓરડાઓ ઉતારાઓ માટે અને નોકરચાકરોને રહેવા માટેના છે. આ તહખાનાને ફરતી કૃત્રિમ નહેર કરેલી છે, જેમાં વચ્ચે વચ્ચે ફુવારાઓની રચના કરેલી છે. નહેર અને સતત ઊડતા ફુવારાઓથી ગરમ ઋતુમાં હવામાન ઠંડું રાખી શકાતું. તહખાના ઉપરનું ધાબું મહેલ માટેની ફરસ અને એને ફરતા ઓટલાની ગરજ સારે છે. એના પર જવા માટે નહેર પર પથ્થરનો નાનો પૂલ કરેલો છે. મધ્યમાં ઊભો કરેલો બે મજલાવાળો મહેલ ભવ્ય લાગે છે. નીચેના મજલામાં મધ્યમાં વિશાળ બેઠક ખંડ છે. એની દીવાલો પરનું ચૂનાનું પ્લાસ્ટર સંગેમરમર જેવું સફેદ સુવાળું અને ઓપદાર છે. એની છત પર નાના નાના ખંડ પાડીને એમાં એવી સરસ રીતે ચિત્રકારી કરી છે કે જાણે એ છત પર અમૂલ્ય ઈરાની ગાલીચો પાથર્યો હોય એવો ભાસ થાય છે. આ મધ્ય ખંડને ચાર ખૂણે ચાર અષ્ટકોણ ઓરડા અને એવી રીતે ઉપરના મજલે પણ ચાર અષ્ટકોણ ઓરડા મળીને રહેણાક માટે કુલ આઠ ઓરડાઓની વ્યવસ્થા કરેલી છે. આ બધા ઓરડાઓની દીવાલો પરનું પ્લાસ્ટર પણ સફેદ સુંવાળું અને ચમકદાર છે. એની છતો પર સફાઈપૂર્વક નકશીકામ કરેલું છે નીચલા દરેક ખંડમાંથી એક એક ઝરૂખો બહાર કાઢેલો છે. ઉપલા મજલે જવા માટે પથ્થરની સીડીઓ કરેલી છે. સીડી ચાર ચાર કમાનોથી ટેકવાયેલા છાવણવાળી છે. છાવણનો ઘાટ ઉપરથી છત્રી જેવો લાગે છે. ઉપલા ચાર ઓરડાઓની વચ્ચેના ખંડની ફરસ ઉપસાવીને પીઠિકા કરેલી છે. સમગ્ર મહેલની દીવાલો પણ સારા ચૂનાથી છાયેલી હોવાથી આરસ જેવી લાગે છે. મહેલમાંથી છેક નદીના પટમાં ઊતરાય એવી રીતે

પગથિયાં કરેલાં છે. મહેલનું ઉત્તરકાલમાં વારંવાર સમારકામ થવાથી એના અસલ સ્વરૂપમાં કેટલોક ફેરફાર થઈ ગયો છે. એમાં ઈ.સ. ૧૮૩૫ માં વિલિયમ્સે ધાબા પર કરેલી બે ઓરડી નોંધપાત્ર છે.[૩૭] મુઘલ કાલના ઘણા મહેલ નાશ પામી ગયા છે, જ્યારે આ મહેલ હજી એના અતીતના ગૌરવને જાળવી રહ્યો છે અને ગુજરાતના રાજ્યપાલનું નિવાસસ્થાન બની રહ્યો છે.

શાહીબાગની જેમ અમદાવાદની આઝમ સરાઈ પણ નામાંકિત સ્મારક છે. ભદ્રના કિલ્લામાં ભદ્રકાળીના મંદિરની બાજુમાં હાલ જેમાં સરકારી પુસ્તકવેચાણ કેંદ્ર છે તે ભવ્ય બાંધકામને અગાઉના વિદ્વાનોએ આઝમખાનના મહેલ તરીકે ઓળખાવેલ છે, પરંતુ એના પ્રવેશદ્વાર પરના હિ.સ. ૧૦૪૭(ઈ.સ. ૧૬૩૭)ના લેખમાં એ સરાઈ હોવાનો ઉલ્લેખ થયેલો છે એ પરથી અને એના વિશે પ્રવાસીઓએ કરેલા ઉલ્લેખો પરથી પ્રો. કોમિસરિયેતે એ મકાન સરાઈ (મુસાફરખાનું) હોવાનું ઠરાવ્યું છે.[૩૮]

ગુજરાતના બાંધકામપ્રિય સૂબેદાર આઝમખાને ઈ.સ. ૧૬૩૭ માં આ સરાઈ (આ. ૨૩) અકબરના સમયમાં ભદ્રના દરવાજાના અનુસંધાનમાં મેદાને શાહ તરફ બંધાયેલ નવા દરવાજાના દક્ષિણ બાજુમાં પડતા ખૂણામાં કરાવી. આ વિશાળ ઇમારત ૨૪૦ ફૂટ (૭૩.૨ મીટર) લાંબી અને ૨૧૦ ફૂટ (૬૪ મીટર) પહોળી છે. ઉત્તરની પાંખ ભદ્રના નવા દરવાજા સાથે જોડાઈ ગઈ છે. આ લંબાવાયેલી પાંખના એક ઓરડામાં મરાઠા કાલમાં ભદ્રકાળી માતાનું મંદિર કરવામાં આવેલું છે. સરાઈનો હાલનો પ્રવેશ દરવાજો મુઘલ કાલમાં સર્વત્ર પ્રિય થયેલી ઈરાની શૈલીનો છે. એનું પ્રવેશદ્વાર ૧૮ ફૂટ (૫.૫ મીટર) ઊંચું છે. એની આંતરિક રચનામાં ઘણા ફેરફાર થયા હોવાથી એના મૂળ સ્વરૂપ વિશે ચોક્કસ ખ્યાલ બાંધી શકાતો નથી. હાલમાં અંદર દાખલ થતાં મોટો અષ્ટકોણ ખંડ આવે છે; એની ચાર બાજુ અને ચાર ખૂણે ચાર–ચાર નાના અષ્ટકોણ ઓરડા કરેલા છે. મોટા ખંડના ખૂણાઓની બાજુઓ લંબાવીને એ ઓરડાઓમાં જવાના રસ્તા કાઢ્યા છે. આ મુખ્ય ખંડ પર માળ કરેલો છે. એ મુખ્ય ખંડમાંથી પાછળના ભાગમાં ચોકમાં જવાય છે. એમાં ફરતી ઘણી ઓરડીઓ કરેલી છે. એના પર પણ માળ કરેલા છે. અષ્ટકોણ ખંડ અને એને ફરતા આઠ ખંડ—એટલા ભાગ નીચે ભોંયરું કરેલું છે. એમાં હવાઉજાસ માટે ચાર જગ્યાએ વ્યવસ્થા કરેલી છે. પાછળના ચોકની વચ્ચે કરેલ હોજની મધ્યમાં ફુવારાની રચના કરેલી હતી. ભોંયરામાં પણ અષ્ટકોણ ખંડને ફરતા ઓરડા કરેલા છે. એમાંથી ઉપર જવાના રસ્તા બંધ કરેલા છે. પાછળના

સમયમાં આ સરાઈનો ઉપયોગ કેદખાના તરીકે થતો હતો. ત્યાર પછી એમાં પોસ્ટ ઑફિસનું મુખ્ય કાર્યાલય હતું. હાલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જવાનો રસ્તો પણ આ સરાઈની દક્ષિણ તરફ લંબાવેલી પાંખનો છે. કોર્ટ પણ આ સરાઈના કેટલાક ખંડોમાં બેસે છે.[૩૯] આજે એમાં અનેક સરકારી કચેરી અને કાર્યાલય આવેલાં છે. લાંબો પહોળો પથરાટ અને ભવ્ય પ્રવેશદ્વારને લઈને એ જમાનામાં ખ્યાતિ પામેલી આ ઇમારત આજે પણ ભદ્રવિસ્તારમાં એની ભવ્યતાથી અનોખી ભાત પાડે છે.

સુરતમાં ઈ.સ. ૧૬૪૮ માં કિલ્લેદાર હકીકતખાને બંધાવેલી સરાઈ 'મુઘલ-સરાઈ' તરીકે પ્રસિદ્ધ છે. આ સરાઈનો બાહ્ય દેખાવ ઉપર્યુક્ત આઝમસરાઈને બિલકુલ મળતો આવે છે. આ પ્રસિદ્ધ ઇમારતને લઈને એની આસપાસનો લત્તો 'મુગલી-સરા' નામે ઓળખાય છે.[૪૦] વચ્ચે ફુવારાયુક્ત હોજ ધરાવતા ચોકને ઓરડા-ઓથી ઘેરી લઈને રચાયેલી આ ઇમારતમાં મુસાફરોની સગવડોનો પૂરતો ખ્યાલ કરેલો જણાય છે. એનું પ્રવેશદ્વાર ઊંચું અને ભવ્ય છે. એના પરના હિ.સ. ૧૦૫૪(ઈ.સ. ૧૬૪૪) ના લેખમાં એને 'મુબારક મુસાફરખાનું' અને 'કારવાનસરા' કહેવામાં આવી છે. લેખ પ્રમાણે એમાં ઊતરનારા વિદ્વાનો, પાક પુરુષો, ગરીબો અને હાજીઓ પાસેથી ભાડાપેટે કંઈ લેવામાં આવતું નહિ. એ સિવાયના મુસાફરો પાસેથી મળતા ભાડામાંથી સરાઈનો નિભાવ અને સમારકામનો ખર્ચ કરવાની ગોઠવણ હતી. આ સરાઈનો ઉપયોગ ૧૮૫૭ સુધી મુસાફરખાના તરીકે ચાલુ રહ્યો, પણ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન અને એ પછી થોડા સમય માટેએનો ઉપયોગ કેદખાના તરીકે થયો. જોકે સ્થાનિક મુસલમાનોએ મૂળભૂત હેતુ કરતાં જુદા જ હેતુ માટે આ સરાઈનો ઉપયોગ થતો હોવાથી ઉગ્ર વિરોધ કરેલો, એમ છતાં એ ૧૮૬૯ સુધી કાચી જેલ તરીકે વપરાતી રહી. છેવટે લોકહિત માટે કરાવેલી એ સરાઈમાં થોડા ફેરફાર કરી શહેરની સુખાકારીની સંભાળ લેતી શહેર સુધરાઈ બેસવા લાગી.[૪૧] આજે પણ આ ઇમારતમાં સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનનું વહીવટી કાર્યાલય આવેલું છે.

વળી સુરતની સિવિલ હોસ્પિટલનું મકાન પણ મૂલતઃ મુઘલકાલીન સરાઈ છે. ઈ.સ. ૧૬૩૭ માં ખાનખાનાએ એ કરાવેલી હતી.[૪૨]

ઈ.સ. ૧૬૭૬ માં ગુજરાતના સૂબેદાર મુહમ્મદ અમીનખાને રૂ. ૭૬,૩૦૦ નું ખર્ચ કરી બાદશાહના જન્મસ્થાન દાહોદમાં એક ભવ્ય સરાઈ કરાવી. આ ચોરસ ઇમારત દરેક બાજુએ ૪૫૦ ફૂટ(૧૩૭.૨ મીટર)ની લંબાઈવાળો લગભગ ૧૬.૫ ફૂટ (૫ મીટર) ઊંચો કોટ ધરાવે છે. એના ચાર ખૂણે ચાર બુરજ અને ઉત્તર તથા દક્ષિણની દીવાલોની મધ્યમાં

એક–એક એમ બે ભવ્ય દરવાજા કરેલા છે. કોટની અંદરના ભાગમાં સંખ્યાબંધ ઓરડા કરેલા છે. આ ઓરડાઓમાં કમાનાકાર સ્તંભ-રચના નજરે પડે છે. ઇમારતની અંદર પશ્ચિમ બાજુએ મધ્યમાં મસ્જિદ કરવામાં આવી હતી. ૧૮ મી સદીમાં મરાઠા સૂબેદારનું એ નિવાસ બની ત્યારે એમાં મરાઠાઓએ કેટલાક ફેરફાર કર્યા. એમણે પશ્ચિમ દીવાલ અને પૂર્વ દીવાલની મધ્યમાં એક એક અને નૈર્ઋત્ય ખૂણામાં એક એમ બધા મળી ત્રણ ગોળ મિનારા ઉમેર્યા. આ મિનારા ૨૪ ફૂટ (૭.૩ મીટર) ઊંચા છે. ૧૮ મી સદીમાં સિંધિયાના સૂબેદાર બાપુસાહેબ પાટણકરે કોટના અગ્નિ ખૂણામાં પોતાના પુત્ર માટે 'બારદ્વારી' નામનું (બાર દરવાજાવાળું) મકાન બંધાવ્યું. ઔરંગઝેબના સમયની આ સરાઈનો મરાઠાઓએ પોતાની 'ગઢી'(કિલ્લા) તરીકે ઉપયોગ કર્યો, ત્યાર બાદ એના કેટલાક ભાગોનો અમદાવાદ અને સુરતની નામાંકિત સરાઈઓની જેમ થોડો વખત જેલ તરીકે પણ ઉપયોગ થયો. હાલમાં એ સરકારી કચેરીઓ માટે વપરાય છે.[૪૨અ]

વડોદરામાં માંડવી દરવાજા તરીકે ઓળખાતો ઊંચો મંડપ મુઘલકાલીન છે. આ મંડપને ઈ.સ. ૧૭૩૬ માં દામાજીરાવ ગાયકવાડના હુકમથી સ્થાનિક સૂબેદાર મલ્હારરાવે સમરાવેલો હોવાનું એના પરના સંસ્કૃત લેખ પરથી જણાય છે. આ ચોરસ મંડપની ચારે બાજુએ ત્રણ ત્રણ ખૂબ ઊંચી કમાનો કરેલી છે. એના ઉપર અગાસી કરેલી છે. એક ખૂણા ઉપર જવા માટે ગોળ સીડી કરેલી છે, જે સીડી પર મુઘલ મકાનોમાં જોવા મળતું છત્રી–ઘાટનું છાવણ કરેલું છે. ઉપરના ભાગમાં બેઠકો અને ફુવારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાછળના સમયમાં સંભવતઃ ૧૯ મી સદીમાં એના ઉપરના ભાગમાં બીજા બે મજલા અને એના ઉપર ટાવર ગોઠવવામાં આવ્યું હતું. આ પાછળથી ઉમેરાયેલું બાંધકામ સ્પષ્ટતઃ નીચેના મંડપથી ભિન્ન પડી આવે છે.[૪૩]

ગુજરાતના સૂબેદાર ગાઝીઉદ્દીન બહાદુર ફીરોઝખાનના સમય (ઈ.સ. ૧૭૦૮–૧૦) માં ખંભાતમાં ફોજદાર સૈયદ હસનઉલ્લાખાને શહેરમાં એક મહેલ બંધાવ્યો હતો.[૪૪]

વિદેશી કોઠીઓ

અંગ્રેજોએ સુરતમાં ૧૬૧૨ માં પોતાની કોઠી સ્થાપી. એમનાં રહેણાક મકાન શહેરપનાહ કોટની બરાનપુરી ભાગળવાળા લત્તામાં આવેલાં હતાં, જ્યારે કોઠીનું મકાન મુલ્લાં ખડકીમાં આવેલું હતું. મુઘલ કાલમાં આ મકાન વિશાળ અને ભવ્ય હશે એમ પ્રવાસીઓનાં વર્ણનો પરથી અને અત્યારે જોવા મળતા એના એક ભાગ પરથી લાગે છે.[૪૫]

ખંભાતમાં અંગ્રેજોની કોઠીનું મકાન જળવાયું છે. આ મકાન ૧૬૧૩ માં બંધાયું છે. એ પ્રાચીન કુમારિકાદેવીના મંદિરના સ્થાન પર બંધાયેલું હોવાનું મનાય છે. કોઠીનું મકાન અંદરથી કિલ્લા જેવું છે. એના ઓરડા ઠંડકવાળા સારા મોટા અને સુવિધાવાળા છે. બ્રિટિશકાલમાં એમાં યુરોપીય મુસાફરો ઊતરતા. હાલમાં એનો ઉપયોગ સરકારી કચેરી તરીકે થાય છે.[૪૬]

૧૬૧૬ માં સુરત આવેલા વલંદાઓએ પણ અંગ્રેજો જેવી ભવ્ય કોઠી સ્થાપી હતી. આ કોઠી 'વલંદા બંદર' નામે ઓળખાતી. એ તાપી નદીના કિનારે શાહેરપનાહ અને આલમપનાહ વચ્ચે આવેલી હતી. આજે એ જગ્યા નાનપુરા વિસ્તારમાં આવેલી છે.[૪૭]

વલંદાઓએ ભરૂચમાં ઈ.સ. ૧૭૦૦માં બાંધેલી કોઠીનું ભવ્ય મકાન કંસારાવાડ પાસે જોવા મળે છે. ફરતો કોટ ધરાવતી આ ઇમારતનો રવેશ સરસ કાષ્ઠશિલ્પ ધરાવે છે. ચોકમાં એક સૂર્યઘડિયાળ હતું, જેનો ઉપયોગ ઈ.સ. ૧૭૦૦ થી ૧૭૭૨ ના વલંદા-વસવાટ દરમ્યાન થતો. આ કોઠીની સ્થાપના અને એના મુખ્ય સ્થાપક થિઓનમેન જાન્ઝ ગ્રોનવેલ્ટનું નામ સૂર્યઘડિયાળ પર કોતરેલ છે. આજે એ મકાન ખાનગી ઉપયોગમાં છે અને એના માલિકે એનો મોટો ભાગ યુનિયન હાઇસ્કૂલને વાપરવા ભાડે આપ્યો છે.[૪૭અ]

કબર-સ્મારક

સુરતમાં કેટલાક નામાંકિત અંગ્રેજ અધિકારીઓની કબરો કતારગામ જવાના રસ્તે જમણી બાજુ એમના કબ્રસ્તાન પાસે આવેલી છે. આ કબરો વિશિષ્ટ પ્રકારના ગુંબજ અને મિનારા ધરાવે છે. એમાં ક્રિસ્ટોફર ઑક્સનડન (મૃ. ઈ.સ. ૧૬૫૯)ની એક ભવ્ય મિનારાવાળી કબર અને એના ભાઈ જ્યૉર્જ ઑક્સનડન (મૃ. ઈ.સ. ૧૬૬૯)ની બે મજલાવાળો મિનારો ધરાવતી કબર નોંધપાત્ર છે.[૪૮]

સુરતમાં વલંદાઓની કબરો પૈકી બેરન વેન રીદની કબર ઉપલી અંગ્રેજ કબરો કરતાં ચડિયાતી જણાય છે. એમાં ઉપર પડાળી અને નીચે રવેશ કાઢેલ છે. એના થાંભલાઓ પર ફૂલવેલનાં મનોહર રૂપાંકન કરેલાં છે. મકાનને સજાવવામાં બધે છૂટે હાથે નકશીકામ કરેલું જોવા મળે છે.[૪૯]

અમદાવાદમાં પણ ૧૭ મી સદીની વલંદા કબરો કાંકરિયા તળાવના 'વન-ટ્રી હિલ-ગાર્ડન' પાસે જોવા મળે છે; અલબત્ત, આ કબરો સાદી છતાં ભવ્ય છે (આ. ૨૪). એ પૈકી બે પર ઘુંમટ કરેલા છે, જ્યારે ત્રણ પર શંકુ-આકારના

કોણદાર મિનારા કરેલા છે. અહીં બીજી કેટલીક સાદી કબરો પણ જોવા મળે છે. આ પૈકીની એક કબર પર આર્મેનિયન સન ૧૧૭૭ (ઈ.સ. ૧૬૨૮-૨૯)નો લેખ હતો.[૫૦]

બાગ-બગીચા

સુરતમાં અંગ્રેજોએ ૧૬૨૬ થી બરાનપુરી ભાગળ પાસે બાગબગીચા કરાવવા માંડેલા. એમાં સપ્રમાણ રસ્તા કરેલા હતા અને રસ્તાની બંને બાજુએ વૃક્ષ રોપેલાં હતાં.[૫૧] એમાં મિ. પ્રાઇસનો બાગ પ્રસિદ્ધ હતો. વલંદાઓએ પણ પોત નો એક બાગ કરાવ્યો હતો. ઔરંગઝેબની બહેને બેગમપરામાં કરાવેલી બેગમવાડી પ્રસિદ્ધ હતી. ૧૫ એકરમાં ફેલાયેલો આ બાગ સુરતનો સૌથી મોટો બાગ હતો. ફૂલફળથી લચેલાં વૃક્ષોવાળો એ બાગ ૧૭૭૦ માં બિસ્માર થઈ ગયો હતો.[૫૨] સુરતમાં સલાબતપુરામાં આવેલો મુહમ્મદી બાગ ઈ.સ ૧૭૩૬ માં તેગબેગખાને બંધાવ્યો હતો. આ બગીચાને ફરતાં મકાન બાંધેલાં હતાં, જેમાં ન બની બેગમો રહેતી હતી. એમાં કેટલાક હોજ હતા, જે પૈકીના ૧૫૦ ફૂટ × ૭૫ ફૂટના (૪૫.૭×૨૨.૮ મીટર) મોટા હોજમાંથી ઊંચા ફુવારા ઊડતા હતા એ હોજની નીચે સંકટ સમયે ખપ લાગે એ માટે તેગબેગખાને મોટો ખજાનો ભંડારી રાખ્યો હતો એમ કહેવાય છે. બાગમાં દેશપરદેશમાંથી મંગાવેલાં લીલા અને સૂકા મેવાનાં ઝાડ-છોડ રોપાવ્યાં હતાં. ફૂલોથી લચેલો આ બગીચો 'ઉમદા તુર્કી ગાલીચા' જેવો લાગતો. આ શોભાયમાન બાગ ઈ.સ. ૧૭૭૪માં માવજતના અભાવે બિસ્માર બની ગયો.[૫૩] તેગબેગખાને મુહમ્મદી બાગ ઉપરાંત વરિયાવી દરવાજા બહાર ઇલાહી બાગ કરાવ્યો હતો.

ગુજરાતના સૂબેદાર શુજાતખાનના અમલ દરમ્યાન કમાલખાને ઈ.સ ૧૬૯૩-૯૪માં પાલનપુરમાં શહેરની પૂર્વમાં દિલખુશ બાગ કરાવેલો. આ બાગ આજે પણ જીવંત છે. એને ફરતો કોટ કરેલો છે. એમાં મુઘલ શૈલીના સંખ્યાબંધ ફુવારા કરેલા છે. એ જમાનામાં વાવેલાં ૨૭૫ વર્ષ જૂનાં બોરસલ્લીનાં ઘટાદાર વૃક્ષો હજી પણ ઊભાં છે. પાલનપુરના નવાબો માટે આ બાગ પેઢીઓ સુધી મુખ્ય વિહારધામ રહેલો. બાગના પ્રવેશદ્વાર પર એ કરાવ્યા અંગેનો ફારસી લેખ ધરાવતી તકતી જડેલી છે.

ખંભાત શહેર બહાર નારેશ્વર તળાવ પાસે આવેલો પ્રસિદ્ધ લાલબાગ મીરઝા બાકરે ઈ.સ. ૧૭૪૭ માં કરાવેલો.[૫૪] બાગમાં પૂર્વ-પશ્ચિમ દિશામાં સામ-સામે એક એક મુઘલાઈ શૈલીનાં ઊંચા સ્તંભ અને ઊંચા પ્રવેશદ્વારવાળાં મોટાં મકાન કરેલાં હતાં. બંને મકાનોની સંમુખ મુઘલાઈ ઢબના હોજ કરેલા હતા.

એમાં પાણી લાવવાની અને બહાર કાઢવાની સુયોજના હતી. પાણીની છૂટ અને ખુશનુમા હવામાન અને સુંદર વૃક્ષોથી આ જગ્યા રમણીય હતી. આજ સુધી આ બાગ સરસ રીતે જળવાયો છે.[૫૫]

જૂનાગઢમાં ત્યાંના ફોજદાર સરદારખાને ઈ.સ. ૧૬૮૪ માં સરદાર બાગ કરાવેલો.[૫૬]

વાવ

ખંભાત નજીક કંસારી ગામે શાહજહાંના સમયમાં વિ.સં. ૧૬૮૫(ઈ.સ. ૧૬૨૮–૨૯)માં ગણિકા જ્ઞાતિની ચાંદબીબી સુતરાજે એક વાવ બંધાવેલી હોવાનું એના લેખ પરથી જણાય છે. આ વાવ સામાન્ય પ્રકારની સાદી બાંધણી ધરાવે છે.[૫૭]

આ ઉપરાંત વિ.સં. ૧૬૩૪(ઈ.સ. ૧૫૭૭)માં ઘોઘા(જિ. ભાવનગર)માં બંધાયેલી ખારી વાવ, માંગરોળ (જિ. જૂનાગઢ) પાસે માનખેતરા ગામની વિ.સં. ૧૬૩૯(ઈ.સ. ૧૫૮૩)ની વાવ, વિ.સં. ૧૭૧૫(ઈ.સ. ૧૬૫૯)માં ધ્રોળ પાસે ખારવા(જિ. જામનગર) ગામે બંધાયેલી વાવ, વિ.સં. ૧૭૫૦(ઈ.સ. ૧૬૯૪)માં ગોપનાથમાં બંધાયેલી વાવ અને વિ.સં. ૧૭૭૯(ઈ.સ. ૧૭૨૩)ની અમદાવાદની અમૃતવર્ષિણી વાવ ઉલ્લેખનીય છે.[૫૮] સ્થાપત્યની દૃષ્ટિએ અમૃતવર્ષિણી વાવ (આ. ૨૫) વિશેષ નોંધપાત્ર છે. પાંચકૂવા દરવાજા પાસે કોટની દીવાલને અડીને આ વાવ આવેલી છે. ઈ.સ. ૧૭૨૩ માં પૂરેપૂરી બંધાઈ રહેલી આ વાવ એક જ પ્રવેશ અને ત્રણ કૂટ હોવાને લઈને સ્થાપત્યની પરિભાષા પ્રમાણે 'નંદા' પ્રકારની ગણાય, એમ છતાં એના કાટખૂણાકારને લઈને એ શ્રેણીની વાવોમાં વિશિષ્ટ ભાત પાડે છે. પશ્ચિમ દિશામાંથી વાવમાં પ્રવેશ કરતાં બે કૂટ (ખંડ–મંડપ) વટાવ્યા પછી એક ચોરસ પડથાર આવે છે. અહીંથી વાવ કાટખૂણે વળાંક લે છે અને ત્યાર પછી પગથિયાં અને ત્રીજો કૂટ વટાવ્યા બાદ વાવનો પ્રાંત યા કૂવો આવે છે. આ વાવ સાદી છે. વાવમાં એની રચના અંગે સંસ્કૃત અને ફારસી એમ બંને ભાષાઓમાં લેખ છે.[૫૯]

૨. દેવાલયો

હિંદુ તથા જૈન ધર્મના અનુયાયીઓમાં આ કાલ દરમ્યાન દેવાલયોના જીર્ણોદ્ધારની તથા નવાં દેવાલયોના નિર્માણની પ્રવૃત્તિ ચાલુ રહી, સલ્તનત કાલની સરખામણીએ કંઈક વિશેષ પ્રમાણમાં.

એમાંનાં કેટલાંક દેવાલયોમાં શિલાલેખ છે, જેના આધારે તેઓના નિર્માણ ને પુનર્નિર્માણનો ચોક્કસ સમય જાણવા મળે છે; જેમકે માંડવી(જિ. કચ્છ)નું સુંદરવરનું મંદિર (ઈ.સ. ૧૫૭૪), ગેડીનું અચલેશ્વર મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૫૭૯), ગંધાર (જિ. ભરૂચ)નું મહાવીર સ્વામીનું નામશેષ મંદિર (ઈ.સ. ૧૫૮૭), જેમાં ઈ.સ. ૧૯૦૮ માં હાલના મૂલનાયક પાર્શ્વનાથની પ્રતિમા સ્થપાઈ, ખંભાતમાં વજિયા-રાજિયાએ બંધાવેલું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ. ૧૫૮૮) અને તેજપાલ સોનીએ સમરાવેલું વિજયચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ. ૧૫૯૦), કાવી(જિ. ભરૂચ)નો ઋષભદેવ-પ્રાસાદ (ઈ.સ. ૧૫૯૨), તેજપાલ સોનીએ ઈ.સ. ૧૫૯૪ માં શત્રુંજય પર્વત પર સમરાવેલું આદીશ્વર મંદિર, જામનગરમાં ઈ.સ. ૧૫૭૭ માં બંધાયેલું અને ઈ.સ. ૧૫૯૫ માં પુનર્નિર્માણ પામેલું આદિનાથ મંદિર, જામનગરનું સંભવનાથ મંદિર (ઈ.સ. ૧૫૬૪–૧૫૯૧), પાટણ(જિ. મહેસાણા)નું વાડી પાર્શ્વનાથ મંદિર (ઈ.સ. ૧૫૯૬), અમદાવાદની શામળાજીની પોળનું પાર્શ્વનાથ મંદિર (ઈ.સ. ૧૫૯૭), કાવીનો ધર્મનાથ-પ્રાસાદ (ઈ.સ. ૧૫૯૮), હામપર(તા. ધ્રાંગધ્રા)નું ભીડભંજન મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૫૯૯), મોટી ખાખર (જિ. કચ્છ)નો શત્રુંજયાવતાર-પ્રાસાદ (ઈ.સ. ૧૫૯૯), ખંભાતના માણેકચોકમાં આવેલું આદીશ્વર મંદિર (ઈ.સ. ૧૬૦૫), વરણામા (તા. વડોદરા)નું વરુણેશ્વર મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૬૦૫), ભરૂચનું વલ્લભ ભટ્ટવાળું દેવી-મંદિર (ઈ.સ. ૧૬૦૬), શંખેશ્વર(જિ. બનાસકાંઠા)નું લુપ્ત પાર્શ્વનાથ-મંદિર (લગભગ ઈ.સ. ૧૬૦૬–૦૭), કોંઢ(તા. ધ્રાંગધ્રા)નું કોંઢેશ્વર મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૬૦૭), રાયણ(જિ. કચ્છ)નું ધોરમનાથ મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૬૦૮), ગાળા(તા. ધ્રાંગધ્રા)નું પાર્શ્વનાથ મંદિર (ઈ સ ૧૬૧૨), દાદર(જિ. જામનગર)નું શિવમંદિર (ઈ.સ. ૧૬૧૩), ઘોઘા(જિ. ભાવનગર)નું કાલિકા મંદિર (ઈ.સ. ૧૬૧૬), કુંભારિયા(જિ. બનાસકાંઠા)નું નેમિનાથ-મંદિર (ઈ.સ. ૧૬૧૯), શત્રુંજય પર સંઘવી રૂપજીએ ઈ.સ. ૧૬૧૯ માં બંધાવેલો ચતુર્મુખપ્રાસાદ, જામનગરમાં મંત્રી વર્ધમાન અને પદ્મસિંહે ઈ.સ. ૧૬૨૦ માં બંધાવેલ શાંતિનાથ મંદિર, ઉમરેઠ(જિ. ખેડા)નું અમરેશ્વર મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૬૨૪), કાલાવડ(જિ. જામનગર)નું શિવમંદિર (ઈ.સ. ૧૬૨૫), શત્રુંજય પર ઈ.સ. ૧૬૨૬ માં ચંદ્રપ્રભ મંદિરનો થયેલો જીર્ણોદ્ધાર, સોજિત્રા(તા. પેટલાદ)નું ખોજાઈ માતાનું મંદિર (ઈ.સ. ૧૬૨૭), મૂળી(જિ. સુરેંદ્રનગર)નું માંડવરાયજીનું મંદિર (ઈ.સ. ૧૬૨૯), હુવા(જિ. સુરેંદ્રનગર)નું લક્ષ્મીનારાયણનું મંદિર (ઈ.સ. ૧૬૩૨), વીંઝાણ(જિ. કચ્છ)નું રખેશ્વર મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૬૩૨-૪૧),

શત્રુંજય પરનું સુપાર્શ્વનાથનું મંદિર (ઈ.સ. ૧૬૪૦), રાજસીતાપુર(તા. ધ્રાંગધ્રા)નાં શિવ વિષ્ણુ અને હનુમાનનાં મંદિર (ઈ.સ ૧૬૪૪), બેરજા(જિ. જામનગરનું)નું શિવમંદિર (ઈ.સ. ૧૭૦૦), દીહોર(જિ. ભાવનગર)નું મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૭૦૨), શંખેશ્વરનું નવું પાર્શ્વનાથ મંદિર (લગભગ ઈ.સ. ૧૭૦૪), ભાવનગરનું નીલકંઠ મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૭૧૨), નારાયણ સરોવર(જિ. કચ્છ)નાં ત્રીકમરાય તથા લક્ષ્મીનારાયણ મંદિર (ઈ.સ. ૧૭૩૪), ભાદ્રોડ(જિ. ભાવનગર)નું ભદ્રેશ્વર મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૭૩૬), નારાયણ સરોવરનાં ઈ.સ. ૧૭૪૧ માં બંધાયેલાં બીજાં ચાર મંદિર અને લાઠી(જિ. અમરેલી)નું ભીડભંજન મહાદેવનું મંદિર (ઈ.સ. ૧૭૫૨).[૬૦]

'મિરાતે અહમદી' જે મુઘલકાલના અંત પછી થોડાં જ વર્ષમાં લખાયેલ છે તેની પુરવણીમાં ગુજરાતનાં જાણીતાં દેવાલય ગણાવ્યાં છે; જેમકે પ્રભાસનું સોમનાથ મંદિર (ખંડેર), જગત(દ્વારકા)નું ખંડેર મંદિર તથા શંખોદ્ધાર બેટનાં મંદિર, માધવપુરનું મૂળ મહાદેવનું મંદિર, ગિરનાર પરનાં અંબાજી અને કાળકાનાં મંદિર, ગિરનારની તળેટીનું વાઘેશ્વરી મંદિર, મહુવા પરગણાનું ગોપનાથ મહાદેવનું મંદિર, ઊનાનું દામોદર મંદિર, અજહરમાતર પરગણાના સીંહોજ ગામનું સરકેશ્વર મંદિર, સંખલપુરનું બેચરાજી મંદિર, કોડીનાર પાસે આવેલું મૂળ દ્વારકાનું કૃષ્ણમંદિર, પોરબંદરનું સુદામા મંદિર, ધોળકા પરગણાનું ચંદેશ્વર મહાદેવનું મંદિર, વાત્રક નદી પર પુનાદરા પાસે આવેલું ઉત્કંઠેશ્વર મંદિર, ડાકોરનું રણછોડજીનું મંદિર, રાજપીપળા ડુંગરની ટોચ પર આવેલું શૂલપાણ મંદિર, પાવાગઢ પર આવેલું કાળકા ભવાનીનું મંદિર, દાંતા પાસે આવેલું અંબાજીનું મંદિર અને સિદ્ધપુરનો રુદ્રમાળ (ખંડેર).[૬૧]

આ મંદિર મુઘલ કાલમાં મોજૂદ હતાં. એ પકી ઘણાં આ કાલ પહેલાં બંધાયેલાં છે, જેમાંનાં કેટલાંકનું નિરૂપણ અગાઉના ગ્રંથોમાં આવી ગયું છે. કોઈક મંદિર આ કાલમાં ખંડેર દશામાં હતાં.

'મિરાતે અહમદી'માં અમદાવાવાદમાં શહેરની અંદર અને બહાર આવેલાં આ કાલ સુધીનાં મહત્ત્વનાં મંદિર આ પ્રમાણે જણાવ્યાં છે: માંડવીની પોળનું રણછોડજીનું મંદિર (ખંડેર), સારંગપુરનું રણછોડજીનું મંદિર, હાજા પટેલની પોળનું રઘુનાથજીનું મંદિર, માંડવીની પોળમાંની દેવની શેરીનું રામનાથનું મંદિર, સાંકડી શેરીનું ભૈરવનું મંદિર, ચંગપોળ અને આકાશેઠના કૂવાની પોળનાં અંબા અને બેચરાજીનાં મંદિર, સાંકડી શેરીનું આશાપૂરીનું મંદિર, રાજપુરમાં નરસિંહજીનું મંદિર, રાયપુર દરવાજા બહાર જાગેશ્વર (જાગનાથ) મહાદેવનું મંદિર, વસ્ત્રાલ

ગામનું નીલકંઠેશ્વર મહાદેવનું મંદિર, અસારવાનું નીલકંઠ મંદિર, સાબરમતી પરના નવરંગપુરાનું હીંગળાજ ભવાનીનું મંદિર, ખડ્ગધારેશ્વર મંદિર, અલીમ-પુરનું સીરેશ્વર મહાદેવનું મંદિર અને મંઝુરીપરાનું થાનેશ્વર મહાદેવનું મંદિર.[૧૨]

'પદ્મપુરાણ–અંતર્ગત સાભ્રમતી માહાત્મ્ય'માં સાભ્રમતી તીરે આવેલાં અનેક તીર્થ ગણાવ્યાં છે ને એ પૈકી ખડ્ગધારેશ્વર, દુગ્ધેશ્વર, કોટરા, ચંદ્રભાગા–સંગમ પરનું ચંદ્રેશ્વર, પિપ્પલાદ, નિંબાર્ક વગેરે તીર્થ અમદાવાદ પાસે જ આવેલાં છે.[૧૩] સ્કંદપુરાણમાં પણ ગુજરાતનાં આવાં અનેક તીર્થ ગણાવ્યાં છે.[૧૪] આ પુરાણ–ખંડ લગભગ આ કાલ દરમ્યાન લખાયા લાગે છે, પરંતુ એમાં જણાવેલાં કેટલાંક દેવાલય અદ્યપર્યંત વિદ્યમાન રહ્યાં છે, જ્યારે બીજાં અનેક દેવાલય હાલ એ નામે વિદ્યમાન રહ્યાં નથી.

'મિરાતે અહમદી'માં અન્યત્ર શ્રાવકોનાં મંદિર પણ ગણાવ્યાં છે, જેમાં શત્રુંજય ગિરનાર પારકર મુંજપુર તારંગા આબુ કુંભારિયા કાવી નરોડા નવાનગર અને અમદાવાદનાં દેરાસરોનો સમાવેશ થાય છે.[૧૪અ]

આ ઉપરાંત કેટલાંક એવાં દેવાલય છે કે જેનો ઉલ્લેખ અભિલેખોમાં કે તવારીખમાં થયો નથી, પરંતુ જેનું નિર્માણ એના સ્થાપત્ય–સ્વરૂપ પરથી આ કાલમાં થયું લાગે છે.

અભિલેખો સાહિત્ય અને પુરાવસ્તુ—એ ત્રણેય પ્રકારનાં સાધનો દ્વારા ગુજરાતનાં આ કાલનાં જે દેવાલય જાણવા મળે છે તે પૈકી કેટલાંક દેવાલયોના સ્થાપત્યકીય સ્વરૂપનું નિરૂપણ પ્રકાશિત થયેલું છે

માંડવીનું સુંદરવરનું મંદિર—આ મંદિર કચ્છના રાવ ખેંગારજીએ વિ.સં. ૧૬૩૧(ઈ.સ. ૧૫૭૪) માં બંધાવેલું. મંદિર પશ્ચિમાભિમુખ છે. ગર્ભગૃહ અંદરના ભાગમાં ૩ × ૩.૩ મીટરનુ છે. એની અંદર કમલાસન પર લાકડાના પરિકરમાં સુંદરવરજીની ઊભી શ્યામ પાષાણ–પ્રતિમા નજરે પડે છે. સભામંડપમાં દાખલ થવા માટે ત્રણે બાજુ મુખમંડપ કાઢેલા છે. મંડપનું વિતાનક આઠ સ્તંભો પર ટેકવેલું છે. સ્તંભ અંશતઃ અષ્ટકોણ અને અંશતઃ વૃત્તાકાર છે. એમાં 'ઝુંમર' ઘાટની પદ્મશિલા છે, જેમાં નીચે જતાં સાંકડા થતા જતા સમ-કેંદ્ર વૃત્ત સ્તરોની મધ્યમાંથી નીચે પદ્માકાર લટકણ લટકે છે. વિતાનક(છત)ના અંદરના ઘૂમટનો વ્યાસ પાંચ મીટરનો છે. સભામંડપની બહારની બાજુએ પીઠના ટેકાવાળી વેદિકાઓ (ઓટલીઓ) છે. પ્રાસાદના મંડોવરમાં વાસ્તુશાસ્ત્રમાં જણાવેલા વિવિધ કલાત્મક સ્તર કાઢેલા છે તેમાં પ્રતિમાઓ ઇત્યાદિના બે પટ્ટ

નજરે પડે છે. વળી ગોખલાઓમાં બ્રહ્મા વિષ્ણુ શિવ ભવાની લક્ષ્મી ભૈરવ વગેરે દેવદેવીઓની પ્રતિમા દેખા દે છે. ગર્ભગૃહ પરનું શિખર લગભગ ૧૦.૮ મીટર ઊંચું છે.[૬૫]

ગેડીનું **અચલેશ્વર મહાદેવનું મંદિર**—આ મંદિર ચૂનાના સફેદ પથ્થરનું છે. ઉત્તરેશ્વર મહાદેવના જૂના નામશેષ મંદિરમાંથી મળેલ ચતુર્મુખ લિંગ આ નવા મંદિરમાં સ્થાપેલ છે. આ સ્થાપના ઈ.સ. ૧૫૭૯ માં ગોપાલ દવે નામે સાચોરા બ્રાહ્મણે કરેલી. શિખરવાળું ગર્ભગૃહ અને ઘૂમટવાળો મંડપ છે. એ ૨૨ ફૂટ (૬.૭ મીટર) લાંબું અને ૮ ફૂટ (૨.૪ મીટર) પહોળું છે. શિખર ૨૨ ફૂટ (૬.૭ મીટર) ઊંચું છે,[૬૬] મંદિર તલદર્શનમાં તથા રચનામાં સાદું છે.

ખંભાતનું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર—ગંધારના શ્રીમાળી કુલના પરીખ વજિયા અને રાજિયા નામે બે ભાઈઓ ખંભાતમાં આવીને વસ્યા હતા તેઓએ સં. ૧૬૪૪(ઈ.સ. ૧૫૮૮) માં પાર્શ્વનાથ અને વર્ધમાન સ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. એમાંની પાર્શ્વનાથ-પ્રતિમા 'ચિંતામણિ' નામે ઓળખાતી. ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરને ૧૨ સ્તંભ, ૬ દ્વાર અને ૭ દેવકુલિકા હતી. દ્વારપાલની બે મૂર્તિ હતી. મૂલ પ્રતિમાની આસપાસ ૨૫ મૂર્તિ હતી. મંદિરમાં એક ભવ્ય ભૂમિગૃહ (ભોંયરું) હતું, જેને ૨૫ પગથિયાં હતાં. એ સોપાનની સામે ગણેશની સુંદર મૂર્તિ બેસાડી હતી. ભૂમિગૃહ સમચોરસ હતું ને ૧૦ હાથ ઊંચું હતું. એને પાંચ દ્વાર હતાં. એની અંદર ૨૬ દેવકુલિકાઓ હતી. એનાં વેદિકા ઉપર આદિનાથ, મહાવીર સ્વામી અને શાંતિનાથની પ્રતિમાઓ હતી. ભૂમિગૃહમાં ૧૦ હાથી અને ૮ સિંહ કોતરેલા હતા. એને બે દ્વારપાલ અને ચાર ચામરધારી હતા.[૬૭]

કાવીનો ઋષભદેવ-પ્રાસાદ—આચાર્ય હીરવિજયસૂરિની પ્રેરણાથી જૈન ધર્મ અંગીકાર કરેલા વડનગરના વતની અને ખંભાતના રહેવાસી નાગર વણિક બાહુઆએ કાવીમાંના લાકડું ઈંટો અને માટીના ચૈત્યને વિશીર્ણ જોઈને સં. ૧૬૪૯(ઈ.સ. ૧૫૯૨) માં એના સ્થાને 'સર્વજિત્' નામનો ઋષભદેવ-પ્રાસાદ કરાવ્યો. સ્થાનિક લોકો એને 'સાસુનું દેરાસર' તરીકે ઓળખે છે. દેરાસર પૂર્વ-પશ્ચિમ ૨૭.૪ મીટર લાંબું અને ઉત્તર–દક્ષિણ ૧૮.૬ મીટર પહોળું છે. સ્થાપત્ય સ્વરૂપમાં એ શત્રુંજય પરના આદિનાથ દેરાસર જેવું છે. એમાં મૂળ ગભારો પ્રદક્ષિણાપથ અંતરાલ સભામંડપ અને ભમતી છે. ગર્ભગૃહની ઉપર ઉત્તુંગ શિખર છે. ગભારામાં મૂળનાયક આદીશ્વરની ભવ્ય પ્રતિમા છે. એની આસપાસનો પરિકર સુંદર કોતરકામવાળો છે. ભમતીમાં પર (બાવન) દેરી છે. એના

ગોખલા ખાલી છે. માત્ર ગભારા સામેની એક દેરીમાં આદીશ્વરની પ્રતિમા છે ને બીજીમાં આદીશ્વરનાં પગલાં છે. મંદિરની બહાર રાયણ વૃક્ષની રચના કરી એની નીચે આદીશ્વરનાં પગલાં સ્થાપ્યાં છે.[૬૮]

શત્રુંજયનું આદીશ્વર મંદિર—શત્રુંજય પશ્ચિમ ભારતનું સહુથી મોટું જૈનતીર્થ છે. એનાં પાસે પાસે આવેલાં સંખ્યાબંધ મંદિરોના સમૂહને લીધે એ મંદિર નગર જેવું દેખાય છે (આ. ૨૬). શત્રુંજય ગિરિ પરના સહુથી મોટા અને મુખ્ય મંદિરના પૂર્વદ્વારના રંગમંડપમાં એક સ્તંભ પર ૮૭ પંક્તિઓનો એક લાંબો શિલાલેખ કોતરેલો છે. એમાં જણાવ્યું છે કે શત્રુંજય પરના આદીશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર અગાઉ સં. ૧૫૮૭ માં કર્માશાહે કરાવ્યો હતો, પરંતુ અતિ-પ્રાચીનતાને લીધે એ થોડા જ સમયમાં જર્જરિત થયું હતું, તેથી ઓસવંશના સોની વચ્છિયાના પુત્ર તેજપાલે બાદશાહ અકબર પાસે બહુમાન પામેલા હીરવિજય-સૂરિનાં પ્રેરણાથી એને સમરાવ્યું. આ મંદિરનું શિખર એકંદરે ઉત્તુંગ લાગે છે. શિખર પર ૧,૨૪૫ કુંભ વિરાજે છે. મંદિર ઉપર ૨૧ સિંહ શોભી રહ્યા છે. ચાર યોગિની અને દસ દિક્પાલ યથાસ્થાન સ્થાપેલાં છે. મંદિરની ચારે બાજુ ૭૨ દેવકુલિકા છે, દરેક દેરી જિનમૂર્તિથી વિભૂષિત છે. મંદિર ચાર ગવાક્ષો, ૩૨ પૂતળીઓ અને ૩૨ તોરણોથી શોભે છે. મંદિરમાં ૨૪ હાથી અને ૭૪ સ્તંભ છે. 'નંદિવર્ધન' નામે આ નવું મંદિર(આ. ૨૭)સં. ૧૬૪૯ માં તૈયાર થયું છે. સં. ૧૬૫૦(ઈ.સ. ૧૫૯૪)માં તેજપાલે શત્રુંજયની યાત્રા કરી હીરવિજયસૂરિના હસ્તે એની પ્રતિષ્ઠા કરાવી હતી.[૬૯]

આ મંદિરનું સ્થાપત્ય-સ્વરૂપ શત્રુંજય પરનાં બીજાં પ્રાચીન મંદિરોના સ્થાપત્ય-સ્વરૂપ જેવું જ છે. આદિનાથના ચોમુખ મંદિરમાં અને આ મંદિરમાં ફેર એટલો જ છે કે આ મંદિરનો મંડપ બે માળનો છે ને મૂલનાયકની મૂર્તિ મૂળગભારાની અંદર પછીત પાસેની પીઠિકા પર સ્થાપેલી છે. આ મૂર્તિ અસાધારણ મોટા કદની છે. શિખર તરફ જોતાં એનો લાકડાના મકાનને મળતો દેખાવ તરત ધ્યાન ખેંચે છે. ગભારામાં અને રંગમંડપમાં ઘણી મૂર્તિ છે. ગભારાના દ્વાર આગળ ગજારૂઢ નાભિરાજ અને મરુદેવી દેખાય છે. વળી ઉપલે મજલે પણ ગભારામાં તેમજ મંડપમાં ઘણી મૂર્તિ છે.[૭૦]

ભોંયતળિયેથી શિખર સુધી પર (બાવન) હાથની ઊંચાઈ છે. ભમતીની દેવકુલિકાઓથી દેવાલય શોભે છે. ચાર સુંદર ગવાક્ષ એની ભવ્યતામાં વૃદ્ધિ કરે છે. ગવાક્ષની જેમ પૂતળીઓ અને તોરણો મંદિરને કલાત્મક બનાવે છે.

મંદિરને ટેકવી રાખતા ૭૨ સ્તંભ એની સપ્રમાણ રચનાનું ભાન કરાવે છે. મંદિરની બહાર બે સુંદર દેરી છે. મંદિર પાસે રથયાત્રા માટેનો આરસ-જડિત ચોક છે.[૭૧]

પાટણનું વાડી-પાર્શ્વનાથનું મંદિર — પાટણ(જિ. મહેસાણા)ના ઝવેરીવાડામાં આવેલું આ દેરાસર વિ. સં. ૧૬૫૧–૫૨ (ઈ.સ. ૧૫૯૪–૯૬) દરમ્યાન ઓસવાળ જ્ઞાતિના ભીમના વંશજ કુંઅરજી તથા એમનાં કુટુંબીજનોએ બંધાવેલું. એને લગતો શિલાલેખ મંદિરના મુખ્ય મંડપની દીવાલમાં લગાવેલો છે. મૂળ મંદિર હાલ મોજૂદ રહ્યું નથી, પણ એની જગ્યાએ તાજેતરમાં નવું મંદિર બંધાયું છે. આ અર્વાચીન મંદિર પરથી એના પ્રાચીન સ્થાપત્ય-સ્વરૂપનો ખ્યાલ આવે છે. મંડપનું વિતાન દર્શનીય હતું. એનો અંદરનો ઘૂમટ ૧૧.૨૫ ફૂટ (૩.૪ મીટર) ઊંચો હતો ને એનો વ્યાસ ૧૧ ફૂટ(૩.૩ મીટર)નો હતો. એનાં સમકેંદ્ર વર્તુલોમાં સુંદર પૂતળીઓ નજરે પડતી. ગાયિકાઓ અને નર્તિકાઓની વચ્ચે એકેક પુરુષની આકૃતિ હતી. દિશા અનુસાર દિક્પાલ પોતપોતાના વાહન સાથે ગોઠવેલા હતા. સહુથી નીચલા વર્તુલમાં કેટલુંક સુંદર કોતરકામ હતું. વચ્ચે રમણીય પદ્મ ઝુંમરની જેમ લટકતુ.[૭૨] મૂળનાયક પાર્શ્વનાથની પ્રતિમા પડોશના ગ્રામ વાડીપુરમાંથી અહીં લાવવામાં આવી હોય એવું એના નામ પરથી લાગે છે.[૭૩]

કાવીનો ધર્મનાથ-પ્રાસાદ—ઉપર જણાવેલા બહુઆના પુત્ર કુંવરજીએ સં. ૧૬૫૪(ઈ.સ. ૧૫૯૮)માં કાવીમાં 'રત્નતિલક' નામનો ૫૨ (બાવન) જિનાલયવાળો ધર્મનાથ-પ્રાસાદ કરાવ્યો. દેરાસર મૂળગભારો, સભામંડપ, ભમતી વગેરેથી યુક્ત છે. એ પૂર્વ-પશ્ચિમ ૪૮.૨ મીટર લાંબું અને ઉત્તર-દક્ષિણ ૧૯.૧ મીટર પહોળું છે. આમ એ સર્વજિત્ પ્રાસાદ કરતાં મોટું છે. મૂળ ગભારામાં મૂળનાયક ધર્મનાથની પ્રતિમા છે. એનો પરિકર શિલ્પકલાયુક્ત અને ચારતીર્થી છે. પ્રવેશદ્વાર ઉપર ઈંટ-ચૂનાનું મનોહર કોતરકામ છે. મૂળ ગભારામાં મૂળનાયક ઉપરાંત બીજા ચાર તીર્થંકરોની પ્રતિમાઓ છે. ભમતીમાં ૫૨ (બાવન) દેરીઓ છે, તેમાં પ્રાચીન પ્રતિમાઓના સ્થાને નવી પ્રતિમાઓ સ્થાપી છે. મૂળ ગભારા સામે એક મોટો ગભારો છે ને ભમતીમાં પણ ત્રણે બાજુ વચ્ચે એકેક મોટો ગભારો છે. આ ગભારા બંધ કરેલા છે. સ્થાનિક લોકો આને 'વહુનું દેરાસર' કહે છે. એના કારણમાં એવી અનુશ્રુતિ છે કે સર્વજિત્ પ્રાસાદમાં જતાં કુંવરજીની પત્ની વીરાબાઈએ પોતાનાં સાસુ હીરાબાઈને એ દેરાસરનું પ્રવેશદ્વાર નીચું હોવાની ટકોર કરી, તેના જવાબમાં સાસુએ એને પિયેરથી દ્રવ્ય મંગાવી ઊંચા દ્વારવાળું દેરાસર કરવા કહ્યું ને એ મહેણાથી ઉત્તેજિત થઈ વહુએ આ દેરાસર

કરાવ્યું, પરંતુ દેરાસરના શિલાલેખમાં તો એ કુંવરજીએ બંધાવ્યું હોવાનું જણાવ્યું છે.[૭૪]

શંખેશ્વરનું જૂનું પાર્શ્વનાથ મંદિર–શંખેશ્વર એ પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ મનાય છે. સોલંકી કાલમાં તો ત્યાં પાર્શ્વનાથનું દેરાસર હતું જ. એ કાલ દરમ્યાન એ પ્રાચીન મંદિરના જીર્ણોદ્ધાર પણ થયેલા. એ મંદિર હાલના ગામની બહાર આવેલું હતું. સલ્તનત કાલમાં એ મંદિરનો નાશ થયો હતો ને મૂલનાયકની પ્રતિમાને ભૂમિમાં ભંડારી દેવાઈ હતી. ગામની ઉત્તરે આવેલા ઝંડકૂવા નામે ખાડામાંથી એ પ્રાચીન પ્રતિમા નીકળી મનાય છે. હીરવિજયસૂરિના પટ્ટધર વિજયસેનસૂરિના ઉપદેશથી ગંધાર–નિવાસી માનાજીએ ગામની મધ્યમાં બાવન જિનાલયથી યુક્ત નવું શિખરબંધી મંદિર બંધાવ્યું. એની પ્રતિષ્ઠા વિ.સં. ૧૬૫૨–૧૬૯૮ (ઈ.સ. ૧૫૯૬–૧૬૪૨) દરમ્યાન પ્રાયઃ વિ.સં. ૧૬૬૨–૬૩ (ઈ.સ. ૧૬૦૬–૦૭) માં થઈ લાગે છે, કેમકે ભમતીની દેરીઓ અને ગભારાની બારશાખો વગેરે પર ૩૪ લેખ મળ્યા છે તે પૈકી વહેલામાં વહેલો વિ.સં. ૧૬૫૨ નો અને મોડામાં મોડો વિ.સં. ૧૬૯૮ નો છે, જ્યારે સહુથી વધુ લેખ વિ.સં. ૧૬૬૨ અને ૧૬૬૩ ના છે.[૭૫]

આ મંદિર પશ્ચિમાભિમુખ હતું. એ ત્રણ શિખરબંધી ગભારા ગૂઢમંડપ સભામંડપ અને બાવન દેવકુલિકાઓનું બનેલું હતું. ભમતીમાં પાંચ મોટા ગભારા અને ૪૪ દેરી હતી. એ દરેક ઉપર પણ શિખર હતું. પ્લાસ્ટરમાં કોઈ કોઈ ઠેકાણે સુંદર નકશી કરી હતી. ઔરંગઝેબના રાજ્યકાલ દરમ્યાન એના સૂબેદારની ફોજે મુંજપુરના સરદાર હમીરસિંહને હરાવી પાછા ફરતાં શંખેશ્વર પાર્શ્વનાથનું આ મનોહર મંદિર તોડી નાખ્યું ને એમાંની કેટલીક મૂર્તિઓ ખંડિત કરી નાખી હતી, જ્યારે ત્યાંના સંઘે મૂલનાયકની મૂર્તિને ભોંયરામાં સંતાડી દઈ બચાવી લીધી હતી. હાલ મુખ્ય મંદિરની જગ્યાએ સાફ મેદાન થઈ ગયું છે, પરંતુ એની અંદર દેરાસરના પાયા મોજૂદ છે. ભમતીની બધી દેરીઓનાં ખંડિયેર હજી ઊભાં છે. ભમતીની દેરીઓ અને ગભારાનો છત સુધીનો ભાગ ખારા પથ્થરનો બનેલો હતો. આ પ્રાચીન મંદિરના મૂલનાયકની મૂર્તિને સં. ૧૭૬૦ (ઈ.સ. ૧૭૦૪)ના અરસામાં બંધાયેલા નવા મંદિરમાં પધરાવી છે.[૭૬]

રાયણનું ધોરમનાથ મહાદેવનું મંદિર—રાયણ એ અગાઉ મોટું પત્તન (નગર) અને ધીકતું બંદર હતું, જેની દક્ષિણે પછી માંડવી(કચ્છ) વસ્યું છે. સ્થાનિક અનુશ્રુતિ અનુસાર ધોરમનાથે એના સમુદ્રતટે તપશ્ચર્યા આદરી હતી, પરંતુ ત્યાંના લોકોની કઠોરતાથી કંટાળી તેઓ ત્યાંથી ધીણોધર ચાલ્યા ગયા ને આ પટ્ટણ દટ્ટણ

થઈ ગયું.[૭૭] ત્યાં કચ્છના રાવ ભારમલજીએ સં. ૧૬૬૫(ઈ.સ. ૧૬૦૮)માં ધોરમનાથ મહાદેવનું મંદિર બંધાવેલું. મંદિરના દ્વારની શાખા પર એને લગતો શિલાલેખ છે. મંદિર ૪૫ ફૂટ (૧૩.૭ મીટર) પહોળા અને ૨૫ ફૂટ (૭.૬ મીટર) ઊંચા ચોરસ વાડામાં બાંધેલું છે. ગર્ભગૃહ અને મંડપ પર ઘૂમટ ઘાટનાં છાવણ છે. આરસની તકતી પર ધોરમનાથનાં અને ગરીબનાથનાં પગલાં છે. વળી આશાપૂરા ગણેશ ભૈરવ અને મત્સ્યની નાની બેઢંગ પ્રતિમાઓ છે. એમાં મત્સ્ય એ મત્સ્યેન્દ્રનાથના પ્રતીક રૂપે છે.[૭૮]

કુંભારિયાનું નેમિનાથ-મંદિર—આરાસણ કુંભારિયાનાં જૈન દરાસરો-માં સહુથી મોટું મંદિર નેમિનાથનું છે. મૂળ મંદિર ૧૨ મા સૈકામાં બંધાયું હતું, પણ હાલનું મંદિર ૧૭ મા સૈકાનું છે. એમાં મૂલનાયકની મોટી પ્રતિમાની પ્રતિષ્ઠા એના આસન પર કોતરેલા લેખ મુજબ સં. ૧૬૭૫(ઈ.સ. ૧૬૧૯)માં વિજયદેવસૂરિએ કરી હતી ને એ પ્રતિમા ઓકેશ (ઓસવાલ) જ્ઞાતિના બુહરા (વોરા) રાજપાલે કરાવી હતી.[૭૯] દેવાલય મૂળ ગભારો, બીજા બે ગભારા, ગૂઢમંડપ, ચોકી, સભામંડપ (રંગમંડપ) અને ૨૪ દેવકુલિકાઓનું બનેલું છે. એનું શિખર તથા ગૂઢમંડપની બહારનો ભાગ હાલમાં બનાવેલાં છે. શિખર તારંગામાં આવેલા દેરાસરના શિખર જેવું છે. એના તથા ઘૂમટના આમલસારની નીચે ચારે બાજુએ મોઢાં બનાવ્યાં છે. ગૂઢમંડપના સ્તંભ આબુ-દેલવાડાની વિમલવસહિના સ્તંભો જેવા છે. ભમતીમાંના તથા ચોકીમાંના સ્તંભ એના કરતાં સાદા છે. સભામંડપની બીજી બાજુએ ઉપરના દરવાજામાં તથા છેડાના બે નાના સ્તંભોની વચ્ચેની કમાનો પર મકરમુખ મૂકેલાં છે ને એ રીતે સુંદર તોરણ કોતરેલાં છે. પહેલાં આવાં બીજાં તોરણ હતાં તે હાલમાં નાશ પામ્યાં છે. પ્રાસાદની બંને બાજુએ બધી મળીને આઠ દેવકુલિકા છે, તેમાં એક મોટી છે. ગૂઢમંડપની અંદર ઘૂમટના ઘાટનું મનોહર વિતાન છે. મંડપના બીજા ભાગની છત તથા ચોકીની છત સાદી છે. મૂળ ગભારાની જમણી બાજુએ ઉપરના ભાગેલા પાટડાને ટેકવવા માટે ત્રણ બેડોળ કમાન ચણી છે ને એને બાજુના સ્તંભ સુધી લંબાવી છે તેથી ઘણું કોતરકામ ઢંકાઈ જાય છે. ચોકીના ઓટલા ઉપર કેસર ઘસાય છે. એની પાસે અંબાજી માતાની દેરી છે. એની આગળ રંગમંડપ છે. એમાં કોતરણી સુંદર છે. એની આસપાસ ૨૪ દેરી છે. ભમતીમાં અનેક ખંડિત-અખંડિત મૂર્તિ છે. પૂર્વ તરફની વચલી મોટી દેરીમાં સં. ૧૬૭૫ના લેખવાળી આદિનાથની મૂર્તિ છે. ત્યાં જિન-માતૃપટ્ટો અને ચોવીસીના પટ્ટ પણ છે. દેરાસરના પાછલા ભાગમાં ગોખની

અંદર ચોડેલો સમળી વિહારનો પટ વધુ ધ્યાન ખેંચે તેવો છે. એ પટ્ટની પ્રતિષ્ઠા વિ.સં. ૧૩૩૮(ઈ.સ. ૧૨૮૨)માં થઈ હતી. મંદિરમાં કુલ ૯૪ સ્તંભ છે, તે પૈકી ૨૨ સ્તંભ દેવો દેવીઓ અને વિદ્યાધરીઓની સુંદર આકૃતિઓથી સુશોભિત છે. રંગમંડપમાં ઝરૂખા કાઢેલા છે. પીઠિકામાં ગજથર અને નરથર તેમજ મંડોવરની જંઘામાં દેવો દેવીઓ દિક્પાલો યક્ષો અને યક્ષિણીઓની સુંદર આકૃતિઓ કંડારી છે. કોઈક સ્થળોએ ભોગાસનનાં શિલ્પ પણ નજરે પડે છે. બહારની કમાનનાં પગથિયાં પર ટકોરખાનાનો ઝરૂખો છે. દેરાસરની બાંધણી એવી કરી છે કે બહાર ઊભા રહીને પણ નેમિનાથના બિંબનાં દર્શન કરી શકાય છે.[૯૦]

શત્રુંજયનો ચતુર્મુખ પ્રાસાદ—શત્રુંજય પર્વત પર ચોમુખની ટૂકમાં ચતુર્મુખ-વિહાર નામે મુખ્ય પ્રાસાદ આવેલો છે. આ પ્રાસાદ બાદશાહ જહાંગીરના રાજ્યમાં સં. ૧૬૭૫(ઈ.સ. ૧૬૧૯)માં અમદાવાદના પોરવાડ સંઘવી સોમજીના પુત્ર સંઘવી રૂપજીએ શત્રુંજયની યાત્રા માટે સંઘ કાઢીને બંધાવેલો ને યુગપ્રધાન જિનચંદ્રસૂરિના શિષ્ય જિનસિંહસૂરિના પટ્ટધર જિનરાજસૂરિએ એની પ્રતિષ્ઠા કરેલી. આ હકીકત મૂલનાયકની ચારે પ્રતિમાઓની બેસણી પર કોતરેલા લેખોમાં વિગતવાર જણાવી છે.[૯૧] આ પ્રાસાદને ફરતો ચોક કુલ ૨૭૦×૧૧૬ ફૂટ (૮૨.૩×૩૫.૪ મીટર) લાંબોપહોળો છે. બે ફૂટ (.૬ મીટર) ની જગતી પર બંધાયેલો પ્રાસાદ ૬૭ × ૫૭ ફૂટ (૨૦.૪ × ૧૭.૩ મીટર) લાંબોપહોળો છે. ગર્ભગૃહમાં આરસપહાણનું ૧૨ ફૂટ (૩.૬ મીટર) ચોરસનુ બે ફૂટ (.૬ મીટર) ઊંચું સિંહાસન છે. સિંહાસન પર ચારે દિશામાં મુખ રાખી બેસાડેલી આદીશ્વરની આરસની ચાર મૂર્તિ બિરાજે છે, આથી આ પ્રાસાદ 'ચતુર્મુખવિહાર' અથવા 'ચોમુખજીનું મંદિર' તરીકે ઓળખાય છે. આ મૂર્તિઓ ૧૦–૧૧ ફૂટ (૩–૩.૩ મીટર) ઊંચી છે. સિંહાસન પર સ્તંભો પણ છે. ગર્ભગૃહ ઉપર ૯૬ ફૂટ (૨૬.૨ મીટર) ઊંચું શિખર છે. ગર્ભગૃહની ચારે બાજુ એકેક પ્રવેશદ્વાર છે. ત્રણ બાજુએ ચોકી (મુખમંડપ) છે. પૂર્વ દ્વાર ગૂઢમંડપમાં પડે છે. ઉત્તર અને દક્ષિણ બાજુની ચોકી પર સાત-સાત નાના ઘૂમટને દરેક બાજુએ એકેક નાનું શૃંગ છે. ઉત્તર દિશાની ચોકીની પૂર્વ બાજુએ પ્રાસાદને ઉપલે મજલે જવાની સીડી છે. ત્યાં આદિનાથની બીજી આઠ આરસપ્રતિમા છે. શિખરનો ઉપલો ભાગ કંઈક નવો કરેલો લાગે છે, જ્યારે પશ્ચિમ છેડાનો બધો નીચલો ભાગ પ્રાચીન જણાય છે. બાકીના ભાગ કરતાં એમાં શિલ્પકલાનું પ્રાચુર્ય પણ રહેલું છે. ગૂઢમંડપ ૩૧×૩૧ ફૂટ(૯.૪ × ૯.૪ મીટર)નો છે. એની અંદર ૧૨ સ્તંભ

છે. એમાંના વચલા આઠ સ્તંભો પર ઘૂમટની રચના કરી છે. મંડપમાં પણ ત્રણે બાજુ પ્રવેશદ્વાર રાખેલાં છે. મંડપના ગોખલાઓમાં નાનીમોટી અનેક પાષાણ-પ્રતિમા આવેલી છે. એક ગોખલામાં મંદિર બંધાવનાર શેઠ-શેઠાણીની મૂર્તિઓ પણ છે. મંડપની આગળ નવચોકી છે. ગર્ભગૃહના સ્તંભોની અને નવચોકીના સ્તંભોની વચ્ચેનાં અંતર એક માપનાં છે. પ્રાસાદની આગળ અલગ રંગમંડપ કરેલો છે. એના ૧૨ સ્તંભો પર ૨૪ દેવીઓનાં સ્વરૂપ કંડારેલાં છે. આ મંદિર બંધાવતાં ૪૮ લાખ રૂપિયાનું ખર્ચ થયું હતું.[૮૨]

વીંઝાણનું રણેશ્વર મહાદેવનું મંદિર : વીંઝાણ (તા. અબડાસા)માં ભારમલ્લના રાજ્યમાં ભારિયા આસર ઠક્કર ધનરાજે (વિ.સં. ૧૬૮૮ (ઈ.સ. ૧૬૩૨)માં આ મહાદેવનું મંદિર બંધાવવું શરૂ કર્યું ને સં. ૧૬૯૭ (ઈ.સ. ૧૬૪૧)માં એની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિર ગજધર વરસંગે બાંધ્યું હતું. એની પ્રશસ્તિનો શિલાલેખ મંદિરની દીવાલમાં લગાવેલો છે.[૮૩] આ મંદિર ૫ા ફૂટ (૧.૭ મીટર) ઊંચી જગતી પર ૪૫ ફૂટ (૧૩.૭ મીટર) લાંબું અને ૩૫ ફૂટ (૧૦.૭ મીટર) પહોળું બંધાવેલું છે. એ સખત પીળા પથ્થરનું છે. એનું ગર્ભગૃહ ૩૨ ફૂટ (૯.૭ મીટર) ઊંચું છે. એના તલદર્શનમાં ભદ્રાદિ પ્રલંબ કાઢેલા છે ને મંડોવરમાં ત્રણેય બાજુ શિલ્પ-થરોના તથા પૌરાણિક આકૃતિઓ કંડારેલ છે. ગર્ભગૃહ ૬ ફૂટ (૧.૮ મીટર) લાંબું અને ૭ાા ફૂટ (૨.૩ મીટર) પહોળું છે. એની મધ્યમાં શિવલિંગ સ્થાપેલું છે. સામી દીવાલના ગોખલાઓમાં ગણપતિ અને પાર્વતીની મૂર્તિઓ છે. ગર્ભગૃહની આગળ ત્રિકમંડપ છે. ત્રણેય મંડપ પર સામરણ છે ને એ દરેકની બાજુઓ પર સિંહ કાઢેલા છે. વચલા મંડપને ચાર ચાપાવલીયુક્ત કમાન છે, જેમાંની વચલી કમાનમાં ટેકાથંભો પણ છે. મંડપના વચલા ઘૂમટમાં ઝુમર ઘાટનું વિતાન છે. એને ચોરસ સ્તંભોથી ટેકવેલું છે, જેની ટોચે માનવ-આકૃતિના બ્રેકેટ કાઢેલા છે. વિતાનનો ઘૂમટ નીચેથી ઉપર જતાં નાના થતા જતા ૮, ૧૬ અને ૩૨ બાજુઓના થરોમાં તથા નાનાં થતાં જતાં એક કેંદ્ર વર્તુલોમાં રચાયો છે ને એની ટોચની મધ્યમાંથી પદ્મ લટકે છે. વિતાનમાં એકાંતરે આઠ કહાન અને આઠ ગોપીઓની સુંદર શિલ્પ-કૃતિઓ નજરે પડે છે. મંડપ ૧૮ ફૂટ (૫.૫ મીટર) × ૧૬ાા ફૂટ (૫ મીટર)નો છે. બાજુના બે મંડપો એકમાં હનુમાનની અને બીજામાં મહિષાસુરમર્દિનીની કદાવર પ્રતિમા સ્થાપેલી છે.[૮૪]

નારાયણ સરોવરનાં મંદિર — કચ્છના વાયવ્ય ભાગમાં નારાયણ સરોવર નામે પુરાણોક્ત તીર્થધામ આવેલું છે. વિ.સં. ૧૭૯૦(ઈ.સ. ૧૭૩૪)માં

કચ્છનાં મહારાણી મહાકુંવરબાએ અહીં ત્રીકમરાયજી તથા લક્ષ્મીનારાયણનાં મંદિર કરાવ્યાં ને એને ફરતો ગઢ બંધાવ્યો; સં. ૧૭૯૭ (ઈ.સ.૧૭૪૧)માં ત્યાં વળી આદિનારાયણ ગોવર્ધનરાયજી રણછોડરાયજી અને લક્ષ્મીજીનાં મંદિર કરાવ્યાં. આ પૈકી ત્રીકમરાયજીનું મંદિર ઈશાન કોણમાં પશ્ચિમાભિમુખ છે, જ્યારે બીજાં મંદિર એ મંદિરની સામે પૂર્વાભિમુખ હારબંધ આવેલાં છે. ત્રીકમરાયજીનું મંદિર ૫'–૯" (૧·૮ મીટર) ઊંચી જગતી પર બાંધેલું છે. એ ૭૨ ફૂટ (૨૧·૯ મીટર) લાંબું, ૬૮'–૫" (૨૦·૮ મીટર) પહોળું ને ૬૧ ફૂટ (૧૮·૬ મીટર) ઊંચું છે. ગર્ભગૃહ ગૂઢમંડપ અને ત્રિકમંડપ છે, ગર્ભગૃહની ઉપર નવાંડી શિખરની રચના કરેલી છે. મંડપ તથા શૃંગારચોકીઓ ઘૂમટો વડે આચ્છાદિત છે. એ ઘૂમટ શિરાવટીવાળા સ્તંભો પર ટેકવેલા છે. એ સ્તંભો ૧૨ ફૂટ (૩·૬ મીટર) ઊંચા છે. શૃંગારચોકીઓમાં સ્તંભો વચ્ચે દીવાલો ચણી હોવાથી એ સ્તંભો અર્ધમૂર્ત જેવા લાગે છે. દીવાલોમાં કક્ષાસન કાઢેલાં છે ને પ્રવેશની બંને બાજુએ જાળીવાળા બબ્બે ઝરૂખા છે. શૃંગારચોકીઓ ૯'–૯" (૩ મીટર) ચોરસ છે. અંદર આઠ કહાન અને ગોપીઓની મૂર્તિઓ ધરાવતું સુંદર વિતાન છે. ત્રીકમરાયજી અર્થાત્ ત્રિવિક્રમની શ્યામ પાષાણની ચતુર્ભુજ પ્રતિમા સમપાદાવસ્થામાં ઊભી છે. ઘૂમટમાં રાસમંડળીનું મનોહર દૃશ્ય કંડારેલું છે. બીજાં મંદિર સ્થાપત્યમાં આ પ્રકારનાં જ છે. લક્ષ્મીનારાયણના મંદિરમાં લક્ષ્મીનારાયણની શ્યામ પાષાણની યુગલમૂર્તિ સ્થાપેલી છે. ચાર ઘૂમટોથી શોભતો સભામંડપ લાંબો અને વિશાળ છે. આ મંદિરની ઉત્તરે એ જ હરોળમાં બીજાં પાંચ પૂર્વાભિમુખ મંદિર આવેલાં છે. એના ઘૂમટ સાદા છે. ચાર ઘૂમટોથી શોભતો આ દેવાલયોનો સળંગ મંડપ ૭ મંદિરો જેટલો લાંબો અને વિશાળ લાગે છે. આખી પડાળી ૯૮'–૬" (૨૭ મીટર) લાંબી અને ૪૧ ફૂટ (૧૨·૫ મીટર) પહોળી છે. એ ૫ ફૂટ (૧·૫ મીટર) ઊંચી જગતી પર આવેલી છે. આદિનારાયણની પ્રતિમા પણ ત્રિવિક્રમ-સ્વરૂપની છે. ગોવર્ધન-નાથજીના મંદિરમાંની પ્રતિમા ગોવર્ધનધારી શ્રીકૃષ્ણની છે. દ્વારકાધીશજીનું મંદિર મધ્યમાં છે. એની સામે ગરુડ–મંડપ છે. દ્વારકાધીશ અથવા રણછોડરાયજીની પ્રતિમા બીજે બધે હોય છે તેમ અહીં ચતુર્ભુજ ત્રિવિક્રમ-સ્વરૂપની છે. લક્ષ્મીજીના મંદિરમાં લક્ષ્મીજીના ચતુર્ભુજ પ્રતિમા છે. કલ્યાણરાયનું મંદિર ૧૯ મી સદીમાં ઉમેરાયું છે. બધાં મંદિરોમાં મૂર્તિ ચક્રાંકિત કરેલા કાળા આરસની છે. મંદિરોના ઘૂમટ તેમજ ભોંયતળિયાં પીળા પથ્થરનાં બાંધેલાં છે. દરેક મંદિર ૧૦'–૬" (૩·૨ મીટર) ચોરસ છે. લક્ષ્મીનારાયણનું મંદિર ૩૭ ફૂટ (૧૧·૩ મીટર) અને બાકીનાં ત્રણ ૪૭ ફૂટ (૧૪·૩ મી.) ઊંચાં છે.

છતિ.–૬–૨૮

આ મંદિરસમૂહના પ્રાકારની અંદરનો વિસ્તાર ૧૬૪ ફૂટ (૫૦ મીટર) લાંબો અને ૬૨'–૬" (૧૮.૯ મીટર) પહોળો છે. ગઢની નૈઋત્યે આવેલ આદિનારાયણનું મંદિર ગઢમાંનાં આ મંદિરો કરતાં જૂનું ગણાય છે. આદિનારાયણના મંદિર પાસે શ્રીવિઠ્ઠલેશ્વરજીની બેઠક છે. એના પ્રવેશદ્વાર પાસે બે છડીદાર દ્વારપાલ ઊભા છે. નિજમંદિરમાં ઊંચા ઓટલા પર બેઠક બનાવીને અશ્વારૂઢ વિઠ્ઠલેશ્વરજીનો ફોટો મૂકવામાં આવ્યો છે. નિજમંદિર પર ઘૂમટની રચના છે.[૮૫]

પ્રભાસનું સોમનાથ મંદિર : સમુદ્રતટના રમણીય સ્થાન પર આવેલું આ મંદિર સોલંકી કાલથી દેશભરમાં ખ્યાતિ ધરાવે છે. એના સોમેશ્વર કે સોમનાથ નામે જાણીતા લિંગની ગણના ભારતનાં દ્વાદશ જ્યોતિર્લિંગોમાં થતી હતી. મહમૂદ ગઝનીના સમયથી આ મંદિર અનેક વાર મૂર્તિભંજકોના આક્રમણનો ભોગ બન્યું ને દર વખતે એ પછી એનો જીર્ણોદ્ધાર થયા કર્યો. સોલંકી રાજાઓના સમયના મંદિરને સલ્તનત કાલમાં નુકસાન પહોંચ્યું હતું ને મંદિરમાં પૂજા ધામધૂમ વગરની થઈનેય ચાલુ રહી હતી એવું માલૂમ પડે છે.[૮૬] અકબરના સમયમાં આ પૂજા વધારે મોટા પાયા પર ચાલુ થઈ હશે.[૮૭] પરંતુ ઔરંગઝેબના ફરમાનથી એ પ્રાચીન મંદિરનો ભારે નાશ કરવામાં આવ્યો. 'મિરાતે અહમદી'માં આપેલા વૃત્તાંત પરથી માલૂમ પડે છે કે મુઘલ કાલના અંતમાં એ મંદિરનાં ખંડેર જ રહ્યાં હતાં ને નગર બહાર સરસ્વતી નદીના કાંઠે આવેલા કોઈ નાના મંદિરમાં સોમનાથનું લિંગ સ્થપાયું હતું, જ્યાં યાત્રિકો દર્શન–અર્ચન કરતાં.[૮૮] કહે છે કે ઔરંગઝેબના સમયમાં આ મંદિરને ભ્રષ્ટ કરી ઘૂમટ વગેરેથી મસ્જિદના રૂપમાં ફેરવી નાખવામાં આવેલું, પરંતુ મુઘલ કાલના અંતે તો એ મસ્જિદ તરીકેય વપરાતું નહોતું ને વેરાન ખંડેર બની ગયું હતું એવું 'મિરાતે અહમદી' પરથી માલૂમ પડે છે. આઝાદી પછી સોમનાથના જૂના મંદિરની જગ્યાએ નવું મંદિર બાંધવા માટે જૂના મંદિરની ઇમારત ઉતારી લેવામાં આવી ત્યારે એમાં ગર્ભગૃહ પ્રદક્ષિણાપથ અંતરાલ ગૂઢમંડપ અને એના ત્રણ મુખમંડપોની દીવાલોનો ઘણો ભાગ મોજૂદ હતો. ગર્ભગૃહ પરના શિખરની જગ્યાએ ઘૂમટ હતો, સામરણની અંદરનાં વિતાન રહ્યાં ન હતાં, ગર્ભગૃહ ખાલીખમ હતું ને મંડોવરનાં ઘણાં શિલ્પ નષ્ટ થયેલાં હતાં ને એમ છતાં સમગ્ર દેવાલયના તલદર્શનનો સુરેખ ખ્યાલ આવતો હતો તેમજ કેટલીક વિવિધ શિલ્પકૃતિઓ નજરે પડતી હતી.[૮૯] આ પુરાણી ઇમારતના કેટલાક અવશેષ ત્યાંના સ્થાનિક મ્યુઝિયમમાં રખાયા છે.

દ્વારકાનું દ્વારકાધીશનું મંદિર : દ્વારકાની ગણના હિંદુઓનાં ચાર ધામોમાં અને પુરાણોની સાત મોક્ષપુરીઓમાં થાય છે. એમાં મુખ્ય મહિમા ત્યાંના શ્રી દ્વારકાધીશના મંદિરનો છે. એને શ્રી રણછોડરાયનું મંદિર કે જગતમંદિર પણ કહે છે. ગોમતી-સમુદ્રસંગમ પાસે આવેલું આ ઉત્તુંગ મંદિર (આ. ૨૯) દૂર દૂરથી દૃષ્ટિગોચર થાય છે.

પૌરાણિક અનુશ્રુતિ અનુસાર શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ થતાં દ્વારકા પર સમુદ્રનાં નીર ફરી વળ્યાં ત્યારે ત્યાં આવેલું હરિમંદિર બચી ગયું હતું. મૂળ મંદિર શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભે બંધાવ્યું મનાય છે, પરંતુ આ માત્ર પુરાણોચિત કલ્પના છે. યાદવકાલીન દ્વારકાનું અસલ સ્થાન પણ હજી સુનિશ્ચિત થઈ શક્યું નથી. આઠમી સદીમાં આદ્ય શંકરાચાર્યે અહીં પશ્ચિમ મઠની સ્થાપના કરી ત્યારે આ સ્થળે દ્વારકાધીશનું મંદિર હશે જ. સોલંકી કાલમાં અહીં એ મંદિર હોવાના શ્રદ્ધેય ઉલ્લેખ મળે છે. અલાઉદ્દીન ખલજીની ફોજે સૌરાષ્ટ્રમાં સોમનાથ મંદિરનો ધ્વંસ કર્યો બાદ દ્વારકાના જગતમંદિરનો પણ નાશ કરેલો એવું મનાય છે, પરંતુ એનો કોઈ મૂળ પુરાવો ઉપલબ્ધ નથી. ઈ.સ. ૧૪૭૩ માં ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાએ દ્વારકા પર ચડાઈ કરી ત્યાંના રણછોડરાયના પ્રસિદ્ધ મંદિરનો નાશ કર્યો હતો.[૯૦] હાલનું મંદિર એ પછી લગભગ એક શતકે, પ્રાયઃ બાદશાહ અકબરના શાસનકાલ (ઈ.સ. ૧૫૭૩-૧૬૦૫) દરમ્યાન, બંધાયું હોય એવું એનાં સ્થાપત્ય-સ્વરૂપ અને શિલ્પશૈલી પરથી માલૂમ પડે છે.[૯૧] અલબત્ત, મુઘલ કાલના મંદિરનું મંડાણ અસલ મંદિરની તલયોજના પર થયેલું જણાય છે.[૯૨]

મંદિર ગર્ભગૃહ (નિજમંદિર) અંતરાલ પ્રદક્ષિણાપથ સભામંડપ અને મુખમંડપો (શૃંગારચોકીઓ)નું બનેલું છે. એને ફરતા પ્રાકારને બે દ્વાર છે : દક્ષિણ બાજુએ 'સ્વર્ગદ્વાર' અને ઉત્તર બાજુએ 'મોક્ષદ્વાર'. મંદિર પશ્ચિમાભિમુખ છે. એ પૂર્વ-પશ્ચિમ લગભગ ૯૦ ફૂટ (૨૭.૪ મીટર) લાંબું અને ઉત્તર-દક્ષિણ લગભગ ૭૨ ફૂટ (૨૨ મીટર) પહોળું છે. ગર્ભગૃહનું મૂળ તલમાન અઠાઈનું છે. એની દરેક દીવાલમાં વચ્ચે ચાર ભાગના ભદ્રનો નિર્ગમ છે ને એની બંને બાજુનો કોણભાગ બબ્બે ભાગનો છે. ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણાપથ છે. એની બહારની દીવાલનું તલમાન બારાઈનું છે. એમાં વચ્ચે ચાર ભાગનું ભદ્ર, એની બે બાજુએ બબ્બે ભાગના પ્રતિરથ અને છેડે બબ્બે ભાગના કોણ કાઢેલા છે, આથી ગર્ભગૃહનો અંતિમ બાહ્ય ઘાટ તારાકાર બન્યો છે. ગર્ભગૃહની અંદરની દીવાલની જંઘાના ભદ્રગવાક્ષોમાં પૂર્વ

તથા દક્ષિણે ત્રિવિક્રમની અને ઉત્તરે લક્ષ્મીનારાયણની મૂર્તિ છે. બહારની દીવાલમાં જંઘાગવાક્ષોની રચના કરી છે. એની ઉપર આસપટ્ટીનું અલંકરણ છે.[૯૩]

મંડપનું તલમાન પણ અઠાઈનું છે. વચ્ચેનો ભદ્રભાગ ચાર ભાગનો છે ને ત્રણે બાજુના ભદ્રભાગની આગળ એકેક મુખમંડપ કાઢેલો છે. મંડપનો કેંદ્રીય ભાગ ૧૨ સ્તંભોના ચોકઠા પર ટેકવેલો છે. એની બહાર ચારે બાજુએ સ્તંભોની મોટી સમાંતર હરોળ આવેલી છે. અંતરાલ શૃંગારચોકીઓ અને મંડપભિત્તિઓની અંદર ગોઠવેલા સ્તંભો સાથે ગણતાં મંડપના સ્તંભોની કુલ સંખ્યા ૭૨ થાય છે.[૯૪]

સભામંડપ સમચોરસ છે. એનું તલમાન ૪૦ ફૂટ (૧૨·૧ મીટર) × ૪૦ ફૂટ (૧૨·૧ મીટર)નું છે. એનો મધ્યભાગ ૨૫×૨૫ ફૂટ (૭·૬×૭·૬ મીટર) વિસ્તારનો છે. ઊર્ધ્વદર્શનમાં મંડોવરને ફરતા સાત સુંદર ઝરૂખા કાઢેલા છે, જે ઉપર જતાં ક્રમશઃ નાના થતા જાય છે. મંડપ પાંચ મજલાઓનો છે. વચલા આઠ સ્તંભો પરનો અષ્ટકોણ ભાગ છેક પાંચમા મજલા સુધી ખુલ્લો હોવાથી મંડપના મધ્યમાં પ્રયોજાતા પૂજાપાઠ ભજનકીર્તન આદિ કાર્યક્રમો છેક ઉપરથીય દૃષ્ટિગોચર થાય છે. દરેક મજલે એ માટે લગભગ ૧॥ ફૂટ (·૪૬ મીટર) પહોળી વેદિકા અને આસનપટ્ટોની યોજના કરી છે. દીવાલોના ગવાક્ષોમાં અષ્ટ દિક્પાલ છે: અગ્નિ ઇંદ્ર ઈશાન કુબેર વાયુ વરુણ નિર્ઋતિ અને યમ. ઉપર જતાં મંડપની ઊંચાઈ ક્રમશ ઘટતી જાય છે. પાંચમા મજલાના મધ્યભાગને સુંદર અલંકૃત કરોટક (અર્ધવૃત્તાકાર છત) અને વિસ્તૃત સંવર્ણાની રચના વડે ઢાંકી દેવામાં આવ્યો છે. પાંચમા મજલાના અન્ય ભાગ ચારે બાજુ ખુલ્લા હોવાથી હવાઉજાસની પૂરી સગવડ રહે છે.[૯૫]

સભામંડપની જેમ મુખમંડપ પણ પાંચ મજલાઓના છે ને એનાં મથાળાં સંવર્ણા વડે ઢાંકેલાં છે. એના ખુલ્લા ભાગ દરેક મજલે ચોતરફ વેદિકા અને કક્ષાસનોથી ભરી દીધેલા છે. દરેક સંવર્ણા પર આમલક અને કલશની યોજના છે.[૯૬]

મંડોવરનો ગર્ભગૃહવાળો ભાગ મત્તવારણો સ્તંભિકાઓ અને છાદ્યથી શોભતા નિર્ગમિત સાત ઝરૂખાઓથી વિભૂષિત છે. શિખર સાથે ગર્ભગૃહની ઊંચાઈ લગભગ ૨૫૭ ફૂટ (૭૮·૩ મીટર) છે. શિખર લગભગ ૧૦૦ ફૂટ (૩૦·૫ મીટર) ઊંચું છે. એને સાત મજલા છે. મુખ્ય શિખરની ચોતરફ ત્રણ ત્રણ ઉરુશૃંગ છે. શિખરના કોણભાગ ઉપર ચોતરફ એક ઉપર એક એવી પાંચ પાંચ શૃંગિકાઓની હાર આવેલી છે. શિખર તથા ઉરુશૃંગો અને શૃંગિકાઓ આમલક

અને કલશથી વિભૂષિત છે. મંદિરના ઉત્તુંગ શિખરમાં મજલા પાડેલા છે. દરેક મજલે ઘૂમટ કાઢેલ છે. ત્રીજા મજલાના શિખરમાં શક્તિ માતાનું સ્થાનક હોવાનું મનાય છે. એમાંની મુખ્યપ્રતિમા તો ત્યાં સેવ્ય પ્રતિમા પરની ગર્ભગૃહની છત કોઈ ઓળંગે નહિ એ હેતુથી પાછળથી મુકાઈ લાગે છે.[૯૭]

આ મંદિરની મુખ્ય પ્રતિમા ૧૨ મી સદીમાં ડાકોર અને ૧૫ મી સદીમાં માંગરોળ ખસેડાઈ હોવાની અનુશ્રુતિ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યે પોતાની દ્વારકા-પરિક્રમા સમયે (ઈ.સ. ૧૪૯૯) બાજુના લાડવા નામે ગામમાંથી દ્વારકાધીશની અર્ધદટાયેલી મૂર્તિ મેળવી હતી, એ મૂર્તિ વિ.સં. ૧૫૬૦ (ઈ.સ. ૧૫૦૪) માં જગતમંદિરમાં પધરાવવામાં આવી હતી ને હાલ એ શંખોદ્ધાર બેટમાં બિરાજે છે એવી પણ અનુશ્રુતિ છે. હાલ ગર્ભગૃહમાં રહેલી મુખ્ય સેવ્ય પ્રતિમા ડુંગરપુરી લીલા પારેવા પથ્થરની છે ને એ દ્વારકાની શારદાપીઠના અનિરુદ્ધાશ્રમ શંકરાચાર્યે (ઈ.સ. ૧૫૫૮–૧૫૬૭) પધરાવી છે.[૯૮] તો આ મંદિર ૧૬ મી સદીમાં, પણ અકબરના ગુજરાત પરના અમલના આરંભ પહેલાં, બંધાયું હોઈ શકે. આ પ્રતિમા લગભગ ૨'–૩" (.૭ મીટર) ઊંચી છે. રણછોડરાયની મૂર્તિમાં હમેશાં ચતુર્ભુજ વિષ્ણુનાં ૨૪ સ્વરૂપો પૈકીનું ત્રિવિક્રમ સ્વરૂપ રહેલું હોય છે. એમાં એમના નીચલા ડાબા હાથમાં શંખ, ઉપલા ડાબા હાથમાં ચક્ર, ઉપલા જમણા હાથમાં ગદા અને નીચલા જમણા હાથમાં પદ્મ હોય છે.

મંદિરના પ્રાંગણમાં કેટલાંક બીજાં મંદિર છે. મુખ્ય મંદિરની બરાબર સામે દેવકીજીનું પૂર્વાભિમુખ મંદિર છે, જેને મુખ્ય મંદિરના પશ્ચિમ મુખમંડપ સાથે જોડી દીધું છે. મુખ્ય મંદિરની પાછળ શ્રીશંકરાચાર્યનો શારદામઠ આવેલો છે. એની ઉત્તરે અષ્ટ પટ્ટરાણીઓનું સ્થાનક છે, જેમાં ચોકની બે બાજુએ ચાર ચાર ખંડોમાં શ્રીકૃષ્ણની આઠ પટ્ટરાણીઓની મૂર્તિઓ નજરે પડે છે. મુખ્ય મંદિરની દક્ષિણે ત્રિવિક્રમનું પશ્ચિમાભિમુખ અને વેણીમાધવનું પૂર્વાભિમુખ મંદિર છે ત્રિવિક્રમનું મંદિર ગર્ભગૃહ સભામંડપ અને મુખમંડપનું બનેલું છે, જ્યારે વેણીમાધવનુ મંદિર ગર્ભગૃહ પ્રદક્ષિણાપથ અંતરાલ અને ત્રણ મુખમંડપોનું બનેલું છે. મુખ્ય મંદિરની ઉત્તરે પ્રદ્યુમ્નજીનું પશ્ચિમાભિમુખ મંદિર અને પુરુષોત્તમનું મંદિર ઉમેરાયાં છે.[૯૯]

ઔરંગઝેબના અમલ દરમ્યાન ત્યાંનો થાણદાર જગતમંદિરમાં પૂજા કરવા દેતો નહોતો, પરંતુ દ્વારકાની બાજુમાં આવેલા શંખોદ્ધાર બેટમાં પૂજા થઈ શકતી. ત્યાં વંડાની અંદર મંદિર છે. એમાં એકની સાથે એક એવી જાતના ૭ ઓરડા છે, તેમાંના એકમાં રણછોડજીની મૂર્તિ છે. કહે છે કે આ મૂર્તિ શ્રીમદ્વલ્લભાચાર્યે

લાડવા ગામમાંથી મેળવેલી. બીજા ઓરડામાં માધવરાયની, ત્રીજામાં ત્રીકમરાયની, ચોથામાં કેશવની, પાંચમામાં વસુદેવની, અને છઠ્ઠામાં કલ્યાણરાયની મૂર્તિ છે. કોટના ચાર ખૂણાઓમાં ચાર ઓરડા છે તેમાંના એકમાં રુકૃમિણીની, બીજામાં રાધાજીની, ત્રીજામાં સત્યભામાની અને ચોથામાં જાંબુવતીની મૂર્તિ છે. ત્રીકમજીના ઓરડા આગળનું સ્થાનક ગરુડનું છે ને બહારની બાજુના ઓરડામાં શંખનારાયણનું સ્થાનક છે.[૧૦૦] આ બધાં મંદિર રહેણાક મકાન જેવાં ને ધાબાબંધી છે. ઈ.સ. ૧૫૫૧ના અરસામાં કાબાઓએ દ્વારકાની આસપાસ આગ લગાડી ત્યારે રાજા શિવા સાંગણે ત્યાંના જગતમંદિરની મૂર્તિ આ બેટમાં ખસેડી. જામ રાવળે ત્યાં એની સં. ૧૬૧૬(ઈ.સ. ૧૫૬૦)માં સ્થાપના કરી. પીંડારાથી માધવજી ત્રિવિક્રમજી પુરુષોત્તમજી અને દેવકીજી અને ગરુડની માધવપુરથી દ્વારકાના રુકૃમિણી મંદિરમાંથી લક્ષ્મીજીની મૂર્તિ મગાવી એ સર્વની અને બેટમાંની સત્યભામાની મૂર્તિની પણ સ્થાપના કરી. વિ. સં. ૧૭૮૦ (ઈ.સ. ૧૭૨૪)માં સત્યભામાના મંદિર પાસે બાલમુકુંદજીનું મંદિર અને લક્ષ્મીજીના મંદિર પાસે રાધાજીનું મંદિર જામ તમાચીએ કરાવ્યું. બેટમાં સહુથી જૂનું મંદિર શંખનારાયણનું ગણાય છે. એ મંદિરનો જીર્ણોદ્ધાર સં. ૧૭૭૪-(ઈ.સ. ૧૭૧૮)માં કચ્છના મહારાવ પ્રાગ(પ્રાગમલ)જીએ કરાવેલો.[૧૦૧]

શંખલપુરનું બહુચરાજી મંદિર—બહુચરાજીનું મુખ્ય મંદિર (આ. ૩૦) સાદા પથ્થરનું બાંધેલું છે. એ લગભગ ૧૦૦ ફૂટ (૩૦.૫ મીટર) લાંબું, ૫૦ ફૂટ (૧૫.૨ મીટર) પહોળું અને ૫૬ ફૂટ (૧૬.૧ મીટર) ઊંચુ છે. એના ઉત્તુંગ શિખર પરના સુવર્ણકલશ અને ફરકતી ધજા આસપાસના આઠ કિ.મી.ના વિસ્તાર સુધી દૃષ્ટિગોચર થાય છે. મંદિર પૂર્વાભિમુખ છે. મંદિરમાં પ્રવેશ કરતાં પહેલાં એક સભામંડપ આવે છે. એના સ્તંભો પર તથા ઘૂમટોમાં સુંદર પૂતળીઓ બેસાડેલી છે. આગળ જતાં બીજો સભામંડપ આવે છે. આ મંડપના ત્રણે બાજુના દરવાજે ચાંદીનાં કમાડ છે. બાજુમાં નાનો મંડપ છે તેમાં ભટ્ટજી બેસે છે. ગર્ભગૃહમાં માતાજીનું સ્થાનક છે. એમાં પાંચેક ફૂટ (લગ.૧.૫ મીટર) ઊંચા સિંહાસન પર માતાજીનો ચાંદીથી મઢેલો ગોખ છે. એની અંદર સ્ફટિકનું બાલા-યંત્ર છે. એની ઉપર બીજમંત્ર સહિત સુવર્ણયંત્ર ચડાવેલ છે તેનું પૂજન થાય છે. ગોખની આગળના ભાગમાં સિંહાસન પર માતાજીની મૂર્તિ પધરાવવામાં આવે છે. ઉત્તરની દીવાલમાં ગર્ભગૃહના પ્રક્ષાલનનું પાણી ઝીલતું છોકરાનું પથ્થરનું બાવલું છે. આ મંદિરની પાછળ માતાજીના આદ્યસ્થાનનું પશ્ચિમાભિમુખ મંદિર આવેલું છે.[૧૦૨]

ડાકોરનું રણછોડરાયનું મંદિર—"મિરાતે અહમદી'માં જણાવ્યા મુજબ સં. ૧૮૧૮(ઈ.સ. ૧૭૬૨)માં ડાકોરમાં રણછોડજીનું મંદિર હતું ને એમાંની મૂર્તિ સં. ૧૨૧૨ માં દ્વારકાથી બોડાણા ત્યાં લાવેલા એવું મનાતું,[૧૦૩] પરંતુ હાલનું મંદિર મરાઠા કાલનું છે.

પાવાગઢ પરનું કાળકા માતાનું મંદિર—આ મંદિર પાવાગઢના શિખરની ટોચ ઉપર આવેલું છે. મંદિરની બાંધણી નાની અને સાદી છે. ગર્ભગૃહમાં ડાબી બાજુએ મહાકાળીની મૂર્તિ અને જમણી બાજુએ બહુચરા માતાનું યંત્ર છે, વચમાં કાલિકા માતાની મૂર્તિના મુખ ભાગ છે. રંગમંડપ ઉપર ઘૂમટ છે.[૧૦૩અ]

આરાસુરી અંબાજીનું મંદિર—આ સાદા આરસનું નાનું મંદિર છે. ગર્ભગૃહ ૬·૧×૬·૧ મીટર લાંબુપહોળું અને ૬ મીટર ઊંચું છે. મંદિર જાણે કોઈ કિલ્લેબંધી ગઢમાં આવ્યું હોય એવું જણાય છે. દરવાજેથી સહેજ આગળ જતાં ખુલ્લો ચોક આવે છે ને એની આગળ મંડપ છે. ગર્ભગૃહમાં માતાજીનો ગોખ છે તેમાં વીસોયંત્ર સ્થાપેલ છે. ઉપરાંત માતાજીનો શૃંગાર એવી રીતે કરવામાં આવે છે કે એમાં એમની પ્રતિમાનો ભાસ થાય છે. યંત્રની પાછળ કાળા પથ્થરની અલ્પમૂર્ત પ્રતિમા પણ છે. મંદિરના સ્તંભો પર ૧૫ મી–૧૬ મી સદીના લેખ કોતરેલા છે.[૧૦૪]

શામળાજીનું ગદાધર મંદિર : શામળાજી(તા. ભિલોડા, જિ. સાબરકાંઠા)નું ગદાધર મંદિર (આ. ૩૧) ગુજરાતભરમાં જાણીતું છે. આ મંદિર ૧૦૯' × ૭૬' (૩૩·૨ × ૨૩·૧ મીટર) લાંબું પહોળું અને લગભગ ૬૨' (૧૮·૯ મીટર) ઊંચું છે. મંદિર મોટી જગતી પર બાંધેલું છે. જગતીની ઉત્તર બાજુએ મોટો બલાનક છે, એની બંને બાજુએ એકેક મોટો હાથી કંડારેલ છે. મૂળ મંદિર ગર્ભગૃહ અંતરાલ પ્રદક્ષિણાપથ અને મંડપનું બનેલું હતું, આગળ જતાં એમાં થોડા ફેરફાર કરાયા છે. ગર્ભગૃહની ભિત્તિઓમાં ભદ્ર, પ્રતિરથ અને કર્ણના પ્રલંબ કાઢેલા છે. ગર્ભગૃહની ભિત્તિ અંદરની બાજુએ તદ્દન સાદી છે, જ્યારે બહારની બાજુએ એ થરો અને શિલ્પોથી અલંકૃત છે. ગર્ભગૃહની દીવાલની અંદરની બાજુમાં કુંભો કલશ કેવાલ માચી જંઘા ઉદ્દગમ ભરણી શિરાવટી અને કેવાલના ભાગ નજરે પડે છે. જંઘામાં દરેક ભદ્રમાં ગોખલો છે, પણ એ ખાલી છે. ગોખલાની ઉપરના ઉદ્દગમ પર દ્વિલિકાતોરણ છે. એમાં પૂર્વ ભિત્તિમાં વૈષ્ણવ દેવતાની ને દક્ષિણ ભિત્તિમાં પાર્વતીની પ્રતિમા છે. પ્રદક્ષિણાપથ ભિત્તિથી આવૃત છે. મંદિરનું મહાપીઠ ભિટ્ટ જાડયકુંભ કર્ણ અંતરાલ કેવાલ ગ્રાસપટ્ટી ગજથર અને નરથરથી વિભૂષિત છે. મહાપીઠ પરના

મંડોવરમાં નીચેથી ઉપર જતાં ખુરા કુંભો કલશ કેવાલ માચી જંઘા ઉદ્ગમ ભરણી માચી જંઘા ઉદ્ગમ ભરણી માતરણ (મત્તવારણ) અને મહાકેવાલના થર આવે છે. મંડપ મૂળમાં ખુલ્લો હતો, હાલ એને ભિત્તિઓથી આવૃત કરેલો છે. મૂળ મંડપમાં રાજસેન વેદિકા આસનોત (આસનપટ્ટ) કક્ષાસન છાદ્ય વગેરે ભાગ પડતા હતા. મંડપમાં ઉપલા બે મજલા પણ છે, જેમાં ઊંચાઈ અને સ્તંભસંખ્યા ઘટતી જાય છે. ત્રીજા મજલાની ઉપર મંદિરના મંડપનું મુખ્ય વિતાન છે. આ ઉદિત વિતાન છે તે એમાં કોલ-કાચલા અને ગવાક્ષનાં રેખાંકન કરેલાં છે. એના રૂપકંઠમાં ૧૬ વિદ્યાધરોની પૂતળીઓ છે. ટોચમાં પદ્મશિલા છે. મંદિરના બીજા ભાગોમાં આવેલાં વિતાનો પૈકી કેટલાંક સમતલ અને કેટલાંક ઉદિત પ્રકારનાં છે. આ વિતાનોની બહારની બાજુનાં છાવણ ઘૂમટના સાદા ઘાટનાં છે, એના પર સામરણવાળાં સુંદર રેખાંકન કાઢેલાં નથી. ઘૂમટની ઉપર કલશ અને અંડક છે. છાદ્યના ઉપલા ભાગ પર વાઘ હાથી અને મિશ્ર ચોપગાનાં બાવલાં છે. શિખરની આગળ શુકનાસ છે. મુખ્ય શિખરની આસપાસ ત્રણ ઉરુશૃંગ છે ને દરેક કર્ણ પર પણ એટલાં ઉરુશૃંગ છે. દરેક ભદ્ર પર રથિક ગવાક્ષ છે ને એમાં પ્રલિકાતોરણ અને સ્તંભોના પરિકરમાં દેવની મૂર્તિ બિરાજે છે. એના છાદ્યમાં સામરણો અને ઉરુશૃંગો નજરે પડે છે.

શુકનાસમાં શિખરની અંદર જવાનું પ્રવેશદ્વાર છે. એની ઉપર ગવાક્ષ ઘાટનો ઉદ્ગમ છે ને એની ઉપર સિંહ બેસાડેલો છે. શિખરની અંદર પ્રદક્ષિણા-પથ છે ને એની મધ્યમાં નાનો ખંડ છે, જેમાં નાનો ઘૂમટ છે. શિખરની રેખા શિખાંતા છે ને શિખર પર આમલસાર કલશ અંડક વગેરે છે. અગ્નિ-ખૂણામાં ધ્વજ મૂકેલો છે. સભામંડપમાં અનેક સ્તંભ આવેલા છે. એના મુખ્ય ભાગ ચોરસ છે ને એના પર ખચકા કાઢેલા છે. ક્યારેક એ અષ્ટભુજ કે વૃત્ત આકાર પણ ધારણ કરે છે. નીચલા અને વચલા મજલાનું પ્રવેશદ્વાર સપ્તશાખ છે, જ્યારે ઉપલા મજલાનું ત્રિશાખ છે. ગર્ભગૃહની અંદર ચતુર્ભુજ વિષ્ણુના ત્રિવિક્રમ-સ્વરૂપની પ્રતિમા સ્થાપેલી છે. મંદિરની દીવાલ પર તેમજ ગરુડની પ્રતિમા પર વિ.સં.ની ૧૭ મી સદીના લેખ કોતરેલા છે, તે ઈ.સ. ૧૫૯૪ થી ૧૬૩૩ ના છે. મંદિરનું નિર્માણ એ પહેલાં ૧૫ મી-૧૬ મી સદી દરમ્યાન થયું ગણાય છે.[૧૦૫]

અમદાવાદનું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર—અમદાવાદની પૂર્વે આવેલા સરસપુર પરામાં શાંતિદાસ ઝવેરીએ બાદશાહ જહાંગીરના રાજ્યકાલ દરમ્યાન ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર બંધાવેલું. જર્મન પ્રવાસી મેન્ડેલ્સ્લોએ

૧૬૩૮ માં અમદાવાદની મુલાકાત લીધી ત્યારે એણે અમદાવાદનાં જોવાલાયક સ્થળોમાં ગણનાપાત્ર એવા આ મંદિરની મુલાકાત લઈ પોતાની પ્રવાસ-નોંધમાં એનું નિરૂપણ કર્યું છે. આ મંદિર હાલ નામશેષ હોઈ આ નિરૂપણ ઘણું ઉપયોગી નીવડયું છે. એમાં આ મંદિરને 'વાણિયાઓનું મુખ્ય મંદિર' અને "નિઃશંક રીતે, જોવા મળતાં સર્વોત્તમ બાંધકામોમાંનું એક' ગણાવ્યું છે ને એણે નોંધ્યું છે કે શાંતિદાસ ઝવેરી, જે હજી હયાત છે, તેમણે બંધાવેલું આ નવું મંદિર છે. આ મંદિર પાષાણના પ્રાકારથી આવૃત મોટા ચોગાનની વચ્ચે આવેલું હતું. પ્રાકારની અંદર દીવાલને અડીને ચારે બાજુ ભમતી હતી, જેની અંદર ઘણી દેવકુલિકા હતી. દરેક દેવકુલિકામાં સફેદ કે કાળા આરસની પ્રતિમા હતી. આ પ્રતિમાઓ નિર્વસ્ત્ર અને પદ્માસનમાં બેઠેલી હતી.[૧૦૬] કેટલીક દેવકુલિકાઓમાં મુખ્ય પ્રતિમાની બે બાજુએ એકેક નાની પ્રતિમા પણ હતી.[૧૦૭] મંદિરના પ્રવેશસ્થાને કાળા આરસના જીવન-કદના બે હાથી નજરે પડતા, તેઓમાંના એક પર મંદિર બંધાવનારની પ્રતિમા બિરાજતી. મંદિરની દીવાલો મનુષ્યો અને પ્રાણીઓની શિલ્પકૃતિઓથી વિભૂષિત હતી. મંદિરની પાછલી બાજુએ ત્રણ દેવાલય હતાં, જેના ગભારાઓને લાકડાની વંડીઓ વડે એકબીજાથી અલગ પાડેલા હતા. આ દેવાલયોમાં તીર્થંકરોની આરસ-પ્રતિમાઓ સ્થાપેલી હતી. વચલા દેવાલયમાં પ્રતિમાની આગળ પ્રગટેલો દીપ હતો. મંદિરનો એક પૂજારી ભક્તો પાસેથી પ્રતિમા માટેનાં પુષ્પ, દીપ માટેનું તેલ અને હવન માટેના ઘઉં તથા નિમક લેવામાં રોકાતો. એ મોં પર મુહપત્તી બાંધતો.[૧૦૮] આ મંદિરને લગતી ૮૬ શ્લોકોમાં રચેલી પ્રશસ્તિ શિલાલેખરૂપે જડેલી હતી તેમાં એ મંદિર શાંતિદાસ શેઠે અમદાવાદ પાસે (સરસપુરની વાયવ્યમાં) બીબીપુરમાં બંધાવ્યું હોવાનું જણાવેલું છે. મંદિરની ભમતીમાં બાવન જિનાલય હતાં. મંદિરને ૭ મંડપ હતા. મંદિર બંધાવવાનો આરંભ સં. ૧૬૭૮ (ઈ.સ. ૧૬૨૨)માં થયેલો ને એની પ્રતિષ્ઠા સં. ૧૬૮૨(ઈ.સ. ૧૬૨૬)માં થઈ હતી. એની આ પ્રશસ્તિ સં. ૧૬૯૭(ઈ.સ. ૧૬૪૧)માં રચાઈ હતી.[૧૦૯]

શાહજાદા ઔરંગઝેબે ગુજરાતની સૂબાગીરી દરમ્યાન ઈ.સ. ૧૬૪૪ માં આ મંદિરને તોડી મસ્જિદમાં ફેરવવા ફરમાવ્યું ને એને 'કુવ્વત-ઉલ્-ઇસ્લામ" (ઇસ્લામનું કૌવત[૧૧૦]) એવું નામ આપવામાં આવ્યું.[૧૧૧] એમાંની બે આરસ-પ્રતિમા, જે દરેક સો-સો મણના વજનની હતી, તેને શાંતિદાસે છાનીમાની ભોંયરામાં દાટી દીધી હતી.[૧૧૨] ઈ.સ. ૧૬૬૬ માં અમદાવાદની મુલાકાતે આવેલ ફ્રેન્ચ પ્રવાસી થેવેનો નોંધે છે કે શાંતિદાસનું દેરાસર અમદાવાદનું મુખ્ય દેરાસર

હતું. ઔરંગઝેબના ફરમાનથી એમાં ગોવધ કરીને એને ભ્રષ્ટ કરવામાં આવ્યું હતું ને પછી મસ્જિદમાં ફેરવવામાં આવ્યું હતું. એને ફરતી ભમતીની દેરીઓનું વર્ણન કરી એ જણાવે છે કે એનો અંદરનો ભાગ સુંદર છે, એની દીવાલો માણસો અને પશુઓની શિલ્પકૃતિઓથી ભરપૂર છે, પણ એનાં નાક ટેચી નાખવામાં આવ્યાં છે.[૧૧૩] એ અરસામાં અમદાવાદની મુલાકાતે અનેક વાર આવેલ ફ્રેન્ચ પ્રવાસી ટેવર્નિયરે પણ મંદિરમાંથી મસ્જિદમાં ફેરવાયેલ આ બાંધકામનું વર્ણન કર્યું છે. એ નોંધે છે કે એનો બહારનો ભાગ મોઝેક(જડાવકામ)થી વિભૂષિત છે, જેમાંનો મોટો ભાગ ખંભાતથી મેળવેલા વિવિધ રંગના અકીકોનો બનેલો છે.[૧૧૪]

બાદશાહ શાહજહાંએ થોડા જ વખતમાં–૧૬૪૬ માં ગુજરાતના સૂબેદાર તરીકે શાઈસ્તખાનની નિમણૂક કરી. આ ઇમારત બીજા માણસની માલિકીની હોઈ ઇસ્લામના કાનૂન મુજબ મસ્જિદ તરીકે વાપરી શકાય નહિ એવી મુલ્લા અબ્દુલ હકીમે ફરિયાદ કરતાં બાદશાહે શાઈસ્તખાનને ફરમાવ્યું કે આ ઇમારત શાંતિદાસની હોઈ ઔરંગઝેબે એમાં કરાવેલી મહેરાબ કાઢી નાખવો ને એ ઇમારત શાંતિદાસને સોંપી દેવી, પરંતુ આ ફરમાનનો અમલ થઈ શકે એ પહેલાં શાઈસ્તખાનની બદલી થઈ ગઈ. ૧૬૪૮ માં એની જગ્યાએ શાહજાદા દારા શીકોહની નિમણૂક થઈ. એણે પોતાના નાયબ ઘેરતખાનને તરત જ ફરમાવ્યું કે મહેરાબ ત્યાં રહેવા દઈ એની પાસે દીવાલ બંધાવવીને ઇમારતનો બાકીનો ભાગ શાંતિદાસને મંદિર તરીકે વાપરવા સોંપી દેવો, ત્યાં રહેના ફકીરોને કાઢી મૂકવા ને જે વહોરાઓ મંદિરમાંથી જે સામગ્રી લઈ ગયા છે તે એમની પાસેથી પાછી મેળવી શાંતિદાસને પાછી આપવી.[૧૧૫]

પરંતુ આ ઇમારત પછી ન મંદિર તરીકે વપરાઈ કે ન મસ્જિદ તરીકે ચાલુ રહી. વેરાન ઇમારત તરીકે એ કાળબળે ખંડેર થતી ગઈ ને આસપાસના લોકો પણ એ ખંડેરમાંની સાધન-સામગ્રી લઈ જતા રહ્યા. બાદશાહ મુહમ્મદશાહના સમયમાં શાંતિદાસના વંશજોએ બાદશાહની મંજૂરી લઈ ઈ.સ. ૧૭૪૩ માં આ દેરાસરના ભોંયરામાંની પ્રતિમાઓ અમદાવાદ શહેરમાં ખસેડી ત્યાં જૈનોએ બંધાવેલા દેરાસરના ભોંયરામાં સ્થાપી.[૧૧૬]

૧૯ મી સદીના મધ્યમાં મગનલાલ વખતચંદ 'અમદાવાદનો ઇતિહાસ'માં નોંધે છે કે આ દેરાનો ઘાટ હઠીસિંહના દેરા જેવો છે, પણ આ દેરું ઉત્તરાભિમુખ છે. દેરાના ઘૂમરમાં ઉત્તમ પૂતળીઓ હતી. એના ખંડેરનો ટેકરો સરસપુરથી વાયવ્યે આવેલો હતો તે ગભારાના પાછલા ભાગની નાની નિશાની સિવાય બીજું કંઈ મોજૂદ રહ્યું નહોતું. એમાંની ત્રણ મૂર્તિ ઝવેરીવાડામાં આદીશ્વર

મંદિરના ભોંયરામાં અને મૂળનાયકની મૂર્તિ ઝવેરીવાડામાં સૂરજમલના દેરામાં બેસાડી છે.[117] હાલ આ ભવ્ય મંદિર તદ્દન નામશેષ છે.

ઔરંગઝેબની સૂબેદારીમાં અમદાવાદના આ સુંદર દેરાસરનો નાશ થયો એ એક અપવાદ છે, પરંતુ એકંદરે જોતાં તો સલ્તનત કાલની સરખામણીએ મુઘલ કાલમાં એવા બનાવ ભાગ્યેજ બન્યા છે. મુઘલ અમલ દરમ્યાન એકંદરે સુખશાંતિ હતાં ને તેથી આ કાલ દરમ્યાન ગુજરાતમાં મોટાં પ્રાચીન દેવાલયોનો જીર્ણોદ્ધાર કરવાની તથા કેટલાંક નવાં મોટાંનાનાં દેવાલય બંધાવવાની પ્રવૃત્તિ ઠીક પ્રમાણમાં થતી હતી એવું ઉપર આપેલ આ કાલનાં દેવાલયોની યાદી તથા એમાંનાં કેટલાંક દેવાલયોના નિરૂપણ પરથી સ્પષ્ટ થાય છે.

૩. ઇસ્લામી સ્થાપત્ય

આ કાલમાં અગાઉ સલ્તનત કાલમાં બંધાયેલી મસ્જિદોનો નમાઝ પઢવા માટે અને પીરોના મકબરા ને રોઝાનો દુવા માટે ઉપયોગ ચાલુ રહ્યો. ઉપરાંત જ્યાં જ્યાં નવા મુસ્લિમ વસવાટ વસ્યા ત્યાં ત્યાં નવી મસ્જિદો બંધાઈ. આ સમયના નામાંકિત સંતો અને સરદારોની કબરો પર મકબરા બંધાયા. વળી મકબરો અને મસ્જિદ ધરાવતા કેટલાક રોજા પણ બંધાયા.

પ્રસ્તુત કાલમાં અમદાવાદ સુરત પાટણ ભરૂચ ખંભાત પેટલાદ કડી વડોદરા ધોધા વસાવડ વીજાપુર નવસારી મહેસાણા જામનગર વીરમગામ દાહોદ જૂનાગઢ અમરેલી ભૂજ વેરાવળ કુતિયાણા વગેરે સ્થળોએ મસ્જિદો મકબરા અને રોજા બંધાયાનું અભિલેખોમાંથી જાણવા મળે છે.[118]

આ કાલના ઇસ્લામી સ્થાપત્યમાં અગાઉની જેમ હિંદુ મંદિરો તોડીને એના અવશેષોમાંથી ઇમારતો બંધાયાના દાખલા વિરલ છે. સિદ્ધપુરમાં પ્રાચીન રુદ્રમાળના ખંડેરમાં બંધાયેલી મસ્જિદ એ એનો એક વિરલ દાખલો ગણાય. મોટે ભાગે નવાં સાધનોથી ઇમારતો બની છે.

પ્રસ્તુત કાલના બાંધકામમાં પથ્થરનો ઉપયોગ ઘણો ઘટી ગયો ને ઈંટ અને ચૂનાનો પ્રયોગ વધ્યો; અલબત્ત, મસ્જિદમાં મહેરાબ બનાવવા માટે પથ્થરનો પ્રયોગ થતો રહ્યો. રચના પરત્વે હવે સ્તંભો પર પાટલી મૂકીને એના પર છત ટેકવવાની સલ્તનતકાલીન પદ્ધતિનું સ્થાન કમાનાકાર પદ્ધતિએ લીધું. આ પદ્ધતિમાં સ્તંભો અને પાટડાઓને કમાનાકારે જોડી દેવાથી બનતાં ચોકઠાંઓ પર છત ટેકવાતી. આવી કમાનોની યોજનાથી ઇમારતની મંડપરચના આકર્ષક બનતી.

મુઘલ કાલમાં કેટલાક સંતો અને સરદારો બહારથી આવી ગુજરાતમાં વસેલા, તેઓ પોતાને મનપસંદ બાંધકામ કરાવવા માટે બીજા પ્રદેશોમાંથી ઇજનેરો બોલાવતા. મસ્જિદ કે મકબરાના આવશ્યક ભાગોની બાબતમાં તેઓ ખાસ ફેરફાર કરી શકતા નહિ, પણ મંડપરચના અને એના પરના ઘૂમટની રચનામાં એમની પ્રિય શૈલીઓ પ્રયોજાતી, આથી આ કાલની મસ્જિદો અને મકબરાના ઘૂમટોમાં ગોળાર્ધ જમરૂખ અને અર્ધઅંડ જેવા ઘાટ વિશેષ પ્રચલિત થયા છે. ઘૂમટના ઘાટ પરત્વે સલ્તનતકાલીન ડુંગળી ઘાટ કોઈ કોઈ જગ્યાએ જળવાયો છે; જેમકે અમદાવાદમાં ખાનપુરમાં આવેલી વજીહુદ્દીનની દરગાહ પરનો મુખ્ય ઘૂમટ આ ઘાટ ધરાવે છે, પણ આવા દાખલા જૂજ છે.

ભારતમાં અન્યત્ર મુઘલ સ્થાપત્યમાં ઈરાની શૈલીના ભવ્ય દરવાજા, ઊંચી કમાનો અને ઉપરના ભાગમાં છત્રીઓ કાઢીને ઇમારતની ભવ્યતા અને મનોહરતામાં વધારો કરવામાં આવતો. ગુજરાતની આ કાલની કેટલીક ઇમારતોમાં પણ આવો પ્રયત્ન થયેલો નજરે પડે છે.

અગાઉને મુકાબલે ઇમારતોમાં મિનારા કરવાનો ચાલ ઘણો ઘટી ગયેલો જોવા મળે છે. જે કાંઈ થોડા મિનારા બન્યા છે તેઓમાંના ઘણાખરા નક્કર બનેલા છે, જે ઉપયોગિતાને સ્થાને સુશોભન માટે બનાવેલા હોવાનું સ્પષ્ટ જણાય છે.

સલ્તનત કાલના ઇસ્લામી સ્થાપત્યને મુકાબલે મુઘલકાલીન સ્થાપત્ય ઊતરતી કક્ષાનું જણાય છે. એમાં પૂર્વકાલીન પ્રશિષ્ટ સ્થાપત્ય-શૈલી સાથે અનુસંધાન જળવાયું નથી. જોકે આ કાલની કેટલીક ઇમારત ભવ્ય બની છે, પણ સલ્તનત-કાલીન ઇમારતોમાં વિવિધ રૂપાંકનોને લઈને જોવા મળતી મનોહરતાનો અહીં અભાવ વરતાય છે. કોઈ કોઈ મકબરાની પડદીઓની જાળીઓમાં ભૌમિતિક અને ફૂલવેલની ભાત જોવા મળે છે, પરંતુ એનું કલાકૌશલ ઉત્તમ કક્ષાનું નથી.

મુઘલકાલીન ઇસ્લામી ઇમારતો પૈકી કેટલીકનું વર્ણન પ્રકાશિત થયું છે તેની નોંધ અહીં પ્રસ્તુત છે.

વડોદરાનો કુત્બુદ્દીન મુહમ્મદખાનનો મકબરો—ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ૩ જાના હુકમથી ઈ.સ. ૧૫૮૩ માં જેમનો વધ કરવામાં આવેલો તે કુત્બુદ્દીન મુહમ્મદખાન મહાન સંત હતા. અકબરના દૂધભાઈ મીરઝા અઝીઝ કોકાના એ કાકા હોવાથી બાદશાહ અકબરના નિકટના પરિચયમાં આવેલા. વડોદરામાં એમની કબર ઉપર મકબરો કરવામાં આવેલો છે. આ ઈંટેરી મકબરો મકરપુરા

પૅલેસ તરફ જવાના રસ્તા પર આવેલો છે. ઊંચા પીઠ પર બાંધેલો મકબરો આકારમાં અષ્ટકોણ છે. આ મકબરો તત્કાલીન દિલ્હીના મકબરાઓને મળતો આવે છે. એમાં ગુજરાતના પ્રાચીન મકબરાઓ જેવી ભવ્યતા જોવા મળતી નથી. એમાં એ સંત ઉપરાંત એમના પુત્ર નવરંગખાન (જે અકબરના સમયમાં ગુજરાતમાં ઊંચો હોદ્દો ધરાવતો હતો, તે)ની પણ કબર છે.

વડોદરા મુસ્લિમ શાસન સાથે સંકળાયેલું હોવાનું સૂચવતું આ અગત્યનું સ્મારક છે. આ મકબરાના નિભાવ અર્થે દાંતેશ્વર ગામની આવક આપવામાં આવેલી હતી અને એનો વહીવટ વડોદરાના સૈયદ બદ્રુદ્દીન કરતા હતા.[૧૧૯]

અમદાવાદનો મીર અબૂ તુરાબનો રોજો—આ રોજો જમાલપુર દરવાજા બહાર બહેરામપુરા વિસ્તારમાં આવેલો છે. અકબરની સેવામાં લગભગ ૨૦ વર્ષ ગાળનાર મીર અબૂ તુરાબનું અમદાવાદમાં ઈ.સ. ૧૫૯૭ માં અવસાન થતાં અબૂ તુરાબે પોતે પોતાને માટે બંધાવી રાખેલા મકબરામાં એને દફનાવવામાં આવ્યો.

આ રોજામાં મકબરો અને મસ્જિદ બંને ઇમારતો હતી, પરંતુ મસ્જિદનો બિલકુલ નાશ થયો છે. મકબરો (આ. ૩૨) ૧૨.૫ મીટર ચોરસ પીઠ પર ઊભો છે. એમાં પ્રત્યેક બાજુ ફરતા છ-છ સ્તંભ ગોઠવી કુલ ૨૦ સ્તંભ વડે ખંડ રચેલો છે. આ ખંડને મધ્યમાંથી બીજા ૧૨ સ્તંભ ટેકો આપે છે. બધા જ સ્તંભો વડે ઉપરથી કમાનો રચાય છે. એમાં ચારે બાજુ ફરતી કમાનો પૈકી દરેક બાજુ પાંચ-પાંચ ઊંચી કમાનો બની છે. દક્ષિણ બાજુએ બે સ્તંભ વધારીને ચોકી કાઢેલી છે. ખંડની છત અંશતઃ સપાટ અને બાકીનામાં આઠ નાના ઘૂમટવાળી છે. મધ્યના ૧૨ સ્તંભો વડે રચાતી કમાનો વચ્ચે અગાઉ પથ્થરની જાળીદાર પડદીઓ ભરેલી હતી, પરંતુ એ બધી તૂટી ગઈ છે. એ મધ્યની કમાનો ઉપર બીજા સ્તંભ ગોઠવી, એક માળ જેટલી ઊંચાઈ વધારી એના પર અંશતઃ સપાટ છત અને બરાબર મધ્યમાં મોટો અર્ધવૃત્તાકાર ઘૂમટ કરેલો છે. ઉપર લીધેલ માળવાળા ભાગને ફરતી જાળીના અવશેષ જોવા મળે છે. ઘૂમટ અંદરથી સાદો છે. મકબરાની ફરસમાં ઘણી જગ્યાએ ખાડા પડી ગયા છે. મધ્યની મુખ્ય કબરની બંને બાજુ એક એક અને મંડપના રવેશમાં બીજી બે મળીને કુલ પાંચ કબર છે.

રચના પરત્વે આ મકબરો સાદો છતાં સુ-આયોજિત હોવાથી પ્રભાવશાળી લાગે છે. એમાં પણ એને ચારે બાજુ ફરતી પ્રત્યેક બાજુ ત્રણ પહોળી અને તેઓની વચ્ચે બે સાંકડી કમાનોની સુસંવાદી રચના કરી છે, જે મનોહર છે. ગુજરાતના મુઘલકાલના આરંભમાં આ સ્થાપત્યમાં સ્થાનિક મુસ્લિમ સ્થાપત્યના શૈલીનો કેટલેક અંશે સમન્વય જોવા મળે છે.[૧૨૦]

થરાદનો અમીર બેગનો મકબરો—થરાદ (જિ. બનાસકાંઠા) માં આવેલો અમીર બેગનો મકબરો ઈ.સ. ૧૬૦૨ માં બંધાયો હતો. આ સફેદ આરસથી બાંધેલો છે. મધ્યની કબર ઉપર ફરતો એક જ પંક્તિનો ૧૫ ફૂટ (૪·૬ મીટર) લાંબો ફારસી લેખ કોતરેલો છે.[૧૨૧]

અમદાવાદનો શેખ વજીહુદ્દીનનો રોજો—આ રોજો ખાનપુરમાં આવેલો છે. મૌલાના વજીહુદ્દીન નામના સૂફી સંત ચાંપાનેરના વતની હતા. ઈ.સ. ૧૫૩૭ થી તેઓ અમદાવાદમાં આવી વસેલા. એમણે અહીં મદ્રેસા સ્થાપેલી. તેઓ 'અલવી' ઉપનામથી સાહિત્યરચના પણ કરતા. એમનું ઈ.સ. ૧૫૮૯ માં અવસાન થતાં એમના નિવાસસ્થાન પાસે જ એમને દફનાવવામાં આવેલા. એમની કબર પર ગુજરાતના સૂબેદાર મુર્તઝાખાને (ઈ.સ. ૧૬૦૬–૧૬૦૯) ભવ્ય રોજો બંધાવેલો, રોજામાં મસ્જિદ અને હોજ સંત વજીહુદ્દીનના પૌત્ર શેખ હૈદરે કરાવ્યાં હતાં. બાદશાહ જહાંગીરે આ સ્મારકની મુલાકાત લીધી હતી અને શેખ હૈદરને ભેટસોગાદો આપી હતી.[૧૨૨]

શેખની દરગાહ અને મસ્જિદને ફરતો ઊંચી દીવાલનો કોટ કરેલો છે. દરગાહ (આ. ૩૩) કુલ વિસ્તારનો અડધોઅડધ ભાગ રોકે છે ને એ પશ્ચિમ બાજુએ આવેલ છે. દરગાહ ઊંચા પીઠ પર બાંધેલી છે. એમાં બંને બાજુથી દાખલ થવા માટે બે બે મુખ્ય પ્રવેશદ્વાર કરેલાં છે. એ પ્રવેશદ્વારોનાં મથાળાં ચોખંડ છે. એ દ્વારો સુધી પહોંચવા માટે ત્રણ પગથિયાં કરેલાં છે. આ ઉપરાંત બંને બાજુએ બીજાં ચાર–ચાર પ્રવેશદ્વાર છે, જેઓનાં મથાળાં કમાનાકાર છે. ત્યાં સુધી પહોંચવા પગથિયાં કરેલાં નથી. તેઓનો ઉપયોગ સંભવતઃ બારીઓ તરીકે થતો હશે. દરગાહ અંદરની બાજુથી ૩૦॥×૫૮॥ ફૂટ (૯·૩×૧૭·૮ મીટર) છે. ફરસની બંને બાજુએ પાંચ પાંચ સ્તંભોની બે હરોળ છે. મુખ્ય ઘૂમટની નીચે શેખ વજીહુદ્દીનની કબર છે, જ્યારે એના અગ્નિ ખૂણામાં શેખનાં સગાંઓની બીજી નવ કબર છે. મુખ્ય કબર આરસની છે તેની ફરતો ફરસનો અરધો વિસ્તાર ઈંટોથી છાયેલો છે. સ્તંભોથી ટેકવાયેલ છતમાં ૧૮ ચોરસ ભાગ પાડેલા છે તે પૈકીના ૧૩ ભાગ પર નીચા કદના ઘૂમટ કરેલા છે. શેખ વજીહુદ્દીનની કબર ઉપર ચોરસ ઘાટનો ઊંચો મિનારો કરેલો છે. એ મિનારામાંથી પ્રત્યેક બાજુએ અગાસી પર પડતી એક એક બારી છે. એ મિનારાના છાવણની મધ્યમાં બહુકોણ પડઘી કરી એના ઉપર ડુંગળી ઘાટનો ઘૂમટ કરેલો છે. મિનારા અને પડઘીને કારણે આ ઘૂમટ વધારે પડતો ઊંચો થઈ ગયો છે અને એ પ્રચલિત પદ્ધતિ અનુસાર મકબરાની બરાબર મધ્યમાં કરવો જોઈએ એને બદલે એક બાજુએ કરેલો છે, આમ છતાં સમગ્ર આયોજન

પ્રશંસાપાત્ર છે. દરગાહની બંને બાજુઓની જાળીઓ પરનાં ભૌમિતિક ફૂલવેલનાં રૂપાંકન મનોહર છે. અકબર પછી ઇસ્લામી સ્થાપત્યક્ષેત્રે ગુજરાતમાં આવેલી હ્રાસોન્મુખ સ્થિતિમાં આ સુંદર ઇમારત અનોખી ભાત પાડે છે.[૧૨૪]

ભરૂચની મદ્રેસા મસ્જિદ—મુર્તઝાખાને ભરૂચમાં ૧૬૦૯ માં મદ્રેસા મસ્જિદ બંધાવી હતી, જે સિવિલ હૉસ્પિટલ પાસે આવેલી છે. એની ફરસ આરસની છે. સ્તંભની કુંભીઓ સાગના લાકડાની છે. એના બે ફારસી અભિલેખ જાળીદાર બારીઓના ઉપલા ભાગમાં લાકડાની તકતીઓ પર કોતરીને ચોડેલા છે. એમાં મસ્જિદનું નામ 'મસ્જિદે કાઝી' અપાયું છે. આ મસ્જિદનો મૌલાના ઈસાક[૧૨૫] નામના વિદ્વાને ૧૭ મી સદીમાં શિક્ષણ માટેની મદ્રેસા તરીકે ઉપયોગ કરેલો, તેથી એ 'મદ્રેસા મસ્જિદ' તરીકે પ્રખ્યાત થઈ છે.[૧૨૬]

સુરતની ખ્વાજા દાના સાહેબની દરગાહ—આ દરગાહ ૧૭ મી સદીના પ્રારંભમાં બંધાયેલી છે. દરગાહની બહુકોણ ઇમારતના બહારના ભાગમાં દીવાલોમાં મોટા ગવાક્ષ કાઢેલા છે. કમાનયુક્ત સ્તંભોથી ટેકવાયેલ અગાસીને ફરતા નાના કાંગરા કાઢેલા છે. આ દરગાહનો ૧૦૫ ફૂટ (૩૨ મીટર) ઊંચો મિનારો નાખુદા અહમદે ઈ.સ. ૧૬૧૧ માં બંધાવેલો, જ્યારે મુખ્ય દરગાહનો ઘૂમટ પાટણના હાકેમ અબ્દુલ્લાખાને ઈ.સ.૧૬૩૬ માં બંધાવેલો. આમાંનો મિનારો ઈ.સ.૧૭૮૨ માં પડી જતાં એ મીર ગુલાલ બાબાખાને નવેસરથી બંધાવેલો. આ દરગાહની સમીપે અબ્દુલ્લાખાને એ ઈ.સ.૧૬૩૬ માં એક મસ્જિદ પણ બંધાવેલી.[૧૨૭]

સુરતની એદ્રુસ સાહેબની દરગાહ—ઈ.સ. ૧૬૨૧ માં સૈયદ અહમદ એદ્રુસ વફાત પામતાં એમની કબર પર નાની દરગાહ કરવામાં આવેલી. આ કબર પર ઈ.સ. ૧૬૩૯ માં જાહેદ બેગે મોટી દરગાહ કરાવી. ઊંચો અર્ધવૃત્ત ઘૂમટ ધરાવતી આ ઇમારત એના ૮૦ ફૂટ (૨૪·૪ મીટર) ઊંચા[૧૨૮] મિનારાને કારણે ભવ્ય લાગે છે. દરગાહની સમ્મુખ હોજ કરેલો છે.

સિદ્ધપુરની જામી મસ્જિદ— આ મસ્જિદ રુદ્રમાળનાં ૧૧ રુદ્રાલયો પૈકીનાં ત્રણનાં ગર્ભગૃહોના મંડપ આવરી લઈને ઈ.સ. ૧૬૪૫ માં શાહજાદા ઔરંગઝેબના જમાનામાં બંધાઈ હતી (આ. ૩૪). એ ત્રણ ગર્ભગૃહોની આગળના મંડપ દૂર કરી મસ્જિદનો લિવાન કરેલો છે. સ્તંભો પરનાં શિલ્પ કાળજીપૂર્વક ટોચી નખાયાં હોવા છતાં હજી પણ દેખાય છે. મસ્જિદના લિવાનના મધ્ય ભાગનું છાવણ ૨૮ ફૂટ (૮·૫ મીટર) લાંબું અને ૨૧ ફૂટ (૬·૪ મીટર)ઊંડું છે. એ એની બે બાજુની પાંખોને મુકાબલે એ ઊંચું છે. બંને બાજુની પાખોનાં છાવણ

૧૫ ×૧૫ ફૂટ (૪.૬×૪.૬ મીટર) ચોરસ માપનાં છે. લિવાનની વચ્ચેથી ઊંચા લીધેલા છાવણ પર એક અને બંને પાંખોના છાવણ પર એક એક એમ એકંદરે ત્રણ ઘૂમટ કરેલા છે. લિવાનની પશ્ચિમ દીવાલમાં મધ્યમાં પથ્થરનો મુખ્ય મહેરાબ અને એની બાજુમાં મિંબર કરેલ છે. બીજા બે મહેરાબ બંને બાજુ આવેલ ગર્ભગૃહના પ્રવેશદ્વારમાં કરેલા છે. આમ મસ્જિદની દીવાલથી ત્રણેય ગર્ભગૃહો પૈકી બેનાં પ્રવેશદ્વાર અને મધ્યના ગર્ભગૃહનો માર્ગ બંધ થઈ ગયાં છે. ગર્ભગૃહોની બહારની દીવાલો અકબંધ છે. બંને પાંખોવાળા ઘૂમટની પાછળ ગર્ભગૃહ પરનાં શિખર જોવા મળે છે. અલબત્ત, તેઓના આમલસાર તોડી પડાયા છે. મસ્જિદની સંમુખ હોજ બનાવેલ છે, મસ્જિદના પ્રવેશ પર ચોડેલી આરસની તકતીમાં ફારસી અને દેવનાગરીમાં હિ.સ. ૧૦૫૫, વિ.સં. ૧૭૦૨(ઈ.સ. ૧૬૪૫)નો લેખ છે.[૧૨૯]

અમદાવાદની પીરાન દરગાહ—આ દરગાહ જમાલપુર ચકલાથી પશ્ચિમે લગભગ એક ફર્લાંગ દૂર આવેલી છે. ૧૭ મી સદીના આરંભમાં બગદાદથી અમદાવાદ આવી વસેલા સંત શાહ અબ્દુલ ખલક સૈયદ અબ્દુલ કાદિરની આ દરગાહ છે. એમાં આરસની કબરને ફરતી જાળીદાર પડદીઓ કરેલી છે. આની સાથેની મસ્જિદ અલગ કોટ ધરાવે છે અને એ જૂની મસ્જિદને સ્થાને પાછળથી સાદી ઢબે બંધાયેલી ઈંટેરી મસ્જિદ છે. એની સાથે સંકળાયેલ હજરત પીરનો રોજો ઈંટેરી છે અને એ સાદા આરસની બે કબર ધરાવે છે. એ કબરો પીરાન પીરના પરિવારના સૈયદ મિયાન અને સૈયદ અસ્કરી મિયાનની છે. આ બાંધકામ ૧૭ મી સદીના મધ્યનાં જણાય છે.[૧૩૦]

અમદાવાદની હાજી સાહેબની મસ્જિદ—દરિયાપુરના લાલ બાવાના ટીંબામાં હાજી સાહેબ કે હાજી શાખીની મસ્જિદ આવેલી છે. ૧૭ મી સદીના મધ્યની આ મસ્જિદ એક જમાનામાં ૧,૫૬૪ ચોરસવાર (૧,૩૦૭.૭ ચોરસ મીટર)નો વિસ્તાર ધરાવતી હતી, પણ એમાં અનેક રહેણાક મકાન થઈ જતાં એનો વિસ્તાર લગભગ પાંચમા ભાગનો જ રહી ગયો છે. આ ઈંટેરી મસ્જિદની ઈમારત બિસ્માર હાલતમાં છે.[૧૩૧]

અમદાવાદનો શાહ અબ્દુલ વહાબ સાહેબનો રોજો—આ રોજો ખાનપુરમાં આવેલો છે. એમાંની મસ્જિદ બિલકુલ નાશ પામી હોવાથી પાછળથી એને સ્થાને નવી મસ્જિદ બંધાઈ છે. મસ્જિદની પૂર્વ દિશામાં શાહ અબ્દુલ વહાબનો મકબરો છે. એમાં મધ્ય ભાગમાં કમાનોથી ટેકવેલ ઊંચો ઘૂમટ છે, જ્યારે એ ખંડને ફરતી રવેશ બેવડા સ્તંભોની હરોળથી યુક્ત છે. રવેશ પરના છાવણમાં

સંખ્યાબંધ સ્તંભોથી નાના નાના ઘૂમટ કરેલા છે. મસ્જિદની બાજુમાં ઈશાન ખૂણામાં અબ્દુલ વહાબના પિતા ગ્યાસુદ્દીનની દરગાહ છે. અત્યારે તો એ દરગાહ સાદી અને ઘણી જર્જરિત છે, પણ એક જમાનામાં સરસ ઇમારત હોવાનો ખ્યાલ આપે છે.[132]

અમદાવાદનો મુહમ્મદ અમીનખાનનો મકબરો—મુહમ્મદ અમીનખાનનું ૧૬૮૨ માં અમદાવાદમાં અવસાન થયું ત્યારે એ સૂબેદારના હોદ્દા પર હતો, આથી એને ભદ્રના કિલ્લામાં દફનાવી એની કબર પર મકબરો કરવામાં આવેલો. એનો મકબરો તેમ મસ્જિદ ભદ્રના ટાવર પાસે આવેલાં હતાં. એની મસ્જિદ નાશ પામી છે, જ્યારે મકબરો લાલદરવાજાના બસ સ્ટેશન પાસે બહુમાળી મકાનના ચોકમાં જિલ્લા પંચાયત ભવન સામે જોવા મળે છે. મકબરો નક્કર અર્ધવૃત્ત ઘૂમટ ધરાવે છે. આ ઇમારતમાં એક પણ તત્ત્વ એવું નથી જે એને સ્થાનિક હિંદુ-મુસ્લિમ સ્થાપત્ય શૈલી સાથે સાંકળતું હોય. એની મસ્જિદ પણ અપ્રમાણ અને ઊતરતી કક્ષાની હતી.[133]

અમદાવાદનો સરદારખાનનો રોજો—ઔરંગઝેબના માનીતા સરદાર નવાબ સરદારખાનનો રોજો ખમાસા ગેટથી જમાલપુર દરવાજા તરફ જતાં મુખ્ય રસ્તા પર ડાબી બાજુએ આવેલો છે. આ રોજામાં સરદારખાને પોતે બંધાવેલી મસ્જિદ તેમ મકબરાનો સમાવેશ થાય છે. આ બંને ઇમારતો એણે એના અમદાવાદના નિવાસ દરમ્યાન ઈ.સ. ૧૬૦૩ પહેલાં બંધાવેલી. ઈ.સ. ૧૬૮૪ માં સિંધના નગરઠઠ્ઠામાં સરદારખાનનું અવસાન થતાં એને અહીં લાવી મકબરામાં દફનાવેલ. આ અંગેનો એમાં ઈ.સ. ૧૬૮૪ નો અભિલેખ પણ છે.[134]

ઊંચા કોટથી ઘેરાયેલી મસ્જિદનું પ્રવેશદ્વાર ભવ્ય છે (આ. ૩૫). પ્રવેશદ્વારની ટોચે બે છેડાઓ પર છત્રીઓ કરેલી છે. એ છત્રીઓના છાવણનો ઘાટ મસ્જિદના ઘૂમટને મળતો કરેલો છે. મસ્જિદનું બાંધકામ ઈંટોથી કરેલું છે, પણ એના લિવાનની પશ્ચિમ દીવાલનો મહેરાબ પથ્થરમાંથી કાળજીપૂર્વક કોતરેલો છે. મસ્જિદના આગળના ભાગમાં ત્રણ ઊંચી કમાન કાઢેલી છે અને બંને બાજુ ઊંચા ચાર મજલાઓવાળો એક એક મિનારો કરેલો છે. મિનારાના નીચલા ત્રણ મજલા અષ્ટકોણ અને છેક ઉપલો મજલો વૃત્તાકાર છે. મિનારા અંદરથી નક્કર રખાયા છે. મસ્જિદના લિવાનની બંને બાજુએ એક એક ઝરૂખો કાઢેલો છે. મસ્જિદના લિવાન પર સરખા કદના ત્રણ ઘૂમટ કરેલા છે. જમરૂખ-ઘાટના આ ઘૂમટ અમદાવાદના મુસ્લિમ સ્થાપત્યમાં વિશિષ્ટ

ભાત પાડે છે. ઘૂમટની ટોચે પિત્તળનાં બીજચંદ્ર અને તારો મૂકેલ છે. આ રચના સરદારખાનના પૂર્વજ મૂલતઃ ઈરાનના વતની હોવાનું સ્મરણ કરાવે છે.[૧૩૫]

આ નાની પણ નમૂનેદાર મસ્જિદમાં ઉપરના ભાગેથી બે ચાપ વડે અણીદાર ખૂણો બનાવતી ત્રણ સરખી કમાન, બંને બાજુના સરખી ઊંચાઈના ચાર મજલાવાળા મિનારા, સરખા કદ અને ઘાટના, પણ મિનારા કરતાં ઓછી ઊંચાઈ ધરાવતા ત્રણ ઘૂમટ અને લિવાનના બે પડખામાં કાઢેલા ઝરૂખા સંયોજનની દૃષ્ટિએ પ્રશંસાપાત્ર છે.[૧૩૬]

મકબરો ઉપર્યુક્ત મસ્જિદ સાથે સંકળાયેલ છે, પરંતુ એ અલગ કોટ ધરાવે છે. આ ઇમારત ઊંચા ઈંટેરી પીઠ પર બનેલી છે. મધ્યમાં સફેદ આરસની સરદારખાનની પોતાની સુંદર કબર છે, ઉપરાંત બીજી બે કબર પણ જોવા મળે છે. કબરને ફરતા ૧૨ સ્તંભો વડે ખંડ રચ્યો છે, જેની બાજુઓને નકશીદાર જાળીઓની પડદીથી ભરી લીધી છે. એને ફરતો ૨૦ સ્તંભોવાળો રવેશ છે. રવેશના બંને છેડાઓ પર નકશીદાર પડદીઓ ભરી છે. મધ્યખંડની ઉપર વિશાળ કદનો જનરૂખ-ઘાટનો ઘૂમટ કરેલો છે ને એની ટોચે ઉપર્યુક્ત મસ્જિદની જેમ પિત્તળનાં બીજચંદ્ર અને તારો મૂકેલાં છે. આ મુખ્ય ઘૂમટને ફરતા એ જ ઘાટના પણ નાના કદના આઠ ઘૂમટો વડે રવેશનું છાવણ બનાવેલું છે.[૧૩૭]

આસપાસ ઘણાં મકાન બની ગયાં હોવાથી દૂરથી તો આજે આ ભવ્ય રોજાના ઘૂમટ સિવાય કંઈ દેખાતું નથી.

અમદાવાદનો હઝરત મૂસા સુહાગનો રોજો— દિલ્હી દરવાજા બહાર કૅમ્પના રસ્તે જતાં રેલવે ક્રૉસિંગ પાસે આ રોજો આવેલો છે. એને ફરતો કોટ કરેલો છે. કોટમાં ભવ્ય પ્રવેશદ્વાર છે. અંદરના ભાગમાં બીજો કમાનાકાર કોટ કરેલો છે તેની અંદર રોજો આવેલો છે. ઇમારત ઈંટ અને ચૂનાથી બાંધેલી છે. મસ્જિદ નીચી છે અને એના લિવાનના આગલા ભાગમાં ત્રણ કમાનાકાર પ્રવેશ કરેલા છે. આ દરગાહમાં હઝરત મૂસાની કબર ઉપરાંત બીજી ચાર કબર છે. સ્થાપત્યની દૃષ્ટિએ રોજાનું કોઈ વિશેષ મહત્ત્વ નથી, પણ ધાર્મિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. મસ્જિદના કોટમાં ચંપાનું એક ઘણું પુરાણું ઝાડ છે. સંતતિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા ભાવિક લોકો એ વૃક્ષની ડાળીએ કાચની બંગડીઓ ભરાવે છે.

આ રોજો ૧૭ મી સદીના અંત-સમયે બંધાયો હોવાનું જણાય છે.[૧૩૮]

અમદાવાદની શુજાતખાનની મસ્જિદ અને એનો મકબરો— સલાપોસના રસ્તેથી મીરઝાપુર જતાં આ નામાંકિત ઇમારત આવે છે. એ

ઔરંગઝેબના સૂબેદાર સુજાતખાન ઉર્ફે કારતલબખાને બંધાવી હતી. કહે છે કે એણે મસ્જિદ મદ્રેસા અને પોતાનો મકબરો એ ત્રણેય ઇમારત બંધાવવા માટે ઈ.સ. ૧૬૯૨ માં પાટણથી ૨૦૦ ગાડાં ભરીને આરસ મંગાવેલો,[૧૩૯] પણ એ ઇમારતો તો ઈંટોથી બંધાયેલી છે, જોકે એમાં આરસનો ઠીક ઠીક ઉપયોગ કરેલો છે.

૮૦ × ૭૦ ફૂટ (૨૪·૪×૨૧·૩ મીટર)ના ચોકની એક બાજુએ ૭૩ × ૪૧ ફૂટ (૨૨·૨×૧૨·૫ મીટર) માપની મસ્જિદ છે. એની ઉત્તરે મકબરો અને દક્ષિણે ૧૪૦ ફૂટ (૪૨·૭ મીટર) ઊંડા અને પૂર્વ-પશ્ચિમ ૧૦૦ ફૂટ (૩૦·૫ મીટર) પહોળા કોટમાં વચ્ચે ખુલ્લો ચોક રાખી ફરતે મુસાફરખાના મદ્રેસા અને મહેલની ઇમારતો કરેલી હતી. મસ્જિદ અને મકબરા સિવાયની ઇમારતો પાછળથી રહેણાક મકાનોમાં ફેરવી નાખવામાં આવી છે (આ. ૩૬).[૧૪૦]

મસ્જિદના આગળના ભાગમાં પાંચ કમાન કરેલી છે. એ પૈકી મોટી કમાન ૯'-૫" (૨·૯ મીટર) પહોળી અને ૧૨'-૧૦" (૩·૯ મીટર) ઊંચી છે, જ્યારે બાકીની કમાનો ૭'-૩" (૨·૨ મીટર) પહોળી અને ૧૦ ફૂટ (૩ મીટર) ઊંચી છે. લિવાનના આગળના ભાગમાં બંને ખૂણાઓ પર ચાર મજલા-વાળા અષ્ટકોણ મિનારા કરેલા છે. આ મિનારા નવાબ સરદારખાનની મસ્જિદના મિનારા જેવા છે. અગાશીમાં જવા માટેની સીડી દક્ષિણ દીવાલમાં કરેલી છે. સ્તંભો વડે રચાતા આઠ કમાનાકારો પર છત ટેકવેલી છે અને એના પર ૧૭ મી સદીમાં ઉત્તર ભારત અને ખાસ કરીને સિંધમાં જોવા મળતા ગોળ ઘાટના ત્રણ ઘૂમટ કરેલા છે.

મસ્જિદની દીવાલો અને અંદરની કમાનોમાં ૭ ફૂટ (૨·૧ મીટર) ઊંચાઈ સુધી આરસ જડેલો છે અને એની ઉપરના ભાગમાં ચૂનાનું આરસ જેવું સફેદ ઓપદાર પ્લાસ્ટર કરેલું છે. ફરસમાં સફેદ અને પીળા આરસ વાપરેલા છે. આ પ્રકારનું આરસકામ મસ્જિદની બહારની સાદી દીવાલો સાથે વિરોધાભાસ ઊભો કરે છે.[૧૪૧]

મસ્જિદની પશ્ચિમ દીવાલમાં સાદા પણ સફાઈદાર પાંચ મહેરાબ કરેલા છે તે પૈકીના મધ્યના મહેરાબ પર કલમો ધરાવતો હિ. સં. ૧૧૦૭(ઈ.સ. ૧૬૯૫-૯૬)નો ફારસી અભિલેખ છે. એની બાજુમાં પીળા આરસનું ત્રણ પગથિયાંવાળું મિંબર કરેલું છે. પાંચેય મહેરાબોની ઉપરના ભાગમાં કરેલી કોતરણીયુક્ત જાળીદાર બારીઓને લઈને આ મસ્જિદ બીજી મસ્જિદો કરતાં જુદી પડી આવે છે.[૧૪૨]

મસ્જિદની ઉત્તરે લગભગ ચોરસ કોટમાં ઊંચી પીઠ પર શુજાતખાનનો રોજો આવેલો છે. એ લગભગ ૫૪ × ૫૪ ફૂટ (૧૬.૪×૧૬.૪ મીટર) માપની ઇમારત છે. ફરતા રવેશમાં પ્રત્યેક બાજુએ પાંચ પાંચ મળી કુલ ૨૦ કમાન કાઢેલી છે. મધ્યનો ખંડ બહારની બાજુથી ૨૮×૨૮ ફૂટ (૮.૫ × ૮.૫ મીટર) અને અંદરની બાજુથી ૨૧×૨૧ ફૂટ (૬.૪×૬.૪ મીટર) છે. એના ઉપર મધ્યમાં પ્રમાણસરનો મોટો ઘૂમટ કરેલો છે, જ્યારે છાવણના ખૂણા પર ચાર નાના કદના ઘૂમટ કરેલા છે. ખંડમાં શુજાતખાનની એકલાની કબર છે. એ કબર પર એના મૃત્યુ (૧૦ જુલાઈ, ૧૭૦૧)ને લગતો લેખ છે. એની ફરસ આરસની હતી તેમજ દીવાલો પર સારું પ્લાસ્ટર હતું.[૧૪૩]

આ મકબરાની પાછળના ભાગમાં કોટની લગોલગ એક નાનો મકબરો છે, જેમાં શુજાતખાનની પુત્રીને દફનાવેલી હોવાનું કહેવાય છે.[૧૪૪]

અમદાવાદની શેખ મુહમ્મદ અક્રામુદ્દીનની મસ્જિદ—ઔરંગઝેબના સમયમાં ઈ.સ. ૧૬૯૦માં શહેર-કાજી શેખ મુહમ્મદ અક્રામુદ્દીને ૧,૨૪,૦૦૦ રૂપિયા ખર્ચી આ મસ્જિદ અને મદ્રેસા કરાવ્યાં હતાં. એના નિભાવ અર્થે ત્રણ ગામ આપવામાં આવેલાં.

આસ્તોડિયા વિસ્તારમાં આવેલી આ મસ્જિદ પથ્થર અને ઈંટથી બાંધેલી છે. એની બાંધણી શુજાતખાનની મસ્જિદને મળતી આવે છે, પણ આગળ કરેલી પાંચ કમાન સલ્તનતકાલીન અમદાવાદી કમાનોને મળતી છે. મસ્જિદ અંદરની બાજુએ ૬૦ ફૂટ (૧૮.૩ મીટર) લાંબી અને ૩૬'-૫'' (૧૧.૧ મીટર) ઊંડી છે. એના લિવાનમાં સ્તંભો વડે ચોકઠાં પાડેલાં છે ને બધા સ્તંભ કમાનાકારે એક બીજા સાથે જોડાયેલા છે. એ ચોકઠાંઓ પૈકીનાં મધ્યનાં ત્રણ પર નીચા ઘાટના અર્ધવૃત્ત ઘૂમટ કરેલા છે, જ્યારે બાકીનાં સપાટ છતથી ઢાંકેલાં છે. મસ્જિદની પશ્ચિમ દીવાલમાં ત્રણ મહેરાબ કરેલા છે. બાજુની બંને દીવાલોમાં ત્રણ-ત્રણ બારી કરેલી છે. લિવાનના આગળના બે ખૂણા પર નક્કર અષ્ટકોણ ઘાટનો એક એક મિનારો કરેલો છે.

મસ્જિદની પૂર્વમાં એક વંડામાં કેટલીક કબરો છે. એમાંની એક કબર જેમને માટે મદ્રેસા બાંધવામાં આવી હતી તે નૂરુદ્દીન સીદીની છે, બીજી કબર અમદાવાદના પહેલા કાજી મુહમ્મદ નિઝામુદ્દીનખાનની છે. આ બંને કબર આરસની છે.

મસ્જિદના વિશાળ કોટમાં ફરતા કમાનાકાર ઓરડા કરેલા છે તેઓનો છાત્રાલય તરીકે ઉપયોગ થતો હતો.

આ મસ્જિદ એમાં ચાલતી મદ્રેસાને લઈને 'હિદાયત બક્ષ (ઉપદેશ આપવાની) મદ્રેસા' તરીકે જાણીતી થઈ છે.[૧૪૫]

અમદાવાદનો સૈયદ અબ્દુલ્લા એદ્રુસનો મકબરો—આ મકબરો ઝવેરીવાડમાં આવેલો છે. એમાં સૈયદ હજરત શમ્સ શેખ બિન અબ્દુલ્લા અલ એદ્રુસની કબર છે. એમના વડવા સૈયદ અબુબક્કર એદ્રુસ ૧૬ મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં આવી વસેલા. એમની સુરતમાં આવેલી દરગાહનું વર્ણન ઉપર આવી ગયું છે.

અબ્દુલ્લા એદ્રુસનો આ મકબરો પથ્થરથી બાંધેલો નાનો પણ નમૂનેદાર છે. એના સ્તંભો વચ્ચેના ભાગને જાળીદાર પડદીઓથી જોડી ખંડ બનાવ્યો છે. સમકાલીન મકબરાઓમાં વચ્ચેના ખંડને ફરતોર વેશ રખાય છે તેવો આમાં રખાયો નથી. એના છાવણ પરની અગાશીની મધ્યમાં અલંકૃત પીઠ રાખી એના પર અર્ધવૃત્ત ઘૂમટ કરેલો છે. અગાશીને કાંગરા કરેલા છે. આ ઇમારત ૧૭ મી સદીના અંતસમયની જણાય છે.[૧૪૬]

અમદાવાદની કાજી અલીની મસ્જિદ અને છોટા એદ્રુસ તથા શાહ અલીના મકબરા—આ ઇમારતો ટિળક માર્ગ પરથી ઘીકાંટાને રસ્તે જતાં જમણી બાજુએ આવે છે. એક જ વંડામાં આવેલી આ ત્રણે ઇમારત અગાઉ અલીખાન કાજીના નામ પરથી કાજી અલીની મસ્જિદ તરીકે ઓળખાતી હતી. છેલ્લી દોઢ સદીથી એ નાના એદ્રુસ કે છોટા એદ્રુસની મસ્જિદ તરીકે ઓળખાય છે. આ મસ્જિદ ઔરંગઝેબના સમયમાં કાજી અબ્દુલ ફરાહખાને બંધાવી હતી. અગાઉ આ મસ્જિદ પૂર્ણ અને સુંદર હતી, પણ લગભગ સો વર્ષ પહેલાં એનો ઉત્તર બાજુનો અડધો ભાગ તોડાવી નાખી એમાં મકાનો અને દુકાનો ઊભાં કરી દેવામાં આવ્યાં છે.

મોજૂદ અવશેષો પરથી જણાય છે કે મસ્જિદમાં મૂળ ત્રણ મહેરાબ હશે, લિવાન ઉપર સપાટ છાવણ હશે, એ છાવણને ત્રણ હરોળોમાં કરેલા સ્તંભ ટેકો આપતા હશે. બધા સ્તંભ કમાનાકારે એકબીજા સાથે સંકળાયેલા હતા. લિવાનની ઊંડાઈ ૨૩'–૪'' (૭.૧ મીટર) હતી. એની બંને બાજુ બે બે અને પછીતમાં ચાર બારી કરેલાં હતી. આજે એનો કેવળ એક જ મહેરાબ બચેલો જોવા મળે છે. એ રેતિયા પથ્થરનો છે ને સરસ કોતરણી ધરાવે છે. લિવાનના ચાર સ્તંભ નીચેના ચાર ફૂટ (૧.૨ મીટર)સુધી ચોરસ અને ઉપલા ભાગમાં અષ્ટકોણ આકાર ધરાવે છે.

મસ્જિદની સંમુખ શાહ અલીનો મકબરો છે. ૧૬ સ્તંભો વડે ટેકવાયેલા એના છાવણ પર નવ ઘૂમટ કરેલા છે. એમાં ક્યાંય જાળીયુક્ત પડદીઓ ભર્યાનું જણાતું

નથી. મુખ્ય કબર આરસની હોવી જોઈએ, પણ એ આરસ ઊપડી ગયા છે.

એ મકબરાની ઉત્તરે ઈશાન ખૂણામાં નાના એદ્રુસનો મકબરો (આ. ૩૭) કરેલો છે. એ ૪૦ × ૪૦ ફૂટ (૧૨·૨ × ૧૨·૨ મીટર)ની ચોરસ ઇમારત છે. એની મધ્યમાં ૧૨ સ્તંભો પર ટેકવેલો ઘૂમટ ભવ્ય અને કંઈક ભારે કદનો લાગે છે. એ ૧૨ સ્તંભોને જાળીદાર પડદીથી સાંકળી લીધેલા છે. એ ખંડમાં પશ્ચિમે અને દક્ષિણે દરવાજા મૂકેલા છે. કોતરણીયુક્ત જાળીઓ ભાંગી ગઈ છે અને એના ભાગ ઊપડી ગયા છે. રવેશનો ૨૦ સ્તંભો વડે બનેલો ભાગ સુયોજિત હતો. મકબરાનું મુખ્ય પ્રવેશદ્વાર મૂલતઃ સુંદર રૂપાંકન ધરાવતું હતું, જે નાશ પામી ગયું છે. ફરસના પથ્થર પણ ઉપડી ગયા છે. [૧૪૭]

સુરતની મુલ્લાં મસ્જિદ અને મુલ્લાં દરગાહ—સુરતમાં મુલ્લાં મુહમ્મદ અલીએ ઈ.સ. ૧૭૨૨ માં બંધાવેલી મસ્જિદ 'ભટારની મસ્જિદ' નામે ઓળખાય છે. ચોરસ ઘાટની આ ઇમારતના ઉપલા ભાગમાં અગાસી કાઢી એ અગાસીના મધ્ય ભાગમાં ઊંચી પીઠ કરીને એના ઉપર મોટો ગોળાર્ધ ઘાટનો ઘૂમટ કરેલો છે. અગાસીના ચારે ખૂણે એક એક ઊંચો મિનારો કરેલો હોવાથી ચાર મિનારા વચ્ચે ઘેરાયેલા ઘૂમટ સહિત સમગ્ર ઇમારતનો દેખાવ ભવ્ય લાગે છે.[૧૪૮]

અમદાવાદનો મુહમ્મદ અનવરખાન બાબીનો મકબરો—કાંકરિયા તળાવથી દક્ષિણ બાજુ ૬૦૦ વાર(૫૪૮·૬ મીટર)ના અંતરે આવેલી આ ઇમારત ઈ.સ. ૧૭૪૦ થી ૧૭૫૩ ના ગાળામાં બંધાઈ હોવાનું જણાય છે. ૧૨ સ્તંભો વડે રચાતા કમાનાકાર પર એનો ઘૂમટ ટેકવેલો છે. ઘૂમટ અંદરની બાજુથી નકશીકામ ધરાવે છે. સ્તંભો વચ્ચેના ખૂણાઓની જગ્યામાં પથ્થરની પાંચ ફૂટ (૧·૫ મીટર) ઊંચી કોતરણીયુક્ત શિલાઓ ગોઠવી છે. આ મકબરામાં ખંડને ફરતો રવેશ પણ કરવામાં આવ્યો છે અને એના છાવણ પર નાના ઘાટના ઘૂમટ કરેલા છે. ખંડની મધ્યમાં જોવા મળતી બે કબર ઈંટથી ચણેલી અને ઉપર પ્લાસ્ટર કરેલી છે, પણ એ મૂલતઃ આરસની હોવાનું કહેવાય છે.[૧૪૯]

સુરતની ખ્વાજા મુહમ્મદ રફીની મસ્જિદ—૧૮ મી સદીના પૂર્વાર્ધમાં સુરતમાં બદાત શેઠના ભવ્ય મકાન પાસે આવેલી ગુંબજવાળી અને હોજ સાથેની મસ્જિદ ખ્વાજા મુહમ્મદ રફીએ બંધાવેલી છે.[૧૫૦]

અમદાવાદની નવાબ શાહજહાંખાન અને મોમીનખાનની મસ્જિદ—મીરઝાપુરમાં રાણી રૂપમતીની મસ્જિદથી થોડે દૂર આ મસ્જિદ આવેલી હતી. ૧૯ મી સદીમાં એ નાશ પામી અને એને સ્થાને રહેણાક મકાન

બંધાઈ ગયાં. મૂળ અઢી હજાર વાર(૨૨૮૬ મીટર)થી પણ મોટો વિસ્તાર ધરાવતી આ ઇમારતો પૈકી કેવળ ૧૫૦ વાર (૧૩૭ મીટર) જગ્યા બચી છે, જેમાં થોડી કબર જળવાઈ છે. એ પૈકી ગુજરાતના સૂબેદાર મોમીનખાનની આરસની કબર જુદી તરી આવે છે. એના પરના ફારસી લેખમાં 'મીરઝા મુહમ્મદ જાફર નજમુદ્દૌલા સાહની-મોમીનખાન ' લખેલું છે. મોમીનખાનનું અવસાન ઈ.સ. ૧૭૪૨ માં થયું હતું. નવાબ શાહજહાંખાન વિશે કોઈ હકીકત જાણવા મળતી નથી.[૧૫૧]

અમદાવાદની પીરમહશાહની મસ્જિદ અને દરગાહ—આ મસ્જિદ પાનકોરનાકાથી ઘીકાંટા જવાના રસ્તે જૂની સિવિલ હૉસ્પિટલ પાસે આવેલી છે. સુન્ની વહોરાઓ માટે આ ઈંટેરી મસ્જિદ ૧૮ મી સદીના મધ્યમાં બંધાયેલી હતી. મસ્જિદ બિસ્માર થઈ ગઈ છે. એની પાસેના દરગાહમાં પીરમહશાહની કબર છે. આ દરગાહ સારી રીતે સચવાઈ છે.[૧૫૨]

અમદાવાદની બંગાળી શૈલીની બે દરગાહ—વાંસના બંગાળી ઝૂંપડાના ઘાટના છાવણવાળી ઇમારતો ૧૭ મી સદીના પાછળના સમયમાં ઉત્તર ભારતના ઘણા ભાગોમાં બનવા લાગી હતી. ગુજરાતમાં પણ એ શૈલીએ આ કાલના અંત સમયે કેટલીક દરગાહો બંધાઈ હતી. અમદાવાદમાં આવી નમૂનેદાર બે દરગાહ શાહીબાગ જવાના રસ્તે દરિયાખાનના ઘૂમટની સામેના ભાગમાં આવેલી છે.

આ ઈંટેરી દરગાહો ચૂનાનું મજબૂત પ્લાસ્ટર ધરાવતી લગભગ ચોરસ આકારની ઇમારતો છે (આ. ૩૮). એમાં પૂર્વ અને પશ્ચિમ બાજુએ બે-બે અને ઉત્તર અને દક્ષિણ બાજુએ ત્રણ-ત્રણ પ્રવેશદ્વાર કરેલાં છે. એમાંની એક દરગાહની એક બાજુએ બે સ્તંભ આગળ કાઢીને નાની ચોકી કરેલી છે. આ દરગાહો પરનું બંગાળી ઝૂંપડા-ઘાટનું છાવણ એવી રીતે કરેલું છે કે એના ચારે ખૂણા નીચે તરફ ઢળતા બનવાથી ચારેય બાજુ મોટા કમાનાકાર રચાય છે. બહાર બે ચાયેલા ખૂણાઓને અલંકૃત કરવા બે ચારેય ખૂણે ચાર ઉપરાંત દરેક કમાનાકારની ઉપરના મધ્ય ભાગમાં એક એક અને છાવણના ટોચના ઘૂમટાકારની મધ્યમાં એક એમ બધાં મળીને નવ પદ્માકાર સુશોભન કરેલાં છે. ચોકી પરનું છાવણ પણ મંડપના છાવણ જેવો જ ઘાટ ધરાવે છે.[૧૫૩]

પાદટીપ

૧. ર. ભી. જોટ, 'ગૂજરાતનું પાટનગર : અમદાવાદ,' (ગૂપા), પૃ. ૫૭
૨. એજન, પૃ. ૫૯
૩. 'મીરાતે એહમદી', ભાગ ૨ (ગુજ. અનુ. કાઝી મોહમ્મદ નિઝામુદ્દીન ચિશ્તી ફારૂક), પૃ. ૮
૪. ર. ભી જોટ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૩   ૫. રાજગઢ અને શહેરને ફરતો કોટ
૬-૭ ર. ભી જોટ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૫
૮. આ બધાં વર્ણન માટે જુઓ એજન, પૃ. ૧૧૫-૧૨૨.
૯. જુઓ 'મીરાતે એહમદી' (ગુ. અનુ.), ભા. ૨, પૃ. ૬.
૧૦. જુઓ ગ્રંથ ૫, પૃ. ૪૧૪-૪૧૫.
૧૧. 'ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાળા', ભાગ. ૧, પૃ. ૧૯૧
૧૨. રા. ચુ. મોદી, 'પાટણનો પરિચય', પૃ. ૧૧
૧૩. 'મીરાતે એહમદી' (ગુજ. અનુ.), ભા. ૨, પૃ. ૩
૧૪. M. S. Commissariat, *History of Gujarat (HG)*, Vol. II, p. 181
૧૫. 'ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાળા, ભા. ૧, પૃ. ૨૦૫
૧૬. એ. બ. પટેલ, 'સુરતની તવારીખ', પૃ. ૧૦-૧૨
૧૭. એજન, પૃ. ૧૯-૨૦   ૧૮. એજન, પૃ. ૨૬-૨૭   ૧૯. એજન, પૃ. ૩૪
૨૦. એજન, પૃ. ૩૯   ૨૧. એજન, પૃ. ૪૭
૨૨-૨૩. એજન, પૃ. ૧૮૪-૧૮૫; ઈ. ઇ. દેસાઈ, 'સૂરત સોનાની મૂરત', પૃ. ૫૧-૫૨
૨૪. એ. બ. પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૫૯   ૨૫. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૮૫
૨૬. એ. બ. પટેલ, પૃ. ૧૪; *HG*, Vol. II, p. 361
૨૭. એ. બ. પટેલ, પૃ. ૧૮૭-૧૮૮

હૈદર કુલીખાનની મુત્સદ્દીગીરી (ઈ.સ. ૧૭૧૭-૧૭૧૯) દરમ્યાન તેગબેગખાનના બક્ષી મુહમ્મદ રફીએ ત્રણ માળનો રફી બુરજ બંધાવેલો. લોકવાયકા એવી છે કે શિવાજીએ એ બુરજ પરથી ઘોડી કુદાવેલી, પરંતુ વસ્તુત: આ બુરજ શિવાજી પછી લગભગ ૪૦ વર્ષે બંધાયો છે.—જુઓ ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૯૮.

૨૮-૨૯ એ. બ. પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૧૮૯-૧૯૧; ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૮૫-૮૬
૩૦. એ. બ. પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૬૧-૬૨
૩૧. શં. હ. દેસાઈ, 'જૂનાગઢ અને ગિરનાર', પૃ. ૧૫ ઉપર ઉદ્ધૃત
૩૨. એજન, પૃ. ૧૫

૩૩. ર. ભી. જોટ, 'ખંભાતનો ઇતિહાસ' (ખંઇ), પૃ. ૫૪ ઉપર ઉદ્ધૃત

૩૪. ન. ત્ર્યં. ભટ્ટ, 'ખંભાતનું સાંસ્કૃતિક દર્શન', પૃ. ૧૨૪, ૧૩૦

૩૫. ર. ભી. જોટ, ખંઇ, પૃ. ૧૫૦

૩૬. A. S. Gadre, *Important Inscriptions of the Baroda State*, Vol. II, p. 9

૩૭. *HG*, Vol. II, pp. 99–101; ર. ભી. જોટ, ગૂપા, પૃ. ૬૩૮

૩૮. *Ibid.*, p. 118, n. 14

૩૯. ર. ભી. જોટ, ગૂપા., પૃ. ૬૩૯–૪૦

૪૦. *HG*, Vol. II, p. 118

૪૧. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૩૨–૩૩

૪૨. એજન, પૃ. ૨૭–૨૮

૪૨અ. *Bombay Gazetteer*, Vol. III : Kaira & Panch Mahals, p. 313; *HG*, Vol. II, p. 182

૪૩. *HG*, Vol. II, pp. 447 f.

૪૪. ર. ભી. જોટ, ખંઇ, પૃ. ૫૯

૪૫. એ. બ. પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૨૨૯

૪૬. ર. ભી. જોટ, ખંઇ., પૃ. ૧૫૧

૪૭. એ. બ. પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૩૨

૪૭અ. *Broach District Gazetteer*, pp. 740 f.

૪૮. એ. બ. પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૧૯૮–૯૯

૪૯. એજન, પૃ. ૧૯૯

૫૦. આ લેખ ભો. જે. વિદ્યાભવનના સંગ્રહાલયમાં સુરક્ષિત છે. એની વિગતો માટે જુઓ E. L. Rapp, 'An Armenian epigraph at Ahmedabad', *Journal of the Oriental Institute*, Vol. XVII, pp. 22–25

૫૧. એ. બ. પટેલ, પૃ. ૩૨

૫૨. એજન પૃ. ૪૬, ૮૦

૫૩. એજન, પૃ. ૮૦; ઈ. ઇ. દેસાઈ, પૃ. ૯૮

૫૩અ. *HG*, Vol. II, p. 194

૫૪. ર. ભી. જોટ, ખંઇ, પૃ. ૧૫૧

૫૫. ન. ત્ર્યં. ભટ્ટ, ઉપર્યુક્ત, પૃ. ૬૪

૫૬–૫૭. એજન, પૃ. ૧૪૨

૫૮. વિગતો માટે જુઓ હ. ગં. શાસ્ત્રી, 'ગુજરાતની પ્રાચીન વાવો', 'ગુજરાત દીપોત્સવી અંક", વિ.સં. ૨૦૨૦, પૃ. ૧૭.

૫૯. વિશેષ વિગતો માટે જુઓ હ. ગં. શાસ્ત્રી અને કાં. ફૂ. સોમપુરા, 'અમૃતવર્ષિણી વાવ', "કુમાર", પુ. ૪૧, પૃ. ૨૮૬–૨૮૮.

૬૦. વિગતો માટે જુઓ K. F. Sompura, *Structural Temples of Gujarat*, pp. 233 ff; ઇ. વિ. ત્રિવેદી, 'ગુજરાતના મુસ્લિમકાલીન સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી', પૃ. ૩૩૫–૩૬૩; ના. કે. ભટ્ટી, 'નારાયણ સરોવર', પૃ. ૧૦–૧૬.

૬૧. 'મીરાતે અહમદી'. ભા. ૨, પૃ. ૧૪૪–૧૫૬; *The Mirat-i-Ahmadi, Supplement*, pp. 118 ff.

૬૨. 'મીરાતે એહમદી', ભા. ૨, પૃ. ૧૫૬-૧૫૯; *The Mirat-i-Ahmadi : Supplement*, pp. 128 ff.

૬૩. 'पद्मपुराण', उत्तरखण्ड, अ १४७-१५२

શ્રી. રત્નમણિરાવે આ સંદર્ભમાં કોટ્રેશ્વર ખડ્ગધારેશ્વર દૂધેશ્વર ગુપ્તેશ્વર બ્રહ્મચારેશ્વર-માણકેશ્વર પિંચુમંદાર્ક (નિંબાર્ક)તીર્થ સિદ્ધતીર્થ સપ્તસારેશ્વર ગણેશતીર્થ વૈજનાથતીર્થ અને શ્રીક્ષેત્ર (સરખેજ) તીર્થ ગણાવ્યાં છે (ગૂપા, પૃ. ૬૬૧-૬૬૨),

૬૪. દા.ત. કૌમારિકાખંડ ધર્મારણ્યખંડ રેવાખંડ નાગરખંડ અને પ્રભાસખંડ.

વિગતો માટે જુઓ ઉમાશંકર જોશી, 'પુરાણોમાં ગુજરાત' (ભૌગોલિક ખંડ).

૬૪અ. 'મીરાતે એહમદી', ભાગ-૨, પૃ. ૧૬૫-૧૬૭

૬૫. K. F. Sompura, *op. cit.*, pp. 223 f.

૬૬. *BG*, Vol. V, p. 221

૬૭. मुनि जिनविजय, प्राचीनजैनलेखसंग्रह, भा. २, लेख ४५०

૬૮. K. F. Sompura, *op. cit.*, p. 226; વિશાલવિજયજી, 'કાવી-ગંધાર-ઝગડિયા', પૃ. ૭-૮

૬૯. मुनि जिनविजय, एजन, लेख १२

૭૦. James Burgess, *The Temple of Shatrunjaya and Palitana in Kathiawad*, pp. 25 f.; દુ. કે. શાસ્ત્રી, 'ઐતિહાસિક સંશોધન', પૃ. ૧૯૨-૧૯૩

૭૧. અં. પ્રે. શાહ, 'જૈનતીર્થ સર્વસંગ્રહ', ભાગ ૧, ખંડ ૧, પૃ. ૧૦૪

૭૨. J. Burgess, *The Architectural Antiquities of Northern Gujarat*, pp. 49 ff.

૭૩. અં. પ્રે. શાહ, ઉપર્યુક્ત, પૃ. ૬૧

૭૪. વિશાલવિજયજી, ઉપર્યુક્ત, પૃ. ૫-૭, ૧૬-૧૮

૭૫. મુનિ જયંતવિજયજી, 'શંખેશ્વર મહાતીર્થ', પૃ. ૭૬-૮૩, ૧૪૪-૧૪૯, ૧૬૦-૧૬૬

૭૬ એજન, પૃ. ૮૩-૯૨

૭૭. રામસિંહજી કા. રાઠોડ. 'કચ્છનું સંસ્કૃતિદર્શન', પૃ. ૧૬૨

૭૮ D. P. Khakhkhar, *Report on the Architectural and Archaeological Remains in the Province of Kacchh*, p. 47

૭૯. मुनि जिनविजयजी, 'प्राचीन जैनलेखसंग्रह', भाग २, लेख २७७

૮૦. एजन, पृ. १६८-१६९; ક. બા. દવે, 'અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા', પૃ. ૫૦-૫૩ મ. છ. શેઠ, 'શ્રી કુંભારિયાજી તીર્થ', પૃ. ૧૬-૧૯

૮૧. 'प्राचीन जैनलेखसंग्रह', भाग २, लेख १७–२०

૮૨. Burgess, *The Temples of Shatrunjaya*, pp. 20 ff.; 'અં. પ્રે. શાહ, 'જૈન–તીર્થ સર્વસંગ્રહ', ભા. ૧, ખં. ૧, પૃ. ૧૦૬–૧૦૭; દુ. કે. શાસ્ત્રી, 'ઐતિહાસિક સંશોધન' પૃ. ૧૮૫–૧૮૭

૮૩. Khakhkhar, *op. cit.*, No. 17.

સંપાદકે લેખના વિવરણમાં જણાવ્યું છે કે મંદિર ભાટિયા ઠક્કર જેરાજે અને એના પુત્ર ઠકર ટોપણે બંધાવેલું (p. 94), પરંતુ લેખમાં તો આ મંદિર જેરાજ અને ગંગાના સુત ધનરાજે બંધાવ્યું હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે. ઠકર ટોપણનો નિર્દેશ તો ગંગાના પિતા તરીકે કર્યો છે ને એ ગજરિયા વંશનો હતો, જ્યારે જેરાજ આસર વંશનો હતો.

૮૪. *Ibid.*, p. 46

૮૫. *Ibid.*, pp. 21ff.; નાગજીભાઈ ભટ્ટી, 'નારાયણ સરોવર', પૃ. ૧૦–૧૬.

'નારાયણ સરોવર'માં આપેલી કેટલીક વર્ષસંખ્યાઓ અશુદ્ધ છે. કલ્યાણરાયના મંદિરનો લેખ પૃ. ૧૪માં સં. ૧૬૨૬ નો અને પૃ. ૧૫માં સં. ૧૯૨૬ નો જણાવ્યો છે. શ્રી ખખ્ખરે એ મંદિરનું નિર્માણ સં. ૧૮૮૫માં થયું હોવાનું જણાવ્યું છે એ અનુસાર અહીં એ પછીની સં. ૧૯૨૬ની વર્ષસંખ્યા શુદ્ધ લાગે છે.

૮૬–૮૭. રત્નમણિરાવ ભીમરાવ, 'સોમનાથ' પૃ. ૧૫૨–૧૬૯

૮૮. 'મીરાતે એહમદી', ભાગ ૨, પૃ. ૧૪૬–૧૪૭

૮૯. Cousens, *Somanātha and Other Medieval Temples in Kathiawad*, pp. 13 ff.

૯૦. ગુ. રા. સાં. ઇ., ગ્રંથ ૫, પૃ. ૯૨–૯૩.

વિ.સં. ૧૨૯૭ (ઈ.સ. ૧૨૪૧) માં અમદાવાદથી આવી મહમદશાહે દ્વારકાધીશનું મંદિર તોડયું એવી સ્થાનિક બારોટોની અનુશ્રુતિ છે ('દ્વારકા સર્વસંગ્રહ', પૃ. ૧૭), પરંતુ અમદાવાદ તો ઈ.સ. ૧૪૧૧ માં વસ્યું. પાટણમાં પણ ત્યારે દિલ્હી સલ્તનતની સત્તા સ્થપાઈ નહોતી. દિલ્હીના સુલતાનની વાત હોય તો એ ઇલ્તુત્મીશ (મૃ. ૧૨૩૬) નો ત્રીજો પુત્ર મુઇઝુદ્દીન બહરામ (૧૨૪૦–૧૨૪૨) હોઈ શકે, પરંતુ એ 'મહમદ' કહેવાતો નહોતો. એનો ઉત્તરાધિકારી અલાઉદ્દીન મસૂદ (૧૨૪૨–૧૨૪૬) હતો. મહમદ તો એનોય ઉત્તરાધિકારી નાસિરુદ્દીન મહમૂદ (૧૨૪૬–૧૨૬૫) હોઈ શકે. પરંતુ એનો સમય સં. ૧૩૦૧ થી વહેલો હોઈ શકે નહિ. વધારે સંભવિત એ છે કે અમદાવાદનો સુલતાન મહમદ તે ગુજરાતનો સુલતાન મહમૂદ બેગડો હોવો જોઈએ ને આ અનુશ્રુતિમાં એના આક્રમણનો ખરો સમય વિ.સં. ૧૫૨૯ (ઈ.સ.૧૪૭૩) જોઈએ.

૯૧–૯૨. કાં. ફૂ. સોમપુરા, 'શ્રીદ્વારકાધીશનું મંદિર', "દ્વારકા સર્વસંગ્રહ", પૃ. ૨૫૮

૯૩–૯૭. એજન, પૃ. ૨૫૮–૨૬૦

૯૮. એજન, પૃ. ૨૬૧–૨૬૨

૯૯. એજન, પૃ. ૨૬૦–૨૬૧

૧૦૦. 'મીરાતે એહમદી', ભાગ ૨, પૃ. ૧૪૮

૧૦૧. પુષ્કરભાઈ ગોકાણી, 'બેટ શંખોદ્ધાર', "દ્વારકા સર્વસંગ્રહ", પૃ. ૧૧-૧૨

૧૦૨. નરોત્તમ વાળંદ, 'બહુચરાજી', પૃ. ૪૭-૪૯

૧૦૩. 'મીરાતે એહમદી', ભાગ ર, પૃ. ૧૫૩-૧૫૫

૧૦૩ અ. દુ. કે. શાસ્ત્રી, 'ગુજરાતનાં તીર્થસ્થાનો', પૃ. ૧૦૫

૧૦૪. ક. ભા. દવે, 'અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા', પૃ. ૧૦૦-૧૦૨; Sompura, *Structural Temples of Gujarat*, p. 229

૧૦૫. R. N. Mehta, 'Gadadhar Temple at Shamlaji', *Journal of the M. S. University of Baroda*, Vol. XV, No. 1. pp. 91 ff.

૧૦૬. આ વિદેશીએ આ પ્રતિમાઓને ભૂલથી સ્ત્રીઓની માની લીધેલી, પરંતુ વસ્તુતઃ એ તીર્થંકરોની હતી.

૧૦૭. તે તે તીર્થંકરનાં યક્ષ તથા યક્ષિણીની.

૧૦૮. M. S. Commissariat, *Mandelslo's Travels in Western India*, pp. 24 f.; *Studies in the History of Gujarat*, Appendix C

૧૦૯. ર. ભી. જોટ, ગૂપા, પૃ. ૭૩૬-૭૩૭

૧૧૦. તાકાત

૧૧૧. 'મીરાતે એહમદી', ભાગ ૧, પૃ. ૨૨૭

૧૧૨. Commissariat, *Studies in the History of Gujarat*, p. 60

૧૧૩-૧૧૪ *Ibid.*, p. 57 ૧૧૫. *Ibid.*, pp. 58 f. ૧૧૬. *Ibid.*, p. 60

૧૧૭. મગનલાલ વખતચંદ, 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૬૬-૬૭

૧૧૮. ઝિ અ. દેસાઈ, 'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ', ખંડ ૬ : અરબી-ફારસી અભિલેખો, ક્રમાંક ૩૨૧ થી ૫૧૭

૧૧૯. *HG*, Vol. II, pp. 21-22, note 8

૧૨૦. J. Fergusson, *Architecture at Ahmedabad*, pp. 63 & 92; Burgess and Cousens, *Muslim Architecture of Ahmedabad* (*MAA*), Pt. II, pp. 51 f.

૧૨૧. *HG*, Vol. II, p. 37

૧૨૨. *Ibid.*, pp. 56-57 & 64

૧૨૩. *MAA*, pt. II, pp. 53-54

૧૨૪. J. Fergusson, *op. cit.*, p. 93

૧૨૫. આ વિદ્વાનનું ઈ.સ. ૧૬૬૧-૬૨ના અરસામાં અવસાન થતાં એમને એ મસ્જિદ પાસે જ દફનાવવામાં આવેલા. જુઓ *HG*, p. 47, note 16.

૧૨૬. *Ibid*, p. 47

૧૨૭-૧૨૮. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૭

૧૨૯. Burgess & Cousens, *Architectural Antiquities of Northern Gujarat*, pp. 68 f.

૧૩૦. *MAA*, Pt. II, pp. 75 f. ૧૩૧. *Ibid*., p. 66

૧૩૨. *Ibid*., pp. 67 f. ૧૩૩. *HG*, Vol. II, p. 183

૧૩૪-૧૩૫. *Ibid*., p. 184

૧૩૬. *Ibid*., p. 55 ૧૩૭. *Ibid*., p. 55; *HG*, Vol. II, p. 184

૧૩૮. *MAA*, Pt. II, pp. 78 f. ૧૩૯. *HG*, Vol. II, p. 195

૧૪૦. *MAA*, Pt. II, P. 61 ૧૪૧. *HG*, Vol. II, p. 195, note 27

૧૪૨. *MAA*, Pt. II, p. 62 ૧૪૩. *Ibid*., p. 62; *HG*, Vol. II, p. 196

૧૪૪. *MAA*, Pt. II, p. 62 ૧૪૫. *Ibid*., pp. 62-63

૧૪૬. ચિત્ર માટે જુઓ *ibid*., Pt. II, p. 69, figure 8.

૧૪૭. *Ibid*., pp. 53–55

૧૪૮. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૯૪; આકૃતિ માટે જુઓ એજન, પૃ. ૧૦૭.

૧૪૯. *MAA*, Pt. II, pp. 82 f. ૧૫૦. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૯૮

૧૫૧. *MAA*, Pt. II, pp. 68 f.; ર. ભી. જોટ, ગુપા, પૃ. ૬૪૫-૪૬

૧૫૨. *MAA*, Pt. II, p. 71 ૧૫૩. *Ibid*., p. 80; figure 10

*

પ્રકરણ ૧૪

શિલ્પકૃતિઓ

મુઘલ કાલમાં ગુજરાતમાં શાંતિ અક્ષુણ્ણ રહી, પ્રજાની આબાદી પણ વધી અને ગુજરાતનાં શિલ્પ–સ્થાપત્યના વિકાસની દડમજલ બમણા વેગથી આગળ ધપી. મુઘલ બાદશાહોની ઉદાર ધર્મસહિષ્ણુ નીતિને કારણે ફરીથી વિશાળ સંખ્યામાં મંદિર પણ બંધાયાં ને મુખ્ય સેવ્ય પ્રતિમાઓ સાથે મંદિરના સુશોભન માટેનાં શિલ્પોનું પણ નિર્માણ બહોળા પ્રમાણમાં થવા લાગ્યું. આ સમયનાં પથ્થર ધાતુ અને કાષ્ઠનાં શિલ્પ વિપુલ પ્રમાણમાં મળે છે. એ પૈકી પથ્થરનાં શિલ્પોની કક્ષા કંઈક ઊતરતી જણાય છે, પણ ધાતુ અને કાષ્ઠનાં શિલ્પ એની તુલનાએ ઉન્નત જણાય છે. આ કાલનાં શિલ્પોનાં કેટલાંક નોંધપાત્ર લક્ષણ નીચે પ્રમાણે છે :

૧. પ્રાચીન કાલમાં શિલ્પકલામાં મનુષ્ય-આકૃતિને પ્રાધાન્ય અપાતું, પરંતુ મુસ્લિમ કાલમાં ઇસ્લામી સ્થાપત્ય તરફ વધુ ધ્યાન અપાયું ને એમાં મૂર્તિઓને સ્થાને નકશીકામ જાળીકામ ગોખ મિનારા વગેરેની રચનાને પ્રાધાન્ય મળ્યું, આથી શિલ્પીઓનાં ટાંકણાંમાંથી મનુષ્ય-આકૃતિ જ સરી ગઈ. પરિણામે સલ્તનત કાલ અને મુઘલ કાલમાં રચાયેલાં મનુષ્ય–શિલ્પ વધુ નિર્જીવ અને ભાવ વગરનાં લાગે છે.[૧]

૨. ઉત્તમ કારીગર મુસ્લિમ સ્થાપત્યના નિર્માણકાર્યમાં રોકાયા અને સામાન્ય સ્થાનિક કારીગરો મૂર્તિઓના ઘડતરનું કામ કરવા લાગ્યા. પરિણામે આ સમયની શિલ્પકૃતિઓમાં લોકકલા અને સ્થાનિક કલાનાં તત્ત્વ ઉમેરાયાં અને હિંદુ મૂર્તિવિધાન કે ધર્મશાસ્ત્રોમાં જેમના વિધાન કે નામનો ઉલ્લેખ પણ મળતો ન હોય તેવા ગ્રામદેવતાઓનાં પણ શિલ્પ બનવા લાગ્યાં. કારીગરોએ શિલ્પશાસ્ત્રના પૂરતા જ્ઞાનના અભાવે મૂર્તિઓનાં આયુધ તથા વાહન વગેરેની બાબતમાં પણ ઘણી વિસંગતતાઓ ઊભી કરી.

૩. મૂર્તિઓના શરીરનાં અંગોનાં પ્રમાણમાપ પણ જળવાયાં નહિ પરિણામે આ કાળની મૂર્તિઓ ઘણે ભાગે કઢંગી જણાય છે. મનુષ્ય-આકૃતિમાં પણ માથું

લાડવા જેવું ગોળ, ચહેરો ચોરસ કે પાનાકાર, આંખ નાક દાઢી કોણી વગેરે સ્થાનોએ ગોળાઈને બદલે ખૂણા, પહોળા ખભા, સાંકડી કમર, ભારે નિતંબ, દંડા જેવા પાતળા અને લાંબા હાથપગ વગેરે જોવા મળે છે.

૪. આ કાલ દરમ્યાન વૈષ્ણવ–પુષ્ટિ સંપ્રદાયનો ગુજરાતમાં વ્યાપક પ્રસાર થતાં એની સેવાપદ્ધતિને અનુરૂપ એવી પ્રતિમાઓ ઘડાવા લાગી. બધી બાજુથી ઘડેલી આ મૂર્તિઓને રાત-દિવસ કે ઋતુ અનુસાર વસ્ત્રાલંકારથી સુશોભિત કરી શકાય એવી રચના કરવામાં આવી. મૂર્તિમાં યથાસ્થાને ખાંચા કે કાણાં પણ રાખવામાં આવતાં, જેથી વસ્ત્રાલંકાર બરાબર ચિપકાવીને પહેરાવી શકાય.

૫. આ સમયે વૈષ્ણવ ધર્મ અને જૈન ધર્મના પ્રોત્સાહનથી ધાતુકલાનો વિકાસ થયો. સલ્તનત કાલ દરમ્યાન જાહેર મંદિરોના બાંધકામની પ્રવૃતિ મંદ પડી હોઈ ઘરદેરાસરો અને નાનાં ગૃહમંદિરોનાં નિર્માણકાર્યને વેગ મળ્યો હતો. મંદિરની ભવ્ય પ્રતિમાઓને બદલે ધાતુની (મુખ્યત્વે પિત્તળની) લઘુ પ્રતિમાઓનો દેવસેવામાં ઉપયોગ થવા લાગ્યો હતો. વળી જૈનોમાં એક એવી ધાર્મિક પરંપરા ઊભી થઈ હતી કે જુદા જુદા તીર્થંકરોની તથા તેઓનાં યક્ષયક્ષીઓની મૂર્તિઓ ભરાવીને (ઢાળવીને) મંદિરમાં શુભ પ્રસંગે ભેટ આપવી. 'બિંબ' ભરાવવાની આ પ્રવૃત્તિનો આ કાલમાં ખૂબ વિકાસ થયો. આવી પ્રતિમાઓના પરિકરના પાછળના ભાગમાં દાતાનું નામ, કલાકારનું નામ, મંદિરનું નામ તથા સંવત પણ કોરવાની પ્રથા હતી, જે આજે પણ ચાલુ છે. પરિણામે અનેક જૈન મંદિરોમાં આ સમયની અસંખ્ય કલાત્મક ધાતુપ્રતિમા પણ ઉપલબ્ધ છે. મંદિરોમાંથી નાની પ્રતિમાઓ મેળવીને ઘરદેરાસરમાં પણ સ્થાપિત કરવામાં આવતી. ધાર્મિક ઉત્સવોમાં આવી ચલ પ્રતિમાઓનો શોભાયાત્રામાં પણ ઉપયોગ કરવામાં આવતો. વૈષ્ણવસંપ્રદાયમાં ગૃહસેવામાં ધાતુની લઘુ પ્રતિમાઓનો ઉપયોગ શરૂ થયો.[૨] વલ્લભ-સંપ્રદાયમાં કૃષ્ણનાં વિભિન્ન બાળ સ્વરૂપો તથા અન્ય સ્વરૂપોની સેવાનું મહત્ત્વ હોઈ બાલગોપાળ લાલજી લાડુ–ગોપાલ વેણુ–ગોપાલ મુરલીધર રાધાકૃષ્ણ વગેરે વિભિન્ન પ્રકારની વિશિષ્ટ ધાતુપ્રતિમાઓનું નિર્માણ થયું. વૈષ્ણવ સંપ્રદાયનાં અનેક મંદિરોમાં ગોવર્ધનનાથજી ત્રીકમજી દ્વારકાધીશજી વગેરેની પથ્થરની સેવ્ય પ્રતિમાઓ સાથે કૃષ્ણનાં આ ભિન્ન સ્વરૂપોની ધાતુપ્રતિમાઓ પણ વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં કોઈ પણ ચુસ્ત વૈષ્ણવના ઘરમાં પણ આ સ્વરૂપ પૂજાતાં જોવા મળે છે. આ સેવ્ય પ્રતિમાઓ સાથે જ મુખ્ય દેવ–દેવીઓને સંબદ્ધ યક્ષ–યક્ષી ચામરધારિણી પરિચારક–પરિચારિકા દીપલક્ષ્મી વગેરેનાં વૈવિધ્યપૂર્ણ શિલ્પ, સુરસુંદરી અને જુદાં જુદાં પક્ષીઓથી સુશોભિત દીપમાલિકાઓ, સાંકળવાળા લટકતા કલાત્મક પશુપક્ષીઓનાં

શિલ્પોવાળા હંસદીપ ગજદીપ અશ્વદીપ કમલદીપ, ધૂપદાની, સુંદર નાગકન્યાઓ અને દીપકન્યાઓથી સુશોભિત આરતી વગેરે અનેક પ્રકારનાં ધાતુશિલ્પોનું નિર્માણ પણ આ સમયમાં થયું. આ દીપ વગેરે શિલ્પ દેવતાને ભેટ આપવાના હેતુ માટે તૈયાર કરવામાં આવતાં. શાસ્ત્રોમાં દીપદાનને શ્રેષ્ઠ દાન ગણવામાં આવ્યું હોઈ કલાકારોએ વિવિધ પ્રકારનાં શિલ્પોથી દીપ તૈયાર કરવામાં પોતાની કલાશક્તિ કામે લગાડી હતી. આ સમય દરમ્યાન ગૃહ-ઉપયોગી ચીજવસ્તુઓમાં પણ વિભિન્ન પ્રકારનાં કલામય ધાતુશિલ્પોનો ઉપયોગ કલાકારોએ કર્યો; જેમકે વિવિધ પશુપક્ષી પૂતળીઓ વગેરેનાં શિલ્પોથી યુક્ત હીંચકા સાંકળો રાચરચીલું વગેરે. આ સમયનાં ધાતુશિલ્પોનો મોટો ગૌરવમય વારસો ગુજરાતનાં કેટલાંક ઘરોમાં અને મંદિરોમાં તેમજ સંગ્રહાલયોમાં સચવાયો છે.

આ સમયનાં ધાતુશિલ્પોનાં મહત્ત્વનાં કેંદ્રોમાં ડભોઈ વીસનગર અને શિહોર (સૌરાષ્ટ્ર) પ્રસિદ્ધ છે.[3] આ સમયનાં ધાતુશિલ્પોમાં મનુષ્ય-આકૃતિઓના ચહેરા એકસરખા અને બીબાંઢાળ વધુ લાગે છે. એનું કારણ આગળ જોયું તેમ વૈષ્ણવો અને જૈનોમાં સેવ્ય પ્રતિમા અને અન્ય સંબદ્ધ પ્રતિમાઓની માંગ વધુ હોવાને લઈ એનું નિર્માણકાર્ય પણ વિપુલ પ્રમાણમાં થવા લાગ્યું. પરિણામે પ્રતિમાઓના ચહેરાઓમાં વૈવિધ્ય આવવાને બદલે એ બીબાઢાળ બની ગયા.

૬. ગુજરાતમાં લગભગ ૧૨ મી સદીથી કાષ્ઠકલાનો વિકાસ શરૂ થયો, પરંતુ લાકડું અલ્પજીવી હોઈ એના પ્રાચીન નમૂના જવલ્લે જ ઉપલબ્ધ થાય છે. પ્રસ્તુત કાલ દરમ્યાન આ કલા એના વિકાસના ચરમબિંદુ પર પહોંચી હતી. એના અનેક નમૂના આજે પણ ઉપલબ્ધ છે. ગુજરાતની આ કાષ્ઠ-શિલ્પ શૈલીએ ભારતીય કલાના ઇતિહાસમાં સારી પ્રતિષ્ઠા મેળવી છે; જોકે આ કલાનો પ્રેરણાસ્રોત પણ સોલંકીકાલીન શ્રેષ્ઠ પ્રસ્તરકલા જ હતી. આ સમયનાં કેટલાંક ગુજરાતી કાષ્ઠશિલ્પો પર ખાસ કરીને સુરસુંદરીઓ પરીઓ ગંધર્વો વગેરે શિલ્પોનાં વેશભૂષા મુકુટ પાઘડી વાજિંત્રો વગેરે બાબતમાં મુખ્યત્વે સ્થાનિક અને કેટલેક અંશે મારવાડી તેમ થોડે અંશે મુઘલ તત્ત્વોની અસર જોવા મળે છે. કાષ્ઠકામમાં મનુષ્ય-આકૃતિઓ શ્રેષ્ઠ ન ગણાય. ચહેરા મોટા અને ચોરસ અને આંખો ફાડેલી વિસ્ફારિત હોય તેવી જણાય છે આમ છતાં સુશોભન, વિભિન્ન પ્રકારની વાનસ્પતિક અને ભૌમિતિક આકૃતિઓ, પશુપક્ષીનાં શિલ્પ, જાળીકામ વગેરેની રચનામાં આ સમયની કાષ્ઠકલા શ્રેષ્ઠ પુરવાર થઈ છે. મુઘલ કાલ દરમ્યાન મંદિરનિર્માણ-પ્રવૃત્તિને વેગ મળતાં પથ્થરની સાથે લાકડાના ઉપયોગ પણ વધ્યો. મંદિરો ઘર-દેરાસરો મકાનો હવેલીઓ વગેરેમાં સુશોભનના હેતુ માટે સ્થાપત્યકલાના અંગ તરીકે કાષ્ઠશિલ્પોનો ઉપયોગ છૂટથી થવા લાગ્યો.

આ કાલનાં શિલ્પોની એક મહત્ત્વની લાક્ષણિકતા એ છે કે એમાં પ્રાચીન શિલ્પકલાની ચેતનતા માર્દવતા વગેરે જોવા મળતાં નથી, પણ એમાં તત્કાલીન વસ્ત્રપરિધાન અલંકારો કેશકલા વગેરેનું પ્રતિબિંબ જોવા મળે છે. મંદિરોના મંડોવર પરની શિલ્પપટ્ટિકાઓ અને લાકડાની શિલ્પપટ્ટિકાઓ પર પણ આ સમયના રિવાજો-ઉત્સવોનું આલેખન થયેલું જોવા મળે છે.

૧. હિંદુ-જૈન પાષાણ-શિલ્પો

શામળાજી(જિ. સાબરકાંઠા)નું ગદાધર મંદિર શિલ્પખચિત છે. મંદિરના ગર્ભગૃહમાં વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની ચતુર્ભુજ પ્રતિમા સ્થાપેલી છે, જે મુખ્ય સેવ્ય પ્રતિમા છે. આ પ્રતિમા ડુંગરપુરના પારેવા પથ્થરમાંથી ઘડેલી અને ૬૯ સેં.મી. જેટલી ઊંચી છે. ગર્ભગૃહની દીવાલો સાદી છતાં એની પૂર્વની ભિત્તિમાં વૈષ્ણવ દેવતાની તથા દક્ષિણે પાર્વતીની પ્રતિમા જડેલી છે.

મંદિરના ત્રીજા મજલા ઉપર મંડપનું પદ્મશિલાયુક્ત ઉદ્દિત પ્રકારનું કલાત્મક વિતાન છે, જેના રૂપકંઠમાં ૧૬ વિદ્યાધરોની સુંદર પૂતળીઓ ગોઠવેલી છે. મંદિરની શૃંગારચોકીઓનું વિતાન પણ આઠ કૃષ્ણ-ગોપીઓનાં શિલ્પોથી સુશોભિત છે. મંદિરના પ્રવેશદ્વારની રક્ષા કરતા બે હાથીનાં પૂર્ણ કદનાં શિલ્પ તથા ગર્ભગૃહ અને મંડપના ભદ્ર આગળનાં હાથીનાં (પાંચ જોડી) શિલ્પ દર્શનાર્થીનું ધ્યાન ખેંચે છે. આ સિવાય મંદિરનાં સ્તંભ તોરણ મંડોવર વગેરે વિભિન્ન પ્રકારની ભૌમિતિક આકૃતિઓ, પુષ્પાંકિત નકશીઓ તથા કીચકો, કીર્તિમુખો, પશુપક્ષીઓ, માનવો, દેવ-દેવીઓ, કિંનરો, ગંધર્વો વગેરે જુદા જુદા પ્રકારનાં વિપુલ શિલ્પોથી સુશોભિત છે. આ શિલ્પ મુખ્યત્વે અર્ધ-મૂર્ત પ્રકારનાં અને રૂઢ પદ્ધતિએ ઘડવામાં આવેલાં જણાય છે.

આ મંદિરનાં દેવતાઓનાં મહત્ત્વનાં શિલ્પોમાં યમ કુબેર ઈશાન અગ્નિ નિર્ઋતિ ઇંદ્ર વાયુ વરુણ વગેરે દિક્પાલો તેમજ વિભિન્ન મુદ્રામાં બેઠેલા ઊભેલા કે નૃત્ય કરતા ગણેશ વગેરેનાં કલામય શિલ્પોનો સમાવેશ થાય છે. શિવનાં વિભિન્ન સ્વરૂપવાળાં શિલ્પ પણ અહીં જોવા મળે છે, જેમાં મંદિરના દક્ષિણ-ઝરૂખામાં છ ભુજાઓવાળા શિવનું સૌથી સુંદર શિલ્પ આવેલું છે. એમના હાથમાં માલા દંડ ત્રિશૂળ નાગ ખટ્વાંગ અને કમંડળ ધારણ કરેલ છે. પાસે એમનું વાહન નંદી પણ છે. મંડોવર પર વિષ્ણુનાં બે શિલ્પ-એક નૃત્યમુદ્રામાં અને બીજું ગરુડારૂઢ લક્ષ્મીનારાયણ સ્વરૂપ કંડારવામાં આવ્યાં છે. મંડપની વેદિકા પર ત્રિવિક્રમ સ્વરૂપ વિષ્ણુનું

તથા તોરણો પર પણ વિષ્ણુનાં શિલ્પ કંડારવામાં આવ્યાં છે. દેવીઓનાં શિલ્પોમાં ઇંદ્રાણી સ્વાહા યમી તથા વૈષ્ણવી દેવીનાં જુદાં જુદાં સ્વરૂપોનો સમાવેશ થાય છે. ઉપરાંત વિવિધ નૃત્યમુદ્રાઓમાં સુંદર અલંકારોથી શોભિત દેવાંગનાઓનાં શિલ્પ તથા ધોતી પહેરેલા, દાઢીવાળા કે દાઢી વગરના કમંડલુ ધારણ કરેલા તાપસો-(સાધુઓ)નાં શિલ્પ પણ ધ્યાન ખેંચે છે. આ મંદિરના જુદા જુદા નરથરમાં રામાયણ ભાગવત તથા પુરાણોના પ્રસંગોને આવરી લેતી શિલ્પપટ્ટિકાઓ (આ. ૩૯-૪૦) વિશેષ મહત્ત્વની છે. જેમાં રામવનવાસ, વાનરસેના સાથે ધનુષબાણથી સજ્જ રામ, સાત વૃક્ષોને એક જ બાણથી વીંધતા રામ, સુવર્ણમૃગ અને મારીચવધ, સીતાહરણ, રાવણ-જટાયુયુદ્ધ, લંકા પર રામની ચડાઈ, કુંભકર્ણની ઘોર નિદ્રામાંથી જાગૃતિ, લંકા-વિજય પછી રામ-સીતા મિલાપ વગેરે રામાયણનાં દૃશ્ય આપેલાં છે. ભાગવતનાં દૃશ્યોમાં નવજાત શિશુ બાલકૃષ્ણને ટોપલામાં લઈને વસુદેવનું ગોકુલગમન, ગોકુલમાં કૃષ્ણ-જન્મોત્સવ, પૂતનાવધ, કાલીયમર્દન, યમલાર્જુન વૃક્ષોનો ઉદ્ધાર, દાણલીલા, વસ્ત્ર-હરણ વગેરે કથાનકોવાળી શિલ્પપટ્ટિકાઓનો સમાવેશ થાય છે. આ સિવાય બીજા પણ અનેક પૌરાણિક અને સામાજિક પ્રસંગોને શિલ્પ-પટ્ટિકામાં કંડારવામાં આવ્યા છે. કલાકારોએ આ બધાં શિલ્પોમાં પરંપરાનું ઠીક ઠીક અનુકરણ કર્યું છે. એ દ્વારા તત્કાલીન વેશભૂષા વિશે જાણકારી મળે છે.[૪]

આ કાલનું બીજું ભવ્ય મંદિર છે દ્વારકાધીશનું જગતમંદિર. એની મુખ્ય મૂર્તિ ડુંગરપુરના શ્યામપાષાણની બનેલી ૬૯ સેં.મી. ઊંચી ત્રિવિક્રમ સ્વરૂપની છે. એમના હાથમાં અનુક્રમે પદ્મ ગદા ચક્ર અને શંખ છે. આ ઉપરાંત ગર્ભગૃહમાં જ દીવાલોના ભદ્રગવાક્ષોમાં પૂર્વ તથા દક્ષિણે ત્રિવિક્રમની તથા ઉત્તરે લક્ષ્મીનારાયણની યુગલમૂર્તિ આવેલી છે, જ્યારે મંડોવર (બહારની દીવાલો)નાં ગવાક્ષોમાં અષ્ટદિક્પાલ કંડારેલ છે. અગ્નિકોણથી શરૂ કરતાં અનુક્રમે અગ્નિ (ખંડિત), ઇંદ્ર (ઉપલા બે હાથમાં અંકુશ અને વજ્ર), ઈશાન (ઉપલા બે હાથમાં ત્રિશૂળ અને સર્પ), કુબેર (ઉપલા બે હાથમાં અંકુશ અને દ્રવ્યનિધિ તથા જમણી બાજુ વાહન હાથી), વાયુ(હાથ ખંડિત, પણ વાહન હરણ સ્પષ્ટ), વરુણ (હાથ ખંડિત), નિર્ઋતિ તથા યમ (એક હાથમાં કુક્કુટ) આવેલા છે. આ પ્રકારનુ શિલ્પસુશોભન મંડોવરના ચાર મજલાઓના પ્રતિરથાદિ ગવાક્ષોમાં પણ જોવા મળે છે. મંદિરના પશ્ચિમ તરફના ગવાક્ષમાં બેઠેલા ચતુર્ભુજ વિષ્ણુનું સુંદર શિલ્પ આવેલું છે, જ્યારે શૃંગારચોકીઓમાં ભદ્રભાગનાં સૌથી ઉપરનાં મથાળાં વ્યાલ-શિલ્પોથી સુશોભિત છે.[૫]

જગતમંદિર સિવાય ત્યાં ત્રિવિક્રમજી વેણીમાધવ પ્રદ્યુમ્નજી પુરુષોત્તમજી વગેરે મંદિર પણ આવેલાં છે. આ મંદિરોની સેવ્ય પ્રતિમાઓ પણ આ જ સમયની છે.

વિંઝાણ(તા. અબડાસા)ના રમેશ્વર મહાદેવના ગર્ભગૃહની મધ્યમાં શિવલિંગ અને સામી દીવાલના ગોખમાં પાર્વતી અને ગણપતિની મૂર્તિઓ આવેલી છે. મંડોવર પર શિલ્પથરો તથા પૌરાણિક આકૃતિઓ કંડારેલી છે. મુખ્ય ઘૂમટનો વિતાન ઉદ્દિત પ્રકારનો પદ્માકાર છે તેમાં આઠ કહાન અને આઠ ગોપીઓની સુંદર પૂતળીઓ નજરે પડે છે. બાજુના બે મંડપ પૈકી એકમાં હનુમાનની અને બીજામાં મહિષાસુર-મર્દિનીની કદાવર પ્રતિમાઓ સ્થાપેલી છે.

નારાયણ સરોવર(કચ્છ)ના ત્રીકમરાયજીનું મંદિર વિ.સં. ૧૭૯૦(ઈ.સ. ૧૭૩૪)માં કચ્છના મહારાવ દેસળજીનાં પટરાણી મહાકુંવરબાએ બંધાવેલ અને એ જ વર્ષમાં ચતુર્ભુજ ત્રીકમરાયજીની મુખ્ય મૂર્તિ એમાં પ્રતિષ્ઠિત કરાવેલ. પારેવા પથ્થરની આ મૂર્તિમાં સમભંગાવસ્થામાં ઊભેલા દેવની ડાબી તરફ વિષ્ણુના જય–વિજય નામના અનુચર છે. મૂર્તિના ચાર હાથમાં અનુક્રમે પદ્મ ગદા ચક્ર અને શંખ છે. વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપો પૈકીનુ આ ત્રિવિક્રમતું સ્વરૂપ ગુજરાતમાં ઘણું પ્રસિદ્ધ છે. મૂર્તિની પીઠિકા નીચે દોઢેક ફૂટ ઊંચી વીરાસનમાં અંજલિ મુદ્રામાં ગરુડની મૂર્તિ છે. ડાબા પગમાં થઈને પેટ સુધી જાડેલા હાથની નીચે લાંબો સર્પ છે. એની ફેણ જોડાયેલા હાથ નીચે આવે છે. ગરુડની મૂર્તિના શિલ્પકામ પર કાષ્ઠકલાની અસર જણાય છે એ નોંધપાત્ર છે. આ ત્રીકમરાયજીના મંદિર પાસે લક્ષ્મીનારાયણનું મંદિર આવેલું છે તેમાંની શ્યામ પાષાણની લક્ષ્મીનારાયણની યુગલમૂર્તિ પણ આ આ જ સમયમાં સ્થપાયેલી છે. આ ઉપરાંત ત્યાં આવેલાં બીજા દ્વારકાધીશજી આદિનારાયણ ગોવર્ધનરાયજી રણછોડરાયજી તથા લક્ષ્મીજી વગેરેનાં મંદિરોમાંની સેવ્ય પ્રતિમાઓ પણ આ જ સમયની છે. આ પ્રતિમાઓમાં દ્વારકાધીશજી અથવા રણછોડજીની પ્રતિમા બીજે બધે હોય છે તેમ ચતુર્ભુજ ત્રિવિક્રમ સ્વરૂપની છે. આદિનારાયણ અને ગોવર્ધનનાથજીની પ્રતિમાઓ પણ ત્રિવિક્રમ સ્વરૂપની છે, જ્યારે લક્ષ્મીજીના મંદિરમાં લક્ષ્મીજીની ચતુર્ભુજ પ્રતિમા છે. આ બધી જ મૂર્તિઓ કાળા ઓપદાર આરસની છે.[૬]

' મિરાતે અહમદી ' મુજબ અમદાવાદનું અસારવાનું નીલકંઠ મહાદેવનું મંદિર આ સમય દરમ્યાન બંધાયું છે, જેમાં એક દશભુજ ગણેશની ઊભી પ્રતિમા આવેલી છે (આ. ૪૧). એમના હાથમાં બીજોરું ગદા બાણ અંકુશ ચક્ર પાશ ધનુષ, દંત વગેરે નજરે પડે છે. પેટ પર સર્પબંધ છે. કમર ફરતે વસ્ત્ર વીંટળાયેલું દેખાય છે. ડાબે પડખે સિદ્ધિ કે બુદ્ધિ દેવીની ઊભી લઘુ પ્રતિમા છે. જમણી તરફ નીચે એમના વાહન ઉંદરનું પણ શિલ્પ છે. ગણેશનો જટામુકુટ, ઉપવસ્ત્ર, દેવીનાં વસ્ત્રાલંકાર, બંનેના ચહેરાના આકાર વગેરે આ સમયમાં ઊતરતી

જતી શિલ્પશૈલીનાં લક્ષણ સ્પષ્ટ કરે છે.૭ છતાં આ સમયની પ્રતિમાઓમાં આને ઉત્તમ કક્ષાની પ્રતિમા ગણી શકાય.

ઈડરની રણમલ ચોકીના ગવાક્ષમાં નૃત્યગણેશનું એક ભાવવાહી શિલ્પ આવેલું છે. એમની નૃત્યમુદ્રામાં ગતિશીલતા લાવવામાં કલાકારને સફળતા મળી છે. હાર, કટિમેખલાથી બાંધેલું કટિવસ્ત્ર અને પાઘડી જેવો ગોળ મુકુટ વિશિષ્ટ છે. ગણેશની નીચે એમનું મૂષકવાહન લઘુ કદમાં કંડારેલું છે.

હડાદ(તા. ખેડબ્રહ્મા)માં ધોરી માર્ગ પર એક મકાનઘાટનું મંદિર આવેલું છે તેના મેદાનમાં દીવાલ પાસે ત્રિમુખ બ્રહ્માજીની આ સમયની પ્રતિમા પડેલી છે. એમની મુખાકૃતિ લંબગોળ અને કંઈક વિચિત્ર આકારની લાગે છે. એમના જમણા હાથમાં સ્રુવ અને અક્ષમાળા, ડાબા હાથમાં પુસ્તક અને કમંડળ ધારણ કરેલ છે, જે ઘાટ વગરનાં છે. શરીરનાં અંગ પણ પ્રમાણસર નથી. દાઢી મુચ્છલ ઢબની કાન સુધી લંબાયેલી દેખાય છે, જટામુકુટ પણ સામાન્ય છે. એકંદરે બ્રહ્માજીની પ્રતિમા કઢંગી અને ચેતન વગરની જણાય છે. બંને તરફ એવી જ આકૃતિઓવાળા બે સેવકોનાં તથા હંસનાં શિલ્પ કંડારેલાં છે. આ કાલમાં શિલ્પકલાનો કેટલો હ્રાસ થયો અને સ્થાનિક તત્ત્વોની એના પર કેવી અસર પડી એના નમૂના રૂપ આ પ્રતિમા ગણી શકાય.

ગોરેલ (તા. ઈડર, જિ. સાબરકાંઠા) ગામમાં શામળાજીનું મંદિર આવેલું છે તેમાં મરકત શિલામાંથી ઘડેલી ૯૭ સેં.મી. ઊંચી વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની પ્રતિમા સ્થાપેલી છે(આ. ૪૨). એમણે ચાર હાથમાં પદ્મ ગદા ચક્ર અને શંખ ધારણ કરેલ છે. બાજુમાં પાઘડી પહેરેલા બે સેવક ઊભા છે. આ પ્રતિમાનાં અંગ-ઉપાંગો સહિત હાથનાં આંગળાં અને પંજામાં પ્રમાણમાપનો કોઈ ખ્યાલ રખાયો નથી. કાનનાં કુંડળ ધાતુની દીપકન્યાઓના કાનમાં જોવા મળે છે તેવાં કડી જેવાં જણાય છે. મુકુટ પણ ઊંચો નગાકાર જેવો ધારણ કરેલો છે.૮

ખંભાતના મહાલક્ષ્મી મંદિરમાં સફેદ આરસની લક્ષ્મીજીની મૂર્તિ (આ. ૪૩) આ સમયની છે. એમની શરીરરચનામાં પ્રમાણમાપનો કોઈ ખ્યાલ રખાયો નથી. હાથપગ શરીરના પ્રમાણમાં ઘણા લાંબા છે. ગળાનો હાર, હાંસડી, પગનાં કલ્લાં, મુઘલ ચિત્ર શૈલીમાં આવતા મુકુટ જેવો મુકુટ, કરબદ્ધ અવસ્થામાં નીચે બંને બાજુ પાઘડી પહેરીને બેઠેલા સાધુઓ વગેરેમાં મધ્યોત્તરકાલીન શિલ્પકલાનાં લક્ષણ તરી આવે છે. મૂર્તિની આસપાસ લંબચોરસ ઘાટનો દ્વારવતારના પટ્ટવાળો પરિકર છે.

વાડજ-અમદાવાદમાં કાશ્મીરા મહાદેવમાં ગરુડારૂઢ શ્રીલક્ષ્મીનારાયણની યુગલ-મૂર્તિ આવેલી છે. પર્ણાકાર ચહેરા, અલંકારો પર ખાસ કરીને ગળાના હારમાં,

સ્થાનિક લોકકલાનો પ્રભાવ, સાદાં આયુધ, હેટ જેવો મુકુટ, ગરુડનો પણ પાઘડી ઘાટનો મુકુટ વગેરે આ શિલ્પની વિશેષતા છે.[૯]

ખંભાતમાં મહાલક્ષ્મીના મંદિરમાં આ જ સમયની એક મહિષમર્દિનીની મૂર્તિ છે. આ મૂર્તિ પણ આ કાલની કલાના નમૂનારૂપ છે. ગુજરાતની પ્રાચીન શિલ્પપરંપરામાં મહિષાસુરમર્દિનીની પ્રતિમાઓના સ્વરૂપમાં જોવા મળતી ગતિ અહીં જોવા મળતી નથી.

માંડવી(કચ્છ)ના સુંદરવર મંદિરની સુંદરવરજીની ત્રિવિક્રમ સ્વરૂપની સેવ્ય પ્રતિમા, અમદાવાદના ખાડિયામાં આવેલ કાશી વિશ્વનાથ મંદિરની વિ. સં. ૧૬૪૦(ઈ.સ. ૧૫૮૪)નો લેખ ધરાવતી ત્રિવિક્રમ પ્રતિમા, બાકરોલ(તા. દસક્રોઈ, જિ. અમદાવાદ) ની વિ.સં. ૧૬૪૧ (ઈ.સ. ૧૫૮૫) નો લેખ ધરાવતું શાલભંજિકાનું શિલ્પ, અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલ નીલકંઠ મહાદેવના મંદિરની પાર્વતીની પ્રતિમા, અમદાવાદની દોશીવાડાની પોળમાં આવેલ નટવરલાલ શ્યામલાલજીના હવેલીની વેણુગોપાલની દ્વિભુજ પ્રતિમા વગેરે પણ આ કાલની ઉલ્લેખનીય પ્રતિમાઓ છે.

સાબલી–પ્રતાપગઢ (જિ. સાબરકાંઠા) ગામમાં દિગંબર જૈન મંદિરમાં સહસ્રફેણા પાર્શ્વનાથ ભગવાનની કાળા આરસની સુંદર પદ્માસનસ્થ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે (આ.૪૮), જેની પાટલી પર સંવત ૧૬૪૮(ઈ.સ. ૧૫૯૨)નો લેખ છે. એમના પર છત્ર ધરતા સહસ્ર ફેણવાળા નાગનું શિલ્પકામ ઘણું બારીક અને મનોહર છે. પણ ચોરસ મુખાકૃતિ, મોટી આંખો, કોણી પાસેના ખૂણા, હથેળીનું કોતરકામ, વાળની શૈલી વગેરે આ સમયની કલાનાં લક્ષણ દર્શાવે છે.[૧૦]

શત્રુંજય પહાડની ચોમુખજીની ટૂક પર આવેલ ચૌમુખજીના મંદિર કે ચતુર્મુખ પ્રાસાદના વિશાળ ગર્ભગૃહમાં ચારે બાજુથી કલામય કોતરણીવાળા આરસના ૬૦ સેં. મી. ઊંચા સિંહાસન પર ચાર દિશામાં મોં રાખીને પદ્માસનમાં બેઠેલી આદિનાથની ૩.૩ મીટર ઊંચી ચાર ભવ્ય મૂર્તિ આવેલી છે તેમની ભ્રમર પર રત્નો તથા છાતી, ખભા અને ગોઠણ પર સોનાનાં પતરાં મઢેલાં છે. કેટલીક વાર મુકુટ પણ પહેરાવવામાં આવે છે. આ મૂર્તિઓ પર સં. ૧૬૭૫(ઈ.સ. ૧૬૧૯) નો લેખ છે. આ મંદિરના અંતરાલના ગોખમાં પાષાણની નાનીમોટી અનેક પ્રતિમા વિરાજમાન છે.[૧૧]

શત્રુંજય પહાડ ઉપર ડાબી તરફ બીજું પણ એક આદીશ્વર ભગવાનનું ચોમુખ મંદિર આવેલું છે. આ મંદિર ૨૧ સિંહ, ૪ યોગિની, ૧૦ દિક્પાલ, જિન મૂર્તિઓથી યુક્ત ચારે તરફ સુંદર દેવકુલિકાઓ, ૩૨ પૂતળી અને ૩૨

તોરણ વગેરેથી સુશોભિત છે. ગર્ભદ્વાર પાસે ગજારૂઢ નાભિરાજ તથા મરુદેવીની મૂર્તિઓ દેખાય છે.[૧૨]

આ સિવાય પણ શત્રુંજય પહાડ પર નેમિનાથ શાંતિનાથ પાર્શ્વનાથ ધર્મનાથ સુમતિનાથ વગેરે તીર્થંકરોનાં બીજાં અનેક મંદિર આ સમયમાં બંધાયાં. એમાં હજારોની સંખ્યામાં આ કાલની જૈન મૂર્તિઓ સંગ્રહાયેલી છે.

અમદાવાદમાં ઝવેરીવાડની સંભવનાથની ખડકીમાં શ્રી સંભવનાથનું પ્રાચીન મંદિર આવેલું છે તેના ભોંયરામાં સંભવનાથની પૂર્ણ કદ કરતાં પણ વિશાળકાય પ્રતિમા આવેલી છે. સફેદ આરસમાંથી કંડારેલી આ પ્રતિમા ખૂબ જ પ્રભાવોત્પાદક છે. એની આસપાસ કલાત્મક દર્શનીય પરિકર આવેલો છે. આ પરિકર કાઉસગ્ગિયા અવસ્થામાં ઊભેલા બે તીર્થંકર તથા બારીક કોતરણીયુક્ત સ્તંભો તથા ગંધર્વાદિ શિલ્પોથી યુક્ત તોરણથી સુશોભિત છે. એના પબાસણની કોતરણી પણ નમૂનેદાર છે. મૂર્તિ નીચે સંવત ૧૬૫૯(ઈ.સ. ૧૬૦૨-૩)નો લેખ છે.[૧૩]

અમદાવાદમાં ઝવેરીવાડમાં આવેલી નીશાપોળમાં જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર આવેલું છે તેના ઊંડા ભોંયરામાં શ્રીપાર્શ્વનાથ ભગવાનની સફેદ આરસની ૧.૮ મીટર ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા સ્થાપેલી છે. સુંદર કલામય મુખમુદ્રામાંથી હાસ્ય નીતર્યા કરતું હોય અને એ દર્શકના હૃદયને આહ્લાદિત કર્યા કરતું હોય એમ લાગે છે. પબાસણની કોતરણી પણ કલાત્મક છે. આ મૂર્તિ સં. ૧૬૫૯(ઈ.સ. ૧૬૦૨-૦૩)માં પ્રતિષ્ઠિત કર્યાનો લેખ છે. નીચે ગર્ભદ્વારમાં ઊતરતાં છત ઉપર પૂજાનાં ઝાંઝ-પખાજ વગાડતા ભક્ત-શ્રાવકો નજરે પડે છે, જે મુઘલ કલાના પ્રતીક જેવા છે.[૧૪]

કુંભારિયા(આરાસણ)માં પ્રાચીન જૈન મંદિરસમૂહમાં સૌથી મોટો નેમિનાથપ્રાસાદ છે. નેમિનાથ ભગવાનની પ્રાચીન મૂર્તિ (૧૨ મી સદી) ખંડિત થવાથી ઈ.સ. ૧૬૧૮ માં મુનિ શ્રીવિનયદેવસૂરિજીએ નેમિનાથજીની નવી મૂર્તિની પુનઃપ્રતિષ્ઠા કરાવી હોવાનો એના પર લેખ છે. સફેદ આરસની એ ભવ્ય પ્રતિમા છે. નેમિનાથજી પદ્માસન અવસ્થામાં બેઠેલા છે. આ સિવાય ત્યાંનાં મહાવીરસ્વામી તથા પાર્શ્વનાથનાં મંદિરોમાં પણ મૂળનાયકની પ્રતિમાઓની પ્રતિષ્ઠા મુનિશ્રી વિજયદેવસૂરિએ આ સમયમાં કરાવી હતી.[૧૫]

તીર્થધામ શત્રુંજય પર વાઘણપોળમાં પ્રવેશતાં જ અમીઝરા પાર્શ્વનાથજીનું દેરાસર આવે છે, જેના મૂળ નાયક તરીકે અમીઝરા પાર્શ્વનાથજી બિરાજમાન છે. કાળા આરસમાંથી બનાવેલી આ પ્રતિમા પ્રભાવશાળી લાગે છે. મસ્તક પર સાત ફેણવાળા નાગની પાટલી નીચે સં. ૧૭૯૧(ઈ. ૧૭૩૪-૩૫)નો લેખ છે.[૧૬]

૨. હિંદુ–જૈન ધાતુ-શિલ્પો

વડોદરા મ્યુઝિયમમાં ૧૬ મી સદીના ઉત્તરાર્ધની એક મહિષાસુરમર્દિનીની અષ્ટભુજાવાળી સુંદર પ્રતિમા સચવાયેલી છે. એના હાથમાં ખડ્ગ ગદા પાશ ત્રિશૂલ ઢાલ ખટ્વાંગ કપાલ અને મહિષમુંડ ધારણ કરેલા છે. સિંહ પાસે ત્રિભંગયુક્ત ઊભેલાં દેવી ત્રિશૂળથી મહિષાસુરનો વધ કરતાં જણાય છે.

ખેડબ્રહ્માના બ્રહ્માજી મંદિરના ગર્ભગૃહમાં કેટલીક ધાતુપ્રતિમાઓ પડેલી છે, જેમાં મહિષમર્દિની વિષ્ણુ તથા દીપલક્ષ્મીનાં સુંદર શિલ્પોનો સમાવેશ થાય છે. મહિષમર્દિનીએ દસ હાથમાં પરંપરાગત આયુધ ધારણ કરેલાં છે. દેવી ત્રિભંગ અવસ્થામાં અસુરનો વધ કરતાં જણાય છે. વિષ્ણુની પ્રતિમામાં ચતુર્ભુજ દેવ સમભંગ સ્થિતિમાં ઊભા છે. એમના જમણા હાથમાં ગદા અને પદ્મ અને ડાબા હાથમાં શંખ અને ચક્ર ધારણ કરેલાં છે. મસ્તક પર સાદો મુકુટ છે. પાછળ સાદો તોરણાકાર પરિકર છે. દીપકન્યાનું દેહલાલિત્ય ત્રિભંગમુદ્રામાં ખીલી ઊઠયું છે. જમણો હાથ દીપક ધારણ કર્યો હોય તેવી સ્થિતિમાં છે ને ડાબો હાથ કમર નીચે લટકતો રાખેલો છે. આ ત્રણેની પ્રતિમાઓમાં સાદો મુકુટ, કાનનાં વલયાકાર કુંડળ, દાઢી પાસેથી ત્રિકોણાકાર અને એકંદરે ચોરસ સ્વરૂપનો ચહેરો વગેરે જોવા મળે છે, જે આ સમયની કલાનાં લક્ષણ દર્શાવે છે.

અમદાવાદના દોશીવાડાની પોળમાં આવેલા નટવરલાલજીના પ્રસિદ્ધ વૈષ્ણવ મંદિરમાં શ્રીકૃષ્ણનાં વિભિન્ન સ્વરૂપોની પિત્તળની અનેક ધાતુપ્રતિમાઓ સચવાયેલી છે. એમાં લાલજી વેણુગોપાલ અને રાધાકૃષ્ણની ત્રણ સુંદર સેવ્ય પ્રતિમાઓનો સમાવેશ થાય છે. બાળસ્વરૂપ લાલજી ભાંખરભરિયા સ્થિતિમાં બેઠેલા છે (આ. ૪૫). બે પગ અને એક હાથ જમીન પર ટેકવેલા છે ને એક હાથમાં લાડુ રાખેલો છે. આ સ્વરૂપને 'લાડુગોપાલ' પણ કહેવામાં આવે છે. માથે ગોળ ટોપી ઘાટનો ફૂમતાવાળો મુકુટ ધારણ કરેલો છે. વેણુગોપાલ (આ. ૪૬) પગે આંટી પાડીને ત્રિભંગમાં ઊભેલા છે. તેઓ જમણી તરફ બંસી રાખી વગાડતા હોય એમ લાગે છે. એમણે સાદો કિરીટમુકુટ ગોળ કુંડળ અને ઘૂંટણ સુધીનું કટિવસ્ત્ર ધારણ કરેલ છે. રાધાકૃષ્ણની પણ આ જ સ્વરૂપની પ્રતિમા છે (આ. ૪૭). કૃષ્ણની સ્થિતિ ઉપર વર્ણવ્યા મુજબ બંસીવાદકની છે. બાજુમાં રાધાજી છે. આ બંને પ્રતિમાઓ–વેણુગોપાલ અને રાધાકૃષ્ણ–ની મુખાકૃતિઓ બીબાઢાળ લાગે છે. આ કાલમાં મનુષ્યાકૃતિઓવાળાં શિલ્પોના—પછી એ દેવ-દેવી હોય, ચામરધારી હોય કે દીપકન્યા હોય, પરંતુ સહુના ચહેરા એકસરખા જોવા મળે છે. એમાં ખાસ ફેરફાર જોવા મળતો નથી. આમ બીબા-ઢાળ ચહેરા ચોરસ અને વલયાકાર કુંડલ આ કાળની ધાતુપ્રતિમાઓનું મહત્ત્વનું લક્ષણ છે, જે અહીં જોવા મળે છે.

અમદાવાદના લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિરના સંગ્રહમાં (દિગંબર) પાર્શ્વ-નાથની એક પદ્માસનસ્થ ધાતુપ્રતિમા સુરક્ષિત છે. પ્રતિમાનું પબાસણ (ગાદી) નવગ્રહ પટ્ટિકા તથા આંટી પાડીને બેઠેલા બે સર્પોનાં અર્ધશિલ્પોથી સુશોભિત છે. પાર્શ્વનાથજીની બંને તરફ ધરણેંદ્ર અને પદ્માવતીનાં બે સુંદર લઘુશિલ્પ કરેલાં છે. પબાસણની પાછળના ભાગમાં સં. ૧૬૫૮(ઈ.સ. ૧૬૦૧–૦૨)નો લેખ છે. પ્રતિમાનું માપ ૧૩.૫×૮ સેં.મી. છે.

એ જ સંસ્થામાં એકલ મહાવીરના નામે ઓળખાતી મહાવીરસ્વામીની પદ્માસન-વિરાજિત ધાતુની સુંદર પ્રતિમા આવેલી છે તેના લંબગોળાકાર કાન કલામય રીતે ખભાને સ્પર્શે છે (આ. ૪૯). મુખાકૃતિ સૌમ્ય અને ધ્યાન મુદ્રામાં છે. કમર પરનો ચાંદીનો સાદો કંદોરો પ્રતિમા જૈન શ્વેતાંબર પંથની હોવાનું સૂચવે છે. કરબદ્ધાવસ્થામાં રહેલાં આંગળાં ખંડિત છે. નીચે પાટલી પર સં. ૧૬૯૭(ઈ.સ. ૧૬૪૦–૪૧)નો લેખ છે. પ્રતિમાનું માપ ૧૨.૫×૯ સેં.મી. છે.

એ સંસ્થામાં બીજી પણ પાર્શ્વનાથજીની એક ઊભી કાઉસગ્ગ ધાતુપ્રતિમા સુરક્ષિત છે, જે તદ્દન નાના કદની ૬.૨×૫ સેં.મી. માપની છે. પગની પાનીઓ ખંડિત થઈ ગયેલી છે. મસ્તક પર નાગની છાયા છે. પ્રતિમા ૧૭ મી સદીના પૂર્વાર્ધની જણાય છે.

વડોદરા મ્યુઝિયમની ઇન્ડિયન આર્ટ ગૅલરીમાં સંભવનાથની પિત્તળની ધાતુ-પ્રતિમા સચવાયેલી છે. એના પરિકરના પાછળના ભાગમાં વિ.સં. ૧૭૦૬(ઈ.સ. ૧૬૪૯-૫૦)નો લેખ છે. સુખાસનમાં બિરાજેલ સંભવનાથની સૌમ્ય મુખાકૃતિ અને પાછળનો કલાત્મક પરિકર દર્શનીય છે. નીચે પાટલી પર અશ્વનું લાંછન છે.

અમદાવાદ–ઝવેરીવાડના એક જૈન મંદિરમાં કલાત્મક પરિકર (પંચતીર્થી)માં પદ્માસનસ્થ તીર્થંકર વિમલનાથની પ્રતિમા (આ. ૫૦) આવેલી છે. એમની કમર પર ચાંદીનો કંદોરો છે. પંચતીર્થીના સ્તંભોમાં બે પદ્માસનસ્થ અને બે કાઉસગ્ગ મુદ્રામાં તીર્થંકરોનાં લઘુશિલ્પ કંડારેલાં છે. એનું તોરણ હસ્તિ–યુગ્મ, બે ગંધર્વો, મયૂર વગેરે શિલ્પોથી સુશોભિત છે. નીચેનું પબાસણ પણ જુદી જુદી આકૃતિઓથી સુશોભિત છે. પંચતીર્થી પર સં. ૧૭૦૬(ઈ.સ. ૧૬૪૯–૫૦)નો લેખ છે.

વડોદરા મ્યુઝિયમમાં ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથની પિત્તળની ધાતુપ્રતિમા સચવાયેલી છે. પાર્શ્વનાથ પદ્માસન લગાવી ધ્યાનસ્થ મુદ્રામાં બેઠેલા છે. મસ્તક પર નાગની છાયા છે. એમની જમણી બાજુ ગજમુખ પાર્શ્વયક્ષ છે, જેણે બે હાથમાં સર્પ અને બીજા બે હાથમાં ફળ અને નકુલ ધારણ કર્યાં છે. ડાબી તરફ યક્ષી

પદ્માવતી બિરાજમાન છે. એમના હાથમાં પાશ અંકુશ કમલ અને ફળ છે. સમગ્ર પ્રતિમા ફરતો કલાત્મક પરિકર છે. આ પ્રતિમા ૧૮ મી સદીના પ્રારંભની છે. ગુજરાતમાં પાર્શ્વનાથની ધાતુપ્રતિમાઓ સેંકડોની સંખ્યામાં ઉપલબ્ધ છે.

ધાર્મિકેતર ધાતુ–શિલ્પોમાં દીપલક્ષ્મી કે દીપકકન્યા, ચામરધારી અને ચામરધારિણી વગેરે પ્રકારનાં અસંખ્ય શિલ્પ આ કાલનાં મળે છે તે પૈકી વડોદરા મ્યુઝિયમમાં સંગ્રહાયેલાં કેટલાંક શિલ્પ નોંધપાત્ર છે :

(૧) ચામરધારી પુરુષનું શિલ્પ મુઘલ કલાનો ઉત્તમ નમૂનો છે (આ. ૫૧). એના માથા પર મુઘલ ઢબની પાઘડી પહેરેલી છે. આ જ પ્રકારે દીપકન્યાના શિલ્પમાં પણ માથે મુઘલ ઢબની પાઘડી જોવા મળે છે (આ. ૫૨). બંનેનાં વસ્ત્ર પણ મુઘલ અને મારવાડી વલણનાં દ્યોતક છે. આ શિલ્પ ગુજરાતના કલાત્મક ધાતુકામના નમૂનારૂપ છે. એમનો સમય ૧૭ મી સદીનો ઉત્તરાર્ધ ગણવામાં આવ્યો છે.

(૨) આ સમયની અણહિલવાડ–પાટણની ચામરધારિણી(આ. ૫૩)ની પણ એક કલાત્મક ધાતુપ્રતિમા અહીં સંગૃહીત છે. સામાન્ય રીતે મુખ્ય દેવ-પ્રતિમાની આસપાસ ચામરધારી પુરુષ કે સ્ત્રીની પ્રતિમા કે એમને સંબદ્ધ પ્રતિમા ગોઠવવામાં આવે છે. આ ચામરધારિણીનો ચામરવાળો ડાબો હાથ ઊંચો છે. ચામરનો બીજો છેડો કલાત્મક રીતે એના મુકુટ સાથે જોડેલો છે. જમણો હાથ દીપક ધારણ કરવા તત્પર હોય એ રીતે રાખેલો છે. અહીં એના પગ ગોપાલ-મુદ્રામાં (આંટી પાડીને) રાખેલા છે. ડાબા ખભા પરથી ઘૂંટણ સુધી લટકતું ઉપવસ્ત્ર અને કલામય રીતે પહેરેલું કટિવસ્ત્ર એની સુંદરતામા વધારો કરે છે. પર્ણાકાર મુખાકૃતિ અને મોટી આંખો આ સમયની શિલ્પકૃતિઓનાં લક્ષણ દર્શાવે છે. એની રચના ૧૭ મી સદીનાં મધ્ય ભાગમાં થયેલી જણાય છે.[૧૭]

(૩) ૧૭ મી સદીના અંતભાગની પાટણ–અણહિલવાડ વિસ્તારમાંથી મળેલી દીપ–કન્યાઓની જોડી પણ આ મ્યુઝિયમના સંગ્રહમાં છે. એમાં બંનેની નાજુક દેહયષ્ટિ, લાંબા પગ, નાનું માથું, પીઠનો ભાગ ઢાંકતું માથા પરનું ઓઢણું, પગની ઘૂંટીથી સહેજ ઊંચો ચણિયો, કમર સુધી લટકતો ચોટલો, વગેરે જોતાં એ સ્થાનિક લોકકલાનું પ્રતિબંબ પાડે છે. એમનાં વસ્ત્રો પર મુઘલ ભાત કોતરવામાં આવી છે. એમનો ઊંચો અને મજબૂત બાંધો જોતાં એમનું વ્યક્તિત્વ જાજરમાન લાગે છે. એમણે બે હાથ દીપક ધારણ કર્યો હોય એવી સ્થિતિમાં રાખેલા છે. દીપકન્યાઓની આ જોડી ગુજરાતની લોકકલાના નમૂનારૂપ છે.[૧૮]

(૪) પિત્તળનું એક મોટું કલાત્મક દીપવૃક્ષ પણ અહીં પ્રદર્શિત કરવામાં આવ્યું છે. મયૂરાકાર પાયાવાળા અષ્ટકોણ બાજઠ પર હાથીની પીઠિકા

પર એને ગોઠવવામાં આવ્યું છે એને દીપલક્ષ્મી, મયૂરનાં અનેક લઘુશિલ્પ અને દીવીઓથી સુશોભિત કરવામાં આવ્યું છે. લગ્નપ્રસંગે કે નવરાત્રમાં ગરબી સમયે તેમજ દિવાળી જેવા તહેવારોમાં ગુજરાતમાં આવી દીપમાળ પ્રગટાવવાનો રિવાજ ચાલ્યો આવે છે.

સૌરાષ્ટ્રમાંથી મેળવવામાં આવેલો ને ૧૨૦ સેં.મી. ઊંચો અને ૮૫ સેં.મી. વ્યાસનો એક પિત્તળનો દાબડો દિલ્હીના નેશનલ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવ્યો છે (આ. ૫૪). એને ફરતાં પનિહારીનાં છ શિલ્પોથી સુશોભિત કરેલો છે. પનિહારીનો ચહેરો ગોળાકાર પણ ઉપર–નીચેથી સહેજ દબાયેલો જોવા મળે છે. વળી મોટી આંખો, બાંધણીવાળું કાપડું, સાદો પણ ઘેરવાળો ઊંચો ઘાઘરો, માથાના પ્રમાણમાં નાનું બેડું વગેરે સૌરાષ્ટ્રની સ્ત્રીનાં વિશિષ્ટ નૃવંશીય લક્ષણ દર્શાવે છે. કાઠી લોકોમાં લગ્ન વખતે આવા મોટા દાબડામાં કરિયાવરનો સામાન ભરીને દીકરીને આપવાનો રિવાજ હતો. આજે પણ એ રિવાજ ચાલુ છે. આ દાબડાની બનાવટ ૧૮ મી સદીના પ્રારંભની માનવામાં આવી છે.[૧૯]

આ પ્રકારે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં અનેક ગૃહઉપયોગી વસ્તુઓ રાચરચીલું વગેરેને વિવિધ પ્રકારની માનવ પશુ–પક્ષી તેમજ ભૌમિતિક આકૃતિઓ વગેરેથી શણગારવામાં આવતાં.

આ સમયમાં અનેક પ્રકારનાં ધાતુશિલ્પ ગુજરાતનાં જૈન મંદિરો, વૈષ્ણવ મંદિરો તથા અન્ય હિંદુમંદિરોમાં, સંસ્થા–સંગ્રહાલયો તેમજ વ્યક્તિગત સંગ્રહોમાં સચવાયેલાં છે, જેમાં વડોદરાનું બરોડા મ્યુઝિયમ, વલ્લભ વિદ્યાનગરનું સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ, કચ્છ-ભુજનું મ્યુઝિયમ, અમદાવાદનું લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર, અમદાવાદ પાટણ અને ખંભાતનાં જૈન મંદિરો અને ભંડારો અમદાવાદના દોશીવાડાની પોળનું વૈષ્ણવમંદિરનો સંગ્રહ ધ્યાન ખેંચે એવો છે. આ ઉપરાંત ખાનગી વ્યક્તિઓના સંગ્રહમાં પણ દેવ–દેવીઓ, દીપકન્યાઓ, પશુ–પક્ષીના આકારનાં સાંકળવાળા લટકતા દીપકો, કલાત્મક શિલ્પોવાળી હીંચકાની સાંકળો ધૂપદાની અને આરતીઓ અને બીજી ઘરવપરાશની અનેક કલાત્મક ચીજ–વસ્તુઓ જોવા મળે છે.

૩. હિંદુ–જૈન કાષ્ઠ–શિલ્પો

પાટણના વાડીપાર્શ્વનાથના મંદિરની રચના સમયે (ઈ.સ. ૧૫૯૪–૯૬) સ્થાપત્યના ભાગરૂપે વિવિધ પ્રકારનાં સુંદર શિલ્પોથી સુશોભિત ઘૂમટવાળો લાકડાનો એક કલાત્મક મંડપ ઊભો કરેલો હતો, જે આજે ન્યૂયોર્કના મેટ્રોપોલિટન

મ્યુઝિયમમાં સુરક્ષિત છે. આ મંડપ આ કાલની કાષ્ઠશૈલીનો ઉત્તમ નમૂનો છે. એના ઘૂમટમાં શોભતાં શિલ્પોમાં ઉદિત પ્રકારની સુંદર કોતરણીવાળી પદ્માકાર છત, ઘૂમટમાં ફરતાં સુરસુંદરીઓનાં આઠ મદલ(bracket) શિલ્પો અને વાહનયુક્ત અષ્ટ દિક્પાલોનાં શિલ્પ નજરે પડે છે. વળી ઝરૂખાનું કલામય તોરણ (આ. ૫૫), એનાં ઉત્તરંગ પર પદ્માસનસ્થ તીર્થંકર, બે સેવિકા તેમજ નીચેનાં ભાગમાં ગજલક્ષ્મી તથા સુરસુંદરીઓ અને નૃત્યાંગનાઓ, મંડપના ગવાક્ષોમાં દેવ–દેવીઓનાં શિલ્પ વગેરેનો સમાવેશ થાય છે. મંડપનાં આ શિલ્પ ગુજરાતી કલાના જીવંત નમૂનારૂપ છે. પ્રત્યેક શિલ્પ જીવંત અને ગતિશીલ લાગે છે આ શિલ્પોનાં વસ્ત્રપરિધાન, અલંકાર, મુકુટનો આકાર, એમના પરનું રંગકામ વગેરે બાબતમાં ગુજરાતની પરંપરાગત કલાની અસર ઝાંખી થતી જોવા મળે છે.[૨૦]

આવો જ લાકડાનો એક કલાત્મક મંડપ વડોદરા મ્યુઝિયમમાં ઈ.સ. ૧૯૪૭ થી સંગ્રહાયેલો છે. એ મૂલતઃ જૂના વડોદરા રાજ્યના શિનોર વિસ્તારનો હોય એમ માનવામાં આવે છે. મંડપની રચના અને એના ભાગ જોતાં એની રચના કોઈ એક જ સમયે થયેલી જણાતી નથી, પરંતુ ૧૬ માંથી ૧૮મી સદી દરમ્યાન નિર્મિત થયેલ વિવિધ ભાગોને જોડીને એ ઊભો કરવામાં આવ્યો છે. આ મંડપ કોઈ જૈન મંદિરના સ્થાપત્યનો ભાગ હતો. આ મંડપનાં મુખ્ય શિલ્પોમાં ૨૨ મા તીર્થંકર નેમિનાથનો લગ્નોત્સવ, વૈભવ–સંસાર–ત્યાગ અને એમના વરશીદાનનો મહોત્સવ, જૈનાચાર્યની શોભાયાત્રા અને જૈનસમાજ દ્વારા સ્વાગત, વિશ્વવિજય માટે નીકળતા ચક્રવર્તી રાજા (ભરત)ના શોભાયાત્રા વગેરે વિવિધ કથાપ્રસંગ કલાત્મક રીતે આલેખતી કાષ્ઠ શિલ્પપટ્ટિકાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત મંડપના મુખ્ય ઘૂમટના ખૂણા પરનાં સુર–સુંદરી અને ગાયિકાઓના શિલ્પ ઘૂમટમાં વચ્ચે ઝૂલતાં ચાર કિંનરીઓનાં શિલ્પ, લલિતત્રિભંગમાં વેણુધર શ્રીકૃષ્ણનું મનોરમ શિલ્પ, બંને બાજુ એકએક સેવિકા અને એકએક ગજયુક્ત લક્ષ્મી, દેવાંગનાઓ ગંધર્વો ગાયિકાઓ દિક્પાલો સાધુ શ્રાવક યક્ષ–યક્ષીઓ વગેરેનાં શિલ્પોનો પણ એમાં સમાવેશ થાય છે. પુષ્પાંકિત આકૃતિઓ, મુઘલ અસરવાળી કમાનો અને પશુપક્ષીઓનાં શિલ્પ પણ કલાત્મક રીતે કંડારવામાં આવ્યાં છે.

આ મંડપના વિવિધ ભાગોનું નિર્માણ જુદા જુદા સમયે થયું હોઈ એનાં શિલ્પ–સ્થાપત્યમાં ગુજરાત રાજપુતાના અને મુઘલ વગેરે શૈલીઓનો સમન્વય થયેલો છે. સુરસુંદરીઓ અને ગાયિકાઓનાં વસ્ત્રાલંકારો અને વાજિંત્રો પર મુઘલશૈલીની સ્પષ્ટ અસર જોઈ શકાય છે. પરંપરાગત કિરીટ કે કરંડ–મુકુટને બદલે એક કાનથી

બીજા કાન સુધી ગોળાઈવાળા અને એના પર સુંદર તોરણાકાર રૂપાંકનવાળા મુકુટ ધ્યાન ખેંચે એવા છે. મુઘલ શૈલીમાં ચિત્રોનાં –ખાસ કરીને શ્રીકૃષ્ણનાં ચિત્રોમાં મુકુટ પર આ પ્રકારની ભાત જોવા મળે છે. પ્રાચીન ગુજરાતી શૈલીમાં પખવાજ બંસરી વગેરે પરંપરાગત વાજિંત્રો જોવા મળે છે, જ્યારે અહીં ગાયક–ગાયિકાઓના હાથમાં શરણાઈ તંબૂર તબલાં વગેરે નવીન વાજિંત્રો જોવા મળે છે. વસ્ત્રોમાં પણ મુઘલ પોશાકની અસરવાળા પાયજામા અને ઘૂંટણ સુધીનાં સ્કર્ટ, લટકતી સેરવાળાં એરિંગ, પાઘડી વગેરે નજરે પડે છે. માનવ-શિલ્પોની દેહરચના તથા હાવભાવમાં પણ પરિવર્તન માલૂમ પડે છે. શિલ્પોમાં શાસ્ત્રીય વિધાનનો અભાવ અને લોકકલા તથા સ્થાનિક તત્ત્વોની અસર વરતાય છે. દેહરચનામાં પ્રમાણમાપ જળવાયાં નથી. મોટા ચહેરા અને મોટી વિસ્ફારિત આંખો એ આ સમયનાં માનવ આકૃતિ કાષ્ઠ–શિલ્પોની વિશેષતા છે.[૨૧]

વડોદરા મ્યુઝિયમમાં લાકડાની દ્વારશાખાનો ઉત્તરાંગનો એક ભાગ સચવાયેલો છે તેની રચના લગભગ ૧૭ મી સદીના પૂર્વાર્ધમાં થયેલી છે. એમાં નેમિનાથનો રાજિમતી સાથેનો લગ્નોત્સવ અને એમનાં સંસારત્યાગના કથાનકવાળી કલામય સુંદર શિલ્પપટ્ટિકા નજરે પડે છે. નીચેના ભાગમાં પદ્માસનસ્થ સાત તીર્થંકરોનાં શિલ્પ કોતરવામાં આવ્યાં છે. છેક ઉપરના ભાગમાં વિભિન્ન તબક્કાઓમાંથી પસાર થઈ તીર્થંકરની અવસ્થાએ પહોંચતા નેમિનાથનું કરુણામય શિલ્પ, પાંખોવાળા દેવતાઓ, વાજિંત્રો ધારણ કરેલી સુરસુંદરીઓ વગેરેનાં શિલ્પ ધ્યાનપાત્ર છે. આ કલાકૃતિને મૂલવતાં શ્રી ગોએત્સ જણાવે છે કે વ્યક્તિગત શિલ્પો તથા સામૂહિક શિલ્પોની રચનાની બાબતમાં કલાકારે લીધેલી છૂટ નોંધપાત્ર છે. આ કૃતિનાં કેટલાક શિલ્પો, જેવાં કે દેવતાઓનાં ઊડતાં એ શિલ્પોની રચનામાં કલાકારે સ્પષ્ટતઃ મધ્યકાલીન કલામાંથી પ્રેરણા લીધી છે, જ્યારે ધાર્મિક પ્રસંગવાળી શિલ્પપટ્ટિકામાં સ્ત્રીપુરુષોનાં સુરવાલ જામા પાઘડી તથા અન્ય પહેરવેશ વગેરે અકબરના દરબારમાંનાં દરબારીઓના પોશાક જેવા દેખાય છે. વાજિંત્રો ધારણ કરેલી એ દેવીઓનાં પાંખોવાળાં શિલ્પ પણ મુઘલકલાની અસરવાળાં છે. આમ આ કૃતિમાં મધ્યકાલીન શાસ્ત્રીય શિલ્પશૈલી અને મુઘલ શૈલીનો સમન્વય કરવાનો સ્તુત્ય પ્રયાસ જોવા મળે છે.[૨૨]

અમદાવાદની શામળાની પોળમાં આવેલું શ્રી પાર્શ્વનાથ મંદિર ઈ.સ ૧૬૫૩ માં નિર્માણ પામ્યું તેમાં લાકડામાં કોતરેલાં તીર્થંકરોનાં જન્મ-મહોત્સવાદિ દૃશ્યો તેમજ પૂતળીઓ અને કલાત્મક ટેકાઓ નજરે પડે છે. કાષ્ઠકલાની કારીગરીના ઉત્તમ નમૂના તરીકે આ મંદિર ખરેખર જોવાલાયક છે.[૨૩]

૧૭ મી સદીની પાટણની ગજલક્ષ્મીનાં સુંદર શિલ્પવાળી અને રંગ કરેલી ત્રિકોણાકાર શિલ્પપટ્ટિકા પણ વડોદરા મ્યુઝિયમમાં સચવાયેલી છે. એમાં દેવીના અલંકારો, મુકુટ વગેરે પર મુઘલ કલાનાં તત્ત્વ સ્પષ્ટ જોઈ શકાય છે.[૨૪]

મદલ અને સ્તંભશીર્ષ પણ સ્થાપત્યનાં મહત્ત્વનાં અંગ છે. આથી કારીગરોએ એને પણ વિભિન્ન પ્રકારનાં શિલ્પો, જેવાં કે ફૂલ વેલ અને ભૌમિતિક આકૃતિઓ, હાથી મોર જેવાં પ્રાણી–શિલ્પો કે દેવાંગનાઓનાં શિલ્પ દ્વારા સુશોભિત કર્યાં છે. ગુજરાતમાં મળી આવતા કાષ્ઠશિલ્પવાળાં મકાનો કે મંદિરોમાં આ પ્રકારનાં અનેક કલાત્મક મદલ જોવા મળે છે. એમાં હળવદનો જૂનો રાજમહેલ, શ્રી ગૌતમ સારાભાઈનું હાંસોલનું મકાન, ખેડાની શ્રી લક્ષ્મીરામ ધનેશ્વરની હવેલી વગેરેનાં સ્તંભશીર્ષ તથા મદલો ઉત્તમ પ્રકારની વિવિધ આકૃતિઓથી સુશોભિત છે.[૨૫]

ખેડાની શ્રી લક્ષ્મીરામ ધનેશ્વરની હવેલીની દ્વારશાખાના ઉત્તરાંગ પર મધ્યમાં શ્રી ગણેશ તથા આજુબાજુ કલાત્મક ચામરધારિણી અને અભિષેક કરતા બે હાથીઓનાં સુંદર શિલ્પ નજરે પડે છે. ફૂલવેલની આકૃતિઓ, કલાત્મક ટોડલા તેમજ સુંદર ભૌમિતિક રૂપાંકનવાળી છત વગેરે પણ ધ્યાન ખેંચે છે. ૧૮ મી સદીના પ્રારંભમાં આ હવેલીની રચના થયેલી છે.[૨૬]

૧૮ મી સદીના પ્રારંભમાં નિર્માણ પામેલ પાટણની એક હવેલીનો ભાગ શિલ્પસ્થાપત્યનો અદ્દભુત નમૂનો પૂરો પાડે છે. એના સ્થાપત્યનું દરેક અંગ–સ્તંભ શીર્ષ કુંભી છત દ્વારશાખ મદલો પાટડા વગેરે વિભિન્ન પ્રકારનાં શિલ્પોથી અને બારીક કોતરણીથી ભરપૂર છે, જેમાં હવા-ઉજાસ માટેનો નકશીદાર જાળીઓનું કોતરકામ કલાની ચરમસીમારૂપ છે.[૨૭]

અમદાવાદમાં નીશાપોળમાં આવેલ જગવલ્લભ પાર્શ્વનાથ મંદિરનું સ્થાપત્ય હવેલી પ્રકારનું છે. એનો આગળનો ભાગ, ખાસ કરીને એની બારીઓ વેલબુટ્ટાની આકૃતિઓ તથા વિવિધ પ્રકારનાં શિલ્પરૂપાંકનોથી સમૃદ્ધ છે. એના પાટડા પર હાથીના મુખવાળાં શિલ્પોની સુંદર પટ્ટી છે.[૨૮]

અમદાવાદમાં રાયપુરમાં ધોબીની પોળમાં આવેલા ડૉ. ચંદ્રકાંત શંકરલાલના મકાનની કલાત્મક બારી નીચે મયૂર–મુખશિલ્પોવાળી સુંદર પટ્ટિકા તથા પુષ્પાંકિત આકૃતિઓવાળી તોરણાકાર પટ્ટિકા કલાત્મક રીતે કોતરવામાં આવી છે.[૨૯]

સુરતના ચિંતામણિ દેરાસરના વિભિન્ન ભાગ ઉત્તમ પ્રકારની કોતરણી અને કાષ્ઠશિલ્પોથી સમૃદ્ધ છે. એમાં પાર્શ્વનાથના અલંકૃત તોરણવાળા ગવાક્ષ, દ્વારશાખ મદલ વગેરેનો સમાવેશ થાય છે. આ શિલ્પ ૧૬ મી સદીના ઉત્તરાર્ધનાં જણાય છે.[૩૦]

આ જ સમયનું અમદાવાદનું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર પણ અદ્ભુત કાષ્ઠકલાનો પરિચય આપે છે. એમાં પાર્શ્વનાથના જીવનના પાંચ પ્રસંગ 'પંચ-કલ્યાણક' આલેખતી શિલ્પપટ્ટી મુખ્ય છે.[31]

પાટણના ૧૭ મી સદીના એક જૈન મંદિરમાંથી જુદા જુદા પ્રકારનાં વાજિંત્ર વગાડતી સુરસુંદરીઓ અને ગંધર્વોનાં કેટલાંક સુંદર મદલ-શિલ્પ અમદાવાદના શાંતિનાથ જૈન મંદિરના વ્યવસ્થાપકોએ મેળવ્યાં છે. આ શિલ્પોના મુકુટ રાજપૂત–મુઘલ શૈલીનાં ચિત્રોમાં દેખાતા મુકુટ જેવા છે (આ. ૫૬). એમના મોટા ચહેરા અને ફાંટેલી આંખો નોંધપાત્ર છે. એમના હાથમાં તત્કાલીન લોક–વાજિંત્રો જોવા મળે છે. આ શિલ્પ ખરેખર કાષ્ઠકલાના ઉત્કૃષ્ટ નમૂના છે.[32]

પાટણના કાનશા પાડામાં જોડાજોડ આવેલાં બે જૈન મંદિરો પૈકી એકમાં એક મોટો (૧·૧×૨·૧ મીટર) માપનો કલાત્મક કાષ્ઠપટ્ટ દીવાલમાં જડી દેવામાં આવ્યો છે. ગુજરાતમાં આટલો મોટો કાષ્ઠ–પટ્ટ જવલ્લે જ જોવા મળે છે, જેનો નિર્માણકાળ ૧૭–૧૮ સદીનો ગણવામાં આવે છે. એમાં ઉપરના ભાગમાં સમેત-શિખર તીર્થ અને નીચે અષ્ટ પદતીર્થનું કોતરકામ થયેલું. સમેતશિખરમાં ત્રણેય દિશામાં ફરતી ૨૦ ટેકરી તથા ૨૦ દેવકુલિકા મૂર્તિઓ સહિત કોતરવામાં આવી છે. વચ્ચે ઋષભદેવની પ્રતિમાથી અલંકૃત ત્રણ શિખરોથી યુક્ત સુશોભિત જલમંદિરનું સુંદર અને સુસ્પષ્ટ કોતરકામ કરવામાં આવ્યું છે. ઉપરાંત પહાડ પક્ષીઓ નદી સરોવર વૃક્ષો વનરાજીઓ, તપ કરતા મુનિઓ, સમેતશિખર ચઢતા–ઊતરતા યાત્રાળુઓ વગેરેનું તાદૃશ અને રમ્ય આકૃતિઓથી ખીચોખીચ કંડારકામ કરવામાં આવ્યું છે. અષ્ટાપદ પર્વત પણ ચોવીસ તીર્થંકરોની ફરતી શિખરબંધી દેવકુલિકાઓથી શોભે છે. આ પર્વત આદ્યતીર્થંકર ઋષભદેવની નિર્વાણભૂમિ હોઈ મંદિરને બદલે સ્તૂપ–રચના બતાવી છે, જે નોંધપાત્ર છે. ઉપરના ભાગે બે ચામરધારી ઇંદ્ર બતાવવામાં આવ્યા છે. સ્તૂપની જમણી બાજુ તંતુ-વાદ્ય બજાવતો દશગ્રીવ રાવણ અને ડાબી બાજુ એની પત્ની મંદોદરીને ભગવાન પાસે નૃત્ય કરતી બતાવી છે. નીચે સગરચક્રીના પુત્રો તીર્થરક્ષણાર્થે ખાઈ ખોદી રહ્યા છે, આજુબાજુ તપ કરતા મુનિઓ બતાવાયા છે. આમ આ તીર્થપટ્ટ કાષ્ઠકલાની બહુમૂલ્ય કલાકૃતિ છે.[33]

આ સિવાય પણ ગુજરાતનાં ગામો અને નગરોમાં અનેક મંદિરો હવેલીઓ ચબુતરા મકાન વગેરે કાષ્ઠકલાથી સમૃદ્ધ છે; જેમકે હળવદનો જૂનો રાજમહેલ, ધોધામાં આવેલું પીરબક્ષ ખોસમભાઈનું મકાન, પોરબંદરનો સરતાનજીનો ચોરો તથા જૂનો દરબારગઢ, પાટણનાં કુંભારિયાપાડા અને ધાંધેરપાડાનાં જૈનમંદિર વગેરે ૧૬ મી સદીનાં ઉત્તરાર્ધમાં બંધાયેલાં છે. જામનગરમાં વજુ કંદોઈના ડહેલામાં

આવેલું મૂલચંદ પરસોત્તમ મહેતાનું મકાન, અમદાવાદ સારંગપુરમાં આવેલ દ્વારકાધીશ મંદિર વગેરે ૧૭ મી સદીના પૂર્વાર્ધમાં બંધાયેલાં છે. અમરેલીમાં નદી-કિનારે આવેલ મહંત કેશવદાસજીનું મંદિર, પાટણમાં કપૂર મહેતાના ડહેલામાં આવેલ જૈનમંદિર, અમદાવાદના સફી મહોલ્લાનું ડૉ.સૈયદના તાહેરનું મકાન, સોજિત્રા-(જિ. ખેડા) માં પીપળ ફળિયામાં આવેલ શ્રી નરસિંહભાઈ ચુનીભાઈનું મકાન, ભરૂચમાં શુકલ શેરીનું શ્રી રતનલાલ હીરાલાલ શેલતનું મકાન, સુરતમાં લાલાઠાકોરની પોળ તથા ઉત્તમરામની શેરીમાં આવેલાં જિન મંદિર તથા ડૉ. જમશેદજી લશ્કરી માર્ગ પર આવેલ શ્રી વેણીલાલ જેકિશનદાસ તથા શ્રી ચંદ્રકાંત મગનલાલ વકીલનાં મકાન વગેરે ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલ છે. જામનગરમાં મકીમવાડામાં આવેલ મકીમ સોમચંદ કચરાભાઈનું મકાન, અમદાવાદ–ખાડિયાની ધોબીની પોળમાં આવેલ શ્રી શંકરલાલનાં મકાન, વળી ત્યાંના સફી મહોલ્લાનું શ્રી અબ્દુલહુસેન નરુદ્દીનનું મકાન, કાલુપુરમાં કાળુશાની પોળનું શ્રી સોમચંદભાઈ પરીખનું મકાન, ઉમરેઠની ત્રણ પોળનો રંગિયો મહેલ, સુરતમાં રાણી તળાવ પાસેનું શ્રીમતી કુમુદબહેન શાંતિલાલનું મકાન વગેરે ૧૮ મી સદીનાં પૂર્વાર્ધમાં બાંધવામાં આવેલાં છે. આ બધાં મંદિરો હવેલીઓ અને મકાનોનાં જુદાં જુદાં સ્થાપત્યકીય અંગો, જેવાં કે સ્તંભ કુંભી શીર્ષ પાટડા ટોડલા દ્વારશાખા, મદલો ઝરૂખા છત ગોખલાઓ વગેરેમાં વિવિધ પ્રકારે ગણપતિ આદિ દેવ–દેવીઓ ગંધર્વો સુરસુંદરીઓ પશુ–પક્ષીઓનાં સુંદર શિલ્પ તેમજ ભાતભાતની ફૂલવેલ અને ભૌમિતિક આકૃતિઓવાળી બારીક અને કલાત્મક કોતરણીઓનો છૂટથી ઉપયોગ કરેલો જોવા મળે છે.[૩૪]

૪. પથ્થર અને કાષ્ઠનું જાળીકામ

આ સમયના જાળીકામમાં ગુજરાતના સલ્તનત કાલ દરમ્યાન વિકસેલી મુસ્લિમ શૈલીનો સંસ્પર્શ સ્પષ્ટ રીતે જ દેખાઈ આવે છે. ઈડરના પહાડની રણમલ ચોકીના જૈન મંદિરની જાળીઓ આ કાલનાં લાક્ષણિક દૃષ્ટાંતરૂપે ગણાવી શકાય. એમાં પુષ્પાંકિત તથા ભૌમિતિક આકૃતિઓનાં સુશ્લિષ્ટ રૂપાંકનોનો સમન્વય કરી કલાત્મક જાળીઓની રચના કરવામાં આવી છે.[૩૫]

કચ્છના કલાપ્રેમી રાજવી મહારાવ લખપતજીના રાજ્યકાલ દરમ્યાન કચ્છની કલાકારીગીરીને ઘણું ઉત્તેજન મળ્યું. કચ્છના કલાધર રામસિંહ માલમની દેખરેખ નીચે ભૂજમાં શિલ્પ અને સ્થાપત્યના નમૂનારૂપ આયના મહેલ તૈયાર કરાવ્યો જેમાં બેસીને મહારાવે સાહિત્યસર્જન કરેલું. આ મહેલની દીવાલો પરની ઉત્તમ પ્રકારની નકશીવાળી પત્થરની જાળીઓ ખાસ ધ્યાન ખેંચે છે (આ. ૫૭). પૂર્ણ કુંભમાંથી

નીકળતી સૂર્યમુખીની ફૂલવેલની ભાત તથા કમાનમાં સુંદર કલાધર મયૂરનાં શિલ્પોથી આ જાળીઓ સુશોભિત છે.

મુઘલ કાલમાં પથ્થરની જાળીઓ કરતાં લાકડાની જાળીઓનું કોતરકામ વધુ બહોળા પ્રમાણમાં થયું તેના અનેક નમૂના આજે ઉપલબ્ધ છે. ઈ.સ. ૧૭૦૯ માં બંધાયેલ હળવદના રાજમહેલની દીવાલોમાં જડેલી લાકડાની જાળીઓ મુઘલ કાલના પ્રારંભના જાળીકામનો સારો નમૂનો પૂરો પાડે છે. બારીક ભૌમિતિક આકૃતિઓ કોતરીને કલાત્મક રીતે એની રચના કરવામાં આવી છે.[૩૬]

પાટણના વાડી-પાર્શ્વનાથ મંદિરનો લાકડાનો મંડપ, જે હાલ મેટ્રોપૉલિટન મ્યુઝિયમ ઑફ્ આર્ટ, ન્યૂયૉર્કમાં સચવાયેલો છે, તેની દીવાલો સુંદર અને કલાત્મક ભૌમિતિક આકૃતિઓવાળી જાળીઓની બનેલી છે. એની એક દીવાલમાં વચ્ચેના ભાગમાં દેવ-દેવીઓ તથા સુરસુંદરીઓનાં શિલ્પ, બારીક કોતરણીવાળાં તોરણ, મદલો, ગ્રાસ-પટ્ટી વગેરેથી સુશોભિત કલાત્મક ઝરૂખો આવેલો છે. સમગ્ર મંડપ આ કલાત્મક જાળીઓથી શોભી રહ્યો છે. આગળ જોયું છે તેમ આ મંડપનું નિર્માણ ઈ.સ. ૧૫૯૪ માં થયું છે (જુઓ આ. ૫૫).

પાટણમાં જુદા જુદા પ્રકારની ભાતવાળી લાકડાની જાળીઓથી યુક્ત એક મકાનની શ્રી બર્જેસે નોંધ લીધી છે. પુષ્પાંકિત આકૃતિઓ, ભૌમિતિક આકૃતિઓ, નરયુગ્મો, પક્ષી-યુગલો વગેરે આકૃતિઓને આ મકાનની જાળીઓમાં કલાત્મક રીતે કંડારવામાં આવી છે. આ ઉપરાંત મકાનનું પ્રત્યેક સ્થાપત્ય-અંગ—દ્વારશાખ ઝરૂખો બારીઓ ગોખલા મદલો ટોડલા વગેરે શિલ્પો અને બારીક કોતરણીથી ખીચોખીચ છે. એક ઇંચ પણ કોતરણી વગર બાકી રખાયો નથી. પાટણ એ કાષ્ઠકલાનું કેંદ્ર હતું, જ્યાં તે સિદ્ધની ચરમસીમાએ પહોંચી હતી, જેનો આ અદ્દભુત નમૂનો છે.[૩૭]

૫. મુસ્લિમ રૂપાંકન

મુઘલ કાલ દરમ્યાન ઇસ્લામી સ્થાપત્યની જેમ ઇસ્લામી શિલ્પના ક્ષેત્રે પણ અવનતિ થયેલી જોવા મળે છે. અગાઉ મસ્જિદો અને મકબરામાં ભૌમિતિક અને પુષ્પાંકિત એમ બંને રૂપાંકનોનો છૂટે હાથે ઉપયોગ થતો તેમજ તેઓનું અંકન કલાત્મક અને બળવાન થયેલું જોવા મળતું, પરંતુ મુઘલ કાલમાં રૂપાંકનોનું પ્રમાણ ઘટી ગયેલું નજરે પડે છે. ઉપલબ્ધ રૂપાંકનોમાં પુષ્પાંકન ગૌણ બનેલાં ને ભૌમિતિક રૂપાંકન મુખ્ય બનેલાં જણાય છે. પુષ્પાંકનોમાં મુખ્યત્વે પદ્માકાર પ્રયોજાતા જોવા મળે છે. રૂપાંકનોમાં એકંદરે અગાઉની શૈલીનું અનુકરણ થયું છે, પણ અગાઉનો ભભકો વરતાતો નથી.

અમદાવાદની નવાબ સરદારખાનની મસ્જિદ અને નવાબ સુજાતખાનની મસ્જિદના મિનારાના છેક ઉપલા (ચોથા) મજલાની ટોચ પર ભવ્ય પદ્માકાર કરી એની મધ્યમાં નાના કદના ઘૂમટ મૂકયા છે તેથી મિનારાનો દેખાવ સરસ લાગે છે. અલીખાન કાઝીની મસ્જિદની દીવાલોમાં કંડારેલા ગવાક્ષ મનોહર છે. એમાં વૃત્તાકારે ઉપર ચડતી વેલોમાં પ્રસવ પામતાં પુષ્પો અને પત્રોથી સુંદર આકૃતિઓ રચાય છે; અલબત્ત, આ રૂપાંકન સલ્તનતકાલીન ગવાક્ષો (આ. ૫૮). અને જાળીઓનાં રૂપાંકનો જેવું કલાત્મક અને બળવાન નથી

શેખ વજીહુદ્દીનના દરગાહમાં બંને બાજુની દીવાલોમાં પ્રવેશવાના દરવાજાઓને ફરતી નાના નાના કદની ચોરસ અને લંબચોરસ જાળીઓ કરેલી છે. આ જાળીઓમાં મુખ્યત્વે વૈવિધ્યપૂર્ણ ભૌમિતિક રૂપાંકન નજરે પડે છે. બે મુખ્ય દરવાજાઓ પર તોરણ કંડારેલાં છે ને એ તોરણને બંને બાજુથી હંસ ધારણ કરી રહ્યા હોય એવો ઘાટ આપેલો છે. દીવાલની છેક ઉપરના ભાગમાં વૃત્તાકાર રૂપાંકનની એક આડી હાર કરેલી છે. એમાં મુખ્યત્વે વિવિધ તારાકાર કંડારેલા છે.

અમદાવાદના નાના એદ્રુસના રોજામાં કબરને ફરતી જાળીદાર પડદીમાં પુષ્પાંકન વિશેષ જોવા મળે છે.[૩૮]

પાદટીપ

૧. ૨. ના. મહેતા, 'વડનગરની શિલ્પ સમૃદ્ધિ', "આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ", પૃ. ૧૩૭-૧૩૮

૨. M. R. Majmudar, *Gujarat: Its cultural Heritage*, p. 64

૩. *Ibid*, p. 68; H. Goetz, 'The post Mediaval Sculptures of Gujarat', *Bulletin of the Baroda Museum & Picture Gallery*" (*BBMPG*), Vol. V, Pts. I-II, p. 40

૪. R. N. Mehta, 'Gadadhar Temples at Shamalaji', *Journal of the M. S. University of Baroda*, Vol. XV, pp. 91 ff.

૫. કા. ફૂ. સોમપુરા, 'શ્રી દ્વારકાધીશનું મંદિર', "દ્વારકા સર્વસંગ્રહ", પૃ. ૨૬૨

૬. ના. કે. ભટ્ટી, 'નારાયણ સરોવર', પૃ. ૧૧-૧૩; રામસિંહ રાઠોડ, "કચ્છનું સંસ્કૃતિ દર્શન", પૃ. ૫૬-૫૮

૭. ક. ભા. દવે, 'ગુજરાતનું મૂર્તિવિધાન', પૃ. ૧૫૩

૮. ડૉ. હરિલાલ ગોદાની, 'શામળાજીનું મંદિર, ગેરોલ', "નૂતન ગુજરાત", તા. ૧૪-૯-૬૯

૯. ડૉ. હરિલાલ ગોદાની, 'કાશ્મીરા મહાદેવ, વાડજની લક્ષ્મીનારાયણની પ્રતિમા' 'જનસત્તા', તા. ૩-૩-૭૪

૧૦. ડૉ. હરિલાલ ગોદાની, 'જૈન મંદિર, સાબલી', "નૂતન ગુજરાત", તા. ૧-૨-૭૦

૧૧. દુ. કે. શાસ્ત્રી, 'ગુજરાતનાં તીર્થસ્થાનો', પૃ. ૧૬૯–૭૦; અં. પ્રે. શાહ, 'જૈન તીર્થ સર્વસંગ્રહ', ભાગ ૧, ખંડ ૧, પૃ. ૧૯૬

૧૨. Burgess, *Temples of Śatrunjaya*, p. 25

૧૩-૧૪. અં. પ્રે. શાહ, ઉપર્યુક્ત, ભા. ૧, ખં. ૧, પૃ. ૧૧

૧૫. ક. ભા. દવે, "અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા", પૃ. ૫૧–૫૫

૧૬. સારાભાઈ નવાબ, 'ભારતનાં જૈનતીર્થો અને તેમનું શિલ્પ-સ્થાપત્ય', પ્લેટ ૨૨, ચિત્ર ૧૨

૧૭. Goetz, 'Post-Medieval sculptures of Gujarat', *BBMPG*, Vol. V, pts. I.–II, p. 40

૧૮. Goetz, *op. cit.*, p. 41 and Goetz, 'The Pretty Archaic Style in Old Gujarat Sculpture', *Journal of Gujarat Research Society*, Vol. VIII, pp. 113 ff.

૧૯. 'Decorative Arts',-*Bulletin of National Museum, New Delhi*, No. 1, p. 15

૨૦. *BBMPG*, Vol. V, pt. I–II, pp. 34 f.; M. R. Majmudar, *Gujarat: Its Art Heritage*, p. 64; R. K. Trivedi, *Wood Carving of Gujarat*", (*WCG*) pp. 46-47

૨૧. Goetz, "Gujarati Wood-Sculpture" (special issue); *BBMPC*, Vol. VI, pts. I–II; M. R. Majumdar, *op. cit.*, p. 65; *WCC*, p. 46

૨૨. *BBMFG*, Vol. V, pt. I–II, p. 34, pl. 2

૨૩. અં. પ્રે. શાહ, ઉપર્યુક્ત, ભા. ૧, ખં. ૧, પૃ. ૧૦

૨૪. *BBMPG*, Vol. V, pts I-II, p. 35, pl. 5

૨૫-૨૬. *WCG*, p. 68, pls XXVII–XXVIII

૨૭. Ibid., p. 69, pl. XII; Burgess & Cousens, *Architectural Antiquities of Northern Gujarat* (*AANG*), p. 52, pl. XXXVI

૨૮-૨૯. *WCG*, p. 70. pl. XLVII

૩૦. *Ibid*, p. 47 pl. LXXXVI

૩૧. *Ibid.*, pl. 72, pl. XLII

૩૨. *Ibid.*, p. 74, pl. CXVI

૩૩. મુનિ યશોવિજયજી, 'પાટણના જૈન મંદિરમાંનો એક સુંદર કાષ્ઠપટ', "આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ", પૃ. ૧૭૪

૩૪. ઉપરની માહિતી માટે જુઓ *WCG* ના કોઠક ૧ માં આપેલી જિલ્લાવાર માહિતી

૩૫. જયેન્દ્ર નાણાવટી તથા મધુસૂદન ઢાંકી, "ગુજરાતની જલ-સમૃદ્ધિ", કુમાર,. પુ. ૪૦, પૃ. ૨૯૪

૩૬. એજન, પૃ. ૨૯૬, ચિત્ર ૨૦

૩૭. *ECG*, p. 73, pl. *CIV*

૩૮. *Ibid.*, p. 44, 69, , pl. XII; Burgess & Cousens, *AANG*, p. 51, pl. XXXVI

પ્રકરણ ૧૫

ચિત્રકલા

૧. લઘુચિત્રો

ઈ.સ. ૧૫૭૩ના અંત ભાગમાં મુઘલ સમ્રાટ અકબરે ગુજરાત પ્રાંત પર પોતાની સંપૂર્ણ સત્તા જમાવી ત્યારે ચિત્રકલાના ક્ષેત્રમાં ગુજરાતમાં લઘુચિત્રકલા પ્રચારમાં હતી. આ કલા રાજસ્થાન, ગુજરાત અને સૌરાષ્ટ્રના જૈન જ્ઞાનભંડારોની હસ્તપ્રતોમાં જળવાઈ રહી હતી. આ કલાના કેટલાક નમૂના જૈનેતર હસ્તપ્રતોમાં પણ જળવાઈ રહેલા જોવા મળે છે. હસ્તપ્રતની આ કલાને આપણે 'જૈન શૈલી' 'અપભ્રંશ શૈલી' 'રાજસ્થાન શૈલી' કે 'પશ્ચિમ ભારતની લઘુચિત્ર શૈલી' તરીકે ઓળખાવીએ છીએ. નોંધપાત્ર હકીકત એ છે કે મુઘલ કાલમાં આ ચિત્રકલાએ 'ગુજરાતી શૈલી' તરીકે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ચિત્રોનો મોટો સમૂહ ગુજરાત, રાજસ્થાન અને સૌરાષ્ટ્રના જ્ઞાનભંડારોમાં કે ચિત્રશાળાઓમાં તૈયાર કરવામાં આવ્યો હતો. અકબરના સમયમાં ગુજરાતના સંગીતકારો, ચિત્રકારો અને બીજા કલાકારો પોતાને અલગ તારવવા માટે (પોતાના નામની પાછળ) 'ગુજરાતી' શબ્દ પ્રયોજતા હતા.[૧] અકબરની ચિત્રશાળામાં કેશવ ગુજરાતી, માધવ ગુજરાતી અને ભીમ ગુજરાતી પ્રસિદ્ધ ચિત્રકાર હતા.

આ સમયની મોટા ભાગની હસ્તપ્રતો કાગળની જોવા મળે છે. અગાઉ જે ચિત્રો તાડપત્રોની હસ્તપ્રતોમાં જોવા મળતાં હતાં તે હવે કાગળની હસ્તપ્રતોમાં વધારે વિકસિત સ્વરૂપે જોવા મળે છે. તાડપત્રનું સ્થાન કાગળે લીધાનો સમય આશરે ઈસવી સનની ૧૫ મી સદીનો અંકાય છે. કાગળ પર અંકિત થયેલી શુદ્ધ ગુજરાતી ચિત્રકલા લગભગ બસો વર્ષ સુધી ટકી રહેલી જોવા મળે છે. ઈસવીસનની ૧૬ મી સદીથી મુઘલ અને રાજપૂત ચિત્રકલાનો વિકાસ થતાં એ એમાં લુપ્ત થઈ ગયેલી જોવા મળે છે.

ગુજરાતી કલાકારોને પોતાની ચિત્રકલાની અભિવ્યક્તિ માટે કાગળનું સાધન પ્રાપ્ત થવાથી ચિત્રકલાનું સ્વરૂપ પણ કેવું બદલાયું તેનો ઇતિહાસ આ બસો વર્ષની ગુજરાતી ચિત્રકલા પૂરો પાડે છે. તાડપત્રોમાં ચિત્રાલેખન માટે કલાકારોને

લંબાઈ કરતાં પહોળાઈમાં જ પોતાની કલાને અભિવ્યક્ત કરવાની ફરજ પડતી હતી. માત્ર ૦·૦૫ કે ૦·૦૮ મીટરની પહોળાઈમાં તેને પોતાના ચિત્રનું આયોજન કરવું પડતું હતું! પરિણામે તાડપત્રોની ચિત્રકલામાં એ મન મૂકીને પોતાના વિષયની વિગતો ઉમેરી શકતો ન હતો! હવે આ ગાળામાં જ્યારે કાગળ સુલભ બન્યો ત્યારે એને મન મૂકીને પોતાની ચિત્રકૃતિઓમાં બારીક કલાત્મક વિગતો ઉમેરવાની તક પ્રાપ્ત થઈ. કલાવિવેચકો કહે છે કે રસ અને ભાવની અભિવ્યક્તિની દૃષ્ટિએ ગુજરાતી ચિત્રકલાના ઉત્તમ નમૂના કાગળની હસ્તપ્રતોમાં જોવા મળે છે. સાહિત્ય અને કલાને કેવો મધુર સંબંધ છે તેનાં દૃષ્ટાંત આ ગુજરાતી ચિત્રકલાની હસ્તપ્રતો પૂરાં પાડે છે. પશ્ચિમના વિવેચનમાં કવિતા અને ચિત્રકલા (Poetry and Painting) વિશે ઘણી ચર્ચાઓ ૧૯ મી સદીની શરૂઆતમાં કરવામાં આવી છે, જ્યારે ગુજરાતમાં તો કવિતા અને ચિત્રકલા છેક ૧૧ મી સદીથી કેવી ઓતપ્રોત થઈ હતી તેનો રસિક ઇતિહાસ આ ચિત્રકલામાં જોવા મળે છે. કવિએ જે શબ્દચિત્ર કાવ્યમાં આલેખ્યું છે તેને ચિત્રકારે રંગ અને રેખાની મદદ વડે ભારોભાર અભિવ્યક્ત કર્યું છે. ગુજરાતના કલાકારોની આ અદ્ભુત સિદ્ધિ ગણાવી શકાય.

મુઘલ કાલના ગુજરાતની આ કલા મુખ્યત્વે ધાર્મિક ગણાવી શકાય. આમ છતાં એના લૌકિક નમૂનાઓ પણ ઓછા નથી. આ વિષયમાં હજુ વધુ સંશોધનને અવકાશ છે. આ સમયમાં ગુજરાતના લોકજીવન ઉપર મુખ્યત્વે ત્રણ સંપ્રદાયોની અસર જોવા મળે છે: (૧) જૈન, (૨) વૈષ્ણવ, (૩) શૈવ–શાક્ત. લૌકિક નમૂનાઓ શૃંગારી સાહિત્યકૃતિઓ અને લોકકથાઓની કૃતિઓમાં મળે છે.

જૈન પોથીની ચિત્રકલા

ગુજરાતના જૈન શ્રેષ્ઠીઓ અને મુનિઓને મુઘલ સમ્રાટો સાથે આર્થિક, રાજકીય અને ધાર્મિક સુમેળ હોવાથી સલ્તનત કાલની સરખામણીમાં મુઘલ કાલમાં સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં નોંધપાત્ર વિકાસ થયો. આ કાલમાં કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, સંગ્રહણીસૂત્ર અને કાલકાચાર્ય–કથા જેવા ગ્રંથોની, કાગળ સુલભ થતાં, અનેક પ્રતો લહિયાઓ દ્વારા તૈયાર કરવામાં આવી. વળી આવી પ્રતો પૈકી કેટલીકને ચિત્રોથી અલંકૃત કરવામાં આવી. હાંસિયાના આલેખનમાં જે ફૂલવેલ અને ભૌમિતિક ભાતો જોવા મળે છે તેમાં મુઘલ કલાની અસર સ્પષ્ટ દેખાય છે. આ સમયમાં જૈન કવિઓએ જે 'રાસ' રચ્યા તેમાં પણ ચિત્રોનું કલાત્મક આલેખન છે. આવા રાસોમાં 'ચંડરાસ', 'આર્દ્રકુમારરાસ' 'નલદવદન્તી

રાસ' 'શ્રેણિક રાસ' 'શ્રીપાલ રાસ' વગેરે મુખ્ય છે. આ ઉપરાંત 'ઉપદેશમાલા' 'વિચારસત્તરી' જેવા ગ્રંથોની કાગળની પોથીઓ પણ ચિત્રિત થયેલી જોવા મળે છે.

મુઘલ કાલની પ્રાપ્તિમાં પ્રાચીન સમયાંકિત ચિત્રિત હસ્તપ્રત 'સંગ્રહણી-સૂત્ર'ની છે, જેની નકલ માતર(જિ. ખેડા)માં ઈ.સ. ૧૫૮૩માં કરવામાં આવી હતી.[૨] આ પોથીનાં ચિત્રોમાં મુઘલ અસર બહુ સ્પષ્ટ દેખાય છે, ખાસ કરીને પાત્રોની વેશભૂષા, પશુ–પંખી અને વૃક્ષોનાં આલેખનમાં. વર્ણ અને પાત્રોના આલેખનમાં કલાકારે પ્રાચીન પરંપરા જાળવી છે. ચિત્રમાં નૃત્યકારો અને સંગીતકારોની ગોઠવણીમાં પણ કલાકારે એમ જ કર્યું છે. આ પોથીના એક પાના ઉપર ચિત્રકારનું નામ 'ચિતારા ગોવિંદ' લખેલું છે. આ સૂત્રની એક બીજી ચિત્રિત પોથી ખંભાતમાંથી મળી છે.[૩]

આ કાલની કલ્પસૂત્રની અનેક પ્રતો ગુજરાતના જૈન જ્ઞાનભંડારોમાં સચવાયેલી છે, જેમાંની કેટલીક સમયનિર્દેશવાળી છે તો કેટલીક એ વિનાની છે. કલ્પસૂત્રની ચિત્રકામવાળી કાગળની સૌથી જૂની ઉપલબ્ધ પોથી રાવ બહાદુર ડૉ. હીરાનંદ શાસ્ત્રીના સંગ્રહાલયમાં છે.[૪] કલ્પસૂત્રની કાગળની પોથીવાળાં ચિત્રો ૧૫ મા સૈકાથી જૂનાં ગણાતાં નથી.

કચ્છના અંજાર ગામેથી ઉત્તરાધ્યયનસૂત્રની એક ચિત્રિત પોથી મળી છે. ચિત્રોની શૈલી પરથી તેનો સમય આશરે ઈ.સ. ૧૫૮૦થી ૧૬૦૦નો મનાય છે.[૫]

અમદાવાદના દેવશાના પાડાના ભંડારમાંથી મુનિશ્રી પુણ્યવિજયજીએ ઉપ-દેશમાલાની સચિત્ર પોથી શોધી છે. આ પોથી વિ.સં. ૧૭૬૫ (ઈ.સ. ૧૭૦૮)ની હોવાનું મનાય છે.[૬] 'આર્દ્રકુમાર રાસ'ની ચિત્રિત પોથી મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં છે. આ કૃતિનો રચનાર કોણ હશે તેની વિગતો મળતી નથી. આ પોથી ૧૭ મી સદીના ઉત્તરાર્ધ ભાગમાં લખાઈ હોય તેમ મનાય છે.[૭] 'ચંદરાસ' અથવા 'ચંદરાજ રાસ'ની ઘણી ચિત્રિત પોથીઓ ગુજરાતમાંથી પ્રાપ્ત થાય છે. મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં જે ચિત્રિત પોથી છે તેનો સમય વિ.સં. ૧૭૧૨ એટલે કે ઈ.સ. ૧૬૫૫ છે. આ પોથી વ્યાઘ્રસેનપુરમાં તૈયાર કરવામાં આવી હતી આ વ્યાઘ્રસેનપુર તે ખેડા જિલ્લામાં આણંદ અને નડિયાદની વચ્ચે આવેલું વઘાસી કે વડોદરા નજીક આવેલું વાઘોડિયા છે.[૮] આ રાસની એક ચિત્રિત પોથી સુરતમાંથી મળી છે જેને શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં સંગૃહીત કરવામાં આવી છે. આ પોથીનો સમય વિ.સં. ૧૭૧૬ એટલે કે ઇ.સ. ૧૬૫૯ છે.[૯]

ખેડા જિલ્લાના માતર ગામેથી 'વિચારસત્તરી'ની એક ચિત્રિત પોથી પ્રાપ્ત થઈ છે જેનો સમય વિ.સં. ૧૬૩૯ (ઈ.સ. ૧૫૮૩) છે. આ પોથીમાં કુલ ૧૨ ચિત્ર છે. આ પોથી અમદાવાદના શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ વિદ્યાભવનમાં સંગૃહીત કરવામાં આવી છે.

અમદાવાદના દેવશાના પાડાના ભંડારમાંથી 'હરબલચોપાઈ'ની આ સમયની એક ચિત્રિત પોથી મળી છે. એનો સમય વિ.સં. ૧૭૪૪ (ઈ.સ. ૧૬૮૭) છે.[૧૦]

આ પોથીઓ ઉપરાંત બાદશાહ જહાંગીરનાં ફરમાનોનાં બે સુંદર ચિત્ર પ્રાપ્ત થયાં છે. જહાંગીરના દરબારી ચિત્રકારો પૈકી કલાકાર શાલિવાહને જૈન શાસનને લગતાં બે ચિત્ર આલેખ્યાં છે. આ પૈકીના એક ચિત્રમાં જૈનાચાર્ય શ્રીવિજયસેનસૂરિ ઉપર આગ્રાના જૈન સંઘે સંવત ૧૬૬૭ કાર્તિક સુદ બીજ ને સોમવારના રોજ મોકલાયેલા વિજ્ઞપ્તિપત્રમાં ઉપાધ્યાય શ્રી વિવેકહર્ષગણિએ સંવત ૧૬૬૬ ના વર્ષમાં આગ્રામાં ચાતુર્માસ કર્યો ત્યારે, રાજા રામદાસ વગેરે દ્વારા શહેનશાહ જહાંગીરની મુલાકાત લીધી અને પોતાની વિદ્વત્તાની પ્રતિભાથી બાદશાહને પ્રભાવિત કરીને એ વર્ષમાં એની પાસેથી પર્યુષણ પર્વના તહેવારોના દિવસોમાં પોતાના રાજ્યમાં જીવહિંસા ન થાય એ બાબતનું જે ફરમાન કઢાવેલુ તેનું આલેખન કરવામાં આવ્યું છે. ઉપાધ્યાય વિવેકહર્ષગણિના આ ઉત્તમ કાર્યથી આગ્રાના જૈન સંઘને ઘણો આનંદ થયો અને એ આનંદ પ્રગટ કરવા તેઓએ પોતાના ગચ્છના ગચ્છપતિ આચાર્ય કે જેઓ એ વખતે દેવપાટણ એટલે કે આજના પ્રભાસપાટણમાં ચાતુર્માસ માટે રહ્યા હતા, તેઓને સાંવત્સરિક ક્ષમાપનાના પત્ર નિમિત્તે આપવા આ પ્રસંગનું ચિત્ર શાલિવાહન પાસે તૈયાર કરાવ્યું. સદરહુ ચિત્રપટમાં ઉપાધ્યાય વિવેકહર્ષગણિ રાજા રામદાસની સાથે શહેનશાહ જહાંગીર પાસે ફરમાન મેળવવા માટે કઈ રીતે જાય છે તેનુ તાદૃશ આલેખન કરવામાં આવ્યું છે. ફરમાન પ્રાપ્ત કર્યા પછી એમના બે શિષ્ય રાજ્યના સેવકોને સાથે લઈ આગ્રા શહેરમાં તે બાબતનો પડો વગાડે છે એ પ્રસંગનું સુંદર આલેખન ચિત્રકારે કર્યું છે (આ. ૫૯).

આ પ્રસંગને આલેખતું બીજું ચિત્ર આચાર્ય વિજયસેનસૂરિનું છે. એમની આસપાસ જિજ્ઞાસુ શ્રાવકો બેઠેલા છે. ઉપાધ્યાય વિજયહર્ષ બાદશાહી ફરમાન પોતાના આચાર્યને બતાવી રહ્યા છે. એમની પાછળ ઉદયહર્ષસૂરિ પણ દેખાય છે અને એમની પાછળ મુઘલ દરબારનો કોઈ અધિકારી દેખાય છે. આ ચિત્રમાં શ્વેતાંબર જૈન સાધુઓની વેશભૂષા નોંધપાત્ર છે. એમની પાસેનાં ઉપકરણ ધ્યાન ખેંચે એવાં છે. આચાર્યશ્રી વિજયસેનસૂરિ પોથી સાથે સ્વાધ્યાય કરી રહેલા

દેખાય છે. મુઘલ અધિકારીની પાઘડી અને પાયજામો તે સમયની મુઘલ દરબારી વેશભૂષાનો ખ્યાલ આપે છે. આચાર્યને જૈન મુનિની સાથે ઉપાશ્રયમાં મળવા માટે મુઘલ અધિકારીએ પગમાં પગરખાં રાખ્યાં નથી એ વાત ધ્યાન ખેંચે એવી છે (આ. ૬૦).

આ ચિત્રોમાં આલેખાયેલાં પાત્રોનું નિરૂપણ સ્પષ્ટ અને આબેહૂબ છે. વળી નોંધપાત્ર હકીકત એ છે કે દરેક પાત્રની ઉપર એનું નામ કાળી શાહીથી લખેલું છે. આ કારણથી આ ચિત્રની ઐતિહાસિક અગત્ય ઘણી વધી જાય છે. બાદશાહી ચિત્રકાર શાલિવાહન પોતે જ આ ચિત્રની ભાવાભિવ્યક્તિ બાબતમાં નોંધ્યું છે કે 'ઉસ્તાદ શાલિવાહન બાદશાહી ચિત્રકાર છે. એણે એ સમયે જોયો એવો જ આમાં ભાવ રાખ્યો છે.'[૧૧]

શ્રી જિનસિંહસૂરિના શિષ્ય મતિસારે રચાયેલ 'ધન્ના સાલિભદ્રરાસ'નાં ચિત્ર પણ જહાંગીરના દરબારી ચિત્રકાર શાલિવાહને આલેખ્યાં છે. આ રાસ કલકત્તાના જમીનદાર બાબુ બહાદુરસિંહજી સિંઘીના સંગ્રહમાં છે. આ રાસની હસ્તલિખિત પ્રત શ્રી જિનવિજયજી દ્વારા શ્રી સારાભાઈ નવાબને જોવા મળેલી. આ પ્રતનું લખાણ દેવનાગરી લિપિમાં જૂની ગુજરાતી ભાષામાં છે. એમાં કુલ ૨૬ પૃષ્ઠ અને ૩૯ સુંદર રંગીન ચિત્રો છે. આ પ્રતની પ્રશસ્તિમાં એના જ રચયિતા લેખક અને ચિત્રકારની વિગતો આપવામાં આવી છે જે ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની છે. આ રાસનાં ૩૯ ચિત્રો પૈકીનાં ચાર ચિત્ર પ્રસિદ્ધ થયાં છે.[૧૨]

આ સમયમાં મહાકવિ કાલિદાસનાં મેઘદૂત અને કુમારસંભવ જેવી જૈનેતર રચનાઓમાં પણ ચિત્ર આલેખવામાં આવતાં હતાં. આ રચનાઓની હસ્તપ્રતોમાં એની નકલ કરનારનું નામ, એના ગુરુનું નામ, ગચ્છનું તેમજ સ્થળનું નામ વગેરે વિગતો આપેલી હોય છે. 'મેઘદૂત'ની નકલ પંડિત ઉદયહર્ષે વિ.સં. ૧૭૨૬(ઈ.સ. ૧૬૭૦)ની સાલમાં આસણીકોટ(દેવીકોટ, રાજસ્થાન)માં કરી હતી. આ ચિત્રિત ૯ હસ્તપ્રત અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં સંગૃહીત છે.[૧૩]

આ જ સમયમાં ચિત્રિત અને નકલ કરાયેલી 'કુમારસંભવ'ની હસ્તપ્રત પણ આ સંસ્થામાં સંગૃહીત કરવામાં આવી છે. એની સ્થાપના વિ. સં. ૧૭૦૧(ઈ.સ. ૧૬૪૪)માં શ્રી લાભકીર્તિગણિના શિષ્ય પંડિત હર્ષસોમે નૌતનપુર (જામનગર) માં કરી હતી.[૧૪]

અમદાવાદમાં દેવશાના પાડાના ભંડારમાં સંગૃહીત થયેલી 'હરિબલ ચોપાઈ'ની પોથીમાં પણ આ સમયનાં ચિત્ર છે. આ ચોપાઈની રચના આચાર્ય હીરવિજયસૂરિના શિષ્ય પંડિતવર્ય સિંહવ્યાસના શિષ્ય જિનવિજયે વિ.સં. ૧૭૪૪ (ઇ.સ. ૧૬૮૭)માં કરી છે, જેમાં માછીમાર હરિબલ અને જૈન મુનિ ધીવરની કથા આલેખવામાં આવી છે.[૧૫]

૧૬ મા સૈકાની ગુજરાતી શૈલીનાં ચિત્રોવાળી 'રાજપ્રશ્નીય સૂત્ર'ની એક પ્રત મુનિશ્રી પુણ્યવિજયના સંગ્રહમાં છે. આ પ્રતમાં એનો કોઈ સમયનિર્દેશ આદિ કે અંત ભાગમાં મળતો નથી. આમ છતાં લિપિ અને અક્ષરોના મરોડ તેમજ ભાષાની લઢણ ઉપરથી એનો સમય ડૉ. ઉમાકાન્ત શાહ ઈ.સ. ૧૬૦૦ કે એ અગાઉનો મૂકે છે.[૧૬] આ પ્રતમાં આલેખાયેલી સાધુની આકૃતિઓ માતરમાંથી પ્રાપ્ત થયેલી સંગ્રહણીસૂત્રની આકૃતિઓ અને વડોદરા સંગ્રહાલયની ઉત્તરાધ્યયનસૂત્રની આકૃતિઓ સાથે ખૂબ જ મળતી આવે છે.[૧૭]

વૈષ્ણવ પોથીની ચિત્રકલા

ગુજરાતમાંથી ગીતગોવિંદ, બાલગોપાલ સ્તુતિ અને ભાગવત દશમસ્કંધની ચિત્રિત પોથીઓ પ્રાપ્ત થઈ ન હતી ત્યાં સુધી એમ મનાતું હતું કે પશ્ચિમ ભારતની લઘુ ચિત્રકલા માત્ર જૈનધર્માવલંબી છે. ઈ.સ. ૧૯૨૯ માં બાલગોપાલ સ્તુતિની ચિત્રિત પોથી મળી આવી અને કલાવિવેચકોને આ ખ્યાલ બદલવો પડ્યો. આ પોથીની હસ્તપ્રત હાલમાં બોસ્ટન સંગ્રહાલયમાં છે, જેમાં ૪૦ ચિત્ર છે. પ્રો. ડબ્લ્યુ. નોર્મન બ્રાઉન આ પોથીનો સમય ઈસવી સનના પંદરમા સૈકાનો મધ્ય ભાગ ગણે છે.[૧૮] આ પોથીની બીજી એક પ્રત વડોદરાના સંગ્રહાલયમાં છે, જેનાં ચિત્ર બોસ્ટનમાં સચવાયેલી હસ્તપ્રત સાથે સામ્ય ધરાવે છે.[૧૯] સને ૧૯૩૨ માં આ પોથીની બે પ્રત અમદાવાદમાં શુક્રવારની ગુજરીમાંથી ડૉ. ભોગીલાલ સાંડેસરાને પ્રાપ્ત થઈ અને એનાં ચિત્રોની વિગતો ડૉ. મંજુલાલ ર. મજમુદારે સને ૧૯૩૩ માં વડોદરામાં ભરાયેલી સાતમી અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ (All-India Oriental Conference) સમક્ષ પોતાના શોધ–નિબંધમાં પ્રસિદ્ધ કરી.[૨૦] ડૉ. મંજુલાલ મજમુદારે આ પોથીની એક બીજી પ્રત ખેડા જિલ્લાના પેટલાદ ગામેથી રાજરત્ન નારાયણભાઈ સંસ્કૃત પાઠશાળામાંથી પ્રાપ્ત કરી છે. આ પોથીમાં કુલ ૨૯ ચિત્રો છે, જેનો સમય ૧૭ મા સૈકાનો પૂર્વાર્ધ મનાય છે.

કાંકરોલીના વ્રજભૂષણલાલજીના સંગ્રહમાં 'ભાગવત દશમસ્કંધ'ની એક ચિત્રિત પોથી છે, જેના છેલ્લા પાને ભગવાન શ્રીકૃષ્ણ વાંસળી વગાડતા આલેખ્યા છે. વર્ણ આયોજન, અલંકાર તેમ જ કેશરચનાની દૃષ્ટિએ આ ચિત્રમાં જૂની પશ્ચિમ ભારતની ચિત્રશૈલીની પરંપરા જળવાયેલી જોવા મળે છે. આ પોથીનો સમય આશરે ૧૬ મા સૈકાનો મધ્યભાગ કે એ પછીનો મનાય છે.[૨૧]

દશમસ્કંધની શ્રીધરની ગુજરાતીમાં ભાવાર્થ–ટીકાવાળી એક ચિત્રિત પોથી જોધપુરમાંથી મળી છે, જેમાં દરેક ચિત્રની વિગતો વર્ણવવામાં આવી છે. આ પોથીનો સમય ઈ.સ. ૧૬૧૦ છે. પોથીનાં ચિત્ર ચિત્રકાર નારદપુત્ર ગોવિંદે આલેખ્યાં છે, જેનો ઉલ્લેખ તેના છેલ્લા પાને કરવામાં આવ્યો છે.[૨૨] ડૉ. મંજુલાલ મજમુદારે આ પોથીનાં ચિત્રોને સૌ પ્રથમ પ્રસિદ્ધિ આપી છે.[૨૩] આ શૈલીના ચિત્રનું 'ભાગવત'નું એક પાનું પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરાના સંગ્રહમાં છે, જે ઈ.સ. ૧૬૧૦ માં ચિતરાયેલી પ્રતિના પાના તરીકે ખરીદવામાં આવ્યું છે. આ પાનનું ચિત્ર ડૉ. ઉમાકાન્ત શાહે 'સ્વાધ્યાય'ના મુખપૃષ્ઠ પર પ્રસિદ્ધ કર્યું છે.[૨૪]

મુઘલ કાલમાં ગુજરાતના સમાજજીવન પર કવિ જયદેવના 'ગીત–ગોવિંદ'નાં ભક્તિ અને શૃંગારી કાવ્યોની ઘણી અસર હતી, જેનો પુરાવો ગુજરાતમાંથી પ્રાપ્ત થતી ગીત–ગોવિંદની ચિત્રિત પોથીઓ છે. આ કાવ્યની સૌથી જૂનામાં જૂની ઉપલબ્ધ પોથી પાવાગઢના પૂજારી પંડિત બાલાશંકર ભટ્ટજી અગ્નિહોત્રી પાસે છે. આ પોથીમાં કુલ સાત ચિત્ર છે, જેનો સમય ડૉ. મંજુલાલ મજમુદાર[૨૫] પંદરમા સૈકાનો મધ્ય ભાગ ગણાવે છે જ્યારે શ્રી. નાનાલાલ મહેતા તેને પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં મૂકે છે.[૨૬]

કવિ જયદેવના ગીત–ગોવિંદની કથાવસ્તુ પર આધારિત દૂતિકા–આગમનનું એક ચિત્ર શ્રી નાનાલાલ મહેતાના સંગ્રહમાં છે. આ ચિત્રનો સમય આશરે ઈ.સ. ૧૫૯૦–૧૬૦૦ નો મનાય છે.[૨૭]

ગીત–ગોવિંદની એક દશાવતાર–ચિત્રિત પોથી પાટણમાંથી પ્રો. કાંતિલાલ બ. વ્યાસને પ્રાપ્ત થઈ છે. આ પોથી ભાષાસ્વરૂપ ઉપરથી ૧૭ મા સૈકાની હોવાનું તેઓ માને છે.[૨૮] આ પ્રત એ એક સ્વતંત્ર ચિત્રપોથી (Album) હોય તેમ જણાય છે. એનાં ચિત્રોમાં રંગ અને રેખાનું અજબ માધુર્ય પ્રગટ થતું જણાય છે. ચિત્રોમાં કલાકારે પાત્રોનું સંયોજન આયોજનપૂર્વક કરેલું છે. એમાં વર્ણોનું

આલેખન પણ અત્યંત સમજપૂર્વક થયેલું જોવા મળે છે. ચિત્રોનું પ્રકૃતિ–નિરૂપણ વાસ્તવિક અને મનોહર છે. વૃક્ષોના આલેખનમાં મુઘલ શૈલીની અસર સ્પષ્ટ જોવા મળે છે. વસ્ત્રાભૂષણ અને પાત્રોનાં અંગ-ઉપાંગોના આલેખનમાં રાજસ્થાની શૈલીના અંશો પણ સચવાયેલા જોવા મળે છે. આ પોથીનું વરાહ-અવતારનું ચિત્ર અહીં આપેલું છે (આ. ૬૧) આ ચિત્રમાં બંને બાજુએ કેળ અને આમ્રવૃક્ષનું આલેખન કરવામાં આવ્યું છે. ચિત્રની વચમાં ભગવાન વિષ્ણુ વરાહ-અવતાર સ્વરૂપે નજરે પડે છે. ભગવાનના ચાર હાથમાં શંખ, ગદા, ચક્ર અને પદ્મ જોવા મળે છે. એમણે માથા ઉપર પંખા આકારનો સોનેરી મુકુટ ધારણ કર્યો છે. ગળામાં મોતીની માળા પહેરેલી છે. એમના ચારેય હાથમાં કડાં અને પગમાં તોડા પહેર્યા છે. એમનું ધડ મનુષ્યનું અને માથું વરાહનું છે, એમણે અણીદાર દંતશૂળ ઉપર એક ગોળ પાત્ર ધારણ કરેલું દેખાય છે જેમાં એક સ્ત્રી બેઠેલી છે જે પૃથ્વી છે. પૌરાણિક કથા અનુસાર હિરણ્યાક્ષ દૈત્યના ત્રાસમાંથી પૃથ્વીને ઉગારવા માટે ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર લીધો હતો. આ પૌરાણિક પ્રસંગને ગુજરાતના કલાકારે આ પોથીમાં ભાવપૂર્વક આલેખ્યો છે. ભગવાન વરાહનું આલેખન કલાકારે ગતિમય કર્યું છે. એમના પગ નીચે વધ કરાયેલો દૈત્ય હિરણ્યાક્ષ બનાવ્યો છે, જેનું મોં શિંગડાવાળા પશુનું અને ધડ મનુષ્યનું છે. વરાહ ભગવાનની આસપાસ બે ચામરધારી સેવકો છે. એમનાં વસ્ત્રાભૂષણના આલેખનમાં રાજસ્થાની ચિત્રશૈલીની છાયા સ્પષ્ટ દેખાય છે. એમની માથાની પાઘડીઓ વિશેષ નોંધપાત્ર છે. ચિત્રની જમણી બાજુએ નદીનો વહેતો પ્રવાહ ગતિમય રેખાઓ દ્વારા બતાવાયો છે. નદીના પાણીમાં ખીલેલાં કમળ સ્પષ્ટ જોઈ શકાય છે. ચિત્રની ઉપરના ભાગમાં સફેદ રંગની પટ્ટી દ્વારા કલાકારે આકાશનું આલેખન કર્યું છે. આ ચિત્રનું સમગ્ર આયોજન અત્યંત ભાવવાહી અને કલાત્મક છે. પૌરાણિક કથા પ્રસંગને કલાકારે રંગ અને રેખાના મૃદુ આલેખન દ્વારા વાસ્તવિક બનાવવા સફળ પ્રયત્ન કર્યો છે. આ કાલમાં ચિત્રિત થયેલી વૈષ્ણવ પોથીઓનાં ચિત્રો પૈકી આ ચિત્ર ગુજરાતી કલાનો ઉત્તમ નમૂનો પૂરો પાડે છે તેમ નિઃશંક કહી શકાય

વૈષ્ણવ સંપ્રદાયની ચિત્રિત પોથીઓ ઉપરથી ગુજરાતના સમાજ જીવનમાં ભગવાન વિષ્ણુ અને તેમના અવતારોનો કેવો મહિમા હશે તેનો ખ્યાલ આવે છે. બાલ ગોપાલ સ્વરૂપે કૃષ્ણનું ચરિત લોકોમાં ઘણું લોકપ્રિય બન્યું હશે તેમ કહી શકાય.

શાક્ત પોથીની ચિત્રકલા

મધ્યકાલીન ગુજરાતમાં ત્રણ શક્તિપીઠ નામાંકિત હતી : (૧) આરાસુરનાં અંબાજી, (૨) પાવાગઢનાં મહાકાલી અને (૩) ઉત્તર ગુજરાતનાં બહુચરાજી. શક્તિનો મહિમા વર્ણવતી દેવી–માહાત્મ્ય અથવા દુર્ગા સપ્તશતીની કાગળ પર ચીતરેલી પોથીઓ ગુજરાતમાંથી પ્રાપ્ત થઈ છે જે એ સમયના ગુજરાતમાં શક્તિ–પૂજાનો મહિમા કેવો હતો એનો ખ્યાલ આપે છે. ગુજરાતમાંથી એ દેવી માહાત્મ્યની જૂનામાં જૂની ઉપલબ્ધ પોથી વડોદરાની આર્ટ ગેલેરીના સંગ્રહમાં છે, જેમાં બાર ચિત્ર આલેખેલાં છે. આ પોથીનો સમય ઈસવી સનનો ૧૫ મો સૈકો છે.[૨૯] આ માહાત્મ્યની ૧૭ મા સૈકાની ત્રણ પ્રત પાલનપુરના નવાબ સાહેબના સંગ્રહમાં છે.[૩૦] ૧૭ મા સૈકાની દેવી-માહાત્મ્યની ગુજરાતમાંથી પ્રાપ્ત થયેલી ચિત્રિત પોથી ભારત કલા ભવન, બનારસના સંગ્રહાલયમાં છે. આ પોથીનાં ચિત્ર ગુજરાતમાં આસોયાનગરમાં ચીતરવામાં આવ્યાં હતાં. આ સ્થળ વિશે હજુ સુધી કોઈ નિર્ણય થઈ શક્યો નથી. દક્ષિણ ગુજરાતમાં સૂર્યપુર(સુરત)માંથી દેવી–માહાત્મ્યની ૫૦ ચિત્રોવાળી એક પ્રત પ્રાપ્ત થઈ છે. આ પ્રત વિ.સં. ૧૭૭૬(ઈ.સ. ૧૭૨૦)ના સમયની છે.[૩૧] એનાં ચિત્રોમાં ગુજરાતી શૈલીની પરંપરા જળવાયેલી જોવા મળે છે. આ પ્રત હાલમાં મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં સંગૃહીત થયેલી છે. આ માહાત્મ્યની બે પ્રતો અમદાવાદના શેઠ ભોળાભાઈ જેસિંગભાઈ અધ્યયન અને સંશોધન વિદ્યાભવનમાં છે જેમાં કોઈ સમયનિર્દેશ આપેલો નથી. ગુજરાત–સૌરાષ્ટ્રના ઘણા બ્રાહ્મણ પંડિતો પાસે પણ આવા માહાત્મ્યની ચિત્રિત પોથીઓ છે જે એની લોકપ્રિયતાનો પુરાવો છે. આ ઉપરથી એમ કહી શકાય કે ગુજરાતના સમાજજીવનમાં શક્તિ અને તેનાં વિવિધ સ્વરૂપોનો ઘણો મહિમા હશે. ખાસ કરીને નવરાત્રના દિવસોમાં એનું ભાવન ઘણું થતું હશે.

મુઘલ સમયમાં પ્રાપ્ત થતી આ બધી ચિત્રિત પોથીઓ ઉપરથી આપણે કહી શકીએ કે પાટણ અમદાવાદ માતર ખંભાત સુરત વ્યાઘ્રસેનપુર વડનગર ચાંપાનેર ગંધાર(ભરૂચ પાસે)નું બંદર ઈડર વઢવાણ જામનગર અંજાર ભૂજ વગેરે અગત્યનાં કલાકેંદ્ર હશે.

૨. ભિત્તિચિત્રો

મુઘલકાલમાં ગુજરાતનાં જૈન અને હિંદુ મંદિરોમાં તેમજ રાજવીઓના રાજમહેલોમાં ભિત્તિચિત્રોનું આલેખન થયેલું જોવા મળે છે. આ ઉપરાંત

શ્રેષ્ઠીઓની હવેલીઓમાં પણ કાષ્ઠકામ ઉપર ચિત્રકામ થયેલું જોવા મળે છે. આ સમયમાં પ્રાકૃતિક અને ભૌમિતિક આલેખન મંદિરોની બારશાખો, પોથીઓના ઢાંકણ માટે વપરાતી લાકડાની પાટીઓ અને બાળકોને રમવાનાં રમકડાંઓ ઉપર થયેલાં જોવા મળે છે. અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનું એક ચિત્ર ઝવેરીવાડના સાગરગચ્છના ઉપાશ્રયમાં થાંભલા આલેખેલું છે. એમા તેઓ એમના આચાર્ય ગુરુ રાજસાગરસૂરિ સમક્ષ ધર્મલાભ પ્રાપ્ત કરતા દેખાય છે.

જામનગરના દરબારગઢમાંથી આ સમયનાં કેટલાંક યુદ્ધ દશ્યોનાં ભિત્તિચિત્ર મળી આવ્યાં છે. ઈ.સ. ૧૫૯૧માં ધ્રોળ નજીક ભૂચર મોરીમાં જામ સત્રસાલ અને મુઘલ સૂબેદાર અઝીઝ કોકા વચ્ચે જે ભીષણ યુદ્ધ ખેલાયેલું તે પ્રસંગનું એક ચિત્ર છે. ચિત્રમાં બંને પક્ષે ઉપયોગમાં લેવાતી તોપો અને શસ્ત્રોનું આબેહૂબ આલેખન જોવા મળે છે. સૈનિકોનો પહેરવેશ હિંદુ અને મુસ્લિમ સેના વચ્ચેની સ્પષ્ટ ભેદરેખા બતાવે છે.

આ દરબારગઢમાં એક બીજું ચિત્ર જામ સતાજીએ સેના સાથે ઈ.સ. ૧૫૯૧માં અમદાવાદ તરફ કૂચ કરી એ પ્રસંગનું છે. સદરહુ ચિત્રમાં લશ્કરી ઘોડેસવારો ગતિમાં દોડતા બતાવાયા છે. સૈનિકોના હાથમાં ઉઘાડી તલવાર સ્પષ્ટ દેખાય છે, જે ચિત્રના વીર રસમાં વધારો કરે છે. સૈનિકોની પાઘડીઓ અને વેશભૂષા ધ્યાન ખેંચે એવા છે.[૩૨]

સૌરાષ્ટ્રમાં દામનગર પાસે આવેલા પાંડરશીંગાના શિવાલયમાંથી અઢારમા સૈકાનાં ભિત્તિચિત્ર પ્રાપ્ત થયાં છે. આ ચિત્રની વિગતો સૌપ્રથમ શ્રી રવિશંકર રાવલે પ્રસિદ્ધ કરી છે.[૩૩] આ ચિત્રના પ્રસંગો રામાયણ અને ભાગવતમાંથી લીધેલા છે. ચિત્રોમાં પાત્રોના આલેખનમાં ગુજરાતી શૈલીની લઢણ જોવા મળે છે. કલાકારે એક ચિત્રમાં વિભીષણને માંગરોળી પાઘડી પહેરાવી છે. એક ચિત્રમાં અપ્સરાઓનું આલેખન લોક-માન્યતા પ્રમાણે પાંખોવાળું કરેલું જોવા મળે છે. દેવોની વેશભૂષા પણ સ્પષ્ટ સૌરાષ્ટ્રી જોવા મળે છે.

પાદટીપ

૧. આ અંગે શ્રી નાનાલાલ ચ. મહેતાએ એમના 'A New Document of Gujarati Painting— A version of Gita-Govinda' નામના લેખની પાદટીપમાં નોંધ કરી છે, જુઓ *Journal of the Gujarat Research Society,*

(*JGRS*) Vol. VII, 139 ff. ડૉ. મંજુલાલ ર. મજમુદાર કહે છે, 'કલાઓના નમૂનાને કોઈ પણ કોમ કે ધર્મના નામથી ઓળખવાને બદલે તેના ભૌગોલિક સ્થાન ઉપરથી ઓળખાવવી એ વધારે વાજબી છે; તેથી પશ્ચિમ હિંદની આ કલાને 'ગુજરાતી કલા'ના નામથી ઓળખવામાં બાધ નથી.'—જુઓ 'ગુજરાતી ચિત્રકલા', "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક", પુ. ૮, પૃ. ૧૫૮–૧૭૧.

૨–૩ Moti Chandra & U. P. Shah, *New Document of Jain Painting*, p. 29

૪. સારાભાઈ મ. નવાબ, 'જૈન ચિત્ર કલ્પદ્રુમ', ખં. ૨, પૃ. ૫૩

૫. Moti Chandra & U. P. Shah, *op. cit.*, p. 69

૬. *Ibid.*, p. 73 ૭. *Ibid.*, p. 97 ૮. *Ibid.*, pp. 99f.

૯. *Ibid.*, p. 100 ૧૦. *Ibid.*, p. 101

૧૧. સારાભાઈ મ. નવાબ, ઉપર્યુક્ત, ખં. ૨; પૃ. ૫૯; વધુ વિગતો માટે જુઓ N. C. Mehta, *The Sudies in Indian Painting*, pp. 69–73.

૧૨. *Ibid.*, p. 60 ૧૩. Moti Chandra & U. P. Shah, *op. cit.*, p. 58

૧૪. *Ibid.*, p. 59 ૧૫. *Ibid.*, pp. 101f.

૧૬–૧૭ ઉમાકાન્ત પ્રે. શાહ, 'સોળમા સૈકાની ગુજરાતી ચિત્રશૈલી', "સ્વાધ્યાય", પુ. ૭, પૃ. ૫૭–૬૩

૧૮. W. Normal Brown, 'Early Vaishaṇava Miniature Paintings from Western India'. *Eastern Art*, Vol. II, pp. 167–206. વળી જુઓ, Moti Chandra, *Jain Miniature Painting from Western India*, p. 42

૧૯. Moti Chandra, *op. cit.*, p. 42

૨૦. *Proceedings and Transactions of Seventh All-India Oriental Conference, Baroda*, pp. 827–835

૨૧–૨૨ Moti Chandra, *op. cit.*, p. 42

૨૩. M. R. Majmudar, 'Two illustrated Maṇuscripts of Bhagavata Daśamaskandha', *Lalit Kala*, No. 8, pp. 47–54

૨૪. જુઓ "સ્વાધ્યાય", પુ. ૭, અંક ૧ના મુખપૃષ્ઠ પરનું ચિત્ર.

૨૫. *Journal of the University of Bombay*, No. VI, p. 124

૨૬. N. C. Mehta, 'A New document of Gujarati Painting', *JGRS*, Vol. VII, pp 139ff..

૨૭. N. C. Mehta & Moti Chandra; pl. 'Return of the Messenger,' *The Golden Flute*

૨૮. કાં. બ. વ્યાસ, 'સત્તરમા શતકની ગુજરાતી ચિત્રકલા', ગુજરાત સંશોધન મંડળનું ત્રિમાસિક, પુ. ૧૦, પૃ. ૧૩૫-૧૪૦

૨૯-૩૧ M. R. Majmudar, 'Earliest Devimāhātmya Miniatures with special reference to Śakti Worship in Gujarat', *Journal of the Indian Society of Oriental Art*, Vol. I, pp. 119–136

૩૨. જુઓ M. S. Commissariat, History of Gujarat, Vol. II, pl. between pp. 24–25

૩૩. ર. મ. રાવલ, 'પાંડર શીંગાનાં ભીંતચિત્રો', "ગુજરાત સંશોધન મંડળનું ત્રિમાસિક", પુ. ૧, અંક ૩-૪, પૃ. ૧૭૭-૧૭૮

*

પરિશિષ્ટ

યુરોપીય પ્રવાસીઓએ કરેલી નોંધો

ઈસવી ૧૬ મીથી ૧૮ મી સુધીના સમયના લોકજીવનની ઝાંખી માટે આપણે સમકાલીન સાહિત્યકૃતિઓ તથા પ્રવાસગ્રંથો પર નજર નાખવી પડે છે. સદ્ભાગ્યે આ સમય દરમિયાન ગુજરાતમાં આવેલા યુરોપીય પ્રવાસીઓના હેવાલો પરથી આ સમયના લોકોના સામાજિક, ધાર્મિક તથા આર્થિક જીવનનો કેટલોક ખ્યાલ આવી શકે છે. જે યુરોપીય પ્રવાસીઓ ભારતમાં આવ્યા અને જેમણે ગુજરાતમાં પ્રવાસ ખેડયો તે નીચે મુજબ હતા :

ઈ.સ. ૧૫૭૩ માં સીઝર ફ્રેડરિક ખંભાત અને સુરત આવ્યો હતો. એ પછી સુરતમાં અંગ્રેજ નાયબ કપ્તાન વિલિયમ હૉકિન્સ (૧૬૦૮ થી ૧૬૧૩) હતો. એની સાથે વિલિયમ ફ્રિન્ચ (૧૬૦૮–૧૧) પણ હતો. હોકિન્સ એને સુરત મૂકીને જતો રહ્યો. વિલિયમ ફ્રિન્ચે સુરત શહેરનું વર્ણન કરેલું છે તેમાં તાપી નદી, ગોપી તળાવ અને કિલ્લા પાસે આવેલા જકાતગૃહનો સમાવેશ થાય છે. વેપારી માલ પર અઢી ટકા, ખોરાકી ચીજો પર ત્રણ ટકા અને નગદી માલ પર બે ટકા જકાત લેવામાં આવતી હતી. ફ્રિન્ચે રાંદેરનું પણ વર્ણન કર્યું છે.

સત્તરમી સદીના પહેલા બે દશકામાં ગુજરાતમાં અંગ્રેજોએ પોતાની વેપારી કોઠીઓ સ્થાપી વેપારની જમાવટ કરી દીધી હતી. ગુજરાતમાં આવેલા યુરોપીય પ્રવાસીઓ જે તે સ્થળે આવેલી અંગ્રેજોની કોઠીઓની મુલાકાત લેતા હતા.

એડવર્ડ ટેરી નામના અંગ્રેજે ભારતની મુલાકાત લીધી (૧૬૧૬–૧૯). એમણે ૧૬૧૭ માં અમદાવાદની અને બીજા વર્ષે સુરતની મુલાકાત લીધી હતી. ગુજરાતને સારા અને સંપત્તિવાળા રાજ્ય તરીકે ઓળખાવી એણે ત્યાંથી રાતા સમુદ્ર અચીન અને બીજાં સ્થળોએ થતા વેપારનો નિર્દેશ એના અહેવાલમાં કર્યો છે.[1]

૧૬૨૪માં સુરતની અંગ્રેજ કોઠીમાં પાદરી તરીકે રેવ. હેન્રી લોર્ડ આવ્યો. એણે ઇંગ્લૅન્ડ પાછા ફર્યા બાદ એક નાનું પુસ્તક— *A Display of Two Foreign Sects in the East Indies (1630)* પ્રગટ કર્યું એમાં એણે સુરતના વણિકો અને એમાં પણ ખાસ કરીને જૈન વણિકો અને પારસીઓના

ધર્મ, તેમની ધાર્મિક વિધિઓ રીતરિવાજો વગેરેની માહિતી આપી છે. હેત્રીને સુરતમાં એના નિવાસ દરમિયાન ઘણો ફાજલ સમય મળતો હતો કોઠીમાં વેપાર માટે આવતાજતા જૈન વણિકોના સંપર્કમાં રહેતો. તેઓની પાસેથી એ એમના સામાજિક રિવાજો, ધર્મ વગેરેની માહિતી મેળવતો. એવી રીતે સુરતમાં રહેતા પારસીઓ વિશે પણ નોંધપાત્ર માહિતી એકત્ર કરતો. ગુજરાતમાં પારસીઓનું આગમન કેવી રીતે થયું એ વિશેની એની નોંધ ધ્યાનપાત્ર છે

પારસી પ્રવાસીઓના સાતમા કાફલાનું છેલ્લું જહાજ દરિયાકાંઠે પ્રવાસ કરતું કરતું ખંભાત જઈ પહોંચ્યું. ત્યાં પણ સંજાણના અને વરિયાવના રાજા સાથે કરેલા કરાર જેવો જે કરાર કરવામાં આવ્યો તેથી પારસીઓ ત્યાં રહ્યા. હેત્રી લૉર્ડ જણાવે છે કે મૂળ આ ત્રણ પારસી વસાહતો હતી, જ્યાંથી પારસીઓ ગુજરાતના અન્ય ભાગોમાં ફેલાઈ ગયા. આ નિર્દેશ સૂચક છે. આ પ્રવાસી જણાવે છે કે એને મળેલી માહિતી મુજબ ગુજરાતમાં સદીઓના વસવાટ દરમિયાન પારસીઓ પોતાની જાતિની પ્રણાલીઓ રીતરિવાજો વગેરે ભૂલતા ગયા. આથી ઈરાનમાં રહેતા એમના સહધર્મીઓએ જ્યારે આ વાત જાણી ત્યારે તેઓને પોતાના પૂર્વજોની કથા, ધર્મવચનો, પૂજાવિધિ વગેરેથી માહિતગાર કરવા પ્રયાસ કર્યો.[2] હેત્રી લૉર્ડની નોંધ માટે એટલું કહી શકાય કે પારસીઓના ધર્મ અને રિવાજ વિશે લખનાર તે પહેલો યુરોપીય વિદ્વાન હતો.

હેત્રી લૉર્ડ પછી આવેલા યુરોપીય પ્રવાસીઓમાં ઇટાલિયન પ્રવાસી પિએટ્રો ડેલા વાલેની નોંધ અગત્યની છે.[3] ડેલા વાલેએ પોતાના પ્રવાસની કરેલી નોંધો નેપલ્સમાં રહેતા પોતાના મિત્ર પર લખેલા પત્રોમાં સચવાયેલી છે. એ નોંધોમાં એણે ગુજરાતનાં મોટાં શહેરો અને ફિરંગી વસાહતોના લોકજીવન તથા રીતરિવાજોનું ઝીણવટભર્યું વર્ણન કર્યું છે.

ભારતમાં વલંદા અને ફિરંગીઓની વસાહતોની જમાવટ કેવી રીતે કરવામાં આવી હતી એના સામાજિક પાસા વિશે ડેલા વાલેએ રસિક માહિતી આપી છે. જે વલંદાઓ પોતાના કુટુંબકબીલા સાથે પૂર્વના દેશોમાં જવામાં આવેલા ડચ સંસ્થાન ન્યૂ બટેવિયામાં સ્થિર વસવાટ કરવા માગતા હોય તેમને રાજ્ય તરફથી કેટલાક વિશેષાધિકારો આપવામાં આવતા. જેઓ પત્ની તરીકે યુરોપીય સ્ત્રી મેળવી ન શકે તેમને ભારતીય, આર્મેનિયન અથવા સિરિયન સ્ત્રી પત્ની તરીકે મેળવી લેવાની છૂટ આપવામાં આવી હતી. એ સ્ત્રી ખ્રિસ્તી હોય અથવા વલંદાની પત્ની બનતાં પહેલાં ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લે એ જરૂરી બનાવવામાં આવ્યું હતું. સુરતમાં ડેલા વાલે લગભગ એક મહિનો દસ દિવસ રહ્યો તે

દરમ્યાન એને વલંદા અને અંગ્રેજ કોઠીઓના પ્રમુખો તરફથી માનભર્યો આતિથ્યનો લાભ મળ્યો. શહેરની પ્રજા વિશે એ જણાવે છે કે શહેરમાં મુઘલ શાસન હોવા છતાં ત્યાંના બધા જ લોક સમાનતા ભોગવતા. એમને સામાન્ય વ્યવસાય કરવાની અને સંપત્તિ ભેગી કરવાની સ્વતંત્રતા હતી. પ્રજાના વર્ગો વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો નહિ. શહેરમાં મુસ્લિમો કરતાં હિંદુઓની વસ્તી વધુ હતી. મુસ્લિમો શાસક વર્ગની જાતિના હોવાથી એમને થોડા વધુ અધિકાર રહેતા.[૪] સર ટૉમસ રોએ એની નોંધમાં ગોપીતળાવનો થોડો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ ડેલા વાલે એનું લાંબુ વર્ણન આપે છે. એમાં તળાવની બાંધણી, એમાં લાવવામાં આવતાં પાણી અને એને બંધાવનાર મલિક ગોપી વિશે માહિતી આપે છે. સુરતમાં પ્રખ્યાત બગીચાની મુલાકાત લેતાં ત્યાં કેવા પ્રકારના વિવિધ છોડ હતા એનું વર્ણન પણ એણે કર્યું છે.[૫] સુરતની કોઠીઓમાં રહેતા અંગ્રેજો અને વલંદા કેવા વૈભવથી અને સ્વતંત્રતાથી રહેતા હતા એનો ઉલ્લેખ કરીને ડેલા વાલે કહે છે કે મુસ્લિમ સૂબેદાર તરફથી એમને કોઈ હેરાનગતિ કરવામાં આવતી ન હતી.

ડેલા વાલેએ ખંભાતની ખ્યાતિ ભારતના સૌથી પ્રાચીન શહેર તરીકે સાંભળી હોવાથી એ ત્યાં જવા નીકળ્યો. માર્ગમાં એ ભરૂચ રોકાયો. ત્યાં રહેતા વલંદાઓએ એનું સ્વાગત કર્યું. ભરૂચનું વર્ણન કરતાં એ જણાવે છે કે એ શહેર ઊંચી ટેકરી પર પ્રમાણસરની મોટી દીવાલ વડે રક્ષાયેલું હતું. એ સુતરાઉ કાપડના વેપારનું મોટું મથક હતું, ત્યાંથી એશિયા અને યુરોપના દેશોમાં સૂતરની નિકાસ ઘણી થતી હતી. ભરૂચ નજીક સફેદ અને લીલા અકીક પથ્થરોની ખાણો હતી. એ પથ્થરોને ખંભાત લઈ જવામાં આવતા, કારણ કે ત્યાં એનો ઉદ્યોગ ખીલ્યો હતો. ભરૂચમાં નાના મછવા બાંધવાનો ઉદ્યોગ ચાલતો હોવાનું ડેલા વાલેએ નોંધ્યું છે. જંબુસર થઈને ખંભાત જતાં દરિયો કેવો તોફાની હતો એની માહિતી એ આપે છે. ખંભાતમાં આવી પહોંચતાં (૧૬૨૩) ત્યાં વલંદા કોઠીના માણસોએ એનું સ્વાગત કર્યું. ખંભાતને જૈન ધર્મના મોટા કેંદ્ર તરીકે ડેલા વાલે ઓળખાવે છે. ત્યાં માંદાં લંગડાં અટૂલાં પંખી અને મરઘડાંની હૉસ્પિટલ હતી. અનાથ નાના ઉંદરોની માવજત લેનાર તથા ઘરડાં લૂલાં અશક્ત બીમાર ઘેટાં બકરાં અને વાછરડાંની પાંજરાપોળોનો એ ઉલ્લેખ કરે છે.[૬] આ બધું ત્યાં રહેતા જૈનોની ધર્મદયાવૃત્તિ અને પરગજુપણાના પુરાવારૂપે હતું. જીવહત્યા નિવારવા માટે જૈનો તરફથી ત્યાંના રાજાને અગાઉથી રકમ આપી દેવામાં આવતી, તેથી ત્યાં જીવહત્યા કરવા પર કડક પ્રતિબંધ હતો,[૭] જેનું ઉલ્લંઘન કરનારને

મોત સુધીની સજા કરી શકાતી. ડેલા વાલેએ ખંભાતનાં શ્રેષ્ઠ મંદિરોની મુલાકાત લીધી હતી. હિંદુઓના દેવોના પ્રકાર અને એમનાં પ્રતીકો વિશે જાણવાની એની ઈંતેજારી હોવા છતાં સ્થાનિક ભોમિયા જે ફિરંગી કે ફારસી જ બોલી શકતા તે ડેલા વાલેને ડચ ભાષામાં સમજાવવા અશક્ત હતા. હિંદુઓના લગ્નજીવન વિશે ઉલ્લેખ કરતાં ડેલા વાલે જણાવે છે કે હિંદુઓને સામાન્ય રીતે એક પત્ની હોય છે. તેઓ ભાગ્યે જ એને છૂટાછેડા આપે છે. પત્નીના અવસાન બાદ પતિને લગ્ન કરવાની છૂટ હોય છે, પરંતુ પતિના અવસાન બાદ પત્નીને સતી થવાની ફરજ પાડવામાં આવે છે. આ અંગે ડેલા વાલે આશ્ચર્ય વ્યક્ત કરી સતીના પ્રસંગની ગંભીર કરુણતા અને એમાં રહેલી રિવાજની સખતાઈની તેમજ સૂબેદારની પરવાનગી વગર અને એ માટેની જરૂરી ફી ભર્યા વગર સ્ત્રીને સતી થવા દેવામાં આવતી ન હતી એની ખાસ નોંધ કરે છે.[૮]

ખંભાતથી ડેલા વાલે અમદાવાદ આવ્યો (ફેબ્રુઆરી ૨૬, ૧૬૨૩). અમદાવાદના માર્ગ સીધા અને લાંબા હોવા છતાં બંને બાજુએ ફરસબંધી વગરના ધૂળવાળા હતા. એમાં ચાલવાનું મુશ્કેલ હતું અને એમાં પગ ખૂંપી જતા. ઊડતી ધૂળના કારણે એ માર્ગો પર ઘોડેસવારી કરવાનું અરુચિકર હતું. ડેલા વાલે અમદાવાદમાં બે દિવસ રોકાયો. એણે શહેરના મુખ્ય બજાર "બઝાર–ઈ–કલાં", ત્રણ દરવાજા[૯], મોટો કૂવો, ભદ્રવિસ્તાર અને શાહી મહેલનું વર્ણન કર્યું છે. અમદાવાદથી નીકળતાં એણે કાંકરિયા તળાવની ઊડતી મુલાકાત લીધી. ત્યાંથી એ બારેજા અને સોજિત્રા થઈને ખંભાત પહોંચ્યો. ખંભાતમાં શહેર બહાર જઈ એણે દરિયાનું દર્શન કર્યું અને ભરતી નિહાળી.[૧૦] બીજા દિવસે એણે ખંભાત પાસે આવેલા પ્રાચીન શહેર નગરાની મુલાકાત લીધી. નગરા પ્રાચીન સમયમાં રાજ્યનું વડું મથક અને મુખ્ય શહેર હતું. ડેલા વાલેએ ત્યાં બ્રહ્માનું મંદિર જોયું અને બ્રહ્માની મૂર્તિનું અવલોકન કર્યું.

ખંભાતથી ડેલા વાલે સુરત આવ્યો અને ગોવા જવા નીકળેલા ફિરંગી કાફલા સાથે જોડાઈ જવા દમણ પહોંચી ગયો. ગોવા જતાં દમણ અને વસાઈની ફિરંગી વસાહતો જોઈ, જેનો અછડતો ઉલ્લેખ એની નોંધમાં કર્યો છે. ડેલા વાલેનો સુરતથી લખાયેલો છેલ્લો પત્ર ૨૨ મી માર્ચ(૧૬૨૩)નો હતો.

ડેલા વાલે પછી સુરત આવનારા યુરોપીય પ્રવાસીઓમાં ટૉમસ હર્બર્ટ હતો (૧૬૨૭). ટૂંક સમય માટે એ ત્યાં રોકાયો અને પછી ઈરાન ગયો. ૧૬૨૯ ના આરંભમાં એ ફરી સુરત આવ્યો.[૧૧] સુંવાળીથી સુરત સુધી 'રથ' (બળદગાડા)માં બેસીને જતાં માર્ગમાં ક્યાં ક્યાં જંગલ અને ગામડાં પસાર કર્યાં એનો એ ઉલ્લેખ કરે છે.

સુરતને આ પ્રવાસી ગુજરાતનાં અમદાવાદ અને ખંભાત નગરો પછીના ત્રીજા સ્થાને મૂકીને એને એક ઉત્તમ નગર તરીકે ઓળખાવે છે. આ નગરને ફરતી માટીની દીવાલ, નદીકાંઠે આવેલો પથ્થરનો મજબૂત ગઢ, પરાં-વિસ્તારમાં જવાના ત્રણ માર્ગ (વરિયાવ અને ખંભાત, બુરહાનપુર અને નવસારી જવાના માર્ગ) તથા નગર બહાર આવેલા અંગ્રેજી ઢબના બગીચાનું વર્ણન કરે છે. નદીનું પાણી પીવા માટે નકામું બની જાય છે ત્યારે લોકોને ગોપીતળાવ પાણી પૂરું પાડતું હતું એમ હર્બર્ટ જણાવે છે. સુંવાળીના બારામાં દર વર્ષે સપ્ટેમ્બરથી માર્ચ મહિનાના સમય દરમ્યાન માલની આયાતનિકાસ કેવી રીતે થતી હતી અને એ વેપારરોજગારના કેંદ્ર તરીકે કેવું રહેતું એનું વર્ણન આપે છે. આ સમયમાં ચાર પ્રકારના સિક્કા—પાઈ મહમૂદી રૂપિયો અને દીનાર—ચલણમાં હતા[૧૨] એમ આ પ્રવાસીની નોંધમાંથી જાણવા મળે છે. ખંભાત પછી હર્બર્ટે અમદાવાદની મુલાકાત લીધી. અમદાવાદને એ મજબૂત દીવાલોથી ઘેરાયેલા ઘણા મિનારાવાળા શહેર તરીકે અને ગુજરાતના મહાનગર તરીકે ઓળખાવે છે. ત્યાંનાં બજારોમાં ભારતભરમાં બનતી ચીજો તથા ચીનની ચીજો વેચાતી હતી. હર્બર્ટે ચારે બાજુ ખાઈવાળા ભદ્ર-દુર્ગનું, સરખેજ નજીકના ઉદ્યાનનું અને ત્યાંના શાહી મહેલનું વર્ણન આપ્યું છે.[૧૩]

હર્બર્ટ પછી જર્મન પ્રવાસી જે. આલ્બર્ટ ડી. મેન્ડેલ્સ્લો સુરત આવ્યો હતો (એપ્રિલ ૧૬૩૮). એ ત્યાં પાંચ-છ માસ રહ્યો અને પછીથી અમદાવાદ આગરા અને લાહોરની મુલાકાત લીધા બાદ એ સુરત પાછો આવ્યો. ત્યાંથી એ યુરોપ ગયો (જાન્યુઆરી ૫, ૧૬૩૯).[૧૪] મેન્ડેલ્સ્લોએ સુરતમાં એના રોકાણનો સમય આનંદમાં તથા હરવાફરવામાં વિતાવ્યો. સુરત શહેરનું અને ત્યાંના લોકોનું વર્ણન એ અગાઉના પ્રવાસીઓ જેવું જ આપે છે. ગોપી-તળાવ અને એના પર બાંધવામાં આવેલા મનોરંજનગૃહનો ઉલ્લેખ કરી એ કહે છે કે લોકો માટે એ મોજમજા કરવાનું સ્થળ હતું. તળાવ આખા શહેરને પાણી પૂરું પાડતું સાધન હતું.

અંગ્રેજોનો વેપાર આ સમયમાં કેટલો વ્યાપક બન્યો હતો એનો ખ્યાલ મેન્ડેલ્સ્લોની નોંધ પરથી આવી શકે છે. એ જણાવે છે કે ભરૂચ વડોદરા ખંભાત અમદાવાદ આગરા ઇસ્પહાન દાભોલ અને મછલીપટ્ટમની અંગ્રેજ કોઠીઓ સુરતની કોઠીના તાબા નીચે કામ કરતી હતી. દરેક કોઠીના મંત્રીને પોતાના વર્ષભરના વહીવટનો અહેવાલ આપવા માટે દર વર્ષે સુરતની કોઠીના પ્રમુખ પાસે આવવું પડતું હતું. બાન્ટમની સ્વતંત્ર કોઠી પણ સુરતની કોઠી પ્રત્યે આદરભાવ રાખતી. પૂર્વની સફરે નીકળેલું કોઈ પણ અંગ્રેજી જહાજ સુરત બંદરે અચૂક આવતું.

મેન્ડેલ્સ્લોએ સુરતની અંગ્રેજ કોઠીમાં રહેતા પ્રમુખથી શરૂ કરીને કારકૂનો વેપારીઓ વગેરેનાં રહેણીકરણી પગાર તથા કોઠીના વહીવટની ચર્ચા કરી છે.

મેન્ડેલ્સ્લોને સુરતથી અમદાવાદ જતાં દસ દિવસનો સમય લાગ્યો હતો. એ અમદાવાદમાં દસ દિવસ રહ્યો હતો. એણે અમદાવાદના મેદાને શાહ બજાર, શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ જૈન મંદિર અને શહેરના સૂબેદાર આઝમખાનના કડક અને ક્રૂરતાભર્યા શાસનની જે વિગતો આપી છે તેવી વિગતો બીજા કોઈ પ્રવાસીના હેવાલ પરથી ઉપલબ્ધ થતી નથી. આ પ્રવાસી અમદાવાદથી ખંભાત ગયો. ત્યાંના રસ્તાઓ મકાનો અને જાહેર બગીચાઓનો એણે ઉલ્લેખ કર્યો છે. ત્યાં એને સતીનો પ્રસંગ જોવાની તક મળી. આ પ્રસંગનું એણે રસિક વર્ણન કર્યું છે. મેન્ડેલ્સ્લો કહે છે કે સતી થતી સ્ત્રીનો પ્રસંગ નિહાળવાનું સદ્દભાગ્ય એને પ્રાપ્ત થયું. ચિતા પર ચડેલી સ્ત્રીએ રિવાજ મુજબ પોતાનાં વીંટી હાર જેવાં આભૂષણ પોતાના શરીર પરથી ઉતારીને આજુબાજુ ઊભેલાં સગાંવહાલાંને વહેંચવા માંડયાં. એ સ્ત્રી આભૂષણોને સગાં તરફ ફેંકતી. મેન્ડેલ્સ્લો ત્યાં ઘોડા પર સવાર થઈને ઊભો હતો. પેલી સ્ત્રીએ મેન્ડેલ્સ્લો તરફ જોયું અને આ પરદેશી એના પ્રત્યે પોતાના ચહેરાથી દયા અને સહાનુભૂતિ દર્શાવે છે એમ માની એના તરફ એક બંગડી ફેંકી, જે મેન્ડેલ્સ્લોએ ઝીલી લીધી અને દાનના આ પ્રસંગની અમૂલ્ય અવિસ્મરણીય ભેટ તરીકે પોતાના પાસે રાખી લીધી ને એ પોતાની સાથે લઈ ગયો.[૧૫] ખંભાત પછી એ અમદાવાદ અને પછીથી લાહોર જઈ સુરત પરત આવ્યો. ત્યાંથી ૧૬૩૯ ના આરંભમાં યુરોપ જવા વિદાય થયો.

મેન્ડેલ્સ્લો પછી ફ્રેન્ચ પ્રવાસી જિન બૅપ્ટિસ્ટ ટેવર્નિયર આગરાથી ૧૬૪૦–૪૧ માં સુરત આવ્યો. ત્યાંથી એ આગરા ગયો અને ફરી પાછો ૧૬૫૩માં સુરત આવ્યો. સુરતના વહીવટ વિશે લખતાં એ કહે છે કે શહેરનો હાકેમ જકાત અને મહેસૂલ ઉઘરાવવાનું કામ કરતો, જ્યારે કિલ્લાનો હાકેમ લશ્કરનો વડો હતો. શહેરનું રક્ષણ કરવાની એની જવાબદારી હતી. ટેવર્નિયરે શહેરનાં મકાનો, ત્યાંની ટંકશાળ, લેવામાં આવતી જકાતના દર અને ત્યાં બનતાં સોનેરી, રૂપેરી અને રેશમી કાપડ વિશે માહિતી આપી છે. ડચ કોઠીના શરાફ મોહનદાસ પારેખનો ઉલ્લેખ કરી આ પ્રવાસી એની ધાર્મિકતા અને સખાવતી સ્વભાવનાં મુક્તકંઠે વખાણ કરે છે. સુરતથી આગરા જતાં માર્ગમાં આવતાં ગામડાંઓની વિશેષતા એ નોંધે છે. નવાપુર સફેદ અને સુગંધીદાર ચોખા માટે જાણીતું હતું. એ આ ચોખાના મોટા વેપારનું કેંદ્ર હતું. અહીંના ચોખા અમીર-ઉમરાવ ખાતા.

નવાપુરના ચોખાની એક ગુણ એક ઉત્તમ ભેટ ગણાતી એમ એ નોંધે છે. ભરૂચ માટે ટેવર્નિયર નોંધે છે કે ભરૂચ પાસેની નર્મદાનું પાણી છીંટ કાપડ પર સફેદાઈ લાવવા માટે સદીઓથી જાણીતું હતું. કોરા કાપડને નિખારવા(બ્લિચિંગ)નો અહીં ઉદ્યોગ ખીલ્યો હતો. આગરા લાહોર અને બંગાળમાંથી સફેદ બાફ્ટા કાપડ ભરૂચ અને નવસારી લઈ જવામાં આવતું. ત્યાં એને લીંબુના રસવાળા પાણીમાં ઝબોળવામાં આવતું.[૧૬]

ટેવર્નિયર પછી આવેલા ઑગિલ્બી નામના પ્રવાસીએ ખંભાતની મુલાકાત લીધી હતી. અણે ખંભાતના કોટ અને બાર દરવાજાઓનું વર્ણન કર્યું છે.[૧૭]

ગુજરાત વિશેની માહિતી વેનિસના ઔષધશાસ્ત્રી નિકોલાઓ મેનુસ્સી, જેણે ભારતમાં ૧૬૫૩ થી ૧૭૦૮ સુધીનો સમય વિતાવ્યો હતો તેના સંસ્મરણ-ગ્રંથમાં જોવા મળે છે.[૧૮] ગુજરાતને એ અમદાવાદ જેવું ગણીને લખે છે કે ત્યાં સોનાચાંદીના તાર-વણાટનું અને ફૂલ-ભરતનું રેશમી કાપડ પુષ્કળ પ્રમાણમાં તૈયાર થતું હતું. એની માંગ રાજદરબારોમાં ભારે પ્રમાણમાં રહેતી. અમદાવાદમાં સોનાચાંદીનું અને કિંમતી રત્નજડિત પથ્થરોનું કામ પણ સુંદર થતું હતું.[૧૯]

ગુજરાતના લોકજીવનનું ડેલા વાલે અને મેન્ડેલ્સ્લો કરતાં પણ વધુ વિશદતા અને ઉત્કંઠાપૂર્વક અવલોકન કરનાર ફ્રેન્ચ પ્રવાસી મો. જિન દ થેવેનો હતો. એ જાન્યુઆરી ૧૬૬૬ માં સુરત આવ્યો.[૨૦] એણે અમદાવાદ અને ખંભાતની મુલાકાત લીધી અને એ ૧૬૬૭ ના ફેબ્રુઆરીમાં અહીંથી વિદાય થયો. એ જણાવે છે કે સુરતના બારામાં જકાત ખાતાની તપાસણી અને જકાત-વસૂલાત સખતાઈ ભરી હતી. એ ખાતામાંથી આયાતી માલસામાન મંજૂર કરાવીને છોડાવી લેવા માટે ઘણા દિવસો અને કેટલીક વાર મહિનાઓ સુધી રાહ જોવી પડતી. વેપારી માલ પર ખ્રિસ્તીઓને ચાર ટકા અને હિંદીઓને પાંચ ટકા જકાત ભરવી પડતી. શિવાજીએ સુરત પર કરેલી પ્રથમ ચડાઈ બાદએ વર્ષે (૧૬૬૬ માં) થેવેનો સુરત આવ્યો હતો. એણે શિવાજીની સુરતની ચડાઈનો વિગતવાર હેવાલ આપ્યો છે. શહેરની સુરક્ષા માટે માટીની દીવાલ ભાંગીતૂટી હાલતમાં હતી. તેથી એની જગ્યાએ ઔરંગઝેબના હુકમથી નવી દીવાલ 'આલમપનાહ'નું બાંધકામ તાજેતરમાં હાથ ધરાયું હતું. થેવેનોએ એ દીવાલનું થતું બાંધકામ નિહાળ્યું હતું. દીવાલ બાંધવાનો હેતુ ફરીવારના હલ્લાને ખાળવાનો હતો. સુરતમાં આંતરરાષ્ટ્રીય વેપાર ધીકતા પ્રમાણમાં ચાલતો હતો. નવેમ્બરથી એપ્રિલ સુધીના મહિનાઓમાં હવામાન સુધરતાં દેશપરદેશમાંથી ઘણાં વેપારી જહાજ આવતાં હતાં. પરદેશી વેપારીઓ, જેમાં અરબો ઈરાનીઓ તુર્કો આર્મેનિયનો અંગ્રેજો વલંદા

વગેરે હતા, એમના આવવાથી શહેરમાં રહેવાની આરામદાયક જગ્યા શોધવાનું મુશ્કેલ બનતું. સુરતના કેટલાક અતિ ધનાઢ્ય લોકોની વાત કરતાં એ વીરજી વોરા નામના વણિકનો ઉલ્લેખ કરે છે અને એને પોતાના મિત્ર તરીકે ઓળખાવે છે. સુરતનો કોટવાળ પોતાની ફરજો કેવી રીતે બજાવે છે અને કાયદો તથા શાંતિ જાળવવા માટે એ શું કરે છે એનું વર્ણન પણ એણે કરેલું છે. ખોટી ફરિયાદ કરનારને કડક શિક્ષા કરવામાં આવતી હતી. એક આર્મેનિયન શ્રીમંત વેપારી ખ્વાજા મિનાસે કરેલી ફરિયાદ પરથી કોટવાળ કેવી રીતે એની તપાસ કરવા માગતો હતો એ જાણી, ગભરાઈ એ વેપારીએ પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધાનો પ્રસંગ ટાંકવામાં આવ્યો છે.[૨૧]

૧૬૪૦ માં સુરતમાં સ્થપાયેલા કેપુચીન મિશનના ફ્રેન્ચ વડા ફાધર એમ્બ્રોસની નીડરતા અને પરોપકારવૃત્તિનો ઉલ્લેખ કરી થેવેનો કહે છે કે ૧૬૬૪ની સુરતની ચડાઈ વખતે ફાધર એમ્બ્રોસ શિવાજી પાસે ગયો હતો અને પોતાના મઠને લૂંટફાટ કરવામાંથી બાકાત રાખવા માગણી કરી શિવાજી પાસેથી વચન લીધું હતું. પરિણામે સુરતની લૂંટમાં મઠ બાકાત રહ્યો હતો.[૨૨] સુરતમાં લોકો માટે આનંદપ્રમોદનાં કેવાં સ્થળ હતાં એનું વર્ણન થેવેનોએ કર્યું છે. એમાં બેગમવાડીનો ખાસ ઉલ્લેખ કરે છે. ઔરંગઝેબની બહેન જહાંઆરા બેગમને સુરત જાગીર તરીકે આપવામાં આવ્યું હતું. એના પરથી સુરતનો એક પરા-વિસ્તાર 'બેગમપુરા' નામથી જાણીતો બન્યો. ત્યાં જે બાગ (બેગમવાડી) બનાવવામાં આવ્યો તે વિસ્તારમાં ઘણો મોટો, પાણીનાં ટાંકાંની સગવડવાળો અને મધ્યમાં ચારે દિશામાં પ્રવેશદ્વાર હોય તેવા મકાનવાળો હતો. થેવેનોએ ગોપી-તળાવની બાંધણીનું અને લોકો માટે એ તળાવ કેવું ઉપયોગી હતું એનું વર્ણન કર્યું છે. અગાઉના પ્રવાસીઓની જેમ આ પ્રવાસીએ પણ તાડવૃક્ષો અને તાડી વિશે લખ્યું છે. એણે નીરો (તાજી તાડીનો રસ) તેમજ આથો આવેલી તાડી પીધી હતી.

સુરતનો વેપારઉદ્યોગ કેવા ધીકતા પ્રમાણમાં ચાલતો હતો એની ચર્ચા કરી થેવેનો જણાવે છે કે ત્યાં અગ્નિએશિયાના ટાપુ દેશોનો માલ તેમ કાપડ આવવા ઉપરાંત યુરોપ અને ચીનનો માલ વેચાવા માટે આવતો. થેવેનો સુરતથી અમદાવાદ જવા જે માર્ગે નીકળ્યો તે નોંધવા જેવો છે. ભરૂચ આવતાં ત્યાંના ભવ્ય કિલ્લાનો નિર્દેશ કરી નર્મદાનું પાણી કાપડ નિખારવા માટે પ્રચલિત હતું અને ત્યાં મુઘલ સામ્રાજ્યના તમામ ભાગોમાંથી કાપડ લાવવામાં આવતું હતું એમ એ જણાવે છે. ભરૂચથી એ આગળ વધ્યો. ઢાઢર નદી ઓળંગી મહી નદીના

કાંઠે આવેલા ડભકા (વડોદરા જિલ્લો, પાદરા તાલુકો) ગામમાં આવ્યો. ડભકાના લોકોને એણે લૂંટારા અને માનવભક્ષી તરીકે ઓળખાવ્યા છે.[૨૩] ડભકાથી એ પેટલાદ સોજિત્રા માતર અને અમદાવાદથી પાંચેક માઇલ દૂર આવેલ જિતબાગ-જેતલપુર આવ્યો. અમદાવાદમાં આવી એ વલંદાઓની કોઠીમાં એક પખવાડિયું રહ્યો. એણે મેન્ડેલ્સ્લોની જેમ મેદાનેશાહ બજાર, ભદ્રનો કિલ્લો વગેરેનું વર્ણન કર્યું છે. અમદાવાદથી એ ખંભાત ગયો. એણે ખંભાતની શેરીઓ, બજારો, પરા વિસ્તારમાં આવેલા બાગ વગેરેનું વર્ણન કર્યું છે. ખંભાતથી દરિયો લગભગ દોઢેક માઈલ દૂર હોવાથી ત્યાંના અખાતમાં ભરતી એટલા બધા વેગ-પૂર્વક આવતી કે પૂરઝડપે આવતો ઘોડેસવાર પણ ભરતીનાં શરૂઆતનાં મોજાં સાથે ગતિ જાળવી શકતો નહિ.[૨૪] થેવેનો ખંભાતથી જમીન માર્ગે સુરત ગયો. ગોવાળકોંડા અને મછલીપટ્ટમ જઈ ત્યાંથી પાછો સુરત આવ્યો અને ૧૬૬૭ના ફેબ્રુઆરીમાં સુરતથી યુરોપ જવા પ્રયાણ કર્યું.

૧૬૭૪ અને ૧૬૮૧ વચ્ચેના સમયમાં સુરતની અંગ્રેજોની વેપારી કોઠીમાં તબીબી સર્જન તરીકે કામગીરી કરી ચૂકેલા ડૉ. જહોન ફ્રાયરે સુરત શહેર, એના મુખ્ય વહીવટકર્તાઓ, પ્રજાના જુદા જુદા વર્ગો, અંગ્રેજ કોઠીનું સંચાલન અને એના તંત્રવાહકો તેમજ નગરજીવનનાં ઘણાં પાસાંઓ પર વિગતવાર હેવાલ આપ્યો છે.[૨૫]

ડૉ. ફ્રાયરે જણાવ્યું છે કે સુરતમાં વલંદા અને ફિરંગીઓની વેપારી કોઠીઓ હતી, છતાં અંગ્રેજોની કંપનીનો વેપાર સૌથી મોટો હતો. અંગ્રેજોને બંદરોની વિશેષ સગવડ મળતી હતી. સ્થાનિક લોકોને એમનાથી ફાયદો થતો હતો અને સરકારને પણ તેઓ વધુ જકાત ભરતા હતા. ફ્રેંચોની વેપારી કંપની વિશે ડૉ. ફ્રાયર કહે છે કે એમની કોઠી નાણાં કરતાં માણસોથી વધુ ભરચક રહેતી. ત્યાં ફ્રેંચો આનંદપ્રમોદમાં રહેતા, નાણાં ઉધાર લેતા અને મોટો ભપકો દેખાડતા. ફ્રેંચ કેપુચીન પાદરીઓ મઠ ચલાવતા, તેથી એમના પ્રત્યે ભારે આદરભાવ રાખવામાં આવતો.

સુરતમાં ફરતા રહેતા મુસ્લિમ ફકીર કેવા વિશેષાધિકાર ભોગવતા અને ધર્મના બહાના નીચે સામાન્ય પ્રજા અને શ્રીમંત મૂર લોકો પાસેથી ત્રાગું કરીને કેવા રીતે પૈસા પડાવતા એના પ્રસંગ ડૉ. ફ્રાયરે ટાંક્યા છે. દેશના આ ભાગમાં ઠગી પ્રથા પ્રવર્તતી હોવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. કેટલાક વણિક નાણાં આપતા હોવા છતાં બાદશાહના હુકમથી એમની હત્યા કેવી રીતે કરવામાં આવતી હતી એનું વર્ણન કરવામાં આવ્યું છે.[૨૬] સુરતના કાઝી, મુલ્લાં અને

પોલીસવડા કોટવાલનાં કાર્યોનો તથા સુરતના બંદરી જકાતગૃહની કામગીરીની પણ ચર્ચા કરવામાં આવી છે.

ડૉ. ફ્રાયર ૧૬૭૪ માં સુરત આવ્યો ત્યારે મરાઠા સુરત પર ફરી વાર ચડાઈ કરવાના છે એવી જોરદાર અફવાઓ સંભળાતી હતી, તેથી રક્ષણ-દીવાલનું ઝડપી બાંધકામ કરવા માટે ૭૦૦ માણસોને કામે લગાડવામાં આવ્યા હતા. દીવાલના દરેક દરવાજા પર ૭ તોપ અને એના સંચાલન માટે ૭ યુરોપીય તોપચી રાખવામાં આવ્યા હતા. ડૉ. ફ્રાયર જણાવે છે કે શિવાજીના ફરીથી આવવાની બીકે તથા શહેરના હાકેમનું વલણ લૂંટનારાઓનો સામનો કરવા કરતાં એમને વળતરની રકમ આપીને પાછા કાઢવાનું હતું તેથી ઘણા વેપારીઓ સુરત છોડી જતા રહ્યા હતા. સુરતના દુર્ગની રક્ષણવ્યવસ્થા અને એના સૂબેદારનો વૈભવ કેવો હતો એનું વર્ણન આપવામાં આવ્યું છે. સુરત શહેરની મુસ્લિમ પ્રજાની રીતભાત, એના સામાજિક વ્યવહારો અને ઈદના તહેવારની ઉજવણી વિશે ડૉ. ફ્રાયરે રસપ્રદ માહિતી આપી છે. એ જણાવે છે કે ઔરંગઝેબ તો તાજિયા-સરઘસને ઇસ્લામ ધર્મની વિકૃતિ સમજતો હતો તેથી એણે એ તહેવારની ઉજવણી કરવા સામે પ્રતિબંધ મૂક્યો હતો. હિંદુ પ્રજા પર જજિયા-વેરો નાંખ્યો હોવાનો ઉલ્લેખ કરી ડૉ. ફ્રાયર જણાવે છે કે બ્રાહ્મણોને માથા-દીઠ સોનાનો એક સિક્કો આપવો પડતો હતો.[૨૭]

ડૉ. ફ્રાયર સુરતથી બે માઇલ દૂર તાપી નદીના કાંઠે આવેલા ફૂલપરા નામના પરા વિશે વિગત આપે છે. ત્યાં વણિકોનાં શબોનો અગ્નિસંસ્કાર કરવામાં આવતો. ધાર્મિક ઉત્સવો પણ ત્યાં ઊજવવામાં આવતા. સુરતથી ફૂલપરા સુધીનો આખો માર્ગ બંને બાજુએ ઘટાદાર વૃક્ષોથી છવાયેલો રહેતો. પૂજાપાઠ કે મોજ-મજા કરવા જનાર લોકોની એ માર્ગ પર સતત અવરજવર રહેતી.[૨૮] સુરતનું ગોપીતળાવ આ સમયમાં સુકાઈ ગયું હતું. એની પાળ પાસે કબરો બંધાઈ ગઈ હતી. તળાવનો દેખાવ સરકસનાં મેદાનો કે વ્યાયામશાળા જેવો લાગતો હતો. ડૉ. ફ્રાયર જણાવે છે કે સુરતમાં વેપારી કોમ પ્રત્યે મુઘલ અધિકારીઓ ઉપેક્ષાવૃત્તિથી જોતા હતા, જ્યારે અંગ્રેજ કંપની અને એના નોકરો પ્રત્યે તેઓ માનપૂર્વક જોતા હતા. એના કારણમાં એ જણાવે છે કે અંગ્રેજો વખતોવખત મુઘલ સમ્રાટો પાસેથી ફરમાનો મેળવતા હતા અને અંશતઃ અંગ્રેજોની દરિયાઈ તાકાતને લીધે સ્થાનિક સત્તાવાળાઓ આવું વલણ રાખતા હતા. ડૉ. ફ્રાયરની મૂળ નિમણૂક મુંબઈની અંગ્રેજ વસાહતમાં કરવામાં આવી હતી (ડિસેમ્બર ૧૬૭૩). ત્યાંથી એની બદલી સુરત, મુંબઈ, ફરી સુરત, ઈરાન અને વળી પાછી સુરત એમ

વારાફરતી કરવામાં આવી હતી. ૧૬૯૨ ના જાન્યુઆરીમાં એ સુરતથી ઇંગ્લૅન્ડ જવા નીકળ્યો હતો.

સુરતની અંગ્રેજ કોઠીમાં ૧૬૮૯થી અઢી વર્ષ સુધી રહેલા ખ્રિસ્તી પાદરી જે. ઑવિંગ્ટને સુરતના વેપારરોજગાર, હુન્નરઉદ્યોગ, વહીવટી વ્યવસ્થા, ત્યાંના લોકો (વેપારીઓ, મુસ્લિમો, હિંદુઓ) તથા એમની ધાર્મિક અને દયાવૃત્તિ તેમજ પાંજરાપોળ વગેરે સંબંધી વિસ્તૃત વર્ણન આપ્યું છે તે નોંધપાત્ર છે.[૨૯] ૧૭ મી સદીના અંતમાં આવેલા ઇટાલિયન પ્રવાસી જેમેલી કેરેરીએ ખંભાતની પુરાણી જાહોજલાલી ઓછી થઈ ગયાનું નોંધી જણાવ્યું હતું કે એમ છતાં એ શહેર આબાદ હતું.[૩૦]

૧૮ મી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતમાં મરાઠાઓનું જોર વધી રહ્યું હતું, રાજકીય અરાજકતા વ્યાપક બનવા લાગી હતી. આવા સંજોગોની અસર યુરોપીય પ્રવાસીઓની અવરજવર પર પડી હતી. અંધાધૂંધીની અસર સમાજ-જીવન પર પણ પડી હતી. ૧૭ મી સદી દરમ્યાન આવેલા પ્રવાસીઓના હેવાલો પરથી ગુજરાતના સામાજિક આર્થિક અને ધાર્મિક જીવનની સારી માહિતી મળે છે. એમાં પણ બે મુદ્દા નોંધપાત્ર છે. પહેલું તો એ છે કે આ સમયમાં સુરતથી અમદાવાદ અને સુરતથી ખંભાત જવા માટે કેવા ભૂમિમાર્ગો હતા એ જાણવા મળે છે. બીજું, કે ભારતમાં આવતા કોઈ પણ પ્રવાસીને સૌ પ્રથમ સુરત જ આવવું પડતું અને વળતા પ્રયાણ માટે પણ સુરત જ પાછા ફરવું પડતું. આ સમયમાં સુરત આંતરરાષ્ટ્રિય વેપાર-કેંદ્ર બની ગયું હતું.

પાદટીપ

૧. William Foster (Ed.), *Early Travels in India*, 1583–1619, p. 293

૨. Churchil, *Collection of Voyages and Travels*, Vol. VI, pp. 328 f.

૩. અહીં E. Grey દ્વારા સંપાદિત *The Travels of Pietro Della Valle* (*TPDV*)-માંથી ઉપયોગી માહિતી તારવી છે.

૪. *TPDV*, Vol. I, p. 30   ૫. *Ibid.*, pp. 35–37; 40–41

૬. *Ibid.*, pp. 67 f.   ૭. *Ibid.*, pp. 70 f.   ૮. *Ibid.*, pp. 83–85

૯. એ આની સરખામણી રોમની વિજયસૂચક ત્રણ કમાન સાથે કરે છે.

૧૦. ખંભાત પાસે દરિયાની ભરતીનાં મોજાં ૩૩ ફૂટ (૧૦.૦૬ મીટર) જેટલાં ઊછળતાં. ભરતીના પાણીનો વેગ એક કલાકના ૬ થી ૭ દરિયાઈ માઈલ જેટલો હતો એમ કહેવાય છે.

૧૧ ટોમસ હર્બર્ટના પ્રવાસ-ગ્રંથની અનેક આવૃત્તિ બહાર પડી છે તે પૈકી *Some Years' Travels into Africa and Asia, the Great, especially describing the Empires of Persia and Industan by Sir Thomas Herbert (SYTAA)*નો અહીં ઉપયોગ કરવામાં આવ્યો છે.

૧૨. પાઈ એ તાંબાનો ગોળ ભારે વજનનો સિક્કો હતો. ૩૦ પાઈ=૧ શિલિંગ થતો. મહમૂદી એ ચાંદીનો સિક્કો હતો ને એ એક શિલિંગ બરાબર ગણાતો. ૧ રૂપિયો= ૨ શિલિંગ અને ૩ પેન્સ થતા. એક સુવર્ણ દીનાર=૩૦ શિલિંગ થતા.

૧૩. *SYTAA*, pp. 42–57

૧૪. મેન્ડેલ્સ્લોના પ્રવાસ સંદર્ભ M. S. Commissariat ના '*Mandelslo's Travels in Western India (A.D. 1638–39) (MTWI)* પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે.

૧૫. *MTWI.*, pp. 41–46

૧૬. V. Ball (Trans.), *Tavernier's Travels in India*, Vol. I, p. 66

૧૭. *Bombay Gazetteer*, Vol. VI, pp. 219 f.

૧૮. *Storia do Mogor, 1653–1708*. Trans. by W. Irwine Vols. I & II.

૧૯. *Ibid*, Vol. II, p. 425

૨૦. સુરતમાં એના રોકાણના અહેવાલનું અંગ્રેજી ભાષાંતર H. G. Rawlinson દ્વારા થયું છે ને એ *Indian Antiquary*, Vol. LVI, pp. 199 ff. પર પ્રસિદ્ધ થયું છે. થેવેનોના પ્રવાસનો ત્રીજો ભાગ ડૉ. સુરેંદ્રનાથ સેને સંપાદિત કરીને *Indian Travels of Thevenot and Careri* નામે પ્રસિદ્ધ કર્યો છે.

૨૧. *Indian Antiquary*, Vol. LVI, p. 202

૨૨. *Ibid.*, pp. 222 f.

૨૩. એને અપાયેલી માહિતી ખોટી હોવી જોઈએ અગર માહિતીને પ્રવાસી બરાબર સમજી શક્યો નહિ હોય એમ લાગે છે. ત્યાંના ભીલ અને કોળી શબનું માંસ ખાવાની ટેવવાળા હોવાનો સંભવ છે.

૨૪. M. S. Commissariat, *Studies in the History of Gujarat*, pp. 116 f.

૨૫. William Crooke (Ed.), *A New Account of East Indies etc.* (in three Vols.)માં આ અહેવાલ અપાયો છે.

૨૬. *Ibid.*, Vol. I, 224 f.

૨૭. મેનુચ્ચીના જણાવ્યા અનુસાર મોટા વેપારીઓ પાસેથી ૧૩ાા, મધ્યમ વર્ગ પાસેથી ૬ાા અને ગરીબ વર્ગ પાસેથી ૩ાા રૂપિયા જજિયાવેરો પ્રતિવર્ષ લેવામાં આવતો (*Ibid.*, Vol. II, p. 234).

૨૮. *Ibid.*, pp. 252–61

૨૯. Ovington, *A Voyage to Surat* (Ed. by H. G. Rawlinson), pp. 177 f.

૩૦. *Bombay Gazetteer*, Vol. VI, p. 220

વંશાવળીઓ

૧. દિલ્હીના મુઘલ વંશ

- [૧. બાબર
  - ૨. હુમાયૂં]
    - ૩. અકબર
      - ૪. જહાંગીર
        - ૫. શાહજહાં
          - દારા શુકોહ
          - શુજા
          - ૬. ઔરંગઝેબ (આલમગીર)
            - ૭. શાહઆલમ (બહાદુરશાહ) ૧લો
              - ૮. જહાંદરશાહ
                - ૧૫. આલમગીર ૨ જો
              - આઝીમ–ઉશ–શાન
                - ૯. ફર્રુખસિયર
              - રફી–ઉશ–શાન
                - ૧૨. રફીઉદ્–દૌલા
                - ૧૦. રફીઉદ્–દરજાત
              - જહાંશાહ
                - ૧૩. મુહમ્મદશાહ
                  - ૧૪. અહમદશાહ
            - અકબર
              - ૧૧. નીકૂ સિયર
          - મુરાદબક્ષ

ગુજરાતના મુઘલ સૂબેદારો

મીરઝા અઝીઝ કોકા (ઈ.સ. ૧૫૭૩–૭૫)

મીરઝા અબ્દુર્ રહીમખાન (ઈ.સ. ૧૫૭૫–૭૮)

શિહાબુદ્દીન અહમદખાન (ઈ.સ. ૧૫૭૮–૮૩)

ઇતિમાદખાન (ઈ.સ. ૧૫૮૩)

અબ્દુર્રહીમખાન ઉર્ફે 'મીરઝાખાન' (ઈ.સ. ૧૫૮૩–૮૯)

મીરઝા અઝીઝ કોકા (બીજી વાર) (ઈ.સ. ૧૫૯૦–૯૩)

શાહજાદો મુરાદ (ઈ.સ. ૧૫૯૩–૯૯)

મીરઝા અઝીઝ કોકા (ત્રીજી વાર) (ઈ.સ. ૧૫૯૯–૧૬૦૫)

કુલીઝખાન અને રાજા વિક્રમજિત (ઈ.સ. ૧૬૦૫–૦૬)

મુર્તઝાખાન બુખારી (ઈ.સ. ૧૬૦૬–૦૯)

મીરઝા અઝીઝ કોકા (ચોથી વાર) (ઈ.સ. ૧૬૦૯–૧૧)

અબ્દુલ્લાખાન ફીરોઝ જંગ (ઈ.સ. ૧૬૧૧–૧૬)

મુકર્રબખાન (ઈ.સ. ૧૬૧૬–૧૬૧૮)

શાહજાદો શાહજહાં (ઈ.સ. ૧૬૧૮–૨૩)

શાહજાદો દાવરબક્ષ (ઈ.સ. ૧૬૨૩–૨૪)

ખાનજહાં લોદી (ઈ.સ. ૧૬૨૪–૨૮)

નાહિરખાન ઉર્ફે શેરખાન તૂર (૧૬૨૮–૩૧)

ઇસ્લામખાન (ઈ.સ. ૧૬૩૧–૩૨)

બકીરખાન (ઈ.સ. ૧૬૩૨–૩૪)

સિપહદારખાન (ઈ.સ. ૧૬૩૪–૩૫)

સૈફખાન (ઈ.સ. ૧૬૩૫–૩૬)

આઝમખાન (ઈ.સ. ૧૬૩૬–૪૨)

મીરઝા ઇસાતુરૂખાન (ઈ.સ. ૧૬૪૨–૪૫)

શાહજાદો ઔરંગઝેબ (ઈ.સ. ૧૬૪૫–૪૬)

શાઇસ્તખાન (ઈ.સ. ૧૬૪૬–૪૮)

શાહજાદો દારાશુકોહ (ઈ.સ. ૧૬૪૮–૫૨)
શાઇસ્તખાન (બીજી વાર) (ઈ.સ. ૧૬૫૨–૫૪)
શાહજાદો મુરાદબક્ષ (ઈ.સ. ૧૬૫૪–૫૮)
શાહનવાઝખાન (ઈ.સ. ૧૬૫૮–૫૯)
મહારાજા જશવંતસિંહ (ઈ.સ. ૧૬૫૯–૬૨)
મહાબતખાન (ઈ.સ. ૧૬૬૨–૬૮)
બહાદુરખાન (ઈ.સ. ૧૬૬૮–૭૦)
મહારાજા જશવંતસિંહ (બીજી વાર) (ઈ.સ. ૧૬૭૦–૭૨)
મુહમ્મદ અમીનખાન (ઈ.સ. ૧૬૭૨–૮૨)
મુખતારખાન (ઈ.સ. ૧૬૮૨–૮૫)
કારતલબખાન ઉર્ફે શુજાતખાન (ઈ.સ. ૧૬૮૫–૧૭૦૧)
શાહજાદો આઝમશાહ (ઈ.સ. ૧૭૦૧–૦૫)
શાહજાદો મુહમ્મદ બીદર બખ્ત (ઈ.સ. ૧૭૦૬–૦૭)
ઇબ્રાહીમખાન (ઈ.સ. ૧૭૦૭–૦૮)
ગાઝીઉદ્દીનખાન બહાદુર ફીરોઝજંગ (ઈ.સ. ૧૭૦૮–૧૦)
શાહમતખાન (ઈ.સ. ૧૭૧૦–૧૨)
અસફ઼ઉદ્દ દૌલા (ઈ.સ. ૧૭૧૨–૧૩)
શાહમતખાન (બીજી વાર) (ઈ.સ. ૧૭૧૩)
દાઊદખાન (ઈ.સ. ૧૭૧૩–૧૫)
મહારાજા અજિતસિંહ (ઈ.સ. ૧૭૧૫–૧૭)
ખાન દૌરાન (ઈ.સ. ૧૭૧૭–૧૮)
મહારાજા અજિતસિંહ (બીજી વાર) (ઈ.સ. ૧૭૧૯–૨૧)
હૈદરકુલીખાન (ઈ.સ. ૧૭૨૧–૨૨)
નિઝામુલ્મુલ્ક (ઈ.સ. ૧૭૨૨–૨૩)
સરબુલંદખાન (ઈ.સ. ૧૭૨૩–૩૦)
મહારાજા અભયસિંહ (ઈ.સ. ૧૭૩૦–૩૭)
મોમીનખાન ૧ લો (ઈ.સ. ૧૭૩૭–૪૩)
જવાંમર્દખાન (ઈ.સ. ૧૭૪૩–૫૩)
મોમીનખાન ૨ જો (ઈ.સ. ૧૭૫૬–૫૮)

૨. જાડેજા વંશ

(૧) કચ્છના જાડેજા

- ૧૧. ખેંગારજી ૧ લો
  - ભોજરાજજી
  - ૧૨. ભારમલજી ૧ લો
    - જેહોજી
    - ૧૩. ભોજરાજજી
    - મેઘજી
      - ૧૪. ખેંગારજી
        ૧૫. હમીરજી
      - ૧૬. તમાચી
        - ૧૭. રાયધણ ૧ લો
          - ૧૮. પ્રાગમલજી
            - ૧૯. ગોડજી ૧ લો
              - ૨૦. દેસળજી ૧ લો
                - ૨૧. લખપતજી
          - નોંઘણજી
            - હાલોજી
          - રવોજી
            - કાંયોજી(મોરબી)

(૨) નવાનગરના જાડેજા

૩. સત્રસાલ (સતાજી)

અજાજી

૪. જસોજી

૫. લાખો ૧ લો

વિભોજી (રાજકોટ)

૬. રણમલજી

૭.
૯. સતોજી

૮. રાયસિંહજી ૧ લો

૧૦. તમાચી ૧ લો

૧૧. લાખો ૨ જો

૧૨. રાયસિંહ ૨ જો

૧૩. હરધોળજી

૧૪. તમાચી ૨ જો

૧૫. લાખોજી ૩ જો

(૩) ધ્રોળના જાડેજા

[૧. હરધોળજી ૧ લો]
૨. જસોજી
૩. બામણિયોજી
- ૪. હરધોળજી ૨ જો
  - ૫. મોડજી
- ૬. પચાણજી
  - ૭. કલોજી ૧ લો
  - ૮. સાંગોજી
  - ૯. જુણોજી
  - ૧૦. ખેતોજી
    - ૧૧. કલોજી ૨ જો
    - ૧૨. વાઘજી

(૪) રાજકોટના જાડેજા

[સતોજી
અજોજી]
૧. વિભોજી
૨. મહેરામણજી ૧લો
- ૩. સાહેબજી
  - ૪. બામણિયોજી
  - ૫. મહેરામણજી ૨ જો
  - ૬. રણમલજી
  - ૭. લાખોજી
  - ૮. મહેરામણજી ૩ જો
- કુંભોજી (ગોંડળ)

(૫) ગોંડળના જાડેજા

૧. કુંભોજી
૨. સંગ્રામજી
૩. હાલોજી
૪. કુંભોજી ૨ જો

(૬) મોરબીના જાડેજા

૧. કાંયોજી
૨. અલિયોજી
૩. રવોજી

૩. જેઠવા વંશ

૧૬૭. રામદેવજી ૪ થો
|
૧૬૮. ભાણજી ૭ મો
|
૧૬૯. ખીમોજી ૩ જો
|
૧૭૦. વિક્રમાતજી ૪ થો
|
૧૭૧. સરતાનજી ૧ લો
|
૧૭૨. ભાણજી ૮ મો
|
૧૭૩. ખીમોજી ૪ થો
|
૧૭૪. વિક્રમાતજી ૫ મો
|
૧૭૫. સરતાનજી ૨ જો

૪. ઝાલા વંશ

(૧) હળવદ-ધ્રાંગધ્રા

૪. રાયસિંહજી ૧ લો (હળવદ)
|
૫. ચંદ્રસિંહજી
- પૃથ્વીરાજ
  - સરતાનજી (વાંકાનેર)
  - રાજોજી (વઢવાણ)
- ૬. આસકરણજી
- ૭. અમરસિંહજી
  - ૮. મેઘપાલ
    - ૯. ગજસિંહજી ૧ લો
      - ૧૦. જશવંતસિંહજી
        - ૧૧. પ્રતાપસિંહજી
          - ૧૨. રાયસિંહજી ૨ જો (ધ્રાંગધ્રા)
            - ૧૩. ગજસિંહજી ૨ જો
            - શેખોજી (સાયલા)
- અભયસિંહજી (લખતર)

(૨) શિયાણી–લીંબડીના ઝાલા

૨૧. આસકરણ (શિયાણી)
૨૨. અદોજી ૧ લો
૨૩. વહેરોજી ૧ લો
૨૪. કરણસિંહજી
૨૫. ભોજરાજજી
૨૬. અદોજી ૨ જો
૨૭. વહેરોજી ૨ જો
૨૮. હરભમજી (લીંબડી)

(૩) વાંકાનેરના ઝાલા

[પૃથ્વીરાજ]
૧. સરતાનજી
૨. માનસિંહજી
૩. રાયસિંહજી ૧ લો
૪. ચંદ્રસિંહજી ૧ લો
૫. પૃથ્વીરાજજી — ૬. કેસરીસિંહજી
૬. કેસરીસિંહજી → ૭. ભારોજી

(૪) વઢવાણના ઝાલા

[પૃથ્વીરાજ]
૧. રાજોજી
૨. સબલસિંહજી ૧ લો — ૩. ઉદયસિંહજી — ભાવસિંહજી
૩. ઉદયસિંહજી → ૪. ભગતસિંહજી
ભાવસિંહજી → માધવસિંહજી (કોટા)
માધવસિંહજી → ૫. અર્જુનસિંહજી — અભયસિંહજી (ચૂડા)
૫. અર્જુનસિંહજી → ૬. સબલસિંહજી ૨ જો

(૫) લખતરના ઝાલા

[ચંદ્રસિંહજી]
૧. અભયસિંહજી ૧ લો
૨. વજેપાલસિંહજી
૩. શેષમલજી
૪. ગોપાલસિંહજી
૫. કરણસિંહજી
૬. અભયસિંહજી ૨ જો

(૬) ચૂડાના ઝાલા

૧. અભયસિંહજી
૨. રાયસિંહજી

(૭) સાયલાના ઝાલા

૧. શેખોજી

૫. પરમાર વંશ

(૧) મૂળીના પરમારો

૧. લખધીરજી ૧ લો
૨. રામોજી
૩. ભોજરાજ
૪. સામંતસિંહ
૫. લખધીરજી ૨ જો
૬. ભોજરાજ ૨ જો
૭. ઓચોજી
૮. રતનજી ૧ લો
૯. કરણજી
૧૦. જગદેવ
૧૧. રામસિંહ
૧૨. રાયસિંહ
૧૩. રતનજી ૨ જો
૧૪. કલ્યાણસિંહ
૧૫. મૂંજોજી
૧૬. રતનજી ૩ જો

(૨) દાંતાના પરમારો

[જગદેવ પરમાર]
⋮
આશકરણ
- વાઘ
- જાયમલ
  - જેઠમલ
  - પૂંજો
  - માનસિંહ
  - ગજસિંહ
    - પૃથ્વીસિંહ
    - [વીરમદેવ]
      - કરણસિંહ

(૩) સૂંથના પરમારો

[જાલમસિંહ ૧ લો
જહાજસિંહ
બિક્રમસિંહ
ઉદયસિંહ
પ્રતાપસિંહ
જાલમસિંહ ૨ જો
સંત (સૂંથ)
નવઘણ
નાપો
પ્રથીસિંહ ૧ લો
સૂરો
જયસિંહ
- અખેરાજ
- ગજસિંહ
- કુંભો
  - રામસિંહ
  - રાયમલ
  - મંડલિક]
  - સૂરજમલ
    - રતનસિંહ ૧ લો
    - [વાઘજી]
      - પ્રથીસિંહ ૨ જો
      - સબલસિંહ
      - ગજસિંહ
      - માહાવસિંહ
      - પ્રથીસિંહ ૩ જો
      - રતનસિંહ
      - બદનસિંહ

૬. ગૂહિલ વંશ

(૧) શિહોર-ભાવનગરના ગૂહિલો

૧૪. વિસોજી (શિહોર)
|
૧૫. ધુનોજી
|
૧૬. રતનજી ૧ લો
- ૧૭. હરભમજી
  - ૨૦. અખેરાજજી
    - ૨૧. રતનજી ૨ જો
      - ૨૨. ભાવસિંહજી (ભાવનગર)
- ૧૮. ગોવિંદજી
  - ૧૯. સતરસાલજી

(૨) લાઠીના ગૂહિલો

[સેજકજી
|
સારંગજી (અર્થીલા)
|
જસાજી
- નોંધણજી
- ભીમજી
  - દુદોજી]
    - લુણશાહજી (લાઠી)
      ⋮
      સંઘજી
  - [અર્જુનસિંહજી]

(૩) ગારિયાધાર (પાલિતાણા)ના ગૂહિલો

[સેજકજી (સેજકપુર)
|
શાહજી (ગારિયાધાર)
|
સરજનજી
|
અર્જુનજી ૧ લો
|
નોંધણજી ૧ લો
ભારોજી
બનોજી
શવોજી
હાડોજી]
કાંધોજી ૧ લો
નોંધણજી ૨ જો
અર્જુનજી ૨ જો
કાંધોજી ૨ જો
શવોજી ૨ જો
|
સરતાનજી ૧ લો
કાંધોજી ૩ જો
પૃથ્વીરાજજી
નોંધણજી ૩ જો
સરતાનજી ૨ જો

(૪) રાજપીપળાના ગૂહિલો

[સેજકજી
|
રાણોજી
|
મોખડોજી
|
ડુંગરજી — સોમરસિંગજી (અર્જુનસિંહ)] (જૂનું રાજપીપળા)

(સોમરસિંગજી)
⋮
ભૈરવસિંહ
પૃથુરાજ
દીપસિંહ
દુર્ગશાહ
મોહરાજ
રાયસાલ
ચંદ્રસેન
ગંભીરસિંહ
સુભેરાજ
જયસિંહ
મૂલરાજ
સુરમાલ
ઉદેકરણ
ચંદ્રભા
છત્રસાલ
વેરીસાલ
|
જીતસિંહ (નાંદોદ—નવું રાજપીપળા)
|
પ્રતાપસિંહ

૭. ઓખા મંડળનો વાઢેર વંશ

[વેરાવળજી (આરંભડા)
વિક્રમસી
⋮
સાંગણજી
ભીમજી]
⋮
રાણા શિવ (સવજી)
સાંગણજી
સંગ્રામજી
અખેરાજજી
ભોજરાજજી

૮. જસદણનો ખાચરવંશ

૧. વીકો
- ૨. માણસિયો
- ૩. ચલો
  - ૪. ઓઢો
    - ૫. વાજસૂર

૯. ઈડરના રાઠોડ વંશ

(૧) જૂનો રાઠોડ વંશ

૧૯. નારાયણદાસ
- ૨૦. વીરમદેવ
- ૨૧. કલ્યાણમલ
  - ૨૨. જગન્નાથ
    - ૨૩. પૂંજો ૩ જો
    - ૨૪. અર્જુનદાસ
  - ૨૫. ગોપીનાથ
    - કરણસિંહ
      - ૨૬. ચંદ્રસિંહ (ઈડર–પોળો)

(૨) નવો રાઠોડ વંશ

[અજિતસિંહ (જોધપુર)]
૧. આણંદસિંહજી (ઈડર)
૨. શિવસિંહ

ખીચી ચૌહાણો

(૧) છોટાઉદેપુરના ખીચી ચૌહાણ

[જયસિંહ
(પતાઈ રાવળ)
|
રાયસિંહ]
|
પૃથ્વીરાજ (મોહન)
કરણસિંહ
વજેસિંહ
ગુમાનસિંહ
રાયસિંહ
તેજસિંહ
જસવંતસિંહ—બાજી રાવળ
(છોટાઉદેપુર)

ડુંગરસિંહ
(બારિયા)

(૨) બારિયાના ખીચી ચૌહાણ

[જયસિંહ
⋮
રાયસિંહ]
|
ડુંગરસિંહ
ઉદયસિંહ
રાયસિંહ
વજેસિંહ
માનસિંહ
|
પૃથુરાજ
|
રાયધર
|
ગંગદાસ

(૩) માંડવાના ખીચી ચૌહાણ

[પ્રતાપસિંહ (કારવણ)
⋮
નાહરસિંહ (નંદેરિયા)
|
(પુત્ર)
|
માલસિંહજી (ચાંદોદ)]
⋮
વાઘસિંહજી ૧ લો (જૂનું માંડવા)
⋮
કાનજી ૧ લો
|
વાઘજી ૨ જો (નવું માંડવા)
રાણો સંગ
રામસિંહ
કાનજી ૨ જો
વાઘજી ૩ જો
ખુમાનસિંહ
જીતસિંહ
ભીમસિંહ

૧૧. સોલંકી વંશ

(૧) લુણાવાડાના સોલંકીઓ

[ધવલદેવ (ધોળકા–કાલરી ગઢ)
⋮
વીરભદ્ર (વીરપુર)
ફીકોજી
માનસિંહ
માહાવસિંહ
ગમસિંહ
પૃથ્વીપાલસિંહ
વિક્રમસિંહ
વિઠ્ઠલસિંહ (ડીહિયા)
⋮
ભીમસિંહ (લુણાવાડા)
ગંગદાસ
ઉદો રાણો
રાઘવરાણસિંહ(વાઘસિંહ)]
માલો રાણો
વનવીરજી
અખેરાજજી
કુંભો રાણો
જીતસિંહ
ત્રિલોકસિંહ
દયાલદાસ
ચંદ્રસિંહ
કુંવરસિંહ
નાહારસિંહ
|
[જીતસિંહ]
|
વખતસિંહ
|
દીપસિંહ

(૧) વાંસદાના સોલંકીઓ

[મૂલદેવ
ખંડલદેવ
બલદેવ]
કરણદેવ
ઉદયસિંહ ૧ લો
મોલકરણ
ઉદયસિંહ ૨ જો
|
વીરસિંહ
|
રાયભાણ
|
ગુલાબસિંહ
ઉદયસિંહ

૧૨. રામનગર–ધરમપુરના સિસોદિયા

[રામરાજા (રામનગર)
સોમ
પુરંદર
ધરમ ૧ લો
ગોપુ
જગત ૧ લો
નારણુ
ધરમ ૨ જો
જગત ૨ જો]
|
લક્ષ્મણદેવ
સોમદેવ
રામદેવ ૧ લો (આસરસેતા–ફતેપુર)
શેહદેવ
રામદેવ ૨ જો

૧૩. વીરમગામ–પાટડીના કણબી દેસાઈ

[વરસિંહ (વીરમગામ)
કિશોરદાસ
રામદાસ
ગંગાદાસ
કરસનદાસ
મલકોજી
સોમાજી
રણમલજી]
નાથોજી
વેણીદાસ દેસાઈ
મકનદાસ
મોહતસી
ત્રીકમદાસ
ભાણજી
ઉદેકરણ
ભાવસિંહજી (પાટડી)

૧૪. બાબી વંશ

(૧) જૂનાગઢના બાબી

[આદિલખાન
|
ઉસ્માનખાન]
|
બહાદુરખાન
|
શેરખાન
|
જાફરખાન–સફદરખાન
|
સલાબતખાન, શેરખાન—બહાદુરખાન (વાડાસિનોર–જૂનાગઢ)

(૨) રાધનપુરના બાબી

બહાદુરખાન
|
શેરખાન
|
જાફરખાન–સફદરખાન
|
જવાંમર્દખાન (રાધનપુર)
|
કમાલુદ્દીનખાન

૧૫. માંગરોળ(સોરઠ)ના કાઝી શેખ

શેખ ફખ્રુદ્દીન
|
૧. શેખમિયાં

૧૬. પાલણપુરનો હેતાણી વંશ

૧. ફીરોઝખાન ૧ લો–કમાલખાન
|
૨. મુઝાહીતખાન ૨ જો
|
૩. કમાલખાન–કર્ણ કમાલ
|
૪. ફીરોઝખાન ૨ જો–ગઝનીખાન
|
૫. કરીમદાદખાન — ૭. બહાદુરખાન
|
૬. પહાડખાન ૨ જો

૧૭. ખંભાતનો નવાબી વંશ

૧. મીરઝા જાફર નઝમુદ્દૌલા–મોમીનખાન ૧ લો
૨. મુફતખીરખાન–મોમીનખાન ૨ જો

*

સંદર્ભસૂચિ

૧ સામાન્ય

(૧) મૂળ સંદર્ભો

(અ) પુરાણ

पद्मपुराण, उत्तर खण्ड — પૂના, ૧૮૯૪

(આ) પ્રબંધો, પટ્ટાવલીઓ, વિજ્ઞપ્તિઓ

जयसागर उपाध्याय — विज्ञप्तित्रिवेणी (સં. જિનવિજય મુનિ), ભાવનગર, ૧૯૧૬

जयसोम उपाध्याय — कर्मचन्द्र वंशावलीप्रबन्ध—ગુજરાતી પદ્યાનુવાદ : ગુણવિનય, "જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય", ભાવનગર, ૧૯૨૬

मुनि, जिनविजय (सं.) — विज्ञप्तिलेखसंग्रह, મુંબઈ, ૧૯૬૦
—विविधगच्छीय पट्टावलीसंग्रह, भाग १, મુંબઈ, ૧૯૬૧

मुनि, दर्शनविजय (सं.) — पट्टावलीसमुच्चय, ભાગ ૧, વિરમગામ, ૧૯૩૩

शास्त्री, हीराचन्द — Ancient Vijñaptipatras, Baroda, 1942

(ઇ) સંસ્કૃત કાવ્યો

गुणविजय — विजयप्रशस्तिटीका, બનારસ, વી.નિ.સં. ૨૪૩૭

देवविमलगणि — हीरसौभाग्य काव्य, મુંબઈ, ૧૯૦૦; ગુજ. અનુ. : સાધ્વી સુલોચનાશ્રી, ભા. ૧, અમદાવાદ, ૧૯૭૨

पद्मसागर गणि — जगद्गुरु काव्य (સં. હરગોવિંદદાસ અને બેચરદાસ), બનારસ,—

पंडित दुर्गाप्रसाद अने पणशीकर, वासुदेव (सं.)	काव्यमाला, गुच्छ १४, મુંબઈ, ૧૯૬૦
भानुचन्द्रगणि	वसन्तराजशाकुनटीका, મુંબઈ, સં. ૧૯૬૩
मेघविजय उपाध्याय	दिग्विजय महाकाव्य, મુંબઈ, ૧૯૪૫
	—देवानन्द महाकाव्य, અમદાવાદ, ૧૯૩૭
शान्तिचन्द्र	कृपारसकोश (સં. જિનવિજય મુનિ), ભાવનગર, ૧૯૧૭
श्रीवल्लभ पाठक	विजयदेवमाहात्म्य-सटीक (સં. જિનવિજય મુનિ), અમદાવાદ, ૧૯૨૮
समयसुन्दरगणि	कालिकाचार्यकथा, સુરત, ૧૯૩૯
सहजकीर्तिगणि	फलवर्धिपार्श्वनाथमाहात्म्य, બોટાદ, વિ.સં. ૨૦૨૪
सिद्धिचन्द्र	भानुचन्द्रचरितकाव्य, અમદાવાદ, ૧૯૪૧
हंसमीठु	हंसविलास, વડોદરા, ૧૯૩૭
हेमविजयगणि अने गुणविजय	विजयप्रशस्तिकाव्य, વારાણસી, વી.નિ.સં. ૨૪૩૭

(ઈ) અરબી-ફારસી ગ્રંથો

—	अखबारुद दोल्मातिल अकरमीन (अनु. तीलमीज़)—,—
अबुल फज़ल	अकबरनामा
	Eng. trans. by H. Beveridge, Delhi, 1972–73
	—आईन्-इ-अकबरी
	Eng. trans. Vol. I by H. Blochmann, Calcutta, 1939
अली, मुहम्मदखान	मिरआते अहमदी, भा. १–२, बड़ौदा, १९२७–३०;
	—ગુજ. અનુ. : મીરાતે એહમદી, (અનુ. ચીરતી નિઝામુદ્દીન ફારુકી) ભા. ૧–૨, અમદાવાદ, ૧૯૧૩, ૧૯૨૩
	—ગુજ. અનુ. : મિરાતે અહમદી, ગ્રં. ૨, ખં. ૧–૪ (અનુ. કૃ. મો. ઝવેરી), અમદાવાદ, ૧૯૩૩–૩૬
	—Eng. trans. Vols. 1–2 by M. F. Lokhandwala, Baroda, 1970, 1974

ख्वाजा निज़ामुद्दीन अहमद — तब्क़ाते अक़्बरी
Eng. trans. by Elliot in 'History of India as told by its own Historians', Vol. V, London, 1873

जहांगीर — तुज़ुक-इ-जहांगीरी.
Eng. trans. by A. Rogers, Vols. 1–2, Delhi, 1968

बदाऊनी, अब्दुल क़ादिर — मुन्तख़ाबुत् तवारीख़,
Eng. trans. by G. S. A. Ranking, Calcutta, 1898

सैयद, गुलामहुसेन तबतबी — सियर उल् मुतख़ेरिन
(Eng. Trans. by H. Briggs), Calcutta, 1833

हाजी, उद् दबीर — ज़फ़रूल वालि बे मुज़फ्फ़र व आलिह,
Eng. trans. by M. F. Lokhandwala, Baroda, 1970

(૯) જૂની-ગુજરાતીના ગ્રંથો

આચાર્ય, જિનવિજયજી(સં.) — જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય, ભાવનગર, ૧૯૨૬

ઋષભદાસ — હીરસૂરિરાસ, સુરત, ૧૯૧૬

કાંતિવિજય — સુજશવેલી ભાસ, અમદાવાદ, ૧૯૩૪

કુંઅરવિજય — હીરવિજયપુણ્યખાણુ, " જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય", ભાવનગર, ૧૯૨૬
—હીરવિજયસૂરિશલોકો, " જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય", ભાવનગર, ૧૯૨૬

ક્ષેમવર્ધન — શાંતિદાસ શેઠનો રાસ, "જૈન ઐતિહાસિક રાસમાળા", ભા. ૧, મુંબઈ, ૧૯૧૨

ગુણવિજય — વિજયદેવસૂરિ પ્રબંધ, "જૈન ઐતિહાસિક રાસમાળા" ભા. ૧, મુંબઈ, ૧૯૧૨

તિલકસાગર	રાજસાગરસૂરિ નિર્વાણરાસ, "જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય", ભાવનગર, ૧૯૨૬
नाहटा, अगरचंद (सं.)	ऐतिहासिक जैनकाव्य संग्रह, कलकत्ता, सं. १९९४
ભટ્ટ, શામળ	રુસ્તમકુલી અને અમરામકુલીનો શલોકો, "બુદ્ધિપ્રકાશ", પુ. ૧, અમદાવાદ, ૧૮૫૪
મેઘવિજય	વિજયદેવસૂરીશ્વર નિર્વાણ સ્વાધ્યાય, "જૈન ઐતિહાસિક રાસમાળા", ભા. ૧, અમદાવાદ, સં. ૧૯૬૯
લાવણ્યસમય	વિમલપ્રબંધ (સં. ધી. ધ. શાહ), અમદાવાદ, ૧૯૬૫
વિજયધર્મસૂરિ	ઐતિહાસિક રાસસંગ્રહ, ભા. ૨, ૩, ૪, ભાવનગર સં. ૧૯૭૩. ૧૯૭૮, ૧૯૭૭
સાંડેસરા, ભોગીલાલ જ. (સં.)	પ્રાચીન ફાગુ-સંગ્રહ, વડોદરા, ૧૯૫૫

(ઊ) અભિલેખો : સામયિકો, સંગ્રહો અને સૂચિઓ

—	Annual Report on Indian Epigraphy, 1949–50 to 1972–73
—	Corpus Inscriptionum Bhavnagari, Bombay, 1889
Diskalkar, D. B.	Inscriptions of Kathiawad, "New Indian Antiquary" Vols. I–III, Bombay, 1938–41
—	Epigraphia Indica ; Arabic and Persian Supplement, New Delhi, 1955 to 1958, 1970
—	Epigraphia Indo-Moslemica, 1933–34, 1935–36, 1939–40
Yazdani, G. and Gyani, R. G. (Ed.)	Important Incriptions from the Baroda State, Vol. II, : Muslim Inscriptions, Baroda, 1944.
मुनि, जिनविजय (सं.)	प्राचीनजैनलेखसंग्रह, भा. २, भावनगर, १९२१
ત્રિવેદી, ઇ. વિ.	ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૪–૫, અમદાવાદ, ૧૯૬૯
દેસાઈ, ઝિ. અ.	ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૬, અમદાવાદ, ૧૯૭૨

(એ) સિક્કા : સામયિકો, સંગ્રહો અને સૂચિઓ

Brown, C. J. — Catalogue of the Mughal Coins in the Provincial Museum, Lucknow, Vol. I, Oxford, 1920

Hodiwala, S. H. — Historical Studies in Mughal Numismatics, Calcutta, 1923

Hussain, M. K. — Catalogue of Coins of the Mughal Emperors, Bombay, 1968

Lane Poole, S. — Catalogue of the Indian Coins in the British Museum, London, Vols. I–II : Mughal Emperors, London,

— Numismatic Supplement (Journal of the Asiatic Society of Bengal), Nos. II, VI and XXIV, Calcutta, 1904, 1905, 1914

Rode, V. P. — Catalogue of Coins in the Central Museum, Nagpus : Coins of the Mughal Emperors, Part I, Bombay, 1960

Singhal, C. R. — Bibliography of Indian Coins, Part II, Bombay, 1952

Whitehead, R. B. — Catalogue of Coins in the Punjab Museum, Lahore, Vol. II : Coins of the Mughal Emperors, Oxford, 1914

Wright, H. N. — Catalogue of the Coins in the Indian Museum, Calcutta, Part III ; Mugha Emperors, Oxford, 1908

(ઐ) વિદેશી નોંધો

Aitchison, C. V. A Collection of Treaties, Engagements and Sanads, Vol VI, Calcutta, 1864

Bart, Thomas Herbert Some year's Travels into Africa and Asia, London, 1674

Churchill Collection of Voyages and Travels, Vol. VI, London, 1732

Forrest, George W. (Ed.) Selections, Home Series, Vol. I, Bombay, 1887

Foster, William (Ed.) Early Travels in India, London, 1921

Fryer, John A New Account of East Indies and Persia (Ed. by William Crooke), Vols. I–III, London, 1909, 1912, 1915

Manucci, Niccolae Venetian Storia do Mogor, (Eng. trans. by W. Irvine), Vols. I–II, 1907–08

Mundy, Peter The Travels of Peter Mundy in Europe and Asia, Vols I–II, London, 1907, 1914

Ovington, A Voyage to Surat, London, 1929

Roe, Sir Thomas The Embassy of Sir Thomas Roe (Ed. by William Foster), Vols. I–II, London, 1899 (Reprint, 1926)

Tavernier, Jean Baptist Travels in India, (Eng. Trans. by V. Ball), Vol. I, London, 1889

Terry, Edward A Voyage to East India, London, 1777

Thevenot, Jean de Jean de Thevenot's Travels into the Indies, (Eng. trans. by A. Lovell), Part III, London, 1787

Valle, Pietro Della The Travels of Pietro Della Valle (Eng. Trans. by Edward Grey), Vol.I, London, 1891

(૨) અર્વાચીન ગ્રંથો

(અંગ્રેજી)

Bird, James — History of Gujarat, London, 1834

Burgess, James — The Temples of Śatruñjaya, Gandhinagar, 1976

Campbell, James (Ed.) — Bombay Gazetteer, Vol. III : Kaira and Panchamahals, Bombay, 1879: Vol. V : Cutch, Palanpur etc. Bombay, 1880; Vol. VI ; Rewakantha etc., Bombay, 1880

Commissariat, M.S. — History of Gujarat, Vol. I, London 1938;
—Vol. II, Bombay, 1957
—Imperial Mughal Farmans in Gujarat, Bombay, 1940
—Mandelslo's Travels in Western India, London, 1931
—Studies in the History of Gujarat, Bombay, 1935

Cousens, H. — Somanātha and other Mediaeval Temples in Kathiawad, Bombay, 1931

Danvers, F. C. — The Portuguese in India, London, 1894

Desai, G. H. and Clarke, A. B. — Gazetteer of the Baroda State, Vol. I, Bombay, 1923

Indraji, Bhagvanlal & Jackson, A.M.T. — 'Early History of Gujarat', Gazetteer of the Bombay Presidency, Vol. I, Part I : *History of Gujarat*, Bombay, 1896

Majumdar, R. C. and others (Ed.) The Mughul Empire, Bombay, 1974

Mehta, N. C. Studies in Indian Painting, Bombay, 1926

Palande, M. R.(Ed.) Gujarat State Gazetteer; Broach District, Ahmedabad, 1961

Sarkar, Jadunath History of Aurangzeb, Vol. I, Calcutta, 1912; Vol. III, Calcutta, 1928

Sen, Surendranath (Ed.) Indian Travels of Thevenot and Careri, Delhi, 1949

Sircar, D. C. Indian Epigraphy, New Delhi, 1965

Sompura, K. F. Structural Temples of Gujarat, Ahmedabad, 1968

(હિંદી)

ओझा, गौ. ही. भारतीय प्राचीन लिपिमाला, दिल्ली, वि. सं. १९७५

शाह, अं. प्रे. जैन साहित्यका बृहद् इतिहास, भाग ५, वाराणसी, १९६९

(ગુજરાતી)

આચાર્ય, નવીનચંદ્ર આ. મુઘલકાલીન ગુજરાતનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૭૪

કવિ, નર્મદાશંકર લા. કાઠિયાવાડ સર્વસંગ્રહ, મુંબઈ, ૧૮૮૬

જોટ, રત્નમણિરાવ ભી. ખંભાતનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૩૫

—ગૂજરાતનું પાટનગર અમદાવાદ, અમદાવાદ, ૧૯૨૯

—ગૂજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ : ઇસ્લામ યુગ, ખંડ ૪, અમદાવાદ, ૧૯૫૯

જોશી, ઉમાશંકર પુરાણોમાં ગુજરાત, ભૌગોલિક ખંડ, અમદાવાદ, ૧૯૪૬

ઝવેરી, કૃષ્ણલાલ મો. ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો, અમદાવાદ, ૧૯૪૫

ત્રિવેદી, ઇ. વિ. — ગુજરાતના મુસ્લિમકાલના સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી (ટાઇપ કરેલી પ્રત); અમદાવાદ, ૧૯૭૧

દેશાઈ, મોહનલાલ દ. — જૈન ગૂર્જર કવિઓ, ભા. ૧–૩, મુંબઈ, ૧૯૨૬, ૧૯૩૧, ૧૯૪૪
—જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૩

દેશાઈ, શં. હ. — જૂનાગઢ અને ગિરનાર, જૂનાગઢ, ૧૯૭૫

દેસાઈ, ઈશ્વરલાલ ઇ — સૂરત સોનાની મૂરત, સૂરત, ૧૯૫૮

નાયક, છોટુભાઈ ર. — ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ, અમદાવાદ, ૧૯૫૦

મહેતા, નર્મદાશંકર દે. — હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૬૨

પરીખ, પ્રવીણ ચિ. — ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ (ઈ.સ. ૧૦૦૦–૧૮૧૮), અમદાવાદ, ૧૯૭૪

પરીખ, ર. છો. અને શાસ્ત્રી, હ. ગં. (સં.) — ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૫ : સલ્તનત કાલ, અમદાવાદ, ૧૯૭૭

પારેખ, હીરાલાલ ત્રિ. — કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહની સૂચિ, અમદાવાદ, ૧૯૩૦

મુનિ, વિદ્યાવિજય — સૂરીશ્વર અને સમ્રાટ, ભાવનગર, ૧૯૨૦

રાઠોડ, રામસિંહજી કા. — કચ્છનું સંસ્કૃતિદર્શન, અમદાવાદ, ૧૯૫૯

શાસ્ત્રી, કેશવરામ કા. — કવિચરિત, ભા. ૨ અમદાવાદ, ૧૯૪૧
—ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી, અમદાવાદ, ૧૯૩૯

શાસ્ત્રી, દુર્ગાશંકર કે. — ઐતિહાસિક સંશોધન, મુંબઈ, ૧૯૪૧

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. — મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૧, અમદાવાદ, ૧૯૫૫

શાહ, અંબાલાલ પ્રે. — જૈન તીર્થ સર્વસંગ્રહ, ભા. ૧, ખંડ ૧, અમદાવાદ, ૧૯૫૩

સાંડેસરા, ભોગીલાલ જ. — અન્વેષણા, મુંબઈ, ૧૯૬૭
—ઇતિહાસ અને સાહિત્ય, અમદાવાદ, ૧૯૬૬
—વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો, ભાવનગર, ૧૯૪૮
—શબ્દ અને અર્થ, મુંબઈ, ૧૯૫૪
—સંશોધનની કેડી, અમદાવાદ, ૧૯૬૧

(મરાઠી)

श्रीवास्तव्य, विद्यानंद स्वामी लाटचे मराठी ऐतिहासिक लेख, भा. १–२, मुंबई, १९३६–३७

૨. પ્રકરણવાર

(સામાન્ય સંદર્ભસૂચિમાં જણાવેલા ગ્રંથો સિવાયની)

પ્રકરણ ૧

Blochmann, H. 'Persian Inscriptions from Belgām, Sāmpgām, Gulbarga and Siddhapur', *Indian Antiquary*, Bombay, Vol. IV, 1875

Divanji, P. C. 'Three Gujarati Legal Documents of the Moghul Period', *Journal of Gujarat Research Society*, Vol. IV, Bombay, 1942

Gense, T. H. and Banaji, D. R.(Ed.) 'The Gaikwads of Baroda: English Documents, Vol. I, Bombay, 1936

જાની, અંબાલાલ બુ. શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ, ભા. ૧, મુંબઈ, ૧૯૨૩

નાયક, છોટુભાઈ ર. 'ગુજરાતના ઇતિહાસ માટેની અરબી-ફારસીમાં ઉપલબ્ધ સામગ્રી', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૦૭, અમદાવાદ, ૧૯૬૦

મુનિ, જિનવિજય 'પાટણના બે જૂના દસ્તાવેજો', "પુરાતત્ત્વ" પુ. ૪, અમદાવાદ, સં. ૧૯૮૨

શાસ્ત્રી, દુર્ગાશંકર કે. 'બાણ કવિ અને પુરાણો,' "પુરાતત્ત્વ", પુ. ૫, અમદાવાદ, સં. ૧૯૮૩

શાસ્ત્રી, હ. ગં. અને સોમપુરા, કાં. ફૂ. 'અમૃતવર્ષિણી વાવ', "કુમાર", પુ ૪૧, અમદાવાદ ૧૯૬૪

સાંડેસરા, ભોગીલાલ જ. 'ઉપાધ્યાય વિનયવિજયકૃત ઇન્દુદૂતમાંનું સુરતનું વર્ણન', "ગુજરાતમિત્ર અને ગુજરાત દર્પણ", દીપોત્સવી અંક, સુરત, સં. ૨૦૧૦

—'ગુજરાતનાં જૂનાં ખતપત્રો અને દસ્તાવેજો', "ગ્રંથ અને ગ્રંથકાર", પુ. ૬, અમદાવાદ, ૧૯૩૫

—'શ્રીકરી-સીકરી', "બુદ્ધિપ્રકાશ", પુ. ૯૬, અમદાવાદ, ૧૯૪૯

सरदेसाई, गो. स. — पेशवे दफ्तरातून निवडलेले कागद, ग्रंथ १२, મુંબઈ, ૧૯૩૨

પ્રકરણ ૨

Bayley, E. C. — History of Gujarat; The Local Muhammadan Dynasties, Bombay, 1970

પ્રકરણ ૩

Foster, William (Ed.) The Embassy of Sir Thomas Roe to India, Vol. I, London, 1926

—English Factories in India; 1622–25, Oxford, 1906–27

પ્રકરણ ૪

Dighe, V. G. — Peshwa Baji Rao I and Maratha Expansion, Poona, 1944

Irwine, William — Later Mughals, Vol. II, Calcutta, 1922

પ્રકરણ ૫

Patel, G. D. (Ed.) Gujarat State Gazetteer : Kutch District, Ahmedabad, 1971

જોશી, જોગીદાસ અં. — ઈડર રાજ્યનો ઇતિહાસ, ભા. ૧, હિંમતનગર, ૧૯૨૪

દેશાઈ, શં. હ. — સૌરાષ્ટ્રનો ઇતિહાસ, જૂનાગઢ, ૧૯૬૮

દ્વિવેદી, આત્મારામ કે. — કચ્છ દેશનો ઇતિહાસ, મુંબઈ, ૧૮૭૬

નવાબઝાદા, તાલેમહંમદખાન પાલનપુર રાજ્યનો ઇતિહાસ, ભા. ૧, પાલનપુર, ૧૯૧૩

પરીખ, પ્ર. ચિ. — 'નિજાનંદ (પ્રણામી) સંપ્રદાય અને સંત પ્રાણનાથ', "ઊર્મિ નવરચના", વર્ષ ૪૪, રાજકોટ, ૧૯૭૩

રતનું માવદાનજી ભી. — શ્રી યદુવંશપ્રકાશ અને જામનગરનો ઇતિહાસ, જામનગર, ૧૯૩૪

શાસ્ત્રી, કે. કા. — 'પશ્ચિમ સૌરાષ્ટ્ર : ઇતિહાસની આરસીમાં' "ગુજરાતી સાહિત્ય પરિષદ, પોરબંદર અધિવેશન સ્મરણિકા", પોરબંદર, ૧૯૭૬
—સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓ-૧, માંગરોળ–સોરઠ, પોરબંદર, ૧૯૬૭

શાહ, અમૃતલાલ ગો. — ભારત રાજ્યમંડલ, ભા. ૧, વડોદરા, ૧૯૦૨

શાહ, ત્રિ. ઓ.; વોરા, મણિભાઈ અને ઠાકર, મધુસૂદન — 'પોરબંદરના શાંતિનાથ-જિનાલયના બે શિલાલેખો', "ફાર્બસ ગુજરાતી સભાનું ત્રૈમાસિક", પુ. ૩૦, મુંબઈ, ૧૯૬૫

પરિશિષ્ટ ૧

Fawcet, Charles — English Factories in India (Western Presidency), Vol. I, London, 1936

Rawlinson, H. G. — British Beginnings in Western India, 1579–1657, Oxford, 1920

પરિશિષ્ટ ૨

Boman–Behram, B. K. — Rise of Municipal Government in the City of Ahmedabad, Ahmedabad, 1937

Dighe, V. G. — Peshwa Baji Rao I and Maratha Expansion, Poona, 1944

Duff, James G. — History of the Mahrattas, Vol I, New Delhi, 1971

Sardesai, G. S. — New History of the Marathas, Vol. I, Bombay, 1957

आपटे, दा. ना — श्री महाराजा सयाजीराव गायकवाड (तिसरे) यांचे चरित्र, खंड १, बडौदा, १९३६

चिपळुणकर, अ. अ. — अभिनव सयाजी,—, —.

પ્રકરણ ૬

Moreland, W. H. The Agrarian System of Moslem India, Cambridge, 1929

Saran, P. Provincial Government of the Mughals, Allahabad, 1941

Sarkar, J. N. Mughal Administration, Calcutta, 1963

નાયક, છોટુભાઈ ર. 'મધ્યયુગ', "ગુજરાત : એક પરિચય", અમદાવાદ, ૧૯૬૧

પરિશિષ્ટ

Ahmad, K. M. 'Note on the Coins in the Cabinet of the Hyderabad Museum', Annual Report of the Archaeological Department of H. E. H. Nizam's Dominion, App. L. F. 1340, Calcatta, 1933

Allan, J. 'Some Rare Mughal Coins', NS, No. 16, Calcutta, 1910

Beveridge, H. 'Salimi Coins', NS, No. 12, Calcutta, 1909

Hodivala, S. H. 'The Chronology of the Zodiacal Coins', NS, No. XLI, Calcutta, 1928

—' The Coins bearing the name of Nu-Jahan', NS, No. XLII, Calcutta, 1929

—'Notes on Mughal Mint Towns', NS, No. XXXIV, Calcutta 1920

—'Porbandar or Parendā ?', NS, No. XXXI, Calcutta, 1918

Lall, Panna 'A Rare Coin of Akbar', NS, No. XXVI, Calcutta, 1916

—'An Unpublished Coin of Akbar', NS, No. XXVI, Calcutta,—

Master, A. 'A Chahār Tanki of Akbar', NS, No. XVII, Calcutta, 1922

—'The Gujarat Mahmudi', NS, No. XXIV, Calcutta, 1912

——— 'Mughal Emperors', Ns, No IV, Calcutta, 1904

Paruck, F. D. J. 'Unpublished Mughl Coins', NS, No. XXXVII, Calcutta, 1923

Saboor, M. A., 'Some Rare Coins in Central Provinces', NS, No XXXIX, Calcutta, 1925

Singhal, C. R. Mint Towns of the Mughal Emperors of India, Bombay, 1953

—'Some New Coins in the Prince of Wales Museum, Bombay', *Journal of the Numismatic Society of India*, Vol. XII, Bombay, 1950

Taylor, G. P. 'Akbar's Copper Coins of Ahmedabad', NS, No. IV, Calcutta, 1904

—'A Copper Coin from the Nahrwala Shahr Pattan Mint', NS, No. XXIV Calcutta, 1914

—'A Zodiacal Half Rupee', NS, No. V, Calcutta, 1905

—'On the Coins of Gujarat Fabric', NS, No. II, Calcutta, 1904

--'On the Date of Salimi Coins', NS, Nos. I, & XI, Calcutta, 1904, 1908

--'The Coins of Surat', *Journal of the Bombay Branch of the Royal Asiatic Society*, Vol. XXII, Bombay, 1908

—'The Mughal Coins of Cambay', NS, No XX, Calcutta, 1912

—'The Mughal Coins of Junagadh', NS, No. XIX, Calcutta, 1912

—'On the Identity of the Gujarat Fabric Coins and Surat Mahmudis', NS, No. VI, Calcutta, 1905

—'Some Coins from Limbdi Treasury, NS, No. XIV, Calcutta, 1910

Vost, W. 'Some New Mughal Mints and Rare Mughal Rupees', NS, No.XI, Calcutta, 1908

Whitehead, R. B. 'Some Notable Coins of the Mughal Emperors', Part I, *Numismatic Chronicle*, Vol. III (5 th series), London, 1923

Wright, H. N. 'The Copper Coinage of Murād Bakhsh', NS, No. I, Calcutta, 1904

—'The Double Rupees of Surat Mint NS, No. V, Calcutta, 1905

—'Rare Mughal Coins', JNSI., Vol. I, Bombay, 1939

પ્રકરણ ૭

Chopra, P. N. Some Aspects of Society and Culture during the Mughal Age, 1526-1707, Agra, 1955

Mujmudar, M. R. 'A Trilingual Inscription at a Step-well at Petlad', *Journal of the University of Bombay*, Vol. V, Bombay, 1937

Sharma, Shri Ram, Mughal Government and Administration, Bombay, 1951

Shrivastav, Ashirbadilal — Medieval Indian Culture, Agra, 1964

ખોરી, એદલજી જમશેદજી — દુકાળ વિશે નિબંધ, અમદાવાદ, ૧૮૮૪

સાંડેસરા, ભોગીલાલ જ. — 'પાટણના બે શિલાલેખો', "બુદ્ધિપ્રકાશ", વર્ષ ૮૩, અમદાવાદ, ૧૯૩૬

—'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય,' "સ્વાધ્યાય", પુ. ૧૨, વડોદરા, ૧૯૭૫

—'મોગલકાલીન ગુજરાતના બે વીર મુત્સદ્દીઓ,' "સ્વાધ્યાય," પુ. ૧, વડોદરા, ૧૯૬૪

પ્રકરણ ૮

કવિ, નર્મદાશંકર લા. — ગુજરાત સર્વસંગ્રહ, મુંબઈ, ૧૮૮૭

જ્ઞાની, રણછોડલાલ ધ. — 'ગુજરાતના ઇતિહાસને લગતા સિક્કાઓ', "શ્રી. બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા", પુષ્પ ૧–૨, મુંબઈ, ૧૯૩૪–૩૫

સાંડેસરા, ભોગીલાલ જ. — 'સોનીની પારસી', "બુદ્ધિપ્રકાશ", પુ. ૯૯, અમદાવાદ, ૧૯૫૨

પ્રકરણ ૯

Rahman, M. L. — Persian Literature in India during the time of Jahangir and shah Jahan, Baroda, 1970

अनसारी, नूरूल हसन — फारसी अदब ब अहदे औरंगजेब, दिल्ली, १९६९

सैयद, अब्दुल्ला — अदबियाते फारसीमें हिन्दूओंका हिस्सा, दिल्ली, १९४२

नाहटा, अगरचंद — 'महाकवि मेघविजय और उनके ग्रंथ', "नागरी प्रचारिणी पत्रिका," वर्ष ५५, काशी, सं. २००७

—युगप्रधान श्रीजिनदत्तसूरि, कलकत्ता, वि. सं. २००३

કાપડિયા, હી. ર. — જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, ભા. ૧–૨, વડોદરા, ૧૯૬૮

ઝવેરી, કૃ. મો. — ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો, અમદાવાદ,૧૯૪૫

તેલીવાલા, મૂલચંદ્ર તુ. — 'શ્રીપુરુષોત્તમજી', "પુષ્ટિભક્તિસુધા," વર્ષ ૫. મુંબઈ, શ્રીવલ્લભાબ્દ ૪૩૭

દેશાઈ, મોહનલાલ દ. — 'કવિવર સમયસુંદર', "જૈન સાહિત્ય સંશોધક," ખંડ ૨, પૂના, ૧૯૨૫

—યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, — , —

પરમાર, ચંદ્ર — 'હ. વજીહુદ્દીન શાહ ગુજરાતી(રહ),' અમદાવાદ, ૧૯૬૮

પરીખ, રમેશભાઈ વિ. — શ્રીપુરુષોત્તમજી, મહેસાણા, વિ.સં. ૨૦૩૨

શાસ્ત્રી, કેશવરામ કા. — ગુજરાતી ભાષાનો વિકાસ અને અર્વાચીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ, અમદાવાદ, ૧૯૬૫

પ્રકરણ ૧૦

Chaghatai, M. A. — Muslim Monuments of Ahmedabad through their Inscriptions, Poona, 1942

પરીખ, પ્ર. ચિ. — ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ, અમદાવાદ, ૧૯૭૪

—'ગુજરાતી લિપિ', "વાક્", રાજકોટ, ૧૯૬૯

પંડયા, અ. વ. (સં.) — વલ્લભવિદ્યાનગર સંશોધન પત્રિકા, પુ. ૧, અંક ૨, વલ્લભવિદ્યાનગર, ૧૯૫૮

પ્રિયોળકર, અનંત કા. — 'ગુજરાતી મુદ્રણકળાનું આદિપર્વ', "ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક", પુ. ૧૩, મુંબઈ, ૧૯૪૯

રાવત, બચુભાઈ — 'લિપિવિકાસ', "કુમાર". પુ. ૩૪, અમદાવાદ, ૧૯૫૭

શાસ્ત્રી, વ્રજલાલ કા. — ગુજરાતી ભાષાનો ઇતિહાસ, અમદાવાદ, ૧૮૮૬

પ્રકરણ ૧૧

Karaka, D. F. — History of the Parsis, Vol. I, London, 1884

Modi, J. J.	'A Farman of the Emperor Jahangir in Favour of Two Parsis of the Dordi Family of Naosari', *Journal of the Bombay Branch of the Royal Asiatic Society*, Vol. XXV, Bombay, 1921
	—'The Parsis at the Court of Akbar and Dastur Meherji Rana', *Journal of the Bombay Branch of the Royal Asiatic Society*, Vol. XXL, Bombay, 1904
ચાવડા, વિજયસિંહ કિ.	ભારતીય સંસ્કૃતિના વિકાસમાં વિદેશોના સંપર્કની અસર, અમદાવાદ, ૧૯૭૨
ડ્રાઇવર, પેરીન દારાં	સત્તરમા શતકમાં પારસી કવિઓએ રચેલી ગુજરાતી કવિતા (ટાઇપ કરેલી નકલ), અમદાવાદ, ૧૯૭૧
તારાપોરવાલા, એરચ જ.	'પારસીઓનું હિંદમાં આગમન તથા તેમનો ત્યાર પછીનો ઇતિહાસ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૮૩, અમદાવાદ, ૧૯૩૬
દેરાસરી, ડાહ્યાભાઈ પી.	'જનીબાઈ—એક પ્રાચીન શાક્ત કવયિત્રી', છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ અમદાવાદ ૧૯૨૩
પટેલ. બ. બે.	પારસી પ્રકાશ, ગ્રંથ ૧. મુંબઈ, ૧૮૭૮–૮૮
બલસારા, પે. ફી.	પારસી ઇતિહાસનાં જાણવાજોગ પ્રકરણો, ____, ____,
ભટ્ટી, નાગજીભાઈ કે.	'કચ્છની સાંસ્કૃતિક યાત્રા,' "પથિક", વર્ષ ૧૩, અમદાવાદ, ૧૯૭૩
મહેતા, નર્મદાશંકર દે.	શાક્ત સંપ્રદાય, મુંબઈ, ૧૯૭૩
મુનિ, જિનવિજય	'જૂની ગુજરાતીમાં એક જૈન ઐતિહાસિક ચર્ચા', "પુરાતત્ત્વ", પુ. ૩, અમદાવાદ, સં. ૧૯૮૧
રાઠોડ, રામસિંહજી	'કચ્છની વ્રજભાષા પાઠશાળા,' "કચ્છમિત્ર", દીપોત્સવી અંક, સં. ૨૦૨૯, ભુજ, ૧૯૭૩
શાસ્ત્રી, કે. કા.	શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી, વડોદરા, ૧૯૫૫
શાસ્ત્રી, દુ. કે.	વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૯
	—શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૬
સાંડેસરા, ભોગીલાલ જ.	અનુસ્મૃતિ, અમદાવાદ, ૧૯૭૩

પ્રકરણ ૧૩-૧૪

Burgess, J. — Muhammadan Architecture of Ahmedabad, Part II, London, 1950

Burgess J. and Cousens, H. — Architectural Antiquities of Northern Gujarat, London, 1903

—— 'Decorative Arts', *Bulletin of National Museum, New Delhi*, no. 1, New Delhi, 1966

Fergusson, J. — Architecture at Ahmedabad, London, 1866

Goetz, H. — 'Gujarati Wood-Sculpture', *Bulletin of the Baroda Museum and Picture Gallery*, Special issue, Vol *VI*, Part I-II, Baroda, 1948-49

—'The Post Medieval Sculptures of Gujarat', *Bulletin of the Baroda Museum and Picture Gallery*, Vol. V, part I'-II, Baroda, 1947-*48*

—'The Pretty Archaic style in Old Gujarati Sculpture', *Journal of Gujarat Research Society*, Vol.VIII, Bombay, 1946

Khakhar, D. P. — Report on the Architectural and Archaeological Remains in the Province of Kachh, Bombay, *1879*

Majmudar, M, R. — Gujarat: Its Art-Heritage, Bombay 1968

Mehta, R. N. — 'Gadādhar Temple at Shamlaji', *Journal of the M. S. University of Baroda*, Vol. *XV*, Baroda, 1966

Rapp, E. L. 'An Armanian Epigraph at Ahmedabad', *Journal of the Oriental Institute*, Vol. *XVII*, Baroda, 1967

Trivedi, R. K. Wood Carving of Gujarat, Delhi, 1965

ગોકાણી, પુષ્કરભાઈ 'બેટ શંખોદ્ધાર', "દ્વારકા સર્વસંગ્રહ" દ્વારકા, ૧૯૭૩

ગૌદાની, હરિલાલ 'કાશ્મીરા મહાદેવ, વાડજની લક્ષ્મીનારાયણની પ્રતિમા,' "જનસત્તા" તા. ૩–૩–'૭૪, અમદાવાદ, ૧૯૭૪

—'જૈન મંદિર, સાબલી(જિ. સાબરકાંઠા)', "નૂતન ગુજરાત", તા. ૧–૨–૭૦, અમદાવાદ ૧૯૭૦'

—'શામળાજીનું મંદિર, ગોરોલ (જિ. સાબરકાંઠા)', "નૂતન ગુજરાત", તા. ૧૪–૯–૧૯૬૯, અમદાવાદ, ૧૯૬૯

જોટ, રત્નમણિરાવ ભી. સોમનાથ, અમદાવાદ, ૧૯૪૯

દવે, કનૈયાલાલ ભા. અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા, વડોદરા, ૧૯૬૩

—ગુજરાતનું મૂર્તિવિધાન, અમદાવાદ, ૧૯૬૩

દવે, ઈ. અં. અને મહેતા ર. ના. (સં.) ગુજરાત સ્થળનામ, સંસદ વ્યાખ્યાનમાળા, ભા. ૧, વડોદરા, ૧૯૬૫

નવાબ, સારાભાઈ ભારતનાં જૈન તીર્થો અને તેમનું શિલ્પ–સ્થાપત્ય, અમદાવાદ, ૧૯૪૨

નાણાવટી, જયેન્દ્ર અને ઢાંકી, મધુસૂદન 'ગુજરાતની જાલ–સમૃદ્ધિ,' "કુમાર", પુ. ૪૦, અમદાવાદ, ૧૯૬૩

પટેલ, એ. બ. સુરતની તવારીખ, સુરત ૧૮૯૦

ભટ્ટ, ન. ત્ર્યં. ખંભાતનું સાંસ્કૃતિક દર્શન, ખંભાત, ૧૯૭૬

ભટ્ટી, નાગજીભાઈ કે. નારાયણ સરોવર, અમદાવાદ ૧૯૭૩

મગનલાલ વખતચંદ અમદાવાદનો ઇતિહાસ, અમદાવાદ, ૧૮૫૧

મહેતા, ર. ના. 'વડનગરની શિલ્પસમૃદ્ધિ', "આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ", મુંબઈ, ૧૯૫૬

મુનિ, જયંતવિજય શંખેશ્વર મહાતીર્થ, ભા. ૧–૨, ઉજ્જૈન, સં.૧૯૯૮

મુનિ, યશોવિજય — 'પાટણના જૈન મંદિરમાંનો એક સુંદર કાષ્ઠપટ,' "આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ", મુંબઈ, ૧૯૫૬

મુનિ, વિશાલવિજય — કાવી–ગંધાર–ઝગડિયા, ભાવનગર, ૧૯૫૭

મોદી, રા. ચુ. અને શાહ, ઘી. ગો. — પાટણનો પરિચય, પાટણ, ૧૯૩૩

વાળંદ, નરોત્તમ — બહુચરાજી, વડોદરા, ૧૯૬૮

શાસ્ત્રી, દુ. કે. — ગુજરાતનાં તીર્થસ્થાનો, વડોદરા, ૧૯૨૮

શાસ્ત્રી, હ. ગં. અને સોમપુરા, કાં. ફૂ. — 'અમૃતવર્ષિણી વાવ,' "કુમાર", પુ. ૪૧, અમદાવાદ, ૧૯૬૪

શેઠ, મ. છ. — શ્રીકુંભારિયાજી તીર્થ, ભાવનગર, સં. ૨૦૦૩

સોમપુરા, કાં. ફૂ. — 'શ્રીદ્વારકાધીશનું મંદિર', "દ્વારકા સર્વસંગ્રહ", દ્વારકા, ૧૯૭૩

પ્રકરણ ૧૫

Brown, W. Norman 'Early Vaishnav Miniature Paintings from Western India', *Eastern Art*, Vol. II, ——, 1930

Majmudar, M. R. 'A Fifteenth Century Gīta–Govinda Manuscript with Gujarati Painting', *Journal of the University of Bombay*, Vol. VI, part vi, Bombay, 1938

—'Earliest Devīmāhātmya Miniatures with special reference to Śakti Worship in Gujarat', *Journal of the Indian Society of Oriental Art*, Vol. VI, Calcutta, 1938

—'Some Illustrated MSS of the Gujarat School of Painting', *Proceedings and Transactions of the Seventh All India Oriental Conference*, Baroda, *1933*

—'Two Illustrated MSS of the Bhāgavata Daśamaskandha', *Lalit Kala*, No. *8*, New Delhi, 1960

Mehta, Nanalal C. 'A New Document of Gujarati Painting-A version of Gita-Govinda,' *Journal of the Gujarat Research Society*, Vol. VII, Issue 4, Bombay, 1945

--Studies in Indian Painting, Bombay, 1926

Mehta, N. C. & Motichandra — The Golden Flute : Indian Painting and Poetry, New Delhi, 1962

Motichandra & Shah, U. P. — New Documents of Jain Painting, Bombay, 1975

નવાબ, સારાભાઈ મ. — જૈન ચિત્રકલ્પદ્રુમ, ગ્રંથ ૨, અમદાવાદ, ૧૯૫૮

મજમૂદાર, મંજુલાલ ર. — 'ગુજરાતી ચિત્રકલા,' "શ્રી ફાર્બસ ગુજરાતી ત્રૈમાસિક", પુ. ૮, અંક ૩–૪, મુંબઈ, ૧૯૪૩–૪૪

રાવળ, રવિશંકર મ. — 'પાંડરશીંગાનાં ભીંતચિત્રો,' "ગુજરાત સંશોધન મંડળનું ત્રિમાસિક," પુ. ૧, અંક ૪, મુંબઈ, ૧૯૩૯

વ્યાસ, કાંતિલાલ બ. — 'સત્તરમા શતકની ગુજરાતી ચિત્રકલા,' "ગુજરાત સંશોધન મંડળનું ત્રિમાસિક", પુ. ૧૦, મુંબઈ, ૧૯૪૮

શાહ, ઉમાકાંત પ્રે. — 'સોળમા સૈકાની ગુજરાતી ચિત્રશૈલી', "સ્વાધ્યાય", પુ. ૭, વડોદરા, ૧૯૬૯

પરિશિષ્ટ

Rawlinson, H. G. 'Jean De Thevenot's Account of Surat', *Indian Antiquary*, Vol. LVI Bombay, 1927

*

વિશેષ નામોની

શબ્દસૂચિ

અકબર (૧ લો) ૧–૭, ૧૧–૧૫, ૨૧, ૨૪, ૨૫, ૩૩, ૩૬–૪૭, ૪૯, ૫૦, ૭૮, ૧૨૦, ૧૨૬, ૧૨૭, ૧૩૩, ૧૩૯, ૧૪૦, ૧૪૯, ૧૫૪, ૧૫૫, ૧૬૬, ૧૬૮, ૧૯૨–૧૯૪, ૨૦૨, ૨૦૩, ૨૦૬, ૨૧૦, ૨૧૧, ૨૧૪–૨૧૭, ૨૧૯, ૨૩૨, ૨૩૭, ૨૩૮, ૨૪૧, ૨૪૫, ૨૪૯, ૨૫૭, ૨૬૩, ૨૬૫, ૨૬૯, ૨૭૧, ૨૭૨, ૨૭૮, ૨૮૮–૨૯૨, ૨૯૪–૨૯૬, ૩૨૫, ૩૨૮, ૩૩૦, ૩૬૬, ૩૭૦–૩૭૪, ૩૭૬–૩૮૨, ૩૮૫–૩૮૭, ૩૯૪, ૪૦૪, ૪૦૭, ૪૦૯, ૪૧૫, ૪૧૭, ૪૨૭, ૪૩૪, ૪૩૫, ૪૩૭, ૪૪૧, ૪૪૪, ૪૪૫, ૪૮૩.

અકબર ૨ જો ૨૨૩, ૨૩૭

'અકબરનામા' ૧, ૨, ૯૧

અકામુદ્દીન ૨૬૦, ૩૮૩

'અખબારૂદ દોઆતિલ અકરમીન' ૩૮૧

'અખેગીતા' ૩૦૯

અખેરાજ ૧૩૪–૧૩૭, ૧૩૯, ૧૪૭, ૧૬૬

અખો ૧૯, ૨૭૦, ૨૮૬, ૨૮૭, ૩૦૯

અગ્રવાલ, ડૉ. વાસુદેવશરણ ૨૩૭

અચલગઢ ૧૭

અજ (અજોજી) ૧૬૨

અજમેર ૪૧, ૪૭, ૫૫, ૫૯, ૭૦, ૭૧, ૧૦૧, ૨૦૩

અજિતસિંહ ૮૧, ૮૨, ૯૦, ૯૩, ૯૪, ૯૬–૯૮, ૧૦૧, ૧૨૧, ૧૪૩, ૧૪૪, ૧૫૮, ૨૭૬, ૩૨૨

અજી ૨૯૩

અજોજી ૪૮, ૧૨૦, ૧૨૩, ૧૩૮

અઝીઝ કોકા ૨૬, ૩૮–૪૧, ૪૩, ૪૪, ૪૭–૫૩, ૫૯, ૧૨૦, ૧૪૮, ૧૬૨, ૨૪૯, ૪૦૪, ૪૦૯, ૪૪૪, ૪૯૨

અડાલજ ૬૨, ૧૭૫, ૧૦૫, ૪૦૭

અડાસ ૧૭૯

અણહિલપુર—અણહિલવાડ પાટણ ૧૮, ૨૨૩, ૨૪૯, ૨૯૮, ૩૨૦, ૩૮૪, ૪૦૫, ૪૭૩

અર્થીલા ચોવીસી ૧૩૭
અદેસિંહજી ૧૪૩
અહોજી ૧ લો ૧૨૭, ૧૨૮
અહોજી ૨ જો ૧૨૮–૧૩૦, ૧૬૪
'અધ્યાત્મકલ્પદ્રુમ' ૨૯૮
'અધ્યાત્મપરીક્ષા' ૩૦૦
'અધ્યાત્મબિંદુ' ૩૦૦
'અધ્યાત્મ–રામાયણ' ૩૧૪
અનાવાડા ૩૬૪, ૪૦૫
'અનાવિલપુરાણ' ૩૧૨
અનુપસિંહ ભંડારી ૯૭,૯૮
અનુભવાનંદ (નાથભવાન) ૩૦૮, ૩૧૪, ૩૬૩
અપભ્રંશ શૈલી ૪૮૩
અફઘાનિસ્તાન ૧૪૯
અમજી ભણસાળી ૧૩
અબુલ કાસીમ ૪૬, ૮૯
અબુલખૈર ૩૫૬
અબુલ ફઝલ ૧, ૨, ૫, ૬, ૧૨, ૫૧, ૨૦૬, ૨૬૬, ૩૮૨, ૪૦૧
અબુલફઝલશાહી ૮૫
અબૂ તુરાબ અલી ૨, ૩૭, ૩૮, ૪૬, ૧૯૩, ૩૮૧, ૪૪૫
અબૂ તુરાબ શીરાઝી ૩૩૦
અબૂ બક્કર એદ્રુસ ૪૫૩
અબૂ બક ૨૨૪, ૩૫૭
અબ્દ–ઉન્–નબી ૩૮૦
અબ્દુર્રહીમ ૨, ૩, ૩૭, ૪૪, ૪૭, ૫૭, ૯૧, ૧૯૪
અબ્દુર્ રહેમાન ૯૧, ૩૫૬
અબ્દુલ અઝીઝ ૯૨, ૧૧૧, ૧૬૦
અબ્દુલકવી મુફ્તી ૩૮૩
અબ્દુલ ખલક સૈયદ ૪૪૮
અબ્દુલ ગફુર ૨૬૭
અબ્દુલ ફૂરાહખાન ૪૫૩
અબ્દુલ મલેક ૩૨૯
અબ્દુલ લતીફ ૩૨૫
અબ્દુલ વહાબખાન ૨૫૪, ૩૨૩, ૩૫૧, ૩૫૫, ૩૮૩, ૩૮૪, ૪૪૮, ૪૪૯
અબ્દુલ હકીમ ૪૪૨
અબ્દુલ બક્ક્ષી નેહાવદી ૨
અબ્દુલ હમીદ લાહોરી ૩. ૮૩, ૮૪, ૮૮, ૯૫
અબ્દુલ્લા શેખ ૧૦૪
અબ્દુલ્લા સૈયદ ૪૫૩
અબ્દુલ્લા-ઉસ-સુલતાની ૨૪૯
અબ્દુલ્લાખાન ૫૩, ૫૪, ૫૭, ૫૯, ૪૫૭
અભયદેવસૂરિ ૩૭૬
અભયસિંહ ૯૩, ૯૪, ૧૦૪–૧૦૮, ૧૩૦–૧૩૨, ૧૪૪, ૧૫૦, ૧૫૧, ૧૫૭–૧૫૯, ૧૬૦, ૧૮૨–૧૮૪, ૨૭૪, ૩૯૩
અભરામકુલી ૧૯
'અભિધાનનામમાલા' ૨૯૩
'અભિમન્યુ–આખ્યાન' ૩૧૦
અભિરાજજી ૧૬૫
અભેસિંહ ૧૨૭, ૧૨૮

અમદાવાદ ૪, ૫, ૮–૧૧, ૧૬, ૧૮–૨૧, ૨૩–૨૬, ૩૫–૩૮, ૪૦, ૪૫–૪૭, ૫૦–૫૨, ૫૪–૬૦, ૬૨–૬૬, ૬૮–૭૨, ૭૪–૭૮, ૮૦, ૮૧, ૮૩–૮૫, ૮૮–૯૬, ૯૮–૧૦૬, ૧૦૮–૧૧૦, ૧૧૨–૧૧૫, ૧૧૯, ૧૨૦, ૧૨૩, ૧૩૦, ૧૩૪, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૧૫૧, ૧૫૨, ૧૫૫, ૧૫૬, ૧૫૯, ૧૬૧, ૧૭૦, ૧૭૧, ૧૭૪, ૧૭૮, ૧૮૦–૧૮૯, ૧૯૨, ૨૦૦, ૨૧૪–૨૩૧, ૨૩૩, ૨૩૪, ૨૩૬, ૨૩૯, ૨૪૪, ૨૪૬–૨૪૮, ૨૫૦-૨૫૨, ૨૬૦, ૨૬૧, ૨૬૪–૨૬૭, ૨૬૯, ૨૭૦, ૨૭૨, ૨૭૩, ૨૭૬, ૨૭૯, ૨૮૧, ૨૮૨, ૨૯૦, ૨૯૨, ૨૯૭, ૨૯૯; ૩૦૨, ૩૦૪, ૩૦૫, ૩૦૯, ૩૧૩, ૩૧૪, ૩૧૯, ૩૨૧–૩૩૧, ૩૫૦–૩૫૭, ૩૬૫. ૩૬૭, ૩૬૮, ૩૭૦–૩૭૨, ૩૭૫, ૩૮૦, ૩૮૧, ૩૮૩–૩૮૬, ૩૮૯, ૩૯૦–૩૯૨, ૩૯૭, ૩૯૯, ૪૦૦, ૪૦૩, ૪૦૪, ૪૦૭, ૪૧૬, ૪૧૭, ૪૧૯, ૪૨૦, ૪૨૨, ૪૨૩, ૪૨૫, ૪૩૧, ૪૪૮–૪૫૦, ૪૫૨, ૪૫૩–૪૫૫, ૪૫૯, ૪૬૭, ૪૬૯, ૪૭૨, ૪૭૪, ૪૭૭, ૪૭૯, ૪૮૧, ૪૮૯, ૪૯૧, ૪૯૨, ૪૯૫, ૪૯૮, ૪૯૯, ૫૦૦, ૫૦૩, ૫૦૫

—અમૃતવર્ષિણી વાવ ૨૧, ૪૨૨

—કાશીવિશ્વનાથ મંદિર ૪૬૯

—ગુજરાત વિદ્યાસભા ૩૨૧

—ચિંતામણિ–પાર્શ્વનાથનું મંદિર ૧૬, ૨૦, ૨૫, ૪૪૦–૪૪૩

—જગવલ્લભ પાર્શ્વનાથ મંદિર ૪૭૦, ૪૭૭

—દેવશાના પાડાનો ભંડાર ૪૮૫, ૪૮૬, ૪૮૮

—દ્વારકાધીશનું મંદિર ૪૭૯

—નીલકંઠ મહાદેવનું મંદિર ૪૬૭

—પાર્શ્વનાથ મંદિર ૪૭૬

—પીર મુહમ્મદશાહનો રોજો ૩૫૨, ૩૫૬

—ભો. જે. વિદ્યાભવન ૪૮૬, ૪૯૧

—લા. દ. વિદ્યામંદિર ૪૭૧, ૪૭૪, ૪૮૫, ૪૮૭

સરદારખાનનો રોજો ૯, ૩૫૫, ૪૪૯, ૪૫૦

—સંભવનાથનું મંદિર ૪૭૦

'અમદાવાદનો ઇતિહાસ' ૪૪૨

અમરચંદ્રગણિ ૨૯૯

અમરજી ૨૫૧

અમરસંઘજી ૧૬૪

અમરસિંહજી ૧૨૮–૧૩૦, ૧૬૪, ૧૬૫

અમરસિંહ ભંડારી ૧૦૫, ૧૦૬

અમરેલી ૪૪૩

—મહંત કેશવદાસજીનું મંદિર ૪૭૯

અમલપુર ૬
'અમલે સાલેહ' ૩
અમીનખાન ઘોરી ૩૭, ૪૦, ૪૧, ૪૫, ૪૮, ૧૩૩, ૪૦૬
અમીરખાન ૭
અમૃતગણિ ૨૯૯
અરજનસિંહ ૧૬૫
અરડોઈ ૧૨૩
અરણેજ ૩૬૩, ૩૯૦
અરબસ્તાન ૧૭૦, ૨૬૦, ૨૬૪, ૨૬૫, ૩૮૦
અરબી ૬, ૯
અરહર-માતર ૯૪
'અર્જુનગીતા' ૩૦૮
અર્જુનજી ૧ લો ૧૩૭
—૨ જો ૧૩૭
અર્જુનદાસ ૧૪૧, ૧૪૨
અર્જુનદેવ ૧૩૩
અર્જુનસિંહજી ૧૨૮, ૧૩૦–૧૩૨
અર્ણોકિરણ ૧૮
'અર્થશાસ્ત્ર' ૨૭૦
'અલઈયાજી' ૧૬૩
અલાઉદ્દીન ખલજી ૩૭૫, ૪૦૨, ૪૦૫
અલાઉદ્દીન મસૂદ ૪૫૯
અલાઉદ્દીન લોદી ૩૪
અલાહાબાદ ૭૪
અલિયોજી ૧૧૮, ૧૨૫
અલી ૨૧૪, ૩૫૭
અલીખાન કાજી ૪૫૩, ૪૮૧
અલીજી ૩૫૭
અલી મુહમ્મદખાન ૪, ૫, ૨૪, ૩૨૪, ૩૭૦, ૩૯૩
અલીમોહન ૫૩
અલીરાજપુર ૫૩
અલી શેરખાન ૧૫૫
અલ્પખાન ૩૭૫, ૪૦૫
અલ્લાહ, મુહમ્મદ ૩૫૭
અવિચલદાસ ૩૦૭
'અશ્વમેધપર્વ' ૩૦૫–૩૦૭, ૩૧૧
'અષ્ટાધ્યાયી' ૨૯૭
અસફુદ્દૌલા ૯૦, ૯૧
અસફખાન ૪૧, ૫૪
'અસફન્દિયાર–નામા' ૩૨૩
અસિયોજી ૧૧૭
અસ્કરી મિયાન ૪૪૮
અસ્કરી મીરઝા ૩૫
અસ્પંદયાર ચાંદા ૩૮૮
અહમદ ૮૧
અહમદ ખંતવી ૨૬૧
અહમદખાન બર્હા ૩૭
અહમદનગર ૫૦, ૧૪૦, ૧૪૪, ૧૪૮, ૧૯૨, ૩૨૧, ૩૯૯
અહમદ બિન સુલેમાન ૩૨૭
અહમદ બુખારી ૭૧
અહમદશાહ (મુઘલ) ૬, ૧૦, ૧૧૨, ૧૧૩, ૧૩૪, ૧૩૭, ૨૨૨, ૨૨૯, ૨૩૧, ૨૩૫, ૨૩૬, ૨૭૩, ૩૨૪
અહમદશાહ ૧ લો ૪૦૨
અહમદશાહ ૨ જો ૨૩૬
'અહલે બખ્ત' ૩૨૬
અંકલેશ્વર ૯૦, ૧૦૮, ૩૮૮, ૩૮૯

'અંગદવિષ્ટિ' ૩૧૪
અંજાર ૧૧૯, ૪૮૫, ૪૯૧
અંતાજી ૧૦૩
અંબદેવસૂરિ ૩૧૬
અંબરમલિક ૧૪૮
અંબરાજ ૧૩૩
'અંબરીષાખ્યાન' ૩૦૫, ૩૦૬
અંબાજી ૧૩૩, ૪૩૯
'આઈને અકબરી' ૫, ૬, ૧૨, ૧૯૯, ૨૬૬, ૨૯૪
આગમસુંદરગણિ ૩૦૨
આગ્રા ૧૨, ૩૫, ૩૮, ૪૧, ૫૦, ૫૫, ૫૬, ૬૯, ૭૦, ૧૭૩, ૨૭૯, ૨૮૨, ૩૨૧, ૩૪૯, ૪૮૦, ૪૯૯–૫૦૧
આજી હરજી ૩૦૭
આઝમખાન ૧૩, ૨૪, ૨૬, ૬૧, ૧૨૧, ૧૨૩, ૨૬૭, ૨૭૦, ૩૫૪, ૩૫૫, ૩૯૨, ૪૦૭, ૪૧૭, ૫૦૦
આઝમશાહ ૮૧–૮૩, ૧૭૭, ૨૨૭, ૨૩૧, ૨૩૩
આઝમાબાદ ૨૫, ૬૨, ૭૮, ૮૦,
આઝાદખાન ૧૦૩
આણંદ ૨૩૯, ૪૮૫
આણંદસિંહજી ૧૪૩–૧૪૫
'આદિપર્વ' ૩૦૫, ૩૦૬, ૩૦૯, ૩૩૯–૩૪૧
આદિલખાન ૧૪૯
આધોઈ ૧૨૫
આનંદપુર ૩૦૩
આનંદરામ ૨૫૦
આનંદરાવ ૧૮૬
આનંદસિંહ ૧૦૭
આપ્પાજી ગણેશ ૩૯૧
આફ્રિકા ૨૬૪, ૨૬૫
આબુ ૧૭, ૩૬૩, ૩૬૮, ૩૭૦, ૩૭૪, ૪૨૫
'આભાણકશતક' ૨૯૮
આમલિયા ૪૧૧
આમોદ ૧૦૧, ૩૧૧
'આરણ્યકપર્વ' ૩૦૭
આરંભડા ૧૩૮–૧૪૦, ૩૬૩
'આરાધનાપતાકા' ૩૧૭
આરાસણ ૨૦, ૩૭૦, ૪૩૦
આરાસુર ૩૬૩, ૪૯૧
'આર્દ્રકુમારરાસ' ૪૮૪, ૪૮૫
આલમગીર ૨ જો ૧૦, ૧૧૩, ૨૨૨, ૨૨૯–૨૩૧, ૨૩૬, ૨૭૦
આવરદાસ ૧૬૪
આશકરણ–આસકરણ ૧૨૮, ૧૩૩, ૧૬૪
આસણીકોટ ૪૮૭
આસપુર ૪૦૦
આસફજહાં ૧૫૮
આસરસેતા ૧૪૮
આસોયાનગર ૪૯૧
આંગિયાર ૧૭૩
'ઇકબાલનામ-એ-જહાંગીરી' ૩
ઇખ્તિયાર-ઉલ્-મુલ્ક ૩૭, ૪૦, ૪૧
ઇતમાદ-ઉદ્-દૌલા ૩૨૫
ઇતિમાદખાન ૩૬–૩૮, ૪૫-૪૭ ૧૯૩

ઇનાયતપુર ૪૦૦
ઇનાયતુલ્લાખાન ૭૮
ઇબ્રાહીમખાન ૨૪, ૮૩–૮૫, ૮૮, ૮૯, ૧૭૮
ઇબ્રાહીમ લોદી ૩૩, ૩૪
ઇબ્રાહીમ હુસેન ૩૮, ૪૪
ઇબ્રાહીમ, શેખ ૨૬૧
ઇમાદ્–ઉલ્–મુલ્ક ૩૪, ૩૫
ઇમામ મહેંદી ૬૪
ઇમામુદ્દીન ૩૮૩
ઇરાક ૬૧, ૨૬૦
'ઇરીયાવહિકા ત્રિંશિકા' ૨૯૦
ઇલાહી સન ૧૦, ૨૧, ૨૩, ૨૪, ૨૧૫, ૨૧૬, ૨૧૮
ઇસાખાન ૪૧૫
ઇસાતરખાન, મિર્ઝા ૨૪
ઇસાતરખાન, મીરઝા ૧૩૫, ૪૧૫
ઇસાતુર્ખાન ૬૪
ઇસ્માઈલ કુલીખાન ૪૭
ઇસ્માઈલ મીર ૧૫૦
ઇસ્માઈલ સફ્રી ૧૫૭
ઇસ્લામખાન ૬૧
ઇસ્લામનગર (જામનગર) ૧૦, ૩૭, ૨૩૪, ૨૭૦
ઇસ્લામાબાદ ૩૨૨
ઇંગ્લૅંડ ૫૫, ૫૬, ૧૭૩, ૨૭૯, ૩૯૫, ૪૯૫, ૫૦૪
'ઇંદુદૂત' ૧૭૭ ૨૯૭
ઇંદ્રાવતી (પ્રાણનાથ) ૩૧૨
ઈડર ૪૦, ૪૧, ૪૪, ૪૭, ૫૩ ૫૮, ૬૫, ૭૩, ૭૭, ૧૦૩, ૧૦૭, ૧૩૩, ૧૩૪, ૧૪૦–૧૪૫, ૧૪૮, ૧૫૫, ૧૬૫, ૧૮૦, ૧૯૪, ૨૮૯, ૨૯૨, ૨૯૬, ૩૭૫, ૩૭૬, ૪૦૭
—રણમલ ચોકી ૪૬૮, ૪૭૯
ઈઝ-ઉદ્-દીન ૧૫૪
ઈરાન ૯, ૧૦, ૩૮, ૧૧૦, ૧૪૯ ૧૫૭, ૨૪૪, ૨૬૦, ૨૬૪, ૨૬૫, ૨૭૩, ૨૭૯, ૩૧૯, ૪૫૦, ૪૯૬, ૪૯૮, ૫૦૪
ઈરાનશાહ ૩૯૬
ઈલોરા ૧૮
ઈશ્વરદાસ ૨૫૦, ૩૨૦,
'ઈશ્વરવિવાહ' ૩૦૮, ૩૬૨
ઈસનપુર ૪૦૦
ઈસા ૮૩
ઈસાક ૪૪૭
'ઉક્તિતરત્નાકર' ૨૯૭
ઉજ્જન ૫૬, ૬૮, ૬૯
'ઉત્તરાધ્યયનકથાસંગ્રહ' ૨૮૯
'ઉત્તરાધ્યયનસૂત્ર' ૨૯૭, ૪૮૪, ૪૮૫, ૪૮૮,
ઉદયકરણ ૧૪૬, ૧૭૯
ઉદયકીર્તિ ૨૯૭
ઉદયવિજય ૨૯૮
ઉદયસિંહ (ખીચી ચૌહાણ) ૧૪૬
ઉદયસિંહ ૧ લો (સોલંકી) ૧૪૭
„ ૨ જો (સોલંકી) ૧૪૮
ઉદયસિંહજી (ઝાલા) ૧૩૦, ૧૬૪

ઉદયસિંહ (પરમાર) ૧૩૪
ઉદયસિંહ (ચિત્તોડ) ૧૩૮
ઉદયરત્ન ૨૧૮
ઉદયરામ ૩૨૨
ઉદયહર્ષ ૩૭૪, ૪૮૬, ૪૮૭
ઉદવાડા ૩૮૯
ઉદાજી પવાર ૧૪૬, ૧૮૦
ઉદેકરણ ૧૩૮
ઉદેપુર ૪૧, ૧૦૧, ૧૪૧
ઉદ્-દબીર, હાજી ૩૮૦
ઉદ્ધવ ૩૦૭
'ઉદ્યમકર્મ' ૩૧૪
'ઉદ્યોગપર્વ' ૩૦૬, ૩૦૭
ઉન્નતનગર (ઊના) ૨૯૦
'ઉપદેશમાલા' ૪૮૫
ઉપરકોટ ૧૫૨, ૧૫૩, ૪૦૬
ઉપલેટા ૧૨૫, ૩૬૩
ઉમર ૨૧૪, ૩૫૭
ઉમરખાન ૩૫
ઉમરગામ ૩૮૯
ઉમરેઠ ૨૪૮, ૩૦૫, ૪૨૩, ૪૭૯
ઉમાબાઈ ૧૦૬, ૧૫૧, ૧૮૨–૧૮૪, ૧૮૭
ઉલુઘખાન ૩૭
ઉસ્માન ૨૧૪, ૩૫૭
ઉસ્માનખાન ૧૪૯, ૧૫૫, ૧૫૭,
ઊના ૧૩, ૧૮, ૩૬૯, ૩૭૪, ૪૨૪
ઊંઝા ૮૨
'ઋજુપ્રાજ્ઞવ્યાકરણ' ૨૯૪
ઋષભદાસ ૧૪, ૩૧૮
'ઋષભશતક' ૨૮૯
'એકાદશસ્કંધ' ૩૧૪
'એકાદશી માહાત્મ્ય' ૩૦૫, ૩૦૬
એડવર્ડ ૪૯૫
એદુસ, અબ્દુલ્લા ૪૫૪
એદુસ, નાનો ૪૫૪
એદુસ, શેખ સૈયદ ૪૧૪
એબિસિનિયા ૨૬૪
એમ્બ્રોસ ૫૦૨
એલિઝાબેથ, રાણી ૨૬૫
એલ્ડવર્થ, ટોમસ ૧૭૧, ૧૭૨
એશિયા ૪૯૭
ઓક્સિડન્સ ૧૭૩
ઓખ્રનદત ૪૨૦
ઓખા ૩૬૩
ઓખામંડળ ૧૩૮, ૧૩૯
'ઓખાહરણ' ૩૦૫, ૩૦૮, ૩૧૦, ૩૬૨
ઓગિલ્બી ૫૦૧
ઓચોજી ૧૩૧
ઓઢો ૧૪૦
ઓરપાડ ૩૧૩
ઓરમઝ ૨૬૪
ઑવિંગ્ટન ૧૭૨, ૨૮૨, ૫૦૫
ઑસ્ટ્રિયા ૧૭૫
ઔરંગઝેબ ૩, ૪, ૬–૮, ૧૦, ૧૧, ૨૫, ૪૩, ૬૪–૭૨, ૭૪, ૭૫, ૭૭, ૭૯–૮૧, ૮૩–૮૫, ૮૮, ૮૯, ૧૦૫, ૧૨૧, ૧૨૪, ૧૨૮, ૧૩૮, ૧૪૯, ૧૫૦, ૧૫૬, ૧૭૦, ૧૭૪, ૧૭૬, ૧૭૭, ૧૯૨, ૨૨૧, ૨૨૨, ૨૨૭, ૨૨૮, ૨૩૦–૨૩૫, ૨૪૧, ૨૪૫, ૨૪૬, ૨૫૦, ૨૫૧, ૨૫૪, ૨૬૩,

૨૬૮, ૨૭૦, ૨૭૨, ૨૭૩, ૨૭૫, ૨૭૭, ૨૮૧, ૨૮૩, ૩૦૨, ૩૨૦–૩૨૨, ૩૩૦, ૩૫૫, ૩૫૬, ૩૭૦, ૩૭૪, ૩૭૫, ૩૭૮, ૩૮૨–૩૮૫, ૩૮૭, ૪૦૬, ૪૦૯, ૪૧૨, ૪૧૩, ૪૧૯, ૪૨૧, ૪૨૯, ૪૩૪, ૪૩૭, ૪૪૨, ૪૪૩, ૪૪૭, ૪૪૯, ૪૫૧–૪૫૩, ૫૦૧, ૫૦૨
ઔરંગાબાદ ૧૮, ૬૯, ૨૯૮
કચ્છ ૪૦, ૪૮, ૪૯, ૫૩, ૭૦, ૭૧, ૭૬, ૧૧૮, ૧૧૯, ૧૨૫, ૧૩૩, ૧૩૫, ૧૩૮, ૧૬૫, ૧૮૫, ૧૯૩, ૨૧૬, ૨૬૯, ૨૭૦, ૨૭૬, ૨૯૨, ૩૦૧, ૩૬૧, ૩૬૩, ૩૭૦, ૩૭૧, ૩૭૭, ૪૨૫, ૪૨૯, ૪૩૦, ૪૬૭, ૪૬૯, ૪૭૪, ૪૭૯, ૪૮૫
કચ્છીગઢ ૧૧૯
કટારિયા ૧૧૮, ૧૨૫
કડાણા ૧૩૪
કડી ૨૫, ૩૭, ૪૧, ૪૬, ૫૨, ૬૬, ૭૩, ૮૬, ૪૧૫, ૪૪૩
—દરબારગઢ ૩૫૪
કણબી દેસાઈ ૧૪૯
કતારગામ ૨૭૮, ૪૨૦
'કથાકોશ' ૨૯૨
'કથારત્નાકર' ૨૮૯
કનકકુશલ ૨૯૧
કનડ ૧૩૫
કન્ઝુલમહકુઝ ૪
કન્તારગ્રામ (કતારગામ) ૨૭૮
કપડવંજ ૬૨, ૧૦૩, ૧૮૦, ૧૮૪
કપૂરચંદ ભણસાળી ૯૨, ૯૩, ૯૮, ૨૭૩, ૨૭૬
'કપૂરચંદનો રાસડો' ૧૯
કપ્તાન વિલિયમ હૉકિન્સ ૪૯૫
કબીર ૩૭૮
'કમલવિજયરાસ' ૨૮૯
કમલવિજયગણિ ૨૯૯
કમા ૫૪
કમાલખાન ૧૪૨, ૧૫૫, ૧૫૬, ૪૨૧
—કર્ણકમાલ ૧૫૬
કમાલ સફી હુસેન ફીરોઝી ૩૨૯
કમાલુદ્દીનખાન ૧૫૪
કમાલુદ્દીન બાબી (જવાંમર્દખાન) ૧૫૭
કમ્હોકુ ૨૯૯
કરઝા ૧૫૫
કરણજી ૧૩૩
કરણદેવ ૧૪૭
કરણબો ૧૩૮
કરણસિંગ (જામ) ૧૨૨
કરણસિંહ (ચૌહાણ) ૧૪૫
કરણસિંહજી (ધ્રિયાણી) ૧૨૮
કરણસિંહ (પરમાર) ૧૩૪
કરણસિંહ (રાઠોડ) ૧૪૨, ૧૪૩
કરણસિંહ (લખતર) ૧૩૧
કરમલખાન ૩૭
કરસનદાસ ૧૪૯
કરીમદાદખાન ૧૫૨, ૨૫૭

કરીમાબાદ ૧૫૭
કર્ણકમાલ (જુઓ કમાલખાન)
'કર્ણકુતૂહલ' ૨૯૬
'કર્ણપર્વ' ૩૦૭
કર્ણપુર ૩૦૭
કર્મચંદ્ર ૧૫
'કર્મચંદ્રવંશાવલીપ્રબંધ' ૧૫
કર્મપરીક્ષા ૨૮૮
કર્માશાહ ૨૮૮
કલકત્તા ૨૨૮, ૪૮૭
કલાબાઈ ૧૨૬
કલાલચંદ મુનશી ૩૨૧
કલોજી ૧ લો (ધ્રોળ) ૧૨૩
કલોજી ૨ જો („) ૧૨૩
કલોજી (બાવળી) ૧૩૦
કલોલ ૩૦૪, ૩૦૯
'કલ્પસૂત્ર' ૨૮૮, ૨૯૪, ૨૯૭, ૨૯૯, ૪૮૪
કલ્યાણ ૧૬૪
કલ્યાણદેવ ૧૩૩
કલ્યાણમલ ૧૩૩, ૧૩૪, ૧૪૧, ૧૬૫
'કલ્યાણમંદિરસ્તોત્ર' ૨૯૧, ૨૯૨, ૨૯૩
કલ્યાણસિંહ ૧૩૩
'કસ્તૂરીપ્રકર' ૨૮૯
કહાનજી ૬૭
કહાનદેવ ૧૩૩
કંથાજી કદમ બાંડે ૧૦૧, ૧૦૩, ૧૩૩, ૧૩૬, ૧૫૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૩, ૧૮૪, ૧૯૦
કંદહાર ૪૦૬
કંધાર (ગંધાર) ૧૯૯
'કંસવધ' ૩૦૬
કાકોસી ૧૫૬
કાજી–ઉલ્–કુજ્જાત ૩૮૪
કાજી ખેરુલ્લાહખાન ૯૨
કાઠી, કરપડા ૧૩૨
કાઠી, ખવડ ૧૩૨
'કાતંત્રવિભ્રમસૂત્ર—ટીકા' ૩૦૩
'કાદંબરી' ૧૪, ૧૭, ૨૯, ૨૮૭, ૨૯૫
'કાદંબરીકથાનક' ૨૯૫
'કાદંબરી—સાર' ૨૯૫
કાનજી ૧૪૬, ૧૪૭
કાનડદેવ ૧૩૩
કાનાજી તાકપોર ૧૫૧
'કાનાની ચાતુરી' ૩૧૪
કાનોજી ૧૨૩
કાનોજી ભોંસલે ૧૮૨
'કાન્હડદેપ્રબંધ' ૩૧૬
કાન્હડદેવ ૫૮
કાબુલ ૧૦૧, ૨૬૪, ૪૦૬
કામગારખાન ૩
કામદીન બહેરામ ૩૮૮
કામાવતીની વાર્તા ૩૧૪
કારતલબખાન ૪૫૧
કારવણ ૧૪૬
'કાલકાચાર્યકથા' ૪૮૪
'કાલનિર્ણયસિદ્ધાંત' ૨૯૨, ૩૦૧
કાલરીગઢ ૧૪૭
કાલાવડ ૧૨૩, ૧૬૩, ૩૬૩, ૪૨૩
'કાલિકાચાર્યકથા' ૨૯૧
'કાલિકાનો ગરબો' ૩૧૪

કાલિદાસ ૨૯૧, ૨૯૨, ૩૦૦, ૩૬૨
કાલોલ ૪૦૬
કાવી ૨૬૮, ૩૭૦, ૪૨૩, ૪૨૫, ૪૨૬, ૪૨૮
'કાવ્યકલ્પલતાવૃત્તિ' ૨૯૩
'કાવ્યપ્રકાશખંડન' ૨૯૫
'કાવ્યપ્રકાશ-વૃત્તિ' ૨૯૫
કાશી ૩૧૫
કાશ્મીર ૧૩, ૫૬, ૮૫
કાસીમખાન ૬૮, ૬૯
કાહાન–હીરાસુત ૩૦૫
કાહાન–હરજીસુત ૩૦૭
કાળીપાટ ૧૨૩
કાંકરેજ ૫૩, ૧૨૦, ૧૫૬, ૧૬૬, ૨૭૭
કાંકરોલી ૪૮૯
કાંઠી ૧૧૮, ૧૨૫
કાંતિવિજય ૧૬
કાંધોજી ૧ લો ૧૩૭
કાંધોજી ૨ જો ૧૩૭
કાંધોજી ૩ જો ૧૩૭
કાંયોજી ૧૧૮, ૧૧૯, ૧૨૫, ૧૨૮, ૧૩૦, ૧૩૧
કાંહીઆજી ૧૬૩
'કિરણાવલી-ટીકા' ૨૮૮
'કિરાતાર્જુનીય' ૨૮૭, ૩૦૦, ૩૦૧
કિલ્લા ૧૧૧
કિશનજી વૈદ્ય (બેદ) ૩૨૨
કિશોરદાસ ૧૪૯
'કિસ્સા-એ-સંજાણ' ૩૨૩
કીકો ૧૪૭
'કીર્તિકલ્લોલિની' ૨૮૯
કીર્તિવિજયગણિ ૨૯૬
કુતિયાણા ૭, ૧૨૭, ૨૬૧, ૩૦૭, ૩૫૬, ૪૪૩
કુતુબશાહ ૩૮૨
કુત્બુદ્દીન ૭૨, ૭૩, ૧૨૧, ૧૨૪
કુત્બુદ્દીનખાન ૫૧, ૭૫
કુત્બુદ્દીનખાન ખેશગી ૭૧
કુત્બુદ્દીન મુહમ્મદખાન ૩૯, ૩૫૪, ૪૪૪
કુત્બે-આલમ ૨૫૪
કુદ્રતુલ્લાહ સાદિકી ૪
કુફ્રા ૨૬૦
'કુમતિકુદ્દાલ' ૩૭૭
'કુમતિવિષાહિજાંગુલી' ૨૯૫
'કુમારસંભવ' ૨૮૭, ૨૯૬, ૪૮૭
'કુરાન' ૭૭, ૨૦૯, ૨૫૭, ૨૬૦, ૩૨૨, ૩૨૬
કુલીખાન ૪૭
કુલીઝખાન ૪૦, ૫૧, ૫૨, ૧૪૦
'કુવ્વત-ઉલ્-ઇસ્લામ' ૬૪, ૩૭૮
'કુશાયસનામા' ૩૨૦
કુંઅરવિજય ૧૪
કુંઅરજી ૪૨૮
કુંભારિયા ૪૨૩, ૪૨૫, ૪૩૦, ૪૭૦
કુંભોજી ૧ લો (જાડેજા) ૧૨૪
„ ૨ જો (જાડેજા) ૧૨૫, ૧૫૨, ૧૫૩

કુંભો (સૂંથ) ૧૩૪, ૧૩૫
કુંભો રાણો (લુણાવાડા) ૧૪૭
કુંવરકુશલ ૩૭૭
કુંવરજી (પાટણ) ૩૭૧, ૪૨૮
કુંવરજી (ખંભાત) ૪૨૮, ૪૨૯
કુંવરજી મહેતા (નાગર) ૨૫૦
કુંવરજી નાનાભાઈ મોદી ૩૮૮
'કુંવરબાઈનું મોસાળું' ૩૦૪
કુંવરસિંહ ૧૪૭
કૂટ્ટીશૈલી ૩૪૮–૩૫૦
'કૃપારસકોશ' ૧૩, ૨૯૨, ૨૯૫
કૃપાશંકર નાગર ૩૯૨
કૃષ્ણ ૧૮૦
કૃષ્ણ–શિવદાસ ૩૦૬
કૃષ્ણદાસ ૩૦૬
કૃષ્ણદાસ (અષ્ટછાપ) ૩૬૮
કૃષ્ણદાસ–ગોવિંદદાસશિષ્ય ૩૦૬
કૃષ્ણદાસ–પૂંજાસુત ૩૦૬
કૃષ્ણોદાસ ૩૦૬
કેદારસિંહ ૧૩૩
કેપુચીન, પાદરીઓ ૫૦૩
—મિશન ૫૦૨
કેરિજ ૧૭૨
કેરા ૨૬૦
કેવલરામ નાગર ૩૧૩
કેશવ ગુજરાતી ૪૮૩
કેશવદાસ ૩૦૭
કેશવદાસ–દેવજીસુત ૩૦૮
કેશવદાસ વણિક ૩૧૧
કેશવદાસ વૈષ્ણવ ૧૯, ૩૦૮, ૩૬૭
કેશવાર્ક ૨૯૬
કેશોદ ૪૦૭
કેસર ૫૪
કેસરીસિંહજી ૧૩૦, ૧૩૧, ૧૩૩
કૈકાબાદ ૩૨૩, ૩૮૬
'કૈવલ્યગીતા' ૩૦૯
કોટા ૧૨૮, ૧૩૦, ૧૩૧
કોટેશ્વર ૩૬૧
કોઠારા ૧૧૮
કોડીનાર ૪૫, ૩૬૮, ૪૨૪
કોમિસરિયેત ૨૪, ૪૧૭
કોરલ ૧૮૫
કોરોમાંડલ ૧૬૯
કોશા ૩૧૬
કોંકણ ૯, ૧૧૦, ૨૬૪, ૨૬૫
કોંઢ ૨૨, ૧૬૪, ૪૨૩
કૌટિલ્ય ૨૭૭
ક્ષેમવર્ધન ૧૬
ખખ્ખર ૪૫૯
ખડાલ ૩૧૩
ખરતર ગચ્છ ૧૫, ૧૭, ૨૮૮
ખલીલાબાદ ૨૫, ૪૦૭
ખસિયા ૧૩૫
ખંડ પ્રશસ્તિ ૨૯૦, ૨૯૧
ખંડેરાવ ગાયકવાડ ૧૫૧
ખંડેરાવ દાભાડે ૯૦, ૧૦૬, ૧૧૪, ૧૭૮, ૧૮૦–૧૮૨, ૧૮૬
ખંડલદેવ ૧૪૭
ખંભાત ૭–૧૧, ૧૪, ૧૮, ૨૦, ૨૫, ૨૬, ૩૫, ૩૬, ૩૮, ૪૦, ૪૬, ૪૭, ૫૪, ૫૫, ૫૮, ૬૮, ૭૬, ૮૧, ૮૯, ૯૪,

૯૮, ૧૦૨, ૧૦૩, ૧૦૫, ૧૦૮, ૧૦૯, ૧૧૧-૧૧૩, ૧૧૫, ૧૩૬, ૧૫૧, ૧૫૭-૧૬૧, ૧૬૭, ૧૬૮, ૧૭૦, ૧૭૧, ૧૭૫, ૧૭૭, ૧૭૮, ૧૮૧, ૧૮૩, ૧૮૪, ૧૮૬, ૧૮૯, ૨૨૯-૨૩૧, ૨૩૩, ૨૩૬, ૨૪૦, ૨૫૬, ૨૬૪, ૨૬૬, ૨૬૮, ૨૭૦, ૨૭૫, ૨૮૯, ૨૯૦, ૨૯૨, ૨૯૪, ૨૯૭-૨૯૯, ૩૦૪-૩૦૬, ૩૧૧, ૩૧૨, ૩૧૮, ૩૧૯, ૩૫૧-૩૫૪, ૩૫૬, ૩૫૮, ૩૬૪, ૩૭૦, ૩૭૧, ૩૭૩, ૩૭૪, ૩૮૯, ૪૦૦, ૪૦૭, ૪૧૫, ૪૧૯-૪૨૩, ૪૨૬, ૪૪૩, ૪૮૫, ૪૯૧, ૪૯૫-૫૦૦, ૫૦૩, ૫૦૫

ખંભાત
—મહાલક્ષ્મી મંદિર ૪૬૮, ૪૬૯

'ખંભાતનો પ્રતિહાસ' ૧૬૭

ખંભાળિયા ૩૬૫

ખાખર, મોટી ૪૨૩

ખાચર—કાઠી વંશ ૧૪૦

ખાજા રાજકરણ ભવાનીદાસ ૩૨૦

'ખાતિમ-એ-મિરાતે એહમદી' ૬

'ખાતિમહ' ૫

ખાન આઝમ (ખાન-ઈ-આઝમ) ૪૪, ૫૨, ૫૯, ૬૧, ૬૩, ૧૬૨

ખાન-ઈ-આઝમ (અઝીઝ કોકા) ૩૮

ખાન-ઈ-કલન ૩૯, ૪૧

ખાનખાના ૧૬૯, ૪૧૮

ખાનજહાં લોદી ૫૯, ૬૦

ખાનજહાં જવાંમર્દખાન ૧૫૪

ખાનજી ૮૩, ૩૮૪

ખાનદેશ ૫૭, ૧૭૮, ૧૯૨, ૧૯૯, ૩૧૦, ૩૧૧

ખાન દૌરાન ૯૫, ૯૬

ખાનપુર ૫૨

ખાન મહમદખાન ૧૩

ખાન સરોવર ૨૬, ૪૦૯

ખાફી ખાન ૩, ૪

ખારવા ૪૨૨

ખિદમત પરસ્તખાન ૬૦

ખીચી ચૌહાણ વંશ ૧૪૫-૧૪૭

ખીમોજી ૩ જો ૧૨૬, ૧૨૭

ખીમોજી ૪ થો ૧૨૭

ખુદાઉદ્દીન ૧૫૧

ખુદાવંદખાન ૨૭૮

ખુમાણ ૧૩૫

ખુમાનસિંહ ૧૪૭

ખુરમાન હેતાણી ૧૫૮

ખુર્રમ મિરઝા ૫૨

ખુર્રમ (શાહજાદો) ૧૬૯, ૧૭૧

'ખુલાસતુત્ તવારીખ' ૪

ખુશરૂ ૫૯

ખુશાલચંદ ૨૪, ૧૦૨, ૧૦૪, ૧૦૮, ૨૪૭, ૨૪૮, ૨૬૭

ખૂબમિયાં ચિસ્તી શાહ ૩૨૮

ખેડબ્રહ્મા ૩૬૪
—બ્રહ્માજી મંદિર ૪૭૧

ખેડા ૯૯, ૧૫૧, ૪૭૭

ખેતોજી ૧૨૩

ખેરડી ૪૬, ૧૩૫
ખેરાળુ ૧૧૩, ૧૮૮, ૩૬૫
ખેરુલ્લાખાન ૯૪
ખેંગારજી ૧ લો ૧૧૭ ૪૨૫
ખેંગારજી ૨ જો ૧૧૮
ખોખરી ૧૫૨
ખોડું ૧૨૯
ખોરાસાન ૨૬૦
ખ્વાજા ગિયાસુદ્દીન અલી ૪૧
ખ્વાજા નિઝામુદ્દીન અહમદ
    હરવી (બક્ષી) ૧, ૪૬, ૨૦૩,
    ૨૩૫
ખ્વાજા મુહમ્મદ રફી ૪૫૪
ખ્વાજા શાહ મનસૂર ૪૬
ગજરાજ પંડિત ૧૪
ગજસંઘજી ૧ લો / ગજસિંહજી ૧ લો (ઝાલા) ૧૨૮, ૧૬૪
ગજસિંહજી ૨ જો (ઝાલા) ૧૨૮, ૧૩૨
ગજસિંહ (પરમાર) ૧૩૪, ૧૩૫
'ગજેન્દ્રમોક્ષ' ૩૦૫
ગઝનવી વંશ ૨
ગઝનીખાન ૧ લો ૧૫૫
ગઝનીખાન ૨ જો ૧૫૫
ગઝનીખાન (ફીરોઝખાન ૨ જો)
    ૧૫૬
ગણપતિ ૩૦૨
'ગણિતસારણી' ૨૯૩
ગણેશ દૈવજ્ઞ ૨૯૬, ૩૦૧
ગમસિંહ ૧૪૭
ગંગદાસ (પાટડી) ૧૪૬, ૧૪૭
ગંગાદાસ ૧૪૯
ગંગાદાસ (અમદાવાદ) ૧૦૪, ૨૪૮
ગંધાર ૧૨, ૧૯૯, ૨૬૪, ૨૯૫,
    ૨૯૭, ૩૭૦, ૪૨૩, ૪૨૬,
    ૪૩૯, ૪૯૧
ગંભીરસિંહ ૧૩૮
ગાઝીઉદ્દીનખાન ફીરોઝજંગ ૮૫,
    ૮૯, ૯૦, ૩૮૪, ૪૧૯
'ગાથાસાહસ્રી' ૨૯૨
ગાયકવાડ ૧૩૭, ૧૫૧, ૨૩૭
ગાયંતી વાવ ૧૬૬
ગારિયાધાર ૧૩૫, ૧૩૭
ગાળો ૪૨૩
ગિરધર બહાદુર ૨૫૦
ગિરનાર ૨૬, ૩૬૩, ૩૬૮, ૩૬૯,
    ૩૭૨, ૩૭૪, ૩૯૩, ૪૨૪, ૪૨૫
'ગીતગોવિંદ' ૩૬૪, ૩૬૫, ૪૮૮,
    ૪૮૯
ગુજરાતી શેલી ૪૮૩, ૪૯૨
ગુણચંદ્ર ૨૯૨
ગુણવિજય ૧૫, ૨૮૯
ગુણવિનય ૧૫, ૨૯૦, ૨૯૧
ગુમાન બારોટ ૧૯
ગુમાનસિંહ ૧૪૫
'ગુરુશિષ્યસંવાદ' ૩૦૯, ૩૧૫
'ગુર્વાવલી' ૧૭
'ગુર્વાવલી પટ્ટાવલી' ૨૮૯
'ગુલદસ્તે ઈરમ' ૩૨૧
ગુલબદનબાનુ ૩૯, ૨૭૮
'ગુલબંકાવલીની વાર્તા' ૩૧૪
ગુલરૂખ બેગમ ૪૪
'ગુલશને મુહમ્મદશાહી' ૪

ગુલાબરામ ૨૫૦
ગુલાબસિંહ ૧૪૮
ગુલામ બાબાખાન મીર ૪૪૭
ગૂહિલ વંશ ૧૩૫–૧૩૮
ગૂહિલો ૧૩૫
ગેડી ૨૬, ૪૨૩, ૪૨૬
ગેમલસિંહજી ૧૩૭
ગોએત્સ ૪૭૬
ગોકુલ ૩૦૯, ૩૩૪
ગોકુલચંદ ૩૨૨
ગોકુલનાથજી ૩૦૮, ૩૦૯
'ગોકુલનાથજીનો વિવાહ' ૧૯, ૩૦૯, ૩૬૭
'ગોકુલની શોભા' ૩૦૮
ગોકુળ ૩૬૭
ગોડજી (૧ લો) ૧૧૮, ૧૧૯
ગોધરા ૭, ૮૫, ૮૮, ૯૯, ૧૭૮, ૧૯૨, ૨૪૮, ૩૫૩, ૩૫૬, ૩૬૫
ગોપગિરિ ૧૩
ગોપનાથ ૪૨૨
ગોપાલ ૩૦૩, ૩૦૯
'ગોપાલકેલિચંદ્રિકા' ૩૦૩
'ગોપાલગીતા' ૩૦૯
ગોપાલ દવે ૪૨૬
ગોપાલદાસ (કવિ) ૩૯૧
ગોપાલદાસ (જમાદાર) ૧૨૧
ગોપાલદાસ વણિક ૧૯, ૩૦૪, ૩૬૭, ૩૯૦
ગોપાલદાસ બ્યારાવાળા ૧૯, ૩૬૭
ગોપાલ ભટ્ટ ૩૦૮
ગોપાલસિંહજી ૧૩૦, ૧૩૧, ૧૬૫
'ગોપી-ઉદ્ધવ-સંવાદ' ૩૦૯
ગોપીતળાવ ૩૬૫
ગોપીનાથ રાય ૫૩
ગોપીનાથરાવ ૭૭, ૧૪૨
ગોપીનાથ (વજીર) ૨૭૮
ગોપી મલિક ૨૭૮, ૪૧૨
ગોપુ ૧૪૮
ગોમતીપુર ૩૧૩
ગોમા નદી ૪૦૭
ગોરેલ
–શામળાજી મંદિર ૪૬૮
'ગોવર્ધન-ઉત્સવ' ૩૧૩
ગોવળકોંડા ૭૦, ૨૮૧, ૫૦૩
ગોવા ૧૬૯, ૧૭૧, ૧૭૪, ૨૬૮, ૪૯૮
ગોવિંદ ૩૦૬
ગોવિંદ, મોરા-સુત ૩૦૯
ગોવિંદ (ચિત્રકાર) ૪૮૫, ૪૮૯
ગોવિંદજી ૧૩૫, ૧૩૬
ગોવિંદદાસ ૩૦૭
ગોવિંદરામ ૩૦૭
ગોવિંદરાય ૧૩૩
ગોહિલવાડ ૨૫, ૧૩૭, ૧૮૭
ગોહેલ અસોજી ૧૨૮
ગોંડળ ૧૨૩, ૧૨૪, ૧૩૯, ૧૫૨
'ગોતમીય મહાકાવ્ય' ૨૯૯
ગ્યાસુદ્દીન ૪૧૨, ૪૪૯
'ગ્રહલાઘવ' ૩૦૧
ગોનવેલ્ટ, ચિમ્બેનમેન જાન્ઝ ૪૨૦
ગ્વાલિયર, ૧૩, ૫૩, ૬૯
ઘનૌઘ (ઘોઘા) ૩૦૧

'ઘંટાકર્ણકલ્પ' ૨૯૨
ઘાટશિલનગર ૨૯૨
ઘાટલી ૧૨૭
ઘેરતખાન ૨૪૬, ૪૪૨
ઘોઘા ૧૮, ૨૦, ૨૨, ૪૯, ૧૦૭,
૧૧૫, ૧૩૫, ૧૩૬, ૧૫૦,
૧૯૯, ૨૬૪, ૨૬૫, ૩૫૧, ૩૫૨,
૩૫૮, ૪૨૨, ૪૨૩, ૪૪૩, ૪૭૮
'ચતુર્વિંશતિજિનસ્તુતિ' ૨૮૯
ચભારિયા ૧૮૨
ચમન બહાદુર (ભવાનીરામ) ૨૫૦
ચલો ૧૪૦
ચંડરાસ (ચંડરાજરાસ) ૪૮૪, ૪૮૫
'ચંદનમલયાગિરિની વાર્તા' ૩૧૪
ચંદેરી ૩૯
ચંદ્રકુલ ૧૭
'ચંદ્રાવતીની વાર્તા' ૩૧૪
ચંદ્રભા ૧૩૮
ચંદ્રભાગા ૩૬૩
ચંદ્રભાણ ૩૨૧
ચંદ્રસિંહજી ૧ લો–ઝાલા (વાંકાનેર)
૧૨૮–૧૩૧, ૧૬૨, ૧૬૫
ચંદ્રસિંહ–ઝાલા (હળવદ) ૭૬, ૧૨૭,
૧૬૩, ૧૬૪
ચંદ્રસિંહ, રાવ (રાઠોડ) ૧૪૩
ચંદ્રસિંહ–સોલંકી (લુણાવાડા) ૧૪૭
ચંદ્રસેન–ગૂહિલ (રાજપીપળા) ૧૩૮
ચંદ્રસેનજી–ઝાલા (વઢવાણ) ૧૬૫
'ચંદ્રહાસ–આખ્યાન' ૩૦૫–૩૦૭,
૩૧૦, ૩૧૨
'ચંપકમાલા' ૨૯૭
'ચંપકસેનની વાર્તા' ૩૧૪
ચંપા ૪૧૧
ચંપાવત જીવણદાસ ૧૪૫
ચાઇલ્ડ, જોશિયા ૧૭૪
ચાણસ્મા ૪૦૯
ચાણોદ ૧૪૬. ૩૬૯
ચારિત્રસિંહ ૨૯૬
ચાંગા આશા ૩૮૫
ચાંદજી કામદીન ૩૮૭
ચાંદબીબી સુતરાજ ૪૨૨
ચાંદ મુહમ્મદ ચિસ્તી ૩૫૨
ચાંપાનેર ૩૬, ૩૮, ૬૮, ૮૫, ૧૪૫,
૧૪૬, ૧૯૨, ૨૩૮, ૨૭૫,
૩૦૬, ૪૦૦, ૪૦૫, ૪૦૬,
૪૯૧
'ચિત્તવિચારસંવાદ' ૩૧૩
ચિત્તોડ ૩૫, ૧૩૮
'ચિત્રકાવ્ય–ચિત્રકોશ' ૩૦૧
ચિમણાજી આપ્પા ૧૦૩, ૧૫૮,
૧૮૦, ૧૮૧
ચિંગીઝખાન ૩૬
ચીન ૨૬૪, ૨૬૫, ૩૯૮
ચીભડા ૧૨૩
ચૂડા ૧૨૭, ૧૩૧, ૧૩૨
ચૂંવાળ ૬૭, ૧૪૭, ૧૫૩, ૩૬૩
'ચેલૈયાનું આખ્યાન' ૩૧૫
ચોકસી, ભાનુપ્રસાદ ૨૭૭
ચોટીલા ૧૩૨, ૧૩૩
ચોબારી ૧૩૨
ચોરવાડ૪૦૭
છત્રસાલ (ગૂહિલ) ૧૩૮
છત્રસાલ, જામ (જાડેજા) ૧૬૨

છબીલારામ બહાદુર ૨૫૦, ૨૫૧
છાણી ૧૭૯
છોટા ઉદેપુર ૧૦૩, ૧૪૫, ૧૪૬
છોટા એર્ડ્સ ૪૫૩
જગજીવનદાસ (ઇતિહાસકાર) ૪, ૩૨૦
જગજીવનદાસ ૪
જગજીવનદાસ કવિ ૯
જગજીવન, જ્ઞાની કવિ ૩૧૩
જગત ૧ લો ૧૪૮
જગત ૨ જો ૧૪૮
જગતપાલ ૧૩૩
જગતરાય ૬
જગદેવ પરમાર ૧૩૩
'જગદ્ગુરુ કાવ્ય, ૧૪, ૨૮૯
જગધવલ ૧૩૩
જગન્નાથ (ઈડર) ૧૩૪, ૧૪૧, ૧૪૨
જગન્નાથ ઝાલા ૧૫૨, ૧૫૩
જગન્નાથ, કવિ ૩૦૩
જગન્નાથ, કવિ (બીજો) ૩૧૨
જગમાલ કછવાહ ૧૨
જગમાલ (પરમાર) ૧૩૩
જણજી ૧૬૩
જનતાપી (તાપીદાસ) ૩૧૦
જનીબાઈ ૩૬૪, ૩૯૦
'જન્મપત્રી-પદ્ધતિ' ૩૦૧, ૩૦૩
'જફ્રુલવાલિહ બે મુઝફ્ફર-વ આલિહ' ૩૮૦
'જમઆતે શાહિયા' ૩૨૫
જમાલખાન ૬૧
જમાલખાન લોહાણી ૧૫૪
'જયતિહુઅણસ્તોત્ર-વૃત્તિ' ૨૯૨
જયત્પુર (જયતપુર, જય્યતપુર) ૨૩૫
જયદેવ ૩૬૪, ૪૮૯
જયપુર ૧૨, ૪૧, ૧૪૧
જયરત્નગણિ ૨૯૪
જયશેખર ૨૯૧
જયસાગર ઉપાધ્યાય ૧૭
જયસિંહ ૭૧
જયસિંહ (ખીચી ચૌહાણ) ૧૪૫, ૧૪૬
જયસિંહ (પરમાર) ૧૩૪
જયસિંહ—સૂહિલ (રાજપીપળા) ૧૩૮
જયસિંહ (સંગ્રામપુર) ૩૦૧
જયસોમ ઉપાધ્યાય ૧૫
જયસોમ મુનિ ૨૯૦
જર્મની ૧૭૩, ૨૭૯
જલાલ કવિ ૯
જલાલ (કલાકાર) ૩૫૩
જલાલ બુખારી સૈયદ ૬૪, ૭૧
જલાલુદ્દીન કાઝી ૧૫૪
જલાલી ફિરકા ૩૫૮
જવાંમર્દખાન ૨૪, ૯૯, ૧૦૯, ૧૧૧–૧૧૩
જવાંમર્દખાન (અમદાવાદ) ૨૫૨, ૩૧૩
જવાંમર્દખાન બાબી ૧૫૧, ૧૫૭, ૧૬૦, ૧૮૬, ૧૮૮, ૧૮૯
જસદણ ૧૨૪, ૧૪૦
જસરાજ ૧૩૩
જસવંતસાગર (યશસ્વત્સાગર મુનિ) ૩૦૧
જસવંતસિંહ (ખીચી ચૌહાણ) ૧૪૫

જસવંત જાદવ (મરાઠા) ૧૫૪
જસવંતસિંહજી (ઝાલા) ૧૨૮, ૧૬૪
જસવંતસિંહ–મહારાજ (સૂબેદાર) ૬૮, ૬૯, ૭૧, ૭૩, ૭૫, ૭૬, ૧૨૧, ૧૫૬, ૧૬૪
જસો ખુમાણ (ખાચર–કાઠી) ૧૪૦
જસોજી જામ ૪૮, ૧૨૦
જસોજી જાડેજા ૧૨૨, ૧૨૩
જસોજી (હળવદ) ૧૩૦
જહાંઆરા ૨૮૦, ૩૮૨, ૫૦૨
જહાંગીર ૨, ૩, ૬, ૭, ૧૦, ૧૧ ૧૫, ૧૬, ૨૧, ૨૪, ૨૫, ૫૧–૬૦ ૧૧૭, ૧૧૮, ૧૪૯, ૧૬૮, ૧૬૯, ૧૭૧, ૧૭૪, ૨૦૪, ૨૧૬–૨૧૯, ૨૨૫, ૨૨૬, ૨૩૦, ૨૫૬, ૨૬૩, ૨૭૧, ૨૭૨, ૨૭૬, ૩૨૫, ૩૫૪, ૩૭૦, ૩૭૪, ૩૮૨ ૩૮૬, ૩૮૭, ૪૦૭, ૪૧૫, ૪૩૧, ૪૪૦, ૪૪૬, ૪૮૬, ૪૮૭
જહાંગીર કુલીખાન ૫૨, ૮૬, ૧૪૮
'જહાંગીરી મહાતપા' ૧૫
જહાંદરશાહ ૯૦, ૯૧, ૨૨૨, ૨૨૮, ૨૩૧, ૨૭૩
'જહાંદરશાહની વાર્તા' ૩૧૪
'જંબુદ્દીવપણ્ણત્તી' ૨૯૨
'જંબૂદ્વીપ–પ્રજ્ઞપ્તિ–વૃત્તિ' ૨૮૯
જંબૂસર ૧૦૧, ૧૮૫, ૧૮૭, ૨૯૦, ૨૯૪, ૩૨૧, ૪૯૭
'જંબૂસ્વામિફાગુ' ૩૧૭
જાડેજા જામ ૧૧૯
જાડેજા વંશ ૧૧૭
'જાતકકર્મપદ્ધતિ' ૨૯૬
'જાતકાલંકાર' ૨૯૬
'જાતકચંદ્રિકા ૨૯૦
'જાતકપદ્ધતિ' ૨૯૪
જાદવ ધનાજી ૧૭૭
જાન મીરઝા ૪૫
જાની, અં. બુ. ૩૧૨
જાપાન ૨૮૧
જાફર ૩૫૩
જાફરકુલી ૮૨
જાફરખાન ૧૪૯, ૧૫૩, ૧૬૭
જાફર નઝમુદ્દૌલા મીરઝા ૧૫૭, ૧૫૮, ૧૬૭
જાફર બદ્રેસૈયદ આલમ, ૩૨૬
જામ ખંભાળિયા ૧૨૧, ૧૩૮, ૧૬૩
જામ જસાજી ૨૬
જામનગર ૭, ૧૩, ૨૦, ૨૬, ૪૦, ૪૫, ૪૯, ૧૨૦, ૧૨૧, ૨૩૪, ૨૭૦, ૩૧૨, ૩૭૨, ૪૦૭, ૪૪૩, ૪૭૮, ૪૭૯, ૪૯૧
—દરબારગઢ ૪૯૨
જામ લાખાજી ૬૩
જામ સતાજી ૪૯૨
જામ સત્રસાલ ૨૬, ૪૯૨
જામ સાહેબ ૧૩, ૮૬, ૧૨૦
જામાસ્પ ૩૮૭, ૩૮૮
'જામે જહાંનુમા' ૪, ૩૨૮
જાયમલ ૧૩૩, ૧૩૪

જાલમસિંહ ૧ લો ૧૩૪
જાલમસિંહ ૨ જો ૧૩૪
જાલોર ૧૭, ૪૦, ૬૨, ૧૫૪–૧૫૬, ૨૯૨
'જાલંધર-આખ્યાન' ૩૦૬
જાવા ૨૬૪, ૨૬૫, ૪૨૬
જાલમસિંહ ૧૩૪
જાંબુ ૧૨૮
જિનચંદ્રસૂરિ ૧૫, ૩૦૨, ૩૭૧, ૩૭૩, ૩૭૪, ૪૩૧
જિનદત્તસૂરિ ૩૩૨
જિનદેવસૂરિ ૨૯૩
જિનપદ્મસૂરિ ૩૧૭
જિનપ્રભસૂરિ ૨૯૮
જિનભદ્રસૂરિ ૧૭
જિનરાજસૂરિ ૨૯૬, ૪૩૧
જિનવલ્લભસૂરિ ૨૯૧, ૨૯૨
જિનવિજય ૪૮૮
જિનવિજયજી આચાર્ય ૧૫, ૪૮૭
જિનસિંહ ૩૭૪
જિનસિંહસૂરિ ૪૩૧, ૪૮૭
જિનસુખસૂરિ ૨૯૮, ૩૦૩
જિનહર્ષ ૩૧૮
જીતબાગ ૨૫
જીતરાજ ૧૬૪
જીતસિંહ ૧૪૭
જીતસિંહ (ખીંચી ચૌહાણ) ૧૪૭
જીતસિંહ (ગોહિલ) ૧૩૮
જીર્ણદુર્ગ (જૂનાગઢ) ૨૯૮, ૩૦૨
જીવણદાસ ૩૧૫
જીવણલાલ ૩૨૧
જીવતજી ૩૬૭
જીવરાજ ૩૧૧
જીંસસ ૨૫
જુણોજી ૧૨૩
જુન્નર ૬૦, ૧૧૧, ૧૬૦
જુબૈદી ૧૫૨
જૂનાગઢ ૫, ૮–૧૧, ૧૮, ૨૫, ૩૭, ૪૦, ૪૧, ૪૫, ૪૮, ૪૯, ૫૨, ૬૩, ૬૪, ૭૮, ૮૦, ૧૦૫, ૧૦૭, ૧૧૦, ૧૧૨, ૧૨૨, ૧૨૪–૧૨૬, ૧૩૫–૧૩૭, ૧૪૯–૧૫૩, ૧૫૯, ૧૮૧, ૧૮૨, ૨૩૨–૨૩૪, ૨૪૧, ૨૫૦, ૨૭૦, ૨૯૮, ૩૦૧, ૩૦૨, ૩૧૪, ૩૧૯, ૩૨૪, ૩૫૪–૩૫૬, ૩૫૯, ૩૬૫, ૪૦૦, ૪૦૬, ૪૦૯, ૪૧૫, ૪૨૨, ૪૪૩
—ગિરનાર દરવાજો ૧૫૩
—મ્યુઝિયમ ૩૫૯
જૂનોજી ૧૨૧
જૂહજહારખાન ૩૬, ૩૭, ૪૦
જેઠમલ ૧૩૪
જેઠસૂર ૧૪૦
જેતપુર ૧૦, ૧૫૨, ૨૩૫, ૨૩૬
જેતલપુર ૨૫, ૫૯, ૩૦૯, ૪૦૭, ૪૧૦
જેતલસર ૨૩૫
જેમેસી ફેરગી ૫૦૫
જેમ્સ ૧ લો ૫૫, ૧૭૧
જેરાજ ઠક્કર ૪૧૯
જેરામ ૩૧૨
જેસલમેર ૩૦૩

જેહોજી ૧૧૮
'જૈનતર્કભાષા' ૩૦૦
જૈન શૈલી ૪૮૩
'જૈનસપ્તપદાર્થી' ૩૦૧
જૈમિનિ ૩૧૧
'જૈમિનીય અશ્વમેધ' ૩૦૪, ૩૧૨
જોટ, ર. ભી. ૧૬૭; ૪૫૮
જોટાણા ૩૭
જોધપુર ૧૭, ૧૮, ૫૩, ૬૮, ૭૧, ૭૬, ૮૧, ૮૨, ૧૧૨, ૧૨૧, ૧૨૮, ૧૪૩, ૧૪૪, ૧૫૦, ૧૫૬–૧૫૯, ૧૮૦, ૨૫૦, ૨૫૨, ૨૯૨, ૨૯૩, ૨૯૭, ૨૯૯, ૩૨૦, ૩૯૩, ૪૮૯
જોરાવરસિંહ ૧૪૮
'જ્ઞાનકક્કો' ૩૧૪
'જ્ઞાનપ્રકાશ' ૩૦૯
જ્ઞાનપ્રમોદગણિ ૨૯૭
'જ્યોતિષરત્નાકર' ૩૦૧
'જ્યોતિસ્સાર સંગ્રહ' ૨૯૩
'જ્યોતિસ્સારોદ્ધાર' ૨૯૩
'જ્યોર્જનામહ' ૫
'જ્વરપરાજય' ૨૯૪
ઝફરખાન–મુઝફ્ફરશાહ ૧ લો ૪૦૯
ઝવેરી, કૃષ્ણલાલ મો. ૩૧૮
ઝહિરુદ્દીન ૩૩
'ઝંદ-અવસ્તા' ૩૮૮
'ઝંદ-પહેલવી' ૩૮૮
ઝારા ૧૧૭
ઝાલા વંશ ૧૨૭–૧૩૨
ઝાલાવાડ ૭૬, ૭૯, ૮૫, ૧૦૫, ૧૩૨, ૧૪૯, ૧૬૪, ૧૮૭
ઝાલી રાણી ૧૨૦, ૧૨૨
ઝાલોદ ૧૩૪
ઝિયાખાન ૯૨, ૯૩
ઝુબ્દ-તુત્-તુલ્ક ૧૫૫
ઝુંઝવાડા ૨૯૦
ટાસી, ગારસન ડી. ૩૩૧
ટીમોર ૨૬૪
ટુવા ૩૬૯
ટેલર, રેવ. ૨૨૪, ૨૨૮, ૨૩૬, ૨૪૦, ૨૪૧
ટેવર્નિયર ૧૬૮, ૨૬૪, ૨૮૦, ૪૪૨, ૫૦૦, ૫૦૧
ટોડરમલ ૫, ૬, ૪૧, ૪૩, ૪૪, ૪૮, ૫૩, ૧૯૬, ૨૦૩
ટોપણ, ઠક્કર ૪૫૯
ઠાકોર, એમ. કે. ૨૪૧
ઠાસરા ૪૪, ૯૯, ૩૬૮
ડબકા ૫૦૩
ડભાલી ૯૯
ડભોઈ ૭, ૮, ૮૬, ૧૦૬, ૧૪૬, ૧૮૩, ૩૧૨, ૪૬૪
ડભોડા ૧૧૪
ડાઉન્ટન ૧૩૧, ૧૭૨
ડાકોર ૧૮૩, ૩૧૧, ૩૬૮, ૩૯૧, ૪૨૪, ૪૩૯
'ડાકોરલીલા' ૩૧૫
ડાહ્યમપુરી ૩૦૮
ડીસા ૧૫૫
ડીહિયા ૧૪૭
ડુમસ ૨૮૧
ડુંગરપુર ૪૪, ૫૩, ૧૦૦, ૧૩૧, ૧૪૦, ૧૪૨, ૧૪૬, ૧૯૩

ડુંગરસી ૧૪૬
ડૅનિસ વાન ૧૬૯
ડૅલા વાલે ૫૮, ૩૬૪, ૪૯૬–૪૯૮, ૫૦૧
ઢસા ૨૩૫
ઢાઢર નદી ૫૦૨
ઢુવા ૧૬૫, ૪૨૩
તંગડી ૩૬૫
'તતેમ્મએ વાકેઆતે જહાંગીરી' ૩
'તબકાતે અકબરી' ૧, ૨, ૪૩, ૪૬
તરણિ (સૂર્ય) નગર ૧૭
તરદીબેગ ૩૫, ૩૬
તમાચી જાડેજા (કચ્છ) ૭૦, ૧૧૮
તમાચી ૧ લો–જામ જાડેજા (નવાનગર) ૧૨૧, ૧૨૨
તમાચી ૨ જો–જામ જાડેજા (નવાનગર) ૧૨૨, ૧૩૧
તરસંગમ ૧૩૩, ૧૩૪
તરસંગિયો ભીલ ૧૩૩
તરુણપ્રભ ૩૧૭
'તર્કભાષાવ ર્તક' ૨૯૩
તાજ ૮૩
'તાજિકસાર' ૨૯૬
તાતારખાન ૩૪
તાપી ૧૮, ૨૭૯, ૪૯૫
તાપીદાસ ૩૧૦
'તાપીદાસનો રાસડો' ૧૯
તારાપુર ૧૬૦
તારાપોરવાલા, એરચ જ. ૩૯૬
તારાબાઈ ૧૮૬
'તારીખે ઇલાહી' ૨૪
'તારીખે ઔરંગઝેબ' ૩૨૦
'તારીખે ગુજરાત' ૨
'તારીખે પાલનપુર' ૩૮૩
તારીખે ફિરિશ્તા' ૩. ૪૦૧
'તારીખે સોરઠ વ હાલાર' ૫, ૪૧૫
તારંગા ૩૭૦, ૪૨૫
તાંબેકર, ગોપાળ જગન્નાથ ૩૯૧
'તિથિસારણી' ૩૦૩
'તિલકમંજરી-વૃત્તિ' ૨૮૯
'તિલકમંજરી-સાર' ૨૮૯
તિલકસાગર ૧૬
તીમૂર ૪, ૩૬
'તુઆએ મઅકૂસ' ૩૫૭
'તુઝૂકે જહાંગીરી' ૩, ૫૮, ૨૫૮, ૨૭૨, ૪૧૫
તુરાન ૩૮
તુલજારામ ૩૧૩
તુલસી ૩૦૭, ૩૧૧
તુંગિયા પહાડ ૧૮
તૂકોજી ૧૬૧
તેગબખ્તખાન ૪૧૪
તેગબેગખાન ૧૦૭, ૧૧૨, ૧૫૮, ૪૨૧, ૪૫૬
તેજપાલ શેઠ ૨૮૯
તેજપાલ સોની ૩૭૦, ૪૨૩, ૪૨૭
તેજમાલજી ૧૨૫
તેજસિંહ ૧૪૫
તેરવાડા ૧૫૦
તૈયબ સૈયદ ૬૭, ૬૮
તોરણા ૩૧૩
'તોહફએ શાહજહાની' ૩
'ત્રિદશતરંગિણી વિજ્ઞપ્તિ' ૧૭
ત્રિંબકરાવ દાભાડે ૧૦૬

ત્રિલોકસિંહ ૧૪૭
ત્રિવિક્રમ ભટ્ટ ૨૯૧
'ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત' ૨૯૨
ત્રીકમદાસ (પાટડી) ૧૪૯
ત્રીકમદાસ વૈષ્ણવ ૩૧૫
ત્ર્યંબકરાવ ઉદ્ધવ ૧૫૨
ત્ર્યંબકરાવ દાભાડે ૧૮૨, ૧૮૩
થરપારકર ૧૩૨
થરવાડા ૧૮૮
થરાદ ૭, ૮૨, ૧૬૩, ૧૮૮,
૪૦૭, ૪૪૬
થાણા ૩૮૯
થાન ૧૩૨, ૧૩૩, ૧૬૫
થાનગઢ ૮૦
થાનાજી ૧૫૦
થેવેનો ૮૬, ૧૭૦, ૧૯૯, ૨૬૪
૨૮૧, ૪૦૧, ૪૦૮, ૪૧૩
૪૪૧, ૫૦૧, ૫૦૨, ૫૦૬
શુદ્ધ શૈલી ૩૪૮, ૩૫૦, ૩૫૧
થેરવાડા ૧૧૩
દખ્ખણ ૫૦, ૫૧, ૫૩, ૫૪,
૫૭, ૬૧, ૬૭, ૭૦–૭૨, ૧૭૬,
૧૭૭, ૧૯૨
દધીચિ ૩૯૨
દમણ ૫૧, ૧૧૦, ૧૬૮, ૧૮૫,
૪૯૮
'દમયંતીકથાચંપૂ' ૨૮૭, ૨૯૧
દમારકસ ૨૬૦
દયા બહાદુર ૨૫૦
દયારામ ૩૧૦
દયાલદાસ ૧૪૭
દયાસિંહ ૩૦૩
દલપતરામ ૩૯૪
દલપતિરામ ૧૨૫, ૧૫૧–૧૫૩
'દશમસ્કંધ' ૩૦૫, ૩૦૯,
૩૧૦, ૩૧૩
'દશવૈકાલિક સૂત્ર' ૨૯૨
'દશાવતારલીલા' ૩૧૩
દસાડા ૧૪૯
'દસ્તૂરુલ્અમલે અકબરી' ૫, ૬
દહીસરા ૧૬૨
દહેજ ૧૮૫, ૧૮૭,
દાઊદ શેખ ૩૮૨
દાઊદખાન પન્ની ૯૧–૯૩, ૧૨૧
દાઊદ બિન અજબશાહ ૩૮૧
દાદર ૪૨૩
'દાનદીપિકા' ૩૦૨
'દાનપ્રકાશ' ૨૯૧
દાનવિજય મુનિ ૩૦૨
દાનિયાર ૨૮૮
દામનગર ૧૩૭, ૧૮૨, ૪૯૨
દામાજીરાવ ગાયકવાડ–૧ લો ૧૭૭,
૧૭૮, ૧૮૧, ૧૮૨
દામાજીરાવ ગાયકવાડ–૨ જો ૧૦૬,
૧૦૭, ૧૦૯, ૧૧૧, ૧૧૩–
૧૧૫, ૧૩૧, ૧૩૪, ૧૩૬,
૧૪૮, ૧૪૯, ૧૫૪, ૧૫૭,
૧૫૯, ૧૬૫, ૧૮૩–૧૮૯,
૩૨૪, ૪૧૯
દામોજી–પરમાર (દાંતા) ૧૩૩
દારાબ ૩૮૮
દારા શુકોહ ૬૬–૭૧, ૧૧૮, ૨૪૬,
૨૮૮, ૩૭૬, ૪૪૨

ડાવર, ફીરોઝ કાવસજી ૩૨૩
ડાવરબક્ષ ૫૯
દાહોદ ૨૬, ૫૫, ૫૬, ૮૧, ૮૩, ૨૭૫, ૪૦૭, ૪૧૮, ૪૪૩
દાંતા ૧૩૩, ૧૩૪, ૩૬૮, ૪૨૪
દાંતીવાડા ૧૫૬
'દિગ્વિજય મહાકાવ્ય' ૧૫, ૧૮, ૩૦૧
દિયાનતરાય મુનશી ૬૧
દિલખુશ બાગ ૨૬
દિલાવરજંગ ૧૧૦
દિલ્હી ૩૩–૩૫, ૪૬, ૫૪, ૫૭, ૬૩, ૬૪, ૬૭, ૬૯–૭૧, ૭૭, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૯૮–૧૦૬, ૧૦૮–૧૧૨, ૧૧૪, ૧૨૦, ૧૨૭, ૧૨૯, ૧૪૧, ૧૫૦–૧૫૩, ૧૫૫, ૧૫૮, ૧૫૯, ૧૭૭, ૧૮૦–૧૮૨, ૧૮૫, ૧૮૯, ૨૪૭, ૨૫૦, ૨૫૧, ૨૫૩, ૨૭૩, ૨૭૫, ૨૮૨, ૨૮૩, ૩૨૧, ૩૨૭, ૩૪૯, ૩૭૫, ૩૮૪, ૩૮૬, ૪૪૫
—નેશનલ મ્યુઝિયમ ૪૭૪
'દિલ્હી સામ્રાજ્યવર્ણન' ૩૧૩
'દીન-ઇ-ઇલાહી' ૨૧
દીપસિંહ ૧૩૮, ૧૪૭
દીપાલપુર ૬૯
દીપો ૧૩૮
દીવ ૧૮, ૩૬, ૩૯, ૫૧, ૧૧૦, ૧૬૮, ૧૭૧, ૨૪૧, ૨૯૭, ૩૦૭
'દીવાને વજીહ' ૩૨૯
દીહોર ૪૨૩
દુરિજનમલ મુનશી ૩૨૨
દુર્ગશાહ ૧૩૮
દુર્ગાદાસ ૭૮–૮૨, ૧૫૦, ૧૫૪, ૨૫૦, ૩૨૦
દૂદા કોળી ૭
દેરાસરી, ડાહ્યાભાઈ ૩૯૦
દેવકરણ શેઠ ૧૧૯
દેવકી ઊનાઈ ૩૬૯
દેવકુશલ પંડિત ૧૮
દેવકુંવર ૧૬૫
દેવગઢબારિયા ૧૪૬
દેવગિરિ (દોલતાબાદ) ૧૮
દેવચંદજી ૧૨૦, ૩૧૨
દેવનાગરી ૯
દેવપટ્ટણ–દેવકપત્તન (પ્રભાસપાટણ) ૧૮, ૨૯૮, ૨૯૯, ૩૦૨, ૪૮૬
દેવરાઈ ૭૧
દેવલિયા ૧૪૨
દેવવિજયગણિ ૨૯૨
દેવવિમલગણિ ૧૨, ૨૬૪, ૨૮૬, ૨૯૦
દેવસુંદરસૂરિ ૧૭
'દેવાનંદ મહાકાવ્ય' ૧૫, ૧૮
દેવાસ ૩૦૨
દેવીદાસ ગાંધર્વ ૩૦૬
'દેવીમાહાત્મ્ય' ૪૯૧
દેવેંદ્રસૂરિ ૨૯૩
દેસાઈ, શંભુપ્રસાદ ૪૧૫

દેશાતર ૧૪૪
દેસળજી ૧ લો ૧૧૯, ૨૬૯, ૪૬૭
દેસાઈ, એમ. એ. ૨૩૯
'દેહ મજલિસ' ૩૩૧
'દોધરત્નાવલી' ૨૯૪
દોસલજી નાનાભાઈ ૩૮૯
દોસ્તઅલી મીર ૧૫૧
દૌરાન સમસુદ્દૌલા ૯૫
દૌલતખાન ઘોરી ૪૮, ૧૨૦
દૌલતખાન લોદી ૫૯
દૌલતાબાદ ૪૦, ૫૩
'દ્રોણપર્વ' ૩૦૬
'દ્રૌપદીસ્વયંવર' ૩૦૬
'દ્રૌપદીહરણ' ૩૧૦
'દ્વાદશારચક્રોદ્ધાર-વિવરણ' ૩૦૦
દ્વારકા ૨૬, ૪૯, ૮૦, ૮૫, ૯૫, ૧૨૫, ૧૩૮–૧૪૦, ૨૪૬, ૩૬૩, ૩૬૫, ૩૬૮, ૩૬૯, ૩૯૧, ૪૩૫, ૪૩૭, ૪૩૮
—દ્વારકાધીશ મંદિર ૨૬, ૪૩૫, ૪૬૬
દ્વારકો ૩૧૧
દ્વારપુર (બારેજા) ૨૯૧
દ્વીપ (દીવ) ૨૯૮, ૩૦૨
ધનજી ૩૧૧
ધનજી સૂરા ૨૯૯
ધનદાસ ૩૦૮
ધનરાજ ૩૦૫, ૪૫૯
ધનવિજયગણિ ૨૯૦, ૨૯૮
ધનાજી જાદવ ૮૩, ૮૮, ૧૫૩, ૧૮૪
'ધન્ના સાલિભદ્રરાસ' ૪૮૭
ધમડકા ૪૯
ધરમ ૧ લો ૧૪૮
ધરમ ૨ જો ૧૪૮
ધરમદેવ ૧૬૭
ધરમપુર (રામનગર) ૫૩, ૧૪૮, ૧૬૭, ૧૯૩
ધર્મદાસ શાહ ૩૭૨
'ધર્મપરીક્ષા' ૩૦૦
'ધર્મરત્નમંજૂષા' ૨૯૩
ધર્મસાગર ગણિ ૨૮૮, ૨૯૧, ૨૯૫, ૩૭૬, ૩૭૭
'ધર્મસંગ્રહ' ૩૦૨
'ધર્મસંગ્રહ-ટિપ્પણ' ૩૦૦
ધવલદેવ સોલંકી ૧૪૭
ધંધુકા ૩૬, ૪૦, ૪૧, ૬૨, ૭૬, ૮૦, ૧૦૭, ૧૫૦
'ધાતુરત્નાકર' ૨૯૭
ધામોદ ૧૪૨
ધાયેતા ૩૧૫
ધાર ૧૦૧
ધીણોધર ૩૬૧
ધીવર ૪૮૮
ધુનોજી ૧૩૫, ૧૬૬
ધોરમનાથ ૪૨૯
ધોરાજી ૧૨૫, ૧૫૨
ધોળકા ૪૦, ૪૧, ૬૬, ૯૨, ૯૭, ૧૦૧, ૧૦૩, ૧૪૭, ૧૫૭, ૧૬૦, ૧૮૧, ૨૪૮, ૨૯૬, ૩૧૧, ૩૧૫, ૩૬૮, ૩૬૯, ૪૦૦
ધ્રાંગધ્રા ૧૨૭, ૧૨૮, ૧૩૦, ૧૩૨, ૧૬૨, ૧૬૪, ૪૦૭

'ધ્રુવાખ્યાન' ૩૦૪, ૩૦૭, ૩૧૪
ધ્રોળ ૧૨૦–૧૨૨, ૧૬૩, ૪૦૭, ૪૨૨, ૪૯૨
નગર (રામનગર) ૧૬૭
નગરઠઠ્ઠા ૧૩૩
નગરા ૩૬૪, ૪૯૮
નગરાજ ૧૩૩
નજમ-ઇન્શની ૧૫૭
નજમખાન ૧૬૦
નજમુદ્દૌલા ૧૧૦
નજરઅલીખાન બાબી ૭૬, ૭૯, ૮૩, ૮૪, ૮૮, ૧૨૮, ૧૩૮, ૧૫૦, ૧૫૩, ૧૭૭
નઝીરી ૩૫૧
નડિયાદ ૩૫, ૫૫, ૯૨, ૧૫૮, ૧૭૮, ૧૮૦, ૩૦૭, ૪૮૫
નથુરામ ૩૧૨
નન્હામલ ૩૨૧
નયવિજયજી ૨૯૯, ૩૦૧
નયસુંદર ૩૧૮
નરસિંહ નવલ ૩૦૮
'નરસિંહના પુત્રનો વિવાહ' ૩૧૧
નરસિંહ મહેતા ૨૮૬, ૩૧૦, ૩૧૫, ૩૬૪, ૩૬૫
'નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ' ૩૧૫
'નરસિંહ મહેતાની હૂંડી' ૩૧૩
'નરસૈયાની હૂંડી' ૩૪૨
નરહરિ ૩૦૯
નરોડા ૩૬૫, ૩૭૦, ૩૯૦, ૪૨૫
નરોહરિ હાલારી ૩૧૫
'નલકથા' ૩૦૭
'નલદમયંતી રાસ' ૩૧૮
'નલદવદન્તી રાસ' ૪૮૪–૪૮૫
'નલાખ્યાન' (પ્રેમાનંદ કૃત) ૩૧૦
'નવકારમંત્ર' ૨૯૩
નવઘણ ૧૩૪
'નવતત્ત્વ' ૩૧૭
'નવરસ' ૩૦૮
નવરંગખાન ૪૪૫
નવરોજજી ૩૯૫
નવસારી ૬, ૨૫, ૩૮૫, ૩૮૯, ૩૯૬, ૪૪૩, ૪૯૯, ૫૦૧
નવાગઢ ૨૩૫
નવાનગર (જામનગર) ૪૫, ૪૮, ૪૯, ૫૩, ૫૬, ૬૩, ૭૨, ૭૩, ૮૬, ૯૫, ૧૦૫, ૧૧૭–૧૨૩, ૧૨૫, ૧૨૬, ૧૨૯, ૧૩૧, ૧૩૯, ૧૫૦, ૧૬૨, ૧૯૨, ૨૧૬, ૨૩૪, ૨૭૦, ૨૭૪, ૨૭૬, ૨૭૭, ૨૯૧, ૩૧૨, ૩૬૫, ૩૭૦, ૪૦૭, ૪૨૫
નવાપરા ૩૮૯
નવાપુર ૧૭૮, ૫૦૦, ૫૦૧
નવાબ સારાભાઈ ૪૮૭
નવીનપુર (નવાનગર) ૧૬૨
નથા ૯
નસ્ખ ૩૪૮, ૩૫૦
નસ્ખ શૈલી ૩૪૯
નસ્તાલીક શૈલી ૩૪૮–૩૫૫
નહરખાન ૯૬–૯૮
નહરવાલા પત્તન ૩૬, ૩૭, ૨૨૩, ૩૨૦

'નળાખ્યાન' (નાકરકૃત) ૩૬૨
'નંદબત્રીશીની વાર્તા' ૩૧૪
નંદલાલ ૩૨૨
નંદવિજય ૩૭૨
નંદેરિયા ૧૪૬
નાકર ૩૬૨, ૩૮૯, ૩૯૧
નાખુદા અહમદ ૪૪૭
'નાગદમનો' ૩૦૭
નાગનેશ ૧૩૧
નાગપુર ૨૧૫, ૨૨૭, ૨૩૯, ૩૫૯
નાથદ્વારા ૩૬૬
નાથ ભવાન (અનુભવાનંદ) ૩૧૪, ૩૬૩
નાથીજી ૧૪૯
નાદિરખાન ૬૦
નાદિરશાહ ૯. ૧૦, ૧૧૦, ૨૭૩
નાનક ૩૭૮
નાનજી ૧૨૨
નાનાલાલ કવિ ૨૬૩
નાપો ૧૩૪
'નામકોશ' ૨૯૪
નાયક, છોટુભાઈ ર. ૩૧૯
નારણ–સિસોદિયા ૧૪૮
નારાયણ કવિ ૩૦૮
નારાયણદાસ રાવ ૪૧, ૧૪૦, ૧૫૫, ૧૬૫
નારાયણ સરોવર ૩૬૧, ૩૬૩, ૩૬૫, ૪૨૪, ૪૩૨, ૪૬૭
નારીચાણા ૧૩૨
નાસિક ૬૧
'નાસિકેતાખ્યાન' ૩૦૪, ૩૧૦, ૩૧૩
નાસિર મીરઝા ૩૬
નાસિરુદ્દીન મહમૂદ ૪૫૯
નાસિરુદ્દીન મુહમ્મદ ૩૨૯
નાહરખાન ૯૩
નાહાગસિંહજી ૧૪૬, ૧૪૭
નાહિરખાન ૬૦, ૬૧
નાંદોદ ૪૪, ૪૭, ૯૪, ૧૭૮, ૧૯૨, ૪૦૭
નાદોલ ૩૦૯
નિકોલાઓ મેનુસ્સી ૫૦૧
'નિઘંટુ કોશ' ૨૯૩
નિજાનંદ સંપ્રદાય ૧૨૦
નિઝામ-ઉલ્-મુલ્ક ૯૮–૧૦૧, ૧૭૯, ૧૮૫
નિઝામશાહ ૧ લો ૨૬૦
નિઝામુદ્દીન અહમદ હરવી ૧, ૨
નિઝામુદ્દીન શેખ (બક્ષી) ૪૭–૪૮
નિઝામુદ્દીન મુલ્લા ૨૬૦
નિઝામુદ્દીન કાયક કાઝી ૩૨૭
'નિર્વાણ રાસ' ૩૯૯
'નુસ્ક-હ-દિલકશ' ૨૫૦
'નૂકાત-ઉલ્-આરેફીન' ૩૨૫
નૂતનનગર ૧૬૩
'નૂર-ઉલ્-ઇરફાન' ૩૨૯
નૂરજહાં ૫૬, ૫૭, ૨૧૭, ૨૧૯, ૨૨૬, ૨૭૧, ૨૭૬, ૩૨૭
નૂરશાહ (હસનકુલીખાન) ૧૧૫
નૂરુદ્દીન સોદી ૪૫૨
'નૂરુશ શુયુખ' ૩૨૮
નેકઆલમખાન ૨ જો ૧૧૨, ૨૩૬
નેથેલિયન હોલ્સ્ટીડ ૫૭
નેપલ્સ ૪૯૬
નેમિનાથ ૨૦, ૩૧૬, ૩૧૭

'નેમિનાથચતુષ્પદિકા' ૩૧૭
'નેમિનાથ ચંદ્રાઉલો' ૨૮૯
'નેમિનાથ ફાગુ' ૩૧૭
'નેમીશ્વરચરિત ફાગુ' ૩૧૭
'નૈષધીયચરિત કાવ્ય' ૨૮૭, ૨૯૫, ૨૯૬, ૩૦૦, ૩૦૧
નોંઘણજી ૧ લો–ગૂહિલ (પાલીતાણા) ૧૩૭
—૨ જો–ગૂહિલ (પાલીતાણા) ૧૩૭
—૩ જો–ગૂહિલ (પાલીતાણા) ૧૩૭
નોંઘણજી–ગૂહિલ (શિહોર) ૧૩૫
નોંઘણજી–જાડેજા (કચ્છ) ૧૧૮
નોંઘણજી–જાડેજા (મોરબી) ૧૨૫
નૌતનપુર (જામનગર) ૪૮૭
નૌતમદખાન ૩
નૌરંગખાન ૩૯
'ન્યાયખંડનખાદ્ય' ૩૦૦
'ન્યાયાલોક' ૩૦૦
ન્યૂઝીલૅંડ ૧૬૯
ન્યૂયોર્ક
—મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઑફ આર્ટ ૪૭૪, ૪૭૫, ૪૮૦
પચાણજી ૧૨૩
પટણા ૨૬૭
પડધરી ૧૨૨, ૧૨૫
પતરામેલ ૧૩૯
પતાઈ રાવળ ૧૪૫, ૧૪૬
પત્તનનગર ૨૯૯
'પદવ્યવસ્થા–કારિકા' ૨૯૭
'પદ્મચરિત' ૨૯૨
પદ્મનાભ ૩૧૬
'પદ્મપુરાણ' ૪૨૫
પદ્મસાગરગણિ ૧૪, ૨૮૯, ૩૭૬
પદ્મસિંહ ૩૭૨, ૪૨૩
પદ્મસુંદર ૧૨, ૩૭૨
'પદ્માવતીની વાર્તા' ૩૧૪
પરમાણંદ–પૂંજાસુત ૩૦૭
પરમાનંદ ૩૭૪
પરમાર વંશ ૧૩૨–૧૩૫
'પરશુરામનું આખ્યાન' ૩૦૬
પહાડખાન ૧ લો ૧૫૫
પહાડખાન ૨ જો ૧૫૭
'પંચીકરણ' ૩૦૯
પંજાબ ૫૧, ૨૩૭
—મ્યુઝિયમ ૨૩૭, ૨૩૮
પાટડી ૭૧, ૧૪૯, ૧૬૧
પાટણ ૬–૮, ૧૦, ૧૩, ૧૭, ૧૮, ૨૬, ૩૬–૪૧, ૪૫, ૪૭, ૭૭, ૮૧, ૮૨, ૮૫, ૧૦૯, ૧૧૧, ૧૧૩, ૧૪૭, ૧૫૦, ૧૫૩, ૧૫૪, ૧૫૭, ૧૮૬, ૧૮૮, ૧૮૯, ૧૯૨, ૨૨૩, ૨૨૪, ૨૪૪, ૨૪૯, ૨૫૦, ૨૫૨, ૨૫૪, ૨૬૩–૨૬૫, ૨૯૦, ૨૯૫, ૨૯૯, ૩૦૨, ૩૧૦, ૩૧૬, ૩૫૦, ૩૫૨, ૩૫૬, ૩૫૮, ૩૬૨, ૩૬૯–૩૭૧, ૩૭૫, ૩૭૬, ૩૯૦, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૪૦૨, ૪૦૩, ૪૦૫, ૪૦૭, ૪૨૩, ૪૨૮, ૪૪૩, ૪૭૬, ૪૭૭, ૪૭૮–૪૮૦, ૪૮૯, ૪૯૧

—કુંભારિયા પાડાનું જૈન મંદિર ૪૭૮
—ખારી વાવ ૪૧૦
—ઘાંઘેર પાડાનું જૈન મંદિર ૪૭૮
—વાડી પાર્શ્વનાથનું મંદિર ૪૭૪, ૪૮૦
પાણિનિ ૨૯૭
'પાણિનિદ્વ્યાશ્રય' ૩૦૧
પાણીપત ૪, ૩૩, ૩૪, ૩૨૪
'પાતંજલયોગસૂત્ર-વૃત્તિ' ૩૦૦
પાદરા ૧૭૯
પારકર ૪૨૫
પારનેરા ૧૭૭
'પારસી નામમાલા' ૩૭૭
'પારસ્કર ગૃહ્યસૂત્ર' ૩૦૩
'પાર્વતી-લક્ષ્મીસંવાદ' ૩૧૨
'પાર્શ્વનાથચરિત્ર' ૨૮૯
પાર્શ્વનાથસૂરિ ૩૧૬
પાર્શ્વનાથસ્તુતિ ૨૯૭
પાલડી ૩૨૧
પાલણપુર (પાલનપુર) ૨૬, ૨૮, ૬૪, ૯૫, ૧૫૪–૧૫૭, ૨૬૬, ૨૭૭, ૩૧૯, ૩૧૮, ૩૮૩, ૪૦૭, ૪૨૧, ૪૯૧
'પાલનપુર રાજ્યનો ઇતિહાસ' ૧૬૭
પાલાનદેવ ૧૪૬
પાલીતાણા ૧૩૬, ૧૩૭, ૩૧૬
પાવાગઢ ૩૫, ૧૦૩, ૧૮૦, ૧૮૧, ૨૫૮, ૩૬૩, ૩૬૮, ૪૨૪, ૪૩૯, ૪૮૯, ૪૯૧
પાંઢરશીંગા ૪૯૨
'પાંડવગીતા' ૩૦૬
'પાંડવવિષ્ટિ' (કૃષ્ણ-કૃત) ૩૦૫–૩૦૬
'પાંડવવિષ્ટિ' (ભાઉ-કૃત) ૩૦૬
'પાંડવાશ્વમેધ' ૩૧૩
પાંડુરંગ પંડિત ૧૬૧
પિપળિયા ૧૫૨
પિલાજીરાવ ગાયકવાડ ૯૮, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૬, ૧૩૬, ૧૫૮, ૧૭૮–૧૮૧, ૧૮૩, ૧૯૦, ૨૮૩
પિંડતારક (પીંડારા) ૩૬૫
પીજ ૩૧૩
પીરખાન (ખાનજહાં લોદી) ૬૦
પીરખાન ૧૧૬
પીરમહંમદશાહ ૪૫૫
પીરાન પીર ૪૪૮
પીંઢારા ૪૩૮
પુણે (પૂના) ૩૮૯
પુણ્યવિજય, મુનિ ૪૮૫
પુનાદરા ૪૨૪
પુરંદર ૧૪૮
'પુરાતત્ત્વ' ૧૫
પુરુષોત્તમજી ૩૩૪, ૩૩૫
પૂના ૧૧૧, ૧૪૫, ૧૬૧, ૧૭૬, ૧૮૭
પૂંજો–પરમાર ૧૩૪
પૂંજો ૩ જો–રાઠોડ ૧૪૧
પૃથ્વીપાલકસિંહ ૧૪૭
પૃથ્વીસિંહ (પરમાર) ૧૩૪
પૃથુરાજ (પ્રથમરાજ)–ખીચી ચોહાણ (છોટાઉદેપુર) ૧૪૫

પૃથુરાજ ૨ જો (ખીચી ચૌહાણ)–
(બારિયા) ૨૪૬
પૃથુરાજ (પૃથ્વીરાજ)–ગૂહિલ
(રાજપીંપળા) ૧૩૮
'પૃથ્વીચંદ્રચરિત' ૩૧૭
પૃથ્વીરાજ–ગૂહિલ (પાલીતાણા) ૧૩૭
પૃથ્વીરાજ–ઝાલા (વાંકાનેર) ૧૩૦, ૧૬૫
પૃથ્વીરાજ–ઝાલા (હળવદ) ૧૨૭, ૧૨૯
પેગુ ૨૬૪, ૨૬૫
પેટલાદ ૭, ૮, ૨૬, ૫૫, ૭૬, ૮૧,
૯૨, ૧૦૩, ૧૦૫, ૧૦૮,
૧૧૧, ૧૫૭, ૧૫૮, ૧૭૯,
૧૮૧, ૧૮૬, ૨૪૮, ૨૪૯,
૩૫૦, ૪૪૩, ૪૮૯, ૫૦૩
પેથાપુર ૧૪૧, ૧૪૫
પેસાત્રલ ૩૭
પેસ્તન ખોરશેદ ૩૮૮
પોચો–પૂંજાસુત ૩૦૮
પોઠો ૩૦૮
પોરબંદર ૧૦૫, ૧૨૧, ૧૨૬, ૧૩૯,
૧૫૧, ૧૬૩, ૨૩૭, ૨૪૧,
૨૪૨, ૩૬૮, ૪૨૪,
—જૂના દરબારગઢ ૪૭૮
—સરતાનજીનો ચોરો ૪૭૮
પોશીતરા ૧૩૯, ૧૪૦
'પોષણ પ્રકરણ' ૨૯૦
પોળો ૧૪૧, ૧૪૩
પ્રણામી સંપ્રદાય ૧૨૦
પ્રતાપગઢ ૧૪૨
પ્રતાપરાવ ૧૦૭
પ્રતાપસિંહજી ૧૨૮, ૧૩૪, ૧૪૫,
૧૪૬
પ્રતિષ્ઠાસોમ ૧૨
પ્રથીરાજ–પૃથ્વીરાજ (ઝાલા–હળવદ)
૧૬૫
પ્રથીસિંહ ૧ લો (પરમાર–સૂંથ) ૧૩૪,
૧૩૫
૨ જો (પરમાર–સૂંથ) ૧૩૫
૩ જો (પરમાર–સૂંથ) ૧૩૫
'પ્રદ્યુમ્નચરિત' ૨૯૫
'પ્રદ્યુમ્નચરિત્ર' ૨૯૦
'પ્રબોધમંજરી' ૩૦૯
પ્રભાચંદ્રગણિ ૧૭
પ્રભાસક્ષેત્ર ૩૬૩, ૩૬૫
પ્રભાસ પાટણ ૮, ૧૮, ૭૯, ૨૩૪,
૨૪૫, ૨૯૮, ૩૬૯, ૩૯૦,
૪૩૪
—સોમનાથ મંદિર ૪૩૪
'પ્રમાણવાદાર્થ' ૩૦૧
પ્રમોદમાણિક્ય ૧૫
'પ્રવચનપરીક્ષા' ૨૮૮
પ્રહ્લાદાખ્યાન'–ભાણદાસકૃત ૩૧૦
પ્રહલાદાખ્યાન'—રઘુનાથકૃત ૩૧૪
'પ્રાકટ્યસિદ્ધાંત' ૧૯, ૩૬૭
પ્રાકૃત વ્યાકરણ' ૩૬૪
પ્રાગદાસ ૪૪
પ્રાગમલજી ૧ લો ૧૧૮, ૧૧૯, ૧૨૫,
૪૩૮
પ્રાણનાથ ૩૧૨
પ્રાણાવંતી ૧૬૫
પ્રાંતિજ ૧૪૪, ૪૦૭
પ્રીતમ ૩૧૪
પ્રેમાનંદ ૧૯, ૨૪૪, ૨૮૬, ૨૮૭,
૩૧૦, ૩૧૨, ૩૧૫

ફખરુદ્દીન ૧૫૪
ફખરુદ્દૌલાહ ૧૧૨
ફખરુદ્દૌલાહખાન ૧૧૧
ફતેપુર ૧૪૮, ૧૪૯
ફતેહખાન ૪૫
ફતેહખાન શેરવાની ૪૫
ફતેહખાન, દીવાન ૧૫૬
ફતેહપુર સીકરી ૧૨, ૩૭, ૩૯, ૪૦, ૨૯૪, ૩૭૯, ૩૮૦, ૩૮૬
ફતેહબાગ ૨૫
ફતેસિંહ કાયસ્થ ૯૩
ફત્હખાન કુત્બખાન ૩૫
ફયઝ મુહમ્મદ ૩૩૦
ફરહતુલમુલ્ક ૩૨૮
'ફરહંગે કારદાના' ૬
ફરીદ શેખ ૫૨
ફર્રુખસિયર ૬, ૧૧, ૯૧, ૯૪, ૯૬, ૨૨૨, ૨૨૮, ૨૩૧–૨૩૩, ૨૪૦, ૨૪૧, ૨૪૭, ૨૫૧, ૨૭૩, ૩૨૨
'ફલવર્ધિપાર્શ્વનાથ-માહાત્મ્ય' ૨૯૪
ફાઇઝ ૯
ફાર્બસ ગુજરાતી સભા ૧૯
ફાંગ ૩૦૮
ફિદાઉદ્દીનખાન ૧૧૦, ૧૧૧, ૧૫૮–૧૬૦, ૧૮૬
ફિન્ચ, વિલિયમ ૫૪, ૨૭૯
ફિરિશ્તા, મુહમ્મદ કાસિમ ૩
ફીદાઈખાન (ખાજા રાજકરણ ભવાનીદાસ) ૩૨૦
ફીરોજશાહ તુગલુક ૪૧૨
ફીરોઝખાન ૧ લો ૧૫૫, ૧૫૬
૨ જો ૧૫૬
ફીરોઝખાન જાલોરી ૯૫
ફીરોઝ બિન કાઉસ ૫
'ફુતુહાતે આલમગીરી' ૨૫૦, ૩૨૦
ફુદ્રતુલ્લાહ સાદિકી ૪
ફેદ ૩૦૫
ફૂલજી ૧૬૩
ફૂલપરા ૫૦૪
ફોયુઝ-ઉલ્-કુદ્દસ ૩૨૭
ફોર્બ્સ, જેમ્સ ૮૬
ફ્રાન્સ ૨૮૩
ફ્રાયર (ફ્રિયર), જહોન ૧૭૨ ૨૬૪, ૨૮૨, ૫૦૩, ૫૦૪
'બકદાલ્ભ્ય આખ્યાન' ૩૦૭
બકીરખાન ૬૧
બકીરબેગ ૬૬
બખ્શુમિયા ૩૨૧
બગદાદ ૨૬૦, ૪૪૮
બચો પંડિત ૧૪૩
બજાણા ૧૩૧
બટેવિયા ૪૯૬
બદનસિંહ ૧૩૫
બદાઊની, અબ્દુલ્કાદિર ૧, ૨, ૨૯
બદાત શેઠ ૪૫૪
બદ્રુદ્દીન ૪૪૫
બનાજી શેઠ ૩૮૯
બનારસ
—ભારત કલાભવન સંગ્રહાલય ૪૯૧
બનોજી ૧૩૭
બરહમન ૩૨૧

'બરાસકસ્તૂરીની વાર્તા' ૩૧૪
બરિઅચરાજ ૧૩૩
બર્જેસ ૪૧૧, ૪૮૦
બર્ડ, જી. ૩૨૦
બલદેવ ૧૪૭
બલુચપુર ૫૭, ૫૯
બસરા ૧૯૦
બસો લિંગદેવ ૧૯૦
બહમન બિન હોર્મઝ દિયાર સંજાણા ૩૨૩
બહલુલ લોદી ૩૪
બહાદુર (શાહજાદો) ૩૩, ૩૪, ૫૦, ૫૨
બહાદુરખાન (ખાનજહાં કોકા) ૭૧, ૭૪, ૭૫
બહાદુરખાન દીવાન ૧૫૭
બહાદુરખાન બાબી ૧૨૫, ૧૪૯, ૧૫૨, ૧૫૩
બહાદુર ફીરોઝ ૫૩
બહાદુરશાહ મુઘલ ૮૯, ૯૭, ૩૮૪, ૩૮૫
બહાદુરશાહ સુલતાન (ગુજરાત) ૩૫, ૩૬, ૧૬૮
બહાદુરસિંહજી સિંઘી ૪૮૭
બહેચરાજી ૧૬૬
બહેરામખાન ૩૭, ૪૪
બંગાળ ૬૭, ૭૦, ૨૬૪, ૨૬૫, ૫૦૧
બાકરોલ ૪૬૯
બાકલકુ ૩૬૩
બાગરાજ ૧૩૩
બાગલાણ ૧૭૭, ૩૧૦
બાજીરાવ ૧ લો ૧૦૩, ૧૦૬, ૧૧૦, ૧૫૮, ૧૬૧, ૧૮૦, ૧૮૨, ૧૮૫
બાજી રાવળ ૧૪૬
બાઝ બહાદુર ૪૪
બાકુઆ ૪૨૬
બાણુ ભટ્ટ ૧૪, ૨૯૫
'બાદશાહનામહ' ૩
બાન્ટમ ૪૯૯
બાપુસાહેબ પાટણકર ૪૧૯
બાબર ૧, ૩૩, ૩૪, ૩૭૮
'બાબરનામા' ૩૪
બાબી વંશ ૧૪૯–૧૫૪
બામણિયોજી ૧૨૩, ૧૨૪
બામનવા ૧૩૩
બાયડ ૧૪૪
'બારમોલ' ૧૪
બાગ ૧૮૫, ૧૮૭
બારિયા ૧૪૬
બારેજા ૫૫, ૩૦૫, ૪૦૭
બાલકૃષ્ણજી ૩૬૬
'બાલગોપાલસ્તુતિ' ૪૮૮
બાલાજી બાજીરાવ ૨૪, ૧૧૪, ૧૮૬, ૧૮૯
બાલાજી વિશ્વનાથ ૮૮, ૮૯, ૧૭૭
બાલાપુર ૧૫૫
બાલાશંકર પંડિત ૪૮૯
બાલાસિનોર ૫૬, ૧૦૯, ૧૧૨, ૧૮૩
બાલંભા ૧૧૮
બાવળા ૩૧૪
બિક્રમસિંહ ૧૩૪
બિજાપુર ૭૦

બિયાના ૧૭૩
બિસનપુર ૧૪૮
બિહાર ૨૬૭, ૩૭૦
બિહારીમલ્લ ૧૨
બીકાનેર ૧૫
બીજભાણ ૧૩૩
બીબીપુર ૧૬
બીલખા ૧૫૨
બીલપાડ ૫૩
બુથિયર, જ્યોર્જ ૩૮૮
બુરહાન (નિઝામશાહ ૧ લો) ૨૬૦
બુરહાનપુર ૫૯, ૭૦, ૭૫, ૮૩, ૮૪, ૧૬૯, ૧૭૭, ૧૭૮, ૨૫૦, ૨૮૧, ૩૧૧, ૪૯૯
'બુરહાનુલ્ફુતૂહ' ૪
બુલંદખાન ૯૧
બૂટા પાલડી ૩૯૦
બૂટિયા ૩૦૯
બૂદનખાન ૧૫૫
બેટશંખોદ્ધાર ૧૩૯, ૩૬૫, ૩૬૮
બેહારબખ્ત ૧૦, ૧૧
બેગર ૧૭૪
બેરજા ૪૨૩
બેલા ૧૩૩
બેરટ, ફ્રેરન ૧૭૧, ૧૭૨
'બોડાણા આખ્યાન' ૩૯૧
બોરસદ ૫૩, ૧૧૧, ૧૪૪, ૧૫૧, ૧૮૬
બોનિંયા ૨૬૪
બોલનઘાટ ૭૧
બોસ્ટન ૪૮૯
'બ્રહ્મલીલા' ૩૦૯
બ્રાઉન, ડબ્લ્યુ નોર્મન ૪૮૮
બ્રેટન, ફ્રાંસિસ ૧૭૩
બ્લેકમેન, જેરેમી ૧૭૩
'ભક્તામંજરી' ૩૦૯
'ભક્તામરસ્તોત્ર' ૨૯૧, ૨૯૩, ૩૧૭
'ભક્તામરસ્તોત્રવૃત્તિ' ૨૯૫
'ભક્તિતરંગિણી' ૩૦૩
ભગતસિંહજી ૧૨૮, ૧૩૦, ૧૩૧
'ભગવદ્ગીતા' ૩૦૬, ૩૦૭, ૩૦૯, ૩૧૪, ૩૧૫
ભગવંતરાવ ૧૩૨, ૧૬૧
ભગવાનદાસ કાયસ્થ ૩૦૭
ભગવાન વૈષ્ણવ ૩૦૮
ભદ્રેશ્વર ૩૭૦
'ભરતેશ્વર બાહુબલિઘોર' ૩૧૬
'ભરતેશ્વર બાહુબલિ રાસ' ૩૧૬
ભરૂચ ૧૦, ૧૮, ૨૬, ૩૬, ૩૮–૪૦, ૪૬, ૪૭, ૫૨, ૫૯, ૭૧, ૭૩, ૭૯, ૮૦, ૮૪–૮૬, ૯૦, ૯૩, ૯૪, ૧૦૧, ૧૧૧, ૧૧૨, ૧૫૭, ૧૭૦, ૧૭૧, ૧૮૪, ૧૮૫, ૧૮૭, ૧૯૨, ૨૩૬, ૨૫૧, ૨૬૫, ૨૬૬, ૨૭૯, ૨૮૨, ૩૦૫, ૩૧૦, ૩૧૧, ૩૧૯, ૩૨૪, ૩૨૬, ૩૫૪, ૩૫૬, ૩૬૫, ૩૮૯, ૩૯૭, ૪૦૭, ૪૨૦, ૪૪૩, ૪૪૭, ૪૯૧, ૪૯૭, ૫૦૧, ૫૦૨

ભર્તૃહરિ ૩૯૩
ભવાનીરામ ૨૫૯
ભંડારિયા ૧૩૬
ભાઈલા કોઠારી ૩૬૭
ભાઉ ૩ ૬
ભાઉ મૂળજી (ભગવાનદાસ) ૩૦૭
'ભાગવત' ૩૦૫, ૩૦૭, ૩૧૨, ૩૬૫, ૪૯૨
—ષષ્ઠ સ્કંધ ૩૦૭
—દશમ „ ૪૮૮, ૪૮૯
—એકાદશ સ્કંધ ૩૦૬, ૩૦૭
'ભાગ્યમહોદય' ૩૦૩
ભાટિયા આસર ઠક્કર ધનરાજ ૪૩૨
ભાડલા ૧૨૪
ભાણ ૧૩૩
ભાણચંદ્ર (ભાનુચંદ્રગણિ) ૨૯૪
ભાણજી—કણબી દેસાઈ (પાટડી) ૧૪૯
ભાણજી ૭ મો ૧૨૨, ૧૨૬
— ૮ મો ૧૨૬
ભાણદાસ ૩૧૦
'ભાણનો સલોકો' ૧૯
ભાણસિંહજી ૧૩૭
ભાદર ૨૩૫, ૪૦૭
ભાદ્રોડ ૪૨૪
ભાનુચંદ્રગણિ ૧૩–૧૫, ૨૯, ૨૮૫, ૨૮૮, ૨૯૪, ૨૯૫, ૩૭૨
'ભાનુચંદ્રગણિચરિત' ૧૪, ૨૯૫
ભાનુપ્રભસૂરિ ૧૭
ભાયલી ૧૭૯
ભાયાવદર ૧૨૫
ભારમલ ૧ લો ૪૯, ૧૧૭, ૧૧૮, ૧૬૨, ૩૭૧, ૪૩૦
ભારાજી જાડેજા ૧૬૩
ભારોજી—ગૂહિલ ૧૩૭
ભારોજી—ઝાલા—વાંકાનેર ૧૩૦
ભાલણ ૨૮૬, ૩૦૫, ૩૬૨
ભાલેજ ૩૧૧
ભાવનગર ૨૦, ૨૨, ૨૫, ૧૦૫, ૧૩૬, ૩૦૩, ૩૬૩
ભાવવિજયમુનિ ૨૯૭
'ભાવશતક' ૨૯૧
ભાવસિંહજી—કણબી—દેસાઈ ૧૪૯, ૧૮૪, ૧૮૫
ભાવસિંહજી—ગૂહિલ ૧૩૬
'ભાષાવિચિત્ર' ૩૦૮
ભાસ્કર ૧૦૩, ૨૯૬
ભીનમાલ ૩૯૦
ભીમ ૧૬૪, ૨૯૩, ૩૬૭
ભીમ ગુજરાતી ૪૮૩
ભીમજી ૧૩૯, ૨૪૯
ભીમદેવ ૧૩૪
ભીમસિંહ, ખીચી ચૌહાણ ૧૪૭
—સિસોદિયા ૭૬
ભીમસેન કાયસ્થ ૨૫૦
ભીલાપુર ૧૮૨
'ભીષ્મપર્વ' ૩૦૭
ભૂચર મોરી ૨૬, ૪૯, ૧૨૦, ૧૨૩, ૧૬૨, ૪૯૨
ભૂજ ૧૧૯, ૧૩૫, ૨૪૮, ૨૯૨, ૩૦૧, ૩૫૬, ૩૬૩, ૩૭૧, ૩૭૭, ૪૪૩, ૪૭૯, ૪૯૧

ભૂધર ૩૦૬
ભૂષણ ૩૭૫
ભૈરવસિંહ ૧૩૮
ભોજરાજજી ૧ લો–જાડેજા (કચ્છ) ૧૧૭
ભોજરાજજી ૨ જો–જાડેજા (કચ્છ) ૧૧૮, ૧૬૨
ભોજરાજજી–ઝાલા (શિયાણી) ૧૨૮
ભોજરાજ–ઝાલા (હળવદ) ૧૬૪
ભોજરાજ ૧ લો–પરમાર (મૂળી) ૧૩૨
—૨ જો–પરમાર (મૂળી) ૧૩૩, ૧૬૬
ભોજરાજજી–વાઢેર (ઓખા) ૧૩૯
'ભોજ અને લીલાવતી' ૩૧૪
ભોજો સુરતી ૩૧૨
'ભ્રમરગીતા' (નાની–મોટી) ૩૧૦
'મઆસીરે જહાંગીરી' ૩
'મઆસીરે રહીમી' ૨
મઅમૂરી ૯
મકનદાસ ૧૪૯
મકબૂલ આલમ (અબ્દુલ અઝીઝખાન) ૧૧૧
મકસુદપુર ૪૧૬
મક્કા ૧૩, ૩૯, ૪૪, ૫૦, ૨૬૦, ૨૬૪, ૨૬૮, ૩૩૦
મગનલાલ વખતચંદ ૪૪૨
'મજમઉલ્ અખબાર' ૪
મજમૂદાર, મંજુલાલ ર. ૪૮૯, ૪૯૩
મછલીપટ્ટમ ૫૦૩
'મણિકુંડદીપ' ૨૯૩
'મતિસાર' ૪૮૭
મથુરા ૧૩, ૭૧, ૩૦૯, ૩૬૬
'મથુરાલીલા' ૩૦૮, ૩૧૧
મદન ૩૮૯
મદનગોપાળ ૯૨, ૯૩, ૨૪૬, ૨૭૩
'મદનમોહનાની વાર્તા' ૩૧૪
'મદાલસા આખ્યાન' ૩૧૦
મદીના ૨૬૦
મધુસૂદન ૩૦૭
મનોહરદાસ ૩૦૬
મલકોજી ૧૪૯
મલબાર ૨૬૪, ૨૬૫
મલાયા ૨૬૫
મલિક અંબર ૫૩
મલિક ગોપી ૪૯૭
મલિકવાહણ ૧૭
મલેકખાન ૧૫૫
મલેક તાજખાન ૧૩૧
મલ્લ ૧૩૯
મલ્હારરાવ હોલ્કર ૧૪૬, ૧૫૭, ૪૧૯
મહમદ અબુલ મજદ, સૈયદ ૩૨૬
મહમદ એદ્રુસ ૪૪૭
મહમદ મકબૂલ આલમ, સૈયદ ૩૨૫
મહમદનગર ૩૨૧
મહમદશાહ (મહમૂદ બેગડો) ૩૧, ૪૫૯
મહમૂદ ગજની ૪૩૪
મહમૂદ ૧ લો–બેગડો ૬૪, ૧૩૯, ૧૪૫, ૧૪૬, ૧૪૯, ૧૬૮, ૨૩૨, ૨૩૮, ૨૭૮, ૩૫૨, ૩૯૯, ૪૦૩, ૪૦૫, ૪૧૨, ૪૩૫

મહમૂદ ૩ જો ૨૭૮
મહમૂદાબાદ (ચાંપાનેર) ૪૦૫, ૪૦૬
મહમૂદી ૧૫૩
મહમ્મદ હાદી ૩
મહાકુંવરબા ૪૩૩, ૪૬૭
મહાદેવ ૨૯૨, ૩૦૧
મહાબતખાન ૭૩, ૭૪, ૧૩૦, ૧૭૬
મહાવદાસ ૧૯, ૩૦૯, ૩૬૭
'મહાવીરસ્તુતિ' ૨૯૪
'મહિમોદયવિજય' ૩૦૧
'મહિરાવણનું આખ્યાન' ૩૦૭
મહિસા ૩૦૩
મહીપાલદેવ ૧૩૩
મહુધા ૮૮, ૧૭૮
મહુવા ૪૨૪
મહેતા, નાનાલાલ ૪૮૯, ૪૯૩
મહેદવિયા ફિરકા ૩૭૮
મહેદવી પંથ ૧૫૫
મહેમદાવાદ ૩૫, ૩૬, ૪૭, ૫૬, ૮૮, ૧૭૮, ૩૦૫, ૩૧૪, ૪૦૦, ૪૧૧
—ભમરિયો કૂવો ૪૧૧
મહેરઅલીખાન ૯૧, ૯૬, ૯૭
મહેરજી દસ્તૂર ૩૯, ૩૮૬, ૩૮૭
મહેરામણજી ૧ લો ૧૨૩, ૧૨૪
૨ જો ૧૨૪
મહેસાણા ૭, ૨૮૯, ૩૯૦, ૪૪૩
મહોબતખાન ૭, ૧૧૨
મંસૂઈખ્ત અકબર ૩૨૫
મંડલિક, પરમાર ૧૩૫
'મંત્રાંશરોમણિ' ૨૯૪
'માઘ કાવ્ય' ૩૦૦
માણસિયો ૧૪૦
માણિક્યચંદ્રસૂરિ ૩૧૭
માણેક-વાઘેરો ૧૩૯
માણેકચંદ ૬૮, ૬૯, ૩૭૫
માતર ૪૦૭, ૪૮૫, ૪૮૬, ૪૮૮, ૪૯૧, ૫૦૩
માથક ૧૩૨
માધવ ૩૧૦
માધવ ગુજરાતી ૪૮૩
માધવદાસ, કાયસ્થ ૩૦૯
માધવદાસ, નાગર ૩૨૨
માધવપુર-ઘેડ ૧૨૦, ૧૨૭, ૩૬૫, ૩૬૮, ૪૨૪
માધવરાવ પંડિત ૧૪૯
માધવસિંહજી ૧૩૦
માનકુશલ ૧૮
માનખેતરા ૪૨૨
માનજી ૧૬૫
માનવિજયગણિ ૩૦૨
માનસિંહ, આચાર્ય ૩૭૪
માનસિંહ-ખીચી ચૌહાણ (બારિયા) ૧૪૬
માનસિંહજી-ઝાલા (વાંકાનેર) ૧૨૯, ૧૬૫
માનસિંહ-ખીચી (હળવદ) ૧૨૭
માનસિંહ-પરમાર (દાંતા) ૧૩૪
માનસિંહ મોરે ૧૭૮
માનસિંહ-સોલંકી (લુણાવાડા) ૧૪૭
'મામેરું' (કૃષ્ણદાસ કૃત) ૩૦૬
'મામેરું' (પ્રેમાનંદ કૃત) ૩૧૦
મારવાડ ૭૬, ૭૯, ૮૧, ૮૨, ૧૦૧, ૧૩૮, ૧૪૬, ૧૫૫, ૨૪૪

માર્ટિન આલ્ફેન્સો-દ-મેલો ૫૧
માર્તબાન ૨૬૪
માલદીવ ૨૬૪
માલદે રાજા (જોધપુર) ૨૯૨
માલદેવ ચૌહાણ (જાલોર) ૧૫૪
માલપુર ૧૦, ૨૨૪, ૨૨૫, ૨૪૦, ૨૬૭, ૩૦૨
માલસિંહજી ૧૪૬
માલો રાણો ૧૪૭
માસિંધજી મેઘજી ૩૭૨
માસૂમ કુલીખાન ૯૮
માસૂમખાન ૧૨૪
માસૂમ ભક્કરી, મીર ૪૬
માસૂમાબાદ ૧૨૪
માહાવસિંહ–પરમાર (સુંથ) ૧૩૫
માહાવસિંહ–સોલંકી (લુણાવાડા) ૧૪૭
માળવા ૧૮, ૩૪, ૩૫, ૩૯, ૪૭, ૫૦, ૫૧, ૫૩, ૫૭, ૬૬, ૬૮, ૯૯, ૧૦૧, ૧૭૭, ૧૮૦, ૧૯૨, ૨૦૩, ૨૦૬, ૩૨૦
માળિયા (મિયાણી) ૧૨૫, ૧૬૨, ૧૬૫
માંગરોળ ૭, ૮, ૧૪, ૪૫, ૪૯, ૭૯, ૧૨૬, ૧૫૪, ૧૮૭, ૨૬૬, ૩૧૫, ૩૧૯, ૩૫૬, ૩૬૮, ૪૨૨, ૪૩૭
માંડલ ૨૯૦
માંડવગઢ ૧૫
માંડવા (જૂના–નવા, જિ. વડોદરા) ૧૪૬
માંડવા (જિ. મહેસાણા) ૫૩
માંડવા (તા. કપડવણજ)
—કૂવો ૪૧૧
માંડવી ૨૬, ૧૩૭, ૩૫૮, ૪૨૩, ૪૨૯,
—સુંદરવર મંદિર ૪૬૯
માંડુ ૫૫, ૫૮
મિડલ્ટન, હેન્રી ૧૭૧
મિત્રસેન ત્રિવેદી ૨૫૧
મિયાન ૪૪૮
'મિરઆતુલ્ હિંદ' ૬, ૩૨૯
મિરાત-ઉલ્-કુરન' ૩૨૭
'મિરાતે અહમદી' ૬, ૭, ૨૪, ૪૩, ૫૩, ૬૪, ૬૯, ૭૪, ૭૮, ૮૬, ૮૯, ૯૨, ૯૬, ૧૦૭, ૧૬૧, ૧૭૮, ૨૦૦, ૨૪૪, ૨૪૫, ૨૫૦, ૨૫૨, ૨૬૯, ૨૭૦, ૨૭૩-૨૭૭, ૩૨૪-૩૨૬, ૩૬૮-૩૭૦ ૩૮૩, ૩૯૧, ૩૯૨, ૩૯૯, ૪૦૦, ૪૦૫, ૪૦૬, ૪૦૯, ૪૨૪, ૪૨૫, ૪૩૪, ૪૩૯, ૪૨૭
'મિરાતે એહમદીની પુરવણી' ૬
'મિરાતે સિકંદરી' ૨, ૩૨૪, ૩૨૫, ૪૦૯
મીઠાલાલ ૩૨૪
મીઠુ મહારાજ ૩૧૫, ૩૬૩, ૩૬૪
મીરખાન ૩૭
મીરઝાખાન (અબ્દુર્ રહીમખાન) ૪૭
મીરાં ૩૬૪
મુઆઝમપુર ૮૧
મુઇઝ-ઉલ્-મુલ્ક ૩૭૪
મુકર્બખાન ૫૪, ૫૫, ૧૯૯

મુક્તિસાગર ઉપાધ્યાય ૧૬
મુકુંદ ૩૧૨
મુકુંદરાય ૩૨૧
મુખતારખાન ૭૮
'મુખ્તસર તારીખે ગુજરાત' ૫
મુજાહિદખાન ૩૫, ૩૭
મુજાહિદખાન ૧ લો (મુઝા મલેક) ૧૫૫
મુજાહિદખાન ૨ જો ૧૫૫, ૧૫૬
મુઝફ્ફરખાન ૧૪૯
મુઝફ્ફરશાહ ૨ જો ૩૩, ૩૪, ૨૭૮
મુઝફ્ફરશાહ ૩ જો ૩૬, ૩૭, ૪૦, ૪૨, ૪૬–૫૦, ૫૨, ૮૬, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨૬, ૧૩૯, ૧૪૮, ૪૪૪
મુઝફ્ફરશાહ ગુજરાતી, સુલતાન ૨૭૬
મુઝફ્ફરહુસેન ૪૪
મુઝા મલેક (મુઝાહિદખાન ૧ લો) ૧૫૫
મુતામદખાન ૨૪, ૬૯
મુનશી, ઠાકોર ૬
મુનશી, હિરમ ૪
'મુન્તખબુત્ તવારીખ' ૧, ૨, ૪
'મુન્તખબુલ્ લુબાબ' ૩
'મુન્તખિબ ઉત્ તવારીખ' ૩૨૦
મુફતઉદ્દીન ૧૫૧
મુફ્તખીરખાન (મોમીનખાન ૨ જો) ૧૧૦, ૧૧૧, ૧૫૯, ૧૬૦, ૧૮૬
મુબારક બુખારી સૈયદ ૩૨૫
મુબારિઝખાન બાબી ૭૯
મુમતાઝ મહલ ૬૦
મુરાદબક્ષ ૪, ૨૪, ૨૫, ૫૦, ૬૭–૬૯, ૭૧, ૭૨, ૧૫૩, ૨૨૧, ૨૨૭, ૨૩૦–૨૩૨, ૨૬૭, ૨૭૨, ૩૫૫, ૩૭૫
મુરારિ કવિ ૩૦૮, ૩૬૨
મુરાવજુદ્દીન ૬૮
મુર્તઝાખાન ૪૧૫
મુર્તઝાખાન બુખારી ૫૨, ૮૬, ૩૫૪, ૪૪૬, ૪૪૭
મુલતાન ૭૦, ૨૩૭
'મુલકૂઝે કબીરી' ૩૨૯
મુહમ્મદ અકબર ૨ જો ૧૦, ૧૧, ૨૨૩, ૨૩૭, ૨૩૯
મુહમ્મદ અકરામ કાઝી ૮૧, ૨૬૧, ૪૫૨
મુહમ્મદ અનવરખાન બાબી ૪૫૪
મુહમ્મદ અમીનખાન ૭૬–૭૮, ૧૪૨, ૪૧૮, ૪૪૯
મુહમ્મદ અમીન મશ્હદી ૩૫૫
મુહમ્મદ અલી ૪, ૯૨, ૧૦૭, ૪૧૪, ૪૫૪
મુહમ્મદ આઝમ ૮૪
મુહમ્મદ કાસીમ ફિરિશ્તા ૩
મુહમ્મદ કાસીમ બિન અબ્દુર્ રહેમાન ૫
મુહમ્મદ કાસીમ, સરદાર ૮૯
મુહમ્મદખાન ૩૯, ૯૧, ૯૯, ૧૧૨, ૧૬૧, ૧૭૮, ૨૬૯
મુહમ્મદ ઝહીદબેગ ૬૮
મુહમ્મદ જોનપુરી ૬૪
મુહમ્મદ ઝમાન મીરઝા ૩૫

મુહમ્મદ ઝહીદ બેગ ૨૬૭
મુહમ્મદ-નજમ-ઇ-સની ૧૦૫
મુહમ્મદ નિઝામુદ્દીનખાન ૩૨૭, ૪૫૨
મુહમ્મદ નૂરુદ્દીન ૩૨૬
મુહમ્મદ ફાઝેલ ૩૩૦
મુહમ્મદ ફર્રુખશિયર ૨૪
મુહમ્મદ બકીર ૬૧
મુહમ્મદ બહલોલ શેરવાની ૭૭, ૧૪૨
મુહમ્મદ બહાદુર બાબી ૯૯
મુહમ્મદ બિન હૈદર નરાકી ૯
મુહમ્મદ બીદર બખ્ત ૮૪, ૮૫
મુહમ્મદ બેગખાન ૮૪, ૮૮–૯૧
મુહમ્મદ મુઆઝમ ૮૯
મુહમ્મદ મુબારિઝ ૮૦
મુહમદ મોઅઝીમ ૩૨૦
મુહમ્મદ રફી ૨૪, ૪૫૬
મુહમ્મદ લતીફ ભરૂચી ૬,૩૨૮
મુહમ્મદશાહ (મુઘલ) ૬, ૧૦, ૨૪, ૯૯, ૧૧૨, ૧૨૪, ૨૨૨, ૨૨૮–૨૩૩, ૨૩૫, ૨૪૧, ૨૭૦, ૨૭૩, ૨૮૩, ૩૨૫, ૪૪૮
મુહમ્મદ શેખ ૩૩૦
મુહમ્મદ સલિહ કમ્બુ ૩
મુહમ્મદ સલિહ બુખારી ૨૫૪
મુહમ્મદ સાફીખાન ૫૫,૫૯, ૪૦૭
મુહમ્મદ સાલેહ (પીરવાળા) ૩૨૯
મુહમ્મદશાહ હ. પીર ૩૨૮
મુહમ્મદ હસન (અલી મુહમ્મદખાન) ૩૨૪
મુહમ્મદ હાદી ૩
મુહમ્મદ હાદી–કામવરખાન ૪
મુહમ્મદ હાશીમખાન ૭૫
મુહમ્મદ હુસેન ૩૯–૪૧
મુહમ્મદાબાદ (ચાંપાનેર) ૩૫, ૧૨૮
'મુહૂર્તગણપતિ' ૩૦૨
'મુહૂર્તદીપક' ૩૦૧
મુંજપુર ૭, ૧૧૩, ૧૫૦, ૧૫૩, ૧૫૪, ૧૮૮, ૩૬૯, ૪૨૫, ૪૨૯
મુંદ્રા ૧૧૮, ૧૧૯
મુંબઈ ૧૯, ૧૭૪, ૨૨૮, ૨૮૨, ૨૮૩, ૩૨૯, ૩૮૯, ૫૦૪
—પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ ૪૯૧
મૂલજી ભટ્ટ ૩૧૫
મૂલદેવ ૧૪૭
મૂલરાજ ૧૩૮
મૂસા સુહાગ ૪૫૦
મૂળ ગોમતા ૩૬૫
મૂળ દ્વારકા ૩૬૮, ૪૨૪
મૂળરાજ સોલંકી ૧૪૭
મૂળી ૨૧, ૨૨, ૧૩૨, ૧૩૩, ૧૬૬, ૪૨૩
મૂંજોજી ૧૩૩
મેગલ ૩૦૪
મેઘજી ૧૧૮
'મેઘદૂત' (સંસ્કૃત) ૨૮૭, ૨૯૬, ૨૯૭, ૩૦૦, ૩૦૩, ૪૮૭
'મેઘદૂત સમસ્યા લેખ' ૧૮, ૩૦૦
મેઘપાલજી ૧૨૮
મેઘરાજ ૧૩૩
મેઘવિજય ઉપાધ્યાય ૧૫, ૧૮, ૩૦૦

મેડતા ૨૯૧
મેથ્વોલ્ડ ૧૭૪
મેદાનશાહ ૫૦૦
મેનુસ્સી ૫૦૬
મેન્ડેલ્સ્લો ૬૨, ૮૬, ૧૭૦, ૨૫૫, ૨૬૪, ૨૬૭, ૨૭૯, ૪૦૮, ૪૪૦, ૪૯૯, ૫૦૦
મેરવાડા ૧૫૩
મેરામણ ૧૨૨
મેરુજી ૧૩૨
મેરુવિજય ૩૦૨
મેવાડ ૩૪, ૧૪૩, ૩૬૬
મેહરી ૩૨૭
મોઆઝિમબેગ ૧૧૮
મોખડાજી ૧૩૭
મોડજી ૧૨૩
મોડાસા ૭, ૪૫, ૧૪૩–૧૪૫
મોમિનખાન દહેલમી (ફોજદાર) ૯૨, ૧૦૧, ૧૦૫, ૧૫૭, ૧૭૯
મોમિનખાન ૧ લો (જાફર નજમુદ્દૌલા) ૯, ૧૦૮, ૧૦૯, ૧૧૧, ૧૨૨, ૧૫૧, ૧૫૮, ૧૮૩–૧૮૬, ૪૫૪, ૪૫૫
મોમિનખાન ૨ જો, ૧૧૨–૧૧૫, ૧૬૦, ૧૬૧, ૧૮૯
'મોરધ્વજ-આખ્યાન' ૩૦૮
મોરબી ૪૯, ૧૧૮, ૧૨૫, ૧૨૮, ૧૩૦, ૧૩૧, ૧૫૩, ૧૬૩, ૩૬૫, ૪૦૭
મોલકરણ ૧૪૭
મોહ્યુકાસ ૨૬૪
'મોસાળાચરિત્ર' ૩૧૦
મોહતસી ૧૪૯
મોહન ૧૪૫, ૧૪૬
મોહનદાસ પારેખ ૫૦૦
મોહરાજ ૧૩૮
મોહ્યુદ્દીન ૧૫૦
મૌતમદખાન ૩
'મૌસલપર્વ' ૩૦૬
યજ્ઞેશ્વર ૩૧૧
યમન ૨૬૦
યશવંતરાવ ૧૦૬, ૧૮૩, ૧૮૬
યશસ્વત્સાગર મુનિ ૩૦૧
'યશોધરાચરિત્ર' ૨૮૯
'યશોરાજી પદ્ધતિ' ૩૦૧
યશોવિજયજી ૧૬, ૨૯૯, ૩૧૮
યાજ્ઞિકનાથ ૨૯૦
યાદગાર નઝીર મીરઝા ૩૫
યાત્રા ૯
'યુદ્ધકાંડ' ૩૦૭
યુરોપ ૫૦૩
યૂસુફખાન મલેક ૧૫૪, ૧૫૫
યૂસુફ બિન સુલેમાન ૩૮૨
'યોગવાસિષ્ઠ' ૩૦૬
'યોગવિંશિકા–વિવરણ' ૩૦૦
'યોગશાસ્ત્ર' ૨૯૬, ૩૧૭
રખીદાસ પટેલ ૩૧૪
રઘુ ૧૧૪
રઘુનાથદાસ દીવાન ૯૫, ૧૦૧, ૨૫૦, ૨૫૨, ૩૫૬
રઘુનાથરાવ (રાઘોબા) ૧૧૩, ૧૪૫, ૧૫૪, ૧૬૦, ૧૮૮, ૧૮૯, ૩૨૪

રઘુનાથ વૈષ્ણવ ૩૧૪
રઘુરામ કવિ ૨૯૨
રઘુરામ દીક્ષિત ૩૧૩
'રઘુવંશકાવ્ય' ૨૮૭, ૨૯૧, ૨૯૨, ૨૯૬, ૩૦૩
રઘુવીરસિંહજી, ડૉ, ૨૬૨
રણછોડજી અમરજી ૫
રણછોડદાસ ૧૨૭
રણછોડ ભક્ત ૩૧૩
'રણછોડજીનો શલોકો' ૩૧૪
રણમલજી, જામ જાડેજા (નવાનગર) ૭૨, ૧૨૧
રણમલજી—જાડેજા (રાજકોટ) ૧૨૪
રણમલજી કણબી દેસાઈ (પાટડી) ૧૪૯
રણમલ્લ—ઝાલા ૧૬૪
'રણમલ્લ છંદ' ૩૧૬
'રણયજ્ઞ' ૩૧૦
રણવીર ૧૬૪
રણાસણ ૧૪૨–૧૪૪
રતનજી ૧ લો—પરમાર (મૂળી) ૧૩૩
રતનજી ૧ લો—ગૂહિલ (શિહોર) ૧૩૫
રતનજી ૨ જો ગૂહિલ (શિહોર) ૧૩૩, ૧૩૬
—૩ જો ૧૩૩
રતનજી કવિ ૩૧૦
રતનપુર ૮૪
રતનસિંહ ૧ લો—પરમાર (સૂંથ) ૧૩૫
—૨ જો—પરમાર (સૂંથ) ૧૩૫
રતનસિંહ ભંડારી ૧૦૫–૧૦૯, ૧૫૦, ૧૫૯, ૧૮૨–૧૮૫, ૩૯૩
રત્નચંદ્રગણિ ૨૯૫
રત્નાગિરિ ૨૩૫
રત્નાજી ૧૨૧
રત્નેશ્વર ૩૧૨, ૩૬૨
રફી-ઉદ્-દરજાત ૯૬, ૯૭, ૨૨૨, ૨૨૮, ૨૨૯, ૨૩૧
રફી-ઉદ્-દૌલા (શાહજહાં ૨ જો) ૯૭, ૨૨૨, ૨૩૧, ૨૩૩
રવપાળ ૧૩૩
રવિવર્ધનગણિ ૩૦૧
રવિસાગર મુનિ ૨૯૦
રવોજી—જાડેજા (કચ્છ) ૧૧૮, ૧૨૫, ૧૬૨, ૧૬૫
'રસમંજરી' ૩૦૪
'રસસિંધુ' ૩૬૭
'રસાલય' ૩૬૭
'રસિકગીતા' ૩૬૭
'રસૂલનગર' ૭૭
રહમતખાન ૨૪, ૭૦–૭૨
'રંગસાગરનેમિફાગુ' ૩૧૭
રંગોજી ૧૦૮–૧૧૧, ૧૫૧, ૧૫૯, ૧૬૦, ૧૮૪–૧૮૬
રાઈટ, નેલ્સન ૨૩૭, ૨૪૧
રા'ખેંગાર—ચૂડાસમા ૧૩૬, ૧૩૭
રાઘવરાણસિંહ (વાઘસિંહ) ૧૪૭
રાઘોબા—જુઓ રઘુનાથરાવ.
રાજકોટ ૪૬, ૧૨૩, ૨૩૫
રાજધર ૧૬૪
રાજનગર (અમદાવાદ) ૨૯૩, ૨૯૯, ૩૦૧, ૩૯૯
રાજપીપળા ૪૬, ૪૭, ૫૩, ૬૧, ૧૩૭, ૧૩૮, ૧૫૩, ૧૭૮, ૨૭૫, ૩૬૮, ૪૦૭, ૪૨૪

રાજપુર ૨૩૫, ૨૯૮
રાજપૂતાના ૩૨૦
'રાજપ્રશ્નીય-સૂત્ર' ૪૮૮
રાજબાઈની કબર ૩૫૨
રાજબા વાઘેલી ૧૧૯
રાજવિજયગણિ ૩૦૨
રાજસાગરસૂરિ ૧૬, ૩૯૯, ૪૯૨
'રાજસાગરસૂરિ નિર્વાણરાસ' ૧૬
રાજસિંહજી ૧૬૩
રાજસિંહ ૭૬
રાજસીતાપુર ૧૬૪, ૪૨૩
'રાજસોહાવલી' ૪
રાજસ્થાન શૈલી ૪૮૩, ૪૯૦
રાજિમતી ૩૧૬, ૩૧૭
રાજિયા ૨૬૮, ૩૭૦, ૪૨૬
રાજુ, સૈયદ ૬૪, ૬૫, ૧૫૫, ૩૭૮, ૩૮૩
રાજેજી ૧૨૯, ૧૩૦, ૧૬૫
રાઠોડ વંશ ૧૪૦–૧૪૫
રાણપુર ૨૫, ૬૨, ૧૩૧, ૧૩૨, ૩૫૪, ૩૭૦, ૪૦૭
રાણાસુત ૩૦૭
રાણીગામ ૧૩૭
રાણીપ ૨૦૫
રાધનપુર ૯, ૧૧૩, ૧૩૨, ૧૫૦, ૧૫૩, ૧૫૪, ૧૮૮, ૨૭૪, ૨૯૭, ૪૦૭
'રાધાજીનું રુસણું' ૩૧૪
'રાધાજીનો ગરબો' ૩૧૪
'રાધાહરણ' ૩૦૭
રાપર ૧૧૯
રામકૃષ્ણ દેવજી ૩૦૩
'રામચરિત' ૨૯૨
રામજી, બ્રાહ્મણ ૨૪૯
રામજી પરમાર ૧૩૨, ૧૬૬
રામદાસ–કણબી દેસાઈ (પાટડી) ૧૪૯
રામદાસ રાજા ૪૮૬
રામદાસસુત ૩૦૫
રામદેવજી ૪થો–જેઠવા ૧૨૬
રામદેવ–પરમાર (દાંતા) ૧૩૩
રામ રાજા–સિસોદિયા ૧૪૮
રામદેવ ૧ લો સિસોદિયા (ધરમપુર) ૧૪૮
રામદેવ ૨ જો સિસોદિયા (ધરમપુર) ૧૪૮, ૧૪૯, ૧૬૭
રામનગર (ધરમપુર) ૪૪, ૫૩, ૧૪૮, ૧૬૭, ૧૯૩
રામપર ૨૬
રામભક્ત ૩૦૬
રાજારામ–છત્રપતિ (સતારા) ૧૭૭
રામવિજય ૨૯૮, ૨૯૯
રામસિંહ–ખીચી ચૌહાણ ૧૪૬
રામસિંહ–પરમાર (મૂળી) ૧૩૩
રામસિંહ–પરમાર (સૂંથ) ૧૩૫
રામસિંહ માલમ ૧૧૯, ૨૭૦, ૪૭૯
રામાયણ ૩૦૭, ૪૯૨,
રા'માંડલિક ૧૩૬, ૧૩૯
રાયગઢ ૧૪૫
રાયણ ૪૨૩, ૪૨૯
રાયધણજી ૧ લો–(કચ્છ રાવ) ૧૧૮, ૧૨૫, ૧૬૫
રાયધર–ખીચી ચૌહાણ (બારિયા) ૧૪૬
રાયધર-ઝાલા (હળવદ) ૧૧૭
રાયનારાયણ ૩૭૬

રાયબિંદ્રાવન ૪
રાયભાણ ૧૪૮
રાયમાગદ ૧૧૯
રાયસંગજી–જામ (નવાનગર) ૧૧૮
રાયસંધજી–ઝાલા (વાંકાનેર) ૧૬૫
રાયસિંહ–ખીચી ચૌહાણ (બારિયા) ૧૪૬
રાયસિંહ ૧ લો–જામ (નવાનગર) ૭૨, ૭૩
રાયસિંહજી ૧ લો–ઝાલા (હળવદ) ૧૨૭
રાય સંધજી ૨ જો–ઝાલા (હળવદ) ૧૬૪
રાયસિંહજી ૨ જો–ઝાલા (હળવદ) ૨૬, ૧૨૮
રાયસિંહજી ૧ લો ઝાલા (વાંકાનેર) ૧૨૯
રાયસિંહ ૨ જો–જામ નવાનગર ૧૨૧
રાયસિંહજી–ઝાલા (ચૂડા) ૧૩૨
રાયસિંહ–પરમાર (મૂળી) ૧૩૩
રાયસિંહ–રાઠોડ (ઈડર) ૧૦૭, ૧૪૪, ૧૪૫
રાયસાલ ૧૩૮
'રાવણ–મંદોદરી સંવાદ' ૩૧૪
રાવલ ૧૬૩
રાવલ, રવિશંકર ૪૯૨
રાવળ, જામ ૧૨૨, ૪૩૮
'રાસપંચાધ્યાયી' ૩૦૫
'રાસવર્ણન' ૩૧૩
રાંદેર ૧૭૦, ૨૭૮, ૪૯૫
રિણીગામ ૨૯૨
'રિસાલએ ફઝીલતે ઇલ્મ' ૩૨૭
'રિસાલએ હામિદિયા' ૩૩૦
રીદ, બેરન વેન ૪૨૦
રીબ ૧૨૩
રીબડા ૧૨૩
'રુક્માંગદ આખ્યાન' ૩૦૬
રુક્મિણી ૩૬૩
'રુક્મિણી–વિવાહ' (કૃષ્ણદાસકૃત) ૩૦૬
'રુક્મિણી–વિવાહ' (ગોવિંદરામકૃત) ૩૦૭
'રુક્મિણી–વિવાહ' (ધનજીકૃત) ૩૧૧
'રુક્મિણીહરણ' (દેવીદાસ ગાંધર્વકૃત) ૩૦૬
'રુક્મિણીહરણ' (પ્રેમાનંદકૃત) ૩૧૦
'રુક્મિણીહરણ' (કૂઢકૃત) ૩૦૫
'રુક્મિણીહરણ' (શેધજીકૃત) ૩૦૫
'રુક્મિણીહરણ' (હરિરામકૃત) ૩૦૭
રુદ્રજી ૯
રુસ્તમઅલીખાન ઉમરાવ ૧૦૧, ૧૦૭ ૧૭૯, ૧૮૦, ૨૮૩
'રુસ્તમકુલીનો શ્લોકો' ૧૯
રુસ્તમખાન નાયબ ૫૭, ૪૧૬
'રુસ્તમ બહાદુરનો પવાડો' ૩૮૪
રુસ્તમ માણેક ૩૮૭, ૩૯૫
'રૂપકમાલા' ૨૯૧
રૂપચંદ ૫૪
'રૂપચંદકુંવરરાસ' ૩૧૮
રૂપજી સંઘવી ૪૨૩, ૪૩૧
રૂપશ્રી ૫૪
'રૂપસુંદરકથા' ૩૧૦
'રૂપસેનચરિત્ર' ૨૯૦
રૂપાલ ૧૯, ૩૦૪
રૂમ ૩૮

રૂમ, મૌલાના ૩૨૫
રૂમીખાન ૩૫
રુહુલ્લા ભરૂચી, મીર ૩૨૮
રુહુલ્લા સાની ૩૨૮
'રેવંતગિરિરાસુ' ૩૧૬
'રેવાખંડ' ૩૧૪
રેવાશંકર પરવારી ૩૨૩
રેવિરટન વાન ૧૬૯
રેવિંગ્ટન ૬૮
રો, સર ટૅામસ ૫૪–૫૬, ૧૬૯, ૧૭૧, ૧૯૯, ૨૫૬, ૨૭૯, ૪૦૧, ૪૯૭
રોશન અખ્તર ૯૭
રોહિણીપુર ૨૯૭
'રોહિણેયકથાનક' ૨૯૧
રોહો
—વાવ ૪૧૦
'રૌઝાતે શાહીયા' ૩૨૬
લક્ષ્મણદેવ–પરમાર (દાંતા) ૧૩૩
લક્ષ્મણદેવ–સિસોદિયા (ધરમપુર) ૧૪૮
લક્ષ્મીચંદ્ર ૨૯૩
લક્ષ્મીદાસ ૩૦૫
લખતર ૧૨૭, ૧૩૦ ૧૩૧, ૩૯૦
લખધીરજી ૧ લો ૧૩૨, ૧૩૩
—૨ જો ૧૩૨,
લખનૌ ૨૨૩
—મ્યુઝિયમ ૨૩૭
લખપતજી–જાડેજા (કચ્છ) ૧૧૯, ૧૨૫, ૨૬૯, ૨૭૦, ૩૦૭, ૪૭૯
લખો–ખાચર ૧૪૦
લઘુ ચિત્રશૈલી ૪૮૩
'લઝ્ઝત ઉલ્ હયાત' ૩૨૮
'લતાયફે શાહિયા' ૩૨૫
લબ્ધિચંદ્રગણિ ૩૦૩
લસુંદરા ૩૬૯
લંકા ૨૬૪
લંડન ૧૭૩, ૨૧૮, ૨૨૧, ૨૨૩, ૨૨૫–૨૨૮, ૨૩૭
લાખોજી–જાડેજા (રાજકોટ) ૧૨૪
લાખો ૧ લો જામ જાડેજા (નવાનગર) ૧૨૦, ૧૨૧, ૧૬૩
—૨ જો ૧૨૧, ૧૬૩
—૩ જો ૧૨૨
લાઠી ૧૩૬, ૧૩૭, ૧૬૬, ૧૮૨, ૪૨૪
લાડવા ૪૩૭, ૪૩૮
લાડોલ ૨૮૯
લાભકીર્તિગણિ ૪૮૭
લાભવિજય મુનિ ૧૮, ૩૦૨
'લાલચંદ્રી પદ્ધતિ' ૩૦૩
લાલબાગ ૨૫
લાવણ્યવિજયગણિ ૨૯૯
લાહોર ૧૩, ૧૫, ૭૦, ૭૧, ૨૨૫, ૨૩૭, ૨૩૮, ૩૭૩, ૪૯૯–૫૦૧
લિચર્લૅન્ડ, જ્હૉન ૧૦૩
'લિંગાનુશાસન' ૨૯૩
લીમજી મહેરજી ૩૮૮
લીલિયા ૩૧૧
લીલો ૩૦૪
લીંબડી ૧૨૮, ૧૨૯, ૧૬૫

લુણાવાડા ૧૦૦, ૧૪૨, ૧૪૭
'લુબ્બુત્ તવારીખે હિંદ' ૪
લૂણકર્ણસર ગામ ૨૯૨
'લેખપદ્ધતિ' ૨૩
'લોકપ્રકાશ' ૨૯૭
લોથર, હેન્રી ૧૦૭
લોદી વંશ ૩૪
લોમા ખુમાણ ૪૬, ૪૮, ૧૨૦, ૧૩૫, ૧૩૭
લૉર્ડ, હેન્રી રેવ. ૪૯૫, ૪૯૬
લોલિયાણા ૧૬૫
વખતસિંહ–ગૂહિલ (ભાવનગર) ૩૦૩
વખતસિંહ મહારાજા (જોધપુર) ૧૧૨
વખતસિંહ–સોલંકી (લુણાવાડા) ૧૪૭
વઘાસી ૪૮૫
વછરાજ ૩૦૫
વછિયા ૪૨૭
વજિયા ૨૬૮, ૩૭૦, ૪૨૩, ૪૨૬
વજિહ-ઉલ્-મુલ્ક ૩૭
વજીરખાન (વઝીરખાન) ૪૧, ૪૪, ૪૫, ૧૯૪
વજીહુદ્દીન શાહ ૫૨, ૩૨૯, ૩૩૧, ૪૪૬
વજીહુદ્દીન શેખ ૪૮૧
વજેપાલસિંહજી ૧૩૧
વજેરાજજી–વાઢેર (ઓખા) ૧૩૯, ૧૪૦, ૧૬૫
વજેરામ ૧૬૧
વજેસિંહ–ખીચી ચોહાણ (છોટાઉદેપુર) ૧૪૫
વજેસિંહ–ખીચી ચોહાણ (બારિયા) ૧૪૬
વજ્રસેનસૂરિ ૩૧૬
વટવા ૫૬, ૯૫, ૯૯, ૨૫૪
વડનગર ૯, ૪૧, ૭૬, ૮૦, ૧૦૩, ૧૧૩, ૧૫૪, ૧૫૬, ૧૮૦, ૧૮૮, ૨૪૫, ૨૪૮, ૨૬૯, ૨૯૧, ૨૯૩, ૪૦૭, ૪૨૬, ૪૯૧
વડલી ૩૯૪
વડાલી ૧૪૩
વડોદરા (વડઉદ્ર) ૧૭, ૨૬, ૩૬, ૩૮, ૩૯, ૪૬, ૫૩, ૭૯, ૮૧, ૮૫, ૯૨, ૯૪, ૧૦૬, ૧૩૧, ૧૪૩, ૧૪૮, ૧૫૦, ૧૫૭, ૧૭૧, ૧૮૩, ૧૯૨, ૨૨૩, ૨૩૭, ૨૬૫, ૨૭૭, ૨૯૫, ૩૦૯–૩૧૧, ૩૧૩, ૩૧૫, ૩૫૧, ૩૫૪, ૩૫૭, ૩૬૨, ૩૯૧, ૩૯૭, ૪૦૩, ૪૦૭, ૪૧૯, ૪૪૩–૪૪૫, ૪૮૫
—આર્ટ ગૅલેરી ૪૯૧
—બરોડા મ્યુઝિયમ ૪૭૧–૪૭૬, ૪૮૮, ૪૮૯
વઢવાણ ૧૨૭–૧૩૨, ૧૬૫, ૩૯૦, ૪૯૧
વનવીરજી ૧૪૭
'વનેચટની વાર્તા' ૩૪૨
વરણા ૪૨૩
વરતેજ ૧૬૬
વરસંગ ૪૩૨
વરસિંહ–કણબી દેસાઈ (પાટડી) ૧૪૯
વરસિંહ–ઝાલા (ધ્રાંગધ્રા) ૧૬૪

વરસોજી ૧૩૦
વરાળ ૧૯૨
વરીઆવ ૪૯૬, ૪૯૯
વર્ધમાન (જામનગર) ૩૭૨, ૪૨૩
વર્ધમાન શાહ (મુંદ્રા) ૧૧૮
વલસાડ ૩૮૯
વલંદાઓ ૫, ૨૬, ૧૬૮
વલાસણ ૧૪૩
વલીખાન ૪૦
વલી ગુજરાતી ૩૩૦
વલ્લભ ભટ્ટ ૩૧૨
વલ્લભ ધોળા ૩૬૪
વલ્લભ વિદ્યાનગર
—સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ ૪૭૪
'વલ્લભવેલ' ૧૯, ૩૦૮, ૩૬૭
'વલ્લભાખ્યાન' ૧૯, ૩૦૪, ૩૬૭
વલ્લભાચાર્ય ૧૯, ૩૦૪, ૩૦૮, ૩૩૪, ૩૬૫, ૩૬૭, ૩૯૦, ૪૩૭
વવાણિયા ૧૨૫, ૧૬૨
વસઈ ૫૧, ૧૧૦, ૧૪૦, ૧૮૫, ૨૬૪, ૩૮૯, ૪૯૮
'વસંતરાજ શાકુન વૃત્તિ' ૨૯૫
વસંતરાય પુરબિયા ૧૨૫, ૧૫૨, ૧૫૩
વસાવડ ૩૬૨, ૪૪૩
વસો ૧૮૦
વસ્તુપાલ-તેજપાલ રાસ ૩૦૨, ૩૧૬
વહેરોજી ૧ લો ૧૨૮
—૨ જો ૧૨૯, ૧૬૫
'વંદીદાદ' ૩૮૮
વાગડ ૧૨૫, ૧૩૧, ૨૯૨
'વાગ્ભટાલંકાર' ૨૯૭
વાઘ-ખીચી ચૌહાણ (માંડવા) ૧૪૭
વાઘ-ઝાલા ૧૬૪
વાઘ-પરમાર (દાંતા) ૧૩૩
વાઘજી-ખીચી ચૌહાણ (નવા માંડવા) ૧૪૭
વાઘજી-જાડેજા (ધ્રોળ) ૧૨૩
વાઘજી-પરમાર (મૂંથ) ૧૩૫
વાઘજી કવિ ૩૦૩
વાઘજી મુનિ ૩૦૩
વાઘસિંહજી-ખીચી ચૌહાણ (જૂના માંડવા) ૧૪૬
વાઘસિંહ-જુઓ રાવ્રવરાણસિંહ.
વાઘેલા ઠાકોર ૧૪૯
વાઘોડિયા ૪૮૫
વાજસૂર ૧૪૦
વાડજ
—કાશ્મીરા મહાદેવ ૪૬૮, ૪૬૯
વાડાસિનોર ૧૫૧
વાડીપુર ૩૯૩
વાઢેર વંશ ૧૩૮-૧૪૦
વાત્રક ૭૮, ૪૨૪
'વામનકથા' ૩૧૦
વાયડ
—વાવ ૪૧૧
વાલમકુંવર ૧૩૬, ૧૩૭
'વાસવદત્તા' ૨૮૭, ૨૯૫
'વાસિષ્ઠસારગીતા' ૩૦૯
વાંકાનેર ૭૬, ૧૨૭-૧૩૧, ૧૬૨, ૧૬૫
વાંસદા ૧૪૭, ૧૪૮, ૩૮૫

વાંસવાડા ૫૩, ૧૩૫, ૧૪૨, ૧૯૩
વિક્રમસી ૧૩૮
વિક્રમજિત ૫૧, ૫૨, ૫૭, ૫૮, ૪૧૬
વિક્રમસિંહ ૧૪૭
વિક્રમાતજી ૪ થો ૧૨૬, ૧૬૩
૫મો ૧૨૭
'વિચારસત્તરી' ૪૮૫, ૪૮૬
વિજયઆનંદસૂરિ ૧૮, ૨૯૭
વિજયક્ષમાસૂરિ ૧૮
વિજયગણિ ૨૯૬
વિજયદાનસૂરિ ૩૭૭
વિજયદેવસૂરિ ૧૫, ૧૮, ૨૯૩, ૨૯૮, ૩૭૧, ૩૭૨, ૪૩૦, ૪૭૦
'વિજયદેવસૂરિપ્રબંધ' ૧૫
'વિજયદેવસૂરિમાહાત્મ્ય' ૧૫, ૨૯૩
વિજયપાલ ૧૩૭
વિજયપ્રભસૂરિ ૧૫, ૧૭, ૧૮, ૨૯૭–૨૯૯, ૩૦૧, ૩૦૨, ૩૭૨
'વિજયપ્રશસ્તિ' ૧૫, ૨૮૯
વિજયભદ્રસૂરિ ૩૧૭
વિજયરાજ ૧૩૩
વિજયરાય ભંડારી ૯૩
વિજયસિંહસૂરિ ૨૯૯
વિજયસેનસૂરિ ૧૩, ૧૫, ૨૮૯, ૨૯૧, ૨૯૬, ૩૧૬, ૩૭૦–૩૭૫, ૪૨૯, ૪૮૬
વિજયહર્ષ ૪૮૬
વિજાપુર ૧૪, ૭૭, ૧૧૩, ૧૪૪, ૧૫૩, ૧૫૪, ૧૫૭, ૧૮૮, ૨૯૬, ૨૯૭, ૩૦૬, ૩૭૦, ૪૦૭, ૪૪૩
'વિજ્ઞપ્તિત્રિવેણી' ૧૭
વિઠ્ઠલનાથજી ૩૦૪, ૩૩૪, ૩૬૫, ૩૬૬
વિઠ્ઠલસિંહ ૧૪૭
વિથિંગ્ટન, નિકોલસ ૫૪
વિદ્યાપુર–જુઓ વિજાપુર.
વિદ્યાવિજયજી ૧૧, ૨૮૯
'વિદ્યાવિલાસપવાડુ' ૩૧૭
વિનયચંદ્રસૂરિ ૩૧૭
વિનયવર્ધનગણિ ૨૯૮
વિનયવિજય ઉપાધ્યાય ૧૭, ૧૮, ૨૯૭, ૩૧૮
વિભાજી ૧૬૩
વિભીષણ ૪૯૨
વિભોજી જામ ૧૧૯, ૧૨૩
વિમલકીર્તિ ૨૯૭
'વિમલપ્રબંધ' ૩૧૬, ૩૩૯
વિમલવસહી ૧૬૨
વિરમગામ ૬૬, ૧૦૭, ૧૦૯, ૧૧૦
'વિરહગીતા' ૩૦૮
'વિરાટપર્વ' ૩૦૫, ૩૧૭
'વિલાસલહરી' ૩૦૩
વિલિયમ્સ ૪૩૭
'વિવાહવૃંદાવન' ૨૯૬
વિવેકહર્ષ ઉપાધ્યાય ૧૪, ૨૪, ૨૫, ૩૭૧, ૩૭૨, ૩૭૪, ૪૮૬
વિશાલલોચન ૨૯૧
વિશ્રામ પંડિત ૨૯૪
વિશ્વનાથ ૩૦૩
વિશ્વનાથ જાની ૩૧૦
વિષ્ણુદાસ ૩૦૪
વિસોજી ૧૩૫, ૧૬૬
'વિસ્પદ' ૩૮૮
વિહદિ ૨૯૮
વિંઝાણા ૪૬૭

વિંધિપુર ૨૯૮
વીકા ખાચર ૧૪૦
વીજલજી ૧૩૮
વીરજી વેરા ૬૮, ૨૬૭, ૩૧૧, ૫૦૨
વીરપુર ૯૯, ૧૪૭
વીરભદ્ર ૧૪૭
વીરમગામ ૧૪૯–૧૫૧, ૧૭૯, ૧૮૪–૧૮૬, ૨૪૫, ૪૦૭, ૪૪૩
વીરમદેવ ૧૩૪, ૧૪૦, ૧૪૧, ૧૫૫
વીરમપુર ૨૯૧
વીરસિંહ ૧૪૮
વીરસેન ૧૩૩
વીરાબાઈ ૪૨૮
વીરા બારિયા ૧૪૭
વીસનગર ૭૬, ૭૭, ૧૧૩, ૧૫૪, ૧૫૬, ૧૮૮, ૪૦૭, ૪૬૪
વીસલદેવ ચોહાણ ૧૫૪
વીસલનગર—જુઓ વીસનગર.
વીસાજી ૧૬૩
વીંઝાણ ૪૨૩, ૪૩૩
'વૃત્તરત્નાકર' ૨૯૨
વૃંદાવન ૩૨૧
વેજલપુર ૩૧૧
વેણાભટ ૩૬૭
વેણીકુંવર ૨૫૦
વેણીદાસ ૧૪૯, ૩૧૩
'વેણીભાઈનો રાસડો' ૧૯
વેદમતી ૧૩૮
વેનીસ ૫૦૧
વેરાવળ ૫૦, ૨૬૬, ૪૪૩
વેરાવળજી ૧૩૮
વેરીસાલ ૧૩૮
વેળાવદર ૧૩૫
વેંગણપુર ૩૧૩
વૈકુંઠ ૩૦૭
'વૈદ્યવલ્લભ' ૨૯૯
'વૈરાગ્યશતક' ૨૯૧
વ્યાઘ્રસેનપુર ૪૮૫, ૪૯૧
વ્યારા ૩૮૯
વ્યાસ, કાંતિલાલ બ. ૪૮૯
વ્રજભૂષણ ૩૯૨
વ્રજભૂષણલાલજી ૪૮૯
વ્રજરાયજી ૩૬૭
વ્હાઇટહેડ, આર. બી. ૨૪૧
'શક્તિવિલાસ' ૩૧૫
શત્રુશલ્ય, જામ ૪૫, ૧૬૨, ૧૬૪
શત્રુંજય ૧૩, ૧૮, ૨૦, ૨૨, ૨૬, ૧૬૨, ૨૮૯, ૩૬૯ ૩૭૨, ૩૭૪, ૪૨૩–૪૨૫ ૪૨૭, ૪૩૧, ૪૩૨
—અમીઝરા પાર્શ્વનાથ ૪૭૦
—આદીશ્વરનું મંદિર ૪૬૯
—ચૌમુખજીનું મંદિર ૪૬૯
'શત્રુંજયમાહાત્મ્યોલ્લેખ' ૩૦૩
'શબ્દભૂષણ' ૩૦૨
'શબ્દરત્નાકર' ૨૯૭
'શબ્દાણુંવવ્યાકરણ' ૨૯૪
શમ્સ શેખ ૪૫૩
શમ્સુદ્દીન ૫૦, ૫૨
શરતાનજી ૧૬૫
શરવાણ ૧૪૨, ૧૪૩
'શરહે રિસાલયે કોસજી' ૩૨૯
શલમશાહ ૧૬૨
'શલ્યપર્વ' ૩૦૭

-શવોજી ૧ લો ૧૩૭
૨ જો ૧૩૭
-શહામતખાન ૨૪
શહેરે પત્તન ૨૨૩
-શંકરાચાર્ય (આદ્ય) ૩૩૫, ૩૬૪
-શંકરાચાર્ય, અનિરુદ્ધાશ્રમ ૪૩૭
-શંખલપુર ૪૩૮
—બહુચરાજી મંદિર ૪૩૮
-શંખેશ્વર ૩૭૦, ૩૭૪, ૪૨૩, ૪૨૪
-શંખોદ્ધાર બેટ ૨૧, ૧૬૬, ૪૨૪, ૪૩૭
-શંભુરામ ૧૧૪, ૧૧૫
-શાહરતખાન ૬૫–૬૭, ૭૨, ૪૪૨
-શાખી હાજી ૪૪૮
-શાદમાન ૫૦
-શામળ ૧૯, ૨૮૩, ૩૧૩, ૩૬૨
'શામળશાહનો વિવાહ' (નાનો) ૩૧૦
-શામળાજી ૪૩૯
—ગદાધર મંદિર ૪૩૯, ૪૬૫, ૪૬૬
-શાલિભદ્રસૂરિ ૩૧૬
-શાલિવાહન ૪૮૬, ૪૮૭
શાલિસૂરિ ૩૧૭
-શાહ અલી ૪૫૩
-શાહઆલમ ૧ લો બહાદુર ૬, ૮૯, ૯૦, ૨૨૧, ૨૨૭, ૨૩૦–૨૩૩, ૨૪૧, ૨૭૩
-શાહઆલમ ૨ જો ૨૨૨, ૨૨૯, ૨૩૬, ૨૩૭, ૨૪૧
-શાહઆલમ હ. ૬૪, ૩૨૬
-શાહ, ઉમાકાંત ૪૮૮, ૪૮૯
શાહજહાં ૧ લો ૩, ૫–૮, ૧૦, ૧૧, ૧૬, ૨૧, ૨૫, ૫૫–૬૧, ૬૩–૭૦, ૧૨૦, ૧૨૩, ૧૪૯, ૧૬૬, ૧૭૦, ૨૦૦, ૨૦૪, ૨૧૯–૨૨૧, ૨૨૩, ૨૨૬, ૨૨૯, ૨૩૦, ૨૩૨–૨૩૪, ૨૩૯, ૨૪૦, ૨૪૬, ૨૫૧, ૨૫૯, ૨૬૩, ૨૬૭, ૨૭૦, ૨૭૨, ૨૭૪, ૨૭૫, ૨૮૦, ૩૨૧, ૩૫૪, ૩૭૦, ૩૭૨, ૩૭૪–૩૭૬, ૩૮૨, ૪૦૭, ૪૦૮, ૪૧૨, ૪૧૬, ૪૨૨, ૪૪૨
શાહજહાં ૨ જો(રફી-ઉદ્-દોલા) ૯૭, ૨૨૨, ૨૨૯, ૨૩૧, ૨૩૨
શાહજહાં ૩ જો ૨૨૨, ૨૨૯
શાહજહાંખાન, નવાબ ૪૫૪, ૪૫૫
'શાહજહાંનામહ' ૩
શાહજી–ગૂહિલ (પાલીતાણા) ૧૩૭
શાહજી સૈયદ ૭૯, ૩૮૩
શાહનવાઝખાન સફવી ૬૯–૭૧
શાહપુર ૬૨
શાહબાજખાન મીરબક્ષી ૩૮
શાહબાઝખાન ૬૭, ૬૮
શાહબુદ્દીન મલિક ૧૫૪
શાહમતખાન ૯૦,૯૧,૯૩, ૧૭૮
શાહવર્દીખાન ૮, ૯૯, ૩૫૬
શાહાજી ૧૩૬
શાહીબાગ ૨૫
શાહુ ૮૮, ૧૦૪, ૧૭૮, ૧૮૦–૧૮૨, ૧૮૬

શાંતિચંદ્ર ઉપાધ્યાય ૧૩, ૧૪, ૨૯૨, ૨૯૪, ૩૭૨, ૩૭૬
શાંતિદાસ ઝવેરી ૧૬, ૨૪, ૨૫, ૬૪, ૬૬, ૬૮, ૬૯, ૭૧, ૭૨, ૧૦૨, ૨૪૬, ૨૪૭, ૨૬૭, ૩૦૨, ૩૭૨, ૩૭૪, ૩૭૫, ૪૪૦–૪૪૨, ૪૯૨, ૫૦૦
'શાંતિદાસ શેઠનો રાસ' ૧૬
શાંતિસાગર ઉપાધ્યાય ૨૯૯
શિકસ્તા શૈલી ૩૫૦
શિનોર ૨૪૬, ૪૭૫
શિયાણી ૧૨૭, ૧૨૮, ૧૩૦
શિરોહી ૧૭, ૪૧, ૪૪, ૧૪૯, ૧૫૧
'શિલોંછ નામકોશ' ૨૯૩
શિવ (સવજી) ૧૩૯
શિવદાસ ૩૦૬
'શિવપુરાણ' ૩૧૧, ૩૧૪
'શિવ–ભીલડી સંવાદ' ૩૬૨
'શિવમહિમ્ન સ્તોત્ર' ૩૬૨
શિવલાલ ૩૨૨, ૩૨૩
'શિવવિવાહ' ૩૦૬, ૩૧૩, ૩૬૨
શિવસિંહજી ૧૪૪, ૧૪૫
શિવાનંદ ૩૧૫, ૩૬૨
શિવાજી ૭૨, ૧૩૦, ૧૪૮, ૧૭૪, ૧૭૬, ૨૮૧, ૨૮૨, ૪૧૨, ૪૫૬, ૫૦૧, ૫૦૨
શિવા સાંગણ ૪૩૮
'શિશુપાલવધ' ૨૮૭
શિહાબખાન (શિહાબુદ્દીન અહમદખાન) ૪૫
શિહાબુદ્દીન અહમદખાન ૪૫, ૨૦૬
શિહોર ૧૩૫–૧૩૭, ૩૬૩, ૪૬૪
'શુકદેવાખ્યાન' ૩૦૪
શુજાતખાન ૭૮–૮૧, ૯૮–૧૦૨, ૧૫૦, ૨૪૬, ૩૨૦, ૩૮૩, ૪૨૧, ૪૫૦–૪૫૨
શુજાતજંગ ૧૧૧
શુભવિજય ૨૯૩
શુજા ૬૩, ૬૭, ૭૦
શેખ ૨૮૮
શેખ ઉલ્ ઇસ્લામ ૩૨૦
શેખપાટ ૭૩, ૧૬૩
શેખપુર ૪૦૦
શેખમિયાં ૧૫૪
શેખ સિકંદર ૩૨૫
શેખુજી (સલીમ જહાંગીર) ૧૨
શેખુલ્ ઇસ્લામ મુહમ્મદ ઇકરામુદ્દીન ૩૨૬
શેખોજી ૧૩૦, ૧૩૨
શેષજી, કાશીસુત ૩૦૫
શેરઅફ્ઘાનખાન ૮૦
શેરખાન તૂર ૬૦, ૬૧
શેરખાન ફુલાદી ૩૬, ૩૭, ૩૯, ૪૦
શેરખાન (બહાદુરખાન) ૧૫૧
શેરખાન બાબી ૧૦૬, ૧૦૯–૧૧૨, ૧૨૭, ૧૫૦, ૧૫૧, ૧૬૦, ૧૮૩, ૧૮૬
શેરશાહ ૧૯૮, ૨૦૫, ૨૦૬
શેષમલજી ૧૩૧, ૧૬૫
શેહદેવ ૧૪૮
શોભારામ મહેતા ૩૨૨
'શ્રાદ્ધ' ૩૧૦
શ્રીદાસ ૩૨૦

શ્રીધર ૩૧૬, ૪૮૯
'શ્રીધરીગીતા' ૩૬૩
શ્રીનગર ૩૯૯
શ્રીપતરાવ ૧૬૧
શ્રીપતિ ૨૯૬
'શ્રીપાલચરિત' ૨૯૮
'શ્રીપાલરાસ' ૨૯૮, ૩૧૮, ૪૮૫
શ્રીમાલ (ભીનમાલ) ૩૯૦
'શ્રીમાલ પુરાણ' ૩૯૦
'શ્રીરણછોડજીનું ચરિત' ૩૧૭
'શ્રીલહરી' ૩૬૪
શ્રીવલ્લભ પાઠક ૧૫, ૨૯૩
શ્રીવાસ્તવ, આશીર્વાદીલાલ ૨૫૪
શ્રીવિઠ્ઠલનાથજી ૩૦૮
શ્રુતસાગર ૨૯૯
શ્રેણિક રાસ ૪૮૫
'ષડાવશ્યક' ૩૧૭
'ષષ્ટિશતક પ્રકરણ' ૩૧૭
સઆદતખાન નવાબ ૩૨૧
સક્સેના, રામબાબૂ ૩૩૧
સગરામસંધજી ૧૬૫
'સગાળચરિત્ર' ૩૧૦
'સગાળશા' ૩૧૦
સજ્જબાઈ ૪૧૧
સતરસાલજી–ગૂહિલ (શિહોર) ૧૩૬
સતલજ ૭૨
સતાજી ૭૨, ૭૩, ૧૨૧
સતારા ૧૭૭, ૧૮૨, ૧૮૬
સતોજી, જામ (નવાનગર) ૧૨૭, ૧૨૬
સત્રસાલ, જામ ૧૧૯, ૧૨૦
'સદ હિકાયતે શાહી' ૩૨૬
સદાશિવ દામોદર ૧૮૯
સદાશિવ રામચંદ્ર ૧૧૪, ૧૮૯
સદાસુખ દહેલવી ૪
સદુલ્લાહખાન વઝીર ૨૦૦
'સપ્તશતાથી' ૨૯૬
સફદરખાન બાબી ૮૨–૮૪, ૮૮, ૯૫, ૯૯, ૧૫૦, ૧૫૩, ૧૫૪, ૧૭૭, ૧૮૦
સફીખાન ૭
'સફીનતુસ્સુસા'દાત' ૫
સબલસિંહજી ૧ લો–ઝાલા (વઢવાણ) ૧૩૦
૨ જો–ઝાલા (વઢવાણ) ૧૩૧, ૧૬૫
સબલસિંહ–પરમાર (સૂંથ) ૧૩૫
'સભાપર્વ' ૩૦૫, ૩૦૬
સમયસુંદરગણિ ૨૯૧, ૩૧૮
સમરસિંહ ૩૧૬, ૩૭૫
'સમરારાસુ' ૩૧૬
'સમસ્યાપૂર્તિકાવ્ય' ૩૦૦
સમી ૧૧૩, ૧૫૦, ૧૫૩, ૧૫૪, ૧૮૮, ૩૫૬
સમીપુર ૪૦૦
સરકાર, જદુનાથ ૨૬૨, ૩૨૦
સરખેજ ૮, ૨૫, ૪૭, ૬૩, ૭૦, ૧૭૩, ૨૬૧, ૨૬૭, ૨૮૧, ૪૦૭
સરજનજી ૧૩૭
સરતાનજી ૧ લો–ગૂહિલ (પાલીતાણા) ૧૩૭

૨ જો–ગૂહિલ (પાલીતાણા) ૧૩૭
સરતાનજી ૧ લો જેઠવા ૧૨૬
૨ જો–જેઠવા ૧૨૭
સરતાનજી–ઝાલા (વાંકાનેર) ૧૨૯
સરદારખાન ૭૧, ૭૩, ૭૪, ૪૪૯, ૪૫૦, ૪૮૧
સરદારસિંહ ૧૪૩
સરધાર ૧૨૩, ૧૨૪
સરનાલ ૩૮
સરપદડ ૩૧૫
સરબુલંદખાન ૧૦૨–૧૦૫, ૧૦૭, ૧૧૯, ૧૨૧, ૧૨૨, ૧૨૬, ૧૨૭, ૧૩૦, ૧૪૯, ૧૫૦, ૧૫૭, ૧૭૯–૧૮૨, ૨૪૮
સરવૈયા ૧૩૫
'સરસ્વતી પુરાણ' ૩૯૦
સરોત્રા ૪૧૦
સલાબત મુહમ્મદખાન ૯૯, ૧૨૧, ૧૨૨, ૧૫૦
સલાહુદ્દીન ૩૨૮
સલીમશાહ (જહાંગીર) ૨૭૨
સલેમખાન ૧૫૬
સવજી–જુઓ શિવ.
સહજકીર્તિમુનિ ૨૯૪
સહસમલ્લ ૨૯૨
સંખલપુર ૩૬૮, ૩૬૯, ૪૨૪
સંગ, રાણો ૧૪૬
સંગનેર ૪૧
'સંગ્રહણીસૂત્ર' ૪૮૪, ૪૮૫, ૪૮૮
સંગ્રામજી–જાડેજા (ગોંડળ) ૧૨૫
સંગ્રામજી–ઝાલા (વઢવાણ) ૧૩૦
સંગ્રામજી–વાઢેર (ઓખા) ૧૩૯, ૧૬૬
સંગ્રામપુર ૩૦૧
સંઘજી ૧૬૬
સંઘપુર ૨૯૫
સંજાણ ૩૮૫, ૩૮૭, ૪૯૬
સંત, કવિ ૩૦૫
સંત–પરમાર (સૂંથ) ૧૩૪
'સંતપ્રિયા' ૩૦૯
સંદેસર ૩૧૪
'સંબોધસપ્તતિકા' ૨૯૧
સાગબારા ૧૭૮
સાચોર ૨૭૭
સાણંદ ૬૭
સાદડી ૨૯૧
સાદરા ૯૯
સાદાત બારહા ૩૨૨
સાધુસુંદરગણિ ૨૯૭
સાફીખાન ૫૮, ૫૯
સાબરમતી ૧૮, ૪૫, ૫૭, ૮૮, ૨૯૦
સાબલી–પ્રતાપગઢ ૪૬૯
સાભ્રમતી, જુઓ સાબરમતી
સામલદેવ ચૌહાણ ૧૫૪
સામળાજી, ભાયાત ૧૪૩
સામંતસિંહ ૧૩૨
સાયલા ૧૨૭, ૧૩૦, ૧૩૨
'સારસ્વત સૂત્રો' ૨૯૪
સારંગજી ૧૩૬, ૧૩૭
સારંગદેવ વાઘેલા ૩૬૪
સારંગપુર ૩૫

સારાભાઈ નાગર ૫
સાલસેટ ૧૮૫
સાલ'રખાન ૧૫૫
સાવલી ૧૮૩
સાહેબજી ૧૨૪
સાંગણજી ૧૩૮, ૧૩૯
સાંગોજી ૧૨૩
સાંડેસરા, ભોગીલાલ ૨૭૭, ૪૮૯
સાંબલપુર ૧૫૨
સિકંદરખાન ૧૫૫
સિકંદર, સૈયદ ૧૫૪
સિંકદર, સૈયદ (સિકંદર શેખ) ૩૨૫
સિદ્ધપુર ૭–૯, ૧૭, ૪૧, ૬૨, ૨૩૭
૨૩૮, ૨૯૪, ૨૯૮, ૩૧૧, ૩૬૫, ૩૬૮, ૩૬૯, ૩૮૨, ૩૯૦, ૪૨૪, ૪૪૩, ૪૪૭,
સિદ્ધરાજ ૧૩૩, ૨૪૯, ૩૯૨
સિદ્ધાચલ (શત્રુંજય) ૩૭૦
સિદ્ધિચંદ્ર ૧૪, ૧૫, ૨૯, ૨૮૫, ૨૯૫, ૩૭૨
સિનોર ૮૧
સિપહદારખાન ૬૧
સિફ્રિર-શુકોહ ૭૦
'સિયર-ઉલ-મુતખેરિન' ૯૨
સિરિયા ૩૮
સિરોહી ૧૮, ૧૯૩
સિસોદિયા વંશ ૧૩૫, ૧૪૮, ૧૪૯
સિહાડ ૩૬૬
સિહોર ૧૦૫
સિંધલ, સી. આર. ૨૨૪, ૨૩૫, ૨૪૦, ૨૪૧
'સિંદૂરપ્રકર' ૨૯૩
સિંધ ૧૭, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૯૯, ૨૬૫
સિંહવ્યાસ ૪૮૮
'સિંહાસનબત્રીસી' ૩૧૪, ૩૧૫
સીઝર ફ્રેડરિક ૪૯૫
સીતપુર ૨૩૭
'સીતાસ્વયંવર' ૨૦૭
સીંહૂજ ૩૧૪
સીંહોજ ૪૨૪
સુખરામ મહેતા ૩૨૧
'સુખાવબોધવૃત્તિ' ૨૯૦
સુજનસિંહ ૧૩૮
'સુજશવેલી ભાસ' ૧૬
સુજાતખાન ૧૭૯, ૪૮૧
સુજાનરાય બટાલવી ૪
'સુદામાચરિત' (કૃષ્ણકૃત) ૩૦૬
'સુદામાચરિત્ર' (જગન્નાથકૃત) ૩૧૨
'સુદામાચરિત્ર' (પ્રેમાનંદકૃત) ૩૧૦
'સુદામાચરિત્ર' (ભગવાનદાસ કાયસ્થકૃત) ૩૦૭
'સુધન્વાખ્યાન' (પોઠાકૃત) ૩૦૮
'સુધન્વાખ્યાન' (પ્રેમાનંદકૃત) ૩૧૦
'સુધન્વા-આખ્યાન' (મેરા–સુત ગોવિંદકૃત) ૩૦૯
સુધારીલાલ ૩
સુપેડી ૧૫૨
સુબંધુ ૨૯૫
'સુબોધિકાવૃત્તિ' ૨૯૭
'સુભદ્રાહરણ' (ગોવિંદરામકૃત) ૩૦૭
'સુભદ્રાહરણું' (વલ્લભ ભટ્ટકૃત) ૩૧૨
સુમેરાજ ૧૩૮

સુમતિવિજય ૩૦૭
સુમતિહર્ષ ૨૯૬
સુમરી ૧૧૮
સુમાત્રા ૨૬૪, ૨૬૫
સુમારી ૩૮૯
સુરત ૪, ૭, ૮, ૧૦, ૧૧, ૧૭, ૧૮, ૨૫, ૩૬, ૩૮–૪૦, ૫૦, ૫૩, ૫૪, ૫૬, ૫૮–૬૦, ૬૫, ૬૭, ૬૮, ૭૦, ૭૪, ૭૮, ૮૦, ૮૩–૮૫, ૯૦–૯૨, ૯૪–૯૬, ૧૦૧, ૧૦૭, ૧૧૨, ૧૩૦, ૧૩૩, ૧૪૮, ૧૫૭–૧૫૯, ૧૬૮–૧૭૯, ૧૮૧, ૧૮૪, ૧૮૬, ૧૮૭, ૧૯૮, ૧૯૯, ૨૨૪–૨૨૭, ૨૨૯–૨૩૧, ૨૩૩, ૨૩૬, ૨૪૦, ૨૫૧, ૨૬૩, ૨૬૫–૨૬૭, ૨૭૧, ૨૭૨, ૨૭૭–૨૮૩, ૨૯૫–૨૯૭, ૨૯૮, ૩૦૭, ૩૦૯, ૩૧૧, ૩૧૫, ૩૧૯, ૩૨૧, ૩૨૪, ૩૩૦, ૩૩૧, ૩૩૫, ૩૫૪–૩૫૬, ૩૫૯, ૩૬૫, ૩૭૫, ૩૮૦, ૩૮૬–૩૮૯, ૩૯૫, ૪૦૩, ૪૦૭, ૪૧૨–૪૧૪, ૪૧૮–૪૨૧, ૪૪૩, ૪૪૭, ૪૫૮, ૪૭૯, ૪૮૫, ૪૯૧, ૪૯૫–૫૦૪
—ઉત્તમરામની શેરીનું જૈન મંદિર ૪૭૯
—ચિંતામણિ દેરાસર ૪૭૭
—મુઘલસરાઈ ૮
—લાલા ઠાકોરની પોળનું જૈન મંદિર ૪૭૯
સુરમાલ ૧૩૮
'સુરેખાહરણ' ૩૧૧
સુલતાનપુર ૬૧, ૧૩૬
સુલેમાન, શેખ ૩૮૨
સુલોચનાશ્રી ૨૮
'સુંદર કામદારની વાર્તા' ૩૧૪
સુંદરજી દીક્ષિત ૩૧૫
સુંદર મેવાડો ૩૧૫
સુંદરલાલ મહેતા ૩૨૧
'સુંદર શેઠની કથા' ૩૦૪
સુંદરસૂરિ ૧૭
સુંવાળી ૧૭૧, ૧૭૩, ૧૭૪, ૨૬૫, ૨૭૯, ૪૯૮, ૪૯૯
'સૂક્તાવલી' ૨૯૬
'સૂક્તિરત્નાકર' ૨૯૫
'સૂડાબહોતરી' ૩૧૪
સૂપા ૩૦૫
સૂરજસિંહ ૫૦, ૧૩૫
સૂરભટ્ટ ૩૦૯
સૂરસિંહ ૫૩
'સૂરીશ્વર અને સમ્રાટ' ૧૧
સૂરો ૧૩૪
સૂર્યપુર—જુઓ સુરત.
'સૂર્યસહસ્રનામ' ૧૪
સૂંથ ૧૩૪, ૧૯૩
સેજકજી ૧૩૬, ૧૩૦
સેન, સુરેન્દ્રનાથ ૫૦૬
સેમરસિંગજી ૧૩૭
સેલિમશાહ ૧૬૩

સેવકરામ ૧૮૯
સૈફખાન ૫૯–૬૧
સોકોટ્રા ૨૬૪
સોજિત્રા ૧૦૩, ૧૮૦, ૩૦૬, ૩૭૫, ૪૦૭, ૪૨૩, ૪૭૯, ૪૯૮, ૫૦૩
સોડદેવ ૧૩૬
સોનગઢ ૯૮, ૧૭૮, ૧૭૯, ૩૮૯
સોમ ૧૪૮
સોમદેવ ૧૪૮
સોમનાથ ૪૯, ૩૫૬, ૩૬૮
સોમપાલ શાહ ૫૪
'સોમભાવના' ૨૯૮
સોમવિમલસૂરિ ૩૯૩
સોમસાગરસૂરિ ૩૧૭
સોમસુંદરસૂરિ ૧૨, ૩૧૭
'સોમસૌભાગ્ય કાવ્ય' ૧૨
સોમાજી ૧૪૯
સોરઠ ૫, ૮, ૩૭, ૪૯, ૫૨, ૬૪, ૭૧, ૭૨, ૮૫, ૯૭, ૧૦૫, ૧૧૦, ૧૫૧, ૧૫૩, ૧૮૭, ૧૯૨
સોલંકી વંશ ૧૪૭
સોહરાબખાન ૧૦૭, ૧૫૦, ૧૫૧, ૨૮૩, ૪૧૪
'સૌંદર્યલહરી' ૩૧૫, ૩૬૪
સૌરાષ્ટ્ર ૨૦, ૩૫, ૪૦, ૪૫, ૪૭–૪૯, ૬૧–૬૩, ૭૦, ૭૧, ૭૩, ૭૫, ૮૦, ૮૫, ૯૪, ૯૯, ૧૦૦, ૧૦૪, ૧૦૫, ૧૨૦, ૧૨૩, ૧૨૪, ૧૩૨, ૧૩૬, ૧૩૯, ૧૫૦, ૧૫૨, ૧૮૧, ૧૮૪, ૧૯૯, ૨૪૧, ૨૭૭, ૪૭૪, ૪૮૩
'સ્કંદપુરાણ' ૩૧૧
સ્તંભતીર્થ–જુઓ ખંભાત.
સ્થૂલિભદ્ર ૩૧૬, ૩૧૭
'સ્યાદ્વાદમુક્તાવલી' ૩૦૧
'સ્વર્ગારોહણ પર્વ' ૩૧૨
'સ્વર્ગારોહણી' ૩૦૯
હકીકતખાન ૪૧૮
'હકીકતુલ હિંદ' ૩૨૧
હડાદ ૪૬૮
'હદીસ' ૨૦૯
હનુમાન ૨૯૧
હમઝાલા ૩૮
હમીદ બુખારી સૈયદ ૩૭, ૪૦
હમીદખાન ૧૦૧, ૧૦૨, ૧૦૭, ૧૭૯, ૧૮૦, ૧૮૨
હમીદાબાનુ ૩૯, ૪૪, ૨૩૮
હમીરજી ૧૧૮
હમીરસિંહ ૪૨૯
હરદેવ સ્વામી ૩૧૧
હરધોળજી ૧ લો ૧૨૧, ૧૨૨
૨ જો ૧૨૩
'હરબલચોપાઈ' ૪૮૬, ૪૮૮
હરભમજી–ગૂહિલ (શિહોર) ૧૩૫
હરભમજી–ઝાલા (શિયાણી) ૧૨૯
હરભાનુ શુક્લ ૨૯૬
હરસુખરાય ૮૪
હરસોલ ૧૪૪

હરિગૃહપુર ૧૮
હરિદાસ રૈક્વ ૩૦૫
હરિદાસ વણિક ૩૧૧
હરિદાસ વાળંદ
હરિદાસ વૈષ્ણવ ૩૦૮
હરિભટ્ટ ૨૯૬
હરિભદ્રસૂરિ ૩૦૦
'હરિરસ' ૩૦૭
હરિયાદ ૩૧૦
હરિરામ, કવિ ૩૦૭
હરિરામ ગુમાસ્તો ૯૨, ૨૪૬, ૨૭૪
હરિરાય, ગોસ્વામી ૩૧૧
'હરિલીલામૃત' ૩૦૯
'હરિશ્ચંદ્રાખ્યાન' ૩૦૬, ૩૬૨, ૩૯૧
હરિસિંહ ૧૩૭
હર્બર્ટ, ટોમસ ૧૭૦, ૨૭૯, ૪૯૮, ૪૯૯, ૫૦૫
હર્ષકીર્તિસૂરિ ૨૯૩
હર્ષસોમ ૪૮૭
હર્ષાણંદ ૩૭૪
હસન અમીર ૩૩૧
હસન અલીખાં ૨૫૧
હસન ઉલ્લાખાન ૪૧૯
હસન કુલીખાન (નૂરશાહ) ૧૧૫
હસનખાન–હેતાણી (પાલનપુર) ૧૫૫
હસનખાન ૪૧૫
હસન મુહમ્મદ ગુજરાતી ૭૭
હસન સૈયદ (શેખ હસનજી સુરતી) ૩૨૯
હસમુખરાય ૪
'હસ્તામલક' ૩૦૯
હસ્તિરુચિ મુનિ ૨૯૯
હળવદ ૨૬, ૭૧, ૭૫, ૭૬, ૧૦૫, ૧૧૭, ૧૨૨, ૧૨૭–૧૩૨, ૧૫૦, ૧૬૪, ૨૭૭, ૩૬૩, ૪૦૭
—જૂનો રાજમહેલ ૪૭૮, ૪૮૦
હંસમીઠુ (મીઠુ મહારાજ) ૩૦૩, ૩૬૩
હંસરત્ન ૩૦૩
હંસરાજ ૧૩૩
'હંસરાજ વચ્છરાજ ચઉપઈ' ૩૧૭
'હંસવિલાસ' ૩૬૩, ૩૬૪
'હંસોદ્ધરણ' ૩૦૮
હાજીપુર ૩૭
હાજી સાહેબ ૪૪૮
હાડોજી ૧૩૭
હાથમતી ૧૪૦
હાથી સૈયદ ૧૪૨
હાદી ૯
હામપર ૧૬૩, ૪૨૩
હામિદ શેખ ૩૩૦
હામીદ સૈયદ ૩૮૦
હાર્ટ, વિલિયમ ૩૩૧
હાલાજી–પડધરી (ગરાસિયા) ૧૨૨, ૧૨૫
હાલોર ૫, ૭૩, ૧૧૭, ૧૬૨, ૧૮૭
હાલોજી–જાડેજા (કચ્છ) ૧૧૮
હાલોજી–જાડેજા (ગોંડળ) ૧૨૫, ૧૫૨, ૧૫૩
હાલોજી–પરમાર (મૂળી) ૧૩૨
હાલોલ ૪૦૬
હિંદુ બેગ મીર ૩૫
હિંમતઅલી ૧૫૧

હિંમતનગર ૪૦૦
'હીરવિજયપુણ્યખાણ' ૧૪
હીરવિજયસૂરિ ૧૧–૧૫, ૨૪, ૨૮, ૨૮૯, ૨૯૪, ૩૭૦, ૩૭૨–૩૭૪, ૩૭૭, ૪૨૬, ૪૨૭ ૪૨૯, ૪૮૮
'હીરવિજયસૂરિના બારબોલનો રાસ' ૧૪
'હીરવિજયસૂરિ નિર્વાણ સ્વાધ્યાય' ૧૪
'હીરવિજયસૂરિનો રાસ' ૧૪
'હીરવિજયસૂરિ બારમાસ' ૧૪
'હીરવિજયસૂરિ શલોકો' ૧૪
'હીરસૂરિરાસ' ૧૪
'હીરસૌભાગ્ય કાવ્ય' ૧૨–૧૪, ૨૮ ૨૬૪
'હીરસૌભાગ્ય મહાકાવ્ય' ૨૮૬, ૨૯૦ ૩૭૨, ૩૯૪
હીરાણંદ ૩૧૭
હીરાનંદ શાસ્ત્રી ૪૮૫
હીરાબાઈ ૪૨૮
હુમાયૂં ૧, ૩૪–૩૬, ૧૪૯, ૧૬૮, ૨૩૮, ૩૨૫
હુસેન અલીખાં ૨૫૧
હુસેન શાહ ૧૧૭
'હૂંડી' (કૃષ્ણદાસકૃત) ૩૦૬
'હૂંડી' (પ્રેમાનંદકૃત) ૩૧૦
હેતમખાન ૧૫૪
હેતાણી વંશ ૧૫૪
હેમચંદ્ર ૨૯૨, ૨૯૩, ૩૬૪,
હેમદખાનજી ૨૪૭
'હેમપ્રકાશ' ૨૯૭
'હેમલઘુપ્રક્રિયા' ૨૯૭
હેમવિજયગણિ ૧૫, ૨૮૯
હૈદર કુલીખાન ૯૩–૯૫, ૯૮-૧૦૦, ૧૦૧, ૧૩૪, ૧૪૭, ૨૫૦, ૨૫૨, ૩૨૧, ૪૧૩, ૪૫૬
હૈદર, શેખ ૪૪૬
હૈદરાબાદ, નિઝામ ૨૩૫, ૨૪૨
હોકિન્સ, વિલિયમ ૧૭૧
હોડીવાળા, શાપુરશા ૨૪૧, ૨૪૨, ૩૨૩
હોરમઝ ૨૮૦,૩૨૩
'હોલા–હોલીનુ આખ્યાન' ૩૦૫
હોલૅન્ડ ૧૭૩, ૨૭૦, ૨૮૧
Brown, C. J. ૨૩૯
'History of Gujarat' ૩૨૦
'Studies in Parsi History' ૩૨૩

*



Based upon Survey of India map with the permission of the Surveyor General of India. ©Government of India copyright, 1978. The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.

Based upon Survey of India map with the permission of the Surveyor General of India. @Government of India copyright, 1978. The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.



પટ ૧.



આકૃતિ ૧.

નાગરી લિપિ

પટ્ટ ૨

આકૃતિ ૬:

ગુજરાતી લિપિ



નાગરી લિપિ

પદ ૩ અ

का = का	खि = खि	घि = घि	शि = शि	टी = टी
री = री	पु = पु	हु = हु	दू = दू	द = द
ने = ने	धे = धे	धै = धै	पो = पो	मो = मो

क्ल = क्ल	क्ष = क्ष	च्च = च्च	ज्ञ = ज्ञ	श्र = श्र, श्र
ष्य = ष्य	त्त = त्त	त्व = त्व	त्वा = त्वा	द्ग = द्ग
न्द्र = न्द्र	द्ध = द्ध	म्य = म्य	ष्णा = ष्णा	स्थ = स्थ

૩ આ

ગુજરાતી લિપિ

સ્વરચિહ્નો

का કા કા	कि કિ કિ	की કી કી	कु કુ કુ	कृ કૃ કૃ
कौ कै कौ	ઝ ઝ ઝ	ઝી ઝી ઝી	ઝુ ઝુ ઝુ	શુ શૂ

સંયુક્ત વ્યંજનો

ક્ય = ક્ય	ક્લ = ક્લ	ક્ષી = ક્ષી	ગ્ર = ગ્ર	ધ્ન = ધ્ન
શ્ય = શ્ય	શ્ક = શ્ક	જ્જ = જ્જ	ઞ = ઞ	શ્ર = શ્ર
ર = ર	ષ્ય = ષ્ય	ત્ય = ત્ય	ત્ર = ત્ર	ઙ્ક = ઙ્ક
દ્ય = દ્ય	દ્વ = દ્વ	ટ્ટ = ટ્ટ	લ્ય = લ્ય	સ્થ = સ્થ

આકૃતિ ૪

કમાનની અંદર : અરબી લેખ : (ઉપર) થુલ્થ-ગુઝા-થુલ્થ શૈલીમાં
(નીચે) થુલ્થ શૈલીમાં
કિનારીમાં : ફારસી લેખ : નસ્તાલીક શૈલીમાં

આકૃતિ ૫

(ઉપર) અરબી લેખ : નસ્ખ શૈલીમાં

(નીચે) ફારસી લેખ : નસ્તાલીક શૈલીમાં

આકૃતિ ૬

ફારસી લેખ : નસ્તાલીક શૈલીમાં



આકૃતિ ૧૯. લાલ દરવાજો, સુરત



આકૃતિ ૨૫. અમૃતવર્ષિણી વાવ, અમદાવાદ



આકૃતિ ૭–૧૬. મુઘલકાલીન સિક્કા

૭. અકબર. ચાં. અમદાવાદ. ૪૬
૮. જહાંગીર. ચાં. ,, (મેષ)
૯. શાહજહાં. ચાં. ખંભાત
૧૦. ,, ચાં. સુરત
૧૧. મુરાદબખ્શ. ચાં. સુરત. ૧૦૬૮
૧૨. ઔરંગઝેબ. ચાં. સુરત. ૧૦૯૫
૧૩. જહાંદરશાહ. ચાં. ,, ૧
૧૪. ફર્રુખશિયર. ચાં. ,,
૧૫. મુહમ્મદશાહ. અમદાવાદ. ૨૭
૧૬. અહમદશાહ. કંબાયત. ૧૧૬૪



આકૃતિ ૧૭. મોરી, ખાન સરોવર, પાટણ





આકૃતિ ૨૦. ત્રણ દરવાજા, ખંભાત





આકૃતિ ૨૧. શાહીબાગમાંનો મહેલ, અમદાવાદ (અગ્રદર્શન)



આકૃતિ ૨૨. શાહીબાગમાંનો મહેલ, અમદાવાદ (પૃષ્ઠદર્શન)



આકૃતિ ૨૩. આઝમખાનની સરાઈ, અમદાવાદ



આકૃતિ ૨૬. શત્રુંજય પરનું મંદિરનગર

૫
૬
૧૩



આકૃતિ ૨૭. આદીશ્વર મંદિર, શત્રુંજય



આકૃતિ ૨૮. સોમનાથનું ખંડેર મંદિર, પ્રભાસ પાટણ



આકૃતિ ૨૯. દ્વારકાધીશનું મંદિર, દ્વારકા

પટ્ટ ૨૬

આકૃતિ ૩૦. બહુચરાજીનું મંદિર, બહેચરાજી



આકૃતિ ૩૧. ગદાધર મંદિરનું તલદર્શન, શામળાજી

૫
૬
૧૮



આકૃતિ ૩૨. અબૂ તુરાબનો મકબરો, અમદાવાદ

પટ્ટ ૧૯



આકૃતિ ૩૩. શેખ વજીહુદ્દીનનો મકબરો, અમદાવાદ



આકૃતિ ૩૪. જામી મસ્જિદ, સિદ્ધપુર



આકૃતિ ૩૫. સરદારખાનની મસ્જિદ, અમદાવાદ

પટ્ટ ૨૨



આકૃતિ ૩૬. અમદાવાદની સુજાતખાનની મસ્જિદ અને મકબરાનું તલમાન



આકૃતિ ૩૭. નાના એદ્રુસનો મકબરો, અમદાવાદ



આકૃતિ ૩૮. બંગાળી શૈલીની બે દરગાહ, અમદાવાદ





આકૃતિ ૩૯–૪૦. ગદાધર મંદિરની શિલ્પપટ્ટિકાઓ, શામળાજી

આકૃતિ ૪૧. દશભુજ ગણેશ, નીલકંઠ મહાદેવ, અમદાવાદ

આકૃતિ ૪૨. ત્રિવિક્રમ, ગોરાલ



આકૃતિ ૪૩. લક્ષ્મી, ખંભાત

આકૃતિ ૪૪. મહિષમર્દિની, ખંભાત

આકૃતિ ૪૫. લાલજી, અમદાવાદ

આકૃતિ ૪૬. વેણુગોપાલ, અમદાવાદ

આકૃતિ ૪૭. રાધાકૃષ્ણ, અમદાવાદ

૫
૬
૨૮

આકૃતિ ૪૮. સહસ્રફણા પાર્શ્વનાથ, સાગલી

આકૃતિ ૪૯. મહાવીર સ્વામી, અમદાવાદ

૫
૬
૨૯

આકૃતિ ૫૦. વિમલનાથ, અમદાવાદ

૫૧. ચામરધારી, વડોદરા મ્યુ.

૫૨. દીપલક્ષ્મી, વડોદરા મ્યુ.

૫૩. ચામરધારિણી, વડોદરા મ્યુ.



આકૃતિ ૫૪. સૌરાષ્ટ્રનો દાબડો, ને. મ્યુ., દિલ્હી



આકૃતિ ૫૫. તોરણ, વાડીપાર્શ્વનાથ મંદિર, પાટણ

૫
૬
૩૩

આકૃતિ ૫૬. ગંધર્વ અને સુરસુંદરીઓ, અમદાવાદ

પટ્ટ ૩૪



આકૃતિ ૫૭. આઈના મહેલની જાળી, ભૂજ



આકૃતિ ૫૮. જાળી, અલીખાન કાજીની મસ્જિદ, અમદાવાદ

આકૃતિ ૫૯. જહાંગીરના સમયનું વિજ્ઞપ્તિપત્ર પરનું ચિત્ર

૫
૬
૩૭

આકૃતિ ૬૦. જહાંગીરના સમયનું વિજ્ઞપ્તિપત્ર પરનું ચિત્ર

આકૃતિ ૬૧. વરાહ અવતારનું ચિત્ર, પાટણ